॥ શ્રીહરિઃ ॥

# ઉત્તર ગુજરાતની લીલા

**આજ્ઞા સહિત આશીર્વાદ**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય**

**૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**: સંકલનકર્તા :**

શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)

પ.ભ. હિંમતભાઈ માવજીભાઈ મોરસિયા (રતનપર)

**: સહાયક :**

પ.ભ. ડૉ. અશોકભાઈ સોમચંદ મહેતા (એડવોકેટશ્રી - ઉનાવા)

પ.ભ. આશિષભાઈ હિંમતભાઈ મોરસીયા (રતનપર)

**: પ્રકાશન તિથિ :**

પ્રથમ આવૃતિ : સંવત ૨૦૭૨ વૈશાખ સુદ ત્રીજ તા. ૯-૫-૨૦૧૬

બીજી આવૃતિ : સંવત ૨૦૭૩ તા. ૧૪-૧-૨૦૧૭ (મકર સંક્રાંતિ)

**કિંમત :** રૂા. ૧૦૦-૦૦ (રાહત દરે)

**: આર્થિક સહયોગ :**

એકાંતિક મુક્તરાજ અ.નિ. ગોકળદાસ નારાણદાસ પટેલ દેઉસણાવાળાના

સ્નેહી શિષ્ય મંડળ સમસ્ત

**: સૌજન્ય ઉપદેશક :**

પરમ ભગવદીય શ્રી ઉદયનભાઈ અવિનાશ મહારાજા

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સહજાનંદ સંસ્કારધામ - વિસનગર

# ॥ નિવેદનમ્ ॥

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને વચનામૃત કારીયાણી-૫ માં સ્વમુખે બોલ્યા કે, ભગવાનને અવતાર ધાર્યાનું એ જ પ્રયોજન છે જે ભગવાનને વિષે અતિશે પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધિન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઈચ્છા હોય તેવા રુપનું ધારણ કરે છે. પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પુરા કરે છે. એ પોતાના ભક્તને લાડ લડાવે છે. ને પોતાની સામર્થી છુપાવીને તે ભક્ત સંગાથે પુત્રભાવે અથવા સખાભાવે અથવા સગા સંબંધીને ભાવે વર્તે છે. માટે પોતાના પ્રેમી ભક્ત તેના મનોરથ પુરા કરવા એ જ ભગવાનને અવતાર ધાર્યાનું પ્રયોજન છે.

ભક્તની ભક્તિને વશ થઈને જે જે લીલાઓ કરી હોય તેને વિષે મનને ગુંથવી રાખવું. એવી લીલાના પ્રસંગો નંદસંતોએ શાસ્ત્રોમાં વાર્તાગ્રન્થોમાં ગદ્યપદ્ય કાવ્યોમાં અસંખ્ય લખ્યા છે. તે પૈકીના ઘણા ઘણા ગ્રન્થો સંપ્રદાયમાં પ્રકાશિત થયા છે તેમજ નવા નવા સંશોધન કરતાં પ્રકાશન થઈ રહ્યા છે. સરવાળે સત્સંગમાં સાહિત્ય એક ખજાનો બની ચૂક્યો છે.

તે તમામ ગ્રન્થોની લીલાઓનું જુદા જુદા વિભાગ વિષય - વિસ્તારમાં સંકલન પણ થતું જાય છે જેના કારણે વાચક સમુદાયને તેના વિસ્તારના લીલા પ્રસંગો એક ગ્રન્થમાંથી સરળતાથી મળી શકે. વર્તમાન સમયમાં એ પણ જરૂરી બન્યુ છે કે એક ગામની જે જે લીલા જુદા જુદા ગ્રન્થોમાં હોય તેને સંકલન-સંગ્રહ-સંદર્ભ વડે થાય તો તે તે ગામ-ધામનો મહિમા સવિશેષ જાણવા મળે. સંતોએ વાર્તાગ્રન્થોમાં લીલાઓની સંખ્યા બાબતે એક ઉદાહરણ આપ્યું છે. શ્રીજી મહારાજની નિત્ય રોજની એક કરોડ લીલાઓનાં મુમુક્ષુઓને વિવિધરૂપે દર્શન થતાં તેમાંથી કેટલાકે પ્રત્યક્ષ કેટલાકે સમાધિમાં દર્શન કરીને આલેખ્યા છે.

આવા દિવ્ય માનુષિક અલૌકિક લીલાઓનું સંકલન કરવાના હેતુથી ગુજરાતના ઉતરગુજરાતના દંઢાવ્યપ્રદેશના ગામોમાં શ્રીજી મહારાજની લીલાઓના પ્રસંગોનું સંકલન કરવાનો શુભ સંકલ્પ થતાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ઉતર ગુજરાતના વ્યવસાયિક વડુ મથક કલોલ પંચવટીમાં નૂતન નવ્ય ભવ્ય મંદિરના નિર્માણના એક ભાગરૂપે છપાવવાનો આશય સફળ કરવા આ ગ્રન્થના સંકલનકર્તા પ.ભ. હિંમતભાઈ માવજીભાઈ મોરસીયા (રતનપર-સુરેન્દ્રનગર)એ એક વર્ષ સળંગ શાસ્ત્રોનું દોહન કરીને પ્રસંગોનું લખાણ તૈયાર કર્યું છે.

''ઉતર ગુજરાતની લીલા'' ના નામથી ઓળખાતા આ ગ્રન્થમાં જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા વયોવૃદ્ધ તપસ્વી સંત સ્વામી શ્યામચરણદાસજી તથા શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી અને શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજીની પ્રેરણાથી સંકલ્પ સાકાર થવા પામ્યો છે.

આ ગ્રન્થ છપાવીને સંપ્રદાયમાં પ્રસિદ્ધ કરીને મંદિરે મંદિરે પહોંચાડવાની સેવાનો હેતુ શ્રીજી મહારાજ મોટા નંદ સંતો હરિભક્તો તથા અમારા મંડળના ગુરુજનો રાજી થાય એવા શુભ આશયથી તૈયાર કરેલ છે.

સાથે સાથે વાચકવૃંદના પણ અંતરના આશીર્વાદ મળે જેથી સંપ્રદાયની સાહિત્ય વિભાગથી આવી અનેક સેવાઓનો લ્હાવો મળતો રહે એવી અભ્યર્થના સહ.

''ઉતર ગુજરાતની લીલા'' ગ્રન્થની સૌજન્ય આર્થિક સેવા આપનાર ઉતર ગુજરાતના દેઉસણા ગામના એકાંતિક મુક્તરાજ અક્ષરનિવાસી ગોકળદાસ નારાયણ પટેલના હેતરૂચિવાળા સ્નેહી હરિભક્ત મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સહજાનંદ સંસ્કારધામ - વિસનગર પ.ભ. શ્રી ઉદયનભાઈ અવિનાશ મહારાજાએ ઉપદેશ આપીને સેવાની સમ્પૂર્ણ જવાબદારી સ્વીકારીને સત્સંગનો રાજીપો મેળવ્યો છે.

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
જેતલપુરધામ

## અમારા મંડળના સંતો

| | | |
|---|---|---|
| વયોવૃદ્ધ સદ્‌ગુરુ | સ્વામી શ્યામચરણદાસજી | (જેતલપુર) |
| વયોવૃદ્ધ સદ્‌ગુરુ | શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી | (મહેસાણા) |
| વયોવૃદ્ધ સદ્‌ગુરુ | શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી | (જેતલપુર) |
| મહંત | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી | (જેતલપુર) |
| | શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી | (જેતલપુર) |
| મહંત | શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી | (મહેસાણા) |
| મહંત | શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી | (જેતલપુર) |
| મહંત | શાસ્ત્રી સ્વામી દેવસ્વરૂપદાસજી | (જયપુર) |
| મહંત | શાસ્ત્રી પૂર્ણાનંદજી બ્રહ્મચારી | (જેતલપુર) |
| મહંત | સ્વામી વિશ્વપ્રકાશદાસજી | (અંજલી) |
| | શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી | (અંજલી) |
| | શાસ્ત્રી સ્વામી સચ્ચિદાનંદદાસજી | (જેતલપુર) |
| | શાસ્ત્રી સ્વામી ધર્મસ્વરૂપદાસજી | (જેતલપુર) |
| | પૂજારી સ્વામી પ્રભુજીવનદાસજી | (મહેસાણા) |
| | જીતુ ભગત | (જેતલપુર) |

# અનુક્રમણિકા


વીસનગરની લીલા...... ૦૦૧
વિજાપુરની લીલા ....... ૦૩૩
વડનગરની લીલા....... ૦૫૯
ડાંગરવાની લીલા ....... ૦૯૨
કરજીસણની લીલા...... ૧૪૩
માણસાની લીલા ........ ૧૮૭
મેઉની લીલા............ ૨૨૧
પેથાપુરની લીલા ........ ૨૫૧
સિદ્ધપુરની લીલા ....... ૨૬૦
આદરજની લીલા ....... ૩૦૭
સોજાની લીલા.......... ૩૩૨
ઓળાની લીલા ......... ૩૩૭
ઊંઝાની લીલા .......... ૩૪૫
વિહારની લીલા ......... ૩૫૮
બાલવાની લીલા ........ ૩૮૩
કુંડાળની લીલા......... ૩૮૭
રાજપુરની લીલા ........ ૩૯૪
મહેસાણાની લીલા....... ૪૦૧
નારદીપુરની લીલા ...... ૪૦૮
ઉનાવાની લીલા......... ૪૨૩
અડાલજની લીલા....... ૫૦૪
મોટેરાની લીલા ......... ૫૧૫
ધમાસણાની લીલા ...... ૫૨૪
કડીની લીલા........... ૫૨૭
પાટણની લીલા ......... ૫૩૬
જમીયતપુરાની લીલા.... ૫૩૮
ઉવારસદની લીલા....... ૫૪૧
વડુની લીલા............ ૫૪૨
મોટપની લીલા.......... ૫૪૯
માથાસૂલની લીલા....... ૫૭૦
મોખાસણની લીલા ...... ૫૭૫
ઝુલાસણની લીલા....... ૫૭૬
લાંઘણજની લીલા....... ૫૭૮
દેવડાની લીલા.......... ૫૯૮
ગેરીતાની લીલા......... ૬૦૨
ગવાડાની લીલા......... ૬૧૬
ઈરાણાની લીલા......... ૬૧૯
પલિયડની લીલા........ ૬૨૧
ટુંડેલની લીલા .......... ૬૨૩
ઘેંઘુસણની લીલા ....... ૬૨૫
લાસડીની લીલા......... ૩૨૬
પાલનપુરની લીલા....... ૬૨૮

દેવરાસણની લીલા ...... ૬૩૩
કાંમલીની લીલા ........ ૬૩૪
બિલીયાની લીલા ....... ૬૩૬
નાદરીની લીલા ......... ૬૩૭
પાનસરની લીલા ........ ૬૩૮
ખોરજની લીલા ......... ૬૩૯
કલોલની લીલા ......... ૬૪૪
શેરથાની લીલા ......... ૬૪૬
બામણગામની લીલા .... ૬૪૭
કોલવડાની લીલા ....... ૬૫૦
વસાઈની લીલા ......... ૬૫૧
ચીખલેની લીલા......... ૬૫૩
પામોલની લીલા......... ૬૫૪
ગુંજે (ગુંજા)ની લીલા .. ૬૫૪
ઐઠોરની લીલા ......... ૬૫૪
કડાની લીલા ........... ૬૫૫
ડાભલાની લીલા ........ ૬૫૫
સઈજની લીલા.......... ૬૫૬
કૈયલની લીલા.......... ૬૫૬
વડસમાની લીલા........ ૬૫૬
કટોસણાની લીલા....... ૬૫૭
આદિવાડાની લીલા ..... ૬૫૭
જલશેણની લીલા ....... ૬૫૮
પાલાગામ-(પાંચોટ)ની લીલા .... ૬૫૯
બિલોદરાની લીલા....... ૬૫૯
દેત્રોજની લીલા ......... ૬૫૯
સાદરાની લીલા ......... ૬૬૦
ચિખલોદની લીલા....... ૬૬૧
લાખાગઢની લીલા....... ૬૬૧
અનોડીયાની લીલા...... ૬૬૧
વાઘપુરની લીલા ........ ૬૬૨
મહુડીની લીલા.......... ૬૬૨
સંઘપુરની લીલા......... ૬૬૫
ઘીણોજની લીલા ........ ૬૬૫
અંબાસણની લીલા ...... ૬૬૫
રૂદાતલની લીલા ........ ૬૬૬
વિજાપરડાની લીલા ..... ૬૬૬
ચરાડાની લીલા ......... ૬૬૬
પુંડરિકાક્ષની લીલા...... ૬૬૬
હુંડાહવચની લીલા ...... ૬૬૭
નંદાસણની લીલા ....... ૬૬૭
પૂંજાપુરાની લીલા........ ૬૭૦
ગઢમુંડાણુની લીલા...... ૬૭૦
વાસણાની લીલા ........ ૬૭૧

# આજ્ઞાપત્ર

# વહાલો પધાર્યા વીસનગરમાં

## ● સદ્. શ્રી રામાનંદ સ્વામીનું પ્રાગટ્ય

સદ્. શ્રી રામાનંદ સ્વામીનો જન્મ અયોધ્યામાં પિતા અજય શર્મા અને માતા સુમતી થકી થયો હતો તીર્થાટન કરતા કરતા સૌરાષ્ટ્રમાં તેમણે સોરઠની ભૂમિ ઉપર લોજમાં આશ્રમ સ્થાપીને સત્સંગની વૃદ્ધિ કરી. તેમાં તેમનું સંતમંડળ ૫૦ ની સંખ્યામાં હતું. અને હજારોની સંખ્યામાં ગૃહસ્થ ભક્તો હતા. રામાનંદ સ્વામી પોતાના શિષ્ય મંડળ સાથે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, સોરઠ, ઝાલાવાડ, હાલાર, વાળાક, નાઘેર અને ભાલ વગેરે વિસ્તારોમાં વિચરણ કરતા કરતા ધર્મ સ્થાપનનું કાર્ય કરતા હતા. તેથી રામાનંદ સ્વામીના શિષ્યોની સંખ્યા ગામો ગામ ખૂબજ વધવા લાગી.

## ● સદ્. શ્રી રામાનંદ સ્વામીનું સંતમંડળ

રામાનંદ સ્વામીનાં શિષ્યોની નામાવલીમાં, રામદાસ સ્વામી, રઘુનાથદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, સંન્યાસી દેવાનંદ સ્વામી, સેવાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, મુકુંદવર્ણી, આનંદમુનિ, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ચિદ્રુપાનંદ સ્વામી, વ્રજવાસી ભજનાનંદ સ્વામી, નિવૃત્તાનંદ સ્વામી, સાંખ્યાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, અષ્ટવક્રાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, સજ્જનાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી, ઉજાસાનંદ સ્વામી, કલ્યાણાનંદ સ્વામી, ભાણેશ્વરાનંદ સ્વામી, શ્રીગુરુચરણતાનંદ સ્વામી આદિક પચાસ હતા.

## ● સત્સંગના રંગે રંગાયેલા ગામો

સદ્ગુરુ રામાનંદ સ્વામીએ આવા સમર્થ શિષ્યો સાથે વિચરણ કરતા કરતા સમગ્ર ગુજરાત - રાજ્યનાં ઘણા બધા ગામોમાં સત્સંગ સ્થાપી દીધો. આ ગામોનાં નામો આ પ્રમાણે છે.

ગુજરાતના વડનગર, વીસનગર, પ્રાંતિજ, મેઉ, ઉંઝા, નારદીપુર, કડી, શ્રીનગર, વહેલાલ, મેમકા, મુળી, ખાણ-રાજસ્થાન, કણભા, ગામડી, જેતલપુર, ચલોડા, મછિયાવ, દદુકા, દેવળિયા, મેથાણ, કચ્છમાં ભુજ, માંડવી, તેરા, અંજાર, ધમડકા, આધોઈ, ફરેણી, ધોરાજી, સાંકળી, ભાડેર, મેઘપુર, આખા, પીપલાણા, અગતરાય, જેતલસર, જેતપુર, ગોંડલ, બંધિયા, સરધાર, કોટડા, કારિયાણી, કાલવાણી, માંગરોળ, લોજ, માણાવદર, રાજકોટ, અલૈયા, મોડા, શેખપાટ, ભાદરા, જોડિયા, ગોરવીયાળી વગેરે ગામોમાં સત્સંગના મથક હતા.

● **રામાનંદ સ્વામીના સદાવ્રતો**

ફરેણી, ધોરાજી, સાંકળી, ભાડેર, જામવાળી, પીપલાણા, માણાવદર, અગત્રાઈ, લોજ, માંગરોળ, જેતપુર, સરધાર, નવાનગર, કોટડા, ગઢડા, કારિયાણી, માણેકવાડા, મેથાણ, જેતલપુર, અમદાવાદ આદિક સ્થાનોમાં સદાવ્રતો શરૂ કરેલા હતા. સદાવ્રત સ્થાપવા પાછળનો હેતુ એ હતો કે, શરણાગત જીવોનું કલ્યાણ કરવાનો. આથી રામાનંદ સ્વામી અવાર-નવાર ઝાલાવાડમાં મુળી, મેથાણ, દદુકા વગેરે ગામોમાં વિચરણ કરીને ખૂબજ સત્સંગ કરાવ્યો હતો.

● **સર્વાવતારી શ્રીહરિનું પ્રાગટ્ય**

પરમ કૃપાળુ, સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય સં. ૧૮૩૭ ના ચૈત્ર સુદ નવમીના રોજ ઉત્તર ભારતના નાના એવા છપૈયા ગામે ધર્મપિતા-ભક્તિમાતા થકી થયું. ૧૧ વર્ષ સુધી છપૈયા, અયોધ્યા તથા આજુબાજુના ગામોમાં વિચરીને બાળ લીલા કરી ભક્તજનોને ખૂબ સુખીયા કર્યા ને પછી માતા-પિતાને દિવ્યગતિ આપીને સંવત ૧૮૪૯ ની સાલમાં આષાઢ સુદ-૧૦ મી ના વહેલી સવારે વનિવચરણની વાટ લીધી. સાત વર્ષ વનવિચરણ દરમ્યાન અનેક મુમુક્ષુ જીવો તથા

ઋષિ મુનિયોને દર્શન આપી તેમના તપની નિવૃત્તિ કરાવી મોક્ષપદ આપ્યું ને અનેક ગામો-શહેરો, સરોવર, સાગર, નદી, કૂવા, વાવ, મહેલો, ઝુંપડી, માઢ વગેરેને પોતાના પદરજથી પાવન કરીને સં. ૧૮૫૬ ના શ્રાવણ વદ-૬ ના રોજ પશ્ચિમ ભારતના સિમાડે આવેલા લોજ ગામે વાવ ઉપર આવીને બેઠા.

વહેલી સવારે સુખાનંદ સ્વામી વાવ ઉપર સ્નાન કરવા માટે આવ્યા અને પ્રભુની મુખાકૃતિ જોઈને અંતરમાં આનંદ થયો ને પ્રભુને આશ્રમમાં તેડી લાવ્યા. ગુરુ રામાનંદ સ્વામી કચ્છ-ભુજમાં બિરાજે છે. તેથી હમણાં તમો અહીં લોજમાં રહો. ત્યારબાદ જેઠ વદ એકાદશી ના રોજ રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા ને ત્યાંથી કુંવરજી ભગતને તેડવા મોકલ્યા. તેથી મુક્તાનંદ સ્વામી અને સંતો તથા નીલકંઠ વર્ણી વગેરે પીપલાણા પધાર્યા અને દર્શન કરીને ગુરુ રામાનંદ સ્વામીને ભેટ્યા ને સં. ૧૮૫૭ ના કારતક સુદ એકાદશીના રોજ શ્રી નીલકંઠ વર્ણીને દીક્ષા આપીને નારાયણ મુનિ, સહજાનંદ સ્વામીએ બે નામ પાડ્યા.

ગુરુ રામાનંદ સ્વામીએ આ સહજાનંદ સ્વામી ઓળખાણ કરાવવા એક વર્ષ સુધી સોરઠમાં સાથે રહીને વિચરણ કર્યું. સં. ૧૮૫૮ ના કારતક સુદ એકાદશીએ જેતપુર મુકામે પોતાની ધર્મધુરા સોંપીને મોટો ઉત્સવ કર્યો. ત્યારબાદ ફરેણી મુકામે સદ્. રામાનંદ સ્વામીએ સ્વતંત્રપણે દેહત્યાગ કરી ધામમાં સિધાવ્યા. ને તેમના ચૌદમાં દિવસે રામાનંદ સ્વામીના આશ્રિતો ૨૫૦૦૦ ની સંખ્યામાં ફરેણી આવેલા ને તે વખતે સભામાં સહજાનંદ સ્વામીએ સર્વ સભાને સંબોધતા કહ્યું કે, આજથી હવે તમે સર્વે 'સ્વામિનારાયણ - સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન કરજો ને જે સામા મળે તેને જય શ્રીસ્વામિનારાયણ કહેવા. પછી સૌ હરિભક્તો પોતપોતાને ગામ ગયા.

શ્રીહરિએ ગુરુ રામાનંદ સ્વામીનો વિરહ મટાડવા અને ગુરુ રામાનંદ સ્વામીનો ભગવાનપણાનો નિશ્ચય મૂકાવવા માટે સમાધિ પ્રકરણો ચલાવ્યા ને તે દ્વારા અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં રામાનંદ સ્વામીને દેખાડ્યા ને રામાનંદ સ્વામીએ પણ કહ્યું કે, હવેથી સૌ આ સહજાનંદ સ્વામીનું ભજન કરજો મારા જેવા તો કેટલાય તેમના સેવક છે.

● **દંઢાવ્ય દેશમાં પ્રથમવાર પ્રભુ પધાર્યા**

સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિએ કાલવાળીમાં એકી સાથે ૫૦૦ પરમહંસોને દીક્ષા આપ્યા પછી સંતો-પાર્ષદો સાથે પોતાના આશ્રિતજનોના ગામ અને ઘરને પાવન કરવા તથા દર્શનનું સુખ આપવા ચાલ્યા તે કોટડા, ગોખલાણા, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, અમદાવાદ, વેલાલ, સલકી, પ્રાંતિજ, વિજાપુર, ગેરીતા, વડનગર થઈ વીસનગર પધાર્યા. (વીસનગરમાં સંન્યાસી દેવાનંદ સ્વામીએ બાઈઓને સત્સંગ કરાવ્યો હતો.) તે બાઈઓને ખબર થઈ તેથી તલાવને કાંઠે સભા કરીને શ્રીહરિ બેઠા હતા. તેમના દર્શન કરવા આવી. પછી તે બાઈઓના સગા સંબંધીને ખબર થઈ તેથી લાકડીઓ લઈને આવ્યા, તે મહારાજ સભા કરીને બેઠા હતા, તેમને દેખ્યા નહીં. અને બારોબાર ચાલી નીકળ્યા. પછી મહારાજે પૂછ્યું જે એ કોણ હતા ? ત્યારે બાઈઓ કહે એ બધા અમારા સંબંધી છે, અમે તમારા દર્શને આવ્યા તેથી અમને મારવા આવ્યા હતા. તે તમે ભગવાન છો તે કળા કરી, તેથી તેઓ દેખી શક્યા નહીં. પછી મહારાજ ગામમાં પધાર્યા. અને તળાવના ગરનાળા ઉપર સભા કરીને બેઠા. પછી મહારાજે મયારામ ભટ્ટને કહ્યું જે આપણે બ્રાહ્મણને ચોરાશી કરીને જમાડીએ, પરંતુ રૂપિયા કોણ ધીરશે ? તે વખતે એક શાહુકાર સભામાં બેઠો હતો તે કહે છે, ‘હે સ્વામિનારાયણ ! રૂપિયા હું ધીરીશ. પછી મહારાજ કહે બહુ સારું. પછી મહારાજે સાત પ્રકારની સુખડી

કરાવીને બ્રાહ્મણોને જમાડીને રૂપિયા ચુકાવીને ત્યાંથી ચાલ્યા તે ગામ વસઈ, મેઉ, લાંગણોજ થઈ ડાંગરવા પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૧૨)*

● **શ્રીહરિનું શાનદાર સ્વાગત હાથીની અંબાડીમાં કર્યું.**

શ્રીહરિએ ૧૮૬૨ નો મહાશિવરાત્રી મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવીને ચાલ્યા તે ઊંઝા થઈ વીસનગર પધાર્યા. પુરજનો સૌ સામા આવ્યા. વ્યાસ મોતીરામ તથા વિપ્ર બળદેવ તથા દોશી દયારામ, શાહ જેચંદ, શાહ ઝુમખરામ, સોની પીતાંબર, ગણેશ, અંબારામ, ભાવસાર વનમાળી તથા હરિભાઈ, પાનાચંદ, પીતાંબર આદિ ભક્તો આવી શ્રીહરિના ચરણમાં પડ્યા. એક એક હાર પહેરાવી શ્રીફળ ચરણમાં ધરી આનંદ પામ્યા. ડંકા નિશાન, વાજિંત્રો, ઢોલ, ત્રાંસા વગેરે વાગવા લાગ્યા. હરિ સાથે ભૂપ હતા તે અંબાડી સહિત હાથી લઈને આવ્યા, તેના પર શ્રીહરિ બેઠા. રાજા ચમર કરવા લાગ્યા. સવારી વાજતે ગાજતે પુરની બજારે ચાલી. પુરજનોને દર્શન દેતા શ્રીહરિ પૂર્વદ્વારે આવ્યા. સમીપમાં ભીમનાથ મહાદેવનું મંદિર છે તે જગ્યામાં ઉતર્યા. સંત, વર્ણી, સંન્યાસી બધા તેમાં ઉતર્યા. પાળાઓ પણ ત્યાં ઉતર્યા. રાજાઓ તથા હરિભક્તો નગરથી બહાર ઉતર્યા. ત્રણ દિવસ ત્યાં શ્રીહરિ રહ્યાં. પુરજનોએ બહુ સેવા કરી. નવા નવા પકવાન બનાવી સંત અને શ્રીહરિને જમાડી ઘેર ઘેર પધરાવી પૂજા કરી. ચાતુર્માસના વ્રતોનો વિધિ શ્રીહરિએ ત્યાં બહુ પ્રકારે કહ્યો. ત્યાંથી શ્રીહરિ વડનગર પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર ૭ તરંગ ૪૭)*

● **ઉદયકુવરે સત્સંગીઓનો પક્ષ રાખ્યો**

વીસનગરમાં રામાનંદ સ્વામીના સમયથી સત્સંગ હતો. વીસનગરમાં જેઓ રામાનંદ સ્વામીના શિષ્યો હતા. તેમણે સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ માન્યા પણ બીજા લોકોએ

તેનો સખત વિરોધ કર્યો. આ વિરોધ કરનારાઓમાં વીસનગર સુબા કેશવરાય દેશાઈ મુખ્ય હતા. તેમની સાથે બીજા નાગર અમલદારોએ પણ વિરોધ કર્યો. આટલેથી તેઓ ન અટક્યા. તેમણે સત્સંગીઓને નાત બહાર મૂકાવ્યા. તેમના ધંધા-રોજગાર બંધ કરાવ્યા. કુટુંબમાં કલેશ ઘાલ્યો.

અરે એટલું જ નહિ, પણ વગર વાંકે માત્ર સ્વામિનારાયણના ભક્ત હોવાને કારણે કેશવરાય દેશાઈએ વીસનગરના તમામ સત્સંગીઓને જેલમાં પૂર્યા. કેશવરાયની બહેને ઉદય કુંવરબા હતા. અને ભાણો બળદેવપ્રસાદ પાંચ વર્ષનો હતો. તેઓ સત્સંગી હતા. તેથી તે બંને જેલમાં જઈને બેઠા.

કેશવરાયને ખબર પડી તેથી તે બોલ્યા 'અરે, બહેન ! તમારે જેલમાં શા માટે બેસવું પડે ?'

ઉદયકુંવર બોલ્યા, "તમે આ બધાને શા માટે જેલમાં પૂર્યા છે ?" "તેઓ સ્વામિનારાયણનું ભજન કરે છે માટે." ઉદયકુંવર બોલ્યા "હું પણ સ્વામિનારાયણનું ભજન કરું છું." "પણ તમે તો મારા સંબંધી છો" કેશવરાય બોલ્યા : ત્યારે ઉદયકુંવરે કહ્યું "મારા સાચા સંબંધી તો આ બધા સત્સંગી છે. તમે તો દેહના સગા છો. આ તો મારા આત્માના સગા છે." અને કેશવરાયે પોતાની બહેન અને ભાણેજને જેલમાંથી મુક્ત કર્યા. તો પણ ઉદયકુંવરબાએ જેલ ન છોડી. "આ બધા હરિભક્તોને છોડો તો જ હું જેલની બહાર નીકળું." લોક-લાજે કેશવરાયે બધા હરિભક્તોને જેલમાંથી છોડ્યા. થોડા દિવસો બાદ ખરા ઉનાળાના દિવસોમાં બધા સત્સંગીઓને બપોરે તડકામાં બેસાર્યા.

ઉદયકુંવરબાને ખબર પડી અને તેઓ ભાણીયાને લઈને તડકામાં બેઠા. કેશવરાયને ખબર પડી તેમણે સત્સંગીઓને છોડી મૂક્યા. સત્સંગીઓને વગર વાંકે માર મરાવતા. તેમના ઘરબાર લૂંટવી

દેતા. કોઈ દાદ-ફરિયાદ સાંભળતા નહિ. આવા અપાર દુઃખો હરિભક્તો મુંગે મોઢે સહન કરતા હતા. તેમના દુઃખમાં ભાગ લેનારા ઉદયકુંવરબાને ધન્યવાદ છે કે તેમણે ભાઈનો સંબંધ તજીને હરિભક્તોનો પક્ષ રાખ્યો તેથી તેમના ઉપર પ્રભુ કેટલા રાજી થયા હશે ?

ગઢપુરમાં શ્રીહરિએ ૧૮૬૭ ની સાલમાં જન્માષ્ટમીનો મોટો ઉત્સવ ઉજવ્યો હતો. તેમાં ગામે ગામથી મોટી સંખ્યામાં ભક્તજનો પધાર્યા હતા. તેમાં વીસનગરના હરિભક્તો પધાર્યા હતા. તે સર્વેએ શ્રીહરિના દર્શન કરીને બેઠા. તે વખતે શ્રીજીમહારાજે, ‘‘ઉદયકુંવરબા તથા હરિભક્તોને કહ્યું : ભગવાનનું ભજન બરાબર થાય છે કે નહિ ?’’ ત્યારે ઉદયકુંવરબા તથા હરિભક્તોએ અસહ્ય દુઃખની વાત કરી કે અમને વિના વાંકે બહુ કષ્ટ આપે છે. સંતોએ પણ વીસનગરના હરિભક્તોની કઠણાઈનું વર્ણન કર્યું.

‘‘વીસનગરનો સૂબો આટલો બધો વિરોધ કેમ કરે છે ?’’ મહારાજે પ્રશ્ન પૂછ્યો. હરિભક્તો બોલ્યા, ‘‘મહારાજ, અમદાવાદ-ખોખરા મહેમદાવાદના લોલંગર બાવાનો મોટો ભાઈ અમદાવાદમાં રામજી મંદિરમાં રહે છે. અને તે કેશવરાયના ગુરુ છે. તેણે આ બધી ઉપાધિ કરી મૂકી છે.’’

- **શ્રીહરિએ પોતાના ભક્તજનોના સંકટમાં સહાય કરવા વીસનગર જવા તત્કાળ નિર્ણય કર્યો.**

ભક્તજનોના દુઃખની વ્યથા સાંભળીને શ્રીજીમહારાજ ઊંડા વિચારમાં ઊતરી ગયા. ભગવાન તો દયાળુ છે. દયાના સાગર છે. *‘‘સ્વભાવ છે સ્વામીનો રે અતિ દયાળુ રે પરદુઃખ હારી રે કોઈનો દુઃખીયો રે દેખી ન ખમાય દયા આણી રે અતિ આકળા થાય.’’*

આ આપત્તિમાંથી સત્સંગીઓને કેવી રીતે ઉગારવા તેનો વિચાર કરવા લાગ્યા. સમૈયો પૂરો થયો. સૌ સૌના ઘરે ગયા. પણ

મહારાજના મગજમાં સત્સંગીઓને થતી પરેશાનીએ જોર પકડ્યું. મહારાજ એ વિચારમાં ઉદાસ રહેવા લાગ્યા. ન ખાવાનું ભાવે, બેચેની રહ્યા કરે.

અચાનક એક અંધારી રાતે એકાએકી મહારાજ વીસનગર તરફ નીકળ્યા. પરંતુ મૂળજી બ્રહ્મચારી જોરાઈથી મહારાજ સાથે ગયા. ચાલતા ચાલતા પ્રભુ કંથારિયા આવ્યા ને ત્યાંથી સીધા જ વીસનગર ઉદયકુંવરબાને ઘેર આવી પહોંચ્યા. ઉદયકુંવરબાએ મહારાજને આવકાર્યા. ને મહારાજ માટે થાળ બનાવ્યો. તે મહારાજ સ્નાનવિધિ કરીને જમવા બેઠા. વીસનગરના હરિભક્તોને મહારાજ પધાર્યાના સમાચાર મળતા સૌ ઉદયકુંવરબાના ઘેર આવ્યા. ને મહારાજને પગે લાગ્યા ને મહારાજના દર્શન થતા જ હરિભક્તોને આનંદ આનંદ થઈ ગયો.

શ્રીજીમહારાજ બોલ્યા : ''ઉદયકુંવરબા, તમારા ભાઈને કહેવરાવો કે, સ્વામિનારાયણ તમને મળવા માગે છે. તમે અહીં આવો છો કે સ્વામિનારાયણ તમારે ત્યાં આવે'' ઉદયકુંવરબા બોલ્યા : ''મહારાજ ! મારો ભાઈ તમને પકડીને જેલમાં પૂરવા માગે છે તે આપનો ઘણો જ દ્વેષી છે. માટે સામે ચાલીને સાપને છંછેડવા જેવો નથી.'' મહારાજ બોલ્યા : ''ઉદયકુંવરબા, તમો અમને કેવા જાણો છો ?'' મારી મરજી વિના રે કોઈથી તરણું ન તોડાય, દરેક જીવ પ્રાણીમાત્રના નાડી પ્રાણ અમારા હાથમાં છે.''

શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને રામાનંદી સાધુ જેવો વેષ ધારણ કરાવ્યો. રામાનંદી તિલક કરાવ્યું. આગળ હરિભક્તો, પાછળ મહારાજ ને તેમની પાછળ મૂળજી બ્રહ્મચારી અને પાછળ બાઈ હરિભક્તો. બધું લશ્કર પહોંચ્યું સુબાને ત્યાં. સુબાને આગળથી સમાચાર મળી ગયા હતા. તેથી તે પૂરે પૂરો સાવધ હતો.

તેણે પોતાની કચેરીમાં શ્રીજીમહારાજ તથા મૂળજી બ્રહ્મચારીને દાખલ થવા દીધા. બાકી બધા બહાર ઊભા રહ્યા.

"જય સીયારામ" મહારાજે કહ્યું. પાછળ મૂળજી બ્રહ્મચારીને જોઈને સુબા ખુરશી પરથી ઊભા થયા ને આવકાર આપ્યો. એને મહારાજ પર દ્વેષ હતો પણ વયોવૃદ્ધ, તપોવૃદ્ધ મૂળજી બ્રહ્મચારી અને તે પણ રામાનંદી પર ભાવ ઉત્પન્ન થયો. બંનેના ચરણ સ્પર્શ કર્યા. "કેશવરાય, તમો અમારા સત્સંગીઓને શા માટે હેરાન કરો છો ? અમારા સત્સંગીઓએ તમારું શું બગાડ્યું છે ? અમારા સંતો લોકોના વ્યસનો છોડાવે છે લોકોને સદાચારી બનાવે છે. ભગવદ્ ભક્ત બનાવે છે." મહારાજ બોલ્યા. "સ્વામીજી તમારો ધર્મ સનાતન ધર્મ નથી. તમો ભગવાન થઈ પૂજાઓ છો. માતાજી આગળ થતા પશુ બલીનો વિરોધ કરો છો. માટે અમારો વિરોધ છે." સુબાએ કહ્યું.

"કેશવરાય, તમને તમારા ગુરુએ ખોટા ભરમાયા છે. અમારા ગુરુ રામાનંદ સ્વામી છે. અને રામાનંદ સ્વામીના ગુરુ રામાનુજાચાર્ય છે. માટે અમારો ધર્મ સનાતન ધર્મ છે. શ્રીકૃષ્ણ ભગવાને અંતર્ધાન થયા પહેલા પોતાનું ધાર્મિક જ્ઞાન ઉદ્ધવજીને આપેલું. શ્રી રામાનંદ સ્વામી પોતે ઉધ્ધવજીના અવતાર હતા. માતાજી આગળ સકળ સૃષ્ટી પુત્ર સ્વરૂપે છે. પછી તે મનુષ્ય હોય કે પશુ પક્ષી. પોતાના બાળકનું કોઈ માતા પોતે જાતે બલિદાન લે નહીં. માત એ તો માતા છે. એટલે માતા આગળ થતા બલિદાનનો અમે વિરોધ કરીયે છીએ. અહિંસા અમારો મુખ્ય ધર્મ છે. અને ક્ષમા કરો એ જીવન મંત્ર છે." ભગવાન સ્વામિનારાયણે કેશવરાયને કહ્યું.

- **શ્રીજીમહારાજે કેશવરાયને સમાધિ દ્વારા જમપુરી તથા અક્ષરધામ દેખાડ્યું ને આશ્રિત કર્યા**

ભગવાન સ્વામિનારાયણે કેશવરાયને સમાધિ કરાવી દીધી. કેશવરાયને કુકર્મના ફળ સ્વરૂપે નરકના દર્શન કરાવ્યા. યમરાજા યમનાદૂત નરકકુંડ વગેરે જોઈને કેશવરાય થરથરી ગયા. પછી તેમને ભગવાને પોતાનું ધામ બતાવ્યું. જ્યાં અનંત મુક્તો ભગવાન શ્રી

સ્વામિનારાયણની સેવા કરે છે. કેશવરાય સમાધિમાંથી જાગૃત થયા. ને ભગવાનના પગમાં પડ્યા.

"મહારાજ, મેં તમારો ઘણોજ અપરાધ કર્યો છે. તમારા સંતો તથા હરિભક્તોને ઘણા જ દુઃખી કર્યા છે. મારા એ અપરાધને ક્ષમા કરો. મને તમારો આશ્રિત કરો." કેશવરાયે મહારાજને વિનંતી (પ્રાર્થના) કરી.

મહારાજે કેશવરાયજીને ગુરુ મંત્ર આપી પોતાનો આશ્રિત કર્યો. બહાર ઉભેલા સત્સંગીઓએ વાત જાણી. અતિશય આનંદ થયો. આખા પંથકમાં શાંતિ શાંતિ થઈ ગઈ.

બીજે દિવસે શ્રીજીમહારાજ તથા મૂળજી બ્રહ્મચારી જસદણનાં રાજા વાજસુર ખાચર તરફથી આવેલા સંકટની રક્ષા કરવા માટે ભોયરાના નાજા જોગિયાની વહારે પ્રભુ ભોંયરા જવા ચાલી નીકળ્યા. *(શ્રીહરિ લીલામૃત કળશ-૭ વિશ્રામ ૧૭)*

- **શ્રીહરિએ વીસનગરમાં પથ્થરના હાથીને કથરોટ ભરીને લાડવા ખવરાવ્યા.**

શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો સાથે વીસનગર પધાર્યા અને દેળિયા તળાવની પાળ ઉપર આવેલા ભીમનાથ મહાદેવના મંદિરમાં ઉતારો કર્યો. ગામના ભક્તજનોએ શ્રીજીમહારાજ તથા સંતો-ભક્તો માટે લાડુની રસોઈ બનાવરાવી. ને મહારાજ મહાદેવજીના દર્શન કરવા મંદિર ઉપર ગયા ને ભેટ મૂકી દર્શન કર્યા. મંદિરની આગળ પથ્થરનો હાથી ઉભો છે. કોઈકે એવો સંકલ્પ કર્યો કે, "હાથી તો ગણપતિનું સ્વરૂપ કહેવાય ને ગણપતિને લાડવા બહુ ભાવે. જો સ્વામિનારાયણ ભગવાન હોય તો તેમનામાં અન્યથા કર્તુમ શક્તિ હોવી જોઈએ. માટે સ્વામિનારાયણ ભગવાન આ પથ્થરના હાથીને કથરોટ ભરીને લાડવા ખવડાવે તો ભગવાન ખરાં !

ભગવાનની પરીક્ષા કરનારા પણ આ દુનિયામાં છે ખરા. ભગવાને કથરોટ ભરીને લાડુ મંગાવ્યા. ને હાથી આગળ લાડુ મેલ્યા. ને હાથીની સામે દ્રષ્ટિ કરી કે તરત પથ્થરનો હાથી લાડુ જમી ગયો.

આખા ગામમાં વાત ફેલાઈ ગઈ. લોકોના ટોળે ટોળાં હાથીને જોવા તથા સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા આવવા લાગ્યા. ભગવાને ત્યાં આગળ મોટી સભા ભરી અને સર્વેને સદાચાર વિષે ઉપદેશ આપ્યો. હાલ પણ આ હાથી હયાત છે.

● **શ્રીહરિએ વીસનગરના પાનાચંદ ભાવસારને નિરાવરણ દૃષ્ટિ આપી**

વીસનગરમાં પાનાચંદ ભાવસાર શ્રી સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત હતા. તેમને સંસાર વ્યવહાર મોળો કરીને ભજન ભક્તિ વિશેષ કરવા માંડી. શ્રીજીમહારાજ જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કરે ત્યાં ત્યાં પહોંચી જાય. તેથી મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા ને બોલ્યા : ‘‘પાનાચંદભાઈ આજથી તમારી નિવારણ દૃષ્ટિ થશે.

પાનાચંદ ભાવસાર શ્રીજીમહારાજનું નિરંતર ધ્યાન-ભજન કરતા તેથી તેમને દિવ્ય દૃષ્ટિ શ્રીજીમહારાજે આપી હતી. તેથી પાનાચંદભાઈ ઘરે બેઠા મહારાજના દર્શન કરવા લાગ્યા. ને બધા ધામને આંહી બેઠા થકા દેખતા ને હરિજનને કે સંતને અંત સમે મહારાજ તેડવા આવે તે પણ તે દેખતા તથા જે ધામમાં તેને મેલે તે પણ દેખતા એવી સ્થિતિને પામ્યા હતા. એવા સામર્થ્યવાળા જેને ભજને કરીને થાય છે તે પુરુષોત્તમનું અસાધારણ લક્ષણ છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૨૦)*

● **શ્રીહરિનો પત્ર તેરાગામથી વીસનગર આવ્યો**

એક સમયે ગામ તેરેથી વીસનગર સાધુ તથા હરિભક્ત ઉપર મહારાજે પત્ર લખ્યો કે સર્વે અંતરવૃત્તિ કરીને ધ્યાન ભજન કરજો.

બધાએ મહારાજની આજ્ઞા પ્રમાણે કર્યું. એટલે પહેલે દિવસે ચાર જણાને સમાધિ થઈ. આ સમાચારનો પત્ર તેરે આવ્યો. તે સાંભળીને વર્જ્યાનંદ સ્વામીના મનમાં સંકલ્પ થયો કે પિંડ બ્રહ્માંડનો નિર્ણય કરીએ છીએ તેને સમાધિ નહીં અને છોકરાં ખોળામાં મળમૂત્ર કરે છે તેને સમાધિ?

ત્યારે મહારાજ તે સંકલ્પ જાણી ગયા અને બોલ્યા કે, જુઓને બેઠા બેઠા કેવા સંકલ્પ કરે છે ? વર્જ્યાનંદ સ્વામી કહે ઠીક છે તો ! મહારાજ કહે, તમે એને જાણો છો ? એણે પૂર્વમાં સાધન કર્યા હશે અને કાં તો એ નવરા નથી અને તમે નવરા છો તે તમારી પાસે સાધન કરાવવા છે. અને ધણીનો કોઈ ધણી છે ? આ પ્રમાણે એ વર્જ્યાનંદ સ્વામીને શ્રીજીમહારાજે જ્ઞાનોપદેશ કરી સમજાવ્યા. *(દંઢાવ્ય દેશ દર્શન)*

- **સદ્.શ્રી ગુરુચરણતાનંદ સ્વામીએ વીસનગરમાં કોગળિયા રોગ વિષે વાત કરી**

સદ્. શ્રી ગુરુચરણતાનંદ સ્વામી વીસનગરમાં હતા ને તે વખતે સ્વામી પિંડારિયે તળાવે નાવા ગયા હતા. ત્યાં શાવકના સંઘ પાછળ મરઘીનું ટોળું જતું હતું. તે જોઈને શ્રી ગુરુચરણતાનંદ સ્વામીએ પૂછ્યું કે, અલ્યા તમે કોણ છો ? ત્યારે તેઓ એમ બોલ્યા કે અમે કોગળિયું છીએ ત્યારે ગુરુ સ્વામીએ તેને કહ્યું કે, તમે ક્યાં જાઓ છો ? તેણે કહ્યું કે આ શાવકના મેળામાં અમદાવાદ જઈએ છીએ. ત્યારે ગુરુ સ્વામી બોલ્યા - અલ્યા તમે ગજબ કરશો કે શું ? ત્યારે તેઓ બોલ્યા કે આજથી ચોથે દહાડે ખબર પડશે. ત્યાર પછી ગુરુ સ્વામીએ મંદિરમાં આવીને રામેશ્વરભાઈને વાત કરી અને તેવું જ થયું. (તે વખતે મેળામાં કોગળિયાના રોગથી ઘણા માણસો મરી ગયા હતા.) *(દંઢાવ્ય દેશ દર્શન)*

- **વીસનગરના ઝુમખરામને વડતાલમાં શ્રીહરિએ સોટી મારીને મૂર્તિ આપી તથા પૂર્વનું વૃત્તાંત કહ્યું**

શ્રી વડતાલમાં સમૈયો થયો ત્યારે ગામથી ઉગમણી તરફ આંબલા હેઠે (જ્ઞાનબાગમાં) રાત્રીને સમે હજારો માણસની સભામાં મહારાજ ઊભા થઈને વાતો કરતા હતા તે વખતે વીસનગરના શેઠ ઝુમખરામ નિદ્રાયે કરીને ડોલાં ખાતા હતા. તેને મહારાજે લાંબો હાથ કરી સોટી મારીને જાગ્રત કર્યા. પછી સભા ઉઠી ગઈ ત્યારે ઝુમખરામે મહારાજનાં ચરણારવિંદ ઝાલીને પૂછ્યું, ''હે મહારાજ ! તમે મને સોટી કેમ મારી ?'' ત્યારે મહારાજે કહ્યું : ''હિરણ્યકશિપું પ્રહલાદને મારવાની તને આજ્ઞા કરતો ત્યારે તું પ્રહલાદને ભક્ત જાણીને તેની રક્ષા કરતો તે પુન્યે કરીને તે દિવસથી તું ભક્ત થયો છો પણ તે વખતનાં તારામાં કાંઈક પાપ રહેલાં હતાં તે આજ મારી કાઢ્યાં'' ને મહારાજે તે દિવસે ઝુમખરામને સોટી મારી ત્યારથી તેને મહારાજની મૂર્તિ અખંડ દેખાવા માંડી તેથી તે મુંઝાણા ને મહારાજ પાસે આવીને રોવા માંડ્યા. ત્યારે મહારાજે પૂછ્યું, ''શા સારું રુવે છે ?'' ત્યારે તેણે કહ્યું : ''તમારી મૂર્તિ મને સર્વે ક્રિયામાં દેખાય છે તેથી હું વ્યવહારિક ક્રિયા કેમ કરું ? ને મારાં માતા-પિતા વૃદ્ધ છે ને મારો ભાઈ પણ નાનો છે તે સર્વેનું પોષણ શી રીતે કરવું ?'' પછી મહારાજ કહે ''તુંને ઠીક ન પડ્યું ? જા હવે નહિં દેખાય.'' ત્યારે તે કહે : ''ના મહારાજ ! એમ તો નહિ પણ જ્યારે હું કલાક બે કલાક ધ્યાન કરું ત્યારે દેખાય'' પછી મહારાજ કહે ''જાઓ ત્યારે દેખાશે. પછી તે ઝુમખરામ પોતાના દેહ નિર્વાહને અર્થે પોતાના ઘરબાર સહિત દક્ષિણ દેશને વિષે ગાંડાપુર ગામે ગયા ને ત્યાં પોતાનો નાનો ભાઈ મુગટરામ માંદો થયો.

● **મુગટરામને શ્રીહરિએ અવધિ આપીને તેડવા પધાર્યા**

મુગટરામ મહારાષ્ટ્રમાં ગાંડાપુર ગામમાં તેના ભાઈ ઝુમખરામ સાથે રહે છે. તે એક વખત માંદો થયો ત્યારે તેને શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું જે, ''આજથી દસમે દિવસે અર્ધરાત્રીને સમે તને અમે તેડવા આવશું ને સાથે પચીસ પાર્ષદ લાવશું તે પાર્ષદ બંદૂકોના અવાજ કરશે ને તે સમે તારા પાસે જે હશે તેને પણ અમારા દર્શન થાશે'' તે વાત મુગટરામે તેના મોટાભાઈ ઝુમખરામને કહી ને કહ્યું જે, ''આ ડોસા ડોશીને મારી પાસે આવવા દેશોમાં ને આવશે તો હું બચકું ભરીશ શા માટે તો રામાવતારને વખતે તે બેય ક્ષત્રિય હતાં ને હું ઋષિ હતો ને વનમાં રહેતો ત્યાં ભરતજી રામચંદ્રજીને મળવા આવ્યા ત્યારે તે બેય તેની સાથે હતા ને તેણે મારી પર્ણકુટી તાણી હતી તે વખતથી મારે એની ઉપર વૈર છે. તેથી વખતો વખત તેને ત્યાં હું જન્મ લઉં છું. પણ વૈર વાળવાનો વખત મળતો નથી પણ આ વખતે તો મહારાજ તેડી જાશે તેથી ફરી જન્મવું નહિં પડે.''

પછી ઝુમખરામે ડોસા ડોસીને મુગટરામ પાસે જવાની ના પાડી તો પણ મા-બાપને હેત તે રહેવાયું નહિ ને મુગટરામને બહુ દુઃખ થાવા માંડ્યું ને ઉકાંટા કરવા માંડ્યો ત્યારે તે બેય તેની પાસે ગયા ને પૂછ્યું ''કેમ મુગટરામ બહુ દુઃખ થાય છે કે ?'' એમ કહ્યું ત્યાં તો ઉછળીને તેણે બંનેને બચકું ભર્યું ત્યારે તેમણે રાડ્ય પાડી એટલે ઝુમખરામ દુકાનેથી દોડી આવ્યા ને કહ્યું : ''આ શું કર્યું મુગટરામ ?'' ત્યારે તે કહે ''હવે વૈર મટી ગયું'' તે પછી દશમે દિવસે અરધી રાત્રીએ મુગટરામને મહારાજ તેડી ગયા. તે સમે જે ત્યાં હતા તે સર્વેને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયા ને પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા તે સર્વેએ પ્રત્યક્ષ સાંભળ્યા.

- **મુગટરામે દિવ્ય દેહે તેની ભાણીને વડતાલ દર્શન કરાવ્યા...**

આમ મુગટરામને ધામમાં ગયે બે દિવસ થયા. પછી ત્રીજે દિવસે મુગટરામ દિવ્ય દેહ ધરીને માલેગામમાં પાછો આવ્યો, અને તે માલેગામના હરિભક્ત સીતારામ હતા. તેમની પુત્રી ચંપા તેને વડતાલ જાવું હતું જ્યારે મુગટરામ આ પૃથ્વી ઉપર હતા ત્યારે પણ તે સીતારામની પુત્રી ચંપા મુગટભાઈને કહેતી કે મને તમો વડતાલના દેવનાં દર્શન કરવા કોઈક દિવસ લઈ જજો. તે સારું મુગટરામ ત્યાં આવ્યો અને ચંપાને કહ્યું કે, ''ચાલ તને વડતાલ દેખાડું એમ કહીને બસો ચાલીસ ગાઉ દૂર માલેગામથી વડતાલ ચંપાને લાવ્યો ને શ્રી લક્ષ્મીનારાયણ દેવના દર્શન કર્યા અને રાજી રાજી થઈને આખા મંદિરમાં ફરે છે. શ્રીજીમહારાજના દર્શન કર્યા. ત્યારે મહારાજે હજારી ફૂલનો હાર આપ્યો. અને મંદિરના બ્રહ્મચારીએ પતાસાની પ્રસાદી આપી. તે મુગટરામે ચંપાને આપ્યું. ને છેટેથી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા નંદ સંતોના પણ કરાવ્યાં. દર્શન કરી કૃતાર્થ થાય છે ત્યાં તો સાંજ પડી ગઈ. એમ કહીને ચંપાની આગળ મુગટરામે વાત કરી કે મેં ત્રણ દિવસથી દેહ મેલ્યો છે અને હું ભગવાનનો પાર્ષદ થયો છું. તે તું સત્ય જાણજે. એમ કહી ચંપાને ખંભે બેસારી પછી તેને ઘેર મેડા ઉપર મૂકીને અદશ્ય થઈ ગયો.

પછી તે ચંપાને તેની માયે મેડા ઉપર બેઠેલી દીઠી ત્યારે તેની માયે પૂછ્યું જે ''તું તો મામા ભેળી વડતાલ ગઈ હતી તે આંહી ક્યાંથી ?'' (અમુક પ્રસંગોમાં તે ચંપાની માતા મુગટરામની બહેન હતી તેવું જાણવા મળે છે) ત્યારે તે ચંપા બોલી જે ''હા હું મામા ભેગી વડતાલ જઈ આવી, જુઓ આ રહ્યો હાર ને આ પ્રસાદીનાં પતાસા.''

પછી ચંપાએ પોતાના પિતાને વાત કરી કે, આ પ્રમાણે મુગટરામે મને વડતાલ દેખાડ્યું અને તે તો ત્રણ દિવસથી દેહ મૂકીને

ભગવાનના ધામમાં રહ્યા છે. આવું સાંભળી ચંપાના પિતાએ અંતે વાત માની નહીં અને પછી તે વાત સાચી છે કે ખોટી તેની તપાસ કરવા માટે ગાંડાપુરમાં ગયા. અને ત્યાં તપાસ કરી તો વાત સાચી હતી. આ પ્રમાણેનો પરચો જોઈ અનેકજનો શ્રીહરિનો અપાર મહિમા સમજવા લાગ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા ૩૨૧ તથા દંઢાવ્ય દર્શન)*

- **વીસનગરના કંસારા નારાયણભાઈને શ્રીહરિ તેડવા આવ્યા ને રાખી ગયા...**

ગામ વીસનગરમાં કંસારા નારાયણભાઈને શ્રીજીમહારાજ તેડવા આવ્યા ત્યારે તેણે મહારાજને કહ્યું : ''હે મહારાજ ! હું હમણાં જ પરણ્યો છું. માટે હમણાં મેલી જાઓ તો સારું.'' ત્યારે મહારાજ કહે : ''પણ તારી આવરદા નથી'' તે વખતે મહારાજ સાથે બ્રહ્માનંદ સ્વામી આવેલા હતા તે બોલ્યા જે, ''હે મહારાજ ! એની સ્ત્રીની અરધી આવરદા એને આપીને મેલી જાઈએ પછી એવી રીતે કરીને તેને મેલી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૨૨)*

- **જીવની અવળાઈ તો જુઓ હાથે કરીને દુઃખ માગે છે**

એક સમયે ગામ વીસનગરના શોભારામ શાસ્ત્રી જે શ્રીહરિનો પૂરે પૂરો દ્વેષી તેણે કેશવરાય દેસાઈને પોતાના પક્ષમાં લઈને પોતાના ભત્રીજા મોતીરામ વગેરે સત્સંગીને સાત વર્ષ સુધી નાત બહાર મૂક્યા. અને એક વખતે વાંકમાં લાવીને તેમને કેશવરાય દેસાઈ પાસે કેદમાં બેસાડ્યા ત્યારે દેસાઈનાં ફોઈ ઉદયકુંવર પણ સત્સંગી સાથે જઈને બેઠાં. કેશવરાયે પૂછ્યું ફોઈ તમે કેમ અહીં બેઠા છો ? ઉદયકુંવરે કહ્યું તમે સત્સંગીને કેદમાં બેસાડ્યા છે ત્યારે હું સત્સંગી નથી કે ન બેસું ? દેસાઈ કહે, તમે ઘેર જાઓ. ઉદયકુંવરે કહ્યું કે, આ સર્વે સત્સંગી ઘેર જશે ત્યારે હું જઈશ, ત્યાં સુધી બેઠી છું. આ સાંભળી દેસાઈએ બધાને કેદમાંથી કાઢ્યા એટલે ઉદયકુંવર ઘેર ગયાં.

પછી એક વખતે ગઢડે જઈને મોતીરામે મહારાજને પૂછ્યું કે, મહારાજ, અમારી નાતમાં તડાં પડવાનાં છે, ત્યારે અમને તેડવા આવે તો અમે કોના તડમાં જઈએ ? મહારાજ બોલ્યા કે જે પ્રથમ તેડવા આવે તેના તડમાં જજો. પછી પ્રથમ ભાડિયાના તડવાળા તેડવા આવ્યા. તેના તડમાં જઈને રહ્યા. ત્યારે શોભારામ બોલ્યો કે, મોતીરામ, અમને મૂકીને એના તડમાં ક્યાં ગયો ? ત્યારે મોતીરામે કહ્યું : મેર ચાંડાળ, પ્રથમ અમને નાત બહાર મૂકીને હવે તેડવા આવ્યો છે ?

પછી જ્યારે મહારાજ પંચોતેરની સાલમાં દંઢાવ્ય દેશમાં પધાર્યા ત્યારે દેસાઈના તડવાળાને ચાર દિવસ પકવાન જમાડીને દક્ષિણા આપી. એમ મહારાજે પાંચ હજાર રૂપિયા સત્સંગીને માટે વાપર્યા.

એક દિવસ જ્યાં સત્સંગીઓ બેઠા હતા ત્યાં જઈને બોલ્યો જે "જુઓ હું આટલા દિવસથી સ્વામિનારાયણનો દ્રોહ કરું છું તો પણ સાજો સુખીયો ફરું છું ને સ્વામિનારાયણ તો ખોટા છે નીકર મને કાંઈક કહે નહિ ને તેણે આટલા આટલા યજ્ઞ કર્યા પણ ત્યાં કોઈ મારા જેવા નહિ નીકર યજ્ઞમાં પડીને પણ સ્વામિનારાયણને બ્રહ્મ હત્યા કરીએ" ત્યારે સત્સંગીઓ કહે "અરે ભાઈ ! શું કરવાને એવું કરવું પડે ? સ્વામિનારાયણ તો આપણે સો સીધાં માગીએ તો આપણને પાંચસો સીધાં આપે ને ગોળ માગીએ તો ખાંડ આપે ને ખાંડ માગીએ તો સાકર આપે ને પાણી માગીએ તો ઘી આપે ને એ તો સાક્ષાત્ ભગવાન છે."

એ સાંભળીને શોભારામ બળી ગયો ને બોલ્યો જે "જો સ્વામિનારાયણ ભગવાન હોય તો ભલે મને આઠ દિવસમાં આંધળો કરી મૂકે." ત્યારે હરિજનો કહે "અરે ભાઈ, શીદને હાથે કરીને એવું માગે છે ? એ તો ચિંતામણી તુલ્ય છે તે જેવું ચિંતવીશ તેવું

મળશે.'' ત્યારે તે કહે ''ભગવાન હોય તો ભલે સુખેથી મેં માગ્યું તે મને મળે.'' પછી વાયદો તો વેગળો રહ્યો ને ચાર દિવસમાં તે આંધળો થયો તે જોઈને ઘણા માણસોએ પરચો માન્યો. એમ મુરખ માણસને સારૂં માગતાં પણ આવડે નહિ તે હાથે કરીને દુઃખમાં પડે. (દુઃખ માગે છે)

આવી જીવની અવળાઈ છે તો પણ ભગવાન દયાળું છે. તે જીવના કૃત્યો સામું જોતાં નથી. પછી જ્યારે મહારાજ વીસનગર પધાર્યા ત્યારે માર્ગમાં શોભારામનું ઘર આવ્યું એટલે હજારો માણસો વચ્ચે રોઝે ઘોડેથી ઉતરીને શ્રીજીમહારાજ તેનું ભલું કરવા માટે તેના ઘરમાં પધાર્યા અને બોલ્યા, ક્યાં ગયા શોભારામ વ્યાસ ? અમે તમને દર્શન દેવા માટે આવ્યા છીએ. આ સાંભળી શોભારામ ઉઠીને ઓરડામાં સંતાઈ ગયો અને બીજા પાસે કહેવરાવ્યું કે, સ્વામિનારાયણને કહો કે શોભારામ વ્યાસ તો જમવા બેઠા છે. એમ કહેવાથી મહારાજ પાછા વળ્યા. આવી રીતે સામા પગલે પ્રભુ જીવની અવળાઈ જોયા વિના તેની દૃષ્ટિ પાછી આપવા પધાર્યા પણ તેની અવળાઈ છેક સુધી તેને નડી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ ૩ - વાર્તા ૩૨૩ તથા દંઢાવ્ય દેશ દર્શન).*

### ● વીસનગરના વસંતરામને શ્રીહરિ તેડવા આવ્યા

વીસનગરમાં વસંતરામ વ્યાસ શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. તેમને એક વખત રાત્રીએ સ્વપ્નમાં ગોપાળાનંદ સ્વામીએ દર્શન દઈને કહ્યું કે, ''વસંતરામ ! આજથી ચોથે દિવસે તમને તેડવા આવશું. તે સાંભળીને વસંતરામ બહુ આનંદ પામ્યા. ને લોકો ગમે તેમ બોલે પણ મારે સાજા-તાજા અક્ષરધામમાં જાવું છે. હવે મારે કાંઈ કરવું રહ્યું નથી. એવો અચળ દૃઢ વિશ્વાસ રાખીને તે મંદિરમાં આવીને સૌને કહ્યું કે, આજથી ચોથે દિવસે મારે દેહ તજવો છે. તે સાંભળીને સગા, બાઈ-ભાઈ વગેરે કહે શા માટે આવું બોલો છો તે તમારી

લાજ જશે. ત્યારે વસંતરામ કહે મારી લાજ જાય તેવું નથી. મને તો ગોપાળાનંદ સ્વામીએ દર્શન આપીને કહ્યું છે.

એમ કરતા ચાર દિવસ થયા ને સર્વે કુટુંબી, પુત્ર, પત્ની વગેરેમાંથી પ્રીતિ તોડીને એક પ્રભુમાં જોડી દીધી ને ચોકમાં સૂતો હતો. શરીરે સાજો હતો ને તે વખતે શ્રીજીમહારાજે દર્શન આપ્યા ને ધામમાં તેડી ગયા. જેમ કોઈ યોગી દેહ મૂકે તેમ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો. *(દંઢાવ્ય દેશ લીલા)*

- **શ્રીહરિએ વીસનગરમાં મૂળજી બ્રહ્મચારી પાસે સમાધિ કરાવી**

એકવાર શ્રીજીમહારાજ વીસનગર પધાર્યા ને મૂળજી બ્રહ્મચારી ભેગા હતા. તે ગામનો એક નાગર દીવાન દ્રોહી હતો. તે ગામમાં એ દ્રોહી દીવાનની બેન (ઉદયકુંવર) રહેતી હતી, ને તે બેનને એક દીકરો (બળદેવ) હતો. તે મા-દીકરો મહાભગવદ્દી સત્સંગી હતા. પછી એ વીસનગરને પાદર જઈ મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, ‘‘આપણે એ દીવાનની બેનને ઘરે ઊતરીશું’’ ત્યારે બ્રહ્મચારી કહે, ‘‘ના મહારાજ, એ દ્રોહી દીવાન છે તે એની બેનને કનડગત કરશે. માટે આપણે એ બાઈને ઘરે જાવું નહીં.’’ ત્યારે મહારાજ કહે, ‘‘આ એક સુકલ ઝરડું પડ્યું તે હાથમાં ઝાલી લિયો ને પછી ચાલો, એ બાઈને ઘરે ઊતરીશું.’’

પછી એ ઝરડું બ્રહ્મચારી પાસે લેવરાવીને મહારાજને બ્રહ્મચારી એ બાઈને ઘેર ઊતર્યા. પછી એ બાઈએ રસોઈ કરી તે મહારાજ જમ્યા. પછી એ બાઈનો દીકરો હતો, તેણે પોતાનો મામો જે દીવાન હતો, તેમના ઘરે જઈને કહ્યું જે, ‘‘મારે ઘરે શ્રીજીમહારાજ આવ્યા છે, તે તમે મારા ઘર સુધી આવો. મારી માતાએ તમને તેડવા સારું મને મોકલ્યો છે.’’ એવું સાંભળીને તે દીવાને પોતાના બે જમાદાર

હતા, તેમને કહ્યું જે, ''તમે ત્યાં જઈને એ સ્વામિનારાયણને આંહી ઝાલી લાવો.''

પછી એ બેય જમાદારે મહારાજ પાસે આવીને કહ્યું જે, ''તમને દીવાન બોલાવે છે, તે ત્યાં ચાલો.'' ત્યારે મહારાજે એ મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, ''એ ઝરડાનું એક ઠેબું જમાદારને અડાડો.'' પછી બ્રહ્મચારીએ ઠેબું અડાડ્યું તે જમાદાર તો દડી પડ્યો. ને બીજો જમાદાર તો ભાગ્યો, તે દીવાન પાસે જઈને વાત કરી જે ''હું તો ભાગ્યો તેથી રહ્યો ને બીજો તો દડી પડ્યો.''

પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, ''એ ઝરડાનું બીજું ઠેબું એ જમાદારને અડાડો.'' પછી બીજું ઠેબું બ્રહ્મચારીએ અડાડ્યું તે ઉઠતોકને એ જમાદાર ભાગ્યો. તેણે દીવાનને કહ્યું જે, ''તમારું કુશળ ઈચ્છતા હો તો એ સ્વામિનારાયણનું નામ લેશો નહીં.''

પછી તે દીવાને બીજું માણસ મહારાજ પાસે મોકલાવીને કહેડાવ્યું જે, ''તમે હવે આંહી આવશો નહીં. અમારે તમારું કામ નથી.'' ત્યારે મહારાજ કહે, ''અમારા હરિભક્તોને નાતબારા મૂક્યા છે, તે સારુ અમારે દીવાન પાસે આવવું છે.'' પછી મહારાજ તો તે દીવાન પાસે ગયા ને દીવાનને કહ્યું જે, ''અમારા હરિભક્તોને તમે નાતબારા મૂકાવ્યા છે. તે તેમને પાછા નાતમાં લેવરાવો, નીકર તમારે જમપુરીમાં જમના માર ખાવા પડશે.'' ત્યારે તે દીવાન બોલ્યો જે, ''જમપુરી જ નથી ને જમ પણ નથી. એ તો ખોટે ખોટી વાત છે.''

પછી મહારાજે એ દીવાનને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલ્યો. તે તેને જમે મારવા માંડ્યો ને આંહી શરીર ધ્રૂજતું જાય ને ઘણી પીડા પામતો જાય. પછી મહારાજે સમાધિ ઉતારી, તે ઉઠીને મહારાજના પગમાં પડ્યો. ને બોલ્યો જે, ''હે મહારાજ ! મને તો જમે મારી નાંખ્યો ને બહુ દુઃખ દીધું. તે હવે તમે કહો તેમ કરું.'' ત્યારે મહારાજ કહે, ''અમારા હરિભક્તોને નાતબારા મૂક્યા છે, તેને

પાછા નાતમાં લેવરાવો.'' પછી એ સર્વે જે નાતબાર હતા, તેમને નાતમાં લેવરાવીને મહારાજ ચાલી નીસર્યા. ને દીવાને પછી દ્રોહ પડ્યો મૂક્યો. એ વાત પૂરી થઈ. *(લીલાચરિત્રની વાતો - રામજી શેઠ કૃત ૧૬૭)*

## ● દુષ્ટ માણસોને ભગવાન દેખાયા નહીં

વીસનગરમાં પીંડારક નામનું પુરાતન એક તળાવ છે. આ તળાવ પ્રાચીન સમયનું છે. જ્યાં પાંડવો વનવાસ દરમ્યાન અહીં આવેલા ને પોતાના પિતૃઓને પીંડ આપેલ, પીંડદાન દઈને પિતૃઓનો ઉદ્ધાર કરેલો. એટલે આ તળાવને પીંડતારક તળાવ કહે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન સંત હરિભક્તો સાથે આ પીંડારક તળાવને કિનારે સભા ભરીને બેઠા છે. અને જીવ અને શિવ, આત્મા અને પરમાત્મા સંબંધી જ્ઞાન પીરસી રહ્યા છે. આખી સભા ભગવાનની વાણી સાંભળવામાં તલ્લીન છે. એટલામાં દશ માણસોનું ટોળું લાકડીઓ ઉગામતું આ તરફ આવી રહ્યું છે.

''સ્વામિનારાયણને મારો, હવે તો ખરેખરો લાગ આવ્યો છે. એમને છોડવાના નથી.''

બધાએ અવાજ સાંભળ્યો. ગજબ થઈ જશે. ઘણાના માથા રંગાશે. સ્વામિનારાયણ ભગવાનના પાળાઓ સાવધ થઈ ગયા. તલવાર, ભાલા, બરછી સંભાળ્યા.

''આપણે કશું જ કરવાનું નથી. તેમને આવવા દો'' મહારાજે કહ્યું, મહારાજે એવો ચમત્કાર કર્યો કે, આવનાર ટોળાને દૂરના આંબાના થડ નીચે મહારાજ દેખાણા. તેઓ ત્યાં લાકડીઓ મારવા માંડ્યા. સભા હસવા માંડી.

''અરે મૂર્ખાઓ, ત્યાં ક્યાં સ્વામિનારાયણ છે'' કોઈક બોલ્યું. ત્યાં બીજા ઝાડ નીચે સ્વામિનારાયણ દેખાણા એટલે ત્યાં દોડ્યા. લાકડીઓ મારવા માંડ્યા.

આમ અર્ધો કલાક દોડ દોડ કરી. મહારાજે સભા બરખાસ્ત કરી. માણકી ઉપર સવાર થઈને ભગવાન કેશવરાય સુબાને ત્યાં પાર્ષદો સાથે ગયા. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **વીસનગરમાં શ્રીહરિએ બ્રાહ્મણોની ચોરાશી કરી**

સં. ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે ગેરીતા થઈ વીસનગર આવ્યા. તે ગામના હરિજનોએ અસવારી લઈને મહારાજને સન્મુખ જઈને ગાજતે વાજતે રાજદરબારમાં થઈને દેશાઈ લાલદાસની મેડી ઉપર પધરાવ્યા તે મેડીનો ઉગમણો ગોખ તેમાં પોતે બેસીને તે ગામનાં ભક્તોને દર્શન દેતા હતા. પછી બાઈ ઉદેકુંવર તેમણે થાળ કર્યો તેમાં ભારે પકવાન લાડુ, જલેબી, ઘેબર ને બરફી, પેંડા એ આદિક જે નાના પ્રકારના પાકને શાક તે કરાવીને મહારાજને પોતાને ઘેર પધરાવીને જમાડ્યા. તે સમે સર્વે સત્સંગી ને દેશાઈ કેશવદાસને બીજા ઘણાકના ઘરના તે પણ આવીને મહારાજના દર્શન કરીને બહુ રાજી થયા. પછી પોતે સર્વેને દર્શન દેતા થકા ઘણી વાર જમતા હતા. પછી પોતે ચળુ કરીને મુખવાસ લઈને ઉતારે પધાર્યા. દેશાઈએ મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા ને પછી સર્વે બ્રાહ્મણના મોટેરાને તેડાવીને પોતે કહ્યું જે, ‘‘અમારે બ્રાહ્મણની ચોરાશી કરવી છે તે જો તમને રૂચે તો બે તડવાળા બોલો.’’ ત્યારે શોભારામ વ્યાસ તડવાળા બોલ્યા જે અમે તો નહિ જમીએ. પછી દેશાઈ કેશવદાસના તડવાળા બોલ્યા જે અમો તો જમશું. એમ કહીને બેઠા. પછી દયારામ જોશી આવ્યા. તેને પોતે કહ્યું જે, ‘‘અમારે બ્રાહ્મણની ચોરાશી કરવી છે. તે અમારે ઘી, સાકર, લોટ, દાળ, ચોખા આદિ જે વસ્તુ જોઈએ તે તમે અપાવો ને તમારે ખોળાધર (બાહેંધરી) જોઈએ તો આ ગોવિંદજીભાઈને લ્યો.’’ એમ કહીને પછી પોતે નાના પ્રકારની સામગ્રીઓ મંગાવીને પાંચ પ્રકારના પકવાન કરાવ્યા ને તે બ્રાહ્મણોને જમાડીને રૂપિયો - રૂપિયો દક્ષિણા આપતા હવા. તે ગામના હરિભક્ત વ્રજજીવન દવે તથા મોતીરામ વ્યાસ તથા હેમદાસ તથા

હરિભાઈ તથા પાનાચંદ આદિ સર્વે પોતપોતાને ઘેર પધરાવીને ભારે ભારે વસ્ત્ર અલંકારે કરીને સેવા કરીને બહુ લાવ લેતા હવા. પછી પોતે ઘણાક દિવસ ત્યાં રહીને ત્યાંથી ગામ ઉંઝે પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ નં. ૫૦)*

- **શ્રીહરિ વીસનગરના મોતીરામ વિપ્રને તેડવા પધાર્યા**

વીસનગરમાં શ્રીહરિના એકાંતિક ભક્ત એવા શ્રી મોતીરામ વિપ્ર હતા. તેમના અંતકાળ વખતે પરમ દયાળુ શ્રીહરિ તેમને તેડવા માટે રથ લઈને પધારેલા. તે વખતે સર્વે નાગરિકો રથને જોઈને તર્ક કરવા લાગ્યા કે, આ રથ કોનો હશે ? ને ક્યાંથી આવ્યો હશે ? પછી રથમાં બિરાજેલ શ્રીહરિનાં દર્શન કરીને મોતીરામ બોલ્યા કે, અહો ! મહારાજ, મને તેડવા આવ્યા છે. એમ કહીને ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં જતા હતા. તે સર્વે ગામના લોકોએ જોયું. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય ૧૦૪)*

- **અધર્મીએ કરેલા અપમાનથી ભયંકર કેતુ પ્રકટ્યો અને તીડ આવ્યા**

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગર પધાર્યા ત્યારે શ્રીહરિનું સ્વાગત કરીને પુરમાં પધરાવ્યા હતા. પછી નાગર હરિભક્તને ઘેર શ્રીહરિએ પ્રેમથી ઉતારો કર્યો. વિદ્વાન વિપ્રો આવીને પગે લાગતા હતા. તેમણે હાથ જોડી, માથું નમાવીને વિનયના શબ્દ કહ્યા.

અહીંના રાજાના દીવાને (સુબાએ) કુબુદ્ધિ લોકોના કહેવાથી યજ્ઞનું જે અપમાન કર્યું, તે માનો તેણે પોતાનું જ અપમાન કર્યું હતું. જે વરસે રાજાના દીવાને યજ્ઞનું અપમાન કર્યું તે વરસમાં ઘણો દુઃખકારી અને ભયંકર કેતુ આકાશમાં પ્રકટ્યો હતો. બીજે વરસે તીડ આવ્યા. જેટલું અન્ન થયું તે બધું ખાઈ ગયા. હવે આગળ જે અનર્થ થાશે તે સહુને પ્રત્યક્ષ દેખાશે. રુદ્રના કોપ જેવો બીજો કોઈ

કોપ નહી. તે તો જોરદાર પ્રલયકાળ દેખાડી દેશે. પ્રભુ રુદ્રને શાંતિ થાય, તેવો ઉપાય તો આપ જાણો છો. આપ તો ગો-બ્રાહ્મણ અને સંતોના નાથ છો, રક્ષક છો. ત્યારે શ્રીહરિએ તે વિપ્રોને કહ્યું, ધાર્યું તો બધું પરમેશ્વરનું જ થાય છે.

જગતમાં જ્યારે વધારે પડતા અધર્મી લોકો આગળ આવે છે ત્યારે પરમેશ્વર તેનો પ્રલય કરે જ છે. અત્યંત અધર્મ જ્યારે વધે છે ત્યારે તેને પરમેશ્વર સહન કરતા નથી. હું તમારી આગળ કોઈ મિથ્યાવાત નથી કહેતો. આમ કહ્યા પછી શ્રીહરિએ પુષ્કળ ઘી નાખીને સાકરના લાડુ કરાવ્યા અને જે દીન વિપ્રો હતા તેમને સારી રીતે જમાડ્યા. ત્યાંથી પ્રભુ ઉંઝા પધાર્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૧૪ તરંગ ૬૩)*

- **વડનગર અને વીસનગરમાં બે સ્વરૂપે અઢી માસ ચોરાશી કરીને બ્રહ્મભોજન કરાવ્યું.**

સિધ્ધપુરનો સમૈયો કરીને મહારાજ ઊંઝા પધાર્યા છે. વીસનગરના હરિભક્તોએ મહારાજને વીસનગર પધારવા ઘણી જ વિનંતી કરી.

વડનગરના હરિભક્તોએ પણ મહારાજને વડનગર પધારવા માટે ઘણો જ આગ્રહ કર્યો.

“તમે તમારે ગામ જઈને અમારા સામૈયાની તૈયારી કરો, અમો આવતી કાલે સવારે તમારા ગામમાં આવીશું.” મહારાજે કહ્યું.

વીસનગરના હરિભક્તોએ વીસનગર જઈને સ્વામિનારાયણ ભગવાનના સામૈયાની તૈયારી કરી. અને બીજે દિવસે સવારે આઠ વાગે કાંસા ગામના માર્ગે ઢોલ, શરણાઈ સાથે વીસનગરના બધા હરિભક્તો ઉભા રહ્યા. બરાબર નવ વાગે મહારાજનો ઘોડો દેખાયો. કાઠી દરબારોના ઘોડાઓ દેખાણા. સંતો દેખાણા અને હરિભક્તો દેખાણાં.

''બોલો સ્વામિનારાયણ ભગવાનની જય'' અબીલ ગુલાલ ઉડવા માંડ્યો. ઢોલ નગારા શરણાઈએ પોતાનું કામ શરૂ કર્યું. શણગારેલી બગીમાં મહારાજને બિરાજમાન કર્યા. આખા ગામમાં શોભાયાત્રા નીકળી. ઠેર ઠેર ભગવાનનું સ્વાગત થયું. આખું ગામ ગુલાબી રંગનું થઈ ગયું. આનંદનો મહાસાગર ઉમટ્યો. બપોરે સવારી કેશવરાય સુબાને ત્યાં ગઈ. કેશવરાયે આખા સંઘને જમાડ્યા.

વિશ્રાંતી લઈ સ્વામિનારાયણ ભગવાને ચાર વાગે સુબાના ઘર આગળ ચોકમાં મોટી સભા ભરી બધાને ભગવાન સંબંધી વાતો કરી. સંધ્યા થતા આરતી ધૂન કરી. ફરીથી રાત્રે સભા કરી. શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ શ્રીકૃષ્ણ ભગવાનના લીલા ચરિત્ર ગાયા. સંતો પાસે કીર્તન ગવરાવ્યા. રાતના અગિયાર વાગે સમાપ્તી કરી ભગવાન પોઢી ગયા.

બીજે દિવસે વડનગરથી પાંચ માણસો વીસનગર સાડીઓ વેચવા આવેલા. તેમણે વીસનગરના હરિભક્તોને કહ્યું : ''કાલે તો સ્વામિનારાયણ ભગવાનની શોભા યાત્રા વડનગરમાં નીકળેલી. આવી ભવ્ય નગરયાત્રા હજુ સુધી વડનગરમાં નીકળી નથી.'' ''અરે સ્વામિનારાયણ ભગવાન તો અહીં વીસનગરમાં છે. તેમનું સામૈયું અને નગરયાત્રા આપણે કાલે કાઢેલી, આ લોકો તો ડીંગ નથી મારતા ને ?'' હરિભક્તો વિચારવા લાગ્યા. પેલા લોકોએ કહ્યું ''સ્વામિનારાયણ તો વડનગરમાં છે. તેમના સંતો-પાર્ષદો, કાઠી સવારો, પાળાઓ બધા વડનગરમાં છે. આ ખરું કે તે ખરું એવો ઘાટ થયો.

ત્રણ ચાર સત્સંગીઓ ઘોડા ઉપર બેસી ને વડનગર જવા ચાલી નીકળ્યા. વડનગરમાં શર્મિષ્ઠા તળાવને કિનારે દશા વાણિયાની વાડી પાસે વિશાળ ચોકમાં સ્વામિનારાયણ ભગવાન સભા કરીને બિરાજમાન છે. તે વખતે વીસનગરના હરિભક્તો ઘોડા ઉપરથી નીચે ઉતર્યા. ભગવાને દંડવત્ પ્રણામ કર્યા. ભગવાને ''જય સ્વામિનારાયણ''

કહ્યા. ને એક કલાક સભામાં બેસી ત્યાંના હરિભક્તોને ભગવાન વીસનગરમાં છે એની વાતો કરી પાછા વળ્યા. વડનગરના હરિભક્તો ચાર-પાંચ વીસનગર આવ્યા. તો સાંજના ચાર વાગે ભગવાન કેશવરાય સુબાને ત્યાં ચોકમાં સભા કરીને બિરાજમાન હતા. સંત ભગવાનના કીર્તનો ગાતા હતા.

આમ સ્વામિનારાયણ ભગવાને અઢી મહિના સુધી વીસનગર તથા વડનગરમાં પોતાના બે સ્વરૂપો ધારણ કરીને સભાઓ કરેલી છે તથા સતત અઢી માસ સુધી બંને જગ્યાએ એક સાથે બ્રાહ્મણોને બ્રહ્મભોજન (લાડવા) ખવરાવ્યા છે. એટલું જ નહિ પરંતુ પોતે બે સ્વરૂપે, સંતો રૂપે, હરિભક્તો, દરબારો રૂપે તથા ઘોડા રૂપે થઈ બંને ગામના ભક્તજનોને ખૂબ સુખ આપીને બંને ગામની લીલાને સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગઈ. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **શ્રીહરિને મળેલા વીસનગરના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી મોતીરામભાઈ વ્યાસ | પ.ભ.શ્રી ધીરજભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી સૂર્યરામભાઈ વ્યાસ | પ.ભ.શ્રી દયારામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી બળદેવભાઈ વિપ્ર-૧ | પ.ભ.શ્રી રામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી બલદેવભાઈ પંડ્યા-૨ | પ.ભ.શ્રી મંછારામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી અમિરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ઉદેકુંવરબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી વ્રજજીવનભાઈ વિપ્ર | પ.ભ.શ્રી અમુલાબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી વલ્લભભાઈ વિપ્ર | પ.ભ.શ્રી લક્ષ્મીબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી અમુલખભાઈ વિપ્ર | પ.ભ.શ્રી શિવબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી સુરજરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ઉજળીબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી રામેશ્વરભાઈ વિપ્ર | પ.ભ.શ્રી પુંજીબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી સૂર્યશર્માભાઈ વિપ્ર | પ.ભ.શ્રી સાંકળીબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી જીવનરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ગોવિંજીભાઈ પટેલ |

| | |
|---|---|
| પ.ભ.શ્રી કૃષ્ણાધરભાઈ વિપ્ર | પ.ભ.શ્રી રામજીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી સારથરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ગણેશભાઈ પટેલ |
| પ.ભ.શ્રી મહિપભાઈ વિપ્ર | પ.ભ.શ્રી તુલસીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી અંબાબાઈ | પ.ભ.શ્રી રામકોટબાઈ |
| પ.ભ.શ્રી પીતાંબરભાઈ પટેલ | પ.ભ.શ્રી વનમાળીભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી લાલદાસભાઈ દેસાઈ | પ.ભ.શ્રી પાનાચંદભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી હેમદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી ઉગરચંદભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી પૂંજાભાઈ પટેલ | પ.ભ.શ્રી વાટુચંદભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી હરિભાઈ પટેલ | પ.ભ.શ્રી ઝવેરભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી પોલાધરભાઈ પટેલ | પ.ભ.શ્રી હાલાભાઈ |
| પ.ભ.શ્રી અંબારામભાઈ પટેલ-૨ | પ.ભ.શ્રી દેવચંદભાઈ |
| પ.ભ.શ્રી પીતાંબરભાઈ સોની-૨ | પ.ભ.શ્રી દિલશુધ્ધભાઈ |
| પ.ભ.શ્રી જેચંદભાઈ શાહ | પ.ભ.શ્રી નારાયણભાઈ કંસારા |
| પ.ભ.શ્રી ઝુમખરામભાઈ શેઠ | પ.ભ.શ્રી ચેલદાસભાઈ |
| પ.ભ.શ્રી મુગટરામભાઈ શેઠ | પ.ભ.શ્રી ગણેશભાઈ-૨ |
| પ.ભ.શ્રી દયારામભાઈ દોશી-૨ | પ.ભ.શ્રી કાશીરામ-૨ |
| પ.ભ.શ્રી બેચરભાઈ સલાટ | પ.ભ.શ્રી પ્રભુરામ |
| પ.ભ.શ્રી સુંદરભાઈ સલાટ | પ.ભ.શ્રી પૂંજાભાઈ |
| પ.ભ.શ્રી પૂંજાભાઈ સલાટ | પ.ભ.શ્રી ઘેલાભાઈ |
| પ.ભ.શ્રી જેઠારામભાઈ સલાટ | પ.ભ.શ્રી કુબેર ભક્ત |
| પ.ભ.શ્રી ત્રિભોવનભાઈ સલાટ | પ.ભ.શ્રી હરિરામ વિપ્ર |
| પ.ભ.શ્રી વસંતરામભાઈ વ્યાસ | પ.ભ.શ્રી શંકરભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી લાડકુંવરબાઈ વિપ્ર | પ.ભ.શ્રી અંબારામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી વિલસીતબાઈ વિપ્ર | પ.ભ.શ્રી રામેશ્વરભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી ભક્તિબાઈ વિપ્ર | પ.ભ.શ્રી હીરાચંદભાઈ |
| પ.ભ.શ્રી હ્રધાબાઈ વિપ્ર | પ.ભ.શ્રી મૂલચંદભાઈ |

| | |
|---|---|
| પ.ભ.શ્રી દુર્લભબાઈ વિપ્ર | પ.ભ.શ્રી ભૂષણભાઈ |
| પ.ભ.શ્રી જેઠીબાઈ વિપ્ર | પ.ભ.શ્રી ભુવારભાઈ |
| પ.ભ.શ્રી સોનાબાઈ વિપ્ર | પ.ભ.શ્રી અરૂભાઈ |
| પ.ભ.શ્રી જતનબાઈ વિપ્ર | પ.ભ.શ્રી વૈકુંઠભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી જ્ઞાનબાઈ વિપ્ર | પ.ભ.શ્રી વખતરામ વિપ્ર |
| પ.ભ.શ્રી અમરચંદભાઈ સલાટ | પ.ભ.શ્રી ગલાલબાઈ |
| પ.ભ.શ્રી હેમચંદભાઈ સલાટ | પ.ભ.શ્રી અવલબાઈ |

● **વીસનગર મંદિરનો ઈતિહાસ :**

વીસનગરમાં સ્વામિનારાયણ મંદિર હવેલી ઘાટનું છે. પ્રવેશ દ્વાર દેખાવમાં ભવ્ય લાગે છે. દક્ષિણાબારનું છે. આ મંદિરમાં લાલજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિઓ છે. તેમાં લાલજી મહારાજની મૂર્તિ પ્રસાદીની છે તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૩૬ ના મહાસુદી પાંચના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવી છે.

આ મંદિરના નિર્માતા સદ્ગુરુ સ્વામી કેશવચરણદાસજીએ હરિભક્તોના સહકારથી બંધાવેલ છે. આ મંદિરને આજે ૧૩૫ વર્ષ પૂરા થયા છે. ૧૫ વર્ષ પછી ૧૫૦ વર્ષનો સાર્ધશતાબ્દી મહોત્સવ આવશે. અહીં શ્રીહરિ ૧૧ વાર પધારીને વીસનગરને તીર્થ ભૂમિનો દરજ્જો આપીને સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધિ આપેલ છે.

● **વીસનગરના સત્સંગના પ્રણેતા સદ્. રામદાસજી સ્વામી હતા**

અહીં સત્સંગ વિકાસમાં સદ્. શ્રી રામદાસજી સ્વામીએ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેમણે અનેક કુટુંબોમાં સત્સંગના બીજ રોપીને શ્રીહરિને સર્વોપરીપણે જેમ છે તેમ ઓળખાવ્યા છે.

અહીં શ્રીહરિએ અનંત સ્વરૂપે (સંત-હરિભક્તો, પાર્ષદો, રાજાઓ તથા ઘોડાઓ રૂપે વગેરેના) એ સ્વરૂપો ધારણ કરીને વીસનગર તથા વડનગરમાં એકી સાથે ખૂબજ દર્શન, કથા વાર્તાનું

સતત સુખ અઢી માસ સુધી રોકાઈને આપ્યું હતું. તથા એક રાત્રી, ત્રણ રાત્રી, બીજીવાર રહ્યા હતા. તથા રથયાત્રા, જન્માષ્ટમીનાં બંને ઉત્સવો મોટા પ્રમાણમાં ઉજવ્યા હતા. તેમાં દેશાંતરથી હજારોની સંખ્યામાં હરિભક્તો દર્શને આવ્યા હતા. અને બ્રાહ્મણોની ચોરાશી પણ શ્રીહરિએ બે વાર કરેલી છે. સાથે ૫૦૦ પરહંસો પણ પધાર્યા હતાને ઉપરાંત એક માસ, દોઢ માસ પણ સતત રહીને ભક્તોને ખૂબજ સુખની લ્હાણી કરી છે. ને ઘેર ઘેર પધરામણીએ ફર્યા છે.

અહીં વીસનગરમાં મુખ્ય સત્સંગ વિપ્ર ભક્તોનો, વણિક ભક્તો મોઢવાડિયા ભક્તો, ભાવસાર ભક્તો, પટેલ ભક્તો, સલાટ ભક્તો, સોની ભક્તો, કંસારા ભક્તો વગેરેનો સત્સંગ સારા પ્રમાણમાં છે.

- **વીસનગરના દર્શનીય પ્રસાદીના સ્થાનો**

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઈઓનું

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર બાઈઓનું

૩. લાલજી મહારાજની મૂર્તિ પ્રસાદીની છે.

૪. તળાવના ઉત્તર બાજુનું ગરનાળું પ્રસાદીનું છે.

૫. ગામનું તળાવ પ્રસાદીનું છે જેમાં પરમહંસ સહિત શ્રીહરિએ સ્નાન લીલા કરેલી છે.

૬. પીંડારક તળાવ પણ ખૂબજ પ્રસાદીનું છે. જે ગામથી પૂર્વમાં ૨ કિ.મી. દૂર આવેલું પ્રાચીન છે. ત્યાં પાંડવોએ શ્રાધ્ધ કરાવેલું અને પીંડ તારેલા, એ ઉપરથી આનું નામ પીંડતારક (પીંડારિયુ) પડેલું છે. એવી લોક વાયકા છે. શ્રીહરિએ આ તળાવના કિનારે ઉતારો કરેલો અને પરમહંસો સહિત અહીં સ્નાન કરેલું છે. અહીં આંબાવાડિયું છે. તેમાં છત્રી છે. તે ઠેકાણે આંબો હતો, ત્યાં શ્રીહરિ સભા કરીને બેઠેલા. ત્યાં દુષ્ટ લોકો લાકડીઓ વગેરે હથિયાર લઈને મારવા આવેલા, તે વખતે સભામાં શ્રીહરિ પરમહંસોએ સહિત બેઠેલા હતા. છતાં તે

લોકો દેખી ન શક્યા. આ અદ્‌ભૂત ઐશ્વર્યની સ્મૃતિ માટે અહીં છત્રી કરીને ચરણારવિંદ પધરાવ્યા છે. શ્રીહરિએ અહીં સભામાં ઘણોજ બોધ આપેલો છે તથા ચાંદ્રાયણાદિક વ્રતોનો વિધિ બતાવેલ છે.

૭. તળાવ પાસે ભીમનાથનું દેવાલય પ્રસાદીનું છે. ત્યાં શ્રીહરિ ઉતરતા.

૮. સોમપુરાનો ચોરો પ્રસાદીનો છે. અહીં શ્રીહરિ ઉતરેલા છે.

૯. મહારાજની આંગડી પ્રસાદીની છે તે સલાટના ઘેર છે.

૧૦. પથ્થરના હાથીને લાડુ જમાડવા તે શિવાલય મંદિર

● **વીસનગરથી શ્રીહરિનું દિવ્ય પ્રયાણ**

(૧) ગાંફ ગામના વસ્તા રાવળ ઘરભંગ થયા હતા તેથી તેમના ઘરનું કામકાજ વાસીદું, પાણી, વગેરે તેમના સાળી કરતા હતા. એક દિવસ વસ્તા રાવળે ભેંસ વેચી દીધી. ને સવારે તેમના સાળી વાસીદુ કરવા આવ્યા ત્યાં ભેંસને ન દીઠી તેથી તે કહે ભેંસ ક્યાં ગઈ. ત્યારે વસ્તા રાવળ કહે તમને મહેનત પડે તેથી મેં તેને વેચી દીધી છે. તરત જ તે બોલ્યા કે મારે શ્રીજીમહારાજને દૂધપાકનો થાળ બનાવીને જમાડવા હતા. તેથી તો હું ઘરનું કામ કાજ કરતી હતી. આમ નિઃસાસો નાખ્યો ! ત્યારે વસ્તા રાવળ કહે સવારનું દોયેલું દૂધનું બોધરણું ભરેલું પડ્યું છે ને તમારો સાચો ભાવ હશે તો મહારાજ જરૂર થાળ જમવા આવશે. માટે મૂકો દૂધના આંધણ ને હું સાકર, એલચી વગેરે લઈ આવું. તે લેવા માટે જ્યાં ગામમાં જાય છે ત્યાં મહારાજ સવારો સાથે દિવ્યરૂપે વીસનગરથી આવ્યા ને વસ્તારાવળને જય સ્વામિનારાયણ કહ્યા. વસ્તારાવળે મહારાજને પગે લાગ્યા ને કહ્યું મહારાજ પધારો હું હમણાં જ આવું છું. ને પછી સરસ મજાનો દૂધપાકનો થાળ તૈયાર થયો એટલે મહારાજને હાથ-પગ ધોવરાવીને એક બાજોઠ ઉપર બેસાર્યા ને બીજા બાજોઠ ઉપર થાળ મેલ્યો તેમાં

દૂધપાક, પૂરી, ભજિયા, શાક, દાળ, ભાત, પાપડ, અથાણાં વગેરે શ્રીહરિ ખૂબ ભાવથી જમ્યા, સવારોને પણ જમાડ્યા. ને મુખવાસ જમીને શ્રીહરિ ત્યાંથી વિદાય થયા. તે ગામ બહાર જતા અદૃશ્ય થઈ ગયા.

(૨) ભોંયરા ગામના નાજા જોગિયા જસદણ વાજસુર ખાચરને ત્યાં નોકરી કરતા હતા ને નોકરી દરમ્યાન આખો દિવસ ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ'' કહેતા તે વિરોધીયોને ગમતું નહિ તેથી તેમણે દરબારને અવળુ સમજાવીને કહ્યું કે આ નાજો જોગિયો આખો દિવસ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ કર્યા કરે છે. તેથી રાજાએ નાજા જોગિયાને બોલાવ્યો ને કહ્યું કે, તું નોકરી વખતે સ્વામિનારાયણ ભજન કરે છે તે સ્વામિનારાયણ કોણ છે ? ત્યારે નાજા જોગિયા કહે નામદાર તે સ્વામિનારાયણ ભગવાન છે તેથી તેમનું ભજન કરું છું. ત્યારે વાજસુર ખાચર કહે તે અત્યારે ક્યાં છે ? ત્યારે નાજા જોગિયા કહે તેઓ અત્યારે વીસનગર બિરાજે છે. ત્યારે વાજસુર ખાચર કહે કાલ સવારે અહીં આવીને તને દર્શન દે તો ભગવાન ખરા ! અને ન આવે તો હું તારા ઢીંચણ ભાંગી નાખીશ.

નાજા જોગિયા તો ઘરે જઈને શ્રીહરિની આર્તનાદે પ્રાર્થના કરવા લાગ્યા કે ''હે પ્રભુ વહેલા મારી વહારે પધારજો. આ નાજા જોગિયાની પ્રાર્થના સાંભળીને દયાળુ પ્રભુ મૂળજી બ્રહ્મચારી સાથે ચાલ્યા. તે વઢવાણ આવ્યા તે વખતે વરસાદ બહુ હોવાથી ભોગાવો નદી બે કાંઠે વહેતી હતી. તેથી મૂળજી બ્રહ્મચારીને કાંઠે બેસારીને પ્રભુ પાણી ઉપર ચાલીને દિવસ ઉગતા જ નાજા જોગિયાના ઘરે પહોંચી ગયા. નાજા જોગિયા પગે લાગ્યા પ્રભુ ! બહુ દયા કરીને પધાર્યા. પછી દરબાર વાજસુર ખાચરને મળ્યા ને સમાધિ કરાવીને જમપુરીમાં માર ખવડાવ્યો ને વર્તમાન ધારી સત્સંગી બનાવ્યો ને કહ્યું કે, જેવો ગુનો તેવો દંડ આપવાની આજ્ઞા કરીને પ્રભુ ત્યાંથી અદૃશ્ય થયા. આમ

આ ઉપરોક્ત પ્રસંગ વખતે પ્રભુ વીસનગરમાં બિરાજતા હતા ને ત્યાંથી તે સ્થળે ગયેલા છે.

- **શ્રીહરિના પ્રાગટ્યોત્સવ પ્રસંગે વડતાલમાં વીસનગરના ભક્તજનોએ શ્રીહરિની પૂજાનો લીધેલો લાભ**

સં. ૧૮૬૨ ની સાલમાં ચૈત્ર સુદ નવમીના રોજ વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવ પ્રસંગે ગામે ગામથી મોટા પ્રમાણમાં હરિભક્તો, રાજાઓ, સંતો-પાર્ષદો વગેરે આવેલા હતા. તેથી હરિભક્તોની બહુ ભારે ભીડ થઈ તેથી રાજાઓ ભીડમાં આવી ગયા. હરિભક્તોને શ્રીહરિ ઉપર એટલું તાન કે મૂર્તિ દેખીને ભાન ભૂલી જતા. છડી પછાડીને શ્રીહરિ હાં હાં કરતા પણ તે જોઈ શકતા નહિ, એવું અપાર હેત હતું. જુદા જુદા ગામના હરિભક્તો ધીરજ ખમી શક્યા નહિં. શ્રીહરિએ રાજાઓને બોલાવી પોતાની પાછળ બેસાડી દીધા. પછી ડુંગરજી જેવા પાર્ષદોને આયુધ વિના બોલાવ્યા. શાર્દુલ, સગરામ, ઉમાભાઈ, જુંસજી, જગમાલ વગેરેને બાઈઓની બાજુ રખેવાળ તરીકે રાખ્યા, તેમણે જોરથી હરિભક્તને અટકાવ્યા અને એક પછી એકને પૂજા કરવા જવા દેતા, તેથી ભીડનું દુઃખ મટી ગયું અને પૂજા કરવાનું સુખ આવ્યું. સવારથી મધ્યાહ્ન સુધી તે પ્રમાણે પૂજા ચાલી, પછી દંઢાવ્ય દેશના હરિભક્તો આવ્યા હતા. તેમાં વીસનગરના ભક્તજનોએ શ્રીહરિને સોનાનાં વસ્ત્ર આભૂષણ, ચંદન ચર્ચીને પહેરાવ્યાં. આરતી, સ્તુતિ કરી ચરણમાં કેસર, ચંદન, ચર્ચીને પોતાના મસ્તક અને નેત્ર પર લીધાં. શ્રીહરિએ સૌને પ્રસાદીના હાર આપ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર ૮ તરંગ ૬૭)*

## વંદનીય ગામ વિજાપુર

● **સાધુ-સંતોનો ઉતારો એટલે વજીબાનું ઘર**

વિજાપુર ગામ અને એમાંય વજીબાનું ઘર એટલે વટેમાર્ગુ કે બાવા-સાધુઓનો ઉતારો. કોઈપણ વટેમાર્ગુ કે સાધુઓને આશરાની જરૂર પડે કે તરત જ ગામનું નાનું છોકરું પણ સથવારા વજીબાની ખડકી ચીંધી ને કહેતું કે ''મહાત્માજી ! આ ગામમાં ધર્મશાળા નથી, પણ ધર્મશાળા જેવું જ એક ઘર છે, ત્યાં તમારા જેવા સાધુ-સંતો ને વટેમાર્ગુઓ ઊતરે છે. જ્ઞાતિએ સથવારા છે પણ ભાવનાવાળી બાઈ છે. સાધુ સંતોની સેવામાં રત રહે છે. રહેવા, જમવા ને ભાંગ, ગાંજો બધુંય આપે છે.''

● **વજીબાને પૂર્વનું પુણ્ય ઉદય થયું ને સત્સંગનો યોગ થયો**

જેતલપુરમાં પધારેલા મહારાજ સભા કરીને વિરાજમાન થતાં, વિજાપુરનાં હરિભક્ત ભાઈ-બાઈ બન્ને મહારાજ આગળ આવીને ઊભાં રહ્યાં. ભાઈનું નામ કલ્યાણભાઈ ને બાઈનું નામ વજીબા હતું. આ બન્નેને જોઈને મહારાજે મુક્તાનંદ મુનિને કહ્યું કે, આ બાઈ ભાઈને અદ્‌ભુતાનંદ મુનિએ દૃઢ સત્સંગ કરાવ્યો છે. અમે એવું પ્રકરણ ફેરવ્યું હતું કે, 'એક ગામમાં એક જ રાત રહેવું.'' આ પ્રકરણને અનુસંધાને અદ્‌ભૂતાનંદ સ્વામી ફરતા ફરતા વિજાપુર ગયા. ત્યાં આ હરિભક્ત કોશ ફેરવતા હતા. તેમને કેડે કેડે ફરીને સત્સંગ કરાવ્યો છે. તમે અને આ અદ્‌ભૂતાનંદ અહીં વીસ સાધુઓ સાથે રહ્યા હતા.

અદ્‌ભૂતાનંદ સ્વામીએ આ બન્ને હરિભક્તોને વાતો કરી સત્સંગ કરીને કરાવ્યો છે કે, ''આ સ્વામિનારાયણ ભગવાન છે. એમાં બીજા ગમે તેમ અવળું બોલે તે માનવું નહિ. અને

સ્વામિનારાયણના જે સાધુઓ છે તે બહુ સાચા સારા છે. આવો પાકો નિશ્ચય બે દિવસ રહીને આ બાઈ ભાઈને કરાવ્યો છે. પછી સ્વામી ફરતા ફરતા ગઢડા આવ્યા. *(સદ્. શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો-વાર્તા ૧૬૯-૧૭૦)*

(૨) વિજાપુરના સથવારા કુટુંબના પ્રાગજીભાઈના ધર્મપત્ની પૂર્વના મુમુક્ષુ એટલે કોઈપણ સાધુ સંત આવે અભ્યાગત આવે તેને ઉતારો આપે ને સદાવ્રત આપે. ભગવામાં ભેખ હોય તેવું જીવમાં વણાઈ ગયેલું એટલે બીડી, હોકા, ચલમ, ગાંજો, અફીણ, કસૂંબા આદિ સાધુબાવાઓને વ્યસનો પૂરા પાડે છે અને જમવાનું આપે આમ ઘણાજ સમય ચાલ્યું.

એક દિવસ એવો આવ્યો કે વજીબાના પૂર્વના પુણ્યનો ઉદય થયો અને ભગવાન સ્વામિનારાયણના મહાન મુક્ત સંત શ્રી રામદાસભાઈ સ્વામી સંતો સાથે ગામડાઓમાં ફરતા અહીં વિજાપુર આવી ચઢ્યા. પ્રાગજી ભગતે ઓસરીમાં સ્વામીને બેસાડ્યા અને વજીબા રસોડામાં રસોઈ કરતા હતા. બહાર આવીને નજીક આવીને ચરણ સ્પર્શ કરવા આવે ત્યાં તો સ્વામીએ ભક્તરાજને કહે પ્રાગજી ભગત આ બાઈને કહો દૂર ઊભા રહે અમને સ્પર્શ ન કરે નહીતર અમારે ઉપવાસ પડશે આટલું સાંભળતા વજીબાને નવાઈ લાગી.

અરે સાધુબાવા તો ઘણા જ જોયા પણ આવા તો નહીં. આમાં કાંઈક ફેર છે. તેજસ્વી મૂર્તિ છે. દૂર બેસી પંચાંગ પ્રણામ કરીને સામે દૂર બેસીને વાતો સાભળી પણ સ્વામીની વાતે વાતે જ્ઞાન-વૈરાગ્ય, ભક્તિને સ્વધર્મને પોષણની વાતો સાંભળી અને વજીબાના હૃદયમાં ટાઢા શેરડા પડ્યા. સ્વામીની વાતો જાણી આશ્ચર્ય લાગ્યું વિચિત્રતા લાગી કે આવા સાધુ આજ સુધી અહીં આવ્યા જ નથી.

પછી તો સ્વામીને રોક્યા છે અને સ્વામીએ શ્રીજીમહારાજની ઓળખાણ આપીને કહ્યું : આજે પ્રગટ સ્વરૂપે ભગવાન સ્વામિનારાયણ

ગઢડામાં બિરાજે છે. અમારા જેવા અનેક સાધુઓ છે. આ કળી કાળમાં કલ્યાણનો મારગ સાવ સુગમ કર્યો છે. તે તો સર્વોપરી છે તેવી ખુમારી ભરી વાતો કરીને મહારાજનો મહિમા ઠસી ઠસીને ભરી દીધો. વજીબાના હૃદયમાં પ્રગટપણાના બીજ રોપ્યા અંતર તો ચોખ્ખું હતું પણ સાચું બીજ રોપાતું ન હતું. અને ધીરે ધીરે પ્રગટપણાના છોડના અંકુર ફૂટ્યા રોમે રોમ પ્રગટ મહિમા વ્યાપી ગયો હજુ તો મહારાજના દર્શન કર્યા નથી. કેવળ વાતો સાંભળીને ખુમારી ચડી ગઈ કારણ કે વાતો કરનારા જ પ્રગટ ભગવાનની સાથે ઉભા રહી શકે તેવા સર્વોપરી ઉપાસના વાળા મુક્ત હતા.

*“તે મુક્ત સર્વ વળી જાણ સમર્થ કેવા,*
*બ્રહ્માંડ કોટી ઉપજાવી શકે જ એવા.*
*આજ્ઞા થકી અવતરે જઈ લોકમાય,*
*પૂજાય આપ પુરુષોત્તમ તુલ્ય ત્યાંય.....”*

(શ્રીહરિ લીલામૃત-૨, ૧૧) સ્વામીના શબ્દોમાં વૈરાગ્યની વાતો હતી, ભક્તિથી હૃદય નીતરતું હતું. ભાવમાં ભીનાશ હતી, નિષ્ઠાનો રણકાર હતો તેથી કરીને વજીબાના જીવનમાં પરિવર્તન આવ્યું કે, આજથી વ્યસની સાધુ કોઈને માટે આંગણે રોકવા જ નહીં. આવી મનોમન ગાંઠ વાળી લીધી. પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય બીજે ક્યાંય આ માથુ ઝૂકે નહી, સર્વ કર્તા હર્તા એક જ છે. આવો નિશ્ચય કરી શરણાગતી કંઠી બાંધી લીધી. બીજા તમામ બાવા સાધુને ઉતારા બંધ, બોલાવવા બંધ કર્યા. બસ ભગવાન તો એક જ સ્વામિનારાયણ બાકી બધા જ બાવા. આમ નિશ્ચય કરી મહારાજનું ભજન કરવા લાગ્યા.

પ્રાગજીભાઈ તથા વજીબાને સ્વામી રામદાસભાઈનો યોગ થતાં જ એ જ ઘડીએ સંત-અસંતનો ભેદ પારખી ગયા. તે પછી શ્રીજીમહારાજનો દૃઢ પણે આશરો કરી વજીબાએ વાડીમાંથી થતી

ઉપજને અનેક ઢોંગી સાધુઓ પાછળ વેડફાઈ જતી રોકી, સાચા સાધુ-સંતોની સેવામાં વાપરવા માંડી. સત્સંગી થયા પછી વજીબાએ એલફેલ બોલનારા, રામકી-રામકાવાળા, ગંજેરી અને સાધુતાનો છાંટોય ન હોય તેવા ભેખધારી બાવાઓને ઉતારા આપવાનું, જમાડવાનું બંધ કર્યું.

- **સ્વામિનારાયણ ભગવાનના દ્વેષી સુબાનો વજીબા ઉપર મિજાજ**

વજીબાને સંતોનો યોગ થતા તેમને સંત-અસંતની રીત જણાઈ જતા તેમના ઘરે સંતો-બાવાને અપાતો ઉતારો-ભોજન વગેરે બિલકુલ બંધ થતા. તેની વાત વાયુ વેગે પ્રસરી ગઈ ને તે વાત સ્વામિનારાયણના મહાદ્વેષી વીજાપુરના સૂબા ઈશ્વર મહેતાને કાને સંભળાઈ.

હવે સત્સંગનો પાકો દ્રોહ કરનાર વીજાપુરનો સુબો દેશમાં ફરવા નીકળેલો તે કલોલ, વડનગર, કડી, પાટણ અને મહેસાણા વગેરે તાલુકાઓમાં ફરતો ફરતો વિજાપુર આવ્યો ને વજીબાના આંગણામાં તેણે પ્રવેશ કર્યો.

''આવો સુબા સાહેબ'' વજીબાએ આવકાર આપ્યો. સુબાની સાથે બીજા અમલદારો પણ ખરા. ખાટલા ઢાળી દીધા. પાણી પાયું. પછી સુબો બોલ્યો : ''બાઈ, તું પ્રથમ બહુ મોટી ભક્ત હતી અને બ્રાહ્મણ બાવા, વૈરાગી અને ગરીબ એમ સૌને માનતી અને સૌને કાંઈક સદાવ્રત આપતી. તે બધું મૂકીને આ સ્વામિનારાયણની ભક્ત ક્યાંથી થઈ ? લોકો તો 'સ્વામિનારાયણે બાબરો ભૂત વશ કર્યો છે અને જાદુગર છે.' એમ કહે છે. આ તારાં ક્યાં ભવનાં પાપ ઊખળ્યા તે તેં એનું શરણું લીધું !'' વજીબા કહે : 'બાપજી, કોઈ સૂર્યને સૂર્ય ન કહે તો સૂર્ય કોઈ ખોટો થઈ જાય ? સ્વામિનારાયણ તો પોતે ભગવાન છે. અને નીચ-ઊંચ, સર્વનું કલ્યાણ કરનાર છે. બાપજી, જેના અનંત જન્મનાં પુણ્ય હોય તે પ્રગટ ભગવાનને ઓળખે. પણ

ધનના કે સત્તાના મદથી અંધ થયેલા હોય એ તો ભગવાનને ઓળખે નહિ.''

''વજીબા, તમોએ સ્વામિનારાયણમાં એવું તું શું જોયું કે આપણો સનાતન ધર્મ છોડી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાયા.' સુબાએ કહ્યું : ''ભાઈ, મેં તો હજી સુધી સ્વામિનારાયણ ભગવાનના દર્શન પણ કર્યા નથી. પણ તેમના સાધુ રામદાસે મને સનાતન ધર્મ કોને કહેવાય તે સમજાવ્યું. એટલે હું એમાં જોડાણી.'' વજીબાએ ઉત્તર આપ્યો.

''તમોએ કોઈ ચમત્કાર દેખ્યો સ્વામિનારાયણ કે તેમના સાધુમાં'' સુબાએ કહ્યું.

''હા, તેમના સાધુ અને આપણા સાધુનાં વર્તનમાં અને વાણીમાં જમીન આસમાનનો ફરક છે - સ્વામિનારાયણના સાધુ નિરવ્યસની, આડંબર વિનાના, બોલવામાં વિવેકી'' બાઈએ કહ્યું.

ત્યારે બીજા લોકો કહે, ''ડોસી ! સાહેબ સામું બહુ બોલ બોલ ના કર નહિ તો હમણાં હેડ દેખવી પડશે.'' વજીબા કહે, ''સ્વામિનારાયણ મળ્યા ત્યારથી મારી કાળ, કર્મ અને માયારૂપી મોટી હેડ તૂટી ગઈ છે. તો આ તમારી હેડ મને શું કરનારી છે ?''

''ડોસી, એ વાત છોડ. તારો આ તુલસી ક્યારો પીપળો અને કૂવો અડી અડીને છે તે તારો સ્વામિનારાયણ દૂર કરી દે તો તારો નવો પંથ સાચો. નહિતર હું તારી કંઠી તોડી તારા ઘરબાર લૂંટી લઈશ. સમજી.'' સુબાએ વજીબાને ધમકી આપી. સુબો ચાલતો થયો.

''વજીબા કહે : સુબા સાબ ! આવી રીતે કરી દે તો પણ ભગવાન માનો એવા નથી. ભગવાનને ઓળખવા એ કાંઈ સહેલું નથી.'' પાછળથી સુબાએ બીજાને કહ્યું કે, હું ઘણાં ઘણાં ગામડાં ફર્યો ઘણાં ઘણાં સ્વામિનારાયણિયાને જોયાં પણ આ ડોસી જેવો કોઈ ભક્ત દેખાયો નહિ.'' આમ કહી વજીબાની નિડરતાની અને તેના

ભક્તપણાની ખૂબ પ્રશંસા કરી. વજીબાને માથે ધર્મ સંકટ આવ્યું. *(દંઢાવ્ય દેશ લીલા)*

● **શ્રીજીમહારાજની પરિક્ષામાંથી વજીબા સફળ રહ્યાં**

એક દિવસ ભગવાન શ્રીહરિને થયું કે ચાલોને તપાસ તો કરીએ કે રામદાસ સ્વામીએ જે નિષ્ઠાના પિયુષ પાયા છે વજીબાને તેની કસોટી તો કરીએ. એમ ધારી મૂળજી બ્રહ્મચારીને લઈને મહારાજ સાધુ બાવાનો વેષ લઈ વિજાપુર આવે છે. ગામની ભાગોળે કોઈને પૂછ્યું કે અહીં સદાવ્રત મળી રહેશે ? પાદરમાં કોઈ ગામ લોકો કહે હા અહીં પેલા વજીબાઈ સાધુ-બાવાને રામ રોટી આપતા પણ હવે તે બાઈ બગડી ગઈ છે. કોઈ સાધુ બાવાને બોલાવતી નથી. જ્યારથી સ્વામિનારાયણના એક સાધુ આવ્યા હતા. ત્યાર પછી તેનો સત્સંગ કર્યા પછી બહુ જ ફેરફાર થઈ ગયો છે કોઈને બોલાવતી જ નથી કદાચ તમનેય પણ તે બોલાવશે નહીં જાવું હોય તો જાવ, સામે પીપળાનું ઝાડ ને કૂવો છે તે વજીબાઈનું ઘર છે. સાંભળો અમારા સુબાએ પણ ખૂબજ પ્રયત્નો કર્યા છે. લાલચ-લોભ આપી છે ને ધાક ધમકી પણ આપી છે છતાં આ બાઈએ સત્સંગ છોડ્યો નથી ને સ્વામિનારાયણની ભગત થઈ ગઈ છે.

"દ્વારિકાધીશની જય" એમ કહીને વજીબાના ઘરની ખડકી ઉઘાડીને ઓસરીમાં બેઠા ! વજીબા ઘરમાંથી બહાર આવી, "અરે બાવા, તમે કોણ છો ? ત્યારે વૈરાગી વેશે મહારાજ બોલ્યા કે, "બાઈ ! હમ તો તીર્થવાસી ફીરતારામ બાવા લોગ હય."

"કાશી, જગન્નાથ, રામેશ્વર, બદરીનારાયણ, વો સબ તીર્થ કરકે અબ દ્વારકા પરસને જાતે હય. મગર આજ શામ પડ ગઈ, ઔર બહુત ભૂખ લગી હૈ. ઈસલિયે તેરા ભક્તનામ સુન કે ઈધર આયા હય. તો હમકું કુછ તૈયાર ભોજન હોવે તો દે." ડોસી કહે,

વળી આ પાપને અહીં કોણે ઘર બતાવ્યું ? બાવાજી ! ઊઠો, ઊઠો, અહીંથી બીજે જાઓ. ગામ આખું છે તે આટો માગીને મહાજનની ધર્મશાળામાં પહોંચી જાઓ. ત્યાં રોટલા ઘડી ખાજો અને પડ્યા રહેજો. ત્યાં ચણાનું સદાવ્રત પણ તમને મળશે.

બાવારૂપે મહારાજ કહે, અરે માઈ તુમ તો બહોત દયાળુ હો, ભક્ત હો. તેરા ભક્તનામ સારે ગાંવમેં પ્રસિદ્ધ હય. તો અબી શામ કે બક્ત મેં હમ કીધર જાવે ! માઈ ! તુમ્હારા ઘર મેં કુછબી તૈયાર ભોજન હોવે તો હમકું ખીલાદે. ''હમ તુમકું આશીર્વાદ દેંગે ઔર તેરી જય બોલેંગે.''

વજીબા કહે, ''મારે તમારા જેવા તગડા, પેટભરા, આથડતા રામબાવાનો કાંઈ આશીર્વાદ જોઈતો નથી. અને હું સત્સંગી થઈ છું ત્યારથી જ મારી તો જય બોલાઈ ગઈ છે. તમારા જેવા ઢોંગી વેષધારી, લંગોટા ઘણા જોયા છે. લોકોને ઠગીને તેમના માલ મલીદા ખાવા, ગામે ગામ રખડવું એ તમારો ધર્મ છે. જો તમે ધર્મવાળા અને સાચા બાવા હો તો પ્રગટ ભગવાનનો આશ્રય કરો અને જો આશ્રય કરશો તો તમને જરૂર અન્ન દેવી, વસ્ત્રદેવી, મુક્તિ અને ભક્તિ એ સર્વે સિધ્ધિઓ વરશે.'' આમ વજીબાઈએ તેમને ઘણો બોધ કર્યો.

બાવારૂપે મહારાજે કહ્યું, ''અરે માઈ ! તું બડી ધર્મિષ્ઠ હો ઓ જીવન મુક્તા સ્વામિનારાયણ બડા ઢોંગી પાખંડી હય. ભગવાન બન કે સબકું ઠગતા હય. તો તુમને ઉનકું કાયકું ગુરુ કીયા. વો તો બડા જાદુગર ઔર બાબરિયા ભૂત સાધ કે લોગોકું ચમત્કાર દીખલા કે ઠગતા હય. હમ તીર્થો મેં ફીરતે ફીરતે જબ કાશી મેં આયે તબ વહાં કે બડે બડે વિદ્વાન પંડિત લોગો કહતે થે કી કલિ મેં ભગવાન કા અવતાર નહિ હોતા હય. મગર ભગવાન કા ઢોંગ લેકર બહોત પાખંડી ભગવાન હોકર ફીરતા હોગા.''

બાઈ તો ક્રોધથી કંપતા કંપતા ખિજાઈને બોલ્યા, "ઊઠ ઊઠ પીટ્યા લંગોટા, ચાલ્યો જા, નહિ તો લબાચો હમણાં ફેંકી દઉં છું. લે, જોઈએ તો ચપટી લોટ આપું તે લઈને અહીંથી ભાગવા માંડ, તારા જેવા તો શું પણ તારાથી મોટા મોટી જટાવાલા બાવા જોયા છે. બાવો કહે, "માઈ, હમારે જેસા કોઈ ભી બાવા તુમને નહિ દેખા હોગા. હમ કુચ્છ ઢોંગી, પાખંડી નહિ હય, હમ તો તેરા ઔર તેરા પૂર્વજો કા મોક્ષ કરે ઐસા હય."

બાઈ કહે, "ઊઠ, ઊઠ, પરોથા લંગોટા મને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે ત્યારથી જ મોક્ષ થઈ ગયો છે. તું શું કરવાનો હતો ? મોટો સિધ્ધનો દાંડો થઈને આવ્યો છે તે તને ઓળખું છું. મારા પ્રભુની જો નિંદા કરીશ તો ઢગરા ભાંગી નાખીશ. અને કાશીના પંડિતો અવતારનું ધૂળ જાણે ?"

મથુરાના મોટા વિદ્વાનો યજ્ઞ કરતા હતા ત્યાં ભગવાને પોતે પોતાના નામથી પોતાના મિત્ર ગોવાળિયાઓને ભાત લેવા મોકલ્યા, પણ કોઈએ એક દાણોય આપ્યો નહીં, સામુંયે જોયું નહિ તેઓ વિદ્વાન હતા તો પણ ભગવાનને ઓળખી શક્યા નહિ અને તેમની પત્નીઓ કાંઈ ભણેલી નહોતી તો પણ ભગવાનને ઓળખ્યા. અને નાના પ્રકારના ભોજનના થાળ ભરી વૃન્દાવનમાં ભગવાનને જમાડવા ગઈ. માટે વિદ્યા ભણવાથી કે મોટા પંડિત બનવાથી ભગવાન ઓળખાતા નથી. એ તો અનંત જન્મના જેમના શુભ સંસ્કાર હોય તેજ ભગવાનને ઓળખી શકે છે જ્યારે સ્ત્રીઓએ ભગવાનને ભોજન કરાવ્યું. ત્યારે વિપ્રો પોતે પોતાને ધિક્કારવા લાગ્યા કે,

धिग्जन्मन स्त्रिवृद्धिधा धिग्व्रतं धिग्वहुजताम् ।
धिक्कुलं धिक् क्रियादाक्ष्यं विमुखा ये त्वधाक्षजे ॥

"અરે ! આપણે મહાન વિદ્વાન, જગદ્‌ગુરુ છતાં ભગવાનને ઓળખી શક્યા નહિ. બસ ધિક્કાર છે આપણા બ્રાહ્મણ જન્મને !

આપણી વિદ્યાને ધિક્કાર છે ! યજ્ઞ-યાગાદિક ક્રિયા કરાવવામાં જે કુશળતા છે તેને ધિક્કાર છે ! આપણા કુળને ધિક્કાર છે જે આપણે ભગવાનને ઓળખી શક્યા નહિ.'' એમ પોતાને બહુ ધિક્કારવા લાગ્યા. માટે ગમે તેટલી પ્રભુતાઈ કે પંડિતાઈ મેળવી હોય તો પણ જો ભગવાનનો આશ્રય ન કર્યો હોય તો એ સર્વને ધિક્કાર છે.

બાવારૂપે મહારાજે કહ્યું, ''બાઈ ! તું સદાવ્રત દેનેવાલી મહાન પવિત્ર ભક્ત હો, તો તેરેકું સ્વામિનારાયણ ભગવાનને કુચ્છ ચમત્કાર ઔર કિમિયા દિખલાયા હય ? દેખ, હમારી પાસ જંગલ કી જડી બુટ્ટી હય. ઉનસે એક હી ક્ષણમેં ત્રાંબેકા સોના બના દેતે. દેખ તેરે ઘરમેં કુછ ત્રાંબેકા પાત્ર હોવે તો લાવ, હમ ઉસકા સોના બના દેવે. ઊઠ કાયકું દેર કરતી હો ? હમારી સચ્ચાઈ જુઠ્ઠાઈ કી પરિક્ષા કરલે. ઔર સોના બન જાવે બાદ તેરી ઈચ્છા હોવે તો હમકું કુચ્છ ગાંજા, બજર, ભાંગ લા દેના. ઉસસે બડા પુન્ય હોગા.''

ત્યાં તો વજીબાઈ ખીજાઈને બોલ્યા, ''અલ્યા બાવલા, અહીં ક્યાં ભગવાન ભૂલાવવા આવ્યો છે ? હવે અહીંથી ટળો છો કે નહિં ? અહીં સ્વામિનારાયણને ઘરે ભાંગ-ગાંજો પીવો છે ? સાધુ થયા છો ? જરા લજવાતા નથી ? હમણાં જો અમારા ઘરેથી આવશે તો તમને ધક્કો મારી બહાર કાઢશે. અમારે તમારી જડીબુટ્ટી ને શું બાળવી છે ? અમારે એનો ખપ નથી. અમારે તો સ્વામિનારાયણ ભગવાનનો ખપ છે. સોનામાં કળિનો વાસ છે પણ કાંઈ ભગવાનનો વાસ નથી. માટે ઊઠો, જાઓ, જેને સોનું જોઈતું હોય તેને તે કરી આપો.

બાવારૂપે મહારાજ બોલ્યા, ''માઈ, મેરા જેસા કોઈ બી બાવા તેર ઘર પર નહિ આયા હોગા. તો હમેકું કુચ્છ ભી તૈયાર ભોજન હોવે તો દે હમ ખા કે યહાંહી પડે રહેંગે, ઔર બડી સબેરે મેં ચલે જાયેંગે.''

બાઈ કહે, "જો છાનું માનું પડી રહેવું હોય તો બાવા જાણી પડી રહેવા દઉં; પણ જો મારા ભગવાનની નિંદા કરો કે ગાંજો ભાંગ કાંઈ પીવો તો છુટે છાણે મારી તગડી મૂકું."

બાવાજી કહે, "માઈ હમ ગાંજા-ભાંગ નહિ પીવેંગે, ઔર તેરે ભગવાન કી ભી નિંદા નહી કરેંગે. મગર કુચ્છ ખાનેકા હોવે તો દે. હમકું બહોત ભૂખ લગી હય." બાઈ કહે, "લોટ આપું તેનો રોટલો ઘડી ખાઓ." બાવો કહે, "અરે બાઈ ! ઉસમે બ્હોત તકલીફ પડે. હમ પન્થ કરકે થક ગયે હય. ઈસલિયે કુચ્છભી તૈયાર ભોજન હોવે તો દે." બાઈ કહે, "અત્યારે ક્યાંથી તૈયાર હોય ?" બાવો કહે, "અરે માઈ, સ્વામિનારાયણ કી બડી ભક્ત હોકે કાયકું જૂઠ બોલતી હો ? દેખ, તેરે દેવઘરમેં બડે શીકેમેં એક ડબ્બે મેં મગજ કે અઢારા લડુ હય. તો ઉસમેં સે લાકે હમકું ખીલાઓ. તેરા કલ્યાણ હોગા." બાઈ કહે, "એ તો પૂજા કરીને મારા પ્રભુને ધરાવવાના છે તે તમને કેમ અપાય ?" બાવો કહે, "હમકું તેરા પ્રભુ માનકે દે."

વજીબા વિચાર કરે છે કે, "આ બાવો કાંઈક ચમત્કારી છે. નહિ તો આને લાડુની ખબર ક્યાંથી પડે ? અને અઢાર લાડુ છે એમ ક્યાંથી જાણે ?" પછી કહે, "બાવાજી એમાંથી લાડુ આપું તો પાપ ન લાગે ?" બાવોજી કહે હમને કહા હય કી હમકું તેરા પ્રભુ માનકે દે. ઈસસે કુચ્છ પાપ નહિ હોગા. ઊઠ માઈ, લાવ લડ્ડુ." બાઈએ વિચાર કર્યો જે, "આ બાવો બીજા બાવાઓથી ઠીક જણાય છે, વળી માત્ર ભૂખ્યો હોવાથી ખાવાનું માગે છે. તો ભૂખ્યા જમાડવો એ ગૃહસ્થનો ધર્મ છે. એમ વિચાર કરી સાત-આઠ લાડુ થાળીમાં મૂકીને અને પડખે કેરીનું અથાણું મૂકીને આપ્યા. મુકુંદવર્ણી તથા મહારાજ સવારના ભૂખ્યા હતા તે બધુંએ જમી ગયા અને ગાળીને પાણી આપ્યું તે પી ગયા. પછી બાઈએ કહ્યું કે, "હવે અહીં રાત પડ્યા રહો ને સવારે ઉઠીને જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જજો.

બાવો કહે, ''બાઈ ! અબ મેરો કો એક ખટીયાં બીછા દે,'' બાઈ કહે, ''બાવો થયો છું ને ખાટલામાં સુવું છે ? મારા ઘરમાં ખાટલો નથી અને ખાટલો જોઈતો હોય તો જા બીજાને ઘરે.'' ''અરે માઈ ! સ્વામિનારાયણ કી ભક્ત હોકે કાયકું જૂઠ બોલતી હો ? દેખ, તેરે ઓરડે મેં એક ખૂને મેં નયા રંગીન ઔર નયી પટ્ટી સે ભરેલા એક પલંગ હૈ વો મેરેકું દે.'' બાઈ કહે, ''એ ખાટલો તો મારા ઘરવાળાએ અહીં સ્વામિનારાયણ પધારે ત્યારે એમને અહીં પાથરી દેવા માટે રાખ્યો છે, તે અમારાથી કે તમારા કોઈથી વપરાય નહીં.''

''અરે માઈ ! તું હમકું સ્વામિનારાયણ ભગવાન માન કર વો પલંગ બીછા દે. ઔર ઉસકી ઉપર દો નયેં ગોદડે ભી પાથર દે. ઉસમેં જો કુચ્છ પાપ લગે વો હમારે શીર હે.'' બાઈ કહે, ''ઘરમાં નવું ગોડદું જ નથી.'' માઈ તું સ્વામિનારાયણ કી ભક્ત હો કે, અસત્ય બોલને મેં કુચ્છ ડરતી નહિ હો ? સ્વામિનારાયણ કા ભક્ત કું જૂઠ બોલને મેં બડા પાપ હય. ઔર માઈ, તેરા સ્વામિનારાયણ ભગવાન ઔર હમ અલગ નહીં હય.''

બાઈએ વિચાર્યું કે, ''આ બાવો બહુ ચમત્કારી અને અંતર્યામી જેવો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, ભગવાન મનુષ્યરૂપે હોય છે ત્યારે પોતાના ભાવિક ભક્તોના ભાવ પૂરા કરવા સારુ અને તેમને ઈચ્છિત સુખ આપવા સારુ અનેક રૂપે થઈને વિચરે છે. તો આ વખતે આ મારા મહાપ્રભુ મારી પરીક્ષા લેવા તો નહીં આવ્યા હોય ? કેમ કે મને આ બાવાની વાત સાંભળવાથી અત્યંત શાંતિ અને આનંદ વર્તે છે. ખેર જે હશે તે જણાશે, પણ અત્યારે તો આ બાવાને નવો ખાટલો અને ગોદડાં પાથરી આપું. આમ ધારી નવો ખાટલો ને નવું ગોદડું પાથરી કહે, ''લ્યો બાવાજી ! હવે પોઢી જાઓ.'' એમ કહી વજીબા પોતે ઘરનું કમાડ વાસી અંદર સૂઈ ગયાં.

● **પ્રભુએ પગ લાંબા કરીને પીપળાને ખસેડ્યો**

રાત્રીનાં બે વાગ્યા હશે. વજીબાએ બારણાની તીરાડમાંથી બાવાજીના પલંગ તરફ દ્રષ્ટિ કરી. તે વખતે પલંગમાંથી બાવાના પગ લાંબા થયા. તે વીસ ફૂટ છેટે કૂવાના પેલા છેડા પર ઉભેલા પીપળે અડક્યા. ઈ પીપળાને ધક્કો મારી કૂવાથી પાંચ હાથ છેટે ખસેડી દીધો. વજીબા આ જોતા જ સ્થિર થઈ ગયા. ગોદડું ઓઢી સ્વામિનારાયણનું નામ જપતા આંખો મીંચી સૂઈ રહ્યા. બરાબર ચોથો પહોર બેઠો. ગામથી બહેનો કૂવે પાણી ભરવા ચાલી. ક્યાંક છાશના ઘમ્મર વલોણા ફરવા લાગ્યાં. રોજની ટેવ મુજબ વજીબાએ કાચી નિંદરે બંધ થયેલ આંખો ખોલી, હળવેકથી બારણું ખોલી ઓસરીમાંના પલંગ પર નજર માંડી, તો બાવો ચાલ્યો ગયો હતો. પળ માટે સ્વપ્નું તો નથી ને ! તેઓ આંખો ખોલી ઊભી રહી ત્યાં પ્રાગજીભાઈ વાડીએ રખોપું કરવા ગયેલા તે આવ્યા. તેણે આમ વજીબાને ઊભેલાં જોતા કહ્યું,

“શું આમ સવારના પહોરમાં બોઘાની જેમ ઊભી છે ?” પતિને તેણે રાત્રે બનેલા ચમત્કારની વાત કરી કહ્યું, “જુઓ જુઓ ! આ બાવો કમાલ કરી ગયો ! મારા મનમાં કેટલાય વખતથી સંકલ્પ હતો કે આ પીપળો કૂવાથી છેટો હોત તો સારું થાય. એ સંકલ્પ આજે પૂરો થયો. આ બાવાએ તો ખરું કર્યું ! હશે જે થયું તે થયું. મારે તો હવે સ્વામિનારાયણનો મોટો આશરો છે. બીજા ચમરબંધી મોટા મોટા ખેલ ભલેને ખેલે, આ મન કેમેય નહિ ડગે.”

આ વાતને એક વર્ષ વીતી ગયું. શ્રીજીમહારાજ ગઢપુરમાં બહાર છત્રી છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. તે સમે દંઢાવ્ય દેશનો સંઘ આવ્યો, તેમની સાથે દોઢસો મનુષ્ય હતા અને જતનફઈ તથા વજીબાઈ તથા નારદીપુરના નાનાભાઈ વગેરે આવેલા હતા. તે સૌ મહારાજને પગે લાગીને બેઠા. આ સભાદર્શન બાવળિયા નીચે મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને વસ્ત્રથી ઢીંચણ બાંધીને

બેઠા હતા તે વખતે વજીબાઈ મહારાજના સામા ઊભા રહી ચરણારવિંદ જોવા મંડ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે વજીબાઈ ! શું જુઓ છો ? ''પીપળે પગ અડ્યા હતા તે છે કે નહીં !'' પછી વજીબાઈ કહે મહારાજ ! તે તમે હતા ? ત્યારે મહારાજે કહે, ''મારા વિના તમારી ગાળો કોણ ખાય ?'' પછી વજીબાઈ કહે મહારાજ તમે ઓટે ઉતર્યા. ત્યાં વઢી, ફળિયામાં આવ્યા ત્યાં વઢી અને તમને વાળુ કરાવતા વઢી અને તમને ખાટલો દેતાં વઢી. એમ પોતાની ઘણીક ભૂલો મહારાજને કહી દેખાડી. પછી મહારાજે પોતાના ચરણારવિંદમાં સોળે ચિન્હ દેખાડ્યા. તે જોઈને વજીબાઈ બહુજ રાજી થયાં.

વજીબાઈ કહે, ''અહોહો પ્રભુ ! આપ સ્વયં પધાર્યા હતા કે ! આપે ઓળખ પણ ન પડવા દીધી ! અરેરે ! હું તે કેવી કમ ભાગી કે ન કહેવાનાં વેણ તમને કહ્યા અને તરછોડ્યા. પ્રભુ, ક્ષમા કરજો.''

વજીબા તમે જે કાંઈ કહેતા હતા તે અમને ખૂબ મીઠું લાગતું હતું. તમારી દૃઢ નિષ્ઠા કદાચ બ્રહ્મા કે ઈન્દ્ર ડગાવવા આવે તોએ તમે ન ડગો, એવી તમારી અડગતા જોઈ અમે ખૂબ રાજી થયા હતા. તમારી જેવી નિષ્ઠાવાળી બહેનોને ધન્ય છે ! તે વેળાએ મહારાજે ભરી સભામાં વજીબાના ખૂબ વખાણ કર્યા અને કહ્યું, ''મૂઢપણાનો આશરો કેવો હોવો જોઈએ તેનું પ્રમાણ આ વજીબા છે.'' *(સુબોધ સાગર પેઈજ ૩૮૭ થી ૩૯૧ - નારી રત્નો)*

● **વીજાપુરના સૂબાએ વજીબાની માફી માગી**

વીજાપુરના સૂબાએ કહ્યું હતું કે જો તારા ભગવાન સાચા હોય તો આ કૂવો, પીપળો, તુલસી ક્યારા વચ્ચે અંતર છે તે ભેગા કરી દે તો હું માનું નહીતર તમને બન્નેને જેલમાં પૂરી દઈશ આ વિચાર માનસ પરથી હટે નહીં. વિચારમાં ને વિચારમાં ઉભા થયા અને ઘરની બારીમાંથી ડોકિયું કર્યું તો મહારાજના પગ પલંગમાંથી બહાર પીપળાના ઝાડને હટાવી કૂવો, તુલસી ક્યારો એક થયેલા જોયા. આ

દશ્ય જોયું પીપળાનું ઝાડ હટી ગયું જોઈને વિચારમાં પડી ગયા ને ગુણ આવ્યો કે અરે આ બાવા સાધુને કેટલા તિરસ્કાર કર્યો ? ખરેખર આ ભગવાન જ છે આમ જ્યાં વિચારીને ઓસરીમાં આવી જોયું ત્યાં તો મહારાજ ને મૂળજી બ્રહ્મચારી અદશ્ય થઈ ગયા. ખડકી ઉઘાડી જોઈ દોડ્યા બજારે પાદર સુધી તપાસ કરી પણ મહારાજ ન મળ્યા પછી ખૂબ પસ્તાયા છે.

સવારે ગામમાં વાયુ વેગે વાત પ્રસરી ગઈ ગામ લોકો આવવા લાગ્યા વીજાપુરના સુબાને પણ જાણ થઈ તે પણ આવ્યા અને વજીબાની માફી માંગી કે હે વજીબા તમારા ભગવાન સાચા ને સાચા ને તમારી ભક્તિ સાચી મેં તમને ખૂબ જ પરેશાન કર્યા મને માફ કરી દો, તમારા ભગવાનને એકવાર જરૂર અહીં તેડી લાવજો મારે માફી માગવી છે. આમ સૂબાને પણ ગુણ આવ્યો ને કંઠી બાંધીને શરણાગતિ સ્વીકારી. કે ભક્તની રક્ષા કાજે ભગવાન મારા ગામમાં સાધુ બાવાના વેષે આવીને ગયા ધન્ય આ ભૂમિ કે જ્યાં આવા ભક્તો મારા નગરમાં વસે છે. આમ સૂબાને પસ્તાવો થાય છે.

- **વજીબાએ પ્રભુને વિજાપુર પધારવા પ્રાર્થના કરી**

પછી તો વજીબાએ મહારાજને આર્તનાદથી પ્રાર્થના કરી કે પ્રભુ તમે મારા ગામના સૂબાના સંકલ્પે અને અમને જેલમાં ન જવા દેવા માટે તમે સાધુ-બાવા રૂપે અમારે ઘેર આવ્યા. મેં તમોને સરભરા તો ન કરી પણ મેં તમોને ગમે તેમ તિરસ્કાર કર્યા મને પ્રભુ માફ કરો ! અને મને દર્શન દેવા પધારો પ્રભુ ચોક્કસ પધારો તમે તો અધમ ઉધ્ધારણ છો, દયાના સાગર છો.

આ પ્રાર્થના અંતર્યામી અખિલ બ્રહ્માંડના અધિપતી પૂર્ણ પુરુષોત્તમે ગઢડામાં અક્ષર ઓરડીમાં સાંભળી અને મૂળજી બ્રહ્મચારીને કહે અમારે વિજાપુર જાવું જ પડશે સાથે ઉમા ભગત પાર્ષદને લઈ દેવીકા ગામે આવે છે. ત્યાંથી ગવાડા આવે છે. ને ત્યાંથી વિજાપુર આવે છે. વાઘસર

તળાવને કાંઠે મહારાજ બેઠા છે ને ઉમા પાર્ષદને વજીબાને ઘેર મોકલ્યા ને કહે જાવ સમાચાર આપો કે અમે અહીં બેઠા છીએ.

વજીબાના ભત્રીજાના લગ્ન હતા તો ચાલું પ્રસંગે વજીબા ગોત્રેડો ભરીને ચોરે પહોંચ્યા હતાં. ત્યાં પાર્ષદે આવીને કહ્યું જે, વજીબા તમારા સ્વામિનારાયણ વાઘસર તળાવને કાંઠે બેઠા છે. તે સાંભળી વજીબા ચુંદડી તથા મોડિયો પોતાના પતિ ઉપર ઉડાડી નાખીને ચાલી નીસર્યા. સાથે ગામ લોકોને ભેગા કર્યા ને સૂબાને પણ વાત કરી વાજતે ગાજતે ગામ લોકોએ ઢોલ ત્રાંસા શરણાઈઓના સુરે મહારાજને વાઘસર તળાવે તેડવા આવે છે. આખું વિજાપુર ગામ આનંદના હિલોળે ચડ્યું છે. અને બજાર વચ્ચે મહારાજની ભવ્ય શોભાયાત્રા નીકળી ને વજીબાને ઘેર પધરામણી કરી પછી સુબાએ પોતાને ઘેર પધરામણી કરાવી. વજીબાએ સુંદર મજાના પકવાનો મિઠાઈઓ બનાવીને થાળ બનાવીને મહારાજને પ્રેમથી જમાડી તૃપ્ત કર્યા છે. વજીબા એકીટસે મહારાજને જોઈ રહ્યા છે અને ધન્યતા અનુભવે છે. પોતાનું જીવન કૃતાર્થ માને છે.

- **શ્રીહરિએ ગામલોકો સમક્ષ સ્વમૂખે વજીબાની નિષ્ઠાને બિરદાવી**

ત્યારે મહારાજે ગામજનોની સભા કરીને સત્સંગની વાતો કરતા કહે છે ભક્તો આ વજીબાના જેવી નિષ્ઠા જીવનમાં જો આવી જાય તો જીવન સાર્થક છે. એક વખત નિશ્ચય થયા પછી ખુદ ભગવાન આવીને નિષ્ઠા છોડાવવા કહે તો પણ કાચપ ન જ આવે. કદાચ પાંચ માળા ઓછી થશે તો ચાલશે પણ સ્વરૂપનિષ્ઠામાં ખામી હશે તો ક્યારેય ભાંગશે નહીં માટે સ્વરૂપનિષ્ઠામાં ફેર ન પડવા દેવો.

ખરેખર વજીબાની નિષ્ઠા નિશ્ચય જોઈને અતિ રાજી થયા છીએ. આવી નિષ્ઠા આવવી તે પૂર્વ જન્મની કમાણી છે. સાચા સંતોના યોગે કરીને આવે છે કદાચ બ્રહ્મા જેવા ડગાવવા આવે તો પણ શું ? અરે

અમે ખુદ ડગાવવા આવ્યા તો પણ વજીબાને પરોક્ષમાં પ્રતિતી આવી જ નહીં. અમે કહ્યું કે, સ્વામિનારાયણ જાદુગરા છે, તેની કંઠી તમને કોણે બાંધી છે, તેમણે બાબરો ભૂત વશ કર્યો છે. આમ ઘણું કહ્યું છતાં એકના બે ન થયા.

અમને કહે જો બાવાઓ હવે પછી મારા ભગવાન સ્વામિનારાયણની વિષે કાંઈ પણ બોલ્યા છો તો રાત્રીએ મારા ઘર બહાર તો કાઢી મૂકીશ પણ ગામ બહાર કાઢી મૂકીશ. ખબરદાર! મારા પ્રભુ પ્રત્યે બોલ્યા તો તમારી ખેર નથી. શું ખુંમારી ભર્યા શબ્દો હતા. નિષ્ઠા અને નિશ્ચય હૃદયે એક મેક જડાય ગયો હતો. હજુ તો અમને ક્યારેય દેખ્યા જ ન હતાં. કેવળ એક સાધુ ભાઈ રામદાસ સ્વામીની વાત સાંભળીને આવી નિષ્ઠા કેળવી હતી. કદાચ હાથમાં ચંદ્ર કે તારા દેખાડે તોય શું ? હથેળીમાં ભગવાન દેખાડે તોય શું ? મારા માટે સર્વસ્વ ભગવાન સ્વામિનારાયણ છે. એ સિવાય મારા હૃદયમાં બીજું કંઈ નથી. આવી નિષ્ઠા, નિશ્ચય આપણે વજીબાના જીવનમાંથી લઈએ અને આપણા જીવનમાં કેળવીએ જીવનમાં સુખ દુઃખ કસોટીમાં નિષ્ઠા અને સમજણ દ્રઢ રહેવી જોઈએ એમાં જરાય ફેરફાર થવો ન જોઈએ. ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છે, સત્સંગની મોટપ નિશ્ચયે કરીને રહે એજ એકાંતિકપણું છે. ચિંતામણી રહી તો સર્વે ગયું તો કાંઈ જ ગયું નથી. તેમ નિશ્ચય રહ્યો તો સર્વે રહ્યું છે, તો વજીબાના જીવનમાંથી આપણે આવો અડગ નિશ્ચય કેળવીએ એવી પ્રાર્થના. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો - વાર્તા ૪૧૫ તથા નારી રત્નમાંથી)*

- **ક્ષત્રિયના વેશે પ્રભ વિજાપુર પધાર્યાને અદ્‌ભુત ચરિત્ર કર્યું**

એક સમયે, ધર્મનંદન શ્રીહરિ ક્ષત્રિય જેવો વેષ ધારણ કરી વિજાપુર પધાર્યા. તે ગામમાં રામાનંદ સ્વામીના આશ્રિત એવા વજીબા

નામના સ્ત્રી ભક્ત રહેતા હતા. લગભગ સાંજના સમયે ક્ષત્રિય વેષધારી શ્રીહરિ આ વજીબાના ઘેર આવ્યા. વજીબાએ નમસ્કાર કરી પૂછ્યું, હે બુદ્ધિમાન ! હે ભાઈ ! તમે કોણ છો અને ક્યાં જાઓ છો ? મહાપ્રભુ કહે છે, હે બહેન ! અમે તો જે સ્થળે દેહધારી આત્માને મોક્ષ થાય તે સ્થળે વિચરીએ છીએ. તે પછી વજીબાએ પૂછ્યું, તમે કાંઈ ભોજન લેશો કે કેમ ? સ્વામિનારાયણ ભગવાન કહે છે ઉત્તમ મતિવાળા હે બહેન ! અમે જમીને જ તમારા ઘેર આવ્યા છીએ તેથી જમવાની રુચિ નથી ! વજીબાએ બેસવા માટે આસન કાઢી આપ્યું તેના પર સર્વ પ્રકારની આપત્તિઓ દૂર કરનારા શ્રીહરિ બેઠા -. ત્યાં પુરવાસીજનો શ્રીહરિના દર્શન કરવા આવતા હતા. એમ કરતાં સૂર્યાસ્ત થયો ત્યારે વજીબાએ પોતે નહિ ઓળખતા એવા શ્રીહરિને કહ્યું, હે ધર્મપ્રિય ભાઈ ! અમારા ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞા છે કે ગૃહસ્થાશ્રમી જને અજાણ્યા પુરુષને પોતાને ઘેર રાત્રિ નિવાસ કરવા ન દેવો. માટે તમે હવે જાઓ. અહીં કોઈ વાણિયાની દુકાનના ઓટલે સૂઈ રહેજો. વજીબાએ આ પ્રમાણે કહ્યું ત્યારે ભગવાન બોલ્યા, તમે કુશળ અને વ્યવહારુ છો પરંતુ તમારી પ્રવૃત્તિ અમને વાંકી જણાય છે. તમે જવાનું કહો છો તેથી કરીને હું કંઈ જવાનો નથી. હું અહીં આ જગાએ જ સૂઈ રહીશ. તમારી કોઈ વસ્તુને અમે અડશું નહિ. આ મહાત્મા નહિ માને એવું વિચારી વજીબાએ સૂવા માટે એક ખાટલો કાઢી આપ્યો. ગાદલું વગેરે પાથરવા માટે કંઈ આપ્યું નહિ. શ્રીહરિ ફળિયામાં ખાટલો ઢાળી પાથર્યા વિના સૂઈ ગયા. મધ્યરાત્રિ થવા આવી ત્યારે આ અજાણ્યો પુરુષ સૂતો છે કે શું કરે છે તે જોવા માટે ઘરમાંથી બહાર નીકળ્યા. એ વખતે શ્રીહરિએ પોતાના બંને હાથ પાંચ પાંચ વાંભ (આપણા બંને હાથ પહોળા કરતાં છાતી સહિત લંબાઈનું માપ તે વાંભ કહેવાય છે). જેટલા લાંબા કરી

વજીબાને બતાવ્યા. તેથી વજીબા ભય પામીને એકદમ ઘરમાં પેસી ગયા. શરીર આખું ધ્રુજવા લાગ્યું. પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને સંભારવા લાગ્યા. પ્રાર્થના કરવા લાગ્યા કે હે કૃપાનાથ ! હે હરે ! હે શ્રીકૃષ્ણ ! સર્વ પ્રકારના ભયથી મારી રક્ષા કરજો. પછી થોડો સમય ગયો ત્યારે વળી વજીબાને કુતૂહલ થયું. તે મહાત્માને જોવા માટે ફરી પાછું બારણું ખોલી બહાર આવ્યા. અને જોયું તો એ વખતે શ્રીહરિ સૂતા હતા. અગાઉ લાંબા કર્યા હતા તેનાથી પણ બમણા લાંબા હાથ હતા. હાથને વચ્ચેથી વાંકા વાળેલા હતા. તથા ઘરથી સત્તર ધનુષ્ય જેટલે દૂર ખૂબ ઊંચું એવું પીપળાનું વૃક્ષ હતું. તે વૃક્ષની ઊંચી ડાળીઓ સુધી પોતાના પગ લંબાવીને ડાળીઓ સાથે ટેકાવ્યા હતા. સુંદર ભ્રકુટિવાળા અને અંધારામાં પણ પોતાની તેજસ્વી કાંતિથી દેદીપ્યમાન એવા શ્રીહરિને બે આંખો બંધ કરી સૂતેલા જોયા. આવા સ્વરૂપને જોઈ તે બહેન બહુ દુઃખી થઈ ગયા અને વિચારવા લાગ્યા કે આ તે કોઈ ભૂત પ્રેત યોનિમાંથી આવેલ કોઈ ભટકતો આત્મા હશે કે શું હશે ? પાછા પોતે જ એ શંકાનું સમાધાન કરવા લાગ્યા કે એવું તો ન હોય. કારણ કે ભૂતની આકૃતિ તો વિકૃત અને બિહામણી હોય. અને આ તો ભલે અસાધારણ પ્રકારનું મનુષ્યરૂપ છે છતાં પણ વિરૂપ નથી. બીક લાગે તેવું નથી. હશે જે હશે તે સવારે ખબર પડશે એમ વિચારી ઘર બંધ કરી પાછા સૂઈ ગયા -. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! સવાર થયું ત્યારે શ્રીહરિ ઉઠ્યા. બીજે સ્થળે જવા તૈયાર થયેલા મહાપ્રભુએ વજીબાને કહ્યું, હે વજીબા ! તમારા ગુરુભાઈ રામદાસ નામના સાધુ હાલ જેતલપુર છે તેમના દર્શન કરવા અમે જેતલપુર જઈએ છીએ. ત્યાંથી પછી અભય રાજાને ત્યાં ગઢપુર જઈશું એવું કહી અનંત જીવોના ઉદ્ધારક યોગેશ્વર શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા.

- **વજીબાને શ્રીહરિએ કારિયાણીમાં પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું**

હે રાજન્ ! તે પછી થોડા સમયબાદ, નાચિકેત નામના એક બ્રહ્મર્ષિ શ્રીહરિના દર્શન કરવા માટે સંઘ લઈને કારિયાણી ગામે જતા હતા. તે સંઘની સાથે વજીબા પણ પોતાના પ્રભુના દર્શન કરવા માટે ગયા. ખટવાંગ (માંચાખાચર) રાજાના વિશાલ દરબારમાં ભક્તજનોની સભામાં શ્રીહરિ ઊંચા આસન પર વિરાજમાન હતા. તે સમયે આ સંઘ ત્યાં પહોંચ્યો. સભામાં વિરાજતા દિવ્ય મૂર્તિ અખિલેશ્વર શ્રીહરિ અત્યંત મનોહર લાગતા હતા. વિશાળ લલાટમાં કુંકુમ સહિત તિલક શોભતું હતું. ચંચળ દ્રષ્ટિ વડે પોતાની ચારેય બાજુ રહેલા આશ્રિતજનોને નિગાહ દ્રષ્ટિથી જોઈ રહ્યા હતા. પુષ્પહાર લાવતા ભક્તોના હાર પોતાના હાથમાં રહેલી નાની છડી વડે સ્વીકારતા હતા. વજીબાએ આવા દિવ્ય મૂર્તિ ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કર્યા, પરંતુ પગે લાગી નમસ્કાર ન કર્યા. તેઓ વિચારતા હતા કે ક્ષત્રિય જેવા દેખાતા જે પુરુષ અગાઉ મારે ઘેર આવ્યા હતા તે જ માયાધારી મૂર્તિ આ જણાય છે. એવું ધારીને નમન કર્યું નહિ. તેથી કરુણાસાગર મહાપ્રભુએ કહ્યું, હે કલ્યાણી ! હું કહું તે તમે સાંભળો. જે જીવો ઉપર ભગવાન અને તેમના ભક્તોની કૃપા થાય છે તેને જ પ્રગટ ભગવાન ઓળખાય છે બીજાને નહિ. આવું કહ્યું ત્યારે વજીબાએ શ્રીહરિ સામે જોયું. શ્રીહરિએ વજીબા સામે જોયું. મહાપ્રભુની કૃપા દ્રષ્ટિ થતાં જ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ તેમને ઓળખાયું. સર્વોપરી શ્રીહરિનો નિશ્ચય થયો. પછી તો વજીબાની વૃત્તિ સદાય શ્રીહરિમાં રહેવા લાગી. હેત અને ભક્તિભાવ વધ્યા. તેમની ભક્તિથી ખેંચાઈને શ્રીહરિ અવારનવાર વજીબાના ઘેર આવતા હતા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૯)*

- **વિજાપુરના ભક્તજનને પ્રભુના વિયોગમાં કામકાજ સુજતુ નથી**

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે જયેષ્ઠજીત રાજા ! મુકુંદવર્ણી તથા નાચિકેત બ્રાહ્મણની ભીલોથી રક્ષા કરી તે પછી શ્રીજીમહારાજ વિજાપુર પધાર્યા. ભગવાન સ્વામિનારાયણ પધારે છે એવા સમાચાર વિજાપુરવાસી ભક્તોને મળતાં જ તેઓ હર્ષઘેલા થઈ ગયા. સત્વરે સામા જઈ સત્કાર કરવાની તૈયારી કરવા લાગ્યા. ભેટ, પૂજા, શ્રીફળ, પુષ્પહાર વગેરે સામગ્રી લઈ મહાપ્રભુને મળવા ચાલ્યા. શ્રીહરિને નમસ્કાર કરી પગે લાગ્યા. ભેટ અર્પણ કરી ચરણ સ્પર્શ કરી આનંદ પામતા હતા. ભક્તોની સાથે વાજતે ગાજતે પુરમાં પ્રવેશ કરી શ્રીહરિ વજીબાને ઘેર ગયા. વજીબાના પતિ પ્રાગજીભાઈએ શ્રીહરિનો ભાવથી આદર સત્કાર કર્યો. ઘરના આંગણે સુંદર આસન તૈયાર કરી તે ઉપર મહાપ્રભુને બેસાડ્યા. સરસ વિવિધ પ્રકારના ઉપચારથી પૂજા કરી. તે સમયે પુરવાસી બીજી સ્ત્રીઓ સાંકળી, ઉજ્જવલા, નંદા, રળિયાત વગેરે મહાપ્રભુના દર્શન કરવા આવી. સર્વ બહેનો શ્રીહરિને પગે લાગી પોતપોતાની મર્યાદા પ્રમાણે મહાપ્રભુ સમીપે બેઠી. મહારાજ તેમને કુશળ સમાચાર પૂછતા હતા ત્યારે નંદા નામની સ્ત્રી બોલી. નંદાબહેન કહે છે - હે મહારાજ! તમે અહીંથીં જાઓ છો પછી ઘણા દિવસ સુધી આવતા નથી. ત્યારે મારું મન ઉદાસ થઈ જાય છે. મુંઝવણ થાય છે. ઘરનું કામકાજ કંઈ ગમતું નથી. પહેરવું ઓઢવું ખાવું પીવું બધાની અરુચિ થઈ જાય છે. હવે આ વખતે તમે પધાર્યા છો તો હે પ્રભુ ! ઘણા સમય સુધી અહીં રહેજો. અને તમારા દર્શન સેવા સમાગમનું સુખ આપજો -. ભક્તિધર્મના પોષક અવતારી શ્રીહરિ કહે છે - હે નંદિની ! તમારા બધાની મારે વિષે આટલી બધી પ્રીતિ છે તે હેતુથી જ હું આ નગરમાં આવું છું. ભગવાનમાં

હેતથી જોડાવું એ તો મોટા મુનિઓને પણ દુર્લભ છે. હે ભક્તો આવો સ્નેહ મારામાં સદા રાખજો. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૧)*

● **શ્રીહરિએ વીજાપુરમાં ચકલાને સમાધિ કરાવી**

એક વખત મહારાજ વિજાપુર પધાર્યા હતા અને ત્યાં વડની નીચે સભા કરીને બેઠા હતા અને ગામમાંથી કેટલાંક માણસ મહારાજને દર્શને આવ્યા હતા. તે વખતે મહારાજે વડ ઉપર જેટલાં ચકલા બેઠા હતા તેને સમાધિ કરાવી એટલે તે બધાંય વૃક્ષ ઉપરથી નીચે પડ્યા અને સૌ જોઈને આશ્ચર્ય પામ્યા જે આ શું ? બધાંય ચકલા ઉંધા પડ્યા છે. અને મહારાજ સભામાં વાતો કરતા હતા. પછી મહારાજે બધાયનો કળા હોળ સાંભળીને હાથમાં રુમાલ હતો તે ઊંચો કર્યો એટલે સૌની સમાધિ ઉતરી ગઈ. અને બધા ચકલા ઉડી ઉડીને વૃક્ષ ઉપર જઈને બેઠાં તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. *(સદ્.શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો - વાર્તા ૪૧૪)*

● **શ્રીજીમહારાજે વજીબાને રમુજી જવાબ આપ્યો**

શ્રીજીમહારાજે ઊંઝામાં સમૈયો કર્યો હતો ત્યાં વજીબા તથા જતનબા વગેરે દર્શને આવ્યા હતા. પછી વજીબાએ કહ્યું : જે ''મહારાજ ! ફૂલડોલનો સમૈયો કરવા વિજાપુર પધારજો.'' મહારાજ કહે વજીબા.... ''ત્રણે વાના ભેળા થાય તે શોભે નહીં.'' વજીબા કહે શું ? મહારાજ કહે ''એક તો હોળીનું પરબ તે ઉતરતું અને બીજું સ્ત્રી જાતિ પણ ઉતરતી અને ત્રીજું તમારી જ્ઞાતિ (સતવારા) તે પણ ઉતરતી એમ ત્રણે વાનાં ભેળાં થાય તો શોભે નહીં. એમ કહીને મહારાજ હસ્યા. *(સદ્.શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો - વાર્તા ૪૧૬)*

● **શ્રીહરિના પ્રતાપે મુક્તોની સ્થિતિ**

એક સમયને વિષે ગામ વિજાપુરનાં વજીબાઈના ભાઈ દેવજી ભક્ત તે ગામ પેથાપુરમાં બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામીને દર્શને ગયા

હતા તેવામાં સ્વામીએ ગઢપુરમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ મહારાજની મૂર્તિને ધારીને જળપાન કરાવ્યું ને પછી પોતે પીધું તે સમે દેવજી ભક્તે પણ સ્વામીની વૃત્તિ સાથે પોતાની વૃત્તિ જોડી. પછી સ્વામી ધ્યાનમાંથી ઉઠ્યા ત્યારે કહ્યું જે, ''તમે ગઢપુરમાં ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ મહારાજને પાણી પાયું ખરું ?'' ત્યારે સ્વામીએ હા કહી. એવા તો સમર્થ શ્રી પુરુષોત્તમને ભજીને એમના ભક્તો થયા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩ - વાર્તા ૩૨૯ તથા નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૩૪)*

- **દ્રોહનું પરિણામ**

સં. ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે પ્રાંતિજથી ચાલ્યા તે ગામ વિજાપુર પધાર્યા ને પ્રાગજી ભક્ત આદિ સર્વે હરિભક્તે ગાજતે વાજતે બારોટના ચોરામાં ઉતાર્યા. પછી તે ભક્ત પ્રાગજીએ નાના પ્રકારનાં ભોજન કરાવીને મહારાજને પોતાને ઘેર પધરાવીને જમાડ્યા ને સર્વ સંતને પછી પોતે પીરસીને જમાડીને ઉતારે પધાર્યા. પછી સભા કરીને વિરાજ્યા તે સમે ભાટ સર્વે ભેળા થઈને મહારાજને પ્રશ્ન પૂછતા હવા જે, ''તમે ભગવાન છો ? ત્યારે પોતે બોલ્યા જે, ''હા ! અમે ભગવાન છીએ.'' ત્યારે ભાટે કહ્યું જે, ''શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન તોળ્યો ને પૂતના મારી ને રામચંદ્રજીએ સમુદ્ર ઉપર પાળ બાંધી એવા અનેક પરચા આપ્યા છે. માટે તમે પરચો આપો તો ભગવાન ખરા.'' પછી મહારાજે કહ્યું ''તમો માગો તે પરચા દઈએ.'' પછી ભાટે કહ્યું જે, ''અમારા ગામનો દરવાજો ઉગમણો છે તે આથમણો કરી દો.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે ભાટ સર્વે અમારી કંઠી બાંધીને સત્સંગી થાઓ એવું લખી આપો તો કરીએ. લાવો કાગળ ખડીયો.'' ત્યારે ભાટે કહ્યું જે, ''તમે તો જાદુગરા છો તે કરો.'' એમ કહીને ઉઠ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ''અમે તમને પરચા દઈએ ત્યારે અમે જાદુગરા થઈએ. માટે તમારો

બાવો છે તે તમને આજથી દશ દહાડે પરચો દેશે એમ કહીને પોતે ગામના બીજા સત્સંગીએ બહુ પ્રકારે સેવા કરી તેને અંગિકાર કરીને ત્યાંથી ચાલ્યા તે ગામમાં વાંસેથી બાવો દશ દહાડા થયા ત્યારે ભાટની છોડી (છોકરી)ને લઈને નાસી ગયો. ત્યારે લોક સર્વે કહેવા લાગ્યા જે, "સ્વામિનારાયણ પાસે પરચો માંગીને આડુ બોલ્યા ત્યારે તેમણે કહ્યું જે, "તમોને બાવો પરચો આપશે તેથી તેણે પરચો આપ્યો. માટે મોટા પુરુષના દ્રોહમાં એવું ફળ મળે." આવી રીતે ચમત્કાર દેખાડીને ગામે ગેરીતે ભક્ત મોતીએ ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૪૯)*

● **વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવમાં પૂજાનો લાભ**

સં. ૧૮૬૨ ની સાલમાં ચૈત્ર સુદ નવમીના રોજ વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવ પ્રસંગે ગામે ગામથી મોટા પ્રમાણમાં હરિભક્તો, રાજાઓ, સંતો-પાર્ષદો વગેરે આવેલા હતા. સવારથી મધ્યાહ્ન સુધી તે પ્રમાણે પૂજા ચાલી. પછી દંઢાવ્ય દેશના હરિભક્તો આવ્યા હતા. તેમાં વિજાપુરના ભક્તજનોએ શ્રીહરિને સોનાનાં વસ્ત્ર-આભૂષણ, ચંદન ચર્ચીને પહેરાવ્યાં. આરતી, સ્તુતિ કરી ચરણમાં કેસર, ચંદન, ચર્ચીને પોતાના મસ્તક અને નેત્ર પર લીધાં. શ્રીહરિએ સૌને પ્રસાદીના હાર આપ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૮, તરંગ-૬૭)*

● **વૌઠાના મેળે પૂજાનો લાભ**

સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ-૧૪-૧૫ ના રોજ વૌઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો. તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના હરિભક્તો આવ્યા હતા. તેમાં વિજાપુરના ભક્તજનો પણ આવ્યા હતા. તેમણે શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪, તરંગ-૫૧)*

● **શ્રીહરિને મળેલા વિજાપુરના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી પ્રાગજીભાઈ સતવારા | પ.ભ.શ્રી વજીબાઈ સતવારા |
| પ.ભ.શ્રી દેવજીભાઈ સતવારા | પ.ભ.શ્રી વખતબાઈ સતવારા |
| પ.ભ.શ્રી કલ્યાણભાઈ સતવારા | પ.ભ.શ્રી જેઠીબાઈ સતવારા |
| પ.ભ.શ્રી સાંકળજીભાઈ સતવારા | પ.ભ.શ્રી ઉજીબાઈ સતવારા |
| પ.ભ.શ્રી પીતાંબરભાઈ સતવારા | પ.ભ.શ્રી પુનિબાઈ સતવારા |
| પ.ભ.શ્રી જીવાભાઈ સતવારા | પ.ભ.શ્રી સાંકુંબાઈ સતવારા |
| પ.ભ.શ્રી રેવાભાઈ સતવારા | પ.ભ.શ્રી અંબાબાઈ સતવારા |
| પ.ભ.શ્રી દેવાભાઈ સતવારા | પ.ભ.શ્રી રળિયાતબાઈ સતવારા |
| પ.ભ.શ્રી ગોપાલભાઈ સતવારા | પ.ભ.શ્રી નંદુબાઈ સતવારા |
| પ.ભ.શ્રી મહિપાલભાઈ | પ.ભ.શ્રી વજીબાઈ વણિક |
| પ.ભ.શ્રી સાંકળચંદભાઈ વણિક | પ.ભ.શ્રી ગોવિંદજીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી અનુપભાઈ | પ.ભ.શ્રી દયાળજીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી સુખરુપભાઈ | પ.ભ.શ્રી ચંપાબાઈ |
| પ.ભ.શ્રી ગોપાલદાસ કંસારા | પ.ભ.શ્રી પૂનમબાઈ |
| પ.ભ.શ્રી સાંકળીબાઈ | પ.ભ.શ્રી ઉજ્જવલાબાઈ |

● **વિજાપુરમાં પ્રસાદીના દર્શનીય સ્થળો**

(૧) **વાવ :** વાડીમાં વાવ પાસે ઓરડીમાં નવ દિવસ રહ્યા છે. વાવમાં સ્નાન કરેલું છે. જળ પીધું છે. તેથી પ્રસાદીની છે.

(૨) **વડ :** આ વડ નીચે શ્રીહરિએ સભા કરીને વિરાજ્યા હતા ને ચકલાને સમાધિ કરાવી હતી.

(૩) **નવઘટી :** અહીં શ્રીહરિ રાત રહ્યા હતા.

(૪) **વરાહજીનું મંદિર** : અહીં શ્રીહરિ પધાર્યા છે.

(૫) **લક્ષ્મીનારાયણનું મદિર** : અહીં શ્રીહરિ પધાર્યા હતા ને મૂર્તિ તથા ગરૂડજી ઉપર હાથ ફેરવેલો છે.

(૬) **સાબરમતીનો સંગમ** : આ સ્થળે શ્રીહરિ સંતો સાથે સ્નાન લીલા કરી છે.

(૭) **પીપળાનું વડ** : શ્રીહરિ બાવાને વેશે પ્રથમવાર વિજાપુર વજીબાને ઘેર રાત રહ્યા હતા ને પગ લાંબા કરીને પીપળાને ખસેડ્યો હતો તેનું સુકુ થડિયું પ્રસાદીનું છે.

(૮) **તુલસી ક્યારો** : આ પણ પ્રસાદીનો હયાત છે.

(૯) **જુનુ મંદિર** : ત્યાં મહારાજ ઉતરેલા છે તેથી પ્રસાદીનું છે.

(૧૦) **વાઘસર તળાવ** :આ તળાવે પરમહંસે સહિત શ્રીહરિએ સ્નાન કરેલું છે તથા તેની પાળે બેઠા હતા.

(૧૧) **બારોટનો ચોરો** :અહીં શ્રીહરિ બિરાજેલા છે તેથી પ્રસાદીનો છે.

(૧૨) **વજીબાનું ઘર** : હાલ તે જગ્યાએ નૂતન મંદિર થયું છે ત્યાં કૂવો-તુલસી ક્યારો-પીપળો હતો.

ઉપરાંત શ્રીરિ વજીબા ઉપર કૃપા કરીને ઘેર ઘેર પધરામણીએ ફર્યા છે. ને અગિયાર વાર પધારીને વિજાપુર ગામને ગલીઓને પ્રસાદીમય તીર્થભૂમિ બનાવી છે. જે દર્શનીય છે.

● **વજીબાનો થાળ શ્રીહરિ દિવ્યરૂપે આવીને જમ્યા**

"વજીબા" એક વખત મહારાજને ભાવથી થાળ અર્પણ કરતાં હતાં, ત્યારે શ્રીહરિ તેમનો સંકલ્પ જાણીને વિશ્વરૂપ ધારણ કરી પ્રત્યક્ષ દર્શન આપીને સર્વ જમી ગયા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૪)*

● **વિજાપુરના ગોપાળદાસ કંસારાની શ્રીહરિએ કરેલી રક્ષા**

વિજાપુરમાં ભગવદ્ ભક્તિપરાયણ તાંબા પીત્તળનાં વાસણ ઘડનાર ગોપાળદાસ નામે હરિભક્ત હતા, તે પ્રથમ કબીરપંથમાં હતા, પછી જ્યારે સત્સંગી થયા, ત્યારે બીજા કબીર પંથીઓ પોતાના ગુરુને સાથે લઈ ગોપાળદાસની પાસે આવી કહેવા લાગ્યા કે, હે "ગોપાળ ! આપણા કબીર પંથમાં તમોએ શું દૂષણ જોયું ?" જેથી ત્યાગ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગયા. જો એ સ્વામિનારાયણ સાચા ભગવાન હોય તો તમે લોઢાનો ગોળો અગ્નિ સરખો લાલ ચોળ તપાવીને તમારા હાથમાં મૂકવાથી પણ નહી દાઝો તો અમે સાચું માનીએ.

એમ કહીને તે કબીરપંથીઓએ લોઢાનો ગોળો અગ્નિમાં તપાવ્યો પછી ગોપાળ ભક્ત ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરીને દરેકને દેખતે તે ગોળો હાથમાં ઝાલ્યો અને પાર્થના કરવા લાગ્યા કે, "હે ગોલોકનાથ ! હે નારાયણ ! હે વૃષાત્મજ ! મારી રક્ષા કરજ્યો. પ્રાર્થના પૂર્વક ભગવાનનું સ્મરણ કરીને તપાવેલો ગોળો હાથમાં ઝાલવા છતાં બીલકુલ બળ્યા નહિ. પછી સર્વને કહ્યું, કે જુઓ મારા હાથ હું જરા પણ દાઝયો નથી. માટે તમો બધા પણ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થાઓ. પછી તે કબીર પંથીઓ ગોપાળ ભક્તને કુશળક્ષેમ જોઈને ઝંખવાણા થઈને બોલ્યા કે, તમારા સ્વામિનારાયણ ભગવાન સાચા. એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા. અને ગોપાલભક્ત તો પત્ની સહિત શ્રીહરિના દૃઢ આશ્રિત બનીને વસ્ત્ર અલંકારોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૪)*

## વ્હાલમને વહાલું વડનગર

● **પુરાણો પ્રસિદ્ધ પ્રાચીન નગરી વડનગર (જટીલ નગર)**

વડનગરની ભૂમિ એટલે પ્રાચિન ભૂમિ જેને સંસ્કૃતમાં જટિલ નગર કહેવામાં આવે છે. આ ભૂમિના ઈતિહાસો કંઈક ઓર જ છે જે ઈતિહાસો અમરત્વને પામી ગયા. તાના-રીરી બે સતી બહેનોની છત્રી, વડનગરનું તોરણ, શર્મિષ્ઠા સરોવરનો રાત્રીનો નજારો જોતાં જ છોટી કાશી લાગે, એવો અદ્‌ભૂત નજારો ઘડીભર ચાલતા માનવીને પણ થંભાવી દે એવો નજારો તો વડનગરમાં જ જોવા મળે આ સરોવરનો બંધાવનાર એટલે પાટણપતિ સિધ્ધરાજ જયસિંહ કે જેમણે આવા પાકા ૧૦૮ તળાવો બાંધીને પરોપકાર કર્યા છે. આજે ગામે ગામ તેના પરોપકારીની સાક્ષી પૂરતા અજોડ તળાવો જોવા મળે છે. જે બીજા જન્મે શ્રીહરિના પાર્ષદ ભગુજી થયા હતા. પુરાણા મંદિરો, હાટકેશ્વર પુરાણું ધામ, તથા આપણા ભારતના વર્તમાન વડાપ્રધાન માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ પણ વડનગર છે. હમણાં વર્તમાન પત્રોમાં વાંચવા મળ્યું કે વડનગરમાં ખોદાકમ કરતા પુરાણી નગરીના અવશેષો નીકળ્યા આ ઉપરથી નક્કી થાય છે કે બહુ વર્ષો પહેલાની નગરી એટલે વડનગર. એવા પુરાણો પ્રસિદ્ધ વડનગરમાં સોનામાં સુગંધ ભળે એવી રીતે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આ વડનગરમાં પાંચસો પરમહંસ, રાજાઓ, હરિભક્તો સાથે પધારીને મહાપ્રસાદીમય, દર્શનીય, તીર્થધામ બનાવ્યું છે. આશરે ૨૩૦ વર્ષ પહેલા સદ્. શ્રી રામાનંદ સ્વામીના સત્સંગે કરીને રંગાયેલા હરિભક્તો પણ વિશાળ હતા અને સત્સંગનું મથક હતું જે આજે યથાવત રહ્યું છે.

- **શ્રીહરિ વડનગરમાં પ્રથમવાર પધાર્યા અને ભક્તજનોએ શાનદાર સ્વાગત કર્યું.**

સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે વડનગર આવ્યા. ત્યાંના વિપ્ર ઉજમરામ, મુગટરામ, સદાશિવ, વનમાળી, બેચર તથા જેઠીબાઈ, દોલીબાઈ, ફૂલાબાઈ, ઝુમખાબાઈ વગેરે બાઈઓ ભક્ત તથા ઉગરચંદ, હેમચંદ વગેરે ભાવસાર ભક્તો શ્રીહરિના ચરણમાં પડ્યા. પૂરવાસીઓ અપાર ફૂલહાર લઈને શ્રીહરિને પગે લાગ્યા અને આનંદ પામ્યા. બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. હાથી ઉપર બેસીને શ્રીહરિ સવારીએ સહિત સમીપ આવ્યા. પૂરની ચારે બાજુ બુરજે સહિત કોટ હતો અને તે પૂર એક પથ્થરથી બાંધેલા ઘાટ અને સુંદર પગથિયાવાળા મહાન સરોવરથી શોભતું હતું.

પૂરની ચારે બાજુ ભાત ભાતના વૃક્ષોથી સુશોભિત બગીચાઓ હતા. રાજબજારો પણ સુશોભિત બનાવ્યાં હતાં. વિવિધ વાજાના શબ્દોથી ગગન ગાજી રહ્યું હતું. માર્ગમાં બંને બાજુ ઊભેલા લોકો શ્રીહરિને પુષ્પો અર્પણ કરતા. સ્ત્રીઓ ગોખ, અટારી અને દ્વારમાં ઊભી રહીને શ્રીહરિને વધાવતી. નર નારી સૌ શ્રીહરિની સુંદર મૂર્તિ જોઈ મોહ પામતા. હરિભક્તો અને સંતો કીર્તન ગાતા ચાલતા હતા. પૂરજનો ગુલાલ ઉડાડતા હતા. આ બધુ જોઈને નીતિ વિનાના જે મત હતા તેમની પ્રતિષ્ઠા લોકોમાં રહી નહિં.

જનોને દર્શન દેતા શ્રીહરિ પૂરની બહાર આવ્યા, સરોવર તીરે મોટી જગ્યા છે. ત્યાં બ્રાહ્મણો પોતાના મોક્ષને માટે ધર્મશાળા બંધાવેલી તેમાં ઊતર્યા. સંત, પાર્ષદોને વર્ણીઓ શ્રીહરિ પાસે ઊતર્યા. રાજાઓએ પોતાના ડેરા સરોવર તટે ખેંચાવ્યા. વિવિધ વૃક્ષો સરોવરને તટે હતાં ત્યાં હરિજન ઊતર્યા. ગામના હરિભક્તો ગાદી, તકિયા ને પલંગ લાવ્યા. તેના ઉપર શ્રીહરિ બેઠા.

હરિજનોના ભાવ પ્રમાણે વર્ણીએ તથા શ્રીહરિએ રસોઈ બનાવી. સાકરનો કંસાર બનાવ્યો. રુચિ પ્રમણે તેમાં ઘી લીધું. પોતાની મેળે પીરસીને જમવા બેઠા. ઘીમા તળેલાં વંતાક, ભજિયાં, વડાં, જમીને તૃપ્ત થયા પછી ભાત, દૂધ, સાકર જમ્યા. ચળુ કરી મુખવાસ લઈ થાળની પ્રસાદી અલર્ક (અલૈયા ખાચર) રાજાને આપી. વિપ્ર હરિભક્તોએ સાધુ બ્રહ્મચારી માટે સાકરનો કંસાર બનાવ્યો હતો. સંતોની પંક્તિ કરાવી. શ્રીહરિ પીરસવા લાગ્યા. રૂપેરી ડંકે જમણા હાથે પીરસતા શ્રીહરિએ સંતોના પાત્ર ભરી દીધાં. પછી પાત્રમાંથી વહી જાય એટલું ઘી પીરસ્યું.

શ્રીહરિ સંતોને પ્રેમથી પીરસતા હતા, તે જોઈ હરિભક્તો પ્રસન્ન થયા. કંસાર જમી રહ્યા પછી દૂધ, ભાત અને સાકર પીરસ્યું. પછી રાજાઓને જમવા બોલાવ્યા. એમને પણ કંસાર અને ઘી પીરસીને જમાડ્યા. પછી રુચિ પ્રમાણે દૂધ ભાત સાકર થોડાં થોડાં આપ્યાં. પીરસીને શ્રીહરિ પલંગ ઉપર વિરાજ્યા. પુરના ભક્તો પણ જમીને આવ્યાં. શ્રીહરિએ તેમને બોલાવી પાસે બેસાડ્યા. સંતો પણ આવીને શ્રીહરિના મહિમાના ગરબી રાગનાં પદો ગાવા લાગ્યા. મધ્ય રાત્રિ સુધી કીર્તન બોલ્યાં.

● **શ્રીહરિએ શર્મિષ્ઠા સરોવરનો મહિમા વધાર્યો**

પછી શ્રીહરિ પોઢી ગયા. સંતો પણ શ્રીહરિના ચરણનું ધ્યાન કરતા સૂતા. રામદાસજી સ્વામી વૃધ્ધ સંત હતા તે હરિભક્તો ઉપર બહુ ભાવ રાખતા. તેમણે બ્રાહ્મણ હરિભક્તોને બોલાવીને કહ્યું કે શ્રીહરિનો અહીંથી જવાનો નિર્ધાર નહિ, માટે કાલે જો રસોઈ બનાવવી હોય તો રાતે બનાવી રાખો તો તમારું ધાર્યું થશે. ત્યારે તે ભક્તોએ સંતોની વાણી સત્ય માની. સૌએ ભેગા મળીને લાડુ, ભજિયાં, શાક, વડાં, ભાત વગરે રસોઈ બનાવી દીધી. સવાર થતાં

સંત નારાયણ ધૂન કરવા લાગ્યાં, તે સાંભળી શ્રીહરિ પણ જાગ્યા અને ઊઠીને તરત કહેવા લાગ્યા કે સૌ સંતો તૈયાર થઈને ચાલો, વિલંબ ન કરશો. તેથી સંતો સૌ તૈયાર થયા. તે સાંભળીને હરિભક્તો આવી પહોંચ્યા અને હાથ જોડીને વિનવવા લાગ્યા કે પુરના હરિભક્તો આખી રાત સૂતા નથી. હરિભક્તોને રાખવાનો બહુ ભાવ છે. આખી રાત જાગીને અમે રસોઈ કરી દીધી છે. આપ પોઢી ગયા હતા એટલે આજ્ઞા લીધી નહિં.

ત્યારે શ્રીહરિ કહે હવે ચાલવામાં અમારું જોર નહિ. સંતો રસોઈ જમે ત્યાં સુધી અમે રહીશું. માટે સૌ નહાવા ચાલો, એમ કહીને સંત હરિજનો સાથે સરોવરના ઉત્તર તટે નહાવા આવ્યા. શૌચ દાતણ કરીને નહાયા. સરોવરની પ્રશંસા કરી કે આવા સંત નહાયા તે સરોવર પવિત્ર થયું છે. અહીંયા રહેવાનો નિરધાર ન હતો. અણધાર્યું સ્નાન કરવાનો આ સરોવરમાં પ્રસંગ આવ્યો. અનંત સંત હરિભક્તો નહાયા, તેથી બધાય દેવ તીર્થો આમાં આવ્યા છે. સત્સંગનો એવો મહિમા છે, તે માયિકજનો જાણે નહિ. આ વખતે સત્સંગમાં જે આવ્યા તે નિશ્ચિત બ્રહ્મગતિ પામે છે. બ્રહ્માંડના સુખની અરુચિ થાય અને હરિપદમાં પ્રીતિ થાય. તેને અમે બ્રહ્મગતિ કહીએ છીએ. માયિકજનો તે પામી શકે નહિં. આટલી વાત કરી સ્નાન કરી બહાર આવ્યા. એક પીતાંબર પહેર્યું અને એક ઓઢીને ઉતારે આવ્યા. વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી તે શ્રીહરિ પૂજા કરીને જમવા પધાર્યા અને સંત પાર્ષદોને પણ જમવા બેસાડી દીધા. વર્ણી પણ જમ્યા. વિપ્ર હરિભક્તો સૌ પ્રસન્ન થયા. કેસર ચંદનાદિકથી હરિભક્તોએ શ્રીહરિની તથા સંતની પૂજા કરીને લહાવો લીધો. ને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે પ્રાંતિજ પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૪૯-૫૦-૫૧-૫૨)*

● **વડનગરમાં શ્રીહરિએ ધર્મશાળા કરાવનારનું કલ્યાણ થાશે એવો વર આપ્યો.**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ગેરીતાથી ચાલ્યા તે પામોલ, બામણવા થઈ વડનગર પધાર્યા. તે ગામના કુમાસદાર તથા અધિકારી સુમચંદ બ્રાહ્મણને અસવારી તથા નગારાની શાન ચોપદારને વાજિંત્ર આદિ સર્વે રાજ સામગ્રી લઈને એક ગાઉ સુધી મહારાજને સન્મુખ આવતા હવા. તે ગામના ભક્ત વનમાળી તથા સુરજરામ ને આદિતરામ, ઉજમ તથા સદાશિવ તથા ભીખા તરવાડી તથા શામળદાસ આદિ વિપ્રે તથા નાનચંદ તથા ઝુમખરામ તથા નરસીદાસ તથા બળદેવ તથા પ્રભુદાસ તથા પ્રેમચંદ તથા પૂજારા એ આદિ સર્વે ભક્ત અતિ ઉત્સાહે ગાતા ગાતા શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને સાષ્ટાંગ પ્રણામ કરીને પગે લાગીને કેસર ચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર તોરા ગજરા બાજુ બંધ કરીને પૂજતા હવા. તે સર્વ ભક્તની પૂજા આદરે કરીને અંગિકાર કરીને ત્યાર પછી સરકારની અસવારીને પોતાના સર્વ અસવાર તેણે વિંટાણા થકા સર્વ સંત મંડળે સહિત ગાજતે વાજતે પુરમાં પિંઠોરીને દરવાજે થઈને પ્રવેશ કરીને રાજમાર્ગમાં પધાર્યા તે સર્વ નગરના લોકોને દર્શન દેતા થકા ને એવી શોભાએ યુક્ત થકા ગામ સોંસરા થઈને નાગધરે પધાર્યા. તે ધરા ઉપર આંબાના વૃક્ષના સમુહમાં ગાડી ઉપર વિરાજમાન થયા ને તે મહાસરોવર જોઈને પોતે બહુ પ્રસન્ન થયા ને પછી સર્વ સંત સહિત નાગધરામાં પોતે ન્હાયા. પછી બહાર નીસરીને ભારે એક પીતાંબર પહેરીને તથા એક ઓઢીને ગરનાળાને સમીપે આંબાનાં વૃક્ષ તળે આસન ઉપર વિરાજમાન થયા ને ત્યાં જેઠીબાઈ તથા દોલીબાઈ આદિ સમસ્ત બાઈઓ થાળ કરીને લાવી તે સર્વના થાળ પ્રીતે કરીને જમ્યા ને પાછા તે ગાડી ઉપર વિરાજ્યા. તે સમે ગામના મોટા મોટા શાહુકાર લોક દર્શન કરવા આવ્યા ને

તે સમે શેઠ જીતા મેતાએ શ્રીજીમહારાજના ચરણારવિંદમાં ઉધ્વરેખા આદિ ચિન્હ જોઈને અતિ આશ્ચર્ય પામીને કહ્યું જે, ''આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે.'' એ પ્રકારે નિશ્ચય કરતા હવા. પછી ત્યાંથી પોતે ગામમાં તલાવને કાંઠે તે શેઠની કરાવેલ ધર્મશાળા તેમાં પધાર્યા ને સર્વ સંતને પોતે વારંવાર લાડુ પીરસતા હવા ને કહ્યું જે, ''આ ધર્મશાળા કરાવનારનું કલ્યાણ થાશે.'' એમ કહીને પાછા સંત સહિત નાગધરા ઉપર પધાર્યા. ને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે ગુંજે ગામ પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૮૮-૮૯)*

● **વડનગરના પ્રભુ પ્રેમી જેઠીબાઈના ઘેર પ્રભુ પધાર્યા**

પંચતત્વ પહેચાન થાય પછી જગત બધું વેરી જણાય, એવી સમજણે જેઠીબાઈનો મોહ-હરખ-શોક સર્વસ્વ હૈયેથી લુપ્ત થઈ ગયા. પિયુ વિના વલવલતી પ્રિયતમા શું શૃંગાર ધરે ? એવા જીવને પરમાત્મા વિના બીજા ઘાટ પણ કેમ સુઝે ? માનવ વહેવાર માટે ચાર વર્ણો કર્યા. એમાંય બ્રાહ્મણ એ ઉત્તમ કહેવાય. અને સ્ત્રી માત્ર શક્તિનું સ્વરૂપ કહ્યું. એને તો ધર્મના કોઠે સદાય અખંડ જ્ઞાનનાં અજવાળાં હોય.

ઉત્તર ગુજરાતમાં આવેલ મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં વડનગર નામે પ્રાચીન ગામ છે. ત્યાં શ્રીહરિએ એમના સમય ધર્મના બીજનું વાવેતર કર્યું. પણ જેવી જમીન એવો બીજનો ઉગાવો હોય અને પાણી ધરતીનોય મેળ બેસવો જોઈએ. તો બીજ પાંગરે ! ઘાટ ઘડ્યા વિનાનો પથરો, એકડા વિનાનું મીંડુ, સમજ્યા વિનાની ભક્તિ, પાક્યા વિનાનાં ફળ કદીય કાંઈ ઉપયોગમાં ન આવે.

જ્યારે અષાઢ આવે અને આકાશે વાદળા રમતે ચડે ને વીજળી સડાકા દેતી હોય ત્યારે મોરલા ડોકની ત્રણ ત્રણ વળાંક લઈને ટહુકા કરે અને થનગનાટ કરતાં નાચે, ત્યારે એના ટહુકા પહાડની ટોચે ભટકાઈને ઘુમરીમાં ગોબારે ચડે, ઈ વખતે ભર નિદ્રામાં સૂતેલી ઢેલ્યું

વળી વળીને એના કંથના વધામણાં કરતી હોય તેમ લળી લળીને પડખા સેવે, એમ ભક્ત અને ભગવાનની એક સુરતા થાય ત્યારે ભગવાન ભક્તને વશ થઈ રહે.

આવી પ્રીત-પ્રિયતમાના સંબંધોના અનેક ભક્તો-ઋષિઓનાં વર્ણનો કર્યા છે. ભક્ત નરસિંહ, મીરાં દીવાની બનીને એના મૂલ મૂલવે, તો કબીરવાણીમાં પણ એ વિરહના ઝાપટા વરસાવે અને વલવલાટ કરે, મહારાષ્ટ્રના સંત જ્ઞાનેશ્વરના અભંગોમાં પણ જીવને વધુરૂપે વર્ણવીને પરમાત્માને વર સ્વરૂપ ગણી તેની સેજલડીમાં સૂઈ જવાનો અણસાર આવ્યો છે.

આ વડનગરે પધારેલા શ્રીહરિએ સત્સંગીઓની શ્રદ્ધા-ભક્તિનું બળ જોયું અને પછી નટનાગરે પોતાની લીલા માંડી, જ્ઞાનવાર્તા, ધર્મ-ઉપદેશથી સત્સંગીઓમાં બળ રેડ્યું અને સુખ વધાર્યું. એ વાવેલાં બીજમાં એક બીજ એવું બળુકું બન્યું કે સમસ્ત ગામ આખામાં શિરમોડ થયું. એ હતા વિપ્ર જ્ઞાતિના જેઠીબાઈ અને એનો પુત્ર વનમાળી. એણે તો જગતના વહેવારનીય પરવા ન કરી, તો પછી સુખ દુઃખની બેડીઓને તે કેમ ગણકારે ? ભલે વહેવારિયા લોકો તેને માટે જેમ ફાવે તેમ બોલે, આર્થિક સ્થિતિનુંય સાન ભાન ખોઈ બેઠા અને મનને મજબૂત કરી બાંધ્યું. સાધુ-સંતો અને શ્રીહરિને આદર ભાવે પોતાના ભાણામાંથી અડધો ટૂકડો વધારી ધર્માદાનો ભાગ કાઢી સૌને જમાડતા.

- **ભક્ત વત્સલ ભગવાને જેઠીબાઈની મઠની કોઠી અખૂટ કરી**

સંવત ૧૮૬૯ ની સાલે શ્રીહરિ વડનગર પધાર્યા. એ વખતે જેઠીબાઈના હૈયાની વળેગી ગાંઠ છૂટી ગઈ. જમવા બેઠેલા શ્રીહરિને ગદ્ગદ્ કંઠે કહ્યું, "મહારાજ ! અમે તો આર્થિક સ્થિતિએ ઘસાયેલા રહ્યા, આ લોકમાં સાધારણ નબળા લોક કહેવાઈએ એટલે આપનો

મનગમતો થાળ કરી જમાડી શકીએ નહિ. એમાંય માથે દુષ્કાળ ખાબક્યો છે. અમારો નિભાવ જેમ તેમ કરીએ છીએ, પણ અમારી ટેક અણનમ રહે તેવી દયા રાખજો. આવતા જતા સંત-સાધુનો રોટલો ન અટકે એવો કંઈક ઉપાય બતાવો.''

મહારાજ થાળ જમી ઊભા થયા અને બેઠક લેતા બોલ્યા, ''જેઠીબાઈ ઘરની કોઠીમાં દાણા કેટલા ભર્યા છે ?'' જેઠીબાઈ બોલ્યા કે કોઠીમાં બે મણ મઠ છે. મહારાજે કહ્યું કે, કોઠીને સાણેથી મઠ કાઢજો, ઉપરથી કોઠીને ઉઘાડશો નહિ. ઉપરથી તો ઢાંકી જ રાખજો. એના સાણેથી જોઈતા મઠ કાઢજો, એટલે વરસ આખું તમારો વહેવાર ચાલશે અને દુષ્કાળ પાર પડી જશે, ત્યાં સુધી મઠ ખૂટશે નહિ, અને હા, વહેવારે જે કાંઈ બીજું જરૂર પડે તો એ મઠ વેચીને વહેવાર ચલાવજો.''

શ્રીહરિનાં વચને વિશ્વાસ રાખી, જેઠીબાઈએ કોઠીનું ઢાંકણ લીપી બંધ કર્યું. વરસ આખું વિતાવી ચૂક્યા. પછી તો જેઠીબાઈ જગતથી સાવ નિરાળા થઈ સર્વસ્વ શ્રીહરિને સમર્પણ કરી, સ્મરણ-ચિંતન-ભજનમાં પરોવાઈ ગયા.

અંતકાળે પોતાના પુત્ર વનમાળીને કહ્યું, 'બેટા ! ભાઈ, હવે મને શ્રીહરિ તેડવા આવશે. હું તેના ધામમાં જાઉં છું. પણ જોજે કદીય ધર્મ ભૂલતો નહિં. જેટલો ધર્મભાવ જાળવીશ એટલો સુખી થઈશ. દૃઢપણે ધર્મ પાળજે !' એમ કહી જેઠીબાઈ તો વાત કરતાં કરતાં જ અક્ષરધામની વાટે નીકળી ગયાં. આ વાતને નિષ્કુળાનંદ સ્વામી લખતા કહે છે કે,

*વડનગર વસે બહુ જન, ભક્ત પ્રભુના પરમ પાવન,*
*ખેચરાદિક દ્વિજ ભક્તભાઈ, હરિજન જેઠી દોલીબાઈ.*

*(ભ.ચિ. ૧૧૯)*

*(દંઢાવ્ય દેશ દર્શન - નારીરત્નો)*

- **વડનગરના ઉજમ વિપ્રના રૂપિયાની રક્ષા શ્રીહરિએ કરી**

વડનગરમાં શ્રીહરિનો આશ્રિત ઉજમ નામનો એક વિપ્ર હતો તે ડભાણ યજ્ઞમાં મહારાજનાં દર્શન કરવા ગયો. મહારાજે તેને પૂછ્યું, કે 'તારી પાસે રૂપિયા કેટલા છે ?' તે વિપ્રે કહ્યું કે, 'પાંચસો રૂપિયા છે તે વાણિયાને ઘેર મૂક્યા છે.' મહારાજે પૂછ્યું કે, 'અમને એ રૂપિયા આપશો ?' ત્યારે ઉજમ વિપ્રે કહ્યું કે, આપીશ. એટલે મહારાજ બોલ્યા કે હમણાં જા અને તે વાણિયા પાસેથી રૂપિયા લઈને પછી ઘેર જજે. એટલે તે વિપ્ર વડનગર ગયો. પછી વાણિયા પાસેથી તે રૂપિયા લઈને મહારાજ પાસે ડભાણ આવ્યો ને મહારાજને કહ્યું, મહારાજ ! લો આ રૂપિયા. મહારાજે કહ્યું, અમારે રૂપિયા જોઈતા નથી. એ તો વાણિયો દશ દિવસમાં દેવાળું કાઢવાનો હતો એટલે તારા રૂપિયા જશે એમ જાણીને તને કહ્યું હતું. માટે તું તારા રૂપિયા પાછા લઈ જા આ પ્રમાણે શ્રીજીમહારાજે પોતાના ભક્તના રૂપિયાની રક્ષા કરી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ - વાર્તા-૩૨૪)*

- **સહજાનંદી મીરા ઝમકુબાઈ વડનગરમાં આવ્યા તે બાઈઓએ તેમની મદદ કરી**

માતાજી તે ઉદયપુર રાજાની કુંવરી હતાં ને તેનું નામ ઝમકુ બાઈ હતું. એકવાર શ્રીજીમહારાજે હિંદુસ્તાની સુખાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, "તમે ઉદયપુરના રાજાને સત્સંગી કરાવી આવો. અમારી મૂર્તિ, ધારી વાતું કરજો તમને કોઈ નહિ પુગે" ત્યારે સુખાનંદ સ્વામી શ્રીજીમહારાજને પગે લાવીને ચાલી નીકળ્યા. તે ફરતા ફરતા ઉદયપુર ગયા. પોતે એક કમંડળ રાખતા તે ભરીને એકદમ દરબાર ગઢમાં ગયા ત્યાં દરવાણીએ અટકાવ્યા ને કહ્યું "અરે સાધુરામ ! ક્યાં જાતે હો ?" ત્યારે સુખાનંદ બોલ્યા જે, "તેરા રાનીકા હમ ગુરુ હોતા હૈ" એમ કહીને તુરત દરબારગઢમાં ગયા, તે ટાણે દરબાર ઢોલિયા ઉપર બેઠા હતા. તેનો જમણો હાથ ઝાલીને કમંડળમાંથી

પાણી લઈ સ્વામીએ દરબારને વર્તમાન ધરાવી દીધાં. ત્યારે રાજાએ તે સાધુ સામું જોયું તેથી તેના અંતરમાં ટાઢું થઈ ગયું. એટલે તે ઉઠીને સ્વામીને પગે લાગ્યો ને આસન નાખી તે ઉપર બેસાડ્યા ને કહ્યું "કાંઈ ઉપદેશની વાતો કરો."

ત્યારે સ્વામીએ જમપુરીની તથા ગર્ભવાસની ઘણી વાતો કરી તથા ભગવત ગીતાના ઉપદેશની વાતો કરીને કહ્યું જે, "આ કળિયુગમાં ભગવાનનો અવતાર થાવાનો કહ્યો છે. તે આજ સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે." એવી ઘણી વાતો કરી. તે સાંભળીને ત્યાં દરબારનો ગોલો બેઠો હતો તેણે જનાનખાનમાં જઈને વાત કરી જે, "સ્વામિનારાયણ નામે ભગવાનનો અવતાર થયો છે તેનો એક પરમહંસ દરબાર પાસે આવેલ છે તે બહુ સારી ઉપદેશની વાતો કરે છે." ત્યારે તે સાંભળવા રાણી વગેરે સહુની ઈચ્છા થઈ પછી કચેરી પાસે ઓરડો હતો ત્યાં રાણી તથા કુંવરીઓ વગેરે વાત સાંભળવા બેઠા. ત્યારે સુખાનંદ સ્વામી ગઢડાની વાત કરતા હતા. તેમાં દાદા ખાચરને સત્સંગ થયો તથા જીવુબાઈ વગેરે બાઈઓને સત્સંગ થયો તે વાત કરી તથા મહારાજના મહિમાની અને જમપુરીની તથા નરકના કુંડની વાત કરી. તે સાંભળીને ત્યાં રાજાની કુંવરી બેઠા હતા. તેને વિચાર થયો જે, "એ સ્વામિનારાયણ ભગવાન પાસે મારે જવું.' પછી રાત્રીએ સહુ સૂઈ ગયા ત્યારે પોતે બારીએથી લૂગડાં બાંધીને હેઠા ઉતર્યા ને ગઢમાં પાણી જાવાના ગરનાળા હતા. તેમાંથી બહાર નીકળી ગયાં ને ગઢડા તરફ ચાલ્યા. પણ પોતાને રસ્તાની ખબર નહિ ને વાંસે ગોતવા સ્વાર આવે તે બીકથી એક ખાઈમાં મરેલ ઊંટ પડ્યું હતું. તેના ખોખામાં (હાડપીંજર) સંતાઈ ગયા.

સવારે રાજાને ખબર પડી તેથી માણસોને ગોતવા મોકલ્યા પણ મળ્યા નહી ને પાછા ગયા. એટલે ત્રીજે દિવસે પોતે ખોખામાંથી બહાર નીકળ્યા. ને નાહીને ચાલવા માંડ્યા ત્યારે રસ્તામાં વણઝારાની

પોઠ ભેગી થઈ તે ભેળા ચાલ્યા તે વણઝારો નિત્ય તે બાઈની સરભરા રાખતો તે પોતાનાં માણસો સાથે વાત કરતો કે, ‘‘આ બાઈને આપણે આપણા દીકરા વેરે પરણાવશું’’ તે વાતને ઝમકુબાઈ જાણી ગયા. તેથી વણઝારાથી નોખા પડવાનો વિચાર કર્યો તેવામાં તે વડનગર આવ્યા ને પોઠ ભેગા તળાવ ઉપર રાત રહ્યાં. પછી સવારમાં ગામમાંથી સત્સંગી બાઈઓ તળાવે નાહવા આવેલ તે નાતા નાતા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરતા હતા તે સાંભળીને ઝમકુબાઈએ જાણ્યું જે, ‘‘આ બાઈઓ સ્વામિનારાયણના સત્સંગી જણાય છે.’’ એમ જાણીને તુરત ઉઠીને બાઈઓ નહાતા હતા તેની પાસે ગયા. ને પોતાની બધી વાત કહીને કહ્યું જે, ‘‘મારે સ્વામિનારયણ પાસે જાવું છે.’’ ત્યારે તે બાઈઓ બોલી જે, ‘‘અમારે પણ આજે જ ગઢડે જાવું છે. માટે તમે સુખેથી અમારા ભેગાં ચાલો.’’ એમ કહી તેને ઘેર લઈ ગયા ને ત્યાં જમાડીને પછી ગઢડે જવા ચાલ્યા તે ગઢડા ગયા ને મહારાજનાં દર્શન કરીને પગે લાગ્યા. ત્યારે વડનગરનાં બાઈઓએ મહારાજને કહ્યું જે, ‘‘હે મહારાજ ! આ ઉદયપુરના રાજાના કુંવરી (કોઈ જગ્યાએ રાજાની રાણી ઝમકુબા હતા તેવું વર્ણન પણ છે) છે તેને વર્તમાન લેવા છે. તે આપની આજ્ઞા પાળવી છે ને સંસારમાં રહેવું નથી તેણે મોટા સુખાનંદ સ્વામીની વાતો સાંભળી તેથી તેને વૈરાગ્ય થયો છે ને આંહી આવ્યા છે. માટે હવે તેને ઉપાધી ન થાય તેવે ઠેકાણે રાખવા.’’ પછી મહારાજે વર્તમાન ધરાવીને જીવુબાઈ ભેગા રાખ્યા ને જીવુબાઈને કહ્યું જે, ‘‘આ બાઈને ભગવાનની વાતો કરજો ને ખબર રાખજો. પછી સારા જોગે સારે સ્થાનકે મોકલી દેશું.‘‘ *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૦૧)*

- **વડનગરના બે બ્રહ્મચારીની સત્સંગને ભેટ મળી**

વડનગરના બે ભિક્ષુક વિપ્ર કાઠિયાવાડમાં ભિક્ષા વૃત્તિ કરીને પાછા વળતાં મહારાજના દર્શન કરવાની ઈચ્છાથી ગઢપુર નજીક

ગયા, ત્યાં મહારાજ કાઠી સવારો સાથે લઈને સામેથી ચાલ્યા આવતા જણાયા અને મહારાજ એ બે વિપ્રને મળ્યા. એટલે તે વિપ્ર ખભેથી પોતાના ખડિયા નાખી દઈને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. એ જોતા જ મહારાજ બોલી ઉઠ્યા કે રાખો રાખો. ત્યારે તે વિપ્ર બોલ્યા કે, "મહારાજ ! અમે તો તમારા દર્શને આવીએ છીએ." ત્યારે મહારાજે કહ્યું કે, તમે ગઢપુર જાઓ અને અમે આમ જઈને આવીએ છીએ. એમ કહીને વિપ્રને ગઢપુર મોકલ્યા અને પોતે ઉત્તર દિશામાં ગયા. વિપ્ર ગઢપુર ગયા, ત્યાં તો મહારાજને અગ્નિ સંસ્કાર થતા હતા. એટલે વિપ્ર નવાઈ પામી ગયા અને ત્યાં વાત કહી. તે સાંભળી બધા નવાઈ પામ્યા પછી એ વિપ્ર બ્રહ્મચારી થયા. અને હરિકૃષ્ણાનંદ અને રામચંદ્રાનંદના નામે અમદાવાદમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની સેવામાં રહ્યા હતા. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો - વાર્તા ૧૫૮)*

- **શ્રીહરિએ વડનગરમાં મૌની બાવાનું મૌન તોડ્યું ને શર્મિષ્ઠા તળાવના પાણી ઉપર ચાલ્યા**

વડનગરમાં એક મૌની બાવે આવેલો. મૌન રાખે. બોલે કંઈ નહીં. લોકોને આશીર્વાદ આપે. ગામ લોકો બાવાની પધરામણી કરે. ભેટ મૂકે. પૂજા કરે. પાલખીની આગળ શરણાઈ ઢોલ વગેરે વાગે. મહારાજે જોયું તો બાવો દંભી લાગ્યો. ગાંજો ફૂંકવા વાળો, ક્રોધી પણ એટલો જ. બાવો લોકોને ભૂત પ્રેત અને દોરા ધાગામાં ફસાવતો. એક વખતે આ વરઘોડો બજારમાંથી શર્મિષ્ઠા તળાવ તરફ આવતો હતો.

મહારાજ પહોંચ્યા બાવા પાસે. તેના કાનમાં કહ્યું, "બાવાજી, ભગવાને જીભ આપી છે. રામનું ભજન કરો. કૂતરા બિલાડામાં ઘણું મૌન પાળ્યું." અને બાવો ખીજાણો. મહારાજને ગાળો બોલવા લાગ્યો. મૌન પણ તૂટ્યું. તેના માણસો મહારાજની પાછળ પડ્યા. મહારાજ શર્મિષ્ઠા તળાવના પાણી ઉપર ચાલી નીકળ્યા. સામે કાંઠે પહોંચી ગયા. લોકોએ આ જોયું ને તેમને લાગ્યું કે ખરા સિદ્ધ તો

મહારાજ છે. બાવો તો ઢોંગી છે. બાવો નાસી ગયો વડનગરને છોડીને. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

- **વડનગરના બહેચર કુંભારને શ્રીહરિ તેડવા પધાર્યા**

વડનગરના બહેચર નામે કૂંભાર ભક્તે એક વખત શ્રીહરિ ભગવાનને ભાવથી જમાડ્યા હતા. તે પુણ્યથી તેના અંતકાળ વખતે શ્રીહરિ અનંત મુક્તો સહિત દિવ્ય સુવર્ણમય રથમાં બેસીને તેડવા માટે પધાર્યા. માર્ગમાં ઉભેલા કેટલાક મનુષ્યો અદ્‌ભૂત રથ જોઈને અંદર બેઠેલા મુક્તોને પૂછવા લાગ્યા કે ''આ રથ કોનો છે ?'' ત્યારે મુક્તોએ કહ્યું કે, '' આ તો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો રથ છે.'' અને પોતે બહેચર ભક્તને ધામમાં લઈ જવા માટે પધાર્યા છે. એ પ્રકારે સાથે આવેલા મુક્તો લોકોની આગળ વાતો કરતા હતા તેજ સમયે સમર્થ શ્રીહરિ ભગવાન પોતાનું દિવ્ય દર્શન આપીને તે ભક્તને અક્ષરધામમાં લઈ ગયા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય ૧૦૪)*

- **શ્રીહરિ વડનગર પધાર્યા ને વાંસેથી સંતદાસજી આવ્યા ને પંદર દિવસ રહ્યા**

સંવત ૧૮૬૩ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે શ્રીનગરથી ચાલ્યા તે મોટેરા, ઉવારસદ, ગેરીતા, વીસનગર થઈ વડનગર પધાર્યા ને વાંસેથી સંતદાસજી પૂર્વ દેશમાંથી આવ્યા તે શુકાનંદ સ્વામીના મંડળ ભેળા થયા ને ત્યાં પંદર દિવસ પર્યંત રહ્યા ને પછી શ્રીજીમહારાજને ભેળા થઈને બદ્રિકાશ્રમમાં ગયા ને મહારાજને વડનગરના હરિભક્તોએ વાજતે ગાજતે તળાવ ઉપર બંગલામાં ઉતાર્યા ને આચારજ વનમાળી આંસકરણને ઘેર થાળ જમવા પધાર્યા. તે જમીને સંતમંડળને જમાડીને ઉતારે પધાર્યા ને બે દિવસ રહીને એવી રીતે લીલા કરીને સર્વની પૂજાને અંગિકાર કરીને સિદ્ધપુર પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૭-૮)*

- **વડનગર તથા વીસનગરમાં બે સ્વરૂપે અઢી માસ સુધી શ્રીહરિએ બ્રહ્મભોજન કરાવ્યું**

સિધ્ધપુરનો સમૈયો કરીને મહારાજ ઊંઝા પધાર્યા છે. વીસનગરના હરિભક્તોએ મહારાજને વીસનગર પધારવા ઘણી જ વિનંતી કરી. વડનગરના હરિભક્તોએ પણ મહારાજને વડનગર પધારવા માટે ઘણો જ આગ્રહ કર્યો.

"તમે તમારે ગામ જઈને અમારા સામૈયાની તૈયારી કરો. અમો આવતી કાલે સવારે તમારા ગામમાં આવીશું." મહારાજે કહ્યું : વીસનગરના હરિભક્તોએ વીસનગર જઈને સ્વામિનારાયણ ભગવાનના સામૈયાની તૈયારી કરી. અને બીજે દિવસે સવારે આઠ વાગે કાંસા ગામના માર્ગે ઢોલ, નગારા, શરણાઈ સાથે વીસનગરના બધા હરિભક્તો ઉભા રહ્યા. બરાબર નવ વાગે મહારાજનો ઘોડો દેખાયો. કાઠી દરબારોના ઘોડાઓ દેખાણા. સંતો દેખાણા અને હરિભક્તો દેખાણા.

"બોલો સ્વામિનારાયણ ભગવાનની જય" અબીલ ગુલાલ ઉડવા માંડ્યો. ઢોલ નગારા શરણાઈએ પોતાનું કામ શરૂ કર્યું. શણગારેલી બગીમાં મહારાજને બિરાજમાન કર્યા. આખા ગામમાં શોભાયાત્રા નીકળી. ઠેર ઠેર ભગવાનનું સ્વાગત થયું. આખું ગામ ગુલાબી રંગનું થઈ ગયું. આનંદનો મહાસાગર ઉમટ્યો. બપોરે સવારી કેશવરાય સુબાને ત્યાં ગઈ. કેશવરાયે આખા સંઘને જમાડ્યા.

વિશ્રાંતી લઈ સ્વામિનારાયણ ભગવાને ચાર વાગે સુબાના ઘર આગળ ચોકમાં મોટી સભા ભરીને બધાને ભગવાન સંબંધી વાતો કરી. સંધ્યા થતા આરતી ધૂન કરી. ફરીથી રાત્રે સભા કરી. શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ શ્રીકૃષ્ણ ભગવાનના લીલા ચરિત્રો ગાયા. સંતો પાસે કીર્તન ગવરાવ્યા. સભા રાતના અગિયાર વાગે સમાપ્ત કરી ભગવાન પોઢી ગયા.

બીજે દિવસે વડનગરથી પાંચ માણસો વીસનગર સાડીઓ વેચવા આવેલા. તેમણે વીસનગરના હરિભક્તોને કહ્યું, ''કાલે તો સ્વામિનારાયણ ભગવાનની શોભાયાત્રા વડનગરમાં નીકળેલી. આવી ભવ્ય નગરયાત્રા હજુ સુધી વડનગરમાં નીકળી નથી.''

''અરે સ્વામિનારાયણ ભગવાન તો અહીં વીસનગરમાં છે. તેમનું સામૈયું અને નગરયાત્રા આપણે કાલે કાઢેલી, આ લોકો તો ડીંગ નથી મારતા ને ?'' હરિભક્તો વિચારવા લાગ્યા. પેલા લોકોએ કહ્યું, ''સ્વામિનારાયણ તો વડનગરમાં છે. તેમના સંતો-પાર્ષદો, કાઠી સવારો બધા વડનગરમાં છે.''

આ ખરું કે તે ખરું, એવા ઘાટ થયો.

ત્રણ ચાર સત્સંગીઓ ઘોડા ઉપર વડનગર જવા ચાલી નીકળ્યા. શર્મિષ્ઠા તળાને કિનારે દશા વાણિયાની વાડી પાસે વિશાળ ચોકમાં સ્વામિનારાયણ ભગવાન સભા કરીને બિરાજમાન છે. હરિભક્તો ઘોડા ઉપરથી નીચે ઊતર્યા. ભગવાને દંડવત પ્રણામ કર્યા. ભગવાને ''જય સ્વામિનારાયણ કહ્યા. એક કલાક સભામાં બેસી ત્યાંના હરિભક્તોને ભગવાન વીસનગરમાં છે એની વાતો કરી પાછા વળ્યા.'

વડનગરના હરિભક્તો - ચાર પાંચ વીસનગર આવ્યા. તો સાંજના ચાર વાગે ભગવાન કેશવરાય સૂબાને ત્યાં ચોકમાં સભા કરીને બિરાજમાન હતા. સંતો ભગવાનના કીર્તન ગાતા હતા.

આમ સ્વામિનારાયણ ભગવાને અઢી મહિના સુધી વીસનગર તથા વડનગરમાં પોતાના બે સ્વરૂપો ધારણ કરીને સભાઓ કરેલી છે. એટલું જ નહિ પણ પોતે સંતો રૂપે, પાર્ષદો રૂપે, હરિભક્તો રૂપે, કાઠી દરબારો રૂપે તથા ઘોડાઓ રૂપે બે સ્વરૂપે થયા છે. તે બંને સ્થળે અઢી માસ સુધી બ્રહ્મભોજન બ્રાહ્મણોને લાડવા જમાડેલા છે.

આ દિવ્ય પ્રસંગની નોંધ સદ્. મહાનુભાવાનંદ સ્વામીએ લીધી છે.

ચોપાઈ

*વળી વડનગરમાં મુરારી, બીજે રૂપે ગયા સુખકારી,*
*તિયાં પણ લીલા બહુ કરી, અઢી માસ સુધી ફરી ફરી ॥૬॥*
*નાગધરામાં નાહ્યા છે ઘણા સંત, સાથે રાખી નહિ મણા,*
*થાળ જમ્યા છે તેહ ઠેકાણે, ગળનાળા ઉપર પ્રમાણે ॥૭॥*
*વળી એક દિને ભગવાન, વિશ્વામિત્રીમાં કરીને સ્નાન,*
*સંત સાથે જળ ક્રીડા કરી, નાગધરે આવ્યા છે શ્રીહરિ ॥૮॥*
*શકટ ઉપર પોઢી ગયા, સપ્ત દિવસ પોતે ત્યાં રહ્યા,*
*વળી હાટકેશ્વર મહાદેવ, તેમાં ગયા છે શ્રી વાસુદેવ ॥૯॥*
*પછી સરોવર કિનારે, ધર્મશાળામાં ગયા નિરધારે,*
*તેમાં જમાડ્યા સર્વે સંત, રાજી થયા છે મોટા મહંત ॥૧૦॥*
*ઝુમખરામ ત્યાં ભાવસાર, તેણે કર્યા મિષ્ટાંન્ન તૈયાર,*
*સંઘને જમાડ્યો તતકાળ, બહુ રાજી થયા છે દયાળ ॥૧૧॥*
*ત્યારે બીજા હરિજન ભાવ, ઘણો લીધો છે લાખેણો લાવ,*
*બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય વેપારી, સેવાઓ કરે છે, ત્યાં સારી ॥૧૨॥*
*વળી કોઠા નામે એક સર, તેમાં નાહ્યા છે શ્રી નટવર,*
*વળી દ્રાવ્ય નામે છે તળાવ, તેમાં નાહ્યા છે મનોહર માવ ॥૧૩॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉતરાર્ધ તરંગ-૯૪)*

- **પ્રભુની જમવાની અલૌકિક રીત**

એક સમયે ભગવાન એકલા જ વિજાપુર બાજુથી વડનગર તરફ આવતા હતા. રસ્તામાં વડનગરથી બે કિલોમીટર દૂર તળાવના કિનારે મહાદેવના મંદિરમાં રોકાણા. ત્યાંથી દોલીબહેન ઉપર સમાચાર મોકલાવ્યા કે મહારાજને બહુ ભૂખ લાગી છે તો જલ્દી થાળ બનાવીને ત્યાં મોકલાવો.

મહારાજને ભૂખ્યા જાણીને અને તળાવને કિનારે મહાદેવના મંદિરમાં છે તેથી દોલીબહેને ઝડપથી રસોઈ બનાવી અને મહારાજ માટે લઈને તે જગાએ પહોંચી ગયા. પરંતુ ઉતાવળથી થાળ બનાવવાના વિચારમાં થાળી-વાટકા વગેરે ભૂલી ગયા તેથી ત્યાં પહોંચ્યા પછી યાદ આવ્યું તેથી મનમાં ખેદ પામ્યા ''અરે હું ઉતાવળમાં ને ઉતાવળમાં વાસણ લાવવા ભૂલી ગઈને હવે મહારાજને શેમાં જમાડીશ ?

મહારાજે દોલીબાઈની ચિંતા જાણીને બાજુમાં પથ્થરની છીટ (લીસ પથ્થર જેવી) સાફ કરીને દોલીબહેનને કહ્યું જે કંઈ રસોઈ તમે લાવ્યા છો તે છીંટ ઉપર મૂકો. અમે પ્રેમથી જમી લઈશું. અનંત કરોડો બ્રહ્માંડોનો ધણી અનંત અનાદિ મુક્તોનો ધણી આજ પ્રેમી ભક્તની કરેલી રસોઈ પ્રેમથી પથ્થરને થાળી બનાવીને જમે છે તે પ્રેમની પરાકાષ્ઠા કેટલી હશે તે જણાઈ આવે છે. ધન્ય છે. દયાળુ પ્રભુને ધન્ય છે. પછી રસોઈ જમી પાણી પીધું અને વડનગર ગામમાં પધાર્યા. આ લીલા એક સ્મૃતિ બની રહે તે ભક્તોને ગાવા સાંભળવામાં સુખ થાય તેથી મારો પ્રભુ આવી નવી ને નવી લીલા કર્યા કરે છે. આ પ્રસાદીની પથ્થરની છીંટ હાલ વડનગર મંદિરમાં દિવાલમાં દર્શન માટે ફીટ કરીને રાખી છે. આજે અનેક યાત્રાળુઓ આ લીલાની સ્મૃતિ કરીને તે છીંટને નમસ્કાર કરીને માથે હાથ ફેરવી આંખે અડાડીને ધન્યતા અનુભવે છે. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવ પ્રસંગે પૂજા લાભ**

સંવત ૧૮૬૨ ની સાલમાં ચૈત્ર સુદ નવમીના રોજ વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવ પ્રસંગે સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામથી બહુ મોટા પ્રમાણમાં હરિભક્તો આવ્યા હતા. સવારથી મધ્યાહ્ન સુધી તે પ્રમાણે પૂજા ચાલી. પછી દંઢાવ્ય દેશના હરિભક્તો આવ્યા હતા તેમાં વડનગરના ભક્તજનોએ શ્રીહરિને સોનાના વસ્ત્ર,

આભૂષણ, ચંદન ચર્ચીને પહેરાવ્યા. આરતી સ્તુતિ કરી ચરણમાં કેસર, ચંદન ચર્ચીને પોતાના મસ્તક અને નેત્ર પર લીધાં. શ્રીહરિએ સૌને પ્રસાદીના હાર આપ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૮, તરંગ-૬૭)*

## ● વૌઠાને મેળે પૂજાનો લાભ

સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ ૧૪-૧૫ના રોજ વૌઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો. તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામથી ભક્તજનો બહુ મોટી સંખ્યામાં પધાર્યા હતા. તેમાં વડનગરના ભક્તજનો પણ પધાર્યા હતા. ને શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪, તરંગ-૫૧)*

## ● શ્રીહરિને મળેલા વડનગરના ભક્તજનો

| | |
|---|---|
| પ.ભ.શ્રી વનમાળીભાઈ વિપ્ર | પ.ભ.શ્રી હેમચંદભાઈ |
| પ.ભ.શ્રી સુરજરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ઉગરચંદભાઈ |
| પ.ભ.શ્રી ઉદ્યમરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી ભાઈચંદભાઈ વણિક |
| પ.ભ.શ્રી આદિતરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી બેચરભાઈ વિપ્ર-૨ |
| પ.ભ.શ્રી ભીખા લાલભાઈ વિપ્ર | પ.ભ.શ્રી રામરાયભાઈ |
| પ.ભ.શ્રી શ્યામલાલભાઈ | પ.ભ.શ્રી સુખચંદભાઈ (અધિકારી) |
| પ.ભ.શ્રી મુગટરામભાઈ | પ.ભ.શ્રી શિવરામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી સદાશિવભાઈ | પ.ભ.શ્રી પૂંજાભાઈ પટેલ |
| પ.ભ.શ્રી નાનચંદભાઈ ભાવસાર | પ.ભ.શ્રી ભાઈચંદભાઈ પટેલ |
| પ.ભ.શ્રી ઝુમખરામભાઈ ભાસાર | પ.ભ.શ્રી જેઠીબાઈ |
| પ.ભ.શ્રી બળદેવભાઈ ભાવસાર | પ.ભ.શ્રી બહેચરભાઈ કુંભાર-૩ |
| પ.ભ.શ્રી નરસિંહભાઈ ભાવસાર | પ.ભ.શ્રી દોલીબાઈ |
| પ.ભ.શ્રી જીતુભાઈ વણિક | પ.ભ.શ્રી ફૂલાબાઈ |
| પ.ભ.શ્રી બેચરભાઈ ભાવસાર-૧ | પ.ભ.શ્રી ઝુમાબાઈ |

પ.ભ.શ્રી અમુલાબાઈ
પ.ભ.શ્રી જયેષ્ઠાબાઈ
પ.ભ.શ્રી હુલ્લાસબાઈ
પ.ભ.શ્રી ચતુરાબાઈ
પ.ભ.શ્રી માણેકબાઈ
પ.ભ.શ્રી નાનીબાઈ
પ.ભ.શ્રી સુમચંદભાઈ વિપ્ર
પ.ભ.શ્રી નરસીદાસભાઈ
પ.ભ.શ્રી વનમાળીભાઈ આંસકરણ
પ.ભ.શ્રી પૂજારાભાઈ
પ.ભ.શ્રી પ્રેમચંદભાઈ

- **વડનગરમાં આવેલા મહાપ્રસાદીના દર્શનીય સ્થળો :**

(૧) **શર્મિષ્ઠા સરોવર** : શ્રીહરિ જ્યારે જ્યારે વડનગર પધારતા ત્યારે સંતોએ સહિત આ સરોવરમાં સ્નાન તથા જળક્રિડા કરતા તથા દક્ષિણ તરફના કાંઠેથી ઉત્તર તરફના કાંઠા સુધી પાણી ઉપર ચાલેલા છે. તેથી મહાપ્રસાદીનું છે.

(૨) **નાગધરો તથા ગરનાળું** : ગરનાળું બંને પ્રસાદીના છે. અહીં શ્રીહરિએ બે સ્વરૂપે વડનગર અને વીસનગરમાં અઢી માસ સુધી બ્રહ્મભોજન બ્રાહ્મણોને લાડવા જમાડેલા છે. સભાઓ કરીને ઉપદેશ આપેલો છે. તથા અલૌકિક દર્શનનું સુખ આપેલું છે.

(૩) **જેઠીબાનું ઘર તથા કોઠી** : અહી શ્રીહરિ થાળ જમેલા છે. અને અગણોતેરા કાળનું વિષમપણું હતું છતાં દયાળુ શ્રીહરિએ તેમની મઠની કોઠી અખૂટ કરીને કાળ વિતાવ્યો હતો.

(૪) **ધર્મશાળા** : આ ધર્મશાળા એક બ્રાહ્મણે પોતાના મોક્ષ માટે બનાવી છે તેમાં શ્રીહરિ ઘણીવાર ઉતર્યા છે. પોઢ્યા છે ને મોક્ષનો વર પણ આપેલો છે.

**(૫) પથ્થરની છીંટ** : લીસ પથ્થર જેવી આ છીંટ ઉપર શ્રીહરિ દોલીબાઈનો બનાવેલો થાળ ભાવથી જમ્યા છે. તેથી તે પ્રસાદીનો પથ્થર ભક્તજનોને દર્શનાર્થે વડનગર મંદિરમાં ચોડ્યો છે.

**(૬) વિશ્વામીત્રી નદી** : આ નદીમાં શ્રીહરિએ સંતો સાથે સ્નાન કરેલું છે તેથી પ્રસાદીની છે.

**(૭) શકટ (ગાડું)** : આ ગાડા ઉપર શ્રીહરિ બિરાજેલા છે તથા તેમાં પોઢેલા છે તેથી પ્રસાદીનું છે.

**(૮) હાટકેશ્વર મહાદેવ** : આ મંદિરમાં પ્રભુ ઘણીવાર આવેલા છે તેથી તે પ્રસાદીનું મંદિર છે.

**(૯) ભીમનાથ મહાદેવ** : અહીં પણ શ્રીહરિ ઘણીવાર પધાર્યા છે.

**(૧૦) કોઠા તળાવ** : આ તળાવમાં પણ સંતો સહિત શ્રીહરિએ સ્નાન કરેલું છે.

**(૧૧) દ્રાવ્ય તળાવ** : આ તળાવમાં શ્રીહરિએ સ્નાન કરેલું છે.

**(૧૨) જાડેશ્વર મંદિર** : આ મંદિરમાં પણ શ્રીહરિ પધારેલા છે તેથી પ્રસાદીનું છે.

● **વડનગર મંદિરના નિર્માતા સદ્.શ્રી ચૈતન્યદાસજી સ્વામી**

વડનગરમાં મંદિર હવેલીઘાટનું છે. ને મંદિર દક્ષિણાદા બારનું છે. સુંદર દેખાવવાળું છે. લાલજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રસાદીની છે. તે મૂર્તિઓ ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે સંવત ૧૯૨૪ માં પૂજવા આપી હતી તે મૂર્તિને આજે ૧૪૭ વર્ષ થયા છે ને ત્રણ વર્ષ પછી ૧૫૦ વર્ષ પૂર્ણ થશે ત્યારે સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાશે. અને આજ હવેલી ઘાટના મંદિરમાં સં. ૨૦૧૭ ના જેઠ વદી એકાદશીના દિવસે ''શ્રીહરિકૃષ્ણ મહારાજ''ની ધાતુની

મૂર્તિની વેદોક્તવિધિથી ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજની એ પ્રતિષ્ઠા કરેલી છે.

આ મંદિર સદ્‌ગુરુ શ્રી ચૈતન્યદાસજી સ્વામીએ બંધાવેલું છે.

- **નિરાવરણ દૃષ્ટિવાળા સદ્.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી**

આ સંતોની પરંપરામાં વડનગરના એક સંત થઈ ગયા. એમનું નામ ઈશ્વરચરણદાસજી સ્વામી. ભગવાનનું અખંડ સ્મરણ કરવાવાળા, વચનસિધ્ધ, તથા નિરાવરણ દૃષ્ટિ વાળા સ્વામી હતા. તેમના આશીર્વાદથી ઘણા ભક્તો સુખી થયા હતા.

મહેસાણાથી તારંગા જતી રેલ્વે લાઈન ઉપર વડનગર આવેલું છે. લોકો ગાડીમાં આવ જા કરે. મહેસાણાથી ઉપડેલી ગાડી વડનગર સાડા અગિયાર વાગ્યે પહોંચે. વડનગર મંદિરમાં દર્શન કરવાવાળા હરિભક્તો મંદિરમાં બાર વાગે પહોંચે. વચમાં પ્રસાદીનું હાટકેશ્વર મહાદેવના દર્શન કરે. હાટકેશ્વર મહાદેવ પ્રસાદીના છે. મંદિરમાં ઠાકોરજી સાડા દશે થાળ જમે. પણ ઈશ્વરચરણદાસજી સ્વામી પોતાની દિવ્ય દૃષ્ટિથી રસોડામાં સંતોને જાણ કરે કે આજે વધારાની પાંચ જણની રસોઈ બનાવજો. વધારાની વીસ જણાની રસોઈ બનાવજો. મહેસાણાથી કે આજુ બાજુથી હરિભક્તો જે સત્સંગીઓ રેલ્વેમાં બેસે તે સ્વામીને જણાઈ આવે. અને જેટલા કહ્યા હોય તેટલા જ સત્સંગીઓ મંદિરમાં આવે. આવનારને તકલીફ ન પડે અને રસોડામાં પણ ફરી રસોઈ બનાવવી ન પડે. વળી સ્વામી પોતે શ્રીજીમહારાજ સાથે સાક્ષાત વાતો કરતા હતા. કોઈને કંઈ પણ તકલીફ હોય તો તે મહારાજને પૂછીને સમાધાન કરતા ને સુખ થાય તેમ જણાવતા. તેમના સંપર્કમાં આવેલા ઘણા હરિભક્તો ઊંચી સ્થિતિને પામેલા હતા.

સ્વામી પોતે પણ ઘણીવાર પોતાના પૂર્વ અવતારો થયેલા તે સર્વે કહી બતાવતા અને પોતે કેટલાક અવતારોમાં પોતાની ઉચ્ચ

સ્થિતિ વગેરે કહેતા. અને શ્રીહરિને સર્વોપરીપણે સારી રીતે સમજતા તથા હરિભક્તોને સમજાવતા. ધન્ય છે આવા સંતને....

વડનગરમાં શ્રીહરિએ ઘણીવાર પધારીને ખૂબ સ્મરણીય લીલા કરી છે. અને ભક્તજનોને સુખ ઉપજે તેમ તેમની રસોઈઓ જમ્યા છે, પોઢ્યા છે. ઘેર ઘેર પધરામણી કરે છે. એક દિવસ, બે દિવસ, સાત દિવસ, એક માસ, દોઢ માસ, અઢી માસ સતત રોકાઈને ભક્તજનોને દર્શનનું ખૂબ સુખ આપીને વડનગર વાસીઓને ખૂબ સુખો આપીને ધન્યભાગી બનાવ્યા છે. ઉત્તર ગુજરાતનું સત્સંગનું છેવાડું ગામ છે તો પણ પ્રભુની દૃષ્ટિમાં આવી ગયું ને વડનગર વાસી ભક્તજનોને પ્રભુને ખૂબ રાજી કર્યા ને ખૂબ સેવા કરીને ખાટી ગયા.

- **વડનગરમાં પ્રભુના આગમનને જોવા આખાનગરના જનો હલકીને આવ્યા**

પ્રભુને પધારતા સાંભળીને તે નગરનો રાજા પોતાના અસવારો તથા સૂરચંદ નામના અધિકારીને સાથે લઈ, વાજિંત્રો અને ધજાપતાકા સાથે, છડીદાર, ચોપદાર, અમાત્યો અને સેવકો સાથે લઈને, એક કોશ જેટલા અંતર સુધી શ્રીહરિની સન્મુખ ગયો. તેમજ સૂરજરામ, ઉદ્યમરામ, શિવરામ, આદિતરામ, ભીખારામ તથા શ્યામલ આદિક બ્રાહ્મણો પણ અતિ ઉત્સાહપૂર્વક કીર્તનો ગાતાં ગાતાં શ્રીહરિની સન્મુખ ગયા. વળી ન્યાનચંદ, ઝૂમખરામ, બળદેવ, નરસિંહ, પૂંજારામ, આદિક વૈશ્યભક્તો પણ શ્રીહરિની સન્મુખ ગયા. - તે સર્વે ભક્તોએ નવીન મેઘ સરખા શ્યામ, ગોળ ચાંલ્લાએ સહિત કેસરનું ઊર્ધ્વપુંડ્ર તિલક કરેલા, એક હાથમાં ચાબુક અને બીજા હાથમાં લગામ પકડેલાં, હંસની પાંખ જેવા શ્વેત વસ્ત્રો ધારી રહેલા, કમળ સરખાં નેત્રો વડે ભક્તજનો ઉપર કૃપાદૃષ્ટિ કરતા, ભગવાન શ્રીહરિને જોયા. શ્રીહરિનાં દર્શન કરીને તેમને વારંવાર નમસ્કાર કર્યા. ત્યારબાદ કેસર-ચંદન, પુષ્પહાર-તોરા વગેરેથી શ્રીહરિનું પૂજન કર્યું અને પછી સાકર-પેંડા

આદિક ભેટ અર્પણ કરી. - ભક્તિપુત્ર ભગવાને પણ સર્વે ભકતજનોની પૂજા સ્વીકારી અને પછી પુરપતિની સેના, સાધુઓ, બ્રહ્મચારીઓ, ભગુજી આદિક પાર્ષદો, પદાતીઓ અને અસવારો સાથે, વાજિંત્રો સહિત વાજતે-ગાજતે વેદમંત્રોના ધ્વનિ સાથે પુરમાં પ્રવેશ કર્યો. આવી સર્વ શોભાએ યુકત, ધર્મસુત ભગવાન શ્રીપુરુષોત્તમે, પીઠુર્ય નામના દરવાજે થઈને, તે નગરના રાજમાર્ગે ચાલ્યા. તે જાણીને વડનગરમાં સર્વે નર-નારીજનો, શ્રીહરિનાં દર્શન માટે ઉતાવળે રાજ માર્ગ પર આવીને પંક્તિબદ્ધ ઉભા રહેવા લાગ્યા. શ્રીહરિનાં દર્શન કરવા માટે કેટલાક જનો બજારમાં ચૌટા વચ્ચે ઊભા, કેટલાક હવેલીઓ ઉપર ચઢ્યા, કેટલાક અગાશીઓ ઉપર ચઢ્યા, કેટલાક ઊંચાં વૃક્ષો ઉપર તો કેટલાક ઊંચા ઓટલાઓ ઉપર ચઢ્યા. કેટલીક સ્ત્રીઓએ પોતાના ઘરની બારીઓમાંથી, પૂર્ણકામ શ્રીહરિનાં દર્શન કરીને, માર્ગમાં ચાલતા શ્રીહરિને અનિમેષ નયને નિહાળીને તેમને નમસ્કાર કરતી હતી. હે રાજન્ ! ધર્મનંદન શ્રીહરિનું સૌંદર્ય અને ઐશ્વર્ય જોઈને સર્વે જનો એમ કહેતા હતા કે, આ સ્વામિનારાયણને ભગવાનનો અવતાર કહે છે તે કાંઈ ખોટું તો નથી જ. જો એમ ન હોય તો, તેમનામાં આવું ઐશ્વર્ય ક્યાંથી હોય ? કેટલાકે શ્રીહરિને વર્ણીવેષે જોયા, અને કેટલાકે અનાદિ, મસ્તક ઉપર દેદીપ્યમાન મુગટ ધારી રહેલા અને પાર્ષદો જેનાં ચરણકમળોની સેવા કરી રહ્યા છે તેવા અક્ષરસ્થ સ્વરૂપે શ્રીહરિને જોયા. શ્રીહરિનાં દર્શન કરીને કેટલાક કહેતા હતા કે, અનેક જન્મોના પુણ્યનું ફળ આજે અમને મળ્યું, કેટલાક કહેતા હતા કે અમારું કુળ પાવન થઈ ગયું. અને કેટલાક જનો કહેતા હતા કે, નરકના કારણરૂપ પાપ થકી અમારું કુળ મુક્ત થઈ ગયું. હે રાજન્ ! કેટલાંક જનો તો, સંસારભયનો નાશ કરનારા શ્રીહરિનાં દર્શન કરીને વૃક્ષની જેમ સ્થિર થઈ ગયા અને અનિમેષ નયને શ્રીહરિના મુખારવિંદને જોઈ જ રહ્યા. ધર્મનંદન શ્રીહરિનાં

દર્શન કરીને બ્રાહ્મણોએ વેદમંત્રોચ્ચાર સાથે સુગંધીમાન ચંદન પુષ્પાદિકે કરીને શ્રીહરિનું પૂજન કર્યું અને પછી સાકર-બરફી પેંડા વગેરેનું નૈવેદ્ય ધર્યું. તે સમયે ચતુર સ્ત્રીઓ માર્ગમાં ચાલતા અક્ષરધામાધિપતિ ધર્મપુત્ર શ્રીહરિને પુષ્પોથી વધાવતી હતી અને નેત્રો દ્વારાએ શ્રીહરિના સ્વરૂપને પોતાના હૃદયમાં ધારીને તેને આલિંગન કરતી હતી. શ્રીહરિએ પણ પોતાની નિર્મળ દૃષ્ટિથી સર્વે ઉપર કૃપાદૃષ્ટિ કરીને સર્વે જનોનાં ચિત્ત આકર્ષી લીધાં અને ત્યાર પછી પોતાના જનસમાજે યુક્ત અને સર્વે દેવો વડે નમસ્કાર કરાયા થકા, ત્યાંથી નાગધરા નામની જગ્યાએ આવ્યા. ત્યાં આવીને ઘોડા પરથી નીચે ઊતરીને, મંદહાસ્યે યુક્ત શ્રીહરિ, આંબાવાડીઓમાં એક સુંદર ઓટલા ઉપર બિરાજમાન થયા. ત્યાં શ્રીહરિની સમીપમાં મુનિઓ, બ્રહ્મચારીઓ, ભક્તજનો અને બીજા પણ હજારો જનો બેઠા.

### ● નાગધરા સરોવરમાં સ્નાન તથા પ્રશંસા કરી

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે જ્યેષ્ઠજિત રાજા ! તે સરોવર જોઈને, શ્રી સ્વામિનારાયણ ભગવાન અતિ પ્રસન્ન થઈને તેની પ્રશંસા કરતાં કહેવા લાગ્યા કે, આ સરોવર તો માનસરોવર જેવું છે, સમુદ્ર જેવું વિશાળ છે અને આશ્ચર્યકારી છે. તેના અગાધ જળમાં વિવિધ પ્રકારનાં કમળો, માછલીઓ આદિ જળજંતુઓ લાગે છે. પૂર્વ થઈ ગયેલા પુણ્યશાળી જનોએ કેવું સુંદર અને દૃઢ રીતે બંધાવ્યું છે. આ પ્રમાણે તે સરોવરની પ્રશંસા કરીને ભગવાન શ્રીહરિએ, સંત-વર્ણી અને હરિભકતો સાથે તે નાગધરામાં સ્નાન કર્યું. હે રાજન્ ! શ્રીહરિએ સ્નાન કર્યા પછી સરોવરમાંથી બહાર નીકળીને એક સર્વોત્તમ રેશમી પીતાંબર ધારણ કર્યું. અને બીજું એક ઉત્તરીય વસ્ત્ર ધારણ કરીને શ્રીસ્વામિનારાયણ પ્રભુ ત્યાં નજીકમાં જ આવેલા આંબાના એક વૃક્ષ નીચે, એક શુદ્ધ કોમળ આસન ઉપર બિરાજમાન થયા. પછી સર્વેના કારણ એવા શ્રીહરિએ સ્વસ્વરૂપનું ધ્યાન કર્યું અને સંધ્યાદિ નિત્યકર્મ

કરીને શાલીગ્રામની પૂજા કરી. તે જ પ્રમાણે સંત, વર્ણી, પાર્ષદો અને અન્ય ભકતજનો પણ સ્નાનાદિકથી પરવારીને પછી પોતપોતાની પૂજા કરતા હતા. તે જોઇને સર્વે પુરવાસીઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા. પછી તે પુરના નગરજનો, તેમજ રાજા, તેના અમાત્યો અને સેવકો તે સર્વે પણ, ભગવાનશ્રી સ્વામિનારાયણને નમસ્કાર કરીને પોતપોતાને ઘેર ગયા. ત્યારબાદ સૂરજરામ તથા વનમાળી આદિક હરિભકતોએ જોઈતી ચીજવસ્તુઓ લાવી આપીને પવિત્ર બ્રાહ્મણો પાસે, સંતો માટે રસોઈ બનાવડાવી.

- **મોટી સંખ્યામાં ભક્તજનો હતા છતાં શ્રીજી પ્રતાપે રસોઈ અખૂટ થઈ**

હે રાજન્ ! જેઠી આદિક વિપ્ર સ્ત્રીઓએ, તે નાગધરાને કિનારે,આંબાના વૃક્ષ નીચે રસોડું બનાવીને, શ્રીહરિને માટે પ્રેમપૂર્વક રસોઈ બનાવી. પછી તે રસોઈ થાળમાં પીરસીને શ્રીહરિના જ, શાલિગ્રામાદિક સ્વરૂપને તે થાળ ધરાવ્યો એ પછી તે થાળ, પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિને જમાડ્યો. તે વિપ્ર સ્ત્રીઓના જુદા જુદા થાળ શ્રીહરિ જમ્યા અને પછી વાસુદેવાનંદ વર્ણીએ જળપાન કરાવીને મુખવાસ આપ્યો. સેવકો જેના ચરણકમળોનું સેવન કરે છે એવા સંતપતિ ભગવાને, ત્યાં ઓટલા ઉપર થોડો સમય વિશ્રામ કર્યો. થોડીવાર પછી બધી રસોઇ તૈયાર થઇ ગઇ ત્યારે ઇન્દ્રિયજીત સંતો હાથમાં પોતપોતાનાં પાત્રો લઈને, પાર્ષદો સાથે જમવા માટે ગયા. ભકતજનોની વિનંતીથી શ્રીહરિ પણ સંતોને પીરસવા માટે પાકશાળામાં જવા માટે અશ્વ ઉપર બેસીને, નાગધરાના કિનારે રહેલા સર્વેજનોને પોતાની કૃપાદૃષ્ટિથી આનંદ આપતા આપતા ત્યાંથી નીકળ્યા.

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - પાકશાળામાં આવીને શ્વેતાંબરધારી ભગવાન અશ્વ ઉપરથી ધીમે રહીને નીચે ઊતર્યા. તે વખતે શ્રીહરિએ જમણા હાથમાં રૂમાલ ધારણ કર્યો હતો. આવી રીતે પ્રભુ પાકશાળામાં

આવ્યા. ત્યારે સર્વે સંતો તથા હજારો હરિભકતો ઉચ્ચ સ્વરે 'શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય.. શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય' એમ બોલવા લાગ્યા. તે સર્વેએ સ્વામિનારાયણ ભગવાનને અતિ પ્રેમથી નમસ્કાર કર્યા અને પછી સર્વે સંતો અને પાર્ષદો જમવા માટે પંકિતમાં બેસી ગયા. ત્યારબાદ સર્વઅંતર્યામી ભગવાન તે પંક્તિમાં પીરસવા માટે તૈયાર થયા. ત્યારે રાંધેલી રસોઈ ઓછી જોઈને તે રસોઈયાઓ શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે ભગવન્ ! અમને એમ જણાય છે કે ભોજનાર્થે તો બહુ જ જનો આવેલા છે અને આ લાડુ, દાળ-ભાત અને શાક તો બહુ જ ઓછાં છે. તે સાંભળીને શ્રીહરિએ મધુર વાણીથી તે બ્રાહ્મણોને કહ્યું કે હે વનમાળી ! હે સૂરજરામ ! આ લાડવાના ઢગલા ઉપર તમે એક મોટું વસ્ત્ર ઢાંકી દો અને પછી તેમાંથી એક બાજુએથી લાડવા લો. પછી શ્રીહરિએ બ્રહ્મચારીઓને કહ્યું કે હે વર્ણીઓ ! તમે સ્નાન કરીને, પ્રથમ વિષ્ણુને નૈવેદ્ય ધરી, પછી પંચ યજ્ઞ કરીને, જમવાની શરૂઆત કરો. - આમ કહીને શ્રીહરિએ સુંદર પીતાંબર પહેર્યું અને પછી પંચાદ્ર કર્યું (બે હાથ, બે પગ અને મુખ પાણી વડે ધોયા) પછી સુશોભિત મુખારવિંદવાળા, સુંદર પુષ્પહારો ધારણા કરેલા શ્રીહરિનાં સર્વે ભકતજનો દર્શન કરતા હતા. મહાનુભાવાનંદ મુનિ શ્રીહરિને પંખો નાખતા હતા. તેમની સમીપે શ્રેષ્ઠ બ્રાહ્મણોએ હાથમાં લાડુ ભરેલાં પાત્રો રાખ્યાં હતાં. તેમાંથી શ્રીહરિ પોતાના બંને હાથમાં બબ્બે લાડુ લઈને, હાથપગ ધોઈને પંક્તિબંધ જમવા માટે બેઠેલા સંત-પાર્ષદોને પીરસવા લાગ્યા. હે રાજન્ ! ક્ષણમાત્રમાં તે સર્વેને એકવખત પીરસી દઈને, શ્રીહરિ પીરસવાની ચતુરાઈ બતાવતા હતા. પછી શ્રીહરિએ તે સર્વેને જમવાનું શરૂ કરવા માટે આજ્ઞા આપી. હે નૃપ ! અતિકૃપાળુ ભક્તિનંદન શ્રીહરિએ જમવા બેઠેલા સંત-પાર્ષદોને વારંવાર પીરસીને

સર્વેને સંતૃપ્ત કર્યા. પછી રસોઇયાઓ પ્રત્યે બોલ્યા કે, હે વનમાળી! હે સૂરજરામ ! તમે રસોડામાં જુઓ. લાડવા બહુ જ છે. બીજા ભકતજનોને પણ ખૂબ જમાડો. પછી તે વનમાળી આદિક બ્રાહ્મણોએ અન્ય ભકતજનોને પણ ખૂબ જમાડ્યા તેમ છતાં પણ રસોઈ બિલકુલ ઓછી ન થઈ, તેથી તે સર્વે ભકતો ખૂબ આશ્ચર્ય પામ્યા. પછી ધર્મપુત્ર શ્રીહરિ તે ધર્મશાળાની (તે સર્વે જ્યાં જમવા બેઠા હતા તે જગ્યા) ખૂબ પ્રશંસા કરીને બોલ્યા કે, આ ધર્મશાળા કરાવનારને નિશ્ચે અક્ષરધામની પ્રાપ્તિ થશે. કારણ કે અહીં પ્રત્યક્ષ ભગવાનના ભકતો, વર્ણી, સાધુ, પાર્ષદો તથા બ્રાહ્મણો નિત્ય પ્રત્યે જમે છે અને નિવાસ કરીને રહે છે. ત્યાર પછી મુકુંદાનંદ વર્ણી જળપાત્ર લાવ્યા હતા તેમાંથી જળ લઈને શ્રીહરિએ હાથપગ ધોયા. પછી શ્રીહરિ ઘોડેસવાર થયા. તેમની આગળ ભગુજી આદિક પાર્ષદો અન્ય સર્વે જનોને 'તમે જલદીથી દૂર ખસો....દૂર ખસો' આમ બોલતા હતા. આવી રીતે શ્રીહરિ પાર્ષદો અને ભકતજનોએ સહિત નાગધરાના કિનારે આવેલા પોતાના ઉતારે પધાર્યા. ત્યાં ઓટલા ઉપર પાથરેલાં સુંદર ગાદલા ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. એ ત્યાં ઘણા સંતો, વર્ણીઓ અને હરિભકતો પણ શ્રીહરિની સન્મુખ બેઠા.

- **જીતુભાઈ તથા ભાઈચંદ વણિક તથા સર્વે ભક્તજનોને શ્રીહરિનો ભગવાનપણાનો નિશ્ચય થયો**

તે વખતે જીતુભાઈ નામના એક વણિક શ્રેષ્ઠ ત્યાં આવ્યા. તેમણે શ્રીહરિનાં દર્શન કરીને વારંવાર શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી તેણે શ્રીહરિની ઘણી સ્તુતિ કરી. અને શ્રીહરિના કંઠમાં મનોહર હાર પહેરાવ્યા અને પછી શ્રીહરિની સન્મુખ બેઠા. તેઓ શ્રીહરિનાં મુખારવિંદ આદિક અંગોનાં દર્શન કરીને તેનું ચિંતવન કરવા લાગ્યા અને પછી શ્રીહરિના ચરણકમળનાં નીરખીને દર્શન કર્યાં. તેમણે, શ્રીહરિનાં ચરણમાં, લાલ તળિયાના મધ્યમાં જ મૂળ તથા અગ્રભાગમાં

બે પ્રકારે થયેલી અખંડિત ઊર્ધ્વરેખા જોઇ. જમણા ચરણના તળિયામાંની ઊર્ધ્વરેખાની ઉત્તર અને દક્ષિણ ભાગમાં કમળ અને અંકુશાકારનું રેખાચિહ્ન જોયું અને ઊર્ધ્વરેખાની જમણીબાજુ ધ્વજનું ચિહ્ન જોયું. તથા અષ્ટકોણ, વજ્ર, જાંબુ અને સ્વસ્તિકનાં ચિહ્નો જોયાં અને ડાબા ચરણના તળિયામાં ઊર્ધ્વરેખાની ડાબી બાજુએ ત્રિકોણાદિ સર્વે ચિહ્નો જોયાં તે વણિકે આ સર્વે ચિહ્નો જોઈને ભગવાનને ઓળખ્યા. અને તેથી તે જ સમયે તે શ્રીહરિનો આશ્રિત થયો અને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યો. - પછી ભાઇચંદ નામે વણિક તથા અન્ય પંડિતો વિપ્રો, ક્ષત્રિયો, હજારો વૈશ્યો અને શૂદ્રો આદિક સર્વે, રમણીય અને અમાનુષી એવા ભગવાન શ્રીહરિની મૂર્તિ જોઈને અતિ આશ્ચર્ય પામ્યા. અને એમ નિશ્ચય કર્યો કે આજ બ્રહ્મપુરનિવાસી શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે. ધર્મનંદન શ્રીહરિને જ પરબ્રહ્મ નારાયણ જાણીને તે સર્વે જનોએ તેમનો દૃઢ આશ્રય કર્યો અને તે સર્વે જનો, શ્રીહરિને સેવવા લાગ્યા. ત્યારબાદ બ્રાહ્મણ આદિક હજારો હરિભક્તોએ ચંદન પુષ્પાદિકે કરીને શ્રીહરિની પૂજા કરી અને વિવિધ પ્રકારની ભેટસામગ્રીઓ અર્પણ કરી. પછી સૂરજરામ આદિક ભક્તજનોએ પ્રેમથી શ્રીહરિની આરતી ઉતારી અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યારબાદ શ્રીહરિનાં મુખારવિંદની સામે નેત્રો રાખીને તે સર્વે ભક્તજનો સભામાં બેઠા અને પછી ભાગવત્ આદિક સત્શાસ્ત્રોના વ્યસનવાળા ભગવાન શ્રીહરિ પ્રત્યે પ્રેમપૂર્વક બોલ્યા કે, - બ્રાહ્મણો કહે છે - હે પ્રભુ ! હે સ્વામિન્ ! આપના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અમને સહેજે જ થાય, તમારી ભક્તિમાં કદાપિ વિઘ્ન ન થાય, અજ્ઞાનનો નાશ થાય તેવી વાતો આપના મુખેથી સાંભળવાની અમને ઘણી ઇચ્છા છે તેથી આપ તેવી વાતો કરો. આમ વિનમ્રતાપૂર્વક કહીને તે સર્વે હરિભક્તો, શ્રીહરિના મુખારવિંદ સામાં નેત્રો સ્થિર કરીને મૌન થઈ ગયા.

- **શ્રીહરિએ વડનગરમાં ભક્તજનોને પોતાનું સર્વોપરીપણું સમજાવ્યું**

પછી મંદહાસ્યે યુક્ત મુખારવિંદવાળા અને પોતાની કૃપાદૃષ્ટિથી સભાજનોના અજ્ઞાનને દૂર કરતા શ્રીહરિ, હાથ વડે તાળી વગાડીને બોલ્યા કે, શ્રીહરિ ભગવાન કહે છે - હે ભક્તજનો ! મારા સ્વરૂપનું જ્ઞાન અને મારી નિર્વિઘ્ન ભક્તિનું સ્વરૂપ તમને સંક્ષેપમાં કહું છું, તે સાંભળો. તમે સર્વે મારા નિષ્કપટી ભક્તજનો છો. માટે મેં કહેલું આ મહાજ્ઞાન સાંભળીને તમે સર્વે નિશ્ચે પાપ રહિત થશો. હે ભક્તજનો ! અતિ પવિત્ર, જ્ઞાનોમાં સર્વોત્તમ, મંગળકારી, અતિસુખદાયક, સનાતન અને અતિ મનોહર એવું જે જ્ઞાન તે હું તમને કહીશ. હે ભક્તો ! જેમને આ પવિત્ર જ્ઞાનમાં શ્રદ્ધા નથી તેઓ મને ક્યારેય પામતા નથી. અને વારંવાર જન્મ-મરણાત્મક સંસારને પામે છે. હું સદાય સાકાર સ્વરૂપે અનંતકોટિ મુક્તોએ સહિત, નિરંતર, દિવ્ય બ્રહ્મપુર (અક્ષરધામ) ધામમાં નિવાસ કરીને રહું છું. બ્રહ્મધામમાં રહેલો એવો જે હું, તે અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ અને પ્રલયને સંકલ્પ માત્રથી જ કરું છું. કાળ-માયાદિક શક્તિઓનો નિયંતા પણ હું જ છું. સર્વેનો કર્તા, સર્વેનો સાક્ષી, અને સર્વકર્મફળપ્રદાતા પણ હું જ છું. જીવોના કલ્યાણને અર્થે હું જ, સ્વેચ્છાથી નરનારાયણાદિક નિર્ગુણ સ્વરૂપો ધારણ કરું છું. અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને અર્થે હું જ, સગુણ સ્વરૂપો ધારણ કરું છું. હે ભક્તજનો તમે સર્વે આ પ્રમાણે મને જાણો. માટે તમે સર્વે સ્વધર્મમાં રહીને, મને જ અવતારોનું કારણ જાણીને, આદર સહિત પ્રીતિપૂર્વક મારું ભજન કરો. હે ભક્તજનો! જે જનો મારી આજ્ઞા મુજબ વર્તે છે, મારામાં જ મનની વૃત્તિઓ રાખે છે અને અખંડ મારું જ સ્મરણ કરે છે તેવા ભક્તજનોને હું ઘણો જ સુલભ છું. - તેથી આલોકમાં જેઓ દૈવી પ્રકૃતિવાળા સત્પુરુષો છે તે તો, નરાકૃતિ

અને સર્વજીવોના નિયામક એવા મને પરબ્રહ્મ પરમાત્મા જાણીને, અનન્ય ભાવથી, અખંડ મારી ઉપાસના કરે છે અને દૃઢ વ્રતધારી થઈને મારું જ ધ્યાન-કીર્તન પૂજન કરે છે. તેમજ જિતેન્દ્રિય થઈને, નિયમપૂર્વક, પ્રતિદિન મારી જ કથા સાંભળે છે. આવા જનો તો સદેહે જ પરબ્રહ્મ પરમાત્મા એવા મને પામેલા જ છે. તો પછી તો દેહત્યાગ પછી પણ તેઓ મને પામશે જ એમાં કહેવાનું શું હોય ? આ લોકમાં આસુરી જીવો, મારા ઐશ્વર્યને નહીં જાણનારા જનો અને કુત્સિત અભિપ્રાયવાળા અજ્ઞાની જનો, મને મનુષ્ય જેવો જાણીને મારી અવગણના કરે છે. તેવા મનુષ્યોનું યજ્ઞાદિ સર્વે કર્મ, સ્વર્ગાદિ લોક અને સર્વે સુકૃત પણ નિષ્ફળ જ છે. અને તેઓ માત્ર કલેશને જ પામે છે. સભામાં શ્રીહરિએ આ પ્રમાણે અધર્મનું ખંડન કર્યું અને સર્વે ભક્તજનોને સુખ આપનારું સ્વસ્વરૂપનું જ્ઞાન અને નિર્વિઘ્ન ભક્તિનું સ્વરૂપ કહ્યું. *(સત્સંગીભૂષણ અંશ-૨, અધ્યાય-૬૩-૬૪)*

- **શ્રીનીલકંઠ વર્ણીએ ધૂલેગામના ભગવાનદાસ ભાવસારને વડનગરમાં ઝુમખરામ ભાવસારને ત્યાં જન્મ લેશો. એવો વર આપ્યો**

શ્રીનીલકંઠવર્ણી ફરતા ફરતા ધૂલે ગામ આવ્યા. ત્યાં નદીમાં સ્નાન કરી કાંઠા ઉપર રહેલા એક સુંદર પીપળાના વૃક્ષ નીચે મૃગચર્મ પાથરી બેઠા અને ચાર સારનો ગોટકો લઈ પાઠ કરવા લાગ્યા. તે ગામમાં એક ભાવસાર બાઈ ભગવાનદાસ નામના પોતાના પુત્ર સાથે રહેતી હતી. તેણે તેજ દિવસે પોતાના પુત્રને કહ્યું કે, તું ભગવાનને ગોતી લાવ. અને તે માટે તું આજે જ રવાના થા અને ભગવાનને લીધા સિવાય ઘરે પાછો આવીશ નહી. અને એમને એમ આવીશ તો હું એમ માનીશ કે મારા પેટે કપુત અને પથ્થર પુત્ર જન્મ્યો, એટલું જ નહિ પણ જીવન પર્યંત તારું મોઢું પણ જોઈશ નહી. માતૃભક્ત, માતાના વચનો સાંભળી કહ્યું કે, હે માતાજી ! આજને

આજ ભગવાન ક્યાંથી મળે ? તેમ જ હું ભગવાનને ઓળખી કેવી રીતે શકુ તે તમો મને કહો. ત્યારે બાઈએ કહ્યું કે, તારો અને મારો જો સાચો ભાવ હશે તો જરૂર ભગવાન મળશે. તેમાં શંકા નથી. ભગવાનને ઓળખવા માટે તને ફક્ત બેજ એંધાણી આપું છું, તે ઉપરથી તું ભગવાનને ઓળખી લેજે. ભગવાનના બેય ચરણમાં ઉર્ધ્વરેખાઓ સહિત સોળ ચિન્હો હોય તે ભગવાન છે તેમ માનજે. તેમજ પ્રભુના શરીરની છાયા દેખાય નહીં. આવી એંધાણીથી તું ભગવાનને ઓળખજે. તને ભાતું કરી આપું. તેમજ તારે જે વસ્તુઓ તથા ખર્ચી જોઈએ તે આપું તે લઈ જા પણ આજે જ તું રવાના થા. ભગવાનદાસ બધીજ તૈયારી કરી ચાલતા તૈયાર થયો ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે, હે સ્વામી ! આપ જો ભગવાન ગોતવા જાઓ છો તે ઘણું જ સારું છે. જો ભગવાન મળશે તો તો આપ ઘરે પાછા આવશો પણ કદાચ ન મળે તો ઘરે પાછા નહીં આવો તે વાત નક્કી છે. તો જો કદાચ આપ પાછા ન આવો તો મારે ધર્મ કેવી રીતે સાચવવો તે મને કહો. નારીનું વચન સાંભળી ભગવાનદાસ બોલ્યો કે, તું સમજ્યા વિના શા માટે ચિંતા કરે છે ? જો મારી માતાનો ભાવ સાચો હશે, તારું પતિવ્રત સાચું હશે, અને હું સાચા ભાવથી જતો હોઈશ તો જરૂર ભગવાન મળશે જ. ત્યારે મારી માતાનો ભાવ સાચો છે, તારું વ્રત પણ સાચું છે. અને હું સાચા ભવથી ગોતવા જાઉં છું. તો નિશ્ચય ભગવાન મળશે જ માટે તું ચિંતા ન કરીશ. પછી ભગવાનદાસ માતાને નમસ્કાર કરી તથા બેયને ધીરજ આપી મનને દઢ કરી ચાલતો થયો. ગામબહાર નદી કિનારે આવી નદી ઉતરે છે, ત્યાં અંતર્યામી શ્રીહરિ તેને દર્શન દેવાનો વિચાર કરી બોલ્યા કે, હે ભગવાનદાસ ! તમો અહીં આવો. ભગવાનદાસે તે વચન સાંભળી ઊભો રહ્યો. અહો અહિં કોઈ દેખાતું નથી અને મારું નામ દઈને મને કોણે બોલાવ્યો ? ચારે તરફ જોયું તો વૃક્ષ નીચે બાલાયોગીને બેઠેલા જોયા. અરે

આ કોણ હશે ? ક્યાંથી આવ્યા હશે ? હું એમને ઓળખતો નથી છતાં મારું નામ લઈને બોલાવ્યો માટે એમની પાસે જાઉં. પછી તે શ્રીહરિની પાસે આવ્યો અને બે હાથ જોડી પ્રણામ કરી પાસે બેઠો. ત્યારે વર્ણીએ પૂછ્યું કે તમો ક્યા કામે જાઓ છો ? ત્યારે તેણે કહ્યું કે, હું ભગવાનને ખોળવા જાઉં છું. તે આજ અથવા થોડા દિવસમાં મળશે કે નહીં મળે તે મને કહો. મને આપનો વિશ્વાસ આવે છે. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, ભગવાન તો ભક્તવત્સલ છે. તમારો સાચો ભાવ હશે તો આજેજ દર્શન આપશે. વર્ણીની વાણી સાંભળી તે રાજી થયો. અને આગળ ચાલવા ઉભો થયો. ત્યારે શ્રીહરિ કહે ઉતાવળા કેમ થાઓ છો ? જરા બેસો. મને નદી ઉતરતા કાંટો વાગ્યો છે, તેની પીડા થાય છે. તો તે કાંટો કાઢી આપો તો સારું ત્યારે ભગવાનદાસ કાંટો કાઢવા તૈયાર થયો. એટલે શ્રીહરિએ પોતાનો જમણો પગ તેના હાથમાં આપ્યો એટલે તેણે પ્રભુનો પવિત્ર ચરણ પોતાના ઢીંચણ ઉપર મૂકી પોતાના વસ્ત્રથી પગને સાફ કરી જોયું ત્યાં પ્રભુના જમણા ચરણમાં ઉર્ધ્વરેખા સહિત નવ ચિન્હો જોઈ આનંદ પામ્યો અને બોલ્યો, યોગીજી ! આ ચરણમાં કાંટો નથી, પણ કદાચ ડાબા ચરણમાં હશે, લાવો જોઉં. શ્રીહરિએ ભક્તનો ભાવ જોઈ ડાબો ચરણ તેના હાથમાં આપ્યો. તે ઢીંચણ ઉપર મૂકી સાફ કરી જોયું તો તેમાં સાત ચિન્હો જોયાં. તેથી તે ખૂબ આનંદ પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે એક એંધાણ તો મને મલ્યું. પછી ભૂમિ ઉપર જોયું તો પડછાયો ન જોયો એટલે તેને નક્કી થયું કે મારી માતાએ ભગવાનને ઓળખવાનાં બે એંધાણ કહ્યા હતા તે બરાબર આ વર્ણીમાં મલ્યા, માટે આ નક્કી ભગવાન છે. એમ વિચાર કરી બોલ્યો કે, હે પ્રભુ ! આજે મારું ઈચ્છિત કાર્ય પુરું થયું કારણ આપ જ સાક્ષાત્ ભગવાન છો. મારા ઉપર કૃપા કરી ને જ આપ અહીં પધાર્યા છો.

માટે હે પ્રભુ ! આપ મારે ઘેર પધારો, અને મારી માતાને દર્શન આપો. આપ ન મળ્યા હોત તો મારાથી ઘેર જવાત નહી. ને વનમાં જ ફરવું પડત અને મારી માતા ભગવાનનાં દર્શન વિના અન્ન જળ લીધા વિના જ શરીર પાડી નાખત અને મને સ્ત્રી હત્યા લાગત. તેથી આપે મને ઉગાર્યો, માટે આપ મારા ઘેર પધારી મારી માતાને દર્શન આપશો ત્યારે જ તે અન્નજળ લેશે. તો આપ કૃપા કરી મારે ઘેર પધારો. ભગવાનદાસની નમ્ર પ્રાર્થના સાંભળીને શ્રીહરિ તેની સાથે તેના ઘરે ગયા. તેણે તેની માને કહ્યું કે મારી સાથે ભગવાન પધાર્યા છે માટે દર્શન કરો. એટલે તે સાસુ, વહુ બેય બહાર આવ્યા અને જોયું તો વર્ણીનો પડછાયો ન જોયો. એટલે નિશ્ચે ભગવાન માન્યા, અને પછી ઘરમાં પધરાવી આસન ઉપર બિરાજમાન કર્યા. પછી શ્રીહરિ બોલ્યા કે, તમારા ત્રણેય જણાનો ઉત્તમ પ્રેમ જોઈ, તમોને દર્શન દેવા અહીં આવ્યો છું. નહીં તો મારા દર્શન મોટા દેવતાઓને પણ દુર્લભ છે. પછી સુંદર રસોઈ બનાવીને પ્રેમથી વર્ણીને જમાડ્યા. પછી તે સ્ત્રીએ ગામના માણસોને કહેવરાવ્યું કે મારા ઘરે તો ભગવાન પોતે પધાર્યા છે, તો દર્શન કરવા આવો. તે સાંભળી ગામના ઘણા માણસો દર્શન કરવા આવ્યા. ત્યારે શ્રીહરિએ રામચંદ્રજીરૂપે તથા શ્રીકૃષ્ણરૂપે દિવ્ય તેજોમય દર્શન દરેકને આપ્યાં, તેથી સૌ ઘણાંજ રાજી થયા. પછી ભગવાનદાસ તથા તેની મા, તથા તેની સ્ત્રી, ત્રણેયનો સાચો ભાવ જોઈ શ્રીહરિ તેમના ઉપર રાજી થયા, અને વરદાન આપ્યું કે તમો ત્રણેય જણા દંઢાવ્ય દેશમાં વડનગર ગામમાં અમારા સત્સંગી ઝુમખરામ નામે ભાવસારને ત્યાં જન્મ ધરશો. પછી મારો દૃઢ આશ્રય કરીને તમો અક્ષરધામમાં જશો. આમ કહી તેને ઘરે ત્રણ દિવસ રોકાઈને ત્યાંથી ચાલી નીકળ્યા. *(શ્રીહરિ વનવિચરણ વિશ્રામ-૧૧)*

## ડાંગરવાની દિવ્યતા

● **જમાડવાની ભાવનામાં જતનબાની જીત થઈ**

પરમકૃપાળુ, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને દંઢાવ્ય દેશની ભૂમિના નાના-મોટા ઘણાં ગામોને પોતાના પદરજથી પાવન કરી દર્શનીય સ્થળો બનાવ્યા છે. તેમાં આજે પણ ડાંગરવાનું નામ સાંભળતા દર્શને જવાનું મન થાય ને ત્યાં જઈએ ત્યારે અંતરમાં શાંતિનો અહેસાસ થાય એવી પ્રભુ પ્રસાદીની દિવ્યતાના આપણને દર્શન થાય વારંવાર જવાનું મન થાય તેવી ભૂમિમાં આજે પણ શ્રીહરિ તથા પાંચસો પરમહંસોના પદરજની દિવ્યતા ગામમાં, શેરીઓમાં જણાઈ આવે છે. આવું મહાપ્રસાદીમય ડાંગરવા ગામમાં શ્રીહરિના લાડીલા સેવાભાઈ આત્મનિષ્ટ એવા જતનબા આદિ બાઈઓ તથા અગરાજી, અમરાજી જેવા શૂરવીર ભક્તોને યાદ કરતા પણ તેમનો શ્રીહરિ પ્રત્યે કેટલો પ્રેમ અને પક્ષ તે આપણને પ્રેરણા આપી જાય છે. એવા ડાંગરવા ગામની ભૂમિને વંદન કરવાનું મન થાય, યાદ કરવાનું મન થાય. તેને વિષે શ્રી હરિલીલામૃતમાં પણ પ્રસાદીની ભૂમિનો મહિમા ગવાયો છે.

પુષ્પિતાગ્રાવૃતઃ

*પ્રભુ પદ રજ હોય જે કામે, અજભવ આદિ તહાં સ્વશીષ નામે ।*
*પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય ॥*

એવી અક્ષરધામ ભૂમિ ડાંગરવાનો મહિમા લખવાનો આનંદ પણ અનેરો હોય અને તે લીલા દર્શન વાંચવાથી પણ આનંદની હેલી થાય છે તો આવો હવે આપણે મહિમા સભર ડાંગરવા ધામની લીલાના બે ગુણ ગાઈએ. પ્રેમી ભક્તોની લાગણીને વશ પ્રભુ હોય છે તેથી તેમના મનોરથ પૂરા કરવા અને તેમના સંકલ્પને અંતર્યામીપણે જાણીને ભક્તજનોને દર્શન-કથા-વાર્તાનું સુખ આપવા તથા સ્મરણિય

લીલા કરવા પ્રભુ શ્રીહરિને એક સમયે ડાંગરવા જવાની તીવ્ર ઈચ્છા થઈ, ત્યારે શ્રીહરિ ખોરજ ગામથી નીકળી વડસ્મા ગામને ઓળંગી ડાંગરવા જવાના સુંદર માર્ગમાં રહેલ વિશાળ એવા ખારી વડને પામ્યા. ત્યાં વડ નીચે પ્રભુ વિરાજમાન થયા. તે વખતે કરજીસણથી પ્રભુને તેડવા ગોવિંદજીભાઈ પટેલ આવ્યા. ડાંગરવાથી પ્રેમી ભક્ત જતનબા આવ્યા. બંનેની આગ્રહભરી તાણ હતી કે પ્રભુને પોતાના ગામમાં લઈ જવા ને સેવાથી પ્રભુને રાજી કરવા.

ગોવિંદજીભાઈએ શ્રીહરિને કહ્યું, ''મહારાજ તમે મારા ગામ ડાંગરવામાં પધારો હું તમોને સંતોએ સહિત દરરોજ શીરો પૂરી વગેરે જમાડીશ. ત્યારે જતનબા બોલ્યા, ''હે કૃપાનાથ ! હું તમને તથા સંતો -પાર્ષદને રોજ દૂધ દહીં ખૂબ જમાડીશ.

બંને ગામના પ્રેમી ભક્તોમાં કોને ગામ પ્રથમ જવું તે નિર્ણય પ્રભુએ ન કર્યો ને બ્રહ્મમુનિને પૂછ્યું કે, આ ગોવિંદજીભાઈ તેમના ગામ આપણને લઈ જવા તાણ કરે છે ને દરરોજ શીરો પુરી વગેરે ખૂબ જમાડવાનું કહે છે. અને ડાંગરવાના જતનબા પણ આપણને તેમના ગામ લઈ જવાની બહુ તાણ કરે છે અને કહે છે કે, મારે ઘેર પધારો હું તમોને દૂધ-દહીં ખૂબ જમાડીશ. મહારાજ મારે સત્તર ભેંસો છે. દૂધ તથા દહીંની કમી નથી.'' આપ જોઈએ તેટલું પીરસજો. હું રાજી થઈશ.'' તો આપ જ આ વિષે નિર્ણય કરો ક્યા ગામે પ્રથમ જવું.

પછી બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કરીને કહ્યું, ''મહારાજ શીરો પુરી તો રોજ ન ભાવે અને દૂધ-દહીં તો રોજ ભાવે માટે આપણે ડાંગરવા જવાનું પ્રથમ રાખો.

તરત જ આ નિર્ણયને માન્ય રાખી શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ડાંગરવા પધાર્યા. ત્યારે વેણીભાઈ તથા અગરાજી અને અમરાજી વેગરે ભક્તજનો સામા જઈને વેણીભાઈના ઘેર મહારાજને પધરાવ્યા.

તે સંતોએ રસોઈ બનાવીને શ્રીહરિની રાહ જોતા હતા કે ક્યારે મહારાજ સૌને પીરસવા પધારે અને ક્યારે પ્રભુના હાથનો પ્રસાદ મળે. એવામાં શ્રીહરિ શ્વેત ખેસને ડાબે ખંભે નાખી પોતાની કેડ સંગાથે બાંધી કીર્તનો ગાતા મુનિઓની પંક્તિમાં ઘી ભરેલું પાત્ર લઈ ઘી પીરસવા આવ્યા. મહારાજે અગાઉ સંતોને કહ્યું હતું કે એક એક જણો જો બે બે શેર ઘી ન ખાઈ જાઓ તો તમને મારા સોગંદ છે.

- **પ્રભુની પીરસવાની અલૌકિક રીત**

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન ગોળ અને ભાતથી ભરેલાં સર્વ મુનિઓના પાત્રોમાં તથા સર્વે પાર્ષદોને પાત્રોમાં પુષ્કળ ઘી અખંડ ધારથી પીરસવા લાગ્યા. બીજા સંતો દરેકના પાત્રોમાં સુંદર શાકો, અથાણાં વગેરે જુદી જુદી વાનગીઓ પીરસતા હતા. ત્યાર બાદ શ્રીહરિ સર્વે મુનિજનોને કહેવા લાગ્યા કે, હવે જમો બધી વાનગીઓ પીરસાઈ ગઈ છે. એમ આજ્ઞાથી જમતા એવા તે સર્વે મુનિ પ્રત્યે બોલ્યા કે હે શ્રેષ્ઠ મુનિઓ ! તમોને માર્ગમાં અગાઉ જણાવ્યું હતું ને આજ્ઞા કરી હતી તેને ધ્યાનમાં રાખી મારાથી પીરસાતું ખૂબ ઘી જમો અને મારી આજ્ઞાથી જે કંઈ ઘી આદિક પદાર્થો જમશો તે તમોને દેહમાં ક્યારેય પીડા નહિ કરે. આ પ્રમાણે વારંવાર સંતો, પાર્ષદોને ઉદ્દેશીને તેમની પંક્તિમાં ફરી ફરીને તેમના પાત્રોમાં ગોળ અને ઘી વારંવાર નાખતા સતા શ્રીહરિ જતનબાને કહેવા લાગ્યા કે “હે મહા ભાગ્યશાળી ! જતનબા ! તમારું કલ્યાણ થાઓ.” અને તમારા ઘરમાં જેટલું ઘી હોય તેટલું લાવો કારણ કે આ ઘી હમણાં જ હું ખાલી કરી દઈશ. આ પ્રમાણેનું શ્રીહરિનું વચન સાંભળી જતનબા હસતા હસતાં શ્રીહરિને કહેવા લાગ્યા કે હે પ્રભો ! તમારે જેટલી પીરસવાની ઈચ્છા હોય તેટલું ઘી પીરશો અને સર્વે મુનિઓને તૃપ્ત કરો. હે ભગવન્ ! તમારા હાથ વડે ખૂબ પીરસાતું એવું મારું ઘી ક્યારેય પણ નહિ ખૂટે.” જતનબાએ

કહેલું વચન સાંભળી શ્રીહરિ સંતો, પાર્ષદોને પ્રેમથી દૂધ, દહીં, ઘી વારંવાર પીરસતા હતા. તે શ્રીહરિએ પીરસેલ ઘી, દૂધ, દહીં આદિકના કાદવવાળી તે ભૂમિ ખૂબ શોભાયમાન લાગતી હતી. ભગવાન શ્રીહરિ મુનિઓને તૃપ્ત થયેલા જાણી હાથ પગ ધોઈ પલંગ પર બિરાજ્યા. તે સમયમાં શ્રી જતનબાઈ સાકર, ઈલાયચી, કેસર, બદામ તથા અન્ય સુગંધીમાન પદાર્થોથી ભરેલું એવું ચાર શેર દૂધનું પાત્ર લઈ શ્રીહરિની સમીપે જઈને કહેવા લાગ્યા કે, ‘‘હે ભક્તવત્સલ પ્રભુ ! મારું ઘી ખુટાડવાનો સંકલ્પ તમોએ કર્યો પરંતુ ઘી તો ખુટવાડ્યું નહિ. માટે આ દૂધ તો અવશ્ય પીવો.’’ શ્રીહરિ તો તે દૂધ પીવાની ના પાડી તો પણ જનતબાએ શ્રીહરિને વારંવાર પ્રાર્થના કરી તે દૂધ પાત્ર શ્રીહરિને પરાણે આપ્યું ને કહ્યું મહારાજ આટલું દૂધ પી જાવ. પછી શ્રીહરિએ જતનબાના ભક્તિભાવને આધીન થઈ તે દૂધ સર્વે જનોનો દેખતા સતા પી ગયા.

- **આ તમારા ઘર ઉપરથી ચકલી આદિ પક્ષીઓ ઉડીને જશે તેનું પણ મારે કલ્યાણ કરવું છે**

આવી સુંદર લીલા કરતા શ્રીહરિને જોવા માટે આવેલ સર્વે નર નારીજનો અતિ આનંદ પામ્યા - કારણ કે આવી લીલા કોઈદી સાંભળેલી પણ નહિ ને જોયેલી પણ નહિ તેવી અલૌકિક પીરસવાની લીલા તેમણે પહેલી વહેલી જોઈ તેઓ ખૂબ રાજી થયા.

ત્યાર પછી વેણીદાસભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી કહેવા લાગ્યા કે, ‘‘હે મહારાજ ! તમારા જ્ઞાનથી જેમ અમારો મોક્ષ થાય છે તેમ, જ્ઞાન વગરના અમારા બાળકો જે મૃત્યુ પામે છે તેમનું કલ્યાણ ક્યારેક થશે કે નહિ થાય ? વેણીદાસે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતા શ્રીહરિએ જણાવ્યું કે, ‘‘હે શ્રેષ્ઠ બુદ્ધિવાળા વેણીદાસ ! વૈશ્ય જાતિના તમારા જે બાળકો મૃત્યુ પામે છે તે તમારા બાળક સંબંધી કલ્યાણની ચિંતા તમારે ક્યારેય હૃદયમાં ન ધારવી. કારણ કે જે કોઈ વૈશ્ય

ભક્તના ઘર ઉપર મારી દૃષ્ટિ પડેલી છે તે ઘર ઉપર થઈને ચકલી આદિ પક્ષીઓનું પણ કલ્યાણ મારે કરવું છે તો પછી મરતા તમારા બાળકોનું કલ્યાણ કરવું એમાં તો શું કહેવાનું જ હોય. એવી મારી દયા તમારા ઉપર છે તો તેમાં તમારે જરાયે ચિંતા કરવી નહિ.

આવું શ્રીહરિનું સુમધુર વચન સાંભળી વેણીદાસભાઈ શ્રીહરિને કહેવા લાગ્યા કે, અમારી ઉપર તમારી આવી દયા જો હોય તો લ્યો મારા હાથમાં વચન આપો. ત્યારબાદ વેણીદાસના વચનનો સ્વીકાર કરી શ્રીહરિ પોતાના હાથ વડે તે વેણીદાસના વચનનો સ્વીકાર કરી પોતાના હાથ વડે તે વેણીદાસના હાથમાં વચન આપી પોતાને ઉતારે પધાર્યા. શ્રીહરિને ઉતારે ગયા બાદ મુક્તાનંદ આદિ સર્વે મુનિઓ પણ પોતપોતાને ઉતારે ગયા.

**● ડાંગરવામાં શ્રીહરિ જતુબાઈ ક્ષત્રિયને ઘેર પધાર્યા તથા યમુનાબાઈને ઘેર રાત્રી રહ્યા.**

ત્યાર પછી કોઈ એક સમે શ્રીહરિ લાંગણજ નામના ગામથી ડાંગરવામાં વેણીદાસ ભક્તના ઘરે પધાર્યા. અને તે વેણીદાસભાઈના ઘરે શ્રી મુકુંદવર્ણીએ સુંદર થાળ તૈયાર કર્યો તે થાળ જમીને શ્રીહરિ બીજે દિવસે કોઈક ક્ષત્રિયાણી જતુબા નામના ભક્તના ઘેર જવા તૈયાર થયા. તે સમયે ગામજનોથી ખૂબ હર્ષપૂર્વક વિંટાયેલા, સ્વઘોડે વિરાજેલા અને ત્યાગી ગૃહી એવા પોતાના ભક્તોના કીર્તનો વડે ગવાતા એવા ભગવાન શ્રીહરિ જયનાદોના અવાજ તથા વાજિંત્રોના શબ્દોને સાંભળતા સતા વેણીદાસના ઘેરથી બહાર નીકળ્યા. જે માર્ગે શ્રીહરિ પ્રયાણ કરી રહ્યા છે તે તે માર્ગો જનસમુદાયથી ભરચક છે. એવા અનેક જનોને દર્શનનો અમુલ્ય લાભ આપતા સતા તે શ્રીહરિ જતુબાને ઘેર પધાર્યા. પછી તે જતુબાઈએ શ્રીહરિને પોતાના ઘેર પધારેલા જોઈ પોતાના હૃદયમાં ખૂબ આનંદ પામી શ્રીહરિને સુંદર શોભાયમાન આસને બેસાડ્યા. પછી પતિવ્રતા એવા જતુબાઈએ ચંદન, પુષ્પહારથી શ્રીહરિની પૂજા કરી. ત્યારબાદ જતુબા તથા તેમના

ચાર પુત્રો અમરોજી વગેરે ખૂબ પ્રેમથી તે શ્રીહરિને એક સુંદર ઘોડી અર્પણ કરતા હતા. ત્યારબાદ જતુબા શ્રીહરિની પ્રાર્થના કરતા સતા કહેવા લાગ્યા કે, ''હે પ્રભો ! તમે મારા જેવી ગરીબને ઘેર પધારી મારું ઘર પવિત્ર કર્યું તે બહુ સારું થયું.'' હે શ્રીહરિ હું તો આપની જ છું. તેથી મારો દેહાંત સમય જ્યારે થાય ત્યારે તમો આવાને આવા જ મને દર્શન આપજો અને અંત સમયે મને તમારા ધામનું અવર્ણનીય સુખ આપજો. આ પ્રમાણે પ્રાર્થનાને સાંભળીને શ્રીહરિ ત્યાં આસનેથી ઉઠીને ત્યાં ફળિયામાં લીંબડાના વૃક્ષ નીચે વિરાજમાન થયા અને જતુબાના ઘેરથી વેણીદાસના ઘર તરફ ચાલેલા શ્રીહરિ રસ્તામાં યમુનાબાઈ ભક્તને ઘેર પધારી રાત્રિમાં ત્યાં નિવાસ કર્યો. ત્યાં પાર્ષદો સંતો સાથે શ્રીહરિએ યમુનાબાઈના ઘેર વાળુ કર્યા ને બીજે દિવસે સવારે ત્યાંથી ચાલ્યા તે કરજીસણ પધાર્યા.

- **જતનબા આદિ બહેનોએ શ્રીહરિની પૂજા કુંકુમના લેપનથી કરી.**

ત્યાંથી શ્રીહરિ ખોરજ, નારદીપુર, ડાંગરવા ગામે પધાર્યા તે ગામથી પૂર્વમાં આવેલ વાડીમાં કૂવાની બાજુમાં કોઈક વૃક્ષની શિતળ છાયા નીચે સુંદર આસને દક્ષિણ તરફ ઓશીકું કરીને સૂતેલા અને મુનિઓથી યુક્ત એવા શ્રીહરિને વેણીદાસ તથા બીજા ભક્તજનોએ તે નમસ્કાર કર્યા પછી શ્રીહરિ તથા સંતોને સ્નાન કરાવી તે વાડીમાં સુંદર ભોજન કરાવ્યું. ભોજન કર્યા બાદ શ્રીહરિ તથા સંતો-પાર્ષદો વેણીદાસભાઈના ઘેર પધાર્યા. ને ત્યાં બિરાજમાન થયા ને સભામાં અડધી રાતે કૃપા કરીને શ્રીહરિ બાઈઓને કહેવા લાગ્યા કે હે જતનબા આદિ બાઈઓ તમારે જો મારી પૂજા કરવાની ઈચ્છા હોય તો હાલ જ તમો પૂજા કરો. આ પ્રકારે શ્રીહરિએ પ્રેરણા કરેલી તેથી સર્વ ભાવિક સ્ત્રીઓ પ્રેમપૂર્વક શ્રીહરિની પૂજા કરવા લાગી. જે પૂજામાં ચંદનનો અભાવ હોવાથી તે સ્ત્રીઓએ કેવલ કુંકુમના લેપનથી જ પૂજા કરી. આમ શ્રીહરિની પૂજાનો લાભ સર્વે ભાગ્યવંત બહેનોને મળેલો.

સવારે શ્રીહરિ શયનમાંથી ઉઠી જનતબાને કહેવા લાગ્યા કે, હે જનતબા! તમારી ફોઈ અને તમે સર્વે સ્ત્રીઓએ રાત્રે પૂજા સમયે મારા શરીર ઉપર કરેલો કુંકુનો લેપ સુકાવાથી મારા આખા શરીરની ચામડી ખેંચાય છે. આ પ્રકારનું વચન કહેતા શ્રીહરિનું આખું શરીર મુકુંદવર્ણીએ ભીના વસ્ત્રથી ધીમે ધીમે લુસી નાખ્યું ત્યારે ચામડી તણાવાની પીડાથી રહિત થયા. ત્યાર પછી શ્રીહરિ ત્યાંથી કરજીસણ પધાર્યા.

● **શ્રીહરિએ નવું ડાંગરવા વસાવાની ભક્તોને આજ્ઞા કરી**

સંવત ૧૮૬૯ ની સાલમાં શ્રીહરિ નારાયણઘાટથી ચાલ્યા તે મોટેરા, ઉનાવા, માણસા, વિહાર થઈ ડાંગરવા જતન ફઈના ઘેર થાળ જમ્યા. પછી પટેલ ધરમદાસના ઘેર થાળ જમ્યા અને ગામથી ઉગમણે તલાવ છે ત્યાં ઘોડી ફેરવીને હરિભક્તો આવ્યા હતા તેમને કહ્યું કે, તમો બધા કણબી છો તે અહીં આ નવું ડાંગરવા વસાવો ને તમારા ખેતરો વાડી પણ આ દિશામાં અને અમરોજી તમારા ગામની ચોકી કરશે. તે ટાણે તો સર્વેએ હા પાડી. પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે કુંડાળ, કડી, રામપુર-ભંકોડા, કાલિયાણા, રામગ્રી, વઢવાણ થઈ ખોલડીયાદમાં રૂડા ભક્તના ઘેર રાત્રી રહીને બીજે દિવસે ચાલ્યા તે ગઢપુર ગયા. ત્યાં તે જ રાત્રીએ રૂડા ભક્તના ખેતરમાં વરસાદ કર્યો. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૨)*

● **શ્રીહરિની ઘેંસ રાંધવાની અલૌકિક લીલા**

અગણોતરા કાળમાં શ્રીહરિ ભક્તજનોની સંભાળ લેવા ક્યારેક એકલા જતા રાત્રે જતા ને રાત્રે પાછા આવતા, ક્યારેક દિવ્ય સ્વરૂપે પણ જતા ને દર્શન દઈને પાછા આવતા ને ક્યારેક છાના રહેતા.

એકવાર શ્રીહરિ ડાંગરવા પધાર્યા. તે સમયે જતનબા સવારના પહોરમાં માટીના હાંડલામાં ઘેંસ રાંધવા બેઠા. એ જમાનામાં આવા આધુનિક સાધનો ન હતા. તેથી દેશી ચુલાના બળતણથી રસોઈ

બનાવી પડે. અને બળતણ જો વધુ હોય તો ઘેંસ દાઝી જાય અને ઓછું રાખે તો ઘેંસ કાચી રહી જાય તે ઘ્યાન રાખવું પડે તેથી સતત હલાવ્યા કરવું પડે.

આવા સમયે શ્રીહરિએ જતનબાના ઘરની સાંકળ ખખડાવી. જતન શું કરો છો ? મહારાજ ! આમ સવારના પહોરમાં ક્યાંથી ? અને એકલા કેમ ? જનતબાએ પૂછ્યું. કરજીસણ આવ્યો હતો થયું લાવને જતન ફોઈને મળતો જાવું. તેથી તમને મળવા આવ્યો. મહારાજે જવાબ આપ્યો.

સવારમાં ઢોરને ધણમાં મૂકવા છોડવાનો વખત થઈ ગયેલો અને જતનબા ભેંસોને ધણમાં મૂકવા જવાનો વિચાર કરતા હતા. તે અંતર્યામીપણે શ્રીહરિએ જાણી લીધું ને જતન ફોઈને કહે તમે ભેંસોને ધણમાં મૂકી આવો ને હું ઘેંસ હલાવું એમ મહારાજે કહ્યું. ત્યારે જતનબા કહે મહારાજ તમને આવું કામ ન સોંપાય. તમે તો ભગવાન છો. તેમાં શું થઈ ગયું. મહારાજ બોલ્યા. પછી જનતબાએ મહારાજને કડછો આપીને ભેંસોને ધણમાં મૂકવા ગયા.

અનંત કોટી બ્રહ્માંડના સર્જનહાર આજે મનુષ્ય લીલા કરે છે. બળતણ ઝાઝું નાખ્યું ને ધુમાડો બહુ થયો તેથી આંખો લાલ થઈ ગઈ અને પરસેવે રેબઝેબ થઈ ગયા ને ઘેંસ ઉભરાવા ન દીધી તે હલાવ્યે રાખી. જતનબા આવ્યા ને તેમને સ્મરણ થઈ આવ્યું કે મારા સ્વાર્થ માટે આવું કામ મહારાજ પાસે કરાવ્યું. ત્યારે મહારાજ કહે તેમાં તમારો દોષ નથી.

પછી મહારાજને ઘેંસ પીરસીને સાથે દૂધ-દહીંની તાંસળી ભરીને શિરામણ કરાવ્યું. અને જતનબા બોલ્યા કે મહારાજ ! બીજુ તો બધું ઠીક પણ આ હાંડલીનું રાંધેલું અનાજ જે ખાશે તે અક્ષરધામમાં જાશે એ નક્કી થઈ ગયું. પછી મહારાજે ત્યાંથી વિદાય

લીધી. શ્રીહરિ ધામમાં ગયા પછી જતનબા રોજ હાંડલીના દર્શન કરે ને ગળગળા થઈ જતા.

● **જતનબાને હાંડલી હૈયાનો હાર બની**

એકવાર આપણા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ફરતા ફરતા ડાંગરવા આવ્યા. ડાંગરવા વાસી ભક્તજનોએ મહારાજશ્રીનું સ્વાગત સામૈયું કર્યું. પછી જનતબાના ઘેર પધાર્યા. પ્રસાદીનો પોશાક તથા હાંડલીના દર્શન કર્યા. જનતબાએ આચાર્ય મહારાજશ્રીની પૂજા કરી આરતી ઉતારી મહારાજશ્રીને યથાશક્તિ ભેટ ધરી. મહારાજશ્રીએ જતનબા પાસે પ્રસાદીની હાંડલી માંગી. જતનબા બોલ્યા : ''મહારાજ ! હાંડલી તો મારો પ્રાણ છે. મારા પ્રાણ જોઈતા હોય તો આપું પણ આ હાંડલી જોઈને તો હું જીવું છું.'' પછી તો હાંડલી ન આપી. આજે તેના દર્શન ત્યાં થાય છે. ધન્ય છે જતનબાને કે તેમને કેટલો મહિમા શ્રીહરિનો અને તેમના સંબંધને પામેલી આ માટીની હાંડલીનો પણ જાણ્યો. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **શ્રીહરિએ ત્રીજીવાર ડાંગરવામાં દહીં-દૂધનો ઉત્સવ કર્યો**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિએ સંતો-હરિભક્તો સાથે ડાંગરવામાં ત્રીજીવાર દહીં-દૂધનો ઉત્સવ કર્યો. તેનું વર્ણન સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીએ કર્યું છે તે નીચે મુજબ છે.

શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે લાસડી, ડાભલા, છીપાવાડા (લાંગણજ) થઈ ડાંગરવા પધાર્યા. સર્વે ભક્તજનોએ શ્રીહરિને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા તે નરોતમભાઈના માઢમાં જઈને ઉતર્યા. પછી રતનબાઈ અને જનતબાઈ બે બાઈઓએ દૂધ તથા દહીં ભેગા કર્યા હતાં અને બોલ્યા કે, ''હે મહારાજ ! તમે કૃષ્ણાવતારમાં તો દૂધ-દહીં ખૂબ પીતા હતા.'' ત્યારે મહારાજે કહ્યું લાવો અત્યારે પણ પીશું. પછી દૂધ તથા દહીં સર્વે હાજર કર્યું.

- **શ્રીહરિ કહે જેણે આ દૂધ ભેગું કર્યું છે તેના ઘરમાં દૂધ ખૂટશે નહિ એવો વર આપ્યો**

પછી શ્રીહરિએ દૂધ તથા દહીં જમીને સંતોની પંક્તિ કરીને પીરસવા લાગ્યા. તે ધાર પાછી ખેંચે જ નહિ. જો કે સંતોએ બાજરાના રોટલા અને અડદની દાળ કરી હતી. તેમાં મહારાજે દહીં-દૂધ પીરસી દીધું. પછી શ્રીહરિ કહે : જેણે આ દૂધ ભેગું કર્યું છે તેના ઘરમાં દૂધ ખૂટશે નહિ. એમ વર આપ્યો. પછી ગામના હરિભક્તોએ ચંદન પુષ્પના હારથી મહારાજની પૂજા કરી અને ભેટ મૂકી. પછી શ્રીહરિ તૈયાર થઈને ચાલ્યા તે કરજીસણ, વડુ, પાનસર, ઓળા, જમીયતપુરા, અડાલજ, મોટેરા થઈ અમદાવાદ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

- **ડાંગરવાના નવલબાએ દિવ્ય દૃષ્ટિથી મહારાજને આવતા જોઈ જમનાબાને વાત કરી તેથી જતનબા સામા ગયા**

ડાંગરવા ગામમાં પટેલ જ્ઞાતિના વલબા નામના સ્ત્રી ભક્ત રહેતા હતા. મહાપ્રભુની કૃપાથી તેમને દિવ્ય દૃષ્ટિ મળી હતી. નિર્મળ મનના નવલબાએ એકવાર દિવ્યદૃષ્ટિથી જાણ્યું કે કરજીસણથી ગામના માર્ગેથી કાષાય (ભગવા) રંગના વસ્ત્રો પરિધાન કરેલા શ્રીજીમહારાજ અહીં આવી રહ્યા છે. આ વાત તેમણે પડોશમાં રહેતા જતનબાને કહી. નવલબાએ કહ્યું, હે જતનબા ! પવિત્ર કીર્તિવાળા, મનોહર વસ્ત્રો પહેરેલા અને દિવ્ય ઘંટડીઓથી રણકતા દિવ્ય રથમાં બેસી મહાપ્રભુ આવી રહ્યા છે. એ રથમાં તમારા ભત્રિજા પુરુષોત્તમ પણ છે અને તમે પણ એ રથમાં બેઠા છો એવું હું જોઉં છું. નવલબાની વાતથી જનતબા હર્ષઘેલા થઈ ગયા. ઈષ્ટદેવના થાળ માટે કાચું સીધું ભેગું કર્યું. મહારાજની સન્મુખ જવા ઘેરથી તે જ દિવસની રાત્રીએ નીકળી પડ્યા. ડાંગરવા ગામની સીમમાં માર્ગે એકલાં જતા હતા. ત્યાં સામેથી શ્રીજીમહારાજને આવતા જોયા. મહાપ્રભુ નજીક આવ્યા

ત્યારે જતનબા પગે લાગ્યા. કાષાય વસ્રધારી શ્રીહરિની સાથે પાર્ષદો પણ હતા. એ વખતે ભક્તોની સાથે કોઈ પ્રાકૃતિ ભાષાનું પદ બોલી રહ્યા હતા. એ પદનો અર્થ આવો હતો. હે સખી ! મારા પ્રિય ભગવાન શ્રીહરિકૃષ્ણ મારા બોલાવ્યા વિના પણ મારે ઘેર રોજ આવે છે. હું તેના ઉપર ગુસ્સે થઈ તુંકારે બોલાવું છું તો પણ એ કૃષ્ણ મારા પર ક્યારેય ક્રોધ કરતા નથી. અને રાજી રહે છે, આવી રીતના અર્થવાળુ ચરણ બોલતા બોલતા વસનભાઈ પટેલના ઘેર આવતા હતા. જતનબા તે પટેલના ઘેર ગયા ત્યાં રહેલા મહારાજશ્રીને કહ્યું, હે જગદાધાર ! વિશ્વવિધાતા શ્રીહરિ ! તમે પહેલા ભગવા વસ્રો ઉતારી નાખો. હું તમારા માટે પ્રેમથી ઝીણાં રેશમી વસ્ત્રો લાવી છું તે સ્વીકારો. જતનબાની પ્રાર્થનાથી શ્રીહરિએ મસ્તક ઉપર ઝીણું રેશમી વસ્ત્ર (બોરી નામનું) બાંધ્યું. અંગરખું વગેરે બીજા પણ રેશમી વસ્ત્રો પહેર્યા. ત્યારબાદ જતનબા શ્રીહરિને પોતાના ઘેર લઈ ગયા. જતનબા, તેનો ભત્રિજો નરોત્તમ, તથા બીજા રતનબા અને વ્રજબા એ સૌએ મળી મહાપ્રભુને જમાડ્યા. ત્યાર પછી એક આસને બેસાડી વિવિધ પૂજન સામગ્રીથી પૂજા કરી.

- **શ્રીહરિ કહે જતનબા મારી જે સ્ત્રી ભક્તિ કરે છે તેને હું અંતકાળે તેડવા આવું છું ને રાધાસમાન (મુક્ત બનાવું છું**

શ્રીહરિ ધ્યાન મુદ્રાથી બેઠા. પછી સંતો પાસે પ્રાકૃત કીર્તનો ગવડાવ્યા. કીર્તનો ગાઈ રહ્યા પછી વળી જતનબાને કહ્યું, હે જતનબા ! હું હાલમાં મનુષ્ય દેહે પ્રગટ છું. કેટલાક મૂઢ અને પાપી લોકો મારું અપમાન કરે છે. તિરસ્કાર કરે છે. સમર્થ અને શક્તિમાન હોવા છતાં આ બધું સહન કરનાર એવા મને સર્વ ભૂત પ્રાણી માત્રનો નિયામક જાણી જે સ્ત્રી ભક્ત પોતાના ધર્મમાં રહી મારું ભજન કરે છે, મારું સ્મરણ કરે છે, મારી ભક્તિ કરે છે, તે સ્ત્રીને અંતકાળે

હું તેડી જઉં છું અને તેને રાધા સમાન મહાન બનાવું છું. એમા જરાય સંદેહ નથી. શ્રીહરિની આવી વાત સાંભળી જતનબા ફરી બોલ્યા. જતનબા કહે છે - હે વૈકુંઠધામના અધિપતિ ! આપ જિતેન્દ્રિય છો. દિવ્ય મૂર્તિ છો. બદરીશ્વર છો. નરસખા નારાયણ સ્વરૂપ છો. દયાની ખાણરૂપ કોમળ મૂર્તિ હે પ્રભુ! આપને હું નમસ્કાર કરું છું. હે તપઃપ્રિય ! ગોલોક વિહારી અભ્રાંત ચિત્તવાળા, શુદ્ધ કીર્તિવાળા, આળસ વિનાના, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા, અગમ્ય આશયવાળા, બ્રહ્માદિકના પણ ગુરુ એવા હે પ્રભુ આપને હું નમસ્કાર કરું છું. હે વિશાળ યશવાળા, મનુષ્યો, દેવો, વરાહાદિક પશુઓ તથા મત્સ્યાદિક જળ જંતુઓમાં આપે અનેક અવતાર ધારણ કર્યા છે. તથા રામકૃષ્ણાદિક અવતારના ધારણ કરનારા પણ તમે જ છો. તેજના સમૂહની મધ્યમાં રહેલ દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા અક્ષરાતીત પૂર્ણ પૂરુષોત્તમ પણ તમે જ છો. હું આપને નમસ્કાર કરું છું. હે હરિકૃષ્ણ ! આ પ્રમાણે મેં તમને ઓળખ્યા છે. જે દિવસથી મેં તમારો આશરો લીધો છે તે દિવસથી રાધિકાજી સમાન બની ગઈ છું. એમાં કોઈ સંદેહ નથી. મારા સિવાય બીજી પણ કોઈ સ્ત્રી તમને મારી માફક હું જેમ તમને જાણું છું તેમ તે પણ જાણશે તો તેને પણ રાધિકાજી સમાન સુખ મળશે. હે ભગવાન, તમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન જે પુરુષને હશે તે પુરૂષ પણ દેહ ત્યાગ બાદ તમારો શ્રેષ્ઠ પાર્ષદ બનશે.

● **જતનબાના સંકલ્પે શ્રીહરિએ રાત્રીમાં વરસાદ કર્યો**

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હેજ્યેષ્ઠજીત! તે જતનબાએ આ રીતે સ્તુતિ કરી ત્યારે શ્રીહરિએ હસતા હસતા તેમને કહ્યું, હે જતનબા! હાલ જગત પાણી વિના દુઃખી થાય છે. ગાયો આદિ અબોલ પશુઓ પણ પાણી વિના ત્રાસ પામે છે. તમે મારા ઉત્તમ ભક્ત છો તો એવો સંકલ્પ કરો કે વૃષ્ટિ થાય. અને જળ સંકટ નાશ પામે.

ખેડૂતો પણ રાજી થાય. હે કલ્યાણી ! જે ભક્તના હાથમાં પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ રૂપી ચિંતામણી છે તે ભક્તના બધા સંકલ્પો સિધ્ધ થાય છે. માટે મનુષ્ય, પશુ, પક્ષી આદિકના સુખ માટે વરસાદ થાય તેવો સંકલ્પ કરી દુ:ખનું નિવારણ કરો. જતનબા કહે છે - ગરીબ નિવાજ હે મહારાજ ! વિશ્વંભર અને જગત્પતિ એવા બે સર્વવિદ્ નામો તો તમે ધારણ કરી બેઠા છો. મને કોઈ એવા નામોથી બોલાવતું નથી. એટલા માટે તમે જ પૃથ્વી ઉપર વરસાદ લાવો. અને સૌ પ્રાણીઓને સુખી કરો. તમારા સિવાય બીજો કોઈ પુરુષ વરસાદ કરવા માટે યોગ્ય નથી. હે રાજન્ ! જતનબાએ આવું કહ્યું તેથી ભક્તિ પુત્ર શ્રીહરિ મૌન રહ્યા. પછી સ્વામિનારાયણ ભગવાને સર્વ જીવોના સુખ માટે કરેલા સંકલ્પથી રાત્રિમાં ખૂબ વરસાદ થયો. સર્વત્ર થયેલા સારા વરસાદથી સર્વ જીવો - પ્રાણી માત્ર સુખી થતા હતા. (સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૨૫)

● **પ્રેમીજનને વશ પાતળિયો**

એકવાર મહારાજ ડાંગરવામાં આવી પહોંચ્યા. પણ સીધા ગામમાં ન ગયા. ખારીવડ નીચે બધા સંઘને ઊભો રાખ્યો. મહારાજ કહે તમે બધા કરજીસણ જાઓ. ગોવિંદભાઈને મળજો ને મારા જય નારાયણ કહેજો. હું પાછળથી કરજીસણ આવું છું. સંઘ કરજીસણ જવા રવાના થયો. મહારાજ પાસે ભગુજી રોકાયા. મહારાજે ભગુજીને કહ્યું : ભગુજી, તમો ગામમાં જઈને જતનબાને સમાચાર આપો, મહારાજ ભૂખ્યા છે ને ખારી વડે બેઠા છે.

ભગુજીએ જતનબાને સવારના પહોરમાં જય શ્રી સ્વામિનારાયણ કહ્યા. ભગુજી તમો અત્યારે અહીં ક્યાંથી ? મહારાજ ક્યાં છે ? જતનબાએ પૂછ્યું. ભગુજીએ કહ્યું : જનતબા, ''મહારાજ ખારી વડ નીચે બેઠા છે. અને ભૂખ્યા છે.''

જતનબા તરત જ તાંસળીમાં દહીં અને સાકર ઘોળીને ભગુજીને આપતા ભગુજીએ ના પાડી. તો પણ જતનબાએ ભગુજીને પરાણે જમાડી. (કારણ કે મહારાજ આવ્યાના સમાચાર લાવ્યા તેથી જમાડ્યું) જતનબાએ બાજરીનો રોટલો અને દહીંનું ગોરસું લઈને ભગુજી સાથે ખારી વડ તરફ ચાલી નીકળ્યા. મહારાજને માટે ભગુજીએ પાણીનું ગાડવું પકડી લીધું.

આ બાજુ સ્વામિનારાયણ ભગવાન વડ ઉપર ચડીને સંતાઈ ગયા. ખારી વડની આજુબાજુ લીંબડાના વૃક્ષો હતા. જગ્યા ઠંડકવાળી હતી. છાંયડો હતો ને વૃક્ષની ઝાડી ઘાટી હતી. જતનબાએ અને ભગુજીએ મહારાજને ન દીઠા. પછી જતનબા અને ભગુજીએ મહારાજને બોલાવવા માંડ્યા. મહારાજે સામો કુ..કુ...કુ..કુ.. અવાજ કાઢ્યો. ભગુજી શબ્દવેધી હતા. પણ કઈ દિશામાંથી અવાજ આવે છે તે નક્કી ન કરી શક્યા.

જનતબા થાક્યા અતિ પ્રેમનો વિરહ સહન ન થવાથી રડવા લાગ્યા. ''પ્રેમને વશ પાતળિયો'' પ્રભુથી આ ભક્તનું રુદન સહન થાય ખરું ? વડ ઉપરથી મહારાજ નીચે ઊતર્યા. જનતબાએ મહારાજના ઓવારણા લીધા. હાથ પાણીથી ધોવરાવ્યા અને તાંસળીમાં દહીં સાકર અને થાળીમાં રોટલા આપ્યા. મહારાજ ખૂબ હેતથી જમ્યા. ચળુ કર્યું. એટલામાં કરજીસણથી ગોવિંદભાઈ આવી પહોંચ્યા. ને કરજીસણ પધારવા વિનંતી કરે છે ત્યારે મહરાજ કહે અમને પેટ ભર દહીં દૂધ જમાડે એવા પ્રેમી ભક્તને ઘેર અમો પહેલા જઈએ ને પછી બીજે જઈએ પછી ત્યાંથી મહારાજ કરજીસણ પધારે છે. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

**● જતનબાના સંકલ્પે શ્રીહરિ કૂવામાં ગંગાજી લાવ્યા**

ગંગાજીમાં સ્નાન કરવાથી પાપ બધા બળી જાય છે. જીવોનો મોક્ષ થાય. જતનબાને એકવાર આવો પરોપકારી સંકલ્પ થયો કે બધા

માણસો ગંગા સ્નાન માટે જઈ ન શકે, જો ગંગાજી ડાંગરવામાં આવે તો ? બધા ઘેર બેઠા સ્નાન કરી શકે.

જતનબાનો આવો શુભ સંકલ્પ અંતર્યામી શ્રીહરિએ જાણ્યો ને જતનબાને કહ્યું કે, જનતબા તમારા ગામના કૂવામાં આજે ગંગાજી પ્રગટ થવાના છે. માટે પૂજાનો સર સમાન લઈ લ્યો. મહારાજે હસતા હસતા કહ્યું. શ્રીજીમહારાજના વચનમાં જેમને અતૂટ વિશ્વાસ છે એવા જતનબાએ ગામની સ્ત્રીઓને સાથે લઈને ગંગાજીને વધાવવા ચાલ્યા. બધા ગામને કૂવે આવ્યા. વેણીદાસભાઈએ કૂવામાંથી ઘડાથી પાણી સીંચીને મહારાજના કલ્યાણકારી ચરણારવિંદ પખાળીને તે પાણી કૂવામાં પાછું નાખ્યું. વામનજીના ચરણમાંથી ગંગાજી પૃથ્વી પર આવ્યા તેમ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણમાંથી ગંગાજી કૂવામાં પ્રત્યક્ષ પ્રગટ થયા. સૌને કૂવામાં ગંગાજીના મૂર્તિમાન દર્શન થયાં. બધાએ ગંગાજીનું  પૂજન કર્યું. ગંગાજીને વધાવ્યા. મહારાજનું પૂજન કર્યું. આરતી ઉતારી. ગંગાજળિયા કૂવામાં પાણી તે વખતે કાંઠા સુધી આવી ગયું. ગંગાજીનું જળ ઘેર બેઠા મળ્યું.

"અડસઠ તીરથ મારા સદ્‌ગુરુના ચરણે, ગંગાયમુના રેવા." ભગવાન અને મુક્તના ચરણમાં અડસઠ તીરથ વસે છે. જ્યાં જ્યાં ભગવાન તથા સંત પુરુષો વિચરે છે તે તે સ્થળ તીર્થરૂપ બને છે. આમ ડાંગરવા તીર્થ ભૂમિ, મોક્ષભૂમિ બની છે. શ્રીહરિએ જેતલપુરના ૪ વચનામૃતમાં કહ્યું છે કે, "તમ જેવા ધર્મનિયમે યુક્ત એવા જે સંતો તેની તો વાત જ નોખી છે. તમારી સર્વે ક્રિયા કલ્યાણકારી છે. તમે જે જે નદી-તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે." આથી ગંગાજળિયો કૂવો ગંગાસ્વરૂપ થયો. ગામના શ્રદ્ધાળુ લોકોએ એ ગંગાજળનું પાણી પીધું. એ જળથી સ્નાન ક્યું. ઘરમાં

એ જળનો છંટકાવ કર્યો. ગંગાજીના પવિત્ર જળનું અમૃતપાન કરી અને શ્રીહરિના ચરણ પખાળવાનો અને સ્નાન કરવાનો લાભ સૌ ભક્તજનોને ઘેર બેઠા મળ્યો. ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી અને ધન્ય છે જતનબાની પ્રભુ ભક્તિને. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **શ્રીહરિને ઓળખવામાં ખામી !**

એક સમયે શ્રીહરિ, સંતો, રાજાઓ, પાર્ષદો તથા હરિભક્તોના સમુહ સાથે ડાંગરવા પધારેલા અને પંદર દિવસ સુધી દૂધ દહીંની રેલમ છેલમ કરી બહુ લીલા કરીને બહુ સુખો આપ્યા. તે વખતે જતનબાને તેમના પિતાશ્રી વેણીભાઈએ કહ્યું કે બેટા જતન ! મહારાજ જતા હોય તો રોકીશ નહિ. કારણ કે અનાજ વાવવા જેટલું પણ નહિ રહે.

આ સંવાદ શ્રીહરિ મેડી ઉપર સાંભળતા હતા તેથી જતનબાને પૂછ્યું કે તમારા પિતાશ્રી શું કહેતા હતા ત્યારે જનતબા બોલ્યા કે, મહારાજ ! મારા પિતાશ્રી એમ કહેતા કે મહારાજ જતા હોય તો જવા દઈશમાં તેમને રોકજે. આમ જતનબાએ સવળો જવાબ આપ્યો.

ત્યાર પછી શ્રીહરિ મેડા ઉપરથી નીચે આવીને વેણીદાસભાઈને કહ્યું કે કાલે અમો અહીંથી વડુગામ જઈશું. બધો સંઘ પણ અમારી સાથે વડુ આવશે. ત્યારે જનતબા બોલ્યા મહારાજ ! તમો તથા સંઘ રોકાઈ જાવ. આ દેહ દેહના સંબંધી, દેહના સુખ વૈભવ, પૈસો લત્તો બધુ તમારે અર્થે કુરબાન છે. ત્યારે મહારાજ બોલ્યા : પણ તમારા બાપુજી અમોને પૂરેપૂરા ઓળખતા નથી. તેનું શું ? અમોને જેવા છીએ તેવા જાણ્યા નથી તેનું શું ? વેણીદાસભાઈ, ‘અમો તો કલ્પવૃક્ષ સમાન છીએ. તમો જેવો સંકલ્પ કરશો તેવું ફળ મળશે. તમારી કોઠીઓને ઉપરથી છાંદી દો અને નીચે છાણેથી દાણા કાઢજો, અમારું

વરદાન છે કે તે કોઠીઓનું અનાજ નહીં ખૂટે.'' કોઠીઓમાં ફરીથી અનાજ નાંખવું નહિ પડે. કોઠીનું છાંદેલું ઉપરનું ઢાંકણ ખોલશો તો જ અનાજ ખૂટશે, બાકી નહીં. મહારાજે આશીર્વાદ આપ્યો. શ્રીજીમહારાજે કોઠીઓને હાથ અડાડ્યો ને કોઠીઓ છલોછલ ભરાઈ ગઈ. પછી વેણીદાસભાઈએ શ્રીહરિને નમસ્કાર કર્યા અને માફી માગી. મહારાજ તમને મેં ઓળખ્યા નહી. તમે તો અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ છો. તમે તો સાક્ષાત્ ભગવાન છો. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **શ્રીહરિએ જનતબાને સમજણ રાખવા કહ્યું ને શોક મટાડ્યો**

એક સમયે ધોળીદાસ વેણીદાસનો દીકરો અક્ષરધામ નિવાસી થયો તે સોળ વર્ષનો હતો. તે સત્સંગ પણ સારો રાખતો હતો. તેનો જતનબાને બહુ આઘાત લાગ્યો. તે વારે ઘડિયે તેને સંભારીને રડ્યા કરે. આ સમાચાર શ્રીહરિને મળ્યા તેથી તે ડાંગરવા પધાર્યા. સાથે ભગુજી હતા.

શ્રીજીમહારાજને જોઈને જનતબા બહુ રૂદન કરવા લાગ્યા. મહારાજ છાના રાખે તો પણ છાના ન રહે. મહારાજના સમજાવ્યા સમજે નહિ. પછી મહારાજે માથે ખેસ ઓઢીને જોર જોરથી રડવા માંડ્યા. મારો જુવાન સાધુ ધામમાં ગયો.... તે કહ્યાગરો હતો.... રૂપાળો હતો.... ઓ....ઓ...ઓ..... જતનબાએ કહ્યું, મહારાજ, તમારો સાધુ ધામમાં ગયો એમાં આટલું બધું શા માટે રડો છો ? ''તારે જેવો તારો ધોળીદાસ એવો મારે મારો સાધુ'' મહારાજ બોલ્યા અને રડવાનું ચાલું રાખ્યું. મહારાજ તમે ભારે કરી. ભગવાન થઈને આ લોકના જેવું કેમ કરો છો ? જતનબાએ રોવાનું પડતું મૂકીને ભગવાનને સમજાવવા લાગ્યા. આ શરીરને જવાનું જ છે, આત્માનું

કોઈ સગું નથી, કોઈ વહાલું નથી. એના જે કોઈ સગા વહાલા ગણો તે તો પરમાત્મા છે.

ભગવાનનો ઓઢેલો ખેસ ખેંચી લીધો. આંસુ લૂછ્યાં. પાણી પાયું. ભગવાને કહ્યું, જતનબા તમો આ સમજણ પકડી રાખજો. એમ મહારાજે જતનબાનો શોક નિવારણ કરીને કરજીસણ પધાર્યા. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

- **ભક્તવત્સલ શ્રીહરિની આજ્ઞામાં જનતબા તથા રતનબા ભૂલ ખાઈ ગયા**

સંવત ૧૮૬૫ ની સાલમાં શ્રીહરિએ જેતલપુરમાં મોટો યજ્ઞ કર્યો હતો. લાખોની સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા અને મોટી સંખ્યામાં બ્રાહ્મણો પણ પધાર્યા હતા. દરેકને જમાડવામાં લાડુની તાણ બહુ થતી હતી.

તે વખતે શ્રીહરિએ ડાંગરવામાં જતનબા તથા રતનબાને સંદેશો કહેવડાવ્યો જે તમો કાઠીના સારુ પાથરણા, ગોદડાં તથા મોઘ્યુ અને દૂધ પાવા સારુ ભેંસો આદિક સામાન લઈને ગાડા જોડીને જેતલપુર આવજો.

પરંતુ તે બાઈઓ તો તેમાંથી કશું લાવ્યાં નહીં અને પંડે એકલા આવ્યા. પછી મહારાજે પૂછ્યું જે ભેંસુ, ગોદડાને મોઘ્યું લાવ્યા ? ત્યારે તે કહે તે તો અમે નથી લાવ્યા. અને દૂધ જોશે તો વેચાતું લઈ દેશું. પછી મહારાજ બોલ્યા જે હવે ભેંસ દોહજો અને મોઘ્યુ પાથરજો અને ગાડા હાંકજો અને બળદ ખેડજો. ત્યારે હરિભક્ત કહે, મહારાજ ! આમ મર્મમાં કેમ બોલો છો ? પછી આઠ દિવસ કેડે સમાચાર આવ્યા કે ડાંગરવા ગામ લૂંટી ગયા. તે સમાચાર મહારાજને મળ્યા ત્યારે બોલ્યા જે ડાંગરવાના હરિભક્તો હોય તો આડા અવળા ખસી નીકળજો. આમ ભક્તવત્સલ ભગવાને ચેતવ્યા પણ સમજ્યા નહિ. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૬)*

- **જનતબાને અંત વખતે શ્રીહરિ તેડવા પધાર્યા ને સંતોની પ્રાર્થનાથી શ્રીહરિએ વિમાનો પાછા મોકલ્યા**

શ્રીહરિ જ્યારે ડાંગરવા-કરજીસણ વચ્ચે મહુડાનાં વૃક્ષ નીચે હતા તે વખતે ડાંગરવાના જતનબા બ્રાહ્મણની પાસે પવિત્ર પકવાનો બનાવરાવીને મહારાજ માટે લાવતા હતા. ત્યારબાદ ડાંગરવા વાસી અગરોજી, અમરોજી આદિ ક્ષત્રિયો તથા નરોત્તમ પટેલ એ સહુ હરિભક્તો ઉત્સાહ પૂર્વક શ્રીહરિની પાસે જઈ દર્શન કરીને ગામમાં પધારવા માટે પ્રાર્થના કરી, ત્યારે પરમકૃપાળુ સત્પતિ ભગવાન તે હરિભક્તોની સાથે વાજતે ગાજતે ગામમાં પધારીને જતનબાના ઘરે આવી સુખપૂર્વક શયન પથારીમાં સૂતા. બીજા દિવસે પ્રાતઃ કાલે ત્યાંથી જવા માટે જ્યારે ઈચ્છા કરી, તે જ વખતે અકસ્માત જતનબાનો દેહ પડવાની તૈયારીમાં હતો તે સમયે શ્રીહરિ ભગવાન બીજે રૂપે તેમને લેવા માટે કોટી વિમાનો તથા કોટી મુક્તોને સાથે લઈને દિવ્ય રૂપે પધાર્યા. ત્યાં સર્વે સંતો બે હાથ જોડીને મહારાજને કહેવા લાગ્યા કે, હે ભગવાન ! મારીકાના (મરકી) રોગથી અકાળ મૃત્યુ પામતા જનતબાને બચાવો. સંતોની વાણી સાંભળીને મહાપ્રભુજી વિમાનોને ત્યાંથી પાછા વાળીને પોતે કરજીસણ ગામ પધાર્યા. એમ જતનબાને સંતોની પ્રાર્થનાથી જીવતા રાખ્યા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૭૭)*

- **શ્રીહરિને મળેલા ડાંગરવાના મહદ્‌ભાગી ભક્તજનો**

પૂર્વછાયો :

*દાખું દાસ દંઢાવ્યના, ભક્ત અતિ ઘણું ભાવિક ॥*
*દંઢ મતિ ધીરજ અતિ, જાણે સત્ય અસત્ય વિવેક ॥૧॥*
*તનમન ધન તુચ્છ કરી, હરિજન થયાં નરનાર ॥*
*પ્રકટ પુરુષોત્તમને, મળી ઉતર્યા ભવપાર ॥૨॥*

*બાળ જોબન વૃદ્ધ વળી, સરવે થયા સનાથ ॥*
*પરાપાર પરબ્રહ્મ જે, તેહ નિરખ્યા નયણે નાથ ॥૩॥*
*એવા જન અનઘનાં, લેતાં નામ આવે આનંદ ॥*
*શ્રવણ દઈ જે સાંભળે, તે વામે મહાદુઃખ દ્વંદ્વ ॥૪॥*

ચોપાઈ :

*કણબી ભક્ત વેણીદાસ વળી, ભાળસંગ નરોત્તમ મળી ॥૭૩॥*
*જનત રળિયાત વજી જન, કર્યું કણબી કુળ પાવન ॥*
*ક્ષત્રિ ભક્ત પ્રતાપજી નામ, ઉમેદજી અગ્રોજી અકામ ॥૭૪॥*
*થાનોજી બનોજી હરિજન, દલુજી અમરોજી પાવન ॥*
*શેઠ સાંકળચંદ મુળચંદ, હરિજન અવલનંદ ॥૭૫॥*
*એહ આદિ ભક્ત બાઈ ભાઈ, વસે ગામ ડાંગરવા માંઈ ॥*

*(શ્રી ભક્તચિંતામણી પ્રકરણ-૧૧૯)*

પ.ભ.શ્રી નારાયણસિંહજી ગામધણી
પ.ભ.શ્રી વેણીદાસ પટેલ
પ.ભ.શ્રી ધોળીદાસ પટેલ
પ.ભ.શ્રી વૃજલાલભાઈ પટેલ
પ.ભ.શ્રી નરોત્તમભાઈ પટેલ
પ.ભ.શ્રી ભાવસંગભાઈ પટેલ
પ.ભ.શ્રી જેરામદાસ પટેલ
પ.ભ.શ્રી તાપીદાસ પટેલ
પ.ભ.શ્રી હરિદાસ પટેલ
પ.ભ.શ્રી માવજીભાઈ પટેલ
પ.ભ.શ્રી ધરમદાસ પટેલ
પ.ભ.શ્રી બાળકદાસ પટેલ
પ.ભ.શ્રી કાનજીભાઈ પટેલ
પ.ભ.શ્રી લાલજીભાઈ પટેલ
પ.ભ.શ્રી ખુશાલભાઈ પટેલ
પ.ભ.શ્રી સુરાભાઈ પટેલ
પ.ભ.શ્રી નાથજીભાઈ પટેલ
પ.ભ.શ્રી વસવાભાઈ પટેલ
પ.ભ.શ્રી જનકભાઈ પટેલ
પ.ભ.શ્રી જીવણભાઈ પટેલ
પ.ભ.શ્રી આશાભાઈ પટેલ
પ.ભ.શ્રી ઉતમભાઈ પટેલ
પ.ભ.શ્રી વસનભાઈ પટેલ
પ.ભ.શ્રી મનછારામભાઈ પટેલ
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ જોષી
પ.ભ.શ્રી પીતાંબરભાઈ વિપ્ર
પ.ભ.શ્રી નાગરભાઈ પટેલ
પ.ભ.શ્રી પુનિભાઈ પટેલ

પ.ભ.શ્રી બેચરભાઈ પટેલ
પ.ભ.શ્રી જેરામભાઈ પટેલ
પ.ભ.શ્રી નાગરદાસ પટેલ
પ.ભ.શ્રી નૌતમભાઈ પટેલ
પ.ભ.શ્રી તાપીદાસ પટેલ
પ.ભ.શ્રી બાજીભાઈ પટેલ
પ.ભ.શ્રી અગરાજી ડાભી
પ.ભ.શ્રી અમરાજી ડાભી
પ.ભ.શ્રી છાલુજી ડાભી
પ.ભ.શ્રી પ્રતાપજી ડાભી
પ.ભ.શ્રી પ્રતાપસિંઘ ડાભી
પ.ભ.શ્રી ઉમેદજી ડાભી
પ.ભ.શ્રી માનજી ડાભી
પ.ભ.શ્રી દલુજી ડાભી
પ.ભ.શ્રી રૂપજી ડાભી
પ.ભ.શ્રી મોતીજી ક્ષત્રિય
પ.ભ.શ્રી આલુજી ક્ષત્રિય
પ.ભ.શ્રી વસોજી ક્ષત્રિય
પ.ભ.શ્રી માલજી ક્ષત્રિય
પ.ભ.શ્રી મોતીજી ક્ષત્રિય
પ.ભ.શ્રી મેરજી ક્ષત્રિય
પ.ભ.શ્રી બનોજી ડાભી
પ.ભ.શ્રી થાનોજી ડાભી
પ.ભ.શ્રી સાકળચંદ શેઠ
પ.ભ.શ્રી અવલચંદ શેઠ
પ.ભ.શ્રી આશારામ વિપ્ર
પ.ભ.શ્રી જતનબા
પ.ભ.શ્રી રતનબા
પ.ભ.શ્રી રામબા
પ.ભ.શ્રી લખુબા
પ.ભ.શ્રી વજીબા
પ.ભ.શ્રી રળિયાતબા
પ.ભ.શ્રી અંબાબા
પ.ભ.શ્રી જ્ઞાનબા
પ.ભ.શ્રી વખતબા
પ.ભ.શ્રી વૃજબા
પ.ભ.શ્રી હઠીભાઈ
પ.ભ.શ્રી વસનભાઈ
પ.ભ.શ્રી નંદબા
પ.ભ.શ્રી નવલબા
પ.ભ.શ્રી વલબા

### ● આત્મનિષ્ઠાવાળા જતનબા

એક સમયે શ્રીજી મહરાજની સાથે સંઘમાં જતનબા વડતાલ જતા હતા. જતનબાના આનંદનો પાર નહોતો. ‘‘જતનબા, તમે કેવા

છો ?'' મહારાજે પૂછ્યું. ''મહારાજ ! હું આત્મા છું.'' જતનબાએ જવાબ આપ્યો. ''તો તો તમે દેહરૂપ નહી ને ? દેહને કંઈક થાય, દેહના સંબંધીને કંઈક થાય તો આત્માને શું ?'' મહારાજ બોલ્યા.

''મહારાજ, દેહ તો જડ છે. આત્મા ચેતન છે. દેહ વિકારવાન છે. આત્મા અવિકારી છે. દેહ જન્મે છે મરે છે. આત્મા તો સદા આનંદમાં જ રહે છે. દેહને સ્ત્રી પુરુષનો ભાવ છે. આત્મા સ્ત્રી નથી પુરુષ નથી.'' જતનબાએ કહ્યું, ''આ બધી વાતો છે. વખત આવે ખબર પડે.'' હસતા હસતા મહારાજે કહ્યું.

એટલામાં રસ્તામાં એક કૂબો આવ્યો. આજુબાજુ બાવળિયાની ડાળીઓ તથા કાંટા પડેલા.

મહારાજે જતનબાને કૂબામાં બેસવાની આજ્ઞા કરી તેથી જનતબા કૂબામાં બેઠા. કેમ કે મહારાજને જતનબાની આત્મનિષ્ઠાની પરિક્ષા લેવી હતી તેથી.

ચારે બાજુ બાવળિયાના ડાળાં તથા કાંટા ગોઠવાવી દીધા. બધાએ મહારાજને કહ્યું, ''પ્રભુ ! આ શું કરો છો ?'' મહારાજે ભગુજીને કહ્યું, ''ભગુજી, આ કાંટાને તથા ઝાંખરાને આગ ચાંપો.'' જતનબા ગભરાણા નહિ. તે તો બ્રહ્મસ્વરૂપ હતા. ભગવાનનું નામ સ્મરણ ચાલુ કર્યું.

ભગુજીએ ચકમક પેટાવ્યું. રૂ સળગ્યું પણ તેઓ આગ ન મૂકી શક્યા. મહારાજે જાતે આગ મૂકી પણ જતનબા નામ સ્મરણ કરતા રહ્યા. તેમની આત્મા પરમાત્માની નિષ્ઠામાં ફેર ન પડ્યો. મહારાજે આગ ઓલવાઈ નાખી. જતનબા મહારાજની લીધેલી પરિક્ષામાં પાસ થયા. જીવનભર મહારાજનું સ્મરણ અખંડ કર્યું. મહારાજે તેમને વર આપ્યો.'' તમારા ઘરમાં જે મરશે તે અક્ષરધામમાં જશે. તમારું ઘર અક્ષરધામનો દરવાજો થઈ જશે.'' *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

- **આદરજના અન્નકૂટોત્સવ પ્રસંગે ગઢપુરથી મોટા સંઘ સાથે જતા શ્રીહરિ ડાંગરવા પધાર્યા.**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિએ દિવાળીનો ઉત્સવ દંઢાવ્ય દેશમાં આદરજ ગામમાં કરવો છે એમ ધારીને શ્રીહરિએ હરખભેર કાઠી દરબારોને સાથે લઈ જવા પ્રયાણ કર્યું. જે દરબારોને જવા બોલાવ્યા હતા તે બધા આવ્યા અને મનભાવતી સવારી તૈયાર થઈ. ખંભાળાના મોકા ખાચર અને માણસિયા ખાચર, બોટાદના સોમલા ખાચર, માતરા ધાધલ, ગોદડ ખાચર અને મસ્તી મિંયા, નાગડકાના સૂરા ખાચર, ડોસા ખાચર, કોટડાના દરબારો, સારંગપુરના અમરા ખાચર, માત્રા ધાધલ, રાઠોડ ધાધલ, સુંદરિયાણાના ડોસા ખાચર અને કાંધા ખાચર, ઘેલા ધાધલ, નાગ માલા અને નાન ખાચર એ બધા ગઢપુર આવ્યા.

શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા ત્યારે અશ્વ ઉપર બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. તે વખતની શોભા કહી શકાતી નથી. ભગુજી, અલૈયા ખાચર, ધના, રવાજી, લાધાજી, અર્જૂન, બીજલ, રામસિંહ, મિયાંજી, હરજી, કાળાભાઈ, દલા, મલાર, હમીર, બે કરીમ, શૂરવીર વેરાભાઈ, ઉમાભાઈ અને નાથજી વગેરે અગણિત પાર્ષદો શ્રીહરિની સાથે તે વખતે ચાલ્યા હતા.

મુકુંદાનંદ વર્ણી શ્રીહરિ સાથે ચાલ્યા અને આનંદાનંદ સ્વામી આદિ સંતો તૈયાર થઈને શ્રીહરિ સાથે ચાલ્યા. ત્યાંથી કારિયાણી, કુંડળ, સુંદરિયાણા, લીંબડી, ભલ ગામડા, શિયાણી, તાવી, તલસાણા, દેવળિયા, દદુકા થઈ મછિયાવ આવ્યા. શ્રીહરિ જે જે ગામ ગયા ત્યાં ત્યાંના ભક્તો દરબારો સંઘ સાથે જોડાયા. ને ત્યાંથી ચાલ્યા તે કરજીસણ થઈ. ડાંગરવા આવ્યા ત્યાં સર્વે ભક્તને દર્શનનું ખૂબ સુખ આપીને ત્યાંથી વડુ થી ઝુલાસણ પધાર્યા. આમ આવી રીતે શ્રીહરિ

મોટા સંઘ સાથે ડાંગરવા પધારીને ખૂબ ભક્તોને રાજી કર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃતસાગર પૂર-૧૮ તરંગ ૧૫ થી ૧૯ તથા શ્રીહરિકૃષ્ણલીલામૃત અધ્યાય-૭૭)*

- **અગરાજીને ધામમાં જતા વાસના નડી.**

ગામ ડાંગરવામાં અગરોજી તથા અમરોજી બે કાકો ભત્રીજો ગરાસિયા હતા. પછી અગરાજીને શ્રીજીમહારાજ અંત સમયે તેડવા પધાર્યા અને વિમાનમાં બેસારીને ચાલ્યા પણ પોતાને વાડીમાં તથા કૂવામાં વાસના હતી તેથી પોતે વિમાનમાંથી ઉતરી ગયા. અને પોતાની વાડીએ આવીને રહ્યા. પછી તેમના ભત્રીજા આંબા નીચે ખાટલો ઢાળીને સૂતા હતા તે વખતે અગરોજી સાદ કરવા લાગ્યા જે અમરા એ અમરા. તે સાંભળી અમરે વિચાર કર્યો જે મને કોઈ અમરો કહેતું નથી, પણ મારા કાકાના જેવો સાદ છે તે રખેને અહીંઆ પાછા આવ્યા હોય ? પછી તેણે પૂછ્યું જે તમે કોણ છો ? ત્યારે કહ્યું કે હું તારો કાકો છું, ત્યારે અમરો ભક્ત બોલ્યા જે તમે કહેતા હતા કે મહારાજ તેડવા આવ્યા છે ને તેમની સંગાથે વિમાનમાં બેસીને હું ધામમાં જાઉં છું. એમ કહેતા હતા ને પાછા કેમ આવ્યા ? ત્યારે અગરાજીએ કહ્યું કે મારે વાડીમાં તથા કૂવામાં વાસના રહી હતી તેથી અહીં રહ્યો છું. પછી તેણે કહ્યું જે હવે શું કરવું ? પછી બંને જણાએ છ મહિના સુધી મહારાજની પ્રાર્થના કરી એટલે તેને ધામમાં તેડી ગયા માટે કોઈ પદાર્થમાં ક્યારેય પણ વાસના રાખવી નહિં. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો વાર્તા ૨૫૭)*

- **જેતલપુરમાં શ્રીહરિએ ડાંગરવાના ડાભી ભક્તોની સમય સુચકતાથી રક્ષા કરી**

સંવત ૧૮૬૫ ની સાલમાં જેતલપુરમાં મોટો યજ્ઞ કર્યો હતો. તેમાં પૂર્ણાહુતિને મોહલે (આગલે) દિવસ વાત કરી જે અમારી પાસે જે રહેતા હોય તે ગાંઠનું ખાય તે રહે, નહિં તો ઘેર જાય. તે વાત

સાંભળી ડાંગરવાના ડાભીએ વિચાર્યું જે, આપણ ઘેર જાશું તો કહેશે જે ખાવાનું બંધ કર્યું, તે ન રહ્યા, માટે આપણે ગાંઠનું ખાઈને રહેવું. સવારમાં મહારાજ દાતણ કરવા બેઠા હતા. ત્યાં ડાભી આવીને ઉભા રહ્યા. પછી મહારાજે ડાભી પાસે ઘોડી મંગાવીને ઘોડીએ અસ્વાર થઈને બોલ્યા જે લાડવા સુઝે એ લઈ જાઓ ને વધે તો તળાવમાં નાંખો. એમ કહીને ગામડીએ પધાર્યા. તે ગામની ભાગોળે જઈને પોતે ઘોડીએથી ઊતરીને કહ્યું જે આ લ્યો તમારી ઘોડી, અમદાવાદને માર્ગે ચાલ્યા જાઓ, પાછું વાળી જોશોમાં.

ત્યારે ડાભીને થયું જે, "કાલના મહારાજ કહે છે તે કાંઈક છે ખરું." પછી સર્વે ડાભી ભક્તો અમદાવાદને માર્ગે ચાલ્યા અને થાણું ચઢ્યું તે પડખે નીકળ્યું. ત્યારે બાઈ બોલી જે અમારા ધણીના મારતલ જાય છે, ત્યારે ઓલે હાકલ કરી જે તારાના મારતલ બીજા છે ને હવે બોલીશ તો તું પણ મરીશ.

પછી થાણું જેતલપુર આવ્યું ને કહે, સ્વામિનારાયણ ક્યાં છે? ત્યારે કહ્યું જે ગામડીએ ગયા, પછી થાણું ગામડી ગામે આવ્યું તેણે પૂછ્યું, ઓ ડાંગરવાના ડાભી ક્યાં ? પછી મહારાજે કહ્યું જે, હાલ સંઘને શીખ દીધી તે સૌ સૌને ઘેર ગયા ને અહીં હોય તો જુઓ. પછી થાણું ગયું ને મહારાજ જેતલપુર પધાર્યા ને સર્વે સાધુને વેર્યા. એમ મહારાજે રક્ષા કરી. *(સદ્. શ્રી અદ્ભૂતાનંદ સ્વામીની વાતો - વાર્તા ૩૬)*

- **મછિયાવમાં હુતાશણીના સમૈયા પ્રસંગે ડાંગરવાના અગરાજીની રસોઈ તથા પૂજન**

સંવત ૧૮૭૬ ના ફાગણ સુદ પૂનમની હુતાશનીનો સમૈયો શ્રીજીમહારાજે ગામ મછિયાવ કર્યો. તે પ્રસંગે ગામે ગામથી ભક્તજનો પધાર્યા હતા. તે સમયમાં મેડા ઉપરથી શ્રીજીમહારાજ પોતાના આસને

ઢોલિયા ઉપર બિરાજમાન હતા. ત્યાં દંઢાવ્ય દેશના ગામ ડાંગરવાના ગરાસિયા અગરોજી તથા અમરોજી ભેળા થઈને પગે લાગીને બેઠા. ત્યારે અગરોજી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આજ અમારી ખાંડની રસોઈ છે. અને મહારાજ સારું અમારે ઉતારે થાળ કરશું." ત્યારે બાપુજી બોલ્યા જે, 'આજ તો અમારી રસોઈ છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "સંઘના સત્સંગી જે આવ્યા છે તે રસોઈનો સામાન લઈને આવ્યા છે, માટે તેને કરવા દ્યો." ત્યારે બાપુજીએ કહ્યું જે, "શ્રીજીમહારાજ કહે છે ત્યારે ભલે કરે."

પછી તે અગરાજીએ કહ્યું જે, "સાધુ ને શ્રીજીમહારાજ પીરસે." ત્યારે શ્રીજીમહારાજ કહે જે, "અમે પીરસશું, ત્યારે રસોઈ દોઢી જોઈશે." ત્યારે અગરાજીએ કહ્યું જે, "હે મહારાજ ! બમણી રસોઈ કરાવીશું, આપના પ્રતાપે કાંઈ વાંધો નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે પીરસવા આવશું." પછી તે ભક્તે સાધુને ચોકે સર્વે રસોઈનો સામાન પહોંચાડ્યો. પછી શ્રીજીમહારાજ સારું થાળ પોતાને ઉતારે કરાવ્યો. તે ચાર પ્રકારનાં ભોજન, રાયતું, પાક અને અથાણાં અને દૂધ, દહીં ને સાકર તે સારી પેઠે અન્નકોટની પેઠે થાળ કરાવ્યો.

પછી શ્રીજીમહારાજને અગરાજી તેડવા આવ્યા ને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! થાળ તૈયાર થયો છે, જમવા પધારો." પછી મહારાજ જમવા પધાર્યા, તે ભેળા બાપુજી પણ ચાલ્યા. પછી ત્યાં અગરાજીએ બાજોઠ ઢાળી દીધો, તે ઉપર શ્રીજીમહારાજ બેઠા. પછી સર્વે જમવાનાં ભોજન થાળમાં પૂરીને લાવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ભારે થાળ કર્યો !" ત્યારે અગરોજી બોલ્યા જે, 'આજ અવસર આવ્યો છે તે ફરીને આવવાનો નથી. આજ અમારો જન્મ સફળ થયો કે મહારાજ જમે અને અમે દર્શન કરીએ." પછી શ્રીજીમહારાજ જમવા લાગ્યા અને હરિજન દર્શન કરવા લાગ્યા.

પછી બાપુજીને શ્રીજીમહારાજે કહ્યું જે, 'આવો જમો.'' ત્યારે બાપુજીએ કહ્યું જે, ''હે મહારાજ ! દરબારમાં રસોઈ થઈ હશે ત્યાં જમશું.'' ત્યારે અગરોજી અને અમરોજી એ બે બોલ્યા જે, ''શ્રીજીમહારાજ કહે છે ત્યારે ના ન પાડવી .આવો, આપણે ત્રણેય જમીએ.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''બેસો.'' પછી જમવા બેઠા અને મહારાજને થાળમાંથી પ્રસાદી આપી તે જમ્યા. પછી મહારાજે કહ્યું જે, ''આજ તો બહુ જમ્યા.'' પછી પાળા ભગુજી પાસે પાણી મંગાવ્યું. તેથી પાળા ભગુજીએ પાણીનો લોટો આપ્યો. તે મહારાજ ચળુ કરીને પાણી પીધું અને મુખવાસ પાનબીડી લઈને વસ્ત્ર પહેરીને દરબારમાં પોતાને આસને પધાર્યા.

પછી અમરાજીને મહારાજે કહ્યું જે, ''ખબર કાઢો, સાધુની રસોઈને કેટલી વાર છે ?'' પછી અમરાજીએ સાધુને પૂછ્યું જે, ''રસોઈની કેટલી વાર છે ?'' ત્યારે સાધુએ કહ્યું જે, ''રસોઈ તૈયાર થઈ છે.'' ત્યારે અમરાજીએ આવીને મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! રસોઈ તૈયાર છે.'' ત્યારે શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને સાધુને પીરસવા પધાર્યા. પાકશાળામાં વસ્ત્ર ઉતાર્યા અને હીરકોરી ધોતિયું પહેરી અને ખેશ આડસોડે નાખીને તે ખેશને તાણીને કેડ બાંધીને ઊભા રહ્યા. અને શ્રીજીમહારાજે કહ્યું જે, ''ક્યાં છે ભંડારી સાધુ ? લાવો લાડુ.'' ત્યારે સાધુ લાડુના તાસ ભરીને આગળ આવ્યા.

ત્યારે શ્રીજીમહારાજ બે હાથમાં બે-બે લાડુ લઈને સાધુની પંક્તિમાં પીરસવા લાગ્યા. અને એમ બોલ્યા જે, ''હે મહારાજો ! લ્યો લાડુ, મહારાજો ! લ્યો લાડુ. મહાપુરુષો ! લ્યો લાડુ.'' એમ કહીને સાતવાર પગંતમાં ફર્યા. અને પછી કોઈએ ન લીધા ત્યારે ભંડારીને પીરસીને હાથ ધોઈને વસ્ત્ર પહેરીને પોતાને આસને પધાર્યા

અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને પોતાના પાર્ષદને કહ્યું જે, ''પાણી લાવો, તરસ લાગી છે.'' પછી પાળે પાણીનો લોટો આપ્યો અને શ્રીજીમહારાજ જળપાન કરીને પોઢી ગયા.

અને પાળા બેઠા-બેઠા ભજન કરવા લાગ્યા ને મહારાજને પ્રસન્ન કરતા હતા. પછી શ્રીજીમહારાજ બે કલાક પોઢીને જાગ્યા. પછી પાર્ષદ પાસે પાણી માંગ્યું. પછી પાર્ષદે લોટો ભરી આપ્યો. પછી શ્રીજીમહારાજે જળપાન કરીને તે લોટો પાળાને પાછો આપ્યો. પછી તે પાર્ષદે લોટામાં જે પ્રસાદીનું જળ હતું તે પોતાના લોટામાં નાખીને પ્રસાદી પી ગયા. પછી શ્રીજીમહારાજ વાતુ કરવા લાગ્યા. અને તે વાતુ પાર્ષદ અને સત્સંગી સાંભળવા લાગ્યા.

- **અગરાજી તથા અમરાજીએ શ્રીજીમહારાજને પોષાક ધરાવ્યો ને પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધા**

પછી ત્રીજો પહોર થયો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''બહાર તળાવથી દક્ષણાદી બાજુ લીંબડા ઊભા છે, ત્યાં ચાલો સભા કરીએ.'' ત્યારે સત્સંગી સર્વે બોલ્યા જે, ''સારું મહારાજ.'' પછી કૂવાથી આથમણી કોરે લીંબડા હેઠે ઢોલિયો બિછાવ્યો. તે ઉપર ગાદી-તકિયા નંખાવીને તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. અને સાધુ તથા સત્સંગીની સભા થઈ. અને પરમહંસ વાજાં વજાડીને કીર્તન ગાવા લાગ્યા. પછી તે અગરોજી તથા અમરોજી શ્રીજીમહારાજ સારું પોશાગ લઈને આવ્યા. તે કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરાવ્યાં અને માથે સેલું બંધાવ્યું અને કેડે ભારે સેલું બંધાવ્યું અને ખંભે સેલું ધરાવ્યું અને શાલ ઓઢાડી. એ રીતે સર્વે વસ્ત્રો ધરાવીને કુંકુમનો ચાંદલો કર્યો અને કપૂરની આરતી ઉતારી. પછી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છાતીમાં લીધાં અને માથા ઉપર લીધાં. *(શ્રી પુરુષોત્તમલીલા (કચ્છ લીલા) અધ્યાય-૭૦)*

- **ખોખરાના નરમેઘ યજ્ઞમાં શ્રીહરિની આજ્ઞાથી અગરાજી તથા અમરાજીએ બાવાઓને માર્યા તેથી તેમને મોટી મોજ આપી**

અમદાવાદમાં લોલંગર બાવાનો બહુ મોટો ત્રાસ હતો તે શ્રીજીમહારાજ તથા સંતો સાથે બહુ દ્વેષ રાખતો હતો. એક વખત આપણા સંતો યોગાનંદ, ચિદ્રૂપાનંદ, કલ્યાણાનંદ, અરિહંત્રાનંદ, એ ચારેય સંતને પકડ્યા. નગરમાંથી ઝોળી માગી લાવ્યા હતા તે છીનવી લીધી. માથે લાકડાનો ભારો મૂકી મુકામ પર લઈ ગયા. હાથ બાંધીને જોરથી લાતો મારવા લાગ્યા. મારતા મારતા મૂર્છા આવી અને બરડામાં રુધિર ભરાઈ આવ્યું ત્યારે અસુરના આગેવાનને કાંઈક દયા આવી. તેણે સંતને આવીને છોડી દીધા, અને મારનારને ધમકાવ્યા અને સંતને રજા આપી. તેથી તેઓમાં પરસ્પર વિવાદ થયો. આગેવાન કહે કે મેં સંતને મારવાનું કહ્યું ન હતું. છતાં તમે પૂછ્યા વિના માર્યા તેથી તમારા પાપ તમે જાણો. હવે તમારું ઠેકાણું નહિ રહે. તમારા માથા તમારે હાથે જ કાપ્યાં. રસ્તે જતા અભ્યાગતને દુભાવ્યા છે. તમને કોઈએ ગાળ પણ દીધી નથી, એવા છેક ગરીબ થઈને રહ્યાં છતાં તેમને દુભાવ્યા, તે ભારે પાપ કર્યું છે. તેનું નિશ્ચય ફળ મળશે. ત્યારે અસુરો બોલ્યા કે અમને ડર નથી. તમે ડરતા હો તો અહીં બેસી રહેજો. એમ પરસ્પર વિવાદ થયો. સંતો દીન થઈને શ્રીહરિ પાસે આવ્યા. પીઠમાંથી રુધિર વહેતું હતું. ધીરજ નહિ ધારી શકવાથી નેત્રમાંથી પાણી વહેતું હતું. તેથી શ્રીહરિની રોમાવળી ખડી થઈ કે આ ભૂમિ ઉપર આવી અનીતિ કરનારો કોણ છે ? જે કીડી જેવા જીવને પણ ન દુઃખવે એવા અમારા સંતને માર્ગમાં સહેજે જ ચાલતાં પકડીને આવો જુલમ કર્યો ? એમ કહીને કરડી નજર કરી લોચન લાલ થયાં અને ભ્રુકુટિ વાંકી થઈ.

શ્રીહરિની ભ્રકુટિ દેખી કાળ ધ્રુજવા લાગ્યો. દિગપાળો ડોલવા લાગ્યા, પૃથ્વી કંપી, એમ બધા પ્રકારના અપશુકન થયા. શ્રીહરિ સંતોને કહે કે તમે અમારા સ્વરૂપના અલૌકિક સુખના અધિકારી છો. અમારા ધામમાં જે સુખ છે તેની આગળ અનંતકોટિ બ્રહ્માંડના સુખ સૂર્ય પાસે દીવા જેવાં દેખાય છે. એ ધામના તમે અધિકારી છો. તમને અમારો પ્રતાપ દેખાતો નથી તેથી અંતર ભારે રહે છે, પણ તમારા એકેક દ્વારાએ અનેક જીવોનો ઉદ્ધાર કરવો છે. તમે મોક્ષના બીજ રૂપ છો, જ્યાં નીતિ વિનાનો રાજા હોય ત્યાં સંતોએ રહેવું નહિ, માટે તમે સુરત જાઓ. સંતો કહે તમે અમારા જીવન પ્રાણ છો, તે છોડતાં કેમ સુખ થાય ? વિષમ કાળમાં તમને કેવી રીતે છોડી શકીએ ? ત્યારે શ્રીહરિ કહે તમે વિષમ કાળમાં અમારી કેવી રીતે સહાય કરી શકશો ? તમારો મુખ્ય ધર્મ નિર્માનીપણું છે. નિર્માનીરૂપ ખડગથી જગત જીતી શકાશે. તમે જાઓ એમાં જ જીત છે, પણ રહેવામાં નથી. અમે હિતની વાત કરીએ છીએ. માટે વિશ્વાસ રાખો. જે કામ કરવાનું છે તે નથી થયું. ત્યાં સુધી અમારામાં ધગશ છે. પછી સંતોને સુરત મોકલ્યા. પોતે સવારમાં કાંકરીએ ન્હાવા પધાર્યા તે નાહીને પોતે ગરનાળા ઉપર વિરાજમાન થઈને પાર્ષદને કહ્યું જે તમે અડધા હથિયાર બાંધીને મારી પાસે ઉભા રહો તે અડધા ન્હાવા જાઓ. પછી સૌ નાહીને ત્યાર થયા ત્યારે પોતે ઘોડા ઉપર બેસીને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિ સંત ને ભગુજી આદિ પાળા સહિત પોતે ગામમાં પધાર્યા. તે ગામથી ઉગમણી ભાગોળે આંબલીયુંમાં પાટ ઉપર વિરાજમાન થયા. ત્યાર પછી થાળ થયો તે શ્રીજીમહારાજ ગામમાં જમવા પધાર્યા ને મુક્તાનંદ સ્વામીને કહ્યું જે આ પાટ ઉપર બેસીને વાતુ કરો. પછી સ્વામી પાટ ઉપર વાતુ કરવા બેઠા ને પોતે જમવા પધાર્યા. વાંસેથી તો વૈરાગીની જમાત સોયે સો માણસની ત્રણ કોરથી આવી તે ગામને વિંટી વળી ને

મુક્તાનંદ સ્વામી પાટ ઉપર બેઠા હતા તે નાઠા તે ગામમાં બ્રાહ્મણના ઘરમાં પેસી ગયા. કેડે વેરાગી મારવા દોડ્યો આવતો હતો તેને ગામ ડાંગરવાના ડાભી અગરાજીએ તલવારે કરીને તેના પગ કાપી નાખ્યા તે મરી ગયો. ત્યાર પછી તે વેરાગીની જમાત હલ્લો કરીને આવી તે પ્રથમ હાથરોલીના ભૃગુ ખાંટને ઝટકો માર્યો. ત્યારે ગામ સલકીના દયાળજી પગીએ મહારાજને કહ્યું જે અમારો એક આદમી ઘવાયો. ત્યારે મહારાજે કહ્યું જે જેમ તમથી થાય તેમ કરો. પછી તે દયાળજી પગીએ વેરાગીને તીરે કરીને મારવા માંડ્યા. ત્યારે તે વેરાગીએ પણ બંદૂકોની ગોળીઓ સત્સંગી ઉપર નાખવા માંડીયું. પણ શ્રીજીમહારાજના પ્રતાપથી કોઈને ગોળી વાગી નહિ ને તે વેરાગીને તો તીરે કરીને બહુ મારવા માંડ્યા. સત્સંગીભાઈઓએ ઘર ઉપર ચડીને નળીએ કરીને બહુ માર્યા તે વેરાગી ભાગ્યા. તેમાંથી કેટલાક તો પડ્યા રહ્યા ને મરી ગયા ને કેટલાક ઘાયલ કર્યા. એવી રીતે મારવા માંડ્યા તે વેરાગી ભાગ્યા તે એક ગાઉ સુધી મારતે મારતે પાછળ ગયા ને ત્યાં જાતા એક મોટો માનતને પાડ્યો. તે સમે શ્રીજીમહારાજે એવો ચમત્કાર દેખાડ્યો તે એક એક વેરાગી વાંસે અસંખ્ય માણસ જણાયા તે કોઈની તલવારો પડી રહ્યું ને કોઈની ઢાલું પડી રહી ને બંદૂકો ને તીરના ભાથા એ આદિ હથિયાર પડ્યા રહ્યા. જેમ ગ્રામ્ય પશુ ભાગે તેમ ભાગી ગયા. પછી મહારાજના પાર્ષદ હતા તે પાછા આવ્યા.

નારદીપુરના નાનાભાઈ વિપ્રના ભાણેજ નથુભાઈ હતા. એમના ઘરનાનું નામ નાથીબાઈ હતું. એમના ઘરે આવીને મહારાજ રહ્યા પછી ગામો ગામ બધી વાત ચાલી કે મહારાજ પોતે સ્વામિનારાયણ ભગવાન ખોખરા-મહેમદાવાદ પધાર્યા છે. અને ત્યાં યજ્ઞ કરવાના છે. એમ સાંભળ્યું એટલે કેટલાય હરિભક્ત દર્શને આવવા લાગ્યા. પછી મહારાજ ભવિષ્યની વાત કરવા લાગ્યા. આગળ શું થવાનું છે,

આગળથી મહારાજ બધી વાત કરી દેવા લાગ્યા. આ ગામમાં યજ્ઞ નહિ થાય. કારણ કે સંકડાશ બહુ છે. પણ ગામને ગોંદરે ગામ બહાર હોમકુંડ થશે એટલે બધા ખાખી હોમાઈ જશે. એમ મહારાજે આગળથી કહ્યું.

એવામાં અમદાવાદમાં ગોમતીપુર બીજુ શાખાનગર કહેવાય છે, ત્યાં લોલંગર મોટામાં મોટો ખાખી રહેતો. તેને ૫૦૦ વૈરાગીની જમાત મોટી હતી. તે ગામડામાં ફરવા ગયા હતા. તેણે સાંભળ્યું કે, સ્વામિનારાયણ ભગવાન ખોખરામાં યજ્ઞ કરવા સારું આવ્યા છે. ત્યાં એ વૈરાગી ગોમતીપુર આવ્યા ત્યારે મહારાજ પણ જાણી ગયા કે વૈરાગી તોફાન કરશે ખરા. પછી મહારાજની હજૂરમાં જે જે શૂરવીર પાર્ષદો હતા, ડાંગરવાના, અગરોજી, અમરોજી શૂરવીર ગરાસિયા હતા અને ધમકડાના રાયધણજી, અદોજી, ગેમલજી એ બધા શૂરવીર હતી વળી સલકીના દયાળજી પગી બહુ શૂરવીર હતા, વળી જેલજી આદિ પણ ગરાસિયા આવ્યા હતા. વળી એક બે કણબી પણ શૂરવીર હતા. બ્રાહ્મણ એક બે હતા. તે વખતે કાઠિયાવાડના કાઠી કોઈ નહોતા. કાઠીનું નામ નથી આવ્યું, સુરા ખાચર કે કોઈનુ. તે વખતે કાઠિયાવાડમાં સત્સંગ ઓછો. તે વખતે ગુજરાતમાં અને કચ્છમાં વધારે સત્સંગ હતો. એટલે ત્યાંના શૂરવીર લોકો મહારાજની સાથે હતા. એ બધાયને એ વાત કરી. મહારાજ કહે આપણે આજ કાંકરિયે નહાવા જઈએ, ત્યારે બાઈ માણસ હોય તે કોઈ સાથે ન આવે ને બાળક ભેળા ન આવે. આપણે બધા શૂરવીર શૂરવીર ચાલો. હથિયાર સાથે લઈ લેશો. મહારાજ ઘોડા ઉપર સવાર થયા અને બીજા પણ સવાર થયા. ઘોડાને પણ જણાઈ ગયું કે આજ યુદ્ધ થવાનું છે. ઘોડો પણ આકાશમાં ઊડતો જાય અને ઘુમરી ખાતો જાય, એવી રમત કરતો જાય. તેથી બધાયને એમ થયું કે આજ નક્કી યુદ્ધ થશે. મહારાજના પાર્ષદને મારવા મંડ્યા, ત્યારે મહારાજ કહે હથિયાર

પાસે રાખશો. પછી નાહિને મહારાજ પાછા ખોખરા-મહેમદાવાદ નથુભાઈના ઘરે જમવા બેઠા અને બીજા શૂરવીર ભક્તો હતા. તે ઘર આગળ બહાર મહારાજની રક્ષા કરવા બેઠા. એજ સમયમાં ગોમતીપુરથી વૈરાગીની ૩૦૦૦ જમાત હથિયાર લઈ બંદૂકો અને જંજાળો લઈને મહારાજને મારવા આવ્યા. ગામમાં આવી સ્વામિનારાયણ ક્યાં છે ? સ્વામિનારાયણ ક્યાં છે ? એમ ધમાલ કરવા મંડ્યા. ત્યાં મહારાજના પગી દયાળજી, અમરોજી, અગરોજી વગેરે ઉભા હતા તે કહેવા મંડ્યા કે આંહી આવશો નહીં, નહિતર તમને મારશું. વૈરાગી પાર્ષદને મારવા માંડ્યા. પણ મહારાજે આજ્ઞા કરી હતી કે તમારે કોઈને પહેલા મારવા નહિ, જ્યારે એ તમને મારે પછી તમારે મારવા તેમ કહ્યું છે : હથિયાર લઈને મારવા આવતો હોય તે ગુરુ હોય, બ્રાહ્મણ હોય કે ગમે તે હોય તેને મારી નાખવો તેમાં પાપ નહિ, અમથો ન મારવો. મારવા આવ્યો હોય તેને મારવામાં પાપ નહીં. મહારાજ કહે તમને મારે પછી તમારે મારવા. પછી તે લોકો તોફાન બહુ કરવા માંડ્યા ત્યારે એ બધા પાર્ષદો કહે મહારાજ ! હવે અમારાથી ખમાતું નથી. ત્યારે મહારાજ કહે તમારે જે ક્ષત્રિયનો ધર્મ છે તે પ્રમાણે કરો. પછી એકદમ મારામારીમાં પાર્ષદે કેટલાય વૈરાગીને કાપી નાખ્યા. ત્યારે લોલંગર બધાય બાવાનો સેનાધિપતિ હતો. ૧૮ મણ તેનું વજન હતું. તેણે જોયું કે અહો ! આટલા બધા આપણા મરી ગયા. તે દોડતો આવ્યો ને સામો થઈ પાર્ષદોને કહે, તમે ક્ષત્રિય થઈ અમારા સાધુઓને મારો છો ? પાર્ષદોએ કહ્યું કે તું ક્યાં સાધુ છે ? એમ કહીને પાર્ષદોએ તેને પણ માર્યો, તેને પાડીને તેને પણ મારી નાખ્યો. પછી બધા નાઠા અને ત્યાંથી ભાગી ગયા.

- **અસુરો સાધુના વેશમાં હતા તે મરાયા પછીનું દૃશ્ય**

ગામના જે મુખી હતા તે અસુરોની પાસે આવ્યા અને બોલ્યા કે લંગોટાઓ ! બેફામ થઈને પુરમાં આવ્યા છે ? સ્વામિનારાયણે

તમારો ક્યાં ગરાસ લીધો છે ? અમે ગામના મુખી છીએ. અમારા બોલાવ્યાથી તે આવ્યા છે. યજ્ઞનો તમે ભંગ કર્યો છે તેનું ફળ જરૂર પામશો. ત્યારે અસુરો મુખીને કહે તમે દૂર રહો, નહિ તો માર્યા જશો. એમ કહી તલવાર ખેંચી મુખી ઉપર ઘા કર્યો. તે ઘા હાથરોલી ગામના ભગુ ખાંટે ઝીલી લીધો. ત્યારે મુખીએ આજ્ઞા દીધી કે હવે આ કૂતરાઓને જૂઓ શું ? હવે તો માથા કાપવાની શિક્ષાને લાયક છે. હડકાયાં કૂતરાં યોગ્ય અયોગ્ય જુવે નહિં. આ પણ એવા ઉન્મત છે માટે દયા રાખવાની જરૂર નથી. જગત માત્રને પીડનારા છે. આના જેવો બીજો યજ્ઞ નથી. ક્ષત્રિયે શ્રીહરિની આજ્ઞા લીધી. શ્રીહરિએ મુખીની મરજી પ્રમાણે કર્યું, પછી ક્ષત્રિય હરિભક્તો શ્રીહરિના વચનથી ઢાલ તલવાર લઈને ચાલ્યા. અસુરો તેમને દેખીને ભાગ્યા અને પટા લેવાનું જાણતા ને અસુરો સન્મુખ આવ્યા. તેમાંથી કેટલાકનાં શિર કપાયા. જેથી કાયર હતા તે ભાગી ગયા. કોઈના હાથ, પગ, કાન, નાક વગેરે છેદાયાં. પછી ગામના મુખીએ ક્ષત્રિય ભક્તોને પહેરામણી કરી. એમ ટૂંકમાં આ લડાઈનું વર્ણન કર્યું. મરતા બાકી રહેલા અસુરો મુકામે ગયા. ત્યાં તેમના મોટેરાએ માથે જોડા માર્યા. વૈશાખ વદી-૧૪ ચૌદશે અસુરો મર્યા. બજારમાં પડેલા તે વિકરાળ દેખાતા હતા. એમ નરમેઘ થયો. જેથી દેવતાઓ પ્રસન્ન થયા અને વાજિંત્ર વગાડ્યાં. ધમડકાના ક્ષત્રિય રાજા રામસિંગ સાથે હતા. મૂળુભાઈના બંધિયા ગામના બે જાડેજા રાજાઓ હતા તે પોતપોતાના અશ્વ ઉપર બેસીને શ્રીહરિને હેતથી ઘેરીને ચાલ્યા. ડાંગરવાના અમરાજી અને અગરાજી, તે પણ કવચ, ભાલા સાથે અશ્વ ઉપર બેસી શ્રીહરિ સાથે ચાલ્યા. શ્રીહરિ ચાલ્યા ત્યારે પુરજનો જય જયકાર કરતા હતા. બજારમાં આવ્યા ત્યારે અસુરોને સૂતા દીઠા. મુખમાં ધૂળ ભરાઈ હતી અને કાગડા અને ગીધ વગેરે પક્ષીઓ દેખીને

હરખાતા હતા. આવો નરમેઘ થયો. પરશુરામ જેવા વિપ્રને આ યજ્ઞ ગમે. ત્યાંથી શ્રીહરિ વહેલાલ પધાર્યા. ને ત્યાંથી સલકી આવ્યા ને ત્યાંથી ડાંગરવા આવ્યા. તે સમયમાં રાજા સંબંધી અતિ સંકટ આવ્યું હતું. તેમની શ્રીહરિએ સહાય કરી. ક્ષત્રિય હરિભક્ત હતા તે જીતી ગયા અને તેમના શત્રુઓ નાશ પામ્યા. શ્રીહરિએ ત્યાં એક રાત રહીને અગરાજી તથા અમરાજીને પાઘની મોજ આપી કહ્યું કે તમને ધન્ય છે. તમારાં શરીર સત્સંગને માટે કામ આવ્યાં. સમય ઉપર કામ લાગીને તમે અમને મદદ કરી. એમ કહીને છાતી તથા માથામાં ચરણ દીધાં. તેમણે પણ શ્રીહરિની કેસર ચંદનથી પૂજા કરી. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૨ તરંગ ૭૪-૭૬-૭૮-૮૩ તથા સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૨૧-૨૨)*

● **ડાંગરવા પ્રસાદીના મહુડાની લીલા**

શ્રીહરિ શેરથાથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે સવારે ડાંગરવા ગામને સીમાડે જ્યારે ત્યારે શ્રીહરિ અશ્વ ઉપરથી ઉતરી ગયા અને પોતાની સાથે પાર્ષદ કરીમ ભક્તને રાખ્યા. મુકુંદાનંદ વર્ણીને રસોઈ બનાવવા માટે ડાંગરવા ગામમાં મોકલ્યા. ત્યાં ઘણા સારા ક્ષત્રિય હરિભક્ત હતા. તેને ઘેર મોકલ્યા.

શ્રીહરિએ કહ્યું કે, 'પરમ વિવેકી અગરાજી છે તેને એકને જ ખબર પડવી જોઈએ.' પાર્ષદો અને કાઠી દરબારો જે હતા તે બધા કરજીસણ જાય તેમ કહ્યું. તેમને શ્રીહરિએ કહ્યું કે 'કોઈએ અમારી વાત ક્યાંય કરવી નહિં. અમારે બે દિવસ ગુપ્ત રીતે રહેવું છે. અત્યારે તમે મારા અશ્વને પણ સાથે લઈ જાઓ. રાત પડ્યા પછી અમે ત્યાં આવશું. ત્યાં નાનાભાઈ વિપ્રને એકને જ વાત કહેજો. તેને ઘેર અમે રહેશું ઘરમાં કોઈ બાઈ માણસ રહે નહિ.' આમ કહીને સહુને વળાવી દીધા. પાંચ પાર્ષદો સાથે હતા. પાર્ષદો દૂર રહ્યા અને પોતે દૂર જઈને

સૂઈ ગયા. જ્યારે મહુડાના છાયામાં સૂતા હતા. ત્યારે કરીમ ભક્ત એક જ પાસે હતા. તે સમયે કોઈ એક ક્ષત્રિય પુરુષ ત્યાં થઈને નીકળ્યો. તેણે કહ્યું, 'અહીંયા વનમાં એકલા આવીને કોણ સૂતું છે. હું તો તમને સહેજે જ પૂછું છું તો તે વાત કહો.' ત્યારે કરીમ ભક્ત બોલ્યા, 'તારે પૂછવાનું શું કામ છે ? ચાહે તે સૂતા હોય, તું તારે રસ્તે ચાલ્યો જાને.' કરીમ ભક્તે આમ તુંકારથી ક્ષત્રિયને બોલાવ્યો ત્યારે તે આગળ જઈને પાછો વળ્યો અને બોલ્યો કે તેં મને તુંકારો કર્યો છે માટે હું તારું માથું કાપી નાખીશ અમે ક્ષત્રિય છીએ. તુંકારા ઉપર તો અમે તરત મરવા તૈયાર થઈએ, પણ તું તો કોઈ પશુના જેવો છે એમ જાણીને અત્યારે તને છોડી દઉં. છું. આમ કહીને ગાળો દેતો દેતો તે ક્ષત્રિય દૂર જતો રહ્યો.

ત્યારે શ્રીહરિ બેઠા થઈ ગયા અને કરીમ ભક્તને તરત જ ચાલ્યા જવાની રજા આપી. હવે તારે ક્યારેય મારી નજર આગળ આવવું નહિ. તારે મારું માથું કપાવવાનો ભાવ લાગે છે ? અહીંઆ રહેવાનું અમે તને કહેતા નથી માટે અત્યારે જ ચાલ્યો જા. તે પછી તત્કાલ કરીમ ભક્ત ચાલ્યા ગયા. અને તે જ વખતે શિવરામ વિપ્ર આવ્યા. પછી વર્ણીએ રસોઈ બનાવી હતી, તે લઈને આવ્યા. શ્રીહરિ પ્રસન્ન મનથી તે જમ્યા. દરબાર અગરાજી અને તેમની માતા શ્રીહરિના દર્શન કરવા માટે શ્રીહરિની મરજી જાણીને ત્યાં આવ્યા. ઘણા હેતથી તેમણે દર્શન કર્યા. જ્યારે દર્શન કરી રહ્યા તે પછી શ્રીહરિએ તેમને પણ જવાની રજા આપી.

અગરાજીને શ્રીહરિએ કહ્યું, 'અમે કરજીસણ ગામમાં બે દિવસ સુધી ગુપ્ત રહેવાનો નિર્ધાર કર્યો છે.' પછી અગરાજી અને તેમની માં ડાંગરવા ગામમાં આવ્યા અને રાત પડી ત્યારે શ્રીહરિ કરજીસણ ગામ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૨૦)*

● **સહજાનંદી સિંહની શૂરવીરતા**

એક દિવસ અમરાજી ખેતરમાં હળથી ખેડવા માટે ખેતીના કામે ગયા હતા. મુખેથી સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા થકા શાંતિથી હળ હાંકતા હતા. જીવનું ભાવિ અતિ બળવાન હોય છે. ત્યારે તે વગડામાં યવન સરખા યુવાનો ચાર જણા આવેલા હતા તેઓ પોતાના હાથમાં બંદૂક આદિક હથિયારો લઈને આવેલા. તેઓએ હથિયારથી એક હરણને ઘા કરીને ઘાયલ કર્યું હતું. ત્યારે તે હરણ ઘાયેલ થયેલું. ખેતરમાં કામ કરતા અમરાજી પાસે આવીને જમીન ઉપર પડ્યું તે ચારે દુશ્મનો ત્યાં આવી ચડ્યા ત્યારે અમરાજી તેને કહેવા લાગ્યા. તમે લોકો અમારી પાસે શરણમાં આવેલાની ઉપર ઘા કરો તે યોગ્ય ન કહેવાય .અમારે શરણે આવેલાને ત્રાસ ન થવા દઈએ. અમે ક્ષત્રિય કહેવાઈએ છીએ. શરણે આવેલાનું પાલન રક્ષણ કરવાનો અમારો ધર્મ છે. શરણે આવેલાનું શિર સાટે રક્ષણ કરશું. ત્યારે તે ખળને દરબારની વાત ન મનાણી, બળ કરીને હરણ ઉપર ઘા કરીને તેને મારતા હતા, ને જેમ તેમ બોલતા હતા, તમે તો જમીન ખેડીને ખેતી કરી જાણો તમને શું ખબર પડે. આમ કહીને ગાળ બોલતા હતા ત્યારે અમરાજીને શત્રુની આવી તુચ્છ વાણી સાંભળી તરત જ તેમને ક્રોધ ઉત્પન્ન થયો, તેના ગાત્રો અતિય થરથર કાંપવા લાગ્યા જાણે પાતાળમાંથી શેષ નાગને ખીજવ્યો ન હોય તેમ ખૂબ જ ખીજાઈ ગયા. અને હળને છોડીને હાથમાં તલવાર લઈને સાબદા થયાં અને એકદમ શત્રુ ઉપર ધસી આવ્યા. શત્રુઓએ જાણ્યું કે આ તો મહાન શૂરવીર છે. અને હમણા જ આપણા ઝટાઝટ માથા કાપી નાખશે. આવા ભયથી દુષ્ટો ખૂબ જ ભયભીત થયા, બધા જ શત્રુઓ ભાગતા થયા. ત્યારે અમરાજીએ જોયું કે ચારે જણા ખેતરમાંથી ભાગતા દોડતા રણ મેદાનમાંથી વિમુખ થઈને ભાગી ગયા છે. અને પાછા ફરીને ઉપર જોયું તો આકાશે દેવના વિમાનો આવ્યાં, માથા

ઉપર ફૂલોનો વરસાદ આકાશેથી થતો હતો. કહેતા હતા અમરાજી તમને ધન્ય ધન્ય છે. પછી અમરાજી પોતાના ઘેર આવ્યા અને માતા પિતા ભાઈ સૌને બનેલી બધી જ વાત કહી દીધી. એક જ હરણીના કારણથી પાપીની સાથે વૈર થયું એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ. દાસણ ગામના યવનો મદથી છકેલા મારીને ભાગ્યા. પણ હવે તે બધાં જ મુસલમાનો દેકારો હોબાળો કરીને આવવાના અને આખા ગામને ઘેરી લેશે, આવી રીતના પ્રતાપ આદિની વાત કરીને સારા કામની વાર્તા કરી. આવી રીતેની પોતાના પુત્રના પરાક્રમની વાત સાંભળીને બધા રાજી થયા. કહે પુત્ર તમે બહુ જ ઉત્તમ કામ કર્યું, શરણે આવેલાનું સદાય પાલન રક્ષણ કરવું જોઈએ. એજ ક્ષત્રિયપણાનું પૂર્ણ નામ છે. તમે તો ક્ષત્રિયપણું રાખેલ છે. એટલે શ્રીહરિ જરૂર સહાય કરશે જ ભલે દુશ્મન વિશ્વના ચડી આવે તોય આપણી સામે કોઈ ઝપટ ઝાંસી કરે તેમ છે જ નહીં. આમ કહીને માતા ભાવથી ઘી, સાકર સાથેના ભોજન તૈયાર કરીને પ્રેમથી પુત્રને વીર જાણીને સારી રીતે ભાવથી જમાડતા હતા.

કેટલોક સમય વિત્યા પછી તે અસુર લોકો બધા જ હથિયારો સજીધજીને તૈયાર થઈને રણનો સાજ સજીને હોબાળા કરીને શરીર ઉપર કવચને ધારીને માથા ઉપર ટોપા ઘાલીને તૈયાર થઈને આવ્યા. હજારોની સંખ્યામાં સ્વારો થઈને તથા પદાતિઓ તો અપાર હતા. તેઓ મુખેથી કહેતા હતા કે ડાંગરવા ગામને હુમલો કરીને કચડી નાખો. પુરની બહાર આવીને જોયું તો જેનો પાર ન આવે તેવી મોટી સેનાને જોઈને એની સામા આવતા હતા. જ્યારે તે શૂરવીરો સામા ગયા પડકાર કર્યો તેવા જ કડાબંધ છૂટી ગયાં. ધડાકાથી પ્રતાપજી નામનો શૂરવીર ઘાયલ થઈને પડી ગયો તરત જ તે નિષ્પ્રાણ થઈને દેવલોકના નિવાસી થઈ ગયો. પછી તે જ સમયે અવસર જોઈને

અસુરોઓ અમરસિંહને ઘરમાં જ ઘેરી લીધા ત્યારે જતનબાઈ આદિક સૌ બાઈઓએ પ્રયત્ન કરીને ઘરના કમાડ બંધ કરી દીધાં. રખે (કદાચ) અસુરો આ બેને મારે તો આ તો નાની વયના છે તોય બધા અસુરો બેના માથાં માટે જ બધાની સાથે વેર લેવા અનેકની સંખ્યામાં આવ્યા. પોતાના શત્રુઓને આવેલા છે એમ જાણીને નિર્ભર થઈને અમરાજી બળપૂર્વક રણમેદાનમાં સિંહ ત્રાડ દે તેમ જોરથી હાંક કરીને કહે હું કમાડ ખોલું છું આમ કહેતા હતા. તમારા હાથથી હું મરવાનો નથી. શત્રુના બળને જોઈને મારું મન ઝાલ્યું નથી રહેતું આમ કહીને મહાબળવાન વીરે પરાક્રમથી કમાડને તોડી નાખ્યું, ઘરની બહાર નીકળ્યા.

● **અમરાજીની માતાએ શૂરાતન ચડાવ્યું.**

ત્યારે એમના માતા વચનો કહેતા હતા, હે ધીર ! તે મારા સ્તનનું દૂધ પીધેલ છે એટલા માટે રણમાંથી જીવતા પાછા નથી આવવાનું, જીતીને આવવાનું. યુદ્ધ મેદાનમાં અસુરોના સૈન્યને મારીને ખેદાન-મેદાન કરવાનું તેનાથી તારો યશ સ્વર્ગમાં દેવો વખાણશે. પાછો આવીશ તો અપકીર્તિ થશે. મરી ખપીશ તો તું સાચે જ મારો પુત્ર માનીશ. આમ માતા પુત્રને શીખ આપીને સમજાવતા હતા. હે માતા ! તમારી કુખને હું લજાવીશ નહીં હું તો તમારો પુત્ર છું એટલે સાચી જ વાત કહું છું, આમ કહીને અમરાજીએ મહાભયંકર તલવારને હાથમાં લીધી અને ઘેરથી એકલા જ ચાલતા થયા સાથે કોઈ નહોતું તોયે પરાક્રમથી ચાલ્યા.

અમરાજી દુષ્ટ યવનોના મોટા સૈન્યને જોઈને અજીત મહાયોધ્ધા તે જ વખતે મહાઘોર સિંહ ગર્જના કરીને વાતાવારણને ગજવી નાખ્યું તે વખતે મહાભયંકર ઘોર વાજિંત્રો વાગતા હતા તે જ વેળાએ

મહાયોધ્ધાઓ સામસામા ભયંકર રીતે લડતા હતા. જ્યારે વીર અમરસિંહને આવતો જોયો ત્યારે અસુરોએ તોપના ગોળા છોડવાના ચાલુ કર્યા, તાણીને સનનાન કરતી અનેક ગોળીઓ આવતી હતી, તોયે એકેય ગોળી અમરસિંહને અડતી જ ન હતી, શરીરનો સ્પર્શ નહોતો થતો. ભગવાને રક્ષા કરી છે એમ જાણીને અમરાજીએ ખૂબ જ બળ વધી ગયું,અધિક શૂરાતનમાં આવી ગયા. અને હાથમાં ઘોર ભયંકર તલવારને લઈને વીર રણ મેદાનમાં જોરથી દોડતા થકા સામા આવતા હતા. ત્યારે અસુરોએ અમરાજી વીરના હાથમાં તલવાર લઈને બળપૂર્વક આવતા જોઈને મેદાનમાંથી ભાગવા જ માંડ્યા. અસુરના દળ તે ભયથી કાંપતું હતું. હાથ, પગ, શરીરને માથા જલદીથી કાપશે. જોરથી ઝટકો મારશે શરીરને ઝપાટામાં કાપશે, એમ માનતા થકા, ભાગતા હતા. આમ યવનોના સૈન્યમાં ખળભળાટી મચાવી દીધી. આમ મહાપ્રભુ ઘોર તલવારને હાથમાં ફેરવતા દેખાતા હતા.

- **શ્રીહરિ અમરાજીને બળ આપતા હતા તે તેમના ઝટકામાં પણ શ્રીહરિ ઝટકો મારતા**

આવી રીતે તે અસુરો ભય પામતા થકા ભાગતા હતા. એમની પાછળ અમરાજી દોડતા જતા હતા. જાણે પાછળ અનેક મોટો સમુહ આવે છે તેમ જાણતા હતા તેથી અસુર રણમાંથી ભાગતા જતા હતા. જાણે સિંહ બકરાના ટોળાને ત્રાડ નાંખીને ભય પમાડી ભગાડે તેમ અમરાજી પાછળ દોડતા થકા મંદ બુદ્ધિવાળા અસુરીને ભગાડતા હતા. જ્યારે અસુરોનું ટોળુ ખૂબ જ દૂર સુધી ચાલ્યું ગયું, પછી દૂર જઈને પાછા ફરીને જોતા જતા હતા. ભાગતા ભાગતા વીર અમરસિંહને પાછા ફરીને જોતા જતા હતા. ભાગતા ભાગતા વીર અમરસિંહને જ જોયા ત્યારે તે અસુરો પણ મેદાનમાં પાછા સામા આવતા હતા. તે જોઈ અમરાજી પણ હાથમાં મહાતલવાર લઈને સામા લડવા માટે

ધસી ગયા. આવી રીતે કરીને સામ સામી લડાઈ થઈ તે અમરસિંહજી બધાની સાથે જીતવા માટે મલ્લકુસ્તીની સાથે યુદ્ધ કરતા હતા. આમ તેમ ગોળ ફરીને પોતાનો દાવ ખેલતા હતા. આમ અમરાજીને કોઈ શત્રુ જીતે તેમ જ નથી. આમ લડતા થકા મહાપ્રભુને સંભારતા હતા ને પ્રભુ યોગ્ય બળ આપતા હતા. આમ અમરાજી અતિ બળવાળા થયા અને યુદ્ધમાં ખૂબ જ બળ કરીને દબાવતા હતા. અને બધાને પરાસ્ત કરતા હતા.

તે જ સમયે હરિ જોરથી ઝટકો દેતા હતા તેનાથી કેટલાકના પગની સાથળો જાટકામાં તૂટતા હતા અને ભૂમિ ઉપર પડતા હતા, આ દુશ્મન બૂમો પાડતા થકા ભૂમિ ઉપર પડતા હતા. અને ખૂબજ પીડાતા હતા. પૃથ્વી ઉપર કપાયેલા માથા લોહીથી નીતરતા ધડો તરફડતા હતા. અને ધડો કણકણમાં પડતા હતા. આમ એકલા જ અમરસિંહજી બધા જ શત્રુ સમુદાયને મારતા હતા. એમને શ્રીહરિ હૃદયમાં બળ અને પ્રેરણા આપતા હતા. આવી રીતે ઘોર અસુરોના મોટા સમુદાયને મારી નાખ્યાં, તે બધા જ અસુરો ભૂમિ ઉપર શોર બકોર કરતા હતા. આવી રીતે અમરસિંહે રણમેદાનમાં અસુરોનો પરાજય કરીને ભગવાનના ભક્તની જીત કરતા થકા ગાન કરતા હતા.

- **જીત મેળવીને અમરસિંહ ઘર તરફ આવતા જોઈ માતા તેમના ઉપર આકરા વેણ બોલ્યા**

અમરસિંહ જ્યારે રણમેદાનથી ઘર તરફ આવતા હતા ત્યારે તેના માતાજી પ્રેમથી નીરખીને જોતા સતા બોલ્યા કે તું તો જીવતો રહ્યો તેથી તો તે મારી કૂખને લજાવી છે. તું તો પરમાત્મા શ્રીહરિના પ્રતાપથી લડ્યો અને રણ છોડીને ભાગતો થકો બીતો બીતો આવ્યો તે નૈતિકતા તો કરી નથી ને ? માટે મારા પુત્ર તું તો અમારું નામ લજાવે તેવું કર્યું છે.

માતાનું વચન સાંભળીને અમરસિંહે કે, માતા ? તમારી કૂખને તો હું નજ લજાવું. કેમ કે મેં તો રણમેદાનમાં અનેક શૂરવીરને માર્યા છે. વેર લેવા આવેલા તેઓ મહાભયંકર હતા. એમની સામે હું તો જીવતો ન રહ્યો હતો. પરંતુ હે, ''માતા ! હું આજે જે દેહને ત્યાગી દઉં.'' આમ કહેતા હતા. મારા શરીરમાં એક રુંવાડા જેટલી જગ્યા ખાલી ન રહે એટલા ઘા આવેલા હતા. શરીર સહેજ પણ સાજુ ન રહે એટલા માટે બધો સાજ તૈયાર કરો, આમ કહીને જ્યારે ભેટ છોડી ત્યારે તરત જ બેભાન થઈને બધાને જોતા જ પૃથ્વી ઉપર પડી ગયો ત્યારે તરત જ ત્યાં પોતાના ભક્તને ઉગારવા ભક્તની લાજ વધારવા પરબ્રહ્મ મહાપ્રભુ સ્વયં પધાર્યા.

● **લડાઈમાં અમરસિંહને વાગેલું બાણ બાર વર્ષે બહાર નીકળ્યું**

અમરસિંહને જ્યારે મહાસંગ્રામ થયો ત્યારે શરીરમાં બાણ વાગેલું તેની કોઈ જ ખબર પડી જ ન હતી, એમ શૂરવીરતાથી લડ્યા. મારા શરીરમાં વાગેલું બાણ બાર વરસથી અંદર જ હતું. તે બાણ મને લગારે દુઃખ આપતું ન હતું. મને તો સુખ શાંતિ હતી. જેમ શરીરમાં ક્યાંક કાંટો વાગ્યો હોય તોય લગારે સુખ થતું જ નથી પીડા થયા કરે છે. રાત દિવસ ખટક્યા જ કરે છે. અને જ્યારે બહાર કાઢે છે ત્યારે સુખ થાય છે. પણ મારા શરીરમાં લાગેલું બાણ બાર વરસથી રહેલું હતું, તોય લગારે ખબર જ ન રહી. પછી હરિની ઈચ્છાથી જ બહાર નીકળ્યું. આ વાત તમને બનલી સત્ય ઘટના જ કહેલી છે. તે ભક્તે બાણ વાળો હાથ બાણ લઈને આખી સભાને પ્રત્યક્ષ બતાવતા કહેતા હતા કે આ બધું જ હરણી. પુણ્ય પ્રતાપે જ છે. મારા શરીરમાં બાર વર્ષ સુધી રહ્યું પણ શરીરમાં લગારે ખટકતું જ ન હતું. તે બધું જ એક હરણની ખાતર લડાઈ યુદ્ધ થયું. એ બધામાં સહાય કરનાર પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો પ્રતાપ છે. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦, તરંગ-૨૬)*

## ● ડાંગરવાના અમરાજીને લોભ નડ્યો

એક વખત શ્રીજીમહારાજને સંકલ્પ થયો જે કચ્છ દેશમાં સહુ હરિભક્તોને દર્શન દેવા માટે જાઉં એવો વિચાર કરીને એક અમરાજી પાર્ષદને સાથે લઈને ગઢપુરથી ચાલ્યા. તે ચાલતાં ચાલતાં એક નાનું ગામ આવ્યું ત્યાં દિવસ આથમ્યો. તે જોઈને અમરાજીને શ્રીજીમહારાજે કહ્યું જે, કચ્છના ગાઉ ઘણા મોટા છે માટે સામે ગામ જવાશે નહિ. માટે આ ગામમાં રાત રહીને ચાલીએ એવો વિચાર કરીને તે ગામમાં એક શેઠની દુકાનમાં ઉતારો કર્યો. તે રાત્રીના આઠ વાગતાં શ્રીજીમહારાજે અમરાજીને કહ્યું જે, મને ભૂખ બહુ લાગી છે માટે બે પૈસાના દાળીયા ને ગોળ લાવો તો આપણે બેઉ જમીને સૂઈ રહીએ.

આવું શ્રીજીનું વચન સાંભળીને અમરાજીએ કહ્યું જે મારી પાસે એક પૈસો પણ નથી. માટે દાળીયા ને ગોળ શાનું લાવું. આપે જો મને ગઢડે વાત કરી હોત તો વાટ ખરચી માટે રૂપિયા તથા પરચુરણ પૈસા લેતો આવત. ત્યારે શ્રીજીએ કહ્યું જે કાંઈ નહિ. જે થયું તે ખરું લાવો પાણી તરસ લાગી છે તે પીને સૂઈ જઈએ. ત્યારે અમરાજીએ શ્રીજીને પાણી પાયું. પછી અમરાજીએ શ્રીજીને વાત કરી જે આ ગામમાં ચોર લોકો હશે. માટે આપણે સૂઈ જઈશું તો આપણાં લૂગડાં વગેરે ચોરી જશે. માટે આપણે બેઉ વારા ફરતી જાગીએ તો ઠીક. ત્યારે અમરાજીએ કહ્યું જે, આપશ્રી પ્રથમ સૂઈ જાઓ, કારણ કે આપશ્રીને બહુ જ થાક લાગ્યો હશે માટે હું પ્રથમ જાગીશ. એમ કહીને શ્રીજીને સુવાડીને પોતે જાગવા બેઠા. તે રાત્રીના બાર વાગતાં પહેલાં અમરાજીએ શ્રીજીમહારાજને જગાડ્યા. ને કહ્યું જે મને ઊંઘ આવે છે તો હવેથી તમે જાગો એમ કહીને અમરોજી સૂઈ ગયા ને મહારાજ જાગવા બેઠા. તે વખતે તે દુકાનના ધણી વાણિયાએ વિચાર કર્યો જે આ બેઉ જણા સૂઈ જાય તો તેમની વસ્તુઓ મારા ઘરમાં

તે ન જાણે તેમ મૂકીને સૂઈ જાઉં. તે વાણિયાના અંતઃકરણની વાત જાણીને શ્રીજીમહારાજ જાણી જાણીને ડોલા ખાવા લાગ્યા. તે જોઈને વાણિયાએ પોતાના ઘરનું બારણું ઉઘાડીને અમરાજીની પાઘડી તથા અંગરખું તથા ખભે નાખવાનો ખેસ તથા તરવાર વગેરે લઈ ગયો. તેમાંથી અંગરખાને કોઠીમાં નાખ્યું ને તરવારે બાંધેલ સાત રૂપિયા છોડી લઈને તરવારને પણ કોઠીમાં નાખીને સાત રૂપિયા પોતાની તીજોરીમાં મૂકીને સૂઈ ગયો. પછી રાત્રીના ચાર વાગ્યા ત્યારે અમરાજીને શ્રીજીએ જગાડ્યા ને જગાડીને કહ્યું જે, તૈયાર થાઓ. આપણે ચાલીએ. તે સાંભળીને અમરાજી આંખ્યો ચોળતા ચોળતા ઊઠ્યા. ને જ્યાં તપાસ કરે ત્યાં પોતાના કપડાં તથા તરવાર ન મળવાથી શ્રીજીમહારાજને કહ્યું જે, હે મહારાજ આપશ્રી જાગતા હતા કે પોઢી ગયા હતા. મારાં કપડાં તથા તરવાર ચોર ચોરી ગયા. ત્યારે શ્રીજીએ કહ્યું જે કપડાં તથા તરવાર સિવાય બીજું કાંઈ હતું કે નહિ. ત્યારે અમરાજીએ કહ્યું જે તરવારે સાત રૂપિયા બાંધ્યા હતા તે પણ ગયા. ત્યારે શ્રીજીએ કહ્યું જે તમે તો રાત્રીએ એમ કહેતા હતા જે મારી પાસે કાંઈ નથી ને અત્યારે તો તમે સાત રૂપિયા કહો છો તે સાચું કહો છો કે ખોટું કહો છો ! ત્યારે અમરાજીએ કહ્યું જે, હું સાચે સાચું કહું છું. તે સાંભળીને શ્રીજી કહે તમે ચિંતા કરશો નહિ. હું તમને ચોર પાસેથી રૂપિયા અપાવીશ.

એમ કહીને શ્રીજીએ હિંદુસ્તાની ભાષામાં વાણિયાને કહ્યું જે શેઠ કપડાં તથા તરવાર તથા રૂપિયા અમારા તમે ચોરી ગયા છો તે વાતને હું ચોક્કસ જાણું છું. તે સમજીને આપી દ્યો નહિતર ગામના પટેલને બોલાવીને જપ્તી લેવરાવીશ ત્યારે શેઠે કહ્યું જે, અમે શાહુકાર તે શું રમતારામની ચોરી કરતા હશું કે ? અમે તમારું કાંઈ લીધું નથી. ઠાલા અમને તમારે ફજેત કરવા નહિ. ત્યારે શ્રીજી કહે કપડાં

તથા તરવારને તમોએ કોઠીમાં નાખેલ છે ને સાત રૂપિયા તમારી તીજોરીમાં મૂકેલા છે. ત્યાં સુધી તે વાતને હું જાણું છું. માટે સમજીને આપો તો ઠીક. પછી વાણિયે વિચાર કર્યો કે, આ કોઈ મોટા પુરુષ હોવા જોઈએ. નહિતર મારા ઘરમાં કોઈ ન જાણે તેવી રીતે આ કામ મેં કરેલ છે માટે જો હવે નહિ આપું તો આમાંથી મારી ઘણી ફજેતી થશે એમ વિચાર કરી તુરત જ શ્રીજીમહારાજને આપી દીધું. તે અમરાજી અંગરખું પેરીને મહારાજ સહિત ત્યાંથી ચાલ્યા. તે રસ્તામાં જતાં શ્રીજીએ અમરાજીને કહ્યું કે, તમારી પાસે સાત રૂપિયા હતા, તો પણ એક પૈસાના દાળીયા તમારાથી મને અપાયા નહિ. તમારા જેવો લોભી આ દુનિયામાં એક સેવકરામ જોયો હતો ને એક તમે જ છો એવી રીતે શ્રીજીમહારાજે કેટલીક વાત કહી. તેથી અમરાજી બહુ શરમાઈ ગયા. કહેવાનું કે પાસે ધન હોય તે પોતાને વાસ્તે તથા પરમાત્માને માટે ઉપયોગમાં ન આવે તો તે નકામું છે માટે લોભ ન કરતાં બનતા સુધી ભગવાન તથા ભગવાનના સંતના ઉપયોગમાં વાપરવું. તેથી ભગવાન તથા સત્પુરુષ પ્રસન્ન થાય છે માટે લોભનો ત્યાગ કરવો. લોભ કરવાથી પરમાત્મા કુરાજી થાય છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર - ચરિત્ર-૧૧૫)*

● **ડાંગરવામાં પ્રસાદીના સ્થળો**

**(૧) ખારીવડ :** આ ખારી વડ નીચે પ્રભુ ઘણીવાર બિરાજ્યા છે, થાળ જમ્યા છે તેથી પ્રસાદીનો છે. શ્રીહરિ આ વડ ઉપર પડ્યા છે.

**(૨) જનતબાનું ઘર :** આ જતનબાનું ઘર એટલે અક્ષરધામ અહીં શ્રીહરિએ સંતો-પાર્ષદો સાથે દહીં-દૂધ જમાડવાની અલૌકિક પીરસણ લીલા કરેલી

છે. ને દહીં દૂધનો કીચડ મચાવ્યો છે. ઘી જમાડતી વખતે પણ અખંડ ધારે ઘી પીરસ્યું હતું. મેડો પ્રસાદીનો છે.

**(૩) અક્ષર ઓરડી** : અને મહારાજ રાત્રે સુતા તે અક્ષર ઓરડી પણ પ્રસાદીની છે.

**(૪) જતુબાઈનું ઘર** : અહીં પણ મહારાજ પધારેલા છે તેથી પ્રસાદીનું છે.

**(૫) યમુનાબાઈનું ઘર** : અહીં મહારાજ થાળ જમ્યા છે ને રાત્રી રહેલા છે તેથી પ્રસાદીનું છે.

**(૬) લીંબડાનું વૃક્ષ** : ગામથી પૂર્વમાં આવેલ વાડી પ્રસાદીની છે. ને ત્યાં વૃક્ષ નીચે શ્રીહરિ બિરાજેલા છે ને ત્યાં છાંયે સૂતા છે. સભાઓ કરેલી છે.

**(૭) વાડીનો કૂવો** : આ કૂવે શ્રીહરિએ ઘણીવાર નાહ્યા છે તેથી પ્રસાદીનો છે.

**(૮) તળાવ** : ગામથી ઉગમણે આવેલું તળાવ બહુ પ્રસાદીનું છે. તેમાં ઘણીવાર પરમહંસોએ સહિત ખૂબ જ નાહ્યા છે. ને સ્નાન લીલા કરી છે.

**(૯) ધરમદાસનું ઘર** : અહીં શ્રીહરિ થાળ જમેલા છે તેથી પ્રસાદીનું છે.

**(૧૦) હાંડલી** : આ હાંડલીનો મહિમા જતનબાએ ખૂબજ જાણ્યો છે. કારણ કે સર્વાવતારી શ્રીહરિએ જાતે તેમાં ધાન હલાવ્યું છે. તે હાંડલીને જતનબાએ હૈયાનો હાર માનીને રોજ દર્શન કરતા.

**(૧૧) ગંગાજળિયો કૂવો** : આ ગામના કૂવે શ્રીહરિ જનતબાના સંકલ્પથી ગંગાજીને પ્રગટ કર્યા હતા ને ગામના સર્વેને દર્શન થયા ને સર્વેએ પૂજન કર્યું હતું.

**(૧૨) નરોતમભાઈનો માઢ** : અહીં શ્રીહરિ, સંતોએ સહિત ઉતરેલા છે રાત્રી રહેલા છે. અને થાળ જમેલા છે.

**(૧૩) મહુડો** : શ્રીહરિ આ મહુડા નીચે બિરાજેલા છે તેથી પ્રસાદીનો છે.

**(૧૪) વાસણો** : જતનબાને ઘેર શ્રીહરિ થાળ જમેલા તે વાસણો પ્રસાદીના છે.

**(૧૫) વરખડાનું ઝાડ** : ડાંગરવા ગામને સીમાડે - કરજીસણ જતા જમણીબાજુ આવેલું છે ત્યાં શ્રીહરિ ઘણિવાર પધાર્યા છે, પોઢેલા છે.

● **મહુડાના ઝાડ નીચે પ્રભુ પોઢ્યા ને ગુપ્ત રહ્યા**

કોઈ એક સમયે ગઢપુરથી નીકળેલા ભગવાન શ્રીહરિ માર્ગમાં આવતા હરિભક્તોનાં ગામોને ઓળંગી મછિયાવ નગરે પધાર્યા હતા. અને મછિયાવથી નીકળેલા તે શ્રીહરિ માર્ગમાં આવતા પોતાના ભક્તજનોના ગામોમાં રહેતા સતા ડાંગરવા ગામે પધારતા હતા. તે ડાંગરવા ગામના રમણિય સીમાડાને જોઈ ત્યાં કોઈ એક સ્થળે શ્રીહરિ ઘોડેથી નીચે ઉતર્યા. અને શ્રીહરિ ઘોડેશ્વારો પ્રત્યે કહેવા લાગ્યા, કે હે અસ્વારો ! તમો સર્વ અહીંથી કરજીસણ ગામે જાઓ તેમાં જરા પણ વિલંબ કરશો નહિં.

શ્રીહરિએ કહેલા વચનનો તત્કાળ સ્વીકાર કરી ઘોડેસ્વારો શ્રીહરિને નમસ્કાર કરી કરજીસણ ગામે ગયા. ત્યારબાદ શ્રીહરિ

પોતાની પાસે રહેલા પદાતિઓને પણ કહેવા લાગ્યા કે, હે શત્રુજીતો ! હાલમાં આ સ્થળે હું ગુપ્તપણે રહીશ તેથી વિપ્ર શિવરામ અને પાર્ષદ ભગુજીને છોડી બીજા બધા તમો મારી પાસેથી દૂર દેશમાં જઈને રહો. શ્રીહરિ તે પાર્ષદોને આ પ્રકારનું વચન કહી. ત્યારબાદ પાર્ષદ ભગુજીને કહેવા લાગ્યા કે, "હે ભગુજી ! તમો ડાંગરવા ગામમાં જાઓ અને ત્યાં રહેલા મારા ભક્ત જતનબાને આ સ્થળે શ્રીહરિ પધાર્યા છે તે મહારાજ ભૂખ્યા છે તેમ કહો.

ભગુજી તરત જ ડાંગરવા જતનબાના ઘેર ગયા ને કહ્યું કે, મહારાજ મહુડાના ઝાડ નીચે શીવરામ અને ભીમજીએ બનાવેલ સુંદર સુશોભિત આસન ઉપર શ્વેત વસ્ત્ર ઓઢીને સૂઈ ગયા છે ને ભૂખ્યા છે. એવા સમયમાં માર્ગમાં જનારા ક્ષત્રિયો શ્રીહરિની નજીકમાં આવી શ્રીહરિના રક્ષક શીવરામ અને ભીમજીને પૂછવા લાગ્યા કે આ કોણ સૂઈ રહેલું છે ? શ્રીહરિએ અગાઉથી જ શીવરામ અને ભીમજીને કહેલું કે આ સ્વામિનારાયણ છે એમ કોઈને કહેવું નહિ. એ વાક્યને લક્ષમાં રાખીને તે બન્ને સેવકો પૂછનાર ક્ષત્રિયોને કહેવા લાગ્યા, કે હે ક્ષત્રિયો ? આ સૂતેલા પુરુષ નારાયણસિંહ નામે અમારા ગામના અધિપતિ છે. હે ભાઈઓ ! તે નારાયણસિંહ તથા અમો હાલમાં માણસા જવા સારું પશ્ચિમ દેશથી આવેલા છીએ. આ પ્રમાણેનું બંને સેવકોનું વચન સાંભળી ક્ષત્રિયો ત્યાંથી ચાલતા થયા. ત્યારબાદ ડાંગરવા ગયેલા ભગુજીએ જતનબાને કહ્યું કે તરત જ જતનબા સર્વે પાક સામગ્રી લઈ શ્રીહરિ સન્મુખ પવન વેગે જતા હતા. તે જતનબાની પાછળ પાછળ બીજી પણ સ્ત્રીઓ જતી હતી. પછી શ્રીહરિ પોતાના સમીપે આવવાના માર્ગથી બીજા માર્ગે જતાં તે જતનબાઈને કહેવા લાગ્યા કે, હે જતનબાઈ ! હું અહિંયા છું માટે તમો અહિંયા મારી પાસે આવો એમ મધુર સ્વરે બોલાવ્યા તે તરત

જ શ્રીહરિ પાસે આવ્યા. પણ સોનાબાઈ આદિ બીજી ચાર સ્ત્રીઓ જનતબાના માથેથી સર્વ પાક સામગ્રી નીચે ઉતારી શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા.

ત્યારબાદ જનતબાએ લાવેલા કાચા સિધાના શિવરામ વિપ્રે બનાવેલા પાકને સર્વ પદાતિઓ સાથે જમતા શ્રીહરિને સોનાબાઈ કહેવા લાગ્યા કે હે સર્વાન્તર્યામી પ્રભો ! તમો અહીંયા ગુપ્તપણે રહો છો તેથી અમે પણ તમારી રક્ષા કરીશું. ત્યારે શ્રીહરિ તે સોનાબાઈને કહેવા લાગ્યા કે હે સોનાબાઈ ! તમો પોતપોતાના ઘરે જાઓ તમારા ગામમાં હું પાછળથી આવીશ. પછી સર્વે સ્ત્રીઓ પોતપોતાના ઘેર ગઈ. ત્યારબાદ શ્રીહરિ કરજીસણ ગયા ને પછી ડાંગરવા પધાર્યા. *(દંઢાવ્ય દેશ દર્શન)*

● **શ્રીહરિએ જતનબાની પ્રશંસા કરી**

કોઈ એક સમયે શ્રીહરિ ફરીથી ડાંગરવા પધાર્યા. તે સમયે સંવત ૧૮૬૯ નું વરષ કહેતા અગણોતેરો કાળ ચાલતો હતો. તે સમયે શ્રીહરિ જતનબાને ઘેર એકાંત સ્થળે બેસી બ્રાહ્મણ પાસે ભગવાન સંબંધી કથા વંચાવતા હતા. તે સમયે સોમલા ખાચર, મુકુંદવર્ણી આદિ સ્વપાર્ષદોથી વિંટાયેલા તે શ્રીહરિ સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવાં જતનબા પ્રત્યે બોલ્યા કે હે સર્વ શ્રેષ્ઠ જતનબા તમે વેણીદાસના પુત્રી નથી. તેમજ તમારું જતન એવું નામ પણ નથી તથા જાતિથી પણ તમો પટેલ નથી તથા ડાંગરવા ગામના પણ તમે નથી. તથા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશરૂપે પણ તમે નથી તથા મોહ અને દુઃખદાયક કોઈ આશા પણ તમોને નથી અને કર્મનો પણ તમને ભય નથી. આવું શ્રીહરિનું વચન સાંભળી જતનબા બોલ્યા કે, ત્યારે હું કોણ છું ? ત્યારે શ્રીહરિએ કહ્યું જે બ્રહ્મ '**एकमेवा द्वितीयं ब्रह्म**' ઈત્યાદિ વેદ વાક્યોથી એક જ સચ્ચિદાનંદ સ્વરૂપ કહેલું છે. તે જ બ્રહ્મસ્વરૂપ તમો છો પણ બીજું કોઈ તમારું સ્વરૂપ નથી. અને

તમારું જે શરીર તથા ક્ષેત્રજ્ઞ જે આત્મા બંનેનો ક્ષેત્રજ્ઞ એવો હું છું. માટે ઉત્તમ વ્રતવાળાં જતનબા ! લોકોના તિરસ્કારને તથા અનેક ઉપાધિઓને સહન કરી જે સ્ત્રી મારું ભજન કરે છે તે સ્ત્રીને સાક્ષાત્ પુરુષોત્તમ એવો હું દેહ પડ્યા બાદ રાધિકા તુલ્ય કરું છું. એમાં જરાયે સંદેહ નથી.

- **જતનબાની પ્રાર્થનાથી રાત્રીમાં વરસાદ થયો**

ત્યારબાદ જનતબા શ્રીહરિની સ્તુતિ કરતા સતા કહે છે, કે હે જગતના કલ્યાણકારી મહાપ્રભુ ! આપ તો જગતના સર્વ જીવોનું પોષણ કરનારા છો. એટલા માટે આ પૃથ્વી ઉપર જળ વરસાવી સર્વ પ્રાણીઓને સુખ આપવા યોગ્ય છો. હે શ્રીહરે ! તમારા સિવાય બીજો કોઈ પુરુષ તે વૃષ્ટિ વડે સુખ આપવા યોગ્ય નથી.

આ પ્રકારની જતનબાની પ્રાર્થના સાંભળી, તે શ્રીહરિની ઈચ્છાથી તે જ રાત્રીમાં ખૂબ વરસાદ થયો. તેથી સર્વ સ્થળે ખૂબ વરસેલા પાણીથી સ્થાવર-જંગમ સર્વ જીવો મહાસુખીયા થઈ ગયા.

- **જતનબાની સેવાથી શ્રીહરિ રાજી થઈને વારંવાર ડાંગરવા પધારતા ને સુખ આપતા**

એક સમયે શ્રીહરિ કરજીસણથી ગામના માર્ગે થઈ ડાંગરવા પધારતા હતા. તેમને જોઈને ડાંગરવા ગામમાં રહેતી નવલબા નામની કોઈ સ્ત્રી જનતબાને કહેવા લાગી, કે હે જતનબા ! આપણા ગામમાં શ્રીહરિ પધારી રહ્યા છે. નવલબાનું આવું વચન સાંભળી જતનબા તથા બીજી સ્ત્રીઓ તત્કાળ શ્રીહરિના સામાં જતા હતા. જતનબા સમીપે આવતા શ્રીહરિને જોઈ જતનબા તથા અન્ય સ્ત્રીઓ તે પ્રેમપૂર્વક નમસ્કાર કરવા લાગ્યા.

નમસ્કાર કર્યા બાદ જનતબા પોતાની સાથે આવેલી સ્ત્રીઓની સમક્ષ શ્રીહરિની પ્રશંસા કરવા લાગ્યાં કે, મારા પ્રિય ભગવાન શ્રીહરિકૃષ્ણ મારા બોલાવ્યા વિના પણ મારા ઘેર પ્રતિદિન પધારે

છે. જ્યારે જ્યારે આ શ્રીહરિને હું ક્રોધ કરીને બોલાવું છું ત્યારે તેઓ મારા ઉપર હંમેશા પ્રસન્ન જ રહે છે પણ મારી ઉપર જરાયે ક્રોધ કરતા નથી. આ પ્રમાણે શ્રીહરિની પ્રશંસા કરતા સતા તથા કીર્તનો ગાતા સતા વસનભાઈ નામના પટેલને ઘેર મહાપ્રભુને લાવતા હતા.

સદાને માટે શ્રીહરિ જેમના પ્રત્યે પ્રસન્ન છે તેવા જતનબા શ્રીહરિને અમુલ્ય વસ્ત્રો પહેરાવી શ્રીહરિને ત્યાંથી પોતાને ઘેર લઈ ગયા. ત્યારબાદ શ્રીહરિને ઉત્તમ પ્રકારના ભોજન જમાડી જનતબા તથા તેમના ભત્રિજા નરોત્તમભાઈ તથા રતનબાઈ અને વજિબાઈ નામના ભાવિક ભક્તોએ તે શ્રીહરિનું પૂજન કર્યું. એ સમયે જતનબા આદિ ભક્તોના બાજીભાઈ નામના સંબંધિને કોઈક રોગ થયેલો અને તે રોગના કારણે મૃત્યુ વશ થયેલા તે બાજીભાઈને જીવતદાન આપ્યા બાદ શ્રીહરિ તે ડાંગરવા ગામથી કડી નગરના માર્ગે ચાલ્યા. *(દંઢાવ્ય દેશ દર્શન)*

શ્રીહરિએ જનતબા જેવા પ્રેમી સેવા ભાવી મુક્તના હેતને લીધે ખેંચાઈને વારંવાર ડાંગરવા પધારતા હતા. આમ ૧૮ વાર પધારીને ડાંગરવાને ધન્ય તીર્થધામ બનાવ્યું છે. આજે દૂર દૂરથી ભક્તો સંઘ લઈને આ પ્રસાદીના ગામ ડાંગરવાના દર્શને તથા જતનબાના ઘરના દર્શને આવે છે. અને શ્રીહરિએ પણ ડાંગરવાની ગલીઓ, ખેતર, કૂવા-તળાવ તથા ઘેર ઘેર પધરામણીએ ફરીને આખું ડાંગરવા ગામને મહાપ્રસાદીમય દર્શનીય સ્થળ બનાવ્યું છે. ત્યાંની લીલા પણ સ્મરણિય કરી છે ને ભક્તજનોના મનોરથ પૂર્ણ કરીને ખૂબ સુખો આપ્યા છે.

- **સારંગપુરમાં ફૂલડોળ ઉત્સવ પ્રસંગે જતન ફઈને માગતા આવડ્યું**

એક વખતે સારંગપુરમાં શ્રીજી મહારાજે ફૂલડોળનો સમૈયો કર્યો હતો અને ત્યાં દેશાંતરના હરિજનો મહારાજના દર્શને આવ્યા હતા. ત્યાં રામા ખાચરના દરબારમાં લીંબડા નીચે રંગ રમી રહ્યા

ને વાઘાની બાંય ફાટી ગઈ. પછી મહારાજે સૌ બાઈઓને કહ્યું જે, "તમે અમારી પાસે ગોઠ માગો." પછી કાઠિયાવાડની બાઈઓએ મહારાજ પાસે ખજૂર તથા નાળિયેર વગેરે માગ્યું. પછી મહારાજે ગુજરાતી બાઈઓને કહ્યું જે હવે તમો માગો. પછી જનત ફઈ વગેરે બાઈઓએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! અમને તમારી માયા વ્યાપે નહીં અને તમારા ચરિત્રમાં દોષ બુદ્ધિ થાય નહીં એ વગેરે એવા ઘણાક મોક્ષપયોગી વર માગ્યા." તે સાંભળી કાઠિયાવાડી બાઈઓ પશ્ચાતાપ કરવા લાગી જે આપણને માગતા આવડ્યું નહી. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો વાર્તા-૪૮)*

## ગોકુળિયું ગામ કરજીસણધામ

● **કરજીસણના નાનાભાઈ મહેતાને પ્રથમ દર્શને નિશ્ચય**

"ગોવિંદભાઈ અમદાવાદમાં મને ભગવાન જોવા મળ્યા."

"શું કહો છો. નાનાભાઈ અને તે પણ અમદાવાદમાં."

"હા ગોવિંદભાઈ, હું મારી નજરે જોઈને આવ્યો છું. શું એમનું તેજ ! શું એમની આંખો ! ઉંમર તો આખી વીસેક વરસની હશે. પણ શું એમની ચાલવાની છટા ! નાનાભાઈએ કહ્યું. કરજીસણ ગામમાં નાનાભાઈ મહેતા અને ગોવિંદભાઈ પટેલ બંને ભાઈબંધ હતા. બન્નેની ઉંમર ત્રીસેક વર્ષની હશે. બન્ને સાત્વિક અને ભાવિક હતા.

કોઈ કામ અંગે નાનાભાઈ મહેતા અમદાવાદ ગયેલા. ત્યાં તેમને નથુભાઈ બ્રાહ્મણને ત્યાં ભગવાનના દર્શન થયા. ભગવાન ઘોડી ઉપર બિરાજમાન ચારે બાજુ નજર ફેરવે. ભગવાનના દર્શન કરવા ટોળે ટોળા જામેલા. ભગવાનની નજર અને નાનાભાઈની નજર એક થઈ ને નાનાભાઈ સ્થિર થઈ ગયા. તેમણે ભગવાનના શરીરમાંથી અનંત બ્રહ્માંડો ઉડતા જોયા. અને એ બ્રહ્માંડો પાછા ભગવાનમાં લીન થઈ જતા જોયાં. નાનાભાઈને નિશ્ચય થયો કે, નક્કી આ ભગવાન

જ છે. કરજીસણમાં આવ્યા. ગોવિંદભાઈને વાત કરી. બંનેએ ફરીથી ભગવાનના દર્શન કરવા જવાનું નક્કી કર્યું. શિયાળાનો સમય હતો. ખેતરમાં ઘઉં વાવેલા એટલે તાત્કાલીક જઈ શક્યા નહિં.

પણ ફરતા ફરતા સ્વામી રામદાસ કરજીસણમાં આવ્યા. સ્વામિનારાયણના સાધુ આવ્યા જાણી નાનાભાઈ તથા ગોવિંદભાઈએ તેમનું સ્વાગત કર્યું. જમાડ્યા. અને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા. ફરીથી જ્યારે સ્વામિનારાયણ ભગવાન અમદાવાદમાં આવ્યા, ત્યારે બંને અમદાવાદ ગયા.

"આવો ગોવિંદભાઈ, આવો નાનાભાઈ" સ્વામિનારાયણ ભગવાને આવકાર આપ્યો. હજારોની મેદનીમાં ભગવાને તેમને કહ્યું.

"તમે તો અમારા છો. તમારે તમારા આજુબાજુના ગામડામાં નવા સત્સંગીઓ કરવાના."

"પણ મહારાજ, તમો એકવાર તો અમારે કરજીસણ પધારો. બધાને આપના દર્શન થાય." બંનેએ કહ્યું.

"કરજીસણમાં તો અમો એકવાર નહીં પણ અનેકવાર આવીશું. જાવ અમારું વચન છે." મહારાજે કહ્યું. અને મહારાજ કરજીસણમાં છત્રીસવાર પધાર્યા છે. કરજીસણ તો દંઢાવ્ય દેશની તીર્થભૂમિ છે.

મહારાજની આજ્ઞા થતા આ બંને જુવાનો આજુબાજુના ગામડાઓમાં સવાર થતા નીકળી જાય. અને રાત્રે ઘરે આવે. તેમણે ડાંગરવામાં સત્સંગ કરાવ્યો. વડુમાં ભગવાનની વાતો કરી. ઝુલાસણ, પાનસર, ઓળા, મોખાસણ વગેરે ગામોમાં આ શ્વેત વસ્ત્રધારી ગૃહસ્થ ભક્તો ફરી વળ્યા. આ બંનેની નજરે જોયેલી વાતો બધાએ સાંભળી, વર્તન જોયું. નહિ હોકો, નહિ છીંકણી, દૂધ, ઘી, પાણી ગાળીને વાપરવાનું. સવારે વહેલા ઉઠી નાહી ધોઈ ભગવાનની પૂજા કરવાની વગેરે જોતાં જ સામેની વ્યક્તિ ઉપર પ્રભાવ પડતો તેથી સત્સંગની વૃદ્ધિ થવા લાગી. ને દંઢાવ્ય દેશમાં સ્વામિનારાયણ નામની ધજા ફરકાવી.

### ● કરજીસણ ગામમાં શ્રીહરિનું પ્રથમ આગમન

વિ.સં. ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા સત્સંગીઓ સાથે પ્રેમી ભક્તોની પ્રેમરૂપી દોરીથી બંધાઈને કરજીસણ ગામે પધાર્યા. કરજીસણના ભાવિક ભક્તોએ શ્રીહરિનું શાનદાર સવારીથી ગાજતે વાજતે સ્વાગત કર્યું. ત્યાંના નાનાભાઈ મહેતા મેવાડા બ્રાહ્મણ હતા તથા પટેલ ગોવિંદભાઈ, સોનબાઈ, ઝૂમાબાઈ, રળિયાતબાઈ, જીવીબાઈ, ઈચ્છાબાઈ વગેરે બાઈઓ તથા પટેલ કરશનજી વગેરે અપાર ભક્તો હતા, તેમણે ચરણમાં પડી વિનંતી કરી પુરમાં પધરાવ્યા અને પોતપોતાના ભવનમાં લઈ જઈ કેસર ચંદનાદિકથી પૂજા કરી વસ્ત્ર, આભૂષણ આપ્યાં તથા વિવિધ પ્રકારનાં ભોજનનો પાક કરાવી જમાડ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર સાતમું તરંગ-૫૫)*

### ● કરજીસણમાં નાનાભાઈના કૂવામાં ડૂબકી મારી ને ભક્તને તેડવા પધાર્યા

કોઈ એક સમયે મહારાજ કરજીસણમાં વરખડા પાસે નાનાભાઈના કૂવામાં ભૂસકા (ધૂબકા) મારીને નાતા હતા. પાણીમાં ડૂબકી મારીને પહોરવાર સુધી પાણીમાં રહ્યા તે જોઈને ગોવિંદજીભાઈ વગેરે હરિજન જે ત્યાં હતા તે ચિંતા કરવા લાગ્યા. એટલામાં તો મહારાજ પાણી બહાર નીકળ્યા. ત્યારે ભક્તે પૂછ્યું કે આટલી વાર કેમ થઈ ? મહારાજે કહ્યું કે, “ગઢડે એક હરિભક્તે દેહ મૂક્યો તેને તેડવા ગયા હતા.” તેને અક્ષરધામમાં મૂકીને આવ્યા એટલે વાર લાગી. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો - વાર્તા-૩૮૧)*

### ● ભગવાનના થાચ તેનું કામ ભગવાન કરે

એક સમયે મહારાજ સો માણસોનો સંઘ લઈ કરજીસણ પધાર્યા. ગોવિંદભાઈના ઘરે ગયા. ગોવિંદભાઈ ઘરે નહોતા. “ક્યાં ગયા ગોવિંદભાઈ ?” મહારાજે ગોવિંદભાઈના ઘરવાળાને પૂછ્યું.

“મહારાજ તમોએ એમને એવી ભૂરકી નાખી છે ઘરે બેસતા જ નથી. સત્સંગ કરાવવા માટે આજુબાજુના ગામોમાં ફરે છે. ખેતરમાં બાજરી વાઢવાની છે પણ વાઢતા જ નથી. ઘરની ચિંતા એમને નથી.” ઘરવાળાએ કહ્યું. “તો તમો દશબાર દાતરડા લાવી આપો. અમારા ભક્ત અમારા માટે ફરે તો અમો એનો બાજરો વાઢી દઈએ.” “ગોવિંદભાઈના ઘરવાળાએ પંદર દાતરડા ભેગાં કર્યા. અને મહારાજ આખો કાફલો લઈ પહોંચ્યા ગોવિંદભાઈના ખેતરે. બાજરો લણાવી નાંખ્યો હરિભક્તો પાસે ઉપડાવી ખળામાં લાવ્યા. તે દરમ્યાન ગોવિંદભાઈના ઘરવાળાએ સંતો પાસે બધા માટે જમવાનું બનાવી દીધેલું. મહારાજ માટે પણ થાળ કરાવેલો. મહારાજ જમ્યા. સંતોને તથા હરિભક્તોને જમાડ્યા. બાજરો ગોવિંદભાઈના ઘરે પહોંચાડ્યો ને કોઠીઓમાં ભરાવરાવ્યો.

આ ભક્ત કેવો કે જેની મજુરી ભગવાન કરાવરાવે. જેની ચિંતા ભગવાનને હોય. કરજીસણના ગોવિંદભાઈ તથા નાનાભાઈ મહેતા એવા હરિભક્ત હતા કે જેમણે તન, મન અને ધન ભગવાન માટે ન્યોવાછર કરેલું. સત્સંગ માટે આજુબાજુના ગામોમાં ફરતા, મહારાજનો સંદેશો આવે તો મહારાજ પાસે પહોંચી જાય, ઉત્સવ-સમૈયામાં તેમની હાજરી હોય જ. સત્સંગની સેવા કરતા કરતા ગોવિંદભાઈ પંચાવન વર્ષના થયા. અને એમના ઘરેથી ત્રેપન વર્ષના થયા પણ એમને ત્યાં ઘોડિયામાં હીંચનાર કોઈ બાળક આવ્યું નહી. બંને નિઃસંતાન રહ્યા. એક સમયે ગોવિંદભાઈની ભાભીએ મહેણું માર્યું.

“તમારા જેવા વાંઝીયાનું મોઢુ જોઈએ તો અપશુકન થાય.” ગોવિંદભાઈ તો જ્ઞાની હતા તેમને કાંઈ અસર ન થઈ, પણ તેમના ઘરવાળાને લાગી આવ્યું.

રામનવમીના સમૈયા પર બંને ગઢડા ગયા. ગોવિંદભાઈએ મહારાજને કહ્યું "મહારાજ, મને ત્યાગીની દીક્ષા આપો. અને મારા ઘરવાળાને સાંખ્યયોગીની દીક્ષા આપો."

"પણ, કેમ ? આમ સાધુ થવાની શી જરૂર છે ? તમો તો સાધુ જ છો." મહારાજે કહ્યું.

ત્યાં તો ગોવિંદભાઈના ઘરવાળા રડી પડ્યા. સભામાં બધા હરિભક્ત બાઈઓ વચ્ચે રડી પડ્યા.

ગોવિંદભાઈએ મહેણાની વાત કરી.

"એમ, એવું છે. તો જાવો મારો આશીર્વાદ છે કે તમારે એક બે નહિ પણ ચાર પુત્રો થશે." અને એ મોટી ઉંમરે ગોવિંદભાઈને ચાર પુત્રો થયા.

મહારાજ કરજીસણ આવ્યા ત્યારે ગોવિંદભાઈના માથેથી મહેંણું ટળી ગયેલું હતું જ. મહારાજે ચારે પુત્રોને રમાડ્યા.

મહારાજ અને ગોવિંદભાઈ વચ્ચે એવો આત્મીય સંબંધ હતો કે મહારાજે ગોવિંદભાઈને પૂછ્યા વગર ગઢડા આજુબાજુના સાઈઠ કાઠી ભક્તોને અગણોતેરા કાળમાં કરજીસણ મોકલ્યા. અને સાથે ચીઠ્ઠી આપી. "આ બધાને કાળ ઉતરાવજો."

ગોવિંદભાઈએ સાઈઠ જણાની ખરા ઉનાળામાં ચાર મહિના સેવા કરી. તેમના ઘરવાળાએ તથા કુટુંબીઓએ રાંધીને કાઠીઓને જમાડ્યા. તેમની સાથે બેસી સત્સંગ કર્યો. કથાવાર્તા ભજન ભક્તિ કરી. કાઠીઓ આભા થઈ ગયા. નહિ નાતનો સંબંધ, નહિ જાતનો સંબંધ અને ચાર ચાર મહિના સાઈઠ જણાનો હઈસો વેઠ્યો, કાઠીઓનો ખોરાક પણ વધારે. શરીરમાં પણ પડછંદ, મહારાજ ગોવિંદભાઈ પર રાજી થઈ ગયા અને આશીર્વાદ આપ્યા. "તમારે ઘરે અન્ન નહિ ખૂટે." ગોવિંદભાઈનું પચાસ માણસોનું કુટુંબ બધા એક જ રસોડે

જમે. સંપ પણ બરાબરનો. અને સત્સંગ શીર સાટે રાખે. મેથાણમાં પૂંજાભાઈ તથા કાકાભાઈ દરબાર રહે. શ્રીજીમહારાજે અડસઠની સાલ તેમને જઈને ચેતવેલા ''કાકાભાઈ, પૂંજાભાઈ ઢોર-ઢાંખર વેચીને અનાજ સંઘરજો. અગણોતેરો કાળ પડવાનો છે.''

પણ તેમને શ્રીહરિના આ શબ્દો કાને ન ધર્યા. ભેંસોનો તથા ઘોડાઓનો વધારો કર્યો. અગણોતેરો કાળ પડ્યો. આ બધાને ખવરાવવું શું ? ઘરમાં જે હતું તે પુરું થઈ ગયું. અનાજ ખૂટ્યું. ઘાસ ખૂટ્યું. મેથાણના ગામધણી હતા. કોઈની પાસે માગવા ન જવાય ને મૂંઝાણા. ત્યારે મહારાજ તેમને ત્યાં આવ્યા ને વઢ્યા. બંને ભાઈઓ મહારાજ આગળ રડી પડ્યા.

''મહારાજ, મૂળજી શેઠે અમને કહ્યું કે, ભગવાન તો બોલે, ઢોર-ઢાંખર એ તો આપણી સંપત્તિ છે. તે તો વેચાતી હશે તે તો વધારાય.'' ''તો, તમારો એ મૂળજી શેઠ કેમ અત્યારે સગો ન થયો.'' મહારાજે કહ્યું.

''મહારાજ, આખા મુલકમાં દુકાળ છે. મૂળજી શેઠને ત્યાં પણ ભૂખમરો છે. જ્યાં બધે જ આગ લાગી હોય ત્યાં કોઈ કોનું ઓલવે ?'' કાકાભાઈએ કહ્યું.

શ્રીજીમહારાજે તેમને ગાડાઓ જોડાવી કરજીસણ ગોવિંદભાઈને ઘેર મોકલ્યા. ગોવિંદભાઈએ કરજીસણમાંથી અનાજ તથા ઘાસ ગાડાઓમાં ભરી આપ્યું. સાથે ડાંગરવાના અગરોજી તથા અમરોજીને રખોપીયા તરીકે મોકલ્યા. મહારાજે આ જાણ્યું ને તેઓ રાજી રાજી થઈ ગયા.

જ્યારે મહારાજ કરજીસણ આવ્યા ત્યારે ગોવિંદભાઈને બાથમાં ઘાલીને ભેટ્યા. પ્રસાદીની માળા આપી ચરણારવિંદ પાડી આપ્યા. આજેય ગોવિંદભાઈનો એ માઢ, ગોવિંદભાઈનું એ પ્રસાદીનું એ ઘર

અને તેમને ત્યાં પ્રસાદીની વસ્તુઓ છે. જેના યાત્રાળુઓને દર્શન કરાવે છે. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

- **શ્રીહરિએ ગોવિંદભાઈ ઉપર રાજી થઈને વર આપ્યો**

સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ જન્માષ્ટમી ઉપર બીજીવાર ઉત્સવ કર્યોને ખૂબ સુખો આપ્યાં. ને ગોવિંદભાઈની ખૂબ પ્રશંસા કરીને કહ્યું કે, તમારા ઘરમાં કૂવાનું પાણી ખૂટે તો તમારા ઘરમાં અનાજ ખૂટે એવો વર આપ્યો. ત્યાંથી ડાંગરવા પધાર્યા ને ત્યાંથી પાછા કરજીસણ આવ્યા ને નાનાભાઈના કૂવે ઓરડીમાં પાંચ દિવસ રહ્યા. ને ત્યાંથી લાંગણોજ, મેઉ, ખોરજ થઈ પાછા કરજીસણ પધાર્યા ને ગોવિંદભાઈના ઘેર થાળ જમ્યા અને સંતને જમાડ્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૭૧ ની લીલા)*

- **ગોવિંદભાઈનો સમર્પણનો ભાવ તથા શ્રીહરિએ આપેલા વર તે પ્રમાણે અનાજ અખૂટ થયું**

શ્રીહરિ જ્યારે જ્યારે દંઢાવ્ય દેશમાં પધારતા ત્યારે ત્યારે કરજીસણ ગામમાં જવાનું ચૂકતા જ નહિ. એક સમયે ખોરજ ગામ પાસે આંબલીયા નામના તળાવે શ્રીહરિ સંઘે સહિત પધાર્યા. તેમની સાથે કરજીસણના ભક્ત ગોવિંદજીભાઈ પણ હતા. તે તળાવની સુંદર શોભા તથા સુંદર જળ જોઈ તેમાં સ્નાન કરવાની શ્રીહરિએ ઈચ્છા કરી. પછી શ્રીહરિ, સંતો, પાર્ષદો તથા ઘોડેશ્વારોને કહેવા લાગ્યા કે આપણે આ સુંદર પવિત્ર તળાવમાં સ્નાન કરીએ એમ સર્વેને કહી શ્રીહરિ પોતે પોતાના ઘોડેથી નીચે ઉતર્યા. પછી શૌચ વિધિ કરી દાતણ કરતા તે મહાપ્રભુને કરજીસણ ગામના શ્રેષ્ઠ ભક્ત ગોવિંદભાઈ નમસ્કાર કરી વિનય પૂર્વક કહેવા લાગ્યા, કે હે ધર્મનંદન શ્રીહરિ ! દયાળુ એવા તમો સર્વે અહીંથી મારા ઘેર પધારો. અને હે પ્રભુ ! હું પંદર દિવસથી તમારી સાથે જ છું તો મારું પંદર દિવસ સુધી જે દ્રવ્ય વપરાતું તેની તમો જરાયે ચિંતા કરશો નહિ. કારણ કે મારા

ઘરમાં જે કાંઈ પદાર્થ છે તે મેં આપને આધીન કરેલું છે. તેથી હે હરે ! મારું ઘર આપનું જ માની તમો સંતો, પાર્ષદો સહિત મારે ઘેર પધારો અને તમારા દર્શનનો લાભ આપી અમોને પરમ આનંદ આપો.

આ પ્રમાણે ગોવિંદભાઈએ શ્રીહરિની પ્રાર્થના કરી.

ત્યારબાદ કરજીસણના પરમ ભક્ત શ્રી નાનાભાઈ શ્રીહરિને પ્રાર્થના કરી કહેવા લાગ્યા, કે હે સુખસિંધુ મહાપ્રભુ ! વિક્રમ સંવત ૧૮૬૯ નું વર્ષ જ્યારે આવ્યું (અગણોતેરો કાળ) ત્યારે ગોવિંદજીભાઈ ભક્તના ઘરમાં માટીની કોઠીમાં પચીસમણ બાજરી ભરેલી હતી. તે બાજરીમાંથી દરરોજ સાત શેર બાજરી તે કોઠીના નીચેના સાણેથી કાઢી છ માસ સુધી ગોવિંદજીભાઈનું કુટુંબ જમતું હતું અને ગોવિંદજીભાઈના ઘરે મહેમાનો જ્યારે જ્યારે આવતા ત્યારે તે જ બાજરીના રોટલા જમતા હતા. અને ગોવિંદજીભાઈના પત્નીએ પણ એ કોઠીમાંથી પંદર મણ બાજરી વેચી હતી તથા ગોવિંદજીભાઈ પણ દશમણ બનાજરી વેચી હતી. છતાં પણ હે હરે ! હજુ સુધી પણ તે કોઠીમાંથી બાજરી ચાલી જ આવે છે. અને તે ૧૮૬૯ ના વર્ષથી આજ સુધી પણ તે ગોવિંદજી ભક્તના ઘરે ખૂબ ધાન્ય ભરેલું જ છે. અને તે ધાન્ય ક્યારેય પણ નાશ પામતું નથી. માટે આ ગોવિંદજી ભક્તની તમોએ જે રીતે સંભાવના કરેલી છે તે પ્રમાણે તમો સર્વ ભક્તોની સંભાવના સદાને માટે કરશો. અને વારંવાર અમારા ગામમાં પધારી અમોને આપના દર્શનનો લાભ આપો તેવી પ્રાર્થના.

- **ગોવિંદભાઈ આદિ ભક્તોની પ્રેમ લાગણીથી શ્રીહરિ કરજીસણને વહાલું કરતા**

આવી પ્રાર્થના સાંભળી નાનાભાઈ પ્રત્યે શ્રીહિર બોલ્યા, કે હે શ્રેષ્ઠ ભક્ત નાનાભાઈ ! પહેલા હું ગામ ડાંગરવા જઈ પછી તમારા કરજીસણ ગામમાં પધારીશ. તેમાં તમો જરાયે સંશય કરશો નહિ.

અને આ ગોવિંદજીભાઈ તથા તેમના ઘરના સર્વજનો મારે વિષે વિશ્વાસ ધરાવે છે તે હેતુથી સમુદ્રનું જળ જેમ ક્યારેય ખૂટતું નથી તેમ ગોવિંદજીભાઈના ઘરમાંથી પણ મારી કૃપાથી ધાન્યાદિ પદાર્થ કદી પણ નહિ જ ખૂટે. આ પ્રમાણે નાનાભાઈને કહી શ્રીહરિ તે તળાવમાં સંતો, પાર્ષદો સહિત સ્નાન કરી ખોરજ ગામે પધાર્યા. પછી શ્રીહરિ ખોરજ આદિ ગામોમાં વિચરણ કરતા સતા ડાંગરવા ગામે જતનબાના ઘેર પધાર્યા તે ડાંગરવા ગામના ભાવિક ભક્તોના મનોરથો પૂર્ણ કરી શ્રીહરિ પરમાત્મા કરજીસણ ગામે પધાર્યા. તે કરજીસણ ગામમાં ક્ષત્રિય છલાજી નામના ભક્તને ઘેર શ્રીહરિ પધારી તેમનું ઘર પવિત્ર કરી ત્યાંથી પીતાંબરભાઈના ઘરે પધાર્યા, તે કરજીસણ ગામમાં અનેક જનોનો ભાવ પૂર્ણ કરી શ્રીહરિ ત્યાંથી પોતાના સંતો, પાર્ષદો સહિત ડાંગરવા ગામે પધાર્યા. તે ડાંગરવા ગામમાં ભક્ત વેણીદાસ તથા અન્ય ભક્તોને ઉપદેશ કરી શ્રીહરિ ત્યાંથી ફરીથી કરજીસણ ગામે પધાર્યા તે કરજીસણ ગામની પવિત્ર ભૂમિને સુંદર સુશોભિત જોઈ શ્રીહરિ વારંવાર પ્રશંસા કરતા હતા. શ્રીહરિ કરજીસણ ગામમાં પધારે છે તેવું જાણી ગોવિંદજી ભક્ત તથા ખુશાલ ભક્ત તથા પીતાંબર ભક્ત તથા અન્ય ભાવિકજનો બધા કામો પડતા મૂકીને શ્રીહરિના સામા ગયા. અને તેમની પાછળ ખૂબ હર્ષિત બનેલી ભાવિક સ્ત્રીઓ પણ ગઈ. પછી તે ગોવિંદજીભાઈ આદિ સ્ત્રી, પુરુષોએ ભક્તિભાવથી નમન, સ્તુતિ અને પૂજા કરાયેલા તે શ્રીહરિ સંતો, પાર્ષદો તથા તે ભક્તો સાથે કરજીસણ ગામમાં પધાર્યા.

- **કરજીસણ ગામની ભૂમિ તથા ગોવિંદજી ભક્તના પ્રેમથી શ્રીહરિને કરજીસણ ઘેલું થયું**

તે કરજીસણ ગામના ભાવિક ભક્તોની પ્રશંસા કરતા સતા શ્રી સ્વામિનારાયણ ભગવાન મહાપ્રભુ શ્રેષ્ઠ ભક્ત શ્રી ગોવિંદજીભાઈના ઘેર શ્રીહરિ તથા સંતો બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ

પધાર્યા ને તે ઘરને પુનિત કરેલું છે. શ્રીહરિ તથા સંતોની પવિત્ર ચરણરજ પડે પણ તે ઘર ખૂબ પ્રભાવશાળી થયેલું છે.

પોતાને ઘેર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને પધારેલા જોઈ ખૂબ આનંદીત બનેલા તે ગોવિંદજીભાઈ સુંદર શોભાયમાન આસન ઉપર તે શ્રીહરિને બિરાજમાન કરતા હતા. તેમ જ સંતો અને પાર્ષદોને પણ યથાયોગ્ય સ્થળે નિવાસ કરાવતા હતા. તે ગોવિંદજીભાઈના ઘરે વેદિકા ઉપર બિરાજેલા તે શ્રીહરિની ગોવિંદજીભાઈ આદિ સર્વે ભક્તજનો ખૂબ પ્રેમથી અન્નજળાદિ વડે સેવા કરતા હતા. ત્યારબાદ પોતાના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિ તે ગોવિંદજીભાઈના ઘરે મુકુંદવર્ણીએ બનાવેલ માલપુવા આદિક સુંદર પકવાનો જમાડતા હતા. ત્યારબાદ બીજા દિવસે કરજીસણ ગામના ખુશાલ ભક્તે પોતાના ઘરે શ્રીહરિ તથા સંતો-પાર્ષદોને ખૂબ પ્રેમથી જમાડ્યા. ત્યાર પછી શ્રીહરિ તે કરજીસણ ગામમાં પાંચ દિવસ સુધી રહીને ત્યાંથી ગઢપુર પધાર્યા. *(શ્રી દંઢાવ્ય દેશ દર્શન)*

● **શ્રીહરિ કરજીસણ પધાર્યા તેની સાલવાર માહિતી**

- સંવત ૧૮૬૧ થી ૧૮૭૬ ની સાલ સુધી જ શ્રીહરિ દંઢાવ્ય દેશમાં વિચર્યા છે. તેમાં
- સંવત ૧૮૬૧ ની સાલમાં એકવાર પ્રભુ પધાર્યા ૧ રાત્રી રહ્યા
- સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ ચાર વાર પધાર્યા છે.
- સંવત ૧૮૬૩ ની સાલમાં શ્રીહરિ બે વાર પધાર્યા છે.
- સંવત ૧૮૬૫ ની સાલમાં શ્રીહરિ બે વાર પધાર્યા છે.
- સંવત ૧૮૬૬ ની સાલમાં શ્રીહરિ એક વાર પધાર્યા છે.
- સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ પાંચવાર પધાર્યા છે. આ વર્ષમાં શ્રીહરિ ખાસ પોતાના ભક્તજનોને આવતા વર્ષે અગણોતેરો કાળ પડશે તેથી ઢોરા-ઘરેણાં વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો

અને કોઠીઓને ઉપરથી છાંદી દેજો ને સાણેથી દાણા કાઢજો આમ ભલામણ કરવા માટે ખાસ પધારેલા છે.

- સંવત ૧૮૬૯ ની સાલ એટલે અગણોતરો કાળ બહુ ભયંકર વર્ષનો કાળ હતો. તેથી અનાજ માટે બહુ લોકો મર્યા અને ઘાસ વગર અનેક પશુઓ મરી ગયા હતા. આ વર્ષમાં શ્રીહરિ બહુધા ગઢપુરમાં અક્ષર ઓરડી નીચે ભંડકમાં રહેતા નખ અને કેશ વધાર્યા હતા ને કોઈને મળતા પણ નહીં. છતાં પોતાના આશ્રિતજનોના દુઃખને જોઈ શકતા નહિ તેથી તેમની ખબર લેવા રાત્રીયે જતા ને રાત્રીએ પાછા ગઢપુર આવતા અને ઘણીવાર કરજીસણ આ વર્ષમાં આવેલા છે તેનો ઉલ્લેખ પણ પ્રસંગોમાં છે ને છાના રેતા.
- સંવત ૧૮૭૦ ની સાલમાં બે વાર પધાર્યા છે.
- સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ નવ વાર પધાર્યા છે.
- સંવત ૧૮૭૨ ની સાલમાં શ્રીહરિ ત્રણ વાર પધાર્યા છે.
- સંવત ૧૮૭૩ ની સાલમાં શ્રીહરિ એક વાર પધાર્યા છે.
- સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ પાંચ વાર પધાર્યા છે.

આમ આવી રીતે શ્રીહરિ કરજીસણમાં પધાર્યા છે તેમાં જુદા જુદા પ્રસંગોમાં, શાસ્ત્રોમાં, સંતપરંપરાથી જાણવા મળે છે. તેમાં ક્યાંક ૩૪ વાર પધાર્યા છે, ને ક્યાંક ૩૬ વાર પધાર્યાનું છે ને ક્યાંક ૩૭ વાર પધાર્યાનું જોવા મળે છે. પરંતુ આ તો શાસ્ત્રોમાં આપણા નંદ સંતોએ નોંધ લીધી છે તેટલું જ આપણે જાણીએ છીએ. બાકી શ્રીહરિ કરજીસણમાં ઘણીવાર પધાર્યા છે તેનો સાચો ઉલ્લેખ આપણાથી થઈ થઈ શકે નહીં. કેમ કે કરજીસણ તો આપણા નરનારાયણદેવ દેશની પવિત્ર તીર્થભૂમિ છે તેનું માપ આપણે કેટલુંક કરી શકીએ ? અહીં તો શ્રીહરિ અનેક વખત પધાર્યા છે ને ખૂબ જ રોકાયા છે. ને ખૂબ જ સુખો આપ્યા છે. આ કરજીસણ ગામમાં શ્રીહરિ પધાર્યા તેની

ગણતરી મોટા સંતો ન કરી શકે તો આપણે કોણ માત્ર. સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીને પણ લખવું પડ્યું.

: ચોપાઈ :

*કર્જિસણની નાવે ગણતી, ત્યાં તો લીલાઓ કરી છે અતિ ।*
*ગામ તળાવને સીમ વૃક્ષ, તિયાં ફર્યા છે જઈ પ્રત્યક્ષ ॥૨૩॥*
*(શ્રી ઘનશ્યામલીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૪)*

સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમપ્રકાશમાં કરજીસણની નોંધ લીધી છે.

: ચોપાઈ :

*આદરજનો અન્નકોટ કીધો રે, કરજીસણે જને લાવો લીધો રે ।*
*(પુરુષોત્તમ પ્રકાશ-૧૩)*

● **શ્રીહરિને મળેલા કરજીસણના મહદ્ભાગી ભક્તજનો**

પ.ભ.શ્રી લાલાભાઈ (તદ્રુપાનંદ સ્વામી)
પ.ભ.શ્રી નાનાભાઈ મહેતા વિપ્ર
પ.ભ.શ્રી ગોવિંદજીભાઈ પટેલ
પ.ભ.શ્રી કરશનભાઈ પટેલ
પ.ભ.શ્રી ભવાનીદાસ પટેલ
પ.ભ.શ્રી ઝવેરદાસ પટેલ
પ.ભ.શ્રી કુશળભાઈ પટેલ
પ.ભ.શ્રી પુનિભાઈ પટેલ
પ.ભ.શ્રી નાગરભાઈ પટેલ
પ.ભ.શ્રી બેચરભાઈ પટેલ
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ પટેલ
પ.ભ.શ્રી ખુશાલભાઈ પટેલ
પ.ભ.શ્રી પીતાંબરભાઈ પટેલ
પ.ભ.શ્રી ભવાનભાઈ પટેલ
પ.ભ.શ્રી જાદવભાઈ પટેલ
પ.ભ.શ્રી કિશોરભાઈ પટેલ
પ.ભ.શ્રી વખતોજી ડાભી
પ.ભ.શ્રી કુશળાજી ડાભી
પ.ભ.શ્રી સતુભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી જેમલભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી છલજીભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી રળીબાઈ
પ.ભ.શ્રી પુનિબાઈ-૧
પ.ભ.શ્રી પુનિબાઈ-૨
પ.ભ.શ્રી સોનબાઈ
પ.ભ.શ્રી ઝૂમાબાઈ
પ.ભ.શ્રી રળીયાતબાઈ
પ.ભ.શ્રી જીવીબાઈ
પ.ભ.શ્રી ઈચ્છાબાઈ
પ.ભ.શ્રી મીઠીબાઈ (ગોવિંદજીભાઈ પટેલના ધર્મપત્ની)
પ.ભ.શ્રી હરખાબાઈ

પ.ભ.શ્રી સોની ભક્ત
પ.ભ.શ્રી કશળજીભાઈ
પ.ભ.શ્રી ગોવિંદભાઈના ચાર પુત્રો
પ.ભ.શ્રી રણછોડભાઈ પટેલ (૧)
પ.ભ.શ્રી ત્રિકમભાઈ પટેલ (૨)
(લોઢાનો ગોળો ધગધગતો ઉપાડ્યો તે)
પ.ભ.શ્રી નારાયણભાઈ પટેલ (૩)
પ.ભ.શ્રી ત્રિભુવનભાઈ પટેલ (૪)

*(સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ ભક્તજનોની નોંધ લીધી છે.)*

: પૂર્વ છાયો :

*દાખું દાસ દંઢાવ્યના, ભક્ત અતિ ઘણું ભાવિક ॥*
*દૃઢ મતિ ધીરજ અતિ, જાણે સત્ય અસત્ય વિવેક ॥૧॥*
*તન મન ધન તુચ્છ કરી, હરિજન થયા નર નાર ॥*
*પ્રકટ પુરુષોત્તમને, મળી ઉતર્યા ભવપાર ॥૨॥*
*બાળ જોબન વૃધ્ધ વળી, સરવે થયાં સનાથ ॥*
*પરાપાર પરબ્રહ્મ જે, તેહ નિરખ્યા નયણે નાથ ॥૩॥*
*એવા જન અનઘનાં, લેતા નામ આવે આનંદ ॥*
*શ્રવણ દઈ જે સાંભળે, તે વામે મહાદુઃખ દ્વંદ્વ ॥૪॥*

: ચોપાઈ :

*કણબી ભક્ત છે ભવાનદાસ, તજી કસળજીએ જુઠી આશ ॥*
*ગોવિંદજી જાદવજીભાઈ, બાઈઓમાં મીઠીબાઈ છે બાઈ ॥૬૮॥*
*દ્વિજ ભક્ત મોટા નાનોભાઈ, જેની કહી ન જાય મોટાઈ ॥*
*ક્ષત્રિ ભક્ત છે વખતોભાઈ, એહ ભક્ત છે કૃજીસણમાંઈ ॥૬૯॥*

*(શ્રી ભક્તચિંતામણી પ્રકરણ-૧૧૯)*

- **કરજીસણમાં શ્રીહરિએ ભવ્ય રીતે ઉજવેલો જન્માષ્ટમીનો ઉત્સવ પહેલા ગુપ્ત રહ્યા**

એક સમયે ૧૮૬૮ ની સાલમાં અષાઢ મહિનામાં કરજીસણમાં મૂળજી બ્રહ્મચારી તથા ભગુજી પાર્ષદ સાથે શ્રીહરિ પધાર્યા. ગોવિંદભાઈ

તથા નાનાભાઈને કહ્યું, ''અમારે એક મહિના સુધી છાના રહેવું છે.'' ''તો તો મહારાજ તમો ગામમાં ન રહી શકો. કારણ કે ગામમાં તો બધા દર્શન કરવા આવે. સત્સંગ કરવા આવે.'' નાનાભાઈએ કહ્યું. ''નાનાભાઈ તમારું ખેતર આ માટે અનુકુળ પડશે. ખેતરમાં ઓરડી પણ છે. બાજુમાં કૂવો છે. મજા આવશે.'' મહારાજે પ્રસ્તાવ મૂક્યો. નાનાભાઈ અને ગોવિંદભાઈ કબૂલ થયા. મહારાજને લઈને ખેતરે આવ્યા. મહારાજ એ ઓરડીમાં એક મહિનો રોકાયા. કૂવામાં ધૂબકા મારીને નાહ્યા બાજુમાં એક વાઘરોડિયું તળાવ છે. તેમાં પણ મહારાજ ઘણી વખત નાહ્યા છે ને જળ ક્રિયા કરી છે.

ઓરડીમાં મહારાજ તથા મૂળજી બ્રહ્મચારી મળીને બાટી-શાક બનાવતા. દૂધ-દહીં-ઘી ગામમાંથી ગોવિંદભાઈ તથા નાનાભાઈ લાવતા હતા. મહારાજ છેલ્લે દિવસે ગામમાં આવ્યા. ગામના હરિભક્તોએ ગામની નજીક પૂર્વમાં વડ છે. ત્યાં મોટો હીંચકો બાંધ્યો. સવારના પહોરમાં મહારાજની પૂજા કરીને મહારાજને હિંચકે ઝુલાવ્યા. આખું ગામ ભેગું થયું. સ્ત્રી પુરુષો, આબાલ વૃદ્ધો સૌએ મહારાજના દર્શન કર્યા. મહારાજે શ્રીકૃષ્ણ ભગવાનરૂપે બધાને દર્શન આપ્યા. એક ઘડી સુધી દર્શન બધાને થયા. અને મહારાજ મૂળ સ્વરૂપે આવી ગયા. ''મહારાજ, આ જન્માષ્ટમીનો ઉત્સવ અહીં કરજીસણમાં કરો. બધા સંતોને અને સત્સંગીઓને તેડાવો અમારી બધાની આપને વિનંતી છે.'' ગોવિંદભાઈએ કહ્યું, ''ગોવિંદભાઈ, અમારી પણ એજ ઈચ્છા છે. તમારા કરજીસણને ગોકુળ-વૃંન્દાવન-અયોધ્યાથી પણ અધિક પુણ્યવંતુ કરવું છે અમારે.'' મહારાજે સંમતિ આપી.

ગામે ગામ સમાચાર પહોંચતા થઈ ગયા. સત્સંગમાં વિચરણ કરતાં સંતો પણ આ સમાચાર સાંભળી આનંદિત થયા. મોટા મોટા માણસોને કંકોતરીઓ લખવામાં આવી અને ખેપીયા દ્વારા તે પહોંચાડવામાં આવી. જન્માષ્ટમીના બે દિવસ પહેલા તો કરજીસણમાં

સંતો આવવા લાગ્યા. સંતો ભગવાનના દર્શન વગરજ બેચેન હતા. ભગવાને કહેલું જ્યારે  બોલાવીએ ત્યારે આવજો. ગમે તેમ આવતા નહિં.

મહારાજે જાણ્યું કે સંતો આવે છે. મહારાજ માણકી ઘોડી પર સામે ગયા. સંતોને જોઈને દંડવત્ કરવા મંડી પડ્યા. મહારાજને જોઈને સંતોએ છેટેથી દોડતા ભગવાનને પકડીને બેઠા કર્યા. ‘‘મહારાજ! તમારે દંડવત્ કરવાના ના હોય, દંડવત્ તો અમારે કરવાના હોય.’’ સંતોએ કહ્યું. ‘‘ના મુક્તાંદ સ્વામી તમે બધા સંતોને અમારા માટે જે સહન કર્યું છે ને સહન કરી રહ્યા છો. તમોએ ઘરબાર છોડ્યું, કુટુંબ કબીલા છોડ્યા, ધન વૈભવ, ભોગ વિલાસ છોડ્યા, તમોએ લોકોના મહેણાં સહન કર્યા, અરે લોકોનાં માર પણ ખાધા. આવા તમે બધા સંતોને અમે દંવડત કરીએ છીએ. માટે દંવડત કરવા દો.’’ મહારાજ બોલ્યા. પણ સંતોએ મહારાજને દંડવત્ કરવા ન દીધા.

મહારાજ એકો એક સંતને બાથમાં ઘાલીને ભેટ્યા. મહારાજની આંખોમાં આંસુઓ આવી ગયા. ભક્તો અને ભગવાનનું મીલન જોઈને કાળ પણ થંભી ગયો. સૂર્યનારાયણ આકાશમાં આ દ્રશ્ય જોઈને સ્થિર થઈ ગયા. મહારાજ તથા સંતો પુરમાં પધાર્યા.

એ સંતો કેવા હતા ? તો બ્રહ્માંડોનું સર્જન, પાલન તથા વિસર્જન કરે તેવા હતા. એ સંતોમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી એક એકથી ચડિયાતા સંતો હતા એ બધા સાતમને દિવસે સત્સંગીઓનો સમુદાય આવવાનો શરૂ થયો. મહારાજે દરેકને દર્શન આપ્યા. દરેકની ખબર પૂછી. બાઈ હરિભક્તો પણ આવ્યા. દરેકની સગવડ મહારાજ

નાનાભાઈ તથા ગોવિંદભાઈ પાસે કરાવતા.

જાણે નાની નાની નદીઓ સમુદ્રને મળવા જતી ન હોય ? સમુદ્રમાં ગયા પછી નદીઓ સમુદ્રમાં એકાકાર થઈ ગઈ તેમ સત્સંગીઓ તથા સંતોના ટોળા આવતા રહ્યા. અને કરજીસણમાં એકાકાર થઈ ગયા.

મહારાજે બધા સંતો તથા હરિભક્તોને જમાડ્યા અને ઉતારે જઈને આરામ કરવાનું કહ્યું આ તો દંઢાવ્ય દેશ, અહીંના હરિભક્તો ધીમેથી બોલી ન શકે. ઉતાવળે બોલે જાણે ઝગડતા ન હોય. અને વાત વાતમાં ''દિયોર'' શબ્દ લાવે. મહારાજ આ બધાના શબ્દો સાંભળીને મંદ મંદ હસે.

મહારાજ માણકી ઘોડી ઉપર બેસી સંતોના અને હરિભક્તોના ઉતારે ફરી આવ્યા. કોઈને અગવડ નથી તેથી શ્રીહરિને સંતોષ થયો અને ગોવિંદભાઈને ઘરે પોઢી ગયા.

જન્માષ્ટમીની ઉજવણી માટે લોકોમાં અનહદ આનંદ હતો. પાછલી રાત્રીના સાડા ત્રણ વાગ્યાથી સત્સંગીઓમાં ચહલ પહલ શરૂ કરી દીધી. બપોરે નાનાભાઈ તથા ગોવિંદભાઈએ સાદ પાડ્યો ''ઠાકોરજીના ફરાળ તૈયાર થઈ ગયા છે તો સર્વે પધારો. ભગવાનના નામ સ્મરણ સાથે સંતો તથા હરિભક્તો પણ ફરાળ જમ્યા.

છ વાગે સભાનું આયોજન થયું. સંધ્યા આરતી ધૂન થયા. કીર્તન ભક્તિ થઈ અને શ્રીજીમહારાજે બધાને જન્માષ્ટમીનો મહિમા કહ્યો. અગિયાર વાગે ગોવિંદભાઈ શ્રીકૃષ્ણ ભગવાનના જન્મોત્સવ માટે શણગારેલું પારણું લાવ્યા. ભગવાન પાસે જે લાલજી હતા તે તેમાં પધરાવ્યા. ચારે બાજુ જયજયકાર થઈ ગયો. જેવા રાત્રીના બાર વાગ્યા કે તરત શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ ભગવાનની લાલજીની જન્મોત્સવની આરતી ઉતારી.

પણ આ શું ? જાણે શ્રીજીમહારાજ પારણામાં દેખાયા ને આરતી ઉતારનાર અને પારણામાં બિરાજમાન એક રૂપ થઈ ગયા. મહા તેજનો અંબાર છૂટ્યો. અને એ તેજમાં રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનના બધાને દર્શન થયા. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી.... બધા નાચકા કૂદવા લાગ્યા. પંચામૃત વહેંચાયું, પંચાજીરીનો પ્રસાદ વહેંચાણો. ત્યાં તો શ્રીજીમહારાજે ગોવિંદભાઈ તથા નાનાભાઈને બોલાવ્યા.

- **મહારાજની વાણીમાં મર્મ હતો.**

"નાનાભાઈ, ગોવિંદભાઈ, પારણાની રસોઈ તૈયાર થઈ ગઈ છે ?" "હા, મહારાજ, રસોઈ તૈયાર થઈ ગઈ છે." તો એમ કરો. બધા સંતોને તથા હરિભક્ત, બાઈ-ભાઈઓને અત્યારે જ ઠાકોરજીની પ્રસાદી જમાડી દો. ગામના માણસને પણ જમાડી દો. રસોડાના વાસણો જેના હોય તેને પહોંચતા કરી દો. મંડપ, રાવટીઓ બધું ઠેકાણે કરી દો. અને સંઘને પોત પોતાને ગામ જવાનું કહી દો. અમો તથા સંતો ઠાકોરજી જમાડીને ડાંગરવા જઈશું. અને તમો પણ પરવારીને ડાંગરવા આવી જજો."

મહારાજની આજ્ઞાનો અમલ થયો. અને રાત્રીના બે વાગે મશાલો સળગાવવામાં આવી. અને પાંચ વાગતામાં તો બધાને જમાડી દીધા. મહારાજ, સંતો, કાઠી દરબારો બધા ડાંગરવે પહોંચી ગયા. અને સત્સંગીઓ પોતપોતાને ગામ જવા નીકળી ગયા. મંચ, મંડપ તથા રાવટીયો ઉઠાવી લેવામાં આવી.

જે કંઈ લાડવા વધેલા તે સત્સંગીઓના ઘરે ઘરે વહેંચી દેવામાં આવ્યા. વાસણો પણ જેના હતા તેમને પહોંચતા કરી દેવાયા. સવારના સાત વાગે ગોવિંદભાઈ તથા નાનાભાઈએ ડાંગરવા જઈને મહારાજને દંડવત્ કરી જયશ્રી સ્વામિનારાયણ કહ્યા. "બધું ઠેકાણે કરી દીધું

ને ?'' મહારાજે પૂછ્યું. હા, ''મહારાજ ! પણ જાણે કરજીસણમાં જન્માષ્ટમીનો ઉત્સવ જ ન થયો હોય એવું કરીને આવ્યા છીએ. પણ મહારાજ આટલી ઉતાવળ કરવાનું કારણ શું ?''

''એની સા છે. એકલા જ છે. લાંગણજથી સોનબા સુંડલાની અંદર ગાડવામાં કેરાનું અથાણું લઈને આવ્યા. મહારાજને જય સ્વામિનારાયણ કહ્યા. ''મહારાજ, આપને માટે આ અથાણું લાવી છું. રોજ થોડું થોડું જમજો. એમ કહીને સોનબાએ ગાડવું મહારાજ આગળ મૂક્યું. મહારાજે અથાણું ચાખ્યું તો સારું લાગ્યું. સોનબા, અથાણું તો સરસ છે. રોજ થોડું થોડું ક્યાં જમવું. લાવોને અત્યારે જ પુરું કરી દઉં.''

''ના મહારાજ, આ તો દોઢ કિલો (ત્રણ શેર) અથાણું છે. તમને ગરમ પડશે.''

પણ મહારાજે દોઢ કિલો અથાણું જમી ગયા. અને ઉભા થયા. સોનબા તો જોઈ જ રહ્યા ''મહારાજ, તમને આ અથાણું ગરમ પડશે. તમે તો ભારે સ્વાદિયા.'' ત્યારે મહારાજ બોલ્યા : સોનબા તમે અમને શું જાણો છો. અમો તો કાળ, કર્મ અને માયાને વશ રાખીએ એવા છીએ. અમને તમારું અથાણું શું કરી શકવાનું હતું.'' અને ખરે જ, મહારાજને કંઈ તકલીફ ન થઈ. જે ભગવાન તીખાં મરચાંનો મોટો ગોળો જમી જાય તે ભગવાન મીંઢી આવળ જમી જાય. તેને આ અથાણું શા હિસાબમાં. પછી સોનબા લાંગણજ જવા રવાના થઈ ગયા. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **કરજીસણના ભક્તોને જીવનદાન આપતા શ્રીહરિ**

શ્રીહરિ કારિયાણીમાં તળાવ ગળાવતા હતા તે સંવત ૧૮૬૧-૧૮૬૨ ને ૧૮૬૩ એમ વર્ષમાં એક માસ એક માસ તળાવ ગળાવતા હતા. તેમાં ૧૮૬૩ ની સાલમાં શ્રીહરિએ કારિયાણીમાં હોળી ઉત્સવ

કર્યો ને ખૂબ રંગ ઉડાડ્યો. બાઈઓ-ભાઈઓ કીર્તન કરતા અને તળાવમાંથી ધૂળ (માટી) કાઢતા હતા. આ ઉત્સવ પ્રસંગે ગામો ગામથી હરિભક્તો આવ્યા હતા. કરજીસણના નાનાભાઈ બસો હરિભક્તોનો સંઘ લઈને દર્શન આવ્યા. ને મહારાજના દર્શન કરીને તેમણે વાત કરી કે અમે મછિયાવથી આગળ આવ્યા ત્યાં મોટો વંટોળિયો ચઢ્યો અને લીંબડાના ઝાડ પડવાથી ચાર હરિભક્તો મરી ગયા. જેથી અમે બધાએ પાછું વળવાનું વિચાર્યું. પણ, મહારાજે દિવ્યરૂપે આવીને ચારેય ને જીવતા કર્યા, જેથી અમે અહીં આવ્યા.

આ વાત પ્રાંતિજના ગોવિંદરામ બ્રાહ્મણ સમાધિનિષ્ઠ હતા તેમણે પ્રત્યક્ષ જોયેલી. આ વાત સાંભળીને ઘણા જનો હરિભક્ત થયા. સત્સંગમાં આવો પ્રતાપ અનેક જગ્યાએ દેખાય છે. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૫, તંરગ-૭૦)*

● **કરજીસણમાં શ્રીહરિને સંતોએ દુઃખની વ્યથા કહી**

સંવત ૧૮૬૨ ના ચૈત્ર માસમાં શ્રીહરિ કરજીસણ પધારેલા ને ગોવિંદભાઈના ઘેર ઉતર્યા હતા. તે વખતે મુક્તાનંદ સ્વામી આદિ સંતો શ્રીહરિની આજ્ઞાથી ધ્રાંગધ્રા ફરવા ગયેલા તે ત્યાંથી કરજીસણ સંતો સાથે મુક્તમુનિ આવ્યા. સર્વે મહારાજને દંડવત્ પ્રણામ કરતા હવા. તે જોઈને પોતે પણ તે સંતોને દંડવત્ કર્યા. પછી મુક્તાનંદ સ્વામીએ ના પાડી ને ઉપાડી લઈને છાતીમાં ભીડીને મળ્યા. પછી સર્વે સંતને મળીને બહુ રાજી થયા ને સર્વેને પાસે બેસાડીને સમાચાર પૂછતા હવા. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! એ ધ્રાંગધ્રા ગયા હતા. ત્યાં તો વૈરાગીએ બહુ ઉપાધિ કરીને સર્વે સાધુને લૂંટી લીધા ને ગામમાંથી કાઢી મૂક્યા ને સિંહાસન ભાંગી નાખ્યું ને લાલજીની મૂર્તિ લઈ ગયા. પછી અમે હળવદ રાજ પાસે ફરિયાદે ગયા ત્યારે તેણે કાંઈ સહાય ન કરી ને કહ્યું જે, અમે કોને કહીએ ?

તમે ગાયો ને એ પણ ગાયો. એમ ઉત્તર આપ્યો પછી અમે તમારી પાસે આવ્યા. તે વાત સાંભળીને પછી પોતે બહુ કચવાઈ ગયા ને કહ્યું જે, હવે રાજા કોણ છે ? સર્વે નપંસુક છે ને હવે અસુરનો થોડા દિવસમાં નાશ થશે. એમ કહીને પછી પટેલ ગોવિંદભાઈએ ભારે પાંચ પકવાનની રસોઈ કરાવીને તેડવા આવ્યા તે સર્વે સંત મંડળને લઈને પોતે જમવા પધાર્યા. તે થાળ જમીને સર્વે સંતને જમાડ્યા પછી ચંદન પુષ્પવતે કરીને શ્રીજીમહારાજની ગોવિંદભાઈએ પૂજા કરીને લાભ લેતા હતા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૯૨ ની લીલા)*

● **શ્રીહરિ પ્રેમીભક્તનો ભાવ જાણતા**

શ્રીજીમહારાજ લાંગણજથી ડાંગરવા જવા ચાલ્યા. રસ્તામાં એક તલાવડી આવે છે. ત્યાં જગ્યા છે. તે તલાવડીએ મહારાજ સહુ સાથે નહાવા રોકાયા. ને સાથે ઘણા હરિભક્તો હતા તે બધાય ભેગા નાહ્યા ને પૂજાઓ કરીને મહારાજ નાહીને વસ્ત્રો પહેરીને કાંઠે બેઠેલા. તે વખતે કરજીસણના ગોવિંદભાઈ મોટા હરિભક્ત આવ્યા. તેના ભેળા ગોર નાનાભાઈ તે મહારાજને સામા આવ્યા. ને મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા. કે, તમે સંત-પાર્ષદ સહિત અમારે ગામ કરજીસણ પધારો.

પછી મહારાજ ગોવિંદભાઈને કહે, જતનબા અહીં આવે ત્યારે તમારે કહેવાનું કે મહારાજ ! અમારે ત્યાં આવો તો તમને હું નિત્યે સાકરનો શીરો જમાડીશ એમ કહેજો. પછી જતનબા આવ્યા ત્યારે ગોવિંદભાઈએ એમ કીધું. ત્યારે જતનબા કહે એ કણબી તમને શું સાકરનો શીરો જમાડશે ? એ તો તમારો બકાવ્યો બકે છે. તમે સંત પાર્ષદોને લઈ ડાંગરવે પધારો. તમને ઘી-દૂધ જેટલું ભાવે તેટલું જમાડીશ. જનતબા ભેંસોને ગાયો ઘણાં ઢોર રાખતા. મહારાજ પાસે

મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બેઠા હતા એમને પૂછ્યું. સ્વામી ! શીરો જમવાની મરજી છે કે દહીં દૂધ જમવાની મરજી છે ? જો શીરો જમવો હોય તો કરજીસણ ગોવિંદભાઈને ઘેર જઈએ. અને દહીં-દૂધ જમવાં હોય તો જતનબાના ઘરે ડાંગરવા જઈએ. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, મહારાજ ! સાકરનો શીરો સારો પણ એક-બે દિવસ જમીએ, પછી ભાવે નહિ, અભાવ થઈ જાય. જો દહીં-દૂધ જમીએ તો ગમે તેટલા દિવસ જમીએ તોય અભાવ ન થાય. માટે એ હોય તો ઠીક. મહારાજ કહે ચાલો આપણે હવે ડાંગરવે. પછી શ્રીહરિ સંતો-પાર્ષદો સર્વે ડાંગરવા આવ્યા ને દૂધ-દહીંનો ખૂબ ઉત્સવ કર્યો. ને પછી કરજીસણ આવ્યા ને ભક્તજનોને ખૂબ સુખ આપ્યા. *(મુનિ સ્વામીની અમૃતવાણી વાર્તા-૧૯૦)*

- **કરજીસણના લાલાભાઈને વડોદરામાં શ્રીહરિનાં પ્રથમ દર્શને સમાધિ થઈ**

કરજીસણ ગામના વતની લાલાભાઈ પટેલ ગાયકવાડ સરકારની રાજ્ય સવારીના સૂબેદાર તરીકે નોકરી કરતા. કાર્ય કરવામાં અત્યંત કુશળ, લાલાભાઈને સરકારે સુવર્ણના અલંકારો બક્ષિસમાં આપેલા.

શ્રીહરિ વડોદરા પધાર્યા ત્યારે સરકારશ્રીએ રાજ્ય સવારી પૂર્વક સ્વાગત કરીને શ્રીહરિને શહેરમાં અને રાજમહેલમાં પધરાવેલા. એ સમયમાં સૂબેદાર લાલાભાઈએ પોતાની કાર્ય કુશળતા પ્રદર્શિત કરીને રાજાઓ, રાજકવિઓ અને શ્રીહરિ વગેરેને આશ્ચર્ય ચક્તિ કરેલા. લાલાભાઈ જે કાર્ય કરે તે કાર્યમાં તન્મય થઈ જતા.

એક વખત હાથીની અંબાડીમાં દિવ્ય સ્વરૂપે વિરાજમાન શ્રીહરિના લાલાભાઈ દર્શન કરતા હતા. તન, મન અને આત્મા આ ત્રિવિધ એકાગ્રતાથી શ્રીહરિના દર્શન કરનાર લાલાભાઈને તે સમયમાં સમાધિ થઈ ગઈ. તે સમાધિમાં તેમને પરમેશ્વરના દર્શન થયા. તેથી

તેણે નિશ્ચય કર્યો કે આ સહજાનંદ સ્વામી ભગવાનનો અવતાર છે. તેનો આશ્રય કરીને તેની સેવા કરવાથી આપણું કલ્યાણ થશે.

સમયની અનુકુળતાએ શ્રીહરિને મળ્યા અને પ્રણામ કરીને તેણે શ્રીહરિને પોતાનો વિચાર કર્યો. શ્રીહરિએ તેમને કહ્યું કે તમારો વિચાર બહુ સારો છે. તમે સરકારશ્રીની રજા લઈને વડતાલ આવો. લાલાભાઈએ સરકારશ્રીને પોતાની ઈચ્છા જણાવીને વિનંતી કરી કે, આપ રજા આપો. મારે હવે સંસારથી વિરક્ત થઈને ભગવાન ભજવા છે. આવી તેમની આગ્રહ ભરી વિનંતી સાંભળીને સરકારશ્રીએ તેમને રજા આપી. લાલાભાઈ વડતાલ આવ્યા. શ્રીહરિને મળ્યા અને રોકાયા. લાલાભાઈમાં ત્યાગ વૈરાગ્યના ઉત્તમ ગુણો જોઈ શ્રીહરિએ તેમને સાધુ દીક્ષા આપીને તદ્રૂપાનંદ નામ રાખ્યું. તદ્રૂપાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય થઈને મંડળમાં રહ્યા અને બ્રહ્માનંદ સ્વામીની આજ્ઞા મુજબ રહીને વડતાલ, જુનાગઢ અને મુળી મંદિરની સેવા કરીને શ્રીહરિ તથા બ્રહ્માનંદ સ્વામીની ખૂબજ પ્રસન્નતા મેળવી હતી.

ઝાલાવાડ પ્રદેશના ગામડાઓમાં ફરીને તદ્રુપાનંદ સ્વામીએ સત્સંગનો ખૂબજ પ્રચાર કરેલ છે. તે પ્રદેશમાં શ્રીહરિનું વિચરણ તથા તે પ્રદેશના નંદ સંતોના પાવન પ્રસંગોનું વર્ણન સ્વામીશ્રીનો વાર્તા ગ્રંથ વાંચવાથી સ્પષ્ટ જાણવા મળે છે.

- **સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીના ઉપદેશથી એક પરિવાર નિર્વ્યસની બન્યો**

તેમણે તેમના જીવન દરમ્યાન ભક્તજનોને ધર્મોપદેશ આપીને વ્યસન અને વહેમમાંથી મુમુક્ષુઓને મુક્ત કરનાર તદ્રૂપાનંદ સ્વામીનો ઉપદેશ સાંભળીને મનજીભાઈ ત્રેંટિયા અને તેનો પરિવાર નિર્વ્યસની બનીને સત્સંગના નિયમ ધર્મો પાળીને આદર્શ સત્સંગી બનેલા. તે

ઉપરાતં ઘણા બધા લોકોને વ્યસનો છોડાવીને શ્રીહરિના આશ્રિત કરેલા.

મુળી મંદિરમાં મહંત પદે રહીને સ્વામીશ્રીએ મુળી મંદિરની ઘણી સેવા કરી છે. તથા ચુડા, વસ્તડી વગેરે ગામોના હરિમંદિરો તેમણે બંધાવ્યા છે અને પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠા કરાવેલી. તથા શ્રીહરિ સાથે રહીને પણ ખૂબજ સત્સંગમાં વિચરણ કરેલું છે.

- **સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામી સાથે વિચરણ તે વખતે દર્શનની બંધી હતી**

સદ્. શ્રી ભાયાત્માનંદ સમજુ તેમજ ભારે આત્મનિષ્ઠ સંત હતા. શ્રીહરિના સદ્દૂપદેશ તેમજ સહવાસથી એમની દેહ દશા ટળી ગઈ હતી. એકવાર ભાઈ સ્વામી તથા તદ્રૂપાનંદ આદિ સંત મંડળ સાથે વાળાક દેશમાં ફરવા ગયેલા તેથી રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવી શક્યા નહોતા, એટલે મહારાજનાં દર્શનની ભારે તાણ થઈ. તેથી ગઢપુરની સીમમાં પીપળાવાળી વાડીએ રાત રહ્યા ને રામજી પટેલને પૂછ્યું કે, 'મહારાજ હમણાં ક્યાં વિરાજે છે ?' એટલે પટેલે કહ્યું, 'મહારાજ તો અહીં ગઢડામાં જ છે, પણ હમણાં સંતોને દર્શનની બંધી છે, તેથી આપને દર્શન થશે નહીં.' એટલે ભાઈ સ્વામીએ એને કહ્યું, 'પટેલ ! તમારે દર્શનની છૂટ છે ?' એટલે તે કહે, હા ત્યારે સ્વામીએ કહ્યું, 'તમે દર્શને જાવ ત્યારે મહારાજને અમારા જય નારાયણ કહેજો.'

મહારાજ કેવા સંતોને તાવતા ? હરિભક્તોને દર્શનની છૂટ અને સાધુને બંધી. કેટલું નિર્માનીપણું હોય ત્યારે આવા સમયે ભેળું રહી શકાય ? નહીં તો તરત અહંનો કીડો માથું ઊંચુ કરે કે, 'અમે તમારે માટે ઘરબાર છોડ્યા, માર ખાધા, લોકોની ગાળો સહન કરી, ભૂખ્યા રહ્યા છતાં હરિભક્તોને દર્શનની છૂટી અને અમારે બંધી . આમ ધોખો થાય, અથડામણો થાય પણ આ સંતો તો અક્ષરધામના મુક્તો,

રંચ પણ અહં નહીં એટલે કોઈ અથડામણ જ ન થાય. બધી અથડામણો અહંની હોય છે. આવું દાસત્વપણું આવે એજ સત્સંગનું ફળ છે.

પછી પટેલ તો વાળુ કરીને મહારાજનાં દર્શને ગયા. મહારાજ પાસે જઈને કહ્યું. 'ભાઈ સ્વામીએ આપને નારાયણ કહ્યા છે.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ભાઈ સ્વામી ક્યાં છે ?' એટલે પટેલે કહ્યું, 'પીપળાવાડીએ રાત વાસો રહ્યા છે.' ત્યારે મહારાજ કહે, 'બહુ સારું, પણ અત્યારે તો થાક્યા હશે એટલે ભલે સૂતા, પ્રભાતે ઝોળી માગવા આવે તેમ કહેજો.'

પછી પટેલે સંતોને આ સમાચાર કહ્યા એટલે બીજે દિવસે પ્રભાતે ભાઈ સ્વામી ને તદ્રૂપાનંદ સ્વામી દરબારગઢમાં આવી ઊંચે સ્વરે 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' એમ બોલ્યા. એટલે મહારાજે શબ્દ સાંભળ્યો. તેથી નાન ભગતને મોકલીને સંતોને પોતાની પાસે બોલાવ્યા. સંતો મહારાજને દંવડત્ કરીને પાસે બેઠા. ત્યારે મહારાજે એમને હેતથી જમાડ્યા અને પછી ક્યાં ક્યાં ફર્યા એ બધું પૂછ્યું. ત્યારે ભાઈ સ્વામીએ બધી વાત કહી. પછી શ્રીજીએ ભાઈ સ્વામીને પૂછ્યું, 'તમે અત્યારે કોણ છો ?' ભાઈ સ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! અમે તો આપની ચિઠ્ઠીના ચાકર ને વચનમાં વર્તનારા છીએ.' *(સંત આખ્યાન પ્રકરણ-૪, અધ્યાય-૧૫)*

● **સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની સેવાનું ફળ**

વડતાલ મંદિરનું બાંધકામ ચાલતું હતું. બ્રહ્માનંદ સ્વામીની આજ્ઞાથી સંતો નજીકના ગામોમાં ફરીને ધર્મપ્રચાર કરીને ધર્માદો ભેગો કરતા હતા. તદ્રૂપાનંદ સ્વામી પણ સંતો સાથે ગામોમાં વિચરતા હતા. ઉનાળાનો સમય હોવાથી સખત ગરમી પડતી. ઉઘાડા પગે વિચરણ કરનાર સંતોને પગમાં બળતરા થતી. મધ્યાહ્નના સમયે તરસ લાગી અને સ્વામીશ્રીને ચક્કર આવ્યા. મૂર્છિત થઈને જમીન ઉપર

ઢળી પડ્યા. સાથેના સંતો મૂંઝાયા હવે શું કરવું ? એ વખતે ત્યાં આસપાસના વિસ્તારમાં ઝૂંપડી જેવું એક છાપરું હતું. બાજુમાં ઠંડા જળનો ગોળો ભરેલો. તે છાપરામાં રહેનારે જોયું કે કોઈ સંતો છે. દોડીને તે સંતો પાસે આવ્યો અને બધી હકીકત જાણી તરત જ જળનો લોટો ભરીને લાવ્યો. સ્વામીને અને સંતોને જળપાન કરાવ્યું. થોડીવારે સ્વામી સ્વસ્થ થયા. તેણે સ્વામીને પોતાનો પરિચય આપ્યો અને વિનંતી કરી કે, "આપ અમારી ઝૂંપડીમાં પધારો અને આરામ કરો ઠંડો પહોર થાય ત્યાર પછી જ આગળ ચાલજો." તેના આગ્રહથી સંતો તેની ઝૂંપડીમાં ગયા. આરામ કર્યો, તેને ધર્મોપદેશ આપ્યો અને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કહ્યો. સંતોનો ધર્મોપદેશ સાંભળીને તેણે સંતોને કહ્યું કે, "મહારાજ ! હું બ્રાહ્મણ છું પણ મારાથી એક મોટું પાપ થઈ ગયું છે. મેં ક્રોધને વશ થઈને મારા હાથે જ મારા ભાઈની હત્યા કરી. તેને કારણે મને નાત બહાર મૂકેલ છે. આ પાપ માંથી હું છૂટી જાવ તેવી કૃપા કરો." તદ્રૂપાનંદ સ્વામીએ કહ્યું કે, "ભાઈ ! તે નિષ્કામ ભાવથી તારું પાપ સંતોને કહ્યું. વળી, તે પાપ માટે તને પસ્તાવો પણ થાય છે. તેમ જ તે સંતોની સેવા કરી. તેથી ભગવાન તારું કલ્યાણ જરૂર કરશે. આ કળિયુગમાં 'સ્વામિનારાયણ' નામે ભગવાન પૃથ્વી પર વિચરે છે. અમે તેના સંતો છીએ. તે ભગવાનનો આશ્રિત થઈને સત્સંગના નિયમો પાળીશ તો ભગવાન તારો મોક્ષ જરૂર કરશે."

સંતોના વચનમાં વિશ્વાસ રાખીને તે સત્સંગી થયો. તેને સ્વામીશ્રીએ કહ્યું કે, "અમો વડતાલ રહીએ છીએ. ત્યાં મંદિરનું કામ ચાલે છે. તમે ત્યાં દર્શન કરવા આવજો." સત્સંગના નિયમ ધર્મ પાળવાની પ્રતિજ્ઞા કરનાર આ બ્રાહ્મણ સંતોની પાસે તુવેરદાળનું પોટલું હતું તે તરત ઉપાડીને સંતો સાથે વડતાલ આવ્યો.

તદ્રૂપાનંદ સ્વામી સંતો સહિત બ્રાહ્મણને સાથે લઈને બ્રહ્માનંદ સ્વામીના દર્શને ગયા. દંડવત્ પ્રણામ કરીને બ્રહ્માનંદ સ્વામીને

સ્વામીશ્રીએ સાથે આવેલા બ્રાહ્મણની બધી હકીકત કીધી. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, ''તમારા જેવા સંતોની સેવા કરી ત્યારથી જ તેના બધા પાપ બળી ગયા છે.'' એમ કહીને સ્વામીએ તેને આશ્વાસન આપીને લક્ષ્મીનારાયણ દેવ તથા હરિકૃષ્ણ મહારાજના દર્શન કરાવ્યા. પછીથી તે બ્રાહ્મણને લઈને સ્વામીશ્રી શ્રીહરિ પાસે આવ્યા. નિષ્કપટભાવે સંતોની સેવા કરનાર, સંતો પાસે સ્વપાપો કહેનાર તેમજ પાપનો પશ્ચાતાપ કરનાર આ બ્રાહ્મણે વિશુદ્ધભાવથી શ્રીહરિના દર્શન કર્યા. તે દર્શન કરવાથી જ તેને સમાધિ થઈ. પરમેશ્વરના દિવ્ય સ્વરૂપના દર્શન કરીને સમાધિમાંથી જાગૃત થયેલા તે બ્રાહ્મણ પોતાને કૃતાર્થ માનવા લાગ્યો અને સત્સંગના નિયમ ધર્મો પાળીને ભગવાનના ધામમાં ગયો.

મૂળી મંદિરના મહંત પદે રહીને સ્વામીશ્રીએ મુળી મંદિરની ઘણી સેવા કરી છે. સંવત ૧૯૧૬ ની સાલમાં આસો વદ-૮ ના દિવસે સ્વામીશ્રી મુળી મંદિરમાં પંચ ભૌતિક દેહ તજીને સ્વતંત્રપણે શ્રીહરિના અક્ષરધામમાં પધાર્યા. *(સંત સુમન સ્રજ ૪૨)*

● **કુપાત્ર જીવને સમાધિ થાય છે તે વિષે શ્રીહરિ બોલ્યા**

સંવત ૧૮૮૨ ના પોષ વદિ-૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજશ્રી વરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાનું મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી વડોદરાના વાઘમોડિયા રામચંદ્રે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! જે કુપાત્ર જીવ જણાતો હોય ને તેને સમાધિ થઈ જાય છે. તેનું શું કારણ હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ધર્મ-શાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમના ધર્મ કહે છે તે થકી બાહ્ય વર્તતો હોય તેને સર્વે લોક એમ જાણે જે આ કુપાત્ર માણસ છે, અને તે

કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે, ને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે, અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોટે છે. ત્યારે સમાધિ થઈ જાય છે. અને જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને સર્વે લોક ધર્મવાળો જાણે પણ ભગવાનને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લગો છે જે વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે, માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચ મહાપાપનો કરનારો તેથી વધુ પાપી છે. શા માટે જે પંચ મહાપાપ કર્યા હોય તે તો સત્પુરુષને આશરે જઈને છુટાય છે. પણ સત્પુરુષનો દ્રોહ કરે તેને તો કોઈ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી, કેમ જે અન્ય ઠેકાણે પાપ કર્યું હોય તે તો તીર્થમાં જઈને છુટાય છે, અને તીર્થમાં જઈને પાપ કરે તે તો વજ્રલેપ થાય છે, માટે સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવા પાપી હોય તો પણ અતિ પવિત્ર થઈ જાય છે. ને તેને સમાધિ થઈ જાય છે અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તો પણ મહાપાપી છે ને તેને કોઈ કાળે ભગવાનનું દર્શન હૃદયને વિષે થાય જ નહિ, માટે જેને વિમુખ જીવ પાપી જાણે છે તે પાપી નથી. અને જેને વિમુખ ધર્મી જાણે છે તે ધર્મી નથી. *(ઈતિ વચનામૃતમ્ વડતાલનુ ૧૪)*

સદ્.શ્રી તદ્રૂપાનંદ સ્વામીની સેવાથી અને નિષ્કપટ થવાથી તેને સમાધિ થઈ અને પાપ મુક્ત થયો હતો.

- **કરજીસણના સેવાભાવી અને આજ્ઞાકિંત ભક્ત શ્રી નાનાલાલ મહેતા (ગંગામાના ભાઈ)**

સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિનો પ્રથમ મેળાપ અમદાવાદમાં નાનાભાઈને થયેલો. પછી તેમને તથા તેમના મિત્ર ગોવિંદભાઈ પટેલે

સાથે મળીને શ્રીહરિની આજ્ઞાથી આજુ બાજુના ગામોમાં સત્સંગ કરાવેલો. શ્રીહરિ કરજીસણ પધારતા ત્યારે તેમના ઘેર થાળ જમતા અને ઉતરતા. તથા તેમની વાડીના કૂવે સ્નાન લીલા કરતા અને તેમની ઓરડીમાં રહેતા. તે એક દિવસ, પાંચ દિવસ કે એક માસ પણ ત્યાં છાના રહેતા.

- **આ ઘી જે પશુનું હશે તેનું પણ કલ્યાણ થશે**

સંવત ૧૮૬૫ ના ઉત્તરાયણ ઉપર શ્રીહરિ મોટો યજ્ઞ જેતલપુરમાં કરતા હતા ત્યારે હરિભક્તો તે ઉત્સવમાં બળતણ, ચોખા, ઘઉં, ખાંડ તથા ઘી, દાળ આદિક સામાન તે એ ગામના હરિભક્તો ગાડા જોડીને દેશ દેશમાંથી સર્વે સામગ્રી લાવી આપતા હવા. ગામ કરજીસણના હરિભક્ત નાનોભાઈ તેમણે મહારાજ યજ્ઞ કરે છે એવું સાંભળીને તે દંઢાવ્ય દેશમાં વીસનગર આદિ ગામોમાંથી ઘણુંક ઘી ભેગું કરીને ગાડા ભરીને ત્યાં લાવતા હવા. એ ઘી જોઈને મહારાજ એમની ઉપર બહુ રાજી થયા ને કહ્યું જે, આ ઘી જે પશુનું હશે તેનું પણ કલ્યાણ થાશે. એવી રીતે દેશ દેશાંતરમાંથી બહુ સામાન આવતો હતો. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૯૬૫ ની લીલા)*

- **સં. ૧૮૬૨ ના મહાશિવરાત્રી મહોત્સવ પ્રસંગે સિધ્ધપુરમાં પાંચ દિવસ રસોઈ બનાવવાની સેવા નાનાભાઈએ કરી**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિએ સિધ્ધપુરમાં મહા શિવરાત્રીનો મોટો સમૈયો કર્યો હતો. તેમાં ખૂબ જ હરિભક્તો પધાર્યા હતા. ને પાંચ દિવસ જુદા જુદા ગામના ભક્તજનોની રસોઈઓ હતી. તે રસોઈ બનાવવાની સેવા કરજીસણ ગામના નાનાભાઈ મહેતા વિપ્ર હતા. તેમણે કરીને શ્રીહરિને રાજી કર્યા હતા.

તેમાં પહેલે દિવસે ગુજરાતના ભક્તોએ ભાવ પ્રમાણે શ્રીહરિ અને સંતોને જમાડી પૂજા કરી. નાનાભાઈ મહેતા કરીને કરજીસણ ગામના એક વિપ્ર હતા તે રસોઈ કરવામાં મુખ્ય હતા. પહેલે દિવસે

મોતીયા લાડુની રસોઈ કરાવી. બીજે દિવસે ચરોતરના હરિભક્તોએ જલેબીની રસોઈ બનાવી. તેમાં રામદાસજી મુખ્ય હતા. કાઠિયાવાડ દેશના હરિભક્તોએ માલપૂડા, દૂધપાકની ત્રીજે દિવસે રસોઈઓ તેમાં ખટવાંગ રાજા મુખ્ય હતા. ચોથે દિવસે ઝાલાવાડના હરિભક્તોએ બરફીની રસોઈ બનાવી, તેમાં મેથાણના અજા પટેલ મુખ્ય હતા. પાંચમે દિવસે કચ્છ દેશના હરિભક્તોએ ઘેબરની રસોઈ બનાવી, તેમાં સુંદરજી સુથાર અને ગંગારામ મુખ્ય હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૪૫)*

- **ડભાણ યજ્ઞમાં પણ નાનાભાઈની ઘી લાવવાની સેવાથી શ્રીહરિ ખૂબ રાજી થયા**

સં. ૧૮૬૬ ની સાલમાં શ્રીહરિ કચ્છમાં તેરા ગામમાં વિરાજમાન હતા તે વખતે ત્યાંથી સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીને કાઠિયાવાડમાં ઘી ઉઘરાવવા મોકલ્યા. ગામ કરજીસણના નાનાભાઈ ઉપર કાગળ લખી મોકલ્યો જે દેશ દેશમાં જે હરિભક્ત હોય તેમની પાસેથી મનુષ્ય દીઠ એક મણ ઘી લેજો ને ગરીબ હોય તેને પાસેથી ઓછું લેજો. એવી રીતે અમારી આજ્ઞા છે. તે શા સારું તો અમારે ડભાણમાં મહારુદ્ર કરવો છે તે સારું. ડભાણમાં મહારુદ્ર યજ્ઞમાં પણ નાનાભાઈએ ઘી ભેગું કરીને ડભાણ પહોંચાડીને શ્રીહરિનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૬૬ ની લીલા, પેઈજ ૨૬)*

- **જેતલપુર યજ્ઞ માટે ધન આપવાની નાનાભાઈની ઉદારતા**

કરજીસણથી વિપ્ર નાનાભાઈ જેતલપુર આવ્યા અને ગોવિંદ સ્વામીને મળ્યા. તેમણે બધી વાત ગોવિંદ સ્વામીને કહી. સ્વામી, હવે તમે જલદી દશ હજાર મણ ઘઉં મંગાવી લો. તેમાં વિલંબ ન કરશો. અને તેને હિસાબે ઘી પણ મંગાવો. તે પ્રમાણે ગોળ મગાવો. સારા ચોખા અને સરસ દાળ પણ મગાવી જરૂર પુરતા વાસણ, બળતણના

લાકડાં અને ઘાસના મોટા ઢગલા કરાવી દો. વિપ્ર નાનાભાઈ મહેતાની વાત સાંભળીને ગોવિંદાનંદ સ્વામી હસવા લાગ્યા, ધન અને કામ કરનારા માણસના વિના યજ્ઞ કેમ કરવો ? અમે જેટલા સત્સંગમાં સંતો છીએ, તેઓ ધનથી તો અત્યંત દૂર રહીએ છીએ. એટલે યજ્ઞની વાત કેમ થાય ? ત્યારે વિપ્ર નાનાભાઈએ કહ્યું, અમે જે હરિભક્ત છીએ તે બધા ધન આપવા તો બંધાયેલા જ છીએ. યજ્ઞ કરવામાં જેટલો ધનનો ખર્ચ થાશે. અમે બધા હરિભક્તો તેટલું ધન શ્રધ્ધા ભાવથી આપશું. તમે સંતો જ્યાં સુધી ધન નહિ રાખો અને સ્ત્રીથી જ્યાં સુધી દૂર રહેશો. ત્યાં સુધી અમે ગૃહસ્થ હરિભક્તો બધા આપ સંતોના ઉપર અત્યંત ભાવના રાખીએ છીએ.

ત્યાગી સંતોના ઉપર જેવો ભાવ રહે છે, તેવો બીજા સંત ઉપર ભાવ રહેતો નથી. પ્રકટ શ્રીહરિનો જેને જોગ ન હોય એવો તો ગમે તે ત્યાગી થઈ જાય છે. તેવા ત્યાગીના ઉપર આપણા સત્સંગના હરિભક્તોને ભાવના હોતી નથી. જે સાચા ત્યાગી સંત છે, જેમને શ્રીહરિના ઉપર પ્રેમભાવ છે. એવા બીજા કોઈ ત્યાગી સમર્થ કહેવાતા નથી. વિપ્રવર નાનાભાઈની વાત સાંભળીને ગોવિંદાનંદ સ્વામીના દિલમાં અત્યંત સુખ શાંતિ થઈ. પછી આસપાસના ગામોમાં જે સંતો હતા તેમને તથા અત્યંત શ્રધ્ધાવાળા જે હરિભક્તો હતા તેમને જેતલપુર બોલાવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪, તરંગ-૧-૨)*

- **જેતપુરમાં શ્રીહરિના દર્શને નાનાભાઈ તથા નથુભાઈ આવ્યા**

શ્રીહરિ ગોંડલથી જેતપુર જતા માર્ગમાં પશ્ચિમ તરફ નદીને દક્ષિણ કિનારે ઉતરીને શ્રીહરિ સ્નાન કર્યું. સ્નાન કરીને પાણીથી બહાર નીકળ્યા. બંને સાથળની વચ્ચે ધોતિયું નીચોવ્યું. પછી રૂમાલ

લઈને શરીરને લૂંછીને કોરું કર્યું. પછી એક પીતાંબર પહેર્યું. તે પછી ઉનના કડાની શતરંજી (ચકમો) પાથરીને તેના ઉપર બેઠા. દેવ પૂજા કરી. કેસરયુક્ત ચંદનનું તિલક લલાટમાં કર્યું. તે સમયે ગોંડલના મહારાજાએ આનંદોલ્લાસથી બરફી અને પેંડા શ્રીહરિની આગળ મુકાવ્યા. એક એક મણ વજનની દસબાર મોટી છાબો ભરેલી હતી. તે સિવાયના ગોંડલના બીજા હરિભક્તો પણ બધા એક એક મોટી છાબ લાવ્યા હતા. તેઓ મોતીચૂર અને જલેબી લાવ્યા હતા. ગાંઠિયા અને ચણાનો તો પાર જ ન હતો.

જેટલા કાઠી દરબારો હતા તેમને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા. તેમને જલેબી અને મોતીચૂર આપ્યા. દરેકને બે વખત જમાય તેટલું આપ્યું. અને કહ્યું કે, વધારે જોઈએ તો માગી લેજો. શ્રીહરિએ કહ્યું કે સહુ હરિભક્તો તમારે માટે જ આ બધું લાવ્યા છે. જલેબી અને મોતીચુર સંતોને બોલાવીને આપ્યાં. બ્રાહ્મણ સિવાયના જેટલા હરિભક્તો સાથે હતા તે બધાને શ્રીહરિએ તે બધું મીઠાઈ વગેરે આપ્યું. પછી પોતે હાથ ધોયા. રૂમાલથી હાથ લૂછ્યા. પછી જે પોતાની સાથે વિપ્રો હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા. વિપ્રોને બરફી અને પેંડા આપ્યા. તેમજ સંન્યાસીઓને અને વર્ણીઓને પણ બોલાવ્યા અને તેમને પણ બરફી તથા પેંડા વગેરે આપ્યું.

તે વખતે કરજીસણ ગામના નાનાભાઈ મહેતા મેવાડા વિપ્ર આવ્યા હતા. અને તેમની સાથે વિપ્ર નથુભાઈ પણ હતા. તેઓ દર્શન કરવા માટે આવ્યા હતા તે ત્યાં મળી ગયા. નાનાભાઈ મહેતા દંઢાવ્ય દેશ (ઉત્તર ગુજરાત)ના ગામે ગામમાં ઠેકઠેકાણે ઘણો જ સત્સંગ કરાવ્યો હતો. તેમણે તે બધા હરિભક્તોનાં નામ લઈ લઈને ‘જય નારાયણ’ કહ્યા તે બંને ને પણ શ્રીહરિએ પકવાન અપાવ્યા. અને

પછી પોતે જમવા બેઠા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૬, તરંગ-૪૯)*

- **જેતપુરમાં દશેરા ઉત્સવમાં શ્રીહરિએ કરજીસણના નાનાભાઈને વસ્ત્રો અને આભૂષણો આપ્યા**

જેતપુરમાં શ્રીહરિએ સંવત ૧૮૬૧ ની સાલમાં દશેરાનો મોટો ઉત્સવ કરેલો તે ઉત્સવમાં દેશોદેશના હરિભક્તો બહુ મોટા પ્રમાણમાં આવ્યા હતા અને વિવિધ પ્રકારના મેવાઓ અપાર લાવ્યા. સાથે જે દરબારો આવ્યા હતા તેમને શ્રીહરિએ તે વેળાએ અપાવી દીધા. શ્રીહરિએ દરબારોને મેવા અને ફળો તો એટલા આપ્યા કે તેમણે ગાડીમાં ભરી ભરીને તે મેવા અને ફળ વગેરેને પોતાને ઘેર પહોંચાડ્યા હતાં. શ્રીહરિની પૂજામાં જે સારાં વસ્ત્રો અને આભૂષણો આવે તેમાં પણ જે સોનેરી હોય તે બધાં શ્રીહરિએ દરબારોને આપી દીધાં. શ્રીહરિ પહેલા ગઢપુરના દરબારોને આપતા. પછી બીજા દરબારોને વસ્તુઓ આપતા. મયારામ ભટ્ટને શ્રીહરિએ વસ્ત્રો અને ઘરેણાં ઘણાં આપ્યાં અને કરજીસણવાળા નાનાભાઈને પણ વસ્ત્રો અને આભૂષણો ઘણાં આપ્યાં. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૬, તરંગ-૬૧)*

- **કરજીસણના નાનાભાઈએ પીપળીયા (મચ્છુ) ગામના ગણેશભાઈ તથા માનબાઈને કરાવેલો શ્રીહરિનો નિશ્ચય**

મોરબીથી થોડે છેટે, મચ્છુ નદીના કાંઠે પીપળિયા નામનું ગામ છે. ગામ તો છે નાનું, પણ ફુલ છોડના ફૂલડા જેવું. એની ધરમની મઘમઘતી ફોરમ આ પંથકમાં મહેકતી રહી છે. કો'ક કો'ક ધરતી અને તેના પાણી જ મલકમાં એવા બળુકા અને અમૂલા હોય છે કે આ જગતમાં એના અનોખા ગુણ લોક હૈયામાં અંકાય છે. આ પણ એવી ધરતી છે કે જેના મૂલ મૂલવાય એટલા ઓછા પડે, એવી આ ધરતી ઉપર પટેલ જ્ઞાતિના ગણેશભાઈ અને એના બહેન માનબાઈ

પૂર્વના અધૂરા યોગે અહીં અવતર્યા. તેના શુભ સંસ્કાર અને ધર્મ-નિયમ જોતા દેખાય કે આ મુમુક્ષુ જીવને સંસાર સાગર પાર કરવાની બહુ લગની લાગેલી એટલે સદ્‌ગુરુની શોધમાં હતા.

ગામના ચોરાનાં પૂજારી રામદાસજી પાસે ભાગવત-ગીતાને સાંભળતા, પણ પૂજારીની રે'ણી-કે'ણી અને અભ્યાસની રીત ભાત વિચિત્ર હોય તેથી બહેન ભાઈનું મન ઠર્યું નહિ. એટલે આજુ બાજુના ગામ પીપળિયાની ઓતરાદી દિશે આવેલ ફગાસીયા ગામના પાદરમાં વયોવૃદ્ધ સાત્વિક તપસ્વી સંતનો તેને યોગ થતા તેનો સમાગમ વધાર્યો. આ સંતની સેવા-સમાગમથી બંનેનું મન ઠર્યું તેમજ સંતે પણ તેની વૃત્તિ સેવા શ્રદ્ધા-ભક્તિ જોઈ આશીર્વાદ આપતા કહ્યું, ''તમને પ્રગટ ભગવાન મળશે.''

આવા ધર્મ-નિયમ પાળતા બહેન-ભાઈને સંત બ્રાહ્મણની સેવા કરતા કરતા એક દિવસ 'કરજીસણ' ગામના વતની સ્વામિનારાયણના સત્સંગી વિપ્ર નાનાભાઈનો સમાગમ થયો.

આ કરજીસણના નાનાભાઈને શ્રીહરિએ દંઢાવ્ય દેશમાં સત્સંગની વૃદ્ધિ કરવા આદેશ આપેલો તેથી ગામે ગામ સર્વાવતારી શ્રીહરિની ઓળખાણ અને નિશ્ચય ઘણા ગામોમાં, ઘણા મુમુક્ષુઓને સત્સંગી બનાવ્યા હતા. આ નાનાભાઈ શ્રીહરિની ઈચ્છાએ કચ્છ ભુજ દર્શને જતા અચાનક સાંજ વખતે પીપળિયા ગામે આવી પહોંચ્યા અને જોગાનું જોગ ગણેશભાઈ તથા માનબાઈનો ભેટો થતા તેમના ઘરે લઈ ગયા ને નાનાભાઈએ રાત્રે રસોઈ બનાવીને મહારાજને જમાડ્યા. તે તે જ રાત્રે નાનાભાઈએ સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી ભગવાન અત્યારે આ ભરત ખંડની ભૂમિમાં પ્રગટ થઈને વિચરી રહ્યા છે.

અને હજારોની સંખ્યામાં સાધુ બનાવ્યા છે. લાખોની સંખ્યામાં હરિભક્તો શ્રીહરિનાં આશ્રિત બન્યા છે. ગામો ગામ સમાધિઓ કરાવે છે ને અક્ષરધામના દર્શન કરાવે છે. આવી રીતની શ્રીહરિની લીલા ચરિત્રોની કથા રાતના બે વાગ્યા સુધી કરાવીને આ બંને ભાઈ-બહેનના જીવમાં શ્રીહરિનો સાક્ષાત્કાર નિશ્ચય કરી દીધો.

સવારે વહેલા ઉઠીને નાનાભાઈએ સ્નાન વિધિ કરી ને પૂજા પાઠ કરીને હરખાતે હૃદયે વિદાય લઈને ભુજ ભણી ચાલ્યા. તે વખતે ગણેશભાઈ તથા માનબાઈએ નાનાભાઈને કહ્યું કે, અમારા વતી મહારાજને પ્રાર્થના કરજો અને અમને વહેલા વહેલા દર્શન દેવા અમારા ગામ પીપળિયા પધારે. નાનાભાઈએ પણ તેમની વિનંતી-પ્રાર્થના ધ્યાનમાં લઈને ભુજ જઈ મહારાજના ચરણમાં દંડવત કરીને પગે લાગીને ઉપરોક્ત વાત કરી તેથી શ્રીહરિ બહુ રાજી થયા ને પછી મહારાજ પીપળિયા ઘણીવાર પધારીને આ ભાઈ-બહેની સેવા સ્વીકારીને થાળ જમ્યા છે. રાત્રી રહ્યા છે. જે આજે પણ તે પીપળિયા પ્રસાદીનું ધામ છે. તેના દર્શને હરિભક્તો જાય છે. ધન્ય છે નાનાભાઈ મહેતાને કે તેમણે પીપળિયામાં સત્સંગના બીજ રોપ્યાં. *(નારી રત્ન)*

- **નાનાભાઈએ અમદાવાદમાં શ્રીહરિની આજ્ઞાથી સંતોની ધર્મશાળા બાંધવા માટે આવેલા ને ત્યાં તેમને દેહ છોડ્યો**

સદ્. અચિંત્યાનંદ સ્વામી ભાઈ રામદાસ સ્વામીના અનન્ય સેવક હતા. અને તેમને જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેઓ શ્રીહરિએ કહેલી વાતો અને શ્રીહરિનાં થયેલા દર્શન અંતરમાં યાદ રાખતા અને તેને જ પોતાની જીવનદોરી માનતા. જ્યારે શ્રીહરિએ કરજીસણના નાનાભાઈને અમદાવાદ સંતો માટે ધર્મશાળા બાંધવા મોકલ્યા ત્યારે આ અચિંત્યાનંદ સ્વામીને તેમની સાથે મોકલ્યા હતા. જ્યારે કરજીસણના નાનાભાઈએ દેહ છોડ્યો ત્યારે આ સ્વામીએ મહારાજની

મૂર્તિમાં અતિ અનુરાગ થાય એવા ચરિત્રો અને પ્રસંગો તેમને સંભળાવ્યાં હતા. તેથી નાનાભાઈને શ્રીહરિની મૂર્તિનાં દિવ્ય દર્શન થયાં અને કહીને ધામમાં ગયા. આવા તે પ્રભુપ્રેમી અને ચરિત્રાનુરાગી હતા. *(સદ્. શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીનું જીવનકવન પેઈજ-૪)*

● **શ્રીહરિના કૃપાપાત્ર અને મહિમાવંત ગોવિંદભાઈ પટેલ**

શ્રીહરિના પરમ કૃપા પાત્ર તથા રાજીપાના અધિકારી એવા કરજીસણ ગામના પરમ ભક્તરાજ શ્રી ગોવિંદભાઈ પટેલ હતા. તેમણે શ્રીહરિની આજ્ઞાથી આજુબાજુના ગામોમાં તથા કરજીસણમાં સત્સંગનો ખૂબ જ વિકાસ કર્યો છે. શ્રીહરિ જ્યારે જ્યારે કરજીસણ પધારતા ત્યારે સાથે ૫૦૦ પરમહંસો, રાજાઓ તથા સત્સંગીઓના મોટા સમુહમાં પધારતા ત્યારે તેમની રસોઈની વ્યવસ્થા ગોવિંદભાઈ તરફથી થતી. ઘોડાઓને ઘાસ તથા જોગાણ તથા સંતો-હરિભક્તોના ઉતારા-પાગરણની તથા સર્વેની સંભાળ ગોવિંદભાઈ રાખતા. તે વખતે હાથેથી અનાજ દળવાનું એટલે કેટલીય મહેનત પડે તે બધા માટે પાણી લાવવું વગેરે વગેરેમાં ગોવિંદભાઈ ખડે પગે મહિમાથી સેવા કરતા અને સદાય આનંદમાં રહેતા હતા. અને શ્રીહરિને પધારવાનો ટાઈમ નિશ્ચિત ન હોય ક્યારેક સવારમાં તો ક્યારેક બપોરે કે રાત્રે પધારતા તેથી રસોઈ બનાવવાનું પણ વહેલુ મોડું થાય તો પણ ગોવિંદભાઈ કંટાળતા નહિ. આવડા મોટા સમુહ સાથે શ્રીહરિ પધારતા તેથી ગોવિંદભાઈ તથા તેમના ઘરના કે કુટુંબમાં સૌ ખૂંધ્યું ખમ્યા છે. તેમના કુટુંબમાં ને ગામમાં સંપ સારો હતો.

શ્રીહરિ કહેતા કે, ''કૂવામાં પાણી ખૂટે તો ગોવિંદભાઈના ઘરમાં અનાજ ખૂટે'' એમ શ્રીહરિ તેમના ઉપર ખૂબજ પ્રસન્ન થઈને કહેતા અને શ્રીહરિનો ઉતારો એટલે ગોવિંદભાઈનું ઘર તે સત્સંગનો વારસો નિષ્ઠાવાન, અણી શુદ્ધ વર્તન, અને શ્રી નરનારાયણદેવ દેશને

વફાદારપણે રહીને આજે પણ તે જાળવી રાખ્યો છે. આજે પણ સમૈયા, ઉત્સવ, ધૂન, કીર્તન, કથા-વાર્તા, સંત સમાગમથી હંમેશા કરજીસણ ગામ ધમધમતુ રહે છે.

જે ગામને શ્રીહરિએ ગોકુળિયું ગામ કહેલ છે. જેમ ગોકુળમાં શ્રીકૃષ્ણ ભગવાને બહુ લીલા કરી છે તેમ કરજીસણ ગામમાં શ્રીહરિએ બહુ લીલા કરી છે. તેથી તે ઉપમાં આપી છે. જ્યાં શ્રીહરિ છત્રીસવાર પધારીને ગામના દરેક ઘરે થાળ જમેલા છે. બે વાર પધરામણીએ ગામમાં ઘેર ઘેર ફર્યા છે. જ્યાં પરમહંસોએ સહિત ખૂબજ લીલા ચરિત્રો કરીને તે ગામની ગલીઓમાં આજે પણ તેમના ચરણરજની દિવ્યતા જણાઈ આવે છે. આવા મહાપ્રસાદીમય તીર્થધામ કરજીસણ ધામના દર્શન કરતા જ અંતઃકરણમાં શાંતિ શાંતિ થઈ જાય છે. એવું દર્શનીય ધામ કરજીસણ છે.

- **ગોવિંદભાઈના દીકરા ત્રિકમજી ઉપર મિથ્યા કલંકમાં રક્ષા કરતા શ્રીહરિ અને જુઠું કલંક દેનારાના હાથ કપાયા**

એક સમયે ગામ કરજીસણના ત્રિકમભાઈ (ગોવિંદભાઈના પુત્ર) પોતાના ઘરમાં સૂતા હતા. તે સમયે એમના બીજા ખડભરવાના ઘરમાં કોઈક ઢોર આવીને ખડ ખાવા માંડ્યું. એટલે એક બાઈએ તેમને કહ્યું કે કોઈનું ઢોર તમારું ખડ ખાઈ જાય છે. એટલે ત્રિકમભાઈ ત્યાં ગયા અને ઢોરને હાંકી મૂક્યું.

પછી જે ઘરમાં એ સૂતા હતા તે ઘરમાં આવતાં તેમના સામાવાળાઓએ તેમના ઉપર જૂઠું કલંક મૂક્યું. એટલે ત્રિકમભાઈ આ બધા અસુર છે માટે મને મારશે એમ સમજીને ગામ ખોરજ ગયા. અને ત્યાંના ગરાસિયા ચેનજીભાઈને વાત કરી. ત્યારે તે બોલ્યા કે કશી ફિકર કરશો નહીં. ચાલો હું મૂકવા આવું છું. પછી તેમની સાથે કરજીસણ આવ્યા. ત્યારે ત્રિકમભાઈની માએ તથા તેમની બહેને કહ્યું કે, તમે કડીએ જઈને ગોળો ઝીલીને સાચા થઈને અહીં આવજો.

નહિ તો તમારે ફાવે ત્યાં જજો પણ અમને મોઢું બતાવશો નહિ. પછી ત્રિકમભાઈ કડી ગયા અને ત્યાંના દેસાઈ ઈશ્વરભાઈને ફરિયાદ કરી. તે કામમાં ત્રિકમભાઈની જીત થઈ અને તેમના સામા વાળાઓને કેદ કર્યા. પછી ત્રિકમભાઈને રજા આપી, ત્યારે ત્રિકમભાઈએ કહ્યું કે, સાહેબ, હું કચેરીમાં જીત્યો પણ જ્યારે લોઢાનો ગોળો તપાવીને હાથમાં લઉં ત્યારે લોકોને પ્રતીતિ થાય. માટે મારે ગોળો ઝાલવો છે.

પછી ગામ બહાર ભાગોળે બધા ગયા. ત્યાં ગોળો તપાવ્યો તે જોઈને ત્રિકમજી દિગ્મૂઢ બની ગયા. એટલે મહારાજે સાધુરૂપે આવીને તેમને સોટી અડાડીને કહ્યું. કેમ ઉભો થઈ રહ્યો છે ? પકડ ગોળો. એટલે ત્રિકમજીભાઈ ગોળો ઉપાડીને જે હદ બાંધી હતી ત્યાં મૂકીને આગળ ચાલ્યા. ત્યારે સિપાઇઓ આગળ ફરી વળ્યા અને ગોળો મૂકાવી દીધો. પછી તેમને કચેરીમાં લઇ જઇ શિરપાવ આપ્યો અને વસંત પંચમી ઉપર મુળી ગયા ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજે સભામાં પંદર રૂપિયાની પાઘડી બંધાવીને બહુ વખાણ કર્યા.

પછી કોઇ એક દિવસે તે વડતાલ ગયા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછયું કે ત્રિકમભાઈ, તારા ઉપર જૂઠું આળ કોણે મૂક્યું હતું ? તેમણે કહ્યું કે, અમારા સામા પક્ષના લોકોએ મારા ઉપર જૂઠું આળ મૂકેલું અને તેમાં સાંકળો મુખ્ય હતો. ત્યારે સ્વામી બોલ્યા કે એવા પાપીના તો હાથ કપાવા જોઇએ.

પછી કોઈ વખતે સાંકળો તથા તેનો બાપ એ બે જણા એક ગરાસિયા પાસે રૂપિયા માગતા હતા તે લેવા ગયા અને તેને ઘરે જઈ ગાળો દીધી તથા તેને ધક્કા માર્યા. એટલે તે ગરાસિયાના દીકરાએ તલવાર લઈને બંને બાપ-દીકરાના હાથ કાપી નાખ્યા.

આ પ્રમાણે શ્રીહરિએ અનેક પરચા આપી અનેક જનોને ધર્મના પંથે વાળી કરજીસણ ગામની પ્રગતી કરી છે. તથા પોતાના ભક્તોની રક્ષા કરી પોતાના કીધા છે. આ પ્રમાણે શ્રીહરિએ કરજીસણ ગામમાં

વારંવાર પધારી અનેક ભક્તોના મનોરથો પૂર્ણ કર્યા છે. આવી પવિત્ર ભૂમિનાં દર્શન કરી અનેકજનો આનંદ પામે છે. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૫)*

- **કરજીસણમાં દર્શનીય પ્રસાદીના સ્થળો :**

(૧) **વાઘરોડા તળાવઃ** આ તળાવે શ્રીહરિ પરમહંસો સહિત જળમાં ખૂબ જ સ્નાન લીલા કરેલી છે તેથી પ્રસાદીનું છે.

(૨) **નાનાભાઈની વાડી** : તે વાડીમાં શ્રીહરિએ ઘણી લીલા કરી છે.

(૩) **નાનાભાઈનો કૂવો** : અહીં આ કૂવો વાડીમાં છે ત્યાં શ્રીહરિ પાંચ દિવસ રોકાયા છે ને કૂવામાં ડૂબકી મારીને ગઢપુર એક ભકતને તેડવા ગયા હતા. તે કૂવામાં ખૂબ ધૂબકા માર્યા છે ને ત્યાં ૧માસ છાના રહ્યા છે. ને ભાવસાર સોનાભાઈ લાંગણજના તે ચાર શેર કેરાનું અથાણું લાવ્યા હતા તે મહારાજ એક જ વખતે જમી ગયા હતા.

(૪) **તળાવની બાજુનો કૂવો** : વાઘરોડા તળાવની બાજુમાં કૂવો છે તેમાં ઘણી વાર નાહ્યા છે.

(૫) **વરખડાનું ઝાડ (ઝાળ)** : આ પ્રસાદીનો વરખડો તળાવની બાજુમાં જ છે તે શ્રીહરિએ દાતણ કરીને ચીર જમીનમાં ખોશી હતી તેમાંથી થયેલું તે ઝાડ હયાત છે ત્યાં ચરણારવિંદ પધરાવ્યા છે.

(૬) **છત્રી-૧ :** ગામથી પૂર્વમાં એક વડ નીચે શ્રીહરિને ગામલોકોએ ખૂબ હીંચકે ઝુલાવ્યા છે ને

ત્યાં સભા કરી હતી. ત્યાં ચરણારવિંદ પધરાવીને છત્રી બનાવી છે.

**(૭) છત્રી-૨ :** ગામમાં હનુમાનજીના મંદિરમાં એક છત્રી છે. જ્યાં શ્રીહરિએ સભા કરી ઉપદેશ આપ્યો હતો.

**(૮) મહુડો :** ડાંગરવાના માર્ગ ઉપર મહુડાના વૃક્ષનીચે શ્રીહરિએ વિશ્રામ કરેલો તે.

**(૯) ઓટો :** વડુ ગામ જવાના રસ્તામાં એક ઓટો છે. ત્યાં શ્રીહરિ વડુ જતા ગાડું ઊભું રાખ્યું ને મુક્તાનંદ આદિ સંતોને બાથમાં ઘાલી મળ્યા હતા તે સ્થાન

**(૧૦) ઢોલિયો :** આ ઢોલિયામાં ગોવિંદભાઈના ઘેર શ્રીહરિ પોઢતા તે ઢોલિયો મંદિરમાં દર્શનાર્થે રાખેલ છે.

**(૧૧) બાજોઠ :** આ બાજોઠ ઉપર બેસીને શ્રીહરિએ સ્નાન કરેલું છે તે પ્રસાદીનો બાજોઠ મંદિરમાં દર્શનાર્થે રાખેલ છે.

**(૧૨) કોઠીઓ :** ગોવિંદભાઈના ઘેર જે કોઠીઓ હતી તેમાંથી અગણોતરા કાળમાં ખૂબ જ અનાજ નીકળેલું ને ઘણા ભક્તોને ત્યાં રાખીને કાળ ઊલંઘન કરાવાયો હતો. તે કોઠીઓ અખૂટ થઈ હતી.

**(૧૩) ગોવિંદભાઈનું ઘર :** અહીં ગઢપુરમાં દાદા ખાચરનો દરબારની જેમ અખંડ ઉતાર અને જમતા-પોઢતા તેથી ગોવિંદભાઈનું ઘર એટલે શ્રીહરિનો ઉતારો.

**(૧૪) પ્રસાદીનું ગાડું :** આ ગાડામાં શ્રીહરિ ઘણીવાર બિરાજેલા છે.

**(૧૫) વડ :** ગામથી ઉગમણે આવેલો છે તે પ્રસાદીનો છે.

**(૧૬) વાસણો :** શ્રીહરિ થાળ જમેલા તે ગોવિંદભાઈના ઘેર આ વાસણો ગોવિંદભાઈના છે તે તેમના ઘેર સાચવીને રાખ્યા છે.

**(૧૭) તળાવ :** શ્રીહરિ ખોરજ જતા આ તળાવમાં સ્નાન કરેલું છે.

**(૧૮) રામજી મંદિર :** આ મંદિર પ્રસાદીનું છે ત્યાં મહારાજ બિરાજેલા છે.

**(૧૯) નાનાભાઇનું ઘર :** અહીં શ્રીહરિ થાળ જમેલા છે તેથી પ્રસાદીનું છે.

**(૨૦) ખુશાલ ભક્તના :** ઘેર થાળ જમ્યા છે, છલજીભાઈ ક્ષત્રિયના ઘેર પણ થાળ જમ્યા છે. પીતાંબરભાઈના ઘેર પણ થાળ જમ્યા છે. આમ આખુંગામ પ્રસાદીનું દર્શનીય છે. પ્રાતઃ સ્મરણીય છે. વંદનીય છે.

**(૨૧) લીંબડો :** તળાવથી દક્ષણાદી કોરે અને કૂવાથી આથમણા લીંબડા નીચે સભામાં શ્રીહરિ બિરાજમાન થયેલા હતા.

● **પ્રેમને આધીન પ્રભુ :**

આમ દંઢાવ્ય દેશના કરજીસણ ગામના પ્રેમી ભક્ત નાનાભાઈ તથા ગોવિંદભક્ત તથા મીઠીબા મહારાજમાં અત્યંત નિષ્ઠા, પ્રેમ મહિમાને આજ્ઞા ઉપાસના જેના જીવનમાં ગુંથાયેલી હતી. તેવા પ્રેમી ભક્તોને દર્શન સુખ આપવા મહારાજ વગર આમંત્રણે આવે છે,

મહારાજ ડાંગરવાથી કરજીસણ આવે છે. ગામના પ્રેમીજનો મહારાજને વાજતે ગાજતે સામૈયું કરે છે. બહેનો મંગળ ગીતો ગાય છે. ગોવિંદભાઈ, પીતાંબરભાઈ, વખતભાઈ, નાનાભાઈ આદિ પ્રેમીજનો મહારાજનો ગામમાં ગોવિંદજી ભક્તના ઘરે ઉતારો કરાવે છે.

મહારાજ સર્વના કુશળ સમાચાર પૂછે છે. અને આ ગામની પાવનકારી ભૂમિના સ્વયં મહારાજે વખાણ કર્યા છે કે, ભક્તો આ ધરતીના એવા ગુણ છે કે અમને આપો આપ તમારો પ્રેમ ખેંચી લાવે છે. અતિ પવિત્ર આ ભૂમિ તો નૈમિષારણ્ય ક્ષેત્ર છે. અહિ સંકલ્પ વિકલ્પ વિરામ પામી જાય છે. અમો આ કરજીસણ ગામમાં છત્રીસવાર આવ્યા છીએ અને રાત્રીવાસો કર્યો છે. થાળ જમ્યા છીએ. અનેકવાર અહીં ઉત્સવો ઉજવ્યા છે.

- **મછિયાવ રંગોત્સવમાં ગોવિંદભાઈની રસોઈ તથા શ્રીહરિએ ગોવિંદભાઈની કરેલી પ્રશંસા.**

શ્રીજીમહારાજ ગઢડેથી સંતનું મંડળ લઈને બોટાદ પધાર્યા, અને ત્યાંથી સંવત ૧૮૭૬ના ફાગણ સુદી પૂનમની હુતાશનીનો સમૈયો શ્રીજીમહારાજે ગામ મછિયાવમાં કર્યો તે લખીએ છીએ જે સમૈયાથી આગળ શ્રીજીમહારાજ ચાર દિવસ વહેલા પધાર્યા ત્યાં ગામેગામથી દરબારો, હરિભક્તો બહુ મોટી સંખ્યામાં પધાર્યા હતા. પછી ગામ કરજીસણવાળા મોટા સત્સંગી ગોવિંદજી આવ્યા તે શ્રીજીમહારાજને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ આજ મારી ખાંડની રસોઈ છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું "સારૂં" પછી બાપુજી આવ્યા અને શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ! રંગ તૈયાર છે અને અમદાવાદથી ગુલાલ મંગાવ્યો તે પણ આવી ગયો છે." ત્યારે શ્રીજીમહારાજે કેડ બાંધીને રંગે રમવા તૈયાર થયા. અને પછી સત્સંગી સર્વે દરબારમાં આવ્યા અને ચોકમાં ભેળા થયા.

અને શ્રીજીમહારાજ મેડા ઉપર બેઠા હતા ત્યાં બાપુજીએ ગુલાલના ગોટાની દશ છાબ ભરીને શ્રીજીમહારાજની આગળ મૂકી.

ત્યારે શ્રીજીમહારાજ ગોટો હાથમાં લઈને તત્કાળ પોતાના જે એકાંતિક હરિજન તેને મારવા લાગ્યા. તે ધોળો ગુલાલનો ગોટો ફૂટે ત્યારે પૃથ્વીને આકાશમાં ધોળો રંગ થઈ જાય. અને જ્યારે લીલા રંગનો ગોટો મારે ત્યારે પૃથ્વીને આકાશ લીલા થઈ જાય. અને જ્યારે પીળો ગોટો મારે ત્યારે પૃથ્વીને આકાશ પીળા થઈ જાય. એમ શ્રીજીમહારાજ જેવા રંગના ગોટા મારે તેવા લીલા અને પીળા અને ધોળા રંગની ગરદી (ડમરી) ઊડે તેણે કરીને પૃથ્વીને આકાશમાં રંગ દેખાતો હતો.

પછી પતંગ અને કેસુડાંને ગુલાલની રમઝટ લગાડી તેણે કરીને કીચડ જેમ વરસાદ વરસે ને એલી થાય તેમ એલી થઈ. તે જોઈને દેવતા આકાશ માર્ગે વિમાને સહિત અંતરિક્ષ રહ્યા થકા પરસ્પર બોલ્યા જે, "પરબ્રહ્મ જે પુરૂષોત્તમનારાયણ તે આજે રંગે રમે છે. તે નારદ સનકાદિ જોગીને સ્વપનામાં પણ નથી આવતા અને એમનાં દર્શન આપણને સપનામાં પણ નથી થતાં. અને આજે મનુષ્યને આ ભગવાન ભેળા રમવું, જમવું અને બેસવું-ઊઠવું અને હાલવું-ચાલવું આવો જોગ એમને થયો છે. તે એ મનુષ્યના પૂર્વજન્મનાં શું પુન્ય હશે ? જેણે કરીને આવા જોગને પામ્યા છે."

એમ કહીને દુંદુભી વાજાં વગાડવા લાગ્યા અને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને જય જય શબ્દને કરવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે તાળી વજાડીને કહ્યું જે, "હવે ચાલો, તળાવમાં નાવા જઈએ." પછી શ્રીજીમહારાજ આગળ ચાલ્યા. ત્યારે દેવ સર્વે પોતપોતાને સ્થાનકે ગયા. પછી શ્રીજીમહારાજ નાયા અને સાધુ બ્રહ્મચારી તથા પાળા અને સંઘના સર્વે સત્સંગી નાયા. પછી શ્રીજીમહારાજ દરબારમાં પોતાને ઉતારે પધાર્યા અને સાધુને સત્સંગી તે સહુ નાહીને ઉતારે ગયા.

પછી ગોવિંદજીએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! જમવા પધારો, થાળ થયો છે." પછી પોતાને ઉતારે તેડી ગયા અને આસન ઉપર મહારાજને પધરાવ્યા. પછી શ્રીજીમહારાજની આગળ ચાર પ્રકારનું અન્ન લાવીને તે અન્નકોટની પેઠે ધર્યું. ત્યારે બીજા હરિજન દર્શન કરવા આવ્યા અને કહ્યું જે, "થાળ બહુ મોટો કર્યો !"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આ ગોવિંદજીભાઈ અને એનાં ઘરના મનુષ્યે સર્વસ્વ ભગવાન અને સાધુને અર્થે કરી રાખ્યું છે. અને કરજીસણમાં એને ઘેર અમે ચૌદ સમૈયા કર્યા છે. અને એની શ્રદ્ધા તે દિવસથી આજ દિવસ સુધી એવી ને એવી છે, પણ મંદ પડી નથી. અને બીજા તો દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય પણ એ તો દેહ છતાં અક્ષરધામમાં બેઠા છે, એમ જાણવું, માટે તમારે સર્વેને એવા થાવું."

- **સંતોને શ્રીહરિએ ખૂબ તાણ કરીને જમાડ્યા તથા ગોવિંદભાઈએ શ્રીહરિની પૂજા કરી**

પછી શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા અને પછી ચળુ કરીને મુખવાસ લીધો અને દરબારમાં પોતાને આસને પધાર્યા. પછી ગોવિંદજીને શ્રીજીમહારાજે કહ્યું, "સાધુની રસોઈની ખબર કાઢો જે કેટલી વાર છે?" પછી ગોવિંદજીએ સાધુને પૂછ્યું જે, "રસોઈને કેટલી વાર છે?" ત્યારે સાધુએ કહ્યું જે,"કાંઈ વાર નથી, તૈયાર છે." ત્યારે ગોવિંદજીભાઈએ શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર છે."

પછી શ્રીજીમહારાજ સાધુની પાકશાળામાં પધાર્યા. પછી વસ્ત્ર ઉતારીને હિરકોરી ધોતિયું પહેર્યું અને ખેસ આડસોડે ખભે નાખીને, તે જ ખેસને તાણીને કેડ બાંધીને કહ્યું જે, "સાધુઓ લાડુ લાવો."ત્યારે

સાધુ લાડુના તાસ ભરીને પીરસવા લાગ્યા. અને એમ બોલ્યા જે, "મહારાજો ! લ્યો લાડુ, લ્યો લાડુ, મહાપુરુષો ! લ્યો લાડુ. એમ વારંવાર કહેતા થકા પંગતમાં ફરવા લાગ્યા. એમ સાત વાર ફર્યા. પછી કોઈએ લાડુ ન લીધા. ત્યારે ભંડારીને પીરસીને હાથ ધોઈને પોતાને આસને પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

પછી પોતાના પાર્ષદ પાસે પાણી માગ્યું. પછી શ્રીજીમહારાજે મુખારવિંદ ધોઈને, કોગળા કરીને, જળપાન કરીને લોટો પાછો ભગુજીને આપ્યો. પછી ભગુજીએ પ્રસાદી વધી તે પોતે પી ગયા. પછી શ્રીજીમહારાજ વાતુ કરવા લાગ્યા અને સત્સંગી સર્વે સાંભળવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું, "ચાલો, બહાર તળાવથી દક્ષણાદી કોરે અને કૂવાથી આથમણા લીંબડા હેઠે સભા કરીએ." ત્યારે સત્સંગીએ ઢોલિયો લીધો તે લીંબડા હેઠે ઢાળ્યો અને ગાદલું પાથરીને તે ઉપર તકિયો મેલીને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા. ત્યારે મહારાજ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને આગળ સાધુ તથા સત્સંગીની સભા ભરાઈને બેઠી અને સાધુ વાજાં વજાડીને કીર્તન બોલ્યા.

ત્યારે ગોવિંદજી શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા. તે કિનાખાબનો સુરવાળ, ડગલી, માથે બાંધવા સારુ સેલું, અને કેડે બાંધવા સારુ સેલું અને ખભે નાખવા સારુ સેલું, એ બધો પોશાક લાવ્યા; તે ધરાવીને શાલ ઓઢાડી. અને કંકુનો ચાંદલો કરીને આરતી ઉતારી. પછી મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લીધાં અને મસ્તક ઉપર લીધાં. *(શ્રી પુરુષોત્તમલીલા - કચ્છલીલા અધ્યાય-૭૦)*

સંવત ૧૮૬૨ ની સાલમાં ચૈત્ર સુદ નવમી ના રોજ પૂજાનો

લાભ વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવ બહુ મોટા પ્રમાણમાં ઉજવાયો હતો. તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામેગામથી ભક્તજનો આવ્યા હતા. તેમાં કરજીસણથી ભકતો પણ આવ્યા હતા ને શ્રીહરિની પૂજાનો ભવ્ય લાભ મળ્યો હતો. *(શ્રી હરિચરિત્રામૃત સાગર પૂરક તરંગ-૬૭)*

સંવન ૧૮૬૮ ના કારતક સુદ ૧૪-૧૫ ના રોજ વૌઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો તેમાં પણ શ્રીહરિની પૂજાનો મહાલાભ કરજીસણના ભક્તજનોએ લીધો હતો. આમ સંપ્રદાયમાં ગમે ત્યાં ઉત્સવો ઉજવાતા હોય તેમાં અચૂક કરજીસણના ભક્તજનો સંઘ લઈને પહોંચી જતા હતા. તેમાં શ્રીહરિની વસ્ત્ર આભૂષણથી શ્રીહરિની પૂજા કરતા તથા રસોઈ વગેરે પણ આપતા. આથી કરજીસણ ગામનું યોગદાન સંપ્રદાયમાં બહુ રહ્યું હતું. *(શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર-૧૪ તરંગ-૫૧)*

## મહારાજનું મનગમતું ગામ માણસા

- **શ્રીજીમહારાજનું પ્રથમ આગમન ને હાથીની અંબાડીમાં સ્વાગત સવારી**

સંવત ૧૮૬૨ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તોના મોટા સંઘ સાથે સિદ્ધપુરનો મહાશિવરાત્રીના ઉત્સવ પૂર્ણ કરીને ત્યાંથી ચાલ્યા તે ઊંઝા, વીસનગર, વડનગર, પ્રાંતિજ, ઉનાવા, મેઉ, લાંઘણજ, વિજાપુર, વિહાર, ગેરીતા થઈ માણસા પધાર્યા.

ત્યાં જેટલા હરિભક્તો કહેવાતા હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. માણસાના ક્ષત્રિય ઠાકોર સાહેબ પોતાની સવારી લઈને આવ્યા. ડંકા, નિશાન અને વાજિંત્ર જે હતા તે બધા વગડાવતા આવ્યા.

હાથી, ઘોડા, રથ, મ્યાના અને સુખપાલ આદિ વાહનો તથા પાયદળ અને ગામના આબાલ વૃદ્ધ લોકો, બધાજ આવ્યા. જેટલી સવારી હતી તે બધી સોનેરી સાજથી શણગારેલી હતી. ઠાકોર સાહેબ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેમને ઘણા પ્રેમથી બોલાવ્યા. તેઓ શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિના ચરણોમાં મૂકયું અને સાકર ભરેલો થાળ પણ શ્રીહરિની સન્મુખ મૂકયો.

પિથુજી અને અણદાભાઈ બંને સારા સત્સંગી હતા અને ઠાકોર સાહેબના સંબંધી હતા. તેઓ શ્રીહરિના ચરણોમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. અંબારામ પંડયા અને સાંકળચંદ શેઠ, દુલજીભાઈ, મોટીબા, એ બધા પ્રેમથી પગે લાગીને પાસે બેઠા. સુતાર ગંગારામ, ભાવસાર પિતાંબર, ભાવસાર વનમાળી, પટેલ ભગાભાઈ, એ બધા અપાર હરિભક્તો પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. સરોવરને કાંઠે પલંગ બિછાવ્યો અને તેના ઉપર શ્રીહરિ બેઠા. માણસાના દરબારે ઘણી વિનંતી કરીને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. ઠાકોર સાહેબ શણગારેલો અંબાડીવાળો હાથી લાવ્યા હતા.

હાથી ઉપર શ્રીહરિને બેસાડવા માટે ઠાકોર સાહેબે ઘણી વિનંતી કરી. તેમનો ઘણો જ ભાવ દેખીને શ્રીહરિ હાથીની અંબાડીમાં બેઠા. ઠાકોર સાહેબ અને પિથુભાઈ બંને શ્રીહરિની પાછળ હરખથી ચામર કરવા માટે બેઠા. ઠાકોર સાહેબે બીજા વિવિધ પ્રકારના વાહનોમાં બધા સંતોને બેસાડ્યા. શ્રીહરિ પુરમાં પધાર્યા ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યા હતા. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેઓ પોતપોતાના હાથી ઉપર બેઠા હતા. હરિભક્ત દરબારોમાં ગોંડલના ઠાકોર હઠીભાઈ મોટા રાજા હતા. તેઓ જામસાહેબના ભાયાતોમાં મોટા કહેવાતા અને તેમનું રાજ્ય પણ મોટું હતું.

ઠાકોર હઠીભાઈ અત્યંત સરલ સ્વભાવના થઈને શ્રીહરિની સાથે રહ્યા હતા. તેને દેખીને બીજા બધા દરબારોને ઘણું આશ્ચર્ય થાતું હતું. શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને અને અનુપમ સામર્થ્ય વિચારીને દેશના બીજા બધા દરબારો પણ આવીને શ્રીહરિના ચરણોમાં પગે લાગતા હતા. શ્રીહરિની સવારી અત્યંત અનુપમ અદ્ભુત હતી. આગળ ચાલતા ચોપદારો ઊંચેથી 'જય જય' 'જય જય' નો ઉચ્ચાર કરતા હતા. પુરના દરવાજામાં સવારી આવી. દરવાજો વિચિત્ર રીતે સજાવ્યો હતો. મોતીના તોરણો દરબારમાં બાંધી દીધાં હતાં.

શ્રીહરિ જ્યારે પુરમાં પધાર્યા ત્યારે બજારોને વિચિત્ર રીતે શોભાડી હતી. હાથમાં ફૂલહાર લઈ અપાર પુરજનો ઊભા હતા. બજારમાં કેળના સ્થંભ રોપાવ્યા હતા. દુકાનોનાં અને મકાનોનાં દરવાજામાં મોતીનાં તોરણ બાંધી દીધા હતા. મંગળમય વસ્તુઓથી સજાવેલા સુવર્ણના કળશ બધે મૂકેલા હતા. ઠેકઠેકાણે ધૂપ અને દીપ પ્રગટાવ્યા હતા. આખુ પુર સુગંધથી ધમધમાટ લાગતું હતું. બિલોરી કાચના જાતજાતના અપાર ઝાડ દુકાનોમાં લટકાવી દીધા હતા. પુરની જેટલી સજાવટ હતી તેને શ્રીહરિ જોતા આવતા હતા.

શ્રીહરિની સવારીની શોભા આગળ નગરની શોભા તો ઝાંખી લાગતી હતી. શ્રીહરિની સુંદર સવારી એટલી ભવ્ય હતી કે તેને દેખીને લોકોનાં મન આનંદિત થઈ જાતા હતા લોકો કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવતા હતા. અને શ્રીહરિને હાર સંતોને અને દરબારોને અપાવતા હતા. બધી સવારી ફૂલોમાં ગરકાવ થઈ ગઈ હતી. આખી બજાર ફૂલોના બાગ જેવી થઈ ગઈ હતી. પુરની બધી સ્ત્રીઓ ગોખમાં અને અટારીઓમાં ઊભી હતી. શ્રીહરિને વધાવવા માટેના મોતીથી ભરેલા થાળ તેમના હાથમાં હતાં.

મનોહર અને ઘનશ્યામ શ્રીહરિની મૂર્તિને આંખોથી દેખીને પૂરની સ્ત્રીઓને તૃપ્તિ થાતી નહિ. એટલી સુંદર મૂર્તિની શોભા બની હતી. બધી જ શોભાનું મૂળ આવી શ્રીહરિની મૂર્તિ હતી. તેનાં દર્શન કરીને લોકોનાં હૃદયમાં આનંદના પૂર ઊભરાયા અને મનમાં સહુને સુખ અને શાંતિ થઈ. શ્રીહરિ દર્શન દેતા દેતા બજારે ચાલ્યા આવતા હતા. ત્યારે હરિભક્તોએ ઘણા જ હેતથી શ્રીહરિને ઘેરઘેર પધરાવ્યા. તે ભક્તો કેસર-ચંદન લાવીને પૂજા કરતા. સારા વસ્ત્ર અને આભૂષણ પહેરાવીને કપૂરથી આરતી કરતા હતા.

માણસા ઠાકોર સાહેબે શ્રીહરિને રાજદરબારમાં પધરાવ્યા. ભાવભર્યા હૃદયથી સોનાનાં સિંહાસન ઉપર બેસાડ્યા. કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિના અંગોમાં ચરચા કરી. ફૂલોના હાર પહેરાવ્યા અને નવરંગી શાલ ઓઢાડી. ઠાકોર સાહેબે સંતોને સ્ત્રીધનનાં ત્યાગી જાણીને ઘણા જ ભાવ સાથે તે કેસર ચંદનથી પૂજ્યા. ફૂલહાર પહેરાવ્યા. વારંવાર ચરણોમાં નમસ્કાર કર્યા. બધા જ સંતોને પ્રેમભાવથી એકેક વસ્ત્ર ઓઢાડયું. શ્રીહરિની સાથે રહેતા વર્ણીઓને પણ કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા અને એકેક પીતાંબર ઓઢાડ્યું.

શ્રીહરિની સાથે આવેલા દરબારોને ભગવાનના પાર્ષદ માનીને તેમની પણ કેસર ચંદનથી પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. હૃદયના ઘણાજ સ્નેહભાવથી એકેક પાનબીડું આપ્યું. સાકરના થાળ ભરીને લાવ્યા હતા. એટલે તેને તત્કાળ ત્યાં વહેંચવા લાગ્યા. પોસ ભરી ભરીને સાકર આપતા. આ રીતે દરબારોની પણ પૂજા કરી. આમ આવી રીતે ભવ્ય સન્માન સાથે શ્રીહરિ માણસા પુરમાં પધાર્યા ને રાત્રી રહીને સર્વે હરિભક્તોને દર્શન કથા-વાર્તાનું સુખ આપીને બીજે દિવસે પણ ઠાકોર સાહેબે ભવ્ય રીતે વિદાય આપી તે ત્યાંથી શ્રીહરિ

ચાલ્યા તે પલિયડ, ખોરજ થઈ કરજીસણ ગામ આવ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૭ તરંગ ૫૪-૫૫)*

- **ભક્ત વત્સલ ભગવાનની કરૂણા - અગણોતેરા કાળની ચેતવણી.**

સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તના દુઃખે દુઃખી અને સુખે સુખી ભક્તના હૃદયમાં જ્યારે જ્યારે દુઃખ અનુભવાય ત્યારે ભક્ત અંતરથી પોતાના પ્રાણ પ્યારા પ્રીતમને પોકારે ત્યારે મારો પ્રભુ તત્કાળ હાજર થઈ જાય છે, એવા પૂર્વે ઘણાજ ઈતિહાસો જોયા પણ શ્રીહરિ આવા વિષમ કળિકાળમાં આ પૃથ્વીપર પધારી એક અલૌકિક કેડી કંડારી છે.

કોઈ અવતાર કાર્યમાં કયાંય એવું જોવા નથી મળતું ઈતિહાસોમાં કે પોતાના આશ્રિતોના દુઃખ પોતે સ્વીકાર્યા હોય માત્ર ભગવાન શ્રીહરિએ જ્યારે ગુરુ રામાનંદ સ્વામી પાસે ધર્મધુરા સ્વીકારી ત્યારે બે વરદાન માંગી પછી જ ગાદીએ બેઠા. એક અમારા ભક્તના પ્રારબ્ધમાં કદાચ રામપાતર હાથમાં લઈ ઘરે ઘરે ભટકી માંગવાનું લખ્યું હોય તો તે અમને આવે અને અમારો ભક્ત અન્ન, ધન, વસ્ત્ર અને આબરૂથી સદાયે ઢંકાયેલો રહે. બીજું અંતકાળે કદાચ કરોડ વીંછી ડંખ્યાની વેદના લખી હોય તો તે અમને આવે અને અમારા ધામને પામે. શું અલૌકિક માગણી છે ?

ખરેખર ભગવાન સ્વામિનારાયણે પ્રગટ થઈ આ પૃથ્વી પર જે ભક્તોની રક્ષા કરી છે. આ લોકમાં સુખી અને પરલોકમાં સુખી કર્યા હોય અને જીવન જીવવાની કળા શીખવી હોય તો માત્રને માત્ર ભગવાન સ્વામિનારાયણેજ. અપાર દયા કરી આ વખતે મહારાજ અઢળક ઢળ્યા છે. રાત્રી દિવસ સતત વિચરણ સત્સંગમાં કર્યું છે. કયારેય ઘડીભર પગ વાળીને બેઠા નથી, હજારો સંતોએ પણ દાખડો કર્યો છે. ભગવાન જેવી સામર્થી ધરાવનાર સંતો પણ સાથે હતા.

ગામડે ગામડે ને નેસડે ફર્યા છે. અરે ખેડૂત ખેતરમાં સાંતી હાંકતા હોય તો તેની પાછળ પાછળ ચાલીને સત્સંગ કરાવ્યો છે. અસુરોના તાડન સહન કર્યા છે. બાવળના કાંટાવાળી સોટીથી માર ખાધા છે. માન-અપમાન સહન કરીને પણ મારા પ્રભુ રાજી તેમાં રાજી રહીને મુંગે મોંએ સહન કર્યું છે, કેવળ ઝાઝા જીવોને ભગવાન કેમ ઓળખાય અને ભગવાનના ધામના અધિકારી બને. આ લોકમાં જીવન જીવતાં શીખવાડે ને મર્યા પછી પરલોક પહોંચાડે શું આ સંતોને ભગવાન શ્રી હરિની અપાર કરૂણા. તેમને આપણી પાસે પરલોકમાં શું સ્વાર્થ હતો ? કેવળ દયાળુતા અને જીવ ભગવાનના ધામને પામે. બીજી કોઈ રંચ માત્ર તેને આપણી પાસે આશા ન હતી.

ખરેખર ભક્તો આવી અપાર કરૂણા મારા પ્રભુની સંતોની, જ્યારે મનથી વિચારીએ ત્યારે હૈયું ભરાઈ જાય, આંખમાં અશ્રુધારા વહેવા માંડે, હૃદય ગદ્‌ગદિત થઈ જાય. રોમાંચ ખડા થઈ જાય, ગળે ડૂમો આવી જાય. આ પરિસ્થિતિ સાચા હૃદયભાવના ભક્તોની થઈ જાય.

શ્રીજીમહારાજ ભકતોની રક્ષા કરવા માટે આવનારો ૧૮૬૯ ના ભયંકર દુષ્કાળની અગાઉ કેટલાય ગામડા ફરીને ભક્તોને ચેતવવા ઘરે ઘરે પહોંચ્યા હતા. સંપ્રદાયના શાસ્ત્રો વાંચો તો ભક્તો ખ્યાલ આવે, કચ્છ, સૌરાષ્ટ્ર, સોરઠ, ગુજરાત, ખાનદેશ, ચરોતર, એવા અનેક પ્રાંતોમાં વિચરણ કરી ભક્તોને અનાજ સંગ્રહ કરવાનું કહ્યું છે. એક વરસ માટે તો દરેકને પણ ભલામણ કરી છે કે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાનો વરો હોય તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવો જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો. શિક્ષાપત્રી-૧૪૧ માટે શ્રીજીમહારાજે આપણને અલૌકિક કેડી કંડારી ગયા છે, છતાં પણ અગમ ચેતન

માટે પણ સમયાનુસાર ગામડા ફરતા ફરતા મહારાજ દંઢાવ્ય દેશના એકાંતિક સ્ત્રીભક્ત માણસા ગામે ઝવેરબાના ઘરે પધારે છે. પાદર સર્વ નગરજનો શ્રીહરિને પ્રેમભાવથી આદર સત્કાર પૂર્વક અક્ષતાદિક પૂજા કરી. સર્વ નગરવાસી ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરી પોતાની જાતને ધન્યતા અનુભવતા હતા. વાજતે ગાજતે સર્વભક્તો બાઈઓ-ભાઈઓ વનમાળીદાસ અને ઝવેરબાને ઘેર પધાર્યા. સાધારણ સ્થિતિ હતી પણ પ્રભુ પ્રેમ એવો હતો કે, મહારાજને સ્નેહરૂપી દોરીથી ખેંચીને અહીં લાવે છે. મહારાજને ઊંચા આસને બિરાજમાન કર્યા છે. ફૂલતોરા શાલથી પૂજન કરી આરતી કરી છે. સૌ ભક્તો સભામાં બિરાજમાન થયા. વિપ્ર આદિત્યરામ, અંબારામ, સાંકળચંદ, પીતાંબર, સુથાર ગંગારામ, રાજારામ તેના ભાઈ વિજય, ભાલચંદ તથા ધનજી, શીવરામ આદિ ભક્તો તેમજ સ્ત્રી ભક્તોમાં ઝવેરબા, સોનબા, રૂપાળીબા, વખતબા, ગંગાબા તેમજ પાનબા આદિ સ્ત્રી ભક્તો સભામાં બિરાજમાન હતા.

પછી શ્રીજીમહારાજ સર્વે ભક્તો ઉપર રાજી થયા કે, તેમને પ્રગટના મહિમાનો આવો કેફ છે તે જોઈને અમને ખૂબજ આનંદ થાય છે. અમારે વિષે તમારી ભક્તિ અચળ અને અડગ છે. પછી મહારાજે વાત કરી જે, જગતમાં મોક્ષભાગી જીવો ઘણા જ હોય છે. પણ તેમને ધર્મનિષ્ઠ સંતપુરુષનો સંગ નહિ મળવાથી તે જેવા વાતાવરણમાં રહે છે તેવો સંગ તેને થાય છે. અને સારી નરસી ભાવના કેળવાય છે, જો સારા સંગનો યોગ થાય તો સારી ભાવના ધાર્મિક વૃત્તિ ટકી રહે છે. અને જીવનમાં વિકાસ થાય છે માટે સંગ અતિ બળવાન છે. કયારેય નબળા સંગે રહેવું નહિ. હંમેશા પવિત્ર શુદ્ધ વાતાવરણમાં જ રહેવું.

જીવનમાં આગળ વધવાની આ એક ચાવી છે, સંગ રૂપી તો ભક્તો કયારેય પણ ગ્રામ વાર્તા થતી હોય હાંસી મશ્કરી થતી હોય

ત્યાંથી દૂર હટી જવું. જ્યાં આધ્યાત્મિક્તાની વાતો થતી હોય એવા સાથે રહેવું. આ રીતે સંગ બળવાનની વાત કરી પૂર્વ સંગે કરીને કેટલાય અધઃપતનની ખાણમાં ધકેલાયા છે. તેથી સત્ શાસ્ત્રોનું વાંચન કરવું. આમ ભક્તોની એકતા જોઈને શ્રીહરિ ખૂબજ રાજી થયા. પછી જમવા પંકિત થઈ, મહારાજે સર્વ ભક્તોને પોતે પીરસ્યું છે. સૌ ભક્તો જમ્યા બાદ સૌ પોતપોતાને ઘરે ગયા બાદ ઝવેરબાએ મહારાજને સુંદર થાળ પીરસીને બાજોઠ ઢાળીને જમવા બેસાડ્યા છે. મહારાજને અતિ ભાવથી જમાડે છે. વનમાળીદાસ ચમર ઢોળે છે, જમતા જમતા મહારાજે પૂછયું ઝવેરબા ઘરમાં અનાજ કેટલું છે?તો બોલે, અર્ધી કોઠી દાણા ભર્યા છે. તો મહારાજ કહે તેને આજથી જ માટીનું ઢાંકણું છાંદી દેજો અને જોઈએ તેટલું અનાજ સાણા વાટે લેશો. આવતી સાલ ભયંકર દુષ્કાળ છે માટે અનાજ મળશે નહીં, આ અમારી આજ્ઞા છે.

વનમાળીદાસને ઝવેરબાએ મહારાજને ચળું કરાવી મુખવાસ આપી ઢોલિયે પધરાવ્યા ને બંને જણા પગે લાગીને કહે, “હે પ્રભુ! તમે તો અમારા હિત રક્ષક છો. પ્રભુ જેમ આંખની રક્ષા પાંપણ કરે છે, ડોકની રક્ષા હાથ કરે છે. તેમ આપ અમારી પળે પળે રક્ષા કરો છો. હે મહારાજ, તમારે તો લાખો ભક્તોનો સમુદાય હોવા છતાં અમ જેવા ગરીબના ઘરે આવીને થાળ જમો અને આવી ભલામણ કરો આનાથી બીજું શું હોઈ શકે ? આમ દીનતાભર્યા વચનોથી મહારાજને ખૂબજ નવાજ્યા છે.

### ● દૂધીઓ કૂવો બન્યો મોટો વૈદ્ય

પછી મહારાજ મલાવ તળાવે પધાર્યા. તળાવની સમીપે એક દૂધીઓ કૂવો છે તે ઘણો મોટો છે, કૂવાનું પાણી ઘણું જ મીઠું છે. તળાવે મહારાજ જમ્યા પછી કૂવાનું પાણી જળપાન કરી સંતુષ્ટ થયા અને થોડું પ્રસાદીનું કૂવામાં પાછું નાખીને કહે કે, આ કૂવામાં ગંગા,

યમુના, સરસ્વતી આ ત્રણે નદીઓનો પુનીત પ્રવાહ અખંડ રહેશે અને દૂધ જેવું મીઠું પાણી રહેશે, આ જળ જે કોઈ પીશે તેના રોગ અને પાપ નિવૃત્તિ પામશે. આજે પણ આ કૂવાનું જળ 'સંગ્રહણી' ના દરદીને ખાસ અનુકૂળ આપે છે. એટલે અહીં કહેવત છે કે,

*"નારાયણ વૈદ્યની દવા અને દૂધીઆ કૂવાનું પાણી*
*સંગ્રહણીના વ્યાધિને, મૂળથી કાઢે તાણી"*

આમ હજારો મનુષ્યો આજે પણ આ કૂવાના જળથી સ્નાન કરી રોગને પાપ મુક્ત થાય છે. આમ ૨૦૦ વર્ષ પૂર્વ શ્રીહરિએ આપેલો વર આજે પણ તે રીતે ચાલુ છે. આ પાણી દવારૂપ થયું છે. તેથી અનેકના રોગો મટાડ્યા છે. શ્રીહરિની કૃપાથી આ દૂધીઓ કૂવો એક મોટો વૈદ્ય બન્યો છે.

● **શ્રી હરિએ ફૂલેકામાં બહેનોને પૂજનનો અલૌકિક રીતે આપેલો લાભ...**

પછી સબળસિંહજી દરબારે મહારાજની પધરામણી કરાવી શ્રીહરિનું પૂજન અક્ષતઃ પુષ્પ હારાદિકથી તેમના ભાઈ ભરતસિંહજી સાથે પૂજન કર્યું. તેમના પુત્રો પૃથ્વીસિંહજીને આનંદસિંહજીને રૂડા આશીર્વાદ આપ્યા. પછી સૌએ ગામમાં મહારાજને ફૂલેકારૂપે ફેરવ્યા છે. સૌ ગામજનો સર્વે મહારાજને વળાવવા પાદર આવ્યા છે. સર્વ સ્ત્રીભક્તો હાથમાં કુમકુમ થાળી ચોખા પુષ્પ લઈને મહારાજનું પૂજન કરવા ઉભા છે. સૌ ભક્તોને મળીને રજા માંગીને આ સ્ત્રી ભક્તોના સમૂહ પાસે મહારાજની ઘોડી ફેરવી લાવે છે. ઘોડી પર બેઠા બેઠા જ બાઈઓએ મહારાજનું પૂજન કર્યું. મહારાજ ઘોડા પરથી નીચા નમી જાય અને બાઈઓ કુમ કુમ ચાંદલો ચોખા ચોડી પુષ્પથી વધાવે. હવે પૂજનનો વારો ઝવેરબાનો આવ્યો, ઝવેરબા ઉંચાઈમાં વામનજી જેવા નીચા હતા.

મહારાજ ઘોડી ઉપરથી ખૂબજ નીચા નમ્યા તો પણ કપાળે હાથ પહોંચ્યા નહીં.પછી મહારાજે અદ્‌ભુત લીલા કરી, ઘોડી પરજ લાંબા થઈ સૂઈ ગયા ને માથુ નીચું રાખ્યું તો ઝવેરબાએ પૂજન કર્યું. પણ આ દશ્ય જોઈને સર્વે બાઈઓ ને ભાઈઓ, ગામજનો ખૂબજ રાજી થઈને તાળી વગાડીને રમુજ કરી અને આનંદનું મોજું પ્રસરી ગયું. સૌ ભક્તો, બહેનો ભાઈઓને મહારાજનો વિદાયનો વિયોગ સતાવતો હતો, સૌની આંખોમાં આંસુ હતા પણ મહારાજે આવી લીલા કરી તેથી સૌ ભક્તોને રાજી કરીને હસતા હસતા મહારાજે વિદાય લીધી. *(નારી રત્નો)*

● **વિપ્ર વેશમાં શ્રીહરિ માણસા પધાર્યા.**

વન વિચરણ અને તીર્થાટન બાદ શ્રીહરિ અનેક જીવોના કલ્યાણ અર્થે ગામેગામ વિચરી રહ્યા છે. એક સમયને વિષે ગુજરાતની ભૂમિમાં વિચરણ કરતા શ્રીહરિ જેતલપુર પધાર્યા. તે સમયે ટોરડા ગામમાં ખુશાલ ભટ્ટ નામે એક વિપ્ર રહેતા હતા. તેઓ બાળપણથી જ મહાન યોગી હતા. ગામની નજીક આવેલા અચલેશ્વર મહાદેવના દેવાલયમાં દરરોજ યોગ સાધના કરતા હતા. શ્રીહરિએ ખુશાલભટ્ટને પોતાની પાસે લાવવાનો વિચાર કર્યો, તેથી તેઓ બ્રાહ્મણરૂપ ધારણ કરી ટોરડા ગામના પાદરમાં વહેતી દેવનદીના કિનારે આવેલા અચલેશ્વર મહાદેવના દેવાલયમાં પધાર્યા. ત્યાં ભગવાન શંકરની પૂજા કરતા બ્રાહ્મણની સાથે તેમણે ખુશાલ ભટ્ટને સંદેશો કહેવરાવ્યો કે તમોને અચલેશ્વર મહાદેવમાં કોઈક બ્રાહ્મણ બોલાવે છે. સમાચાર સાંભળી ભટ્ટજી તરત જ શિવાલયમાં આવ્યા. બ્રાહ્મણ વેશધારી શ્રીહરિએ ભટ્ટજીને કહ્યું કે, ''સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે'' દર્શન કરવા ચાલો તમને લેવા સારૂ ભગવાને પોતે મને મોકલ્યો છે. ખુશાલ ભટ્ટ તો તત્કાલ આ બ્રાહ્મણની સાથે ચાલી નીકળ્યા. રસ્તામાં તેમના સખા ભગવાનદાસ પટેલનું

ટાંકા ટુકા નામનું ગામ આવ્યું. બાલ્યકાળમાં ભગવાનદાસે ખુશાલ ભટ્ટને જણાવેલું કે તમોને ભગવાન મળે તો મને દર્શન કરાવજો. તે વાત સ્મૃતિમાં આવતા ભટ્ટજીએ ભગવાનદાસને બોલાવવા સંદેશો મોકલ્યો. સંદેશો મળતાની સાથે ભગવાનદાસ પટેલ આવ્યા. પોતાના બાળસખા ભટ્ટજી ભગવાનના દર્શન કરવા જાય છે અને પોતાને તેડવા આવ્યા છે તેમ જાણી ઘરબારની ભલામણ કરવા રોકાયા સિવાય, ભાગોળમાંથી જ ભટ્ટજીની સાથે તેઓ ભગવાનના દર્શન કરવા ચાલી નીકળ્યાં.

- **વિપ્રવેશે શ્રીહરિ તથા ખુશાલ ભટ્ટે પાનબાને વર આપ્યો કે તમારી કૂખે મુક્ત પ્રગટ થશે.**

પગપાળા પ્રવાસ કરતા કરતા એક સાંજે તેઓ માણસાના પાદરમાં આવી પહોંચ્યા. તે વખતે માણસામાં સાંકળેશ્વર ઉપાધ્યાય નામે એક ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ રહેતા હતા. તેઓ ખુશાલ ભટ્ટના દૂરના સગા થતા હતા. તેમના ધર્મપત્ની પાનબા પરમ ભગવન્નિષ્ઠ અને પ્રતિવ્રત પરાયણ હતાં. સાંજ પડી ગઈ હતી. તેથી રાતવાસો સાંકળેશ્વર ભાઈને ત્યાં રહેવા સંકલ્પ કરી ત્રણે જણ તેમના ઘેર આવ્યાં. પાનબા ખૂબ હેતવાળા હતા. સાંજને સમયે પોતાના ઘરે આવેલા ત્રણે મહેમાનોને ખૂબ ભાવથી આદર સત્કાર આપ્યો. બેસવા આસન આપ્યું અને ઠંડુ જળપાન કરાવ્યું. ખૂબ પ્રેમથી ખબર અંતર પૂછયા. રાત્રે સ્વાદિષ્ટ ખીચડી અને કઢી બનાવીને ત્રણેને પ્રેમી જમાડ્યા. રાત્રે પ્રગટ ભગવાનની વાતો કરી, તેથી પાનબા વગેરે પ્રગટ ભગવાનના દર્શન કરવા ઘણાં ઉત્સુક બન્યા.

સવારે પ્રાતઃ સ્નાનાદિક ક્રિયાથી પરવારી ત્રણે જણા જવા તૈયાર થયા એટલે પાનબાએ ખૂબ આગ્રહ કરી તેઓને રોકયા અને બપોરે જમીને જવા ખૂબ હેતપૂર્વક આગ્રહ કર્યો. આગ્રહને વશ થઈ, બપોરે પાનબાએ રાંધેલ મિષ્ટ ભોજન પ્રેમથી ત્રણે જમ્યા. બ્રાહ્મણ શ્રીહરિ

અને ખુશાલ ભટ્ટ બન્ને તેમની સેવા અને ધર્મનિષ્ઠા અને નિષ્કપટતા જોઈ ખૂબજ પ્રસન્ન થયા. તેમણે પાનબાને કહ્યું કે, ''હે પાનબા ! તમારી કૂખે મુક્તાવતાર થશે. તે પરમ ભક્ત અને સત્સંગ સેવા પરાયણ થશે. તેમજ હજારો જનોને સત્સંગમાં જોડે એવા મહાસમર્થ થશે. તમારો વંશ કીર્તિને પામશે.'' આ પ્રમાણે આશીર્વાદ આપી ત્રણે જણા ચાલી નીકળ્યા. આગળ જતા અમદાવાદને ઉલ્લંઘીને આગળ ગયા. ત્યારબાદ વેશધારી શ્રીહરિ ખુશાલભટ્ટને જેતલપુરનો માર્ગ બતાવી અંતર્ધાન થઈ ગયા.

ખુશાલ ભટ્ટે જેતલપુરમાં જઈને પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કર્યા, અને ખૂબ રાજી થયા. બન્ને જણ પાછળથી દિક્ષા ગ્રહણ કરી સંત બન્યા.ખુશાલ ભટ્ટ ગોપાળાનંદ સ્વામી તરીકે અને ભગવાનદાસ પટેલ કાનડાનંદ સ્વામી તરીકે પ્રસિદ્ધ પામ્યા.

કેટલોક સમય વીત્યા બાદ સાંકળેશ્વર ઉપાધ્યાયને પાનબાને ત્યાં શ્રીહરિના આશીર્વાદ મુજબ સંવત ૧૮૬૭ ની સાલમાં બાલરત્ન પ્રગટ થયા અને મુક્ત પુરુષ નરસિંહ નામે પ્રસિદ્ધ થયાં. *(શ્રી દંઢાવ્ય દેશ દર્શન)*

● **શ્રીહરિએ વણિક ભક્તનો સંકલ્પ સિદ્ધ કર્યો...**

વળી એક સમયને વિષે ભગવાન શ્રીહરિ પાંચસો પરમહંસો, પાર્ષદો તથા દાદાખાચર, સુરા ખાચર, જીવા ખાચર આદિ કાઠી અસ્વારો સાથે માણસા પધાર્યા હતા તે વખતે રાઓલ શ્રી સબળસિંહજી માણસા નગરની ગાદી પર આરૂઢ હતા. ભગવાન શ્રીહરિ પધાર્યાના સમાચાર વાયુવેગે ગામમાં ફેલાઈ ગયા. રાજ્યની સવારી સાથે વાજતે ગાજતે સબળસિંહજીએ અને નગરવાસી જનોએ શ્રીહરિનું સામૈયું કરીને કુમકુમ, અક્ષત, પુષ્પ હારાદિકથી પ્રેમપૂર્વક પૂજન કર્યું. રાજ્યની સવારી અને સર્વે સંત હરિભકતો સહિત શ્રીહરિ નગરમાં પધાર્યા. નગરવાસીજનો શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરીને ગદ્ગદ્ કંઠ

બની ધન્યતા અનુભવતા હતા. શ્રીહરિ નગરમાં થઈ નગરની પૂર્વદિશામાં આવેલ મલાવ તળાવના કિનારે લીંબડાના વૃક્ષ નીચે સભા કરીને સિંહાસન પર બિરાજમાન હતા. નગરના અધિપતિ દરબાર સબળસિંહજી રાઓલ શ્રીહરિને નમન કરીને શ્રીહરિની સમીપમાં ઊભા રહ્યા. સંતો મહારાજની આગળ પ્રેમથી કીર્તનો ગાવા લાગ્યા. નગરવાસીજનો શ્રીહરિની સન્મુખ બેસી ભાવપૂર્વક એમનાં દર્શન અને વાણીનું પાન કરી ધન્ય બન્યા.

પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ માણસા નગરમાં પધાર્યા છે અને પોતે સાક્ષાત ભગવાન પૃથ્વી પરના હજારો જીવોના કલ્યાણ અર્થે મનુષ્ય દેહ ધારણ કરી પૃથ્વી પર વિચરી રહ્યા છે, તે વાત જાણી માણસાના એક વણિકે વિચાર કર્યો કે, સ્વામિનારાયણ જો ભગવાન જ હોય તો હું આ દાડમનું ફળ લઈને સભા વચ્ચે જાઉં છું. અને સભા વચ્ચે મારી પાસેથી આ દાડમનું ફળ પોતે માગી લઈ ગ્રહણ કરે અને તેમાંથી થોડીક પ્રસાદી મને આપે તો હું ભગવાનને સાચા માનું. આવા સંકલ્પ સાથે તે વણિક સભામાં આવ્યા. ભગવાન તો અંતર્યામીપણે દરેક જીવ પ્રાણી માત્રના સંકલ્પો જાણી શકે છે, તેથી આ વણિકનો સંકલ્પ ભગવાન શ્રીહરિએ અંતર્યામીપણે જાણી લઈ તે વણિકને જણાવ્યું કે, ‘હે વણિક શ્રેષ્ઠ ! તમો જે ફળ મારા માટે લાવ્યા છો તે અમોને આપો. ભગવાનના આ વચન સાંભળીને તે વણિકે ઊભા થઈ પ્રેમપૂર્વક તે ફળ શ્રીહરિને આપ્યું. મહારાજે પાર્ષદ બેચર ચાવડા પાસે તે દાડમ ફોલાવ્યું અને તેના દાણા મહારાજ જમ્યા ને થોડા દાણા પ્રસાદીરૂપે તે વણિકને આપ્યા. આથી તે વણિક પોતાનો સંકલ્પ સિદ્ધ થયો જાણી તે અત્યંત રાજી થયો અને ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત થઈ અનન્ય ભક્ત બન્યો.

ત્યારબાદ ભગવાન શ્રીહરિએ અને પરમહંસોએ મલાવ તળાવમાં સ્નાન કર્યું. નગરવાસીજનોએ બ્રાહ્મણ પાસે લાડુ આદિક

સુંદર રસોઈ બનાવડાવીને ભગવાન શ્રીહરિ અને પરમહંસો, પાર્ષદો, આદિકને મલાવ તળાવના કિનારે અત્યંત પ્રેમથી રૂડી રીતે જમાડ્યા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૭૮)*

- **સંતોના ભોજન માટે કાષ્ટના પાત્રની સેવા માણસાના ગંગાદાસ સુથારે કરી.**

સંવત ૧૮૭૬ ના વર્ષમાં આદરજના અન્નકૂટોત્સવ વખતે શ્રીહરિ તથા સંતો-પાર્ષદો, રાજાઓ તથા હરિભકતોના મોટા સમુહમાં પધાર્યા હતા. તે વખતે માણસાના ગંગાદાસ સુથાર શ્રીહરિના દર્શને આદરજ આવેલા હતા. શ્રીહરિએ તે વખતે સંતોને ભોજન માટે કાષ્ટના પાત્ર રાખવાની આજ્ઞા કરી ત્યારે, માણસાના ગંગાદાસ સુથારે શ્રીહરિને પગે લાગીને કહ્યું કે, ''મહારાજ, હું સંતો માટે કાષ્ટનાં પાત્ર બનાવી આપીશ. રોહીડાના કાષ્ટના પાત્ર કરીને તમામ પાસે પહોંચાડી દઈશ.'' ત્યારે શ્રીહરિ પ્રસન્ન થયા અને બોલ્યા કે અમે દશ દિવસ સુધી આટલામાં ફરવાના છીએ. ત્યાં સુધીમાં જેટલા પાત્ર બને તેટલા અમને બે ચાર પ્રકારના જુદા જુદા દેખાડજો. એક વેંત પહોળા અને ત્રણ આંગળ ઊંચા કરવા ચીનાઈ કટોરા જેવો ઘાટ કરવો. એમ કહી તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી ગંગાદાસે કાષ્ટના પચાસ પાત્ર બનાવીને લાંગણજમાં શ્રીહરિ આગળ ધર્યા. શ્રીહરિ તે જોઈને પ્રસન્ન થયા ને ચરણારવિંદ આપ્યાં ને હાર પહેરાવ્યો. જીજ્ઞાસાનંદમુનિ અને નિષ્કામાનંદ મુનિ બંને બધા પાત્રોનો ભાર ઉપાડી લાવ્યા હતા. અને બોલ્યા કે, સુથારે બહુ મહેનત લીધી. ત્યારે શ્રીહરિ કહે, ''હરિભક્તની શી વાત કહેવાય ? એ તો કલ્પતરુ જેવા કહેવાય.'' સંતને માટે અને અમારે માટે સેવા કરવામાં તેમનો અતિ ઉત્સાહ રહે છે. એમ કહીને મુક્તમુનિને પહેલું પાત્ર આપ્યું. પછી બ્રહ્માનંદ મુનિને પછી નિત્યાનંદમુનિ વગેરેને મોટા મોટા સંતને માટે અને અમારે માટે સેવા કરવામાં તેમનો અતિ ઉત્સાહ રહે છે.

એમ કહીને મુકતમુનિને પહેલું પાત્ર આપ્યું. પછી બ્રહ્માનંદ મુનિને પછી નિત્યાનંદમુનિ વગેરેને મોટા મોટા સંતને પહોંચતા સુધી એક એક પાત્ર આપ્યું. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૬૭)*

- **સદ્. શ્રી મહાનુભાવાનંદ સ્વામીના સમાગમથી નરસિંહભાઈને શ્રીહરિનો દૃઢ નિશ્ચય થયો.**

શ્રીહરિ અને ખુશાલભાઈ ભટ્ટના આશીર્વાદથી માણસાના નરસિંહભાઈનો જન્મ થયો હતો. નરસિંહભાઈ મહાન ધાર્મિક, સત્યવાદી, સદ્‌ગુણી, શ્રદ્ધાવાન પવિત્ર અંતઃકરણવાળા, ધીરજવાળા, આત્યંતિક મોક્ષની ઈચ્છાવાળા, શબ્દાદિક પંચવિષયોને વિષે, તેમજ ધન, સ્ત્રી, આદિક માયિક પદાર્થોને વિષે, વૈરાગ્ય વૃત્તિવાળા સર્વગુણો વડે કરીને શોભાયમાન બીજાઓનું પ્રિય કરનાર, નિરંતર શ્રીહરિને વિષે દૃઢભક્તિવાળા રાજ્યને વિષે માન પામેલા, બ્રાહ્મણ સમાજમાં તિલકરૂપ પરમ સદાચારી સાંખ્ય યોગ નિષ્ઠ, વ્યવહાર નિપુણ અને બાલ બ્રહ્મચારી હતા. પૂર્વના સંસ્કારો અને સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીના સમાગમમાં આવતા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય થયો અને સ્વામી પાસેથી વર્તમાન ધારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત બન્યા હતા.

યુવા અવસ્થામાં તેઓ અમદાવાદ નગરના નાગર શેઠ હેમાભાઈ હઠીભાઈને ત્યાં મુનિમ તરીકે નોકરી કરતા હતા. નરસિંહભાઈની સચ્ચાઈ અને નીતિમય જીવન જોતા શેઠને પોતાના પુત્રો કરતા પણ અધિક વિશ્વાસ નરસિંહભાઈ પર હતો.

- **સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના ઠપકાથી નરસિંહભાઈએ રજોગુણી જીવનને સાદાઈમાં ફેરવ્યું.**

એક વખત નરસિંહભાઈ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના દર્શન કરવા ગયા. સારા કિંમતી રેશમી વસ્ત્રાભૂષણાદિક પરિધાન

કરી બહુ ઠાઠથી નોકર ચાકર સહિત ગયા હતા. ત્યાં જઈ દેવના દર્શન કર્યા. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજનાં દર્શન કરીને સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા તેમના આસને ગયા. સ્વામીને દંડવત પ્રણામ કરીને સ્વામીના સન્મુખ બેઠા. સ્વામીશ્રીએ ખબર અંતર પૂછયા અને પૂર્વાશ્રમમાં શ્રીહરિની સાથે માણસા આવેલા તે સર્વે વાત કરી. નરસિંહભાઈનો રજોગુણી વેશ જોઈને ઠપકો આપ્યો. નરસિંહભાઈએ સ્વામીના વચન સાંભળી તત્કાળ વસ્ત્ર ભૂષણાદિકનો ત્યાગ કરી દીધો અને સાદાઈથી જીવન જીવવા નિરધાર કર્યો. અમદાવાદ આવી નિશ્ચય કર્યો કે, ભગવાન ભજવા અને ભજાવવા. એમ મન સાથે દૃઢ સંકલ્પ કરી નોકરીનો ત્યાગ કરી દીધો અને માણસામાં આવી બ્રાહ્મણવૃત્તિથી પોતાનો નિર્વાહ કરવા લાગ્યા.

- **શ્રીહરિએ નરસિંહભાઈની કરેલી રક્ષા. ને બ્રહ્મ રાક્ષસની મુક્તિ.**

એક વખત મુક્તરાજ નરસિંહભાઈ સ્વનિર્વાહ સારુ માલવ દેશમાં બુંદી કોટા તરફ ગયેલા, ત્યાં ટહેલ નાખતા હતા. તે શહેરમાં એક દુષ્ટ અને ઘમંડી પૈસાદાર શેઠ રહેતો હતો. તેમને નરસિંહભાઈએ કહ્યું, ''ભાઈ, આ બુંદી કોટા શહેરમાં કોઈ ધનાઢય સખાવત કરે એવા શેઠ ખરા ?'' તેણે આ પવિત્ર બ્રાહ્મણની મશ્કરી કરતા કહ્યું કે, ''હા આ સામે હવેલીમાં એવા શેઠ રહે છે. તમો ત્યાં જાઓ.'' તેમાં એક ધનિક રહે છે તે તને પુષ્કળ ધન આપશે, હવે બન્યું એવું કે તે હવેલીમાં એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. તેથી તે હવેલીમાં કોઈ રહી શકતું ન હતું. આખી હવેલી ખાલી હતી. નરસિંહભાઈને તો આ વાતની કોઈ ખબર જ હતી નહિ. જેમના મુખે ચોવીસ કલાક અખંડ ભગવાન સ્વામિનારાયણનું રટન છે એવા તેઓ તે હવેલીમાં ગયા. તે હવેલીમાં એક વિશાળ ખંડમાં સોનાની હિંડોળા ખાટ ઉપર એક મહા વિશાળ કાય માણસ બેઠો હતો. નરસિંહભાઈ તો તેની

સન્મુખ જઈ ઉભા રહ્યા અને બધી વાત સવિસ્તર કહી. જેના દર્શન માત્રથી પુનિત થયો છે અને પાપ માત્ર બળીને ભસ્મ થઈ ગયા છે જેના એવો આ બ્રહ્મરાક્ષસ મુક્ત શિરોમણી અને ભગવાનના અનન્ય ભક્ત એવા નરસિંહભાઈને કહેવા લાગ્યો કે, ''હે બ્રાહ્મણ શ્રેષ્ઠી પેલા દુષ્ટે આપશ્રીની મશ્કરી કરી લાગે છે. હું તો મારા પાપોને લીધે એક દુષ્ટ બ્રહ્મરાક્ષસ છું, અને ઘણા લોકોને હેરાન કરી આ જન્મમાં પણ પાપ કર્મ કરી રહ્યો છું. પરંતુ આજે આપના દર્શનથી હું પાપ રહિત બન્યો છું. આપ મારા પર કૃપા કરી મને આ ભૂતયોનિમાંથી છોડાવો.'' એ પ્રમાણે ખૂબ વિનંતી કરી અને પછી નરસિંહભાઈને કહ્યું કે, ''હવેલીવાળા શેઠે મને તમારી પાસે મોકલ્યો છે અને સો સોનામહોરો આપવા જણાવ્યું છે.''

નરસિંહભાઈએ પહેલા દુષ્ટને જઈને વાત કરી. આથી તે ક્રોધે ભરાઈને નરસિંહભાઈને ગાળો દેવા લાગ્યો. આથી નરસિંહભાઈ ફરીથી બ્રહ્મરાક્ષસ પાસે ગયા, અને સર્વે હકીકત કહી સંભળાવી. બ્રહ્મરાક્ષસ વાત સાંભળી ઘણો ક્રોધે ભરાયો, અને જઈને પેલા દુષ્ટને હેરાન પરેશાન કરી નાખ્યો. બ્રહ્મરાક્ષસના ત્રાસથી અતિશય ભય પામેલા તે દુષ્ટે નરસિંહભાઈને પુષ્કળ ધન આપી રાજી કરી આજીજી પૂર્વક કહ્યું કે, ''મને હવે આ બ્રહ્મરાક્ષસના ત્રાસથી મુકત કરો.'' નરસિંહભાઈએ દયા કરી તે દુષ્ટને બ્રહ્મરાક્ષસના ત્રાસમાંથી મુકત કર્યો. નરસિંહભાઈએ બ્રહ્મરાક્ષસને શ્રીહરિના પ્રગટપણાનો ઉપદેશ કર્યો અને દુષ્ટપણું છોડી દેવા જણાવ્યું. નરસિંહભાઈના સમાગમથી અને શ્રીહરિની કૃપાથી તે બ્રહ્મરાક્ષસ મોક્ષગતિને પામ્યો.

બ્રહ્મરાક્ષસની મુક્તિ થઈ પછી તે હવેલી નરસિંહભાઈએ વેચી મારી તેના રૂપિયા બે હજાર આવ્યા. આમ નરસિંહભાઈ પાસે રૂપિયા ઘણા થયા. પુષ્કળ ધન પ્રાપ્ત થયું છે જેને એવા નરસિંહભાઈએ વિચાર કર્યો કે, ગુજરાત જવાનો માર્ગ વિકટ છે અને માર્ગમાં ચોર

લૂંટારૂઓનો ઘણો ત્રાસ છે, એટલે જાન માલનું રક્ષણ કરવા માટે ત્યાંના રાજા પાસેથી બે વળાવિયા (ચોકીયાત) લીધા. (તે વખતે દેશી રાજાઓ ચોકીયાતો મોકલીને પ્રજાને સહકાર આપતા) નરસિંહભાઈ વળાવિયા સાથે માણસા આવવા નીકળ્યા.

એ સમયે મોટર, બસ કે રેલવે નહોતાં. કાંતો ચાલતા જાઓ કે ઘોડા કે ઊંટ ઉપર, બળદગાડા, વેલ, ઘોડાગાડી આવા બધા સાધનો હતા. નરસિંહભાઈને ગુજરાત આવવા માટે પંદર દિવસનો રસ્તો હતો. રસ્તામાં બપોરે વચમાં આવતા ગામડામાં બ્રાહ્મણોને ત્યાં જમે અને રાત્રે બીજા બ્રાહ્મણને ત્યાં રાત વાસો કરે. આમ સાતેક દિવસ પસાર થઈ ગયા હશે. ચાલતા ચાલતા રસ્તામાં વાવ આવી. નરસિંહભાઈને તૃષા લાગી હતી તેથી તેઓ પોતાની પોટલી સાથે વાવમાં પાણી પીવા ઉતર્યા. કાંઠે ઉભેલા બે ચોકીયાતોને મનમાં થયું કે, નકકી આ બ્રાહ્મણ પાસે પુષ્કળ ધન હોવું જોઈએ. કારણ કે, તે પોતાની પોટલીને ક્ષણવાર પણ છૂટી મૂકતો નથી. આ નિર્જન રસ્તામાં તેને મારી નાખી ધન લઈ લઈશું. તો કોઈને ખબર પડશે નહિ. આખી જીંદગી કમાવાની ઉપાધિ ટળી જશે અને સુખેથી જીંદગી વિતાવી શકીશું. આવો દુષ્ટ સંકલ્પ કરતા તેઓ સજ્જ થઈ નરસિંહભાઈની બહાર આવવાની રાહ જોતા ઉભા હતા.

પરંતુ કૃપા સાગર ભગવાન શ્રીહરિએ આ વળાવિઆનો દુષ્ટ સંકલ્પ જાણી લીધો અને દિવ્યરૂપે નરસિંહભાઈને ઉપાડી ઘણે દૂર ગુજરાતના માણસાગામના પાદરમાં મૂકી દીધાં.

પેલા લોકો વાવના કાંઠે રાહ જોતા ઉભા રહ્યા. કલાક થયો નરસિંહભાઈ ન આવ્યા. વાવની અંદર ઉતર્યા. નરસિંહભાઈ ન મળે. તેમણે ખોટો સંકલ્પ કર્યો. તો તેમણે સાત દિવસની રોજી ખોઈ. આ રીતે શ્રીહરિએ નરસિંહભાઈની રક્ષા કરી.

નરસિંહભાઈતો આભા થઈ ગયા. “અરે, મારે વાલે મને કયાંથી કયાં મૂકી દીધો નક્કી મારે વાલે મારી રક્ષા કરી. મારું તન,

મન અને ધન હવે પ્રભુને અર્પણ'' નરસિંહભાઈ તથા અંબાલાલ વિપ્ર તેમજ વનમાળી ભાવસારના જ્યાં ઘર હતા. (જે શ્રીહરિએ ત્યાં ઉતરેલા થાળ જમેલા તે ત્રણેના પ્રસાદીના ઘર મંદિર માટે શ્રીકૃષ્ણાર્પણ થયા. સદ્. ભૂમાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામીની દેખરેખ નીચે મંદિરનું બાંધકામ શરૂ થયું. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૩૪)*

- **મંદિર નિર્માણમાં વિઘ્ન કરનાર જૈન સાધુને પસ્તાવો થયો ને સંતોની માફી માગી. તેને અંતકાળે શ્રીહરિ તેડવા આવ્યા.**

માણસામાં મંદિરનું કામ ચાલતુ હતું. સંતો રાત્રે મંદિરના ફળિયામાં સૂતા હતા. તે વખતે મંદિરની બાજુમાં જ એક જૈન અપાસરો આવેલો છે તેમાં રહેતો ''બુદ્ધિસાગર'' નામે એક જૈન સાધુ હતો. તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંતો ઉપર બહુ દ્વેષ રાખતો હોવાથી તેમને મારવા માટે કામણ ટુંમણ આદિક મારણ પ્રયોગો કરતો ને મંત્રેલા અડદની મુઠીઓ ભરી ભરીને મંદિરના પગથિયે ઉભો રહીને સંતોના ઉપર નાખીને જતો રહેતો. એ પ્રકારે પાંચ દિવસ સુધી અડદ નાખ્યા, છતાં કાંઈપણ અસર થઈ નહિ, એટલે તે જૈન સાધુ, છઠ્ઠા દિવસે મંદિરમાં આવી સંતોને અજાણ્યો થઈને પૂછવા લાગ્યો કે, ''તમારા મંદિરમાં કોઈ, પાંચેક દિવસથી અડદ નાખે છે. તેને તમો શું કરો છો?'' ત્યારે ''કલ્યાણાનંદ'' નામે સંતે કહ્યું કે, ''તે અડદ વીણી ધોઈને અમો દાળ બનાવીને ઠાકોરજીને નૈવેધ ધરી અમો જમીએ છીએ.'' આ વાત સાંભળીને તે જૈન સાધુ બોલ્યો કે, ''હે સંતો ! મારા મંત્રેલા અડદથી તો આકાશમાં ઉડતુ પક્ષી પણ ભોંય પડી જાય, તે અડદને તમો જમી ગયા ?'' માટે તમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાચા સાધુ છો, તો મારા અપરાધને ક્ષમા કરો. એમ કહીને બે હાથ જોડી સંતોને નમસ્કાર કર્યા અને

શ્રીહરિનો આશ્રય કરી પાકો સત્સંગી બન્યો. અને અખંડ શ્રીહરિનું સ્મરણ કરતો સંત સાધુઓની સેવા પણ કરતો હતો. જ્યારે તેનો અંતકાળ વખત આવ્યો ત્યારે અનંત મુકતો સહિત દિવ્ય વિમાનમાં બેઠેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં તેને દર્શન થયાં. અને દરેકને કહેવા લાગ્યો કે, "શ્રીહરિ ભગવાન મને અક્ષરધામમાં લઈ જવા માટે પધાર્યા છે એમ કહી દેહનો ત્યાગ કરીને તે જૈન સાધુ બુદ્ધિ સાગર અક્ષરધામમાં ગયો. એ પ્રકારે અપાર મહિમાવાળા શ્રી હરિ ભગવાન રથ, હાથી, વિમાન દ્વારા પોતાના ભક્તોને અક્ષરધામમાં લઈ જતા હતા. વેદ તથા ઉપનિષદાદિ શાસ્ત્રોને વિષે વર્ણન કર્યો છે. પ્રતાપ જેમનો એવા જે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ રૂપે હાલ આ પૃથ્વી ઉપર અવતરેલા છે. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય- ૧૦૪)*

શ્રીહરિ માણસા પધાર્યા ત્યારે માણસા ગામના સ્ત્રી-પુરુષ ભક્તજનો કર્ણપ્રિય એવા વિવિધ વાજિંત્રો લઈ શ્રીહરિની સામે જતા હતા. તે નગરના રાજા પણ સામૈયામાં સાથે હતા. સંતો, વર્ણિઓ અને પાર્ષદો સહિત શ્રીજીમહારાજને જોતાં જ સર્વ ભક્તો પૃથ્વી પર દંડવત કરવા લાગ્યા. સ્ત્રીઓ મસ્તક નમાવી પ્રણામ કરવા લાગી. શ્રીહરિએ રાજાના તેમજ બીજા ભક્તોના કુશળ સમાચાર પૂછયા. ત્યારબાદ તેઓની સાથે સર્વ પ્રકારે સમૃદ્ધિથી ભરેલા, ચારેય વર્ણની વસતિવાળા માણસા નગરમાં પ્રવેશ કરતા હતા. હે રાજન્ ! આ શહેરમાં શ્રીજીમહારાજ ચોથીવાર આવતા હતા. શહેરમાંથી પછી બહાર આવેલ મલાવ સરોવરે આવ્યા. ત્યાં એક લીંબડાના ઘટાદાર વૃક્ષ હેઠળ સભા થઈ. અશ્વ ઉપરથી ઊતરી મહાપ્રભુ સભામાં તૈયાર કરી રાખેલ ઊંચા આસન પર વિરાજમાન થયા -. ભૂદેવ આદિત્યરામ, અંબારામ, ગોવિંદરામ, બે વૈશ્ય ભક્ત સાંકળચંદ, પીતાંબર, હેંદુજી, રાજારામ અને તેમના ભાઈ વિજય, મૂળચંદ, સુથાર ગંગારામ,

ધનજી, શિવરામ, દલસુખ વિપ્ર, ભગવાનભાઈ તથા ભાલચંદ્ર, આ બધા પુરવાસી ભક્તોએ શ્રીહરિના ચરણસ્પર્શ કરી યથાશક્તિ ફળફૂલ, વસ્ત્ર, અલંકાર, શ્રીફળ વગેરે ભેટ મૂકી. સ્ત્રી ભક્તોમાં સોના, કુશળ, રૂપાળી, વખતી, બે ગંગા વગેરે બહેનો શ્રીહરિને કુમકુમ અક્ષત તથા ફૂલોથી વધાવતી હતી. તથા બીજી સેવા પણ ભાવથી કરતી હતી.

● **શ્રી હરિનો દ્વેષી જદુરામ વિપ્રને પ્રભુના દર્શન ન થયા.**

શ્રીજીમહારાજ માણસામાં પધાર્યા. ત્યાં તળાવને કાંઠે બાગ છે. ત્યાં મહારાજ વિરાજ્યા. આખા ગામના બધા હરિભક્તો દર્શને આવ્યા. એક જદુરામ દ્વેષી બ્રાહ્મણ હતો. ત્યારે મહારાજે એને દર્શન ન દીધાં. ચારેકોર જુએ, પણ મહારાજને દીઠા જ નહિ. પછી તે તો જેમ તેમ બોલવા માંડયો. તમે સ્વામિનારાયણિયા બધા જૂઠા છો. કયાં સ્વામિનારાયણ છે ? હું તો બધેય જોઈ આવ્યો, કયાંય નથી. પછી બીજા એનો હાથ ઝાલીને મહારાજ જે ઢોલિયામાં બેઠા હતા ત્યાં લાવ્યા, ને કહે, જો આ સ્વામિનારાયણ ભગવાન બેઠા. તોય એને મહારાજ દેખાણા નહિ. એને હાથ લાંબો કરીને ઢોલિયા ઉપર ફેરવ્યો તો હાથ મહારાજના સોંસરો ચાલ્યો ગયો. મહારાજે એને દર્શન દીધાં જ નહિ. એ એવો આસુરી હતો એટલે શું એને દર્શન દે ! એને દર્શન ન થયાં. ભગવાન તો કોઈકને દર્શન દે ને કોઈકને ન દે પણ ભગવાન અધમ ઉધ્ધારણ તો ખરા.

● **માણસામાં શ્રીહરિએ નરસિંહભાઈ દ્વારા મજુરોની રક્ષા કરી.**

માણસામાં નરસિંહભાઈ શ્રીહરિની પૂજામાં બેઠા છે. તે વખતે પૂજામાં શ્રીજીમહારાજે નરસિંહભાઈને કહ્યું કે, ‘‘પેલો રામજી સલાટ કૂવાનું ચણતર કામ કરે છે. તે કૂવો ધસી પડવાની તૈયારીમાં છે. મારી પૂજા બંધ કરી ત્યાં જા અને મજુરોને કૂવાની બહાર નીકળી જવા જલ્દીથી કહે.’’ નરસિંહભાઈ પૂજા અધૂરી મૂકી કૂવા પર ગયા

ને હાકલ મારી, "અલ્યા બધા બહાર નીકળી જાઓ. કૂવો ધસી પડવાની તૈયારીમાં છે." બધા મજુરો કૂવાની બહાર નીકળી ગયા. ને કૂવો ધસી પડયો. મજુરોનો બચાવ ગઈ ગયો. *(શ્રીજીમહારાજ દંઢાવ્યા દેશમાં)*

- **મુક્તરાજ નરસિંહભાઈએ વર્તમાન ધરાવ્યા ને અંતે તેડવા શ્રીહરિ આવ્યા.**

માણસાના બહેચર ચૌધરીના અંતકાળ વખતે મુક્તરાજ નરસિંહભાઈ વિપ્ર તેમની પાસે જઈ વર્તમાન ધરાવીને કહેતા હતા કે, "પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભાવપૂર્વક સ્મરણ કરો." એમ કહીને નરસિંહભાઈ ઘેર ગયા અને શ્રીહરિ ભગવાન દિવ્યરૂપે અનંત મુકતો સહિત રથમાં બેસીને બહેચર ભક્તને તેડવા માટે પધાર્યા. તે વખતે સર્વને પ્રત્યક્ષ દર્શન પણ થયા. પછી બહેચર ભક્ત બોલ્યા કે, "આ સ્વામિનારાયણ મને તેડવા આવ્યો છે" ત્યારે સંબંધીઓએ કહ્યું કે, કયા સ્વામિનારાયણ ? તેમણે કહ્યું કે, "મુક્તરાજ નરસિંહભાઈએ મને જેનું સ્મરણ કરવાનું કહ્યું હતું તે તથા જેમને મેં અણદાભાઈના દરબારમાં જોયા હતા, તે સ્વામિનારાયણ. દિવ્ય મુક્તો તથા વિમાન લઈને પધાર્યા છે." એમ કહીને તે બહેચર ભક્ત દેહ ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. તે જોઈને સર્વે મનુષ્યો પરમ આશ્ચર્ય પામતા હતા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૬)*

- **અયોધ્યાપ્રસાદજી મહારાજ માણસાના અણદાભાઈને તેડવા પધાર્યા.**

ગામ માણસાના અણદાભાઈએ પ્રથમ અયોધ્યા પ્રસાદજી મહારાજને એમ કહ્યું હતું કે, "જયારે મારે અંત સમો થાય ત્યારે તમે મને દર્શન દેવા પધારજો." પછી તે જ્યારે માંદા થયા ને અંત સમો થયો ત્યારે તેમણે કાગળ લખાવીને રામાભાઈ સાથે મોકલીને

મહારાજને બોલાવ્યા. તે મહારાજ કાગળ વાંચીને પાણી પીવા પણ ન રહ્યા. ને ડેલામાંથી ગાડી જોડાવીને ચાલ્યા, તે દિવસ ઊગ્યે માણસા આવ્યા. તે પાર્ષદો કોઈ અર્ધી રાત્રીએ, કોઈ પાછલી રાત્રીએ ભેળા થયા. અને મહારાજ અણદાભાઈને જોઈને બોલ્યા જે, ''નાડી નથી.'' ત્યારે તે અણદાભાઈ બોલ્યા જે, ''નાડી નથી, પણ આપ આંહીં રહેશો ત્યાં સુધી ફિકર નથી.''

પછી મહારાજ બે દિવસ રહ્યા. ને તેમણે મહારાજની ભારે પૂજા કરી. ને મહારાજ તેમને મળીને ખડકી બહાર આવ્યા ને તેણે તરત દેહ મેલ્યો. ને મહારાજ અમદાવાદ પધાર્યા. ને અણદાભાઈએ દેહ મેલ્યો તે દિવસ ગામ ઈડરથી રાજા જુવાનસિંહજીએ પોતાના મામા જે અણદાભાઈ તેને માંદા જાણીને પોતાના ગોરને જોવા મોકલેલો. ત્યારે તે બ્રાહ્મણ માણસ આવતો હતો. પચાસ કાઠીના અસ્વાર ને મહારાજ તે અણદાભાઈને તેડીને જાતા હતા, તેમના દર્શન તેને થયા. ત્યારે તે બ્રાહ્મણે તે અસ્વારને પૂછયું જે, ''તમે કયાંથી આવો છો ?'' ત્યારે તેણે કહ્યું જે, ''અમે માણસેથી આવીએ છીએ.'' ત્યારે વિપ્ર કહે, ''ત્યાં કયાં ઊતર્યા હતા ?'' ત્યારે તે અસ્વાર કહે, ''અણદાભાઈના માઢમાં ઊતર્યા હતા.'' ત્યારે તે વિપ્ર કહે, ''અણદાભાઈને કેમ છે ?'' ત્યારે તે અસ્વારે કહ્યું જે, ''સારું છે'' એમ દિવ્ય દર્શન દઈને ગયા. ને તે વિપ્રે તે દિવસે માણસે આવીને વાત કરી. તેવી જ રીતે તેમના ચાકરને દિવ્યરૂપે દર્શન દીધાં. ને તેણે પૂછયું જે, ''બાપા કયાં જાઓ છો ?'' ત્યારે તે બોલ્યા જે, ''આણી કોરે ગામ છે, ત્યાં જઈને આવીએ છીએ.'' એમ કહ્યું ત્યારે તેણે માણસે આવીને આ વાત કરી. ને અણદાભાઈ મોટા મુક્ત હતા, એમ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૧૫૯)*

● **શ્રીહરિને મળેલા માણસા ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી સબળસિંહજી રાજા ક્ષત્રિય
પ.ભ.શ્રી પિથુજી બાપુ ક્ષત્રિય
પ.ભ.શ્રી ભરતસિંહજી ક્ષત્રિય
પ.ભ.શ્રી અણદાભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી આનંદસિંહજી ક્ષત્રિય
પ.ભ.શ્રી હિંદુજી ક્ષત્રિય
પ.ભ.શ્રી વિજયભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી રામાભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી ફૂલકુંવરબા ક્ષત્રિય
પ.ભ.શ્રી ગણેશભાઈ પટેલ
પ.ભ.શ્રી ભગાભાઈ પટેલ
પ.ભ.શ્રી ધનાભાઈ ચૌધરી
પ.ભ.શ્રી મુળચંદભાઈ
પ.ભ.શ્રી ગંગારામભાઈ સુથાર
પ.ભ.શ્રી ધનજીભાઈ સુથાર
પ.ભ.શ્રી દલાદાસ ચૌધરી
પ.ભ.શ્રી બહેચરભાઈ ચૌધરી
પ.ભ.શ્રી સાંકળેશ્વરભાઈ વિપ્ર પિતા
પ.ભ.શ્રી પાનબા વિપ્ર માતા
પ.ભ.શ્રી નરસિહભાઈ વિપ્ર પુત્ર
પ.ભ.શ્રી રાવલ કલ્યાણજીભાઈ વિપ્ર પિતા
પ.ભ.શ્રી ઝમકુબાઈ વિપ્ર માતા
પ.ભ.શ્રી આદિત્યરામ વિપ્ર પુત્ર
પ.ભ.શ્રી દલપતરામ વિપ્ર પુત્ર
પ.ભ.શ્રી ગંગારામ વિપ્ર
પ.ભ.શ્રી અંબારામ પંડયા
પ.ભ.શ્રી શિવરામ વિપ્ર
પ.ભ.શ્રી દલસુખભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ભગવાનભાઈ
પ.ભ.શ્રી ભાલચંદ્રભાઈ
પ.ભ.શ્રી દુર્લભરામ વિપ્ર
પ.ભ.શ્રી દુલજીભાઈ
પ.ભ.શ્રી મોટીબા
પ.ભ.શ્રી ગંગાબાઈ-૧
પ.ભ.શ્રી ગંગાબાઈ-૨
પ.ભ.શ્રી વજેરામ વિપ્ર
પ.ભ.શ્રી કુશળભાઈ વિપ્ર
પ.ભ.શ્રી વિજયરામ વિપ્ર
પ.ભ.શ્રી સાંકળચંદ શેઠ-૧
પ.ભ.શ્રી સાંકળચંદ શેઠ-૨
પ.ભ.શ્રી રાજારામ શેઠ
પ.ભ.શ્રી વનમાળીભાઈ ભાવસાર-પતિ
પ.ભ.શ્રી ઝવેરબા ભાવસાર - પત્ની
પ.ભ.શ્રી નરસિંહભાઈ ભાવસાર
પ.ભ.શ્રી સબળસિંઘ ભાવસાર

| | |
|---|---|
| પ.ભ.શ્રી કલ્યાણજી ભાવસાર - પિતા | પ.ભ.શ્રી સાંકળચંદ ભાવસાર |
| | પ.ભ.શ્રી આદિતરામ ભાવસાર |
| પ.ભ.શ્રી દલપતરામ ભાવસાર - પુત્ર | પ.ભ.શ્રી પીતાંબર ભાવસાર |
| | પ.ભ.શ્રી ગંગાદાસ સુતાર |
| પ.ભ.શ્રી ગોવિંદરામ | પ.ભ.શ્રી બેચરદાસ સુતાર |
| પ.ભ.શ્રી સુખદાન ભાવસાર- પુત્ર | પ.ભ.શ્રી રામજીભાઈ સલાટ |
| પ.ભ.શ્રી સોનાબાઈ ભાવસાર | પ.ભ.શ્રી તેલી મુલચંદ ઘાંચી |
| પ.ભ.શ્રી બહેચરભાઈ ભાવસાર | પ.ભ.શ્રી કુશળભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી ભાઈચંદભાઈ ભાવસાર | પ.ભ.શ્રી ભગાભાઈ |
| પ.ભ.શ્રી દલપતરામ ભાવસાર-૨ | પ.ભ.શ્રી રસીકભક્ત |
| પ.ભ.શ્રી રામનાથ ભાવસાર | પ.ભ.શ્રી વખતીબાઈ |
| પ.ભ.શ્રી ઝુમખરામ ભાવસાર | પ.ભ.શ્રી રૂપાળીબાઈ |

● **માણસામાં આવેલા પ્રસાદીના સ્થાનો :**

(૧) **છત્રી :** મંદિરમાં છત્રી આવેલી છે ત્યાં મહારાજ બ્રાહ્મણના ઘરે થાળ જમતા, ઉતરતા ને રાત્રી રહેતા.

(૨) **મંદિર :** અહીં જે મંદિર છે તે જગ્યામાં મુક્તરાજ નરસિંહભાઈ તથા અંબારામભાઈ વિપ્ર તથા વનમાળીભાઈ ભાવસારના મકાનો હતા તે શ્રીકૃષ્ણાર્પણ મંદિરમાં થયેલા છે તેથી મંદિરની જગ્યા પ્રસાદીની છે. ત્રણે ઘરે મહારાજ થાળ જમેલા છે. રાત્રી રહેલા છે.

(૩) **પ્રસાદીનો પથ્થર** : આ પથ્થર ઉપર શ્રીહરિ બેસતા તેથી પ્રસાદીનો છે. હાલ તે પથ્થરના દર્શન મંદિરમાં થાય છે.

**(૪) મલાવ તળાવ :** આ તળાવમાં શ્રીહરિ, પાંચસો પરમહંસો, પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તો સાથે ઘણીવાર સ્નાન લીલા કરી છે.

**(૫) પાળ ઉપર છત્રી :** અહીં તળાવની પાળ ઉપર લીંબડા નીચે સભામાં બિરાજમાન થયા હતા ને ભક્તજનોને જ્ઞાનોપદેશ આપેલો. પછી તે પાળ ઉપર શ્રીહરિએ સંતો-પાર્ષદોને જમાડીને જમ્યાં છે.

**(૬) દૂધીઓ કૂવો :** આ કૂવાના પૂર્વ તરફના થાળામાં શ્રીહરિએ બેસીને સ્નાન કરેલું છે. તે પાણી કૂવામાં ગયેલું છે. તથા તેનું જળ શ્રીહરિએ પીધું છે ને વખાણ કર્યા કે, બહુ મીઠું પાણી છે. ને તે કૂવામાં યમુના, ગંગા, સરસ્વતી, અખંડ રહેશે. ને જે આ જળ પીશે તેના રોગ મટશે એવો આપ્યો છે. (ને તે પાણી પીધેલું પ્રસાદીનું કૂવામાં નાખેલું છે.)

**(૭) લીંબડો :** કૂવાથી દક્ષિણ તરફનો લીંબડો છે. તેના નીચે સભા કરેલી છે. ને તે લીંબડાની એક ડાળ મીઠી થઈ હતી.

**(૮) કોઠી :** વનમાળી ભાવસારના ઘેર તે આવેલી છે ને તેને શ્રીહરિએ અગણોતેરા કાળમાં ઉપરથી છંદાવીને સાણેથી દાણા કઢાવીને કાળ નિર્ગમ કરાવેલો.

**(૯) કથરોટ :** તે કથરોટમાં શ્રીહરિ જમ્યા છે તેથી પ્રસાદીની છે. હાલ તેના દર્શન મંદિરમાં થાય છે.

**(૧૦) માટ :** પિથુજી દરબારનો માઢ પ્રસાદીનો છે. તે જ્યારે માણસા શ્રીહરિ પધારતા ત્યારે સવારી સાથે સ્વાગત કરીને તે માઢમાં શ્રીહરિને પધરાવતા ને જમાડતા.

**(૧૧) માટ :** રાજગઢનો માઢ પણ પ્રસાદીનો છે તેમાં શ્રીહરિની પધરામણી કરેલી છે.

**(૧૨) આસોપાલવનું ઝાડ :** તળાવની પાળ ઉપર તે આસોપાલવનું ઝાડ આવેલું છે. તેને નીચે શ્રીહરિ બિરાજેલા છે.

**(૧૩) ભૂમાનંદસ્વામીની છત્રી :** સદ્‌ગુરૂ ભૂમાનંદસ્વામીએ મંદિર બાંધકામમાં ઘણી સેવા આપેલી છે ને તેમણે દેહ પણ અહીં મૂકેલો ને તેમના પાર્થિવ દેહને આ જગ્યાએ અગ્નિ સંસ્કાર કરવામાં આવેલો છે.

● **માણસા મંદિરનો ઈતિહાસ : અને મૂર્તિ પ્રતિષ્ઠા :**

મુક્તરાજ નરસિંહભાઈએ જ્યારે પોતે બુંદી કોટા ગયેલાને તે વખતે તેમને એક શેઠ અને બ્રહ્મરાક્ષસ તરફથી તથા તેની હવેલી વેચીને રૂપિયા મળેલા ને તે બ્રહ્મરાક્ષસની મુક્તિ તેમણે કરી હતી. તે રૂપિયા પોતે મંદિર બાંધકામમાં આપી દીધા હતા. તેથી તે મંદિરના મુખ્ય દાતા નરસિંહભાઈ હતા. આ મંદિરના બાંધકામ - દેખરેખની સેવામાં સદ્. મહાનુભાવાનંદ સ્વામી, સદ્ ભૂમાનંદ સ્વામી, તથા શ્રીકૃષ્ણદાસજી સ્વામી વિગેરેએ સેવા આપેલી છે. આ હવેલી ઘાટનું ને ત્રણ ઘુમટીઓવાળુ ઉત્તરાદાબારનું છે. મધ્ય મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ - હરિકૃષ્ણ મહારાજની ત્રણ મૂર્તિઓ, સુખશય્યા, તથા શ્રી

ઘનશ્યામ મહારાજની મૂર્તિ આવેલી છે, આ મૂર્તિઓની પ્રતિષ્ઠા સંવત ૧૯૨૬ ના વૈશાખ સુદ ૬ ના રોજ ધ.ધુ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજના વરદહસ્તે થયેલી છે. આજે આ મંદિરને ૧૪૫ વર્ષ પૂર્ણ થયા છે.

● **માણસા મંદિરમાં શ્રીહરિનું પ્રગટપણું :**

અહીં માણસા ગામના વણિક ભક્તો શ્રીહરિની કૃપાથી ખૂબજ સુખી થયા છે ને તેઓ મુંબઈમાં કાયમી ધંધાર્થે સ્થાયી થયેલા છે. તેથી મુંબઈથી જ્યારે વતનમાં આવે ત્યારે માણસા મંદિરમાં તે વખતે દર્શને આવતા હતા. તેમાં એક શેઠ નામ ભુલાઈ ગયું છે. ને તે મુંબઈથી આવીને શ્રી રાધાકૃષ્ણ-હરિકૃષ્ણ મહારાજના દર્શન કરે છે. તે વખતે શ્રીહરિકૃષ્ણ મહારાજ બોલ્યા કે ‘‘શેઠ ! આ રાધિકાજીને સોનાના કંગન પહેરાવો.’ ત્યારે તે અવાજ સાંભળીને શેઠને વિચાર થયો જે આ કોણ બોલ્યું ? અહીં તો હું એકલો જ છું. આમ મનમાં વિચારે છે ત્યાં ફરીથી શ્રી હરિકૃષ્ણ મહારાજ બોલ્યા કે, ‘‘શેઠ ! આ રાધિકાજીને સોનાનાં કંગન પહેરાવો.’’ તરત જ શેઠને અંતરમાં પ્રેરણા થઈ કે, ‘‘મને સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણ મહારાજે જ પ્રેરણા કરી તેથી તેમણે સારા એવા સોનાનાં કંગન લાવીને શ્રી રાધિકાજીને અર્પણ કર્યા. આમ શ્રીહરિએ મૂર્તિમાં અમે અખંડ રહીએ છીએ. તેથી આપણે પણ પ્રતિમા ભાવ ટાળીને દર્શન કરશું તો આપણને પણ દિવ્ય દર્શન થશે. *(સંત પરંપરાથી સાંભળેલ વાત)*

● **માણસા તથા ઈડરના બાઈઓ દ્વારા ઉદેપુરના ઝમકુબાઈને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો.**

ઝમકુબાઈ મારવાડમાં ઉદેપુરના રાજાના રાણી હતા. તેમની કુંવરીનો વિવાહ હતો. ત્યાં જાન આવી હતી. તેમાં માણસા તથા ઈડર

આદિકના રાજાની રાણીઓ ગયા હતા. તે રાણીઓના મુખ થકી વાત સાંભળી જે, સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે તેથી પોતાના મનમાં વિચાર થયો જે, ભગવાન પ્રગટ થયા ને હું રહી જઈશ તો મારું કલ્યાણ નહિ થાય, એમ જાણીને રાત્રીએ બારીએ દોરડું બાંધીને ઉતરીને ચાલી નીસર્યા. તેમને ખોળ્યા પણ જડ્યાં નહિ. તેથી રાણાએ ચારે દિશે અસવાર મોકલ્યા તે ઘોડાના ડાબલા વાગતા સાંભળીને એક મરેલા ઊંટના ખોખામાં પેસી ગયા ને અસવાર પાછા વળ્યા. ત્યારે ત્યાંથી નીસરીને ચાલ્યા. તે વાટ્યમાં વણઝારાની પોઠ્ય સાથે વડનગરના તળાવમાં ઊતર્યા. ત્યાં રાત્રીના છેલ્લા પહોરે બાઈઓ ગામમાંથી નાહવા આવ્યા. તેમનો 'સ્વામિનારાયણ - સ્વામિનારાયણ' એવો શબ્દ સાંભળીને તેમની પાસે આવીને સર્વે હકીકત કહી. પછી તે બાઈઓ ગામમાં લઈ ગયાં પછી તે બાઈઓના સંઘ સાથે કારિયાણી આવ્યા ને મહારાજને મળ્યા. પછી ત્યાં રહ્યા ને માતાજી નામ ધારણ કરાવ્યું ને ભૂજ લાધીબા ભેગા રાખ્યા હતા. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશ પુસ્તિકામાંથી)*

- **મુક્તરાજ નરસિંહભાઈના યોગથી ઉપરદળ ગામના રામજીભાઈ પટેલમાં પરિવર્તન થયું.**

એકવાર ઉપરદળ ગામના હરિભક્ત રામજીભાઈ પટેલ મુક્તરાજ નરસિંહભાઈના દર્શને આવ્યા હતા ને તેમણે વાત કરી કે મને અખંડ મૂર્તિ સાંભરે તેમ કૃપા કરો. ત્યારે નરસિંહભાઈ બોલ્યા કે, આવડા બધા લડધા (માથાના વાળ મોટા) રાખ્યા છે ને મૂર્તિ જોઈએ છે. માટે રજોગુણી બધો ઠાઠ મૂકીને સાદાઈમાં રહીને ભગવાન ભજશો તો તમને પણ સ્થિતિ પ્રાપ્ત થશે. પછી આવા શિક્ષાના વચન નરસિંહભાઈના સાંભળ્યા ને રામજીભાઈમાં પરિવર્તન આવ્યું હતું. *(સંત પરંપરાથી સાંભળેલ વાત)*

- **શ્રીહરિના પ્રાગટ્યોત્સવ વડતાલમાં તથા વૌઠાને મેળે પૂજાનો લાભ :**

સંવત ૧૮૬૨ ની સાલમાં વડતાલમાં શ્રીહરિનો પ્રાગ્ટયોત્સવનો ઉત્સવ બહુ મોટા પ્રમાણમાં ઉજવાયો હતો. તેમાં તથા સંવત ૧૮૬૮ ના કારતક માસમાં વૌઠામાં મોટો મેળો ભરાયો હતો તે બંને પ્રસંગોમાં માણસાના હરિભક્તો પધાર્યા હતા ને શ્રીહરિને વસ્ત્ર, આભૂષણ, ફૂલહાર વગેરેથી પૂજાનો લાભ લીધો હતો. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૮ તરંગ-૬૭ તથા પુર-૧૪ તરંગ-૫૧)*

આવી રીતે શ્રીહરિએ બહુ કૃપા કરીને માણસા ગામે ૧૩ વખત પધારીને ખૂબજ સુખો આપ્યા છે અને ભક્તોના મનોરથો પણ પૂરા કરેલ છે. પ્રેમી ભક્તોની પ્રેમરૂપીથી બંધાઈને એકવાર વિપ્ર વેશે પણ પાનબાને ઘેર સાથે ખુશાલ ભટ્ટ પણ હતા ને રાત્રી રહ્યા હતા. તેથી માણસા ધામ દર્શનીય અને વંદનીય બન્યું છે.

- **ભૂમાનંદ સ્વામીનો અક્ષરવાસ માણસામાં.**

જામનગર જીલ્લાનું કેશિયા ગામ પિતાનું નામ રામજીભાઈ માતાનું નામ કુંવરબાઈ જ્ઞાને ગુર્જર ક્ષત્રિય કડિયા અને અટક રાઠોડ હતી. તેમનું પૂર્વાશ્રમનું નામ રૂપજીભાઈ હતું. રામજીભાઈને ચાર પુત્રો હતા. પણ ધાર્મિક સંસ્કારોથી રંગાયેલા રૂપજીભાઈ હતા ને શાંત સ્વભાવના અને દેવદર્શન, કથા-શ્રવણ વગેરે સત્કર્મમાં શ્રદ્ધાવંત હતા. પૂર્વજન્મના શુભ સંસ્કારવંત રૂપજીભાઈ બાલ્ય અવસ્થામાં પ્રાથમિક શિક્ષણ મેળવીને જરૂર પૂરતું વાંચતા લખતા અને સત્શાસ્ત્રોનું વાંચન મનન કરતા.

કાળક્રમે રામજીભાઈને અસાધ્ય તાવની બિમારી આવી. તેથી તેઓ પરાધીન થયા અને મનમાં વિચારવા લાગ્યા કે મારે

સ્વામિનારાયણના દર્શન કરવા હતા. પરંતુ હવે તો એ શક્ય નથી. આ પ્રકારે વારંવાર ભગવાનનું સ્મરણ કરનાર રામજીભાઈને ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપે દર્શન થયા અને રામજીભાઈને કહ્યું કે, ‘‘રામજીભાઈ ! તમે જેને સંભારો છો તે અમે સ્વામિનારાયણ છીએ. તમારું આયુષ્ય પૂર્ણ થયું છે. માટે દેહ તજીને તમે અમારી સાથે અમારા ધામમાં ચાલો.’’ ભગવાનના દિવ્ય દર્શન થવાથી આનંદિત થયેલા રામજીભાઈએ પુત્રને બોલાવીને કહ્યું કે, મારું આયુષ્ય પૂરું થયું છે. આ સ્વામિનારાયણ ભગવાનની સાથે હું તેના ધામમાં જાઉં છું, અને તમે સ્વામિનારાયણના દર્શન કરવા જજો’’ એમ કહી રામજીભાઈ અક્ષરવાસી થયા.

તે વખતે રૂપજીભાઈની ઉંમર ૧૪ વર્ષની હતી. અનેક કષ્ટો સહન કરીને પણ તેમણે ધીરજ રાખીને કામ ધંધા માટે કચ્છ ભુજમાં છ વર્ષ રહ્યા ત્યાર બાદ સુરેન્દ્રનગર પાસેના ખારવા ગામે ધના આંબા સાથે ગઢપુર આવ્યા ને મહારાજના દર્શન કર્યા અને દીક્ષા લીધી ને ભૂધરાનંદ નામ પાડ્યું. પરંતુ તે બંધ બેસતું ન આવે તેથી મહારાજે ભૂમાનંદ નામ પાડ્યું. પોતે સત્સંગની પણ ઘણી સેવા કરી છે. તેમણે શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર મોટો ગ્રંથ બનાવ્યો ને હજારો પદ કીર્તનો બનાવ્યા છે. જેમાં આપણે રોજ ગાઈએ છીએ જમો થાળ જીવન જાઉં વારી વગેરે વગેરે તેમણે શેષ જીવન દંઢાવ્ય દેશમાં માણસા ગામે ગાળ્યું ત્યાં મંદિરની ઘણી સેવા કરીને અંતે માણસામાં સંવત ૧૯૨૪. મહાવદ ૮ ને રવિવારના દિવસે મંદિરમાં પંચ ભૌતિક દેહનો ત્યાગ કરીને મહારાજની મૂર્તિના સુખે સુખીયા થઈ ગયા. જ્યાં તેમનો પંચભૂતના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો છે તે ઠેકાણે તેમની સ્મૃતિમાં છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે. *(સંત સુમન સ્રજ-૩૨)*

## ● સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ માણસાના નરસિંહભાઈને નિર્વાસનિક કર્યા

ઉત્તર ગુજરાતના માણસા ગામના નરસિંહભાઈ નામે એક ભક્ત હતા ઢળતી ઉંમરે તે ઘર ભંગ થયા આ તો સામાજીક બાબત છે. નરસિંહભાઈને ફરીથી લગ્ન કરવાનો વિચાર થયો. સગાં સંબંધીઓ સ્નેહીજનોની સલાહ નહોતી એ બધા કહેવા લાગ્યા આ ઉંમરે સારું ન લાગે. સમાજની રીતે શોભે નહિં. અને સત્સંગની રીતે પણ સારું ન દેખાય. માટે શાન્તિથી ભજન કરો. ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ. તમે સંસાર જોઈ લીધો છે. હવે વિરકત બનો પણ નરસિંહભાઈને ફરીથી લગ્ન કરવાની ઈચ્છા મનમાં રહ્યા કરતી હતી. ત્યાં કોઈએ યાદ કરાવ્યું તમારા ગુરુના આશીર્વાદ તો લઈ આવો. પછી ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા નમસ્કાર કરી સ્વામીની બાજુમાં બેઠા સ્વામીએ લગ્ન કરવાની ના પાડી અને કહ્યું હવે તારે ભજન કરવાનું છે તારે ઠાકોરજીની સેવા કરવાની હવે તને ભગવાને સંસારમાંથી છોડાવ્યો છે હવે ફરીથી સંસારના બંધનમાં જવાની જરૂર નથી. સ્વામી પાસે હવે નરસિંહભાઈ સાચી વાત રજુ કરે છે. જે વાત સમાજ આગળ નહોતી કરી. નિખાલસ કોની આગળ થવાય ? શ્રીજીમહારાજે વચનામૃતમાં શીખવાડ્યું છે. આવ બાઈ હું જેવી તું થા. એવા આગળ ઘાટ કહેવાથી કાંઈ ફાયદો થતો નથી. મનના ઘાટ સંકલ્પો સંત પાસે કહેવાય સગાં પાસે નહિં. નરસિંહભાઈએ ગોપાળાનંદ સ્વામી પાસે સ્પષ્ટતા કરી સ્વામી બધાય ના પાડે છે. ને તમે પણ ના પાડો છો. પણ મનની વાસના મટતી નથી. વાસના નિર્મુળ નથી થઈ એટલે ગોપાળાનંદ સ્વામી હસ્યા અને જે ઓસરીમાં સ્વામી બેઠા હતા એની બાજુમાં એક લાકડાની થાંભલી હતી. તેની

સામે લાંબી આંગળી કરી બોલ્યા : નરસિંહ ! જો આ થાંભલી સામે જો. આ થાંભલીને કોઈ દિવસ વાસના જાગે ? ના સ્વામી એ તો લાકડાની જડ થાંભલી છે. ગોપાળાનંદ સ્વામીએ નરસિંહભાઈના બરડા ઉપર હાથ ફેરવીને કહ્યું : આજથી તું પણ એવો જ નિર્વાસનિક છે. સ્વામીના આશીર્વાદ સાથે જ તેમના મનમાંથી સંસારની ઈચ્છા જતી રહી. વાસના નિર્મુળ થઈ ગઈ. પછી તો ઘર છોડી દીધું ને બ્રહ્મચારી બન્યા અને જીવ્યા ત્યાં સુધી માણસા મંદિરમાં ઠાકોરજીની સેવા કરી.

● **માણસાના ફૂલકુંવરબાએ ઈડરમાં સત્સંગના બીજ રોપ્યા**

ઈડરમાં ગંભીરસિંહ મહારાજાએ સંવત ૧૮૪૭ થી ૧૮૮૯ સુધી રાજ કર્યું. ઈડર રાજ્યમાં ત્યારે બ્રાહ્મણોની ઘણી વસ્તી હતી. તેમાંના ઘણા ખરા લોટ ઉઘરાવી જીવનનિર્વાહ કરતા હતા. ગંભીરસિંહે દુર્બુદ્ધિવશ લોટ ઉઘરાવવા પર વેરો નાખ્યો જે વટલોઈ વેરો કહેવાયો. ગરીબ બ્રાહ્મણોની આંતરડી કઠળી ઊઠી, ત્રાહિમામ્ પોકારી ગયા રાજાને ઘણી આજીજીઓ અને રજુઆત થઈ પણ વેરો યથાવત લાગુ રહ્યો. છેવટે સૌ ખુશાલ ભટ્ટ પાસે ગયા અને તેમણે પણ સૌ સાથે જઈ ગંભીર સિંહજીને સમજાવવા કોશિશ કરી. પણ મહારાજા એકના બે ન થયા, પથ્થર પીગળ્યો નહિ. રાજા પાસેથી પાછા ફરી ખુશાલભટ્ટ અને સાથેના બ્રાહ્મણોએ ઈડર ગામની પૂર્વ દિશાએ વાવ આગળ વૃક્ષ નીચે મુકામ કર્યો. સ્નાન સંધ્યા કરી ભજન ધૂન કર્યા. ત્યાંતો રાજમંડળ સહિત રાજા પ્રજા સર્વેના મળ-મૂત્ર તત્કાળ બંધ થઈ ગયાં. કોણ કોનો ઉપચાર કરે ! મહારાજા સમજી ગયા કે સવારે આવેલા વિપ્ર મંડળના આગેવાન ખુશાલ ભટ્ટનું વચન ન માનવાથી આ ફળ છે. પોતાના અપરાધની ક્ષમા માગી ગંભીરસિંહે વટલોઈ વેરો તે જ

દિવસથી નાબુદ કર્યો, ત્યારે સર્વનાં મળ મુત્રનો ખુલાસો થયો.

ગંભીરસિંહ મહારાજા ખુશાલભટ્ટથી પ્રભાવિત થઈ તેમના શિષ્ય થયા. તે વર્ષે રાજ્યમાં વરસાદની ખેંચ હતી એટલે રાજાએ ખુશાલભાઈને આ બાબતે ઘટતું કરવા વિનંતી કરી. ખુશાલભાઈએ યોગબળથી સારા રાજ્યમાં વરસાદ કરી. સુકાળ કરી આપ્યો. આ રાજાને આમ તો દરેક વાતનું સુખ હતું પણ પારણે પુત્રની ખોટ હતી. એમણે ખુશાલભાઈને કહ્યું કે : ''અમે ઘણાં દાન પુણ્ય યજ્ઞ કર્યા પણ મારે પુત્ર નથી તો અમારો વંશ ચાલુ રહે અને ઈડરની ગાદીને વારસ મળે એવી આપ કૃપા કરો. બદલામાં હું આપને 'રાજગુરુ' પદ એક હવેલી અને નિભાવ ખર્ચ માટે ગરાસમાં એક ગામ ભેટ આપીશ.'' ખુશાલ ભટ્ટે કહ્યુંકે : ''અમને આવી કોઈ ભેટ સોગાદ કે પદની સ્પૃહા નથી, અમે તો ગરીબ ગુરુ થઈશું. હે રાજન, માણસા રાજ્યમાં ભરતસિંહ રાઓલ (ચાવડા)ની દીકરી ફૂલકુંવર સાથે તમે લગ્ન કરો તો તેથી તમને પુત્ર થશે એવા અમારા આશીર્વાદ છે.''

ઈડરનો ઈતિહાસ નોંધે છે કે મહારાજ ગંભીરસિંહજીને સોળ રાણીઓ હતી અને ખુશાલભટ્ટની સલાહથી સત્તરમી ચાવડા રાણીથી તેમને ગાદીનો વારસ જુવાનસિંહ પ્રાપ્ત થયો. રાણી ફૂલકુંવરબાએ પરણીને પિયરનો સત્સંગ નભાવ્યો અને પહાડમાં મહેલ અને મંદિરની રચના એવી રીતે કરી કે તેમની અટારીએથી દેવની સંધ્યા આરતીના દર્શન થાય. આજે આ મહેલની ઝરુખાની અટારીના માત્ર અવશેષ હયાત છે, જે મંદિરમાંથી જોઈ શકાય છે.

રાજકુમાર જુવાનસિંહજી સારા સત્સંગી હતા. સમય જતાં વર્ષો પછી તેમને રાજ, કાજ અને સંસારની માયા મૂકવા વિચાર થયો. તેઓ ઈડરથી અમદાવાદ પ.પૂ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ

પાસે આવ્યા અને પોતાને ભગવાન ભેટાડે એવા ક્યા સંત છે એ જણાવવા વિનંતી કરી. આચાર્યશ્રીએ તેમને વડનગર સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે જવા કહ્યું : તેઓ પોતાના રસાલા સાથે વડનગર સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીનો સમાગમ કરવા નીકળ્યા. તે જ દિવસે સ્વામી ઈશ્વરચરણદાસજીએ સવારે ભંડારી સંત નિર્મળદાસજીને કહ્યું કે : "આજે સાઠ માણસોની રસોઈ કરજો કારણ કે ઈડરના જુવાનસિંહજી રાજા તેમના રસાલા સાથે અમારો સમાગમ કરવા આવવાના છે." જુવાનસિંહજી રાજા આવ્યા ત્યારે સ્વામીએ સૌની આગતા સ્વાગતા કરી જમાડ્યા. એકાંતમાં રાજાને અહીં આવવાનું પ્રયોજન પૂછ્યું, ત્યારે પોતે બધું છોડી સ્વામીનો સમાગમ કરવા ઈચ્છુક છે એમ તેમણે જણાવ્યું. સ્વામી કહે કે, "જો સમાગમ કરવો હોય તો આ રસાલાને ઈડર રવાના કરો અને જરૂર કામકાજ માટે બે સેવક તમારી પાસે રાખો. સ્વામીના સમાગમે જુવાનસિંહજી થોડા સમયમાં બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમને પામ્યા. *(સદ્. શ્રી ગોપાળાનંદ જીવન ચરિત્ર-૩૨-૩૩)*

## મહિમાવંત મેઉ ગામ

- **જીજ્ઞાસા સાથે જ્યેષ્ઠજીત રાજાએ વ્યાપકેશમુનિને પ્રશ્ન પૂછ્યો ને મુનિએ તેનો ઉત્તર આપ્યો**

જ્યેષ્ઠજીત રાજા વ્યાપકેશમુનિને પૂછે છે - હે મુનિવર્ય ! આપે કહ્યું હુતં કે મેઉ ગામના ભૂષણ (ભૂખણ) ભાવસારને મંછારામ અને તુલજારામ એમ બે પુત્રો હતા. તેમાંથી તુલજારામની પત્નીને અંગ વગરનું રુંઢમુંઢ બાળક આવતર્યું હતું. આ બાળકને શ્રીહરિએ જોયું. તેથી બાળક બધાં અંગવાળું સામાન્ય બાળક જેવું થઈ ગયું. તે

મહાપ્રભુએ તે બાળકને શા માટે જોયું અને ક્યા નિમિત્તે જોયું, એ જાણવાની મને જીજ્ઞાસા છે. આપ સમર્થ છો. બધુ જાણો છો તેથી હું પૂછું છું. બ્રહ્મમુનિ કહે છે - હે શિવર્ષિ ! જ્યેષ્ઠજીત રાજાએ વ્યાપકેશમુનિને આવું પૂછ્યું ત્યારે મુનિ શ્રેષ્ઠ તે વ્યાપકેશમુનિ કહેવા લાગ્યા. શ્રી વ્યાપકેશમનિ બોલ્યા - હે જ્યેષ્ઠજીત !

● **રામાવતારની અહલ્યા થઈ જાનબાઈ (જમના)**

દંઢાવ્ય દેશમાં રામાનંદસ્વામી છતાંનો સત્સંગ હતો અને સારાયે દંઢાવ્ય દેશમાં સંતો-ભક્તો દ્વારા સત્સંગનું પોષણ અને વૃદ્ધિ થઈ હતી. વિ.સં. ૧૮૬૧ ની સાલમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભક્તોને દર્શન દેવા ગામે ગામ વિચરીને શ્રીહરિ અમદાવાદ પધાર્યા ને ત્યાં ભક્તજનોને ખૂબ સુખ આપીને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે વેલાલ, સલકી, પ્રાંતિજ, વિજાપુર, ગેરીતા, વડનગર, વીસનગર, વસાઈ થઈ મેઉ ગામ પધાર્યા ને ભક્તજનોએ શ્રીહરિનું સ્વાગત કર્યું. અહીંના પ્રેમીભક્તો ભૂખણ ભાવસાર, મંછારામ, તુલજારામ આદિ ભક્તજનોએ વાજતે ગાજતે સામૈયું લઈને સામે જાય છે અને ભૂખણ ભાવસારને ઘેર પધરાવે છે. સુંદર હાર, અને શાલ ઓઢાડી મહારાજનું પૂજન કરી આરતી કરીને પ્રાર્થના કરે છે. અહો પ્રભુ! અમારા ધન્ય ભાગ્ય, અમારા ઘેર અમોને સામે ચાલીને દર્શન દેવા આવ્યા. સુંદર આસન તૈયાર કરી આપ્યું. તે પર શ્રીહરિ બેઠા. ભૂષણ ભાવસાર પણ મહાપ્રભુને પગે લાગી તેમની સમીપે બેઠા ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું. હે ભક્ત ! હું જ્યારે જ્યારે અહીં આવું છું ત્યારે તમે જ્યાં મારો ઉતારો રાખો છો, જ્યાં મારું આસન તૈયાર કરો છો તથા શય્યા બિછાવી દો છો તે ઓરડામાં આજે મારું આસન કેમ નથી રાખ્યું ? ભગવાન શ્રીહરિએ આવું પૂછ્યું ત્યારે મહારાજના ચરણ કમલમાં મસ્તક નમાવી તે ભક્ત કહેવા લાગ્યા. ભૂષણ ભક્ત

કહે છે - હે કૃપાનાથ ! મારા નાના પુત્ર તુલજારામની વહુએ તમારે રહેવાની ઓરડીમાં દીકરીને જન્મ આપ્યો છે. તેથી મેં આ વખતે બીજા ઓરડામાં તમારે સૂવા માટે પથારી બિછાવી છે.

પછી મહારાજે વાત કરી છે કે, તમો ભક્તો અમારા વિષે પ્રેમ, મહિમા નિષ્ઠા રાખી અમારી આજ્ઞા પ્રમાણે વર્તો છો તો તમને કયારેય દુઃખી નહિ થવા દઈએ. તમારા બહુ જન્મના પુણ્યો હશે ત્યારે સત્સંગમાં જન્મ થયો. સત્સંગીના ઘેર જે જીવ આવે તો તે પુણ્યશાળી આત્મા સમજવો તો જ સત્સંગમાં જન્મ મળે ને સંતો ભક્તોનો યોગ થાય છે. આમ વાતો કરે છે ત્યાં તો ઓરડામાં કોઈક સ્ત્રીનો રડવાનો અવાજ આવે છે.

મહારાજ કહે, ભૂખણભાઈ કોણ રડે છે ? શું કામ રડે છે? ત્યારે ભૂખણભાઈ વાત કરે છે કે અમારા દીકરા તુલજારામના ધર્મપત્નીને બાળકીનો જન્મ થયો છે. પણ હાથપગ વિનાનું રુંઢમુંઢ બાળક અવતર્યું છે. એટલે સર્વને ચિંતા છે કે આ બાળકને જન્મથી જ જો હાથ પગ ન હોય ને જીવીત રહે તો તેના કેટલા સમય સુધી દુઃખને જોવું આ ચિંતા છે તેથી બાળકની માતા રડે છે.

તો હે મહારાજ આ બાળકી તેની દેહ ક્રિયા કેમ કરશે ? ત્યારે ભગવાન સ્વામિનારાયણ બોલ્યા, ભૂખણભક્ત, બાળકીને અહીં અમારા આગળ પધરાવો, કારણ કે, તે જીવ મહાન બળીયો જીવ છે. મહાન એકાંતિક સ્ત્રી ભક્તમાં તેનું નામ ગુંજશે. માટે પધરાવવાનું કહ્યું અને બાળકીને નાની ખાટલી (માંચી) માં સુવડાવીને મહારાજ આગળ મૂકે છે. મહારાજે બાળકી પર બરાબર નજર માંડી કહ્યું, “હા ! બહુ ઉતાવળા થઈ ગયા તમે. પ્રગટ થવાનો સમય તો ઘણો હતો.અમે કંઈ તમને વીસર્યા નથી. રામાવતારમાં શલ્યા બનીને થીર થઈ પડેલા ઈ હજુય અંતરમાં ઢીમ થઈ ગયું છે કે શું ? જુવો તો

ખરા આ તમારું માનવ સ્વરૂપ અધુરું રહ્યું છે ? હવે એ અધૂરપ ટાળો લ્યો.'' કહી મહારાજે તેના પર હાથ ફેરવીને છૂપાવેલા અવયવો બહાર કાઢી અધૂરત ટાળીને કહ્યું, ''આમ પથ્થરા જેમ પડ્યા રહીને આ જગતમાં શું હેતુ સિદ્ધ કરશો ? લ્યો ! અમારા દર્શનની બહુ લગની લાગી હતીને ! એટલે અમે તમારી અધૂરપ ટાળીએ છીએ.'' એમ કહી મહારાજે તેમની સંપૂર્ણ કાયાનો ઘાટ કીધો. એ બાળકીનું સર્વાંગી સૌંદર્ય જોઈ લોકો બધા આશ્ચર્ય પામી જોઈ રહ્યા. એ પછી મહારાજે ભૂખણભાઈને કહ્યું, ''ભૂખણ ભગત ! તમારે ત્યાં આ સાક્ષાત્ 'સતી' દેવી પધાર્યા છે. તમારા આ પૌત્રી સારા સત્સંગી થશે. તેનું નામ જાનબાઈ રાખજો.'' મહારાજના સ્વમુખે પૌત્રીનું નામકરણ થતાં તે નામ સાર્થક ગણી ભૂખણભાઈએ પૌત્રીનું નામ જાનબાઈ રાખ્યું.

શ્રીહરિની દષ્ટિ માત્રથી જેના પૂર્વ કર્મનો નાશ થયો છે એવી તે બાળ પુત્રી સર્વાંગે સુંદર બની ગઈ હતી. માતાની પડખે રહેલી તે પુત્રી બાળ સ્વભાવ પ્રમણે હાથ પગ ઊંચા કરી રમતી હતી. મહાપ્રભુએ રાત્રે કહ્યું હતું તે સત્ય થવાથી ખૂબ રાજી થયેલા ભૂખણ ભક્ત બધા પરિવારને ત્યાં જોવા માટે બોલાવી લાવ્યા અને કહેવા લાગ્યા કે આપણા ઘેર પધારેલા અખિલેશ્વર શ્રી પુરુષોત્તમ નારાયણનો પ્રતાપ તો જુઓ ! આપણને આ પ્રત્યક્ષ પ્રમાણ મોટું ઐશ્વર્ય બતાવ્યું છે. આખા પરિવારમાં આનંદ આનંદ થઈ રહ્યો. સમગ્ર પરિવારને શ્રીહરિનો નિશ્ચય અધિક દઢ થયો. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! તે બાળ પુત્રીના સુંદર નાજુક હાથ પગ વગેરે અવયવો જોઈ ભૂખણ ભક્તના પુત્રો તેમજ અન્ય સંબંધીજનો ખૂબજ ખુશી થયા અને આ બધું શ્રીહરિનું સામર્થ્ય છે તેમ માનવા લાગ્યા. પછી મુનિ પતિ મહારાજે કહ્યું, હે ભક્તો ! ભગવાન અને ભગવાનના સંતોનું

આ પ્રત્યક્ષ દેખાતું ઐશ્વર્ય જુઓ. તેમનું સામર્થ્ય જુઓ. આ બાળકી તેના પૂર્વ કર્મને લીધે ક્યારેય સારી થાય તેવી ન હતી છતાં પણ ભગવાન અને સંતોની તમારા પર અધિક કૃપાથી તે સુંદર હાથ પગ વાળી બની ગઈ. તમારા કુટુંબને પણ સુખ શાંતિ થઈ. માટે હે ભક્તો ! જે પુરુષ જ્ઞાન વૈરાગ્ય ધર્મ અને ભક્તિને દૃઢ કરી મને ભજે છે તે પુરુષ આ લોકમાં પણ સુખી થાય છે ને પરલોકમાં પણ અવિનાશી સુખ મેળવે છે. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ભૂખણ ભક્તના પરિવાર સાથે આ રીતે વાત કરી શ્રીહરિએ સ્નાન સંધ્યાદિક નિત્યકર્મ કર્યું. તે પછી ભક્તને ઘેર પોતે થાળ બનાવ્યો. વિષ્ણુને નૈવેદ્ય કરીને જમ્યા. હે ભૂપતિ ! ભૂખણ ભક્તના પૌત્રી બાબતના દુઃખનું નિવારણ કરી શ્રીહરિ ત્યાંથી પોતાને જવાની ઈચ્છા હતી તે સ્થળે ગયા. તમે જે પ્રશ્ન પૂછ્યો હતો તે પ્રસંગ મેં તમને વિસ્તારથી કહ્યો. શ્રીહરિ મેઉમાં સાત દિવસ તે વખતે રોકાયા હતા.

- **જાનબાઈ દ્વારા રણું ગામમાં સત્સંગનો અભ્યુદય :**

સમય જતાં જાનબાઈ ઉંમરલાયક થતા રણું ગામ પરણાવે છે, અને ત્યાં પરિવારમાં સત્સંગ ન હતો પણ મુમુક્ષુતા સાસરિયા પક્ષમાં હતી. તેથી જાનબાઈને સત્સંગ રાખવામાં કોઈ અડચણ ન હતી. સમય જતા ઘરના તમામ પરિવારને સત્સંગ ઓળખાવ્યો. નિત્ય નાહવું, ધોવું, પૂજા-પાઠ, માનસી પૂજા, વાંચન, કીર્તન સાંજે સંધ્યા આરતી, ઘરમાં પોઢણીયા સુધીના પદ ગાઈને મહારાજને પોઢાડે. આ ગુણ આજુબાજુમાં પણ આવ્યો તેમ કરતા સારાયે રણું ગામમાં સત્સંગ પ્રવર્તાવ્યો. ને શ્રીજીમહારાજ પણ જાનબાઈના ઘેર રણું ગામ પધાર્યા હતા.

રણું ગામમાં પ્રભાત ગીરી બાવાને મહારાજે ગોદડી આપી હતી તે આજે પણ મંદિરમાં દર્શન અર્થે રાખી છે. આમ એક પછી આખા ગામમાં સત્સંગ થયો છે.

જાનબાઈ શ્રેષ્ઠ સત્સંગી થયા. શ્રીહરિ જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કરે ત્યાં ત્યાં અચૂક જાનબાઈ જતા અને ત્યાં સેવામાં જોડાઈ જતાં, શ્રીહરિએ એક વખત સારંગપુરમાં સમૈયો કર્યો. એ સમૈયામાં દંઢાવ્ય દેશનો સંઘ લઈ જાનબાઈ પણ ગયેલા અને સાથે ઘીનો ઘડો લઈ ગયેલા. એ ઘી શ્રીહરિને અર્પણ કરતા, શ્રીહરિ ખૂબ રાજી થયા. *(સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો - વિશ્રામ ૧૨ તથા નારી રત્નોમાંથી સાભાર, સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૩)*

● **ભૂખણ ભાવસાર કહે, 'મહારાજ બ્રહ્મા બહુ ભુલકણો....'**

એક વખત મહારાજ મેઉ ગામમાં પધાર્યા અને ભૂખણ ભાવસારે તાણ કરી જે મહારાજ માટે ઘરે પધારો. મહારાજ કહે, "તારે ઘરે સુતક છે તે નહીં આવીએ." ત્યારે ભૂખણ ભાવસાર બોલ્યા જે" મહારાજ જમ્યે સુતક, પાણી પીધ્યે સુતક ! પણ ખાટલે બેઠેય કાંઈ સુતક છે ?" તોય, મહારાજ કહે ના નહીં આવીએ, પછી મહારાજ તેને ઘરે પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી ભૂખણભાઈ બોલ્યા જે "મહારાજ બ્રહ્મા બહુ ભુલકણો છે મહારાજ કહે" બ્રહ્મા ભૂલે નહીં પણ જીવ ભૂલે" મહારાજ કહે અમે એકવાર બ્રહ્માને આજ્ઞા કરી છે તે કોઈ દિવસ ભુલ આવી નથી. પછી ભૂષણભાઈ ઘરમાં ગયા અને પોતાની સ્ત્રીને કહ્યું જે "લાવ એ બાળક" બાઈ કહે "બોલોમાં બોલોમાં છ વાહાનો ટેટો મહારાજ પાસે લઈ જવાય નહીં." ભૂખણભાઈ કહે "લાવ્યને હવે વાહાનો કરનારો જ ઘરે આવ્યો છે. પછી સુપડામાં સુવાડીને મહારાજ પાસે લઈને આવ્યા અને મહારાજને કહ્યું, જે "જુઓ મહારાજ ! બ્રહ્મા ભૂલ્યો છે કે નહીં?" આને મારે "દીકરો કે દીકરી શું કહેવું?" પછી મહારાજે દૃષ્ટિ કરી એટલે શરીરનાં અવયવ બધા બહાર નીસર્યા. પછી મહારાજ બોલ્યા જે આ તો દીકરી છે અને અમે જ્યાં હશુ

ત્યાં ઘીના ઘડા ભરીને લાવશે અને આનું નામ જમના પાડજો. પછી તે મોટાં થયાં ત્યારે ઘીનો ઘડો ભરીને નારદીપુરના નાનો ભાઈ દોઢસોહો માણસનો સંઘ લઈને આવ્યા. તેની સાથે ગઢપુર આવ્યાં પછી મહારાજ સભામાં બોલ્યા જે જુઓ ભૂખણભાઈ કહેતા જે બ્રહ્મા ભુલ્યો છે પણ આ બાઈ અમારા સારૂ ઘીનો ઘડો ભરીને લાવ્યાં છે ને તે એકાંતિક ભક્ત થયાં હતાં. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો - વાર્તા-૪૧૯)*

● **મેઉ ગામમાં મહારાજે રમુજ કરી.**

એક વખત મહારાજ મેઉ પધાર્યા હતા અને ભુખણ ભાવસારે મહારાજને આગ્રહ કર્યો જે મહારાજ મારે ઘરે રસોઈ કરાવું. મહારાજ કહે ‘‘દાળ રોટલા કરાવ્યા તો આવીએ’’ પછી ઘરે જઈને દૂધપાક કરાવ્યો અને માલપુડા કરાવ્યા. પછી મહારાજને જમવા માટે બોલાવવા આવ્યા અને મહારાજ જમવા બેઠા ત્યારે દૂધપાક તથા માલપુડા મહારાજના થાળમાં પીરસ્યા. ત્યારે મહારાજ કહે ભૂખણ ભગત આ શું કર્યું ? ભગત કહે, મહારાજ ! તમે કહેતા હતા જે દાળ રોટલા કરજો. તે આ દાળ અને આ રોટલા કર્યા છે. પછી મહારાજને થાળ જમાડીને સંતની પંકિત કરી અને સંતને જમાડ્યા ને તેમને ઘરે એક મોટો પથ્થરો છે તે ઉપર મહારાજ બેસતા. અને સૌ ભાવસાર સોરંગી ખાંડતા. તે વખતે ભાવસાર સૌ પં પં પં એમ બોલે તે વખતે મહારાજ પણ તેમની સાથે પં પં પં એમ કરીને બોલતા એમ રમુજ કરતા હતા. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો - વાર્તા-૪૨૦)*

**(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ મેઉ ગામમાં બે વાર પધાર્યા.**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ સિદ્ધપુર પધાર્યા હતા ને ત્યાં શિવરાત્રીનો મોટો સમૈયો કરીને ત્યાંથી મોટા સંઘ સાથે ચાલ્યા

તે બિલીયા, ઊંઝા, ઐઠોર, વીસનગર થઈ મેઉ પધાર્યા. તે ભૂખણ ભાવસારે વાજતે ગાજતે પોતાને ઘેર પધરાવ્યા ને ભારે રસોઈ કરાવીને જમાડયા ને ચંદન પુષ્પે કરીને પૂજ્યા એવા જે શ્રીહરિ તે રાત રહીને ચાલ્યા તે માણસા પધાર્યા.

**(૨)** સંવત ૧૮૬૨ ની સાલમાં બીજીવાર શ્રીહરિ સંતો પાર્ષદો સાથે વરતાલથી ચાલ્યા તે ઉમરેઠ, ડડુસર, સરખેજ, ધમીજ, વાસણા, દેગામ, પ્રાંતિજ, વિજાપુર, ગેરીતા, વસાઈ થઈ મેઉ પધાર્યા, તે ભૂખણ ભાવસારે પોતાને ઘેર પધરાવ્યા ને ષોડ્ષોપચારે કરીને પૂજા કરીને પછી થાળ કરાવીને જમાડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી લાંઘણજ પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૬૨ ની લીલા)*

- **વડતાલમાં ભૂખણ ભાવસારે રસોઈ આપીને શ્રીહરિની પૂજા કરી.**

કોઈક સમે મહારાજ વડતાલમાં રામપ્રતાપભાઈના બંગલામાં બિરાજમાન હતા તે વખતે સમૈયે આવેલા હરિજનો માટે મહારાજે દામોદર ભક્તને કહી રાખેલું હતું કે ‘જેના થાળ હોય તેને પૂજા કરવા આવવા દેવા’ તેથી દામોદર તે બંગલાના દાદરા પાસે ઉભા હતા ને જેનો થાળ હોય તેને જ મહારાજ પાસે જાવા દીયે પણ બીજા કોઈને જાવા દીયે નહિ. તેવામાં ગામ મેઉના ભાવસાર ભુખણદાસના દીકરા મંછારામ અને તુલજારામ તે મહારાજની પૂજા કરવા સારું ચંદન, પુષ્પ, વસ્ત્ર, આભૂષણ ઈત્યાદિક સામગ્રી લઈને જેરામ બ્રહ્મચારીને ભેળા લઈ આવ્યા. પણ દામોદરે રોકયા ને કહ્યું ‘જેનો થાળ હોય તેજ પૂજા કરવા જાય એવી આજ્ઞા છે’ ત્યારે જેરામ બ્રહ્મચારી કહે ‘આની તો રસોઈ છે ને થાળ પણ છે’ તોયે દામોદર ભક્તે ન જાવા દીધા ને ખેંચતાણ કરતાં બેય જણા બાથોબાથ આવ્યા ને જેરામ બ્રહ્મચારી દામોદરને હેઠો પાડીને ઉપર ચડી બેઠા. ત્યારે તે બધું મહારાજ ઉભા ઉભા જોતા હતા. પછી જેરામ બ્રહ્મચારી ઉભા

થઈને બોલ્યા જે 'મહારાજ તો રૂપિયા રૂપિયાનો થાળ કરાવે તેને પૂજા કરવા દે છે ને તમે તો બસો રૂપિયાની રસોઈ આપી તેમાં શું પૂજા કરાવે ?' એમ કહીને ચાલી નીસર્યા ત્યારે મહારાજ બોલ્યા જે એ જેરામ બ્રહ્મચારી ! આવો આવો પૂજા કરાવો' ત્યારે તે હરિભક્તોએ જઈ મહારાજની પૂજા કરી. પછી બીજે દિવસે નિત્યાનંદ સ્વામીના બંગલામાં મહારાજે જેરામ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, 'તમારે પાડોશ કેનો હતો ? કેમ જે બ્રાહ્મણને આટલો ક્રોધ હોય નહિ માટે કોળીનો કે મુસલમાનનો પાડોશ હશે ?' ત્યારે બ્રહ્મચારી લાલચોળ થઈને રીસાઈ ગયા. પછી મહારાજે દામોદરને કહ્યુંઃ 'જેરામ બ્રહ્મચારી આકરા છે તે કૂવે પડીને મરશે તેની બ્રહ્મહત્યા દામોદરને લાગશે' ત્યારે દામોદર આકુળ વ્યાકુળ થઈને બ્રહ્મચારીને ખોળવા માંડ્યો પણ કયાંય મળ્યા નહિ. પછી સાંજને વખતે કોઈકે કહ્યું જે 'બ્રહ્મચારી ધર્મશાળાના ભંડકિયામાં સૂતા છે. ત્યારે દામોદર ત્યાં જઈને તેડી લાવ્યા પછી મહારાજે તે બેયને અરસ પરસ દંડવત્ કરાવીને મનાવ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૮)*

- **મેઉ ગામના ભક્તજનોને શ્રીહરિની પૂજાનો લાભ મળ્યો.**

સંવત્ ૧૮૬૨ ની સાલમાં ચૈત્ર સુદ નવમીના રોજ વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવનો મોટો સમૈયો થયો હતો. તેમાં શ્રીહરિ પાંચ દિવસ અગાઉ પધાર્યા હતા. ને તે પ્રસંગે પરમહંસો, રાજાઓ, પાર્ષદો અને ગામેગામથી ભક્તજનો પધાર્યા હતા. તેથી હરિભક્તોની બહુ ભારે ભીડ થઈ તેથી રાજાઓ ભીડમાં આવી ગયા. હરિભક્તોને શ્રીહરિ ઉપર એટલું તાન કે મૂર્તિ દેખીને ભાન ભૂલી જતા. છડી પછાડીને શ્રીહરિ હાંહાં કરતા પણ તે જોઈ શકતા નહિ, એવું અપાર હેત હતું. જુદાજુદા ગામના હરિભક્તો ધીરજ ખમી શકયા નહિ. શ્રીહરિએ રાજાઓને બોલાવી પોતાની પાછળ બેસાડી દીધા. પછી ડુંગરજી જેવા પાર્ષદોને આયુધ વિના બોલાવ્યા. શાર્દુલ, સગરામ,

ઉમાભાઈ, જુંસજી, જગમાલ વગેરેને બાઈઓની બાજુ રખેવાળ તરીકે રાખ્યા, તેમણે જોરથી હરિભક્તને અટકાવ્યા. અને એક પછી એકને પૂજા કરવા જવા દેતા, તેથી ભીડનું દુઃખ મટી ગયું અને પૂજા કરવાનું સુખ આવ્યું.

સવારથી મધ્યાહ્ન સુધી તે પ્રમાણે પૂજા ચાલી. પછી દંઢાવ્ય દેશના હરિભક્તો આવેલા હતા તેમણે વારા ફરતી દરેક ગામોને લાભ આપ્યો. તેમાં મેઉ ગામના હરિભક્તો પૂજા કરવા આવ્યા. તે સૌએ શ્રીહરિને સોનાનાં વસ્ત્ર, આભૂષણ, ચંદન ચર્ચીને પહેરાવ્યાં. આરતી, સ્તુતિ કરી ચરણમાં કેસર, ચંદન, ચર્ચીને પોતાના મસ્તક અને નેત્ર પર લીધા. શ્રીહરિએ સૌને પ્રસાદીના હાર આપ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર ૮ તરંગ ૪૮-૬૭)*

- **મેઉ ગામની કેરીયુ કાળાતળાવ (કચ્છ) માં શ્રીહરિએ સંતોને જમાડી.**

એક સમયને વિષે મહારાજ કાળા તળાવમાં સુતાર હરભમને ઘેર બિરાજમાન હતા ને તે ગામ મુક્તાનંદ સ્વામી આદિક દોઢસો સાધુ આવ્યા હતા. તેને મહારાજ રાત્રીએ તળાવની પાળ ઉપર તથા તે દિવસે હરિભક્તને ઘેર સભા કરીને મહા અલૌકિક વાતો કરતા એક દિવસ મહારાજે સુતાર હરભમને કહ્યું જે ‘‘મેઉ ગામમાંથી કેરીયુંનું ગાડું ભરીને લાવો તો આ સર્વે સાધુને જમાડીએ’’ પછી હરભમ ગાડું ભરીને કેરીયું લાવ્યા તે મહારાજે સર્વે સંતને જમાડી પછી મહારાજે કહ્યું, ‘‘ગામમાં સાદ પાડો સર્વે માણસોને કેરીયું આપીએ’’ પછી ગામમાં સાદ પાડ્યો એટલે ગામનાં સર્વે લોક આવ્યા તેને મહારાજે ગાડા ઉપર ઉભા રહીને કેરીયું આપી. પછી એક સીપાઈ ગાડા ભેગો કેરીયું લેવા ગયો તેને મહારાજે પૂછયું, ‘‘તને કેરીયું આપી ?’’ ત્યારે તે કહે ‘‘નથી આપી’’ ત્યારે તેને પાંચ કેરીયું

મહારાજે આપી પછી પૂછયું "તને કેટલી કેરીયું આપી" ત્યારે તેણે કહ્યું "પાંચ આપી છે" પછી મહારાજે તેને કહ્યું "તને અમે પાંચ ફળ આપ્યાં છે તેથી તને પાંચપુત્ર થાશે" પછી તેને પાંચ પુત્ર થયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૪૫૭)*

- **શ્રીહરિ મોટા સંઘ સાથે મેઉ પધાર્યા.**

શ્રીહરિ દંઢાવ્ય દેશમાં દીવાળોનો આદ્રજનો અન્નકૂટોત્સવ કરવા પધારેલા ત્યારે ગામેગામથી હરિભક્તો, રાજાઓ, સંતો વગેરે બહુ મોટી સંખ્યામાં પધાર્યા હતા. ને આદ્રોજમાં ઉત્સવ પૂર્ણ કરી ફરતા ફરતા મેઉ ગામ પધાર્યા. તે ગામના ભૂખણદાસ તથા મંછારામ તથા તુલજારામ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામ વચ્ચે થઈને પશ્ચિમ દિશામાં ભાગોળે વડના વૃક્ષ તળે ઉતર્યા. પછી પોતે ત્યાં વતુ કરાવીને ન્હાયા. પછી ગામમાં થાળ થયો તે જમવા પધાર્યા ને પછી જમીને સંતની રસોઈ થઈ ત્યાં પોતે જઈને સારી પેઠે માલપૂવા ફેરવીને સંતને તૃપ્ત કર્યા. પછી તે ભક્તજને અર્પણ કર્યા એવા જે ચંદન, પુષ્પ, વસ્ત્રાલંકાર આદિ સર્વ સેવા તેને અંગિકાર કરીને પોતાને ઉતારે પધાર્યા ને સંત પણ આવ્યા. પછી ત્યાંથી ઘોડે અસવાર થઈ ને ચાલ્યા તે ગામથી દક્ષિણાદિ ભાગોળે સર્વ સંત સહિત ઉતર્યા ને ત્યાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને પોતાની આગળ સંતની સભા થઈને ગવૈયા સંતે કીર્તન ગાયા તેને સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને તે સર્વ સભાને દર્શન દેતા થકા પોતે પોઢતા હતા. જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે પોતે ઘોડે સવાર થઈને સંત પાળાને અસવાર તેણે વિંટાણા થકી ચાલ્યા તે ગામ લાંઘણજ પધાર્યા. *(સદ્.શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૭૫ - ૭૬ ની લીલા)*

- **શ્રીહરિ મેઉ ગામમાં ૧૩ વાર પધાર્યા તેની સાલ વાર માહિતી**

સંવત ૧૮૬૧ એકવાર
સંવત ૧૮૬૨ બેવાર
સંવત ૧૮૬૫ એકવાર
સંવત ૧૮૬૬ એકવાર
સંવત ૧૮૬૮ એકવાર
સંવત ૧૮૭૦ એકવાર
સંવત ૧૮૭૧ ત્રણવાર
સંવત ૧૮૭૫ એકવાર

સંવત ૧૮૭૬ બેવાર એમ ૧૩ વાર પધાર્યા છે તેમાં કોઈ વખત એક દિવસ, બે દિવસ કે તેથી વધુ રોકાઈને ભક્તજનોને દર્શનનું ખૂબ સુખ આપીને ભક્તજનોને ખૂબ રાજી કર્યા છે.

-: ચોપાઈ :-

*ગામ મેઉ વિષે ભગવાન, હિંડોળામાં ઝૂલ્યા છે નિદાન ॥*
*વડ હેઠે સભા કરી સારી, બહુ વાત કરી સુખકારી ॥૧૮॥*
*ચતુર્ભુજ રૂપે થયા પોતે, દર્શન કર્યા છે જોતે જોતે ॥*
*પછે ભૂખણને ઘેર થાળ, સંત સહિત જમ્યા દયાળ ॥૧૯॥*

*(શ્રીઘનશ્યામ લીલામૃત સાગર ઉતરાર્ધ તરંગ ૯૪)*

- **શ્રીહરિને મળેલા મેઉ ગામના ભક્તજનો**

-: ચોપાઈ :-

*ભક્ત ભૂખણ મનછારામ, તુળશી ભગો ભાવસાર નામ ।*
*હરિજન એક જ્ઞાનબાઈ, એહાદિ જન રહે મેઉમાંઈ ॥૬૨॥*

*(શ્રી ભક્ત ચિંતામણી પ્રકરણ ૧૧૯)*

ભૂખણ ભાવસાર, મંછારામ, તુલસીદાસ, ભગાભાઈ, તુલજારામ, જ્ઞાનબાઈ, જાનબાઈ, રામદાસભાઈ, બેચર પંચોળી, દલસુખરામ, ગંગાબાઈ, ઝુમાબાઈ, જ્ઞાનબાઈ.

- **વૌઠાને મેળે શ્રીહરિની પૂજાનો લાભ મેઉ ગામના ભક્તોએ લીધો.**

સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ ૧૪-૧૫ના રોજ વૌઠામાં મોટો મેળો (સમયો) ભરાયો હતો. તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામેગામના ભક્તજનો પધાર્યા હતા. ને તેમાં મેઉ ગામના ભક્તજનો પધાર્યા હતાને શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪ તરંગ-૫૧)*

- **પ્રસાદીના સ્થાનો**

(૧) મેઉ ગામમાં ભૂખણ ભાવસારનું ઘર જ્યાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ઘણીવાર થાળ જમ્યા છે. રાત્રી રહ્યા છે ને રુંઢમુંઢ બાળકીને જીવતદાન આપ્યું છે. તેથી બહુ પ્રસાદીનું છે.

(૨) ગામથી આથમણી ભાગોળે વડ પ્રસાદીનો છે તેને નીચે સભા કરીને બિરાજમાન થયા છે ને ત્યાં વડે હિંડોળે ઝુલ્યા છે, ને ત્યાં વતુ કરાવ્યું છે.

(૩) ગામથી દક્ષણાદિ ભાગોળે પણ સભા કરીને વિરાજમાન થયા છે. તે પણ પ્રસાદીનું સ્થાન છે.

(૪) તળાવમાં જયારે જયારે પધાર્યા ત્યારે સંત સહિત ઘણીવાર નાહ્યા છે.

- **સત્સંગનું આભૂષણ અને મેઉ ગામનું ગૌરવ**

એક વખત સદ્. શ્રી રામાનંદ સ્વામી મેઉ ગામમાં તેમના વિદ્વાન તથા પવિત્ર શિષ્ય બેચરભાઈ પંચોળીના આમંત્રણથી તેને ઘેર જમવા માટે પધાર્યા. બેચરભાઈની સેવા ભાવનાથી અત્યંત રાજી થઈને સ્વામીએ તેને વરદાન આપ્યું કે, ‘‘તમારે ઘેર સનંદન નામના સનકાદિક અવતાર લેશે.’’ આમ રામાનંદ સ્વામીના આશીર્વાદથી સંવત ૧૮૫૪ ના મહા સુદ-૫ ના દિવસે તે બેચરભાઈને ત્યાં પુત્રનો જન્મ થયો. માતાપિતાએ તેના ચૌલ સંસ્કાર કર્યા અને તેમનું નામ

'દલસુખરામ' રાખવામાં આવ્યું. રામાનંદ સ્વામીના આશીર્વાદ મુજબના સદ્‌ગુણો દલસુખરામમાં જોઈને તેના માતાપિતા ખૂબજ આનંદિત થયા. દલસુખરામ આઠ વર્ષના થયા ત્યારે તેમના પિતાએ વેદોક્તવિધિથી તેમને ઉપવિત સંસ્કાર કરાવ્યા અને બ્રહ્મચારીના ધર્મો કહી સંભળાવ્યા. દલસુખરામને પણ એવોજ વિચાર હતો કે, ''મારે બ્રહ્મચર્યવ્રત પાળીને વિદ્યાભ્યાસ કરવો છે'' આમ, તેઓ બાલ્યાવસ્થાથી જ તીવ્ર વૈરાગ્ય વાળા હતા.

● **દલસુખરામને શ્રીહરિનું પ્રથમ મિલન**

એક વખત દલસુખરામ મછિયાવ ગામમાં પોતાના મામા (મૂળજી બ્રહ્મચારી) ને ઘેર અભ્યાસ કરવા માટે ગયા હતા. દલસુખરામ ગામને પાદર બાળકો સાથે રમતા હતા તેવામાં શ્રીજીમહારાજ સખા સહિત ત્યાં પધાર્યા. મહારાજે દલસુખરામને નામ લઈને બોલાવ્યા. દલસુખરામે આવીને મહારાજને પ્રણામ કર્યા. પછી મહારાજે કહ્યું કે, ''દલસુખ ! ફૂઈબાને કહી આવ જે રોટલા લાવે અને રંગા ફૂઈને ઘેર ગયા અને મહારાજ પધાર્યાના સમાચાર આપીને મહારાજે તેઓને કહેવડાવેલો સંદેશો કહી બતાવ્યો. તેથી ફૂઈબા તથા રંગા ફૂઈબા રોટલા તથા માખણ લાવીને ગામને પાદરે આવ્યા અને મહારાજ તથા સર્વે સખાઓને ખૂબ જ જમાડ્યા. પછી દલસુખરામ જ્યાં શ્રીજીમહારાજ ઉતર્યા હતા ત્યાં ગયા. તે વખતે શ્રીજીમહારાજે તેમના ઉપર ઘણા રાજી થઈને તેમના માથા ઉપર પોતાના બન્ને હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

● **દલસુખરામ શ્રીહરિના સંદેશા વાહક બન્યા**

એક વખત શ્રીજીમહારાજ મછિયાવ પધારેલા અને મહારાજને આદરજ ગામમાં અન્નકૂટનો ઉત્સવ કરવા માટે જવું હતું. પછી મહારાજે દલસુખરામને બોલાવીને તેને એક કાગળ લખી આપ્યો. દલસુખરામ મહારાજની આજ્ઞા માથે ચડાવી કાગળ લઈને તેમજ

સાથે એક માણસ લઈને આદરજ આવ્યા. ત્યાં સર્વે હરિભક્તોને મહારાજનો કાગળ આપીને ઉત્સવની તૈયારી કરવા જણાવ્યું. ત્યાં દલસુખરામ બે દિવસ રોકાઈને પાછા મછિયાવ આવ્યા. તે વખતે મહારાજ લાંઘણજ ગામ પધારેલા અને ત્યાં ગામને ચોરે બિરાજમાન હતા. દલસુખરામ લાંઘણજ ગામ આવીને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા.પછી મહારાજને આદરજ ગામના હરિભક્તોના કુશળ સમાચાર કહ્યા. તેમજ તેઓની અન્નકૂટ ઉત્સવની તૈયારી અંગેની સર્વે વિગત મહારાજને કહી. તે સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને પોતાના ઢોલિયા નીચે શ્રીફળ પડયા હતા. તેમાંથી એક શ્રીફળ લઈને પ્રસન્નતાપૂર્વક દલસુખરામને આપ્યું. આમ, દલસુખરામે શ્રીજીમહારાજના કુશળ સંદેશા વાહક બનીને શ્રીજીમહારાજનો રાજીપો મેળવેલો.

● **દલસુખરામે ગૃહત્યાગ કર્યો ને શ્રીહરિ પાસે દીક્ષા લીધી**

એક વખત દલસુખરામે પોતાના માતાપિતાને કહ્યું કે, ‘‘મારે તો સંસાર છોડી ત્યાગી થવું છે. તેથી તેમના માતાપિતા ખૂબજ દિલગીર થયા પરંતુ તેઓને સ.ગુ. રામાનંદ સ્વામીની ભવિષ્યવાણીના શબ્દો યાદ આવ્યા કે, ‘‘આ બાળક તો સનકાદિકનો અવતાર છે.’’ તેથી તેઓએ દલસુખરામને રાજીખુશીથી ત્યાગી થવા રજા આપી. તેઓની રજાથી માત્ર દશ વર્ષની ઉંમરે સંવત ૧૮૭૭ માં દલસુખરામ ગૃહત્યાગ કરી ગઢપુર જઈ શ્રીજીમહારાજની સેવામાં લાગી ગયા. શ્રીજીમહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી ‘‘આનંદાનંદજી’’ નામ પાડ્યું આમ, ત્યારથી દલસુખરામ સંપ્રદાયમાં બ્રહ્મચારી આનંદાનંદજી તરીકે પ્રસિદ્ધ થયા.

● **શ્રીહરિ બ્રહ્મચારીની સેવાથી પ્રસન્ન થયા**

એક વખત શ્રીજીમહારાજ જૂનાગઢ પધારતા હતા તે સમયે ગામ પીપરડી પાદર પહોંચ્યા. ત્યારે મહારાજને ખૂબજ તરસ

લાગેલી. તે સમયે આનંદાનંદજી બ્રહ્મચારી ખભે લોટો લઈને કૂવા કાંઠે ઉભા હતા. તેને જોઈને મહારાજ બોલ્યા જે, ''બ્રહ્મચારી ! શું ઉભા છો ? કૂવામાંથી પાણી કાઢો અમોને ખૂબ જ તરસ લાગી છે.'' પછી બ્રહ્મચારીએ તરત જ લોટો અને અબખોરો ઉટકીને કૂવામાંથી પાણી કાઢીને મહારાજને પાયું તે મહારાજ ચાર અબખોરા પાણી પી ગયા. પછી બ્રહ્મચારીએ સર્વે સંતને તેમજ માણકી ઘોડીને પાણી પાયું. આનંદાનંદ બ્રહ્મચારીની સેવાથી પ્રસન્ન થઈને મહારાજ બોલ્યા જે, ''ભલે ! આનંદાનંદ ભલે ! તમારી જુવાની કામ આવી.'' આમ શ્રીજીમહારાજ બ્રહ્મચારીના ખૂબ વખાણ કરતા.

● **અમદાવાદ શ્રી નરનારાયણદેવની સેવા શ્રીહરિએ આનંદાનંદજીને સોંપી**

વિશ્વંભર ભટ્ટ જે આત્માનંદસ્વામી, રામાનંદ સ્વામીના ગુરૂ તે નવાનગર પાસે ધુંવાવ ગામ છે તેમાં બ્રાહ્મણ જગજીવન ભટ્ટ હતા. તેના પુત્ર વિશ્વંભર ભટ્ટ. તે વિશ્વંભર ભટ્ટને ગોપીભટ્ટ આદિ ચાર પુત્ર હતા. તે ગોપીભટ્ટને ગઢડામાં શ્રી વાસુદેવ નારાયણની મૂર્તિ ઓરડામાં પધરાવીને પૂજારી કર્યા હતા. સંવત ૧૮૭૮ ની સાલમાં ફાગણ સુદ ત્રીજના રોજ અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવીને ગોપીભટ્ટને માંદા સાધુની સેવા કરવી, ખાવા દેવું, તેવું ઠરાવીને સોંપ્યું હતું. પણ તે સાધુને ઉતરવા દે નહિ. ખાવા પણ આપે નહિ, અને ઠાકોરજી પાસે બૈરાં-છોકરાં ફરે. તે મુક્તાનંદ સ્વામીએ નજરે જોયું, ત્યારે સ્વામીએ શ્રીજીમહારાજને વાત કરી. પછી શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા, ત્યારે ગોપી ભટ્ટને કહ્યું જે, 'તમને કાચો લેખ કાગળ ઉપર કરી આપ્યો છે તે લાવો, પાકો કરી આપીએ, નહિ તો સાધુ તમને આગળ હેરાન કરશે.'' પછી ગોપીભટ્ટ બહુ રાજી થયા. શ્રીજીને લેખ લાવીને આપ્યો. પછી મહારાજે લેખ ફાડી નાંખ્યો અને મંદિર મોટા આનંદાનંદ સ્વામીને સોંપ્યું ને મંદિરના મહંત કર્યા.

એક સમયે શ્રીજીમહારાજ કારિયાણીમાં બિરાજમાન હતા. તે સમયે અમદાવાદથી આવેલા મોટા આનંદાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે, ''મહારાજ ! અમદાવાદ મોટું શહેર છે અને મંદિરમાં દેવપૂજા માટે બ્રહ્મચારીની જરૂર છે માટે ત્યાં કોઈ બ્રહ્મચારીને મોકલો તો સારું. ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્મચારી આનંદાનંદજીને અમદાવાદ જવાની આજ્ઞા કરી. બ્રહ્મચારીએ તરત જ હા પાડી. પછી મહારાજ ઉભા થઈને આનંદાનંદજીને બાથમાં ઘાલીને મળ્યા અને પોતાની ડોકમાં ગુલાબના ચાર હાર પહેર્યા હતા. તે બ્રહ્મચારી આનંદાનંદજીને પહેરાવ્યા અને મોટા આનંદાનંદ સ્વામીને કહ્યું, જે, ''આ આનંદાનંદ બ્રહ્મચારી તમારી સાથે અમદાવાદ આવે છે તે મૂળજી બ્રહ્મચારી જેવા નૈષ્ઠિક બ્રહ્મચારી છે.'' પછી બીજે દિવસે અમદાવાદ ગયા અને ત્યાં આનંદાનંદ બ્રહ્મચારીએ સાત મહિના સુધી નરનારાયણ દેવની સેવા કરી. સાત મહિના બાદ લોયામાં શ્રીજીમહારાજ શાકોત્સવ કરવા માટે પધારેલા ત્યાં મહારાજના દર્શન કરવા માટે બ્રહ્મચારી આનંદાનંદજી આવ્યા. શ્રીજીમહારાજે તેમને જોયા કે તરત જ બ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળ્યા અને બોલ્યા કે, ''આ બ્રહ્મચારી સાત મહિના સુધી અમદાવાદમાં રહ્યા પણ સ્ત્રી, ધનમાં લોભાણા નથી માટે તેઓ મૂળજી બ્રહ્મચારી જેવા નિષ્કામી છે. એમ કહીને મહારાજ બીજી વખત બ્રહ્મચારી બાથમાં ઘાલીને મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

● **શ્રીજીમહારાજે ચાર સનકાદિકની જોડ કરી.**

એક સમયે શ્રીજીમહારાજે પંચાળામાં ફૂલ દોલોત્સવ કરેલો તે સમયે મહારાજે એક ગાલીચો મંગાવીને તેની ઉપર સ.ગુ.બ્ર. આનંદાનંદજી, બ્ર.વાસુદેવાનંદજી, બ્ર.વૈકુંઠાનંદજી અને બ્ર. ગોવિંદાનંદજીને બેસાડીને શ્રીજીમહારાજ સ.ગુ.ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા સર્વે સંતો ભક્તો પ્રત્યે બોલ્યા કે, ''આ ચારેય સનકાદિકની જોડ થઈ.'' એમ કહીને મહારાજે તે ચારેય

બ્રહ્મચારીઓની આરતી ઉતારી અને તેમને જોઈને ખૂબજ રાજી થયા. આમ, આ રીતે શ્રીજીમહારાજે સર્વે સંત હરિભક્તોને બ્રહ્મચારી આનંદાનંદજી સનકાદિકનો અવતાર છે એવી પ્રતિતી કરાવી.

- **ધોલેરા, જૂનાગઢ અને ગઢડાની પણ દેવસેવા બ્ર.આનંદાનંદજીએ કરેલી.**

શ્રીજીમહારાજે ધોલેરામાં મદન મોહનજી મહારાજ પધરાવ્યા ત્યાર પછી મહારાજે બ્ર. આનંદાનંદજીને ધોલેરા ઠાકોરજીની સેવા માટે રહેવાની આજ્ઞા કરેલી ત્યારે પણ બ્ર. આનંદાનંદજીએ મહારાજની આજ્ઞાનું પાલન કરીને ધોલેરા જવા માટે હા પાડેલી. તેથી પ્રસન્ન થયેલા મહારાજ બ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળીને બ્રહ્મચારીને છાતીમાં ચરણારવિંદ આપેલા.

શ્રીજીમહારાજે જુનાગઢમાં રાધારમણ દેવ પધરાવ્યા બાદ એક સમયે ગઢપુરમાં મહારાજે સભામાં કહ્યું કે, "જે જૂનાગઢ સેવા અર્થે જાય તેનો જામીન હું. તે વખતે સ.ગુ.બ્ર. આનંદાનંદજી, ગુણાતીતાનંદ સ્વામી તથા જોરાભગત તે ત્રણે જણા ઉભા થયા ને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજે આનંદાનંદજી બહ્મચારીને પોતાની પાઘડી પ્રસન્ન થઈને આપેલી. તેમજ સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીને પોતાનો ખેસ તથા જોરા ભગવતને અંગરખું આપેલું.

બ્રહ્મચારી આનંદાનંદજીએ જુનાગઢમાં બાર વર્ષ સુધી રહી રાધારમણ દેવની સેવા કરીને સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતો તથા હરિભક્તોને રાજી કરેલા. બ્રહ્મચારીશ્રીની સેવાથી પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજ તથા સંતો-હરિભક્તોના આશીર્વાદ અને કૃપાથી બ્ર.આનંદાનંદજી નિરાવરણ દષ્ટિને પામીને બ્રહ્મસ્થિતિવાળા થયેલા હતા. તેમની આ બ્રહ્મસ્થિતિને જોઈને જ અન્ય જીવો તત્કાળ સત્સંગી થતા હતા. સમયાંતરે જુનાગઢનું પાણી માફક ન આવવાથી બ્રહ્મચારી ગઢપુરમાં આવીને રહ્યા હતા.

તેજ રીતે શ્રીજીમહારાજે જ્યારે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજ પધરાવ્યા ત્યારે પણ મહારાજે બ્ર. આનંદાનંદજીને દેવની સેવામાં રાખ્યા હતા. તે ઘણા વર્ષો સુધી બ્રહ્મચારીએ દેવની સેવા કરેલી અને બ્રહ્મચારી પણ અનેક હરિભક્તો પાસે ગોપીનાથજી મહારાજના વસ્ત્રો તથા અલંકાર વગેરેની ઘણી સેવા કરાવતા. આમ બ્ર. આનંદાનંદજીને દેવસેવા કરવાનું અનેરું જ્ઞાન હતું તે સાર્થક થઈ આવે છે.

- **શ્રીજીમહારાજને જમાડવાની સેવા**

એક વખત શ્રીજીમહારાજ સારંગપુરમાં એક માસ સુધી રોકાયેલા તે વખતે બ્ર. આનંદાનંદજીએ મોટી વાડીએથી પાણી લાવીને જીવાખાચરના દરબારમાં થાળ બનાવીને એક માસ સુધી મહારાજને જમાડયા હતા. આમ, બ્ર.આનંદાનંદજી, મૂળજી બ્રહ્મચારીની માફક સેવા કરીને શ્રીજીમહારાજને રાજી કરતા.

- **શ્રીજીમહારાજે બ્રહ્મચારીની પ્રશંસા કરી ને છાની રીતે ધ્યાન રાખતા.**

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં વહેલી સવારે દાદાખાચરના દરબારમાં આંબલી નીચે ઓટા ઉપર બેસી દાતણ કરતા હતા. તેવામાં બ્ર. આનંદાનંદજી તથા બ્ર. વાસુદેવાનંદજી ઝોળી માગવા માટે ત્યાંથી નીકળ્યા. પછી મહારાજે તે બન્ને બ્રહ્મચારીઓને ઉભા રાખીને કહ્યું કે, ''તમે બન્ને મને એક એક પ્રશ્ન પૂછો. પછી જાઓ.'' ત્યારે બ્ર. આનંદાનંદજીએ મહારાજને એક પ્રશ્ન પૂછ્યો તે સાંભળી મહારાજે તેનો યોગ્ય ઉત્તર કર્યો અને પ્રસન્ન થઈને બોલ્યા જે, ''આ બ્રહ્મચારી, મૂળજી બ્રહ્મચારી જેવા થાશે જે સ્ત્રી ધનમાં લેવાશે નહિ.'' એમ મહારાજે રાજી થઈને બ્ર. આનંદાનંદજીની પ્રશંસા કરેલી.

ગઢપુરમાં રહીને નાના તથા મોટા સંતો વિદ્યાભ્યાસ કરતા હતા. તેમાં નાના સંતો મોટા સંતો પાસેથી વિદ્યાભ્યાસ કરતા. એક વખત રાત્રીના સમયે શ્રીજીમહારાજ બધા ભણનારા સંતોની ખબર કાઢવા માટે સંતોના આસને પધાર્યા. તે સમયે મોટા ભણનારા સંતો બધા સૂઈ ગયેલા અને ચાર નાના ભણનારા સંતો વ્યાકરણના પંચસંધિ પ્રકરણનો અભ્યાસ કરતા હતા. તે ગુપ્ત રીતે જોઈને મહારાજ પોતાના આસને પાછા ફર્યા.

પછી મહારાજે બીજે દિવસે સવારમાં સભામાં કહ્યું કે, ''બાલમુકુંદાનંદ સ્વામી વિશુધ્ધાત્માનંદ સ્વામી, આનંદાનંદજી બ્રહ્મચારી અને વાસુદેવાનંદજી બ્રહ્મચારી આ નાના ચાર ભણનારા સંતો અમારી પાસે રહે અને બાકીના બધા સંતો ગુજરાતમાં જાય.'' તે સાંભળી સ.ગુ. મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ''મહારાજ! મોટા ભણનારા સંતોનો શું વાંક થયો ?'' ત્યારે મહારાજ બોલ્યા, જે ''સમી સાંજના સૂઈ જાય ત્યારે ભણે કયારે?'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''મહારાજ ! હવેથી બધા સંતો રાત્રીના બાર વાગ્યા સુધી નિત્ય અભ્યાસ કરશે અને પછી જ સુવા જશે.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''એમ કરે તો બધા અહીંયા રહે.'' પછી બધા સંતો તે મુજબ વિદ્યાભ્યાસ કરવા લાગ્યા અને બીજે દિવસે મહારાજે કેરીનું ગાડું મંગાવીને બધા ભણનારા સંતોને કેરીઓ વહેંચી. આમ, શ્રીજીમહારાજ વિદ્યાભ્યાસના ખૂબજ આગ્રહી હતા અને વિદ્યાભ્યાસ કરનાર ઉપર ખૂબજ પ્રસન્ન થતા.

- **શ્રીહરિએ બ્રહ્મચારીની આંખોની પીડા કાયમી મટાડી.**

એક વખત ગઢપુરમાં બ્ર.આનંદાનંદજીને આંખો બહુ દુઃખવા લાગી. તે સમયે શ્રીજીમહારાજે લીંબુ મંગાવીને તેમાં વડાગરુ મીઠું વટાવીને નાંખ્યું અને પછી આનંદાનંદજી બ્રહ્મચારીને વાસુદેવ નારાયણના ઓરડા પાસે બોલાવીને તે લીંબુનો રસ બ્રહ્મચારીની

આંખોમાં નાખ્યો. તે બીજે દિવસે બ્રહ્મચારીની આંખો પૂર્વવત્ સારી થઈ ગઈ અને પછી જીવન પર્યંત કયારેય પણ બ્ર. આનંદાનંદજીને આંખોનો દુઃખાવો ન થયો. આમ, શ્રીજીમહારાજે પોતાના અલૌકિક પ્રતાપ દ્વારા બ્રહ્મચારીની પીડા દૂર કરેલી.

● **બ્ર. આનંદાનંદજીને શ્રીહરિનું બળ**

ગામ વાવડીના ભગવાન પટેલને કોઈકે વીર વળગાડેલા તે તેને નિત્ય દેખાયા કરે અને તે ચિંતાથી તે પટેલનું શરીર દુર્બળ થઈ ગયેલું. એક દિવસ તે પટેલ બ્ર.આનંદાનંદજી પાસે આવ્યા ત્યારે બ્રહ્મચારીએ તેને પૂછયું કે, ''ભગવાન ! દુર્બળ કેમ થઈ ગયો ?''ત્યારે તેમણે વીર વળગાડની વાત બ્રહ્મચારીને કહી. તે સમયે બ્રહ્મચારીએ તેને કહ્યું કે, ''તું આજે રાત મારી પાસે રહેજે અને તે વીરનો શો ભાર છે તે તારી પાસે આવી શકે ? પછી તે રાત્રી પટેલ બ્રહ્મચારી પાસે રહ્યા ને તે રાત્રે નિત્યક્રમ મુજબ પટેલને બે વીર દેખાણા ત્યારે તે પટેલે બ્ર. આનંદાનંદજીને કહ્યું કે, ''મને બે વીર દેખાય છે અને તે ખડકીની બહાર ઉભા છે.'' પછી બ્રહ્મચારીએ ઉભા થઈને હાક મારી એટલે તે બન્ને વીર નાશી ગયા અને પટેલને તે દેખાતા બંધ થયા. પછી તે ભગવાન પટેલ શ્રીજીમહારાજ તથા બ્રહ્મચારીનો મહિમા સમજીને પાકો સત્સંગી થયો. આમ, બ્ર. આનંદાનંદજી પોતાના ઐશ્વર્યબળ વડે ભૂત પ્રેતાદિક જેવા ઉપદ્રવને દૂર કરી સત્સંગીજનોને સુખ પમાડતા.

● **બ્ર. આનંદાનંદજીએ હીરા શેઠને કહ્યું કે, 'આ તારે દીકરો નથી તે આ તારો દીકરો !'**

ગામ ઉમરાળામાં હીરા શેઠ કરીને વણિક હરિભક્ત હતા. તેને સંતાનમાં ફકત એક જ પુત્રી હતી અને તે પણ બાળપણમાં વિધવા થયેલી. તેથી ખૂબજ વ્યથિત હૃદયે તે શેઠ બ્ર. આનંદાનંદજી પાસે

આવીને કલ્પાંત કરવા માંડ્યા. તે સાંભળીને બ્રહ્મચારીએ આશ્વાસન આપતા કહ્યું કે, ''તારે દીકરો નથી તે આ તારો દીકરો, તે તમારી બન્ને જણની સેવા કરશે અને તમો બન્નેને તારશે.'' એમ કહીને બ્રહ્મચારીએ ઉદ્ધવગીતાનું પુસ્તક હીરાશેઠને આપીને કહ્યું કે, ''આ પુસ્તક તમો તમારી દીકરીને વાંચવા માટે આપજો. તે અભણ હોવા છતાં આ પુસ્તક વાંચશે.'' બ્રહ્મચારીના વચનમાં વિશ્વાસ રાખીને હીરાશેઠે પોતાની દિકરી રળીયાતબાને તે પુસ્તક આપ્યું અને બ્રહ્મચારીના આશીર્વાદથી તે અભણ હોવા છતાં વિદ્વાનની માફક વાંચવા માંડયા. તે જોઈ સર્વે લોકો ખૂબજ આશ્ચર્ય પામ્યા. પછીથી બ્ર. આનંદાનંદજીના આશીર્વાદ મુજબ તે શેઠની દિકરીએ પોતાના માતા-પિતા તથા આખા ગામને જ્ઞાન આપી તાર્યા તેમજ સાધુ અને મંદિરની ખૂબ સેવા કરીને પોતાના સંપર્કમાં રહેલી બાઈઓને મુકત દશા વાળી બનાવી હતી. આમ, જેમ મહાપુરુષના આશીર્વાદથી મૂંગા બોલતા થાય અને પાંગળા ચાલતા થાય તેજ રીતે બ્રહ્મચારીના આશીર્વાદથી અભણ એવા રળીયાતબા વિદ્વાન બની ગયા અને અનેક લોકોના જીવનમાંથી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવેલો.

● **ઉમરાળાના જેશંકર વિપ્રને બ્રહ્મચારીએ દેખતો કર્યો.**

વળી, તેજ રીતે ઉમરાળાના જેશંકર બ્રાહ્મણને વૃદ્ધાવસ્થામાં આંખે જખમ થયેલા તેથી તે બહુ સ્પષ્ટ રીતે જોઈ શકતા નહોતા. એક વખત તેઓ ગઢપુરમાં ઠાકોરજીના દર્શન માટે આવેલા. દર્શન કરીને તે બ્ર. આનંદાનંદજીના દર્શન કરવા તેના ઉતારે જતા હતા. તેવામાં તે વિપ્ર એક થાંભલા સાથે અથડાયા. તે જોઈને બ્ર. આનંદાનંદજી બોલ્યા, જેશંકર ! તું દેખતો નથી કે શું ? ત્યારે જેશંકર કહે, ''ના સ્વામી! હું સ્પષ્ટ જોઈ શકતો નથી. ત્યારે તે વિપ્ર ઉપર દયા લાવીને બ્રહ્મચારીએ તેને આશીર્વાદ આપ્યો કે, ''જા ! આજથી તને જીવન પર્યંત સારી રીતે દેખાશે.'' અને તેજ સમયે તે જેશંકર

બ્રાહ્મણને આંખની તકલીફ દૂર થઈ ગઈ અને તેને પૂર્વવત્ સારી રીતે દેખાવા લાગ્યું. આમ, બ્રહ્મચારીના આશીર્વાદથી તે બ્રાહ્મણને જીવન પર્યંત આંખે સારી રીતે દેખાણું. આમ, મોટા પુરુષના આશીર્વાદથી મનુષ્યનું કોઈપણ પ્રકારનું દુઃખ દૂર થઈ જાય છે.

- **બ્ર.આનંદાનંદજીની કૃપાથી લાઠીદડના અમરશી પટેલની વાડીના કૂવામાં અખૂટ પાણી થયું.**

ગામ લાઠીદડમાં અમરશીપટેલ નામના હરિભક્તે પોતાની વાડીમાં કૂવો કરાવેલો તે કૂવો વીશ હાથ ઉંડો ખોદયો તો પણ પાણી નીકળ્યું નહિ. તે સમયમાં ગામમાં બ્ર. આનંદાનંદજી સંત મંડળ સાથે પધારેલા. અમરશી પટેલની વિનંતીથી બ્રહ્મચારી તેની વાડીએ પધાર્યા. ત્યારે પટેલે બ્રહ્મચારીને કહ્યું કે, ‘‘સ્વામી ! આ કૂવામાં પાણી થતું નથી. આપ જે કહેશો તે સેવા હું કરીશ પણ કૂવામાં પાણી થાય તેવી કૃપા કરો.’’ ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, ‘‘કૂવામાંથી એક પથ્થર લાવો.’’ પછી કૂવામાંથી એક શેરનો પાણો લઈને કોઈકે સ્વામી પાસે મૂકયો. પછી બ્રહ્મચારીએ તે પથ્થર હાથમાં લઈને બોલ્યા જે, ‘‘અમરશી ! આમાં તો ઘણું પાણી ભર્યું છે.’’ એમ કહી સ્વામીએ ઉગમણા ખૂણામાં ખોદવા માટે કહ્યું અને બ્રહ્મચારી પોતે કૂવાને કાંઠે બેઠા. પછી બ્રહ્મચારીના કહેવા મુજબ ઉગમણા ખૂણામાં ખોદતા ત્યાંથી પાણીનો મોટો ધોધ વહેવા લાગ્યો. પછી બ્રહ્મચારીએ પટેલને કહ્યું કે, ‘‘પટેલ ! મહારાજે તમારી ઈચ્છા પૂર્ણ કરી. હવે તમે ગઢપુર જઈને સંતોને મોતીયા જલેબીની રસોઈ આપી આવો. બ્રહ્મચારીની આજ્ઞા મુજબ પટેલે ગઢપુર આવીને સંતોને રસોઈ આપી અને ત્યારથી કૂવામાં અખૂટ પાણી રહેવા લાગ્યું.

(૨) તેજ રીતે ગામ ઝમરાળામાં અજા પટેલની વાડીમાં પણ બ્રહ્મચારી આનંદાનંદજીના આશીર્વાદથી પુષ્કળ પાણી થયેલું. અને પછી તે પટેલે પણ બ્રહ્મચારીની આજ્ઞા મુજબ ગોપીનાથજી મહારાજ

માટે બે પીતાંબર કરાવેલા અને બ્ર. આનંદાનંદજીનો રાજીપો મેળવેલો. આમ, મહાપુરુષો અશક્ય વસ્તુને શક્ય બનાવી શકે છે. *(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ પુસ્તિકામાંથી)*

- **બ્ર. આનંદાનંદજીએ ભાવનગરના છગનભાઈ પટેલનું પ્રારબ્ધ બદલી નાખ્યું**

એક વખત સં. ૧૯૩૩ ની સાલમાં સ.ગુ.બ્ર. આનંદાનંદજી મંડળ સાથે ભાવનગર પધારેલા. અને ત્રણ માસ સુધી ત્યાં રહ્યા પણ સ્વામીને ત્યાંના હરિજનો ગઢપુર આવવા દે નહી. પછી એક દિવસ સ્વામી જંગલ જવા પધાર્યા હતા અને રસ્તે જતા છગનભાઈ ઝીણાભાઈ કરીને કડવા કણબી ભેળા થયા અને તેઓ સ્વામીને પગે લાગ્યા પછી છગનભાઈએ સ્વામીને કહ્યું જે, "મારી રસોઈ લ્યો." સ્વામી કહે મારે ગઢપુર જવું છે તે તું તારું ગાડુ લાવ્ય તો તારી લાખુ રસોઈ માનીશ ! જીવનું પ્રારબ્ધ જ્યારે સારું થાય તેમ હોય ત્યારે મોટા પુરુષ કહે તે તરત માને ! પછી છગનભાઈએ કહ્યું જે બહુ સારું ! સ્વામી તમે રાજી થાશો તેમ કરીશ પછી. સ્વામી કહે રાતના ચાર વાગે ગાડી લાવજે. પછી સવારે ચાર વાગે ગાડી લાવીને હાજર થયા અને સ્વામીની સાથે પોતાના પાંચ સાત બ્રહ્મચારી હતા. તેથી સૌને સાથે લઈને ભાવનગરથી ચાલ્યા અને બળદિયા બહુ દુર્બળ હતા. તેથી સાંજના ચાર વાગે ગામ આંબલે આવ્યા. પછી આંબલા ગામને પાદર નદીને કાંઠે આંબાવાડી છે ત્યાં ગાડી છોડી.

પછી સ્વામીએ કહ્યું જે, આ ગામમાં સત્સંગી બ્રાહ્મણ છે તે બહુ દહાડાથી આગ્રહ કરે છે, માટે તેમને ખબર કરો એટલે સીધું લાવે. પછી છગનભાઈએ કહ્યું જે, "સ્વામી ! હું બધું સીધું સાથે લાવ્યો છું. ફક્ત ઘી નથી લાવ્યો તે હું ગામમાં જઈને લઈ આવું અને રાંધવાના તપેલા તથા તાસ વગેરે વાસણો સાથે લાવ્યો છું. માટે મારા સીધાની રસોઈ કરાવો પછી સ્વામીએ આજ્ઞા કરી એટલે

છગનભાઈના સીધાની રસોઈ કરી અને છગનભાઈ ગામમાં જઈને ઘી લઈ આવ્યા. પછી ઠાકોરજીને જમાડીને સ્વામી જમવા બેઠા. અને બીજા સૌ બ્રહ્મચારીઓને પણ જમાડ્યા અને છગનભાઈ હાથ જોડીને સ્વામી સામા બેઠા હતા. પછી સ્વામીએ પૂછયું, જે, ‘‘છગન તમારો વ્યવહાર કઈ રીતે ચાલે છે ?'' ત્યારે છગનભાઈ કહે, ‘‘સ્વામી ! ઘરમાં દશ પંદર મનુષ્ય છે અને સૌ ઉદ્યમ કરીને કમાય તે સાંજે માંડ માંડ પૂરૂં થાય અને હું આ ગાડી બળદના ભાડા કરું છું તે સાંજે રૂપિયો - દોઢ રૂપિયો કમાઉ એમ કરીને નિર્વાહ ચલાવીએ છીએ.'' પછી સ્વામી જમીને પોતાની થાળી પ્રસાદીની છગનભાઈને આપી અને સ્વામીએ રાજી થઈને આશીર્વાદ આપ્યો જે તે મને અત્યારે જમાડ્યો માટે ‘‘જા આજથી તારું દારિદ્ર માત્ર નાશ પામી ગયું ! અને આજથી તમારું ત્રણે ભાઈનું નાતમાં તથા રાજદરબારમાં માન વધશે ! એમ સ્વામીએ આશીર્વાદ દીધો. એટલે થોડા દિવસમાં તેઓ ઘણાજ મોટા આબરૂદાર અને સદ્‌ગૃહસ્થ થયા. એવી રીતે મોટાને પ્રસન્ન કર્યા તો તેમનો બેય લોકમાં જય થયો અને તેમના નાનાભાઈ ગીરધરભાઈએ ભાવનગર મંદિરમાં શ્રીજીમહારાજની પ્રતિમા ચાંદીના પત્રામાં તથા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની પ્રતિમા તથા સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદ સ્વામીની પ્રતિમા પોતાના ગુરુનો મહિમા જાણીને કરાવી છે અને તેમના ત્રણે ભાઈનું કુટુંબ અદ્યાપિ પર્યંત એમજ માને છે જે અમારે સુખ સંપત્તિ અને વ્યવહાર છે તે સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજીના પ્રતાપથી અને આશીર્વાદથી જ છે. *(સદ્ શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો - વાર્તા ૯૨૪)*

● **બ્ર. આનંદાનંદજીએ ગઢપુરમાં વરસાદ વરસાવ્યો.**

એક વખત આચાર્યશ્રી વિહારી લાલજી મહારાજ ગઢપુર પધારેલા.તે વર્ષે વરસાદ ખેંચાયેલો તેથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. પછી આચાર્યશ્રીએ બ્ર. આનંદાનંદજીને કહ્યું કે, ‘‘સ્વામી!

વરસાદ વર્ષાવો.'' ત્યારે બ્રહ્મચારીએ આચાર્ય મહારાજને મહિમા સાથે કહ્યું કે, ''તમે શ્રીજીમહારાજના પુત્ર છો, અને તેમની ગાદી શોભાવો છો તે તમે વરસાદ કરો.'' ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે, ''સ્વામી! તમે તો મહારાજને મળેલા છો અને વળી, તમોને સનકાદિક ગણીને મહારાજે તમારી આરતી ઉતારી છે માટે તમે કરો તો જરૂર વરસાદ થાય.'' પછી બ્ર. આનંદાનંદજીએ આચાર્યશ્રીની આજ્ઞાનું પાલન કરીને હાથમાં માળા લઈ મંદિરના ચોકમાં જઈને સ્વામિનારાયણ નામની ધૂન કરવા લાગ્યા. તેવામાં વાદળા થયા અને ખૂબ વરસાદ થવાથી લોકોની મુશ્કેલી દૂર થઈ અને લોકો ખૂબ રાજી થયા. આમ, બ્ર. આનંદાનંદજીએ સ્વામિનારાયણ મહામંત્રના પ્રતાપ વડે વરસાદ વરસાવીને લોકોનું સંકટ ટાળ્યું.

- **બ્ર. આનંદાનંદજી સ્વામીના આશીર્વાદથી ભક્તજનોના ઘેર પુત્રો થયા.**

સ.ગુ.બ્ર. આનંદાનંદજીના આશીર્વાદથી અનેક હરિભક્તોને ત્યાં પુત્રોનાં જન્મ થયેલા. તેમાં ઉમરાળાના નથુ શ્રીમાળી બ્રાહ્મણને ત્યાં બ્રહ્મચારીના આશીર્વાદથી ત્રણ પુત્રોના જન્મ થયેલા. તેમજ ખોપાળા ગામના નારણ સોનીને ત્યાં પણ બ્રહ્મચારીના આશીર્વાદથી પાંચ પુત્રોના જન્મ થયેલા તેજ રીતે ભાવનગરના હરિશંકરભાઈને ત્યાં પણ બ્રહ્મચારીના આશીર્વાદથી ત્રણ પુત્રોના જન્મ થયેલા અને તે દરેક હરિભક્તોએ પોતાની મનોકામના પૂર્ણ થવાથી બ્ર. આનંદાનંદજીની ઈચ્છા મુજબ ગોપીનાથજી મહારાજની સેવા કરીને બ્રહ્મચારીનો રાજીપો મેળવેલો.

- **પૂ. સ્વામીએ વારણા ગામના લોકોને રોગ મુક્ત કર્યા.**

એક વખત બ્ર. આનંદાનંદજી વડતાલ જતા રસ્તામાં ગામ વારણાને પાદર આવ્યા.તે વખતે ગામમાં મરકીનો ભયંકર રોગ

ફેલાયેલો અને તેને મટાડવા માટે તે ગામનો જે એક વૈદ્ય બધાને દવાના સ્વરૂપમાં દારૂ પાતો હતો. બ્રહ્મચારી ગામમાં પધાર્યા જાણીને સર્વે હરિભક્તોએ સ્વામીને રોગ મગાડવા પ્રાર્થના કરી અને વૈદ્યની પણ વાત કરી. તેથી બ્ર. આનંદાનંદજીએ કહ્યું કે, ''તમે સૌ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાનો થાળ કરજો.'' પછી સ્વામીના આશીર્વાદથી જે વ્યકિતઓને રોગ થયો હતો તે સૌ સાજા થયા અને તે સૌએ ગઢપુર આવીને ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાનો થાળ કર્યો, આમ, બ્ર. આનંદાનંદજીએ ગામ લોકોને રોગના પંજામાંથી મુક્ત કરીને સુખીયા કર્યા.

- **ભાવનગરના વિદ્યારામને પૂ.સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનની પ્રતીતિ કરાવી.**

ભાવનગરના ન્યાયાધીશ વિદ્યારામભાઈ બહુ જ્ઞાની હતા. પરંતુ સ્વામિનારાયણ ભગવાન છે. તેમ તેઓને મનાતું નહિ, પછી એક દિવસ તેઓ ગઢપુર આવેલા. તેઓ બ્ર. આનંદાનંદજીને પગે લાગીને બોલ્યા જે, ''મારું નામ વિદ્યારામ. પછી બ્રહ્મચારી શ્રી કહે, તમે જ્ઞાની કે અજ્ઞાની ? જો તમે જ્ઞાની હો તો હું જ્ઞાની પ્રમાણે વાત કરું.'' ત્યારે વિદ્યારામભાઈએ હાથ જોડીને કહ્યું કે, ''બીજા લોકો પાસે તો હું જ્ઞાની છું પણ આપ જેવા મહાપુરુષની પાસે તો હું અજ્ઞાની છું.'' પછી બ્રહ્મચારીશ્રીએ પોતાની પાસે બેસાડીને ગીતા તથા ભાગવતના શ્લોકનાં પ્રમાણ આપીને સ્વામિનારાયણ ભગવાન છે. એમ તેમને મોઢે હા પડાવી. પછી વિદ્યારામભાઈએ કહ્યું કે, ''સ્વામી ! આવું ખરું જ્ઞાન મને કોઈએ આપ્યું નહોતું.'' એમ બોલી તે પોતાની પાઘડી ઉતારીને બ્રહ્મચારીના ચરણમાં પડયા. આમ, બ્ર.આનંદાનંદજી સતશાસ્ત્રોના પ્રમાણો દ્વારા અનેક લોકોને સ્વામિનારાયણ ભગવાન છે તેની પ્રતીતિ કરાવીને ભગવાનમાં જોડતા એવા તેઓ જ્ઞાની હતા.

- **પૂ. અયોધ્યા પ્રસાદજી મહારાજ પણ બ્ર. આનંદાનંદજીનો મહિમા સમજતા.**

એક વખત અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજે બન્ને દેશના સંતો - બ્રહ્મચારીઓને તેડાવીને રસોઈ આપેલી તે જમી રહ્યા બાદ આચાર્યશ્રીની હાજરીમાં અમદાવાદ દેશ તથા વડતાલ દેશના સાધુ, બ્રહ્મચારીઓ, સામસામા વિભાગમાં ગોઠવાઈને અષ્ટકો બોલવાની હરિફાઈ કરવા લાગ્યા. આમ બલતા બોલતા દિવસના ચાર વાગ્યા અને નર-નારાયણદેવ જાગ્યાનું નગારું વાગ્યું. પછી સ.ગુ.બ્ર.આનંદાનંદજી બોલ્યા જે, ''બેઉ પક્ષવાળા જીત્યા અને હવે સૌ બોલવું બંધ રાખો.'' તેથી સૌ બોલતા બંધ થયા. ત્યારબાદ પાંચમણ પતાસા મંગાવીને એક ચલાખામાં ઢગલો કર્યો. પછી આચાર્યશ્રી, બ્ર. આનંદાનંદજી પ્રત્યે બોલ્યા જે, ''સ્વામી ! તમે સૌને આ પતાસા વહેંચો, તમોએ આ નરનારાયણ દેવની ખૂબ સેવા કરી છે'' પછી બ્રહ્મચારીશ્રીએ આચાર્યની આજ્ઞા મુજબ સૌને ખોબે ખોબે પતાસા વહેંચ્યા અને આચાર્યશ્રી તથા સંતોને રાજી કર્યા. આમ, અયોધ્યા પ્રસાદજી મહારાજ પણ બ્ર. આનંદાનંદજીનો ખૂબ મહિમા સમજતા કારણ કે શ્રીજીમહારાજે અમદાવાદમાં નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે બ્ર.આનંદાનંદજીને દેવની સેવામાં રાખ્યા હતા.

- **પૂ.સ્વામીશ્રીએ વાતો દ્વારા પ્રાંત સાહેબને સત્સંગી કર્યા.**

ગામ બગડના દેહાખાચર, પોતાના સ્નેહી એવા પ્રાંત સાહેબને લઈને સ.ગુ.બ્ર. આનંદાનંદજીના દર્શન કરાવવા માટે ગઢપુર આવેલા. પછી તે બન્ને ગોપીનાથજી મહારાજના દર્શન કરીને સભામાં આવ્યા. બ્ર. આનંદાનંદજીએ તેને પોતાની પાસે બેસાર્યા. તે બન્નેએ બ્રહ્મચારીશ્રીને આદરથી નમસ્કાર કર્યા. પછી બ્રહ્મચારીશ્રીએ શ્રીજીમહારાજના ઐશ્વર્યની તથા લીલા ચરિત્રની કેટલીક વાતો શ્લોક અને તેના અર્થ સાથે કરી. તે સાંભળીને પ્રભાવિત થયેલ પ્રાંત સાહેબ

અર્ધા કલાકને બદલે બે કલાક સુધી સભામાં બેસી રહ્યા. પછી સભા પૂર્ણ થયા બાદ તેમણે દેહાખાચરને કહ્યું કે, ''તમારા ગુરુ એવા આ સંત ખૂબજ મહાન છે. અને તેની વાતો સાંભળવા માટે આપણે અહીં ત્રણ દિવસ રોકાશું'' એમ ત્રણ દિવસ સુધી રહીને બ્રહ્મચારીશ્રીની વાતો સાંભીને પ્રાંત સાહેબ બ્રહ્મચારીને હાથે વર્તમાન ધારણ કર્યા અને સત્સંગી થયા. આમ, બ્ર. આનંદાનંદજીએ શ્રીજીમહારાજના ઐશ્વર્ય અને પ્રતાપની બળ ભરી વાતો દ્વારા અનેક લોકોને સત્સંગી બનાવીને અક્ષરધામના અધિકારી બનાવેલા.

- **પૂ. સ્વામીશ્રીએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો ને શ્રીજીમહારાજ તેડવા આવ્યા.**

સ.ગુ.બ્ર.આનંદાનંદજીએ પોતાનું શેષજીવન ગઢપુરમાં રહીને ગોપીનાથજી મહારાજની સેવામાં રહીને વિતાવેલું. એક દિવસ તેઓએ અક્ષર ધામમાં જઈને શ્રીજીમહારાજના સેવામાં લાગી જવા વિચાર્યું. તેથી તેમણે કોઈપણ જાતની માંદગી વગર પોતાનો દેહ મુકવાનો ચોક્કસ સમય પણ અગાઉથી પોતાના શિષ્યોને કહેલો. દેહ મુકવા સમયે ત્રણ દિવસ સુધી પોતે અન્ન જળનો ત્યાગ કરીને સમાધિમાં રહ્યા અને ચોથે દિવસે રાત્રીના અગિયાર વાગે તેઓ જાગ્યા અને પાસે રહેલા શિષ્યોને પૂછયું કે, ''શ્રીજીમહારાજની શણગાર આરતી થઈ.'' ત્યારે સૌએ કહ્યું કે, ''સ્વામી! હજુ તો રાત્રીના અગિયાર જ વાગ્યા છે.'' પછી પોતે બોલ્યા કે જ્યારે શણગાર આરતી થાય ત્યારે મને કહેજો. પછી બીજે દિવસે અર્થાત્ સંવત ૧૯૩૭ ના કારતક વદ-૨ ને બુધવારના દિવસે ગઢપુરમાં બ્ર.આનંદાનંદજીના સ્વધામ ગમનના સંકલ્પને જાણીને શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે અનંતકોટી મુકતો સાથે બ્રહ્મચારીશ્રીને દર્શન દીધા. બ્ર.આનંદાનંદજીએ મહારાજને પધાર્યા જાણીને મહારાજને નમસ્કાર

કર્યા. પછી પાસે રહેલા સૌ સંતો-ભકતોને જય સ્વામિનારાયણ કહીને પોતાના પંચ ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્યસ્વરૂપે બ્રહ્મચારી શ્રી અક્ષરધામમાં પધાર્યા. તે સમયે દેવોએ ચંદન પુષ્પોની વૃષ્ટિ કરી અને સમગ્ર વાતાવરણ દિવ્ય બની ગયું. આવા બ્રહ્મનિષ્ઠ નૈષ્ઠિક બ્રહ્મચારી સ.ગુ. આનંદાનંદજી આજાનબાહુ હતા અને તેઓશ્રી દિવસમાં ફકત એક કલાક જ સૂતા હતા અને બાકીના સમયમાં શ્રીજીમહારાજનું અખંડ ભજન કરતા. સ.ગુ.બ્ર.આનંદાનંદજીની શિષ્ય પરંપરામાં સ.ગુ.બ્ર. જ્ઞાનપ્રકાશાનંદજી, બ્ર. માયાતીતાનંદજી, બ્ર. નિઃસ્વાદાનંદજી અને સ.ગુ.બ્ર. હરિસ્વરૂપાનંદજી હતા. આ ચારેય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારીઓ ગઢપુરમાં બ્ર. આનંદાનંદજી પાસે રહીને સેવા સમાગમ કરતા. તેમાં બ્ર. નિઃસ્વાદાનંદજી તો મહાપંડિત હતા. વળી, અન્ય શિષ્યોમાં બ્ર. અનંતાનંદજી, બ્ર. અક્ષરાનંદજી વગેરે હતા. તેઓશ્રી પણ વિદ્વાન અને વચનસિદ્ધ હતા.

આમ, મેઉ ગામનું ગૌરવ અને અમદાવાદ દેશનું આભૂષણ રૂપ બ્ર.આનંદાનંદજીએ સત્સંગમાં સારી સુવાસ પ્રસરાવી હતી. *(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ પુસ્તિકામાંથી)*

- **મેઉ ગામના બાઈ ભક્તની શ્રીહરિએ રક્ષા કરી.**

ભક્તવત્સલ ભગવાન સદાય પોતાના ભક્તજનોની રક્ષા કરે છે. એક વખત મેઉ ગામના રામદાસભક્તના પત્ની કોઈ વ્યવહાર પ્રસંગે પોતાના ગામથી ''સારણુ'' ગામ જતા હતાં, રસ્તામાં ચોર લોકોએ તેમના પગના ઝાંઝર લૂંટી લીધા, એટલે તે બાઈ ભયગ્રસ્ત બનીને મનમાં શ્રીહરિનું ચિંતવન કરવા લાગ્યાં. તત્કાળ સ્મરણ માત્રથી શ્રીહરિ દશ ઘોડેસ્વારો સાથે ત્યાં પધારી ચોરો થકી બાઈનું રક્ષણ કરીને દાગીના પાછા અપાવતા હતા. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૪)*

● **શ્રીહરિમળેલા મેઉ ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી ભૂખણભાઈ ભાવસાર (પિતા) | પ.ભ.શ્રી નાગરભાઈ |
| | પ.ભ.શ્રી કૂબેરભાઈ |
| પ.ભ.શ્રી મંછારામભાઈ ભાવસાર (પુત્ર) | પ.ભ.શ્રી ભગવાનભાઈ |
| | પ.ભ.શ્રી શામળભાઈ |
| પ.ભ.શ્રી તુલજારામભાઈ ભાવસાર (પુત્ર) | પ.ભ.શ્રી નવલબાઈ |
| | પ.ભ.શ્રી અવલબાઈ |
| પ.ભ.શ્રી તુલસીભાઈ ભાવસાર | પ.ભ.શ્રી કુશળબાઈ |
| પ.ભ.શ્રી ભગાભાઈ ભાવસાર | પ.ભ.શ્રી ગંગાબાઈ |
| પ.ભ.શ્રી રણછોડભાઈ | પ.ભ.શ્રી જમના (જાનબાઈ) |
| પ.ભ.શ્રી પાનાચંદભાઈ | પ.ભ.શ્રી જ્ઞાનીબાઈ |

## પ્રભુને પ્યારુ પેથાપુર ગામ

ભાગ્યવંત દંઢાવ્ય અને તે દેશના ભક્તો પણ ભાગ્યવંત છે. કારણ કે રામાનંદ સ્વામીએ દંઢાવ્ય દેશમાં સત્સંગના બીજ રોપ્યા છે ને તેનું પોષણ ઘણા નંદ સંતોએ કરીને હરિભક્તોમાં શ્રીહરિની આજ્ઞા-ઉપાસના, નિયમ, નિશ્ચય અને પક્ષ સંબંધી સત્સંગ ખૂબજ દ્રઢ કરાવીને બળિયા બનાવ્યા છે. આવા દ્રઢ નિષ્ઠાવાન અને પ્રેમી ભક્તોની ભક્તિને વશ થઈ ગામોગામ વિચરણ કરીને દર્શનના સુખ આપ્યા છે તો કોઈ જગ્યાએ રાત્રી રહ્યા છે. તો કોઈ જગ્યાએ થાળ જમ્યા છે.

- આવી રીતે શ્રીહરિ પોતાના પવિત્ર પદરજથી દંઢાવ્ય દેશને નવપલ્લવિત કર્યો છે.

(૧) વિ.સં. ૧૮૬૪ ની સાલમાં પરમકૃપાળુ, સર્વાવતારી શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અમદાવાદથી ચાલ્યા તે મોટેરા ગામમાં

પધાર્યા. ત્યાં પીતાંબરભાઈ પુરુષોત્તમભાઈ આદિ પોતાના ભક્તજનોએ શ્રીહરિને ચંદન પુષ્પાદિકથી પૂજા કરીને ભોજન માટે થાળ અને સંતો માટે રસોઈ કરાવીને સર્વેને જમાડયા. ત્યારબાદ શ્રીહરિ મોટેરાથી ચાલ્યા તે પેથાપુર ગામ પધાર્યા. ત્યાં સમીપે જ રહેલી મોટી સાબરમતી નદીમાં સ્નાન કરી શિવાલય (સુખડિયા મહાદેવ) માં વાસ કરીને બિરાજમાન થયા. ગામના ભક્તજનો રાહોજી, વરહાજી, નાથોજી વગેરે ક્ષત્રિય ભક્તો શ્રીહરિનું આગમન સાંભળી ઉત્સાહવાળા સતા સ્વપુરમાં લઈ જવા તે શિવાલયે આવ્યા. ને બીજા બ્રાહ્મણાદિ ભક્તો ઉત્સાહવાળા તે પણ ત્યાં આવ્યા ને શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. ને પ્રાર્થના કરતા હતા કે, "હે હરિકૃષ્ણ પ્રભો! અમો તમારા છીએ એમ જાણી કૃપા દ્રષ્ટિ કરી અમારા પુરમાં પધારો અને અમારા ઘર પવિત્ર કરો. શ્રીહરિ ત્યાં આવેલા ભક્તજનોની ફૂલહારો અને ભેટનો સ્વીકાર કરીને તેમની પ્રાર્થના સાંભળી સાધુ, પાર્ષદ, વર્ણી અને ગૃહસ્થ ભક્તોએ સહિત પેથાપુર પધાર્યા.

પેથાપુરની સ્ત્રીઓએ શેકેલી ડાંગરની ધાણી, પુષ્પ અને ચોખા આદિ વડે વારંવાર વધાવતી હતી. તે ગામ લોકોએ વાજતે ગાજતે શ્રીહરિને પુરમાં પધરાવ્યા ત્યારે કુબેરસિંહજી છડીદાર જય જયકારના શબ્દો કરતા હતા, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિ સંતો તથા હરિભક્તો કીર્તનો ગાતા આવતા હતા ને પેથાપુર મધ્યે રમણીય સ્થળમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો ને શ્રીહરિ તથા સંતો-પાર્ષદો માટે સુંદર થાળ-રસોઈ કરાવીને ખૂબજ પ્રેમથી જમાડ્યા. ને રાત્રી રોકાઈને શ્રીહરિ સર્વે ગામના ભક્તજનોને ખૂબ જ દર્શન-કથા વાર્તાનું સુખ આપીને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે વાસણા ગામે પધાર્યા. *(શ્રી સત્સંગીભૂષણ દ્વિતીય અંશ અધ્યાય-૬૨)*

(૨) વિ.સં. ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સત્સંગમાં વિચરીને

ગામેગામ ભક્તજનોને જાણ કરી ચેતવ્યા કે, આવતું વર્ષ ઓગણોતેરા એટલે ૧૮૬૯ ના વર્ષમાં ભયંકર કાળ પડશે. અસંખ્ય મનુષ્ય-પશુ પક્ષીઓ નાશ પામશે માટે રૂપિયા-ઘરેણા ઢોરા વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો. આમ આગમ ચેતવણી આપતા ઉપરાંત ગઢપુર કે બીજા સ્થળે સમૈયા-ઉત્સવ પ્રસંગે પણ ખાસ આ ઓગણોતેરા કાળની વાત કરતા.

સંવત ૧૮૬૮ ની સાલમાં કરજીસણમાં જન્માષ્ટમીનો મોટો ઉત્સવ પૂર્ણ કરીને શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે ઓળા, ધમાસણા થઈને પેથાપુર પધાર્યા. ને ત્યાં એક રાત્રી રોકાઈને ભક્તજનોને ઉપરોક્ત કાળની ચેતવણી આપીને બીજે દિવસે સંતોએ સહિત ચાલ્યા તે કણભા પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૧)*

(૩) વિ.સ. ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર, મહુડી, વાઘપુર, અનોડીયા, લાખાગઢ, સાદરા, વાસણા થઈ પેથાપુર સાબરમતીના કિનારે સુખડીયા મહાદેવના મંદિરમાં ઉતર્યા ને તેમાં રાત્રી રહ્યાં. ને મંદિરના પુજારીએ શ્રીહરિનું સ્વાગત કરી ભોજન જમાડ્યું. બીજે દિવસે સાબરમતીમાં સ્નાન કર્યું ને ત્યાં લીંબડાની ડાળે હિંડોળો બાંધ્યો ને પ્રભુને ઘણીવાર જે ડાળે હિંડોળો બાંધ્યો હતો તે કડવા લીંબડાની ડાળ મીઠી થઈ ગઈ. જે અદ્યાપિ સુધી તે ડાળના પાંદડા મીઠા આવે છે. આજે બસો વર્ષ પૂર્ણ (૧૮૭૧ થી ૨૦૭૨) થાય છે.

પછી શ્રીહરિને શિવજી પ્રગટ થઈને ભેટ્યા છે. અહિં હરિહરનું મિલન થયું ને આ સ્થાન દર્શનીય પ્રસાદીનું બન્યું. ત્યાંથી શ્રીહરિ પેથાપુર ગામમાં પધાર્યા ને ત્યાં એક લીંબડાનું ઝાડ હતું ત્યાં શ્રીહરિ બિરાજમાન થયા ને ચારે તરફ નજર ફેરવીને શ્રીહરિ ક્ષત્રિય

વરહાજીને તથા જેઠા વ્યાસ કહે, ''સાંભળો ભક્તજનો આંહી ઘણા મારા ભક્તજનો થશે ને સત્સંગ ખૂબ વધશે. ત્યાં શ્રીહરિએ ભક્તજનોને પોતાની મૂર્તિમાં તેજોમય અક્ષરધામના દર્શન કરાવ્યા ને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન સાકાર મૂર્તિના દર્શન કરાવ્યા. ને શ્રીહરિ સાથે કરોડો મુક્તો ત્યાં રહે છે તેવા દર્શન કરાવ્યા. આ દિવ્ય દર્શન થતાં જ ભક્તજનો તદાકાર ભાવને પામીને નવાઈ પામવા લાગ્યા ને આનંદમાં ને આનંદમાં ધીરજ ન રહી ને સ્થિર થઈ ગયા ને શ્રીહરિને પ્રગટ પ્રમાણ ભગવાન માનવા લાગ્યા. પછી શ્રીહરિએ પોતાનો પ્રતાપ સમાવી લીધો. એમ સહુને દિવ્ય દર્શન કરાવીને ચાલ્યા તે સાબરમતી નદી ઉતરીને જાખોરા ગામ આવ્યા. જે જગ્યાએ લીંબડા નીચે શ્રીહરિએ દિવ્ય દર્શન કરાવ્યું તે પ્રસાદીમય સ્થાને આજે શિખરબધ્ધ મંદિર થયું છે ને તેની સ્મૃતિમાં ચોકમાં છત્રી બનાવી છે. ને હનુમાનજી પ્રસાદીના છે.

અહીંનું મંદિર ધાબાબંધ અને ત્રણ ઘુમટીઓવાળું અને ઉગમણા બારનું છે મધ્ય મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ-ઘનશ્યામ મહારાજની ત્રણ મૂર્તિઓની સ્થાપના કરેલી છે, અને સુખશય્યા તથા ચિત્રપટની શ્રીહરિની મૂર્તિઓ છે. અહીનો સભામંડપ સદ્‌શ્રી ભૂમાનંદ સ્વામીએ બંધાવેલો છે અને પહેલા હરિમંદિર તરીકે હતો. સમય જતાં સ.ગુ. અક્ષરજીવનદાસજી સ્વામીએ શિખરબધ્ધ મંદિર કરાવ્યું. ને સંવત ૧૯૭૩ના ફાગણ સુદી ત્રીજના રોજ ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી છે. (આ મંદિરને બે વર્ષ પછી એટલે સંવત ૨૦૭૩ ના ફાગણ સુદી ત્રીજના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ થશે ને ભવ્ય શતવાર્ષિક પાટોત્સવ પણ થશે). અહીં શ્રીહરિ ત્રણ વાર પધારીને પેથાપુર ગામને તીર્થરૂપ દર્શનીય સ્થાન બનાવેલ છે.

- **પેથાપુરમાં આવેલા પ્રસાદીના સ્થાનો**

(૧) **સુખડીયા મહાદેવ મંદિર** : અહીં શ્રીહરિ, સંતો-પાર્ષદો બે વાર પધારેલા ને રાત્રી રહી ભોજન જમેલા છે. તેથી પ્રસાદીનું દર્શનીય સ્થાન છે

(૨) **પ્રસાદીનો લીંબડો** : આ લીંબડાની ડાળ મીઠી થઈ જાય છે જે આજે પણ તેના પાન કડવા નથી.

(૩) **સાબરમતી નદી** : અહીં શ્રીહરિ જ્યારે પેથાપુર પધારતા ત્યારે તેમાં સ્નાન સંતો-પાર્ષદો સાથે કરતા. તેથી નદી તથા આરો પ્રસાદીના છે.

(૪) **પ્રસાદીનો લીંબડો પેથાપુર ગામમાં** : અહીં શ્રીહરિ લીંબડા નીચે વિરાજમાન થઈ ભક્તજનોને અક્ષરધામમાં મુક્તે સહિત દર્શન કરાવ્યા હતા. ને આશીર્વાદ આપેલા કે આ ગામમાં મારા ઘણા આશ્રિતો થશે.

(૫) **પ્રસાદીની છત્રી** : આ છત્રીની જગ્યાએ લીંબડો હતો. તેની સ્મૃતિમાં અહીં છત્રી કરીને ચરણારવિંદ પધરાવ્યા છે.

(૬) **સભા મંડપ** : સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીએ આ સભામંડપ બાંધ્યો છે તેથી પ્રસાદીનો છે.

(૭) **પ્રસાદીની ભાખરી** : શ્રીહરિ પેથાપુર પધારેલા ને જે હરિભક્તના ઘેર થાળ જમેલા તે વખતની પ્રસાદીની ભાખરી તથા અન્ય વસ્તુ પ્રસાદીની છે. જેના દર્શન આજે પણ તે હરિભક્તના ઘેર થાય છે. તે મકાન ઉંચા ટેકરા ઉપર મંદિરથી ઉત્તર બાજુ થોડે દૂર આવેલું છે.

- **શ્રીહરિને મળેલા પેથાપુરના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી વરસાખેર ક્ષત્રિય | પ.ભ.શ્રી ગલાલબાઈ |
| પ.ભ.શ્રી વરહાજી ક્ષત્રિય | પ.ભ.શ્રી સોનારબાઈ |
| પ.ભ.શ્રી રાસોજી ક્ષત્રિય | પ.ભ.શ્રી દોલીબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી વખતાભાઈ ક્ષત્રિય | પ.ભ.શ્રી રાઈ બાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી જેઠાભાઈ વ્યાસ | પ.ભ.શ્રી ઈચ્છાબાઈ જણસાળી |
| પ.ભ.શ્રી કસલાભાઈ જણસાળી | પ.ભ.શ્રી વરસા ખેરની દીકરી |
| પ.ભ.શ્રી સકરાભાઈ જણસાળી | પ.ભ.શ્રી પુજારી બાવાજી |
| પ.ભ.શ્રી પિતાંબરભાઈ | (સુખડીયા મહાદેવ મંદિર) |

- **સ.બ્ર. વાસુદેવાનંદ સ્વામીના વચને પેથાપુરમાં પિતાંબર ભક્તે સંસાર છોડ્યો**

કોઈ એક સમયને વિષે ગામ વિહારના પિતાંબર તરવાડી અને શંભુદાસ પટેલ ગામના મંદિરમાં બેઠા હતા. ત્યાં શંભુદાસ પટેલ બોલ્યા કે ‘‘પિતાંબર તરવાડી તમે મહારાજના ધામમાં જાઓ ત્યારે મને તેડવા આવજો.’’ પિતાંબર તરવાડી કહે બહુ સારું.

પછી એક દિવસ પિતાંબર તરવાડી પેથાપુર ગામમાં બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામીના દર્શને આવ્યા. ત્યારે વાસુદેવાનંદ સ્વામીએ કહ્યું કે, ‘‘સંસારમાં ક્યાં સુધી પડી રહેશો ? પિતાંબર તરવાડી બોલ્યા કે કહો તો અહીં જ રહુ ને કહો તો ઘેર જઈ આવુ. સ્વામી બોલ્યા કે અહીં જ રહો એટલે એમણે પોતાનું ઘોડું ઘેર મોકલ્યું. ને પોતે ત્યાં જ રહ્યાં. બ્ર. વાસુદેવાનંદજીએ પિતાંબર તરવાડીને અક્ષરાનંદજી નામના બ્રહ્મચારી બનાવીને પોતાની પાસે રાખ્યાં. પછી એ બ્રહ્મચારી સમય જતાં બહુજ માંદા થયા એટલે ધોળકે રહેતા હતા. અને તેમને ફેરા થયા હતા. ત્યારે સદ્. ગોપાળાનંદ સ્વામી દિવસના વખતે દિવ્ય

દેહે આવ્યા અને દર્શન દઈને બોલ્યા કે અક્ષરાનંદજી સ્વામી કેમ છે ? સારું છે મહારાજ, એમ કહીને સ્વામીને પગે લાગ્યા. એટલે ગોપાળાનંદ સ્વામી કહે ચિંતા કરશો નહિ, મહારાજ ત્રીજે દિવસે તમને તેડવા આવશે. પછી ત્રીજે દિવસે ગોપાળાનંદ સ્વામી અને મહારાજ તે બ્રહ્મચારીને તેડી ગયા. આ વાતની વિહાર ગામમાં શંભુદાસ પટેલને ખબર પડી. એટલે તે બોલ્યા કે, ‘‘આજ અર્ધીરાત્રે પિતાંબર તરવાડી (અક્ષરાનંદજી બ્રહ્મચારી) મને તેડવા આવશે.

એ વખતે બીજા હરિજન બોલ્યા કે, હજી તો તમે સાજા સમા ફરો છો તે જ્યારે વખત થશે ત્યારે વાત. શંભુદાસ કહે જો જો જરૂર તેડી જશે. પછી શંભુદાસ ઘેર ગયા અને તાવ આવ્યો, અર્ધી રાત્રીએ ગોપાળાનંદ સ્વામી, મહારાજ અને પિતાંબર તરવાડી આવીને શંભુદાસને તેડી ગયા. એ વખતે શંભુદાસ બોલ્યા કે આ ગોપાળાનંદ સ્વામી, મહારાજ અને પિતાંબર તરવાડી મને તેડવા આવ્યા છે તે હું ધામમાં જાઉં છું. એમ મહારાજ પિતાંબર તરવાડીનો વર સત્ય કરીને શંભુદાસને તેડી ગયા. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૬૭)*

- **મહારાજ અને મુક્તની એકતા**

કોઈ એક દિવસ વિજાપુરના દેવજી ભક્ત ગામ પેથાપુરમાં વાસુદેવાનંદજી બ્રહ્મચારીના દર્શને આવ્યા. સ્વામીએ મહારાજની મૂર્તિ ગઢપુરમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ ધારી જળપાન કરાવીને પોતે પીધું. પછી દેવજી ભક્તે સ્વામીની વૃત્તિ સાથે વૃત્તિ જોડીને કહ્યું કે, સ્વામી ! તમે ગઢડામાં ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ મહારાજને પાણી પાયું ખરું. સ્વામી કહે હા, એવા તો એમના ભક્ત એમને ભજી ને થયા છે. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૩૪)*

**● પ્રભુએ પેથાપુરના જેઠા વ્યાસને પંચતીર્થી કરાવી**

અને કોઈ સમયને વિષે પેથાપુરના જેઠા વ્યાસ તીર્થ કરવા ચાલ્યા, તે અમદાવાદ આવ્યા. ત્યાં રામનવમીનો સમૈયો કરી વડોદરા, ભરૂચ, સુરત, ખંભાત થઈ વડતાલ આવ્યા. ત્યારે મંદિરમાં સર્વે સંતે કહ્યું જે, "ઉનાળામાં કોગળિયાનો ઉપદ્રવ છે, તે હવે પાછા ઘેર જાઓ." પણ પોતાને પંચતીર્થી જવાનો સંકલ્પ હતો, તેથી મનમાં ઉદાસ થઈને સૂતા. ત્યારે શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું જે, "અમે એક સ્વરૂપે સંત સહિત રઘુવીરજી અમદાવાદ જાય છે તે ભેળા જશું, ને બીજે સ્વરૂપે તમારા ભેળા આવશું. માટે સુખે પંચતીર્થી કરવા જાઓ." એમ મહારાજે કહ્યું ત્યારે એ રાજી થઈને નિર્વિઘ્ન તીર્થ કરીને ઘેર પહોંચ્યા. *(સદ્ શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૪૯૪)*

**● પેથાપુરના વરસોખેર દીકરીમાં હેતથી તેનો દીકરો થયા**

ગામ પેથાપુરના વરસોખેર મહારાજને મળેલા હતા તે પોતે ઘણોજ સત્સંગ કરાવ્યો હતો તે વૃધ્ધ થયા ત્યારે પોતાને સંતાનમાં એક પુત્રી જ હતી ને પુત્ર ન હતો. તેથી છેલ્લી અવસ્થામાં પોતાની દીકરી ભેગા રહ્યા. ત્યારે તે બાઈએ વરસાખેરની સારી રીતે ચાકરી કરી તેથી કરીને વરસા ખેરના મનમાં એમ થયું જે, "અરેરે મારે તો પુત્ર નહિ પણ આ બાપડી મારી સેવા બહુ કરે છે તેને પણ પુત્ર નહિ" એમ ચિંતવન કરતાં તેનો દેહ પડી ગયો એટલે તે પોતાની દીકરીના પેટે દીકરા થયા. પછી કોઈક દિવસ શ્રીજીમહારાજ બીજા હરિજનને દર્શન દઈને એમ બોલ્યા જે "વરસો ખેર પોતાની દીકરીનો દીકરો થયા છે તેને તેડીને વળતા તને તેડી જાશું" તે વાત તે હરિભક્તે બીજા આગળ કરી તેથી તે સર્વેના જાણવામાં આવ્યું. એમ મરતી વખતે જો પોતાની દીકરી સાંભરી આવી તો એવા ભક્તને પણ જન્મ

લેવો પડ્યો. તે ગીતામાં કહ્યું છે કે "યંયં વાપિ સ્મરન્ ભાવં ત્યજ ત્યન્તે કલેવરમ । તં તમેવૈતિ કૌંતેય સદા તદ્ભાવ ભાવિતઃ જેમ ભરતજીને પણ અંતકાળે મૃગની સ્મૃતિ આવી તેમ વરસા ખેરને થયું હતું માટે કોઈ પ્રકારની શુભ-અશુભ વાસના દેહ ધરાવે છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૩૧)*

- **સંતો પ્રત્યે આત્મિય ભક્ત જેઠાભાઈ**

દંઢાવ્ય દેશમાં પેથાપુર ગામના જેઠાભાઈ વ્યાસ નામના ઉત્તમ હરિભક્ત હતા. તેને અનાદિ મહામુક્તરાજ સદ્ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામી સાથે ખરેખરું હેત તથા અત્યંત આત્મબુદ્ધિ હતી. પછી એક સમયને વિષે સ્વામીશ્રીને અતિ મંદવાડ થઈ ગયેલો તે મંદવાડની વાત જેઠાભાઈએ સાંભળી તેથી ઉદાસ થઈ ગયા પોતે પચાસ ગાઉ છેટે રહેતા હતા તો પણ મંદવાડની વાત સાંભળતાં તરત જોવા સારુ આવી નીકળ્યા તે જ્યાં સ્વામી હતા ત્યાં આવ્યા. તે વખતે સ્વામી અબોલ થઈ ગયા હોય ને બોલતા ન હોય તેવો ભાવ દેખાડ્યો. તે જોઈને જેઠાભાઈ મૂર્છાગત થઈ ગયા અને બોલ્યા જે અત્યારે સ્વામી મને એક વખત જવાબ આપે ને મારી સાથે વાત કરે તો મારું સર્વે દ્રવ્ય વાપરી નાખું. પછી બીજા સાધુ હતા તે કહે જે જેઠા ભક્ત ! વિચાર કરીને બોલો, સ્વામી તો હમણાં બોલશે. પછી જેઠાભાઈએ કહ્યું જે, સ્વામી ! હું સત્ય બોલું છું. લાવો 'પણ' કહું. જો એક વખત જવાબ આપે તો મારું દ્રવ્ય વાપરી નાખું. આમ કહ્યું, પણ સ્વામી તો તે વખતે બોલ્યા નહિ. પછી રાત્રે સ્વપ્નમાં આવી જેઠાભાઈને દર્શન દીધાં ને કહ્યું જે, જેઠાભાઈ ! તમે અમારા સમાચાર સાંભળીને આવ્યા ને અમે તમારી સાથે બોલ્યા વિના રહ્યા. તે બોલત તો ખરા પણ તમારું બધું દ્રવ્ય વાપરી નાખવાનું તમોએ કહ્યું તેથી અમો તે વખતે બોલ્યા નહિ માટે ક્યારેય આવું 'પણ' ન કરવું. *(સંત પરંપરાથી સાંભળેલ વાત)*

# પુરાણો પ્રસિદ્ધ સિદ્ધપુરનો મહિમા

● **પવિત્ર કુમારીકા સરસ્વતી નદીનો ઇતિહાસ :**

આનંદસિંહ રાજા કહે છે કે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! સરસ્વતી નદીએ શરીર ધારણ કર્યું એ કેવી રીતે થયું, સરસ્વતી નદી તો બ્રહ્માજીની પુત્રી છે, એ વાત ખૂબ જ વિસ્તારથી મને કહો.

અયોધ્યા પ્રસાદજી મહારાજ કહે છે કે, હે રાજન્ ! એક વખત બ્રહ્માના સત્યલોકમાં દેવોની સભા થઈ હતી. તે સભામાં દેવોના રાજા ઈન્દ્ર, ઈશ્વરો, મુનિજનો વગેરે ભેગા થયા હતા. મરીચિ ઋષિ, કશ્યપ ઋષિ, દક્ષ પ્રજાપતિ વિચક્ષણ શરીરવાળા એવા દેવ સમાજના નેતાઓ સમાજ સુધારવાની ચર્ચા કરવા પોતાના આસનો ઉપર બેઠા હતા. ત્યારે સનાતન આદિક સનકાદિક આવ્યા. બ્રહ્મા પોતાના ઊંચા આસન ઉપર બેસીને વિચાર કરતા હતા. ત્યારે ઋષિ મંડળમાં ઋષિ ગણો છંદ વિશેષ પદો ગાતા હતા અને ગાંધર્વ, વિદ્યાધરો, નૃત્ય કરતા થકા ગાતા હતા. તે સભામાં દેવો, ઈશ્વરો, મુનિજનો, મહેશ્વર ભગવાન બધા જ આ રીતે બેઠા હતા. અને ઊંચા આસન પર બેઠા થકા જોતા હતા. તેવામાં સાગરના પુત્ર મોતી તેના શત્રુ હંસ એના સ્વામી બ્રહ્માજી તે પોતાના મહા આસન ઉપર બેઠા હતા. આવી રીતે ભરપુર સભા ભરાઈને શોભતી હતી.

ત્યારે તે સમે બ્રહ્માજીની પુત્રી સુંદર કેશવાળી, સ્વરૂપવાન, ચંદ્ર સમાન સુંદર મુખવાળી, વિશાળ લલાટ જેનું શોભે છે એવી મસ્તક ઉપર વાળની વેણીને બનાવેલી તે જાણે કે કાળી નાગણ હોય કે શું ? તેમજ અળશીના ફૂલને ગૂંથીને સુંદર માળાને ધારણ કરેલી. ગોળ કપોળવાળી મનોહર કહેવાય તેવું સુંદર કપાળમાં ચાંદલાનું ટપકું કરેલ શોભતું હતું. કાન ઉપર નંગથી જોડેલા સુંદર કુંડળો ધારણ કરેલા હતા. તેથી છબી બહુ સુંદર લાગતી હતી. અણિયાળા નેત્રો જાણે કામદેવના બાણ ચઢાવેલા ન હોય ? તેવા ભ્રકુટીના બાણ જેવી

શોભતી તે સરસ્વતી રસિકજનોને ખેંચનારી રેખાઓથી વિશેષ પ્રમાણમાં રસિલી એવી લાલ કરુણ મનોહર રસભાવવાળી જોવાથી જાણે મનોહર લાલ લોચનવાળી લોકોના મનને હાવભાવથી ખેંચતી ન હોય એમ લાગતું હતું. એની નાસિકા જાણે દિવાની જ્યોત ન હોય ? તેવું અણિયાળું લાગતું હતું. જાણે ભમરાને ગ્રાહકના રૂપમાં બેસવાનું સ્થાન ન હોય ? તેમ ચંદ્રમાંથી જેમ મુખના હાવભાવ હાસ્ય વિલાસવાળા હોય ત્યારે દંત પંક્તિ જાણે દાડમનાં બીજ ન હોય ? તેમ ખીલેલા કમળ કળિયો જેવા શોભતા હતા.

આભૂષણો, ફૂલના હાર, સુંદર વસ્ત્રો, ચૂડી, કંકણ, પગના ઝાંઝર એવી અનેક શોભાએ યુક્ત થઈને સરસ્વતી ચારે બાજુ પોતાના ચંચળપણાથી જોતી હતી બધાને હાવભાવથી ખેંચતી હતી અને નેત્રથી શરમાતી હોય કે શું ! મુખથી સુંદર વાણી બોલતી થકી બધા જ અંગોમાં સુવાસ ભરેલી તે સભાની વચમાં ગાતી થકી ચાલી આવતી હતી. મધુર સ્વરે ઊંચે રાગે ગાતી હતી. તેથી બધા જ અંગો દેખાતા હતા. હાવભાવો કરીને હસતી થકી ચારેબાજુ જોતી થકી ચાલતી હતી. ત્યારે સભામાં બેઠેલા જનો પણ ચકિત થઈ ગયા. બધા જ સ્થિરતાવાળા પ્રણ પ્રભાવથી અધિરા થઈ ગયા. બધા જ સજજનો એ આવી રીતના રૂપને જોઈને પોતાની નજરને ફેરવી લીધી.

અને બ્રહ્માજીએ પુત્રીને રજોગુણ યુક્ત જોઈને તરત જ કામ વ્યાપ્ત થઈને આંધળા થઈ ગયા. શરીરમાં કામ વ્યાપી ગયો તેથી બધી જ લજ્જા શરમનો ત્યાગ કરીને બ્રહ્માજી પોતાની પુત્રીની પાછળ દોડવા લાગ્યા ત્યારે ચારે બાજુ અતિ ભારે હાહાકાર થયો બધા જ નરનારીજનો આ કૃત્ય જોઈ મૂંઝાણા. મહર્ષિઓનો સમુહ છંદો બોલતા હતા તે સ્થિર થઈ ગયા. બોલવામાં કોઈ રસ જ ન રહ્યો. અને જીભને અને દાંતોને હાથોથી ઢાંકીને કંઈ બોલતા જ ન હતા. આ દ્રશ્ય જોઈને મનથી અસ્થિર થઈ ગયા ત્યારે પિતા કોપ કરીને

ડરાવી પકડવા આવ્યા ત્યારે ઋષિજનો ધીરજ ધરીને વિચારીને વિસ્મય પામતા હતા. કમળ જ (બ્રહ્માજી) અતિશય કામાતુર થયા. લગારે લાજ શરમને ધરતા ન હતા અને પુત્રી પિતાને પાછળ દોડતા આવતા જોઈને સરસ્વતીએ અઘટિત વાત થશે એમ વિચારીને પરમ પવિત્ર પુત્રી ધર્મને ધારીને ધીરજતાથી પોતાના રૂપને ફેરવીને હરણીના રૂપને ધરી લીધું. આ તત્કાળ કાર્ય કર્યું, ત્યાં તો પિતા પણ હરણરૂપે થઈ ગયા. હરખાતા થકા કામથી વ્યાકુળ થયેલા પોતાના પાછળ અંગસંગ કરવા પાછળ દોડતા આવે છે. એમ જાણીને પુત્રી સરસ્વતી સ્ત્રી યોનિમાં જ પાણીરૂપ થઈ ગઈ. તેમનામાં હરખાતી થકી બ્રહ્માની પુત્રીએ મર્યાદાને દ્રઢ રાખી આ રીતે બ્રહ્માજી પોતાનાથી ધાર્યુ કામ ન થયું. તેથી લાજ શરમ આવી ગઈ. ત્યારે કામ શત્રુ એવા મહાદેવજીએ કોપ કરીને બ્રહ્માજીનું પાંચમું મસ્તક છેદી નાખ્યું ત્યારે બ્રહ્માજીએ પોતાના દેહનો ત્યાગ કરી દીધો અને બ્રહ્માજીના આ ચરિત્રની વાત જગતમાં પ્રસિદ્ધ થઈ ગઈ.

જે સરસ્વતી પાણીના રૂપને ધારણ કરીને વહે છે એ વાત તો પુરાણોમાં પ્રસિદ્ધ છે અને જગતમાં બધા જ જાણે છે. સરસ્વતીએ ધર્મની રક્ષા કરવા માટે જ ઘણાં કાળથી નદીરૂપને ધારણ કરેલ છે. *(શ્રીહરિલીલાસિંધુ અષ્ટમ રત્ન તરંગ ૬)*

- **સિદ્ધપુર પ્રાચીન તપોમય ભૂમિ છે.**

સિદ્ધપુર તીર્થ બહુ પ્રાચીન તીર્થ છે. જેની પરાગાથા યુગોથી છે. અડસઠ તીર્થમાં પણ જેની ગણના છે. આ પવિત્ર તીર્થ ભૂમિમાં કર્દમ ઋષિએ બહુ દુષ્કર તપ કરેલું તેથી નારાયણ ભગવાને દર્શન આપ્યા અને પ્રભુની દૃષ્ટિ કર્દમ ઋષિના કૃશ શરીર પર પડતાં જ ભગવાનના નેત્રોમાંથી બિંદુઓ પડ્યા તેથી તે સરોવરનું નામ બિંદુ સરોવર પડ્યું. તથા ઘણા સિદ્ધમુક્તોએ પણ અહીં તપશ્ચર્યા કરેલી છે તેથી સિદ્ધપુર પ્રાચીન તપોમય ભૂમિ છે. પુરાણોમાં જેનો મહિમા

ગવાય છે એવા પ્રાચીન ચાર સરોવર છે. (૧) માનસરોવર (૨) પંપા સરોવર (૩) નારાયણ સરોવર (૪) બિંદુ સરોવર. તેમાં બે સરોવર ગુજરાતમાં આવેલા છે. નારાયણ સરોવર કચ્છમાં અને બિંદુ સરોવર સિદ્ધપુરમાં આવેલું છે. માન સરોવર ચીનમાં આવેલું છે. અને પંપા સરોવર દક્ષિણ ભારતમાં આવેલું છે અને ૨૪ અવતારમાં કપિલ ભગવાનનો અવતાર પણ અહીં સિદ્ધપુરમાં થયો છે તેથી ગુજરાત ભૂમિ ભાગ્યવંત છે. *(અને તે ચારે મહાસરોવરનો અમદાવાદના કાંકરિયા સરોવરમાં નિવાસ આપ્યો છે. (શ્રી સ્વામિનારાયણ સંહિતા ચિંતામણી-૮)*

● **માતા દેવહૂતિજીની જીવન ગાથા.**

સ્વયંભુવમનુ મહારાજને શતરૂપાજી નામના પત્નીથી દેવહૂતિમાતાનો જન્મ થયો છે. ભાગવતમાં કહ્યું કે.

*"મનોસ્તુ શતરૂપાયાં, તિશ્રકન્યાશ્ચ જગ્ની રે,*
*આકૃતિ દેવહૂતિશ્ચ, પ્રસુતિરીતી વિશ્રુતા"*

આમ આદિ માનવ મનુમહારાજ અને શતરૂપાજીના વંશમાં ત્રણ કન્યા અને બે પુત્રો હતા. જેનો વિસ્તાર સારાયે જગતમાં ફેલાયેલો છે. મનુ મહારાજને આકૃતિ, દેવહૂતિ, પ્રસૂતિ આ ત્રણ કન્યા હતી અને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે પુત્રો હતા. જેમાં આકૃતિ નામની પુત્રીને પુત્રીકાધર્મથી ઋચિ નામના ઋષિ સાથે પરણાવવામાં આવી. દેવહૂતિ માતાનાં લગ્ન જીતેન્દ્રિય મહામુનિ કર્દમ ઋષિ સાથે થયાં હતા અને મનુ મહારાજની ત્રીજી પુત્રી પ્રસૂતિનાં લગ્ન દક્ષ પ્રજાપતિ સાથે થયાં હતા.

કર્દમ ઋષિ જીતેન્દ્રિય મહાપુરુષ હતાં. જેમની સાથે મનુ મહારાજે પોતાની દેવ કન્યા એવી દેવહૂતિના વિવાહ કરેલા. આ બંનેના દિવ્ય દાંપત્યમાંવિશેષ માહાત્મ્ય એ છે કે દેવહૂતિજી એ રાજ કન્યા છે. છતાં પોતાના પિતાએ પુત્રીની સાત્વિક અને સંયમી ઇચ્છા

શક્તિને કારણે દેવહૂતિનું લગ્ન જીતેન્દ્રિય મહાપુરુષ કર્દમ ઋષિ સાથે કર્યું હતું. કર્દમ ઋષિ પણ કોઈ સામાન્ય ઋષિ ન હતા. કર્દમ ઋષિએ પણ મહા તપસ્યાના અંતે દેવહૂતિ જેવા પત્નીને પ્રાપ્ત કર્યાં છે.

કર્દમ ઋષિની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઈને સ્વયં ભગવાને કર્દમ ઋષિને વર આપ્યો કે મનુ મહારાજ પોતાની પુત્રી દેવહૂતિ આપને પરણાવવા માટે આવશે. તેનો સ્વીકાર કરજો. કર્દમ ઋષિની બીજી પણ એક મહાન ઈચ્છા હતી, પોતાને ત્યાં સ્વયં ભગવાન પ્રગટ થાય અને ઈચ્છાની પૂર્તિ માટે સ્વયં ભગવાને એ પણ વર આપ્યો કે હું, સ્વયં પુત્ર બનીને આવીશ. મારી આજ્ઞાથી તમે મનુ મહારાજની રાજકન્યા દેવહૂતિનો સ્વીકાર કરજો. એ રાજ કન્યા તમારા મનોરથ પૂર્ણ કરશે. એ રાજકન્યાના માધ્યમથી તમારે ત્યાં નવ કન્યા થશે. એ નવે નવ કન્યાને ઋષિઓ ગ્રહણ કરશે. ત્યાર પછી અંતમાં હું તમારી પત્ની દેવહૂતિથી જન્મ લઈશ અને સાંખ્ય શાસ્ત્રનું નિર્માણ કરીશ. કર્દમ ઋષિની તપસ્યાથી પ્રસન્ન થઈ ભગવાન આ વર આપી અંતર્ધાન થયા. ત્યાર પછી કર્દમ ઋષિ આ દિવ્ય પળોની રાહ જોતા હતા.

મનુ મહારાજે આવી પોતાની પુત્રી દેવહુતિનાં લગ્ન કર્દમ ઋુષિ સાથે ધામધૂમથી સંપન્ન કર્યા. મનુ મહારાજ પોતાની પુત્રીને સારો એવો કરિયાવર આપી જેમ કે વસ્ત્રો, આભૂષણો અને ગૃહસ્થાને જીવનને ઉપયોગી એવી તમામ વસ્તુઓ આપી પુત્રીને હૃદય સાથે લગાવી, વિરહથી વ્યાકુળ થઈ પોતાની પુત્રીને વળાવી છે.

- **કર્દમ ઋષિ તથા માતા દેવહૂતિથી નવ કન્યા અને પુત્રરૂપે કપિલ ભગવાનનું પ્રાગટ્ય થયું.**

આ કર્દમઋષિ અને દેવહૂતિજીનું દિવ્ય દાંપત્ય શરૂ થયું. દેવહૂતિ માતા પણ અગાધ પ્રેમથી પવિત્રતાથી પોતાના પતિની સેવામાં તત્પર રહેતાં હતા. જેના લીધે દેવહૂતિ માતાનું શરીર પણ અત્યંત કૃશ થઈ ગયું હતું. દેવહૂતિજીની સેવાથી પ્રસન્ન થયેલા કર્દમ ઋષિએ

દેવહૂતિમાતા સાથે દિવ્ય વિમાનમાં વિહાર કરી અને દેવહૂતિજીની મનોકામના પૂર્ણ કરી. દેવહૂતિ માતા પણ પોતાના પતિની દિવ્ય ભાવનાથી સેવા કરે છે. આ દિવ્ય દાંપત્યથી અને સદ્‌ગુણો, સેવાની પ્રેરણાઓ, આમ જનતાને મળે છે.

બન્ને વચ્ચે પરસ્પર વિશ્વાસ, આત્મશૌર્ય, વાચા માધુર્ય, ગૌરવ, સુશ્રુષા નિષ્કામભાવ જેવા અનેક સદ્‌ગુણોએ કરીને બન્નેના દિવ્ય દાંપત્યના ભાવના માધ્યમથી દેવહૂતિ માતાને ત્યાં નવ કન્યાનો જન્મ થયો. જેમાંના નામ (૧) પૂર્ણીમા (૨) કલા (૩) અરૂંધતી (૪) અનસૂયા (૫) શ્રધ્ધા (૬) હવિર્ભુ (૭) ગતિ (૮) પ્રિયા (૯) ખ્યાતિ જેવી મહાન કન્યાના જન્મ થયા. જેને આપણા શાસ્ત્રોમાં નવધા ભક્તિ તરીકે ઓળખીએ છીએ.

નવકન્યાના જન્મ પછી દેવ હૂતિ માતાની સેવાથી પ્રસન્ન થયેલા કર્દમ ઋષિએ દેવહૂતિની જે પુત્રની ઇચ્છા હતી એ પૂરી કરવા આશીર્વાદ આપ્યો. જેના કારણે સમયાંતરે સ્વયં ભગવાન કપિલજી માતા દેવહૂતિના ગર્ભથી પ્રગટ થયા છે.

- **સિદ્ધપુર ધામ (નવ) ઋષિમુનિઓનું સાસરૂં બન્યું.**

માતા દેવહૂતિએ પોતાની નવ કન્યાને અનુક્રમે નવ ઋષિને પરણાવી જેમના નામો (૧) કશ્યપઋષિને પૂર્ણિમા (૨) મરિચી ઋષિને કલા (૩) વસિષ્ઠ ઋષિને અરુંધતી (૪) અત્રિ ઋષિને અનસૂયા (૫) અંગિરસ ઋષિને શ્રદ્ધા (૬) પુલસ્ત્ય ઋષિને હવિર્ભુ (૭) પુલહ ઋષિને ગતિ (૮) ક્રતુ ઋષિને પ્રિયા (૯) ભૃગુ ઋષિને ખ્યાતી નામની કન્યાના લગ્ન કર્યા. કર્દમ ઋષિએ ઘણો સારો એવો કરિયાવર આપી દરેક મુનિઓને સંતુષ્ટ કર્યા. ત્યાર પછી કર્દમ ઋષિ સંન્યાસ ધારણ કરી વનમાં જાય છે. જ્યાં ભગવાનની આરાધના કરી ભગવાનના દિવ્ય ધામને પામે છે.

માતા દેવહૂતિ પોતાના પુત્ર તરીકે સાંખ્ય શાસ્ત્રનો પ્રચાર કરવા સ્વયં ભગવાન પધાર્યા છે એ વાતને લક્ષ્ય લઈ પુત્રની પાસે જઈ જ્ઞાન ચર્ચા કરે છે. માતા દેવહૂતિ અને કપિલ ભગવાનનાં આ સંવાદને ''કપિલ ગીતા'' તરીકે ઓળખીએ છીએ. જે અત્યંત કલ્યાણકારી ઉપદેશ છે. માતાને પુત્રે આપેલ જ્ઞાનને સમજણ પૂર્વક હૃદયસ્થ કરી દેવહૂતિ સાંખ્ય શાસ્ત્રના જ્ઞાન વડે બધા તત્ત્વોમાંથી વિરક્ત થઈને પોતાના પુત્ર ભગવાન કપિલજીની મૂર્તિની અંતરમાં પાકી ધારણા કરાવી જેથી અઢાર દિવસ દેહની વિસ્મૃતિ રહી. અને સરસ્વતી નદીને તીરે જતા તેમનો દેહ સરસ્વતીના જળ રૂપે થઈ ગયો. જે સ્થાનમાં માતા દેવહૂતિને સિદ્ધિ પ્રાપ્ત થઈ તે સ્થાનને સિદ્ધપુર તરીકે ઓળખીએ છીએ. (શ્રીમદ્ ભાગવત તૃતિય સ્કંધ)

● **માતા દેવહૂતિજી બીજા જન્મે મીણબાઈ રૂપે થયા.**

માતા દેવહૂતિજી બીજા જન્મે મીણબાઈ રૂપે થયાં, કપિલ ભગવાને માતા દેવહૂતિને સાંખ્યનું જ્ઞાન કર્યું અને સિદ્ધદશાને પમાડ્યા. બીજો જન્મ દેવહુતિજીનો ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપર ગામે ધાધલ કુળમાં થયો હતો. મીણબાઈનો જન્મ આશરે સંવત ૧૮૨૯ કે ૧૮૩૦ આસ પાસ થયેલ છે. તેવું તેમના પરિવારોનું કહેવું છે અને કોઈ કહે છે મીણબાઈનો જન્મ ગઢડામાં થયો હતો. કોઈ કહે કે ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપર ગામે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ હાદા ધાધલ હતું. તેમને ચાર દીકરીઓ હતી. સૌથી મોટા મીણબાઈ હતા ને એક ભાઈ હતા જેમનું નામ બાવો ધાધલ હતુ. આ પરિવાર ખાલપર ગામે રહેતા હતા. ત્યાર પછી ગઢપુર આવીને રહ્યા હતા. મીણબાઈ અઢી વર્ષના હતા ત્યારથી જ ત્રણેય કાળની વાતો કરતા હતા. તેમનું વર્ણન શ્રી વિહારી લાલજી મહારાજે કર્યું છે. તે નીચે મુજબ છે.

ચોપાઈ :-

*કુંતા સીતા દ્રૌપદી ગોપિકાઓ, રાધા રમા છે શ્રુતિની રૂચાઓ ॥*
*ઈત્યાદિ જે ઉત્તમ સૌ ગણાઈ, તે સર્વથી ઉત્તમ મીણબાઈ ॥૪૮॥*

*(શ્રી હરિલીલામૃત કળશ ૫ વિશ્રામ ૧૬)*

આવા મુક્તામાની ચરણ રજ લેવા ભવ બ્રહ્માદિક મોટા દેવો પધારે છે. જેમ દરેક વનમાં ચંદનના વૃક્ષો હોતા નથી. દરેક મૃગની નાભિમાં કસ્તુરી પાકતી નથી. દરેક હાથી મદઝરતા પણ હોતા નથી. આવા મહા સિદ્ધ સમાધિવાળા મીણબાઈ પોતાના પિતાશ્રી સાથે ગઢપુરમાં રહેતા હતા. મીણબાઈના લગ્ન નવ વર્ષની ઉંમરે અગિયાર વર્ષની ઉંમરના કરિયાણા ગામનાં ગામધણી ઓઢા ખાચરના પુત્ર ઉન્નડખાચર સાથે થયેલ. એ સમયે બાળ લગ્નનું દુષણ વ્યાપક પ્રમાણમાં હતું. મીણબાઈ સાસરે આવે તે પહેલાં લગ્ન પછી સાત-આઠ માસમાં જ વિધવા થયા. સમય જતા મીણબાઈ પોતાના સાસરે ગામ કરિયાણા આવ્યા. અધ્યાત્મક જીવન, આજીવન બ્રહ્મચર્ય અને એમાંય કાઠી સંસ્કૃતિનો સમન્વય થવાથી ''દેવી સ્વરૂપે'' સમાજમાં બા શ્રી મીણબાઈને બાલ્યાવસ્થામાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ એમ માનનાર મીણબાઈએ જ્ઞાન અને ધીરજથી મનમાં વિચાર્યું કે મારા પતિ સાથેના મારા કર્મ સંબંધો પૂરા થયા હશે તેથી જ મારે આ વૈધવ્ય આવ્યું છે. એમ સમજીને તેમણે તે બાબતનો શોક વિસારી દીધો.

પછી પોતાના સાસરિયા પક્ષના સંબંધીજનો અને પોતાના પિયરપક્ષના સંબંધીઓની સંમતિ મેળવીને બા શ્રી મીણબાઈએ સાંખ્યયોગી દીક્ષા સ્વીકારીને જીવન પર્યંત તે ધર્મનું પાલન કર્યું એટલું જ નહીં, ભૂમિ શયન, દિવસમાં એક જ વખત રસરહિત સાત્વિક સાદુ ભોજન, સાદા વસ્ત્રો પહેરવા, પુરુષો સાથે બોલવું નહીં,

બહેનોને ભગવાનની કથા-વાર્તા સંભળાવવી વગેરે વ્રત નિયમોનું પાલન તેમણે આજીવન કરેલું.

આવી રીતે મીણબાઈની રહેણી કરણી તપશ્ચર્યા વગેરે તેના સદ્‌ગુણોથી પ્રભાવિત થયેલા તેમના દિયર દરબાર શ્રી દેહા ખાચર વગેરે બધા જ સંબંધીજનો બા શ્રી મીણબાઈની સલાહ સુચના આદરથી માનતા અને તે કહે તે પ્રમાણે તેઓશ્રી સત્સંગની સેવા કરતા. વૈધવ્ય પ્રાપ્ત થયા પછીથી મીણબાઈ પોતે મોટા ભાગનો સમય ગઢપુરમાં વિતાવતા હતા. અને બા શ્રી જીવુબા (મોટીબા), લાડુબા, રાજબા વગેરે સાંખ્યયોગી બહેનોનો સમાગમ કરતા. ક્યારેક જીવુબા વગેરે બહેનોને સાથે લઈને કરિયાણા આવતા અને ત્યાંના બહેનોને સંત્સંગ મહિમા સમજાવતા અને ધર્મનિયમોનો ઉપદેશ આપતા હતા.

● **મીણબાઈની નિરાવરણ સ્થિતિ.**

મીણબાઈ પૂર્વના મુક્ત હોવાથી તેઓ બાળપણથી નિરાવરણ સ્થિતિવાળા હતા. કુંડળના રાઈબાઈ, ગઢડાના જીવુબાઈ અને કરિયાણાના મીણબાઈ, શ્રીહરિ છપૈયામાં હતા ત્યારે અને પછી અયોધ્યા તથા વનવિચરણ વગેરેની લીલા આ ત્રણેય મુક્તો બીજા ભક્તોને સંભળાવતા અને કહેતા કે આજે મહારાજ અહીં રાત રહ્યા આ ગામમાં જમ્યા અને સ્નાન કર્યું વગેરે કહેતા. અને આજે અઢી વર્ષના થયા છે ને તેમને બાળ મોવાળા ઉતરાવ્યા તેમ જ માતા-પિતાને દિવ્યગતિ આપીને વનવિચરણની લીલા કરતા લોજમાં આવ્યા ને રામાનંદ સ્વામીનું મિલન પીપલાણામાં થયું દીક્ષા આપી તથા જેતપુરમાં ગાદી આપી વગેરે શ્રીહરિની લીલા સર્વને કહેતા અને તે એમ પણ કહેતા જે જે પ્રભુ જેતપુરમાં ગાદી સ્થાને બિરાજ્યા છે. તે જ પ્રભુ આ કરિયાણામાં અહીં આ પંચપીરની જગ્યા પાસે દૈત લીંબડો છે ત્યાં આવીને બિરાજશે.

- **મીણબાઈની સમજણ.**

મીણબાઈના વિવાહબાદ યુવા અવસ્થામાં જ તેના પતિ દરબાર શ્રી ઉન્નડ ખાચર અક્ષરવાસી થયા હતા. પ્રભુ મૂર્તિમાં ગુલતાન રહેનાર મીણબાઈએ ભગવાનની ઈચ્છા સમજીને તેનો રંજ માત્ર શોક ન કર્યો. શોક કરતાં સંબંધી જનોને પણ મહાજ્ઞાની મીણબાઈએ ધીરજ આપતાં કહ્યું : “તેમની સાથેનો મારો કર્મ સંબંધ આજથી પૂરો થયો છે. તેમાં રડવાનું શું ? માટે જો તમારે તેમના પર સાચી પ્રીતિ હોય તો પ્રભુ ભજો. સેવા તથા દાન-પુણ્ય કરો. તેથી મરનાર સુખી થાય છે. વળી જેમ કોઈનું ઉછીનું ધન લાવ્યા હોઈએ તે પાછું લે એમાં શોક શું કરવાનો હોય ? તેમ જ હું મારા પતિ, પુત્રો અને આપણે સર્વે ભગવાનની વસ્તુ છીએ. પ્રભુ જ આપણા માલિક છે. તેણે જ આપણને જીવન આપ્યું છે અને એ જ પાછું લે છે. તેમાં હર્ષ શોક શેનો ? આમ, સર્વને ધીરજ આપી સુખિયા કર્યા.” *(કરિયાણા માહાત્મ્ય)*

- **મીણબાઇને ધ્યાનમાં દર્શન થતાં તે જ દર્શન શ્રીહરિએ ફરેણીમાં આપ્યાં.**

બા શ્રી મીણબાઈને રામાનંદ છતાં સત્સંગનો યોગ પ્રાપ્ત થયો હતો. એક વાર મીણબાઈ સર્વે સંઘ સાથે ફરેણી દર્શને ગયા હતા.

માંચો ભક્ત તથા નાજો જોગિયો તથા મીણબાઈ એ સર્વે રામાનંદ સ્વામીનું ધ્યાન કરે ત્યારે ધ્યાનમાં મહારાજ દેખાય. તેમને માથે સુંદર શોભાયમાન નાના કેશ શોભી રહ્યા છે. ને સુંદર બુટ્ટાવાળી અલફી ધારણ કરી છે જેણે, એવી તપસ્વી મૂર્તિ જોઈને એમ વિચાર કરે જે, “એ તે કોણ હશે ?”

પછી મહારાજ રામાનંદ સ્વામી પાસે પધાર્યા અને સ્વામી દેહ મેલી ગયા. તે કેડે ક્યારેક એ સર્વે ફરેણીએ મહારાજને દર્શને ગયા. ત્યારે મહારાજને પૂછ્યું જે, “અમે સ્વામીનું ધ્યાન કરતા ત્યારે તમારી

મૂર્તિ દેખાતી, તે રૂપે અમને દર્શન આપો.'' પછી મહારાજે કોઈકને ઘેર અલફી બંધાવી મૂકી હતી, તેને મંગાવીને પહેરીને બેઠા. ત્યારે તે સર્વે બોલ્યા જે, ''અમે સ્વામીનું ધ્યાન કરતા ત્યારે અમને તમારાં આવા દર્શન થતાં હતાં.'' *(સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો-વાર્તા ૩૦૮)*

● **મીણબાઈએ રાજબાઈને ભલામણ કરી.**

એક દિવસ ગામ કરિયાણાના મીણબાઈ તે રાજબાઈ પાસે રહેતા તેમને શરીરમાં કસર થઈ. ત્યારે તે બોલ્યા જે, ''મારા બાવાભાઈને કહેજો જે, પાંચ રૂપિયા મારે કેડે વાપરે તો મહારાજ ને સંત મંડળ તેમને તેડાવીને વાપરજો, પણ બીજે થોડા વાપરજો.'' પછી તેમના ભાઈ બાવા ઘાધલ છેટે બેઠા હતા તેમણે સાંભળ્યું. પછી એમ બોલ્યા જે, ''જેમ બાઈએ કહ્યું તેમ અમે કરશું.''

પછી મહારાજે બાઈને સંભળાવ્યું. પછી બાઈ ચોવીશ તત્ત્વનું જે વાસનાલિંગ દેહ તેનો ત્યાગ કરીને ભાગવતી તનું પામીને અક્ષરધામમાં ગયા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૪૩)*

● **મીણબાઈએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો.**

મીણબાઈને જ્યારથી તેમને સત્સંગ થયો હતો ત્યારથી જ તેમણે સંસાર છોડી દીધો હતો. જે રીતે ગઢપુરમાં જીવુબાઈ ત્યાગી રહ્યા હતા તે રીતે મીણબાઈ પણ ત્યાગી રહ્યા હતા. જીવુબાઈ, રાજબાઈ અને મીણબાઈ એ ત્રણેય સમાધિનિષ્ઠ હતા. તેઓ રાત-દિવસ સમાધિમાં રહેતા હતા. અક્ષર ધામમાં ભગવાનની જેવી મૂર્તિ છે તેવી મૂર્તિ પોતાની પાસે તેઓ અખંડ રાખતા હતા. એક પળવાર પણ મૂર્તિને ભૂલતા નહીં. જે જે કાંઇ સામર્થ્ય અને સુખ હોય છે તે બધું મૂર્તિમાં જ દેખતા હતા. મૂર્તિ સિવાયનું સુખ જે હોય છે તે બધું કાળનું ચવાણું છે. તેમને દેખતા હતા. તેમની સમાધિ એટલી

દૃઢ થઈ હતી કે, તેમને બધા જ માયિક સુખ ઉલટીના અન્ન જેવા થઈ ગયા હતા.

તેઓ શ્રી કરિયાણાથી કાયમ માટે ગઢપુર શ્રીહરિની સેવામાં આવીને રહ્યા હતા. તેમનું વિચરણ પણ શ્રીહરિ સાથે હતું. તે શાસ્ત્રોમાં લખ્યું છે. તે ધર્મપુર શ્રી કુશળકુંવરબાઈને દર્શન દેવા શ્રીહરિ ગયેલા ત્યારે સાથે જીવુબા વગેરે સાથે મીણબાઈ ગયેલા. આ તેમનું સત્સંગમય જીવન આપણને પ્રેરણા રૂપ છે. ગઢપુરમાં જ્યારે મીણબાઈએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો ત્યારે મહારાજે મુક્તાનંદ આદિ સાધુઓને તેડાવીને કહ્યું જે આ મીણબાઈ દેવહૂતિ માતાનો અવતાર છે. તેમ જ તેમની સ્ત્રી-પુરુષ એવી આકૃતિ રહી નથી. પછી મીણબાઈના જીવમાંથી અનંત કોટિ સૂર્ય-ચંદ્રનું તેજ નીકળ્યું તે પ્રકાશથી આખો ઓરડો ભરાઈ ગયો. તે વખતે તેમના શરીરમાંથી કેસર, કસ્તુરી, અત્તર, ચંદનની સુંગંધ નીકળવા લાગી. પછી તેઓ અક્ષરધામમાં ગયા. ત્યારે દેવોએ વાજિંત્ર વગાડી ચંદન પુષ્પનો વરસાદ કર્યો. પૃથ્વીદેવી તો ઉદાસ થઈ ગયા. કારણ કે આવા પવિત્ર બેનનો જન્મ પૃથ્વી ઉપર હતો. તેથી તે પોતાને અહો ભાગ્યશાળી માનતી હતી.

હવે જ્યારે મીણબાઈએ દેહ મૂક્યો ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્મનિષ્ઠ એવી દશ બાઈઓને કહ્યું કે એ ક્યા ધામમાં જાય છે, તેની તપાસ કરીને અહીં આવો. એટલે તે બાઈઓ પોતે સ્વતંત્રપણે એક દમ મીણબાઈ સાથે દિવ્ય દેહે ચાલી નીકળી અને વચમાં દેવ લોક, વૈકુંઠ લોક, ગોલોક, મૂળપુરુષના સ્થાનમાં પણ ન રહ્યા ને ઠેઠ અક્ષરધામમાં ગયા. ત્યાં મીણબાઈ તો શ્રીજીમહારાજની સભામાં દિવ્ય આકાર મુક્ત સ્વરૂપે સેવામાં રહેલા તેઓએ જોયાં.

પછી તે બાઈઓ શ્રીજીમહારાજનાં દર્શન કરી પૃથ્વી ઉપર આવ્યાં તે જેવી વાત બની હતી તેવી વાત દાદા ખાચરનાં દરબારમાં

શ્રીજીમહારાજ આગળ કરી જે : વૈકુંઠવાસી લક્ષ્મીજીએ, ગોલોકવાસી રાધિકાજીએ અને મહામાયા એ પણ મીણબાઈના શુદ્ધ આત્માની ષોડશપચારે સેવા કરીને કહ્યું, જે તમે અહીં રહો. ત્યારે મીણબાઈ બોલ્યાં જે, શ્રી સ્વામિનારાયણ તો ક્ષર અક્ષરથી પર સર્વોપરી પુરુષનો ભાવ રહે છે. માટે દેહ ભાવ પડતો મેલી શુદ્ધ અક્ષરભાવ સિદ્ધ કરો તો પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજની મૂર્તિ રહે. અને કહ્યું કે શ્રીજીમહારાજનાં દર્શન મૂકીને અમારાથી અહીં રહેવાય નહીં. કારણ કે તમારુ સુખ તો નાશવંત છે અને શ્રીજીમહારાજનું સુખ તો અખંડ અને એલૌકિક છે. બાઈઓની વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા કે, સાચા ભક્ત તો આવા જ જોઈએ. *(શ્રીસ્વામિનારાયણ ભાગવત સ્કંધ-૪ અધ્યાય ૧૧)*

- **મીણબાઈની અંતિમ યાત્રામાં શ્રીહરિ જોડાયા.**

સંવત ૧૮૭૮ના કાર્તિક માસના વદ પક્ષમાં કરિયાણાના મીણબાઈએ ગઢપૂરમાં પોતાનાં ભૌતિક દેહનો સ્વતંત્રપણે ત્યાગ કરી દીધો. જ્યારે તેમનો અગ્નિ સંસ્કાર કરવા માટે તેમના સંબંધીઓ ચાલ્યા ત્યારે શ્રીહરિ પણ મીણબાઈને સારા મોટા હરિભક્ત જાણીને તેમની અંતિમ યાત્રામાં આવ્યા હતા. ઉત્સવિયા હરિભક્તો ઝાંઝ, મૃદંગ વગાડીને જ્યારે ઉત્સવ કરતા કરતા ઉન્મત ગંગાએ ગયા ને તે વખતે એક ગાય સાથે ચાલી તેને ઘણી પાછી વાળી પણ તે પાછી વળી નહીં ને જ્યારે અગ્નિ સંસ્કાર થઈ રહ્યા પછી તે ગાય ઘેલામાં અદૃશ્ય થઈ ગઈ તે મૂર્તિમાન ગાય રૂપે ગંગાજી આવ્યા હતા. *(સદ. શ્રી અક્ષરાનંદ સ્વામી વાતો-વાર્તા ૧૮૯)*

- **શ્રીહરિ હજાર ઘોડાની સવારી સાથે મીણબાઈના ખર્ચમાં કરિયાણા પધાર્યા.**

સંવત ૧૮૭૮ના વર્ષમાં મીણબાઈએ દેહત્યાગ કર્યો ને તેમના તેરમાના ખર્ચ ઉપર કરિયાણા ગામના ઓઢા ખાચર નામે દરબાર

હતા. તેમણે શ્રીહરિના નામે પત્ર લખીને સંતોએ સહિત તેમને જાણીને શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. દાદા ખાચરની જેટલી સવારી હતી તે પણ સાથે ચાલી. ઝીંઝાવદર ગામના દરબાર અલૈયા ખાચર હતા. તેમની જે સવારી હતી તે પણ શ્રીહરિની સાથે ચાલી. કારિયાણી ગામના વસ્તા ખાચર જે દરબાર હતા, તેમની જે સવારી હતી તે શ્રીહરિની સાથે ચાલી કુંડળ ગામના અમરા પટગીર, મામૈયા પટગીર તથા સારંગપુરના અમરા ખાચર, બોટાદના સોમલા ખાચર અને દાહા ખાચર આદિક સર્વે શ્રીહરિ સાથે કરિયાણા પધારીને ત્યાં સભા કરી હતી. *(શ્રી હરિચરિત્રામૃતસાગર પૂર-૨૦ તરંગ ૬૬-૬૭-૬૮)*

● **સિદ્ધરાજ જયસિંહનો ઇતિહાસ**

ગઢપૂરમાં એક વખત મહારાજે એમ પ્રકરણ કર્યું જે, કોઈ પાળાને રૂપિયા રાખવા નહીં. ત્યારે ભગુજી તથા અલૈયે ભગતે પ્રથમ રૂપિયા કાઢ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘આ રૂપિયાના પરમહંસ વાસ્તે વસ્ત્ર લિયો’’ ત્યારે વસ્ત્ર લીધાં તેમ કરતા પણ વધ્યા. તે રૂપિયાની પરમહંસોને સાટા-જલેબીની રસોઈ આપી હતી. તે વખતે એ રસોડાની ઓસરીમાં ભગુજી તથા અલૈયે ભગતે મહારાજની પોડશોપચારે પૂજા કરી પછી ગુલાબી રંગના પાંચ લૂગડા મહારાજને પહેરાવ્યાં પછી મહારાજને જમાડ્યા હતા. ને મહારાજે જલેબી લાડુ પંડે પંગતમાં ફરીને પીરસીને પરમહંસ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા હરિભક્ત સર્વને જમાડ્યા ને પછી પાળા સર્વને બોલાવી ઉપદેશ કર્યો જે, ‘‘ત્યાગીને પૈસા રાખવા નહીં ને પૈસા રાખે તો તેમાંથી ઝાઝું ભૂડું થાય.’’

તે ઉપર ગોરખનાથને મચ્છંદરનાથની વિસ્તારથી વાત કરી જે ‘‘મચ્છંદરનાથ નામે એક જોગી હતા અને તે સતજુગ વારીનો હતો ને તે એવો સિદ્ધ થયો હતો કે પોતાને જ્યાં સુધી જીવવું હોય ત્યાં સુધી જીવે. એવો સ્વતંત્રદશાને પામેલો હતો. અને કંચન જે સોનું

ને કાન્તા જે સ્ત્રી તેનો ત્યાગ કરેલો હતો. ને તે ગિરનારની ગુફામાં રહેતા હતા. ત્યાં તેણે એક શિષ્ય ગોરખનાથ નામે મૂંડેલો હતો. ને તે શિષ્ય સિદ્ધગતિને પામ્યો.

પછી તે ગોરખનાથને નાથલોકોની સંપદા તે સોંપીને મચ્છંદનાથ બાર વર્ષની તપશ્ચર્યા કરવા સારૂં નવલખા પર્વત પર જવાની તૈયારી કરી અને તે તરફ સિદ્ધાઈને બળે આકાશ માર્ગે ચાલ્યા. તે ચાલતા ચાલતા નવલખા પર્વત નજીક જ્વાળામુખી નામે કરીને તીર્થ છે, તેની પડોશમાં દક્ષિણ દિશામાં કામરું દેશ કરીને એક મુલક છે. ત્યાં સ્ત્રીઓ ખૂબ સુરત અને સોનાની ખાણો છે. તે મુલકને માથે મચ્છંદરનાથ નિકળ્યા. ને તે જોવા સારું ત્યાં ઊતર્યા ને તે રચના જોઈ સિદ્ધપણું ભૂલી જઈ ત્યાં લોભાણા. ને એક રૂપસુંદરી નામે કરીને કન્યા હતી. તે વેરે પરણ્યા ને તેમાં આસક્ત થઈ ગયા. ત્યાં તેને બે પુત્ર ને બે પુત્રીઓ થયાં. તેમાં બધ્ધ થઈ ગયા. તેને ચૌદ વરસ વીતી ગયા.

એટલે બાર વરસની અવધિ ઉપર બે વરસ વધારે થયાં એટલે ગુરુની શી દશા છે ? તે જોવા ઈચ્છીને ગોરખનાથે પ્રાણાયામ કરી સમાધિ કરી મચ્છંદરનાથને ગોતી કાઢ્યો. ત્યાં તો બદ્ધ થઈ ગયેલા જોયા. પછી તીર્થ કરતા કરતા ચાલ્યા ત્યાં રસ્તામાં ભવાયાનું એક પેડું ભેળું થયું તેને કહ્યું જે, "તમો ક્યાં જાઓ છો ?" ત્યાં તે કહે, અમો કામરું દેશમાં રમવા જઈએ છીએ. ત્યારે ગોરખનાથ કહે, "મને ભેળો લઈ જાવ હુ તમારી ઢોલકી બજાવીશ." પછી તે ભેળો ચાલ્યો તે જે ગામમાં મચ્છંદરનાથ હતા તે ગામમાં રાત્રે રમત કરવા લાગ્યા અને તે રમત મચ્છંદરનાથ પણ જોવા આવેલ, તેને દેખીને ગોરખનાથે ઢોલકી બજાવવા માંડી જે, "ચેત મચ્છંદર. ગોરખ આયા." એમ બજાવતા જોયો ત્યારે મચ્છંદરનાથે તેને ઓળખી કાઢ્યો જે, "આ વાંસે આવ્યો ખરો." પછી સવારે મચ્છંદરનાથ જે જગ્યાએ હતા ત્યાં ગયો તેને જોઈને મચ્છંદરનાથ દિલગીર થયા ને પોતાની સ્ત્રીને કહ્યું

જે, "હું તારા અર્થ ન રહ્યો. માટે હું મારા ચેલા ભેગો જઈશ." એમ કહ્યું એટલે તે સ્ત્રી, પુત્ર અને પુત્રીઓ એ સર્વે ગળે બાઝી પડ્યા ને રોયા. તે જોઈ ગોરખનાથે ધીકાર્યા ને સર્વેનો ત્યાગ કરાવ્યો ને તેને લઈને ચાલ્યો ત્યારે મચ્છંદરનાથ કહે, "હું ઘરમાં જઈને તરત પાછો આવું" એમ કહીને સોનાની ઈંટો તથા રત્ન ભેળા કરીને એક ઝોળીમાં નાખીને લઈ લીધા ને પોતાના છોકરાઓને ત્યાં સિદ્ધાઈના બળે પર મુલકના રાજા બનાવીને ચાલી નીકળ્યા. પછી રસ્તામાં ગોરખનાથ પોતાના ગુરુને ઉપદેશ કરવા લાગ્યા એમ કરતાં ચાલી મોહનની ઝાડીમાં આવ્યા ત્યાં માર્ગમાં ગામ આવે ત્યાં મચ્છંદરનાથ પૂછે જે, "આ રસ્તે કુછ ભય હૈ" એમ કરતાં રસ્તામાં એક વાવ આવી ને ત્યાં ગુરુ શિષ્ય બેય સ્નાન કરવા બેઠા ત્યાં મચ્છંદરનાથ બહિર્ભૂમિ ગયા એટલે ગોરખનાથે પોટલું જોયું તેમાંથી સોનું ને રત્ન નીકળ્યાં તેને વાવમાં નાખી દીધાં ને તે પ્રમાણે ઝોળીમાં પાણો બાંધીને નાખ્યો, પછી સ્નાન કરીને ત્યાંથી ચાલ્યા તે એક કસ્બો આવ્યો તેને ઉલંઘીને ચાલ્યા તે માર્ગમાં એક મનુષ્ય મળ્યો તેને પૂછ્યું જે, "આ રસ્તામાં કુછ ભય હૈ ?" ત્યારે ગોરખનાથ બોલ્યા કે, "ભય તો સબ વાવમેં ડાલ દિયા." પછી જોળીમાં જોયું તો પથરો ભાળ્યો એટલે પોક મૂકીને રોવા લાગ્યો ત્યારે ગોરખનાથે તેને રડતા જોઈ પેશાબની શેડ મારી એટલે સોનાની શીલા થઈ ગઈ. ત્યારે ગોરખનાથ કહે, "ગુરુ સાહબ ઉઠાઈ લો" એટલે મચ્છંદરનાથ કહે, ગોરખા "ગુરુથી ચેલા આગવા હુવા" એટલે ગોરખ કહે, "ગુરુ પ્રતાપ છે" એમ કહીને ગુરુને પ્રથમ કાળની સ્મૃતિ કરાવીને સિદ્ધપણાનું જ્ઞાન સિદ્ધ કરાવ્યું. માટે હે ભગુજી અને અલૈયા ભક્ત ! જેનું મન કાચું હોય તે જ ધન સ્ત્રીમાં લોભાય છે. પછી મચ્છંદરનાથ કહે "આપણો મોક્ષ કેમ થશે ?" પછી બન્ને સિધ્ધો ગંગા કિનારે ગયા ને ત્યાં તેઓએ "ૐ શ્રી સ્વામિનારાયણઃ શરણં મમઃ" એ મંત્ર જપ્યા પ્રત્યક્ષ ભગવાનને મળવા પ્રયત્ન કર્યો પછી બન્નેનો દેહ પડી ગયો. તે આ

ભગુજી તથા અલૈયા ભક્ત બન્ને ગુરુ શિષ્ય છો. માટે આ ધનના ફંદથી છૂટ્યા ને અલૈયા ભક્તને ધન વળગ્યું જ નથી એમ કહીને બન્નેને ચરણારવિંદ આપી મહારાજ મળ્યા પછી ઘણા વખાણ કર્યા ને હસીને મહારાજ બોલ્યા જે, ''આ ભગુજીની ભેટ તો ઘેલામાં ડાલી દીધી'' તે મચ્છંદરનાથ બીજા અવતારે સિદ્ધરાજ જયસિંહ થયા ને ત્રીજા અવતારે ભગુજી થયા ને ગોરખનાથ તે સારંગપુરના અલૈયા ભક્ત થયાં. *(મહારાજની લીલા પ્રસંગ-૫૫)*

● **સિદ્ધપુરનો અજાયબી સમાન ઐતિહાસિક રુદ્રમાળ.**

મુળીમાં શ્રીહરિ સંતોએ સહિત રેતિયા કૂવે સ્નાન કરીને સામે કાંઠે હનુમાનજી તથા શંકર છે, ત્યાં પધાર્યા. તે સ્થળે સભા કરીને પ્રભુ બિરાજમાન થયા. પોતાના કુળદેવના દર્શન કરીને કહે, ''કષ્ટભંજને પણ પાટણના રાજા સોલંકી સિદ્ધરાજ જયસિંહનું કષ્ટ ન કાપ્યું.'' તે સાંભળી સર્વ સભાજનોએ પૂછ્યું કે મહારાજ તે વાત વિસ્તારથી કહો. શ્રીજી કહે, ''સર્વ સાંભળો, સિદ્ધરાજ જયસિંહે બહુ દાન-પૂણ્ય કર્યું એકસોને આઠ તળાવ બંધાવ્યા. કાંકરિયું, મલાવ, મુનસર, વડનગરનું, વીસનગરનું, સાયલાનું, ચંદ્રાસરનું એવા અનેક તથા સિદ્ધપુરનો રુદ્રમાળ પણ કરાવ્યો. તે રુદ્રમાળમાં વીસહજાર કારીગરોએ બાવીસ વર્ષ કામ કર્યું.'' રુદ્ર એટલે અગ્યા તેમાં એકાદશ માળ કર્યા અને અગિયાર લાખ શંકર પધરાવ્યા. તેમની પ્રતિષ્ઠામાં હળવદ જેવા એક હજાર ગામ બ્રાહ્મણોને દાનમાં આપ્યા. તેથી ઔદિચ્ય સહસ્ત્ર કહેવાય છે. આ રુદ્રમહાલય વિશ્વકર્મા પાસે બંધાવ્યો હતો. રુદ્ર માળનું ખાતમુહૂર્ત જોનાર ઉન્નડ જોશી કહે, ''શેષના મસ્તકમાં આ ખીલી ચોંટી છે.'' સૌ કહેવા લાગ્યા કે ગપ ઠીક મારો છો ! ક્યાં શેષનાગ ? અને ક્યાં ખીલી ? જોશી કહે, ''કાઢો ખીલી તે લોહીવાળી નીકળશે.'' તે કાઢી ને લોહી વાળી નીકળી. ફરીથી ખીલી મારી ત્યારે જોશી કહે

હવે પૂંછડે આવી. માટે આની સાથે જ રુદ્રમાળ પાડનારો પેદા થશે. અલાઉદ્દીન ખીલજી થયો. ત્યાં હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા સમયે વિપ્રોએ વેદમંત્રો થઈ પ્રત્યક્ષ હનુમાનજીને બોલાવીને કહ્યું જે ''આ રુદ્રમાળની રક્ષા કરજો'' ત્યારે કષ્ટ ભંજન કહે, ''મારાથી રક્ષા નહિ થાય. કેમ કે મારા પ્રભુને સવારે ગાદી મળવાની હતી તે સમયે વનવાસ, શહેર શોકાતુર, પિતા દશરથનું મૃત્યુ માટે જે થવાનું છે તેને કોઈ મિથ્યા કરનાર નથી. આ કષ્ટ ભંજને ચોખ્ખી મોઢામોઢ ના પાડી. પછી સિદ્ધરાજ બહુ દિલગીર થયા. પછી વિચાર કરીને કારીગરને કહે શિલાલેખમાં એવું એવું લખજે હું પાટણનો સોલંકી સિદ્ધરાજ જયસિંહ જીવતા કોઈને નમ્યો નથી પણ આવનાર શત્રુ પાસે હું હાથ જોડીને માગું છું કે જે નાશ કરે તો એમાંથી કંઈક નિશાની રાખજે. એમ લખાવીને પાટનગર પાટણમાં ગયા. તે સિદ્ધરાજે દેહ ત્યાગ કર્યા પછી અલાઉદ્દીન ખીલજીએ સાડા ત્રણસો તોપો મારીને રુદ્રમાળ તોડી નાખીને પોતાના વજીર નસરતખાનને લેખ વાંચવા મોકલ્યા. તેણે વાંચીને વાત કહી ત્યારે અલાઉદ્દીન કહે, હવે તેટલું રહેવા દો. તે હાલમાં નિશાની છે તે.

દૈવી જીવનું ધન પુણ્યમાં વપરાય. તેથી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત થાય. પ્રભુજી મળે. રાજા સિદ્ધરાજ પરોપકાર પુણ્યના યોગે થોડા જ દિવસમાં ભ્રગુજીત (ભગુજી) હાડા ગરાસિયા થશે અને અમારા હજૂરમાં રહી સેવા કરશે અને અંતે અક્ષરધામ પામશે. તેમના રાજ્ય સિદ્ધપુર (દંઢાવ્ય દેશ)માં અમારો સત્સંગ ઘણો થશે તે રાજ્ય શ્રી સ્વામિનારાયણના સેવકમાં ગણાશે. તે રાજ્ય હાલ વડોદરે થયું છે. ભ્રગુજીત મુળી મંદિરની ઘણી સેવા કરશે. *(શ્રીસ્વામિનારાયણ સંહિતા ચિંતામણી ૩૬)*

- **રુદ્રમાળ પાડનારો અલ્લાઉદ્દીન પૂર્વે કોણ હતો !...**

એ અલાઉદ્દીન ખૂની તે પૂર્વે જન્મે બ્રાહ્મણ હતો. તે સમયમાં એવો નિયમ છે જે ગંગોત્રીનું ગંગાજળ ભરીને કાવડમાં ઉપાડીને સો વખત સોરઠમાં આવેલા સોમનાથ મહાદેવ શંકરને તે ગંગાજળ ચડાવે તો તે ચક્રવર્તી રાજા થાય. પણ શંકર સો વખત પૂરું થવા દે નહિ. તે બ્રાહ્મણે નવ્વાણું વખત જળ ચડાવ્યું. છેલ્લી ફેરે એટલે સોમીવાર ભરીને આવતાં કોઈ ગામની ધર્મશાળામાં રાતે સૂતો હતો તે ગામના રાજાના પુત્રનું મસ્તક કાપીને બહારવટીયા કાવડમાં મૂકીને ગંગાજળનો ઘડો ઉપાડી ગયા. તે વિપ્ર વહેલો ઊઠીને ચાલ્યો ત્યારે રાજાના માણસોએ રોક્યો. તેની કાવડમાંથી મસ્તક હાથ આવ્યું. ત્યારે રાજાએ તે વિપ્રને તીરંગબાજીથી માર્યો. તેણે મરતા મરતા સંકલ્પ કર્યો જે હવે હું ચક્રવર્તી રાજા થાઉં તો શંકર વગેરેનાં જે જે હિન્દુઓના દેવ સ્થાન હોય તે સર્વને તોડી નાખું. તે વિપ્ર દિલ્હીમાં પીંજારાને ઘેર જન્મ્યો. માનસિક દોષથી નીચ જાતિમાં જન્મ મળે તે અલ્લા ઉદ્દીન થયો. તે દરબારમાં પાણીનું પીપ હાંકતો હતો. ને એકવાર તે આવતા મોડો પડ્યો. રાજાના નિયમ મુજબ સાંજે ગઢના દરવાજા બંધ થઈ જાય તેથી તે આખી રાત્રી દરવાજા પાસે બેસી રહ્યો.

અહીં તે જ રાત્રીમાં બાદશાહ પડ્યા (મરણ થયું) ત્યારે એવો ઠરાવ થયો જે પહેલો દરવાજામાં આવે તેને ગાદીએ બેસાડવો. તે સમે અલાઉદ્દીન પાણીનું પીપ ભરીને નીકળ્યો તેને ગાદીએ રાજતિલક કરીને બેસાડ્યો. પછી સમયાંતરે મોટું લશ્કર વગેરે લઈને ત્યાંથી નીકળ્યો ને કાશી વિશ્વનાથ શંકરનું મંદિર તોડીને પાસે મસ્જિદ કરી. મથુરામાં જન્મસ્થાન તોડીને પાસે મસ્જિદ કરી. અયોધ્યામાં જન્મસ્થાન તોડીને મસ્જિદ કરી. સોમનાથનું મંદિર તોડીને ત્યાં મસ્જિદ કરી. ને મંદિરો લૂંટીને સોનું પણ ઘણું લઈ ગયો. *(શ્રી સ્વામિનારાયણ સંહિતા ચિંતામણી ૩૬)*

● **સિદ્ધપુર નામનો ઇતિહાસ તથા પવિત્ર તીર્થસ્થાનો.**

સિદ્ધપુર એ હિન્દુઓનું પ્રાચીન તીર્થસ્થાન છે. માતૃશ્રાદ્ધ અહીં કરવાનો મુખ્ય મહિમા છે. તેથી સારા ભારતમાંથી તથા દેશ પરદેશમાંથી પણ યાત્રાળુઓ અહીં દર્શને આવે છે. સિદ્ધપુરનું પ્રાચીન નામ શ્રીસ્થળ હતું. કપિલ ભગવાને માતા દેવહૂતિને સાંખ્યનું જ્ઞાન કર્યું અને સિદ્ધ દશાને પમાડ્યાં. તેથી આ તીર્થને સિદ્ધ પદ ક્ષેત્ર પણ કહેવામાં આવે છે. અને પાટણના રાજા સિદ્ધરાજાએ વસાવેલું તેથી તેનું નામ સિદ્ધપુર કહેવાય છે. તથા સિદ્ધપુરમાં સિદ્ધેશ્વર મહાદેવનું પુરાણું દેવાલય છે. બિંદુ સરોવરને કાંઠે ઘણા દેવાલયો આવેલા છે. સિદ્ધપુરથી ૭ કિ.મિ. દૂર નદીને કિનારે સામ્યપ્રાશ નામનો આશ્રમ છે જ્યાં વ્યાસમુનિને શ્રીમદ્ ભાગવત પુરાણ રચવાનો નારદમુનિએ નિર્દેશ કર્યો હતો. ત્યાં વટેશ્વર મહાદેવ અને પાંડવોની ગુફાઓ છે. ત્યાં પાંડવો બાર મહિના રોકાયા હતા. ત્યાં એક કુંડ છે. આ ક્ષેત્રને દધિ સ્થળી તીર્થ કહેવાય છે. ત્યાં દધિચી ઋષિનો આશ્રમ હતો. હાલ ત્યાં દેથળી નામનું ગામ છે. જેને સંસ્કૃતમાં દધિ સ્થળ કહેવાય છે, આ સર્વ સ્થાન શ્રીહરિએ પોતાના પદરજથી અને દૃષ્ટિથી મહાપ્રસાદીના કર્યા છે. આ ક્ષેત્રની યાત્રા એકવાર ખાસ કરવી જરૂરી છે.

● **ભાયાત્માનંદસ્વામી આદિ છ સંતો સિદ્ધપુર પધાર્યા.**

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં સભા કરીને બિરાજમાન હતા. ત્યારે મહારાજ બોલ્યા જે ખાણ ગામ કોઈ જાય ? ત્યારે ભાઈ સ્વામીએ કહ્યું હું જાઉં ? પછી મહારાજ કહે લ્યો હું તમને ચિઠ્ઠી લખી આપું જે આબુની છાયામાં બ્રહ્માનંદ સ્વામીનું ખાણ ગામ છે. પછી સ્વામી બોલ્યા જે ના મહારાજ ! એમાં ચિઠ્ઠીનું કામ નથી એ તો મને હૈયે રહેશે. જેમ જારની ખાણ, કોલસાની ખાણ, પથ્થરની ખાણ, તેમ ખાણ ગામ પણ, મહારાજે બહુ બહુ કહ્યું પણ સ્વામીએ ના પાડી પછી અહીંથી છ સાધુ લઈને ચાલ્યા તે સિદ્ધપુર પધાર્યા.

સિદ્ધપુરમાં કથા-વાર્તાનું સુખ આપ્યું ને ત્યાંથી ખાણ જવા વિચાર કર્યો. પરંતુ દેશકાળ તે વખતે ગુજરાત બહાર સારા ન હતા. તેથી ત્યાં ભોજનનું પૂરું થાય તેવું નહીં. તેથી ચાર સંત સિદ્ધપુરથી પાછા આ દેશમાં આવ્યા અને ગોવિંદસ્વામી તથા ભાઈ સ્વામી એ બે જણ ખાણ જવા ગયા. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો-વાર્તા-૯૭૭)*

● **સિદ્ધપુરના ભક્તજનોએ શ્રીહરિનું સ્વાગત કર્યું.**

શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે સિદ્ધપુરની પાસે આવ્યા. ત્યારે ત્યાંના હરિભક્તોએ સમાચાર સાંભળ્યા. એટલે સિદ્ધપુરના બધા જ હરિભક્તો શ્રીહરિ સન્મુખ આવ્યા. સહુએ હાથમાં ફૂલના હાર લીધા. કેટલાકે પ્રેમથી શ્રીફળ લીધા. ઘણા હેતથી હાર પહેરાવ્યા અને સરસ રીતે શ્રીફળ ભેટ મૂક્યાં પછી શ્રીહરિના ચરણોમાં પડ્યા અને અતિશય હરખથી ગદ્‌ગદ્ કંઠ થઈ ગયા. નથુભટ્ટ અને મયારામભાઈ તથા ઈચ્છાબાઈ એ બધા હરિભક્તો હતા. ભગવાનજી અને બહેચરજી બંને ચોપદારો શ્રીહરિની સેવામાં જે આવતા હતા. ભગવાનજીભાઈ સોમપુરા સલાટ જે ઘણા સારા હરિભક્તો હતા તે પણ આવ્યા. ઉપર ગણાવ્યા તે બધા સિદ્ધપુરના હરિભક્તો અને તે સિવાયના અપાર પુરવાસી ભાવિક લોકો આવ્યા. તેઓ અપાર વાજિંત્ર લાવ્યા હતા. વિવિધ રીતે તે વાજિંત્રો વાગતા હતાં. સોનાના શણગારેલા હાથી અને ઘોડાઓને તૈયાર કરી રાખ્યા હતા. પુરવાસી હાકેમ-સરકારી જે મુખ્ય અધિકારી હતા તે પણ પોતાની સવારી લઈને આવ્યા સોનાની અંબાડી મૂકેલો અને શણગારેલો એક મોટો હાથી પણ તેઓ લાવ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૭ તરંગ ૪૨)*

● **સિદ્ધપુરમાં હાથી ઉપર શ્રીહરિની શાનદાર સવારી નીકળી.**

જે હાકેમ હતા તે શ્રીહરિના ચરણોમાં પડ્યા. બંને હાથ જોડીને શ્રીહરિને વારંવાર વિનંતિ કરી અને પછી તેઓ બોલ્યા. હે હરે ! આપ અહીંયા ક્યારેય આવ્યા નથી. આ પહેલી વાર જ આવ્યા છો.

મહારાજા આપતો ભૂમિને પાવન કરવા માટે પ્રગટ થયા છો. અત્યારે આપની કીર્તિ સાત સમુદ્ર સુધી પહોંચી ગઈ છે. અને દિન પ્રતિદિન વધારે વધતી જાય છે. તીર્થવાસીઓ બધા વાતો કરતા હોય છે તેને અમે કાનથી નિત્ય સાંભળીએ છીએ કે ગિરનાર પર્વતમાં આવીને અત્યારે ભગવાન પ્રગટ થયા છે. મોટા મોટા યોગીઓ રાત દિવસ ધારણા, ધ્યાન અને સમાધિ કરવા મહેનત કરે છે, છતાં તેમને તે દુર્લભ છે. અષ્ટાંગ યોગને સતત સાધતા રહે છે. પણ સમાધિ કોઈને થતી નથી. અત્યારે જે લોકો આપના દર્શન કરે છે તેમને તત્કાળ જ મહાન વિશાળ સમાધિ થઈ જાય છે. તેમને જે જે લોકની વાત પૂછવામાં આવે છે તે આવીને તરત જ કહે છે.

આ દેહમાં બ્રહ્માંડના જેટલી રચના છે તેને સમાધિ કરીને તે કહે છે. અષ્ટાંગયોગનો અભ્યાસ કર્યા વિના પણ માત્ર આપના દર્શનથી જ તે બધુ થાય છે. અપાર અવતારો થઈ ગયા છે. તે ભગવાનના મોટા મોટા અવતારોના સામર્થ્ય કરતા પણ અત્યારે આપ વધારે સામર્થ્યને ધારણ કરી રહ્યા છો અને તે બધાના દર્શન આ વખતે થાય છે. આ સમયે આપ પધાર્યા છો તેથી અમારા ભાગ્યનો તો કોઈ પાર નથી. આપ તીર્થને બહાને અહીં પધાર્યા છો તેથી અમને આપના દર્શન થયા છે. આપનો યશ અમે રાત દિવસ સાંભળીએ છીએ અને અમારું તો હૈંયુ ભરાઈ જાય છે. અત્યારે આપના દર્શન થવાથી અમને શાંતિ થઈ છે. આપે અમારા જન્મને સાર્થક કરી દીધો છે.

- **સંતચરણ મહિમા**

સંતોના ચરણોના પ્રતાપે અનંત તીર્થો પણ નિષ્પાપ થાય છે. સંતો જ્યારે તીર્થોમાં જાય છે ત્યારે તીર્થો સંતોની સામે ચાલીને આવે છે. એટલે તીર્થો મનમાં અત્યંત આનંદિત થઈને સંતોના ચરણોમાં તે નિવાસ કરે છે. ''સંતોના ચરણોનો પ્રતાપ અજોડ છે. તે ચરણ

જીવમાત્રને પાવન કરી દે છે.'' આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. તેની શોભા એવી હતી કે કોઈ પાર પામી શકે તેમ ન હતું. ડંકા, નોબત અને બીજા જે વાજિંત્રો વિવિધ પ્રકારનો ધ્વની કરતા હતા. સવારીમાં જેની સાથે જ અધિક શોભે તેમ જણાય તેને તેની સાથે ચલાવતા હતા. હરિભક્તો ઘણો જ ગુલાલ લાવ્યા હતા. તે સમયે તે ગુલાલ ઉડાડતા હતા.

બધા દરબારો જે હાથી, ઘોડા, રથ, મ્યાના, સુખપાલ લાવ્યા હતા તે બધાને સોનેરી સાજથી શણગાર્યા હતા. તે જોઈને પુરના લોકો ઘણા ખુશ થતા હતા. બધી સવારી સોનેરી થઈ જવાથી ઘણી શોભતી હતી. પણ આસુરી લોકોના મનમાં ઘણો ક્ષોભ થયો હતો. જે દૈવી લોકો હતા તે તો સવારીની શોભા જોઈને પોતાના મનમાં અત્યંત રાજી થયા, જે મુખે કહી શકાય તેમ નથી. જે નિષ્પાપ બુદ્ધિવાળા વેરાગીઓ હતા તેઓ તો તે શોભાને જોઈને આનંદથી નાચવા લાગ્યા. પણ જે અભાગિયા હતા તેઓ તો ગધેડાની જેમ ભૂંકવા લાગ્યા. નિંદા કરવા લાગ્યા. કેટલાક ધેનુકાસુરના વંશના અમલદારો પણ કુશબ્દો બોલીને શ્રીહરિના સત્સંગ ઉપર દ્વેષ (ડંશ) જણાવતા હતા. અને જે ખાખીઓ શરીરે ભસ્મ ચોળનારા હતા તેમણે તો ચિતાની ભસ્મ લઈને નખશિખ આખે શરીરે ચોળી અને પોતાનું અસુરપણું જણાવ્યું. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૭ તરંગ ૪૩)*

- **મૂર્તિનું ખેંચાણ.**

શ્રીહરિ જ્યારે સિદ્ધપુરની મુખ્ય બજારમાં આવ્યા ત્યારે બંદુકોના અપાર અવાજ થયા. તેનાથી આકાશ ગાજી ઊઠ્યું . તે સાંભળીને અનંત દેવતાઓ આવ્યા. ભવ, બ્રહ્મા, ઈંદ્ર, ચંદ્રમા, બાર સૂર્યો, અને તેત્રીસ કોટી બધા, દેવો હતા. તેઓ બધા વિમાનમાં બેઠા હતા. કેસરયુક્ત ચંદન અને અનેક પ્રકારના પુષ્પોને તેઓ લાવ્યા હતા. શ્રી હરિ જ્યારે રાજબજારમાં આવ્યા ત્યારે દેવોએ ચંદન અને

પુષ્પોની વૃષ્ટિ કરી હતી. ફૂલના હાર લઈ જઇને પુરવાસી લોકો જે ઊભા હતા તેઓ અત્યંત પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતાં. પુરની જે સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને મકાનોના ગોખ અને અટારીઓમાં ઊભી હતી. જ્યારે શ્રીહરિ રાજ માર્ગ ઉપર આવ્યા ત્યારે તે સ્ત્રીઓએ શ્રીહરિને મોતીથી વધાવ્યા.

શ્રીહરિની સુંદર મૂર્તિને જોતા લોકોને તૃપ્તિ થાતી ન હતી. દર્શનનાં સુખમાં સહુ બધું ઘરનું કામ ભૂલી ગયા. ઘનશ્યામ શ્રીહરિને સહુ એકીટશે જોઈ રહ્યા હતા. શ્રીહરિ રાજમાર્ગ ઉપર ધીરે ધીરે આવતા હતા અને હજારો લોકો દર્શન કરતા હતા. જેના હૃદયમાં જેવી ભાવના હોય તે પ્રમાણે તેઓ બધા પૂજા કરતા હતા. શ્રીહરિ જ્યારે બજારમાં આવ્યા ત્યારે ત્યાં મોતી અને પુષ્પો જે શ્રીહરિને વધાવવા ઉછાળ્યા હતા તે પથરાઈ ગયા હતા. તે રાજ માર્ગતો એવો સોહામણો લાગતો હતો કે માનો તે મોતી અને ફૂલની વહેતી નદી ન હોય ? બજારમાં જે મહાજનો હતા તે સહુએ શ્રીહરિની પૂજા કરી. જે લોકો શ્રીહરિની મૂર્તિના દર્શન કરતા તે બધા પ્રેમમગન થઈ જતા હતા.

શ્રી હરિ સિદ્ધપુર નગરમાંથી પૂર્વ દરવાજે બહાર નીકળ્યા અને સરસ્વતી નદીને કિનારે ઉતારો કર્યો ત્યાં મોટા મોટા આંબલીનાં વન હતા. ત્યાં ઘણા ડેરાઓને ઊભા કર્યા. ડેરાઓનું કોઈ જાણે બીજું જ નગર વસી ગયું હોય એવી તેની શોભા થઈ હતી. તેમાં શ્રીહરિનો તંબુ સહુથી ઊંચો હતો. તેના ઉપર સોહામણા સુવર્ણ કળશ હતા. જે કળશ ઘણા મોટા કહેવાતા હતા. વિચિત્ર ભાત વાળો પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. શહેરના અધિકારી હાકેમ શ્રીહરિને ઉતારે પહોંચાડીને પછી તે શહેરમાં સવારીની સાથે ચાલ્યા ગયા. શ્રીહરિએ હાકેમને અપાર ફૂલહાર આપ્યા. તેઓ જ્યારે ચાલતા થયા ત્યારે એક થાળ ભરીને મીઠાઈ પણ આપી. સવારીમાં

બીજા પણ જે અધિકારીઓ આવ્યા હતા તેમને શ્રીહરિએ મીઠાઈના પાત્ર ભરીને આપ્યા, મુખવાસના પાન બીડાં પણ એકેએકને આપ્યા તેનાથી સહુ ઘણા જ ખુશ થયા અને પછી બધા શહેરમાં ગયા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર ૭ તરંગ ૪૪)*

- **શ્રીહરિ સિદ્ધપુરમાં પાંચ દિવસ રહ્યા, સંતોને જમાડ્યા અને પધરામણીએ ફર્યા.**

શ્રીહરિએ સરસ્વતીને કિનારે ઊતારો કર્યો. પછી નદીમાં સ્નાન કરવા તૈયાર થયા. તે સમયે સંતોને અને હરિભક્તોને બધાને સ્નાન કરવા માટે બોલાવ્યા.

સરસ્વતી નદીમાં જઈને સ્નાન કર્યું. ત્યાં જે બ્રાહ્મણો આવ્યા તેમને ઘણા સ્નેહ ભાવથી દાન આપ્યા. જે દરબારો હતા તેમની પાસે એક એક સોના મહોર તીર્થના બ્રાહ્મણોને અપાવી. તેથી બ્રાહ્મણો ઘણા રાજી થયા. મોટું તીર્થ જાણીને એક એક સીધું આપ્યું. વિપ્રોએ તે સીધું ભાવથી લીધું, તે સીધામાં એક શેર ઘી અને એક શેર સાકર આપી હતી. શ્રીહરિ સરસ્વતી નદીમાં તીર્થસ્નાન કરીને પાછા ઉતારે આવ્યા.

સિદ્ધપુરમાં શ્રીહરિ પાંચ દિવસ રહ્યા. તે દેશના જે હરિભક્ત વિપ્રો હતા તે સંતોને માટે ઘણા જ પ્રેમથી રસોઈ બનાની દેતા હતા. પહેલે દિવસે ગુજરાત-અમદાવાદ અને આસપાસના પ્રદેશના હરિભક્તોએ બધાએ ભેળા મળીને રસોઇ કરાવી. સાકરનું સીધું અપાવ્યું. શ્રી હરિને અને સંતોને પ્રેમથી જમાડ્યા. ખૂબ જ સરસ રીતે પૂજા કરી. નાનાભાઈ મહેતા જે મેવાડા વિપ્ર કરજીસણ ગામમાં રહેતા હતા. તે રસોઇ બનાવવામાં મુખ્ય રહેતા. પહેલી રસોઈમાં તેમણે મોતીચૂરના લાડુ બનાવ્યા હતા પછી બીજે દિવસે ચરોતરના હરિભક્તોએ રસોઈ દીધી.

બીજી રસોઈમાં જલેબી કરી અને તેમાં ભાઈ રામદાસજી સ્વામી મુખ્ય રહ્યા હતા. ત્રીજી રસોઇ કાઠિયાવાડના હરિભક્તોની હતી તેમાં મુખ્ય કારિયાણીના માંચા ખાચર હતા. રસોઈમાં દૂધપાક અને માલપૂડા કર્યા. ચોથી રસોઈ બધા ઝાલાવાડના હરિભક્તોની કરી હતી. તેમાં મેથાણના અજા પટેલ મુખ્ય રહ્યા હતા. અને રસોઈમાં બરફી કરી હતી. તે જોઇને ઘનશ્યામ શ્રીહરિ રાજી થયા હતા. પાંચમી રસોઇ કચ્છના હરિભક્તોની હતી. રસોઈમાં અતિશય પ્રેમભાવથી તેમણે વિવિધ પ્રકારના ઘેબર કરાવ્યા હતા. તે રસોઇમાં સુંદરજીભાઈ સુતાર અને ગંગારામ મલ્લ મુખ્ય રહ્યા હતા. જેમણે શ્રીહરિને ઘણીવાર જમાડીને પ્રસન્ન કર્યા હતા.

સુખનિધિ શ્રીહરિ સરસ્વતી નદીમાં ચાર દિવસ નાહ્યા અને બિંદુ સરોવરમાં એક જ વાર જઈને નાહ્યા. હતા. સંતોને અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ ઉમંગભેર નાહ્યા હતા. હાથી, ઘોડા, રથ, મ્યાના જે સવારીમાં હતા તે બધાને લઈને બધા વાજિંત્રો વાગતાં હતા તે રીતે બિંદુ સરોવર ગયા અને પાછા આવ્યા. પુરવાસી લોકોને બધાને દર્શન દીધાં. આમ ચાર દિવસ સુધી પુરના હરિભક્તોએ ઘણા ઉત્સાહથી શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી હતી.

- **શ્રીહરિએ સિદ્ધપુરમાં વિપ્રોની ચોરાશી કરી**

શ્રીહરિએ પાંચમે દિવસે સિદ્ધપુરમાં વિપ્રોને બોલાવ્યા. સરસ્વતી નદીને કિનારે બ્રાહ્મણોની મોટી ચોરાશી કરાવી. નાના મોટા બધાને જણ દીઠ શેર સાકર અને શેર ઘી આપ્યું. વળી ફરી વાર પણ વગર માપે ઘી આપ્યું. આવી રીતે ચોરાશી કોઈએ કરી નથી. સરસ્વતીને કિનારે એક કોશ જેટલા વિસ્તારમાં અપાર વિપ્રો બાઈ ભાઈ ભેળા થયા. જેને જેવો ભાવ, ઘી ઠારીને લાડુ બનાવ્યા. શ્રીહરિએ વિવિધ પ્રકારના તેજાના લાડુમાં નખાવ્યા. છતાં વિપ્રો જમવા બેઠા ત્યારે ઉપરથી ધારે ઘી પિરસાવ્યું જ્યારે દિવસ ચાર ઘડી બાકી હતો. વિપ્રો

બધા જમી રહ્યા હતા. જમતા તેમની પૂજા કરી અને એક એક રૂપિયાનું દાન આપ્યું.

- **સિદ્ધપુરમાં શ્રીહરિએ કાકાભાઈનો કલકલીયો ઘોડો દાનમાં આપ્યો.**

સંવત ૧૮૬૨ની સાલમાં પ્રથમવાર શ્રીહરિ સિદ્ધપુરમાં સમૈયો કરવા માટે ભુજથી સંતો-પાર્ષદો, રાજાઓ, સાથે ચાલ્યા તે ધનાળા, દેરીયાળી, માનસર, હળવદ, ધ્રાંગધ્રા, થઈ મેથાણ પધાર્યા. ત્યાં દશ રાત્રી રહ્યા પછી કહ્યું અમારે સિદ્ધપુર જઈ સમૈયો કરી યજ્ઞ કરવો છે. તમો સર્વે ત્યાં દર્શન કરવા આવજો.

બીજે દિવસે મહારાજ મેથાણથી ચાલ્યા તે ખેરવા, રામગ્રી, વિરમગામ, રામપુર, ભંકોડા, ઊંઝા, બિલીયા થઈ સિદ્ધપુર પધાર્યા, અને ગામોગામ કંકોત્રી મોકલી અને જે તિથિએ યજ્ઞ કરવો હતો, તેના ખબર આપ્યા હતા.

કાકાભાઈ તથા પૂંજાભાઈ જીજીબાની રજા લઈ સિદ્ધપુર સમૈયા દર્શન કરવા આવ્યા હતા. મહારાજ ત્યાં હવન-હોમ કરાવે છે. એવામાં દાન કરવાનો વિધિ આવ્યો. તે વખતે શ્રીજીએ પૂંજાભાઈ તથા કાકાભાઈ પાસે માણસ મોકલી એમનો ઘોડો (કલકલિયો) મંગાવ્યો. કાકાભાઈએ ઘોડા પર સામાન તથા પોતાનો ખડિયો, વાસણ, પહેરવાનાં લૂગડાં જે ખડિયામાં હતા તે સહિત માણસ સાથે મોકલી આપ્યો. મહારાજે તે ઘોડો સામાને સહિત બ્રાહ્મણને દાનમાં આપી દીધો.

સંઘમાં એ વાતની ચર્ચા થવાથી કાકાભાઈ તથા પૂંજાભાઈને સવારમાં ખબર પડી કે એમનો ઘોડો મહારાજે દાનમાં આપી દીધો, તે સાંભળી બંને ભાઈઓએ મહારાજ પાસે આવી કહ્યું. મહારાજ ઘોડો તો ભલે આપ્યો પણ અમારા રાંધવાના વાસણ, લૂગડાં વગેરે ખડિયામાં હતાં તે મહારાજ કહે છે સાધુ સાથે બેસી પતર લ્યો.

બ્રાહ્મણને આપ્યું દાન પાછું ન લેવાય. એમ કહી શાંત કર્યા. આવી રીતે ત્યાં ઘણા દિવસ રહી બ્રાહ્મણ તથા સંઘને જમાડી લીલા કરી. પછી સર્વ હરિ ભક્તોને રજા આપતા હતા. *(સદ્. શ્રી તદ્રૂપાનંદસ્વામીનીવાતો-વિશ્રામ ૫૭)*

- **શ્રીહરિએ વિપ્રોને ખૂબ જ રાજી કર્યા.**

વિપ્રોમાં પણ જે મુખ્ય હતા તે વિપ્રને પાસે બોલાવીને સુવર્ણના સાજથી શણગારેલો એક અશ્વ દાનમાં આપ્યો. અને તે સિવાય બીજા વસ્ત્ર તથા આભૂષણો પણ ઘણા આપ્યા. પછી વિપ્રોએ પોતાની જ્ઞાતિને સમુહમાં જમવા માટે રાંધવાના મોટા ત્રાંબાના વાસણ માગ્યા, ત્યારે શ્રીહરિએ તેમના કહ્યા પ્રમાણે વાસણ ઘણા પ્રેમથી લઈ આપ્યા. કેટલાક વિપ્ર બટુઓને યજ્ઞોપવીત અપાવી અને કેટલાક કન્યાદાન પણ કરાવ્યા. વિપ્રો ખૂબ જ પ્રસન્ન થયા અને શ્રીહરિને તે વિપ્રો આશીર્વાદ આપવા લાગ્યા. તમારી કીર્તિ દિન પ્રતિદિન વૃદ્ધિ પામો, તમારી કીર્તિ ક્યારેય થોડી પણ ખંડિત નહિ થાય. આ ભૂમિ જયાં સુધી છે ત્યાં સુધી કીર્તિ રાત દિન વધતી રહે. ''આસમુદ્રાન્તસત્કીર્તિ થાઓ'' જે અગિયાર રુદ્રો કહેવાય છે, તેનું સ્થાન સિદ્ધપુરમાં મોટું કહેવાય છે. ત્યાં રહેનારા. મઠધારી અતીતોને બોલાવીને શ્રીહરિએ જમાડ્યા.

- **શ્રીહરિએ સિદ્ધોનો ઉદ્ધાર કર્યો ને બિંદુસરોવર મૂર્તિમાન દર્શને આવ્યા ને શ્રીહરિએ તેમને વર આપ્યો.**

રુદ્રમાળ નામે આખા દેશમાં પ્રસિદ્ધ જે સ્થાન છે ત્યાં શ્રીહરિએ જઈને દર્શન દીધા. એકના ઉપર બીજો એમ અગિયાર માળ ઉપરા ઉપર છે. તે રુદ્રમાળ વિશ્વકર્માએ કર્યો છે. તેના વિના એ બની શકે નહિ. તે સિવાય બિંદુસરોવરના પાણીમાં કર્દમ ઋષિ તપ કરતાં હતાં. તેમના સિવાયના બીજા અનેક સિદ્ધો તપ કરતા હતા. તેને શ્રીહરિ જાણતા, પણ બીજાને તેની ખબર ન હતી.

સંતોને અને હરિભક્તોને લઈને શ્રીહરિએ બિંદુસરોવરમાં સ્નાન કર્યું. અને તત્કાળ જ સિદ્ધોનો જે ઉધ્ધાર થયો તે સહુએ દેખ્યું. કર્દમ ઋષિ અને બીજા અનંત સિધ્ધોને બદરિકાશ્રમમાં મોકલ્યા તે પર્વતભાઈ જેવાને પ્રકટ દેખાયું.

સિદ્ધપુરમાં જ્યારે શ્રીહરિ પધાર્યા ત્યારે કુમારિકા નદીથી ઉગમણી કોરે ખેતર છે તેમાં આંબલી નીચે મહારાજે ઉતારો કર્યો. પછી મહારાજને વાસ્તે ઢોલિયો ગાદલાં લાવ્યા અને ઘોડા સારું જોગાણ લાવ્યા અને રસોઈનો સામાન મંગાવ્યો. પછી થાળ તૈયાર થયો તે મહારાજ જમ્યા અને પછી સંતો તથા હરિભક્તોના સંઘને જમાડ્યા.

બીજા દિવસે મહારાજે ઘોડેસવાર થઈને સાથે અનેક અસવારોથી વીંટાઈને વાજતે ગાજતે આથમણી કોરે ત્રણ ગાઉ વટેશ્વર મહાદેવ નામે તીર્થ કહેવાય છે. ત્યાં પધારીને વસ્ત્રો ઉતારીને સ્નાન કર્યું. પછી સિદ્ધપુર સોંસરા થઈને પોતાના ઉતારે આવ્યા. ને બિંદુ સરોવરમાં સ્નાન કરવા ગયા. ત્યારે સરોવરમાં લીલ બહુ જોઈને સંતોએ કહ્યું: મહારાજ ! પાણી સારું નથી માટે પાણી માથે ચડાવી લઈએ. ત્યાં મૂર્તિમાન બિંદુ સરોવર પ્રગટ થઈને શ્રીહરિને પગે લાગ્યા. અને કહ્યું કે, અનેક પાપી લોકો અહીં આવી સ્નાન કરીને શુદ્ધ થાય છે. તેથી તેમના પાપોથી હું મલીન થયો છું. તેથી હું ઘણાં વર્ષોથી કોઈ સારા સંતપુરુષ કે જેમણે ભગવાનની મૂર્તિ ધારણ કરેલી હોય તેવા અહીં આવે અને સ્નાન કરે તો હું પવિત્ર થઈ જાઉં. પરંતુ આપ તો અક્ષરધામના મુક્ત સાથે સ્વયં ભગવાન પધાર્યા છો તે મારા માથે મોટી મહેર કરી છે. એમ સ્તુતિ કરી. પછી શ્રીહરિ સંતો સાથે બિંદુ સરોવરના ઈશાન ખૂણામાં સ્નાન લીલા કરી. પછી બિંદુ સરોવર પવિત્ર થતાં જ સરોવરનું પાણી શુદ્ધ અને સ્વચ્છ બન્યું. પછી બિંદુ

સરોવરે મહારાજની વસ્ત્ર, ચંદન, પુષ્પના હાર તથા અલંકારથી શ્રીહરિની પૂજા કરી. ને કહ્યું કે, મહારાજ ! હુ તમારી પાસે વરદાન માગું છું તે કૃપા કરી મને આપો. આજથી હવે કોઈ પાપી જીવ મારામાં સ્નાન કરશે તો પણ તે પાપ મને ન વળગે અને મારો મોક્ષ કરો. બિંદુ સરોવરની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, હે તીર્થદેવ ! આ મારી મૂર્તિ પ્રગટ છે તેને તમે તમારા આત્મામાં અખંડ ધારી રાખજો. તેથી તમને આવરણ નહિ થાય અને આ જગતનો પ્રલય થાય ત્યાં સુધી અહીં રહેજો અને તમારા જળમાં જે સ્નાન કરશે તે પાપી હશે તો પણ મોક્ષને પામશે. માટે એવો પરોપકાર પ્રલય થાય ત્યાં સુધી કરજો પછી મારા અક્ષરધામમાં તમને સેવામાં રાખીશ.

● **શ્રીહરિની મૂર્તિ જોઇ ઘણા મુમુક્ષુઓને ત્યાં સમાધિ થઇ.**

ત્યારબાદ શ્રીહરિએ બ્રાહ્મણોને બોલાવ્યા. અતિ હર્ષ વડે સોનું રૂપું ને વસ્ત્ર, ઘરેણાં, ગાયો, ઘોડાના દાન બ્રાહ્મણોને આપ્યા. પછી રાત્રે કથા-કીર્તન કરે છે ને જાગરણ કર્યું તે સમે શ્રીહરિની મૂર્તિ જોઇ. ઘણા મુમુક્ષુઓને ત્યાં સમાધિ થઈ ને તેમને કોટી કોટી સૂર્યના પ્રકાશે યુક્ત તેજોમય અક્ષરધામ જોયું ને શ્રીહરિની મૂર્તિના સુખમાં જોડાઈ ગયા ને પછી શ્રીહરિએ તેમને બળાત્કારે પાછા સમાધિમાંથી બહાર લાવ્યા ને બ્રહ્મધામ ને કોટી મુક્તોએ સહિત શ્રીહરિનું તથા સુખનું વર્ણન કરે છે. બીજા દિવસે એટલે કે મહા વદી ૧૨ દ્વાદશીના દિવસે સરસ્વતીમાં મધુપાવડિયા સ્થાને જઇને સ્નાન કર્યું.

પછી પોતે સુંદર યજ્ઞ મંડપ રચાવ્યો. અને વેદવિધિ સહિત અખંડ દેવ બ્રાહ્મણનું આહ્‌વાન કર્યું. ને હુતદ્રવ્ય ને ઘીથી હોમ કરાવ્યો ને યજ્ઞ પૂર્ણ કરીને બ્રાહ્મણોને ભોજન કરાવ્યા અને સંઘને જમાડ્યો. તથા દક્ષિણા ખૂબ જ આપી. ને સભામાં શ્રીહરિએ સિદ્ધપુરનો મહિમા કહ્યો.

- **શ્રીહરિએ સિદ્ધપુરમાં સમાધિ દ્વારા પોતાનું સર્વોપરીપણું બતાવ્યું**

આવી રીતે શ્રીહરિ ભગવાનની વાર્તાને સાંભળી આકાશ માર્ગે ઉડતા વિમાનમાં બેઠેલા બ્રહ્માદિક દેવો પરમ આનંદ પામતા હતા, શ્રીહરિ ભગવાનની ઉપર પણ પુષ્પની વૃષ્ટિઓ કરતા હતા તથા અલૌકિક આશ્ચર્ય જોઈને સર્વ સભાસદો પણ એકદમ સમાધિ મગ્ન થઈ ગયા. અને તેમાં અપાર તેજના સમુહને જોતા હતા, તેમાં જે કૃષ્ણના ઉપાસકો હતા, તે મોરલી છે હાથમાં જેમને એવા રાધિકા સહિત દ્વિભુજ કૃષ્ણરૂપે શ્રીહરિનાં દર્શન કરતા હતા તથા બીજા જેના જેના ઉપાસકો હતા તે સર્વે પણ પોતપોતાના ઐશ્વર્ય યુક્ત ઈષ્ટદેવોના હૃદયને વિષે દર્શન કરીને પરમ આનંદ પામી પોતાના આત્માને પૂર્ણકામ માનતા હતા. ત્યારબાદ શ્રીહરિ ભગવાને મૃતકની માફક પડેલા સમાધિનિષ્ટ જનોને પોતાની દૃષ્ટિ માત્રથી તત્કાળ સમાધિમાંથી જ્યારે જગાડ્યા ત્યારે જાગેલા તે સર્વપુરુષો આશ્ચર્ય પામતા પોતપોતાના હૃદયને વિષે જોયેલ ઐશ્વર્યને પરસ્પર કહેતા હતા અને સર્વ સ્વરૂપોને ધારણ કરનારા, સાક્ષાત શ્રીહરિને જાણી પોતપોતના સંપ્રદાયો તથા ગુરુઓનો ત્યાગ કરી શ્રીહરિ ભગવાનનો પરમ આશ્રય કરતા હતા. તથા મહાનુભાવાનંદ આદિક સંતો પણ શ્રીહરિનું અદ્‌ભૂત ઐશ્વર્ય જોઈને સાક્ષાત્ ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા.

- **સિદ્ધપુરમાં અપાર સુખ આપીને શ્રીહરિ ત્યાંથી ઊંઝા પધાર્યા**

શ્રીહરિ સિદ્ધપુરમાં પાંચ દિવસ રહ્યાં અલૌકિક સમૈયો થયો. જ્યારે સંધ્યા સમય થતો ત્યારે 'નારાયણ ધૂન' કરતા. ધૂનની સાથે તાલ અને મૃદંગ આદિ વાજિંત્રો વાગતા. શ્રીહરિના દર્શન કરવાથી તો ઘણો જ ઉમંગ થતો હતો. મધરાતે અને સવારે દોઢ પહોર ધૂન શ્રીહરિએ તે દિવસ કરી હતી.

શ્રીહરિ છઠ્ઠે દિવસે ત્યાંથી નીકળવા તૈયાર થયા. આવ્યા ત્યારે જે રીતે બધી સવારી આવી હતી તેવી જ જતી વેળાએ પણ બધી સવારી આવી હતી. શણગારેલા હાથીને લઈને હાકેમ આવ્યા હતા. હાથી ઉપર સોનાની બનાવેલી અંબાડી મૂકી હતી. હાકેમે આવીને પ્રાર્થના કરી. શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા સ્વયં હાકેમ ચામર કરવા લાગ્યા. શ્રીહરિ સાથે જે સવારી હતી અને સંઘ હતો, તે બધા સિદ્ધપુર શહેરની વચ્ચે ચાલ્યા. સંતો અને હરિભક્તોની રીત (વર્તન) દેખીને પુરવાસી લોકોના મનમાં ઘણો જ પ્રેમ થયો. શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે ત્યાં હજારો પુરવાસી લોકો ઊભા હતા. શ્રીહરિ જ્યારે સિદ્ધપુર શહેરમાંથી ચાલ્યા ત્યારે પુરવાસી લોકો ઉદાસ થઈ ગયા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા અને શ્રીહરિના ઉપર પુષ્પ વૃષ્ટિ થતી હતી.

પુરવાસીઓને દર્શન આપતા શ્રીહરિ શહેરની બહાર નીકળી ગયા. પા કોશ જેટલું ચાલ્યા હશે પછી શ્રીહરિ હાથી ઉપર થઈ નીચે ઊતરી ગયા. હાકેમ વિનયથી હાથ જોડીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બોલ્યા કે આ સિદ્ધપુર ધામ આપનું જ છે. ફરિવાર આવીને મને દર્શન આપજો. શ્રીહરિએ પ્રસન્નમુખે તેમને પ્રેમથી બોલાવીને રાજી કર્યા. સહુના પ્રેમથી પ્રસન્ન થઈને ચાલ્યા અને ઊંઝામાં આવીને રાત રહ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૪૬)*

**(૨) શ્રીહરિ બીજા સ્વરૂપે સંઘ સહિત ગઢપુરથી સિદ્ધપુર પધાર્યા.**

કારિયાણીના માંચા ખાચર, ગઢપુરના એભલ ખાચર અને બોટાદના હમીર ખાચર, તેઓ ભાયાતો થતા હતા અને અરસપરસ સ્નેહી અને મિત્ર હતા. સં.૧૮૬૧માં શ્રીહરિ કારિયાણી ગામ પધાર્યા. ત્યાંથી ગઢપુરમાં આવ્યા. ત્યારે એભલ ખાચરના કહેવાથી નજીકના

ઘણા દરબારો શ્રીફળ લઈ શ્રીહરિનાં દર્શને જતાં. બોટાદના હમીર ખાચર પણ પાણી વિનાનું જેવું તેવું શ્રીફળ લઈ તેમની સાથે ગઢપુર આવ્યા. શ્રીહરિએ તેમનું નાળિયેર માંગ્યું અને ભગુજીને કહ્યું કે, 'આ શ્રીફળ તોડી પાણી કાઢો પછી શેષ કાઢી હમીર ખાચરને જમાડો!'

દરબારને ખબર હતી કે, 'પોતાનું શ્રીફળ ખરાબ હતું, પરંતુ ભગુજીએ વધેરી પાણી કાઢ્યું તો લોટો ભરાય એટલું પાણી નીકળ્યું.' શ્રી હરિએ તે પાણી હમીર ખાચરને પાયું. ત્યાં તેમનું અંતર ટાઢું થઈ ગયું. પરમ શાંતિનો અનુભવ થયો. પછી શ્રીફળની શેષ જમી પ્રસાદીભૂત ટોપરું પણ તેમને આપ્યું. આ પ્રસાદી જમવાથી હમીર ખાચરમાં પરિવર્તન થયું.

શ્રીહરિએ તેમને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. પછી તેઓ બોટાદ આવ્યા. થોડા સમય બાદ તેમણે શ્રીજીમહારાજને બોટાદમાં તેડી લાવવા માટે પોતાના પુત્ર દાહાખાચરને ગઢપુર મોકલ્યા.

ત્યારે મહારાજ કહે, "અત્યારે ઉત્તર ગુજરાતના સિદ્ધપુર શહેરમાં સમૈયો કરવાની કંકોત્રીઓ લખાઈ ગઈ છે, એટલે અમારે ત્યાં જવું પડશે. પરંતુ મારી બદલીમાં "આ મોટા વ્યાપકાનંદ સ્વામીને તેડી જાઓ, તે ત્યાં આવી તમોને ધર્મ, જ્ઞાન અને ભક્તિસભર વાતો કરી સુખ આપશે."

એટલે દાહા ખાચર શ્રીહરિને બદલે સં. ૧૮૬૨માં માગશર માસમાં સદ્ શ્રીવ્યાપકાનંદ સ્વામીને તેડીને બોટાદ આવ્યા. દરબાર હમીર ખાચરે સ્વામીનું ખૂબ સન્માન કર્યું. પોતાના એક ડેલીબંધ ફળીવાળા મોટા અલાયદા ઓરડામાં ઉતારો આપ્યો. *(ભક્ત આખ્યાન. પ્રકરણ ૩ - અધ્યાય-૨)*

● **શ્રીહરિનું સિદ્ધપુર જવા ગઢપુરથી પ્રયાણ.**

સંવત ૧૮૬૨ની સાલમાં સિદ્ધપુરમાં શિવરાત્રીનો સમૈયો કરવા માટે શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ સાથે ગઢપુરથી ચાલ્યા

તે ઝીંઝાવદર, સરલી, કારિયાણી, સારંગપુર, સુંદરિયાણા, રામપરા, વઢવાણ થઈ મેથાણ પધાર્યા. પૂંજાભાઈ તથા કાકાભાઈના ઘેર ઊતર્યા. ત્યાં ચાર દિવસ રહીને પૂંજાભાઈ તથા કાકાભાઈને સાથે લીધા, અને ચાલ્યા તે રસ્તામાં મહારાજ કહે : પૂંજાભાઈ, આ ઘોડો તમો અમને આપશો ? ત્યારે પૂંજાભાઈએ હા કહી. પછી તો મહારાજ ગામો ગામ દર્શન દેતા સિદ્ધપુર પધાર્યા. કુમારિકા નદીથી ઉગમણી કોરે ખેતર છે. તેમાં આંબલી નીચે મહારાજે ઉતારો કર્યો. પછી મહારાજને વાસ્તે ઢોલિયો ગાદલાં લાવ્યા અને ઘોડા સારું ઘાસ ને જોગાણ લાવ્યા અને રસોઈનો સામાન મંગાવ્યો. પછી થાળ તૈયાર થયો તે મહારાજ જમ્યા અને પછી સંતો તથા હરિભક્તોના સંઘને જમાડ્યા.

બીજા દિવસે મહારાજ ઘોડેસવાર થઈને સાથે અનેક અસવારોથી વીંટાઈને વાજતે ગાજતે આથણણી કોરે ત્રણ ગાઉ વટેશ્વર મહાદેવ નામે તીર્થ કહેવાય છે ત્યાં પધારીને વસ્ત્રો ઉતારીને સ્નાન કર્યું તે સમયે બ્રાહ્મણો ચાંદલો કરવા આવ્યા અને મહારાજને વેદમંત્રોચ્ચાર સાથે ચાંદલો કર્યો ત્યારે મહારાજે પૂંજાજીને કહ્યું જે તમારો ઘોડો લાવો. પછી મહારાજને ઘોડો લાવીને આપ્યો. પછી ચાંદલો કરનાર બ્રાહ્મણને મહારાજે ઘોડો દાનમાં આપ્યો. પછી મહારાજ હરિભક્તોને કહે બધા જ સ્નાન કરીને બ્રાહ્મણને દક્ષિણા આપો. પછી મહારાજ વસ્ત્ર પહેરીને સંઘ સાથે ચાલ્યા તે સિદ્ધપુર શહેર સોંસરા થઈને પોતાના ઉતારે પધાર્યા પછી મહારાજ બીજા દિવસે અસવાર થઈને બિન્દુ સરોવરે પધાર્યા. *(સદ્ શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૫)*

**(૩) સિદ્ધપુરમાં મંદિર કરાવવાનો શ્રીહરિનો સંકલ્પ.**

સંવત ૧૮૬૨ના વૈશાખ સુદમાં શ્રીહરિ શ્રીનગરથી સંતો, પાર્ષદો સાથે ચાલ્યા તે મોટેરા, ઉવારસદ, આદરજ, ગેરીતા,

વીસનગર, વડનગર થઈ સિદ્ધપુર આ વર્ષમાં ત્રીજીવાર પધાર્યા. ચોપદાર ભગવાનજીએ ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને જમાડીને લાભ લીધો. પછી બીજે દિવસે સરસ્વતીમાં નાહીને રુદ્રમાળ જોવા પધાર્યા ને તેને જોઈને પોતે બોલ્યા જે આપણે અહીં મંદિર કરાવવું છે એમ કહીને ઉતારે પધાર્યા ને પછી સર્વ હરિભક્તોની સેવાને અંગિકાર કરીને ત્યાંથી પાટણ પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૬૨ની લીલા)*

- **બ્રહ્માજીએ પુત્રી સરસ્વતીને કહ્યું કે, તારો અને સર્વાવતારી શ્રીહરિનો મેળાપ કળિયુગમાં સિધ્ધપુરમાં થશે**

શ્રી સરસ્વતીદેવી કેહ છે કે હે નારાયણ ! મારા પિતા જગત સૃષ્ટા બ્રહ્માજીએ મને અમૃત વચન આપ્યું હતું કે હે દેવી ! કળિયુગમાં અંત કોટી બ્રહ્માંડોના સ્વામી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ લોકમાં પ્રાદુર્ભાવ પામશે અને પોતાના અનંત મુક્તોએ સહિત તીર્થોત્તમ સિધ્ધપુર ક્ષેત્રમાં તારો અને સર્વાવતારી શ્રીહરિ-મહાપ્રભુનો પ્રથમ મેળાપ થશે એમાં જરા પણ તું ચિંતા કરીશ નહિ. આ મારા વચનમાં લેશ માત્ર પણ શંકા રાખવી નહી. એટલા માટે હે શ્રીહરે ! હવે આપ અવતારી પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈને મારા પિતાના વચન પ્રમાણે મને પાવન કરવા બિંદુ સરોવર કિનારે રહેલી સરિતા (સરસ્વતી)ને પોતે સ્નાનના નિમિત્તે અહિંયા મને દર્શન આપવા પધાર્યા છો.

- **શ્રીહરિએ સરસ્વતીદેવીને આપેલ વરદાન**

સરસ્વતી દેવીએ મૂર્તિમાન પ્રથમ આવીને ભગવાન શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ પ્રાર્થના કરી. ત્યારે ભગવાન શ્રીહરિએ પ્રસન્ન થઈને સરસ્વતી દેવીને વરદાન આપતા મર્મ વચન બોલ્યા જે હે સરસ્વતી ! આ લોકમાં અમારા સ્વરૂપનું દર્શન થવું એ તો મહદ્

ભાગ્યશાળી પુરુષોને જ થાય છે પણ બીજાને તો હું દુર્લભ છું, અમોએ દરેક તીર્થોને અમારા સ્વરૂપનાં દર્શન આપીને પાવન કર્યા છે ને તે અમારી ઈચ્છાથી અમારા ભક્તોનો જેવો પ્રેમભાવ હોય તેવા પ્રમાણે દર્શન આપીએ છીએ. માટે હે સરસ્વતી ! તમારા જળમાં જે કોઈ પુણ્યશાળી જીવાત્માં આવીને મહિમાએ સહિત અમારા સ્વરૂપનું નામ સ્મરણ કરતો થકો સ્નાન વિધિ કરશે અને પુણ્યદાન કરશે તે જીવાત્મા નિશ્ચય અમારા નિત્ય આનંદ આપનારા પવિત્ર અક્ષરધામમાં સદાને માટે નિવાસ કરશે. અને તમો પણ જ્યાં સુધી આ દિવ્ય વસુંધરા રહે ત્યાં સુધી અહિંયા અખંડ નિવાસ કરશો. જ્યારે આ સૃષ્ટિનો પ્રલય થશે ત્યારે અમો તમને અમારા ધામમાં અવિનાશી સુખના ભોક્તા બનાવીશું. આ પ્રમાણે ભગવાન શ્રીહરિ મહાપ્રભુએ મૂર્તિમાન થયેલા સરસ્વતી દેવીને પોતાના સ્વરૂપનું દર્શન આપીને તથા વરદાન આપીને કૃતાર્થ કર્યા. ત્યારબાદ વરદાન પામેલા દેવીએ પોતાનું સ્વરૂપ સમાવી લીધું.

ત્યારે સર્વે સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને હરિભક્તોએ ભગવાનના પ્રાર્થના કરતાં કહ્યું જે હે મહારાજ ! પવિત્ર નદીને વિષે કોણ આવ્યું હતું. ત્યારે ભગવાને કહ્યું જે હે ભક્તો ! એ તો અમારી ઈચ્છાથી સાક્ષાત્ સરસ્વતી દેવી મૂર્તિમાન અમારા સ્વરૂપના દર્શન કરવા માટે હંમેશા આવે છે. પણ આજે અમારી ઈચ્છાથી તમોને એમના દર્શન થયા. ત્યારે સર્વે હરિભક્તો એકી અવાજે બોલ્યા જે હે મહારાજ ! તીર્થો મૂર્તિમાન છે. તેવી અમને આજે જાણ થઈ.

આવી રીતે સ્નાન કરતાં કરતાં સમય થયો. ત્યારે ભગવાને સર્વેને આજ્ઞા કરી કે હવે આપણે સર્વે ઉતારા પ્રત્યે ચાલો. આ પ્રમાણે ભગવાન શ્રીહરિ મહાપ્રભુએ બ્રહ્માની માનસપુત્રી અને મહર્ષિ નારદની બહેન સરસ્વતી દેવીનું સર્વથી અધિક માહાત્મ્ય સર્વે

હરિભક્તોને જણાવ્યું. ત્યારબાદ ભગવાન શ્રીહરિ ઉતારે પધાર્યા અને સાંજના સમયે બિંદુ સરોવરે સભા રાખેલી હતી ત્યાં પધાર્યા. *(દંઢાવ્યદેશ દર્શન)*

- **સિધ્ધપુરમાં શ્રીહરિની પૂજા મૂર્તિમાન સરસ્વતીએ આવીને કરી**

ભગવાન શ્રીહરિ મહાપ્રભુ પવિત્ર વૈશાખ માસની શુક્લ પક્ષની દશમના દિવસે વડનગરથી સિધ્ધપુર પધાર્યા. તેના બીજા દિવસે એકાદશીના શુભ બ્રાહ્મમૂહૂર્તમાં સરસ્વતી નદીને પુનિત કરવા માટે સ્નાન વિધિ કરવા સર્વે સંત-હરિભક્ત સહિત સરસ્વતી નદી ઉપર પધાર્યા. ત્યારે સરસ્વતી દેવી પોતાના સ્વામી એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને આવતા જોઈને પોતે મૂર્તિમાન થઈને સુવર્ણમય થાળમાં ષોડશોપચાર પૂજા સામગ્રી લઈને ઈષ્ટદેવની સમીપે આવ્યાં. જાણે પોતાના અક્ષરધામમાંથી સાક્ષાત્ લક્ષ્મીની પૂજા સેવાનો લાભ લેવા પધાર્યા હોય તેવાં શોભતાં હતાં. પ્રથમ પોતાની મર્યાદા પ્રમાણે પંચાંગ પ્રમાણે નમસ્કાર સ્તુતિ પ્રાર્થના વગેરે ષોડશોપચાર વિધિ પ્રમાણે મહાપૂજા તેમજ આરતી ઉતારી. અને ગદ્ગદ્ કંઠે થઈને સ્તુતિ પ્રાર્થના કરતાં સરસ્વતીદેવી બોલ્યા જે હે મહારાજ ! આપશ્રીએ મને ઘણા વર્ષે દર્શન આપીને પાવન કરી.

- **સિદ્ધપુરના ભક્તજનોને વડતાલમાં શ્રીહરિના પ્રાગટ્યોત્સવમાં દર્શન-પૂજનનો લાભ.**

સંવત્ ૧૮૬૨ના ચૈત્ર સુદ નવમી જે શ્રીહરિનો પ્રાગટ્યોત્સવ પ્રસંગે વડતાલમાં મોટા ધામ ધૂમ પૂર્વક ઉત્સવ કરેલો તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા દેશોદેશના હરિભક્તોના સંઘો આવેલા તેથી હરિભક્તોની ભારે ભીડ થઈ તેથી રાજાઓ ભીડમાં આવી ગયા. હરિભક્તોને શ્રીહરિ ઉપર એટલું તાન કે મૂર્તિ દેખીને ભાન

ભૂલી જતા. છડી પછાડીને શ્રીહરિ હાં હાં કરતા પણ તે જોઈ શકતા નહિ, એવું અપાર હેત હતું. જુદા જુદા ગામના હરિભક્તો ધીરજ ખમી શક્યા નહિ. શ્રીહરિએ રાજાઓને બોલાવી પોતાની પાછળ બેસાડી દીધા. પછી ડુંગરજી જેવા પાર્ષદોને આયુધ વિના બોલાવ્યા. શાર્દુલ, સગરામ, ઉમાભાઈ, જૂંસજી, જગમાલ વગેરેને બાઈઓની બાજુ રખેવાળ તરીકે રાખ્યા. તેમણે જોરથી હરિભક્તોને અટકાવ્યા અને એક પછી એકને પૂજા કરવા જવા દેતા તેથી ભીડનું દુઃખ મટી ગયું અને પૂજા કરવાનું સુખ આવ્યું. સવારથી મધ્યાન સુધી તે પ્રમાણે પૂજા કરવાનો લાભ મળ્યો. તેમાં સિદ્ધપુરના હરિભક્તો પૂજા કરવા આવ્યા તે સૌએ શ્રીહરિને સોનાનાં વસ્ત્ર, આભૂષણ, ચંદન, ચર્ચીને પહેરાવ્યાં. આરતી સ્તુતિ કરી ચરણમાં કેસર, ચંદન ચર્ચીને પોતાના મસ્તક અને નેત્ર પર લીધાં. શ્રીહરિએ સૌને પ્રસાદીના હાર આપ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૮ તરંગ-૬૭)*

● **ડભાણ યજ્ઞમાં સિદ્ધપુરના વિપ્ર ભક્તો.**

સંવત ૧૮૬૬ના પોષ સુદ-૧ થી ૧૫ સુધી મોટો હરિયાગ કર્યો હતો. તેમાં શ્રીહરિએ દેશદેશના સંતો-હરિભક્તોને પત્ર લખી બોલાવ્યા હતા. વડોદરા, ઉજ્જૈન, દ્વારકા, સુરત અને સિદ્ધપુરના વિપ્રો પણ મોટો યજ્ઞ સાંભળી આવ્યા. ગામની ચારે બાજુ અર્ધો અર્ધો ગાઉ સુધી બ્રાહ્મણો ઉતર્યા હતા. સરોવરથી ઉત્તર બાજુ મેદાનમાં એક હજાર વિપ્રો લાડુ બનાવતા હતા. રોજ હજાર મણ લોટ વપરાતો હતો. *(શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર-૧૩ તરંગ-૧૦)*

● **વૌઠાને મેળે - શ્રીહરિના દર્શન-પૂજનનો લાભ**

સંવત્ ૧૮૬૮ની સાલમાં કારતક સુદ ૧૪-૧૫ના રોજ વૈઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો તેમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના ભક્તો આવ્યા હતા. તેમાં સિદ્ધપુરના

હરિભક્તો પણ આવ્યા હતા ને શ્રીહરિની મહાપૂજાનો તથા દર્શનનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪ તરંગ-૫૧)*

- **શ્રીહરિને મળેલા સિદ્ધપુરના મહદ્‌ભાગી ભક્તજનો.**

પ.ભ.શ્રી નથુરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ભગવાનભાઈ ચોપદાર
પ.ભ.શ્રી નાચિકેત ભક્ત
પ.ભ.શ્રી ચતુરીબાઈ ભાવસાર
પ.ભ.શ્રી ઝુમખરામ વણિક
પ.ભ.શ્રી દલશા ભક્ત
પ.ભ.શ્રી બહેચરભાઈ ચોપદાર
પ.ભ.શ્રી રણછોડભાઈ (મંદિર બંધાવનાર)
પ.ભ.શ્રી નવાબ સાહેબ
પ.ભ.શ્રી હાકેમ સાહેબ
પ.ભ.શ્રી મયારામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ઈચ્છાબાઈ
પ.ભ.શ્રી ભગવાનજીભાઈ સોમપુરા
પ.ભ.શ્રી ચતુરીબાઈ

- **સિદ્ધપુરનું ગૌરવ**

શ્રીહરિ ધોળકાથી અમદાવાદ પધાર્યા ત્યારે શહેરમાં વધામણી થઈ તેથી શહેર સ્વચ્છ કરાવ્યું અને સાહેબે પોતાની પલટન તથા અંગ્રેજી વાજાં લઈને તથા હરિભક્તની સાથે સામૈયું કર્યું. તે સમયે શ્રીહરિના મસ્તક પર છત્ર ધારણ કર્યું હતું. અને કુબેરસિંહ છડીદાર તથા સિદ્ધપુરના ભગવાન સિંહજી છડી પોકારતા હતા. તે સમય એરન સાહેબ તથા ડનલોપ સાહેબ સામા આવ્યા અને મહારાજનો સત્કાર કર્યો. આવી રીતે સિદ્ધપુરના ભગવાનસિંહજી શ્રીહરિની સેવામાં રહીને સિદ્ધપુરનું ગૌરવ વધાર્યું છે. *(સદ્. શ્રી પ્રસાદાનંદસ્વામીની વાતો.-વિશ્રામ-૩૩)*

- **સદ્ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે.**

-: ચોપાઈ :-

*આદરોજનો અન્નકુટ કીધો રે, કર્જીસણે જેને લાવો લીધો રે. ॥*
*સિદ્ધપુરનો સમૈયો સુંદર રે, કર્યો અલબેલે આનંદભર રે. ॥૧૫॥*

*(પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર-૧૩)*

-: ચોપાઈ :-

*સિદ્ધપુર જાઈ કિયે સમૈયા, કરે ઉત્સવ સો જાત ન કૈયા ॥*
*કિયે ધૂના જમની કે જુગ જામા, પિછે પ્રભુજી પોઢે સુખધામ ॥૧૭॥*
*(નિષ્કુળાનંદકાવ્ય - હરિવિચરણમ્ વિશ્રામ-૫)*

- **કુમારિકા સરસ્વતીએ રામપ્રતાપભાઈને સ્નાન કરાવ્યું.**

એક સમયને વિષે રામપ્રતાપભાઈ સિદ્ધપુર ગયા ને સરસ્વતી નદીએ નાવા ગયા ત્યારે નદીમાં પાણી નહિ તેથી પોતે બોલ્યા જે, ‘‘અરે બ્રહ્માકી લડકી હમકું ક્યું નહિ નવરાવે ?’’ એમ કહીને નદીમાં જઈને બેઠા ત્યાં તો અચાનક ઢીંચણ જેટલો પાણીનો પ્રવાહ આવ્યો તેમાં પોતે તથા સર્વે હરિજન નાયા ને રામપ્રતાપ ભાઈનો તે પ્રતાપ જોઈને સર્વે વિસ્મય પામ્યા. *(શ્રી હરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૨૭)*

- **સિદ્ધપુરમાં ખુશાલભટ્ટે બે બાળકોને બચાવ્યા તથા વટલી ગયેલા બ્રાહ્મણોને પુનઃ બ્રહ્મત્ત્વ આપ્યું.**

એક વખત ખુશાલ ભટ્ટ પોતાના બ્રાહ્મણો સાથે સિદ્ધપુરની યાત્રા કરવા ગયા. ત્યાં સુરતથી ઘણા લોકોનો સંઘ પણ યાત્રા કરવા આવ્યો હતો. તે સર્વે તીર્થમાં સ્નાન કરવા ગયેલા. ત્યાંથી મુકામ ઉપર આવતા સંધ્યાકાળ વખતે તેમાંથી કોઈ બ્રાહ્મણના આઠ વર્ષના બે છોકરા ભૂલા પડી ગયા. તે રસ્તામાં રડતા હતા. તેમને બે વહોરા મળ્યા. તેમણે કહ્યું. કે છોકરા તમારા મા-બાપ શોધે છે. ત્યાં અમે તમને તેડી જઈએ. ચાલો અમારી સાથે એમ કહી થોડે છેટે રસ્તા ઉપર એક મસ્જિદ હતી. તેમાં તેઓને મુસલમાન કરવા તેડી ગયા. ત્યાં બીજા પચાસને આશરે વહોરા નમાજ પઢવા આવ્યા હતા. તે સર્વે મળી પેલા બે છોકરાને મલીદો ખવરાવી વટલાવવા સમજાવવા માંડ્યા. પણ તે છોકરા જનોઈ દીધેલા સમજણા હતા. તેથી માન્યું નહીં. એવામાં તે છોકરાના મા-બાપ ખોળતાં બૂમો પાડતાં, સરસ્વતીમાં

સ્નાન કરીને આવતા ખુશાલ ભટ્ટને મળ્યા. અને પોતાના છોકરા ભૂલા પડવાથી ક્યાંઇ જતા રહ્યા છે. તે વાત કરી, ખુશાલ ભટ્ટ (ગોપાળાનંદસ્વામી) અંતરદષ્ટિ કરી વહોરાની અવળાઈ અને દુષ્ટતા દીઠી. પછી પાસે એક શંકરનું ડેરું હતું, તેમાં જઇ બાણને પૂજા કરી કહ્યું કે પૂર્વે ત્રણસો વર્ષ ઉપર મુસલમાન બાદશાહ થયો હતો. તેણે અપાર બ્રાહ્મણોને જબરાઈથી વટલાવીને મુસલમાન કર્યા છે. આ શહેરમાં જેટલા લોટિયા વહોરા છે તે સર્વના પૂર્વજો પ્રથમ બ્રાહ્મણ હતા, તેમાં કોઇ ભટ્ટ, કોઈ શુકલ, કોઈ પંડ્યા, કોઈ ત્રવાડી, કોઈ અધ્યારું એવી અટકો હતી. તે અટકો આદ્યાપિ સુધી એ વહોરા લોકોમાં પ્રસિદ્ધ કહેવાય છે. તે વહોરા હમણાં પણ બ્રાહ્મણના છોકરાને વટાવી વહોરા કરવા મસ્જિદમાં લઈ ગયા છે અને તમે તો મહાસમર્થ છો મુનિવ્રત ધારી બેઠા છો. પછી તે જ વખતે બાણમાંથી શંકર પ્રગટ થઈ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી હસતા હસતા ભટનો હાથ ઝાલી બોલ્યા કે, ચાલો આપણે એ વહોરા બ્રાહ્મણના છોકરાને વટાવી મુસલમાન કરે છે તેને છોડાવીએ, વહોરાને બ્રાહ્મણ કરીએ.

એમ કહી ભટ્ટ તથા શંકર એ બે જણ તે મસ્જિદ પાસે આવીને ઊભા કે તરત તે મસ્જિદના કમાડ માંહીથી સાંકળ વાસી હતી તો પણ એની મેળે ઉઘડી ગઈ. ત્યાં તો બધા વહોરા છોકરાને મલીદો ખવડાવવા સમજાવતા હતા. તે એકદમ મૌન થઈ ગયા. પછી ખુશાલ ભટ્ટે પેલા બે છોકરાને બહાર બોલાવીને કહ્યું કે જાઓ પેલા તમારા મા-બાપ તમને ખોળે છે. તેને મળો. પછી તે છોકરા પોતાના મા-બાપને મળી પોતાના સ્થાનકે ગયા અને ભટ્ટ તથા શંકર તે બધાને કહ્યું કે, બહાર આવો અને આ બધા તમારા મા-બાપ તથા દાદા અને તેના દાદાના દાદા વગેરે તમારા પૂર્વજો કેવા સુખે ભોગવે છે ! એમ કહીને સર્વને સમાધિ કરાવી તત્કાળ જમપુરીમાં મોકલી દીધાં.

ત્યાં તેમના પૂર્વજો છ લાખ એંશી હજાર નરકના કુંડમાં પડેલા અતિ દારુણ કષ્ટ ભોગવતા અને ચૌદ કોટી મહાવિકરાળ જમના અસહ્ય માર વડે અપાર ચીસો પાડતા દીઠા. તે સર્વેને જગાડી સચેત કર્યા ત્યારે તે સર્વે વહોરાએ ભટ્ટને વિષ્ણુરૂપે દીઠા અને વિપ્રરૂપે હતા તેમને શંકરરૂપે દીઠા, તેથી પૃથ્વી ઉપર પડી અતિ દીન વાણીથી બોલ્યા કે મહારાજ ! હવે કૃપા કરી અમને સર્વેને બ્રાહ્મણ કરો. પછી તો તે બધા વહોરાએ દાઢીઓ કાઢી નંખાવી માથે ચોટલીઓ રાખી અને જનોઈઓ પહેરી કોઈ સામવેદી, કોઈ યજુર્વેદી, કોઈ અથર્વેદી, કોઈ ઋગ્વેદી છીએ એમ બોલતા રામ રામ, કૃષ્ણ, કૃષ્ણ, નારાયણ, નારાયણ, શિવ, શિવ એ રીતે રાત દિવસ અખંડ ભજન કરતા. *(શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણી પ્રકરણ-૨, અધ્યાય-૨)*

- **સિધ્ધપુરમાં શ્રીહરિએ વૈષ્ણવાનંદ સ્વામીને મહાદીક્ષા આપી.**

-: ચોપાઈ :-

*અંબારામ ત્રવાડી છે નામ, જેનો ધનાળા ગામે મુકામ ॥*
*સિદ્ધપુર ગયા તેની સાથે, અતિ હેતે બોલાવ્યા છે નાથે ॥૬॥*
*અંબારામનું પલટાયું અંગ, સદા રહ્યા શ્રીહરિ સંગ ॥*
*જાણ્યા ભૂદેવ વૈરાગ્ય વંત, તેથી રાજી થઈ ભગવંત ॥૭૦॥*
*વૈષ્ણવાનંદ નામ ઉચ્ચારી, દીક્ષા દઈ કર્યા બ્રહ્મચારી ॥*
*ધન્ય ઉજાળ્યું ધનાળા ગામ, એણે રાખ્યું અવિચલનામ ॥૭૧॥*

*(શ્રીપુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા ગુચ્છ-૬, પુષ્પ-૭૩)*

સંવત્ ૧૮૬૨માં મહારાજે (સિદ્ધપુરમાં અંબારામ ત્રવાડીને ભાગવતી દીક્ષા આપી બ્રહ્મચારી વૈષ્ણવાનંદજી નામ પાડ્યું. અને તેઓ ઘેર હતા ત્યારે પણ તેઓ સિદ્ધ દશાવાળા હતા. *(સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૬૦)*

સદ્. વૈષ્ણવાનંદજી સ્વામીએ શ્રીહરિની આજ્ઞાથી ભૂજનું મંદિર બંધાવ્યું હતું. તથા બિંદુ સરોવર પાસે પ્રસાદીની જગ્યાએ એક ઘૂમ્મટનું મંદિર બંધાવીને તેમાં ચિત્રપટની ઘનશ્યામ મહારાજની ઊભી મૂર્તિ છે. તેની પ્રતિષ્ઠા ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના હસ્તે થયેલી છે.

- **સિધ્ધપુરમાં પ્રસાદીના દર્શનીય સ્થાનો.**

**(૧) બિંદુ સરોવર :** પ્રાચીન સરોવર ચાર છે તેમાં સિદ્ધપુરના બિંદુ સરોવરની ગણના થયેલી છે. જેમાં શ્રીહરિએ સંતોએ સહિત બે વાર સ્નાન કરેલું છે. તે બિંદુ સરોવર મૂર્તિમાન શ્રીહરિના દર્શને આવ્યા હતા.

**(૨) તીર્થભૂમિ સિદ્ધપુર :** અહીં કર્દમ ઋષિએ બહુ દુઃષ્કર તપ કરેલું છે. તથા સિદ્ધોએ પણ તપ કરેલું છે. તેથી તપોમય ભૂમિ કહેવાય છે. સિદ્ધપુરમાં શ્રીહરિ ત્રણવાર પધાર્યા છે ને પોતાના પદરજથી પાવન થયેલું છે. ને અડસઠ તીર્થમાં જેની ગણના છે. નવ ઋષિઓનું સાસરું છે તથા ચોવીસ અવતારમાં કપિલ ભગવાનની પ્રાગટ્ય ભૂમિ છે. તેથી બહુ પ્રસાદીની પવિત્ર પુરાણો પ્રસિદ્ધ દર્શનીય ભૂમિ છે.

**(૩) રુદ્રમાળ :** પાટણપતિ રાજા સિદ્ધરાજ જયસિંહે વિશ્વકર્મા પાસે બંધાવેલો અજાયબી સમાન આજે શેષભાગ અસ્તિત્ત્વમાં છે. જ્યાં શ્રીહરિ બે વાર પધારી દ્રષ્ટિથી નિહાળ્યો છે.

(૪) **સિદ્ધેશ્વર મહાદેવ મંદિર** : સિદ્ધપુરમાં મહાદેવનું મંદિર બહુ પુરાણું છે. તથા બીજા મંદિરો, દેવાલયો બિંદુ સરોવરના કાંઠે આવેલા છે જે પ્રસાદીના છે.

(૫) **સામ્યપ્રાશ આશ્રમ** : સિદ્ધપુરથી સાત કિ.મિ. દૂર નદીના કિનારે સામ્યપ્રાશ આશ્રમ આવેલો છે. જ્યાં વ્યાસમુનિને શ્રીમદ્‌ભાગવત પુરાણ રચવાનો નારદ મુનિએ નિર્દેશ કર્યો હતો. ત્યાં વટેશ્વર મહાદેવનું મંદિર તથા પાંડવોની ગુફાઓ છે. ત્યાં પાંડવો બાર માસ રહ્યા હતા અને ત્યાં એક કુંડ આવેલો છે. ત્યાં શ્રીહરિ પધાર્યા હતા તેથી તે પ્રસાદીનું છે.

(૬) **સરસ્વતી નદી** : બ્રહ્માજીની પુત્રી સરસ્વતી જે જળરૂપે થઈને અહીં વહેતી થઈ તે પવિત્ર નદીઓમાં તેનો મહિમા બહુ ગવાય છે. આ નદીમાં માતા દેવહૂતિ પણ સિદ્ધગતિને પામ્યા પછી તેમનો દેહ પણ જળરૂપે થયો હતો. ત્યાં નદીને કિનારે બ્રાહ્મણોની ચોરાશી શ્રીહરિએ કરી હતી ને તેમાં પરમહંસોએ સહિત ખૂબ જ સ્નાન લીલા કરી છે.

(૭) **હરિ મંદિર** : અહીં ભૂજ મહંતશ્રી વૈષ્ણવાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી હતી અને તેમણે બિંદુ સરોવર પાસે પ્રથમ હરિ મંદિર પ્રસાદીના સ્થાને બંધાવીને આચાર્ય શ્રીવાસુદેવપ્રસાદજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી.

(૮) **જૂનું શિખરબદ્ધ મંદિર** : વારાહી માઢમાં આવેલું આશરે ૧૫૧ વર્ષ જૂનું મંદિર પ્રસાદીનું છે. તેની પ્રતિષ્ઠા પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કરી હતી. તે મંદિર સિદ્ધપુરના પ.ભ. શેઠ શ્રી રણછોડભાઈ ગલાભાઈએ પોતાના ખર્ચે બંધાવ્યું હતું.

(૯) **નૂતન શિખરબદ્ધ મંદિર** : સિદ્ધપુરમાં સરસ્વતી નદી પાસે હાઈવે રોડ ઉપર થયું છે. તેમાં જે જૂના મંદિરમાં બિરાજતા સ્વરૂપો અહીં નૂતન મંદિરમાં પ્રગટ દર્શન આપી ભક્તજનોના મનોરથો પૂર્ણ કરે છે. આ મંદિરના નિર્માતા સદ્. શ્રી પ્રેમસ્વરૂપદાસજીસ્વામીએ બંધાવેલ છે.

(૧૦) **પ્રસાદીના ગણપતિજી** : શ્રીજી પ્રસાદીના છે.

(૧૧) **કપિલમુનિનો આશ્રમ** : બિંદુસરોવર પાસે.

(૧૨) **કર્દમઋષિ તથા માતા દેવહુતિનો આશ્રમ** : બિંદુસરોવર પાસે બંને આશ્રમ પ્રસાદીના છે.

● **સિદ્ધપુરના રણછોડ ભગતને સ્વપ્નમાં શ્રીહરિએ મંદિર બંધાવવાનો આદેશ કર્યો.**

સિદ્ધપુરના વૈષ્ણવ રણછોડભાઈ ગલાભાઈ નગર શેઠ હતા. તેમને એક વાર પરોઢીએ સ્વપ્નમાં શ્રીહરિએ દર્શન દીધા અને કહ્યું ભગત તમે તમારા સિધ્ધપુર શહેરમાં મારું મંદિર કરાવજો. ‘‘પણ...તમે કોણ છો ? મારે તમને ક્યાં ગોતવા.’’ મંદિર બાંધવા માટે મને

દોરવણી કોણ આપે ? ભગત, તમને કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં રંગમહોલમાં મારી મુલાકાત થશે.

શેઠ તો ઘોડા ઉપર બેસીને અમદાવાદ કાલુપુર મંદિરે આવ્યા ને નરનારાયણદેવના દર્શન કર્યા મૂર્તિઓએ મંદ મંદ હાસ્ય કર્યું. મહાત્માજી રંગમહોલ ક્યાં આવ્યો ? શેઠે પૂછયું. સંતોએ કહ્યું સામે સભામંડપની અંદર. રણછોડભાઈ ત્યાં ગયા. રણછોડભાઈને જે મૂર્તિએ આદેશ આપ્યો હતો તે મૂર્તિના તેમને દર્શન થતાં અક્ષરધામની મૂર્તિને રણછોડભાઈએ દંડવત કર્યા.

ભગવાને ફરીથી સિદ્ધપુરમાં મંદિર કરવાનો આદેશ આપ્યો. ને અયોધ્યાપ્રસાદજી મહારાજને મળવા કહ્યું. પછી મહારાજશ્રીને મળીને સ્વપ્નાની વાત કરી. ત્યારે મહારાજશ્રીએ રણછોડભાઈને કહ્યું કે, તમે ભાગ્યશાળી છો. ભગવાને તમને બબ્બે વખત દર્શન આપ્યાં. અને સિધ્ધપુર જેવા યાત્રાના સ્થળે તમને મંદિર બાંધવાનો આદેશ આવ્યો. પછી મહારાજશ્રીએ શેઠને જમાડ્યા. મંદિરનું વાતાવરણ, આચાર્ય મહારાજની સાત્ત્વિકતા તથા નમ્રતા સંતોનું આચરણ, મૂર્તિઓનું તેજ જોઈ શેઠ તો આભા જ બની ગયા.

બીજા દિવસે આચાર્ય મહારાજશ્રી પાસે મંત્ર દિક્ષા લીધી. કંઠી બંધાવી ભગવાનની પૂજાની પેટી લીધી. ને ત્યાં પાંચ દિવસ રોકાયા.મહાનુભાવાનંદ સ્વામીને મંડળે સહિત સિદ્ધપુર રણછોડભાઈ સાથે જવાની આજ્ઞા કરી.

સિદ્ધપુરમાં રણછોડભાઈએ વારાહીના માઢમાં પોતાનું મકાન મંદિર માટે આપી દીધું. મકાનને મંદિરમાં ફેરવ્યું. મંદિર પૂર્ણ થતાં સંવત ૧૯૨૧ના જેઠ સુદ એકાદશીના રોજ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ધર્મ-ભક્તિ, હરિકૃષ્ણમહારાજ, રાધાકૃષ્ણદેવ અને સુખશય્યા, હનુમાનજી, ગણપતિજી, શિવજી,

પાર્વતીજી, નંદી, વગેરેની પ્રતિષ્ઠા કરી, વર્ષો વીતી ગયા. આજે રણછોડભાઈ નથી. પણ તેમની યશ ગાથા ગાતું મંદિર સિદ્ધપુરમાં એ રહ્યું.

- **શ્રી રણછોડભગતની આચાર્યશ્રી પ્રત્યે દાસત્વતા અને મહિમા.**

મંદિર પૂર્ણ થયું ત્યારે કોઇ ઈર્ષાળુ માણસે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું કે રણછોડ ભગતે મંદિરનું ધાબું વાળીને મંદિરને બગાડ્યું તરત જ અયોધ્યાપ્રસાદજી મહારાજે રણછોડભાઈને અમદાવાદ બોલાવીને વઢ્યા કે તમે મંદિરનું ધાબું વાળીને મંદિરના રૂપિયા બગાડ્યા. ત્યારે રણછોડભાઈ બોલ્યા કે, બાપજી ઠાકોરજીના રૂપિયા ઠેકાણે પાડ્યા. બીજું કાંઇ ન બોલ્યા. ત્યારબાદ મહારાજશ્રીને કોઈકે કહ્યું બાપજી રણછોડભાઈએ તો પોતાના પદરના (ઘરના) રૂપિયા ખર્ચીને મંદિર બંધાવ્યું છે. ત્યારે મહારાજશ્રી કહે એવું હોય તો આપણને રણછોડભાઈનો અપરાધ લાગે કેમ કે તેમનું અપમાન કર્યું હતું. તે તરત જ રણછોડભાઈને બોલાવ્યા. ને કહ્યું, રણછોડભાઈ અમને ખબર ન હતી કે તમે તમારા રૂપિયાથી મંદિર બાંધ્યું હતું. માટે અમે તમને વઢ્યા તે અમને તમારો અપરાધ લાગે.

ત્યારે રણછોડ ભાઈ કહે , બાપજી ! તમે તો શ્રીજીમહારાજના પુત્ર છો અને તમે મને ખાસડું મારો ને ખંખેરીને તમને પાછું આપું ત્યારે આ રણછોડીઓ તમારો દાસ ખરો. આમ મહિમા મહારાજશ્રીનો જાણ્યો પણ મને વગર વાંકે કેમ વઢ્યા છો તે એક શબ્દ પણ ન બોલ્યા આવા દાસત્વ ભક્તિ વાળા રણછોડભાઈ હતા. ધન્ય છે તેમનાં માતા-પિતાને કે તેમના ઘેર આવા મુક્તરાજે જન્મ લીધો. ધન્ય છે સિદ્ધપુરની ભૂમિને કે ત્યાં જેમનો જન્મ થયો છે.

## આદરજની દિવ્યતા

સંવત ૧૮૬૨ની સાલમાં પ્રથમ વાર શ્રીહરિ, સંતોપાર્ષદો સાથે શ્રીનગરથી ચાલ્યા તે મોટેરા, ઉવારસદ થઈને આદરજ ગામે આવ્યા. ત્યાં ભક્તજનોને દર્શન કથા-વાર્તાનું બહુ સુખ આપીને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે ગેરીતા થઈ વીસનગર પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉતરાર્ધ તરંગ-૪૯ તથા ભૂમાનંદ સ્વામીના વાતો પેઈજ-૭)*

- **સંપ્રદાયમાં ખૂબ જ પ્રસિદ્ધ આદરજનો અન્નકૂટોત્સવ કરવા શ્રીહરિ મોટા સંઘ સાથે પધાર્યા.**

સંવત ૧૮૭૫ની સાલમાં ગઢપુરમાં જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે દેશોદેશથી મોટા પ્રમાણમાં હરિભક્તો પધાર્યા હતા ને તે સભામાં શ્રીહરિએ જાહેરાત કરી કે આવતો દિવાળીનો અન્નકૂટોત્સવ દંઢાવ્યદેશમાં કરવાનો હોઈ તેથી સર્વે હરિભક્તોને ત્યાં આવવાનું આમંત્રણ છે.

દિવાળીનો ઉત્સવ દંઢાવ્ય દેશમાં કરવો છે એમ ધારીને શ્રીહરિએ હરખભેર કાઠી દરબારોને સાથે લઈ જવા પર્યાણ કર્યું. જે દરબારોને જવા બોલાવ્યા હતા તે બધા આવ્યા. અને મનભાવતી સવારી થઈ. ખંભાળાના મોકા ખાચર અને માણસિયા ખાચર, બોટાદના સોમલા ખાચર, માતરા ધાધલ, ગોદડ ખાચર અને મસ્તી, નાગડકાના સૂરા ખાચર, ડોસા ખાચર,કોટડાના દરબારો, સારંગપુરના અમરા ખાચર, માત્રા ધાધલ, રાઠોડ ધાધલ, સુંદરિયાણાના ડોસા ખાચર અને કાંધા ખાચર, ઘેલાધાધલ, નાંગમાલા અને નાન ખાચર, એ બધા ગઢપુર આવ્યા.

શ્રીહરિ જ્યારે ગઢપુરથી ચાલ્યા ત્યારે અશ્વ ઉપર બેઠા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે વખતની શોભા કહી શકાતી નથી. ભગુજી, અલૈયા ખાચર, બંને ભીમભાઈ, વીરા ભક્ત, કસળા,

હમીર, ગુમાનજી, કમાભાઈ, ધના, રવાજી લાધાજી અર્જુન, બીજલ, રામસિંહ,મિયાંજી, હરજી, કાળાભાઈ, દલા, મલાર, હમીર, બે કરીમ, શૂરવીર વેરાભાઈ, ઉમાભાઈ અને નાથજી વગેરે અગણિત પાર્ષદો શ્રીહરિની સાથે તે વખતે ચાલ્યા હતા. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની સાથે ચાલ્યા અને આનંદાનંદ સ્વામી આદિ સંતો પણ શ્રીહરિની સાથે નીકળ્યા. શ્રીહરિ પહેલા ઝીંઝાવદર ગામ આવ્યા. ત્યાંથી અલૈયા ખાચર તૈયાર થઈને શ્રીહરિ સાથે ચાલ્યા. ત્યાંથી કારિયાણી ગામ આવ્યા. અને વસ્તા ખાચર, વેલા ખાચર, માતરા ખાચર અને વિસામણ ખાચર તૈયાર થઈને શ્રીહરિ સાથે ચાલ્યા. શ્રીહરિ કુંડળ ગામ આવ્યા અને ત્યાં રાત રહ્યા. ખૂબ જ આનંદ થયો અને મામૈયા પટગીરને ઘેર રહ્યા. અમરા પટગીરને ઘેર સંતો ઊતર્યા.

પછી શ્રીહરિએ કુંડળથી મુક્તાનંદ સ્વામીના ઉપર એક પત્ર લખાવ્યો. તમારો એક પત્ર આવ્યો છે તે વાંચીને બધા સમાચાર જાણ્યા. હવે તમે દિવાળી ઉપર આદરજ ગામ આવજો. દિવાળી અને અન્નકોટનો ઉત્સવ અમે ત્યાં કરશું. જેટલા સંતો અને હરિભક્તો છે તેઓ બધા પણ ત્યાં આવશે. ભગવાનની ઈચ્છાથી તમે સભામાં વિજયી થયા તે અમે જાણ્યું. સત્સંગ ઉપર જે વિઘ્ન કરે છે. વિઘ્ન તો ઘણા આવે છે, પણ ભગવાનની ઈચ્છાથી અસુરોનું લેશ માત્ર પણ ઊપજતું નથી.

કુંડળથી શ્રીહરિ ચાલ્યા તે સુંદરિયાણા, લીંબડી, ભલગામડા, શિયાણી, તાવી, તલસાણા, દેવળિયા, દદુકા, મછિયાવ, કલોલ, શેરથા, ડાંગરવા, કરજીસણ, વડુ, ઓળા, થઈ આદરજ ગામ આવ્યા. શ્રીહરિ પધાર્યાની ખબર રતુ ખાંટને તત્કાળ મળી. પછી તેઓ ઢોલ અને તાંસા (ત્રાંસ) આદિ જેટલા વાજિંત્ર હતા. તે બધાને લઈને સામે ગયા. ગામના જેટલા ભક્તો સાથે આવ્યા હતા તેમણે પણ ઉમંગથી શ્રીહરિના દર્શન કર્યા. દર્શન કરીને સહુએ ફૂલ હાર પહેરાવ્યા. શ્રીફળ

ચરણમાં મૂક્યાં અને પગમાં પડ્યા. ધર્મકુમાર શ્રીહરિની સાથે કાઠી દરબારોની અપાર સવારી હતી તેમાં પોતે આગળ હતા. તેથી તે વખતે તે ઘણી શોભા રહી હતી. તે સમયે શ્રીહરિ રોઝા, ઘોડા ઉપર બેઠા હતા. અને ઘોડાને બધાં સોનાનાં શણગાર પહેરાવ્યા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર રંગબેરંગી સોનાનું સુંદર છત્ર ધારણ કર્યું હતું. અને મૂર્તિ ઘણી મોહક બની હતી.

ગામની સમીપે ઉત્તર દિશામાં એક મોટું તળાવ હતું. તે તળાવની પાસે પૂર્વ તરફ આંબલીના ઝાડની ઘટા હતી. ત્યાં સંતોએ મુકામ કર્યો. તે જગ્યાએ વચ્ચે સુંદર ચોક હતો. એટલે મનમોહક શ્રીહરિએ ત્યાં સભા કરી અને પલંગ ઉપર બેઠા. ગાદી તકિયાથી યુક્ત તે સુંદર પલંગ હતો. અને સફેદ ઓછાડ ગાદી ઉપર બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતો અને છાતી ઉપર શ્વેત હાર શોભી રહ્યો હતો. હાથમાં શ્વેત રૂમાલ હતો. વળી તે સભાની ચારે કોર દીપમાળાઓ કરી હતી. સંતો સારા કીર્તન ગાતા હતા. તે અલૌકિક સભા દેખાતી હતી. તેમાં અલૌકિક મૂર્તિ એવા શ્રીહરિનો અલૌકિક પ્રતાપ જણાતો હતો. જે કોઈ પણ મનુષ્ય નજરે દેખતા હતા તેને અલૌકિકતા દેખાતી હતી.

તેવા સમયમાં લશ્કરના એક મોટા સરદાર ત્યાં આવ્યા. તેમણે આવીને મનના પ્રેમભાવથી શ્રીહરિના દર્શન કર્યાં અને તે પછી આગળ શ્રીફળ મૂક્યું. તેઓ શ્રીહરિ સંતો અને વર્ણી, તેમની મર્યાદા રાખીને બેઠા પછી શ્રીહરિની સામે બંને હાથ જોડી રાખ્યા. પછી તેમણે શ્રીહરિ આગળ કહ્યું કે 'આપ ક્યાંથી આવ્યા છો ? તમારો નિવાસ ક્યાં છે ? આપના શિષ્યો કોણ છે ? વગેરે વગેરે ઘણા પ્રશ્નો પૂછ્યા તેના સર્વે પ્રશ્નોના ઉત્તરો શ્રીહરિએ તેમને આપ્યા હતા.

● **મુક્તમુનિ વડોદરાની સભા જીતીને આદરજ ગામે આવ્યા.**

શ્રીહરિએ બધા અંગ ઉપર અમૂલ્ય શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. અને ચરણમાં મોજડી પહેરી હતી. તે સમયની શોભા અતુલ્ય હતી. હજારી ફૂલના ગુચ્છ કાન ઉપર હતા. પાઘમાં હજારીના તોરા હતા અને છાતી ઉપર હજારીના હાર લટકી રહ્યાં હતા. બંને હાથમાં હજારીના ફૂલની પહોંચીઓ પહેરી હતી અને ભુજાઓ ઉપર તેના જ બાજુ શોભી રહ્યા હતા. સંતો, પાર્ષદો અને જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા શ્રીહરિ સાથે ચાલ્યા.

આદરજથી દક્ષિણ દિશા તરફ ખેરપુર ગામ તરફ શ્રીહરિ ચાલ્યા. તેટલી વારમાં પોતાના મંડળે સહિત મુક્તાનંદ સ્વામી પ્રેમથી ચાલ્યા આવતા હતા. પોતાની કંથાને બેવડી કરીને મસ્તક ઉપર ખૂંપની જેમ ધાર હતી. અને તેઓ કમાનમાંથી છૂટેલા તીરની જેમ વેગથી શ્રીહરિની સન્મુખ આવતા હતા.

● **શ્રીહરિએ મુક્તમુનિને જોતાં જ એક દંડવત કર્યો.**

જ્યારે મુક્તમુનિને શ્રીહરિએ પોતાની નજરે દેખ્યા ત્યારે તેમને એક દંડવત્ પ્રણામ કર્યો. જ્યારે શ્રીહરિએ દંડવત્ કર્યો તે જ વખતે હજારો સંતો અને હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા. જ્યારે સહુ દંડવત્ કરી રહ્યાં ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિ તરત તેમને બાથમાં લઈને ભેટ્યા. તેમને મુક્તાનંદ સ્વામીના ઉપર ખૂબ જ હેત હતું. પછી સ્વામીને કુશળ સમાચાર પૂછ્યા અને બોલ્યા કે 'સ્વામી તમારે તો બહુ મોટા વિઘ્નો આવ્યા. તમારા એકના વિઘ્નમાં બધા સત્સંગને વિઘ્ન હતું. એવી વાત અમે પોતે સાક્ષાત દેખી છે. તમારો સભા જિત્યાનો એક પત્ર આવ્યો તે વાંચીને જે વાત હતી એ બધી અમે જાણી. અમારે નિમિત્તે તમારા જીવનમાં કેટલાએ વિઘ્નો આવ્યા. આમ તો જેટલી સારી બાબત હોય છે તેમાં બધા વિઘ્ન દેખાય જ છે.

સારા કામમાં જ્યારે વિઘ્નોથી ડરવામાં ન આવે ત્યારે ચોક્કસ તે બાબતમાં સફળતા મળે છે. તેમ દેખાય છે. બે માસ ઉપર સાત દિવસ ગયા ત્યારે આજે તમારા દર્શન થયા છે. હું તો તમને કાયમ સંભારતો રહ્યો છું. અમે નિત્ય સંભારતા હતા, પણ જ્યારે તમે આવીને મળ્યા ત્યારે અમારા ચિત્તમાં શાંતિ થઈ' આવી તો શ્રીહરિએ ઘણી વાત કરી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું. 'આમ અમને સંભારતા હતા તેથી અમે આનંદમાં હતા. બધી બાબતો તો આપના હાથમાં છે જેવી આપની મરજી હતી તે પ્રમાણે અમે રહ્યા હતા તેથી બધી બાબતો સારી થતી હતી. આપ તો સહુનું હિત ચાહો છો, પણ તે હિતને સામાન્ય માણસો દેખી શકતા નથી. અને તેને જ લીધે તેઓ રાત-દિવસ અનેક જાતના દુઃખોને વારંવાર પામતા રહે છે. જ્યારે આપને લોકો હિતકારી જાણે છે ત્યારે લેશ માત્ર પણ દુઃખ રહેતું નથી.

આવી વાતો કરતા કરતા રંગલહેરી શ્રીહરિ પોતાના મુકામ ઉપર આવ્યા પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે તરત ગામમાં આવ્યા. રતુ ખાંટના ઘર અને ચોક ઘણા વિશાળ હતા. ધર્મના લાલ શ્રીહરિ ત્યાં આવ્યા અને વિપ્રોએ ઘણી સરસ રસોઇ બનાવી હતી. ચોકમાં પાણી છંટાવી દીધું અને તેમાં કેળના સ્તંભ રોપ્યા હતા. ઉત્તર દક્ષિણ લાંબા વિસ્તારમાં રંગોળી પૂરાવીને કેળનો બાગ કર્યો હતો. ઉત્તરાદા બારના ઘર હતા તેની ઓસરી સુંદર હતી. તેમાં ચોકો દઇને સ્વચ્છ કરી તેના ઉપર સુંદર પાટ ઢાળી હતી.

પરમ નિપુણ સુખદાયક સુંદર શ્યામ શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને એક બીજું ઓઢી લીધું. પછી ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી શ્રીહરિ આવીને પાટલા ઉપર બેઠા ભોજનથી થાળ ભર્યા હતા તેમાં બહુ જાતના ભોજન, વ્યંજન અને જાતજાતના મેવા-મીઠાઈઓ પીરસ્યા હતા. કેરી, લીંબુ અને ખારેકના અથાણાઓ પણ રાખ્યા હતા.

પાપડ, ભજિયાં, વડાં અને રાઈતા પણ ઘણા પ્રકારના હતા શ્રી હરિ જ્યારે જમી રહ્યા, પછી સહુ સંતોને બોલાવ્યા. સંતો તળાવના પાણીને ગાળીને તુંબડા ભરી લાવ્યા હતા. ઉત્તર દક્ષિણ લાંબી પંગત કરી. અને શ્રીહરિ જમી રહ્યા તે પ્રસાદીનો થાળ મુક્તાનંદ સ્વામીને આપ્યો તે સમયે રતુ ખાંટે આવીને કેસર યુક્ત ચંદનથી શ્રીહરિની હરખ ભર્યે પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા.

- **શ્રી હરિએ સંતોને જમાડ્યા, રાહુને પ્રસાદી આપી અને રતુ ખાંટે પૂજા કરી.**

આદરજમાં રતુ ખાંટના મનમાં જેવો પ્રેમ ભાવ હતો તે રીતે તેણે શ્રીહરિની પૂજા કરી . તેનો પુત્ર અને બીજા બધા પરિવારે પણ શ્રીહરિની પૂજા કરી કપૂરથી આરતી ઉતારી અને મુખથી 'જય જય... જય જય...'આવા શબ્દો ઉચ્ચાર્યા. પછી કેસરયુક્ત ચંદન લઈને સહુ સંતોની પૂજા કરી અને ઘણા પ્રેમભાવથી ફૂલના હાર પહેરાવ્યા. તે સમયે ત્યાં જેટલા હરિભક્તો આવ્યા હતા, તે સંતોની ચારે બાજુ જેમ દિવાલ કરી હોય તેમ આવીને ઊભા હતા. શ્રીહરિ પંગતમાં સંતોને સાકરના લાડુ પીરસવા લાગ્યા.

તે વખતે રાહુ ગ્રહ કૂતરાનું રૂપ લઈને સંતોની વચ્ચે ઘૂસી ગયો. કૂતરાને દેખીને બધા હડકારવા માંડ્યા. અને તે જ્યારે પંગતથી બહાર નીકળ્યો ત્યારે ધર્મકુમાર શ્રીહરિએ તેને દેખ્યો. કૂતરાએ જ્યારે શ્રીહરિની સામે દેખ્યું ત્યારે શ્રીહરિના હાથમાં રહેલો લાડુ બે હાથે દબાવી, કઠણ કરી અને તે કૂતરાના મુખ તરફ ઘા કર્યો. ત્યારે તે કૂતરો લાડુને મુખમાં લઈ બહાર ભાગી ગયો. શ્રીહરિ ઘણું હસવા લાગ્યા. અને પંગતમાં પીરસવા લાગ્યા. સંતો પીરસાતું હતું ત્યારે મુખથી નારાયણ ધૂન કરતા હતા. જ્યારે બધું પીરસાઈ રહ્યું ત્યારે સંતો જમવા લાગ્યા.

● **સંતોના વર્તનની રીતિ**

સંતો ઠેકઠેકાણે કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ' આવું ભગવાનનું નામ લેતા હતા. જે સંતો ભોજન કરતા હતા તે બધા પોતપોતાના પાત્રોમાં પીરસેલું મેળવી એકરસ કરીને જમવા લાગ્યા. સહુ શ્રીહરિનાં આજ્ઞા વચનમાં સ્વાદ માનતા હતા. અધિકતર બધા સંતો એવા હતા ભગવાનના આજ્ઞા વચન સિવાયનો સ્વાદ સંતો ઝેરરૂપ માનતા હતા. જે મોક્ષમાર્ગમાં ચાલતા હતા તેઓ વચન પ્રમાણેનું વર્તન કરતા હતા. જેઓ આજ્ઞા વચન પ્રમાણે વર્તે છે. તેમાં ભગવાન શ્રીહરિ નિવાસ કરીને રહે છે. આ બાબતમાં કોઈ સંદેહ નથી. અને જે લોકો વચનનું જેટલું ઉલ્લંઘન કરે છે તેનાથી શ્રીહરિ તેટલા દૂર રહે છે, એમ નિશ્ચિત સમજવું. અને જેનાથી શ્રીહરિ જેટલા દૂર રહે છે તેટલું તેના હૃદયમાં આનંદનું પૂર નિવાસ કરીને રહેતું નથી. બધા સંતો અને હરિભક્તો આ રીતે સમજતા હતા અને 'વચનમાં જ બધું સુખ રહ્યું છે' એમ માનીને શ્રીહરિનાં આજ્ઞા વચનમાં સહુ રહેતા હતા.

● **શ્રીહરિ ગાડા ઉપર વિરાજમાન થયા અને રતુ ખાંટે તથા હરિભક્તોએ પૂજન કર્યું.**

સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. જમ્યા પછી સંતો ઉતારે આવ્યા અને શ્રીહરિ તે ભવનમાં જ પોઢી ગયા. જ્યારે દિવસનો ત્રીજો પહોર થયો ત્યારે શ્રીહરિ સંતોની સભામાં આવ્યા. સંતોની વચ્ચે બેસીને સૌને દર્શન દીધાં સંતોની વચ્ચે ગાડું છૂટેલું હતું. તેના ઉપર એક પલંગ મૂક્યો અને તે ઉપર સુંદર ગાદી તકિયા બિછાવેલા હતા. તે ગાદી તકિયા ઉપર શ્રીહરિ આવીને બેઠા. સંતો કીર્તન બોલતા હતા. પછી જે હરિભક્તો ત્યાં આવ્યા તે બધાની પણ સભા થઈ. સત્સંગી બાઈઓની સભા બાઈઓમાં અલગ બેઠી. સત્સંગી બાઈઓ એટલી આવી હતી કે તેનો કોઈ પાર ન હતો.

આ પ્રસંગ ઉપર જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા વિવિધ પ્રકારના વસ્ત્ર, આભૂષણ ઈત્યાદિક લાવીને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. સહુ પહેલા રતુ ખાંટ વસ્ત્ર અને ઘરેણાં પહેરાવી રહ્યા પછી લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો ઘણા હેતથી કર્યો અને ત્યાર બાદ કપૂરની આરતી કરી. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતા અને એટલો સરસ ઉત્સવ થયો તે કહી શકાતું નથી.

- **રતું ખાંટે શ્રીહરિને પોતાની આપવીતી સંભળાવી.**

જ્યારે આરતી કરી રહ્યા પછી રતુ ખાંટે હાથ જોડીને શ્રીહરિની આગળ ઘણા વિનયભાવથી કહ્યું, 'આપે અમને પવિત્ર કર્યા છે.' અમે તો અસુરોમાં પણ અધમ અસુર હતા. પાપથી લેશમાત્ર પણ ડરતા નહિ. માંસ, દારૂ, ચોરી, વ્યભિચાર ઈત્યાદિક ઘણાં મોટા પ્રસિદ્ધ પાપો અમે કર્યા છે. અમે રાજાથી પણ ડરતા નહિ. બધા રાજાઓ પણ અમારાથી ડરતા હતા. માણસને મારી નાખવામાં તો અમને ઘણો ઉત્સાહ રહેતો હતો. એક તલભાર પણ અમારા દિલમાં દયા હતી નહિ. એવા અમે હતા. જ્યારે અમને કોઈ બ્રાહ્મણ કે વેરાગી દેખાય ત્યારે અમારા મનમાં ઘણો આનંદ થતો હતો. જે કાંઇ કહી શકાતું નથી. આટલા અમે નિર્દય હતા.

પરંતુ જ્યારે અમને આપના સંતોના દર્શન થયાં અને અમે તે સંતોની વાત સાંભળી ત્યારે તત્કાળ અમારું અંતર ફરી ગયું અને અંતરમાં ઘણો પ્રકાશ થયો. અમે જેટલા પાપ કર્યા હતા અને તે પાપને લીધે જે દુઃખ આવતું હતું. તે બધુ સંતોએ અમને બતાવ્યું અને તેને લીધે અમારો આત્મા થર થર ધ્રૂજવા લાગ્યો. આપનો જે પ્રતાપ છે તે બધો સંતોની વાતમાં આપે આવીને મૂક્યો છે. તે એક મોટો ચમત્કાર છે. ચમત્કાર દેખાડ્યા સિવાય કોઈ ભગવાન કહેવાતા નથી. બીજા કેટલાક મોટા કહેવાય છે, તે પણ સ્ત્રી અને ધનનું હરણ કરવા માટે જ હોય છે. કોઈના કરેલા પાપ ક્યારેય ભગવાન સિવાય ટળતા

નથી. અમારા તો અમાપ પાપ હતા. તેને ભગવાન જ માફ કરી શકે છે. કેટલાક પૂરા ઠગલોકો તો ભગવાન બની જાય છે. અને લોકો તો અજાણ્યા હોય છે. તેની કોઈ ક્યારેય પરીક્ષા કરી શકતા નથી.

- **ઠગલોકો ભગવાન થઈ પૂજાય છે. તેવા રતુ ખાંટના પ્રશ્નનો ઉત્તર શ્રીહરિએ આપ્યો.**

વળી, રતુ ખાંટે કહ્યું કે, 'જે ઠગ લોકો ભગવાન થઈને પૂજાય છે તેની શી ગતિ થાશે ? મિથ્યા ભગવાન અને તેના જેટલા શિષ્યો છે તે તો આ જગતમાં ઘણા છે, પણ અંતે તેઓ કયાં રહેતા હશે ? જ્યાં સત્ય સ્વરૂપ ભગવાન હોય છે અને જ્યાં ધર્મ ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાન સાચા રૂપમાં હોય છે ત્યાં જ ખરો મોક્ષ રહ્યો હોય છે' ત્યારે શ્રી હરિએ કહ્યું મિથ્યા ભગવાન થઈને લગાર પણ ધર્મ રાખતા નથી. તે પણ એક ચમત્કાર જ છે ને ! આ લોકમાં ધર્મ લોપીને ચાલનારા જેટલા ભગવાન હોય છે તેને અને તેના બધા મિથ્યા શિષ્યોને ફરીવાર મનુષ્ય જન્મ ન મળે એ રીતે જમપુરીમાં જમદૂતો એવે માર્ગે ચલાવે છે. અને વારે વારે તેને એવા શરીર મળે છે કે જેમાં વધારેમાં વધારે દુઃખ સહન કરવું પડે છે.

જેટલા મિથ્યા ગુરુ અને મિથ્યા શિષ્યો છે તેને હીનમાં પણ અત્યંત હીન યોનિઓમાં વારંવાર જન્મ આપે છે. જ્યારે કાળે કરીને એ સન્માર્ગમાં આવે છે ત્યારે જો એને મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય અને સંતોને શરણે થઈને દાસ બને વળી મન કર્મ વચનથી સરળભાવે સંતોની સેવા કરે, જિંદગીભર મનમાં બધા છળકપટરૂપી મેલ ન રાખે. ત્યારે તે જેટલું અસન્માર્ગે ચાલ્યો હોય તે બધા પાપ બળી જાય છે. બધા પાપોમાં પાંચ મહાપાપ સહુથી મોટાં છે. તેવા મહા પાપો કરોડો વખત કર્યા હોય તેના કરતાં પણ વધારે પાપ તો મિથ્યા ભગવાન થવામાં છે.

સત્ય સ્વરૂપ ભગવાન તો રામકૃષ્ણાદિક થયા છે. તે ભગવાનના એટલા અવતારો થયા છે કે તેનો કોઈ ગણતા પાર આવતો નથી. એ ભૂમિ ઉપર જે અવતાર થયા તેમણે એવા ચરિત્ર કર્યા છે કે તે ભગવાન સિવાય બીજાથી થઈ શકે નહિ.

- **શ્રી હરિએ મુક્તાનંદ સ્વામીને ગુરુનો અધિકાર આપીને આરતી ઉતારી.**

હરિભક્ત પુરુષો જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે પ્રેમભક્તિ વિવશ થયેલી સર્વ હરિભક્ત બાઈઓ પૂજા કરવા લાગી. તેમણે શ્રીહરિને મોતીના હાર પહેરાવ્યા. લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. મોતીના થાળ ભરી ભરીને ઘણા હેતથી શ્રીહરિને વધાવ્યા અને ઘણા સરસ પ્રેમભર્યા વચન બોલી જ્યારે બાઈઓ પૂજા કરી રહી ત્યારે સંધ્યા વખત થયો અને ઘણી વિશાળ દીપમાળા પ્રગટાવી. તેનો ઘણો પ્રકાશ થયો. આરતી અને ધૂન કર્યા. તે પછી જે શોભા હતી તેનો કોઈ પાર ન રહ્યો. પછી શ્રીહરિએ પ્રસન્ન થઈને વચન કહ્યાં. અને જેને ગુરુ કરીને માન્યા છે તે બીજા સહુએ માનવાને યોગ્ય રહ્યા છે. સંતના જેટલા સદ્‌ગુણ કહેવાય છે તે બધા તેમાં રહ્યા છે. તેમને ગુરુ કરીને અમે સહુથી અધિક માનીએ છીએ. તેમની મોટાઈને જે સહન ન કરી શકે તે કેવો સંત કહેવાય ? આ વાત જે રીતની તમે સમજતા હોવ તે રીતે અમને નિશ્ચિતરૂપમાં સહુ કહો. તેમાં મુક્તાનંદ સ્વામી પ્રથમ કહે. સત્ય ક્યારેય છુપાતું રહેતું નથી. અને તે પછી અમારા પ્રશ્નનો ઉત્તર આનંદાનંદ સ્વામીએ કરવો. કારણ કે સુંદરદાસે સંતોને માટે મોટાઈને વીંછણ જેવી કહી છે. તે સુંદરદાસનાં વચનનું ધ્યાન રાખીને ઉત્તર કરવો. તેનો ખ્યાલ રાખ્યા સિવાય બોલવું નહિ. તે પછી સૌ સંતોએ મારા પ્રશ્નનો ઉત્તર કરવાનો છે.

ત્યારે મુક્તાનંદ સ્વામી શ્રીહરિની પાસે ખૂબ જ પ્રસન્નમનથી બોલ્યા, આટલા બધા સંતોમાં આપ જેને મોટાઈ આપો અને જે રીતે કહો તે રીતે તે સંતની આગળ આપને રાજી કરવા માટે અમે રાતદિવસ નમ્રભાવે રહેશું. બીજી બાબતમાં હું કાંઇ જાણતો નથી. આટલા દિવસ તો અમે મનનું ધાર્યું કરતા રહ્યા છીએ, પણ હવે આપનો યોગ થયો છે એટલે આપને રાજી કરવા માટે અમે જેમ કહો તેમ કરશું. આપ જે રીતે પ્રસન્ન રહો તે રીતે કરોડો કલ્પ સુધી હવે કરવું છે, એમ અમે મનમાં રાત દિવસ વિચારીએ છીએ. 'આપને પ્રસન્ન કરવાથી અધિક કોઇ મોક્ષને પણ માનતા નથી. આવી અમારી સમજણ રહી છે. તો હવે અમે આપ કહેશો તેમ કરશું.'

પછી આનંદાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા 'મહારાજ, આપ તો જાણો જ છો,અમને નભાવવા તે આપના હાથમાં છે. ચાહે તેવા મોટા સંત હોય પણ તેમને માટે પરસ્પરનું અપમાન સહન કરવું તે ઘણું કઠિન છે તેમ મને દેખાય છે. કદાચ કોઈ અજ્ઞાની માણસ અપમાન કરે તો તે બધું સહન થઈ શકે છે, પણ બરોબરિયાનું પરસ્પર થતું અપમાન તે લગાર પણ ક્યારેય સહન થઈ શકતું નથી.'

જેને કાંઈ ન આવડતું હોય તેણે કાંઈ બોલવું નહિ. અમે તો સભામાં કહીએ છીએ કે અમારી મરજીમાં આવશે તેને અમે અમારી મોટાઈ આપી દઈશું. કોઈના મનમાં મોટા થવાનો સંકલ્પ રહેતો હોય તો અમે રાજી થઈને તે મોટપ આપીએ છીએ. અમારી મોટપ કોઈ ખૂંચવી લેતુ નથી. કોઈએ પછીથી તેની ઈર્ષા કરવી નહિ. પણ તેમને મન, વચન અને કર્મથી અનુસરવું પડશે અમે પણ તેના વચનમાં વર્તશું અને જે કહેશે તે તેમની સેવા કરશું.

ત્યારે સહુ સંતોને કહ્યું, 'અમે સહુએ નિર્ધાર કર્યો છે કે આપ જે રીતે પ્રસન્ન રહો તે રીતે અમારે કરવું છે.' પછી બધા સંતો એક પછી એક ઊઠીને શ્રીહરિને પગે લાગ્યા. તે સહુના પછી શ્રીહરિએ

મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. પોતે પલંગ ઉપરથી નીચા ઉતરીને સંતો ભેળા બેઠા અને મુક્તાનંદ સ્વામીને પલંગ ઉપર બેસાડી દીધા. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીની આરતી ઉતારી. આમ કેટલીક વાતોનું મૂળ જાણ્યા પછી આવો નિર્ધાર કર્યો હતો.

● **શ્રીહરિએ આદરજમાં ચાર મોટેરા સદ્‌ગુરુ સ્થાપ્યા.**

ઉપર કહ્યા મુજબ ધર્મકુમાર શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીની આરતી ઉતારીને તત્કાળ તેમને સદ્‌ગુરુ તરીકે જાહેર કર્યા. તે સિવાય નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને શામળિયા ચૈતન્યાનંદ સ્વામીને પણ સદ્‌ગુરુ કર્યા. શ્રીહરિ બોલ્યા કે ‘અમે જેમને સદ્‌ગુરુ કર્યા છે તેમને બધા હરિભક્ત પુરુષોએ પૂજ્યભાવથી માનવા. વળી, બીજા સહુ સંતોએ પણ હવે પછી આ ચાર સંતો જે હરિભક્તને ગામ આવે ત્યારે તે ગામના સહુ હરિભક્તોએ તરત ફૂલના હાર અને શ્રીફળ લઈને તેમની સન્મુખ જવું. સહુએ આદર ભાવથી દંડવત્ કરવા. કોમળ ચિત્ત થઈને મીઠાં વચન બોલવા, કે આજનો દિવસ ધન્ય છે, આપે અહીં આવીને અમારા જન્મને સફળ કર્યો છે’ ભક્તિભાવની રીત સાંભળ્યા સિવાય કોઈને ચોક્કસ તેની ખબર પડતી નથી. જ્યાં સુધી સત્સંગમાં અમે મોટા રહ્યાં હતા ત્યાં સુધી આવી વાત ક્યારેય અમે કરી નથી. સેવકની રીત-ફરજને અમે જેવી જાણીએ છીએ તેવી બીજા કોઈ જાણતા નથી. હવે અમે સેવક થયા છીએ. એટલે સહુને આ આત કહેવાનો મોકો મળ્યો છે. આત્માનંદ સ્વામી જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યાં ત્યાં સુધી તેઓ બધે વિચરણ કરતાં રહ્યાં. અને જેટલા પોતાના શિષ્યો હતા તે સહુને તેમણે પોતાનો પ્રતાપ મનના ઘણા ભાવથી દેખાડ્યો હતો. છ ચક્રોના જે સ્થાનક રહ્યા છે તે બધા પણ તેમણે બધા બાઈ ભાઈઓને દેખાડ્યાં હતા. તેમના વચનમાં સિદ્ધિ રહી હતી. તેઓ જેવું વચન ઉચ્ચારતા હતા તેવું તરત દેખાડતા હતા.

- **શ્રીહરિએ ચાર સદ્‌ગુરુ કર્યા અને તેમની પૂજા તથા રીત બતાવી.**

ચાર સદ્‌ગુરુઓ કર્યા પછી સ્વયં શ્રીહરિએ હરિભક્તોની આગળ તેમની સેવા કરવાની ઘણી રીત બતાવી. તે સદ્‌ગુરુઓને રેશમી કોરની ધોતી પહેરાવી, લલાટમાં ચંદન ચરચ્યું અને કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલના હાર મગાવીને પહેરાવ્યા તેમજ ફૂલના બાજુ અને પહોંચી સદ્‌ગુરુને પહેરાવ્યા અને આગળ શ્રીફળ મૂક્યા. ધર્મના લાલ શ્રીહરિએ સાકરના ભરેલા થાળ તેમની આગળ મૂક્યા અને પછી પોતે દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. પછી જેટલા સંતો હતા તેઓ પણ પૂજા કરીને પગે લાગ્યા. તેમાં જેનો જેવો ભાવ હતો તે શ્રીહરિએ જોઈ લીધો.

જેવો જેનો ભાવ હતો તેના ઉપર શ્રીહરિ તેવા પ્રસન્ન થયા અને જેવો ભાવ હતો તેવુ તેમને ઉપરથી સુખ આપ્યું, પણ અંતરથી તેને સમજી રાખતા. સંતો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે હરિભક્તોએ પણ પૂજા કરી અને ફૂલના હાર પહેરાવીને વસ્ત્ર ઓઢાડ્યાં. વિવિધ પ્રકારના મેવાના થાળ ભરીભરીને લાવ્યા અને પછી હરિભક્તોએ આરતી કરી તેને શ્રીહરિ જોઈને હરિભક્તોના ઉપર પ્રસન્ન થયા અને હરિભક્તોને કહ્યું કે ‘કોઈને ઘરેણાં અને ધન આપીને જ્યારે પૂજા કરવાનો ભાવ થાય ત્યારે તથા પૂજામાં રથ, અશ્વ અને બળદ આપવાનો ભાવ થાય ત્યારે સંતને બાધ આવે તેવું હોય તો તેમણે તે અમારી પૂજા કરવી.’ સંતોની રક્ષા કરવાને માટે બાધ આવે એવી પૂજાને અમે ગ્રહણ કરશું. સંતો અને હરિભક્તોના ધર્મની રક્ષા જે રીતે થાય તે રીતે અમે કરીએ છીએ. અને હરિભક્ત બાઈઓએ અમારી પૂજા કરવી. તેમ કરવાથી સંતોને કોઈ બાધ નહિ આવે અને સહુના ધર્મ નિયમો આમ કરવાથી રહેશે.

- **આદરજમાં ખાંટ લોકોએ નવું વર્ષ ઊજવ્યું અને શ્રીહરિને રાજી કર્યા.**

બેસતા વર્ષની જ્યારે રાત પાછલી ચાર ઘડી રહી ત્યારે સહુ સંતો ઊઠ્યા અને બધા સંતોએ તળાવમાં જઈને સ્નાન કર્યું. શ્રીહરિ અને બધા હરિભક્તોએ પણ સ્નાન કર્યું અને પછી બધો પૂજાવિધિ કર્યો. પછી શ્રીહરિ ગાડાં ઉપર ગાદી તકિયા બિછાવેલ હતા ત્યાં આવીને બેઠા.

ધર્મના લાલ શ્રીહરિએ લાલ રેશમનો સુરવાળ પહેર્યો હતો. અને રેશમની નાડીમાં કસબવાળા ફૂમકા કર્યા હતા અને સુરવાળમાં રૂ ભરીને સિલાઈથી ચોકડી કરી હતી. શરીર ઉપર સરસ ડગલી પહેરી હતી. તેથી મૂર્તિ ઘણી મોહક બની હતી. ચિત્તને ચોરે તેવો જરિયાની કોટનો કસુંબી રેટો મસ્તક ઉપર બાંધ્યો હતો તેના ઝરીવાળા છેડાઓ પાઘની વચ્ચે છોગાના રૂપમાં ભરાવ્યા હતા અને ભારે બેવડી શાલ ઓઢી હતી. તેની બધી કોર લાલ જરિયાની હતી. શાલના છેડામાં કસબી કામ કર્યું હતું અને તેમાં જે બુટ્ટા હતા તેની શોભા કહી શકાતી નથી. શ્રીહરિ પશ્ચિમ તરફ મુખ રાખીને બેઠા હતા. તેમનાથી દક્ષિણ તરફ સંતોની સભા થઈ હતી.

ગામના જેટલા ખાંટ હતા તે બધાએ સુંદર વસ્ત્ર પહેર્યા હતા અને બેસતા વર્ષનો દિવસ(જુહાર પટોળા) હોવાથી પરસ્પર શુભ કામના કરતા હતા. અને સહુએ હાથમાં શ્રીફળ અને તલવાર લીધેલી હતી. શ્રી હરિના દર્શન કરવાને માટે સહુએ એક એક રૂપિયો હાથમાં લીધો હતો અને ઘણા પ્રેમથી ઉમંગ સાથે આવ્યા હતા. આગળના ભાગમાં ઢોલ, તાંસા, રણશિંગી અને શરણાઈ વાગતી હતી. તે રીતે સહુ ખાંટ શ્રીહરિને પગે લાગવા આવ્યા. તેમણે શ્રીહરિના ચરણમાં એક પછી એક આવીને શ્રીફળ અને રૂપિયો મૂક્યો અને પગે લાગ્યા. પોતાના રીવાજ મુજબ શ્રીહરિની આગળ ઘણા પ્રેમથી આવીને બેઠા

અને તેમણે શ્રીહરિની આગળ બે હાથ જોડીને વાત કહી, ‘અમારા બધા લોકોનો આજ ઘણો મોટો પર્વનો દિવસ છે. આજે અમે હરેકને નવા વર્ષની ખુશાલીમાં પ્રણામ કરીએ છીએ અને આજ વિ.સં. ૧૮૭૬નું નવું વર્ષ બેઠું છે. આજ અમારા લોકો જ્યાં જ્યાં રહેતા હોય ત્યાં ભેળા થઈને કસુંબો લે છે. પછી મોટા ચોકમાં ગોળ મંડળ આકારે બધા બેસે છે.અને પરસ્પર પ્રણામ કરે છે. તે જુહાર કરી રહ્યા પછી જેટલા જુવાન પુરુષ હોય છે તે હાથમાં લાકડાંના દાંડિયા લઈને ખૂબ જ રાસ રમે છે. જો આપની ઈચ્છા હોય તો આપને તે દાંડિયારાસની રમત દેખાડે. આપનો જોગ આવો ફરીવાર ક્યારેય આવે નહિ. ભટકતા ભટકતા અમારા અનેક જન્મ વીતી ગયાં છે.

ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘તમારી જે રીત હોય તે પ્રમાણે તમે કરો. અમે રાજી થઈને દેખશું. અમને રાજી કરવાનો તમને જે ભાવ થયો છે તેથી તમારું ઘણું મોટું ભાગ્ય ઉદય થયું છે.’ પછી શ્રીહરિને રાજી કરવાને માટે બધા જુવાનો ઊઠ્યા. સહુએ બબ્બે દાંડિયા હાથમાં લીધા. સહુ ગોળમંડળ આકારે રાસ રમવા લાગ્યા. અને તે સમયે ઢોલ અને તાંસા વાગતાં હતા તેનાથી સહુને ઘણો ઉત્સાહ વધ્યો હતો. રાસમાં જેટલી ચાતુરી રહી હતી તે બધી શ્રીહરિને બતાવી તેઓ ઉલટ સુલટ રમતા હોવા છતાં દાંડિયાના તાલને ભૂલતા નહિ. બેઠા બેઠા પણ રાસમાં ફરતા હતા, પણ એક એકની આગળ દેખાતા હતા. પોતાના પગ મૂકવાની ચતુરતા દેખાડીને શ્રીહરિના રાજીપારૂપી મોજ મેળવી. ચાર ઘડી દાંડિયા રાસની રમત ચાલી.

ત્યારે શ્રીહરિ બોલ્યા, ‘હવે રમત રાખો. સહુ બેસો અને જુહાર (પ્રણામ)કરો. અમે જોઈએ’ પછી એક એક જણ ઊઠીને જે બેઠેલા હતા તેને એક હાથથી જુહાર કરવા લાગ્યા જ્યારે બધા ખાંટ જુવાનો જુહાર કરી રહ્યા ત્યારે શ્રીહરિએ સંતોને બોલાવ્યા અને પ્રસન્ન મનથી એક એક કરીને સહુને ભેટ્યા. શ્રી હરિ સહુને ભેટી રહ્યા ત્યારે

અન્નકોટ તૈયાર થયો. પછી શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા અને ગામમાં જમવા માટે આવ્યા. તે વખતે ખાંટ જુવાનો બધા તળાવની પાળે આવ્યા અને બંદૂક છોડીને તળાવમાં મૂકેલા ઘડાને નિશાન કરતા હતા. બંદૂકનો અવાજ કરતા હતા, પણ તે બંદૂકની ગોળી નિશાનને લાગતી નહિ.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જો તમે કહો તો અમારો પાર્ષદ તમારા નિશાનને પાડે'. ત્યારે ખાંટ બોલ્યા કે 'અમે રાજી છીએ' ત્યારે વીરાભાઈ નામના પાર્ષદે પહેલી જ ગોળીથી તે નિશાન ઊડાડી દીધું. તે દેખીને બધા ખાંટ ખૂબ રાજી થયા. પછી શ્રીહરિ ગામમાં આવવા ચાલતા થયા. રતુ ખાંટના બહેન હવનબાઈ નામે હતા તેણે અન્નકોટના પકવાન અને બધી રસોઇ હરિભક્ત વિપ્રોની પાસે ઘણા ઉલ્લાસ થઈ વિવિધ રીતે બનાવડાવી હતી. ચોકમાં રંગોળી પુરાવી અને કેળનો બાગ બનાવ્યો હતો. શ્રીહરિએ આવીને તે બધું જોયું ત્યારે તેના ઘણા ભાવને લીધે તેમના ઉપર પ્રસન્ન થયા. તે સમયે શ્રીહરિએ સ્નાન કરીને પીતાંબર વસ્ત્ર પહેર્યું અને બીજું પીતાંબર વસ્ત્ર ઓઢ્યું અને બંને ચરણમાં ચાખડીઓ પહેરીને ચટાક્ ચટાક્ કરીને ચાલતા હતા.

- **શ્રીહરિ અન્નકોટની ખૂબ ભાવથી બનાવેલી મીઠાઇઓ વગેરે જમ્યા.**

શ્યામસુંદર સુખદાયક અવિનાશી શ્રીહરિ આવીને સોનાના બાજોઠ ઉપર ઉત્તર મુખે બેઠા. તેમાં પ્રસન્ન મુખ કમળ ચમકી રહ્યું હતું. શ્રીનગરની સત્સંગીબાઈઓ ગંગાબાઈ, રેવાબાઈ અને ગોમતીબાઈ નામે હતા. તેમજ બીજી બધી સત્સંગી બાઈઓએ ત્યાં આવીને કેટલોય અન્નકોટ કર્યો હતો કે જેનો ગણતા પાર આવે તેમ નથી. ભાતભાતના અનેક પ્રકારના અપાર પકવાનો કર્યા હતા. તે રીતે જ ઘણાં ભોજન કર્યાં અને તે રીતે જ અપાર શાક, રાઈતા,

પાપડ, અથાણાં, ભજિયાં અને વડાં પણ કર્યાં હતા. પ્રેમાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીએ જે થાળમાં ગાયા છે તે કરતા પણ અધિક ભોજનો બનાવ્યા હતા. જેટલા ભોજન કર્યા હતા તે તત્કાળ જ સોનાનાં થાળમાં ભરીને લાવ્યા આ રીતે ભોજનનો એક મોટો કોટ (ઢગલો) કર્યો.

પછી ભગવાન શ્રીહરિ જે જે જાતના પકવાન અને ભોજન કર્યાં હતા તેને પહેલા જમ્યા. મુકુંદાનંદ અને જયાનંદવર્ણી તથા વિપ્ર નાનાભાઈ જેટલા ભોજન કર્યાં હતા તે ઘણા ભાવથી લાવ્યા. તેને શ્રીહરિ જમ્યા પકવાન, ભોજન, શાક, ભજિયા અને વડાં કેટલાએ કર્યાં હતા. ભાજી કેટલીય પ્રકારના રાઈતા અથાણું અને પાપડ વગેરેનો કોઈ પાર ન હતો. કેળા અને કેટલી ભાતના મેવા અલગ અલગ ઊંચી જાતના હતા. જેટલા સંતો અને હરિભક્તો હતા, સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. સહુએ દર્શન થાય એટલા માટે શ્રીહરિ ઊંચી પાટ ઉપર બેઠા હતા. નવા ચાર સદ્‌ગુરુઓને અને પાંચમાં આનંદાનંદ સ્વામીને પાસે બેસાડ્યા. પોતે જેટલું ભોજન કર્યું હતું તે બધી વસ્તુઓ પહેલા પાંચ સંતોને જમાડી.

જ્યારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓ જમી રહ્યાં ત્યારે તરત જ બીજા સંતોની પંગત બેઠી. તે સમયે રતુ ખાંટ કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને આવ્યા. તેમણે પહેલા આવીને શ્રીહરિને કેસરયુક્ત ચંદનથી પૂજ્યા અને ફૂલના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલની ટોપી ધરાવી. ફૂલના બે ગુચ્છા બંને કાન ઉપર તે વખતે ધરાવ્યા. ફૂલના બાજુ અને પહોંચી બનાવી હતી. તે ઘણા હેતથી હાથમાં બાંધી દીધી. સોનાનાં ઘરેણાં પહેરાવ્યાં અને રૂપિયાનો ભરેલો થાળ શ્રીહરિની આગળ મૂક્યો. તે સમયે એક શાલ લઈને ઓઢાડી. કપૂરની આરતી કરી. તે સમયે 'જય જય... જય જય...' આવા અપાર શબ્દો બોલાતા હતા. પછી તેમણે સ્તુતિ કરીને કહ્યું. 'અમે સહુ આપને શરણે થયા

છીએ માટે આપ અમને સંભાળી લેજો અને પોતાના ચરણારવિંદમાં નિવાસ આપજો ત્યારે શ્રીહરિ બોલ્યા, 'જે અમારા સિવાયની અન્ય વસ્તુને અધિક નથી રાખતા તે ઘણા દૂર હોવા છતાં અમારાં ચરણોમાં જ રહ્યા છે.'

- **રતુ ખાંટે સદ્‌ગુરુઓની પૂજા કરી. અને શ્રીહરિના હાથનો પ્રસાદ સર્વે જમ્યા.**

રતુખાંટ શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા બાદ પછી તેમણે મોટા સદ્‌ગુરુઓની પણ તે વખતે પૂજા કરી. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની પ્રથમ પૂજા કરી અને તે પછી અનુક્રમે બ્રહ્માનંદ સ્વામી નિત્યાનંદ સ્વામી ચૈતન્યાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામીની પૂજા કરીને બીજા સહુ સંતોની પણ પૂજા કરી. પ્રથમ કેસરયુક્ત ચંદન લલાટમાં ખૂબ ભાવથી ચરચ્યું અને પછી ઘણા પ્રેમથી સહુને ફૂલના હાર પહેરાવ્યા. પછી સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું અને સહુને પગે લાગ્યા. તે પછી સહુ સંતોની આગળ એક એક ખાખરાની પત્રાવળી મૂકી. પછી નિષ્કામી સંતો મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ પકવાન લઈને પહેલા પીરસવા લાગ્યા. બીજા બધા સંતો પકવાનના ભર્યા પાત્રો લઈને શ્રીહરિની આગળ લાવતા હતા. સંતો તથા પાર્ષદોની પંગત અને ગામધણી કાઠી દરબારો કે જેઓ શ્રીહરિની સવારી લઈને આવ્યા હતા. અને જેટલા હરિભક્તો હતા તે સહુની અલગ અલગ પંગત થઈ અને જ્યાં જેવું યોગ્ય લાગે તે રીતે શ્રીહરિ ફરતા હતા. જેટલા સર્વોત્તમ પકવાન અને ભોજનો નિર્ધારિત હતા તેને લઈને શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરવા લાગ્યા. કે જે શ્રીહરિના હાથનો પ્રસાદ બ્રહ્મા અને શિવજી જેવાને પણ દુર્લભ હોય છે. તે પ્રસાદ સંતો, પાર્ષદો, કાઠી દરબારો એ બધાએ ત્રીસ વર્ષ સુધી ઘણો સુલભ થયો હતો. કોઈ અવતારમાં કોઈને આવો પ્રસાદ સુલભ થયો ન હતો.

- **શ્રીહરિએ સંતોને ભોજન જમવા માટે કાષ્ટના પાત્ર રાખવાની આજ્ઞા કરી.**

શ્રી હરિએ સભામાં કહ્યું દીવાળીનો અને અન્નકોટનો અહીંઆ છેલ્લો ઉત્સવ છે. હવે કહી ન શકાય કે પ્રબોધની એકાદશી અમે ક્યાં કરશું. આ રીતે બહુનામી શ્રીહરિએ હરિભક્તોને રજા આપી અને પછી સંતોને કહ્યું કે 'આજ પછીથી તમે સહુ સંતો અમારી આજ્ઞાએ કરીને ભોજન જમવાને માટે કાષ્ઠના સુશોભિત એક એક પાત્ર પોતાની પાસે રાખજો. પાત્ર રાખવાથી તમારા ત્યાગમાં ખામી નહિ આવે. મોટા આત્માનંદસ્વામી મહાન ત્યાગી હતા. તેઓ ઝેરી નાળિયેરનું જમવા માટેનું એક પાત્ર રાખતા હતા. માંગરોળ બંદરના સંઘાડિયા હરિભક્ત આણંદજીભાઈ નામે છે તેણે ધન લીધા સિવાય પાત્ર ઊતારી દીધા હતા. ધોરાજી શહેરમાં રહેનારા ક્ષત્રિય અર્જુનભાઈને ઘેર દશીસ પાત્ર હમણાં સુધી હતાં. તે લેવામાં હવે કોઈ બાધ નથી.'

ત્યારે સંતોએ કહ્યું, 'મહારાજ, આપ જેમ કહો તેમ અમારે કરવાનું છે. આપને જે ઈચ્છા થાય તે અમને તે વખતે કહેજો. આપનાં વચન અમારે માટે તો વેદોના પણ વેદ છે. અત્યારે અમને આવું સમજાયું છે અને વેદોને પણ આપના વચન પ્રમાણે રહેવામાં તાન રહે છે. આપને જે રીતે વેદો સમજી શકે છે તે જગત સમજી શકતું નથી અને તેને લીધે જ જીવો સંસાર સાગરમાં દુઃખિયા રહે છે. તે જીવો દુઃખને સુખ માને છે અને આપનો અપરાધ કરે છે. આપને શરણે જે નથી થતા તેના જેવો બીજો કોઈ તેના ઉપર દૈવી કોપ નથી. છતાં જગત તેને દેખતું નથી. અમે જ્યારે આપને શરણે થયા ત્યારે અમને તે બધું સમજાયું છે. આપના તે દૈવી કોપને લીધે જગત આપનાં શરણને દેખતું નથી. અને તે જગતના લોકો જે ભગવાનના ભક્ત થયા છે તેમને તુચ્છ કરીને ગણે છે.'

- **સુજાનબા તથા હવનબા દ્વારા આદરજ ગામ સત્સંગના રંગે રંગાયુ.**

*ન જોઈ જાત કુજાત પુરુષોતમ પ્રગટી રે...*

કદી નાત જાત જોયા વગર ભગવાન શ્રીહરિએ એવા કાઠી દરબારો, કોળી, કણબી, ખાંટ, ભંગી, મુસલમાન, વાઘરી, વગેરે અનેક ભક્તો બનાવ્યા છે. જેના ક્રુર જીવન હતા તેને બ્રાહ્મણો જેવા બનાવ્યા છે. જેના મોઢામાં અશ્લીલ ગાળો જ બોલાતી તેના મુખે વેદની ઋચાઓ બોલતા કર્યા છે. પાણી ગાળીને વાપરવું, ખાવું પીવું શુદ્ધ પવિત્રપણે, ભગવાનને જમાડીને જ જમવું. આવા જીવન પરિવર્તનો જોવા મળે છે, તેમાં મોટો ફાળો ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેના સંતોનો છે. આજે પણ વ્યસન, ફેશન, ફેલ ફતુરમાંથી છોડાવીને તે માણસની જીવન દિશા બદલી નાખે છે.

એવા જ એક ઠાકોર જ્ઞાતિના દંઢાવ્ય દેશના આદરજ ગામના રતુ ખાંટને સંતો અને મહારાજના યોગમાં આવતા સત્સંગ ઓળખાયો હતો. હાથમાંથી તીર-કામઠાઓ, ભાલાઓ મુકાવીને હાથમાં માળાઓ લેવડાવીને અડગ નિષ્ઠાવાન ભક્ત બનાવ્યા છે.

આદરજના આ પ્રેમીભક્ત રતુ ખાંટ તથા માતૃશ્રી સુજાનબા તથા તેમના બહેન હવનબા. આ બે સ્ત્રી ભક્તોથી આખા આદરજમાં સત્સંગનો મહિમા ખૂબ જ સમજાયો. મહારાજ આ પ્રેમી ભક્તોને વશ થઈ અંતરની લાગણીથી એમના પ્રેમને વશ થઈ મહારાજ બે વખત આદરજમાં પધાર્યા છે. શું આ ભક્તનો પ્રેમ છે ? એમની સમજણ ખરેખર નીચી જ્ઞાતિમાં જન્મ્યા હતા પણ તેના ગુણો ઉચ્ચ જ્ઞાતિને શરમાવે તેવા હતા. અનહદ પ્રેમ હતો.

અમને જે મળ્યા છે તે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે, સર્વ અવતારના અવતારી છે. આવી નિષ્ઠા

રગેરગમાં વ્યાપી ગયેલી જોવા મળે છે. અને તેમણે ગામોમાં બહેનોને ખૂબ સત્સંગ કરાવ્યો હતો. તેમના ભક્તિભાવને લઇને શ્રીહરિએ મહાઅન્નકૂટોત્સવનો સમૈયો આદરજમાં કરીને આદરજનું નામ સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોમાં સુવર્ણ અક્ષરે નોંધાયું.

- **સુજાનબા અને હવનબાએ શ્રીહરિને રાજી કર્યા ને વર માગ્યો.**

બેસતા વર્ષની વહેલી સવારે શ્રીજીમહારાજ જાગી સ્નાનાદિક ક્રિયા પૂજાપાઠ કરીને જ્યાં વસ્ત્રો પરિધાન કરે છે. ત્યાં સુજાનબા અને હવનબાએ આખી રાત્રી જાગીને પુષ્પના વાઘા તૈયાર કર્યા હતા. જામો સુરવાળ, મુગુટ, બાજુબંધ, હાથે કડા, પોચી અને પગમાં તોડા બેય કાને ગુચ્છ તોરા અને ફૂલની છડી અનેક પ્રકારના ફૂલોથી સુશોભિત સુંદર વાઘા લઈને મહારાજને પહેરાવ્યા. અતિ સુંદર પુષ્પ વાઘાથી મહારાજ શોભી રહ્યા છે.

આ રીતે ફૂલોના શણગાર પહેરાવી મહારાજને ખૂબ જ રાજી કર્યા. મહારાજ રાજી થઈને કહે, સુજાનબા અમો તમારા ઉપર ખૂબ જ રાજી થયા છીએ કાંઇક વરદાન માંગો. આજે જે માંગશો તે આપીશ ત્યારે સુજાનબાએ પંચાગ પ્રણામ કરીને પાલવ પાથરીને કહે પ્રભુ, અમારા આ આદરજ ગામના નરનારીનું તમો કલ્યાણ કરજો. શ્રીહરિ કહે તમે કલ્યાણ માંગ્યું પણ મારા સ્વરૂપના જ્ઞાન વિના થતું નથી. તો અજ્ઞાની પશુ સમાન કહેવાય. તેનું કલ્યાણ કેમ થાય ? છતાં હે સુજાનબા-હવનબા હું કેવળ તમારો પ્રેમ પ્રાપ્તને વશ થયો છું. તેથી તેમને ધીરે ધીરે તમો નિર્વાસનીક થવાનું જ્ઞાન તમે આપજો ને અમારા સ્વરૂપને પામશે આ અમારું વચન છે આમ કહી મહારાજ ખૂબ જ અત્યંત રાજી થયા અને સુજાનબા ને હવનબાની સમજણને ખૂબ જ બિરદાવી છે, ધન્ય છે તમે બીજા માટે વરદાન માગ્યું. ધન્ય

છે તમારી ભક્તિને આનું નામ જ

*"સબસે ઊંચી પ્રેમ સગાઈ"*

*(નારી રત્નો ૧૨)*

સુજાનબા અને રતુજી ખાંટને બહેન હવનબાના જીવન પ્રસંગો ખૂબ જ અદ્‌ભૂત છે. આ પ્રસંગોમાંથી ભગવાનમાં પ્રીતિ કેમ વધે અને સત્સંગ અર્થે ભગવાને ધન આપ્યું હોય તો આવા ઉત્સવ સમૈયામાં વપરાય તો સદ્‌લક્ષ્મીનો સદ્‌ઉપયોગ થાય ભગવાન તથા સંતો-ભક્તોનો રાજીપો મેળવીને નાનાથી લઈને વડીલ ભક્તોમાં, સંતોમાં અથાગ પ્રેમ વધે આવા ભક્તોના આખ્યાનો સાંભળવાથી વાંચવાથી તેના જીવનમાંથી કાંઈક કરી છૂટવાની ભાવના વધે માટે આવા પ્રેમી ભક્ત ગાથા આપણને કંઈક પ્રેરણા આપે છે. અને ભગવાનની મૂર્તિમાં અખંડ મન રહ્યા કરે ને અવિનાશી સુખની પ્રાપ્તિ થાય.

સંવત્ ૧૮૬૮ની સાલમાં વૌઠાને મેળે આદરજના ભક્તજનો ગયા હતા ને ત્યાં શ્રીહરિનાં દર્શન-પૂજનનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

- **શ્રીહરિ અનંતરૂપે આદરજમાં અન્નકોટ જમ્યા.**

એકવાર આદરેજમાં શ્રીજીમહારાજ સંત-પાર્ષદ તથા કાઠીના સ્વાર સહિત પધાર્યા તે અન્નકોટના સમૈયા ઉપર ઘણા સંત તથા હરિભક્ત ગામોગામથી આવ્યા ને અન્નકોટને દિવસે મહારાજ આગળ અન્નકોટ ધર્યો તે સમે મહારાજ અનંતરૂપે થઈને અન્નકોટની બધી સામગ્રી આરોગ્યા ને એકરૂપે સભામાં બેસીને વાતો પણ કરતા હતા ને ઘણાં માણસોને વાતો કરીને આનંદ પમાડ્યાં. પછી બાર વાગે હરે કરીને સંતની પંક્તિ કરીને પોતે પીરસીને સંતને જમાડ્યા ને સિંહનાદ કરાવ્યા તથા પાર્ષદ અને કાઠીઓને પણ એ પ્રમાણે

જમાડ્યા. ને ખૂબ તૃપ્ત કર્યા. પછી સભા કરીને સહુ સંઘના માણસોને ઘેર જવાની આજ્ઞા કરી. ત્યારે સહુ મહારાજને પગે લાગીને પોતપોતાને ઘેર જવા ચાલતા થયા. ને મોટા મોટા ગામોના મુખ્ય મુખ્ય હરિભક્તો રોકાણા.

- **જેના હૃદયમાં ઈર્ષ્યા હોય તે બળી ઉઠે છે.**

પછી મહારાજ સભામાં ઉપદેશની વાતો કરતા હતા તે વખતે મુક્તાનંદ સ્વામી સભા જીતીને વડોદરેથી પોતાના મંડળે સહિત આવ્યા ને શ્રીજીમહારાજને દંડવત કરીને મળ્યા પછી સભામાં બેઠા તે વખતે મહારાજે વાત કરી જે ''મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીતીને આવ્યા તે બહુભારે કામ કર્યું'' તે સાંભળીને હર્યાનંદસ્વામી તથા નિર્વિકલ્પાનંદ સ્વામી તે બેય બળી ઉઠ્યા ને બોલ્યા જે ''ચંદ્રમા તારાને જીતે તેમાં શું વખાણ કરો છો પણ જો અમને મોકલ્યા હોત તો અમે મોટા વેદાંતાચાર્યને તથા તેમનાં શિષ્યોને પણ જીતી લેત.'' એમ એ અભિમાનના વચન બોલ્યા તે મહારાજને સારું ન લાગ્યું. પછી બીજે દિવસે મહારાજ સભામાં બોલ્યા જે ''અમે હવે વનમાં જાશું ને રાજી થઈને રજા દેશો તો કાગળે મેળાપ રાખશું.'' તે સાંભળીને સભામાં સહુ સંત હરિભક્ત ઉદાસ થઈ ગયા ને વિનય કરીને મહારાજને કહ્યું ''હે મહારાજ ! જેમ તમે કહેશો તેમ અમે સહુ કરીશું. પણ તમે એમ ઉદાસ થાઓમાં'' પછી મહારાજ કહે ''હવે સત્સંગ બહુ વધી ગયો માટે સત્સંગમાં મોટેરા કરીયે.''

- **ઓ દુબળી ધ્યાન તો તુમારા હોવેગા પણ દુસરેકા ધ્યાન નહિ હોવેગા.**

ત્યારે સહુ સંત હરિજન મળીને બોલ્યા જે ''હે મહારાજ ! તમે જેમ કહો તેમ અમે કરીએ'' ને તમે જેને મોટેરા કરો તેની આજ્ઞામાં વરતીએ.'' પછી મહારાજે સભામાં પાટ નખાવીને મુક્તાનંદ

સ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા શામળિયા ચૈતન્યાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી એ ચારેયને ત્યાં ગાદી તકિયા નખાવીને બેસાડ્યા ને પોતે તેમની પૂજા કરીને આરતી ઉતારી પછી મહારાજ અતિ રાજી થયા થકા ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને બોલ્યા જે ‘‘અમારા આશ્રિત જે સંત હરિભક્ત હો તે આ ચારેય સદ્‌ગુરુની આજ્ઞામાં વર્તજો’’ને જેમ અમારી પૂજા કરો છો તેમ તેની પૂજા કરજો ને ભાવ રાખજો ને આ સંત તો ભવસાગર તરવાના વહાણરૂપ છે.’’ એમ વારતા કરીને પછી સૂતા ને વળતે દિવસે મહારાજ વહેલા ઊઠીને નિત્યવિધિ કરીને સભામાં આવીને બેઠા. પછી સંત તથા હરિભક્ત પણ આવીને મહારાજની સન્મુખ બેઠા તે વખતે મહારાજ પારખું લેવા સારું સભામાં બોલ્યા જે ‘‘આ મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરો.’’ ત્યારે મોટા સંત તથા હરિભક્ત બોલ્યા જે ‘‘હે મહારાજ ! ધ્યાન તો એક તમારું જ થાય પણ સ્વામીનું ન થાય.’’ તે વખતે એક હિંદુસ્તાની સંત સભામાંથી ઊઠીને મહારાજના ઢોલિયા પાસે આવીને ગોઠણીયાભર ઊભા થઈને બોલ્યા જે ‘‘ઓ દુબળી ધ્યાન તો તુમારા હોવેગા પણ દુસરેકા ધ્યાન નહિ હોવેગા’’ તે સાંભળીને મહારાજ ઘણીવાર હસ્યા ને બોલ્યા જે આ સંત ખરા ઉપાસક છે કારણ કે પોતાના ઈષ્ટદેવ બીજાનું ધ્યાન કરવાનું કહે તો પણ ન માને ને બીજાનું ધ્યાન ન કરે ને જેણે નિશ્ચય કરાવ્યો તેના ફેરવ્યા પણ ન ફરે તે ખરા ઉપાસક કહેવાય ને જે પોતાના ઈષ્ટદેવને મૂકીને કે પોતાના ઈષ્ટદેવની બરોબર બીજાને ગણીને તેનું ધ્યાન કે ભજન કરે છે. તેને અમારી ઉપાસના જ નથી ને તેને સત્સંગ પાકો ન કહેવાય’’ એમ મહારાજે તેમના બહુ વખાણ કર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૪૮)*

- **આદરજમાં પ્રસાદી સ્થાનો :**

(૧) **તળાવ :** આ તળાવમાં શ્રીહરિ, પરમહંસો, પાર્ષદો સાથે ખૂબ જ જળ ક્રિડા કરી છે તેથી પ્રસાદીનું છે.

(૨) **આંબલીના ઝાડ :** ગામથી ઉત્તરમાં તળાવ આવેલું છે તે તળાવથી પૂર્વમાં આંબલીઓની ઘટા હતી ત્યાં મહારાજે સભાઓ કરી છે. તેથી તે સ્થળ અતિ મહત્ત્વનું પ્રસાદીનું છે. જ્યાં શ્રીહરિએ ચાર સદ્ગુરુઓને સ્થાપ્યા હતા.

(૩) **ગાડું :** આ ગાડા ઉપર શ્રીહરિએ ઘણીવાર બિરાજીને દર્શન આપેલા છે.

(૪) **રતુખાંટના ભવન :** અહીં શ્રીહરિ પોઢેલા છે થાળ જમેલા છે તેથી પ્રસાદીના છે. (ઉત્તરાદાબારના)

(૫) **આદરજનું મંદિર :** પ્રસાદીની જગ્યા છે.

(૬) **પ્રસાદીનો ઓટો :** અહીં શ્રીહરિએ સભા કરી હતી. ને રતુખાંટના ભવનની આગળ જ આવેલો છે.

- **શ્રીહરિને મળેલા આદરજના ભક્તજનો :-**

પ.ભ.શ્રી રતુ ખાંટ

પ.ભ.શ્રી બાદરજીખાંટ

પ.ભ.શ્રી સુજાનબા

પ.ભ.શ્રી હવનબા

પ.ભ.શ્રી સર્વે ખાંટ પરિવાર

## શ્રીજી પ્રસાદીનું ગામ સોજા

(૧) સંવત ૧૮૬૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વહેલાલથી ચાલ્યા તે જાખોરા, સાદરા, ઉનાવા થઈને સોજા પધાર્યા. ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ ખોરજ થઈ કરજીસણ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૭)*

**(૨) પ્રભુ પધાર્યાનો આનંદ...**

સંવત્ ૧૮૬૮ની સાલમાં શ્રીહરિ પોતાના આશ્રિત જનની રક્ષા માટે ગામે ગામ વિચરી રહ્યા છે. ને આવતા ભયંકર આગણોતેરા કાળની ચેતવણી આપતા જાય છે ને કહેતા કે 'આવતું વર્ષ એટલે આગણોતેરા કાળનું છે.' માટે સૌ ઘરેણાં ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિ વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો. કેમ કે તે કાળમાં રૂપિયા દેતા અનાજ નહિ મળે. અન્ન અને ઘાસ વગર અનેક માનવ અને પશુઓ મરી જશે. માટે ઘરમાં કોઠીઓ હોય તેમણે ઉપરથી છાંદી દેવું ને છાણેથી અનાજ કાઢવું. આવી ભલામણ કરીને ભક્તોને ચેતવ્યા. પણ જેમણે શ્રીહરિનો વિશ્વાસ હતો તેવા ભક્તોએ અનાજ વગેરેનો સંગ્રહ કર્યો ને જેમણે શ્રીહરિની આજ્ઞા ન માની તેઓ બહુ દુઃખી થયા.

શ્રીહરિ ડાંગરવાપુરથી ચાલ્યા તે કરજીસણ, ખોરજ, મોખાસણ, પલીયડ, નારદીપુર થઈ સોજા ગામે પધાર્યા. ગામ પાસે આવ્યા ત્યારે ભાવિક ભક્તો ઘનશ્યામ પ્રભુની સામા આવતા હતા. બાળકો, યુવાનો, વૃદ્ધો વાજાં લઈને વગાડતાં હતા. ઢોલ નગારૂ તાલની સાથે ભેરી ભૂંગળના સૂરો વાગતા હતા. ધૂન ગાજતી હતી. ગગનમાં ગાજતા શબ્દો સાંભળીને બધા અબિલ ગુલાલ ઉડાડતા હતા. ત્યારે સ્ત્રીઓ પ્રેમથી ભગવાનનાં કીર્તનો ગાતી આવતી હતી. મહાપ્રભુજી આખા ગામમાં ફરીને ગામને પાવન કર્યું. ત્યાર પછી બહાર આવીને

તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા. ગામના મનુષ્યો પ્રભુના દર્શન કરીને ખૂબ સુખ પામતા હતા.

બાલચંદ્ર ભક્તે ખૂબ જ ભાવથી પોતાને ઘેર યોગ્ય રીતે થાળ સુંદર શાક, પાક કરીને તૈયાર કરાવ્યો, મહારાજને જમવા માટે વિનંતી કરી તેથી અવતારી ધર્મકુમાર રસવંતી રસોઈ જમ્યા. થાળ જમીને તૃપ્ત થઈને લોકોના મનને આનંદ કરનાર હાથ મુખને ધોઇને ભયને તોડનારા મુખવાસ મુખમાં લઈને આનંદથી પોતાના દાસ જાણીને દીનબંધુએ બહુ સુખ આપ્યાં. શ્રીહરિ આગ્રહ કરીને ભાવ પૂર્વક ઘણીવાર પીરસીને સંતોને જમાડી ભક્તોના મનની આશાઓને પૂરી કરતા હતા. શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે નાદરી પધાર્યા. *(શ્રીહરિલીલા સિંધુ રત્ન-૧૦ તરંગ-૧૧)*

**(૩) સોજા ગામના નાગરદાસ પટેલને તેડવા શ્રીહરિ આવ્યા.**

ગામ સોજાના પટેલ નાગરદાસ માંદા હતા ને તેના ભાઈ નથુ પટેલ પાસે બેઠા હતા. તે સમે નાગરદાસ ઊંચુ જોવા મંડયા ત્યારે નથુભાઈએ કહ્યું ''ભાઈ ! વળાને શું જોઇ રહ્યા છો ? મહારાજને સંભારોને.'' ત્યારે નાગરદાસ બોલ્યા જે ''હું વળાને જોઉં તેવો નથી હું તો મહારાજશ્રીની મૂર્તિ જોઇ રહ્યો છું ને આ હરિચરણદાસજી સ્વામી આદિક પાંચ સાધુ આવ્યા છે તે તમને આવતી કાલે મહારાજ તેડવા આવશે ને અમે આજ ઓલ્યા કડિયાને તેડવા જઇએ છીએ'' ત્યારે નથુભાઈ બોલ્યા જે ''તેઓ સત્સંગી નથી'' ત્યારે નાગરદાસ કહે ''એ તો સત્સંગી નથી પણ એની મા સત્સંગી હતા ને તેણે સાધુને લોટ દળી આપતા ને તે દિવસે તે બાઈથી દળાય તેમ નહોતું તેથી તે કડિયે દસ શેર બાજરો દળી દીધો હતો તે પુણ્યે કરીને તેને તેડવા જઇએ છીએ, એમ તેઓ વાત કરે છે.'' એટલામાં નાગરદાસનો દીકરો આવ્યો તે બોલ્યો જે ''એ કડિયો તો ચાર્યનો ભારો લઈને હમણાં જ મને મળ્યો હતો ને સાજો છે.'' પછી તે કડિયો પોતાને

ઘેર ચાર્યનો ભારો નાખીને તળાવમાં નાવા ગયો ત્યાં વાય આવી તેથી પાણીમાં પડ્યોને દેહ મેલી દીધો ને તેને સાધુ તેડી ગયા ને નાગરદાસને બીજે દિવસે મહારાજ તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૦૯)*

- **અગણોતરા કાળમાં ભક્ત વત્સલ ભગવાને ભક્તોની કરેલી રક્ષા**

સંવત્ ૧૮૬૯ની સાલમાં ભયંકર કાળ પડ્યો ને અસંખ્ય માણસો ને પશુઓ મરી ગયા.

*વણ સગે વણ સાગવે વણ નોતરીયે નેહ,*
*વણ માવતરે જીવીએ તું વીણ મરીએ મેહ.*

દરેક દેહધારી કાળા માથાનો માનવી જરાક વિપત પડે ને ભગવાનને આરત કરવા માંડે, પણ એમ ન વિચારે કે આ તો કર્મના ફળ છે. લખચોર્યાસી યોનિમાં જીવને જે જે વિપત પડે તે તે સુખ-દુઃખ તો તેના કર્મ અનુસાર ભોગવવા પડે છે.

ગુજરાતની ધરતી માથે દુષ્કાળનો કાળો વેશ પથરાયો. ધરતી માથેના જીવોને કાળો કકળાટ કરાવતો નાગડા બાવાની જમાત જેવો દુષ્કાળ ઊતરતા જ સૃષ્ટિએ કાળો કકળાટ મંડાયો.

આવા સમયે શ્રીજીમહારાજે ગઢડામાં ભીડો ઓછો કરવા ગામે ગામ સંતો-ભક્તોને વિચરણ કરવા મોકલ્યા. મયારામભટ્ટ ફરતા ફરતા સોજા ગામે આવ્યા અને એક સત્સંગી બ્રાહ્મણબાઈ લક્ષ્મીને ત્યાં ઊતર્યા. બાઈએ દુભાયેલા હૈયે અતિથિનો સત્કાર કરતા પૂછ્યું, 'ભટ્ટજી ! કાંઈ જમશો કે ? ભટ્ટજીએ તેની હાલત જોઈ.'

એકના એક દીકરાના આધારે ગામમાંથી લોટ માગી જીવન ચલાવતી બાઈના ધણી થોડા જ સમય પહેલા ધામમાં ગયા. પંદરેક વીઘા જમીન ગામના શ્રદ્ધાળુ જજમાન ખેડીને વરસ દી વળોટાય એટલા દાણાં ભેગા કરી આપે તેમ જ ઘટતી ચીજ વસ્તુ પૂરી પાડે.

બાઈએ ભટ્ટજીને અંતર ઠાલવી તેની જીવન કહાની બરાબર સંભળાવી. સાંભળતા જ ભટ્ટજીનું હૈંયુ ભીનું ભીનું થઈ ગયું. ને ઊંડાણથી નિસાસો નીકળી ગયો તે હળવેકથી બોલ્યા,

"ના...બેન ! રોંઢા ટાણે ગામના તળાવે પૂગ્યો, નાહીને ટીમણ કર્યું. સંધ્યા ઊતરીને ગામમાં આવ્યો છું એટલે ભૂખ નથી લાગી."

બાઈએ કણસતા હૈંયે કહ્યું, "ભટ્ટજી ! તમે મહારાજને આટલું કહેજો કે આ તો સૂકા ભેળું લીલુંય બળે છે." પાપીઓના પાપથી પુણ્યશાળીય દુઃખી થાય છે. આવા કાળ તમારા ભક્તોને બહુ વહમા પડે છે. તો વહેલાસર ધામમાં તેડી જજો. ઘરમાં દાણા ખૂટવા આવ્યા છે, તો પછી શું ખાઈને જીવશું ? વળી આ કાળે જડબું પહોળું કર્યું છે. તેમાં દાતાર-દયાવાન-સુખિયા પણ હોમાયા છે. તો દુઃખિયારાની મદદે કોણ આવે ?

મયારામ ભટ્ટનું હૈંયુ પણ બાઈની વાત સાંભળી ગદ્ગદ્ થઈ ભીનું ભીનું થઈ ગયું. એ રાત્રી તેણે જેમ તેમ પડખા ફેરવીને વિતાવી. સવાર પડતા જ ખડિયો ખંભે નાખી ગઢડા તરફ પગલાં માંડ્યા.

મહારાજ પાસે આવતા જ ચરણે ઢળી પડ્યા. આંખેથી બોર બોર જેવડા આંસુ સારવા લાગ્યા.

મહારાજે પૂછયું "શું થયું ભટ્ટજી ! આમ ઢીલા પડ્યા છો ?"

"અરે મહારાજ ! સોજા ગામ સુધી ભ્રમણ કર્યું. ત્યાં એક બ્રાહ્મણ બાઈની હાલત જોઈ. એણે અંતરની વેદના ઠાલવી કહ્યું કે મહારાજને કહેજો કે વહેલાસર અમને તેડવા આવે," આપ દયા કરો, તમારા ભક્તોના દુઃખ ટાળો." મહારાજે કહ્યું "ભટ્ટ ! તમે ત્યાં પાછા જાઓ. એ બાઈના ઘેર ઉત્તરાદિ દિશે એક કોઠી છે. તેમાં મગ ભર્યા છે. તેના સાણેથી મગ જોઈએ એટલા કાઢી વહેવાર રાખજો. કોઠીનું ઢાંકણું છાંદેલ છે તેમનું તેમ રાખે. એ મગ વેચી બાજરો-ઘઉં-ચોખાને ચીજ વસ્તુ લઈ વરસ વિતાવે ને ભગવાન ભજે."

મયારામ ભટ્ટ તો આવ્યા એવા જ ખંભે ખલકો નાખી પાછા ચાલતા થયા. ત્રણ દિવસમાં તે સોજા ગામે આવ્યા ને લક્ષ્મીબાઈને કહ્યું,

"લક્ષ્મીબાઈ ! તમારા ઘરમાં એક જૂની કોઠી મગની ભરી પડી છે. તેનું ઢાંકણું ખોલ્યા વિના સાણેથી મગ કાઢી, વેચીને જે જરૂર પડે તે વસ્તુ લઈ વરસ વિતાવજો એમ મહારાજે કહ્યું છે. અને એ કોઠીના મગ ખૂટે ત્યારે તે તેડવા આવશે." "અરે ભટ્ટજી ! શું ઘરની મને ખબર ન હોય ? એ કોઠી તો ગોર ધામમાં ગયા તે પહેલાની ખાલી જ પડી છે."

"છતાંય લક્ષ્મીબાઈ એને આપણે જોઈએ તો ખરા ? જોવામાં શું જાય છે ? મહારાજ કહે છે તે કાંઈ ખોટું તો ન જ કહે !" ભટ્ટે કહ્યું.

"હા...ભલે ! ભટ્ટજી...ચાલો..." એમ કહી બંને ઘરમાં ગયા ને કોઠીનું સાણું ખોલ્યું તો મગની ધારોડી થઈ. એ જોઈ બાઈના અંતરમાં ટાઢક વળી મયારામ ભટ્ટને પણ આ પરચો જોઈ મહારાજમાં અતિહેતની ગાંઠ બંધાણી તે ત્યાંથી ફરી ગામડાં ફરવા નીકળી પડ્યા. એ પછી તો બાઈ રોજ રોજ મગ કાઢે ને વેચે તેમાંથી ઘરમાં જોઈતી વસ્તુ લાવે. સાધુ-સંત-અભ્યાગતને જમાડે. લુગડાં પણ લીએ. એમ કરતાં વરસ આખું વિતાવ્યું. તોય વીસ મણની કોઠીમાંથી મગ ખૂટ્યા જ નહીં. તેમાંથી બાઈએ ત્રીસ હજારની મૂડી ભેળી કરી.

આમ, લક્ષ્મીબાઈ બ્રાહ્મણીનો મહારાજે નિભાવ કર્યો અને ફરી પાછા મયારામ ભટ્ટ ગઢડા મહારાજ પાસે આવ્યા. પગે લાગ્યા ને બોલ્યા તમે મહારાજ, ખરેખર ભગવાન હોં...(નારી રત્નો ૮૨)

● **શ્રીહરિને મળેલા સોજા ગામના ભક્તજનો :-**

| | |
|---|---|
| પ.ભ.શ્રી બાલચંદભાઈ | પ.ભ.શ્રી કડિયાભાઈની માતા |
| પ.ભ.શ્રી નાગરદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી લક્ષ્મીબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી નથુભાઈ પટેલ | પ.ભ.શ્રી દેવજીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી કડિયાભાઈ તથા | |

## આનંદ આપનારું ગામ ઓળા

● **ઓળામાં શ્રીહરિ પધાર્યા તેની સાલવાર માહિતી**

સંવત ૧૮૬૧
સંવત ૧૮૬૨
સંવત ૧૮૬૩
સંવત ૧૮૬૫
સંવત ૧૮૬૮
સંવત ૧૮૭૦
સંવત ૧૮૭૧
સંવત ૧૮૭૨
સંવત ૧૮૭૫
સંવત ૧૮૭૬

શ્રીહરિ તેમાં કોઈવાર વર્ષમાં એક વાર - બે વાર કે ત્રણ વાર પધાર્યા છે. તેમાં કોઈવાર દર્શન દાન આપીને બીજે ગામ પધાર્યા છે. તો કોઈ વાર એક રાત્રી રહ્યા છે તો કોઈવાર બે રાત્રી રહીને ભક્તોને ખૂબ દર્શન, સેવાનો તથા જમાડવાનો લહાવો મળ્યો છે. તથા ઘેર ઘેર પધરામણી કરાવી છે.

● **ઓળામાં પ્રભુ બીજીવાર પધાર્યા ને ઘેર ઘેર પધરામણી કરી**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ડાંગરવાથી ચાલ્યા તે વડુ થઈ ઓળા ગામ આવ્યા. તે ગામના જે હરિભક્તો હતા તે અને બીજા બધા પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. તેઓ જાત જાતના વાજિંત્રો લાવ્યા હતા.

બધા આવીને ચરણોમાં પડ્યા. ચારેય વર્ણના મનુષ્યો હતા. તેમણે અપાર હેતથી ફૂલના હાર પહેરાવ્યા. જે હરિક્તોના નામોને હું જાણું છું તે કહું છું. ઘણા ગામ છે તે ગામે ગામના નામનો પાર

કોઈ લઈ શકે નહિ. પટેલ શ્રીધરદાસ, અવિચળદાસ, વેણીદાસ, પીતાંબરદાસ, નરોત્તમ, વણારસી એ આદિક બધા હરિભક્તોએ અપાર વિનય કરીને ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ગામના બધા જ લોકોનાં મનમાં ઘણો જ ભક્તિભાવ હતો. એટલે જ્યારે શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે બધા રાજમાર્ગને સ્વચ્છ કરીને વિચિત્ર રીતે શણગારી દીધા.

દરેક મકાનના જે દરવાજાઓ હતા તેમને વિચિત્ર રીતે શણગાર્યા. દરેક દરવાજે વિવિધ પ્રકારનાં મોતીના તોરણ બાંધી દીધા. હાથી ઉપર સોનાની અંબાડી મૂકી હતી. તેમાં શ્રીહરિ બેઠા અને દરબાર સૂરા ખાચરે હાથમાં ચામર લીધું અને ચતુરતાથી તે ચામર કરવા લાગ્યા. ગામના અપાર મનુષ્યો પૂજા કરવા હાથમાં ફૂલહાર લઈને ઊભા હતા. શ્રીહરિ જ્યારે બજારમાં પોતાની આગળ આવે ત્યારે તે તે લોકો પૂજા કરતા હતા. ગામની જે સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરીને શ્રીહરિને વધાવવા માટે રાહ જોઈને ઊભી હતી. પ્રેમભક્તિવાળી તે સ્ત્રીઓ શ્રીહરિ આગળ આવે ત્યારે ઘણાજ પ્રેમથી વધાવતી હતી. હરિભક્તોએ તો શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. ભાવના પ્રમાણે પૂજા કરી. અંગ ઉપર કેસરી ચંદન ચરચ્યું અને ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા.

મોતીના થાળ ભર્યા હતા એટલે તેનાથી વધાવ્યા અને વિવિધ પ્રકારના મેવા જમાડ્યા. અત્યંત પ્રેમથી કપૂરની આરતી ઉતારી અને હરખભર્યે હૈયે સ્તુતિ કરી. હરિભક્ત સિવાયના ગામના જે ભાવિક લોકો હતા તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરીને અલૌકિક લાભ લીધો. જે પધરામણી ન કરાવી શક્યા, બાકી રહી ગયા તે પછતાયા. ઓળા ગામમાં શ્રીહરિ રાત રોકાયા. બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે અડાલજ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૫૬)*

● **પ્રેમીને વશ પાતળીયો**

"પ્રેમને વશ થઈ જાય, વાલો મારો પ્રેમને વશ થઈ જાય." આવા જ પ્રેમી ભક્ત ઓળા ગામના રતનબાના ઘરે મહારાજ થાળ જમવા પધારે છે, પટેલ જ્ઞાતિમાં આ શ્રેષ્ઠ ભક્ત મહારાજને ખૂબજ ભાવથી અવાર-નવાર જમાડે છે, મહારાજ પણ સામે ચાલીને વિના આમંત્રણે ઓળા આવે અને ગામના પાદરમાં પ્રભુ આવ્યાની જ્યાં ખબર પડે કે, મહારાજ પધારે છે તો અતિ ઉત્સાહભેર આનંદ વિભોર પોતાના દિકરા વસ્તાભાઈ તથા અવિચળભાઈની પાસે શેરી વળાવી સાફ કરાવી, આંગણે આસોપાલવના તોરણ બંધાવી વાજતે ગાજતે પોતાનાં ઘેર કીર્તન ગાતા વધામણાનાં ગીતો ગાય છે.

"મારે આજ પ્રિતમ ઘરે આવશે, હારે એના સાથીડાને સાથે લાવશે જીરે..."

આમ ચાર પદ બોલતા મહારાજ પાસે પહોંચીને તેમને ઘેર તેડી લાવી ને જેમ વરરાજા માંડવે આવે ને પોંખે તેમ રતનબાએ મહારાજને આસોપાલવના તોરણ નીચે ઉભા રાખીને પછી હેતથી પોખ્યા છે, આરતી કરી છે ને પછી ફૂલ વેરતા વેરતા આંગણામાં બેઠક બનાવી છે ત્યાં બેસાડે છે. રતનબાએ સુંદર બાજોઠ ઢાળીને કનક થાળમાં પકવાનો પીરસ્યાં છે, ખૂબજ ભાવથી જમાડે છે, બન્ને દિકરા બાજુમાં ચમર ઢોળે છે ને પંખાથી હવા નાંખે છે. ને રતનબા એક પછી એક વાનગી લાવીને આગ્રહ કરી કરી પ્રભુને જમાડે છે.

રાત્રીએ સર્વ હરિભક્તો કાકુભાઈ, કાશીદાસ, જીવણ ભગત, વિઠ્ઠલભાઈ તથા થોભણ સુતાર વગેરે ભક્તજનો તથા રતનબા આદિક સ્ત્રી ભક્તોની સભા કરીને મહારાજે વાત કરી કે,

અમો પહેલા એક સમયે ચોમાસાના દિવસો હતા ને કરજીસણ ગામથી ગોવિંદભાઈના ઘેરથી નીકળીને ઓળા ગામ આવતા હતા, ત્યારે વરસાદ પડેલ હોવાથી માટી વાળી જમીનમાં ગાડું ખૂંચ્યું.

આખરે બળદો છોડી પગપાળા જ ઓળા ગામ આવ્યા. ત્યારે મોડી રાત થઈ ગઈ હતી. અમે રતનબાના ઘેર આવીને બારણું ખખડાવ્યું, રતનબાએ બારણું ખોલ્યું. ત્યારે અમને જોતાં જ રાજી રાજી થઈ ગયા. પ્રથમ તો અમારા ગારાવાળા પગ ધોવા માટે ગરમ પાણી આપ્યું. બાદ ઉતારો કર્યો અને સ્નાનાદિક કરીને વસ્ત્રો બદલ્યા. એટલીવારમાં રતનબાએ જમવાનો થાળ પણ તૈયાર કરી નાખ્યો, શીરો, પૂરી, દાળ-ભાત, ઘી ચોપડેલ રોટલા, દૂધ ને કંસાર વગેરેનો થાળ ભરીને મહારાજને બાજોઠ ઉપર બેસાડીને બીજા બાજોઠ ઉપર થાળ મૂક્યો ને મહારાજને બહુ હેત કરી તાણ કરીને જમાડ્યા. મહારાજે વાત કરી કે, ‘રતનબાનો પ્રેમ અથાગ છે, અમે ટાણે-કટાણે આવ્યા તો પણ રસોઈ તૈયાર કરી. આવા ભક્તો પર અમો ખૂબજ રાજી થયા છીએ.

- **શ્રીહરિની દ્રષ્ટિ રતનબા સન્મખ થતાં જ દિવ્ય દ્રષ્ટિ થઈને અક્ષરધામના દિવ્ય દર્શન થયા**

એમ કહી મહારાજે દ્રષ્ટિ રતનબા સન્મુખ કરી તો રતનબાને દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થઈને અક્ષરધામના દિવ્ય દર્શન થયાં. ધર્મદેવ, ભક્તિમાતા સહિત પ્રભુની કિશોરવય મૂર્તિના દર્શન થયા. મરક મરક સ્મિત હોઠ પર છે, રત્નજડિત સિંહાસન પર મહારાજ બિરાજે છે. અતિ રમણીય, તેજોમય મૂર્તિના દર્શન થયાં. રતનબા ખૂબજ આશ્ચર્ય પામ્યા ને સ્તુતિ કરવા લાગ્યા કે, હે પ્રભુ તમો અધમ ઉધ્ધારણ છો, ભક્તપ્રતિપાળ છો, અનાથના નાથ છો, તમ વિના મારું આ જગતમાં કોણ છે ? એમ શબ્દ ઉચ્ચારતા ભાવ વિભોર થઈ પ્રાર્થના કરે છે.

*“પ્રભુ તમ વિના મારું કોણ છે ? તમે જાણો છો હરિ હરિ,*
*પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો.*
*મારા પ્રાણતણાં આધાર છો, તમે જાણો છો હરિ હરિ,*
*આ લોકમાં તમે આપ છો, પરલોકમાં મા-બાપ છો.*

*સર્વ જગતના પ્રતિપાળ છો, તમે જાણો છો હરિ હરિ,*
*મારી આશ તણાં તમે આશ છો, અતિ કુડથી તમે દૂર છો,*
*મંજુકેશાનંદના નાથ છો, તમે જાણો છો હરિ હરિ.''*

● **પ્રભુ તમારાથી તો સૂતક સો ગાઉ છેટું રહે**

આમ પ્રાર્થના કીર્તન બોલે છે તે સમયે કોઈના રડવાનો અવાજ આવ્યો, તો મહારાજ કહે, 'રતનબા, આ કોણ રડે છે ?' ત્યારે રતનબા કહે, 'અમારા કુટુંબમાં એક વૃધ્ધ દાદા મૃત્યુ પામ્યા છે, એટલે મરનાર પુરુષની સ્ત્રી રડે છે.' ત્યારે મહારાજ કહે, 'તો તો રતનબા, તમારે અમને ચોખવટ કરવી જોઈએ, અમને સૂતક લાગે, સૂતકવાળા ઘરનું અનાજ અમોને જમાડ્યું માટે અમારે પ્રાયશ્ચિત કરવું પડશે. તમારે પણ આવું ન કરવું જોઈએ.'

રતનબા કહે, 'મહારાજ, મારી વાત સાંભળો સૂતક તો તમારાથી સો ગાઉ છેટુ રહે. પાણીમાં સોનું નાખી તે સોનાના સ્પર્શવાળુ પાણી સૂતકી પૂર્વે (પહેલા) છાંટો તો સૂતક નડતું નથી, બીજું કોઈ અશુધ્ધ પદાર્થ હોય તો પણ આવા પાણીના છાંટા નાંખવાથી શુધ્ધ થઈ જાય છે, એવા સમગ્ર જગતને આપ પવિત્ર કરનારા છો તો પછી જે માણસ હંમેશ તમારા નામનું ઉચ્ચારણ કરતો હોય તેવાં મનુષ્યને સૂતક શું બાધ કરે ? મહારાજ, તમારું નામ રટવાથી અપવિત્રતા કે અશુધ્ધિ દૂર થતા હોય તો પછી તમને વળી સૂતક શાનું લાગે મહારાજ !'

મહારાજ રતનબાની વાત સાંભળી મરક મરક હસવા લાગ્યા આ દેહના નાશવંતપણાની વાત કરી અને કહે કે 'પાણીના પરપોટાસમ આ શરીરને પડતા કાંઈ જ વાર લાગતી નથી, જેનું ખીલવું તેનું કરમાવું. જેનો ઉદય તેનો અસ્ત, જેનું આગમન તેની વિદાય તેમ જેનો જન્મ તેનું મૃત્યુ તો એક ઉત્સવ છે, અને એવું મૃત્યુ હોવું જોઈએ કે પ્રભુ ભજન કરી છેલ્લો જન્મ કરી લેવો. બહુ જ જનમમાં રખડ્યા

છીએ અમાપ માતાનું ધાવણ આ જીવ ધાવ્યો છે છતાં થાક્યો નથી પણ હવે કેડ બાંધી મંડી પડવું. ભોજન, ભણતર અને ભજન તો પોતે જ પોતાની જાતે જ કરવું પડે.'

બ્રહ્માનંદ સ્વામી લખે છે,

*મરના મરના સબ કહતે હૈ, મરના એક દિન સબ કોઈ,*
*બ્રહ્માનંદ કહે ઐસા હી મરના, ઉસે ફીર જનમ ન હોઈ.*

● **રતનબાની પરોપકાર વૃત્તિ**

આમ ઉપદેશની વાત કરી મહારાજ રતનબા તથા સર્વ પ્રેમી ભક્તોને વશ થઈ રજા માગે છે અને રતનબા તેમજ એમના દીકરા વસ્તાભાઈ તથા અવિચળભાઈના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપે છે, રતનબાને ઉદ્દેશી કહે, 'રતનબા, તમારા બંને દીકરા ખૂબ જ સમજણવાળા છે, અમો જ્યારથી અહીં આવ્યા ત્યારથી અમારી સેવામાં ખડે પગે ઉભા છે તેથી અમો ખૂબજ રાજી થયા છીએ, માટે કશુંક માગો, માગો તે આપીએ' આમ કહી મહારાજે બે ત્રણવાર માગવા કહ્યું, એટલે રતનબા કહે, 'આ અમારા ઓળા ગામના સર્વનું રૂડું થાય, સત્સંગમાં હેત પ્રીત વધે અને અંતે તમારી મૂર્તિનું સુખ અખંડ માણીએ અને આવી રીતે અવાર-નવાર ઓળા પધારજો તેમજ બેય ભાઈ વસ્તાભાઈ તથા અવિચળભાઈને સત્સંગનો કાયમ ચડતો ચડતો રંગ રહ્યા કરે, આટલી મારી માંગણી છે પ્રભુ !'

મહારાજ ખૂબ રાજી થયાં છે, ને બોલ્યા 'તમે તો તમારી સાથે ગામનું પણ રૂડું માગ્યું, ખરેખર તમે પરહિતકારી છો, તમે બીજાનું ભલું માગ્યું છે, ધન્ય છે, રતનબા તમને અને તમારી સમજણને.'

રતનબાના આ પ્રસંગથી આપણને આ લોકનું જરા પણ અભિમાન ન આવે અને સંતો ભક્તો અર્થે આપણું શરીર તથા સંપત્તિ કામમાં આવે તથા દેહાભિમાન ન આવે, નિર્વાસનિક થઈ પ્રભુ ચરણમાં પહોંચીએ. ખરેખર રતનબાના જીવનમાંથી પરોપકાર વૃત્તિ

આપણામાં ખીલે જેમ ઝાડને પરોપકારી કહ્યું છે નદી, સૂર્ય ને સંતોને પરોપકારી કહ્યા છે.

*"પરોપકારાયં ફિલંત વૃક્ષા, પરોપકારાય વહિન્ત નદિયા,*
*પરોપકારાય વિભ્રન્તિ સૂર્યા, પરોપકારાય સંતો વિભૂષાય."*

નદી વહિને નિર્મળતા લાવે છે, પુષ્પો ખીલીને સુવાસ આપે છે, સૂર્ય ઉદય થઈને સૃષ્ટિને પ્રકાશ આપે છે, તેમ સંતો વિચરણ કરી જીવોને પ્રભુ ઓળખાવે છે. માટે સર્વેને પરોપકારી કહ્યા છે. પોતે ઘસાઈને બીજાને ઉજાસ આપે છે. અગરબત્તી સ્વયંમ્ જલી જઈને બીજાને સુગંધ આપે છે. ભગવાન શ્રીહરિના સંતો ભક્તો ભગવાનને રાજી કરીને સમાજ માટે બીજાનું ભલું થાય તેમજ માંગણી કરે છે. એટલે જ કવિએ ગાયું હશે ને,

*'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમ જનમ અવતાર રે.'*

હે પ્રભુ ! જનમો જનમ તારા ગુણ ગાયા કરુ, ને તારી ઓળખાણ જીવોને કરાવતો રહું આ છે પરોપકાર વૃત્તિ. ધન્ય છે ! રતનબાની પ્રેમ લક્ષણા ભક્તિને. *(નારી રત્ન-૧૧)*

- **શ્રીહરિ મોટા સંઘ સાથે ઓળા પધાર્યા**

શ્રીહરિએ ગઢપુરમાં સંવત ૧૮૭૫ ની સાલમાં જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે જાહેરાત કરેલી કે આવતો દીવાળીનો અન્નકૂટોત્સવનો સમૈયો દંઢાવ્ય દેશમાં આદરજમાં કરવો છે તો સર્વે સત્સંગી ભક્તો આદરજ આવજો.

શ્રીહરિ ગઢપુરથી દંઢાવ્ય દેશ જવા ચાલ્યા ત્યારે સાથે સંતો, પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના સત્સંગી જોડાયા હતા. તેના નામ દાદા ખાચર, મોકા ખાચર, માણસીયા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ, ગોદડ ખાચર, બોટાદ, નાગડકા, કોટડા, સારંગપુર, સુંદરિયાણા વગેરે ગામોના કાઠી દરબારો અશ્વો સાથે શ્રીહરિની સવારીમાં જોડાયા. કારિયાણીના વસ્તા ખાચર, વેલા ખાચર, માત્રા

ખાચર, વિસામણ ખાચર, કુંડળના મામૈયા પટગીર વગેરે બહુ મોટા સંઘ સાથે ચાલ્યા તે લીંબડી, ભલગામડા, શિયાણી, તાવી, તલસાણા, દેવળિયા, દદુકા, મછિયાવ, કલોલ, શેરથા, ડાંગરવા, કરજીસણ વગેરે ગામે ગામથી ભક્તજનો શ્રીહરિ સાથે જોડાયા. તે તે સંઘ વડુ આવ્યો ને પગે લાગ્યા અને રહેવા વિનંતી કરી. શ્રીહરિ કહે આવતા આ ગામમાં રાત રહીશું. એમ દર્શન દઈને ચાલ્યા તે આદરજ પધાર્યા ને ત્યાં મોટો સમૈયો કરીને ખૂબ સુખ આપ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૨૨)*

● **શ્રીહરિને મળેલા ઓળા ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી રતનબા પટેલ માતા | પ.ભ.શ્રી જીવણદાસભાઈ પટેલ |
| પ.ભ.શ્રી વસ્તાભાઈ પટેલ પુત્ર | પ.ભ.શ્રી નારાયણભાઈ પટેલ |
| પ.ભ.શ્રી અવિચળભાઈ પટેલ પુત્ર | પ.ભ.શ્રી ગિરધરભાઈ પટેલ |
| પ.ભ.શ્રી શ્રીધરદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી કાકુભાઈ પટેલ |
| પ.ભ.શ્રી વેણીદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી કાશીદાસભાઈ પટેલ |
| પ.ભ.શ્રી ગંગાદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી જીવણ ભગત પટેલ |
| પ.ભ.શ્રી પીતાંબરભાઈ પટેલ | પ.ભ.શ્રી વિઠ્ઠલભાઈ પટેલ |
| પ.ભ.શ્રી નરોત્તમભાઈ પટેલ | પ.ભ.શ્રી વાસણજીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી વણારસીભાઈ પટેલ | પ.ભ.શ્રી થોભણભાઈ સુથાર |

● **પ્રસાદીના સ્થાનો**

(૧) **વડ :** આ વડલાનું ઝાડ ગામથી પૂર્વ ભાગોળે અગ્નિ ખૂણે છે. ત્યાં મહારાજે સભા કરી છે. વડે હીંચેલા છે.

(૨) **તળાવ :** આ તળાવમાં શ્રીહરિ પાંચસો પરમહંસ સાથે નાહેલા છે.

(૩) **રતનબાનું ઘર :** જ્યાં મહારાજ થાળ જમેલા છે ને ત્યાં મહારાજને પોંખેલા છે.

## ઊંઝા ગામની અલૌકિકતા

શ્રીહરિએ પોતાના પદરજથી ઊંઝા શહેરની ભૂમિને પાવન કરીને દર્શનીય બનાવી છે. શ્રીહરિ ઊંઝામાં ચાર વાર પધાર્યા છે. સંવત ૧૮૬૨ માં બે વાર અને સંવત ૧૮૬૫ તથા ૧૮૬૮ માં પધાર્યા છે. તેમાં પ્રથમ વાર સંવત ૧૮૬૨ ની સાલમાં ભૂજથી સિધ્ધપુરમાં શિવરાત્રીનો મહોત્સવ પ્રસંગે શ્રીહરિ પધાર્યા ત્યારે સાથે પરમહંસો, પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામથી હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા. તેથી સંઘ બહુ મોટો હતો.

● **ઊંઝામાં શ્રીહરિએ પ્રથમવાર પધારીને ઐતિહાસિકતા સર્જી**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીજીમહારાજ ભુજથી સિધ્ધપુરનો સમૈયો કરવા માટે સંતો, પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તો સાથે ચાલ્યા તે ભચાઉ, વાંઢિયા, માળિયા, મોરબી, દેવળિયા, હળવદ, ધ્રાંગધ્રા, મેથાણ, રામગ્રી, ડુમાણા, વિરમગામ, રામપર, દેત્રોજ, રૂદાતલા, વિજાપરડા થઈ ઊંઝા પધાર્યા ને તળાવને કાંઠે વડને સમીપે ચોતરો તે ઉપર વિરાજમાન થયા. ને ત્યાં સર્વ સંતમંડળ આવ્યા તેમને પોતે મળ્યા ને દેશાંતરથી આવ્યા. જે સર્વે હરિજન તેમને દર્શન દઈને આનંદ પમાડતા હતા ને સર્વ સંતને તીર્થમાત્રની વાતું પૂછીને રાજી કર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો ૧૮૬૨ ની લીલા)*

શ્રીહરિ જ્યારે ઊંઝા ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. બીજા પણ પુરવાસી લોકો વાજિંત્ર લઈને આવ્યા. પાટીદાર નારાયણભાઈ, મોરારજીભાઈ, મૂળજીભાઈ, વાલજીભાઈ, શ્યામજીભાઈ, ગણેશભાઈ, ખુશાલભાઈ એ બધા હરિભક્તો હતા. બ્રાહ્મણ નથુભાઈ અને એક જેકુંવરબાઈ એ આદિક બધા હરિભક્તો આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. સહુ એકેક શ્રીફળ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ ધર્યાં. એકેક ફૂલનો હાર પણ પહેરાવ્યો હતો. દર્શન કરીને હરિભક્તો અપાર રાજી થયા.

- **ઊંઝામાં શ્રીહરિનું શાનદાર સ્વાગત હાથી પર બેસારીને કર્યું**

વસંત ઋતુ અને મહામાસની વદિ દશમની તિથિ તે દિવસ હતી. જેના ઉપર અંબાડી રાખી હતી એવા હાથી ઉપર શ્રીહરિ વિરાજ્યા. શ્રીહરિની મૂર્તિ અને હાથી સોનાના આભૂષણોથી અપાર સુશોભિત થયા હતા. શ્રીહરિ ઊંઝા ગામમાં ચાલ્યા. તેમની સવારી અદ્‌ભૂત હતી. આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા. શ્રીહરિ જાણીને મોટી રાજ બજારે ચાલ્યા હતા. ઠેક ઠેકાણે યોગ્ય રીતે કેળના સ્થંભ રોપીને બજારને વિચિત્ર રીતે શણગારી હતી. બજારની બંને બાજુએ દુકાનો અને બીજા જે મકાનો હતા. તેમાં મોતીના તોરણ બંધાવીને તેને વિચિત્ર રીતે શણગાર્યા હતા. જે જે શોભા દેખાતી હતી તે સ્થાનિક પુરવાસીજનોએ જ કરી હતી. સમયને અનુકૂળ રીતે વિચારીને બિલોરી કાચના ઝાડને ત્યાં બાંધી દીધા હતા.

ઊંઝા ગામના લગભગ બધા જ લોકો બજારમાં આવીને ઊભા હતા. હાથમાં ફૂલહાર હતા અને એકતાર પંક્તિ બધ્ધ રીતે સહુ જોઈ રહ્યા હતા. ગામના બધા જ લોકોને ઘણો પ્રેમ હતો તેથી શ્રીહરિને અત્યંત ભાવથી સહુ પૂજતા હતા. જ્યારે શ્રીહરિ બજાર વચ્ચે નીકળ્યા ત્યારે ફૂલહાર લઈ ઊભેલા લોકોને લીધે આખી બજાર ફૂલવાડીના જેવી દેખાતી હતી. હરિભક્તો ઘણો જ ગુલાલ લાવ્યા હતા. તે લોકો ઉપર ઉડાડતો હોય તેમ દેખાતું હતું. પુરવાસી લોકો 'જય જય' 'જય જય' એમ વારંવાર બોલતા હતા. અત્યંત આનંદ દાયક શોભા થઈ હતી. દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. લોકોમાં ઘણો જ ઉત્સાહ હતો. જરિયાની નિશાન આગળ ચાલતા હતા. આમ તો ચાલી રહેલી બધી જ સવારી ભવ્ય લાગતી હતી. હાથી અને અશ્વોનો તો કોઈ પાર જ

ન હતો. તેના ઉપર બધા ઉદાર સ્વભાવના દરબારો બેઠા હતા. દરબાર માંચા ખાચર શ્રીહરિને ચામર કરતા હતા.

મૂર્તિ ફૂલોથી ભરાયેલી હતી. ચંદ્રમાન જેવું મુખ સોહામણું લાગતું હતું. તે તો ચંચળ હતા અને મુખ મરક મરક હસતું હતું. દીપની શિખા જેવી રમણીય નાસિકા હતી. પુરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને ભવનના જરૂખામાં અને અટારીઓમાં ઊભી હતી. બધી સ્ત્રીઓ મોતી અને કેસર ચંદન વરસાવીને શ્રીહરિને વધાવતી હતી. બજારે એકતારના રૂપમાં ઊભેલી સ્ત્રીઓ તેના ઉપર પુષ્પોની વૃષ્ટિ કરીને વધાવતી હતી. ઊંઝા વાસીઓને દર્શન દેતા દેતા શ્રીહરિ ઊંઝામાં તળાવને કિનારે બહાર આવીને રહ્યા. ત્યાં એક મોટો વડ હતો. તેની નીચે શ્રીહરિ ઊતર્યા. હરિભક્તો પલંગ લાવ્યા હતા. તેથી શ્રીહરિ તેના ઉપર બેઠા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૩૯)*

● **ઊંઝામાં શ્રીહરિએ શાપિત તળાવની લીલ દૂર કરી**

ઊંઝા ગામે શ્રીહરિ પધાર્યા ત્યારે સામે પાર્ષદો ભગુજી, સૂરા ખાચર, સોમલા ખાચરને શ્રીહરિએ કહ્યું કે 'જાઓ તળાવમાં ઘોડાને પાણી પાઈ આવો. પાર્ષદો તળાવે જઈને પાછા આવ્યા ને શ્રીહરિને કહ્યું : મહારાજ ! તળાવમાં તો એક વેંત જેટલી લીલ છે. પાણી તો દેખાતું નથી. ગામના માણસો દર્શને આવેલા તેમણે પણ કહ્યું, ખરી વાત છે. મહારાજ ! અમારા ગામમાં તળાવનું પાણી અમારે કામમાં આવતું નથી. બારે માસ લીલ જામેલી રહે છે. તળાવમાં પાણી ભરપુર રહે છે. પણ લીલ તેનો પીછો છોડતી નથી. આટલી બધી લીલ જામવાનું કારણ ? શ્રીહરિએ પૂછ્યું.

લોકો કહે ઘણા વર્ષો પહેલા એક મહાત્માજી તળાવની પાળે ઉતરેલા. ગામ લોકોએ તેમનું અપમાન કર્યું અને તેઓએ ગુસ્સે થઈ શાપ આપ્યો કે આ તળાવનું પાણી તમારે કામમાં આવશે નહીં.

મહાત્મા ચાલ્યા ગયા. ત્યારથી પાણીમાં લીલ જામેલી રહે છે. ભગવાન ! જો આપ કૃપા કરો તો ગામલોકોને, પશુ, પંખીને પાણી કામમાં આવે. પ્રભુ માણકી ઘોડી પર સવાર થયા સાથે સંતો, પાર્ષદો તથા કાઠી દરબારો ગયા. આ મહાપુરુષ શું કહે છે તે જોવા માટે ગામના લોકો પણ સાથે ચાલ્યા.

મહારાજે તળાવના પાણીમાં પ્રવેશ કર્યો. પોતાના ચરણ પાણીમાં ડૂબે ત્યાં સુધી માણકીને પાણીમાં લઈ ગયા. ધડુમ.... ધડુમ..... ધડુમ... તેવા અવાજ સાથે લીલ તૂટવા માંડી, જોત જોતામાં તળાવની લીલ અદશ્ય થઈ ગઈ. તળાવનું પાણી નિર્મળ થઈ ગયું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૪૪)*

- **શ્રીહરિએ ઊંઝામાં નવા અઢાર પરમહંસ કર્યા. તેમાં સેવાદાસનો પરિચય**

છપૈયામાં બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ ત્રણ વર્ષના થયા હતા. તે વખતે માર્કંડેય ઋષિ શિષ્યો સાથે છપૈયામાં આવ્યા. તેમને ધર્મદેવે શ્રી ઘનશ્યામ મહારાજનું નામ કરણ કરવા કહ્યું. તેથી તેમણે શ્રીહરિના નામ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ એ ચાર નામો પાડ્યા. તે વખતે તેમને શ્રીહરિએ સમાધિ કરાવેલી ને ગુજરાતમાં આવવા કહ્યું હતું. ને મહાનુભાવાનંદ નામ રાખીશું. આ પ્રસંગનું વર્ણન સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીએ કર્યું છે તે નીચે મુજબ છે.

-: ચોપાઈ :-

*થયા પ્રસન્ન ત્યાં મુનિ રાજ રે, ચાલ્યા શિષ્ય સાથે કરિ કાજ રે ॥*
*તારે હરિ ઈચ્છા બળવાન રે, ઋષિને થયું સમાધિ જ્ઞાન રે ॥૧૫॥*
*તે સમાધિમાં એમ જણાવ્યું રે, મુનિવરને તે મન ભાવ્યું રે ॥*
*આગે કાળે કરિ સોહાવજ્યો રે, ગુર્જર ધર દેશે આવજ્યો રે ॥૧૬॥*
*મહાનુભાવ અક્ષરમુક્ત રે, તેમાં રાખિશું તમોને જુક્ત રે ॥*
*થાશે ત્યાં અમારો સમાગમ રે, રાખિશું તમને અનુક્રમે રે ॥૧૭॥*

*એવી રીતે શ્રીહરિ સાક્ષાત્ રે, સમાધિમાં જણાવી છે વાત રે ॥*
*પછે ચાલ્યા તે થઈ તૈયાર રે, ધર્માદિકે વળાવ્યા છે સાર રે ॥૧૮॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર પૂર્વાધ તરંગ-૧૧)*

- **સેવાદાસને શ્રીહરિએ દીક્ષા આપીને મહાનુભાવાનંદ નામ પાડ્યું**

શ્રીહરિએ છપૈયામાં માર્કંડેય મુનિને સમાધિમાં જણાવ્યું કે ગુજરાત દેશમાં આવજો ત્યાં મારો મેળાપ થશે. માર્કંડેય મુનિ બીજા અવતારે ઉત્તર ભારતના કુરુક્ષેત્ર પ્રદેશથી ૧૨૫ માઈલ દૂર કડા નામના ગામમાં સંવત ૧૮૪૨ માં પવિત્ર વિપ્ર વંશમાં જન્મેલ સ્વામીશ્રી પૂર્વજન્મના પુણ્યવંત મહાપુરુષ હતા. બાલ્યાવસ્થાથી જ વૈરાગ્યવંત સ્વામીશ્રીએ તેમના પિતાશ્રી અને તેમના બંધુ એમ બે મુમુક્ષુઓને સંસાર સુખમાંથી વૈરાગ્યવંત બનાવ્યા. ત્રણેય મુક્તપુરુષો ગૃહ કુટુંબનો ત્યાગ કરીને તીર્થયાત્રા કરતા કરતા કુરુક્ષેત્રમાં આવ્યા. ત્યાં તેઓને એક સંત મહાત્માનો સમાગમ થયો. ધર્મનિયમ, ત્યાગ, વ્રત, તપ વગેરે સદ્‌ગુણોવાળા આ સંત પુરુષના મઠમાં તેઓ રહ્યા. સમય જતા તેણે આ સંત મહાત્માનું શિષ્યત્વ સ્વીકાર્યું. સંત મહાત્માએ તેમને દીક્ષા આપી. સ્વામીશ્રીનું નામ સેવાદાસ આપ્યું. સેવાદાસ થોડો સમય ત્યાં સ્થિર થઈને રહ્યા. સેવાદાસના સદ્‌ગુણોથી પ્રસન્ન થયેલા તેમના ગુરુએ સેવાદાસને કહ્યું કે, ‘‘સેવાદાસ ! હવે હું વૃધ્ધ થયો છું. આ મઠનો વ્યવહાર તમે સંભાળો. આ મઠના મહંત પદે તમારી નિયુક્તિ કરવાની મારી ઈચ્છા છે.’’ મહંતને પ્રત્યુત્તર આપતા સેવાદાસજીએ કહ્યું કે, ‘‘ગુરુદેવ ! હું મારા પિતાશ્રી અને મારો ભાઈ અમે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ માટે ઘેરથી નીકળ્યા છીએ. તીર્થયાત્રા કરતા કરતા અહીં સ્થિર થયા પરંતુ અમારે મહંતાઈ કે સુખસંપત્તિનો મોહ નથી. આપ આ મઠનું મહંતપદ આપના અન્ય

કોઈ શિષ્યને આપો.'' આમ કહીને તેઓશ્રી થોડા દિવસ મઠમાં રહ્યાં અને સમયની અનુકુળતા જોઈને મઠના મહંતની રજા લઈને ત્યાંથી ચાલી નીકળ્યા.

અયોધ્યા, કાશી, પ્રયાગ વગેરે તીર્થયાત્રા કરતા કરતા તેઓશ્રી દ્વારિકા આવ્યા. તીર્થવિધિ, દેવદર્શન વગેરે કરીને ત્યાંના પૂજારીને મળ્યા. અરસ પરસ એક બીજાના પૂર્વના પ્રસંગોનું સ્મરણ કર્યું. આમ બન્ને પરિચિત થયા પૂજારીને સેવાદાસને કહ્યું કે, ''દ્વારિકાધીશ મને પ્રત્યક્ષ દર્શન આપે એવા શુભ આશયથી બાર વર્ષ સુધી મંદિરની સેવા કરવી એવું મેં નિયમ રાખેલું. મારું આ નિયમ હવે પુરું થાય છે તેથી હું તીર્થયાત્રામાં જવા વિચાર કરું છું. આવા શુભ સમયે તમે આવ્યા તેવી હવે મંદિરની સેવા આપ સંભાળો અને સવારે હું અહીંથી જઈશ.'' આ રીતે દ્વારિકાધીશની સેવાનો લાભ સહેજે સહેજે સેવાદાસને મળ્યો. તેણે ભાવ, શ્રદ્ધા અને ખંતથી મંદિરની સેવા સ્વીકારી. સેવાદાસજીએ પણ શુભ સંકલ્પ કર્યો કે મારે બાર વર્ષ સુધી મંદિરની સેવા કરવી. શુદ્ધ ભાવથી સેવા કરનાર સેવાદાસજીને દ્વારિકાધીશે દર્શન દઈને કહ્યું કે, ''સેવાદાસ ! તમે ગુજરાત પ્રદેશમાં જાઓ ત્યાં તમને પ્રગટ ભગવાન મળશે.'' દ્વારિકાધીશના આદેશથી સેવાદાસી ગુજરાત તરફ જવા દ્વારિકાથી રવાના થયા. વહાણમાં બેસીને જામનગર આવ્યા. તે સમયમાં જામનગરમાં તળાવના કિનારે સંતો સહિત સ્વરૂપાનંદ સ્વામી ઉતરેલા. તે સંતોનો તેમને ભેટો થયો. તે સંતોના સમાગમથી સેવાદાસજી પ્રભાવિત થયા અને તેમની સાથે તેઓ રહ્યા.

સંવત ૧૮૬૨ માં શ્રીહરિએ સિધ્ધપુરમાં સમૈયો કરેલો. તેમાં જામનગરથી સંતો સહિત સ્વરૂપાનંદ સ્વામી સિધ્ધપુર ગયેલા. તેમની સાથે સેવાદાસજી પણ હતા અને સર્વ પ્રથમ પ્રગટ ભગવાનના દર્શન તેમણે ઊંઝામાં કરેલા. ઊંઝામાં શ્રીહરિની આ બધી લીલા એક વૈષ્ણવ

બાવા સેવાદાસે જોઈ. દ્વારિકામાં રણછોડરાયે દર્શન આશીર્વાદ આપેલા કે તમને ગુજરાતમાં પ્રગટ ભગવાન મળશે. તે મુજબ મહારાજનું મિલન થયું. સેવાદાસ મહારાજ તરફ એકી નજરે નીરખતા હતા. તે અરસામાં મહારાજના શરીરમાંથી તેજ છૂટતું દેખાણું. અરે.... મહારાજની મૂર્તિમાં રણછોડરાયના દર્શન થયા. થોડો સમય આ સમાધિ અવસ્થા રહી અને રણછોડરાય અદશ્ય થયા અને મહારાજ દષ્ટિ ગોચર થયા. સેવાદાસ તો એકદમ મહારાજને દંડવત્ પ્રણામ કરવા મંડી પડ્યા. અરે.... મહારાજ ! આપ તો ભગવાન હો. રણછોડરાય હો. આપ હમેં આપકી સેવા મેં રખ લો.

મહારાજે એ સેવાદાસને તથા તેમની સાથે સાથે બીજા સત્તર સંતોને તળાવના ગરનાળા પર સાધુની દીક્ષા આપી અને સેવાદાસનું નામ મહાનુભાવાનંદ પાડ્યુ. આમ ઊંઝામાં એક દિવસે ૧૮ નવા પરમહંસોને દીક્ષા આપી ઊંઝામાં ઈતિહાસ સર્જ્યો. *(દંઢાવ્ય દેશની લીલા)*

● **શ્રીહરિ ઉંઝામાં બે રાત્રી રોકાયા**

શ્રીહરિનો તંબુ તાણીને દરબારોના તંબુ તણાવ્યા. શ્રીહરિ બે રાત રહ્યા તેટલામાં દેશે દેશના ભક્તોના સંઘ આવ્યા. સોરઠ, કાઠિયાવાડ, ભાલ, ઝાલાવાડ. આટલા પ્રદેશના હરિભક્તો શ્રીહરિની સાથે હતા જ. હાલાર, કચ્છ, વાગડ અને વઢિયાર તે પ્રદેશોના દરબારો ભેળા મળીને આવ્યા. કાનમ, વાકળ, ચરોતર, ભાલ, બારા, બધો ગુજરાત અને દંઢાવ્ય દેશ તે દેશોના હરિભક્તોના સંઘ પણ આવ્યા. ઊંજાના હરિભક્તો ખૂબ જ સેવા કરતા હતા. શ્રીહરિને માટે સુંદર રસોઈ કરાવતા હતા. જુદી જુદી જાતના પાક પણ કરાવતા. શ્રીહરિને ખપે એવી રસોઈ વર્ણી બનાવતા, અને જે ખપમાં ન આવે એવી રસોઈ શ્રીહરિ પોતાને હાથે બનાવતા. શ્રીહરિએ એવી રીત કાયમની નક્કી કરી રાખી હતી. વારે વારે તેનું વર્ણન કરતા નથી. એક વાર જે રીતે દેખાડી દીધી તેને કાયમ માટેની સમજી લેવી.

- **ઊંઝામાં મોટા મોટા દેવો ભમરાનું રૂપ લઈને શ્રીહરિના દર્શન પૂજન કર્યા**

મહા વદિ દશમને દિવસ શ્રીહરિ ઊંઝામાં રહ્યા અને એકાદશીને દિવસ બધા સંતો ત્યાં આવ્યા. જ્યારે દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યારે સંતો આવે છે એવી ખબર શ્રીહરિએ સાંભળી. એટલે તેમણે ચરણોમાં ચાખડીઓ પહેરી અને સંતોને માનવામાં કુશળ શ્રીહરિ સન્મુખ ચાલ્યા. શ્રીહરિ બે ખેતર જેટલું ચાલ્યા હશે ત્યાં તો અપાર સંતો આવી ગયા. શ્રીહરિને દેખતાની સાતે જ સંતોએ તુરઈ વગાડી. શ્રીહરિની સાથે બધા સંઘ પણ આવ્યા. તે વખતે સહુ 'જય જય'કારનો શબ્દ બોલતા હતા. ભક્તોએ શ્રીહરિની મૂર્તિને નખથી શિખા પર્યંત કેસર ચંદન ચરચ્યું હતું. બાજુ બંધ અને ફૂલહાર અપાર પહેરાવ્યા હતા. મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરી હતી. તેના ઉપર આવીને માનો ભમરાઓ ગાન કરતા હતા.

જે મોટા મોટા દેવ કહેવાય છે તેઓ ભમરાનું રૂપ લઈને આવ્યા હતા. લલાટમાં કુંકુમનો મોટો ચાંદલો કર્યો હતો. સંતોનું પાલન કરનારા શ્રીહરિ મંદ મંદ હસતા હતા. જમણા હાથમાં રૂમાલ હતો અને ડાબા હાથમાં લાલ રંગની છડી હતી. સંતો દોડીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેમના હૈયામાં હરખ સમાતો નહિ અને કંઠ ગદ્‌ગદ્‌ થઈ ગયો હતો. આંખોમાં હેતનાં જળ છલકાતા હતાં. શ્રીહરિ તે સંતોને બાથમાં લઈને ભેટ્યા. સહુ પહેલા આવીને મુક્તાનંદ સ્વામીને મળ્યા અને પછી ભાઈ રામદાસજી સ્વામીને સ્નેહ ભાવે મળ્યા. બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી અને સુખાનંદ સ્વામી એ સહુને મળ્યા. માનો તેમને સમાધિ થઈ ગઈ હતી. દેહનું અનુસંધાન રહ્યું નહિ. જેટલા સંતો આવ્યા હતા તે સહુને એક એકને સંભારીને શ્રીહરિ મળ્યા. પાછળ કોઈ બાકી ન રહ્યા.

જે સંતો વીસનગરમાં હતા તે બધા તે દિવસે જ આવ્યા. સંતો ઝાંઝ મૃદંગ વગાડીને હેતથી ઉત્સવ કરતા હતા. શ્રીહરિ આગળ ચાલ્યા એટલે તેમની આગળના ભાગમાં સંતો નૃત્ય કરતા હતા. ત્યાં એક ઊંચી બેઠક કરી હતી અને તેના ઉપર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. દેશોદેશના જે હરિભક્તો આવ્યા હતા તેઓ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે દિવસ એકાદશીનો છે એમ સમજીને ભક્તો ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવતા અને તે રીતે પ્યારથી સંતોને પણ પૂજતા હતા. સંતોને ફરાળ કરાવવા માટે ભક્તો ઘણા સરસ કેળા લાવ્યા. જેને જેટલા બરફી ને પેંડા મળ્યા તેઓ તેને ફરાળ માટે લાવ્યા. જ્યારે મધ્યાન સમય થયો ત્યારે શ્રીહરિએ ફરાળ કર્યું. તે પછી બધા સંતોને ફરાળ કરવા બેસાડ્યા. શ્રીહરિ સંતને પીરસવા આવ્યા. પ્રથમ બરફી અને પેંડા આપ્યા અને પછી કેળા અપ્યા. કેળામાં ઘી અને સાકર આપ્યાં. તે સંતોએ ફરાળ કર્યું.

- **હરિભક્તો તથા ગામના ભાવિક ભક્તોએ પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરાવી**

શ્રીહરિ ત્યાં એકાદશીની રાત રહ્યા. ઘણો જ આનંદ ઉત્સવ થયો. પુરવાસી જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. હરિભક્તો શ્રીહરિને પલંગ ઉપર પધરાવીને પૂજા કરતા અને પરમ અલૌકિક લાભ લેતા. કેસર યુક્ત ચંદન અંગ ઉપર ચરચતા અને ઉમંગથી ફૂલહાર પહેરાવતા. ધૂપદીપ કરીને કપૂરની આરતી કરતા. વિવિધ પ્રકારના વસ્ત્રો પહેરાવીને આભૂષણોને પણ ધરાવતા હતા. સાકરના ભરેલા થાળ અર્પણ કરતા. જેને જેવી ભાવના હોય તે પ્રમાણે સહુ પૂજા કરતા હતા. સહુના દિલમાં અત્યંત ઉત્સાહ રહેતો હતો.

ઊંઝામાં તે સિવાયના જે બીજા ભાવિક ભક્તો હતા તેમણે પણ શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. સહુના હૃદયમાં સ્નેહ ભાવના કોઈ નવીન પ્રકારની જ હતી. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતા હતા. ધમડકાના દરબાર રાયધણજી એક વિચિત્ર પ્રકારની સુખપાલ કરાવીને લાવ્યા હતા. તેથી તે દિવસ ભક્તજન પ્રતિપાલ શ્રીહરિ તે સુખપાલમાં બેઠા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૪૦)*

- **શ્રીહરિએ સંત-હરિભક્તોને તાણ કરીને પીરસ્યું ને પ્રસાદીના લાડુ આપ્યા**

જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. તે ધૂનનો ધ્વનિ બધે ગાજતો હતો. ભક્ત વત્સલ અને ભક્ત પ્રતિપાળ શ્રીહરિએ નારાયણધૂન સાંભળી. તેથી તત્કાળ ઊઠ્યા. તેઓ પણ ધૂન કરીને નાહવા ચાલ્યા. પહેલા જંગલ (શૌચ) જઈ આવ્યા અને તે પછી દાતણ કર્યું. પછી સ્નાન કર્યું. સંતો અને હરિભક્તો સહુ સાથે હતા. શ્રીહરિએ સરોવરમાં ત્રણ દિવસ સુધી સ્નાન કર્યું. સ્નાન કરીને પોતાને ઉતારે આવ્યા.

સુંદર ચાખડીઓ ચરણોમાં પહેરી હતી. પીતાંબર વસ્ત્ર એક પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. પછી બધા જ હરિભક્તોને દર્શન દીધાં. પછી સંતો, વર્ણીઓ અને હરિભક્તોએ સંતોને માટે રસોઈ આપી. શ્રીહરિને માટે સુંદર થાળ બનાવ્યો. એટલે પહેલા શ્રીહરિ જમ્યા. તે પછી જેટલા સંતો હતા તેઓ પણ જમવા બેઠા. શ્રીહરિએ આવીને એકવાર પીરસ્યું. જે લાડુની રસોઈ બનાવી હતી. તે બબ્બે ત્રણ ત્રણ લાડુ બધાને આપ્યા. પાર્ષદોને પણ પંગતમાં સહુની સાથે પીરસ્યું. જે દરબાર સાંખ્યયોગનો ધર્મ પાળતા હતા. તેમને પણ શ્રીહરિએ પીરસ્યું. દરબાર એભલ ખાચર અને દરબાર જીવા ખાચરને શ્રીહરિએ થાળની પ્રસાદી આપી અને બીજા જેટલા દરબારો હતા તે સહુને બબ્બે લાડુ પ્રસાદીના આપ્યા. શ્રીહરિએ ત્યાં આવી રીતની લીલા કરી.

આમ બારશનો દિવસ  ઊંઝામાં રહ્યા અને તેરસને દિવસ સુખધામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. પરમ આનંદમય મૂર્તિ અવિનાશી અને અત્યંત ઉલ્લાસી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. શ્રીહરિ ચાલવાની તૈયારી કરે છે ત્યારે ગામના પુરુષો અને સ્ત્રીઓ બધા દોડીને શ્રીહરિની પાસે આવ્યા અને ચરણોમાં મસ્તક નમાવ્યા. હાથ જોડીને વિનંતી કરવા લાગ્યાં કે આપ અહીંયા વારંવાર પધારજો. શ્રીહરિએ કહ્યું, સિધ્ધપુરનો સમૈયો કરીને અમે ફરીવાર અહીંયા આવશું. એમ કહીને ચાલ્યા તે સિધ્ધપુર પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૪૨)*

- **જયકુંવર બાઈની થોડી રસોઈમાં ઘણા જમ્યા ને શ્રીહરિએ વર આપ્યો**

ઉપરોક્ત પ્રસંગમાં શ્રીહરિ  ઊંઝામાં પધાર્યા ને જયકુંવર બાઈએ દસ સંતોને શ્રીહરિને જમવા આમંત્રણ આપ્યું ને રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ તેમના ઘેર પધાર્યા. શ્રીહરિ બોલ્યા જયકુંવરબા તમોએ અમને જમવા તેડાવ્યા. પણ અમારા ભક્તોનું શું ? મહારાજ ! મારી આટલી જ શક્તિ હતી. આટલા બધા સંઘને જમાડવાની મારી પાસે શક્તિ નથી. પણ જયકુંવરબા, ભક્તો જમશે પછી જ ભગવાન જમશે. પણ ! મહારાજ, મેં તો આપને માટે રસોઈ બનાવી છે. તમારી સાથે બસો માણસનો સંઘ છે. તેને હું કેવી રીતે જમાડી શકું ?

તમારે, કંઈજ કરવાનું નથી. બધી રસોઈ કપડાથી ઢાંકી દો અને કથરોટમાંથી જેમ જોઈએ તેમ આપતા રહેજો. ઢાંકેલું કપડું ખસેડતા નહિ. જયકુંવરબાએ કપડું ઢાંકી દીધું. મહારાજે પાર્ષદોને તથા આખા સંઘને એમના ફળીયામાં બોલાવ્યો (આ તેમનું મકાન ભાઈઓના સ્વામિનારાયણ મંદિરની બાજુમાં બ્રાહ્મણોનો મહોલ્લો છે ત્યાં આવેલું છે) જમવાની પંક્તિ થઈ. જયકુંવરબાએ આપ્યું અને અને મહારાજે પીરસ્યું. મહારાજે સંતોને તથા પાર્ષદોને કાઠી

દરબારોને તેમજ હરિભક્તોને આગ્રહ કરીને પીરસ્યું. જયકુંવરબાની જય બોલાવી. બધા જમી રહ્યા. મહારાજે હાથ પગ મોં ધોયું. જયકુંવરબાએ મહારાજને તથા દસ સંતોને જમાડ્યા. થાળ જમીને મહારાજ જયકુંવરબા ઉપર રાજી થયા અને કહ્યું : તમે અમારી પાસે કાંઈક માંગો.

જયકુંવરબા બોલ્યા મહારાજ ! આ રોજ રોજની ખાવાની ખટપટમાંથી મુક્ત કરો. માટે એકલીને કેટલું રાંધવું, કેટલું ઉટકવું ? આપનું અખંડ ભજન થાય, આપની મૂર્તિ અખંડ દેખાય તેવી કૃપા કરો. ત્યારે શ્રીહરિ બોલ્યા જયકુંવરબા તમારે નિત્ય ફરાળ કરવું. તેમાં રોજ એક શિંગોડું ને છાશની પરાશ જમવી. પછી તે પ્રમાણે જયકુંવરબા નિત્ય એક શિંગોડું ને છાશની પરાશ મહારાજને ધરાવીને જમતા ને તે જીવન પર્યંત પાળ્યું ને તેમને અખંડ પ્રભુ સ્મરણ, અખંડ મૂર્તિ દેખાતી હતી. *(દંઢાવ્ય દેશની લીલા, અક્ષરાનંદ સ્વામીની વાતો ૪૧૭ તથા પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૫)*

સંવત ૧૮૬૮ ની સાલમાં પણ કારતક માસમાં વૌઠાને મેળે ઊંઝાના ભક્તજનો પધાર્યા હતા ત્યાં શ્રીહરિના દર્શન તથા પૂજનનો લાભ મળ્યો હતો.

● **શ્રીહરિને મળેલા ઊંઝાના મહદ્‌ભાગી ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી નારાયણજીભાઈ પટેલ | પ.ભ.શ્રી નથુભાઈ પટેલ |
| પ.ભ.શ્રી મૂળજીભાઈ પટેલ | પ.ભ.શ્રી ઈચ્છારામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી મોરારજીભાઈ પટેલ | પ.ભ.શ્રી જયકુંવરબા વિપ્ર |
| પ.ભ.શ્રી વાલજીભાઈ પટેલ | પ.ભ.શ્રી નથુરામ વિપ્ર |
| પ.ભ.શ્રી શ્યામજીભાઈ પટેલ | પ.ભ.શ્રી નરભેરામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી ગણેશભાઈ પટેલ | પ.ભ.શ્રી મધુબાઈ પટેલ |
| પ.ભ.શ્રી ખુશાલભાઈ પટેલ | પ.ભ.શ્રી રતનબાઈ પટેલ |
| પ.ભ.શ્રી અમરાભાઈ પટેલ | પ.ભ.શ્રી પુનિબાઈ પટેલ |
| પ.ભ.શ્રી કામરાજભાઈ પટેલ | |

- **ઊંઝામાં પ્રસાદીના સ્થાનો**

(૧) **તળાવ :** આ તળાવમાં શ્રીહરિએ લીલ દૂર કરી નિર્મળ કરેલ છે તથા તેમાં જ્યારે શ્રીહરિ ઊંઝા પધારતા ત્યારે પરમહંસો, પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તોએ સહિત ખૂબ જ સ્નાન કરેલું છે તેથી મહાપ્રસાદીનું છે.

(૨) **વડ :** અહીં આ વડ તળાવની બાજુમાં છે. ત્યાં શ્રીહરિ વડે હિંડોળે ઝૂલ્યા છે. અને તે વડ નીચે સભાઓ કરી છે.

(૩) **તળાવની પાળ :** અહીં શ્રીહરિએ મહાનુભાવાનંદ સ્વામી આદિ અઢાર પરમહંસોને દીક્ષા આપી હતી તેથી તે પાળ પ્રસાદીની છે.

(૪) **જયકુંવરબાનું ઘર :** અહીં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે જમ્યા છે રસોઈ થોડી હતી તો પણ અખૂટ થઈ હતી. તે ઘર સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) પાસે બ્રાહ્મણોના મહોલ્લામાં આવેલું છે

(૫) **ઉમિયા માતાજીનું મંદિર :** સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ ઊંઝા પધારેલા ત્યારે ઉમિયા માતાજીના મંદિરે પધારેલા તેથી પ્રસાદીનું છે. આનો ઉલ્લેખ શ્રીહરિલીલાસિંધુ રત્ન-૧૦, તરંગ-૭ માં છે.

(૬) **મોરારજીભાઈ પટેલનું ઘર :** સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ આવેલા ત્યારે તેમના ઘરે રાત્રી રહ્યા હતા. તેથી પ્રસાદીનું છે. તથા ગામમાં હરિભક્તોના ઘેર ઘેર શ્રીહરિની તથા સંતોની પધરામણી થઈ છે. ઉપરાંત ભાવિક ભક્તોના ઘેર ઘેર પધરામણી થયેલી છે તેથી ભક્તજનોના ઘર અને રાજમાર્ગ તથા ગામની ગલીઓમાં શ્રીહરિ ગયેલા છે. તેથી પ્રસાદીનું છે.

(૭) **તળાવના ગરનાળા :** આ ગરનાળા ઉપર શ્રીહરિએ સભા કરેલી છે તેથી પ્રસાદીનું છે.

## વિહારમાં શ્રીહરિ

પરમકૃપાળુ, સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરિ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃત કારિયાણી-૫ મુજબ પોતાના આશ્રિત પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કરવા અને લાડ લડાવવા તથા અનંત કાળથી આ ભવાટવીમાં ભટકતા. હેરાન પરેશાન થતા જીવો ઉપર કેવળ કરુણા કરી, કેમેય કરીને જીવને પોતાના સન્મુખ કરી પોતાની મૂર્તિનું સુખ આપવા માટે જ પ્રગટ થયા છે. એવા કરુણાના સાગર શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વિચરીને, દૃષ્ટિએ, વાયરે, જમીને, જમાડીને, અનેકને સુખિયા કરવા પવિત્ર દંઢાવ્ય દેશના હરિભક્તોના ગામ અને ઘરનો પવિત્ર તીર્થરૂપ અને દર્શનીય કરવા શ્રીહરિ આજ વેગીલા બન્યા છે.

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં પવિત્ર તીર્થધામ વડતાલથી શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે ઉમરેઠ, ડાકોર, તોરણા, આંતરોલી, સીંગાળી, ઉંટડીઆ, ગવાડા, સલકી, પ્રાંતિજ, વિજાપુર થઈ વિહાર પધાર્યા. અને ગામના ભક્તોએ સામૈયું કરીને વાજતે ગાજતે પટેલ તુલસીભાઈ અને તરવાડી પીતાંબરભાઈના ઘેર ચાર દિવસ રહીને દર્શન કથાવાર્તાનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ વરહણે, મહેસાણા, પાલાગામ, મોટપ થઈ પાટણ પધાર્યા. *(સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો-વિશ્રામ-૧૩)*

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે સિધ્ધપુરથી ચાલ્યા તે ઊંઝા, વીસનગર, વડનગર, પ્રાંતિજ, ઉનાવા, મેઉ, લાંઘણજ, વિજાપુર થઈ વિહાર પધાર્યા. ત્યાંના હરિભક્તો ત્રવાડી ભૂલાભાઈ, પીતાંબરભાઈ, માનકુંવરબાઈ, હેમકુંવરબાઈ, પટેલ ખુશાલદાસ, જીવણદાસ, જેઠીદાસ, કલ્યાણદાસ,

સુતાર જગો તથા હીમરાજ ભાવસાર, ભાવસાર રૂપા, ચાવડા ખુશાલ વગેરેએ સન્મુખ આવી શ્રીહરિના દર્શન કર્યા. ઘેર પધરાવી વિવિધ ઉપચારોથી પૂજા કરી મેવા મીઠાઈ અર્પણ કર્યા. ત્યાં દર્શનનું ખૂબજ સુખ આપી શ્રીહરિ ત્યાંથી ગેરીતા થઈ માણસા પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૫૪)*

**(૩) શ્રીહરિની કૃપાથી ભોજન અખૂટ થયું**

કુબેરદાસ પટેલને ત્યાં પાંચસો માણસની રસોઈ કરાવી હતી અને શ્રીહરિ સાથે દોઢ હજારનો સંઘ હતો. ત્યારે ગામના સર્વે ભક્તજનોએ ચેતવ્યા કે રસોઈ પૂરી નહીં પડે ટૂટો આવશે. એક જ વખતમાં રસોઈ થઈ રહેશે. માટે બીજી તૈયારી કરાવો. પછી કુબેરદાસ કહે બાજરાના રોટલા કરાવીએ. ને પહેલા મિષ્ટાન પીરસીએ પછી રોટલા પીરસવા. તે વખતે શ્રીહરિએ કહ્યું : જમવાની કેટલી વાર છે. ત્યારે ખુશાલદાસ પટેલે શ્રીહરિને રસોઈની વાત કરી. મહારાજ ! રસોઈ પાંચસો માણસની બનાવી છે. તે આપની સાથે દોઢ હજાર સંતો-ભક્તો છે તેથી રોટલા કરાવીએ છીએ. ત્યારે શ્રીહરિ કહે, ‘‘રોટલા ન કરાવશો. રસોઈ તમારી ખૂટશે નહિ.’’ રસોઈને વસ્ત્ર ઢાંકીને પીરસવા માંડો.’’ આ તો અખૂટ ભોજન છે તે ખૂટશે નહીં.’’

પછી શ્રીહરિ કુબેરદાસના મકાનમાં જઈને ચક્કી (ઘંટી) ઉપર જઈને બેઠા. તે તુલસીદાસ પટેલના માઢમાં પંક્તિ કરાવીને શ્રીહરિએ પોતે નવ વાર મિષ્ટાન પીરસ્યું. તે તાણ કરીને ખૂબ પીરસ્યું તો પણ રસોઈ તેટલીને તેટલી રહી આ પ્રગટનો પ્રતાપ છે. એમ ગામ લોકોએ જાણ્યું કે આ તો પરચો થયો. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૭)*

- **શ્રીહરિએ વિહારમાં ઘર દીઠ એક એક લાડુ પ્રસાદીનો આપ્યો**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાતે ઉનાવાથી ચાલ્યા તે માણસા થઈ વિહાર પધાર્યા. ત્યાં સંતને જમાડીને પછી મહારાજ કહે ઘર દીઠ લાડવાની પ્રસાદી આપો. પછી કહે : જેટલા ઘર હોય તે ઘર દીઠ એક એક લાડુ આપો. ત્યારે તે લાડુ આપતા બરોબર થઈ રહ્યા. એક પણ લાડુ વધ્યો નહીં. પછી બ્રહ્મચારીએ ઠબકો દીધો કે એમ શા સારુ કર્યું ? એમને એમ હોત તો ખૂટત જ નહીં. પછી સંતોને કહ્યું કે, સંતો તમો મેઉ જાઓ અને અમે વડનગર-વીસનગર થઈને મેઉ ગામ આવીશું. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૫)*

- **શ્રીહરિ મોટા સંઘ સાથે વિહાર પધાર્યા**

સંવત ૧૮૭૫ ની સાલમાં જન્માષ્ટમી મહોત્સવ ગઢપુરમાં ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. તેમાં ગામે ગામથી હરિભક્તો પધારેલા. તે વખતે શ્રીહરિએ જાહેરાત કરેલી કે આવતો દિવાળીનો ઉત્સવ દંઢાવ્ય દેશમાં આદરજ ગામે ઉજવવાનો હોઈ તો ત્યાં સર્વે આવજો.

એવી જ રીતે શ્રીહરિ જે જે ગામ ગયા ત્યાં ત્યાં કાઠી ભક્તો તથા હરિભક્તો શ્રીહરિ સાથે ચાલ્યા. ત્યાંથી શ્રીહરિ કુંડળ, સુંદરિયાણા, ભલગામડા, શિયાણી, તાવી, તલસાણા, દેવળીયા, દદુકા, મછિયાવ, કલોલ, ડાંગરવા, કરજીસણ, વડુ થઈ આદરજ આવ્યા ને ભવ્ય અન્નકૂટોત્સવ ઉજવ્યો. ત્યાં ખુશાલ ભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) પણ આવ્યા હતા ને મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીતીને ત્યાં આવ્યા હતા તે સર્વે સંઘ સાથે ત્યાંથી શ્રીહરિ કોલવડા, ઉનાવા, નારદીપુર, ખોરજ, માણસા થઈ વિહાર પધાર્યા.

ત્યાંના હરિભક્તો સન્મુખ આવીને પગે લાગ્યા. શ્રીહરિને વિનંતી કરી સવારી સાથે વાજતે ગાજતે પુરમાં લઈ ચાલ્યા.

શોભાડેલી પુર બજારમાં અપાર નર-નારીઓ દર્શન કરવા હાર લઈને ઊભાં હતાં. શ્રીહરિ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં હરિભક્તો સામે આવે, પુરમાં પધરાવે ને બીજા ભાવિક લોકો પણ પધરામણી કરી પૂજા કરતા. જેથી તેમનાં પણ જન્મ મરણને જમપૂરી છૂટતાં. શ્રીહરિએ પુરની બહાર આવી વડની છાયામાં મુકામ કર્યો. ગાડી ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. ત્યાં વિરાજ્યા. સંતો કીર્તન ગાવા લાગ્યા. હરિભક્તોએ બ્રાહ્મણ લાડુની રસોઈ કરાવી હતી. તે પોતે જમ્યા ને સંતોને પીરસીને જમાડ્યા. સંધ્યા વખતે મુકામ પર આવ્યા. આરતી ધૂન થયા પછીથી સભા થઈ ને સંતો કીર્તન ગાવા લાગ્યા. સંત કીર્તન ગાઈ રહ્યા હતા ત્યારે શ્રીહરિ હરિભક્તોને કહે આ વખતે હરિભક્તોને જે લાભ થયો છે તેવો કોઈ ફેર થયો નથી. હરિભક્ત થયા વિના ગમે તેટલું ધન મળે તો પણ તેમાંથી નરકનું સાધન બને છે. સત્સંગ વિનાનું બ્રહ્માનું પદ નરક સમાન છે. એવી રીતે ઉપદેશ આપી પોઢી ગયા ને બીજા દિવસે ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે ગેરીતા, બામણવા થઈ વડનગર પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૧૪ થી ૨૨-૪૨-૪૩-૪૪)*

શ્રીહરિ વિહાર ગામથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે વિહાર ગામે આવતા હતા. વિહાર ગામમાં ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણ આ પહેલા છ વખત પધારેલા છે. સંતો વર્ણિ પાર્ષદો સહિત સરોવરની સમીપે ઊતર્યા. તે ગામના બ્રાહ્મણ ભક્ત પીતાંબરે શ્રીહરિનો ભક્તિ ભાવથી આતિથ્ય સત્કાર કર્યો. પછી કુબેરભાઈ આદિક પટેલ ભક્તો તથા મેના બહેન વગેરે સ્ત્રી ભક્તોએ યથા શક્તિ મહાપ્રભુની સેવા પૂજા કરી. અહીં છ દિવસ સુધી રોકાઈને ભક્તોના કલ્પતરુ એવા શ્રીહરિએ સૌના મનોરથ સિધ્ધ કર્યા હતા. પછી ત્યાંથી બામણગામ પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૧)*

- **શ્રીહરિને મળેલા વિહાર ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી ભુલાભાઈ ત્રવાડી
પ.ભ.શ્રી પીતાંબરભાઈ ત્રવાડી
પ.ભ.શ્રી અમુલખભાઈ ત્રવાડી
પ.ભ.શ્રી દલસુખભાઈ વિપ્ર
પ.ભ.શ્રી માનુંબાઈ વિપ્ર
પ.ભ.શ્રી અભિરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી હીરાભાઈ (ગણપતિના સેવક)
પ.ભ.શ્રી રામચંદ ભાવસાર
પ.ભ.શ્રી હીમરાજભાઈ ભાવસાર
પ.ભ.શ્રી હેમચંદભાઈ ભાવસાર
પ.ભ.શ્રી રૂપાભાઈ ભાવસાર
પ.ભ.શ્રી ખુશાલભાઈ ચાવડા
પ.ભ.શ્રી જગાભાઈ સુતાર
પ.ભ.શ્રી તુલસીભાઈ પટેલ
પ.ભ.શ્રી પીતાંબરભાઈ પટેલ
પ.ભ.શ્રી ખુશાલભાઈ પટેલ
પ.ભ.શ્રી જીવણદાસ પટેલ
પ.ભ.શ્રી જેઠીદાસ પટેલ
પ.ભ.શ્રી કલ્યાણદાસ પટેલ
પ.ભ.શ્રી કુબેરદાસ પટેલ
પ.ભ.શ્રી રામજીભાઈ પટેલ
પ.ભ.શ્રી સુંદરભાઈ પટેલ
પ.ભ.શ્રી નરસીભાઈ પટેલ
પ.ભ.શ્રી શંકરભાઈ પટેલ
પ.ભ.શ્રી શામજીભાઈ પટેલ
પ.ભ.શ્રી વરમાનબાઈ
પ.ભ.શ્રી જીવીબાઈ
પ.ભ.શ્રી માનકુંવરબાઈ
પ.ભ.શ્રી દેવબાઈ
પ.ભ.શ્રી મેનાબાઈ
પ.ભ.શ્રી અચળાબાઈ
પ.ભ.શ્રી હેમકુંવરબાઈ
પ.ભ.શ્રી સુજાનબાઈ
પ.ભ.શ્રી રતનબાઈ
પ.ભ.શ્રી માનકોરબાઈ
પ.ભ.શ્રી ઝમકુંબાઈ
પ.ભ.શ્રી રળિયાતબાઈ
પ.ભ.શ્રી દિલખુશભાઈ
પ.ભ.શ્રી વેણીદાસ પટેલ
પ.ભ.શ્રી ત્રિકમભાઈ પટેલ
પ.ભ.શ્રી ઉઝમભાઈ વણિક
પ.ભ.શ્રી ઝવેરભાઈ વણિક
પ.ભ.શ્રી તુલસીદાસ વણિક
પ.ભ.શ્રી વેણીદાસ વણિક
પ.ભ.શ્રી ત્રિકમદાસ વણિક
પ.ભ.શ્રી મૂળદાસભાઈ
પ.ભ.શ્રી સેવકરામ
પ.ભ.શ્રી મનોરભાઈ પટેલ
પ.ભ.શ્રી ભૂખણદાસ પટેલ
પ.ભ.શ્રી જગન્નાથભાઈ
પ.ભ.શ્રી મૂળજીભાઈ

| | |
|---|---|
| પ.ભ.શ્રી આશાભાઈ | પ.ભ.શ્રી કલ્યાણભાઈ |
| પ.ભ.શ્રી મગનભાઈ | પ.ભ.શ્રી ભુલદાસભાઈ |
| પ.ભ.શ્રી જગજીવનભાઈ | પ.ભ.શ્રી સેવકરામ |
| પ.ભ.શ્રી જીવનભાઈ | પ.ભ.શ્રી માનબાઈ |
| પ.ભ.શ્રી હીરાચંગાવત પટેલ | પ.ભ.શ્રી રાજબાઈ |
| પ.ભ.શ્રી શંભુદાસ પટેલ | પ.ભ.શ્રી ચરખબાઈ |
| પ.ભ.શ્રી જગજીવનભાઈ વિપ્ર | પ.ભ.શ્રી બેનકોરબાઈ |
| પ.ભ.શ્રી ભુલારામ વિપ્ર | પ.ભ.શ્રી જેઠીદાસ વાળંદ |
| પ.ભ.શ્રી કુશળરામ વિપ્ર | પ.ભ.શ્રી આશારામ વાળંદ |
| પ.ભ.શ્રી જ્યેષ્ટારામ | |

- **તેજીને ટકોર વિહાર ગામનું ગૌરવ**

શ્રીજીમહારાજના ઉપદેશથી પીતાંબર ત્રવાડી પણ પાંચસો પરમહંસોની સાથે શ્રીજીમહારાજ સાથે ઘોડી ઉપર બેસીને ફરતા. તેવામાં એક દિવસ શ્રીજીમહારાજે પીતાંબર ત્રવાડીને કહ્યું કે, ''હવે ઘોડી ઉપર ક્યાં સુધી ફરશો ? જીવનું રૂડું થાય તેમ કરો.'' તેવું મહાપ્રભુનું દયા વચન સાંભળી તત્કાળ ઘોડીને વિહાર ગામે મોકલી દીધી. ને કુટુંબની રજા પણ ન લીધી ને મહારાજ સાથે રહેવા લાગ્યા તેવામાં ફરતા ફરતા ઉનાવા ગામે આવ્યા અને ત્યાં આવીને શ્રીહરિએ પીતાંબર ત્રવાડીને બ્રહ્મચારીની દીક્ષા આપીને કપિલેશ્વરાનંદજી નામ પાડ્યું. અને સદાયને માટે શ્રીજીમહારાજની સેવામાં રહ્યાં અને વિહાર ગામનું નામ સત્સંગમાં ઉજ્જવળ કર્યું.

- **બ્રહ્મચારી શ્રી કપિલેશ્વરાનંદજીએ શ્રીહરિની આજ્ઞાથી હાથ અને પગનાં નખ નેરણી વડે ઉતર્યા**

એક વખત શ્રીહરિ, સંતો તથા હરિભક્તો સાથે વડતાલથી પીપળાવ ગામ જતા હતા. રસ્તામાં એક તળાવને કિનારે આંબાનું વૃક્ષ હતું તેની નીચે વિશ્રામ કરવા બેઠા. તે સમયે મહારાજે સંતોને કહ્યું કે ''મારા હાથ ને પગનાં નખ ખૂબ વધ્યા છે તેને ઉતારવા છે.''

તે સાંભળીને સ.ગુ. બ્રહ્મચારી શ્રી કપિલેશ્વરાનંદજી તરત જ ઉભા થયા અને તેમણે મહારાજના હાથ અને પગનાં વધી ગયેલા નખ નેરણી વડે ઉતાર્યા. તેથી શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા. આમ બ્રહ્મચારી શ્રી કપિલેશ્વરાનંદજી અનેક રીતે સેવા કરીને શ્રીજીમહારાજને રાજી કરતા. *(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ પેઈજ-૧૦૭)*

- **સમૈયા પ્રસંગે વિહારના ભક્તજનો શ્રીહરિના દર્શને જતા**

શ્રીહરિ જ્યાં જ્યાં સમૈયો કરતા ત્યાં ત્યાં વિહાર ગામના ભક્તજનો અચૂક દર્શને જતા હતા ને આ વિહારની લીલામાં આપણે જણાયું છે. તેમજ મછિયાવ, વડતાલ, અમદાવાદ, જેતલપુર, આદરજ તથા વૌઠાને મેળે પણ ભક્તજનો પધાર્યા હતા ને ત્યાં દર્શન પૂજનનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪ તરંગ-૫૧)*

- **વાસના મોક્ષ બગાડે છે**

ગામ વિહારમાં એક સત્સંગી કણબીને મહારાજ તેડવા આવ્યા. એટલે તે દેહ છોડીને મહારાજ સાથે ચાલ્યો અને પોતાની વાડીમાં બાજરી ટોવા સારું માળો કર્યો હતો. તેની ઉપર જઈને બેઠો. એણે એમ ધાર્યું કે છોકરાં નાનાં છે તે ચકલાં બાજરી ખાઈ જશે. એટલે છોકરાં શું ખાશે ? એમ છોકરાને વિષે હેતે કરીને ભૂત થયો. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો-વાર્તા ૫૪૬)*

- **શ્રીહરિના મુક્તનું સામર્થ્ય**

ગામ વિહારમાં ત્રવાડી અમુલખભાઈને મહારાજ અંત સમયે તેડવા આવ્યા અને તે દેહ મૂકીને મહારાજ સાથે ચાલ્યો, ત્યારે તેની બહેન માનબાઈએ જાણ્યું કે આ વાસનિક છે તે મહારાજને મૂકીને કોઈક લોકમાં રહી જશે એમ જાણીને સમાધિ કરીને ઠેઠ અક્ષરધામ સુધી મૂકવા સારું ગયા અને અક્ષરધામમાં મૂકીને પાછા આવ્યા. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૫૩)*

● **ગામ વિહારના માનબાઈનું સામર્થ્ય**

ગામ વિહારના પીતાંબર ત્રવાડી અને અમુલખ ત્રવાડી બે ભાઈ ભારે સત્સંગી હતા. અને તેમનાં બહેન માનબાઈ મુક્તરાજ હતાં. ઉનાળામાં પીતાંબર ત્રવાડીએ નવું ઘર કરવા માંડ્યું. ત્યારે અમુલખભાઈએ માનબાઈને કહ્યું કે, "અત્યારે ઉનાળાના કાળા તાપમાં ભાઈએ ઘર કરવા માડ્યું છે પણ દૂધ-છાશ વિના બહુ કઠણ પડે છે." ત્યારે માનબાઈ કહે, "આપણે ઘેર અઢી વર્ષની એક પાડી છે. ને બશેર બાજરી મૂકી માંડોને દોવા ! ભાઈ કહે, બહેન ! એટલી નાની પાડીને દૂધ ક્યાંથી આવે ?" માનબાઈ કહે, "મોટાને ઝાઝું આવે તો નાનાને થોડું આવે. પણ આપણે બશેર દૂધ થાય તોય ઘણું. લાવ, બાજરી-ખાણ મેલ, હું તેને દોવા બેસું." એમ કહી બકડિયામાં બાજરી મૂકીને દોહવા બેઠાં ને બશેર દૂધ થયું. આમ ઘર પૂરું થતાં સુધી સવારે અને સાંજે બશેર બશેર દૂધ પાડી આપતી હતી. આ ચમત્કાર સાંભળી ગામના અને બહાર ગામના ઘણાક લોકો જોવા આવતા. તે કહેતા માનબાઈ ! તમે તો સાક્ષાત્ જગદંબા દેવી જેવા છો. આમ કહી પગે લાગતા. આ જોઈ કેટલાક લોકો સત્સંગી થઈ ગયા. *(સુબોધ સાગર પેઈજ ૧૫૩) (સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૫૪)*

● **મહારાજના વચને**

શ્રીજીમહારાજ વિહારમાં પીતાંબર ત્રવાડીને ત્યાં બપોરના સમયે આવ્યા. પીતાંબરભાઈએ મહારાજનો આદર સત્કાર કર્યો. મહારાજને બાજોઠ ઉપર બેસાર્યા. પાદ્યમ, આર્ધ્યમ, આચમન કરાવ્યું. મહારાજે સ્નાન કર્યું. તે દરમ્યાન રસોઈ થઈ ગયેલી. મહારાજને જમવા બેસાડ્યા. થાળમાં દૂધ નહોતું. મહારાજે કહ્યું તાંસળુ ભરીને દૂધ આપો. મહારાજ ! અત્યારે ભેંસો બધી ખેતરમાં છે. વળી ભેંસો બપોરે દૂધ ન આપે.

મહારાજ બોલ્યા અરે આ આંગણામાં તો ભેંસ છે. મહારાજ! એ તો પાડી છે. તે તો દૂધ ન આપે. મહારાજ બોલ્યા : અરે પીતાંબરભાઈ દોવો તો ખરા. અને પીતાંબરભાઈના ઘરવાળા મહારાજના વચનમાં વિશ્વાસ લાવી બોઘરણું લઈને પાડીને દોહવા લાગ્યા. ને પાડીએ દૂધ આપ્યું. બોઘરણું દૂધથી ભરાઈ ગયું. ને મહારાજને થાળમાં દૂધ પીરસ્યું. મહારાજ થાળ જમ્યા.

● **શ્રીહરિના રખોપા**

વિહારના બે હરિભક્તો મહારાજનાં દર્શન માટે અમદાવાદ ગયા. સમાચાર મળ્યા, મહારાજ જેતલપુર છે. બાજરીની સીઝન હતી. એક હરિભક્ત પાછો વિહાર આવતો રહ્યો. બાજરી વાઢવા માટે. બીજા હરિભક્ત જેતલપુર ગયા. મહારાજ ડભાણ ગયેલા. પેલા ભક્ત ડભાણ ગયા. મહારાજ વડતાલ ગયા. પેલા હરિભક્ત વડતાલ ગયા ને મહારાજના દર્શન કર્યા.

ભગત, પેલો કેમ તમારી સાથે ન આવ્યો ? મહારાજ બોલ્યા : મહારાજ ! એ બાજરી વાઢવા અમદાવાદથી પાછો વળી ગયો. તો તમે કેમ પાછા ન વળી ગયા. મહારાજ બોલ્યા. તમારી પણ બાજરી વાઢવાની ઊભી છે. પેલા હરિભક્ત બોલ્યા : મહારાજ ! મેં આપના દર્શન માટે બાજરીનો મોહ છોડી દીધો છે, બાજરીના સાચવનાર તો તમે છો. મહારાજે ભગતના માથે હાથ મૂક્યો. ભગતને જમાડ્યા. ભાતું બંધાવ્યું. આ બાજુ પેલા ભાઈએ ઘરે આવીને ખેતરમાં બાજરીના ડુંડા લણી નાખ્યા પણ રાત્રે ચોર લોકો લણેલી બાજરીના ગાસડા બાંધી બાજરી લઈ ગયા.

જે ભગત મહારાજના દર્શને ગયા હતા. તે ભગતના ખેતરમાં ચોરોએ ડુંડા લણ્યા ને ગાંસડીઓ બાંધી પોટલા ઉપાડવા લાગ્યા તો પાછળથી બરડામાં સોટીઓ પડવા માંડી, કોણ સોટી મારે છે તે પણ

ખબર ન પડી. એટલામાં ભગત વડતાલથી વિહાર આવી ગયા અને માજીએ કહ્યું કે ભગત આપણા ખેતરની રખેવાળ શ્રીહરિએ કરી છે. તો તૈયાર બાજરીના ગાંસડા પડ્યા છે તે લઈ આવો.

ભગત બધા પોટલા ઘરે લાવ્યા ને ચોરોના પોટલાના કપડાં પાછા આપ્યા. ભગતના સંપર્કથી ચોરો સત્સંગી થયા અને સ્વામિનારાયણ ભગવાન પાસે વર્તમાન ધરાવ્યા, કંઠી બંધાવી અને અમદાવાદ તથા સુરતના ચોકીદારો તરીકે નોકરીમાં લાગી ગયા.

● **વિહારમાં પ્રસાદીના સ્થાનો**

(૧) **પીતાંબર ત્રવાડી તથા દલસુખરામ વિપ્રના ઘર** : અહીં શ્રીહરિ જ્યારે પધારતા ત્યારે ત્યાં ઉતરતા રાત્રી રહેતા ને થાળ જમતા તેથી તે પ્રસાદીના છે.

(૨) **હરિ મંદિર** : હાલમાં જે ભાઈઓનું વિશાળ મંદિર છે તે જગ્યા શ્રીહરિના પરમ ઉપાસક એવા હીરા ચંગાવત પટેલની હતી તેમને શ્રીહરિ દરરોજ દર્શન આપતા ને ખેતરે જતા ત્યારે શ્રીહરિ સાથે વાતો કરતા. તેમની જમીન તેમણે મંદિર માટે કૃષ્ણાર્પણ કરેલી છે. જે પ્રસાદીની છે.

(૩) **ઓરડી** : કુબેરદાસ પટેલના ઘરમાં રસોઈ કરાવતા તે ઓરડી હાલમાં મોજુદ છે.

(૪) **બાઈઓનું મંદિર** : હાલમાં બાઈઓનું મંદિર છે તે પ્રસાદીનું છે. તે જગ્યામાં હરિભક્તોના ખૂબ આગ્રહથી શ્રીજીમહારાજે મંદિર કરવાની આજ્ઞા આપી હતી.

**(૫) પ્રસાદીનો વડ** : ગામથી પૂર્વમાં ગેઈટ પાસે આવેલ વડ છે તે વડ નીચે શ્રીહરિએ પાંચસો પરમહંસ સાથે પધારીને ત્યાં ગાડી ઉપર ગાદી તકિયા બીછાવીને વિરાજમાન થયા હતા. તેથી તે વડ અતિ પ્રસાદીનો છે. ત્યાં સ્મૃતિ માટે છત્રી બનાવી છે.

**(૬) પોયણા તળાવ** : આ તળાવમાં શ્રીહરિ જ્યારે જ્યારે પધારતા ત્યારે પરમહંસ રાજાઓ તથા હરિભક્તો સાથે સ્નાન કરતા તેથી તે દર્શનીય અને પ્રસાદીનું છે.

**(૭-૮) ઘંટી (ચક્કી) લીંબડાનું લાકડું** : અનાજ દળવાની ઘંટી જે કુબેરદાસના મકાનમાં શ્રીહરિ સંતો-હરિભક્તોની પંક્તિ કરાવીને પોતે પીરસતા તે ઉત્તર બાજુ જાય ત્યારે ઘંટી ઉપર બેસતા અને દક્ષિણ બાજુ જાય ત્યારે લીંબડાના લાકડા ઉપર બેસતા તેથી બંને પ્રસાદીના છે. તે ઘંટી હાલ અમદાવાદ રંગમહોલમાં મેડા ઉપર છે.

**(૯) પ્રસાદીના વાસણો** : શ્રીહરિના સ્પર્શેલા અને ઉપયોગમાં આવેલા તાંબા-પીતળના પ્રસાદીના વાસણો થાળી, વાટકા, પ્યાલા, તાંબાની પરાત વગેરે હાલ ત્રવાડી કુંટબમાં છે. જે મહિમાથી સાચવી રાખ્યા છે ને આવનાર સંતો-ભક્તોને દર્શન કરાવે છે.

**(૧૦) પ્રસાદીની મૂર્તિ** : શ્રીહરિ પીતાંબર ત્રવાડીને સ્વહસ્તે આપેલી પ્રસાદીની મૂર્તિ જે આજે તેમના વંશપરંપરામાં મહિમાથી જાળવી રાખી છે.

- **શ્રીહરિએ વિહાર ગામના લોકોને નામ દઈને બોલાવી તેમનો સંકલ્પ પૂરો કર્યો**

એક સમયે શ્રીહરિ પોતાના સંતો-પાર્ષદો સહિત દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કરતા પ્રથમ વિહાર ગામમાં પધાર્યા. તે ગામથી પૂર્વમાં વડ નીચે પાંચસો પરમહંસે સહિત સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમયે કોઈ સત્સંગી ન હતું આખું ગામ શક્તિપંથી હતું. અને વળી તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિના જે બ્રાહ્મણો હતા તે પણ કામણ ટુંમણવાળા હતા. શ્રીહરિ વડ નીચે આવ્યા જાણીને ગામના આગેવાનો જેવા કે પીતાંબર ત્રવાડી, તુલસીદાસ પટેલ તથા ગામના સર્વજનો શ્રીજીમહારાજને ભગવાન જાણીને નહિ પરંતુ ગામની ભાગોળે કોઈ બાવો જમાત લઈને આવેલ છે તેમ જાણીને દરેકે સંકલ્પ કર્યો કે જો ભગવાન હોય તો આપણા સૌના નામ લઈને બોલાવે તો ભગવાન ખરા, અને જો તે પ્રમાણે ના કરે તો દરેક ભેગા મળીને તેમના ઉપર ધૂળ, કાદવ કિચડ ઉડાડીને તેમને ગામના સીમાડાથી દૂર કાઢી મૂકવા. આવો સંકલ્પ કરી સર્વે ધૂળની પોટલીઓ ખંભે કરી જ્યાં શ્રીજીમહારાજ ભાગોળે વડ નીચે બિરાજેલા છે ત્યાં આવવાની તૈયારી કરીને આવ્યા. થોડે દૂર ગામ લોકોને આવતા જોઈને શ્રીહરિએ અમિમય દૃષ્ટિથી દરેકના નામો લઈને બોલાવવા લાગ્યા. તે જાણી સર્વેજનો શરમાઈને ધૂળની પોટલીઓ પોતાની પીઠ પાછળ સરકાવી દઈને શ્રીજીમહારાજને શરણે આવીને પોતાની ભૂલોની માફી માગી અને નમ્રવદને કહેવા લાયા કે "હે મહાપ્રભુ ! સર્વેના અંતર્યામી, સર્વેના નિયંતા સર્વેશ્વર મહાપ્રભુ તમે જ છો !" અમો બુદ્ધિહીન હોવાથી આપનો અપરાધ કર્યો છે તો તે અપરાધને ક્ષમા આપવા આપ યોગ્ય છો.

ત્યારે શ્રીજીમહારાજે દરેકને સભામાં બેસવાની આજ્ઞા કરી અને ઉપદેશની વાતો કરવા લાગ્યા. અને મનુષ્ય જન્મનું શું કર્તવ્ય છે તે ઉપર ઘણી વાતો કરીને ધર્મ-અધર્મ વિશે સમજાવ્યા. તે ઉપદેશ

સાંભળીને બે હાથ જોડીને સર્વે ભક્તજનો શ્રીજીમહારાજને પૂછવા લાગ્યા કે, "હે મહાપ્રભો ! હે અધમ ઉદ્ધારણ અમારા જેવા શક્તિપંથીનો ઉધ્ધાર ક્યારે થશે ?" અમોએ અમારી અજ્ઞાનતામાં ઘણાં પાપો કર્યા છે તો અમારી ઉપર દયા કરો અને અમારા પાપ નિવારણ થાય તેમ કરો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, "ગમે તેવો પાપી જીવ હોય પરંતુ ભગવાનને શરણે આવીને પાપનો પ્રશ્ચાતાપ કરે તો તેના ઉપર ભગવાનનો રાજીપો થાય છે ને કરેલા પાપો બળીને ભસ્મીભૂત થઈ જાય છે." તેવું સાંભળી દરેક આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે, "હે દયાળુ મહાપ્રભુ ! આપ અમારા જેવા પાપીઓનો ઉધ્ધાર કરો. એમ વારંવાર પ્રાર્થના કરવાથી પરમ દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા પાંચસો પરમહંસ સહિત સર્વને વાજતે ગાજતે ગામમાં પીતાંબર ત્રવાડીને ઘેર પધાર્યા અને ત્યાં સભા કરી ઉપદેશ સાંભળીને ગામના તુલસીદાસ પટેલ તથા કુંવરદાસ પટેલ વગેરે વર્તમાન ધરાવીને શ્રીહરિના આશ્રિત થયા. તેમણે શ્રીજીમહારાજ ને સંતોને જમવાનો આગ્રહ કર્યો તો ભગવાને શરત કરી અમે અને સંતો ત્યારે જમીએ જો તમે સમગ્ર ગામને જમાડો.

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, પરમહંસો, રાજાઓ તથા હરિભક્તો સાથે વિજાપુરથી ચાલ્યા તે વિહાર ગામ આવ્યા. ગામના ભક્તજનોએ શ્રીહરિનું સામૈયું કરીને ગામમાં પધરાવ્યા.

- **શ્રીહરિના વચને ગામના ભક્તજનોએ મંદિર બંધાવ્યું ને પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રતિષ્ઠા કરી**

શ્રીહરિ જ્યારે વિહાર ગામમાં આવતા ત્યારે સર્વ સામૈયુ કરી ગામમાં પધરાવતા. એક દિવસ હરિભક્તોએ પ્રાર્થના વંદન કરી શ્રીજીમહારાજને કહ્યું કે "હે મહારાજ ! નિત્ય તમારા દર્શન થાય

તેવું વરદાન આપો.'' ત્યારે મહાપ્રભુએ કહ્યું કે, ''આ માઢની બાજુમાં જે જગ્યા છે તે જગ્યાએ એક સુંદર મંદિર કરાવી તેમાં અમારી મૂર્તિઓ પધરાવો અને તે મૂર્તિઓમાં રહીને અમો સદાયને માટે તમોને દર્શન દઈશું ને તમારી સેવાને અંગીકાર કરશું.'' તેવા વચન સાંભળીને સભાજનો રાજી થયા ને મંદિર કરવાનો મનમાં દૃઢ નિશ્ચય કર્યો અને હાલમાં જે બાઈઓનું મંદિર છે તે જગ્યાએ સહુ પ્રથમ મંદિર કરાવ્યું અને તેમાં આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરેલી. આ પ્રમાણે આખું ગામ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આશ્રિત થયું. અને ગામમાં બીજો કોઈ મત પંથ રહેવા દીધો નહિ, અને અદ્યાપી સુધી પણ તે પ્રમાણે જ છે અને આખું ગામ શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર રહીને ભજન કરે છે.

● **શ્રીહરિનો ઉતારો એટલે પીતાંબર ત્રવાડીનું ઘર, તેમને શ્રીહરિએ આપેલ પ્રસાદીની મૂર્તિ**

શ્રીજીમહારાજ જ્યારે વિહાર ગામમાં પધારે ત્યારે સહુ પ્રથમ પીતાંબર ત્રવાડીને ત્યાં ઉતારો કરે. અને જુદી જુદી પ્રસાદીની વસ્તુઓ આપે. તે વખતમાં ત્રવાડીના ઘરની ઉત્તર બાજુની દીવાલે સિંહાસનમાં જે મૂર્તિ છે તે શ્રીજીમહારાજે સ્વહસ્તે પ્રસાદી તરીકે આપેલી છે. તે મૂર્તિનો ચમત્કાર અલૌકિક છે. આજે પણ ત્રવાડી પરિવારમાં તેમને સત્સંગનો વારસો જાળવી રાખ્યો છે. તે સારા સત્સંગી છે.

● **શ્રીહરિ જેમને નિત્ય દર્શન દેતા અને સાથે વાતો કરતા તે વિહારના હીરા ચંગાવત પટેલ**

વિહાર ગામમાં એક હીરા ચંગાવત નામે પટેલ હતા. તે શ્રીજીમહારાજના પરમ ઉપાસક હતા. તેઓને શ્રીજીમહારાજ દરરોજ દર્શન આપતા. એવા તો એ ભાગ્યશાળી હતા. તેઓ ખેતરમાં જતા

અને શ્રીજીમહારાજની સાથે વાતો કરતા. ત્યારે ગામના લોકો તેઓની મશ્કરી કરતા કે ''તમો ગાંડા થઈ ગયા છો કે કેમ ? તમો એકલા કોની સાથે વાતો કરો છો ?'' ત્યારે તે બોલ્યા કે, ''સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ આવી મારી સાથે વાતો કરે છે અને વાતોનું પરમ સુખ આપે છે.'' તેવું સાંભળી સહુ આશ્ચર્ય પામતા. તે હીરા ચંગાવત પટેલે પોતાનું જે કંઈ હતું તે સર્વે ભગવાનને સમર્પણ કર્યું અને તેમનું ઘર હતું તે મંદિર કરવા માટે આપ્યું. હાલમાં જે મોટું મંદિર છે તે જગ્યા મંદિર માટે આપી હતી. અને તે ધામમાં ગયા પછી તે જગ્યાએ સુંદર સુશોભિત મંદિર કરાવ્યું. આજે તે મંદિર (સમર્પણભૂમિ)ના તથા પ્રસાદીના વિહાર ગામમાં દૂરદૂરથી ઘણા ભક્તજનો દર્શનાર્થે આવે છે. તે પ્રસાદીમય ગામના દર્શન કરીને પોતાના અંતરમાં દિવ્યતાની ઝાંખી કરે છે.

- **પીતાંબર ત્રવાડીનો કોલ સત્ય કરી શંભુદાસ પટેલને શ્રીહરિ ધામમાં તેડી ગયા**

કોઈક સમયને વિષે ગામ વિહારના પીતાંબર ત્રવાડી અને શંભુદાસ નામે પટેલ, તે બે જણા તે ગામના મંદિરમાં બેઠા હતા. પછી શંભુદાસ પટેલ બોલ્યા જે, ''પીતાંબર ત્રવાડી, તમે મહારાજના ધામમાં જાઓ ત્યારે મને તેડવા આવજો. પછી તે બોલ્યા જે, ''સારુ'' પછી કોઈક દિવસ એ પીતાંબર ત્રવાડી ગામ પેથાપુરમાં બ્રહ્મચારી વાસુદેવાનંદજી સ્વામીને દર્શન આપ્યા. ત્યારે વાસુદેવાનંદજી સ્વામી બોલ્યા જે, ''ક્યાં સુધી સંસારમાં પડી રહેશો ?'' ત્યારે તે પીતાંબર ત્રવાડી બોલ્યા જે, ''કહો તો આંહી જ રહું ને કહો તો ઘેર જઈ આવું.'' પછી સ્વામી બોલ્યા જે, ''આંહી જ રહો.'' પછી પોતાનું ઘોડું ઘેર મોકલ્યું ને પોતે ત્યાં જ રહ્યા. તે પછી કોઈક સમે સ્વામીએ પીતાંબર ત્રવાડીને અક્ષરાનંદજી નામે બ્રહ્મચારી કરાવીને પોતાની

ભેળા રાખ્યા. (આ વાતમાં વાસુદેવાનંદજીયે બ્રહ્મચારી કર્યા અને અક્ષરાનંદજી નામ પાડ્યું. અને બીજા પ્રસંગમાં શ્રીહરિએ બ્રહ્મચારી કર્યા ને કપિલેશ્વરાનંદજી નામ પાડ્યું હતું તેથી બંને પ્રસંગને આવરી લીધા છે.) પછી તે બ્રહ્મચારી બહુ માંદા થયા એટલે ધોળકે રહેતા. તે અક્ષરાનંદ સ્વામીને ફેરો થયો હતો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ દિવ્ય દેહે આવીને દિવસે દર્શન દઈને એમ કહ્યું જે, ''કેમ છે અક્ષરાનંદ સ્વામી !'' ત્યારે તે બોલ્યા જે, ''સારું, મહારાજ.'' એમ કહીને સ્વામીને પગે લાગ્યા. પછી ગોપાળાનંદ સ્વામી કહે, ''ચિંતા રાખશો નહિ. મહારાજ ત્રીજે દિવસે તમને તેડવા આવશે.''

પછી ત્રીજે દિવસે ગોપાળાનંદ સ્વામી અને મહારાજ તે બ્રાહ્મણને તેડી ગયા. પછી તે વાર્તાની વિહાર ગામમાં ખબર પડી પછી તે શંભુદાસ એમ બોલ્યા જે, 'આજ અર્ધીરાત્રીએ મને પીતાંબર ત્રવાડી તેડવા આવશે.'' ત્યારે બીજા હરિજન એમ બોલ્યા જે, ''તમે સાજા-નરવા ફરો છો તે જ્યારે વખત થાશે ત્યારે વાત.''

પછી તે બોલ્યા જે, ''નક્કી તેડી જાશે.'' પછી તે શંભુદાસ ઘેર ગયા ને તાવ આવ્યો ને અર્ધી રાત્રીએ ગોપાળાનંદ સ્વામી, મહારાજ અને પીતાંબર ત્રવાડીએ ત્રણેય આવીને શંભુદાસને તેડી ગયા. તે શંભુદાસ એમ બોલ્યા જે, 'આ ગોપાળાનંદ સ્વામી, મહારાજ ને પીતાંબર ત્રવાડી મને તેડવા આવ્યા છે, તે હું ધામમાં જાઉં છું.'' એમ મહારાજ પીતાંબર ત્રવાડીનો વર સત્ય કરીને શંભુદાસને તેડી ગયા. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૬૭)*

તુલસીદાસ પટેલના રળીયાત બેન અચળાબા નામે બહેન હતા તેમના અંતિમ સમયે શ્રીજીમહારાજ માણકી સાથે અક્ષરધામમાં લેવા આવ્યા ત્યારે રુડી ફોઈ મહારાજને ધમકાવીને કહેવા લાગયા હું આપની પરમ ભક્ત છું. આ ઘોડા ઉપર નહિ આવું મને લઈ જવી

હોયતો માફો (રથ) અથવા સફેદ હાથી સાથે વાજતે ગાજતે લેવા આવજો. આવા સંબંધ હતા ભગવાન અને ભક્ત વચ્ચે.

- **વિહારના ભુલારામ વિપ્રનો સંકલ્પ શ્રીહરિએ મછિયાવના ફૂલદોલોત્સવમાં પૂર્ણ કર્યો**

શ્રીહરિએ ફૈબાના આમંત્રણથી સંવત ૧૮૭૬ ની સાલમાં હુતાશની ઉપર ભવ્ય ફૂલ દોલોત્સવનો સમૈયો કર્યો તે પ્રસંગે પરમહંસો, રાજાઓ તથા ગામે ગામથી ભક્તજનો પધાર્યા હતા. ને ગામથી પશ્ચિમ દિશામાં તળાવના દક્ષિણ તરફના કિનારે શ્રીહરિ પધાર્યા. અને કૂવાની સમીપે વિરાજમાન થઈને પછી સર્વે સંત હરિભક્તો ઉપર રંગ તથા ગુલાલ ઉડાડતા હતા. તેણે કરીને આકાશ પણ લાલ ધૂમ થતું હતું. તે સમયને વિષે ઈન્દ્રાદિક દેવો, સ્વર્ગમાંથી વિમાનોમાં બેસીને ત્યાં આવી રંગ રમતા ભગવાનનાં દર્શન કરી અત્યંત આશ્ચર્ય પામતા હતા. શ્રીહરિ પણ સર્વ ભક્તજનો સાથે ઘણીવાર સુધી રંગ રમીને પછી તળાવમાં પોતાના સખાઓ સાથે જળક્રિડા કરતા હતા. અને હાથની તાળીઓ વગાડી કીર્તનો ગાતા હતા. પછી પાણીથી બહાર નીકળી શ્રીહરિએ શ્વેત વસ્ત્રો ધારણ કરીને અશ્વ ઉપર વિરાજમાન થયા. અને ભક્તોને દર્શન આપતા બાપુભાઈના અંતઃપુરમાં પધારી ઉગમણા દ્વારના મકાનના મેડા ઉપર પલંગ ઉપર વિરાજમાન થયા. અને આગળ સર્વે સંત હરિભક્તો બેઠા હતા ને શ્રીહરિ જ્ઞાન ઉપદેશ કરતા હતા.

તે સમૈયા પ્રસંગે વિહારના ભક્તજનો ભુલારામ આદિ દર્શને આવેલા ને તે સમયે ભુલારામ નામે બ્રાહ્મણ હાથમાં બોર લઈને સંકલ્પ કરતા હતા કે, “આ સ્વામિનારાયણ ભગવાન, મારી પાસેથી બોર માગી લે, તો ભગવાન સાચા. અંતર્યામીપણે શ્રીહરિ ભગવાને તે બ્રાહ્મણનો સંકલ્પ જાણીને જેમ રઘુનાથજીએ શબરીના બોર માગી

લીધા. તેમ તે ભુલારામ બ્રાહ્મણ પાસેથી શ્રીહરિએ કહ્યું : "ભુલારામ મને બોર આપવાનો સંકલ્પ કર્યો છે. તે બોર લાવો ને મને આપો. એમ શ્રીહરિએ ભુલારામ બ્રાહ્મણ પાસે બોર માગીને લીધા. ને ભુલારામે મહારાજના હાથમાં તે બોર આપ્યા. ને મહારાજ તે બોર પ્રેમથી જમ્યા. આમ શ્રીહરિ ભક્તજનોના મનોરથો સત્ય કરતા હતા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૮૩)*

● **વિહારના જગજીવન વિપ્રની રક્ષા કરતા શ્રીહરિ**

ગામ વિહારના જગજીવનભાઈ બ્રાહ્મણ, શ્રીજીમહારાજના દર્શન કરવા વડતાલ ગયા હતા, મહાપ્રભુ શ્રીહરિનાં દર્શન કરીને ઘર તરફ વળતા માર્ગમાં અચાનક મરકીના રોગથી પીડાતા દેહ ભાન ભૂલીને ભોંય ઢળી પડ્યા. અંતર્યામી ભગવાને રસ્તામાં એકલા પડેલા ભક્તને જાણી હાથમાં સોટી લઈને તે ભક્તની પાસે આવી હાથ ઝાલીને વિહાર ગામે તેમના ઘેર પહોંચાડ્યા. આવો દયાળુ ભગવાન બીજે ક્યાં મળશે ? *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૪)*

વિહાર ગામમાં શ્રીહરિ અતિ કૃપા કરીને સાત વાર પધારીને અતિ પ્રસાદીમય દર્શનીય ધામ બનાવ્યું છે. ધન્ય છે વિહાર ગામના પ્રેમી ભક્તોને.

● **વિહારમાં ગણપતિજી તથા હનુમાનજી દ્વારા શ્રીહરિની ઓળખાણ પૂજારી હીરા ભક્તને કરાવી**

વિહાર ગામમાં હીરો નામે ગણપતિનો સેવક હતો તેણે ગણપતિ તથા હનુમાનજીનું પૂજન કરી બંને દેવને પ્રશ્ન પૂછ્યો, જે "હે ગજાનન ! હે કપિશ્રેષ્ઠ ! અમારા ગામમાં હાલ શ્રી સ્વામિનારાયણ આવ્યા છે. તે સાક્ષાત્ ભગવાન છે ? કે નહિ ? તે મને કહો." ત્યારે બંને દેવો બોલ્યા, કે તે સાક્ષાત્ ભગવાન છે, માટે સર્વ કારણના કારણ તે શ્રી સ્વામિનારાયણને તમો પ્રેમથી ભજો. એ વાત સાંભળીને

તે હીરો ભક્ત, બોલ્યા : કે હે "દેવો ! તો તમો શું કામ કરો છો ? અને તે સ્વામિનારાયણ શું કામ કરે છે." ત્યારે દેવોએ કહ્યું, કે તે સ્વામિનારાયણ ભગવાન, તો અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરે છે, અને અમો તો આ લોકનું પદાર્થ જેમ કે ધન, સોનું, રૂપું, હીરા, માણેક આદિ લૌકિક નશ્વર વસ્તુઓ આપીએ છીએ. એ પ્રમાણે ગણપતિ તથા હનુમાનજીથી હીરાભક્ત ભગવાનનો સાચો નિશ્ચય કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્યાશ્રિત થયા. અને દૃઢ સમાધિનિષ્ઠ થઈને શ્રીહરિનું અખંડ ભજન કરતા હતા.

- **હીરાભક્ત નિરાવરણ દૃષ્ટિ દ્વારા વડતાલમાં શ્રીહરિ આગળ ધરેલી પ્રસાદી અહીં વિહારમાં બેઠા થકા જમતા હતા.**

એક વખત વડતાલને વિષે વિરાજમાન શ્રીહરિની આગળ ભક્તોએ અર્પણ કરેલ સાકર, પેંડા, બરફી, દ્રાક્ષ, આદિ વસ્તુઓ તે હીરાભક્ત પોતાને ઘેર બેઠા ત્યાંથી લઈને જમતા હતા. એવી નિરાવરણ સ્થિતિને શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી પામ્યા હતા.

- **માનબાઈને અંતકાળે શ્રીહરિ તેડવા આવ્યા**

તે વિહાર ગામને વિષે 'માનકુમારી" (માનબાઈ) નામે બાઈ હતાં. તે અખંડ પ્રેમલક્ષણા ભક્તિથી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતાં હતાં. જ્યારે તેમનો અંતકાળ વખત આવ્યો ત્યારે પરમ કૃપાળુ શ્રીહરિ ભગવાન તે બાઈને પાંચસો પરમહંસો સહિત પોતાનું દર્શન આપી પોતે હાથી ઉપર વિરાજમાન થઈ અક્ષરધામમાં તેડી ગયા. એવી રીતે શ્રીહરિ અનંતજનોને પોતાનું અલૌકિક ઐશ્વર્ય બતાવતા હતા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૭૮)*

- **વિહારના હીરાભક્તને દેવીએ શંકરનું ભજન કરવાનું કહ્યું ને શંકરે શ્રીહરિને ઓળખાવ્યા**

વિહાર ગામમાં એક સારા હીરો ભક્ત થયા. તે હરિને પરોક્ષ

રીતે નિરખતા હતા. તે અતિ યોગભ્રષ્ટ જીવાત્મા હતા. મનમાં માયિક મનોવાસના કોઈ જ ન હતી. વિષય વિકારથી રહિત વૈરાગ્ય ભાવવાળા નિર્વ્યસની પૃથ્વી ઉપર તે ભવાનીના ભક્ત કહેવાતા હતા. ગુણવાળા શીલ સ્વભાવવાળા, દિલમાં કોઈ પ્રકારનો દગા દાવપેચ નહોતો રાખતા. પોતાના આત્માના કલ્યાણ કરવાના કારણ રૂપે ઉરમાં દઢતાથી દેવીનું ધ્યાન ધરતા હતા. એકાગ્ર ચિત્ત થઈને જપ કરતા હતા. ભક્તજન શુધ્ધ મનથી માતાની ઉપાસના ભક્તિને કરતા હતા. પોતાના પૂર્વના પુણ્યના પ્રતાપે તે સુંદર સ્વભાવનો ભક્ત થયો. ભક્તિના પ્રતાપે દિવ્યરૂપે ચતુર્ભુજ વાળી દેવી ચારે હાથમાં ચાર દીવા લઈને આવ્યા.

માતા કહે, તમે શા કારણે મારું નામ રટણ કરો છો ? નિત્ય પ્રત્યે દઢ ભક્તિ કર્યા કરો છો. નિષ્કામ ભાવે કરો છો તેથી તારી ઉપર પ્રસન્ન થઈ છું. તો ઈચ્છિત વર માંગો. જે માંગો તે દઉં. ધન, પુત્ર, પશુ પરિવાર જે જોઈએ તે માંગો. માતાનું વચન સાંભળીને હીરો ભક્ત સાવધાન થઈને કહે. માતા માટે કોઈ માયિક વસ્તુ નથી જોતી. મારે એની કોઈ તૃષ્ણા છે જ નહિ. મારે તો તમે મારો મોક્ષ કરો એટલું જ જોઈએ છે. બીજું કોઈ ન જોઈએ. હું આટલું જ વરદાન માગું છું.

ભક્તનું આવું વચન સાંભળીને માતા કહેવા લાગી કે અમારી પાસે મોક્ષ તો નથી. એ સામર્થી અમારામાં નથી. માટે ધન-પુત્ર-પરિવાર, પશુ કોઈ પદાર્થ માગે તે દઈએ. આ બધું તો તત્કાળ જ આપું. માતાના વચન સાંભળીને તે હીરો ભક્ત બોલ્યા કે ધન-ધાન્ય આદિક માયિક વસ્તુઓની મારે કાંઈ જરૂર નથી. તમે મને કહો કે મારો મોક્ષ કેવી રીતે થાય. ક્યા દેવ મોક્ષ કરે તે માતા તમે મને કહો. તેની હું સેવા કરું.

આવી રીતે તે હીરા ભક્તની વાત સાંભળીને જગતમાતા તે વાત કહેતા હતા. તું શંકર ભગવાનની સેવા ભક્તિ રાત દિવસ કર. આમ કહીને તે માતા ત્યાંથી જતા રહ્યા. ત્યારે હીરો ભક્ત તરત જ મહાદેવનું ધ્યાન કરવા લાગ્યા. એકાગ્ર મનથી ધ્યાન કરતા હતા. દઢ પદ્માસન વાળીને દઢ પ્રીતથી આકર્ષણ મંત્રનો જાપ કરતા હતા. ને ગદ્‌ગદ્ કંઠથી શંકરની સ્તુતિ કરતા હતા. ધ્યાન ધરીને દેહનું ભાન ભુલતા હતા. આવી રીતે ભક્તજને કેટલોક સમય જાપ કર્યા કર્યો ત્યારે સાક્ષાત્ શિવ એમની પાસે આવ્યા. અંગો અંગમાં ભષ્મનાં આભૂષણ ધારેલા. તેમના ડાબા પડખામાં ઉમિયા વિરાજેલા હતા. માતાએ શ્વેત વસ્ત્રોને ધારણ કરેલા હતા. શંકર સદાય સુખને દેનારા થઈને ભૂમિ ઉપર રહેતા ભક્તની પાસે તત્કાળ જ ભક્તની આરાધનાથી સામે આવ્યા. હીરા ભક્ત પાસે આવીને પ્રેમથી કહે, ભક્ત ! ઈચ્છીત વર માગો ત્યારે મોક્ષ ઈચ્છનારો હીરો ભક્ત કહે, મારે મોક્ષ સિવાય બીજી કોઈ આશા જ નથી. પૃથ્વી, ધન, માલ, પશુ, પરિવાર આ બધાને તો કાળ ખાઈ જાય છે. સમર્થ ન હોય તો મોક્ષ કરવાનો ઉપાય આપ મારી ઉપર દયા લાવીને બતાવો.

ત્યારે શંકર પ્રભુ તે ભક્ત ઉપર પ્રસન્ન થઈને કહે જો તારે માયિક કોઈ રુચિ ન હોય તો આ સમયે પ્રગટ પ્રભુ સહજાંદ સ્વામી તે અવતારના અવતારી અવિનાશી સર્વના કારણ બહુનામી તે જનોના ઉધ્ધાર કરવા માટે જ જગતમાં પ્રગટ થયા છે. અત્યારે પૃથ્વી ઉપર સાક્ષાત્ વિરાજે છે. એ સહજાનંદ સ્વામીને જલદીથી સ્મરણ કરો. તેમની ઉપાસના ભક્તિ કરો તો તે પ્રભુ તમારું મોક્ષનું કામ કરશે. હું પણ એમનું જ ધ્યાન ધરું છું. એમને જ ઈષ્ટ દેવ માનું છું. બધા જ કાર્યના કારણ એ ભગવાન પોતે જ છે. ને સર્વેશ્વર છે. અત્યારે તે પ્રભુ ગઢપુરમાં વિરાજે છે. સંતજનોની સાથે સુખકંદ પ્રભુનો તમે

જાપ જપો. નિષ્પાપભાવે આરાધના ભક્તિ કરો. જરૂર તમને સહજાનંદ સ્વામી પ્રભુ મળશે. તે મહારાજ તમારો મોક્ષ કરશે. પાપી મહાપાપી શુદ્રો તથા પશુઓનો પણ એ મોક્ષ કરે છે. આવી રીતે કહીને શંકર પ્રભુ અંતર્ધાન થયા.

● **હીરા ભક્તને અખંડ દર્શન શ્રીહરિના થતા હતા**

પ્રગટનો ઉપદેશ શંકર પ્રભુ દ્વારા જાણીને હીરા ભક્ત શુદ્ધ મનથી પ્રગટ પ્રભુને અંતરમાં ધારીને સ્વામિનારાયણ મહાપ્રભુનો મંત્ર જપતા હતા. એકવાર વિહારગામના ભક્તજનો સૌ શ્રીહરિના દર્શન સમૈયામાં જતા હતા. તે જાણીને હીરો ભક્ત પૂછતા હતા કે, તમે બધાય ક્યાં જાવ છો ? તે વાત કહો. ત્યારે ભક્તો કહે, અમે તો પ્રભુ શ્રી સ્વામિનારાયણના દર્શને ગઢપુરમાં જઈએ છીએ. ત્યારે હીરો ભક્ત કહે, પ્રભુ ઘરમાં આવીને દર્શન દે. એવી ભક્તિ કરો છો કે કેમ ! હું તો તમારા ભગવાનને રાત દિવસ દેખ્યા જ કરું છું. ત્યારે તે ભક્તજનો કહે, કેવી રીતે દર્શન કરો છો ત્યારે હીરા ભક્ત કહે, બધી વાત કહું છું. ત્યારે હીરા ભક્તે તરત જ ધ્યાન કર્યું ત્યારે તરત જ પ્રગટ પ્રભુનું દર્શન થયું. તેમાં શિર પર સફેદ પાઘ ધારેલા સફેદ વસ્ત્રોને ધારીને ઘનશ્યામ પ્રભુ ફૂલોમાં ગરકાવ થઈને રાજી થતા થકા હાથમાં નેતરની છડીને ધારણ કરેલા મનોહરનાથને જોયા. આ મહાપ્રભુને હું જ્યારે ધ્યાન કરું છું ત્યારે તત્કાળ જ ભગવાનને દેખું છું. તે સાંભળીને સત્સંગીઓ કહેતા હતા કે હીરા ભક્ત તમારી ભક્તિ બહુ જ શ્રેષ્ઠ છે. મુનિજનો પ્રયત્ન કરીને દર્શન કરવા મથે છે તોય પ્રભુ દર્શન નથી દેતા, એવા મહાપ્રભુ તમને સદાય દર્શન દે છે તો હવે તું પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્તમાન ધારીને સાચો આશ્રિત થા.

પછી બધાય ભક્તજનોની વાત સાંભળીને સંત પાસે જઈને વર્તમાન ધરાવીને સત્સંગી થયાં. હીરો ભક્ત પ્રગટ પ્રભુમાં પ્રીતિવાળો

જ્યારે ભક્ત થયો ત્યારે તે ભક્ત સદાય ઘનશ્યામ પ્રભુની મૂર્તિને પોતાના નયનોની આગળ નિત્ય જોયા જ કરતા, તે ભક્તજન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તે ભક્તની પાસે જ ઘનશ્યામ પ્રભુનું સ્વરૂપ સાથે જ રહે આ રીતે ભક્ત નિરાવરણ વૃત્તિવાળો થયો. તે ઘરના બધાંય કામો કર્યા કરતો હતો. ખેતરમાં જ્યારે ખેડ કરે ત્યારે ખોટા ખળનો નાશ થતો હતો તેને હીરો ભક્ત દેખતો હતો. જ્યારે હીરો બેસે ત્યારે પ્રભુ બેસતા. ભક્ત જ્યારે ચાલે ત્યારે પ્રભુ ચાલતા. જ્યારે ભક્ત સૂવે ત્યારે પ્રભુ સૂતા હતા.

● **હીરાભક્તની નિરાવરણ દષ્ટિ**

હીરો ભક્ત કાયમ વેદવેદાંત અગમનિગમની વાતો કરતા હતા. તેને સૌ જનો સાંભળીને રાજી થતાં હતાં. કોઈક પાપી નરનારીના જીવને તેડવા માટે ભયંકર યમના દૂતો આવે ત્યારે યમના દૂતોને પોતે નિરાવરણ દૃષ્ટિથી દેખતા હતા. એક દિવસ હીરો ભક્ત ખેતીનું કામ કરતો હતો ને બપોરનો સમય થયો બહુ મોડું થયું. ત્યારે તેની માતા ભાત લઈને ખેતરે આવી. ત્યારે હીરો ભક્ત તેની માતાને પ્રેમથી પૂછતો હતો કે, “હે માતા ! તમે ઠાકોરજીને થાળ જમાડ્યો છે કે નથી જમાડ્યો ? ત્યારે માતા કહે, ભગવાનને થાળ જમાડીને તારા માટે ખાવાનું લઈને આવી છું. માટે મારા પુત્ર ખાઈ લે. ત્યારે ભક્ત ધ્યાન કરીને કહે કે “મારી માતા તમે જુઠું બોલો છો. મહાપ્રભુને જમાડ્યા વગર જ લાવ્યા છો.” ત્યારે માતા અચંબામાં પડી ગઈ. મારા અંતરની બધી વાત હીરે સાચી જ કહી. ને માતાને આશ્ચર્ય થયું. આમ હીરો ભક્ત રોજે રોજ અતિશય આશ્ચર્ય જણાવતો હતો. હીરો ભગત જગતની જંજાળને જુઠ્ઠી જાણીને ભગવાનના પ્રતાપે પરમહંસની પદવી પામ્યો હતો. *(શ્રી હરિલીલાસિંધુ રત્ન-૧૪, તરંગ-૪૧)*

## ● વિહારના ચરખબાઈએ મહારાજની માણકીની લગામ પકડીને તેડવા આવવાનો વર માગ્યો

શ્રીહરિ એકવાર સંતો-પાર્ષદો સાથે વિહાર ગામે પધાર્યા હતા ને ત્યાં શ્રીહરિ રોકાઈને ભક્તજનોને દર્શન કથા-વાર્તાનું બહુ સુખ આપીને ત્યાંથી મહાપ્રભુ ચાલવા તૈયાર થયા ત્યારે મહારાજ માણકી પર સવાર થયા ને ભક્તજનો ગામ બહાર વળાવવા ગયા તે વખતે એક ડોસી ચરખબાઈ આવ્યા તે હાથમાં ઠંડા જળનો ઘડો ભરીને લાવ્યા હતા. તે પ્રભુને આપ્યું. તે ઠંડુ જળ પ્રભુએ પાન કર્યું. પછી તે બાઈએ ઘોડીની લગામ પકડીને પ્રભુને જવામાં રોકી રહી. ત્યારે શ્રીહરિ કહે, બાઈ અમને આગળ જવા દે. અમારે અત્યારે મોડું થાય છે. ત્યારે તે બાઈ બોલી, ‘‘હે કરૂણાનિધાન, હે પ્રભુ ! મને અંતકાળે તેડવા આવજો. એવું વરદાન આપો. ત્યારે શ્રીહરિ કહે અમે તમને અંતકાળે જરૂર તેડવા આવીશું.

જ્યારે ચરખબાઈનો અંત સમય થયો ત્યારે સાથે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો-પાર્ષદો સાથે વિમાન લઈને તે બાઈને તેડવા આવ્યા. ને તે બાઈને પ્રભુ કહે. બાઈ ચાલો અમારી સાથે અમે તમને તેડવા આવ્યા છીએ. ત્યારે તે બાઈ કહેતી હતી. ‘‘હે પ્રભુ ! તમે મારી વાત સાંભળો.’’ મારો પુત્ર જીવણ અત્યારે હાજર નથી. તે બહાર ગામ ગયો છે. તે જ્યારે આવશે ત્યારે તમારી સાથે આવીશ. ત્યારે પ્રભુ કહે, જલદીથી પ્રીત સહિત અમારી સાથે ચાલો. મારા વચનને એક ચિત્તે ઉરમાં ધારો. કોઈ પ્રકારના પૃથ્વી, ધન, ઘરબાર, પુત્ર પરિવાર કાંઈ કામ નહિ આવે. બધુંય ખોટું છે. આવી રીતે શ્રીહરિએ બહુવાર સુધી કહ્યા કહ્યું તોય ડોસી તો ન જ નીકળી. પ્રગટ પ્રભુની વાતને ન જ માની.

ત્યારે સંતો કહે, ‘‘હે પ્રભુ ! આ પુત્રની વાસનામાં આસક્ત છે. ત્યારે પ્રભુ કહે, આને રહેવા તો દેવી જ નથી. અમે એને તેડવા

માટે આવ્યા છીએ. વ્યર્થ તો નથી જવા દેવું. આવી રીતે કહીને તરતજ યમદૂતોને બોલાવ્યા. ને તે ડોસીને દંડ કરવાનું કહ્યું. ને તે યમદૂતોએ ડોસીને ખૂબ માર માર્યો. તે ડોસી તરત જ મુખે હાય હાય કરતી કહેતી હતી. મારી સહાય કરો. મારી રક્ષા કરો. હે પ્રભુ ! આ મને યમદૂતો મારી નાખશે. હું આપની સાથે જ આવું છું. પછી શ્રીહરિએ તેનો ભૌતિક દેહ છોડાવીને પ્રભુ સાથે તે ડોસી જતી હતી. તે માર્ગમાં જોતી જોતી જતી હતી. તે પાછી વળવાનો લાગ જોતી હતી. પ્રભુ માયાના આવરણપાર કરીને ગોલોકમાં ગયા. ને તે પાછળ ગઈ ત્યારે લગાર જ અવકાશ મળ્યો કે તરત જ ત્યાંથી પાછી જ ફરી ગઈ. મહારાજ તો આગળ ચાલ્યા ગયા.

ડોસી દેહમાં પાછી આવીને ડોસીના શરીરમાં જાન થયો. ડોસી ભીતિથી દેહ છોડીને ગઈ પછી બધાંય સંબંધીજનોએ જાણ્યું કે અત્યારે રાત છે. એટલે દેહને જુના કપડામાં બાંધીને ઉંચે લાકડાના નાટે લટકાવી દીધો. તે કુટુંબીઓ પાસે જ બેઠા હતા. ત્યારે તરત જ ડોસી શરીરમાં આવી ત્યારે અધર લટકાવેલો દેહને હલતો દેખાયો. તે જોઈને બધાં સ્વજનોએ તે દેહને હલતો જણાતા તે દેહને નીચે ઉતાર્યો એટલે જાણ્યું કે ડોસીના શરીરમાં હમણાં જીવ પાછો આવ્યો છે. તેથી ઘરના સૌ ઘેરીને બેઠા.

આ બાજુ મહારાજે પાછા ફરીને જોયું તો ડોસી સાથે ન દેખાણી એટલે પ્રભુએ જાણીજ લીધું કે તે ડોસી પાછી વળી ગઈ છે. તરત જ યમદૂતોને ફરી આજ્ઞા કરીને માર મરાવ્યો. ત્યારે તે ડોસી મુખેથી ફરી રાડ્યો પાડવા લાગીને મહારાજ તેને ફરીથી તેડવા આવ્યા ને ડોસીને કહ્યું જે તને માયાની જંજાળ છૂટે તેમ નથી તેથી તને યમદૂતો પાસે માર ખવરાવ્યો છે. પછી તે ડોસી થાકીને વાસના ત્યાગીને વિચાર કરીને વચનો કહેવા લાગી કે હે મહારાજ ! હવે મારે વાસના

નથી રહી. પુત્રની વાસનાય જતી રહી. હવે મારે તમારી સાથે આવવું છે. આવી રીતે કહીને તરત જ દેહનો ત્યાગ કરીને પ્રભુની સાથે જ ચાલતી થઈને તે બાઈ ધામમાં ગઈ.

વિહાર ગામના ભલા ભક્ત પીતાંબર ત્રવાડી ગઢપુર સમૈયા પ્રસંગે દર્શને ગયા હતા. ને તે શ્રીહરિની સભામાં બેઠા હતા. તે વખતે શ્રીહરિએ પીતાંબર ત્રવાડીને વાત કરી કે તમારા ગામની ડોસી ચરખબાઈને તેડવા ગયા હતા તે ગોલોકથી પાછી આવી તે ફેર બે વાર બાઈએ અમને બહુ પરિશ્રમ કરાવ્યો. તે વાત પીતાંબર ત્રવાડીએ વિહાર ગામ આવીને સર્વેને વાત કરી હતી. *(શ્રી હરિલીલાસિંધુ રત્ન-૧૪, તરંગ-૪૨)*

## શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર અને પક્ષવાળું બાલવા ગામ

### ● બાલવા ગામે શ્રીહરિએ કૂવાને વૈદ્ય બનાવ્યો

(૧) સંવત ૧૮૭૫ ની સાલમાં સર્વાવતારી શ્રીહરિ, પાંચસો પરમહંસ, પાર્ષદો, તેમજ કાઠી અસ્વારો સહિત દંઢાવ્ય દેશના ગામો ગામ વિચરણ કરી અધર્મનો નાશ કરી સધર્મની પૂષ્ટી કરતા એક સમયે ઉનાવાથી બાલાગઢ (બાલવા) ગામે પધાર્યા. તે ગામમાં રહેતા શ્રીહરિના પ્રેમી ભક્તો જેવા કે માલજીભાઈ ચૌધરી, અમીચંદભાઈ સુથાર, રતનભાઈ દવે ને જીવરામભાઈ દવે વગેરે ભક્તજનોએ ગાજતે વાજતે શ્રીહરિનું સામૈયું કરી શ્રીહરિને પ્રીતિપૂર્વક ગામમાં પધરાવ્યા. ત્યારબાદ તે ગામજનોએ ઉત્સાહપૂર્વક અક્ષત, ચંદન, કુંકુમ તથા પુષ્પ હારો વડે શ્રીહરિનું પૂજન કરી આરતી ઉતારી દંડવત્ પ્રણામ કરી શ્રીહરિને ખૂબજ રાજી કર્યા. ત્યારબાદ શ્રીહરિ તે ગામથી પશ્ચિમ દિશામાં આવેલા એક ખેતરમાં આંબલીના વૃક્ષ નીચે (હાલ

જેને મંદિરીયું કહીએ છીએ ત્યાં ચરણારવિંદ પધરાવ્યા છે.) સભા કરી ઉંચા આસને વિરાજમાન થયા. ત્યાં શ્રીહરિ થોડો સમય ઉપદેશ સંબંધી વાર્તા કરી ત્યાંથી મુનિ મંડળ સહિત શ્રીહરિ ગામમાં રતનભાઈ તથા જીવરામ દવેને દર્શન આપી ગામના સુંદર કૂવા ઉપર પધારી ત્યાં સુખડીનો થાળ જમી કૂવામાંથી જળનું પાન કર્યું તથા સ્નાન કર્યું. તે કૂવો પ્રસાદીનો થયો.

ગામ લોકોએ મહારાજને પ્રાર્થના કરી કે, ‘‘હે મહારાજ ! અમારા ગામમાં ઘણા માણસો માંદા પડે છે અને વૈદ્યની સગવડ નથી.’’ આ સાંભળી શ્રીહરિએ રાજી થઈને વરદાન આપ્યું જે, ‘‘આ કૂવાનું પાણી દવાનું કામ કરશે.’’ કોઈપણ રોગ થયો હશે અને જો આ કૂવાનું પાણી ભગવાનનું માહાત્મ્ય જાણીને પીશે તો તેને રોગમાંથી મુક્તિ મળશે.

શ્રીહરિએ કૂવાને વૈદ્ય બનાવી દીધો. તેના પાણીને સાર્વજનિક કરી નાંખ્યું વિના મૂલ્યે કૂવામાંથી પાણી કાઢો, પીવો અને નીરોગી બનો.

(૨) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ આદરજનો અન્નકૂટ કરવા પધાર્યા ને સાથે સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના ભક્તજનો મોટી સંખ્યામાં પધાર્યા હતા. તેનું વર્ણન શ્રીવિહારીલાલજી મહારાજે કર્યું છે તે નીચે મુજબ છે.

*પૂર્વછાયો :*

*પછી પ્રભુ ત્યાંથી પરવર્યા, લઈ સંત જનો નિજ સાથ ॥*
*દર્શન દેવા દાસને, ગયા કોલવડે કૃપાનાથ ॥૪૪॥*
*ગયા ઉનાવા ગામમાં, ત્યાંથી બાલવે બહુ સુખદેણ ॥*
*મહાપ્રભુ ગયા માણસે, ઠર્યા નિરખી જનનાં નેણ ॥૪૫॥*

*(શ્રીહરિલીલામૃત કળશ-૭, વિશ્રામ-૭૪)*

**● બાલવાની ભૂમિ એટલે ત્યાગ, સમર્પણને પક્ષની ભૂમિ**

શ્રીહરિ ચરણ અંકિત મહાપ્રસાદીમય ભૂમિ બાલવાની કે જ્યાં ભક્તોમાં ત્યાગની ભાવના, સમર્પણની ભાવના, ઉદારતા તથા સત્સંગનો મહિમા ને બે દેશ ગાદીને વફાદાર સદાય રહ્યાં છે.

**● જાત મહેનતની કમાઈથી મંદિર બનાવ્યું**

બાલવા ગામના પ્રથમ સંત સ.ગુ. શ્રી પુરૂષોત્તમચરણદાસજી પૂર્વાશ્રમમાં ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ થવા માટે અમદાવાદ આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે જઈ કહ્યું, ''મહારાજ ! મને દીક્ષા આપી સાધુ કરો.'' એવી ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમને કહ્યું કે, ''પહેલા તમારા ગામમાં આપણું મંદિર કરાવો.'' પછી તમને સાધુ કરીએ. ત્યારે સ્વામી પોતે કરાંચીમાં જઈને કાળી મજુરી કરી માથે પથ્થરો ઉપાડી રૂપિયા એંસી કમાણા ને ત્યાંથી બાલવા આવીને એક નાનકડું મંદિર બંધાવીને પછી પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે આવીને મંદિર પૂર્ણ થયું છે ને તેમાં આપશ્રી પધારોને પ્રતિષ્ઠા કરો. પછી મને દીક્ષા આપો.

પૂ. મહારાજશ્રી બાલવા પધાર્યા. ગામલોકોએ સ્વાગત કર્યું ને મંદિરની પ્રતિષ્ઠા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરીને ધામધૂમથી પ્રસંગ ઉજવ્યો. ને તેમને પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ દીક્ષા આપીને પુરૂષોત્તમચરણદાસજી નામ પાડ્યું.

**● પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજનો પક્ષ માથા સાટે રાખ્યો**

વચ. ગઢડા મધ્ય પ્રકરણ ૬૦ માં શ્રીહરિ કહે છે કે, ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય. પણ જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને

દુઃખે કરીને જરૂર દુઃખિયો થાય અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ધાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચ મહાપાપ તે સર્વે મટી જાય છે એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે.

સદ્. પુરૂષોત્તમચરણદાસજી સ્વામીના શિષ્ય સદ્ગુરુ મુકુંદજીવનદાસજી સ્વામીએ તીવ્ર વૈરાગ્યને યોગે ગૃહત્યાગ કરી આચાર્ય મહારાજશ્રી પાસે દીક્ષા લઈ મુકુંદજીવન નામ પાડ્યું. તેઓશ્રી વ્યવહાર કુશળ હોય ને અમદાવાદ મંદિરના મહંત બન્યા. તે અરસામાં પૂ. શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ સગીર વયના હતા અને પૂ. પુરૂષોત્તમપ્રસાદજી મહારાજ અક્ષરવાસી થયા પછી ગાદી માટે વિવાદ જાગ્યો હતો ને વાસુદેવપ્રસાદજી મહારાજને ગાદીએ બેસાડવા નહિ. ને બીજાને ગાદીએ બેસાડવા. આવું વાતાવરણ ઊભું થયેલું તે વખતે સ.ગુ. શ્રી મુકુંદજીવનદાસજી સ્વામીએ પડકાર કરીને કહ્યું કે, શ્રી નરનારાયણદેવની ગાદીએ તો વાસુદેવપ્રસાદજી મહારાજ જે બેસશે. બીજા કોઈને આ ગાદી પર બેસવાનો અધિકાર નથી. આવા બળ ભર્યું શૂરવીરપણે સ્વામીનું જીવન જોઈને લોકોને ત્યાંથી ભગાડી મૂક્યાને શ્રી નરનારાયણદેવનો જબરો પક્ષ રાખીને અમદાવાદ દેશનો જયજયકાર કરાવ્યો ને પૂ. વાસુદેવપ્રસાદજી મહારાજને વિધિવત ગાદીએ બેસાડ્યા.

- **શ્રીહરિને મળેલા બાલવા ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી રતનજીભાઈ દવે | પ.ભ.શ્રી માલજીભાઈ ચૌધરી |
| પ.ભ.શ્રી જીવરામભાઈ દવે | પ.ભ.શ્રી અમીચંદભાઈ સુતાર |

## કલાભગતનું કુંડાળ ગામ

શ્રીજીમહારાજ, સંતો-પાર્ષદો, રાજાઓ સાથે વિચરીને દંઢાવ્ય દેશને પોતાના પદરજથી પાવન કરીને દર્શનીય દેશ બનાવ્યો છે. અને તે પદરજની દિવ્યતા આજે પણ દંઢાવ્ય દેશના ગામોમાં, ગલીઓમાં, હરિભક્તોના ઘર, તળાવ, માઢ વગેરેમાં દર્શન કરતા જણાઈ આવે છે. ભક્તવત્સલ ભગવાન સ્વામિનારાયણ પોતે પોતાના આશ્રિત ભક્તજનોને આવેલી આપત્તિમાં ખૂબ રક્ષા કરીને પોતાનું ભક્તવત્સલપણું સાબિત કર્યું છે. તો આવો આપણે શ્રીહરિના અનન્ય એકાંતિક ભક્ત કલાભગતના જીવનમાં આવેલી ભયંકર આપત્તિમાં રક્ષા કરી છે. તથા આ ભૂમિમાં શ્રીહરિ પાંચ વાર પધાર્યા છે. તે પવિત્ર ભૂમિ એટલે કલા ભગતનું કુંડાળ ગામ આપણે તેનું સ્મરણ કરીએ.

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે વસાઈ, મેઉ, લાંગણોજ, ડાંગરવા, રાજપર થઈ કુંડાળ આવીને કલાભક્તને ઘેર થાળ જમીને ચાલ્યા તે રામપરા-ભંકોડા, રામગ્રી થઈ શિયાણી પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૨)*

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે ગેરીતા, માણસા, ઉનાવા, ખોરજ, નાદ્રી, કરજીસણ, ડાંગરવા, રાજપર થઈ કુંડાળ આવીને કલા ભક્તના ઘરે થાળ જમ્યા અને સુરાખાચર વગેરે કાઠીઓ તથા પાર્ષદો તથા સંતોને જમાડ્યા. અને ત્યાંથી કડી, દેત્રોજ, રામપુરા-ભંકોડા, કડુ, વણા, ભદ્રેશી થઈ મુળી પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૪)*

**(૩) શ્રીહરિ સાથે જીવુબા, લાડુબા આદિ પાંચ ત્યાગી, તપસ્વી બાઈઓ પધાર્યા.**

સંવત ૧૮૬૨ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ધમડકાથી ચાલ્યા તે હળવદ, ધ્રાંગધ્રા, મેથાણ, રામપુર, ડુમાના, કડી થઈ કુંડાળ ગામ આવ્યા. ગામના કણબી હરિભક્તો સન્મુખ દોડી આવ્યા. કુટુંબે સહિત કલા પટેલ તથા સુથાર મૂળજી વગેરે આવીને પગે પડ્યા. સુખપાલમાં બેસાડીને વાજતે ગાજતે લઈ જઈ પટેલની વાડીમાં ઉતાર્યા. મોટા ડેરા તંબુ તણાવ્યા. પાન પણ ન દેખાય એવા મોરથી ઝુકી ગયેલા આંબાની છાયા પણ સુંદર હતી. વર્ણીએ આગળથી આવીને રસોઈ તૈયાર કરી હતી. પીતાંબર પહેરી શ્રીહરિ મધ્યાહ્ન કાળે દૂધપાક પૂરી, વડાં વગેરે ભોજન પ્રેમથી જમ્યાં. દૂધપાક જમી રહ્યા પછી દહીં-ભાત અને સાકર જમ્યા. ચળુ કરીને મુખવાસ લીધો. પ્રસાદી બે પાત્રમાં ભરીને અભય રાજા તથા જીવેન્દ્રને આપી.

અભય રાજાની બે પુત્રીઓ જીવુબા અન લાડુબા બહુ ત્યાગી અને તપસ્વી હતા. તે પોતાના પિતા સાથે આવેલા હતા. જીવેન્દ્ર રાજા (જીવા ખાચર)ની બે પુત્રીઓ અમુલા અને અમરી, તે પણ તેવાં જ ત્યાગી હતા કે જેથી હરિ વિના બીજામાં હેત રહે નહિ. તેઓ જીવુબા અને લાડુબાનો સંગ રાખતા અને તે કહે તેમ કરતાં. અમુલાની માતા કુંવરબાઈ નામે હતી, તેની મોટી બહેન સોણબાઈ, તેની પુત્રી રાજબાઈ હતા. તે અત્યંત ત્યાગ અને દૃઢ નિષ્કામ વ્રત રાખતા. આ પાંચેય ત્યાગી બાઈઓ જ્યાં શ્રીહરિ જાય ત્યાં ભેગા જ રહેતા. પોતાનો રથ જોડીને તેઓ આવ્યા હતા.

પછી શ્રીહરિ પોઢી ગયા પછી ઉઠ્યા ત્યારે પોતાના ભવન પ્રત્યે પધારવા શ્રીહરિએ પુરજનોએ પ્રાર્થના કરી. હરિભક્તોનો ભાવ જોઈ શ્રીહરિ તૈયાર થયા અને હરિભક્તોએ સુખપાલ આણી, તેમાં બેઠા

જેની સુખપાલ હતી તેની જ સવારી હતી. શ્રીહરિ કુંડાળપુરમાં પધાર્યા. પુરજનો શ્રીહરિના ચરણમાં નમીને શ્રીફળ અર્પણ કરતા. પુરની સ્ત્રીઓ પણ મોતીના તાલથી વધાવતી. ચિત્રવિચિત્ર શણગારેલા રાજમાર્ગમાં ભક્તોને દર્શન દેતા શ્રીહરિ હરિભક્તોને ઘેર પધારતા. પલંગ પર બેસાડી સૌ કેસર, ચંદનને હારથી પૂજા કરતા, સાકરના થાળ ભરીને અર્પણ કરતા. ઉતારે આવી શ્રીહરિ પલંગ પર વિરાજ્યા. દિવસ અસ્ત થયો ત્યારે મશાલો થઈ અને શ્રીહરિ ઉભા થઈને ધૂન કર્યા પછી શ્રીહરિ પલંગ પર પોઢી ગયા. અરુણોદય થયો ત્યારે ચાલ્યા તે ગામ રાજપર, માથાસુલ થઈ ઊંઝા પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૩૬-૩૭)*

(૪) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે નારાયણઘાટથી ચાલ્યા તે મોટેરા, ઉનાવા, માણસા, વિહાર, ડાંગરવા થઈ કુંડાળ આવ્યા ને કલા ભક્તના ઘેર થાળ જમીને ચાલ્યા તે કડી હરિભક્તોને દર્શન દઈ રામપરા-ભંકોડા, કાલિયાણા, રામગ્રી, વઢવાણ, ખેરાળી, લીમલી, ખોલડિયાદ, રામપરા થઈ નાગડકા પધાર્યા. *(સદ્.શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૨)*

(૫) સંવત ૧૮૬૮ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઊંઝાથી ચાલ્યા તે મહેસાણા, મોટપ, ઘીણોજ, અંબાસણ, ટુંડાલ, નંદાસણ, માથાસુલ થઈ કુંડાળ ગામ પધાર્યા. ત્યાંના કલા પટેલ આદિ ભક્તજનો વાજતે ગાજતે શ્રીહરિનું સ્વાગત કરી ચંદન તથા પુષ્પોના હારાદિક ઉપચારો વડે પ્રેમપૂર્વક પૂજન કરતા હતા. અને શ્રીહરિ ભગવાન કલા પટેલના ઘરના આંગણામાં ઉતારો કરી તેમને ઘેર સુંદર ભોજન જમીને પછી ત્યાંથી કડી શહેર પધારતા હતા. અને ત્યાંથી રાજપુર થઈ ડાંગરવા પધાર્યા. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૬૩)*

- **શ્રીહરિને મળેલા કુંડાળના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી કલાભાઈ પટેલ | પ.ભ.શ્રી મૂળજીભાઈ સુથાર |
| પ.ભ.શ્રી પૂંજાભાઈ પટેલ | પ.ભ.શ્રી મોતીરામભાઈ પટેલ |
| પ.ભ.શ્રી કેવળભાઈ પટેલ | પ.ભ.શ્રી અંબાઈદાસ પટેલ |
| પ.ભ.શ્રી રૂપાબાઈ પટેલ | પ.ભ.શ્રી નંદરામભાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી દયાળભાઈ પટેલ | પ.ભ.શ્રી રામજીભાઈ |
| પ.ભ.શ્રી રાધાબા વિપ્ર | પ.ભ.શ્રી બર્હિણીબાઈ |
| પ.ભ.શ્રી જુહુબાઈ | પ.ભ.શ્રી વારાબાઈ |

- **શ્રીહરિના પૂજનનો લાભ**

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં વડતાલમાં ચૈત્ર સુદી નવમી, જે શ્રીહરિનો પ્રાગટ્ય મહોત્સવ બહુ મોટા પ્રમાણમાં ઉજવાયો હતો. તેમાં શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે-ગામના હરિભક્તોના સંઘો આવેલા હતા. ને ભીડ બહુ હતી. તેથી એક પછી એકને પૂજા કરવા જવા દેતા, જેથી ભીડનું દુઃખ મટી ગયું અને પૂજા કરવાનું સુખ આવ્યું. સવારથી મધ્યાહ્ન સુધી તે પ્રમાણે પૂજા ચાલી. પછી દંઢાવ્ય દેશના હરિભક્તો પધાર્યા હતા. તેમાં કુંડાળના હરિભક્તો પણ આવ્યા હતા. તેમણે શ્રીહરિને સોનાના વસ્ત્ર, આભૂષણ, ચંદન ચર્ચીને પોતાના મસ્તક અને નેત્ર પર લીધા. શ્રીહરિએ સૌને પ્રસાદીના હાર આપ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૮ તરંગ-૬૭)*

(૨) સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ-૧૪-૧૫ ના રોજ વૌઠામાં મોટો મેળો (સમૈયો) ભરાયો હતો. તેમાં શ્રીહરિ, સંત-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના હરિભક્તો બહુ મોટા પ્રમાણમાં પધાર્યા હતા. તેમાં કુંડાળના હરિભક્તો પણ આવ્યા હતા ને શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪ તરંગ-૫૧)*

## ● ભક્તવત્સલ ભગવાને કલા ભક્તની કરેલી રક્ષા

કુંડાળ ગામમાં વૈશ્ય જાતિના શ્રીહરિના એકાંતિક કલા (કલ્યાણ) નામના ભક્ત રહેતા હતા. સ્વધર્મમાં નિષ્ઠાવાળા, શૂરવીર, સત્સંગમાં આસક્ત મનવાળા, સંત સેવાપરાયણ, ધીર અને સદા શ્રીહરિની આજ્ઞામાં વર્તતા હતા. એવા તે કલા ભક્ત ''સ્વામિનારાયણ ભગવાન કાળ, માયા વગેરેના નિયંતા પ્રત્યક્ષ ભગવાન છે'' એમ સૌને કહેતા હતા. હે જનો ! અસુરાંશ ગુરુઓએ ભમાવેલા અને મતરૂપી પાશમાં બંધાયેલા તમો તે મતોમાં મૂર્ખપણાથી કેમ રહો છો ? એ મતોનો આશ્રય કરવાથી સંસારમાંથી મુક્તિ નહિ જ પામો. તેથી હે જનો ! મુક્તિને આપનારો આ પવિત્ર સત્સંગ કરો, અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરી તેમને ભજો. તેથી ઈચ્છિત સુખને તમો પામશો. આ પ્રકારે તે ભક્ત શૌર્યવાળી વાતો કરીને ઘણાને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અતિદૃઢ આશ્રય કરાવતા હતા. તેમણે કહેલા તે વાર્તા સાંભળીને મત્સરવાળા, અસુરભાવવાળા, તેમના બંધુજનો તથા અન્યજનો બળવા લાગ્યા. તેથી તે દુષ્ટજનોએ તે ભક્તને સત્સંગમાંથી ભ્રષ્ટ કરવા માટે તેમનું ખેતર અન્યાયથી લઈ લીધું અને તેને નાત બહાર કર્યો.

આવી રીતે તે અસુરોએ વારંવાર તેમને પીડા કરી, પરંતુ ''રામ રાખે તેને કોણ ચાખે'' તે કહેવત અનુસાર તે ભક્ત તો પ્રહલાદની માફક પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિમાંથી ચલાયમાન થયા નહિ. પછી તે ભક્ત દુષ્ટ જનોએ લઈ લીધેલું પોતાનું ખેતર પાછું લેવાની ઈચ્છાથી દુષ્ટોની સાથે રાજાની પાસે ગયા. તે ભક્તરાજે રાજાને આ પ્રમાણે કહ્યું કે, હે ભૂપતે ! મારા ગામમાં રહેનારા આ માણસોએ મારું ખેતર અન્યાયથી બળપૂર્વક લઈ લીધું છે. તે ભક્તે આ પ્રમાણે કહ્યું તેથી તે રાજાએ મુખ્ય મંત્રીઓને પૂછ્યુ કે, હે મંત્રીઓ ! ખેતર આનું છે કે એમનું છે ? પરંતુ તે દુષ્ટો તરફથી મંત્રીઓએ લાંચ

લીધેલી હોવાથી તે મંત્રીઓએ ખેતર કલા ભક્તનું નથી એમ અન્યાય પૂર્વક કહ્યું. રાજાને તે મંત્રીઓએ આ પ્રમાણે કહ્યું તેથી ખેદ પામેલા તે ભક્તરાજ કલા ભક્તે રાજાને કહ્યું કે, હે નૃપ ! એ ખેતર નક્કી મારું જ છે. ત્યારે રાજાએ ભક્તરાજ કલાભક્તને કહ્યું કે, જો તે ખેતર તમારું હોય તો અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો તમે બંને હાથમાં ઝાલીને વીશ પગલા ચાલીને તે ખેતર તમો લઈ લો. તેવું રાજાનું વચન સાંભળી કલાભક્તે રાજાના અમાત્યોને ''બહુ સારું'' એમ કહ્યું. પછી રાજાના કારભારીઓની સાથે પોતાને ગામ આવ્યા. ત્યાંના તેમના દુશ્મનો તે મંત્રીઓ સહિત તે કલા ભક્તને લઈને તત્કાળ તે ખેતરમાં આવ્યા.

પછી તે પાપીઓએ, લોઢાનો ગોળો અગ્નિથી અત્યંત લાલ કરીને કલા ભક્તને કહ્યું કે, હે ભક્ત ! જો આ ખેતર તમારું હોય તો તમો આ ગોળો ઝાલો અને વીશ પગલા સુધી ચાલતાં જો ન બળો તો આ ખેતર તમો લઈ લો. પછી વિચક્ષણ, ધૈર્યવાળા, કલા ભક્તે બહુ 'સારું' કહીને પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંભાર્યા. તે કલાભક્તે એ પ્રકારે શ્રીહરિને સંભાર્યા તથા તેની અચળ ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે સમયે તે ભક્તને પોતાનું દર્શન આપ્યું. અને કહ્યું કે, હે ભક્ત વર્ય ! તમો બીક રાખશો નહિ. હું તમારી સમીપ છું. આ તપેલો ગોળો તમો પકડો. તમારા બંને હાથને અગ્નિ બાળશે નહિ. શ્રીહરિએ એ પ્રમાણે કહ્યું તેથી બુધ્ધિમાન ભક્તે તપેલો લાઢોનો ગોળો લઈને વીસ પગલા ચાલીને પોતાના ખેતરની તમામ જમીન પાછી મેળવી. તેથી તે ગામના સર્વેજનો તથા રાજાના કારભારી વગેરે તે ભક્તના હાથ બળ્યા નથી એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. તે સમયે તેમનો દ્રોહ કરનારા સર્વ અસુરજનો કાજળ જેવા શ્યામ મુખવાળા થઈ ગયા અને અત્યંત ખેદ પામ્યા.

પછી સંતોષ પામેલા રાજાના અમાત્યોએ તે ભક્તને આ પ્રમાણે કહ્યું કે, હે સન્મતે ! આ ખેતર તમારું જ છે. તે સત્ય છે. સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન સત્ય છે. તમો ભક્ત પ્રહ્‌લાદની માફક શ્રીહરિના દૃઢ ભક્ત છો. અમોએ આજે જાણ્યું. ત્યાર પછી રાજાના અમાત્યો પ્રીતિપૂર્વક મહામૂલ્યવાળું ઈનામ તેમને આપ્યું, અને સત્સંગ સત્ય છે એવી રીતે ઘણી સ્તુતિ કરી. પછી તે અમાત્યો વગેરે પોતપોતાના સ્થાનમાં ગયા. કલાભક્ત પણ શ્રીહરિને સંભારતા પોતાને ઘેર ગયા. આ રીતે પોતાના આશ્રિત ભક્તોના દુઃખોનો નાશ કરનાર શ્રી સ્વામિનારાયણ ભગવાન ભક્તનું રક્ષણ કરીને અદૃશ્ય થઈ ગયા. *(દંઢાવ્ય દેશ લીલા દર્શન)*

● **કુંડાળમાં પ્રસાદીના સ્થાનો**

**(૧) કલાભક્તનું ઘર** : શ્રીહરિ પાંચ વાર કુંડાળ પધારેલા છે ત્યારે તે પ્રસાદીના મકાનમાં થાળ જમતા, પોઢતા અને તેમનો ઉતારો પણ કલા ભક્તના ઘરે જ હતો.

**(૨) છત્રી** : કલા ભક્તના મકાન આગળ આવેલી છત્રી છે. આ જગ્યાએ પ્રથમ લીંબડાનું વૃક્ષ હતું. તેની નીચે શ્રીહરિ પરમહંસો સાથે પધાર્યા ત્યારે ત્યાં સભા કરી હતી. અને કલા ભક્તના ધર્મપત્ની રૂપાબાઈએ આ જગ્યાએ શ્રીહરિને કારેલાનું શાક અને રોટલી જમાડ્યા હતા. હાલ તે લીંબડો હયાત નથી.

**(૩) પ્રસાદીના લીંબડાનું થડિયું** : આ પ્રસાદીનો લીંબડો હાલ હયાત નથી પણ તેનું થડિયું દર્શન માટે

મંદિરમાં રાખેલ છે. આ લીંબડા નીચે શ્રીહરિએ ટેકો દઈને શાક-રોટલી જમેલા તેથી તે લીંબડો મીઠો થયો હતો.

**(૪) પ્રસાદીનો કૂવો** : જ્યારે કલા ભક્તે લોખંડનો તપાવેલો ગોળો ઉપાડેલો ત્યારે દિવ્ય સ્વરૂપે શ્રીહરિએ આ કૂવાના થાળામાં બેસી કલા ભક્તની રક્ષા કરી હતી. તેથી તે કૂવો પ્રસાદીનો છે.

**(૫) ચરણારવિંદ ઓટો** : જે જગ્યાએથી કલાભક્તે ગોળો ઉપાડ્યો હતો ને જમીન પાછી મેળવી હતી. તે જગ્યાએ ચરણારવિંદ ઓટા ઉપર પધરાવ્યા છે. તે તથા સામે વાડી આવેલી છે.

## રાજાધિરાજ પધાર્યા રાજપુરમાં

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીરિ, સંતો-પાર્ષદો સાથે લાંઘણજથી ચાલ્યા તે ડાંગરવા આવીને ઉગમણી કોરે સભા કરી અને ત્યાં પરમહંસ કર્યા. ત્યાં ચાર દિવસ રહીને રાજપર આવ્યા ને એક રાત રોકાઈને દર્શનનું સુખ આપીને કુંડાળ પધાર્યા. *(સદ્.શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૨)*

(૨) સંવત ૧૮૬૧ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે ડાંગરવા પધારી નરોત્તમભાઈના ઘેર ત્રણ દિવસ રહી ચાલ્યા તે રાજપુર આવ્યા. ગામના ભક્તજનોએ રૂડી રીતે સન્માન કર્યું. પછી ત્યાંથી ચાલ્યા તે કુંડાળ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૪)*

## (૩) રાજપુરમાં શ્રીહરિ મોટા સંઘ સાથે પધાર્યા ને ઘેર ઘેર પધરામણી કરી

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ ભુજથી સિધ્ધપુરનો સમૈયો કરવા માટે ચાલતા ચાલતા કડી, કુંડાળ થઈ રાજપુર ગામમાં આવ્યા. આ વખતે સિદ્ધપુરનો સમૈયો હોવાથી મોટા સંઘ સાથે પધાર્યા હતા. ને સમાચાર મળ્યા ત્યારે ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. બેચરભાઈ પાટીદાર અને વજલજી ક્ષત્રિય ઘણા સારા હરિભક્ત હતા. તેઓ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તે સમયે ગામના બીજા પણ અપાર લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા. અને તેના એકતાર શબ્દો સંભળાતા હતા. તે બધા હરિભક્તોએ ઘણા જ ભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ભક્તોના મનમાં ઘણો જ ઉત્સાહ હતો અને તેથી જ તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવીને પૂજા કરી. કેસર ચંદનની ચરચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. થાળ ભરી ભરીને મેવા અને મીઠાઈઓ અર્પણ કર્યા. જેને જેવો ભક્તિ ભાવ હતો તેણે તેવી પૂજા કરી કેટલાક હરિભક્તોએ સારા વસ્ત્ર અને અલંકારો અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરી. રાજપુર ગામમાં શ્રીહરિ તથા સંઘે ટીમણ (નાસ્તો) કર્યું. ટીમણ કરીને ચાલતા થયા તે માથાસૂળ પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૩૭)*

## (૪) રાજપુરમાં શ્રીહરિએ ચકલાને સમાધિ કરાવી

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે નંદાસણથી ચાલ્યા તે માથાસુળ, કુંડાળ, કડી થઈને રાજપુર પધાર્યા. પટેલે જે કરણદાસ તથા પટેલ બેચરદાસ આદિ હરિભક્તે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. સર્વે હરિભક્તની સેવા અંગિકાર કરીને ગામની ભાગોળે સભા કરીને વિરાજમાન થયા તે સમે ગામના પટેલીયા તથા ગરાસિયા આદિ ઘણાક મનુષ્ય આવીને

મહારાજને પૂછતા હવા જે તમે ભગવાન કહેવાવો છો તે કોઈનું ભૂંડું કરો તો ન થાય ? ત્યારે મહારાજે કહ્યું જે, "ભગવાન તો કોઈનું ભૂંડું કરતા નથી તે જીવે જેવા કર્મ કર્યા હોય તેને તેવા કર્મનું ફળ આપે છે. ભગવાનના હાથમાં તો સર્વ જીવનાં નાડી પ્રાણ છે." એમ કહીને બે ચકલા હતાં તેના નાડી પ્રાણ સંકેલી લીધા ને સર્વેને કહ્યું જે, ભગવાન તો આટલી વારમાં જીવનું ભૂંડું કરવું હોય તો કરે પણ ભગવાન તો કલ્પવૃક્ષ તુલ્ય છે તે જેવું ચિંતવે તેવા ફળને આપે છે." એમ કહીને સર્વને ચમત્કાર દેખાડ્યો. *(સદ્.શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૫૧)*

● **દુષ્ટલોકોએ પ્રભુ પાસે દુકાળ માંગ્યો**

તે વખતે ત્યાં કુસંગી લોકો બહુ હતા. તેમણે આવીને સ્વામિનારાયણ ભગવાનને પૂછતા હતા કે નારાયણ એક જ જગતમાં સમર્થ છે. એટલા માટે જો તમે સમર્થ હો તો આ વર્ષે દુકાળ પાડો. આવી અમારી ઈચ્છા છે. તો અમે તમને ભગવાન જાણીએ આ અમારી ઈચ્છાને ખરી કરો. આ રીતે એમનું કહેવું સાભળીને સ્વામિનારાયણ ભગવાન પાપીનું વચન પાળવું પડશે એમ માનીને પ્રભુએ કાળને દુકાળ પાડવાની આજ્ઞા કરી. મહા દુકાળ પડશે એટલે માણસ બહુજ દુઃખી થશે ભૂમિમાં ત્રાસ થશે દુષ્ટ અને કુબુદ્ધિવાળા લોકોએ આવું અતિ દુઃખ માગ્યું તે કેવું કહેવાય ? સજ્જનો અંદરો અંદર કહેવા લાગ્યા હવે જગતમાં ભારે દુઃખ થવાનું લોકો પીડાશે એટલે ક્યારેય સુખી નહીં થાય. એમ માનતા હતા દુષ્ટ પાપી એમણે આ વાત માંગી ત્યારે તમારી જીભ કેમ તુટી ન પડી. તુટી પડી હોત તો આવું ન માંગત.

આવી રીતે બધા જ લોકો એમને ફટકાર દેતાં હતા. આ બધા જ જગતને કષ્ટ કરનારા આવા ઝાટકાવાળાં વચનો સાંભળીને લોકો ફટકારના શબ્દો બોલ્યા તે કડવા વેણથી તે દુષ્ટોના મુખ કાળા મેશ

શાહી જેવા થઈ ગયા. તે સર્વે નરનારી કડવા વેણ ફટકારતાં હતા. તેનાથી તે દુષ્ટોના મનમાં અગ્નિ બળતો હતો.

આવી રીતે બધા જ લોકોના આવા સંવાદો સાંભળીને મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન રાજી થયા. અને કહે કે દુષ્ટો તમે જે વચનો બોલ્યા તે બધાનું હિત કરનારા છે. આજે એના માટે જ આવ્યા છીએ. તમે કહ્યું કે જો તમે ભગવાન હોવ તો જગતનું ભૂંડું કરો, પ્રભુ ક્યારેય કોઈનું ભૂંડું ન કરે. ભગવાન તો દયાના સાગર કૃપાસિંધુ કહેવાય છે. પોતાનું બિરુદ પાળે છે. જ્યારે લોકો જાણે અજાણે જે કોઈ જેવું કૃત્ય (કામ) કરે ત્યારે તેને તેવું ફળ દેનારા ભગવાન પોતે જ છે. પ્રભુ ક્યારેય પોતાના માથે રાખતા નથી. પોતાના સર્જેલા જીવની ઉપર ક્યારેય ખીજાતા નથી. પોતે તો અતિ સમર્થ જ છે. આવી રીતે જ્યાં વાતો કરતા હતા. એટલામાં આકાશમાં ચકલાં ઉડતા હતા તેને પ્રભુએ જોયાં. નેત્રની દૃષ્ટિ કરી નાડી પ્રાણ સંકેલાઈ ગયા. તરત જ સમાધિસ્થ થઈને ભૂમિ ઉપર પડ્યા. મહાપ્રભુ કહે આટલીવાર લાગે એમ કહેતા હતા. આવી રીતે ભૂંડું કરનારની આટલી વાર લાગે છે. અમે કોઈનું ભૂંડું નથી કરતા. કોઈ જનનું અમે ક્યારેય ખરાબ નથી કરતા. કેમ કે પ્રભુ ગરીબ નિવાજ છે. પોતે પોતાના કરેલા પાપના પ્રમાણે પોતે જ સુખ દુઃખ ભોગવે છે. જીવ પોતે જ પીડાને પામે છે. અને સુખને પામે છે. તે કર્મ પ્રમાણે થાય છે. પ્રભુને સદાય કલ્પવૃક્ષ સમાન જાણવા જોઈએ. કેમ કે જ્યારે જેવું ઈચ્છો તેવું ફળ ઘનશ્યામ પ્રભુ જ આપે છે. એમ તમારે મનમાં જાણવું જોઈએ જો દુષ્કાળ પડે તેવું માગ્યું તો તે પ્રમાણે કાળ પડશે તેને તમે નજરથી જોશો. વગર અનાજથી લોકો કમોતે અસંખ્ય મરશે. પૃથ્વી ઉપર અનેક રુંડ મૂંડ પડ્યા રહેશે. એનો કોઈ ધડો જ નહીં હોય. જગતમાં અતિશય દુઃખ પડવાનું છે. ત્યારે અન્ન વિના નર-નારી સર્વે પોકાર પાડે આ બધાનું ફળ જે કાંઈ થશે તે બધું જ તમારા માથે જ આવવાનું

છે. માટે હવે કરેલા કર્મ ભોગવજો. આવી રીતે મહાપ્રભુએ વાતો કરી. વાતો સાંભળીને તે દુષ્ટો અતિ ભોંઠા પડી ગયા. પોતાનું અને બીજાનું બગાડનાર પોતે રાજી થાય એ તો મહાપાપથી અધમ જ કહેવાય છે કેમ કે એણે આખા જગતનું અહિત કર્યું. એનું એજ કર્મફળ મળે છે. પછી અગણોતરો (૧૮૬૯) ભયંકર કાળ પડ્યો અન્ન-અને ઘાસ વગર અનેક મનુષ્યો તથા પશુઓ મરી ગયા. ત્યાંથી પ્રભુ ડાંગરવા પધાર્યા. *(શ્રીહરિ લીલાસિધું રત્ન-૧૦ તરંગ-૯)*

- **રાજપુરના જેકરણદાસ પટેલ તથા તેમની પત્ની, પુત્રને મહારાજ તેડવા આવ્યા**

દંઢાવ્ય દેશમાં રાજપુર નામે ગામને વિષે જેકરણ નામે પાટીદાર પોતાના કુળે સહિત બહુ સારા સત્સંગી હતા તેને એક વખત શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું કે, ‘‘આજથી એક વરસ પછી તારો દેહ પડશે.’’ એટલું કહીને અંતર્ધાન થઈ ગયા. તે પછી વળી અગિયાર મહિના વીત્યા કેડે દર્શન દઈને કહ્યું કે ‘‘આજથી એક મહિને તારો દેહ પડશે‘‘ એમ કહીને અંતર્ધાન થઈ ગયા. પછી જેકરણે ગામમાંથી હરિજનોને તેડાવીને તે વાત કરી જે ‘‘આજથી એક મહિના પછી મારો દેહ પડશે. માટે સંતને ઉતરવા સારુ મંદિર કરીએ ને તેનો કાલથી જ આરંભ કરીએ’’ એ સાંભળીને હરિજનો બોલ્યા જે ‘‘બહુ સારું પણ આ વાત બીજે ન કહેવી.’’ પછી તેમણે સારું એક મંદિર કરાવ્યું. ત્યાં તો તેને મૃત્યુનો સમય પણ નજીક આવ્યો. પછી જેકરણે પોતાની સ્ત્રીને કહ્યું કે, ‘‘મારે કાલે દેહ મેલવો છે તો તું આજ ધામમાં જા ને હું કાલ આવીશ.’’ ત્યારે તે અવલબાઈ ભજન કરવા બેઠા ત્યાં તો મહારાજ તેને તેડવા આવ્યા ને દેહ તજાવી ધામમાં તેડી ગયા. પછી તેને દેન દઈને ઘેર આવ્યા. ત્યારે જેકરણે મોટા મોટાને તેડાવીને વાત કરી છે કે, ‘‘ભાઈઓ પ્રભુનો પ્રતાપ તો જુઓ, આ ભગવાન વિમાન લઈ મને તેડવા આવ્યા છે તેમાં કેટલાક સંત પણ છે ને

આવતી કાલે મારે જરૂર ધામમાં જાવું છે ને તે વખતે મારા દીકરાને સાથે લઈને હું ધામમાં જઈશ. માટે કાંઈ પૂછવું હોય તો પૂછો. પછી દેહ મૂક્યા પછી કાંઈ સંશય કરશો નહિ ને સ્વામિનારાયણ ભગવાન પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તો સર્વે અવતારના અવતારી છે તેના ભજનથી અનંત જન્મના પાપ બળી જાય છે.'' એમ કેટલીક વાત કરી પછી દેહ મેલીને મહારાજની સાથે બાપ દીકરો વિમાનમાં બેસીને ધામમાં ગયા તે પરચો જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૩૭)*

- **રાજપુરમાં મહારાજ માણકી ઘોડી સહિત વડની ડાળ ઝાલીને ઝૂલ્યા**

એકવાર શ્રીજીમહારાજ રાજપુર ગામે પધાર્યા. ત્યાંના વસ્તાભાઈ વગેરે ભક્તોએ ઘેર ઘેર પ્રભુને પધરાવી અલૌકિક લાભ લીધો. પછી વાજતે ગાજતે ગામને ગોંદરે આવ્યા ત્યાં વડના છાંયે થોડીવાર વિશ્રામ લીધો. ત્યાં એક સેવક મોહનવરના ઈશારે માણકીને શણગારીને લાવ્યો. વાલમ લગામ ઝાલી છલાંગ મારી સ્વાર થયા. પછી બેઉ પગ ઘોડીની નીચે ઘાલી બંને હાથે ઊંચે વડની ડાળ ઝાલી.

-: ચોપાઈ :-

*ખાધા હીંચકા ઘોડી સહિત, પામ્યા વિસ્મય સૌ જન ચિત્ત;*
*જય જય સહુ જન બોલે, અતિ હર્ષમાં વડલો ડોલે.*
*સુરવૃંદ જોવા સહુ આવ્યા, પચરંગી સુપુષ્પે વધાવ્યા,*
*આવી લીલા નોતી જોઈ ક્યારે, કર્યું વંદન વારંવારે.*

આમ બે પગ વચ્ચે માણકીને ઝાલીને મહારાજ માણકી સહિત ઝૂલતા હતા. *(શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પ માળા ગુચ્છ-૬ પુષ્પ-૪૦)*

- **રાજપુરથી ઈરાણા ને ત્યાંથી રાજપુર વજાજીભાઈના માતુશ્રીને દર્શન દેવા પાછા પધાર્યા**

શ્રીહરિ ઘોડીને વડે ખૂબ ઝુલાવીને નૌતમ લીલા કરીને ત્યાંથી

ચાલ્યા તે ઈરાણા ગામે પધાર્યા. ત્યારે તે ગામમાં રહેલા માધવભાઈ નામના વૈશ્ય ભક્તે ભક્તિભાવથી પ્રભુના દર્શન કર્યા અને પૂજન કર્યું ને થાળ જમાડ્યો. આ બાજુ રાજપુરમાં વજાજી નામના ક્ષત્રિય ભક્તના માતાને શ્રીહરિના દર્શન રાજપુરમાં થયા ન હતા. તેથી વારંવાર પશ્ચાતાપ કરવા લાગ્યા. તે અંતર્યામી પ્રભુએ તેમની તાણ જોઈને તત્કાળ ઈરાણાથી પાછા આવ્યા ને વજાજીભાઈના માતુશ્રીને દર્શન આપી તેમની મનોકામના પૂર્ણ કરી ને રાજપુરમાં રાત્રી રોકાયા ને ખુશાલભાઈએ પ્રેમથી શ્રીહરિને જમાડ્યા ને પૂજન કર્યું. બીજે દિવસે પ્રાતઃકાળે ત્યાંથી ચાલ્યા ને કુંડાળ પધાર્યા. *(દંઢાવ્યદેશ લીલા)*

● **શ્રીહરિને મળેલા રાજપુરના મહદ્‌ભાગી ભક્તજનો**

પ.ભ.શ્રી જેકરણદાસ પટેલ
પ.ભ.શ્રી ખુશાલદાસ પટેલ
પ.ભ.શ્રી ગોકળભાઈ પટેલ
પ.ભ.શ્રી કાનજીભાઈ પટેલ
પ.ભ.શ્રી વીરાભાઈ પટેલ
પ.ભ.શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
પ.ભ.શ્રી હીરાદાસ પટેલ
પ.ભ.શ્રી દાનસંઘભાઈ પટેલ
પ.ભ.શ્રી નારાયણદાસ પટેલ
પ.ભ.શ્રી વસતાભાઈ પટેલ
પ.ભ.શ્રી બેચરભાઈ પટેલ
પ.ભ.શ્રી પુરુષોત્તમદાસ પટેલ
પ.ભ.શ્રી હરખાદાસ પટેલ
પ.ભ.શ્રી વાસણજીભાઈ પટેલ
પ.ભ.શ્રી નાથાભાઈ પટેલ
પ.ભ.શ્રી હરિસંગભાઈ પટેલ
પ.ભ.શ્રી વજાજીભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી ગોદડજીભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી અવલબા પટેલ
પ.ભ.શ્રી જેઠીબાઈ પટેલ
પ.ભ.શ્રી નરભેરામભાઈ વિપ્ર

● **પ્રસાદીના સ્થાનો**

**(૧) વડ :** આ વડે શ્રીહરિ જ્યારે આવતા ત્યારે સભા કરતા ને ઘોડી સહિત હીંચકા ખાધા છે.

**(૨) તળાવ :** ગામના તળાવમાં પરમહંસોએ સહિત સ્નાન કરીને પ્રસાદીનું કર્યું છે. ગામમાં ઘેર ઘેર પધરામણી-થાળ જમ્યા છે.

## કળશકુંવરબાનું ગામ મહેસાણા

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીરિ, સંતો-પાર્ષદો સાથે ગવાડાથી ચાલ્યા તે સલકી, પ્રાંતિજ, વિજાપુર, વિહાર, વરહણા થઈ મહેસાણા પધાર્યા. ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ચાલ્યા તે પાલાગામ, મોટપ થઈ પાટણ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૩)*

**(૨) શ્રીહરિએ સંતોને ખીચડીના દાતણ કરાવ્યા**

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ગેરીતાથી ચાલ્યા તે વીસનગર, ઊંઝા થઈને મહેસાણા સાંજે પધાર્યા. શ્રીહરિ પધાર્યાની જાણ થતા મહેસાણાના કશળીબા મહારાજના દર્શને પહોંચી ગયા અને કહ્યું, મહારાજ ! આજે મારી રસોઈ લ્યો ને લાડુ બનાવીને સંતો-પાર્ષદોને જમાડો. કશળીબાએ ઘણા વર્ષોથી શ્રીહરિને જમાડવા માટે રેંટિયો કાંતીને રૂપિયા ભેગા કર્યા હતા. ને તેમને એક સંકલ્પ રહેતો હતો કે, શ્રીજીમહારાજ સંતો સાથે મહેસાણા પધારે એટલે મારી આ મરણ મૂડીનો સદ્‌ઉપયોગ થાય. સત્ય સકંલ્પ શ્રીહરિ કશળીબાને રાજી કરવા માટે સાંજે મહેસાણા પધાર્યા. કશળીબાએ રસોઈનો ખૂબ આગ્રહ કર્યો. પરંતુ મહારાજે કહ્યું કશળીબા અત્યારે સાંજે લાડુની રસોઈ ન કરાય. પણ સાંજે તો ખીચડીને શાકની રસોઈ કરીશું. પણ જેટલી ખીચડી તેટલું ઘી જોઈશે. કશળીબા હા પાડીને અધમણ ખીચડી ને અધમણ ઘી લાવીને મહારાજને આપ્યું.

મહારાજે ખીચડી ને ચૂલા ઉપર ચડવા મૂકી તેમાં અર્ધુ ઘી ચડતાજ નાખ્યું. ને ખીચડી ચડી ગઈ પછી બાકીનું અર્ધુ ઘી ઉતારીને તેમાં નાખ્યું ને પછી ખૂબ હલાવી તે રેશમ જેવી ખીચડી થઈ ગઈ. મહારાજે સંતોની પંક્તિ કરાવીને ખૂબ તાણ કરીને ખીચડી જમાડી. સંતો-પાર્ષદો પણ ખૂબ સોડમદાર ખીચડીને આજે પ્રથમવાર જમ્યા. ને પછી મહારાજ જમ્યા.

રાત્રે શ્રીહરિ અને સંતો પોઢી ગયા ને વહેલા ચાર વાગે શ્રીહરિ તથા સંતો બીજે ગામ જવા તૈયાર થયા. એટલે કશળીબા મહારાજના આગળ જઈને હાથ જોડીને કહ્યું મહારાજ ક્યાં ચાલ્યા ? મહારાજ કહે કશળીબા બીજે ગામ જઈએ છીએ. ત્યારે કશળીબા કહે કૃપાનાથ! મારું અન્ન બગાડશો ! રાતની વધેલી ખીચડી અર્ધી પડી છે તે કોણ જમશે.

તરત જ મહારાજ કહે, "સંતો પંક્તિ થઈ જાવ. અરે... મહારાજ ! હજુ તો દાતણ વગેરે નિત્ય નિયમ બાકી છે. મહારાજ કહે, આજ તો ખીચડીના દાતણ કરો. પછી સંતો પંક્તિમાં ગોઠવાઈ ગયા ને મહારાજે ખીચડીને જોઈ તો શિયાળો હોવાથી જામીને બરફની જેમ થઈ ગઈ. પછી તેના મોહનથાળની જેમ ચોસલા પાડીને તાણ કરીને બધી ખીચડી જમાડી દીધી. ને કહ્યું નિત્ય નિયમ સામે ગામ જઈને કરીશું. શ્રીજીમહારાજ જ્યારે પ્રગટ હોય ત્યારે તે કહે તેમ કરવું ને હાલ શાસ્ત્ર પ્રમાણે રહેવું. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૮)*

● **"મહેસાણાના કશળીબા**

ભક્ત નરસિંહ મહેતાના છટ્ઠા વંશજ ભુદર મહેતા નામે નારદીપુર ગામે રહેતા હતા. તેઓ પવિત્ર સદાચારી ધર્મ પરાયણ ભક્તિ વાળુ જીવન જીવતા. ત્રિકાળ સંધ્યાદિ પંચયજ્ઞ નિત્યકર્મ વેદાદિ અધ્યયન કર્મ નિત્ય કરતા. જેમના જીવનથી પ્રભાવિત થઈને રાજકર્તાઓ આદર ભાવ રાખતા.

દર ત્રણ વર્ષે આવતા કુંભમેળાઓ, અર્ધકુંભ મેળામાં સપરિવાર અવશ્ય સ્નાન કરવા જતા. ગમે તેવો અનુકુળ-પ્રતિકુળ સમય સંજોગો જોયા વિના મહિનાઓ મહિનાઓ પગપાળા ચાલીને જતા અને ત્યાં સાચા સંતોનો સમાગમ કરી સત્સંગ કરીને શાહી સ્નાન કરી પાવન થતા.

એકવાર હરિદ્વારના કુંભ મેળામાં હરિદ્વાર-હરદ્વારના નામે સાધુ સંતો બાવાઓ શિવ-વૈષ્ણવ મતવાળાઓમાં પરસ્પર વિવાદ થયો. જે હિંસામાં ફેરવાતા પાંચથી દશ હજાર બાવાઓ સ્વર્ગે સિધાવ્યા - આ વિવાદના સંઘર્ષમાં નારદીપુરના ભુદરજી મહેતા આવ્યા હતા અને લડાઈમાં વચમાં ભિડાઈ જતાં માથામાં બાવાઓની લાકડીઓ વાગવાથી બેહોશ બનીને પડી ગયા અને પૃથ્વી પર પડતાં ભગવાને સાક્ષાત્ આવી મુક્તરાજને ઉપાડી લીધા. મસ્તકે હાથ ફેરવી માથાંમાં પડેલા ઘાની વેદના શાન્ત થઈ. ભગવાન દિવ્ય રૂપે કહ્યું કે ભુદર ! તમે તમારા વતનમાં જાઓ. આવા વિવાદિત સમયમાં તમે રહેશો નહિ. તમારી કુંભમેળાનાં દર્શનની ટેકથી અમે ખૂબજ પ્રસન્ન થયા છીએ. તો હવે પછી તમારે કુંભ મેળામાં આવવાની આવશ્યકતા નહિ રહે. તમારે ઘેર સાક્ષાત્ ગંગાજી સ્વરૂપે અને કળશ સ્વરૂપે દીકરીઓ પ્રગટ થશે. વરદાનથી રાજી થયેલા ભુદરજી મહેતા ભગવાનને યાદ કરતા પોતાના વતને પરત આવ્યા. સમયાન્તરે પત્ની પ્રેમકુંવર થકી પ્રથમ પુત્રી સં. ૧૮૦૭ માં જેઠ સુદી-૭ ગંગા સપ્તમીના દિવસે જન્મ થયો. તેનું નામ ગંગાકુંવર રાખ્યું. (જેઓ જેતલપુરમાં રહ્યાં. શ્રીહરિના ''મા'' ગંગામાં કહેવાયા. સંવત ૧૮૧૬ આસોવદી તેરશ (ધનતરેશ)ના દિવસે બીજી પુત્રીનો જન્મ થયો. તેનું નામ કળશ (કુંભ મેળા)ની સ્વરૂપે ''કળશકુંવર'' રાખ્યું. ત્રીજી પુત્રી રળીયાત નામે થઈ. બે પુત્રો હતા (૧) જોઈતારામ અને (૨) નાનાલાલ.

હવે વાત પુત્રી કળશકુંવરની લખવી છે. ભુદરજી મહેતાની મોટી દીકરી ગંગાકુંવરની જેમ કળશકુંવર દીકરી સદ્‌ગુણી પવિત્ર ધર્મનિષ્ઠ સદાચારી ગુણવાન હતી.

બાલ્યાવસ્થાથી જ પૂજાપાઠ દેવદર્શન વડીલોનો આદર સત્કાર માતાપિતાની સેવા પરાયણ રહેતી. કળશકુંવર એજ કુંભ એટલે કળશ કુંભમેળાના અંશથી અક્ષરધામના મુક્તએ જન્મ લીધો હતો. મોટી

દીકરી ગંગાકુંવર વિશ્વનાથ રાવલની સાથે લગ્ન થયા બાદ ઘરની તમામ જવાબદારી કળશકુંવરના શિરે આવી.

એક દિવસ માણસા ગામે પિત્રાઈ ભાઈના લગ્ન પ્રસંગે મહેસાણાના વાસાલાલ દવેના પુત્ર નથુરામ દવેને જોતાં કળશકુંવરે તેમની સાથે લગ્ન કરવાની ઈચ્છા દર્શાવી સોળ વર્ષની ઉંમરે બન્નેના માતાપિતાની અનુમતિથી વેવિશાળ નક્કી થયાં.

વિ.સં. ૧૮૩૩ ના અખાત્રીજના દિવસે કળશકુંવરના મહેસાણાના નથુરામ દવે સાથે વેદોક્તવિધિસર લગ્ન થયાં. ભુદરજી નાગરજ્ઞાતિના હતા અને નથુરામ ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના હોવાથી નાગરના જ્ઞાતિજનો એ વાંધો વિરોધ કરતાં બન્ને પરિવારને કેટલાક વર્ષ સુદી ન્યાત બહારની સજામાંથી પસાર થવું પડ્યું હતું. ત્યારે ભુદર મહેતા કરજીસણમાં રહેવા આવ્યા હતા.

નાત બહારની કસોટીમાં કળશકુંવરબા અતિ કઠિન તપ વ્રત ઉપવાસો કરીને દેહ દમન કર્યું. મહેસાણા પંથકમાં નથુરામ દવેની ખૂબજ સારી ખ્યાતિ હતી. મોટા મોટા પ્રતિષ્ઠિત લોકો શેઠ શાહુકાર નથુરામ દવેમાં આધ્યાત્મિક આસ્થા રાખતા. જ્યારથી કળશકુંવર સાથે લગ્ન થયા પછી આ પરિવારની ધન સમૃદ્ધિ આબરુ પ્રસિદ્ધિ ચારેય દિશામાં ફેલાઈ હતી.

કળશકુંવરબા તેમના મોટા બહેન ''ગંગામા'' જેતલપુરવાળાના યોગથી ઉદ્ધવ સંપ્રદાયના અનુયાયી બન્યા. અને ભગવાન સ્વામિનારાયણે જેતલપુરમાં મહાવિષ્ણુયાગ કર્યો તે સમયે ૩ મહિના જેટલો સમય સેવામાં રહ્યા ત્યારે શ્રીહરિના અનન્ય આશ્રિત બન્યા અને મહેસાણા પધારવા આમંત્રણ આપ્યું. શ્રીહરિ કહે સિધ્ધપુરની યાત્રાએ જઈશું ત્યારે અવશ્ય મહેસાણા આવીશું. તમારૂ ભોજન જમીશું.

કળશકુંવરબા મહેસાણા આવીને શ્રીહરિના પ્રગટપણાનો મહિમા ખૂબ ગાયો. તેથી પ્રભાવિત થયેલા મહેસાણા પંથકના નગરજનોને સ્વામિનારાયણનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા જાગી.

મહેસાણાના કળશકુંવરબા (જેને હાલમાં અપભ્રંશથી ''કશળીબા'' કહેવામાં આવે છે). કળશ એટલે કુંભ. તેના પ્રતિકરૂપે જન્મ થયેલ કળશકુંવરબા નામ હતું. નાગર જ્ઞાતિમાં દીકરીઓનાં નામે સાથે કુંવર શબ્દ વપરાય છે. એટલે તો જૂનાગઢના નરસિંહ મહેતાના દીકરીને ''કુંવરબા'' કહેતા.

કળશકુંવરબાને નથુરામ દવે થકી સંવત ૧૮૪૩ ના કારતક સુદ પૂનમ દેવ દિવાળીના શુભ મંગળ દિવસે એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ બેચરદાસ રાખવામાં આવ્યું.

કળશકુંવરબાના જીવનમાં પુત્ર બે વર્ષનો થયો એટલામાં પતિ નથુરામ દવેનું સંવત ૧૮૪૫ આસો સુદી દશમી (દશેરા)ના રોજ મૃત્યુ થયું. પુત્ર નાનો હતો. ઘરની જવાબદારી જેવી અનેક વ્યવહારિક સમસ્યાનો સામનો કરતી કળશકુંવરે ભગવાનની ભક્તિમાં જરાપણ પીછે હઠ ના કરી. ભગવાન રાખે તેમ રહેવું એ સૂત્રને અનુસરીને દુર્જન લોકોના મહેણા સહન કરીને પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો મૂક્યો નહિ.

ભગવાન સ્વામિનારાયણ પાંચસો પરમહંસોને સાથે લઈને સિધ્ધપુરની યાત્રાનું નિમિત્ત બનાવી સંવત ૧૮૬૨ મહાવદી દશમીના રોજ મહેસાણા જોષીની ખડકીમાં આવેલ. કળશીબાના ઘેર પધાર્યા. શ્રીહરિ અને પાંચસો પરમહંસને ઘીમાં ચડેલી ખીચડી જમાડીને તૃપ્ત કર્યા. અને રાત્રી વિસામો કર્યો. બીજા દિવસે વહેલી સવારે સિધ્ધપુર તરફ જવા તૈયાર થયેલા મહારાજ અને સંતોને પ્રેમ ઘેલી કળશીબાએ સ્નાનાદિક નિત્ય કર્મ કર્યા વિના ખીચડીનાં દાતણ કરાવ્યા. જે પ્રસંગે સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધ છે.

ભગવાન સ્વામિનારાયણ કળશીબાના ઘેર કુલ ત્રણવાર પધાર્યા હતા. અને અનેક ઉત્સવો કર્યા હતા. કશળીબાની ભક્તિનો પ્રવાહ દિન પ્રતિદિન વધતો ને વધતો જ રહ્યો. આજુબાજુના ગામોમાં ફરી ફરીને સત્સંગ કરાવ્યો હતો.

સંવત ૧૮૮૫ ની સાલમાં મહેસાણામાં પ્લેગનો રોગ ચાળો ફાટી નિકળ્યો હતો. તેનાથી બચવા લોકો બહારગામ ચાલ્યા જતા હતા. ત્યારે કળશીબા પુત્ર અને ઘર વખરી ભરીને સિધ્ધપુરથી ઉત્તર બાજુ તેઓની પીપળજના ઠાકોર સાહેબે બક્ષિશમાં આપેલી ૧૦ વીઘા જમીન હતી ત્યાં રાજપુર ગામે આવીને રહ્યાં. એકાદ વર્ષનો સમયનો ગાળો રાજપુરમાં વિતાવતાં પ્લેગનો રોગ સિધ્ધપુરના વિસ્તારમાં ફેલાતાં કળશીબા પુત્રની સાથે સરસ્વતી નદીને કિનારે પોતાના ખેતરમાં ખોરડું બનાવી રહેવા લાગી. પણ રોગનો પ્રભાવ ખૂબજ વધી ગયો હતો. રોગગ્રસ્ત થવાથી સંવત ૧૮૮૬ ફાગણ સુદી એકાદશીના દિવસે ખેતરમાં પીપળાના વૃક્ષ નીચે કળશીબાએ દેહ છોડ્યો. તે સમયે શ્રીહરિ વિમાન લઈને તેડવા આવ્યા હતા. કળશીબા સિત્તેર વર્ષની ઉંમરે અક્ષરવાસી થયાં. ત્યારે પુત્ર બેચરદાસની ઉંમર ૪૦ વર્ષની હતી.

કળશીબાનો વંશ હાલ પણ મહેસાણામાં હયાત છે. તેઓના વંશજો વર્ષો સુધી જોષીની ખડકીમાં રહેતા હતા. કળશીબાના પુત્ર બેચરદાસના પુત્ર મોહનલાલ દવે તેના રઘુપતિરાય દવે તેમને મનુભાઈ નામે પુત્ર અને જયશ્રીબેન તથા ઉષાબેન બે દીકરીઓ છે. મનુભાઈ દવે હાલ પોંડિચેરી આશ્રમમાં રહે છે. મનુભાઈના પુત્ર ધનંજય દવે અને તેમના પત્ની મમતાબેન મહેસાણામાં રહે છે. તેમને આર્જવ નામે પુત્ર છે. જેની ૨૧ વર્ષની ઉંમર છે. કોલેજમાં ભણે છે અને હાઈવે પરના આપણા મંદિરમાં સવારે નિત્ય દર્શન કરવા આવે છે.

દીકરીઓ ઉષાબેનના ગેરિતા લગ્ન કર્યા છે અને જયશ્રીબેનના ઉંઝામાં પ્રવિણચંદ્ર આચાર્ય સાથે લગ્ન કર્યા છે.

કળશીબાની વંશની માહિતી સિધ્ધપુરના ગોરદાદા તથા કળશીબેનના નાનીબેન રળીયાતબાના વંશજ અશોકભાઈ સોમદાસ મહેતા તેઓએ ભારત ભરના નાગરબંધુઓ મહેસાણા, પાટણ અને અમદાવાદના નાગર જ્ઞાતિના સંશોધકો પાસેથી મેળવેલ માહિતીના આધારે આ અલભ્ય યશસ્વી જીવન ગાથા વંશાવલી ઉપલબ્ધ થઈ છે. જેના વિષે કળશીબાના વંશજો ને પ્રત્યક્ષ મળીને પ્રત્યક્ષ પુરાવા મેળવ્યા છે. તેમાં અમને પૂર્ણ સંતોષ થયો છે. તેથી સત્સંગમાં મુકતરાજ મહેસાણાના કળશીબાની જીવનકથા લખી છે. તેમજ જેતલપુરના ગંગામાની વંશાવલી શોધતાં શોધતા કળશીબાની જીવન કથા મળવા પામી છે.

કળશીબાના પતિ નથુરામ દવેનું ગોત્ર ભારદ્વાજ, ત્રિપર્વ, શુકલ યજુર્વેદ, મધ્યાનંદની શાખા, ચામુડાકુળ દેવી, મહોદર ગણપતિ, ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ, વિરેશ મહાદેવ, આશિત ભૈરવ, સોમસર્વ આવા પાવન પ્રમાણો છે.

● **શ્રીહરિને મળેલા ભક્તજનો**

પ.ભ.શ્રી કળશીબા વિપ્ર    પ.ભ.શ્રી નરસીભાઈ ભાવસાર
પ.ભ.શ્રી મુળચંદભાઈ

આજે મહેસાણામાં જુનું મંદિર પ્રસાદીનું છે તથા કળશીબાના મકાન પણ મંદિર નજીક છે તે જગ્યાએ મહારાજ અને સંતો ખીચડી જમ્યા હતા ને રાત્રી રોકાયા હતા.

હાઈવે પર નૂતન શિખરબધ્ધ મંદિર પાંચ શિખરનું ૨૦૦૮ ની સાલમાં પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વૃદાવનવિહારી ઘનશ્યામ મહારાજ નરનારાયણદેવની પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. મંદિરનું નિર્માણ અ.નિ. સદ્ગુરુ સ્વામી કૃષ્ણકેશવદાસજી (જેતલપુર)ના શિષ્ય મંડળના સંતોના હસ્તે થયેલ છે.

## નાચિકેત (નાનાભાઈ) ભક્તનું નારદીપુર

### ● નારદીપુરમાં શ્રીહરિએ બ્રાહ્મણોની ચોરાશી કરી

(૧) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ડાંગરવાથી ચાલ્યા તે કરજીસણ, ખોરજ, મોખાસણ, પલીયડ થઈને નારદીપુરમાં આવ્યા. પ્રભુ પધાર્યા એટલે લોકોના મનમાં અતિ આનંદનો વધતો કર્યો પ્રભુ આવ્યાના સમાચાર સાંભળીને પ્રેમીજનો મહાપ્રભુ પાસે કીર્તનો ગાતા ગાતા આવ્યાં. ભેટ અર્પણ કરીને પ્રભુની છબી જોઈને મનમાં ખૂબ જ આનંદ પામ્યા. બહુજ વાજાં વગાડીને પ્રભુને પુરમાં લઈ જઈને સુખ પામતા હતા.

નાનાભાઈ આદિકજનો હરખ પામીને સારા પવિત્ર મકાનમાં પ્રભુને ઉતારો આપ્યો. ઉતારો કરીને સંતો સહિત પ્રભુ રોકાયા થાળ તૈયાર કરાવ્યા. અતિ ભાવથી જીવના જગતપતિ જાણીને જમાડતા હતા. જમીને સંતોને પીરસીને જમાડ્યા પછી આસન ઉપર વિરાજમાન થયા પછી નાચિકેત પોતાની પાસે બોલાવ્યા. ને શ્રીહરિએ કહ્યું : કે અમારે નારદીપુરના તથા આજુબાજુના ગામોના બધા જ બ્રાહ્મણોને જમાડવા છે. અહીં મોટી ચોરાશી કરવી છે. ભલે હજારો ભૂદેવો થાય. એમના માટે સામાન બધોજ તૈયાર કરાવો. લાડુ બનાવીને સુખરૂપે બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કરવા છે. આમ કહીને બધા જ બ્રાહ્મણોને નોતરાં આપ્યાં પ્રભુના કહેવાથી બધા જ બ્રાહ્મણો આવ્યા. આસપાસના ગામના ભૂદેવો પણ જમવા માટે મનમાં રાજી થઈને આવ્યા. શ્રીહરિ પ્રેમથી જમાડતા હતા. બ્રાહ્મણો જમતા જમતા જય જયનો નાદ કરતા હતા. અને ખૂબ જ પ્રેમથી જમતા હતા.

બ્રાહ્મણો ઘણી વાર સુધી લાડુ જમતા હતા. તે જમી રહ્યા પછી મહાપ્રભુએ એમને દક્ષિણા આપતા હતા. ત્યાં શ્રીહરિ ત્રણ દિવસ રોકાઈને ત્યાંથી ચાલ્યા તે સોજા થઈ નારદી ગામે પધાર્યા. *(શ્રીહરિ લીલાસંધુ રત્ન-૧૦ તરંગ-૧૧)*

(૨) સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણ પધાર્યા ત્યાં જન્માષ્ટમીનો મોટો ઉત્સવ કરીને સંઘ સહિત ચાલ્યા તે નારદીપુર આવ્યાં ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી મેઉ થઈ લાંગણજ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૫ તરંગ-૫૨)*

**(૩) નારદીપુરમાં શ્રીહરિએ ઘેર ઘેર પધરામણી કરી**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઉનાવાથી ચાલ્યા તે રસ્તામાં રમુજ કરતા કરતા નારદીપુર ગામ આવી પહોંચ્યા. અને તે વખતે ગામના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. બધા હરિભક્તોએ શ્રીહરિના નારદીપુર ગામમાં ઘેર ઘેર પધરાવીને તેમની પૂજા કરી તે બહુ સુખ લીધું ત્યાર પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે ખોરજ ગામ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૩૮)*

● **શ્રીહરિને મળેલા નારદીપુરના ભક્તજનો**

પ.ભ.શ્રી ભુદરભાઈ મહેતા વિપ્ર - પિતા
પ.ભ.શ્રી ગંગાકુંવરબાઈ (ગંગામા) વિપ્ર - પુત્રી
પ.ભ.શ્રી રળિયાતકુંવરબાઈ વિપ્ર - પુત્રી
પ.ભ.શ્રી કળશકુંવરબાઈ વિપ્ર - પુત્રી
નાનાભાઈ પ.ભ.શ્રી જોઈતારામ વિપ્ર - પુત્ર (આસામ તરફ જતા રહ્યા હતા.)
મોટાભાઈ પ.ભ.શ્રી નાનાભાઈ વિપ્ર - પુત્ર (જેઓ કરજીસણમાં રહેતા)
પ.ભ.શ્રી તીતારામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ગુલાબચંદભાઈ વિપ્ર
પ.ભ.શ્રી વલ્લભરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી હરિકુંવરબાઈ વિપ્ર
પ.ભ.શ્રી સુખચંદભાઈ વિપ્ર
પ.ભ.શ્રી જીવરામભાઈ વિપ્ર

● **શ્રીહરિ નારદીપુરના તીતારામભાઈને તેડવા આવ્યા**

દંઢાવ્ય દેશમાં નારદીપુર નામે ગામને વિષે એક તીતો નામે વિપ્ર રહેતો ને તે હરિજન સારો હતો ને બીજું આખું ગામ કુસંગી હતું. તેથી બધા તીતાની ઠેકડી કર્યા કરે જે ''ભાઈ ! આ તીતાની ભક્તિ તો બીજા ભેદની છે માટે એના ભગવાન વિમાન લઈને તેડવા આવશે.'' તેમાં જરાપણ ફેર નહિ પડે તે તમે વેદની વાણી સમજો. કારણ કે તેણે પરધનનો અને પરસ્ત્રીનો ત્યાગ રાખ્યો છે ને વળી એક સ્વામિનારાયણનું જ ભજન કરે છે ને બીજા અવતારનું તો નામ પણ લેતો નથી માટે જરૂર એને સ્વામિનારાયણ વિમાન લઈને તેડવા આવશે માટે જેને મળે તે બીજાને કેજો રખે દર્શન વિના રહી જાઈએ.'' એમ ખળતાઈમાં બોલે ત્યારે એક જણ બોલ્યો કે ''અરે હું તો વિમાનનો દાંડીયો ઝાલીને તેની ભેળો જઈશ.'' એમ બધાં નાનામોટાં બોલ્યા કરે એમ કરતા થોડા કાળે તીતો માંદો પડ્યો ને દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેને તેડવા આવ્યા ત્યારે કરોડો સૂર્યનું સરખું પ્રકાશમાન તે વિમાન જોઈને માણસો આશ્ચર્ય પામ્યા ને ગામ આખામાં તેજ ફેલાઈ ગયું. ને માણસોને મહારાજના તથા સંતના અને વિમાનના દર્શન કર્યા ને તીતો શિખ માગીને જેમ કોઈ બહાર ગામ જાય તેમ વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં ગયો. તે જોઈને માણસો બોલ્યા કે ''ભાઈઓ! આપણે તો ઠેકડી કરતા હતા પણ આ તીતો તો વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં ગયો માટે એની ભક્તિ સાચી ને સ્વામિનારાયણ ભગવાન પણ સાચા તે જુઓને આપણને પરચો દીધો.'' એમ વિચારીને ઘણા માણસો સત્સંગી થયા. *(શ્રીહરિ ચરિત્રચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૩૫)*

● **નાનાભાઈનું સત્સંગમાં યોગદાન**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામેગામના ભક્તજનોનો મોટો સંઘ લઈને શિવરાત્રીનો ઉત્સવ

કરવા સિધ્ધપુરમાં પધારેલા ને તે વખતે પાંચ દિવસ ત્યાં રોકાયા હતા ને બ્રાહ્મણોની ચોરાશી કરી હતી. તે વખતે રસોઈ બનાવવાની મુખ્ય સેવા નાનાભાઈએ કરી હતી ને શ્રીહરિનો ખૂબ રાજીપો પ્રાપ્ત કરેલો.

સંવત ૧૮૬૫ ની સાલમાં શ્રીહરિએ જેતલપુરમાં મોટો યજ્ઞ કર્યો હતો ત્યારે શ્રીહરિની આજ્ઞા મુજબ ગોવિંદ સ્વામીએ ગામ નારદીપુરના નાચિકેત (નાનાભાઈ) બ્રાહ્મણને યજમાન બનાવ્યા હતા. તેમજ શ્રીહરિએ નારદીપુરના નાનાભાઈ બ્રાહ્મણ, જેતલપુરના આસજીભાઈ, અસલાલીના વેણીદાસભાઈ તથા જીવણભક્તને આ યજ્ઞ પ્રસંગે મુખ્ય કર્યા હતા.

સંવત ૧૮૬૬ ની સાલમાં શ્રીહરિએ ડભાણમાં મોટો યજ્ઞ કર્યો ત્યારે અને જેતલપુર યજ્ઞ માટે દંઢાવ્ય દેશમાંથી ઘી ઉઘરાવવાનું ને યજ્ઞમાં ગાડામાં લઈને પહોંચાડવાની સેવા નારદીપુરના નાનાભાઈની હતી.

શ્રીહરિની આજ્ઞાથી નારદીપુરના નાનાભાઈએ દંઢાવ્ય દેશમાં ખૂબજ સત્સંગની વૃધ્ધિ કરી. ને ઘણા ગામોના ભક્તજનોને શ્રીહરિની ઓળખાણ પડાવીને સત્સંગી કર્યા હતા.

મચ્છુ કાંઠાના પીપળિયા ગામમાં નાનાભાઈ ભુજ જતા રાત્રી રોકાઈને ત્યાં ગણેશભાઈ પટેલ અને તેમના બહેન માનબાઈને શ્રીહરિનું સર્વોપરીપણુ સમજાવીને સત્સંગ જીવમાં દઢ કરાવ્યો હતો.

શ્રીહરિએ સત્સંગમાં ગામે ગામ મોટા સમૈયા કરતા તે સમૈયા પ્રસંગે નાનાભાઈ ૧૫૦ કે ૨૦૦ માણસોના સંઘ લઈને દરેક હરિભક્તોને દર્શન કથાવાર્તાનું સુખ અપાવતા એવા બળિયા હરિભક્ત હતા.

તેઓ પોતે નારદીપુરના હતા ને કરજીસણ ગામના ગોર હતા ને કરજીસણમાં પણ તેમના મકાન આવેલા છે. ત્યાં પણ મહારાજને

ઘણીવાર થાળ જમાડ્યા છે. અને તેમની વાડીના કૂવે ઘણીવાર નાહ્યા છે. ને ઓરડીમાં છાના રહેતા ને દર્શનનું અધિક સુખ નાનાભાઈને શ્રીહરિ આપતા.

- **નારદીપુરના ગંગામા તથા નાનાભાઈનો પૂર્વ ઈતિહાસ**

સૂર્યવંશમાં પૂર્વે સત્યવાદી હરિશ્ચંદ્રરાજા તથા તારામતી રાણી અને પુત્ર રોહીત થઈ ગયા. આજે લાખો વર્ષ થઈ ગયા તો પણ તેમના સત્યવ્રતને કારણે આજે કોઈપણ માણસ આ રાજા હરિશચંદ્રથી અજાણ ન હોઈ શકે. એવા એ રાજા હરિશચંદ્ર બીજા જન્મે મુચુકુંદ રાજા થયા ને દેવોને દાવનો વચ્ચે ઘણા લાંબા સમય સુધી યુધ્ધ થયેલું તે વખતે મુચુકુંદ રાજાએ દેવોના પક્ષમાં રહીને દાનવો સામે યુધ્ધમાં ખૂબ યોગદાન આપીને દેવોની જીત કરાવી હતી. તેથી દેવો પ્રસન્ન થયા અને વર માગવા કહ્યું. ત્યારે મુચુકુંદ રાજાને આ યુધ્ધ ઘણા લાંબા સમય સુધી ચાલેલું તેથી થાક બહુ લાગ્યો હતો. તેથી રાજાએ પ્રાર્થના કરી કહ્યું કે મને સારી ઉંઘ આપો જેથી સારી રીતે સૂઈ રહું ને જે મને જગાડે તે બળીને ભસ્મ થઈ જાય. દેવોએ તથાસ્તુ કહીને વર આપ્યો.

રાજા મુચુકુંદ ગિરનારની ગુફામાં આવીને નિદ્રામાં સૂઈ રહ્યા છે તેને વર્ષો વીતી ગયા.

દ્વાપર યુગમાં મથુરામાં શ્રીકૃષ્ણ ભગવાનને અને કાળયવનને બહુ યુધ્ધ થયું. ને આખરે મથુરા છોડીને શ્રીકૃષ્ણ ભગવાન સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)માં આવ્યા તેમની પાછળ કાળયવન પડ્યો. તેથી શ્રીકૃષ્ણ ભગવાન આગળ દોડે ને કાળયવન પાછળ દોડે. તે ઘડીકમાં શ્રીકૃષ્ણ ભગવાન કાળયવનને નજીક દેખાય ને ઘડીકમાં દૂર દેખાય એમ લાલચમાં ને લાલચમાં તેને ગિરનાર સુધી દોડાવતા લાવ્યા. ને તે ગિરનારની ગુફામાં મુચુંકુંદરાજા બહુ લાંબી નિદ્રામાં સૂતા હતા.

ત્યાં જઈને પોતાની પામરી મુચુંકુંદરાજાને ઓઢાડીને સંતાઈ ગયા. તે પાછળ કાળયવન તેમને ગોતતો ગોતતો ગુફામાં આવ્યો. ગુફામાં અંધારું હતું તેથી ગોતતા તેને પામરી ઓઢેલા મુચુંકુંદરાજા જે સૂતેલા હતા તેને જોઈને એકદમ પગ પકડીને જોરથી ખેંચ્યાં ને બોલ્યો કાળિયા કપટ કરીને સૂઈ ગયો. ત્યાં તો મુચુંકુંદ રાજાની નિંદ્રા તૂટી ગઈ ને એકદમ જાગી ગયો ને બેઠો થયો ત્યારે પોતાની આંખ ખોલીને જોયું તો સામે કાળયવન ઉભેલો જોયો ને રાજાની આંખોમાંથી અગ્નિની મોટી જ્વાળા નીકળીને કાળયવન બળીને ભસ્મ થઈ ગયો. આ કાળયવન બીજા અવતારે કાળીદત્ત રાક્ષસ થયો હતો ને તેને ઘનશ્યામ મહારાજે વક્ર દૃષ્ટિથી માર્યો હતો.

હવે આ મુચુંકુંદ રાજા બીજા જન્મે જુનાગઢના નાગર નરસિંહ મહેતા ભગત થયા હતા. પછીના જન્મે સાયલાના લાલજી મહારાજ થયા હતા ને પછીના જન્મે પીપલાણામાં નરસિંહ મહેતા થયા ને સર્વોપરિ શ્રીહરિનો યોગ થતા અને અક્ષરધામમાં આવ્યા ને તેમનો મોક્ષ થયો.

- **જુનાગઢના નાગર નરસિંહ મહેતાના વંશમાં એક દૃષ્ટિ કરીએ**

જુનાગઢના નાગર નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈને ઉના પરણાવી હતી. તેની દીકરી શર્મિષ્ઠાના વડનગર લગ્ન કર્યા. નરસિંહ મહેતાએ પાછળની ઉંમર દીકરીની દીકરી શર્મિષ્ઠાના ઘેર વડનગર આવીને ત્યાં અંતિમ જીવન વિતાવ્યું હતું.

શર્મિષ્ઠાને તાના-રીરી નામે બે દીકરીઓ હતી. જેઓને ભક્તરાજ નરસિંહ મહેતાએ સંગીત શીખવાડયું હતું. દીલ્હીના અકબર બાદશાહના દરબારમાં નવરત્ન હતા. તેમાંના એક આ કવિ સમ્રાટ તાનસેનને તાનારીરીએ મલ્હાર રાગનું ગાન કરી દીપક રાગની ઉષ્ણતા હતી.

તેને શાંત કરી હતી. આ તાનસેનના મનમાં કુબુદ્ધિ સુજી હતી તેથી તેની મેલી મુરાદ આ તાના-રીરી એ જાણી હતી તેથી બંને બહેનોએ તળાવમાં સમાધિ લીધી હતી. જ્યાં આજે બંને બહેનોની યાદમાં બે છત્રીઓ (દહેરી) બની છે. અને તેની માતા જે શર્મિષ્ઠા તેના નામ ઉપરથી તે તળાવનું નામ પણ શર્મિષ્ઠા તળાવ પડ્યું છે જે આજે વડનગરની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યું છે. તેનો રાત્રીનો નજારો પણ જોવા લાયક છે. તે જોતા છોટી કાશી જેવું દ્રશ્ય લાગે છે.

આ તળાવના બંધાવનાર પૂર્વે મચ્છંદરનાથ ગોરખનાથ ગુરુ ચેલા જે થયા હતા. તે મચ્છંદરનાથ બીજા જન્મે સિધ્ધરાજ જયસિંહ પાટણનો રાજા હતો તેને ૧૦૮ તળાવો પાકા પથ્થરથી ગળાવીને બાધ્યા હતા. સિધ્ધપુરનો રુદ્રમહોલ તથા સોમનાથનું મંદિર ને છેલ્લે રાણકદેવીનું મંદિર વઢવાણમાં બાંધ્યું હતું. તે બીજા જન્મે શ્રીહરિના પડછાયાની જેમ માણકી ઘોડી પાછળ સાથે રહીને સેવા આપતા એવા અંગરક્ષક જેવા વીર ભગુજી થયા હતા.

શર્મિષ્ઠાને તાના-રીરી બે દીકરીઓ તથા એક પુત્ર ભીમ મહેતા નામે હતો. તે ભીમ મહેતાને નવપુત્રો થયા. તે જુદા જુદા ગામોમાં જઈને વસ્યા હતા. (૧) ઉનાવા (૨) ઉંઝા (૩) નારદીપુર (૪) માણસા (૫) કોઠા (૬) પેથાપુર (૭) મહેતાપુરા (૮) પલિયડ અને (૯) વેડા માં જઈને વસ્યા.

● **ગંગામા તથા નાનાભાઈ વિષે જોઈએ**

નવ ભાઈઓ પૈકીના શ્યામજી મહેતા નારદીપુર આવીને વસ્યા. તેમના પુત્ર ભુદર મહેતા નામે થયા. તેમના ઘરે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ જેઓને ''મા'' કહીને બોલાવતા એવા જેતલપુરના તથા સંપ્રદાયના ઈતિહાસને ઉજાગર કરનાર તેમજ દશક્રોશી સહિત ઉત્તર ગુજરાતના ઉધ્ધવ સંપ્રદાયના પ્રણેતા એવા સત્સંગ શિરોમણી

''ગંગામા''નો વિક્રમ સંવત ૧૮૦૭ ના જેઠ સુદ સાતમ ગંગા સપ્તમીના પવિત્ર દિવસે માતા પ્રેમકુંવરબાના કૂખ થકી પ્રથમ સંતાન રૂપે પ્રાદુર્ભાવ થયો. ભુદર મહેતાને ત્રણ પુત્રીઓ અને બે પુત્ર થયા. (ગંગામા) ગંગાકુંવર, રળીયાતકુંવર, કશળીકુંવર ત્રણ પુત્રીઓ અને નાનાભાઈ અને જોઈતારામ પુત્રો થયા.

ભુદર મહેતાએ મોટી પુત્રી ગંગાકુંવર (ગંગામા)ને નારદીપુર ગામમાં (ગામમાં પિયરીયુંને ગામમાં સાસરીયું) વલ્લભદાસના પુત્ર અશ્વનાથ રાવલને ઘેર પરણાવી. તથા રળીયાત કુંવર દીકરીને ઉનાવા (બાલવા) પરણાવી. અને નાની દીકરી કશળીકુંવરીએ સ્વેચ્છાએ નાગર ઈતર જ્ઞાતિમાં મહેસાણામાં દવે જ્ઞાતિમાં લગ્ન કર્યા. તે સમયે તેના વિવાદ થવાથી તેઓને નાત બહાર મૂક્યા. જે કશળીકુંવરના ઘેર શ્રીહરિએ ખીચડીના દાતણ કર્યા હતા. તથા રળીયાતકુંવરને ત્યાં ઉનાવામાં શ્રીહરિ સાતવાર ઘેર પધારી થાળ જમ્યા હતા. તથા પુત્ર નાનાભાઈ કરજીસણ રહેવા જતા રહ્યા અને કડવા પટેલ ૪૨ સમાજના ગોરપદુ કરતા. ને તેમના મકાન નારદીપુર તથા કરજીસણ બંને ગામમાં હતા ને કરજીસણમાં તેમને વાડી પણ હતી ને તેમાં કૂવો હતો તે આજે પણ પ્રસાદીનો છે. અને બીજા પુત્ર જોઈતારામ નારદીપુર રહ્યા.

- **આવેલું સ્વપ્નું દાદા શ્યામજીને સત્ય થયું**

ગંગામાના માતા પિતાના લગ્ન સમયે લગ્ન માંગુ લઈને દરબાર પિપળજ ઠાકોર રાજા સાહેબ પોતે વાણીયાવેડા ગામે ગયેલા હતા તેથી પુત્રી ગંગામાને ઠાકોર સાહેબ ભાણી કહીને બોલાવતા. નારદીપુર અને વેડાનોવાંટો (રાજ્ય) પિપળજ ઠાકોર સાહેબનો હતો. ગંગામાના પિતા ભુદરજીને બળદેવજી બીજા નામે ઓળખાતા. (ઘણી વ્યક્તિઓના બે નામ હોય છે). જેઓએ રામાનંદ સ્વામીના સચિવ

તરીકે સેવા આપેલી. પિપળજ ઠાકોર સાહેબના અંગત સન્માનનીય ભુદરજીએ રામાનંદ સ્વામીની સાથે વિચરણ કરીને ઉધ્ધવ સંપ્રદાયના વીસનગર સહિત નાગરોના નવ ગામ ગોળમાં પાયા નાખ્યા હતા. તે વખતે વામપંથીઓનો ખૂબજ પ્રચાર પ્રભાવ હતો. પરંતુ ઠાકોર સાહેબના સહયોગથી ઉધ્ધવ સંપ્રદાયના આશ્રિતો વધવા લાગ્યા.

એકવાર ગંગામાના દાદા શ્યામજી મહેતાને સ્વપ્ન આવ્યું કે નારદીપુરમાં રબારીવાસના ટેકરા નીચે ભગવાનની મૂર્તિઓ મોગલ શાસન સમયથી દબાયેલી છે અને લક્ષ્મણજીના જમણા ગાલે મોટા તલની નિશાની છે. આ વાત જમીન માલિક રબારીને કરી તો તેણે પણ સાક્ષી પુરી કે અમારી ગાયો પણ આ ટેકરા પર અનેકવાર શિંગડાથી જમીન ખોદવાનો પ્રત્ન કરે છે.

પીપળજ ઠાકોરની મદદથી ટેકરાનું ખોદકામ કર્યું તો તેમાંથી બળીયાદેવ, શ્રીકૃષ્ણ, રાધાજી, બળદેવજી, રેવતીજી, લક્ષ્મણજી, પાંચ પાંડવ, કુંતાજી, અષ્ટપટ્ટરાણી આદિ મૂર્તિઓ નીકળી. તે મૂર્તિઓમાં બળીયાદેવને નારદીપુરના નાયક લોકો લાંભા ગામના તળાવના કિનારે સ્થાપના કરીને મંદિર કર્યું. જે આજે લાંભા બળીયા કાકા દેવ મંદિર ખૂજ પ્રસિદ્ધ છે. તથા પાંડવો કુંતાજીની મૂર્તિઓને એકનાયક બહુચરાજી પાસે આસજોલ ગામે લાવીને મંદિર કરીને સ્થાપના કરી.

નારદીપુરના નાયક સમાજના લોકો લાંભામાં રહેવા આવતાં નાયકના ગોર પદ વલ્લભદાસ રાવલ લાંભા રહેવા આવ્યાં. તેઓ ખૂબજ વિદ્વાન અને જ્ઞાની હોવાથી લાંભા-અશલાલી-જેતલપુરના ગોર પદે ગ્રામ વાસીઓએ નિયુક્ત કરતા વલ્લભદાસ જેતલપુર સ્થાયી થયા.

વલ્લભદાસ રાવલને વિશ્વનાથ નામે પુત્ર હતા. તેમના લગ્ન નારદીપુરના ભુદર મહેતાની પુત્રી ગંગાકુંવર (ગંગામા) સાથે થયા હતાં એટલે ગંગાબા જેતલપુર રહેવા આવ્યાં.

વલ્લભદાસ રાવલને ઘણા ગામોનું ગોરપદુ હતું તેથી તથા સાત્વિક સંયમી અને સંતોષી સ્વભાવના હોવાથી યજમાન વૃત્તિથી આર્થિક રીતે સુખી સંપન્ન હતા. તેઓ અવાર નવાર યજ્ઞાદિકર્મ કરતાં.

- **નારદીપુરમાં ટેકરામાં નીકળેલી મૂર્તિઓમાં રેવતી-બળદેવ-હરિકૃષ્ણને જેતલપુર પધરાવી**

નારદીપુરમાં રબારીવાસના ટેકરામાંથી નીકળેલી મૂર્તિઓમાંની રાધાકૃષ્ણની મૂર્તિની ઘરમાં સ્થાપના કરી પૂર્ણ પૂજા અર્ચના નૈવેદ્ય કરતા તથા બળદેવજી, રેવતીજી અને લક્ષ્મણજીની મૂર્તિને નારદીપુરમાં ગંગામાના પિતા ભુદરજી મહેતાએ ઘરમાં રાખી પૂજા કરતાં. (સમયાન્તરે શ્રીહરિએ જેતલપુરમાં આનંદાનંદ સ્વામી પાસે મંદિર કરાવીને મુખ્ય મંદિરમાં સ્વહસ્તે બળદેવજી રેવતીજી સાથે લક્ષ્મણજીની મૂર્તિને હરિકૃષ્ણ નામાનિધાન કરીને સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮ ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરી પધરાવી.)

- **ગંગાકુંવરને નાની ઉંમરમાં વૈધવ્યત આવ્યું**

એકવાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી જેતલપુર પધાર્યા. ત્યારે વિશ્વનાથ રાવલની પત્ની ગંગાકુંવર આદિ ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત થયા અને સ્વામીની આજ્ઞાથી અન્નક્ષેત્ર (સદાવ્રત) શરૂ કર્યું. તેમાં ગંગાકુંવરે અતિથિને જમાડ્યા વિના જમવું નહિ એવું આકરું નિયમ રાખ્યું હતું.

એકવાર સંવત ૧૮૩૭ ના ચૈત્ર માસમાં વડનગરના નાગરોના અધિષ્ઠાદેવ હાટકેશ્વર જયંતીના પર્વમાં જેતલપુરથી વિશ્વનાથ રાવલ

વડનગર (શિવપૂજન કરવા રોકાયા. ત્યાં લુણેશ્વર મહાદેવ મંદિરમાં જનમેદનીની ભયંકર ભીડમાં કરુણ ઘટના બની કે ગંગામાના પતિ વિશ્વનાથનું માત્ર ૩૨ વર્ષની ઉંમરે નિધન થયું.

તે સમયે પીપળજના ઠાકોર સાહેબે વિશ્વનાથના પાર્થિવ શરીરને જેતલપુર પહોંચતું કરાવ્યું ને દેવસરોવરની પશ્ચિમ પાળે પ્રસાદીની ફૂલવાડી પાસે તેમના પાર્થિવ દેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

- **ગંગામાને શ્રીકૃષ્ણ ભગવાને પ્રગટ દર્શન આપીને કહ્યું હું તારો પુત્ર બનીને રહીશ**

નાની ઉંમરે વિધવા બનતા ગંગાબા પતિને દેવ સરોવરના કિનારે પશ્ચિમી પાળે ચિતા ગોઠવી ને સતી થવાનો સંકલ્પ કર્યો, અને ચિત્તામાં બેસવા જતાં સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પ્રગટ દર્શન આપીને હાથ પકડીને ચિત્તામાં બેસવાની ના પાડી અને દિવ્યરૂપે પ્રભુ બોલ્યા કે ગંગા હજી તારા હાથે અમારે બહુજ સેવા લેવાની બાકી છે. ગંગા કહે, મારે કોઈ પુત્ર નથી તો હવે જીવીને શું કરવું ? શ્રીકૃષ્ણ બોલ્યા કે - ગંગા હું તારો પુત્ર બનીને રહીશ. તમને મા કહીને બોલાવીશ. અને મારા બધા આશ્રિતો તને મા કહીને બોલાવશે.

આવું પરમાત્માનું વચન સાંભળી પતિના વિયોગનો શોક ટળી ગયો. પછી પતિના પિતા વલ્લભદાસ રાવલની અનુવૃત્તિમાં રાધાકૃષ્ણની સેવા પ્રગટ ભાવે કરતાં. એકવાર રામાનંદ સ્વામીના આશીર્વાદથી રાધાકૃષ્ણની મૂર્તિયો ગંગામાના હાથે પ્રત્યક્ષ થાળ-દૂધ-જળ આરોગતા.

- **શ્રીકૃષ્ણ ભગવાનના આશીર્વાદ પ્રમાણે ગંગાબાને જેતલપુરમાં ૧૭ વર્ષે પુત્ર રૂપે શ્રીનીલકંઠ વર્ણી મળ્યા**

સંવત ૧૮૫૫ ની સાલમાં અનંત કરોડો બ્રહ્માંડોના ધણી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી

શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યાથી વનવિચરણની વાટે ચાલ્યા ત્યારે તીર્થોને પોતાના પદરજથી પાવન કરીને પવિત્ર ગુજરાતની ભૂમિમાં વિચરતા વિચરતા જેતલપુરમાં ગામથી પશ્ચિમે દેવ સરોવરની કાંઠે વાવના મતવાલા પર વહેલી સવારે બિરાજમાન થયા.

તે સમયમાં ગંગામાં અચાનક ત્યાં આવ્યા ને તેમને આ મનોહર મૂર્તિ એવા શ્રી નીલકંઠર્ણીને જોતા જ ચિત્ત વૃત્તિ તેમનામાં ચોટી ગઈ ને વિચાર કર્યો કે આવી નાની ઉંમરમાં કેમ ઘરનો ત્યાગ કર્યો હશે? એવા અનેક વિચાર ચડી ગયા. ને પાસે જઈને કહ્યું જે, ‘‘બાવા જમવા ચાલો.’’ ત્યારે મહારાજે ચરિત્ર કર્યું જે અમો તો ચાલીને ક્યાંય જતા નથી. ત્યારે ગંગામાંએ કહ્યું જે ‘‘અહીં શી રીતે આવ્યા ?’’ ત્યારે મહારાજ બોલ્યા જે અમારા સેવક લાવ્યા, ત્યારે તેમણે કહ્યું જે ‘‘સેવક ક્યાં છે ? તમે એકલા છો ને ?’’ ત્યારે મહારાજ કહે. જે ‘‘અમારા સેવકો અદૃશ્ય છે. તે તમે દેખી શકો નહિ.’’

ત્યારે ગંગામાએ જાણ્યું જે આ નાનું બાળક છે તે હઠ કરે છે. પણ ભૂખે મરશે એમ જાણીને મહારાજને તેડીને લઈ ગયાં. પછી ઓસરીમાં ઉતારીને શોળે થઈને જમવાનું કાઢી લાવ્યા ને કહ્યું જે બાવા જમો, ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘હું તો દિશાએ ગયો નથી ને દાતણ કર્યું નથી ને નાહ્યો પણ નથી.’’ ત્યારે ગંગામાએ કહ્યું જે, ‘‘જાઓ દિશાએ જઈને તળાવમાં નાહી આવો.’’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘જેને જમાડવા હોય તે લઈ જાય તો જઈએ. પણ તે વિના જવું પડતું નથી.’’ ત્યારે ગંગામાં કહે જે, ‘‘રોજ કોણ લઈ જાય છે ?’’ પછી મહારાજ બોલ્યા જે જેને જમાડવાની ગરજ હોય તે લઈ જાય.’’ પછી ગંગામાએ જાણ્યું જે આ તો ગાંડા છે, તે એવા મા-બાપે કાઢી મેલ્યા છે પણ હવે ક્યાં જશે ? એમ જાણીને તેડીને એક કોરે દિશાએ બેસાર્યા અને હાથે પાણી લેવાનું કહ્યું, ત્યારે કહ્યું જે, ‘‘તમારે ગરજ

હોય તો ધૂઓ.'' પછી ગંગામાએ ધોયા ને દાતણ પણ પોતાને હાથે કરાવ્યું. તે પછી નવરાવીને વસ્ત્ર પણ પોતે પહેરાવ્યાં અને ઉપાડીને ઓસરીમાં લઈ જઈને બેસાર્યા ને કહ્યું જે જમો. ત્યારે મહારાજે કહ્યું : જે, ''અમારી સેવા કરવાની ગરજ હોય તો જમાડો પછી પોતાના હાથે કોળિયા લઈને જમાડ્યા. એવી સેવા કરી તો લાભ બહુ મળ્યો. કેમ જે સાક્ષાત્ ભગવાનની સેવા થઈ. એમ પંદર દિવસ સેવા કરી.

- **રામાનંદ સ્વામીએ ગંગામાને નીલકંઠર્ણીની સેવા કરવા ભલામણ કરી**

એવામાં રામાનંદ સ્વામી અમદાવાદમાં હીરાચંદ ચોકસીને ઘેર આવ્યા હતા. તેમણે ખબર મોકલી જે અમે અહીં આવ્યા છીએ ને બે દિવસ રહેવું છે. માટે દર્શને આવવું હોય તો આવી જજો. પછી ગંગામાએ જાણ્યું જે હું દર્શને જઈશ ત્યારે આ બ્રહ્મચારી ક્યાંક જતા રહેશે. એમ જાણી ઘરમાં પૂરી તાળુ દઈને અમદાવાદ ગયાં. ત્યાં શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન કરીને કહ્યું જે, મારે ઘેર એક બ્રહ્મચારી આવ્યા છે, તેમને ઘરમાં પૂરીને આવી છું, તે જો રાત રહુ તો મુંઝાય, માટે મેં આપના દર્શન કર્યા ને હવે રજા માંગું છું. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું જે, ''જાઓ એ બ્રહ્મચારીની સેવા કરજો. બહુ મોટા છે.'' ગંગામાં જેતલપુર આવ્યા ને તાળું ઉઘાડીને ઘરમાં જુએ તો મહારાજ ન મળે. પછી ગામમાં ફરીને સર્વેને પૂછી જોયું જે બ્રહ્મચારી દેખ્યા ? ત્યારે લોકોએ કહ્યું જે, કોઈએ દેખ્યા નથી.

પછી જ્યારે રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ગંગામાં ગઢડે ગયા, ત્યારે મહારાજ ઊઠીને ગંગામાને કોટે વળગી પડ્યા ને કહ્યું જે, ''આ અમારી મા આવ્યાં. જેમ મા દીકરાની સેવા કરે તેમ અમારી સેવા જેતલપુરમાં એમણે કરી હતી. માટે આ અમારા મા છે, એમને મા કહીને બોલાવજો, એટલો બધો લાભ ગંગામાને મળ્યો હતો.

તે દિવસથી પુત્ર રૂપે પરબ્રહ્મની પ્રતિક્ષા કરતાં ગંગામાને દેવ સરોવરના કાંઠે નીલકંઠ વર્ણીને ઘરે લાવ્યા. થાળ જમવા ટાણે દીકરો કહે ''મા'' એવું વચન માંગતા પતિના અંતિમ સંસ્કાર વખતે આપેલા દીકરાનું વચન યાદ આવ્યું. અને સ્તનમાં દૂધ ઉભરાઈ આવ્યું. સંપ્રદાયમાં ઉત્તમ ભક્તિના કોટીના અસંખ્ય સ્ત્રી ભક્તો થયાં પરંતુ ''મા'' શબ્દ માત્ર ગંગામાને માટે જ કહ્યો.

ગંગામા, રામાનંદ સ્વામી અને શ્રીહરિએ શ્યામ મૂર્તિ રાધાકૃષ્ણદેવ તથા મહાપ્રતાપી બળદેવજી-રેવતીજી દક્ષિણ પડખે લક્ષ્મણજીની મૂર્તિ (હરિકૃષ્ણ મહારાજ) ને અનેકવાર થાળ, પૂજન તથા આરતી કરેલી છે.

સંપ્રદાયના સુપ્રસિધ્ધ નારદીપુરના ભક્ત તીતારામ મેવાડ ચિત્તોડગઢના વતની હતા. ગંગામાં તેમને ભાઈ કહેતા. ગંગામાનું પિયર ભુદરભાઈ મહેતાનું ઘર હાલમાં નારદીપુરમાં ''કિયારી'' પાસે આવેલું છે. અને જેતલપુર મંદિરમાં ચોકમાં આવેલી છત્રીની જગ્યાએ તેમનું જુનું ઘર હતું.

ગંગામાના લગ્ન થયા ત્યારે શ્યામજીએ રાધાકૃષ્ણની મૂર્તિયો કરિયાવરમાં ભેટ આપી. જે મૂર્તિ ગંગામાં ઘરમાં રાખી મીરાની જેમ પૂજતા. જ્યારે જેતલપુરમાં રહેવા આવ્યા ત્યારે આ મૂર્તિયોને લઈને આવ્યા અને ઘરમાં રાખી પૂજતા હાલ આ મૂર્તિયો શ્યામસુંદર સ્વરૂપ પ્રસાદીના રાધાકૃષ્ણદેવ જેતલપુર મંદિરમાં (હવેલીમાં) પધરાવ્યા છે.

જેતલપુરમાં આનંદાનંદ સ્વામીએ સર્વ પ્રથમ એક શિખરનું મંદિર તૈયાર કર્યું ત્યારે શ્રીજીમહારાજ ખૂબજ રાજી થયા. અને ગંગામાને કહે મૂર્તિયો હોય તો હમણાં પ્રતિષ્ઠા કરી દઈએ. ત્યારે ગંગામા કહે મારા પિયરમાં રેવતી બળદેવજી-લક્ષ્મણજીની મૂર્તિયો મારા પિતાને ઘેર છે તો આપ આજ્ઞા કરો તો તે મંગાવીએ.

શ્રીહરિ કહે સારું મંગાવો તો નયન રમ્ય દિવ્ય અમો સ્વરૂપ હળમૂળશધારી બળભદ્ર રેવતીદેવી સહિત મૂર્તિયો ગંગામાના પ્રેમને આધીન પિતા ભુદર શ્યામજી મહેતા મૂર્તિયો જેતલપુર લાવ્યા.

સંવત ૧૮૮૨ ના ફાગણ વદ-૮ ના દિવસે શ્રીહરિએ સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી અને મોટો ભવ્ય ઉત્સવ કર્યો. લક્ષ્મણની મૂર્તિનું નામકરણ હરિકૃષ્ણ રાખવામાં આવ્યું. રેવતી બળદેવજી, હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યાં.

● **શ્રીહરિએ નાનાભાઈને ઋણ મુક્ત કર્યા**

નારદીપુરના નાચિકેત (નાનાભાઈ) નામે બ્રાહ્મણ ભક્ત શ્રીહરિના માટે રસોઈ બનાવતા હતા. તે વખતે મહારાજ સર્વ ભક્તોને આનંદ આપતા સભામાં બિરાજેલા હતા. અને બીજા સ્વરૂપે નાચિકેત ભક્તને અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ કરતા હતા. પછી શ્રીહરિ ભગવાન જમીને આસને બેઠા. ત્યારે નાચિકેત ભક્ત બે હાથ જોડી કહેવા લાગ્યા કે, "હે સ્વામિન્ ! મારાથી સુખે ભજન થતું નથી. કેમ કે અમારા બાપ દાદાઓનું ઘણા વખતનું લગભગ ચૌદસો રૂપિયાનું કરજ છે." એ વાત સાંભળીને દયાળુ શ્રીહરિએ કહ્યું : કે "કાલે સવારે તમો ઋણથી મુક્ત થઈ જશો." એમ કહીને મહારાજ ગયા. અને બીજા દિવસે સવારે ભગવાનની ઈચ્છાથી ધનના માલિકો આવીને નાચિકેત ભક્તને ઋણથી મુક્ત કર્યા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૪, સંતોની વાતોમાં નાચિકેત ભક્તનું જ્યાં જ્યાં નામ આવે છે તે જ નાનાલાલ મહેતા તથા તેઓની અટક ક્યાંક ભટ્ટ લખવામાં આવી છે. પરન્તુ બારોટના લેખ મુજબ નાગર મહેતા અટક છે.)*

## ઉનાવા ગામનો મહિમા

ઉનાવા ધામમાં શ્રીહરિ ઘણીવાર પધાર્યા છે. તેમાં ૧૮૬૧, ૧૮૬૫, ૧૮૬૮, ૧૮૭૩, ૧૮૭૫, ૧૮૭૬ વગેરે વર્ષમાં શ્રીહરિ કોઈ વર્ષમાં એક વાર કે બે ત્રણ વારથી પણ વધારે પધાર્યા છે. પ્રેમી ભક્તોના પ્રેમને વશ થઈ શ્રીહરિ વારંવાર ઉનાવા પધારતા તે ભક્તજનોને ખૂબ સુખ આપતા હતા.

● **શ્રીહરિનું શાનદાર સ્વાગત કર્યું અને ઘેર ઘેર પધરાવ્યા**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે આદરજથી ચાલ્યા તે કોલવડા થઈ ઉનાવા આવ્યા. જેટલા હરિભક્ત કાઠી દરબારોના અશ્વ હતા, તે બધા શ્રીહરિની સાથે હતા. ઘોડાઓની ઘણી મોટી ઘુમર ખૂબ શોભતી હતી અને હરિભક્તોને સામે આવતા દેખીને તે ઘુમરની આગળ શ્રીહરિ પોતાના ઘોડાને નચાવતા હતા. ત્યાં આવીને શ્રીહરિએ સર્વ હરિભક્તોને દર્શન દઈ તેમનાં બધા સંતાપને ટાળી દીધા. અને બધા હરિભક્તો પણ દંડવત પ્રણામ કરીને શ્રીહરિના ચરણમાં પડતા હતા. સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવીને શ્રીફળ અર્પણ કર્યા. આ રીતે બધી સવારી ઉનાવા ગામમાં ચાલી. ત્યારે આગળના ભાગમાં ઘણા વાજિંત્રો વાગતા હતા. હરિભક્તો ઉલ્લાસથી ઝાંઝ, મૃદંગ વગાડીને ઉત્સવ કરતા હતા. આગળના ભાગમાં જરિયાની બે નિશાનવાળા ચાલતા હતા. હરિભક્તો હરખમાં ગુલાલ ઉડાડતા ચાલતા હતા અને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા. ગામની બધી રાજબજારને વિચિત્ર રીતે સજાવી દીધી હતી.

કેળના સ્તંભ રોપાવીને સહુના દરવાજાઓમાં તોરણ બંધાવ્યા હતા. ધજા, પતાકાઓ દરવાજા ઉપર બાંધ્યા હતા અને સુવર્ણના કળશ ઉપર શ્રીફળ મૂક્યા હતા. દરેક દરવાજે રંગબેરંગી રચના કરી હતી અને વિવિધ પ્રકારના ધૂપ તથા દીપ કર્યા હતા. ગામના જેટલા બાઈ ભાઈઓ હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. કેટલાક લોકો

તો મકાનના ગોખ અને અગાસીમાં ઊભા હતા. અને તે સમયે તે બધા શ્રીહરિના ઉપર ફૂલહારની વૃષ્ટિ કરતા હતા. હરિભક્ત બાઈઓ અને તે સિવાયની પણ ભાવિક બાઈઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. બધી બાઈઓ વારંવાર શ્રીહરિને હાથ જોડી, મસ્તક નમાવીને પગે લાગતી હતી અને તેઓ શ્રીહરિની સન્મુખ દૃષ્ટિ રાખતી હતી. શ્રીહરિએ વસ્ત્રો અને મણિ જડિત સોનાનાં આભૂષણો ધારણ કર્યા હતાં. અને મસ્તક ઉપર સોનાનું છત્ર ધાર્યું હતું.

ગામના જેટલા હરિભક્તો હતા તેમણે અપાર ભાવથી શ્રીહરિની ઘેર ઘેર આ વખતે પધરામણી કરી. અને તે હરિભક્તોનાં મનમાં જેવા મનોરથો તે પ્રમાણે તેમણે ભાવથી શ્રીહરિની પૂજા કરી તેવું શ્રીહરિએ તેમને સુખ આપ્યું.

● **રામદાસભાઈની રસોઈ શ્રીહરિએ તાણ કરીને પીરસી**

શ્રીહરિએ ઉનાવા ગામમાં જઈને ભક્તજનોના જે મનોરથ હતા તેને પૂરા કર્યા. અને પછી ગામની બહાર આવ્યા. તળાવ કાંઠે એક મોટો વડ હતો ત્યાં આવીને ઊતર્યા. સંતો અને વર્ણી જે સાથે હતા તે બધાનો સારો મુકામ પણ ત્યાં જ કર્યો. મુક્તાનંદ સ્વામીને બેસવા માટે શ્રીહરિએ જે ગાડી આપી હતી તેમાં તેઓ બેસીને આવ્યા. પછી છૂટેલી તે ગાડી ઉપર શ્રીહરિ બેઠા. સંતો અને વર્ણીની ત્યાં સભા થઈ અને મુક્તાનંદ સ્વામીનાં કીર્તન ત્યાં સંતોએ ગાયા.

ઉનાવાના મુખ્ય હરિભક્ત પાટીદાર રામદાસભાઈ ઉદાર સ્વભાવના હતા. તેણે શ્રીહરિ અને સહુ સંતો માટે પ્રેમથી રસોઈ કરાવી. રસોઈમાં જે લાડુ બનાવ્યા હતા તેમાં તાજુ ઘી નખાવ્યું. ત્યાં જે હરિભક્ત વિપ્રો અને વર્ણી હતા તે પ્રેમથી નિત્ય રસોઈ બનાવતા હતા. રામદાસભાઈએ પોતાને ઘેર ઘણા પ્રેમથી રસોઈ કરાવી હતી. તે જ્યારે તૈયાર થઈ ત્યારે શ્રીહરિને બોલાવવામાં આવ્યા. ત્યારે શ્રીહરિ થાળ જમવા ચાલ્યા. પોતાનાં અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા

હતા. અને તે સમયે જેટલા પાર્ષદો હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. જેની પાસે જે હથિયાર હતા તે બધા પાર્ષદોએ પોતાની પાસે રાખ્યા હતા અને ચોપદાર કુબેરસિંહ શ્રીહરિની આગળ ચાલતા હતા.

દયાળુ શ્રીહરિના એક હાથમાં રૂમાલ હતો અને બીજા હાથમાં મોતી જડિત છડી રાખી હતી. મોટા મોટા ફૂલના બે ગુચ્છો બંને કાન ઉપર તે વખતે ધાર્યા હતા. તે વખતે સંધ્યા સમય પૂરો થયો હતો. શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા અને જ્યારે રાજબજારમાં આવ્યા ત્યારે બે મશાલ પ્રગટાવેલી હતી અને ચોપદાર આગળના જયજયકારના શબ્દ બોલતા હતા. બજારમાં દીવા કર્યા હતા અને દિવસના જેવું અજવાળું થયું હતું.

જ્યારે શ્રીહરિ રામદાસ પટેલને ઘેર આવ્યા ત્યારે ગરમ પાણીથી સ્નાન કર્યું અને રૂમાલથી અંગ કોરું કર્યું. પછી જરિયાની કોરનું પીતાંબર વસ્ત્ર પહેર્યું અને તેવું જ બીજું લાલ રંગનું પીતાંબર ધર્મકુમાર શ્રીહરિએ ઓઢ્યું. ચરણમાં ચાખડીઓ પહેરી, હાથમાં ધોયેલો શુધ્ધ રૂમાલ લીધો અને સોનાનાં બાજોઠ ઉપર આવીને શ્રીહરિ બેઠા. બહુ પ્રકારના કરેલા બધા ભોજન સોનાનાં થાળમાં પૂર્યા હતાં. તેનું વર્ણન કરતા આવડતું નથી. દૂધપાક, પુરી, બીરંજ, વડાં, ઘણી જાતના ભજિયા. જેટલી જાતના મળતા હતા તે બધાં શાક અને હરિભક્તને જેટલી ભાવના હતી તેટલી પ્રકારના ભોજન શ્રીહરિને માટે કરાવ્યાં હતાં. શ્રીહરિ થાળ જમી રહ્યા પછી તરત સંતોને જમવા માટે બોલાવ્યા. શ્રીહરિએ જમીને મુખવાસ લીધો અને પોતાના ભક્તોને જોઈને મનમાં ખુશી થયા.

બધા સંતોની પંગત કરાવી. પાર્ષદોની સાથે પાર્ષદો અને કાઠી દરબારોની સાથે કાઠી દરબારો પંગતમાં બેઠા. શ્રીહરિએ તે સમયે હાથમાં લાડુ લીધાં. પહેલા સંતોની પંગતમાં પીરસવા ફર્યા, પછી પાર્ષદોમાં અને પછી કાઠી દરબારોમાં ફર્યા. શ્રીહરિ ઘણા પ્રેમભાવથી

પીરસવા ફરતા હતા. મહાન સુખકારી રંગભીના શ્રીહરિએ પહેલા સહુને બબ્બે લાડુ પીરસ્યા. પછી એક એક આપ્યો અને તે પછી શ્રીહરિએ અડધો અડધો લાડુ આપ્યો. જ્યારે કોઈ સંતે લાડુ ન લીધો ત્યારે પીરસતા બંધ થયા. પછી બહુનામી શ્રીહરિએ હાથપગ ધોયા ને ઉતારે આવ્યા. બીજે દિવસે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે નારદીપુર આવ્યા. *(શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૩૭-૩૮)*

● **ઉનાવાના રામદાસભાઈએ શ્રીહરિને સુંદર ઘોડી આપી**

શ્રીહરિ વિજાપુરમાં કેટલાક દિવસ રહ્યા પછી ત્યાંથી જવા તૈયાર થયા. ભકતજનોની વિદાય લઈ ત્યાંથી જે ગામમાં પોતે ત્રણ વખત આવી ગયેલા છે તે ઉનાવા (બાલવા) ગામે પધાર્યા. ઉનાવામાં રહેતા રામદાસભાઈ, રઘુભાઈ તથા અન્ય પટેલ ભક્તો અને નાનીબા આદિક સ્ત્રીઓએ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિનું ભાવભીનું સ્વાગત કર્યું. પછી મહાપ્રભુ પટેલ રામદાસના ઘેર પધાર્યા. મહાત્મા એવા રામદાસ ભક્તે ઈષ્ટદેવ પ્રભુને સુંદર બાજોઠ ઉપર બેસાડી પુષ્કળ પાણી વડે સ્નાન કરાવ્યું. ત્યારબાદ સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી ભક્તોના પ્રિય ભગવાન સ્વયં રસોઈ કરવા બેઠા. પોતે જ પોતાનો થાળ બનાવી ભગવાનને નૈવેદ્ય ધરી જમવા બેઠા. ભોજન કર્યા બાદ રામદાસ પટેલે પશ્ચિમ દેશમાં જન્મેલી એક સુંદર ઘોડી શ્રીહરિને આપી. ઘોડી પર સવાર થઈ મહાપ્રભુ સરોવર સમીપે રહેલા પોતાના ઉતારે આવ્યા. રામદાસભાઈ પણ ત્યાં આવ્યા. પગે લાગી મહાપ્રભુની સન્મુખ બેઠા ત્યારે શ્રીહરિએ કહ્યું, હે રામદાસભાઈ ! તમે બુદ્ધિવાળા છો તેથી કહીએ છીએ. આ દેહ અને દેહને આશ્રિત કોઈપણ વસ્તુ-પદાર્થ આ સંસારમાં દેખાય છે તે અસત્ય છે. માયા છે માટે તેમાંથી મનની વૃત્તિ તોડીને મારામાં જોડજો -. હે ભૂપતિ ! શ્રીજીમહારાજ તે રામદાસભાઈ તેમજ નગરના બીજા ભક્તો આગળ આ પ્રકારની

જ્ઞાનવાર્તા કરતા અને ભક્તોને આનંદ પમાડતા. ઉનાવા ગામમાં પાંચ દિવસ રહી ત્યાંથી માણસા પધારતા હતા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૧)*

- **ઉનાવામાં શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા ને બોલ્યા જેને અમારા દર્શન કર્યા તેને જન્મ મરણ નહિ રહે**

શ્રીહરિ વિરમગામથી ચાલ્યા તે રામપુર-દેત્રોજ, કડી, કુંડાળ, ડાંગરવા, કરજીસણ થઈ ઉનાવા આવ્યા. ગામના સર્વે પ્રેમીજનોએ સામા આવી સ્વાગત કર્યું. ને વાલાને વધાવ્યા ને વાજતે ગાજતે પુરમાં તેડી લાવ્યા. શ્રીહરિ પધાર્યાની જાણ થતા ગામ લોકો તથા ખેતરમાં કામ કરતા લોકો પણ દોડતા આખડતા પગમાં ભાંઠા (ખાંપા) વાગ્યાનો લોહી નીકળ્યું. તે પણ ધ્યાન ન રાખ્યું કેવળ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવાના જ જેમને તાન હતા. તેઓ દેહભાન ભૂલીને આવીને દર્શન શ્રીહરિના તથા પાંચસો પરમહંસના કર્યા.

પછી રામદાસભાઈએ શ્રીહરિએ કહ્યું કે, "મહારાજ ! અમારા ગામના તથા ખેતરમાં કામ કરતા લોકો આપ પધાર્યા ને તમારા દર્શન માટે અધીરા થઈને વાટમાં ખાંપા-કાંટા-કાંકરા ગણ્યા વિના દોડીને અહીં આવ્યા તેના પગ લોહી લુહાણ થયા છે. ત્યારે શ્રીજીમહારાજ કહે, રામદાસભાઈ આજ અમારા સામા જે જન આવ્યા અને અમારા દર્શન કર્યા છે. તેને ગર્ભવાસમાં ફરીને આવવું નહિ પડે. એવો વર આપ્યો.

પછી રામદાસભાઈએ પોતાના ઘેર રસોઈ કરાવીને સંત-પાર્ષદ-કાઠી ભક્તો સહુને જમાડ્યા ને શ્રીહરિ માટે થાળ કરાવ્યો તે પોતે જમીને રામદાસની મેડીમાં હીંચકે શ્રીહરિ પોઢ્યા હતા. એમ ઉનાવામાં ત્રણ દિવસ રોકાઈને શ્રીહરિએ દર્શનનું સુખ ઉનાવા વાસીઓને આપ્યું હતું. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૭૫)*

-: ચોપાઈ :-

*ગામ ઉનાવામાં સુખધામ, રામદાસની મેડીએ શ્યામ ॥*
*હિંડોળામાં ઝૂલ્યા ત્રણ રાત, પછે ચાલ્યા તે પ્રભાત ॥૩૨॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૩)*

- **રામદાસભાઈના દીકરા છલાભાઈ રંગોત્સવમાં અમદાવાદ આવ્યા ને તેમને વર્તમાન ધરાવ્યા**

શ્રીજીમહારાજે અમદાવાદમાં રંગોત્સવ કરેલો તે વખતે ઉનાવાના રામદાસભાઈ સાથે તેમના દીકરા છલાભાઈ દર્શને આવેલા અને તેમની ઉંમર ૮ વર્ષની હતી. ને શ્રીજીમહારાજ તે વખતે હાલ રંગમહોલ છે અને ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવેલી છે એ જ ઠેકાણે શ્રીજીમહારાજ બેઠા હતા. ને ત્યાં સવારમાં પૂજા કરતા હતા. તે વખતે રામદાસ પટેલે આવીને મહારાજને કહ્યું : આ મારા દીકરાને વર્તમાન ધરાવો અને ગુરુ મંત્ર આપો. ત્યારે મહારાજે મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું કે એને વર્તમાન ધરાવો. ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ છલાભાઈને વર્તમાન ધરાવ્યા. અને ગુરુમંત્ર મહારાજે પોતે જ આપ્યો. રંગ ઉડાડવાનો સમય થયો ત્યારે શ્રીહરિ હાલ ચોકમાં જે છત્રી છે તેની ઉપર ત્રણ પાટ ગોઠવેલી અને પાસે રંગના રંગેડા મૂક્યા હતા તે શ્રીહરિએ ખૂબ રંગ સંત-હરિભક્તો ઉપર નાખ્યો હતો. આ રંગમહોત્સવમાં રંગાવા માટે છલાભાઈ પણ નાની ઉંમરમાં આવી ગયા ને મહારાજના હાથે તેઓ રંગાઈ ગયા. અને ઉત્સવ પૂર્ણ થયો ત્યારે મહારાજ સર્વે સંતો સાથે નારાયણઘાટે નાહવા પધાર્યા. ત્યારે તે વખતે પોતે ભેળાને ભેળા ગયા હતા. તેથી છલાભાઈને શ્રીહરિની સાથે રંગનો લહાવો તથા સ્નાનનો લાભ મળ્યો હતો ને તેઓ અતિ બડભાગી થયા હતા. ને તે આખો દિવસ મંદિરમાં જ રહેતા ને ભગવાનના ભક્ત બહુ સારા હતા. એમના દર્શન કરવા કેટલાક સંતો આવતા હતા એવા તે બળિયા હતા. *(સંત પરંપરાથી સાંભળેલ વાત)*

## ● શ્રીહરિએ છલાભાઈની રક્ષા કરી

ગામ ઉનાવાના હરિભક્ત છલાભાઈ એક વખત ગાડી જોડીને શ્રીજીમહારાજના દર્શને ગઢડા જતા હતા ત્યારે રસ્તામાં સાબરમતી નદી ઉતરતા ગાડાના પૈડાનો ખીલો નીકળી ગયો. તેથી પૈડું નીકળી ગયું. ત્યારે ખીલો રસ્તામાં ઘણો ગોત્યો પણ જડ્યો નહી ને સાંજ પડી ગઈ. પછી તે શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યો, તેવામાં ત્યાં એક ભરવાડ આવ્યો તેણે કહ્યું ‘‘સાંજ પડી ગઈ છે ને નદીમાં કેમ બેસી રહ્યા છો? ગાડી જોડીને ગામ ભેગા થઈ જાઓ નહિ તો ચોર આવશે તે તમને લૂંટી લેશે’’ ત્યારે છલાભાઈ કહે, ‘‘ગાડીના પૈડાનો ખીલો નીકળી ગયો છે તેથી બેઠા છીએ.’’ ત્યારે તે ભરવાડે ખીલો દીધો ને કહ્યું ‘‘આ મને રસ્તામાંથી જડ્યો છે’’ એટલું કહીને તે ખીલો આપીને તુરત ચાલી નીકળ્યો. તેને આગળ જતાં ભાળ્યો નહિ ત્યારે છલાભાઈએ જાણ્યું જે ‘‘આ તો મહારાજે રક્ષા કરી’’ પછી ગાડીમાં ખીલો નાખીને ચાલ્યા તે અમદાવાદ ગયાને રાત્રી રહીને ગઢડે ગયા ને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું : ‘‘સાબરમતીમાં ખીલો ખોવાઈ ગયો હતો કે ?’’ ત્યારે છલાભાઈએ કહ્યું ‘‘હા મહારાજ ! તે એક ભરવાડ આપી ગયો હતો.’’ ત્યારે મહારાજ કહે, ‘‘એ તો તમારી રક્ષા કરવા સારું અમે આવ્યા હતા.’’ તે સાંભળીને સહુ રાજી થયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૨૫)*

## ● જેતલપુરના ગંગાકુંવર (ગંગામા)ની બે બહેનોનો ઈતિહાસ જોઈએ

નારદીપુરમાં શ્યામજી મહેતા રહેતા હતા. તેમના પુત્ર ભુદર મહેતા નામે થયા. તેમના ઘરે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ જેઓને ‘‘મા’’ કહીને બોલાવતા એવા જેતલપુરના ગંગાકુંવર (ગંગામા)નો જન્મ થયો. બીજી બે બેનો રળિયાતકુંવર, કશળીકુંવર ત્રણ પુત્રીઓ અને બે પુત્ર નાનાભાઈ અને જોઈતારામનો જન્મ થયો

હતો. તેમાં ગંગામાને તો આખો સંપ્રદાય ઓળખે છે. બીજા બેન રળિયાતકુંવર કે જેમને ઉનાવામાં પરણાવ્યા હતા. તેમના ઘરે શ્રીહરિ સાત વખત થાળ જમવા પધારેલા છે. અને કશળીકુંવરબાને મહેસાણા પરણાવ્યા હતા તે તેમના ઘરે શ્રીહરિએ સંતોને ખીચડીના દાતણ કરાવ્યા હતા.

- **ઉનાવાના પાટીદારની ભૂત યોનીથી મુક્તિ**

ગામ ઉનાવાનો એક પાટીદાર હતો. તેને મૃત્યુ સમયે સ્ત્રી સાંભરી તેણે કરીને તે ભૂત થયો. પછી કોઈક દિવસ સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી ગામ ઉનાવે આવ્યા. ત્યારે પટેલ રામદાસભાઈએ સ્વામીને કહ્યું કે, ‘‘અમારા ગામમાં તો મહા ફજેતી થાય છે.’’ તે સાંભળી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ રામદાસભાઈને પૂછ્યું કે ‘‘શેની ફજેતી થાય છે ?’’ ત્યારે રામદાસભાઈએ કહ્યું, કે હરિજનને ઘેર ડાકલા વાગે છે ને ભૂત ધૂણે છે તેનું કેમ કરીએ. ત્યારે સ્વામીએ કહ્યું કે, ગામ વિહારના પીતાંબર ત્રવાડી જ્યારે આવે ત્યારે તેને કહેજ્યો. ને તે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના શિષ્ય છે તે ભૂત કાઢવામાં જાણે છે. એટલે તે કાઢશે.

પછી પીતાંબર ત્રવાડી ઉનાવે આવ્યા ત્યારે હરિભક્તોએ પીતાંબર ત્રવાડીને કહ્યું કે ફલાણો હરિજન ભૂત થયો છે. તે સાંભળી પીતાંબર ત્રવાડીએ તે હરિભક્તને પૂછ્યું કે તું શા માટે ભૂત થયો છે ? તું કોણ છે ! ત્યારે તે ભૂતે કહ્યું કે તમે સારા માણસ થઈને આટલા બધા માણસો વચ્ચે મારી લાજ લેશો ! ત્યારે પીતાંબર ત્રવાડીએ કહ્યું કે તું મને કાનમાં કહી દે. પછી તે ભૂતે પીતાંબર ત્રવાડીને કાનમાં કહ્યું જે, અંત સમે સ્ત્રી સાંભરી તેથી હું ભૂત થયો છું ને હું ફલાણો પાટીદાર છું એમ નામ લીધું. પીતાંબર ત્રવાડીએ રામદાસભાઈને કહ્યું. ત્યારે રામદાસભાઈ બોલ્યા જે ભૂત તો જૂઠું બોલે ને બીજાનું નામ લે ને જેનું નામ લે છે તેણે તો કેટલાક

મહારાજના સમૈયા જોયા છે. ને જુનાગઢ મહારાજે સમૈયો કર્યો ત્યારે તે મારા ભેળા મહારાજના દર્શને આવ્યા હતા. ને તે ભૂત થાય તેવા નહોતા. ત્યારે તે ભૂત બોલ્યો જે, રામદાસ કાકા આપણે ફલાણા વર્ષમાં ઘરે ગોળ ભરવા ગયા હતા. ને પછી ત્યાંથી ગોળ ભરીને પાછા વળ્યા ને તમારી તપેલી રહી ગઈ તેને હું ત્રણ ગાઉથી લઈ આવ્યો. એવી એવી ઘણીક એંધાણીઓ આપી ત્યારે સર્વેએ સાચું માન્યું. પછી પીતાંબર ત્રવાડીએ કહ્યું કે તું બીજાને શા સારું વળગે છે. તારી બાઈડીને વળગને. ત્યારે તે ભૂત કહેવા લાગ્યું કે, તમો ડાહ્યા થઈને આમ શું બોલો છો ? જે અંત સમે એ સ્ત્રી સાંભરી તેમાં હું ભૂત થયો. ત્યારે એને વળગું તો મારા શા હાલ થાય. પછી પીતાંબર ત્રવાડીએ શ્રીજીમહારાજની વાતો કરીને સદ્ગતિને પમાડ્યો. *(દંઢાવ્ય દેશ લીલા દર્શન)*

● **શ્રીહરિને મળેલા ઉનાવા ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી રામદાસભાઈ પટેલ પિતા | પ.ભ.શ્રી કુબેરદાસભાઈ પટેલ |
| પ.ભ.શ્રી છલાભાઈ પટેલ પુત્ર | પ.ભ.શ્રી રળિયાતકુંવરબાઈ વિપ્ર |
| પ.ભ.શ્રી બાજીદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી નાનીબાઈ પટેલ |
| પ.ભ.શ્રી વણારસીદાસ પટેલ | પ.ભ.શ્રી મોટીબાઈ પટેલ |
| પ.ભ.શ્રી સંજયભાઈ પટેલ | પ.ભ.શ્રી હરખાભાઈ |
| પ.ભ.શ્રી રઘાભાઈ પટેલ | પ.ભ.શ્રી ચિનોભાઈ સુતાર |
| પ.ભ.શ્રી વાલજીભાઈ પટેલ | પ.ભ.શ્રી જેઠાભાઈ સુતાર |
| પ.ભ.શ્રી કાનદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી જેઠાજીભાઈ ભાટ |
| પ.ભ.શ્રી અવિચળદાસ પટેલ | પ.ભ.શ્રી રઘોજીભાઈ ભાટ |
| પ.ભ.શ્રી રુડાભાઈ પટેલ | પ.ભ.શ્રી બાપુજીભાઈ ભાટ |
| પ.ભ.શ્રી મુનદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી જીવાભાઈ રાવલ |
| પ.ભ.શ્રી કૃષ્ણદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી રઘુભાઈ પટેલ |
| પ.ભ.શ્રી વસનદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી કરશનદાસ પટેલ |

પ.ભ.શ્રી બેચરભાઈ રાવલ　　પ.ભ.શ્રી રૂપબાઈ વિપ્ર
પ.ભ.શ્રી રતનજીભાઈ રાવલ　　પ.ભ.શ્રી ફૂલકુંવરબાઈ

- **ઉનાવામાં પ્રસાદીના સ્થાનો**

**(૧) રામદાસભાઈનો મોટો માઢ :** રામદાસભાઈના માઢમાં જ્યારે શ્રીહરિ ઉનાવા પધારતા ત્યારે આ માઢમાં જ તેમનો ઉતારો હતો. એકવાર મહારાજ પધાર્યા ત્યારે ત્રણ દિવસ હિંડોળે ઝૂલ્યા હતા. અને શ્રીહરિનો થાળ સંતોની રસોઈ અહીં જ થતી ને શ્રીહરિ જમીને પીરસતા.

**(૨) વડ :** રામદાસના ઘર નજીક જ પ્રસાદીનો વડ આવેલો છે. ત્યાં મહારાજ રંગે રમેલા છે. સભાઓ કરી છે. તે જગ્યાએ તેની સ્મૃતિમાં ચરણારવિંદ પધરાવ્યા છે. જે મંદિરની બાજુમાં જ છે.

**(૩) રળિયાતકુંવરબાઈના મકાન :** આ રળિયાતકુંવરબા જેતલપુરના ગંગામાની સગી બહેન હતા અને અહીં તેમને પરણાવ્યા હતા. તે ઘરે શ્રીહરિ સાત વાર થાળ જમેલા છે.

**(૪) કુઈ :** આ કુઈનું જળ શ્રીહરિએ પીધેલું છે ને આ જળથી સ્નાન કરેલું છે. તે કૂઈ માઢ પાસે આવેલી છે.

**(૫) તળાવ :** અહીં શ્રીહરિ જ્યારે જ્યારે ઉનાવા આવતા ને રાત્રી રહેતા ત્યારે સંતો સાથે સ્નાન લીલા કરતા. આ તળાવની પાળે સંતો સહિત રાત્રી રહેલા છે.

(૬) **તળાવની પાળે વડ** : અહીં શ્રીહરિએ સભાઓ કરેલી છે ને ઘણી વાર વિરાજ્યા છે તેની સ્મૃતિમાં અહીં છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે.

(૭) **મંદિર** : હાલ નૂતન શિખરબધ્ધ મંદિર છે ત્યાં જ જુનું મંદિર હતું તેનું સિંહાસન કલાકોતરણીવાળું હાલમાં છે તે મંદિર સદ્ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ સંવત ૧૯૦૨ ની સાલમાં બંધાવ્યું હતું. ત્યારબાદ શિખરબધ્ધ ૬૦ વર્ષ બાદ ૧૯૬૨ ની સાલમાં સદ્ગુરુ સ્વામી દેવચરણદાસજીની પ્રેરણાથી ગામના સત્સંગીઓના સહકારથી ત્રણ ઘુમટવાળું આ મંદિર બંધાવેલું છે. તે મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના હસ્તકે થયેલી તેમાં રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ છે.

(૮) **પ્રસાદીના કેશ** : શ્રીહરિના માથા કેશ પણ પ્રસાદીના સાચવીને રાખ્યા છે. શ્રીહરિએ અહીં હજામત કરાવી હતી તે કેશનો મહિમા જાણીને સાચવી રાખ્યા છે.

(૯) **બાજોઠ** : શ્રીહરિ થાળ જમતા ત્યારે આ બાજોઠ ઉપર બેસીને જમેલા છે. તથા આ બાજોઠ ઉપર બેસારીને રામદાસભાઈએ પોતે શ્રીહરિને પુષ્કળ પાણીથી સ્નાન કરાવ્યું છે તેથી પ્રસાદીનો છે.

(૧૦) **પ્રસાદીના નખ** : શ્રીહરિ ઉનાવા પધારેલા ત્યારે વાણંદ પાસે નખ ઉતરાવેલા તે પ્રસાદીના

જાણીને સાચવી રાખ્યા છે.

**(૧૧) પ્રસાદીની થાળી-વાટકો** : આ પ્રસાદીની થાળી-વાટકો છે તેમાં શ્રીહરિ ઘણીવાર થાળ જમેલા છે.

**(૧૨) ગાડી** : શ્રીહરિ ઉનાવા પધારેલા ત્યારે તળાવ કાંઠે આ ગાડી ઉપર ગાદી તકિયા નખાવીને વિરાજમાન કર્યા હતા.

**(૧૩) ઢોલિયો** : શ્રીહરિ આ ઢોલિયા ઉપર ઘણીવાર બેઠેલા છે ને પોઢેલા પણ છે તેથી પ્રસાદીનો છે.

**(૧૪) કોઠી** : શ્રીહરિએ અગણોતરા કાળમાં કોઠી અખૂટ કરી હતી ને તેમાં દાણા ખૂટતા નહિ. પણ પાછળથી કોઈએ ભૂલથી કોઠીનું ઉપરનું ઢાંકણું ખોલી નાંખ્યું પછી દાણા ખૂટી ગયા. હાલ તે કોઠી ટૂટી જવાથી તે નથી.

● **નાનીબાઈના પ્રેમને વશ થઈ પ્રભુ ઉનાવા પધારતા**

શ્રીજીમહારાજ પ્રગટ હતા ત્યારે પણ ઘડી ભર બેઠા નથી. રાત્રી દિવસ સતત જ સત્સંગ અર્થે ઉત્સવ સમૈયા માટે વિચરતા જ રહ્યા છે. સંતો ભક્તોને આગમનથી આ ગામ અને વચ્ચે આવતા ગામમાં વિસામો લીધો હોય તો પણ પાદર ગામ લોકોને ભેગા કરી સભા કરી સત્સંગ ઓળખાવ્યો છે. તે પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પીરસ્યું છે.

એટલે જ આટલા ટૂંકા ગાળામાં માત્રને માત્ર ૪૯ વરસની આયુષમાં અગિયાર વરસ ઘરમાં વિતાવ્યા ને સાત વરસ વન-વિચરણ કરી સત્સંગમાં ૩૦ વરસના ટૂંકા ગાળામાં ગગનચૂંબી શિખરબંધ મંદિરો બાંધી પોતે જ બાથમાં સ્વરૂપો લઈ પધરાવ્યા. માત-પિતા, દેવો તથા પોતાના સ્વરૂપો પધરાવી પોતે જ પ્રતિષ્ઠાઓ કરી, આરતી ઉતારી ને બાથમાં સ્વરૂપો લઈને પોતે જ ભેટ્યા છે અને કહ્યું છે

આ મૂર્તિમાં અમો અખંડ નિવાસ કરીને રહ્યા છીએ. અમે કરેલી પ્રતિષ્ઠાઓના મંદિરોની સેવા જીવનપર્યંત અમારા આશ્રિતોએ કરવી.

શ્રીજીમહારાજ અનેક પ્રાંતમાં ફર્યા સમૈયા ઉત્સવ કર્યા અને સંતો-ભક્તોને ખૂબ સુખ આપ્યું. ગઢડાને પોતાનું ઘર માનીને રહ્યા ''ગઢડુ મારુ ને હું ગઢડાનો એ કદી નથી મટવાનો'' લીલુડા લીમડા નીચે વચનામૃતરૂપી આજ્ઞા, ઉપાસના, નિષ્ઠા, નિશ્ચય અને મહિમા ઘૂંટી ઘૂંટી પંચામૃતના પિયુષ સંતો-ભક્તોને પાયા છે. તેનો કેફ આજ સુધી સત્સંગમાં રગેરગમાં ઉતારી દીધો છે તેની ખુમારી આજે પણ વરતાય છે. સત્સંગી ભક્તોમાં જીવની સાથે વણાય ગયો છે.

એવા જ એક ભક્તરાજ દંઢાવ્ય દેશમાં ઉનાવા ગામે પ્રેમી ભક્તો નાનીબા અને રામદાસભાઈ તથા રઘુભાઈ આદિ ભક્તો મહારાજને અવાર-નવાર સમાચાર મોકલે કાં પોતે ત્યાં ઉત્સવ સમૈયામાં કોઈ ગામ આવે ત્યારે અથવા વડતાલ, ગઢડા જાય ત્યારે આમંત્રણ આપતા આવે.

આમ પ્રેમી જનોના સ્નેહરૂપી દોરીથી બંધાઈને એક દિવસ સમાચાર મોકલ્યા કે રામદાસભાઈ અમો તમામ સંતો-ભક્તો સાથે ઉનાવા પધારીએ છીએ. તો તમો તૈયારી કરાવી રાખજો અને આજુબાજુના ભક્તોને પણ તેડાવશો. આપણે ઉત્સવ કરવો છે.

આમ સમાચાર મળતા જ નાનીબા હરખભેર ખુશ થઈ ગયા. બહુ સારું મારા મહારાજ, આજ મારા આંગણિયે આવશે તેમ આનંદમાં હૈયાના હિલોળા સાથે ઘર સાફ કર્યા. આસોપાલવના તોરણ બંધાવ્યા મોતીઓના સાથિયા પૂર્યા, ટોડલે તોરણ બાંધ્યા, દિવા પ્રગટાવ્યા ખૂબ જ તૈયારી કરી. ભક્તો આજુ બાજુ ગામોથી આવવા માંડ્યા.

રામદાસભાઈ તથા રઘુભાઈ આદિ તથા સર્વ ગ્રામજનો સાથે મળી રસોડાની તૈયારી કરી. સર્વ સામૈયાની વાટ જોઈ રહ્યા હતા.

ક્યારે આવે ને સામા જઈએ. એવામાં સમાચાર આવ્યા ગામના પાદરે કાઠી દરબારોના ઘોડા આવવા માંડ્યા છે. જોતજોતામાં ઉનાવા ગામને પાદરે માનવ મહેરામણ ઉમટી પડ્યું. આબાલ-વૃધ્ધ નરનારી સૌ ઘરની બહાર આવી ગયા છે. પાદર ઉતારા કરાવ્યા ને રામદાસભાઈ ને નાનીબાએ ઘરેથી વાજતે ગાજતે શરણાયુંના સુરે તબલાના તાલે ત્રાંસા ઢોલ નગારા સાથે ભાઈઓ તથા બાઈઓ પાદર આવ્યા છે. સૌ ભક્તો આનંદમાં આવીને ઉત્સાહથી ધૂન-કીર્તન કરતા રામદાસભાઈને નાનીબાઈએ પોતાના ઘરે મહારાજને પધરાવ્યા છે. પેલા ગરમ પાણીથી ખૂબ જ નવડાવ્યા છે બાદ નાનીબાએ સુંદર મજાના શ્વેત વસ્ત્રો સોનાના-ચાંદીના તારે યુક્ત જામો સુરવાળ ને ત્રણ છોગલાવાળી પાઘ ને કાને કુંડળ હાથે મોતીના બાજુબંધ છે. ગળામાં સોનાનો હાર ધરાવ્યો છે. આમ સુંદર સુશોભિત વસ્ત્રો અલંકારો ધારણ કરાવ્યા છે. ત્યારબાદ નાનીબાએ શ્રીહરિ માટે થાળ બનાવ્યો હતો તે શ્રીહરિ પ્રેમથી જમ્યા ને સંતો-ભક્તો માટે રસોઈ બનાવેલી હતી. તેથી સંતો-ભક્તોની પંક્તિ થઈ ને શ્રીજીમહારાજે પોતે પંક્તિમાં પીરસીને ખૂબ જમાડ્યા ને બપોર પછીની સભા તળાવ કાંઠે ગામને પાદરે વડ નીચે બેઠક તૈયાર કરીને શ્રીજીમહારાજને વિરાજમાન કર્યા. ને શ્રીહરિએ સર્વના કથા-ઉપદેશરૂપી જ્ઞાન પીરસીને ભક્તજનોને ખૂબ બળિયા બનાવ્યા. આમ પ્રેમી ભક્ત એવા નાનીબાના પ્રેમને વશ થઈ મહારાજ પધાર્યા અને ભક્તજનોના મનોરથ સિધ્ધ કર્યા હતા. *(નારી રત્નો-૧૯)*

● **ધનાહરા (ધનેશ્વર) તળાવનું માહાત્મ્ય**

ઉનાવાથી મુબારકપુર જવાના રસ્તે રામદાસબાપાના ધનાહરા ખેતર પાસે ધનાહરાનું તળાવ છે. આ તળાવમાં એક દિવસ મહારાજે અદ્‌ભૂત લીલા કરી હતી. મહારાજને પ્રાંતિજ જવાનું હતું અને એક

ખાનગી કામે જવાનું હતું. તેથી મહારાજ તે દિવસે કોઈનેય જણાવ્યા વગર ડાંગરવેથી એકલા જ પધાર્યા હતા. રાત રામદાસ બાપાને ત્યાં રોકાઈ સવારે માણકી લઈને નીકળી પડ્યા. થોડા ભક્તો મહારાજને વળાવવા ધનાહરા તળાવ સુધી આવ્યા હતા. મહારાજ તે લોકોને કહે ‘‘હવે તમારે પાછા વળવું હોય તો વળી જાઓ મારે હવે અહિં સ્નાન કરવું છે.’’ લોકોએ મહારાજને કહ્યું ‘‘મહારાજ સ્નાન કરો પણ કિનારાથી વધું અંદર ન જતા કારણ કે તળાવના વચ્ચોવચ તળીયે ‘ગોઝારી-મગર-વેલ’ ઉગી છે. કોઈનો તે વેલ ઉપર પગ પડે તો તે પગે વિટળાઈ જાય છે. અને માણસ કે ઢોરને બહાર નિકળવા દેતી નથી. તેનો જીવ લઈને જ જંપે છે.’’ લોકો ‘‘ના.....ના’’ કહેતાજ રહ્યા અને માણકી સહિત તે તળાવડામાં પ્રવેશી ગયા. થોડા સમયમાં પાણીની સપાટી ઉપર પરપોટા આવવા માંડ્યા. લોકો આક્રંદ કરવા માંડ્યા અને પછડાટો ખાતા ખાતા માથાં કુટવા માંડ્યા. પરપોટા શાંત થઈ ગયા. પાણી હાલતું બંધ થઈ ગયું. લોકોએ કહ્યું ‘‘મહારાજે આમ ઓચિંતુ આત્મઘાતી પગલું જાણી જોઈને કેમ ભર્યું ?’’ અડધો કલાક વિતિ ગયો. મહારાજના શબને બહાર કાઢવા લોકો આસપાસના ખેતરે દોરડાં અને વાંસડા લેવા દોડ્યા.

એટલામાં બાજુના મકરોડવાળા ખેતરે કરસનદાસ પટેલ કામ કરતા હતા આ બધો કોલાહલ સાંભળી તેઓ દોડતા આવ્યા અને લોકો ના...ને...ના’’ કહેતા રહ્યા અને છલાંગ મારી પાણીમાં ગરકાવ થઈ ગયા. બનાવ એવો બન્યો કે આ કિનારેથી કરસનદાસ જેવા પાણીમાં પેઠા એની બીજી જ ક્ષણે સામે કાંઠેથી મહારાજ હસતા હસતા બહાર નિકળ્યા. થોડા સમય પછી કરસનદાસ પણ બહાર આવ્યા. મહારાજને મીઠો ઠપકો આપ્યો. ‘‘મહારાજ હું જીવના જોખમે તમને બચાવવા અંદર આવ્યો હતો. મારા પગે વેલ ચોંટી હતી છતાં તમારા પ્રતાપે બચી ગયો. જો મહારાજ હું મરી ગયો હોત

તો મારા બાલબચ્ચાનું શું થાત ? આવી જીવસટો સટની લીલા ફરી ન કરતા.'' મહારાજે સામો ઠપકો આપ્યો ''તારા જીવ કરતાં તેં મને વધારે કિંમતી માન્યો ત્યારે જ તું જોખમ લઈ તળાવડામાં પડ્યો ને ? હવે મારા કરતાંયે વધારે કિંમતી તું તારા 'બાળબચ્ચાં'ને માને છે ? આ તો ગ્રામજનો કરતાં તને મારા ઉપર કેટલો વધારે પ્રેમ છે તેની મારે પરીક્ષા કરવી હતી.

આજથી તારાં બાળબચ્ચાં એ તારાં નહિ મારાં છે. અને એ બચ્ચાં તારાં નહિ મારા ગુણગાન યુગો સુધી દેશદેશાવરમાં કરતાં રહેશે. એમના યોગક્ષેમની જવાબદારી હવેથી મારી છે. હું પ્રસાદનો નહિ પ્રેમનો ભુખ્યો છું. ત્યાર પછી કરસનદાસે મહારાજની મકરોડના વૃક્ષ નીચે પધરામણી કરાવી અને મહારાજને કુંણીકુંણી કાકડી ધરાવી. ત્યાર બાદ કરસનદાસે મહારાજને પુછ્યું ''મહારાજ મારી પરીક્ષા કરવા આ લીલા કરી તે વાત તો મને સમજાણી. પરંતુ પાણીમાં અડધો કલાક સુધી કેમ રોકાઈ રહ્યા તે વાત મને નથી સમજાતી. મહારાજ કહે ''આ તળાવડાની વચ્ચોવચ્ચ એક નાનકડી દેરી છે. તે દેરીમાં કુબેર ભંડારી રહે છે. અહીંથી જેટલી વખત હું નીકળું તેટલી વખત કુબેર ભંડારી મને કહે ''મહારાજ, એક વખત તો અમારું પુજનઅર્ચન સ્વીકારો'' તેમના આગ્રહને વશ થઈ હું તેમનું પૂજન અર્ચન સ્વીકારવા અંદર રોકાઈ રહ્યો હતો તેથી બહાર આવતાં મોડું થયું. આ તળાવડાનું નામ તેમના નામ ઉપરથી જ પડેલ છે. પરંતુ લોકો ધનેશ્વરા એટલે કુબેરજી તેને બદલે અપભ્રંશ કરીને ધનાહરૂ ધનોહરૂ કહે છે. મારી લીલાને યાદ કરી જો કોઈ તેમાં સ્નાન કરશે તેને કરોડો વખત ગંગાસ્નાન કરવાનું ફળ મળશે.'' ગઈ પેઢીના પૂર્વજો વારતહેવારે ગામથી ૧ કિમી દૂર ઉગમણે આવેલા આ તળાવડે નહાવા જતા હતા.

આઝાદી મળ્યા પછી ઉનાવા આશ્રમના અધ્યસ્થાપકશ્રી સોમાલાલ મહેતાએ ઉનાવાના પ્રથમ સરપંચ અને ઉનાવા આશ્રમના

પ્રથમ અધ્યક્ષ શ્રીજીના પરમ ભક્ત સ્વ. આદરભાઈ ભુલાભાઈ પટેલ પાસે આ તળાવડાના મધ્યના કાંપમાં ઉંડુ ખોદકામ ઉનાવાના પરમ ભક્ત સ્વ. લાલભાઈ વિઠ્ઠલભાઈ પટેલના ટ્રેક્ટર દ્વારા કરાવ્યું હતું. અને છ કલાકની જહેમતને અંતે કુબેરજીની મૂર્તિ (કે જેણે મહારાજની પૂજા અર્ચના કરી હતી તે મળી આવી) આ મૂર્તિ અત્યાર સુધી સોમાલાલ મહેતા તેમની સન્મુખ પિંપળા હેઠળ રાખતા હતા. તેને છેલ્લી અવસ્થામાં તેઓ એ ગામના મહાદેવે પધરાવી છે. વિશ્વમાં ધનેશ્વર (કુબેરજી)ની માત્ર બે જ મૂર્તિ છે. એક ચાણોદ કરનાળીમાં અને બીજી ઉનાવામાં !

● **દશ ગામ લેઉઆ પાટીદાર સમાજની અન્ય સમાજોને અપૂર્વદેન**

સ્વામિનારાયણ ભગવાનના સમયમાં ઉનાવા ગામ એ 'બોતેર ગામ લેઉઆ પાટીદાર સમાજ'નું ગામ ગણાતું. ઉત્તરમાં મુખ્યમંત્રી આનંદીબેનનું ખરોડગામ, દક્ષિણમાં કાળીગામ, પૂર્વમાં દહેગામ અને પશ્ચિમમાં વાલમ ગામ વચ્ચે આવેલા ''બોતેર ગામનો - ગ્રામસમુહ'' તેના કુરીવાજો માટે વધુને વધુ કુખ્યાત થઈ રહ્યો હતો ત્યારે પ્રભુ સ્વામિનારાયણે, સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ પૂ. રળીયાતબાએ, કુળગુરુ વ્રજેરામ મહેતાએ તથા ઉનાવાના પાટીદાર અગ્રણી રામદાસબાપા વિગેરેએ ભવિષ્યની સરકારને કાયદો ઘડવાની ફરજ પડે તેટલી હદે સમાજ સુધારણાનું જલદ આંદોલન છેડ્યું હતું. ઉનાવાના સંસ્કારી પાટીદારો આત્માનંદ સ્વામી અને તેમના શિષ્ય રામાનંદ સ્વામીના પહેલેથી જ આશ્રિતો હતા, બોતેર સમાજના રીવાજો ખોટા છે, આ બધુ ખોટું થઈ રહ્યું છે તે જાણવા છતાંયે એકલા પડી જવાશે તો આપણને કોઈ દિકરી નહિ આપે તો ? આપણી દિકરીઓને બાકીના ઈકોતેર ગામવાળા નહિ સ્વીકારે તો ? ભવિષ્યે રાજ તરફથી તકાદો આવે અને ગામ છોડી બીજે આશ્રય ખોળવાનું

થાય તો તે વખતે બાકીના ગામવાળા ન પેસવા દે તો ? આ બધી શકવર્તિ શક્યતાઓમાં ઉનાવા ગામ બાકીના ગામોની જેમ ના મરજી છતાંયે કુરીવાજોમાં ઢસડાયે જતું હતું.

આ બોતેરગામના કુરીવાજો પણ કેવા ? સાંભળીને શ્વાસ થંભી જાય તેવા ! વર વિક્રય થતો, જાનૈયાઓ માટે છાંટો પાણીની વ્યવસ્થા કરવી પડતી, બીભત્સ ફટાણાં ગવાતાં, ઘોડાની નાથ ઝાલવાનો રીવાજ તો આંખે પાણી લાવી દે તેવો હતો. ખેતમજુર કે ગરીબ પિતાએ પોતાની છોકરીને ફરજીયાત બોતેરગામમાં જ પરણાવવી પડતી. લગ્નનો ખર્ચો ઉઠાવવાની શક્તિ ન હોય તો કંકુની કન્યા કરીને ધનવાન પિતાના દિકરાને વગર વિધિએ ‘ઉપપત્ની’ તરીકે આપી દેવાની ! કોઈ મોટા જમીનદારનો કે બહુજ ધનવાનનો દિકરો વરરાજો બનીને ઘોડા ઉપર બેસીને પરણવા જતો હોય ત્યારે. રસ્તામાં વાટ જોઈને ઉભેલો ગરીબ બાપ તે ઘોડાની નાથ પકડી લેતો અને ઘોડેશ્વાર વરરાજાને પોતાને ઘેર લઈ જઈને પોતાની કન્યા ‘ઉપપત્ની’ તરીકે આપી દેતો. વરરાજા જો તેને સ્વીકારવાની ‘ના’ પાડે તો તેના કુટુંબને માથે મોટી આફત આવે તેવી દઢ માન્યતા હતી. તેથી તેના કુટુંબીજનો અને ભાયાતો પણ ‘ના’ પાડવાને બદલે સહર્ષ તે કન્યાને સ્વીકારીને તે ઉપપત્નીને જાનડીયો ભેગી સામેલ કરી દેતા. ઘણી વખતતો ઉનાવાનો પૈસાદારનો નબીરો વરરાજો વાલમ ગામની કન્યાને પરણવા ગયો હોય તો પાછા વળતાં ચાર પાંચ ઉપપત્નીઓને પણ સાથે લેતોઆવે. વરરાજાની માએ તેને ફરજીયાત પોંખીને વધાવી લેવી જ પડતી. ‘ના’ પાડે તો સમાજ તે ‘ઘર’ને નાત બહાર મુકે. આવા સ્ત્રીઓ વિરૂદ્ધના જુલમી અને અન્યાયી રીવાજને કારણે ઘણી વખત તો ‘ધનવાન પિતા કે બીગડે હુએ બેટે’ કે ધરમે છ છ ને સાત સાત કન્યાઓ ભેગી થઈ જતી. બીજી તરફ ગરીબ હોવાને કારણે સંસ્કારી અને હોંશિયાર મુરતિયા બીચારા કુંવારા રહી જતા.

હજીયે ઉત્તર ગુજરાતનું એક ગામ આ રીતે 'વાંઢાઓના ગામ' તરીકે ઓળખાય છે ! આવું બધું થતું તેનું કારણ વર અને કન્યાની સંખ્યા સરખી યાને ૫૦% - ૫૦% હતી. કોઈ પાટીદારે કદીયે કન્યા હત્યા કરી નથી છતાંયે બેલેન્સ જળવાતું નહોતું. આ બેલેન્સ સરખુ કરવા મુરતીયાઓ ડાંગ જેવા ગમે તે જંગલ વિસ્તારમાંથી ગરીબની કન્યાને 'વેચાતી' ખરીદી લાવતા. અને પોતાનો વંશ આગળ ચલાવતા. 'વીસ વાસા મોસાળ ના' એ નૃવંશ વિજ્ઞાન અને ગીતાના ઉપદેશ પ્રમાણે રામદાસબાપા જેવા સમાજના જાગૃત અગ્રણીઓએ સમાજને સમજાવવા ઘણો જ પ્રયત્ન કર્યો. પણ તે નિષ્ફળ રહ્યો. સૌને ડર હતો ! 'બીલાડીને ઘંટ બાંધે કોણ !'

મહારાજ ઉનાવે પધાર્યા ત્યારે સૌ પહેલાએ મહારાજ આગળ બળાપો ઠાલવ્યો. ''મહારાજ, સમાજના આવા ક્રુર અને ઘાતકી રીવાજથી અમો કંટાળી ગયા છીએ. અમો તમારા હોવા છતાંયે તમારાજ વચનને ઉથાપીને નાતીલા સગાવહાલાઓનું અમારે કહ્યું માનવું પડે છે. દારૂનું ટીંપુ અમારા કિંમતી જોડાં ઉપર પડે તોયે તે જોડાને ફેંકી દેનાર એવા અમો જાતે જ મનમાં આવેલા દારૂડીયા વેવાઈને આગ્રહ કરી કરીને દારૂ પિવડાવીએ છીએ. લસણની વાસથી સો સો ગાઉ છેટે ભાગનારા અમો જાતે કમંડળમાંથી 'લસણની ડબલ તડકા દાળ' પીરસીએ છીએ. મહારાજ આપતો અંતર્યામી છો. અમારા દિલ ઉપર શું વીતતું હશે તેનો અંદાજ આવી ગયો હશે. આપ ઉપાય બતાવો તો સારૂ.'' મહારાજ મીઠું મીઠું હસ્યા ''મારા ભોળા પટેલો તમો સાવ ભોળાને ભોળા જ રહ્યા. મારા ગુરુ રામાનંદ સ્વામીએ તમારા ઉપર કાયમી મોટો ઉપકાર કરીને એક સંકટોની જીવતી ચાવી તમોને આપી છે. તેનો ઉપયોગ કરોને, તે તમારૂં સંકટનું તાળુ તુરત જ ખોલી નાખશે !

પટેલ વસનદાસ કહે ''મહારાજ જરા સમજણ પડે તેવું બોલો તો ખબર પડેને. આ સંકટોની જીવતી ચાવી' કોણ ? ચાવી તો લોખંડની હોય તે કદી જીવતી હોય ?''

મહારાજ કહે ''ના ઓળખી તે ચાવીને ? તે ચાવી એટલે અમારાં માસી... રળીયાત બા'' હરડડહટ કરતા બધા આગેવાનો મહારાજની પાછળ પાછળ હાલ શિખરબંધ મંદિર છે ત્યાં રળીયાતબાને ઘેર આવ્યા. રળીયાતબા સફાળા જાગી ગયાં. દિકરી ફૂલકુંવરે, જમાઈ લાલશંકરે તથા ભાણા વ્રજેરામ મહેતાએ ફટાફટ મહારાજ માટે પાટ ઉપર ગાદી તકિયો મુકીને પટેલો માટે પાથરણાં પાથરી દીધાં અને મહારાજની આરતી ઉતારી. પછી મહારાજે રળીયાતબાને મશ્કરીમાં ટોણો માર્યો. ''માસીબા, તમારા આ ભોળા બાલુડાઓને માથે સમાજનું આટલું મોટું દુઃખ હોય અને તમો આમ નિરાંતે નસકોરા બોલાવો તે સારૂં નહિ !'' રળીયાતબા એક અચ્છા રાજકારણીની દિકરી હતાં અને વિદ્વાન હતાં. તે સમજી ગયાં મહારાજ, મને નિમિત્ત બનાવીને પોતેજ મોટું કંઈક ભગીરથ કામ કરવા માગે છે. તેમણે મહારાજને ગુલાબનો હાર પહેરાવતાં પહેરાવતાં શબ્દનો ગાળીયો ગળામાં પહેરાવી દીધો ! ''મહારાજ, તમોજ કપટી કાન હતા. તમારી લીલા હું સમજી ગઈ છું. તમારી મરજી વિના તો કોઈનાથી તરણુંયે ન તોડાય. બોલો મહારાજ મને નિમિત્ત બનાવીને આ અલ્પમતિ નાગરાણી પાસે આપને કઈ રાજકીય સોગઠી મરાવવી છે ? જે બુદ્ધિ આપશો તે બુદ્ધિ મહારાજ આપનીજ હશે મારી નહિ હોય તેવી મને શ્રદ્ધા છે. અને મારી શ્રદ્ધાને આપે અમારા નરસૈયાની જેમ આજદિન સુધી કદીયે ખોટી પડવા દીધી નથી. તે આપની કરૂણા છે.'' અમારે નાગરોએ તો માત્ર હુંડી ગાવાની જ હોય, પણ તે સ્વીકારવાની તો જવાબદારી મહારાજ તમારી જ ને ? બોલો હું સાચું કહું છું ને મહારાજ ?''

બધુ હસતાં હસતાં મહારાજ કહે ''માસીબા, આ પટેલોને સમાજ બહુ કડક અને સંપીલો હોય છે. તેમના રીવાજમાં કોઈ સહેજપણ ખલકું મૂકવા જાય તો તેમનું પંચ તુરતજ તેને ભારે દંડ ફટકારે છે. ભૂલ કરનારની છોકરીને પિયર મોકલી દેવાની અને તેની વહુઓ ને પિયરીઆઓ એ તુર્તજ પરત લઈ જવાની ફરજ પાડવામાં આવે છે. વરરાજો પરણવા આવ્યો હોય અને ફેરાફરી રહ્યા પછી સાસુનો છેડો પકડે ત્યારે તે જે માગે તે અગ્નિની શાખે સાસુએ આપવું જ પડે ''ના'' પાડે તો વર લીલાતોરણે પાછો જાય તે કન્યાને જીવનભર કુંવારા રહેવું પડે છે. ઘણી વખત તો માસીબા, આ વરરાજા પોતાના મોટા ઢાંઢા વાંઢા ભાઈને માટે પોતાની પંદર વર્ષની કુમળી સાળી માગે તો તે પણ તૂર્તજ આપી દેવી પડે છે અને તે જ મ્હોયરામાં તેનું પણ કન્યાદાન કરી દેવું પડે છે. ચોથા છેલ્લા ફેરે ક્ષેત્રપાલના પથ્થરને જમણો પગનો અંગુઠો અડકાડતી વખતે બનેવીનો અંગુઠો પકડી લઈને સાળો મોંમાગી મોટી રકમો પડાવી લે છે. કન્યાને ઘેરથી વરરાજાને ઘેર જતાં લગ્ન પડાને લૂંટારા લૂંટી લે તો મોટો અવજોગ ગણાય છે અને તે લગ્ન આપ મેળે ફોક થઈ જાય છે. ઘણા કન્યાના તેજો દ્વેષિઓ પાસે રહીને લગ્ન લુંટાવે છે. પરણવા આવેલો વરરાજો બસો, પાંચસો હજાર એવી ચાંલ્લાની રકમ ગણી લીધા પછી જ તોરણે આવે છે. નહિતર મીંઢળબંધી છોકરી જીવનભર રખડી પડે છે. મારા અક્ષરધામ તુલ્ય 'નારાયણઘાટ'ને મૂકીને અન્ય ઘાટો ઉપર જઈ પટેલો તેમના માતાપિતાને અગ્નિદાહ દે છે. એક તરફ પોતાની ભક્તિમાતા જેવી 'મા' ની ચેહ ભડભડ બળતી હોય ત્યારે બીજી તરફ ભાયા તો લાડુ ઝાપટતા હોય છે. પોતાનો બાપ, મા, ભાઈ, કે દિકરો ગુજરવાને લીધે ઘરનો મોભી ધ્રૂસકે રડતો હોય છે ત્યારે ગામે ગામથી કાણ મોકાણો આવેલાઓ મગરનાં આંસુ સારીને પાછા જતાં હોય તે વખતે ઘરના મોટેરાઓએ જ્ઞાતીના આગેવાનોને રોકી રોકીને

"મારા સમ.. મારા સમ..." કહી કહીને અફીણ આગ્રહ કરીને પાવું પડે છે. ભલે એકનો એક દિકરો નખ્ખોદ ઘાલીને મરી ગયો હોય પણ જો તેનો બાપ કાણ મોકાણમાં "અફીણની વાડકી અને પુંમડુ" જ્ઞાતિ આગેવાનોને ના આપે તો સમાજ બાપ સમેત તે આખા કુટુંબને મોટો દંડ ફટકારે છે. જો રોકડમાં તે ગુનેગાર બાપ દંડ ન ભરે તો એક વિઘો જમીન 'જ્ઞાતિપંચ'ને ખાતે કરી દેવા ફરજ પાડવામાં આવે છે. અને આવા જ્ઞાતિ ગુનેગારોનું લીસ્ટ ચૌધરી પટેલ સમાજ, તમામ કડવા પાટીદાર સમાજો, ડુંગરીયા પાટીદાર સમાજો, કોળી પટેલ સમાજો, કાછીયા પાટીદાર સમાજો, કલાલ પાટીદાર સમાજો જેવા ગુજરાતના તમામ પટેલ સમાજોને દર વર્ષે આવું, દંડીત ગુનેગારોનું લીસ્ટ અને સજાના ઢંઢેરાની નકલો અચૂક મોકલવામાં આવે છે. તમારો પટેલ બીચારો 'સમસ્ત પાટીદાર સમાજ નામના' ઈટવાડામાંથી ઢોરું રખડતું થઈ જાય તેવો થઈ જાય છે. કેટલાક તો બીચારા વખઘોળે છે. તો કેટલીક બહેનો કૂવા પુરે છે. માસીબા, તમારે હવે આજે તમારી બુદ્ધિની તલવાર તાણવી જ પડશે. નહિ ચાલે."

રળીયાતબા બોખું બોખું હસતાં માત્ર એટલું જ બોલ્યા 'મહારાજ, તમે મનુમહારાજ પાસે મનુસ્મૃતિમાં લખાવ્યું છે 'संघे शक्तित फलयुगे' પહેલાં આપણો 'સંઘ' બનાવીને શક્તિ ઉત્પન્ન કરીએ. જે કોઈ મહારાજ, તમારા સંઘમાં રહેવા માગતા હોય તેઓની લેખીત ખાત્રી મેળવી લઈએ કે "અમો સ્વામિનારાયણના સંઘવાળા એક સંપ થઈ એક બીજાને મદદ રૂપ થઈ મોટી નાતની સામું જે કાંઈ નિર્ણયો લેવાશે તેમાં અડગ રહીશું. પાછી પાની કર્યા વગર શિક્ષાપત્રી પ્રમાણેના જ બધા વહેવારો કરીશું. ભલે પછી મોટી નાતવાળા આપણને નાત બહાર મૂકે કે ફાંસીએ ચડાવી દે". મહાનુભાવાનંદ સ્વામી ઉત્તર ગુજરાતના જ વતની હતા. પાટીદારોની રગે રગના જાણકાર હતા તથા તેઓ આગમ પણ ભાંખી શકતા હતા.

લાલશંકર, વ્રજેરામ વિપ્ર, મહાનુભાવાનંદ સ્વામી તથા ઉનાવાના પાંચ પટેલો ઉત્તરમાં ખરોડ સુધી ઉગમણે દહેગામ સુધી અને આથમણે વાલમ સુધી જઈ આવ્યા. પણ કોઈ પટેલો આ 'નવા સંઘ'માં જોડાવવા માટે તૈયાર થયા નહિ. ઉલ્ટાના તેઓને ડરાવ્યા.''

સૌ નિરાશ થઈ ઉનાવે પરત આવ્યા અને મહારાજના પગ આગળ લોથપોથ થઈને બેસી ગયા. મહારાજે માસી રળીયાતબાને ટોણો માર્યો ''માસીબા, તમારી બુદ્ધિની તલવારે કે મારા મહાનુભાવાનંદ સ્વામીના ઉપદેશે કાંઈજ કામ ન કર્યું. આ ઉપાય તો જંગલી હથીયાર 'બુમરેંગ' જેવો સાબિત થયો ! હવે અમદાવાદ બાજુનાં દસ પંદર ગામ બાકી છે. ત્યાંના પાટીદારો પણ આ લોકોની જેમ ડરી જ જવાના ને ? જો તે લોકો ડરી જશે તો ઉનાવાના પાટીદારો બોતેરના આગેવાનોની નજરે ચડી ગયા છે. હોળીનું નાળીયેર તે લોકો બન્યા છે. આગેવાનો તેમને છોડશે નહી હવે ઘાણ કાઢી નાખશે.'' મહારાજે આમ કહીને માસીની પરિક્ષા કરવા તેમને ડરાવ્યાં !

માસીએ ક્રોધાગ્નિ ભર્યું ચંડી સ્વરૂપ ધારણ કર્યું. ''મહારાજ તમારા બેઠાં ક્યા આગેવાનની તાકાત કે મજાલ છે કે ઉનાવાના મારા આ સહેજાનંદીસિંહોનો વાળ પણ વાંકો કરી શકે ? મહારાજ આપ રજા આપતા હોવ તો એક છેલ્લે ઉપાય મારે કરવો છે.'' મહારાજ કહે ''માસી, ગમે તે દવા કરો ઉપાય કરો પણ મારે 'મારાઓનો' એક જોરદાર સંઘ તૈયાર કરવો છે. અને એ સંઘનું લશ્કર એવું તૈયાર કરવું છે કે ગમે તેવા ધર્મ યુધ્ધમાં તે પાછું ના પડે અને જ્યાં જાય ત્યાં ધર્મનો વિજયધ્વજ ફરકાવતું જ આવે.'' માસીબા કહે ''જુઓ ત્યારે મારો આ છેલ્લો અકસિર રામબાણ ઈલાજ'' તેમણે ભાણીયા વ્રજેરામ પાસે મહારાજની મોજડી મંગાવી અને રૂમાલ પાથરી તેમાં મહારાજની મોજડીયે ચોંટેલી 'પગરજ' ખંખેરી તે રજની નાની

પોટલી બાંધી. પછી ઘરમાંથી એક કથરોટ મંગાવી. તેમાં મહારાજના પગ પખાળી તે ચરણામૃત એક ઘડામાં ભરી લીધું. મહાનુભાવાનંદ સ્વામીએ ફટાફટ લીસ્ટ બનાવી દીધું. (૧) વાવોલ (૨) ધમાસણા (૩) કલોલ (૪) ઝુંડાલ (૫) બુડસ્થલીપુર (અંબાપુર) (૬) પોર (૭) ચાંદખેડા અને (૮) કાળીગામ જવાનું નક્કી થયું મહારાજને દંડવત કરી માજીની યોજના મુજબ ગામના પાંચ પટેલો આ આઠેય ગામની ભાગોળે મહારાજના પગરજની ચપટી ચપટી રજ પધરાવતા આવ્યા અને તે દરેક ગામના મુખ્ય કૂવામાં મહારાજનું પગપખાળેલું ચરણામૃતનું થોડું થોડું પાણી પધરાવતા આવ્યા અને પછી તો મહારાજના પ્રતાપનો એવો જાદુ ચાલ્યો કે તે સૌ પાટીદારો મહારાજના અનન્ય આશ્રિતો થયા. મહારાજને મહાનુભાવાનંદ સ્વામીને, છલાબાપાને અને રળીયાતબાના ભાણેજ વ્રજેરામને આજ્ઞા કરી હતી કે ‘‘અંધશ્રધ્ધાને સહેજપણ પોષણ ન મળે અને મારી સનાતન સિધ્ધાંતને પુષ્ટી મળતી રહે તેવું જ્ઞાતિય બંધારણ ઘડજો’’ રળીયાતબાએ નવે નવ ગામમાં પોતાના સગાવહાલા પવિત્ર નાગરોને કુળગુરૂ તરીકે નિમ્યા જેમ કે - કાળીમાં કાંતિલાલ રાવળ, ઝુંડાલમાં સુરેશભાઈ મહેતા, અંબાપુરમાં બચુભાઈ મહેતા, ધમાસણામાં રમણભાઈ મહેતા વિગેરે હવે સત્સંગી હોવાથી દશમું કુંડાસણ ગામનો નવમાં સમાવેશ થયો. આ સમાજ ‘‘દશગામ લેઉઆ પાટીદાર’’ તરીકે વિશ્વવિખ્યાત બન્યો છે.

આ સમાજના નિર્માણમાં જેતલપુરનાં ગંગાબાના બહેન રળીયાતબાએ, તેમના ભાણેજ વ્રજેરામ મહેતાએ અને મહાનુભાવાનંદ સ્વામીએ પાયાના પથ્થર બનીને કામ કર્યું છે.

આ દશે દશ ગામના કુળગુરૂઓ તરીકે રળીયાતબાએ નિમેલા નાગર બ્રાહ્મણો અથવા તેમના પ્રતિનિધીઓ જ ધાર્મિક વિધિઓ કરાવે

છે અને તેઓ શ્રીજીએ પ્રબોધેલ 'પુરૂષસુક્ત'ની રીતિ પ્રમાણે અને 'સાકાર ઉપાસના'ની વિધિ પ્રમાણે જ. જે અન્ય બ્રાહ્મણોની 'પરોન શાસ્ત્ર અવલંબિત વિધી'થી અલગ પડે છે.

અઢારમી સદીમાં જ્ઞાતિ અક્ષમતા નિવારણ ધારો ઈ.સ. ૧૮૫૦, હિંદુ વિધવા પુનલગ્નધારો ઇ.સ. ૧૮૫૬ દેશી લગ્નવિચ્છેદ ધારો ૧૮૬૬, હિંદુ પુખ્તવય ધારો ૧૮૭૫ અને પાલકપાલ્ય ધારો ૧૮૯૦ જેવાં ધારાઓ ઘડાયા તેમાં મુખ્ય નિમિત્ત દશ ગામ લેઉઆ પાટીદાર સમાજ અને તેના આગેવાનો હતા. તેનો રસપ્રદ ઈતિહાસ છે. રાજકોટમાં એરણ સાહેબને મહારાજ મળ્યાં તેજ દિવસે ઉનાવાના પટેલોનો સંઘ જુનાગઢ જઈ રહ્યો હતો. મહારાજના દર્શન કરવા કચેરીની બહાર ઉનાવાના ભક્તો સાથે વ્રજેરામ વિપ્ર પણ હતા. તે વખતે ''ભારતની સામાજીક સ્થિતિ'' એ વિશે બ્રિટનની જનતાને માહિતગાર કરવા માટે 'બેન્જામિન રોઝ' નામનો એક અંગ્રેજ પત્રકાર ત્યાં આવ્યો. તેણે વ્રજેરામ વિપ્રને 'ચોટલીવાળા પાદરી' તરીકે સલામ આપી એક બાજુએ લઈ ગયો અને દુભાષિયા દ્વારા વ્રજેરામનો અને દશ ગામ લેઉઆ પાટીદાર સમાજના પાંચ આગેવાનો નો ઈન્ટર્વ્યુ લીધો. મહાનુભાવાનંદ સ્વામીએ અને વ્રજેરામ સમાજ આગેવાનોનો અને ક્રુર રીવાજોનો સમાજ ઉપર કેવો ત્રાસ હતો. અને કઈ રીતે આ સમાજને સુધારવાની જરૂરીયાતો છે તે વિશે તથા સરકારના દબાણ અને કાયદા વગર આ સમાજ સુધરે તેવો નથી તેવું ઉનાવાના પટેલોએ અને વ્રજેરામ મહેતા અને મહાનુભાવાનંદ સ્વામીએ ભારપૂર્વક જણાવ્યું. આ લેખમાં શરૂઆતમાં જે વિચિત્ર ત્રાસદાયક રીવાજો હતા તેનો પેલા પત્રકારે માત્ર ઈંગ્લેડમાં જ નહિ પરંતુ અંગ્રેજ શાસિત તમામ દેશોમાં જોરદાર પ્રચાર કર્યો. તેનો મોટો પડઘો પડ્યો. બ્રિટનની સંસદમાં ચર્ચા થઈ. ત્યાંથી તપાસ સમિતિ નિમાઈને આવી ભારતમાં ! તે માનવતાવાદી અંગ્રેજ સમિતિએ હિંદુ જ્ઞાતિય

રીવાજોમાંથી ક્રુરતા નિવારણ માટે (૧) કાશીમાં વિર મિત્રોદયા નિર્ણયસિંધુનો (૨) મિથિલા નગરીમાં-વિવાદ ચિંતામણી રત્નાકરનો (૩) મુંબઈમાં વ્યવહાર મનિષા નિર્ણયસિંધુનો અને (૪) મદ્રાસમાં સ્મૃતિચંદ્રિકા માધવ્યમ્નો અભ્યાસ કરી દેશના ખુણે ખુણેથી આવા 'બોતેરા' જેવા ક્રુર સમાજોની માહિતી મેળવી. સુધારા સૂચવ્યા. તે લોકો અંગ્રેજો હોવા છતાંયે દબાયેલા અને કચડાયેલા ધાર્મિક હિંદુઓ માટે લાગણીશીલ બન્યા. કેટલાકોએ 'પ્રિવીકાઉન્સીલ'માં રજૂઆતો કરી તેને કારણે સંખ્યાબંધ ક્રુર અત્યાચારો અંગ્રેજ સરકારના અને ન્યાય સંસ્થાઓના અને બ્રિટિશ પાર્લામેન્ટના ધ્યાન ઉપર આવ્યા અને તે ઉપરથી અત્યારે આપણે અતિ આધુનિક હિંદુકાયદાઓનો લાભ લઈ રહ્યા છીએ. આમ દશગામ લેઉઆ પાટીદાર સમાજ, તેના કુળગુરૂ વ્રજેરામ મહેતા અને પૂ. મહાનુભાવાનંદ સ્વામી માત્ર પટેલ સમાજ જ નહિં પરંતુ સમસ્ત હિંદુ સમાજના હિતના કાર્યમાં નિમિત્ત બન્યા હતા. માટે તો દશગામ પટેલ સમાજ આજ પણ ગર્વથી ગાય છે કે ''હરીનો મારગ છે શુરાનો... નહિ કાયરનું કામ જો ને....''

● **નરસિંહ મહેતા અને તેમના પૂર્વજોનો ઈતિહાસ**

મહાભક્તરાજ નરસિંહ મહેતાના પૂર્વજોનો થોડો ઈતિહાસ જોઈએ. ઈ.સ. ૧૧૬૦ ની આસપાસ વડનગર પર ક્ષત્રિય શાસનનો અંત આવતા વડનગરના નાગર-બ્રાહ્મણો વડનગર છોડવા લાગ્યા.

આ સમયે નરસિંહ મહેતાના દાદા પુરુષોત્તમદાસના દાદા ભાણજી પંડ્યા હતા. તેમના ધર્મપત્ની રમાકુંવર હતા. તેઓ વડનગરમાં આવેલા હાટકેશ્વર મહાદેવના પરમ ભક્ત હતા. ભાણજી પંડ્યા એકવાર વડનગરમાં હાટકેશ્વર મહાદેવનું પૂજન કરતા હતા. શિવભક્તિમાં તલ્લીન હતા.

તે સમયે ભાવનગર જીલ્લાના તળાજા પ્રાંતના નાગાર્જુન રાજા ત્યાં આવ્યા. તેમને પાંચ પત્ની હોવા છતા પુત્ર ન હતો અને પુત્ર

પ્રાપ્તિ માટે તેમણે ૧૦ પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યા છતાં કોઈ સંતાન થયું ન હતું. પચાસ વર્ષની ઉંમરે પહોંચવા આવ્યા હતા. સંબંધીજનોએ કહ્યું, ''કોઈ પવિત્ર બ્રાહ્મણના હસ્તે પુત્રેષ્ટિ યજ્ઞ કરો તો પુત્ર પ્રાપ્ત થાય.''

આ નાગાર્જુન રાજા પવિત્ર બ્રાહ્મણની શોધમાં સં. ૧૩૬૨ ચૈત્ર સુદ-૧૪ વડનગર પહોંચ્યા. જ્યાં ભાણજી પંડ્યા શિવપૂજનમાં તલ્લીન હતા. તે હાટકેશ્વર મહાદેવના મંદિરે તેઓ ઉદાસ ચહેરે બેઠા. સુજ્ઞ ભાણજી પંડ્યા રાજવંશનું દૈવત અને ઉદાસી તેમના મુખની રેખા પરથી પારખી ગયા. પછી આવવાનું કારણ પૂછ્યું.

ત્યારે નાગાર્જુન કહે, ''આજે ધરતીપર પુત્રકામેષ્ટિ યજ્ઞ દ્વારા મારી પુત્રેષ્ણા પુરી કરે એવા પવિત્ર ભૂદેવ કોઈ મળતા નથી. તેથી ઉદાસ છું.'' ત્યારે ભાણજી પંડ્યા કહે, ''હું નાગર છું. પરંતુ બ્રાહ્મણ પ્રથમ છું. હું પ્રતિજ્ઞા સાથે કહું છું કે, ''આપ કહો તો હું આપને ત્યાં આવું અને પુત્રેષ્ટિ યજ્ઞ દ્વારા તમારી ઈચ્છા પૂર્ણ કરું.''

પછી તળાજાના રાજા તરફથી પુત્રેષ્ટિ યજ્ઞનું આયોજન થયું. ભાણજી પંડ્યા પ્રેમભર્યા નિમંત્રણથી તળાજા આવ્યા અને યજ્ઞ તેમણે સફળતાપૂર્વક પાર પાડ્યો.

તેથી સમય જતા તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. પછી નાગાર્જુનજીએ ભાણજી પંડ્યાને કાયમ માટે તળાજામાં જ સ્થાયી થાવા વિનંતી કરતા કહ્યું, ''આપ આહિ આવો તો એક ગામ ભેટ આપું.'' પરંતુ તે અયાચકવ્રત રાખનારા હતા. એટલે ગામ લેવાની ના પાડી.

પછી રાજગુરુનું પદ આપ્યું. પછી સં. ૧૩૬૨ જેઠ સુદ-૧૦ ભાણજી પંડ્યા માત્ર એક દોરી અને લોટો લઈ પરિવાર સાથે વડનગર છોડી તળાજા ખાતે કાયમ સ્થાયી થયા. પછી કુટુંબના મોભી ભાણજી પંડ્યાને પુરોહિતધર્મે રાજજમીન જાગીર મળી. તેમના પુત્ર

ગદાધર સાહસિક અને પ્રામાણિક હતા. તેથી રાજાએ તેમને તળાજા પાસેના ત્રાપજ ગામે કારભારી નિમ્યા. ત્યાં તેમણે રાજકાર્ય સારી રીતે કહ્યું. તેમના લગ્ન પીંપળજના કેશવ મહેતાની દિકરી દીપકુંવર સાથે થયા હતા.

રાજાએ તેમને સં. ૧૪૦૨ માં ૬ ગામો ભેટ આપ્યા. ૧૨ વર્ષ કારભારી તરીકે સફળ ફરજો બજાવી. આ રીતે મહેતાગીરીનું કામ કરવાથી લોકો તેને મહેતા તરીકે ઓળખવા લાગ્યા. ત્યારબાદ વ્યાપર-ધંધામાં તેમણે ઝંપલાવ્યું અને તેમના વહાણો સમુદ્ર ખેડતા થયા. તેઓ પ્રામાણિક, વફાદાર, નિષ્ઠાવાન, કર્મઠ અને કાર્યદક્ષ સજ્જન હતા અને પોતાની વેપારી પેઢીઓને કારણે તેઓ ઘણી પ્રસિદ્ધિ પામ્યા.

આ ગદાધર પંડ્યાને ૬ પુત્રો હતા. પાંચ પુત્રો નાની ઉંમરમાં જ સ્વર્ગવાસી થયા હતા. નાના પુત્ર પુરુષોત્તમદાસ થયા. તેઓ પવિત્ર બ્રાહ્મણ હતા. વેદવિદ્યામાં પારંગત હતા. તેમના લગ્ન ઉનાવાના વૈજનાથ મહેતાની પુત્રી ઉમિયાકુંવર સાથે થયા હતા. તેઓ વાસુદેવ શ્રીકૃષ્ણના ઉપાસક અને પરમ ભક્ત હતા. છતા તેમણે લોકહિતાર્થે તળાજા વિસ્તારમાં ૧૧ શિવાલયો બંધાવ્યા અને અનેક લોકોને શિક્ષણ આપ્યું.

આ રીતે પરંપરાની પ્રવૃત્તિમાં ફેરફાર થવાથી 'પંડ્યા'ને બદલે લોકો તેમને પણ 'મહેતા' તરીકે ઓળખવા લાગ્યા. આ રીતે તેમની પરંપરામાં મહેતા અટક કાયમ માટે પ્રસિદ્ધ થઈ. પછી દ્વારિકાનાથના દર્શને જવાની વારંવાર તેમને તાલાવેલી જાગી અને ઈચ્છા પૂર્ણ કરી.

દ્વારિકાનાથને સ્મૃતિપટ ઉપર સતત પકડી રાખવાથી તેમને સ્વપ્નમાં રણછોડરાયના જ દર્શન થવા લાગ્યા. પછી એક રાત્રીએ દ્વારિકાધીશે સ્વપ્નમાં દર્શન આપ્યા અને આ પુરુષોત્તમદાસને વચન

આપ્યું કે, 'તારા કુળમાં મારા બે પરમભક્તોનો જન્મ થશે અને તેથી તારું સમગ્ર કુળ પાવન થશે. પછી તમે વૈષ્ણવ તરીકે વિશ્વમાં પ્રસિદ્ધ થશો.' આ પુરુષોત્તમદાસના પત્ની ઉમિયાકુંવર હતા. તે પણ પતિવ્રતા અને ભગવદ્‌ભક્ત હતા.

ભગવદ્ વચનાનુસાર તેમના વંશમાં બે પરમભક્તનો જન્મ થયો. (૧) મોટા પુત્ર પુરુષોત્તમદાસનો જન્મ સં. ૧૪૩૦ શ્રાવણ વદ-૮ જન્માષ્ટમીના દિવસે થયો હતો. તેથી તેમનું નામ કૃષ્ણદામોદરદાસ રાખ્યું હતું અને નાના પુત્રનો જન્મ સં. ૧૪૩૬ કારતક સુદ-૧૧ બેસતુવર્ષ ગોવરધન પૂજનના દિવસે થયો હતો. આ તીથી ઉપરથી પર્વતદાસ નામ રાખવામાં આવ્યું હતું. તેમાં પુરુષોત્તમદાસના મોટા પુત્ર કૃષ્ણદામોદરદાસના પુત્ર નરસિંહદાસ ઉર્ફે નરસિંહ મહેતા થયા.

આ પરિવાર સુખે હરિહરની ભક્તિ કરતો. સમય જતા પુરુષોત્તમદાસ રણછોડરાયનું સતત સ્મરણ કરતા કરતા સાયુજ્ય (સર્વોત્તમ) મુક્તિને પામ્યા. પછી તેમના એ વારસાને વૈષ્ણવી પુત્રો કૃષ્ણદામોદરદાસ અને પર્વતદાસે પણ આત્મસાત્ કર્યો. આ બંને ભાઈઓના ફોઈબા લાલકુંવર હતા. તેમના લગ્ન જુનાગઢમાં થયા હતા.

બાળપણથી જ સંસ્કારને લીધે તેઓ બુદ્ધિમાન છતા સદાચારી અને ભગવાનના ગુણોનું શ્રવણ અને લીલાનું કીર્તન કરનારા મહાભક્ત બન્યા. તેમાં પણ પર્વતદાસમાં તો કૃષ્ણભક્તિ તેમના જીવનનો એક અનિવાર્ય ભાગ બની ગઈ. સદ્‌ભાગ્યે તેમને પત્નીઓ પણ સદ્‌ગુણી મળી.

તળાજામાં એક પવિત્ર રૂગનાથ ત્રિવેદી વિપ્ર રહેતા હતા. સોરઠના પ્રાયઃ રાજાઓ તેમના પ્રત્યે આદરભાવ રાખતા. આ

કૃષ્ણદામોદરદાસના લગ્ન તળાજામાં જ સં. ૧૪૪૪ માં આ રૂગનાથ ત્રિવેદીની પુત્રી દયાકુંવર સાથે થયા હતા અને પર્વતદાસના લગ્ન તેમની નાની બહેન મધુમાલતી સાથે થયા હતા. આ બંને ભાઈઓની પત્નીઓ પણ મહાન ભક્ત હતા. આ રૂગનાથ ત્રિવેદીના માતા પિતા સોમનાથ મહાદેવની યાત્રાએ ગયા હતા. ત્યાં અચાનક સમુદ્ર સ્નાન કરતા બંનેના મૃત્યુ થયા. તેથી રૂગનાથ ત્રિવેદીને ભગવાનનો વિશ્વાસ ઉઠી ગયો. પછી તો મંદિરે પૂજન થતુ હોય ત્યાં જાય તો પણ નાસ્તિકભાવના શ્લોક બનાવી બોલે. એકવાર હાટકેશ્વર મહાદેવના વ્યંગભાવમાં શ્લોકો બોલ્યા. ઉદ્ધવજીના શિષ્ય આત્માનંદ મુનિ તે સાંભળી ગયા. તેમણે આવા શ્લોક બોલવાનું કારણ પૂછ્યું. રૂગનાથજીએ પોતાના માતા પિતાના મૃત્યુની વાત કરી. પછી આત્માનંદ સ્વામીએ પોતાના પ્રભાવથી તેને સમાધી કરાવી. ઈશ્વરનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો. તેથી તેઓ પુનઃ આસ્તિક થયા. પછી તો તળાજાના ઘણા વિપ્રો આત્માનંદ સ્વામીના શિષ્યો થયા હતા.

કૃષ્ણદામોદરદાસને ત્રણ પુત્રોનો જન્મ થયો. (૧) જીવણદાસ (૨) નરભેરામ તથા (૩) નરસિંહદાસનો જન્મ સં. ૧૪૬૫ વૈશાખ સુદ-૧૫ ને દિવસે તળાજા ગામમાં થયો.

એકવાર તળાજામાં કુદરતી આપત્તિ આવી પડતા જીવન નિર્વાહ ચલાવવાની મુશ્કેલી ઉભી થતા અને જૂનાગઢમાં રા'માંડલિકના પિતા રા'માહિપાલે દામોદરરાયજીનું મંદિર તથા દામોદરકુંડ અને રેવતી કુંડો બંધાવ્યા. આ બંને ભાઈઓએ તળાજા છોડ્યું અને જૂનાગઢ પ્રયાણ કર્યું. પછી જુનાગઢ જઈ અમુક નાગરજનોએ થોડા દિવસ દામોદરરાયની સેવા-પૂજા કરી. ત્યાં સ્થાયી થયા. અમુક પરિવાર પર્વતદાસ સાથે મંગલુપર (હાલ માંગરોળ)માં જઈને જીવનનિર્વાહ ચલાવ્યો. તેઓ ત્યાં જ સ્થાયી થયા.

નરસિંહ મહેતાના પિતા કૃષ્ણદામોદરદાસ જુનાગઢની બાજુમાં આવેલ વામનસ્થળી (હાલનું વંથળી)માં સિપાઈની નોકરી સ્વીકારી. પંરતુ તેમનો પરિવાર તળાજામાં જ વસ્તો હતો. આ કૃષ્ણદામોદર વંથળીમાં સલાહકાર તરીકે ફરજ બજાવતા. જુનાગઢની ફોજે હલ્લો કર્યો. ત્યારે વંથળીમાં થયેલ તે લડાઈમાં રાજા રાયમંગળ સાથેના યુદ્ધમાં સં. ૧૪૬૯ માં તેઓ વીરગતિ પામ્યા. પછી તેમના પત્ની દયાકુંવર તળાજામાં તેમના કુટુંબીઓ સાથે આવીને રહે છે. ત્યારે નરસિંહ મહેતાની ઉંમર ફક્ત ચાર વર્ષની હતી. તેઓ જન્મથી જ મુંગા હતા. તેમનો પરિવાર સંયુક્ત કુટુંબમાં દાદી ગોમતીબાના સાનિધ્યમાં તળાજામાં રહેતો. કાકા પર્વતદાસ માંગરોળથી આવી આ પરિવારનું ધ્યાન રાખતા, રક્ષણ-પોષણ કરતા.

● **નરસિંહ મહેતાને વાચા આવી**

લગભગ સાતેક વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી તેની જીભ ખુલી ન હતી. તેથી લોકો તેને મૂંગો કહીને જ બોલાવતા. આ બાબતનું દુઃખ તેમના દાદીમાં ગોમતીબાને ખૂબ સાલતું. તેઓ સતત એ ચિંતામાં રહેતા કે મારો નરસૈયો બોલતો કેમ ન થયો ? પરંતુ મુખને વાચા આપવાની શક્તિ કોણ આપે ? ગોમતીબાને ગોપનાથ મહાદેવમાં પૂર્ણ વિશ્વાસ હતો. સાધુ-મહાત્માઓ તરફ સહજ, શ્રદ્ધા અને આદરભાવ હતો. જ્યાં અને જ્યારે પણ કોઈ સંત-મહાત્મા મળી જાય ત્યારે ત્યાં તેઓ તેમના દર્શન કરતા અને યથાશક્તિ શ્રદ્ધાપૂર્વક તેમની સેવા પણ કરતા.

ઉત્કટ શ્રદ્ધા સમય આવ્યે ચોક્કસ ફળદાયી થાય છે. એ નિયમ અનુસાર અંતે તેમની શ્રદ્ધા પરિપૂર્ણ થવાનો સુઅવસર આવ્યો. ફાગણ સુદી પાંચમનો દિવસ હતો. ઋતુરાજ વસંતનું સુખદ સામ્રાજ્ય સર્વત્ર છવાયેલું હતું. મંદમંદ વાસંતી વાયરો સઘળી જીવસૃષ્ટિમાં નવજીવનનો સંચાર કરી રહ્યો હતો. નગરનાં સ્ત્રી-પુરુષો સૌ સામાન્ય

રીતે સાયંકાળે મહાદેવના મંદિરમાં એકઠાં થઈ જતા. તે સમયે ગોમતીબા પણ પોતાના લાડલા નરસૈયાને લઈ મહાદેવના દર્શને ગયાં. દર્શન કરીને પાછા ફરતાં તેમની નજર સમર્થ સંત આત્માનંદ મુનિ ઉપર પડી.

જેઓ મંદિરના એક ખૂણામાં વ્યાઘ્રાંબર બિછાવી, પદ્માસન લગાવી બેઠા હતા. તેમના મુખમાંથી 'નારાયણ....નારાયણ...' શબ્દનો અવિરત પ્રવાહ ચાલી રહ્યો હતો. તેમનું મુખારવિંદ એક અલૌકીક તેજથી ઝગમગી રહ્યું હતું. પ્રથમ દષ્ટિએ જ આ કોઈ પરમ સિદ્ધ યોગી હોય એવું લાગતું હતું. એમની દિવ્ય તપોપલબ્ધ પ્રતિભાથી આકર્ષાઈને તેમનાં દર્શન કરવા ગયાં. અત્યંત આદર અને પ્રેમપૂર્વક પ્રણામ કરીને બાળક નરસૈયાને તેમના ચરણોમાં મૂકી હાથ જોડી પ્રાર્થના કરી, ''મહાત્મન્ ! આ બાળક મારો પૌત્ર છે, તેનાં માતપિતા હયાત નથી. લગભગ સાતેક વરસનો થવા આવ્યો છે, પણ કંઈ બોલી શકતો નથી. તેનું નામ નરસી છે, પણ બધાં તેને મૂંગો કહીને જ બોલાવે છે. મને આ બાબતનું ખૂબ દુઃખ રહ્યા કરે છે. મહારાજ! કંઈક એવી કૃપા કરોને કે જેથી આ બાળકની વાણી ખૂલી જાય.''

આત્માનંદ સ્વામીએ ગોમતીબાની વેદનામય વાણી સાંભળી. તેથી તેમનું હૃદય દ્રવિત થયું. પછી હરિઈચ્છાથી તેમણે બાળ નરસૈયાને પોતાની પાસે બેસાર્યો અને કહ્યું, 'આ મોટો થઈ ભગવાનનો મહાન ભક્ત થશે.' આમ કહી પોતાના કમંડળમાંથી જળ લઈ તેના પર અંજલિ નાખી અને કહ્યું, 'બેટા ! રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ બોલ !' સંત કૃપાએ ચમત્કાર સર્જ્યો. જન્મથી મૂંગા નરસૈયાની વાંચા ફૂટી. તે રાધાકૃષ્ણ.... રાધાકૃષ્ણ .... ! બોલવા લાગ્યો. પૌત્રના મુખની વાણી સાંભળી વૃધ્ધ દાદીમાને પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેમણે સદ્ગુરુ આત્માનંદ સ્વામીને વારંવાર વંદન કર્યા. પછી પોતાને ઘેર પધારવા વિનંતી કરી.

ત્યારે મહાત્મા સંત કહે, ''જે થયું તે ભગવાનની કૃપાથી થયું છે. હું પ્રયોજન વિના કોઈ ગૃહસ્થને ઘેર જતો નથી. તમો ઘેર જઈ પ્રભુભજન કરો, ભગવાન તમારું કલ્યાણ કરશે.'' ટૂંક સમયમાં તેમને ગુણિયલ પત્ની મળશે. પછી ટૂંક સમયમાં જ સં. ૧૪૭૨ માં નરસિંહ મહેતાને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા. એક મત એવો છે કે આ યજ્ઞોપવિત પ્રસંગે જ આત્માનંદ મુનિની કૃપાથી નરસૈયાને વાચા આવી હતી. આ પ્રસંગથી નરસિંહ મહેતા અને તેમના પરિવારે આત્માનંદ મુનિને પોતાના ગુરુ સ્વીકાર્યા હતા.

નરસિંહ મહેતા નાનપણથી જ ભક્તિના રંગે રંગાયા હતા. આ નરસિંહ મહેતાના લગ્ન સં. ૧૪૮૨ મજેવાડી ગામની નાગર કન્યા માણેકબા સાથે થયા હતા. ત્યારે તેઓ કાકા પર્વતદાસની સાથે રહેતા. તેથી માંગરોળથી મજેવાડી જાન આવી હતી. પછી નરસિંહ મહેતાને ત્યાં સં. ૧૪૮૬ માગસર-૧૧ એ પુત્ર શામળદાસનો જન્મ થયો હતો. સં. ૧૪૮૭ માં તેમના માતા દયાકુંવરબા વૈકુંઠવાસી થયા. ત્યારબાદ નરસિંહ મહેતાએ કાકા પર્વતદાસની સાથે એ નિમિત્તે પ્રથમવાર દ્વારકાની પગપાળા યાત્રા કરી હતી. અને ૧૪૮૮ માં પુત્રી નાનકુંવરબાઈનો જન્મ થયો હતો. આ સમયે જુનાગઢના રાજા જયસિંહે તળાજાના રાજાની મદદ લઈને અમદાવાદના સુલતાનને હરાવ્યો હતો. તેમાં નરસિંહ મહેતાના મોટા ભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેથી તેમને જુનાગઢના રાજાએ ઉંચ અધિકારી તરીકે નિમણુંક કરી હતી. આ રીતે મોટાભાઈ જુનાગઢ જઈને વસ્યા.

### ● નરસિંહ મહેતાને ભગવાને કેદારો વગેરે આપ્યા

સં. ૧૪૯૫ માં તળાજા ખાતે પુત્ર શામળદાસના યજ્ઞોપવિત સંસ્કાર કર્યા. તે સમયે ભાભીએ મહેણું માર્યું. ભાભીના મર્મ વચનો સાંભળીને તેઓ તળાજા પાસેના ગોપનાથ મહાદેવના શરણે ગયા અને ઉગ્ર તપશ્ચર્યા કરી. સં. ૧૪૯૫ ચૈત્ર સુદ-૭ એ ગોપનાથ

મહાદેવ પ્રસન્ન થયા અને કૃપા કરીને તેમને ગોલોકધામમાં શ્રીકૃષ્ણની રાસલીલાના દર્શન કરાવ્યા.

તે સમયે શ્રીકૃષ્ણ ભગવાને તેમને કરતાલ તથા કેદાર રાગ ભેટ આપ્યો અને ભીડ પડે ત્યારે કેદાર રાગ દ્વારા મને યાદ કરજે હું તારી મદદે આવીશ આવું વરદાન આપ્યું. પછી નરસિંહ મહેતાનો ભક્તિરસ ચરમસીમાએ પહોંચ્યો હતો.

પછી ભાભીએ મહેણું માર્યું તેથી મને આ દર્શન થયા. માટે હું તેમનો ઋણી છું. એમ સમજી તેઓ તેમનું ઋણ ઉતારવા મોટા ભાઈ જીવણદાસ સાથે જુનાગઢ રહેવા ગયા હતા. આ જીવણદાસ જુનાગઢના કારભારી હતા. નાગર જ્ઞાતિમાં તેઓ પ્રતિષ્ઠિત હતા. નરસિંહ મહેતા તેમની સાથે કાયમ જુનાગઢમાં સ્થાયી થયા. ત્યાં પણ તેમણે પોતાના ગુરુ આત્માનંદ મુનિની ઈચ્છા અનુસાર ખૂબ જ કૃષ્ણભક્તિનો વિસ્તાર કર્યો.

સં. ૧૫૦૧ માં માંગરોળમાં કાકા પર્વતદાસને ત્યાં રણછોડરાયજી પધાર્યા. ત્યારે કીર્તન મંડળી સાથે તે ઉત્સવમાં તલ્લીન થઈ ભાગ લીધો. તે સમયે નરસિંહ મહેતાનું ગળું સુકાણું. ભગવાને મોહિની સ્વરૂપે જળપાત્ર ધરી સૂકાતા ગળાની તૃષા છીપાવી.

સં. ૧૫૦૧ મહા સુદ-૭, શામળદાસનું સગપણ વડનગરના મદન મહેતાની પુત્રી સુરસેના સાથે કર્યું અને વૈશાખ સુદ-૫ શામળદાસના લગ્ન કર્યા.

સં. ૧૫૦૨ પોષ વદ-૨ દ્વારકાના શામળશા શેઠ (દ્વારિકાધીશ)ને નામે હુંડી લખી આપી, જે અમાવસ્યાના દિવસે દ્વારિકાધીશે સ્વીકારી હતી.

સં. ૧૫૦૨ માં નાનકુંવરબાઈના લગ્ન ઉનામાં શ્રીરંગદાસ ઓઝાના પુત્ર વત્સરાજ (તેનું બીજું નામ વસંતપંચમીએ જન્મેલ

હોવાથી 'વસંત' હતું. નાગરોમાં બે નામોનો રીવાજ છે) સાથે થયા હતા.

સં. ૧૫૦૩ પુત્ર શામળદાસની ભર યુવાન વયે વિદાય.

સં. ૧૫૦૪ કાર્તિક સુદ-૭, પિતા કૃષ્ણદામોદરના શ્રાદ્ધમાં ભગવાને જાતે આવીને રસોઈ તૈયાર કરાવી. સમગ્ર નાતને ભોજન કરાવ્યું અને સુવર્ણની દક્ષિણા આપીને કારજ સાર્યું. નરસિંહ તો બજારમાં ઘી લેવા જતા જ ભજનમાં બેસી રહ્યા હતા.

સં. ૧૫૦૫ મહા સુદ-૫ નાનકુંવરબાઈના સિમંત પ્રસંગે ભગવાને મામેરું પૂર્યું.

સં. ૧૫૦૫ પત્ની માણેક મહેતી પણ વિદાય થયા. ભક્તરાજે મનને આશ્વાસન આપ્યું. 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.' પછી નરસિંહની સંભાળ પુત્રવધુ સૂરસેનાએ તેમના જીવનના અંત સુધી લીધી.

સં. ૧૫૧૧ નાના ગોપનાથના મેળામાંથી પાછા ફરતા તળાજામાં સોમચંદ વણિક મળ્યો અને તે દેવાદાર થઈ ગયો હોવાથી આર્થિક મદદ માટે વિનંતી કરી. મહેતાજી પરમ દયાળુ હોવાથી શેઠ ધરણીધર મહેતાને ત્યાં પોતાના પ્રિય રાગ કેદાર ગીરવે મૂકીને ૬૦ કોરી મેળવી સોમચંદને આપી.

સં. ૧૫૧૨ માગશર સુદ-૭, જ્ઞાતિજનોની ખટપટથી જુનાગઢના રાજા રામાંડલિકે મહેતાજીને કેદમાં નાંખ્યા અને ફરમાન કર્યું હતું કે, સવાર સુધી દામોદરરાયની મૂર્તિ પોતાનો હાર મહેતાજીને હાથોહાથ ન પહેરાવે તો સવારે ધડથી માથું અલગ કરી નાખશે.

બીજી તરફ ઉપર પ્રમાણે કેદારો ગીરવી મૂકાયો હતો તેથી મહેતાજી તે ગાઈ શકે તેમ નહોતા અને ત્યાં સુધી પ્રભુજીની મદદ મળે તેમ નહોતી. તેમાંથી માર્ગ કાઢવા ભગવાને મહેતાજીનું રુપધરી

ધરણીધર શેઠને ૬૦ કોરી ચુકવી. ગીરવી મૂકાયેલ કેદારો છોડાવી તે ખત જેલમાં ફેંક્યુ. પછી મહેતાજીએ કેદારો લલકાર્યો અને શ્રીકૃષ્ણે સ્વહસ્તે માળા મેહતાજીને પહેરાવી ઉગારી લીધા. તેથી ઘણા લોકો આ દિવસને પણ નરસિંહ મહેતાની હારમાળા જયંતિ તરીકે ઉજવે છે.

આ પ્રસંગથી મહેતાજી જુનાગઢથી ઉદાસ થઈ ગયા. સં. ૧૫૧૨ જુનાગઢ છોડ્યું, પહેલા ઉના પુત્રીને ત્યાં ગયા. એક વર્ષ ત્યાં રોકાયા. ત્યાં દેલવાડામાં ગુપ્ત પ્રયાગમાં યમુનાજીના કુંડ પાસે દામોદરરાયની મૂર્તિ પધરાવી. ત્યાંથી કાકાને ત્યાં માંગરોળ ગયા. પછી પોતાની દોહિત્રી શર્મીષ્ઠાને ત્યાં વડનગરમાં આવી સ્થાયી થયા અને શર્મીષ્ઠાની પુત્રી તાના તથા રીરીને કેદારો, ભુજંગી તથા મલ્લહાર રાગ શીખવ્યો. મરણના એક વર્ષ અગાઉ તેઓએ કાકા પર્વતરાયને ઘરે આવી ખૂબજ સત્સંગ કર્યો હતો. અને ટૂંક સમયમાં પ્રભુ પ્રગટશે અને મારા નાગરવંશજો તે છોગલાવાળાના છડીદાર બનશે તેવું આગમ ભાખતાં.

સં. ૧૫૪૪ શ્રાવણ વદ-૯ જન્માષ્ટમીના ઉપવાસ પછી વહેલી સવારે તેઓ માંગરોળ ગામે ગોલોકવાસી થયા. આ બાજુ વડનગરમાં તેમની દોહિત્રી શર્મિષ્ઠાના પુત્રનો જન્મ ભીમએકાદશીએ થયો હોવાથી તેનું નામ ભીમભાઈ પાડ્યું હતું. એમના વંશજો નારદિપુરના ભુદરમહેતા ગંગામાં, કરજીસણના નાનાભાઈ, ઉનાવાના લાલજી અને વ્રજેરામ મહેતા વગેરે પણ પરંપરામાં આત્માનંદ સ્વામીના શિષ્યો થતા રહ્યા હતા. અને હાલ પણ ભીમ મહેતાના ''નવગામ ગોર' ના તમામ વંશજો આત્માનંદ સ્વામીના શિષ્ય રામાનંદ સ્વામીના ઉપદેશથી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છે. નરસીંહ મહેતાના ૭૧ સગા ભાયાતો 'તાનાગીરી'ના અમરત્વ સુધી વડનગરમાં

'ઠાકોરવાસ' અને 'જોષીનો માઢ' માં હયાત હતા. તેઓ ભાણજી પંડ્યાની જેમ સૌરાષ્ટ્ર-કચ્છ જવાને બદલે ઉત્તર ગુજરાતમાં સ્થાયી થયા અને સુરત, નડીયાદ, પાટણ, અમદાવાદ, વાલમ, પાટણવાડો, મોડાસીયો, પાંચગામ, મોટી બેતાલીસી, નાની બેતાલીસી અને પાંચ ગામ જેવા વિભાગોમાં વિભાજીત થઈ ગયા.

- **ઉનાવા (બાલવા)ના મુક્તરાજ નાગર રળીયાતબા**

*ભક્તિ કરો પાતાળમેં, પ્રગટ હોત આકાશ,*
*દાબી દુબી નવ રહે, કસ્તુરીની વાસ.*

જેમ સૂર્યોદય થાય એટલે તેનો પ્રકાશ આપોઆપ સર્વત્ર પથરાય અને બગીચામાં પુષ્પો ખીલે તેની સુગંધ સર્વત્ર પ્રસરી જાય છે. તેમ જેના હૃદયમાં સાચી ભક્તિ હોય, પરોપકારની ભાવના હોય, સત્સંગમાં સ્નેહ હોય, સદ્‌ગુરુની કૃપા હોય તેના જીવનની સુગંધ પણ આપોઆપ સર્વત્ર પ્રસરે છે. તે એક આદર્શ બને છે. આવા જ એક મહાનમુક્તરાજ ઉનાવાના રળીયાતબા હતા.

આ રળિયાતબા કોણ હતા ? અને કેવી રીતે ઉનાવા આવ્યા તે જાણવા જેવું છે ! જુનાગઢના ભક્તરાજ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠા હતી. તેમના લગ્ન વડનગરમાં થયા હતા. તેમને તાના અને રીરી નામની બે પુત્રીઓ જન્મી હતી. અને એક પુત્રનો જન્મ થયો હતો. આ પુત્ર ભીમ એકાદશીને દિવસે જન્મ્યો હોવાથી તેનું નામ ભીમભાઈ રાખ્યું હતું. આ ભીમજી મહેતાને ક્રમથી ૧. કાનજી, ૨. રતનજી, ૩. રૂખજી, ૪. હરખજી, ૫. વલ્લભજી, ૬. માંડણજી, ૭. કેદારજી, ૮. દ્વારકેશજી અને ૯. શામજી આ નવપુત્રનો જન્મ થયો હતો. તેઓ નવ ગામમાં જઈને વસ્યા હતા. જ્યારે આ નવે ભાઈઓનો વડનગરની મિલક્તમાં ભાગ પાડ્યો ત્યારે દરેક ભાઈઓ પોત પોતાની મિલકત લઈ એક એક ગામમાં રહેવા ગયા હતા. તેમાં

મોટા પુત્ર કાનજી મહેતા ઉનાવા રહેવા ગયા હતા. તે સમયે તેમણે ભાઈઓ ભાગમાં આવેલ મિલ્કત ને લેતા તે મિલ્કતના બદલામાં ૧. નરસિંહ મહેતાનો પ્રસાદીનો લોટો, ૨. નરસિંહ મહેતા જે ઓરસીયે ચંદન ઘસીને ભગવાનને ચડાવતા તે ઓરસ્યો અને, ૩. નરસિંહ મહેતાની પ્રસાદીની કોરી. ફક્ત આ ત્રણ વસ્તુ લઈને ઉનાવે રહેવા આવ્યા હતા.

નરસિંહના દોહિત્રી પુત્ર ભીમજી મહેતાના બીજા પુત્રોમાં રતનજીભાઈ વેડા ગામમાં, રૂખજીભાઈ માણસા ગામમાં, હરખજીભાઈ લાંઘણજ ગામમાં, વલ્લભજીભાઈ કોઠા ગામમાં, માંડણજીભાઈ પલીયડ ગામાં, કેદારજીભાઈ ખરણા ગામમાં, દ્વારકેશજીભાઈ વીસનગરમાં અને સહુથી નાના શામજી મહેતા નારદીપુર આવીને વસ્યા હતા. તેમની આઠમી પેઢીએ પુત્ર ભુદર મહેતા થયા. તેઓ પવિત્ર સદાચારી ધર્મ પરાયણ અને ભક્તિસભર જીવન જીવતા. ત્રિકાળ સંધ્યાદિ પંચયજ્ઞ તથા વેદાધ્યન આદિ કર્મો નિત્ય કરતા. તેમના જીવનથી પ્રભાવિત થઈને રાજકર્તાઓ પણ તેમનો ખૂબ આદર ભાવ રાખતા.

આ ભુદર મહેતા આત્માનંદ સ્વામીના શિષ્ય હતા. અને પછી આ આખો પરિવાર સદ્. શ્રી રામાનંદ સ્વામીનો શિષ્ય થયો હતો. ત્યારબાદ સહુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા હતા. ઉત્તર ગુજરાતના સત્સંગના વિકાસમાં કરજીસણના નાનાભાઈ તથા ગંગામા, રળિયાતબા વગેરેનો સિંહફાળો છે. હવે આપણે રળિયાતબાના યોગદાન વિશે વિચારીએ.

ગુરુ રામાનંદ સ્વામીના અત્યંત અંગત ગૃહસ્થ ભક્ત અને ઉત્તર ગુજરાતના રાજવીઓમાં જેમનું ખૂબ જ માન હતું. તેવા નારદીપુરના ભુદરજી મહેતાના તેઓ લાડલી દીકરી હતાં. નારદીપુરમાં લંબેનારાયણનો આશ્રમ છે. ત્યાં પૂર્વે નાગરોની સંસ્કૃત પાઠશાળા

હતી. તેમાં ચાર વર્ષના અભ્યાસક્રમને અંતે રળીયાતબા એ 'કોવિદ કન્યા'નું અને 'મમ્મટના કાવ્યશાસ્ત્ર'માં 'રસનિર્ઝરણી'નું વિશેષ બીરુદ મેળવ્યું હતું.

પોતાના પિતાના ગુરુ રામાનંદ સ્વામી અવાર-નવાર ઉનાવા આવતા. ત્યારે પિતાની સાથે રળીયાતબા પણ ઉનાવા આવતા. તે સમયે ઉનાવામાં બેચર રાવલ તે જમાનાના ખૂબ જ વિદ્વાન કહેવાતા હતા. તેમણે કાશીમાં ભણી 'પ્રકાંડ'ની અને 'મહામહોપાધ્યાય'ની ડીગ્રી મેળવી હતી. તેમના સદ્‌ગુણો અને સદ્‌વિદ્યાથી રળીયાતબાને તેઓ ખૂબ જ ગમી ગયા. પછી પિતાજીની મરજી ઓછી હતી છતાં રામાનંદ સ્વામી દ્વારા દબાણ કરાવીને પોતાનાથી આશરે ૨૫ વર્ષ મોટા એવા 'બીજવર' બેચર રાવલની સાથે સં. ૧૮૨૯ ની અખાત્રીજના શુભ મુર્હતમાં તેઓનાં લગ્ન થયાં હતા. ત્યારથી તેઓ સાસરે ઉનાવામાં બ્રહ્મપુરી વિસ્તારમાં આવીને રહ્યાં.

આ ઉનાવાની બ્રહ્મપુરીનો ઈતિહાસ જાણવા જેવો છે. આજથી બે હજાર પંચોતેર વર્ષ પૂર્વે રાજા વીરવિક્રમે ૩૬૫ નગરીઓ બંધાવીને નાગર બ્રાહ્મણોને અર્પણ કરી હતી. તેના બદલામાં નાગરો પોતાની 'કલમ, કડછી અને બરછી' દ્વારા રાજાના સાર્વભૌમત્વનું રક્ષણ અને રાજ્યનો વહીવટ કરતા અને પ્રત્યુપકાર તરીકે રાજાની કુશળતા માટે છેલ્લા નોરતાના દિવસે આધ્યશક્તિનો શુદ્ધ અને પવિત્ર અહિંસામય યજ્ઞ કરતા.

રળીયાતબાના સાસરીયાનું રાવલ કુટુંબ ઉનાવાની બ્રહ્મપુરીમાં 'બ્રાહ્મણના મુખિયા' તથા 'વડા કુળગુરુ'નું કુટુંબ હોવાથી 'ગ્રામયજ્ઞ' કરવાની તમામ જવાબદારીઓ તેમના સાસરીયાની રહેતી.

તેમના વડસસરા અનંતરામ રાવલ હિમાલય પ્રદેશના 'કાંગડા ધામે' વિદ્યા શીખવા ગયેલા. તેઓ પાઠશાળા ચલાવતા તેથી મહેતાજી પણ કહેવાતા. પાછા વળતા ત્યાંની જગવિખ્યાત 'જ્વાલામુખી'માતાનો

જીવંત અગ્નિ તેઓ સાથે લાવેલા અને તે અગ્નિ રાજા વીરવિક્રમના વંશના રક્ષણ અને ભલા માટે બ્રહ્મપુરીના નાગરો જ્યાં 'રાત્રી આહુતિઓ' આપતા તેમાં સ્થાપ્યો. તેને કારણે યજ્ઞકુંડમાં રહેલી આદ્યશક્તિ જ્વાલાની શક્તિ ઓર વધી ગઈ. ગામ કે પરગામનું જે કોઈ 'ઘી' ચડાવવાની માનતા રાખે તેનાં તમામ કામ થઈ જવા માંડ્યા. સો સો ગાઉ સુધી માતાની ખ્યાતિ પ્રસરી ગઈ. તેથી બારેય માસ સુધી દરરોજ યજ્ઞ થવા લાગ્યો.

રળિયાતબા નાનપણથી જ મહાન ભક્ત હતા. એકવાર ગુરુદેવ રામાનંદ સ્વામી કરજીસણ પધાર્યા ત્યારે તેમની માતા પ્રેમકુંવરબા અને પિતા ભુદર મહેતાની સાથે રહી સ્વામીની ખૂબ જ સેવા કરી હતી. તેમની સેવાથી પ્રસન્ન થઈ રામાનંદ સ્વામીએ વરદાન આપ્યું હતું કે, 'બેટા રળિયાત ! શ્રીકૃષ્ણ ભગવાન સદા તારી સાથે રહેશે.' આમ તેઓ નાનપણથી જ સત્સંગપ્રેમી અને સદ્‌ગુણી હતા.

ઉનાવાના બહેચર રાવલને તેમની પહેલી પત્ની દ્વારા ફૂલકુંવર અને રૂપકુંવર નામની બે દિકરીઓ જન્મી હતી. પછી તેઓ વિધુર થયા હતા. તેમની વિદ્વતા અને સદ્‌ગુણોથી આકર્ષાઈને તથા ઉનાવામાં થતાં નરમેધયજ્ઞને પતિના સહકારથી બંધ કરાવવાની ભાવનાથી પિતાની મરજી ન હોવા છતાં રળીયાતકુંવરબાએ સ્વેચ્છાથી ૧૬ વર્ષની ઉંમરે પોતાની પચીસ વર્ષ ઉંમરે મોટા એવા ઉનાવાના આ બેચર રાવલની સાથે પોતાના લગ્ન કર્યા હતા.

બેચર રાવલ થકી રળીયાતબાને એક રતનજી નામે દિકરો જન્મ્યો હતો. ગુરુદેવે રામાનંદ સ્વામી એકવાર ઉનાવા પધાર્યા ત્યારે પણ રળીયાતબાને વરદાન આપ્યું હતું કે, 'ભગવાન કાયમ ઉનાવા રહેશે.' આ વરપ્રાપ્તિ બાદ રામાનંદ સ્વામી સત્સંગ વિચરણ કરવા માટે ગયા.

પુત્ર જન્મ પછી થોડો સમય જતાં ઉનાવાની બ્રહ્મપુરીમાં ભયંકર પ્લેગનો રોગ ફાટી નીકળ્યો. તે રોગમાં રળીયાતબાના દીયર-જેઠનું અગિયાર સભ્યોનું કુટુંબ હતું તે આખું કુટુંબ તથા પોતાનો એકનો એક દિકરો રત્નો અને પોતાના પતિ બેચર રાવલનું મૃત્યું થયું. આ રોગ સર્વે નાગરોને ભરખી ગયો.

રામાનંદ સ્વામીને આ સમાચાર મળતાં તેઓ રળિયાતબાને પ્રેમ, હૂંફ તથા દિલાસો આપવા ઉનાવા આવ્યા. ત્યારે દિકરી રળીયાતે ગુરુદેવ રામાનંદ સ્વામી આગળ બળાપો ઠાલવતા કહ્યું કે, "હે ગુરુજી! ભગવાનની ભક્તિ કરે તેની આવી દશા ! અમારા પૂર્વજ નરસિંહ મહેતા જેવી જ મારી દશા થઈ."

ત્યારે ગુરુદેવ રામાનંદ સ્વામી કહે, "હે દિકરી ! તુ ભક્તિ માયા મેળવવા કરતી હતી ? કે ભગવાન મેળવવા ?" દિકરી કહે, "ભગવાન મેળવવા." ગુરુ કહે, "તો તું ફરીવાર તારી ભજન ભક્તિ કરવામાં દૃઢ મતિ કરી લે. તું તારા કાના માટે પંજરી ખાંડતી હોઈશ તે જ વખતે પ્રગટ કૃષ્ણ આવીને તારું સાંબેલું પકડી લેશે. પછી તે તને મૂકીને ક્યાંય નહિ જાય. ભગવાન તારી ભક્તિને વશ થશે." આ રીતે રામાનંદ સ્વામીએ ફરી વરદાન આપી તેમને ખૂબ પ્રેમ, હૂફ અને આશ્વાસન આપ્યું. થોડા દિવસ સ્વામી ત્યાં રહી પછી બીજે ગામ ગયા. આ વાતને વર્ષો વિતી ગયા. ગુરૂ તરફથી આવી ખાત્રી મળતાં. ફરીથી દૃઢમતીથી ભગવાન ભજવાનો મતો (સહી કરી- હા પાડી) કણબી ભક્ત રામદાસભાઈ, કુબેર વસન નાની બાઈ કણબી ભક્તિ કહીયે મોટીબાઈ, ભક્ત ભાર રઘો રાઘો ભાઈ દ્વિજ રૂપ રળીયાત નામ, ઠાર હરખો ઉનાવે ગામ ક્ષત્રી ભક્તરાસોજી વખતો, ભજવા હરી કર્યો દૃઢ મતો. *(નિષ્કુળાનંદકૃત હરિવિચરણ ચોપાઈ-૧૪ માં લખ્યું.)*

● **શ્રીજીમહારાજે ગુરુદેવનું વચન સત્ય કર્યું**

ત્યારબાદ રળીયાતબાએ પોતાની ઓરમાન દિકરી ફૂલકુંવરના લગ્ન ગામની બ્રહ્મપુરીમાં રહેતા વડનગરના લાલશંકર મહેતાની સાથે કર્યા અને રૂપકુંવરના લગ્ન પાડોશમાં રહેતા વીસનગરના રેવારામ પંડ્યાની સાથે કર્યા. અને તેમને સમજાવી કાયમ પોતાની સાથે રાખ્યા હતા. તેઓ નિરંતર ભક્તિમાં તલ્લીન રહેતા.

ઈતિહાસ શાખ પુરે છે કે, સં. ૧૮૬૨ માં શ્રીહરિ સિદ્ધપુરમાં શિવરાત્રીનો ઉત્સવ કરી ઉત્તર ગુજરાતમાં વિચરણ કરતા હતા. ત્યારે જેતલપુર જતા વચ્ચે ઉનાવા શ્રીહરિને યાદ આવ્યું. કેમ જે, આસામના કામરૂદેશમાં પિબેકની સાથે રહેતા આહિના ત્રણ મુક્ત સમાન યુવાનો જીવો વાવલ, મનોર બારોટ અને કરસનદાસ પટેલને આપેલ વચનની યાદ આવી અને રળીયાતબાની દૃઢ ભક્તિપણા યાદ આવી ! પછી શ્રીજીમહારાજ પૂછતા પૂછતા જીવા રાવલને ઘેર બ્રહ્મપુરીમાં પહોંચ્યા. પણ તે સમયે તેમનું ઘર બંધ હતું. તેથી બાજુમાં એક જ દિવાલે અડોઅડ આવેલા બેચર ગોરના ખુલ્લા માઢમાં ગયા. તો ત્યાં ગોરાણી રળીયાતબા ત્યાં ઉંધુ ઘાલીને પ્રભુજી માટે પંજરી ખાંડતા હતા. શ્રીજીમહારાજે અચાનક ત્યાં આવી ઉપરથી તેમનું સાબેલુ પકડી લીધું. રળીયાતબાએ ઉંચું જોયું તો સ્વામિનારાયણ ભગવાને કૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યા અને પ્રેમપૂર્વક કહ્યું, ''હે માજી ! આ જગ્યા અને તમને છોડી હું ક્યાંય નહિ જાઉ'' તે સાંભળી રળીયાતબા બહુ રાજી થયા. પછી મહારાજે મનુષ્યરૂપે દર્શન આપ્યું. ગુરુદેવનું વચન સત્ય ઠર્યું. તેથી સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય થયો. પછી તો રળીયાતબાના યોગે કરીને ગામમાં અનેક પટેલો તથા સર્વે જ્ઞાતીના લોકોને સત્સંગ થયો. તેથી તેમની તથા ગામના ભક્તોની ભક્તિને વશ થઈને શ્રીહરિ ૧૪ વાર ઉનાવા પધાર્યા હતા. અને શ્રીહરિએ જે વરદાન આપ્યું હતું તે પણ સમય

જતા સત્ય થયું છે. કેમ જે, તે રળીયાતબાના માઢમાં જ હાલ ઉનાવામાં સ્વામિનારાયણ ભગવાનનું શિખરબધ્ધ મંદિર થયું અને તેમાં ભગવાન કાયમ માટે બીરાજીત થયા.

રળીયાતબાના યોગે કરીને ઘણા લોકોને સત્સંગ થયો હતો ને શ્રીહરિ પધારતા ત્યારે તેઓ ધામધૂમથી સામૈયું કરતા. ભૂમાનંદ સ્વામી કહે છે,

*વળી કર્યો છે મન વિચાર, ઉનાવે ગયા છે નિરધાર...૩૧*
*હોંશીલા છે ત્યાંના હરિજન, પરમ વિવેકી પુન્ય પાવન,*
*પટેલ રામદાસ તે નામ, બાજીદાસ પટેલ તે ઠામ...૩૨*
*પટેલ વણારશીભાઈ જેહ, સંજય રઘાભાઈ છે તેહ,*
*વાલાભાઈ કૈ'યે કાનદાસ, અવિચળદાસ રૂડા ખાસ...૩૩*
*મુનદાસ કૃષ્ણદાસ નામ, એ આદિ હરિજન તમામ,*
*સામૈયું લેઈને આવ્યા સંગ, વાલાને વધાવ્યા છે ઉમંગ...૩૪*

સંવત ૧૯૧૨ ની યમદ્વિતિયાએ યમના સ્નાન કરતાં કરતાં ૧૦૦ વર્ષની ઉંમરે તેઓનો અક્ષરવાસ થયો હતો.

જેવા જેતલપુરના ગંગામા તેવા જ તેમના બહેન ઉનાવાના રળીયાતબા અને ત્રીજા મહેસાણાના કળશકુંબરવા. શ્રીહરિએ ઉનાવામાં અનંત લીલાઓ કરી તેમાં રળીયાતબાની સેવા અદ્વિતીય રહી. શ્રીજીમહારાજની પ્રસાદીનું સાંબેલું આજે પણ ઉનાવામાં તેમના વંશજ ડૉ. અશોકભાઈ મહેતાના ઘેર પૂજાય છે. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણી પ્રકરણ-૧૧૯ માં લખે છે.

*'દ્વિજરુપ રળિયાત નામ, ઠાર હરખો ઉનાવે ગામ,*
*કણબી ભક્ત રામદાસભાઈ, કુબેર વસન નાની બાઈ.*

આ રીતે ભક્તોએ ભાવથી શ્રીહરિનું સામૈયું કર્યું. વાજતે ગાજતે ગામમાં તેડી ગયા. સહુને ખૂબ આનંદ થયો. થોડા દિવસ રોકાઈ શ્રીહરિ બાલાગઢ, માણસા વગેરે ગામોમાં વિચરણ કરવા નીકળ્યા.

જ્યારે શ્રીહરિ આવ્યાના સમાચાર મળે ત્યારે રળીયાતબાના કેવાથી વાયુ વેગે ગામમાં વાત ફેલાઈ જતી. તેથી ગામના રાવળવાસના તમામ રાવળો પોતપોતાના ઢોલ, ત્રાંસા અને નગારાં લઈને સન્માનવા સામા આવતા. તમામ દેવીપૂજકભાઈઓ શરણાઈઓ અને તુતુડીયો લઈને આવતા. તમામ દરજીભાઈઓ ધજા અને પતાકાઓ લઈને, તમામ વાળંદભાઈઓ જલતી મશાલો લઈને નીકળી પડતા. તમામ દરબારો નમેલી વાડોસોરી કાઢીને આખે રસ્તે ગુલાબજળ છાંટી દેતાં અને ગામના મુખી રામદાસબાપા તેમના કુળગુરુ લાલશંકર મહેતા અને તેમના જેવા પચાસેક આગેવાન ભક્તોને લઈને ખુલ્લે પગે મહારાજનું સામૈયું કરવા નીકળી પડતા. ત્યારે આખું ગામ પણ ખુલ્લે પગે રામદાસ બાપાને પગલે પગલે પાછળ પાછળ નીકળી પડતું. ગામમાં એક હરિજનનું છોકરું સરખુંયે ઘેર રહેતું નહિ. સુવાવડી બાઈઓ પણ તેમના ધાવણાં બાળકોને લઈને મહારાજના દર્શન કરવા દોડી આવતી હતી.

- **ઉનાવાના ભક્તોને અક્ષરધામમાં લઈ જાવાનો કોલ આપ્યો**

સં. ૧૮૭૫ માં શ્રીહરિ પાંચસો પરમહંસો સાથે સહુ જીવોને અભયદાન આપવા ઉત્તર ગુજરાતમાં ફરવા નીકળ્યા. વિચરણ કરતા શ્રીજીમહારાજ અચાનક ઉનાવા પધાર્યા. મહારાજ પધારે છે તે સંદેશો ઉનાવે મોડો પહોંચ્યો. તેથી મહારાજ સાદરાથી નીકળી સીધા જ રામદાસ બાપાના ખેતર સુધી આવી પહોંચ્યા. હાલમાં જ્યાં કોઠારીનો તેલનો કૂવો છે ત્યાં રામદાસ બાપા ફૂલ વીણતા હતા. શ્રીજીમહારાજને ઓચિંતા જોઈને અચંબામાં પડી ગયા. ''ઓ મારા વ્હાલા મહારાજ ! આમ ઓચિંતા પ્રગટ થવાય ? તમારા આ સેવકને તમારું સામૈયું કરવાનો તો મોકો આપવો તો ! પરંતુ રામદાસ બાપાની સાથે તે વખતે રળીયાતબાનો ચેલો કરસન પટેલ (કૃષ્ણદાસ) હતો. તે ખુબજ બુદ્ધિશાળી હતો. તે મહારાજને સામૈયું કર્યા વગર છોડે તેવો નહોતો.

તેણે તૂરત જ ઉપરવાડેથી 'બુમ ચીચીયાનો' સંદેશો કહેવડાવી દીધો. બુમ ચીચીયાનો સંદેશો એટલે બાજુના ખેતરમાં કામ કરતા ખેડૂતને બુમ પાડીને સંદેશો કહેવો. તે સંદેશો બાજુવાળો આગલા ખેતરવાળાને બુમ મારીને કહે... તે એના આગળના ખેતરવાળાને કહે. તેમ કર્ણોપકર્ણથી સંદેશા પહોંચે તેને બુમચીચીયાનો સંદેશો કહેવાય છે. આ બુમચીચીયાની પદ્ધતિ કરસનદાસ પટેલ કામરૂદેશથી શીખી લાવ્યા હતા. આવો વિજળીવેગો સંદેશો ઉનાવા તો પહોંચ્યો પરંતુ વાયરલ થઈને પડઘાતો પડઘાતો વળોટીને છેક આમજા, ચાંદીસણા ને પ્રતાપપુરા સુધી પહોંચી ગયો. પછી તો પૂછવું જ શું ? પાંચેય ગામોના દર્શનઘેલા ભક્તોને સુધબુધ ના રહી. તેઓ નેળીયાં અને છીંડાં છોડી વાડો અને કાંટાઓમાં પડી પડીને હાંફતા હાંફતા રામદાસબાપાના ધનાહરા ખેતરે આવી પહોંચ્યા.

લોકોના પગનાં તળીયાં કાંટાઓથી વિંધાઈ ગયાં હતા અને ઢીંચણો પડાપડીમાં છોલાઈ ગયા હતા. લોહી નિતરતી વેદના મહારાજના દર્શન સુખમાં સમાઈ ગઈ. દર્શન થતા જ સહુના દિલ પ્રફુલ્લીત થયા. મુખીનું ધનાહર ખેતર તો પ્રેમીભક્તોના લોહી ધાબે રંગાણું પણ જોડે જોડે બેચર ગોરનું 'ઉંટવારીયું', કરસનદાસનું 'વીરોની મકરોડવાળું' અને મલાણીયા મેમદમીયાંનું 'માલણીયું' ખેતર પણ લોહી લોહી થઈ ગયું. મહારાજ આટલો બધો પ્રેમ જોઈને ગળગળા થઈ ગયા અને પ્રભુની આંખોમાં પણ ભક્તોનો પ્રેમ જોઈ પ્રેમનો પ્રવાહ આંસુ દ્વારા બહાર આવી ગયો.

પછી કહ્યું, ''હે ભક્તો ! મારા પ્રત્યે તમારો મમતા ભર્યો આટલો બધો પ્રેમ છે તેને મુલવવા માટે મારી પાસે આજે શબ્દો નથી. તમોએ તો ગોપીઓના પ્રેમને અને રાજા જનકના વિદેહીપણાને પણ પાછો પાડી દીધો છે. તમારા આટલા બધા પ્રેમનો બદલો વાળવા માટે મારી પાસે જે કાંઈ છે તે બધુ જ આપી દઉં. તોયે ઓછું પડે

તેમ છે. તેથી તમોને શું આપું ? ધન. લીલા. ઉ.ત. ૭૫ માં ભૂમાનંદ સ્વામી કહે છે.

*ત્યારે બોલ્યા શ્રીજીમહારાજ, સુણો રામદાસભાઈ આજ...૪૦*
*અમારા સામા આવ્યા જે જન, કર્યા પગ ફોડી દરશન,*
*તેને નહિ નડે કર્મ ને કાળ, ગર્ભવાસની ટળશે ઝાળ...૪૧*

"હે રામદાસભાઈ ! અહિ ઉનાવા, બાલવા, આમજા, ચાંદીસણા, પ્રતાપપુરા વિગેરે ગામોએથી જે જે મારા ભક્તો ઘાયલ થઈ થઈને પગ ફોડી ફોડીને આવ્યા છે તેઓને અંતકાળે હું સ્વયં મારા અનંત મુક્તોની સાથે તેડવા આવીશ અને મારા ધામમાં સદા મારી સાથે જ રાખી અનંત કાળપર્યંત મારી મૂર્તિનો અલૌકિક આનંદ આપીશ."

તે વખતે મહારાજની સાથે સદ્. ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો પણ હતા. તેઓ અચરજ પામીને મહારાજને પૂછવા લાગ્યા કે, "હે મહારાજ ! આ પાંચેય ગામના ઘાયલ ભક્તોને પ્રભુદર્શનની તન્મયતામાં વેદના ભુલીને દેહાતીત સ્થિતિ પ્રાપ્ત થઈ છે. અષ્ટાવક્રિયગીતા જ્ઞાન કરતાં પણ ગહન એવી બ્રાહ્મીસ્થિતિનું જ્ઞાન કોણે આપ્યું હશે ?" ત્યારે મહારાજ મરક મરક હસતાં માત્ર એટલું જ બોલ્યા હતા "મારા માસીએ." મહારાજ 'રળીયાતબા'ને 'માસી' કહેતા. કારણ કે, તેઓ મહારાજના 'મા' જેતલપુરવાળા ગંગાબાના સગાં બહેન થયા.

પછી શ્રીહરિ ગામના પટેલ રામદાસભાઈને ઘેર પધાર્યા. ત્યાં થાળ કરાવ્યો. પરમહંસો સહિત સહુ પ્રેમથી જમ્યા. મહારાજ તે સમયે ત્યાંના ભક્તોને સુખ આપવા ઉનાવામાં ત્રણ દિવસ રહ્યા. સહુની સેવા અંગીકાર કરીને સહુ ભક્તોને કૃતાર્થ કર્યા. જેમની ભક્તિને આધીન ભગવાન ૧૪ વાર ઉનાવા પધાર્યા તે રળીયાતબાના જનહિતના ભક્તિ સભર થોડા પ્રસંગો વાંચીએ-વિચારીએ.... શ્રીહરિને અહિંસામય યજ્ઞ અતિ ગમે છે. તેવું જાણી રળીયાતબાએ પોતાના ગામમાં થતા હિંસામય યજ્ઞને બંધ કરાવ્યો. તે ઈતિહાસ જાણવા જેવો છે.

● **અહિંસામય યજ્ઞનો આરંભ કરાવ્યો**

પૂર્વ કાળમાં ઉનાવામાં જગ વિખ્યાત બનેલા વીરવિક્રમના અહિંસામય યજ્ઞથી અનેક લોકોનું રૂડું થતું. પરંતુ કાળે કરીને તેમાં સ્વાર્થી અને હિંસકવૃત્તિના માણસો ભળ્યા. પછી ધીમે ધીમે તેઓએ ક્યારે તેને હિંસામય બનાવી દીધા તેની કોઈને ખબરેય ન પડી. મધરાત પછી દૂર દૂરથી રસાલા સાથે આવેલા રાજવીઓ તેમાં 'પશુબલી' ચડાવવા લાગ્યા. આ રીતે દુષ્ટ લોકોની મલીન વૃત્તિઓએ યજ્ઞને મલીન કર્યો. પછી તો અહિં વારંવાર હિંસામય યજ્ઞ થવા લાગ્યો. હદ તો ત્યારે થઈ કે જ્યારે રાજસ્થાન તરફથી એક રાજવી તેના લશ્કર સાથે આવતો અને પોતાના ગમે તે એક જુવાન કેદીનો શીરચ્છેદ કરી તેને યજ્ઞકુંડમાં હોમી દેતો. સ્થાનિક રાજવીઓને આ ગમતું ન હોતું પણ શું કરે તેમની પાસે લશ્કર નહોતું. ધીરે ધીરે ગુજરાતમાં અંગ્રેજ હકુમતની સ્થાપના થઈ.

સાદરાના પોલીટીકલ એજન્ટને માથે ગવર્નરનો હુકમ હતો કે કોઈ ધાર્મિક ઝઘડામાં બ્રીટીશ સૈન્યનો કદી ઉપયોગ ન કરવો. પ્રજા લાચાર હતી, પણ રળીયાતબા લાચાર નહોતાં. તેઓ પિતા ભુદરજી મહેતા પાસેથી 'રાજકારણ' પણ શીખ્યાં હતાં. 'ભણેલી નાગરાણી નગર તારે' એ ન્યાયે તેમણે તેમની 'વગ'ની જોરદાર 'સોગઠી' મારી. પીંપળજના ઠાકોર સાહેબ રૂપાલ, નારદિપુર અને વાણીયાવેડાના પણ રાજવી હતા. તેમના વેડાના વહીવટદારની દિકરી 'પ્રેમકુંવરબા' હતા. જે રળીયાતબા, ગંગાબા અને નાનાભાઈ વગેરેના માતુશ્રી હતા. આ પ્રેમકુંવરબાનું કન્યાદાન પીંપળજના ઠાકોર સાહેબે દીધેલું. એટલે રળીયાતબા તેમને 'મામા' કહેતા.

એક દિવસ બેચર રાવલ અને રળીયાતબા પીંપળજ ઠાકોર સાહેબને બંગલે પહોંચી ગયા. જમવાનો સમય થયો. ત્રણ થાળીઓ પીરસાઈ ગઈ. ત્યારે ભાણી રળીયાતબાએ રસોઈયા બ્રાહ્મણની પાસે

ચપટી ધૂળ મંગાવી ને પોતાની થાળીમાં એક ખૂણે નાની ઢગલી કરી. રાજવીએ આશ્ચર્યથી પૂછ્યું, ''ભાણીબા ! આમ કેમ કર્યું ? ધૂળ ખાવાની શું જરૂર છે ?''

ત્યારે રળીયાતબાએ શબ્દબાણ માર્યું, ''હા મામા ! જે ભાણીનો મામો વીસ વીસ પાદરનો ધણી હોય તેની જ ભાણીના પાદરે પરદેશી રાજવી આવીને હુકમ કરી માનવીનાં લોહીના છાંટણાં કરી યજ્ઞને અભડાવી જતો હોય તો તે દિકરીને ધૂળ જ ખાવી પડે ને !'' ભાણીએ રોતાં રોતાં આખી વાત સમજાવી.

મામાએ થાળી આઘી ઠેલી હાથ ધોઈ, ઘોડાં પલાણ્યાં અને વડોદરા ફોઈબા રાજબાના મહોલે પહોંચી ગયા. રાજબા પીંપળજ ઠાકોર સાહેબનાં સગાં બહેન હતા અને વડોદરા સ્ટેટના રાજવી દામાજી ગાયકવાડ (બીજા) ના પૌત્ર આનંદરાવના સૌથી નાના રાણી થાય. મોસાળ ઈન્દોરમાં રહી અંગ્રેજી ભણેલાં હતાં. તેથી અંગ્રેજ સરકારની સાથેના મુત્સદીભર્યા નિર્ણયો અને હુકમોમાં ગાયકવાડ સરકાર પણ તેમના અભિપ્રાય લેતા હતા. રાજબાની ભલામણથી ગવર્નરે હુકમ કર્યો અને છેલ્લે નોરતે રાજસ્થાનથી નરબલી ચઢાવવા આવેલા રાજવીને સાદરાના પોલીટીકલ એજન્ટના લશ્કરે કેદ કર્યો અને તેની સાથે આવેલા સૈનિકોના શસ્ત્રો પડાવી લઈ તગેડી મુક્યા અને ઉનાવા ગામે અઠ્ઠાવીસ ગામના રાજવીઓને અંકુશમાં રાખવાનું કાયમી લશ્કરી થાણું સ્થપાઈ ગયું.

સંવત ૧૮૭૪ ના છેલ્લે નોરતે શ્રીજીમહારાજ આ અહિંસામય રાત્રી યજ્ઞ જોવા પધાર્યા હતા. ત્યારે તેમણે ઠાકોર, ક્ષત્રીય ભક્ત રાસોજી અને વખતોજીને પૂછ્યું હતું કે ''હે ભક્તો તમો છુટ આપતા હોવ તો તમારાં માથા વાઢીને તમારો બલી ચઢાવું ?'' રાસોજી અને વખતોજી હસીને કહેવા માંડ્યા કે હે મહારાજ તમારે માથા વાઢીને અંદર પધરાવવાની તકલીફ લેવાની ના હોય. અમો સ્વયં બલી બનીને

હોમાઈ જઈએ છીએ.'' એમ કહી તે બંને ભાઈઓ યજ્ઞકુંડમાં કુદી પડ્યા પણ કુંડમાંથી હુપ કરીને અવાજ આવ્યો અને બંને ભાઈઓ બહાર આવી ગયા. આ રીવાજ આજે પણ ચાલુ જ છે. મહારાજે આ બનાવની યાદમાં તે કુંડની પાસે પોતાના કુળદેવ હનુમાનજીની સ્થાપના કરી છે. અને રાસોજી અને વખતોજીના વંશજો આજે પણ મહારાજની આજ્ઞા પ્રમાણે સ્વયં બલી બનીને અંદર પડે છે અને કષ્ટભંજનદેવ અહિંસાયમ યજ્ઞના સમર્થક બનીને તેમને વારંવાર પાંચ પાંચ ફુટ ઉંચા કુદકા મરાવીને બહાર કાઢે છે. આ જોવા અસંખ્ય શ્રીજી ભક્તો અને માઈ ભક્તો આવે છે. મહારાજે તે વખતે દિવાળી ઉનાવામાં કરી હતી અને નરસીંહ મહેતાના પ્રસાદીના ઓળસીયાથી ચંદન ચર્ચી સંવત ૧૮૭૫ નો પ્રારંભ કરાવ્યો હતો. અને ભાઈ બીજના દિવસે રળિયતાબાને ઘેર ભાઈ બની તેમની વિદાય.

પછી ઉનાવા ગામે રળિયાતબા દ્વારા માતાજીનો રાત્રી યજ્ઞ અહિંસક રીતે સંપન્ન થાય. પછી જ રૂપાલની પલ્લી શરૂ કરવી એવો અંગ્રેજ સરકારે કાયમી આદેશાત્મક હુકમ સ્થાપી દીધો. જે આજે પણ અમલમાં છે. આ રીતે રળીયાતબાએ ઉનાવામાં થતો હિંસામય યજ્ઞ બંધ કરાવી સ્વામિનારાયણ ભગવાન દ્વારા પ્રવર્તીત અહિંસામય યજ્ઞનું પોષણ કર્યું અને પ્રગટ પ્રભુની પ્રસન્નતાના પાત્ર બન્યા હતા.

● **ગામની બહેનોનું દુઃખ ટાળ્યું**

રળીયાતબાએ આવું જ એક બીજું મહાનકાર્ય બહેનોના દુઃખ ટાળવાનું કર્યું હતું. ખેડૂત સ્ત્રીઓની સીમચોરી બાબતે જડતી ઉપર રોક લગાવવાનું ગાયકવાડ સરકારે મહારાષ્ટ્રથી કેટલાક જમીનદારોને લાવીને ત્યાં વસાવ્યા હતા અને મોટી જમીનો આપી હતી. ગામના કેટલાક ગરીબ ખેડૂતો તે જમીનદારોની જમીન ચોથા ભાગે રાખતા. ત્રણ હિસ્સાનો ભાગ તેઓ લઈ જતા અને તેમાં ચોરી ન થાય તે માટે મહારાષ્ટ્રીયન જમીનદારોએ કેટલાક મલાણીયા અટકના મુસ્લીમ

ચોકીદારો રાખ્યા હતા. ખેડૂતોને પોતાના ખેતરનો ચારો વગેરે જ્યારે ઘેર લઈ જવો હોય ત્યારે લાઈનસર ખોડીબારામાંથી (સાંકડા દરવાજામાંથી) પસાર થવું પડતું અને જો ઘાસના પોટલામાંથી કણસલુ નીકળે તો તમે અનાજ ચોરી જાવ છો, એમ કહી જુલમ ગુજારી તે ગરીબ લોકોને બાજુના કુવામાં એક કલાક ઉંધે માથે લબડાવી રાખતા. રળીયાતબાએ પીંપળજના રાજબાની લાગવગથી આ કાયદો પણ બંધ કરાવ્યો અને ઉનાવાની કોઈપણ વહુ-દકરીને મુસ્લીમ સૈનિકો રંજાડે નહિ એવો કાયદો લાવી આખા ગામને સુખી કર્યું હતું.

● **ગામમાં વાવ ગળાવી પાણીનું દુઃખ ટાળ્યું**

રળીયાતબાએ ગ્રામસેવાનું ત્રીજું મહાન કાર્ય વાવ ગળાવવાનું કર્યું હતું. ઉનાવા ગામે ધસરાઈને પુરાઈ ગેયલી પાંચ હજાર વર્ષ જુની 'ગંગાજળી' વાવ હતી. તેનો પુનરોદ્ધાર કરવાનું. રાજબાના કહેવાથી તેમના પતિએ ગાયકવાડ સરકાર દ્વારા કરાવ્યું હતું. અને ગામોલોકોને પાણીનો પ્રશ્ન હલ કર્યો હતો. સમય જતા ગ્રામજનોએ વાવમાંથી પથ્થરની મોટી સાટો અને થાંભલાઓ ચોરી લીધા. તેથી કાળક્રમે તે જગ્યાએ હાલ નાનકડું તળાવડુ સરજાઈ ગયું છે. તે તળાવડાને આજે પણ લોકો 'રળીયાતી વાવ' કે 'દામા વાવ' તરીકે ઓળખે છે.

● **ગામમાં સ્વચ્છતાનું અભિયાન આદર્યું**

રળીયાતબાએ ગ્રામસેવાનું ચોથું મહાનકાર્ય સ્વચ્છતા રાખવાનું કર્યું હતું. ગામમાં વાલ્મિકીભાઈઓ નહોતા. પહેલાં ગામમાં કુતરાદિ મરી જાય તો જેના ઘરની આજુબાજુ મર્યું હોય તે તેને ઢસડીને રાતે અંધારામાં જઈને ગમે તે ઉકરડામાં નાખી આવતો. તેથી આખા ગામમાં રોગચાળો ફેલાતો.

રળીયાતબાએ રાજબાની લાગવગથી ગાયકવાડ સરકાર દ્વારા

વાલ્મિકીભાઈઓને પેથાપુરથી માનભેર તેડાવીને ગામની વચ્ચોવચ્ચ ઉનાવામાં વસાવ્યા. રહેવાની તથા ખેડવાની જમીનો અપાવી અને ગામ વચ્ચે ઉંચે ટેકરે એક કુવી બનાવી આપી અને ગ્રામયજ્ઞના શુભારંભમાં વધેરાતા શ્રીફળમાંથી ચોથો ભાગ આપીને માન આપવાનો રીવાજ પાડ્યો. જેથી તેઓ ગ્રામસફાઈનું કામ માનભેર આનંદથી કરવા લાગ્યા અને ગામ સ્વચ્છ રહેવાથી લોકોમાં રોગનું પ્રમાણ આપો આપ ઓછું થઈ ગયું. રળીયાતબાએ પ્રવર્તાવેલી એ પરંપરા આજે પણ ચાલુ છે. આજે પણ ઉનાવા ગામમાં વાલ્મિકી સમાજના લોકો ચોખ્ખાઈ રાખે છે અને ગામ લોકો તેના કાર્યની કદર કરવા માટે રળીયાતબાના રાત્રીયજ્ઞમાં ગણપતીનું નાળીયેર આજે પણ વાલ્મિકીવાસના નાકે જઈને વધેરે છે. અને પ્રથમ વાલ્મીકીભાઈને ચોથો ભાગ આપવામાં આવે છે. પછી ચોથો ભાગ રળીયાતબાનો વારસો ભોગવતા ભાણેજ વ્રજેરામ મહેતાના વંશજ અશોકભાઈ લે છે અને અડધો ભાગ ગામના લોકોને પ્રસાદી  સ્વરૂપે આપવામાં આવે છે.

● **મંદિર નિર્માણ**

રળીયાતબાએ ધર્મસેવાનું પાંચમું મહાનકાર્ય મંદિર બાંધવાનું કર્યું. ઉનાવા ગામે ગાયકવાડના ચંપકેશ્વર મહાદેવ હતા. આ શીવાલયનો જીર્ણોધ્ધાર કર્યો અને તેની સમીપે જ શ્રીકૃષ્ણને પધરાવ્યા. આ રાધાકૃષ્ણની મૂર્તિ રળીયાતબાના માર્ગદર્શન હેઠળ વીસનગરના કેશળલાલ જહાના ખર્ચે ગાયકવાડના શુભ હસ્તે પધરાવી અને આજ પરિસરમાં 'જયભોલે મંડળ' અને 'યમુનાવિહારી મંડળ' સ્થપાવ્યું. તેમના વચ્ચે ભજન હરીફાઈ યોજી પોતે નિર્ણાયક બની ઈનામ વહેંચી હરિહરના ઐક્યનાં સ્વરચીત ભજનો ગવડાવતા. આ રીતે ગ્રામજનોમાં રહેલી ધાર્મિક સંકિર્ણતા અને વિગ્રહ દૂર કર્યો. વળી, રળીયાતબાએ રામજી મંદિરનું 'સરયૂવિહારી મંડળ' અને ઉદ્ધવ સંપ્રદાયનું 'ઓધા

મંડળ' સ્થાપ્યું હતું. તે જમાનામાં કોઈપણ વૈષ્ણવ દરજીની દુકાને જઈને આ કપડું 'શીવ' એવું નહોતું બોલી શકતું. એ જમાનામાં રળીયાતબાનું આ કાર્ય કેટલું અર્થ સૂચક, વિશાળભાવના અને દિર્ઘદષ્ટિ પૂર્ણ છે.

● **વ્હેમ અને અંધશ્રધ્ધા દૂર કરવાનું કર્યુ**

રળીયાતબાએ ધર્મસેવાનું છઠુ મહાન કાર્ય અંધશ્રધ્ધા દૂર કરવાનું કર્યું. ઉનાવાના આ પંથકમાં 'કામરૂદેશની મેલીવિદ્યા'ના નામે ઘણા ઢોંગી બાવાઓ આવતા અને નાણાં ખંખેરી પલાયન થઈ જતા. ભોળા લોકોને છેતરતા. કુટુંબમાં જ પરસ્પર વહેમ નાખી, અંદરો અંદર ઝગડાવી પેટ પોષણમાં તત્પર રહેતા. રળીયાતબા ઉનાવામાં પોતે જે ઘરમાં રહેતા તેને અડીને બ્રહ્મપુરીનાં ૨૦૦ ઘર હતા.

પાખંડી લોકો કહેતા કે, 'પૂર્વે અહીં ધરતીકંપ થયેલો. તેમાં ધારાશાયી થયેલાં ઘરોમાં એક હજાર જેટલા નાગરજનો દટાઈને કમોતે ગુજરી ગયેલા. તે સર્વે અવગતિ પામ્યા છે અને લોકોને વળગે છે તેવી વાતો કરી તે બાવાઓ ગ્રામજનોને હેરાન કરતા.' આ ખોટી અંધશ્રધ્ધાનું નિરાકરણ કરવા પોતાના દૂરના ભાયાત ભાઈશંકરને અમદાવાદના ગોમતીપુરેથી તેડાવ્યો અને તેના દિકરા 'જીવા રાવલને' કામરૂદેશની વિશ્વવિખ્યાત ૧૦ મહાવિદ્યા શીખવા ગાયકવાડ સરકારના ખર્ચે ત્યાં મોકલ્યા. સાથે તેનું રક્ષણ કરવા માટે પોતાના યજમાન કરસનદાસ પટેલ અને મનોહર બારોટને પણ મોકલ્યા. તેઓ આસામમાં આવેલા કામરૂ પ્રદેશમાં ગયા. ત્યાં ઉમાનંદો ભૈરવનો પૂજારી પિબૈક રહેતો હતો. તેને ગુરુ બનાવીને તેઓ વિદ્યા શીખતા હતા.

આસામના ગૌહત્તી શહેરની પાસે આવેલ મયાંગ ગામનો તાંત્રીક નાગર બ્રાહ્મણ પિબૈક કોણ હતો ? અને તેની દિકરી માયા પાછળથી ઉનાવા કઈ રીતે આવી ? તે ઈતિહાસ જાણવા જેવો છે.

પિબૈકનું સાચુ નામ માણેક્ય જોષી હતું. તેનું મૂળ ગામ રાજસ્થાનમાં આવેલું વાંસવાડા હતું. (આ ગામના રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી ભવાની શંકર જોષી તે પિબૈકના ભાઈના વંશજ હાલ પણ છે વાંસવાડાના ઘંટાઘર સામે તેમની જોષી લોજ છે. તેમના પૂર્વજો વીસનગરથી રોજગારી અર્થે તેલંગણા ગયેલા. ત્યાં તેઓ 'શર્મા' અટકથી ઓળખાવા લાગેલા.) આ માણેક્ય જોષી યુવા અવસ્થામાં પ્રભુની શોધ માટે ભારતયાત્રાએ નીકળ્યો હતો. ત્યારે આસામ રાજ્યના મલેકપુર (ભલામયાંગ) ના નાગરવાડામાં આવેલ મહાકાલી માતાના પૂજારીનો તેને યોગ થયો. આ નાગર પૂજારીનું નામ પ્રભાશંકર જોષી હતું તેણે પોતાની દિકરી 'શીવકુંવર'નું માણેક્ય શર્માને કન્યાદાન આપ્યું અને પોતાની પાસે રાખી તેને તાંત્રીક વિદ્યા શીખવી. પછી તે મેલીવિદ્યામાં પારંગત થયો. અનેક પ્રકારના મંત્રોના પ્રભાવથી લોકોને ખેંચવા લાગ્યો.

સમય જતા શીવકુંવર સાથે તેમના લગ્ન થયા અને તે કાયમ માટે ત્યાં જ ઘરજમાઈ તરીકે રોકાઈ ગયો. આ માણેક્ય શર્માને શીવકુંવર થકી એક પુત્રીનો જન્મ થયો. તેનું નામ માયાકુંવર રાખ્યું હતું. આ પુત્રીના જન્મ બાદ ટૂંક સમયમાં તેમની માતા મરણ પામી હતી. પિતાએ પુત્રીને પાળી-પોષીને મોટી કરી. પછી માયાકુંવર જ તેના બાપને રાંધી ખવડાવતી હતી. તે આકંઠ દારું પીતો હોવાથી ત્યાંના મલેક, નાગા અને ઝેંટીયા આદિવાસી લોકો તેને પિબૈક એટલે સતત દારૂ પિનાર કહીને બોલાવતા. તેણે પોતાની પુત્રી 'માયા'ના નામ ઉપરથી બુરામયાંગ અને ભલામયાંગ નામના બે ગામ વસાવ્યા હતા. તેમાં ભલામયાંગમાં તેનો આશ્રમ, બગીચો અને વિદ્યા શીખવા આવેલાઓનાં ઝુંપડાં જ માત્ર છે. પિબૈક વિશેષતઃ બુરામયાંગમાં જ રહેતો. બાજુમાં જામ્મુરા ગામમાં વિશેષ આદિવાસી લોકો રહેતા. તે ગામનો પણ પિબૈક જ ધણી હતો. તે બધા આદિવાસીઓ તેમના જ શિષ્યો હતા.

આ ગામો આસામ રાજ્યના અમીનગાંવ (અમનાગાંવ) સ્ટેશનથી બ્રહ્મપુત્રા નદીને સામે કિનારે પર્વતીય પ્રાંતમાં આવેલા છે. ગૌહતીથી પણ અહી જઈ શકાય છે. ત્યાં બાજુમાં જ નિલાંચલ પર્વત ઉપર કાલી, તારા, ભુવનેશ્વરી, ભૈરવી, છીક્ષમસ્તા, બગલામુખી, ધુમાવતી, માતંગી, શારદા અને લક્ષ્મી સહિત કામાક્ષીદેવીનું મંદિર હતું. કુચબિહારના યહોવાદ વંશના રાજા વિશ્વસિંહ અને શિવસિંહે આ સ્થાન ઉપર કામાક્ષીમાતાનું ભવ્ય મોટું મદિર બંધાવેલું છે. દેવીભાગવતમાં સમગ્ર ભૂમંડલમાં દેવીનું આ મહાક્ષેત્ર કે તીર્થ કહેવાય છે. એવો ઘણો મહિમા આ સ્થાનનો લખ્યો છે. આસામમાં કામરૂદેશના નાગા, ખાસી અને ઝંટીયા પર્વતોની તળેટીમાં આ તીર્થો અને ગામો આવેલાં છે. પિબેક ત્યાં રહેતો હતો અને લોકોને મેલી તાંત્રીક વિદ્યા શીખવાડતો. જ્યારે તેની પુત્રી માયા ભલામયાંગમાં રહીને લોકોને શુધ્ધિ અને સાત્વિક તાંત્રીક વિદ્યા શીખવાડતી. તે જમાનામાં પિબૈક સમગ્ર ભારતવર્ષમાં તાંત્રીક વિદ્યામાં ખૂબ પ્રસિદ્ધ હતો. દરમિયાન રળીયાતબાને 'પિબૈક'ની જરૂર પડી ! રળીયાતબાએ ગાયકવાડ સરકારની લાગવગથી હિંસામય યજ્ઞ બંધ કરાવ્યો તેના બીજા વર્ષે ગામમાં ભયંકર કોલેરા ફાટી નીકળ્યો. અસંખ્ય લોકોનાં મોત થયાં. રળીયાતબાને કાળી ટીલી અડી. કામરૂદેશની વિદ્યાર્થી હવે યજ્ઞ થાય તો જ ગામ બચે તેવું લોકો કહેવા માંડ્યા. તેથી સાચી શુધ્ધ શક્તિ ઉપાસનાની રીત શીખવા-જીવા રાવલ, મનહર બારોટ અને કરસનદાસ પટેલને રળીયાતબાએ દશવિદ્યા શીખવા રળિયાતબાએ ગુરુ રામાનંદના ચરણરજની પોટલી આપી હતી અને તલવાર આપી હતી. ગાયકવાડ સરકારના ખર્ચે ત્યાં મોકલ્યા. તેમનું રક્ષણ કરવા માટે પોતાના ભત્રીજા જીવા રાવલ, મનોહર બારોટ અને યજમાન કરસન પટેલને આ ત્રણે શોધતા-શોધતા આસામ રાજ્યના ભલામયાંગ ગામમાં જ્યાં પિબૈક અને તેમની પુત્રી માયા રહેતી ત્યાં પહોંચ્યા.

યોગાનું યોગ તે જ સમયે સં. ૧૮૫૩ કારતક સુદ-પૂનમ તા. ૧૫-૧૧-૧૭૯૬ મંગળવારના દિવસે વર્ણીરાજ શ્રીહરિ વનવિચરણ કરતા ભલામયાંગ ગામે પહોંચ્યા. આ ગામથી ૩૫ કિ.મી. દૂર પશ્ચિમમાં નિલાંચલપર્વત ઉપર કામાક્ષીદેવીનું મંદિર હતું. તે ગામના બગીચામાં શ્રીહરિ ઉતર્યા. પોતાના બાગમાં સિદ્ધો ઉતર્યા છે, એવી જાણ થતા ખૂબ દારૂ પી પિબૈક તેના કેટલાક શિષ્યો સાથે ત્યાં આવ્યો. સિદ્ધોને જીવવું હોય તો પોતાના શિષ્યો થઈ જવા હુકમ કર્યો. ત્યારે નાના વર્ણીરાજે તેના હુકમનો અનાદર કર્યો. તેથી તેણે વર્ણીરાજ ઉપર અનેક માંત્રીક-તાંત્રીક પ્રયોગો કર્યા. પરંતુ તે સઘળા નિષ્ફળ ગયા. ત્યારે તેણે પ્રભુને ઉમાનંદોના સ્થાનકે આવી જવા ચેલેન્જ મારી. પ્રભુએ તે સ્વીકારી લીધી. પિબૈકે ઉમાનંદો ભૈરવમંદિર પાસે ઉગેલા વૃક્ષ ઉપર મુઠ મારી તો તે સુકાઈ ગયું. પ્રભુએ મુઠ પાછી વાળી તો વૃક્ષ લીલું થઈ ગયું. અંતે મુકેલા વીરભૈરવે તો પિબૈકને ખૂબ માર્યો અને કહ્યું, ''તું જેને મારવાની વાત કરે છે તે તો સ્વયં પરમેશ્વર છે. માટે સુખી થાવું હોય તો તું તેને શરણે જા.'' એ અવાજ સાથે તે ઉમાનંદો શીવલીંગમાં મોટા તડાકા સાથે તીરાડ પડી ગઈ. પ્રભુએ સુકા લાકડામાં લીલાપત્તાં ઉગાડ્યા તે વૃક્ષ અને ઉમાનંદો ના તડાકા સાથે ફાટેલા લીંગની તસ્વીરો સાથે છે. પછી તે શ્રીહરિને શરણે થયો. હરિલીલામૃત ૭/૩ માં લખ્યું છે કે,

*તેનું નામ પ્રસિદ્ધ પિબેક, જેણે જીતેલા સિદ્ધ અનેક,*
*તેને શ્રીહરિયે જીતી લીધો, પછી શિષ્ય પોતા તણો કીધો.*

અને તે વિસ્તારમાં છેલ્લા નોરતે માતાની મૂર્તિના વિસર્જન વખતે એક બકરો ચડાવવાનો રીવાજ તેણે ખુદે બંધ કરાવ્યો .અને તે મૂર્તિઓ પોતાના આશ્રમમાં મુકી જવા ભક્તોને કહ્યું. આજે પણ તેના કાલીકા આશ્રમમાં લોકો મુર્તિઓ મુકી જાય છે. સરકારે તે મૂર્તિઓ સ્વયં વિસર્જીત કરવાનો આદેશ કરેલ છે. પણ અહિંસા આદિ વાસીઓ માનતા નથી. તે તસ્વીર સામેલ છે.

બીજે દિવસે તે શ્રીહરિને શરણે આવ્યો. આ રીતે સ્વામિનારાયણ ભગવાને વનવિચરણ સમયે તાંત્રીક પિબૈકને પોતાનો શિષ્ય કર્યો અને પુનઃ વૈષ્ણવ ધર્મ પાળતો થયો. વર્ણીરાજ પ્રભુએ તે વખતે ઉનાવાના જીવા રાવલ વગેરે ત્રણે મુક્તોને ઓળખીને પોતાનો સ્વપરિચય આપીને કહ્યું કે, “હે પવિત્ર કુળના બાલુડાઓ ! તમો આ પિબૈક રાક્ષસને છોડી તમારે ઘેર ઉનાવે જતા રહો. હું જરૂર તમોને મળવા આવીશ. આ રીતે પિબૈકનો થયેલ પરાજ્ય જોયો અને પ્રભુનો પ્રતાપ જોયો. પછી શ્રીહરિના કહેવાથી ત્રણેય જણ ઉનાવે પરત આવી મહારાજની વાટ જોતા હતા. રળીયાતબાએ તાંત્રીક વિદ્યાની વાસ્તવીકતા અને પિબૈકની પરેશાની જાણ્યા પછી પોતાના ગામમાંથી પણ અંધશ્રદ્ધા અને વ્હેમ દૂર કરાવ્યા હતા. ઢોંગી બાવાઓને ઉનાવા ગામમાં પ્રવેશવાની મનાઈ ફરમાવતો ગાયકવાડ સરકાર પાસે હુકમ કરાવ્યો હતો. સંસ્કારી અને સત્સંગમય શુદ્ધ જીવન જીવતા અનેક લોકોને કર્યા હતા.

શ્રીહરિ કામાક્ષીથી ગયા બાદ સમય જતા પિબૈક મોક્ષ ગતીને પામ્યો. તેમની પુત્રી માયા ત્યાં એકલી રહેતી. તે ત્યાંના ગ્રામીણ લોકોને વૈષ્ણવ ધર્મ શીખવતી હતી. જ્યારે નાગર બ્રાહ્મણ જીવા રાવલ ત્યાં ગયા ત્યારે આ માયાએ એકજ જ્ઞાતિના હોવાથી તેને પોતાના ભાઈ બનાવ્યા હતા અને ઉનાવાના ત્રણેય ભાઈઓને શાકાહારી ભોજન જમાડતા હતા. ઉંમર થતા તે પોતાના ભાઈને મળવા માટે થોડા માણસો સાથે ગુજરાતમાં આવી.

અને ખોળતી ખોળતી ઉનાવા ગામે બ્રહ્મપુરીએ પહોંચી. કરસનદાસ પટેલે રળિયાતબાને માયાની ઓળખાણ કરાવી. તેથી બાએ તેને પોતાની પાસે રાખી એને સ્વામિનારાયણ ભગવાનને મળવું હતું તેથી એકવાર શ્રીહરિના દર્શન કરાવ્યા. પછી પોતાની મોટી બહેન ગંગાબાને તે સોંપી. ગંગાબાએ તેને સમજાવીને સાંખ્યયોગી કરી હતી. અને પ.પૂ. ગાદીવાળાની આજ્ઞાથી હાલ જ્યાં ઉનાવામાં બાઈઓનું

મંદિર છે ત્યાં રહી ઉનાવાની બહેનોને સત્સંગી કરતી હતી. કરસનદાસ પટેલે શ્રીજીમહારાજની આજ્ઞા લઈ પોતાના ખેતરમાં આવેલ મકરોડના ઝાડ નીચે બે દેરીઓ બનાવી છે. એક પોતાના મિત્ર (૧) જીવા રાવલ અને મનોર બારોટની અને બીજી તેનાથી છેટે મર્યાદા ધર્મ પાળતી પોતાની બહેન 'માયા'ની દર કાળી ચૌદશે કરસનદાસ પરીવાર સ્વામિનારાયણ મંદિરની ઉતરેલી લાલપટ્ટાવાળી ધજા ચડાવે છે અને મોટો મેળો ભરાય છે.

જીવા રાવલ અને મનોહર બારોટનું અમદાવાદ ખાતે કમોત થયેલું તેઓને શ્રીજીમહારાજના દર્શનની વાસના રહી ગઈ હતી તેથી તેઓની સદ્‌ગતી નહોતી થઈ. તેઓ લોકોના શરીરમાં પ્રવેશીને પરચા આપતા અને વિર તરીકે પુજાવા લાગેલા. કરસનદાસ ગોરાણીમાં રળિયાતબાને અનાદિમુક્ત જાણી ગુરુ રામાનંદની આજ્ઞાથી દિકરાની જેમ સેવા કરતા હતા. રળિયાતબાને બે ઓરમાન ફૂલકુંવર અને રૂપકુંવર દીકરીઓ હતી. તેમાં ફૂલકુંવરના લગ્ન લાલશંકર મહેતા સાથે કર્યા હતા.

જે નરસીંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાના પૌત્ર કાનજી મહેતા ઉનાવામાં રહેવા આવ્યા હતા. તેના વારસદાર હતા. તેથી નરસિંહ મહેતાની પ્રસાદીની વસ્તુઓ તેમની પાસે હતી. આ લાલશંકરના પુત્ર વજેરામ વિપ્ર થયા. તેમના પુત્ર સાકળચંદદાસ થયા તેમના પુત્ર છગનલાલ અને તેમના પુત્ર સોમાલાલ થયા. આ સોમાલાલ કર્મયોગી, વિશાળ દિલના, સંશોધક વૃત્તિવાળા અને સફેદ કપડે સંત સમાન હતા. તેમણે ૧૯૧૯ માં વિશ્વયાત્રા કરી નાગરોના છ વિભાગોને ભેગા કરી પરસ્પર એકતા અને સંપ સ્થાપવાનું મહાન કાર્ય કર્યું હતું. પછી નાગરોમાં કાયમ એકતા સચવાઈ રહે તે માટે 'નાગરબંધુ' મેગેઝીનની સ્થાપના કરી હતી. તેઓ અખીલ ભારતીય નાગર પરીષદના અને ઉનાવા વિદ્યાર્થી આશ્રમના સ્થાપક હતા. તેમના ત્રણ પુત્રો છે. કાન્તિભાઈ, અશોકભાઈ અને જયંતિભાઈ.

જેમાં વર્તમાન કાળે નાગરબંધુ મેગેઝીનના તંત્રી એડવોકેટ અશોકભાઈ છે. જેમની ઉંમર અત્યારે ૬૯ વર્ષની છે. તેઓ પણ નાગરોના ઈતિહાસને ઘણી ઉમેદ સાથે સાચવી રહ્યા છે. નરસિંહ મહેતાની લોટી, ચંદન ઘસવાનો ઓરસીયો અને કોરી, આ ત્રણ વસ્તુ હાલ પણ ઉનાવામાં તેમના વારસદાર નાગરબંધુ મેગેઝીનના તંત્રી માન. એડવોકેટ અશોકકુમાર સોમલાલ મહેતાને ઘેર છે.

ઉનાવાના ભક્તોની યાદી આપતા ભક્તચિંતામણી પ્ર. ૧૧૯ માં નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

*દ્વિજ રૂપ રળિયાત નામ, ઠાર હરખો ઉનાવે ગામ,*
*ક્ષત્રી ભક્ત રાસોજી વખતો, ભજવા હરી કર્યો દઢ મતો.*

રળિયાતબા સં. ૧૯૧૨ કારતક સુદ-૨ યમદ્વિતિયા તા. ૧૧-૧૧-૧૮૫૫ રવિવારના રોજ યમના સ્નાન કરતાં કરતાં ૧૦૦ વર્ષની ઉંમરે વૃંદાવનથી જ અક્ષરવાસી થયા હતા. આ રીતે સત્સંગમાં ક્રાંતિકારી કાર્ય કરનારા અને અનેકને ભક્તિનો સાચો રાહ બતાવનાર મહામુક્ત રળિયાતબાના ચરણોમાં કોટી કોટી વંદન....

● **સ્વામિનારાયણ સંપ્રદાય અને નાગર વિપ્રનો અનોખો નાતો**

વિષ્ણુ કાંચીના કૃષ્ણ શર્માના પુત્ર સોમ શર્મા પ્રભુ પ્રાપ્તિ માટે ગૃહત્યાગ કરી નાસિક ગયા. ત્યાં તેમને મહાવિદ્વાન નીલકંઠ વિપ્રનો યોગ થયો. તેમની પાસે વિદ્યાભ્યાસ કર્યો. પછી સદ્‌ગુરુની શોધમાં તીર્થયાત્રા કરતા બદ્રરિકાશ્રમ ગયા. ત્યાં નારદજી, શુકદેવજી તથા જ્ઞાનાચાર્ય ઉદ્ધવજીનો યોગ થયો. ઉદ્ધવજીની કૃપાથી સોમ શર્મા સમાધિનીષ્ઠ બન્યા. તેમના હાથે જ દિક્ષા લીધી. આત્માનંદસ્વામી નામ પાડ્યું. પછી ગુરુ આજ્ઞાથી તીર્થયાત્રા કરતા કરતા ઘણા ભગવાનના બળવાળા તે આત્માનંદ મુનિ ગોપનાથ મહાદેવના સ્થાનમાં સ્થિર મન કરીને કાયમ રહ્યા.

આ ગોપનાથ મહાદેવની સ્થાપના કેમ થઈ ? અને આત્માનંદમુનિ અહિ કાયમ સ્થીરમન કરીને શા માટે રહ્યા ? તે ઈતિહાસ જાણવા જેવો છે.

આ પ્રાંતના એક પરમ વિવેકી અને ધર્મનિષ્ઠ શેઠ સુરતમાં રહેતા. તેમને સંતો અને વિપ્રોનો ખૂબ મહિમા હતો. ભાવથી નિત્ય તેમની સેવા કરતા હતા. આ શેઠ એકવાર પોતાને વતન આવ્યા. તે સમયે તે ગામમાં તૈલંગ દેશના એક સ્વતંત્ર ગતીવાળા ગોવિંદાનંદ નામે બ્રહ્મચારી આવ્યા હતા. તેમને મોટા પુરુષ જાણી શેઠે શૂબ સેવા કરી. આ શેઠને ઘેર એક પુષ્ટ અને સુંદર ગાય હતી. તે નિત્ય ધણમાં ચરવા જતી હતી. ગાય રોજ દશ શેર દૂધ આપતી. પરંતુ ધીરે ધીરે દૂધ ઓછું કાઢવા લાગી. દોવા જાય તો ભાગવા લાગે. તેથી શેઠે ગોવાળને તેનું કારણ પૂછ્યું અને દૂધ ક્યાં જાય છે ? તેની તપાસ રાખવાની ભલામણ કરી.

પછી બીજે દિવસે ગોવાળે તપાસ રાખી, તો ગાયને સાગરના ઉંડા જલમાં જતા દેખી. પછી તે પાછી ધણમાં આવતી રહી. આ વાત ગોવાળે શેઠને કરી. તેથી શેઠે આશ્ચર્ય સાથે આ વાત સમર્થ સંત ગોવિંદાનંદ મુનિને કરી. ત્યારે જાણતા હોવા છતાં મુનિ કહે, ‘‘આપણે બંને કાલે ગાય ક્યાં જાય છે ? તે જોવા જશું.’’ પછી બીજે દિવસે બંને નાની હોડીમાં બેસી ગાયની પાછળ પાછળ ચાલ્યા. ગાય સમુદ્રના જળમાં જાણે થોડું જ પાણી હોય તેમ ચાલતી હતી. આગળ જતા એક ટેકરી આવી. તે ઉપર ગાય ઉભી રહી. ત્યારે તેના સ્તનમાંથી દૂધની ધારા વહી. ત્યારે તમામ દૂધ સ્રવી ગયું, ત્યારે ગાય પાછી ફરી. આ દશ્ય જોઈ શેઠે આનું કારણ પૂછ્યું ત્યારે ગોવિંદાનંદમુનિ કહે, ‘‘હે શેઠ ! અહિ શિવલીંગ છે માટે તમે ખોદાવી તે શિવલીંગ કાઢો અને અહી સમુદ્ર કાંઠે રૂડું મંદિર બંધાવી તેની સ્થાપના કરો.’’

પછી તે સંતના વચન મુજબ શેઠે સુંદર શિવાલય બંધાવ્યું અને તેમના હાથે જ તેમનું સ્થાપન કરાવ્યું. ગોપનાથ મહાદેવ એવું નામ રાખ્યું. તે સમયે તેમણે શેઠને કહ્યું હતું કે, "અહીં એક મહાનયોગી સંત આવીને કાયમ રહેશે. તેથી આ સ્થાનનો ખૂબ મહિમા વધશે. તે મુજબ મોટા આત્માનંદ મુનિ ગોપનાથ મહાદેવ આવી સ્થીરમન કરી કાયમ રહ્યા.

તે પ્રથમ આત્માનંદ મુનિના ત્યાગીમાં મુખ્ય શિષ્ય ગોવિંદાનંદમુનિ થયા. તેઓ આત્માનંદ મુનિના જેવા જ સમાધિનિષ્ઠ થયા હતા. ગોવિંદાનંદમુનિના શિષ્ય આનંદાનંદમુનિ થયા. તેમના શિષ્ય ગોપાળાનંદ બ્રહ્મચારી થયા અને તેમના શિષ્ય વિશ્વંભર ભટ્ટ ઉર્ફે બીજા આત્માનંદસ્વામી થયા.

પરંતુ પહેલા આત્માનંદ સ્વામીના ગૃહસ્થમાં મુખ્ય શિષ્ય જૂનાગઢના નાગર વિપ્ર નરસિંહ મહેતા હતા. તેઓ આત્માનંદ સ્વામીના શિષ્ય કેવી રીતે થયા ? અને તેમના વંશજો ઉદ્ધવ સંપ્રદાય સાથે કેવી રીતે જોડાયા ? તે તેમના પૂર્વજોનો થોડો ઈતિહાસ સાથે જાણવા જેવું છે.

આ ઈતિહાસ અમોને ઉનાવાના એડવોકેટ અશોકભાઈ પાસેથી મળ્યો છે. આ અશોકભાઈ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાના વંશજ છે. શર્મિષ્ઠાના પૌત્ર કાનજી મહેતા હતા. તેઓ ઉનાવા રહેવા આવ્યા હતા. તે સમયે નરસિંહ મહેતા જે લોટી ભગવાનની પૂજા કરવા ઉપયોગમાં લેતા તે લોટી, ચંદન ઘસવાનો ઓરસીયો અને દોરી આ ત્રણ વસ્તુ લઈને ઉનાવા આવ્યા હતા. આ પ્રસાદિભૂત વસ્તુ ત્યારબાદ તેમના પુત્ર લાલશંકરભાઈને મળી. પછી તેમના પુત્ર વજેરામ વિપ્ર થયા. તેમના પુત્ર સાકળચંદદાસ થયા. તેમના પુત્ર છનગલાલ અને તેમના પુત્ર સોમાલાલ થયા. તેમની પાસે પરંપરામાં આ વસ્તુઓ હાલ પણ ઉનાવામાં વિદ્યમાન છે.

આ સોમાલાલ મહેતા કર્મયોગી, વિશાળ દિલના, સંશોધકવૃત્તિવાળા અને સફેદ કપડે સંત સમાન હતા. તેમનો જન્મ સન ૧૮૯૫ માં થયો હતો. તેઓ નાનપણથી જ ભણવામાં ખૂબ ધગશવાળા હતા. વડોદરા નરેશ સિવાજીરાવ ગાયકવાડ ત્રીજાના ધર્મપત્ની મહારાણીએ તેમને વડોદરામાં સાથે રાખીને ભણાવ્યા હતા. તેમણે ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષા ઉપર સારું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. નાનપણથી જ તેમના દિલમાં લોકોનું ભલું કરવાની અને માનવ કલ્યાણની ભાવના રમ્યા કરતી હતી.

પોતે બીજાની લાગણી સમજી શકે એવા વિશાળ દિલના હતા. હંમેશા પોતાના જ્ઞાતીજનોના તેમજ દેશના હિતમાં તત્પર રહેતા હતા. તેમણે સન ૧૯૧૯ માં વિશ્વયાત્રા કરી હતી. તે સમયે નાગર બ્રાહ્મણો વડનગરા, વીસનગરા, પ્રશ્નોરા, સાઠોદરા, ક્રશ્નોરા, ચિત્રોડા વગેર ૬ શાખાઓમાં વહેંચાયેલા હતા. તેઓમાં પરસ્પર રાગ-દ્વેષ અને ઘર્ષણ રહેતું. છએ સાખાના નાગરો એકબીજા સાથે રોટી-બેટીનો વ્યવહાર રાખતા નહીં. એક પંગતે કોઈ જમવા તૈયાર થતા નહીં. નાગરો થોડા હોવા છતાં એક જ સમયે, એક જ શહેરમાં, એક જ પ્રસંગે અલગ અલગ શોભાયાત્રા નીકળતી અને તેમાં પણ આગળ પાછળ ચાલવાના ઝઘડા થતા. આને શોભાયાત્રા કહેવી કે કલંકયાત્રા ? આ સોમાલાલભાઈને દિલમાં ખૂબ જ લાગી આવ્યું. પછી સોમાલાલ મહેતાએ તે ૬ એ શાખાના નાગરબંધુઓના આગેવાનોને સમજાવી, પરસ્પર એકતા અને સંપ સ્થાપવાનું મહાન કાર્ય કર્યું. તે માટે તેમને ખૂબ જ યોગદાન આપવું પડ્યું હતું. તે સમયે તેઓ માનસિક રીતે ખૂબજ થાકી ગયા હતા. છતાં તેમના પરિવાજનોના સાથ સહકારથી અને ભગવાનની કૃપાથી આ મહાન કાર્ય તેમણે સિદ્ધ કર્યું હતું.

આ સોમાલાલ સ્વમિનારાયણ ભગવાનના દ્રઢ નિષ્ઠાવાન અને ગાંધીજીના અંતેવાસી હતા. આઝાદ ભારતની લડાઈમાં તેમણે ગાંધીજી તેમજ સરદાર પટેલની સાથે રહી ખૂબ મોટુ યોગદાન આપ્યું

હતું. સહુ પ્રથમ તેમણે સન ૧૯૧૯ માં ઉનાવામાં પ્રેમ સ્થાપીને ગ્રામસેવા મેગેઝીનની શરૂઆત કરી હતી. જેમાં ગાંધીજી વગેરે નેતાઓની ક્રાંતિની પત્રિકાઓ ત્યાંથી જ છપાઈને સમગ્ર દેશમાં મોકલાતી હતી. તેમના કહેવાથી ઉનાવામાં તે સમયે જ્યાં દામાવાવ કે રળીયાતવાવની જગ્યા હતી તે સ્થળે વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરી હતી. આ આશ્રમ હાલ પણ ત્યાં છે.

નાગર જ્ઞાતિઓમાં અનેક મહાન ભક્તો, મહાન લેખકો અને મહાન દેશ સેવકો થયા છે સોમાલાલભાઈનું ત્યાં સુધી કહેવું છે કે, સ્વયં સ્વામિનારાયણ ભગવાન પણ નાગર બ્રાહ્મણ હતા. કેમ જે, કૌથમી શાખા માત્ર નાગર બ્રાહ્મણોમાં જ હોય છે. બ્રાહ્મણોની કુલ ૮૪ શાખાઓ છે. તેમાં સહુથી જુની સાખા નાગરોની છે. તેઓ પોતાનું સહુથી જુનું નગર વડનગર માને છે અને ત્યાં બીરાજતા હાટકેશ્વર મહાદેવ પોતાના ઈષ્ટદેવ માને છે. નાગરી લીપીનું શોધન નાગરોએ કર્યું છે તેવું તેઓ માને છે. નાગરોની ૭૧ જેટલી પેટા શાખાઓ છે. નાગરો માટે એવું પણ કહેવાય છે કે, જે પોતાનું ગોત્ર, પ્રવર, શાખા, પ્રશાખા, વેદ, ઉપવેદ, મોસાળ, મોસાળનું મોસાળ અને વ્યક્તિના આશય, આ ૯ વાતમાં નિષ્ણાંત હોય તે નાગર કહેવાય.

પ્રસિદ્ધ નાટકકાર પ્રેમાનંદ માણભટ્ટ, શિવાનંદ સ્વામી (આરતીવાળા) નાગર હતા. હાલમાં સુરત શિવાનંદ આશ્રમના મહંત અધ્યાત્માનંદ સ્વામી નરસિંહ મહેતાના કાકા પર્વતભાઈની પરંપરાના સંત છે. નરસિંહ મહેતાની પુત્રી નાનકુંવરબાઈના લગ્ન ઉના શ્રીરંગદાસ ઓઝાના પુત્ર વસ્તરાજ વિપ્ર સાથે થયા હતા. તેમના પુત્ર ભગવાનદાસ થયા હતા. ઈતિહાસમાં તેનું બહુ મોટુ નામ છે. તેમના પુત્ર નીલકંઠ થયા. તેમના પુત્ર સુંદરદાસ થયા. આ પરંપરામાં જીવણદાસ મહેતા તલગાજરડા રહેવા ગયા. એજ પરંપરામાં પ.પૂ. મોરારીબાપુ વગેરે સંતો નાગરોમાં હાલ છે.

નાગરોમાં અનેક લેખકો થયા છે. ધરણીધર દેસાઈ, સુધારાના માળી કવી નર્મદ, કવીશ્વર દલતપતરામ, કવીશ્વર નાહ્નાલાલભાઈ, પ્રસિદ્ધ ઈતિહાસકારક શંભુપ્રસાદ દેસાઈ, આદર્શ કેળવણીકાર અને જુનાગઢ કોલેજના પ્રમુખ ચંદ્રશેખર છાયા, પ્રસિદ્ધ લેખક ઉમા શંકર જોષી વગેરે મહાન લેખકો તથા ઈતિહાસકારો નાગરોમાં થાય છે. તેમજ મહાદેવભાઈ દેસાઈ, પૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ, રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ભવાનીશંકર જોષી, બહારવટીયાઓના ત્રાસથી લોકોને મુક્તિ કરવામાં મોટો ફાળો આપનાર હરિપ્રસાદ દેસાઈ, મેવાડના પતાઈ રાવળ, કાયદાઓના નિષ્ણાંત વિક્રમકિશોર બુચ, સ્ત્રી કેળવણીના અનેક કાર્યો કરનાર પુષ્પાબહેન મહેતા પણ નાગર હતા.

ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહના દિવાન પ્રભાશંકર પટણી સાહેબ પ્રશ્નોરા નાગર હતા, તેમજ ભાવનગરના વડનગરા નાગર ગગા ઓઝા પણ તે સમયના મહામાનવ હતા. વળી, જુનાગઢના દિવાન અમરજી મહેતા. આવા અનેક દેશવીરો અને જામનગરના પ્રસિદ્ધ વૈદ્યરાજ મહાત્મા ઝંડુ ભટ્ટજી તેમનું મૂળ નામ કરુણાસંકર વિઠ્ઠલભાઈ ભટ્ટજી હતું તે પણ નાગર જ્ઞાતિમાં થયા છે. સંત દાદુદયાળ જેઓ અમદાવાદનો વીસનગરા બ્રાહ્મણ હતા. તેમનો દાદુ પંથ પ્રસિદ્ધ છે. સરસ્વતીચંદ્ર નવલકથાના લેખક નડીયાદ ગોવર્ધન માધવરામ ત્રિપાઠી તથા રણછોડજી મહારાજ અમદાવાદના સાઠોદરા નાગર વિપ્ર હતા. નૃસિંહાચાર્ય-ઉપેન્દ્રચાર્ય વડોદરાની શ્રેયસાધક અધિકારી સંસ્થાના સ્થાપક હતા. કવિ દયારામ વૈષ્ણવ સંપ્રદાયના નવરત્નો પૈકી એક કવિ હતા. તેઓ ડભોઈ કરનાળીના સાઠોદરા નાગર હતા. બૈજનાથ (બૈજુ બાવરા) સંગીતના સંશોધક અને વિશ્વવિખ્યાત હરિદાસજીના શિષ્ય હતા. તે વડનગરા નાગર હતા. તેઓ મૂળ માંગરોળના પછી ચાંપાનેર (પાવાગઢ) આવીને વસ્યા હતા.

એક ગણના મુજબ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિના દિક્ષીત ૧૫૦૦ ઉપરાંત પરમહંસો હતા. જેમાં સત્સંગની મા મુક્તાનંદ સ્વામી, પ્રેમ સખી પ્રેમાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, માધવાનંદ સ્વામી, પદ્મનાભાનંદ સ્વામી, નિર્ગુણદાસજી સ્વામી વગેરે ૬૫ ઉપરાંત પરમહંસો નાગર વિપ્રો હતા. સંપ્રદાયના ૭૨ જેટલા શ્રીહરિના દિક્ષીત બ્રહ્મચારી તથા સંન્યાસીઓ હતા. જેમાં વાસુદેવાનંદ બ્રહ્મચારી, વૈષ્ણવાનંદ બ્રહ્મચારી, હરિકૃષ્ણાનંદ બ્રહ્મચારી, રામચંદ્રાનંદ બ્રહ્મચારી, પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી, ગોવિંદાનંદ બ્રહ્મચારી, માધવાનંદ બ્રહ્મચારી વગેરે અનેક બ્રહ્મચારીઓ નાગર જ્ઞાતિમાંથી થયા હતા. આ રીતે ૧૦૦ જેટલા નાગર બ્રાહ્મણો પુરુષોત્તમ નારાયણના પરમહંસો થયા હતા.

અનેક નાગર વિપ્રોએ બીજા આત્માનંદ સ્વામી અને રામાનંદ સ્વામીના સમયમાં જ સત્સંગ સ્વીકાર્યો હતો. જેમાં કરજીસણના નાનાભાઈ, જોઈતારામ વગેરે. ભૂજના શિવરામ મહેતા, હરજીવન મહેતા વગેરે હતા. વળી, નારદીપુરના તીતારામ ભગત, નડીયાદના ગંગારામ તથા મોહનરામ જોષી વગેરે હતા. લુણાવાડાના દિવાન લક્ષ્મીરામ જાની વગેરે તથા જુનાગઢ કારભારી રામજી મહેતા, અંબારામ, ચકુભાઈ વગેરે હતા. તથા વડોદરાના સદાશિવભાઈ પાઠક, બાપુરામ ગાર્દી, શિવરામ ગાર્દી, ઉત્તમરામ મહેતા વગેરે હતા. ડભાણના સૂર્યરામ મહેતા, વીસનગરના સુબા લાલજી દેસાઈ, શોભારામ, મોતીરામ વગેરે હતા. વડનગરના ઉજમરામ, વનમાળી વગેરે. પીપળાવના પ્રભાશંકર વગેરે. હળવદના લક્ષ્મીરામ દેરાસરી વગેરે. પીપલાણાના નરસિંહ મહેતા. માણાવદરના મયારામ ભટ્ટ, ગોવિંદરામ ભટ્ટ વગેરે અનેક મહાન ભક્તો નાગર બ્રાહ્મણોમાંથી થયા હતા.

વળી, નાગર બહેનો પણ અનેક મહાન ભક્તો થયા. જેવા કે, જેતલપુરના ગંગામા, મહેસાણાના કળશીબા, ઉનાવાના રળીયાતબા વગેરે હતા. રાજસ્થાનમાં આવેલ બાંસવાડાના માણેક્ય જોષી ભગવાન મેળવવા માટે ઘર છોડીને ભારતની યાત્રાએ નીકળ્યા. તેમને આસામ રાજ્યના મલેકપુર (ભલામયાંગ) ગામના નાગરવાડામાં આવેલા મહાકાળી માતાના પૂજારી પ્રભાશંકર શર્માનો યોગ થયો. તેમણે પોતાની દિકરી શિવકુંવરનું માણેક્ય જોષીને કન્યાદાન આપ્યું અને પોતાની પાસે રાખી તાંત્રીક વિદ્યાઓ શીખવી. મેલીવિદ્યામાં પારંગત કર્યો. જે સંપ્રદાયમાં પિબૈક તરીકે પ્રસિદ્ધ છે. તેમની દિકરી માયા હતી. જે પાછળથી ગુજરાતમાં આવી સાંખ્યયોગી બની ગંગામાં સાથે રહ્યા હતા.

નડીયાદના રેવાબા, ભુજના લાધીબા, સુરજબા વગેરે. જુનાગઢના પાંચુબા, બાઉબા વગેરે. વડોદરાના મોંઘીબા, અમૃતબા, શ્યામકુંવરબા, ઉમૈયા, પાર્વતી વગેરે. સુરતના મહાલક્ષ્મીબા વગેરે. રાજકોટના નંદુબા વગેરે. ગઢપુરના અમરબા બ્રાહ્મણી, આખાના સમાધીનિષ્ઠ લાડકીબા વગેરે અનેક બહેનો ભક્તો પણ નાગર બ્રાહ્મણ સત્સંગી થયા હતા. વીસનગરના ઉદેકુંવરબા તથા તેમનો પુત્ર બળદેવ, વડનગરના જેઠીબા તથા તેમનો પુત્ર વનમાળી, ઉંઝાના જેકુંવરબા જેવા અનેક નાગર બહેનો સત્સંગી થયા. હાલ પણ ઉત્તરગુજરાત, ચરોતર, પંચમહાલ, સોરઠ વગેરે સ્થળોએ અનેક નાગર બ્રાહ્મણો સત્સંગ સાથે સંકળાયેલા છે.

આ સોમાલાલ મહેતાના મોટા પુત્ર કાન્તિભાઈ પૂર્વ અખીલ ભારતીય નાગર પરિષદના અધ્યક્ષ હતા. હાલ તેમના સ્થાને વિણા બેહન જોષી (મુંબઈ)ની નીમણુંક કરવામાં આવી છે. નાગરબંધુ મેગેઝીનના તંત્રી હાલમાં તેમના નાના પુત્ર એડવોકેટ અશોકભાઈ છે. તેમની ઉંમર અત્યારે ઓગણસીતેર વર્ષની છે. તેઓ પણ

નાગરોના ઈતિહાસને ઘણી ઉમ્મીદ સાથે સાચવી રહ્યા છે. તેના ઘેર નરસિંહ મહેતાની પ્રસાદિભૂત લોટી, ચંદન ઘસવાનો ઓરસીયો અને દોરી હાલ પણ છે.

તેમજ શ્રીજી મહારાજે રામાનંદ સ્વામીનું વરદાન સત્ય કરવા રળીયાતબા ખાંડણીયામાં પંચાજીરી ખાંડતા ત્યારે તેમનું સાંબેલું પકડી કૃષ્ણરૂપે દર્શન આપ્યા હતા. તે પ્રસાદીનો ખાંડણીયો, સાંબેલુ, તે સમયે આપેલી પ્રસાદીની માળા તથા ચરણારવિંદ વગેરે હાલ પણ અશોકભાઈની પાસે છે. વળી, મહારાજે રળીયાતબાના હાથનો થાળ જમીને ઘીવાળા હાથ દરવાજે લુછ્યા હતા. તે પ્રસાદિભૂત દરવાજો પણ હાલમાં તેમણે સાચવી રાખ્યો છે.

કાળુપુર સ્વામિનારાયણ મંદિરથી પ્રકાશીત થયા સ્વા. મેગેઝીનમાં ગંગામાની ગૌરવગાથા, મહેસાણાના કળશીબાઈ અને ક્રાંતિકારી મહિલા રળીયાતબા વગેરે લેખો છપાયા છે. તેનું સંશોધન કરનારા આ અશોકભાઈ છે. ઉનાવાનો ઈતિહાસ નરસિંહ મહેતાની પરંપરા સાથે જોડાયેલો હોવાથી જે અમને આપેલ છે.

ગોપનાથ મહાદેવમાં જે સ્થાને આત્માનંદમુનિએ બાળ નરસૈયાને વાચા આપી હતી. તે સ્થાને હાલ મંદિરની સામે જ નરસિંહ મહેતાનું નાનકડું મંદિર છે. આત્માનંદ મુનિ તેમજ તેમના શિષ્ય નરસિંહ મહેતા વગેરે શિવ અને કૃષ્ણ બંનેની સેવા-ભક્તિ કરતા હતા. તેથી ગોપનાથ મહાદેવના મંદિરની સાથે જ રાધાકૃષ્ણનું નાનું બીજું પણ મંદિર છે. વળી, હાલ આ મહાદેવજીની એક બાજુ જ્યાં આત્માનંદ મુનિ વગેરે મહંતો રહેતા તે જુની હવેલી પણ વિદ્યમાન છે. જે મહંતની જગ્યા તરીકે ઓળખાય છે. આ પ્રસાદિભૂત સ્થાનો ઉપરોક્ત ઐતિહાસીક દસ્તાવેજી પુરાવા સમાન છે.

વળી, તળાજામાં તાલધ્વજગીરી પર્વત છે. જ્યાં અનેક દેવસ્થાનો તથા ઐતિહાસિક ગુફાઓ આવેલી છે. તે પૈકી એક ગુફામાં વિશાળ

સભાખંડ છે. તે સ્થળે ત્યાંના નરેશ વીર એભલવાળાએ ૧૬૦૦ કન્યાઓનું દાન કર્યું હતું. એ પર્વત ઉપર એક નાનકડી નિશાળ હતી. જેમાં નરસિંહ મહેતા નાનપણમાં ભણતા હતા. તેઓ ભણતા તે નાનકડી રૂમ પણ હાલ આ તાલધ્વજગીરી ઉપર છે. જેને લોકો નરસિંહ મહેતાનું વિદ્યાસ્થાન સમજી વંદન કરી ભાવનાઓ વ્યક્ત કરે છે. આ પર્વત ઉપર શ્રીજીમહારાજ પણ વનવિચરણ દરમ્યાન ગયા હતા.

સં. ૧૪૮૮ માં એકવાર માંગરોળથી કાકા પર્વતદાસ સાથે નરસિંહ મહેતા દ્વારિકાની યાત્રાએ ગયા. કેટલાક દિવસે દ્વારકા પહોંચ્યા. પછી ગોમતીજીમાં સ્નાન કરી પાવનત્વ અનુભવ્યું, ત્યારે કાકા પર્વતદાસે ચોવીસ વર્ષના ભત્રિજા નરસિંહને આગ્રહપૂર્વક કહ્યું કે, 'તું મને બોલતા ચાલતા ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરવા.' નરસિંહ પોતાના કાકાની આ ઈચ્છા પુરી કરવા ભગવાનને સ્તુતિ કરી. ત્યારે દ્વારિકાધિશે કહ્યું કે, 'હે નરસિંહ ! તારા સંગથી તારા કાકાનો સહ પરિવાર ઉદ્ધાર થશે. પણ હજી તેમને જગત વિશે તીવ્ર વૈરાગ્યભાવ અને મારા વિશે પૂર્ણ ભક્તિભાવ પ્રગટ થયો નથી માટે હજી તેમણે તપ કરવું જોઈએ, તેથી તું જ તેને માર્ગ બતાવ. તું તેના ઉપર જરૂર કૃપા કરીશ, તું તો મારો આત્મા છે તું જે કરવા ધારીશ તે જ થશે. તારા કાકાને સ્વપ્નમાં હું બે વાર પ્રેમથી દર્શન આપીશ અને એક વખત તેની સાથે પ્રેમથી બોલીશ. તેઓ મારા વિશે દૃઢ ભક્તિથી જોડાશે એટલે હું સ્વયં તેને ઘેર પધારીશ. કેમ જે, તે પણ મારા પરમ ભક્ત છે.'

ભગવાનના આ વચનો સાંભળીને નરસિંહે કાકા પર્વતદાસને કહ્યું, "તમારે ઘેર તુલસીનો ક્યારો વાવો. પછી હાથમાં તે લીલા તુલસીનો ક્યારો લઈ તેના માંજરની માળા બનાવી ભગવાનને ચઢાવવા માટે પ્રતિવર્ષ દ્વારિકા જવું. તો તમારે ત્યાં ભગવાન પધારશે

અને તે સમયે હું પણ ભક્ત મંડળી સાથે જરૂર કીર્તન કરવા આવીશ.'' ત્યારબાદ બંને પાછા આવ્યા. નરસિંહ મહેતા જુનાગઢ ગયા. આ તરફ પર્વતદાસ માંગરોળમાં રહ્યા. દ્વારિકાનાથના દર્શન કર્યા હતા તે આનંદમાં ડુબી ભજન કરવા લાગ્યા અને નરસિંહ મહેતાના કહેવા પ્રમાણે જ મનુષ્ય માટે કઠિન કહિ શકાય તેવી ભક્તિ પરમ શ્રદ્ધા સાથે કરવા લાગ્યા. દરવર્ષે હાથને વિષે તુલસીનો ક્યારો લઈ તેની માંજરની માળા બનાવી દ્વારિકા જઈ શ્રીરણછોડરાયને માળા અર્પણ કરતા અને તે તુલસીપત્ર વડે જ શ્રીરણછોડરાયનું પૂજન કરતા. આ પ્રમાણે જ્યાં સુધી ભગવાન પ્રસન્ન ન થાય ત્યાં સુધી આ વ્રત ચાલુ રાખ્યું.

આ પોતાનો નિયમ તેમણે કડકડતી ઠંડી હોય, બળબળતો તાપ હોય કે અનરાધાર વર્ષા હોય. ભોજન તો શું પાણીનું ટીપું ન મળે તો પણ તેઓએ પ્રતિજ્ઞા સાથે પાળ્યો. કૌટુંબિક ફરજો પમ બજાવતા રહ્યા. આ રીતે હાથમાં તુલસી ક્યારા સાતે શ્રીદ્વારિકાનાથની અનેક દર્શન યાત્રાઓ કરતા અડસઠ વર્ષની ઉંમરે પહોંચ્યા. ત્યારે શરીર નિર્બળ બની ચુક્યું હતું. વધુ એક પણ યાત્રા અશક્ય જણાવા લાગી.

તેથી પર્વત મહેતાના પુત્ર, પત્ની, સગા-સંબંધીઓએ સમજાવીને હવે યાત્રા ન કરવા કહ્યું. છતા પણ દૃઢ મનોબળથી એકવાર યાત્રાએ જવા યાત્રાળુઓના સંઘ સાથે જોડાઈ ગયા. રસ્તામાં માંગરોળ અને શીલ વચ્ચે આવેલા આજક ગામની પ્રખ્યાત મઢીવાવને પડથારે રાત રહ્યા. વહેલી પરોઢે સંઘ તો આ વૃદ્ધ ભક્તને પડતા મૂકી ચાલતો થયો. તે દરમ્યાન પર્વત મહેતાને સ્વપ્નમાં દ્વારિકાનાથે દર્શન આપ્યા અને કહ્યું કે, 'હું તારા પ્રેમ અને શ્રદ્ધાથી પ્રસન્ન થયો છું. હે પર્વત ! તું વૃદ્ધ છે, માટે પાછો ફર. હવે શરીરને શા માટે કષ્ટ આપે છે ? એક મહિનામાં તારે ઘેર આવીને રહીશ અને તને ભરતખંડમાં

પ્રસિદ્ધ કરીશ. સવાર-સાંજ સ્નાન કરવા ગોમતીજીને સાથે લાવીશ. હે પર્વત ! આજથી મેં તને સાક્ષાત્ ‘વૈષ્ણવ પદ આપ્યું છે.’

પર્વત મહેતા જાગીને, તે દિવ્ય દર્શનના વિચારમાં મંગલપુર (માંગરોળ) પાછા ફર્યા અને દ્વારિકાનાથના વચનને યાદ કરીને ભજન-કીર્તનમાં વિશેષ ભાવવિભોર બનવા લાગ્યા. બીજી તરફ દીવમાં વાસુદેવ નામના એક સલાટ રહેતા હતા. તે પણ પોતાના ધંધામાં જે કંઈ મળે તેમાં સંતોષ માની ભક્તિમય જીવન ગાળતા હતા. તેઓ સાચા અર્થમાં ‘વૈષ્ણવજન’ હતા. પોતાને થયેલ પુત્ર પ્રાપ્તિથી ઈશ્વર પ્રત્યે આભારવશ થઈ તેમણે પુરા પ્રેમથી શ્યામ પાષાણનું એક સિંહાસન ઘડ્યું, જેમાં ભગવાનના દશ અવતારો અને અવતાર લીલાઓ કુશળ કારીગરીથી કોતરી હતી. ૧૫ માસના અથાગ પરિશ્રમને અંતે તૈયાર થયેલ આ સિંહાસનની શોભા અનેરી હતી.

દ્વારિકાનાથને આ સિંહાસન ભેટ ધરવા દીવથી એક હોડી સામાન ભરી બેટદ્વારિકા જતી હતી તેમાં બેઠા. પણ રાત્રિ દરમ્યાન તેને સ્વપ્નમાં દ્વારિકાનાથે દર્શન આપી આજ્ઞા કરી કે, ‘હે સેવક વાસુદેવ ! એ સિંહાસન લઈને તું મંગલપુર (માંગરોળ) પર્વત મહેતાને ઘેર જા, થોડા દિવસ ત્યાં સ્થિર થઈને રહેજે. હું ગોમતી સહિત ત્યાં પધારીશ.’ તે જ સમયે સમુદ્રમાં તોફાન થયું. તેને કારણે હોડી કુદરતી રીતે જ દ્વારિકા નહી જતા માંગરોળ બંદરે પહોંચી, ત્યારે તે ત્યાં ઉતરી ગયો અને સિંહાસન સાથે લોકોને પૂછી પર્વત મહેતાને ઘેર પહોંચ્યા. પછી તે વાસુદેવ સલાટે પર્વતભાઈને પોતાના સ્વપ્નની વાત કરી. પર્વત મહેતા અને સલાટ વાસુદેવે એક બીજાને શ્રીદ્વારિકાનાથના સ્વપ્નની વાત કરતા ભેટી પડ્યા અને પરમાનંદ અનુભવ્યો. વાજતે-ગાજતે સિંહાસનને પોતાને ઘેર પધરાવ્યું. પર્વત

મહેતા તો પુરુષભાવ છોડી દઈને ગોપીભાવે પુરા પ્રેમથી દ્વારિકાનાથને ભજવા લાગ્યા.

બીજી તરફ દ્વારિકાનાથે ગોમતીજીને પાતાળ માર્ગે પરવરી પર્વત મહેતાનો પ્રેમ પૂરો કરવા આજ્ઞા આપી અને પર્વતને બીજીવાર સ્વપ્નમાં આવી પોતાના આગમનના સ્થળ, તિથિ અને વાર જણાવ્યા. તે મુજબ સં. ૧૫૦૧ ના માગશર સુદ-૬ બુધવારે, પ્રાતઃકાળે બહેનો પાણી ભરવા માટે વાવે ગયા. ત્યારે તે પુરાતની વાવમાં પાણીની લહેરો ઉઠી અને વાવના પાણી છલોછલ થઈ હીલોળા લેતા બહાર આવ્યા. પર્વત મહેતાએ આ જોઈને ગોમતી રાણી પધાર્યા છે તેમ સહુને કહ્યું. તે જ સમયે ઘણા લોકોને તેમાં શંખ અને ચક્રના ભાવનાત્મક દર્શન થયા તેથી સહુએ સ્વીકાર્યું.

આખા ગામના લોકો તેમાં નાહી રહ્યા ત્યાર પછી તેમાં પર્વતદાસે પ્રેમથી સ્નાન કર્યું કે તુરત પાણી નીચે ઉતરી ગયું અને ત્યારે તેમને શ્રીદ્વારિકાનાથે મૂર્તિ સ્વરૂપે દર્શન આપ્યા. પર્વત મહેતા ભાવવિભોર બની ગયા. ત્યારે તે મૂર્તિરૂપ ભગવાને કહ્યું કે, ''સમસ્ત નાગરોના ૭૧ કુળ-શાખાને પાવન કરવા માટે હું હંમેશા તારે ઘેર બિરાજીશ. તારો શ્રમ હવે મારાથી સહ્યો જતો નથી માટે હવે મને ઘર મંદિરમાં પધારવો.'' ત્યાર પછી માંગરોળના નાગરો અને અન્ય લોકો વાજતે ગાજતે રણછોડરાયની મૂર્તિને પાલખીમાં પધરાવી પર્વત મહેતાને ઘેર લઈ ગયા અને વાસુદેવ સલાટે બનાવેલા સિંહાસનમાં રણછોડરાયને પધરાવ્યા. ભક્તકવિ નરસિંહ મહેતાને પણ ભગવાને આ વાત જણાવી. તેથી તેઓ પણ આપેલા વચન પ્રમાણે કાકા પર્વત મહેતાને ત્યાં શ્રીરણછોડરાયજીની પધરામણીના ઉત્સવમાં પધાર્યા અને કહેવાય છે કે આ સમયે ભજનમાં લીન થઈ ગયેલ નરસિંહને શ્રીહરિએ મોહિની સ્વરૂપે દર્શન દઈ હાથો હાથ જળપાત્ર આપી તૃષા છીપાવી હતી.

હાલ પણ માંગરોળના નાગરવાડા વિસ્તારમાં આ વૈષ્ણવ પરંપરાનું જુનું રણછોડરાયની હવેલી વિદ્યમાન છે અને જે પુરાતની વાવમાં ગંગાજીએ દર્શન દીધા હતા તે વાવ નાગરવાડા નજીકમાં જ આવેલી છે. તેને ગોમતી વાવ કહે છે. ત્યાંના લોકોને એવું કહેવું છે કે, ''સં. ૧૫૦૧ માગસર સુદ-૬ ના દિવસે આ વાવમાં ગંગાજી પ્રગટ થયા હતા. તેથી આજે પણ તે દિવસે આ વાવનું પાણી ગંગાજીના પાણી જેવું સફેદ દેખાય છે અને તે દિવસે તે વાવનું પાણી લઈ ભવ્યતા પૂર્વક રણછોડરાયનો અભિષેક કરવામાં આવે છે.

ત્યાંથી થોડે દૂર એક વાવ કે જે કાળે કરીને પુરાઈ ગઈ હતી. તેનું સ્વામિનારાયણ ભગવાને પૂર્ત કર્મ કરાવ્યું હતું. તે નિમીક્કે ઉત્સવ કર્યો ત્યારે અનેક વૈષ્ણવોને સ્વામિનારાયણ ભગવાને કૃષ્ણરૂપે દર્શન આપ્યા હતા. આ વાવ હાલ માંગરોળ સ્વામિનારાયણ મંદિરના પ્રાગણમાં છે. અશોકભાઈનું કહેવું છે કે, સારંગપુરમાં હનુમાનદાદાની મૂર્તિ બનાવનારા બોટાદના કાનજી કડીયા આ ભક્તરાજ વાસુદેવ સલાટના જ વંશજ હતા.

આ રીતે ભજન ભક્તિ કરતા ભક્તરાજ પર્વત મહેતા માંગરોળથી જ ગોલોકવાસી થાય હતા. કે કા. શાસ્ત્રી માંગરોળના વિપ્ર હતા.

નાગર બ્રાહ્મણોને સ્વામિનારાયણ સંપ્રદાયને કેટલો જુનો નાતો છે તે હવે આપણે થોડું વાંચીએ.

આ બાજુ વડનગરમાં નરસિંહ મહેતાના દોહિત્રી શર્મિષ્ઠાના પુત્રનો જન્મ ભીમએકાદશીએ થયો હોવાથી તેનું નામ ભીમભાઈ પાડ્યું હતું. ભીમભાઈને નવ પુત્રો પૈકી એક પુત્ર શામજી મહેતા હતા. તેઓ પણ ક્રમથી ઉત્તરોત્તર આત્માનંદ સ્વામીની પરંપરાના શિષ્યો ગોપાળાનંદમુનિ વગેરેના આશ્રિતો થતા રહ્યા હતા. શામજી

મહેતાના પુત્ર ભૂદર મહેતા થયા. તેઓ તથા તેમના ભાઈઓ બીજા આત્માનંદ સ્વામીના શિષ્ય થયા હતા. જેતલપુરના ગંગામા, કરજીસણના નાનાભાઈ વગેરે તેમના પુત્રો પણ પરંપરામાં રામાનંદ સ્વામીના શિષ્યો થયા હતા અને કરજીસણ, વીસનગર, વડનગર, ઉનાવા, જેતલપુર વગેરે ઉત્તર ગુજરાતના પોતાના હેતવાળા ગામોમાં તેમણે આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામી દ્વારા સત્સંગ વિકાસ કરવામાં બહુ મોટું યોગદાન આપ્યું હતું.

ત્યારબાદ સ્વામિનારાયણ ભગવાન પણ આ નાગર પરિવારની ભક્તિને વશ થઈને વારંવાર ઉત્તર ગુજરાતના અનેક ગામડાઓમાં વિચરણ કરવા પધારતા હતા. આ રીતે પ્રથમ આત્માનંદ સ્વામીથી આરંભી આજ દિન પર્યંત પરંપરામાં ઉદ્ધવ સંપ્રદાય અને નાગર ભક્તોને સત્સંગનો સુદૃઢ નાતો રહ્યો છે. આ પરંપરાના હાલ પણ ઘણા નાગર વિપ્રો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો છે.

૧. વીસનગર - બ્રાહ્મણોને મહારાજાનું બિરુદ કેમ મળ્યું ?
૨. ભૂદરજી મહેતાને ઘેર પાંચેય સંતાનો મહાન ભક્ત કેમ થયા ?
૩. ઉનાવાના રળીયાતબાએ અંધશ્રધ્ધા કેવી રીતે દૂર કરી અને અહિંસામય યજ્ઞ માટે કેટલું યોગદાન આપ્યું ? વગેરે...

**૧. વીસનગરા બ્રાહ્મણોને મહારાજાનું બિરુદ કેમ મળ્યું ?**

શર્મિષ્ઠાના લગ્ન વડનગરમાં ધરણીધર મહેતાની સાથે થયા હતા. તેમને તાના અને રીરી નામની બે પુત્રીઓ જન્મી હતી અને એક પુત્રનો જન્મ થયો હતો. આ પુત્ર ભીમ એકાદશીને દિવસે જન્મ્યો હોવાથી તેનું નામ ભીમભાઈ રાખ્યું હતું. નરસિંહ મહેતા અંતિમ ઉંમરે વડનગરમાં તેમને ત્યાં રહેતા તે આપણે કાલે સાંભળ્યું. આ સમયે મહેતાએ આ પ્રાંતમાં હરિહરની ભક્તિનો ખૂબ પ્રચાર કર્યો હતો અને અનેક સ્થળે શિવજીની સાથે વિષ્ણુની મૂર્તિ સ્થાપી ધાર્મિક

લોકોના કલ્યાણના સદાવ્રત ખોલી રાખ્યા હતા.

પછી નરસિંહ મહેતા સંવત ૧૫૪૪ માં માંગરોળ મુકામે ગોલોકવાસી થયા. ત્યારબાદ શિવજીને માનનારા અમુક વિપ્રોમાં રાગ-દ્વેષે અડ્ડો જમાવ્યો. રાગ-દ્વેષ અને ઈર્ષાની આગ એટલી હદે આગળ વધી કે આ મહેતાએ પધરાવેલા દેવો છે તેથી હવે લોકો વૈષ્ણવ થવા લાગ્યા. તેથી વીસનગરમાં મહેતાજીએ સ્થાપેલી લાલજી હરિહરની મૂર્તિને એક પક્ષના લોકોએ ઉઠાવીને એક રાત્રે બાજુમાં જ આવેલ કાંસા ગામના કૂવામાં પધરાવી દીધી.

આ પ્રસંગની અનેક વૈષ્ણવ ભક્તોના દિલ દુઃખાયા. ઘણી શોધખોળ કરી છતાં પત્તો ન લાગ્યો. પછી પંદરમાં સૈકાના અંતિમ દસકામાં વીસનગરના જ નાગર વિપ્ર ગોપીનાથજીને ભગવાને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું કે, ''મારી મૂર્તિ અહીં બાજુમાં આવેલા કાંસા ગામના કૂવામાં દ્વેષી લોકોએ પધરાવી દીધી છે. આપ ત્યાંથી મને લઈ આવો અને મારી પુનઃસ્થાપના કરો. તેથી તમો ખૂબ સુખી થશો. એમ કહી પ્રભુ અદૃશ્ય થયા.''

સ્વપ્નમાં ભગવાને આપેલા આદેશ પ્રમાણે ગોપીનાથજી વૈષ્ણવૃદં સાથે તે કૂવા પાસે ગયા. જળમાં ડૂબકી લગાવી કાંસા ગામના કૂવામાંથી મૂર્તિ મેળવી વીસનગરમાં લાવી મંદિરમાં પુનઃ સ્થાપિત કરી હતી. આ મૂર્તિ આશરે ૨૫૦ કિલોની કહેવાય છે. આ મંદિર હાલ લાલજી હરિહરના નામથી પ્રસિદ્ધ છે. આ પ્રસંગથી ત્યાંના રાજા વિશલદેવ ખુબ રાજી થયા. તેથી તેમણે ઘણીક જમીન તથા પાંચ ગામ આ ગોપીનાથ વિપ્રને દાનમાં આપ્યા. તેથી તેઓ ''ભૂધૃત'' પંડ્યા કહેવાતા હતા. ઉત્તર ગુજરાતના પાટીદારોમાં તેમનો પંથ ઘણો પ્રવર્ત્યો અને તેથી વિપ્ર ગોપીનાથાચાર્યને મહારાજા બિરુદ પ્રાપ્ત થયું. તેથી તેમના વંશજો હજી પણ મહારાજા કહેવાય છે. આજે પણ તે પ્રાંતના ગામડાઓમાં તેમનું વર્ષાશન ચાલે છે.

## ● બ્રહ્મપુરીઓનો ઈતિહાસ

આ ઉનાવા વગેરે સ્થળોએ આવેલી બ્રહ્મપુરીનો ઈતિહાસ જાણવા જેવો છે. આજથી ૨૦૭૨ વર્ષ પૂર્વે વીરવિક્રમ રાજાએ રાજ્ય કારભાર સંભાળ્યો હતો. તે સમયે તેમણે બ્રાહ્મણોના ઉત્કર્ષ માટે ભારતભરમાં ૩૬૫ બ્રહ્મપુરીઓ બનાવી હતી અને નાગર બ્રાહ્મણોને અર્પણ કરી હતી. તેના બદલામાં નાગરો પોતાની ‘કલમ, કડછી અને બરછી’ દ્વારા રાજાના સાર્વભૌમત્વનું રક્ષણ અને રાજ્યનો વહિવટ કરતા અને પ્રત્યુપકાર તરીકે રાજની કુશળતા માટે છેલ્લા નોરતાના દિવસે આદ્યાશક્તિનો શુદ્ધ અને પવિત્ર અહિંસામય યજ્ઞ કરતા.

વીક્રમરાજાએ બનાવેલી એક બ્રહ્મપુરી ઉનાવા ગામે હતી. રળીયાતબાના સાસરીયાનું રાવલ કુટુંબ ઉનાવાની બ્રહ્મપુરીમાં ‘બ્રાહ્મણના મુખિયા’ તરીકે હતું અને ‘વડા કુળગુરુ’નું કુટુંબ હતું. તેથી ‘ગ્રામયજ્ઞ’ કરવાની તમામ જવાબદારીઓ તેમની રહેતી. પ્રથમથી જ રાજ્યની અભીવૃદ્ધિ માટે નાગરો યજ્ઞ કરતા હતા.

રળીયાતબાના વડસસરા અનંતરામ રાવલ હતા. તેઓ પાઠશાળા ચલાવતા તેથી લોકો તેમને મહેતા પણ કહેતા. આ અનંતરામ રાવલ એકવાર હિમાલય પ્રદેશનાં ‘કાંગડા ધામે’ વિદ્યા શીખવા ગયેલા. પાછા વળતાં ત્યાંની જગવિખ્યાત ‘જવાલામુખી’ માતાનો જીવંત અગ્નિ લાવેલા અને તે અગ્નિ રાજા વીરવિક્રમના વંશજોના રક્ષણ અને ભલા માટે ઉનાવામાં બ્રહ્મપુરીના યજ્ઞકુંડમાં સ્થાપ્યો. કે જેમાં તેઓ કાયમ યજ્ઞ કરતા. તેથી આદ્યશક્તિ જવાલાની શક્તિ ઓર વધી ગઈ. ગામ કે પરગામનું જે કોઈ ‘ઘી’ ચડાવવાની માનતા રાખે તેનાં તમામ મનોરથ સિદ્ધ થવાં માંડ્યા. સો સો ગાઉ સુધી માતાની ખ્યાતિ પ્રસરી ગઈ. તેથી બારેય માસ સુધી દરરોજ યજ્ઞ થવા લાગ્યો હતો.

પરંતુ ધીમે ધીમે તેમાં અન્ય વર્ણના લોકો આવવા લાગ્યા અને તે આવેલા લોકો એમાં હિંસા કરવા લાગેલા. આ રીતે અહિંસામય યજ્ઞ કાળે કરીને માતાજીના નામે હિંસામાં ફેરવાઈ ગયો હતો અને તેમાં પણ અમુકવાર તો આ હિંસા એટલી હદે વકરી કે એજ યજ્ઞકુંડમાં જીવતા માણસનો હોમ પણ કરવામાં આવતો. આ હિંસા રામાનંદ સ્વામીની શિષ્યા આ રળીયાતબાને બીલકુલ ગમતી નહિ. કેમ જે, પોતાના ગુરુ રામાનંદ સ્વામી અહિંસયજ્ઞ પ્રવર્ત હતા. માટે રળીયાતબાને આ નરમેઘયજ્ઞ બંધ કરાવી ગુરુદેવના સત્કાર્યનું પોષણ કરવાની તીવ્ર ભાવના હતી.

એકવાર ગુરુદેવ રામાનંદ સ્વામી તેમની ઉમ્મદા ભાવનાથી ઉનાવા પધાર્યા ત્યારે પણ રળીયાતબાને પુનઃ વરદાન આપ્યું હતું કે, 'જો તમે આવા સત્કાર્ય કરશો તો ભગવાન કાયમ ઉનાવામાં રહેશે.' આ વરપ્રાપ્તિ બાદ રામાનંદ સ્વામી સત્સંગ વિચરણ કરવા માટે ગયા. મહાવિદ્વાન બેચર રાવલ થકી રળીયાતબાને એક રતનજી નામે દિકરો જન્મ્યો હતો. પુત્ર જન્મ પછી થોડો સમય જતાં ઉનાવાની બ્રહ્મપુરીમાં ભયંકર પ્લેગનો રોગ ફાટી નીકળ્યો. તે રોગમાં રળીયાતબાના દીયર-જેઠનું અગિયાર ભાઈઓનું કુટુંબ હતું તે આખું કુટુંબ તથા પોતાનો એકનો એક દિકરો રતનજી અને પોતાનો પતિ બેચર રાવલ આ સર્વેનું મૃત્યુ થયું. આ રોગ પ્રાયઃ નાગરોને ભરખી ગયો.

પછી તો રળીયાતબાના યોગે કરીને ગામમાં અનેક પટેલો તથા સર્વે જ્ઞાતીના લોકો સત્સંગના રંગે રંગાયા. તેથી તેમની તથા ગામના રામદાસ પટેલ, કૃષ્ણદાસ પટેલ વગેરે ભક્તોની ભક્તિને વશ થઈને શ્રીહરિ ૧૪ વાર ઉનાવા પધાર્યા હતા. અને શ્રીહરિએ જે વરદાન

આપ્યું હતું તે પણ સમય જતા સત્ય થયું છે. કેમ જે, તે રળીયાતબાના માઢમાં જ હાલ ઉનાવામાં સ્વામિનારાયણ ભગવાનનું શીખરબદ્ધ મંદિર થયું છે અને તેમાં ભગવાન કાયમ માટે બીરાજીત થયા.

શ્રીજી સમકાલીન સત્સંગીઓની ખાસ ખાસિયત એ રહી છે કે, તેમના બધાજ વંશજો અન્ય ધર્માવલંબી બન્યા નથી અને દેશ કરતા પરદેશમાં પોતાના પૂર્વજોની આવી પરચાની વાતો કહી કહીને લોકોને સહજાનંદી રંગે રંગી રહ્યાં છે.

● **માયા સાંખ્યયોગી બની**

પછી રળીયાતબાએ શ્રીહરિની વિશેષ સેવા થાય એવા હેતુથી માયાને પોતાની મોટી બહેન ગંગાબાને સોંપી. ગંગાબાનો સંગ મળતા જ તેમને સંસારમાં અતિશય વિરક્તિ અને પ્રગટ પ્રભુમાં પૂર્ણ ભક્તિ પ્રગટી. તેથી તેઓ સાંખ્યયોગી બની ગંગામાં સાથે રહેવા લાગ્યા. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ધર્મપત્ની સુનંદાદેવીના કહેવાથી તેઓ પાછા ઉનાવા બહેનોના મંદિરમાં આવી સત્સંગ ભજન કરતા.

● **આ મંદિર કેવી રીતે થયું ?**

તો, ઉનાવાના રળીયાતબાના પતિ બેચર રાવલ વગેરે બાર ભાઈઓ હતા. તેમાં જે તે સમયે આવેલા મરકીના રોગમાં ભાઈઓ સ્વર્ગવાસી થયા હતા. તેથી તે બારેય ભાઈઓના મકાનની જગ્યા રળીયાતબા પાસે હતી. તેમની બંને ઓરમાન દિકરીઓ ફૂલકુંવર તથા રૂપકુંવરને તેઓએ ઉનાવામાં લગ્ન કરી પોતાની સાથે જ રાખી હતી. જ્યારે મિલકતની વહેચણી કરી ત્યારે ત્રણ સરખા ભાગ કર્યા. બે ભાગ બંને દિકરીઓને આપ્યા અને એક ભાગ ભગવાનને અર્પણ કર્યો. તે સ્થાનમાં જ પ્રથમ ભાઈઓ-બહેનોના નાના મંદિર કર્યા હતા. બહેનોનું મંદિર તો રળીયાતબાએ જ બનાવરાવ્યું હતું. તે બહેનોના

મંદિરની સેવા પ્રથમ માયાકુંવર કરતી. તે સમયે કરસન પટેલના પરિવારની દિકરી રાઈબા વગેરે માયાકુંવરના સત્સંગથી સાંખ્યયોગી બની હતી. આ રીતે ત્યાં રહ્યા થકા અનેક બહેનોને સત્સંગ કરાવ્યો હતો. અને ત્યાંથી જ તેઓ અક્ષરવાસી થઈ હતી.

માયા અક્ષરવાસી થઈ પછી તે મંદિરની સેવા તે સાંખ્યયોગી દિવાળીબાએ સંભાળી હતી. ત્યાર પછી સાંખ્યયોગી હરખાબાએ સંભાળી. ત્યારબાદ રાયબા બાએ સંભાળી હતી. તેઓ અક્ષરવાસી થયા પછી તે જ પરિવારના અવલબા સાંખ્યયોગી થયા તેમણે આજીવન એ મંદિરની સેવા કરી કરાવી અનેક બહેનોને સત્સંગ કરાવ્યો હતો. પછી ઉનાવામાં બહેનોનું મંદિર નવું થયું. આ પ્રાયઃ બહેનો કરસન પટેલના પરિવારના હતા. હાલ આ કરસનદાસ પટેલના પરિવારના કાંતાબેન માયાકુંવરની પરંપરામાં સાંખ્યયોગી છે.

● **ગોપાળાનંદ સ્વામીને પૂછીને મિત્રોની દેરી બનાવી**

પરંતુ કરસન પટેલને પોતાના બંને મિત્રો જીવા રાવલ અને મનહર બારોટમાં તથા માનેલી બહેન માયાકુંવરમાં ખૂબજ હેત હતું. ઘણીવાર તેમને સંભારીને તેઓ મોટા સંતોની પાસે રડી પડતાં. એકવાર સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી ઉનાવા પધાર્યા હતા. ઉપરોક્ત ત્રણેયની વાતો કરતા કરસનભાઈ રડી પડ્યા. સ્વામીએ કરુણાભીના હૃદયે કહ્યું, ''પટેલ તમારે તેઓની પાછળ કોઈ સત્કર્મ કરાવવું હોય તો કહો'' ત્યારે તેઓ કહે, 'હે સ્વામી ! બીજી તો કોઈ ઈચ્છા નથી પરંતુ મારે તેમની સ્મૃતિમાં દેરીઓ બનાવવાની ઈચ્છા છે.''

ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, ''ગામના પાદરમાં કૂવે પાણી ભરતી હોય તે બહેનોના ઝાંઝરનો કે બોલવાનો અવાજ ન સંભળાય એટલે દૂર, તમારા ખેતરમાં બે દેરી કરો. એક દેરી જીવા રાવલ અને મનહર બારોટની સ્મૃતિમાં અને બીજી દેરી માયાદેવીની

સ્મૃતિમાં કરો.'' ત્યારબાદ કરસનદાસ પટેલે સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા લઈને ગામથી પૂર્વ દિશામાં આવેલા પોતાના ખેતરમાં મકરોડના ઝાડ નીચે બે દેરીઓ બનાવી. કાં જે, શ્રીજીમહારાજ તે ઝાડ નીચે બેઠા હતા. માટે તે પ્રસાદીનું સ્થાન જાણી ત્યાં દેરીઓ બનાવી હતી.

તેમાં એક દેરી પોતાના મિત્ર જીવા રાવલ તથા મનહર બારોટની સાથે બનાવી હતી. અને બીજી દેરી સત્સંગની મર્યાદા પાળતી માયાકુંવરની સ્મૃતિમાં બનાવી હતી. તે નિમિત્તે ગોપાળાનંદ સ્વામી ઉનાવા પુરુષોના સ્વામિનારાયણ મંદિરથી લાલ પટ્ટાવાળી ધજા લઈ સૌ ભક્તો સાથે ત્યાં ગયા. તે ધજા ચડાવી. પછી સૌ સંતોએ ત્યાં ઠાકોરજી જમાડ્યા હતા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ રાજી થઈને કહ્યું કે, ''જીવા રાવલ બહુ જ શૂરવીર હતા તેથી લોકો હવે તેમને વીરકાકા તરીકે માનશે-પૂજશે. અને ભગવાન તેમાં શ્રદ્ધા રાખનારની ભાવના સિદ્ધ કરશે.'' આ રીતે આસો વદ કાળી ચૌદશને દિવસે આ દેરીની સ્થાપના કરી.

તે સમયે સમગ્ર બ્રિટીશ ઈન્ડીયામાં મિલેટ્રી એકટ (કાયદો) હતો કે ખૂબ જ મહત્વના દેવળો ઉપર જ અંગ્રેજોનો રેડ ઝેક (લાલ પટ્ટીવાળો ધ્વજ) અંગ્રેજી ગવર્નરની પરવાનગી લઈને ફરકાવી શકાતો. પરંતુ અંગ્રેજો શ્રીહરિથી એટલા બધા પ્રભાવિત હતા કે તેમણે સ્વામિનારાયણ ભગવાનના સંતોને તેમના નાના કે મોટા મંદિર ઉપર તે ધ્વજ ફરકાવવાની પરવાનગી આપી હતી. આ ત્રણેય સ્વામિનારાયણ ભગવાનના ભક્ત હતા તેથી તે સ્વામિનારાયણ ધર્મમાં આવતા હોવાથી તેમને લાલ પટ્ટાવાળી ધજા ચડાવવાની છૂટ આપી હતી. ત્યારથી તે પ્રાંતમાં ભક્તરાજ જીવા રાવલ ઉર્ફે વીરકાકાની પૂજા અને માનતાની પ્રથા ચાલુ થઈ.

હાલ પણ દર વર્ષે કાળી ચૌદશને દિવસે ગોપાળાનંદ સ્વામીએ પાડેલી પ્રથા મુજબ સ્વામિનારાયણ મંદિર ઉનાવામાંથી લાલ પટ્ટાવાળી ધ્વજ લઈ લોકો વાજતે-ગાજતે વીરકાકાની જગ્યાએ જાય છે. ત્યાં મોટો મેળો ભરાય છે. લોકો તેનું પૂજન કરી શ્રદ્ધા-ભાવના અર્પણ કરે છે. આજે પણ આ પ્રથા ઉનાવા ગામમાં ચાલું છે.

એડવોકેટ અશોકભાઈ કહેતા કે, “મે મારી જન્મકુંડળી જોવરાવી તો તેમાં મારે કોઈ સંતાન યોગ જ ન હતો. તેથી મે નક્કી કર્યું કે મારે લગ્ન જ નથી કરવા. લગ્ન કરું તો વાંઝિયામેણું લાગેને !!

વીરકાકાના આશીર્વાદથી અશોકભાઈને શ્રદ્ધા બેઠી ત્યારબાદ તેમને લગ્નની હા પાડી. પછી તેમનો સંબંધ વીસનગરમાં ત્યાંના સુબા લાલજી દેસાઈના વંશજ મનોરમા બહેન સાથે થયો અને સં. ૨૦૨૬ ચૈત્ર વદ સાતમ તા. ૨૮ એપ્રીલ ૧૯૭૦ મંગળવાર બપોરે બાર વાગ્યે તેમનો હસ્તમેળાપ થયો હતો.

લગ્ન બાદ વર્ષ પુરુ થતા અશોકભાઈને ઘેર મનોરમા બહેનના કુખે સં. ૨૦૨૭ ચૈત્ર વદ સાતમ તા. ૧૭ એપ્રીલ ૧૯૭૧ શનિવારના રોજ વૃષભ રાશિમાં બપોરે બાર વાગ્યે તેમના પ્રથમ પુત્રનો જન્મ થયો. તેમનું નામ વિરલભાઈ રાખ્યું. પછી બે વર્ષ જતા એ જ તિથીએ બપોરે બાર વાગ્યે બીજા પુત્રનો જન્મ થયો તેમનું નામ વિરાંગભાઈ રાખ્યું. પછી ત્રીજા સંતાનનો જન્મ પણ વૃષભ રાશિમાં જ થયો. તેથી વીરકાકાની સ્મૃતિમાં તેમના નામ પણ ક્રમથી વિરેશભાઈ, વિરક્તિબેન અને વિરક્ષાબેન રાખ્યું છે. આ પરિવાર ખૂબ સુખી છે. એમાં વિ ઉપરથી પાંચે સંતોના નામ પાડ્યા છે.

સદ્. ગોપાળાનંદ સ્વામીના વચને આ વીરકાકા આજે પણ સૌની ઈચ્છા પૂરી કરે છે. વીરકાકાનો આવો પ્રતાપ હોય તો

ગોપાળાનંદ સ્વામીનો પ્રતાપ કેટલો ! અને ગોપાળાનંદ સ્વામી જેવા અનેક મુક્તોના નાથ સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કેટલો !! તે વિચારવું.

● **શ્રીહરિ યજ્ઞમાં પધાર્યા અને ભક્તોનું બલિદાન**

રળીયાતબાએ શરૂ કરેલા અહિંસામય યજ્ઞને નીરખવા સં. ૧૮૭૪ના છેલ્લા નોરતે શ્રીજીમહારાજ ઉનાવા પધાર્યા હતા. રાત્રીએ તે યજ્ઞ જોવા પધાર્યા. ત્યારે તેમણે ઠાકોર ક્ષત્રિય ભક્ત રાસોજી અને વખતોજીને પૂછ્યું હતું કે, ''હે ભક્તો ! તમે છૂટ આપતા હો તો તમારા માથા વાઢીને તમારો બલી ચઢાવું ?'' ત્યારે રાસોજી તથા વખતોજી હસીને કહે, ''હે મહારાજ ! તમારે અમારા માથા વાઢીને આ યજ્ઞમાં પધરાવવાની તકલીફ લેવાની જરૂર નથી. અમે સ્વયં બલિ બનીને હોમાઈ જઈએ છીએ.'' એમ કહી તે બંને ભાઈઓ યજ્ઞકુંડમાં કુદી પડ્યા. પણ કુંડમાંથી હૂપ હૂપ કરીને અવાજ આવ્યો અને બંને ભાઈઓ બહાર આવી ગયા.

મહારાજે આ બનાવ પછી તેની યાદમાં તે યજ્ઞકુંડની પાસે જ પોતાના કુળદેવ હનુમાનજીની સ્થાપના કરી હતી અને કહ્યું હતું કે, ''મારા ભક્તની આ હનુમાનજી રક્ષા કરશે.'' પછી આવો કૂદકો મારીને યજ્ઞમાં પડવાનો રીવાજ પડી ગયો છે. આ રીવાજ આજે પણ ચાલુ જ છે. પછી તે વર્ષે શ્રીજીમહારાજ દિવાળી સુધી ઉનાવામાં રહ્યા હતા. બેસતા વર્ષના દિવસે સવારમાં નરસિંહ મહેતા જે ઓરસીયા ઉપર ચંદન ઘસી ભગવાનને તીલક ચાંદલો કરતા હતા. શ્રીહરિએ તે ઓરસીયા ઉપર ચંદન ઘસી ભગવાન તથા ભક્તોના કપાળે તીલક ચાંદલો કરી ઉનાવામાં નવા વર્ષનો પ્રારંભ કરાવ્યો હતો અને ભાઈબીજના દિવસે રળીયાતબાના ભાઈ બની તેમના હાથનો બીરંજ જમી વિદાય લીધી હતી. આજે પણ એ પ્રાંતમાં ભાઈબીજના

દિવસે આ સ્મૃતિમાં બહેનો ભાઈઓને બીરંજ જમાડે છે. નાગરોમાં તો ખાસ.

અને રાસોજી તથા વખતાજીના વંશજો આજે પણ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે સ્વંય બલી બનીને દર વર્ષે નવમાં નોરતાને દિવસે સળગતા યજ્ઞકુંડમાં પડે છે અને કષ્ટભંજન દેવ અહિંસામય યજ્ઞના સમર્થક બનીને તેમને વારંવાર પાંચ પાંચ ફૂટ ઉંચા કૂદકા મરાવીને બહાર કાઢે છે. આ પ્રસંગ જોવા શ્રીજીમહારાજના હરિભક્તો, વૈષ્ણવો તથા શાકતો વગેરે આજુબાજુના લાખો લોકો ત્યાં આવે છે. આ રીતે રળીતાયબાએ લોકહિતાર્થે શરૂ કરેલા માતાજીના રાત્રી અહિંસામય યજ્ઞમાં શ્રીહરિએ પધારીને સહુ લોકોને ધન્ય બનાવ્યા હતા. પછી તો રૂપાલની પલ્લી શરૂ કરવી (અહી ક્યારેય યજ્ઞમાં હિંસા ન કરવી.) એવો અંગ્રેજ સરકારે કાયમી આદેશાત્મક હુકમ સ્થાપી દીધો. જે આજે પણ અમલમાં છે.

આ રીતે રળીયાતબાએ ઉનાવામાં થતા હિંસામય યજ્ઞ બંધ કરાવી સ્વામિનારાયણ ભગવાન દ્વારા પ્રવર્તીત અહિંસામય યજ્ઞનું પોષણ કર્યું અને પ્રગટ પ્રભુની પ્રસન્નતાના પાત્ર બન્યા હતા.

રળીયાતબાએ ૧૦૦ વર્ષની ઉંમરે વૃંદાવનની યાત્રા તથા યમુના સ્નાન કર્યું હતું. રળીયાતબા ૧૧૨ વર્ષ જીવ્યા હતા. ત્યારબાદ ઉનાવામાં જ જે મકાનમાં શ્રીહરિ અનેકવાર પધાર્યા હતા. પોતાને દિવ્યદર્શન આપ્યા હતા તે પ્રસાદીભૂત વજેરામ વિપ્રના ઘેરથી જ સં. ૧૯૨૪ કારતક સુદ-૨ યમદ્વિતીયા તા. ૨૯-૧૦-૧૮૬૭ મંગળવારના રોજ અક્ષરવાસી થયા હતા. આ રીતે સત્સંગમાં ક્રાંતિકારી કાર્ય કરનારા અને અનેકને ભક્તિનો સાચો રાહ બતાવનાર મહામુક્ત રળીયાતબા જેવી સમજણ આપણામાં આવે એવી પ્રભુને પ્રાર્થના.

# પ્રસિધ્ધ અડાલજનો ઈતિહાસ

● **અડાલજની વાવ બંધાવનાર રૂડાદેવી (રૂડબાઈ)**

ધરમપુરવાળા રાણી કુશળ કુંવરબા પૂર્વ જન્મમાં અમદાવાદ પાસે અડાલજ ગામે ગરાસિયાને ઘેર જન્મ્યા હતા. તેમનું નામ રૂડાદેવી (રૂડબાઈ) હતું. દંઢાવ્ય દેશના રાજા વીરસીંગજી સાથે તેમને પરણાવ્યા હતાં. તે રૂડબાઈ રાણીએ પોતાના તથા પોતાના પતિના મોક્ષાર્થે સંવત ૧૫૫૫ ની સાલમાં (એટલે આજે તેને ૪૧૬) વર્ષ થયા છે.) અડાલજ ગામમાં પોતાના ખર્ચથી મોટી વાવ કરાવી અને સંસ્કૃતમાં શિલાલેખ કરાવીને વાવમાં ચોંટાડ્યો ને તેમાં લખ્યું કે આ વાવ મેં મારા તથા મારા પતિના મોક્ષ માટે કરાવી છે. આ વાવ મારી મોટપ કે નામના વધારવા માટે કરાવી નથી. આ વાવનું પાણી કોઈ સત્પુરુષ પીશે કે તેમાં સ્નાન કરશે તો તે પુન્યે મારો મોક્ષ થશે. આ વાવનો બધો ખર્ચ તો અંદાજી શકાય તેમ નથી. ફક્ત બળદ ગાડાના પૈડામાં જે ઉંગામણ એરંડિયુ (પથ્થર લાવવા માટે ગાડાનો ઉપયોગ થતો હતો ત્યારે વાહનમાં ગાડા સિવાય કાંઈ હતું નહિ). એક લાખ રૂપિયાનું વપરાય છે. આ તો ખાલી એરંડિયાનો જ ખર્ચ ગણાવ્યો છે. તેમાં કામ કરતા મજુરો, કડિયા, કોતરણી કરનારા કારિગરો, પથ્થર, ચૂનો, ગાડા મજુરી વગેરેનો આંકડો ગણવો મુશ્કેલ છે. આશરે ૪૧૬ વર્ષ પહેલાના લાખ રૂપિયા વપરાયા હતા તે અત્યારે કેટલા થાય ? *(સ્વામિનારાયણ ભાગવત સ્કંધ-૬, અધ્યાય-૮)*

હવે જ્યારે દિલ્હીથી ગુજરાતમાં પ્રવેશ કર્યો ત્યારે તે અલાઉદ્દીન અડાલજ આવ્યો. ત્યારે રૂડબાઈ વાવ બાંધવાનું કામ કરાવતા હતા. તે સમે તેની સાથે યુધ્ધ થયું તેમાં રૂડબાઈના ભાઈ સંગ્રામજીત રાજાને મારીને રૂડબાઈને સાથે લઈ જાવાનું કર્યું. ત્યારે રૂડબાઈએ એને સમજાવ્યો જે મારે નામના કરવી છે માટે તમે ફેર આવશો ત્યારે

આવીશ. ત્યાંથી તે સિધ્ધપુર ગયો ને ત્યાં મંદિરો તથા રૂદ્રમાળને તોડવા સાડા ત્રણસો તોપો મારીને તોડી નાખીને પોતાના વજીર નસરતખાનને લેખ વાંચવા મોકલ્યો. તેણે વાંચીને વાત કહી. ત્યારે અલાઉદ્દીન કહે હવે હોય તેટલું રહેવા દો. તે હાલમાં નિશાની છે તે તોડીને પાસે મસ્જિદ કરી. *(શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય-૩૬)*

પછી તે રૂડબાઈએ વાવને સંપૂર્ણ પૂર્ણ કરી પછી થોડા જ ટાઈમમાં તેનો દેહ પડી ગયો ને બીજા જન્મે નેપાળ દેશમાં બુટોલપુરમાં માયાવતી રૂપે જન્મ્યા.

- **રૂડબાઈના સારા પુન્યે માયાવતી થયા ને તેમને શ્રીનીલકંઠ વર્ણીનો યોગ અને સેવા મળી**

એક સમે શ્રીહરિ અયોધ્યાથી અગિયાર વર્ષ, બે માસ અને બે દિવસની ઉંમરે ઘર છોડીને ચાલી નીકળ્યા. સરજુ નદી ઊતરી બુટોલપુરમાં ચાતુર્માસમાં સંન્યાસીના વેશે ગયા. ત્યાંનો રાજા મયાદત્ત હતો. તે ચાતુર્માસ રાખતો અને સૌને દૂધપાક, માલપુવા જમાડતો. તે સમે શ્રીજીમહારાજ પણ બુટોલપુર પધાર્યા. તેઓ સર્વ વૈરાગી સાથે રહેતા.

મહારાજ ગામમાં જતા હતા ત્યારે રાજાના બહેન માયાવતી મેડીના ગોખમાંથી મહારાજને જોઈ મોહ પામી. કિશોર અવસ્થાવાળા કોટાનકોટી કામદેવને મોહ પમાડે એવા રૂપવાન શ્રીહરિને જોઈ, પોતાના માણસને મોકલ્યો અને કહ્યું જે, ''પેલો બાવો નાનો છોકરો છે, તેને બોલાવી લાવ.'' નોકર ગયો અને કહે : ''મહારાજ ! અમારા બાઈ દરબારમાં આપને બોલાવે છે.''

શ્રીહરિ દરબારમાં પધાર્યા અને માયાવતીએ ગાદલું નાખી આપ્યું. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. બાઈ કહે : ''તમારે શું દૂધ છે ?''

શ્રીજીમહારાજ કહે : ''વડ, પીપરને દૂધ હોય.''

ત્યારે બાઈ કહે : ''તમારી જ્ઞાતિ શી છે ?''

શ્રીજીમહારાજ કહે : ''અમારે જ્ઞાતિ નથી. અમે તો આત્મા છીએ.''

બાઈ કહે : ''આત્મા હો તો ભલે, પણ દયા કરી કહો તો સારું.''

શ્રીહરિ કહે : ''બ્રાહ્મણ છીએ, તમારે શું કામ છે ?''

બાઈ કહે : ''તમારા આવા કોમળ શરીરે તપ ન હોય. મારું રાજ્ય છે તે હું આપું. મારે બે કન્યા છે, તે તમને પરણાવું.''

શ્રીહરિ કહે : ''અમારે સ્ત્રી, ધન અને રાજ્યની જરૂર નથી.''

બાઈ કહે : ''હજુ આપ નાના છો, પણ જુવાની જ્યારે આવશે ત્યારે જોઈશે.''

શ્રીહરિ કહે : ''અમે જુવાન અવસ્થા આવવા નહિ દઈએ.'' એમ કહી શ્રીહરિ ઊઠવા તૈયાર થયા.

ત્યારે બાઈ કહે કે : ''મહારાજ ! મારે બ્રાહ્મણના પગ ધોઈ પાણી પીવાનું નિયમ છે. તો આપ જ્યાં સુધી અહીં રહો ત્યાં સુધી હંમેશા અહીં આવશો એવો વર આપો.''

ત્યારે શ્રીહરિ કહે : ''ભલે આવશું.'' એમ કહી પોતાનાં ઉતારે પધાર્યા.

બાઈ મનમાં વિચાર કરતી હતી જે શી રીતે આ વશ થાય? પુરુષને વશ કરવો એ સ્ત્રી માટે કંઈ કઠણ નથી, એમ વિચાર કર્યો. મહારાજ દરબારમાં નિત્ય પધારતા. બાઈ પોતાના બાજોઠ પર તેમને બેસાડી પગ ધોઈ ચરણામૃત પી ચંદન, પુષ્પ વડે પૂજા નિત્ય કરતાં, સારી મીઠાઈ લાવી આપતા. કેળા, કેરીઓ, જાંબુ, જામફળ, સંતરા, લીલીદ્રાક્ષ, ભાતભાતના ફળો તથા ભાતભાતના મેવા મીઠાઈ તેમને આપતા. અત્તર, ચંદન અને નાના પ્રકારના હારતોરા, ફૂલના મુગટ,

ટોપી એવી રીતે નિત્ય નવીન પહેરાવી એક રોકડો રૂપિયો શ્રીહરિને બાઈ આપતાં. તે સર્વે લઈ મહારાજ બહાર જઈ બ્રાહ્મણને આપી દઈ ચાલી નીકળતાં.

એવો નિર્મોહી સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ પોતે કરુણા કટાક્ષે કરી અનંત બ્રહ્માંડને મોહ પમાડે એવા છે. એમને કોણ મોહ પમાડી શકે ? એવી રીતે માયાવતીએ મહારાજની ચાર માસ સેવા કરી. દિવાળી આવી ત્યારે સર્વ સાધુ, સંન્યાસી તથા વૈરાગીને ચાદર ઓઢાડી પૂજા કરી રજા આપી. શ્રીહરિને રોકાવા માટે આગ્રહ કરી કહ્યું ''તમે તો અહીં આપણો બગીચો છે. તેમાં રહો અને આનંદ કરો અને અહીં દર્શન આપો.''

ત્યારે શ્રીહરિ કહે : ''અમારે ઘણું કામ છે તો રોકાવાય એમ નથી.''

ત્યારે બાઈ બોલ્યા : જે, ''જુઓ, અમારે રાજ, પાટ, છૈયા-છોકરાં તે નિવૃત્તિ ન મળે. તમારે શું ? બાવો ઊઠ્યો ને બગલમાં હાથ. તે કોઈની ન જુએ વાટ, ને ઊભી વાટે ઉતારો. જે જ્યાં જાય ત્યાં પૂજાય. ઘર મેલ્યાં તો ય શાંતિ ન મળે.'' બાઈએ હાસ્ય વચન કરી મહારાજને પ્રાર્થના કરીને વધુમાં કહ્યું : ''અહીં અમારા બગીચામાં મુકામ કરી, આંહી રહો.'' એમ મહારાજને રાખવા ઘણો આગ્રહ કર્યો.

શ્રીજીમહારાજ કહે : ''અમારે તીર્થ કરવા જવું છે. તમારો મનોરથ પૂર્ણ કરી, દિવ્ય ગતિ આપીશ.''

એમ કહી શ્રીહરિ ચાલવા તૈયાર થયા. તે સમે માયાવતીએ ભારે વસ્ત્ર, શાલ, ઘરેણાં આપી મહારાજની પૂજા કરી. તે સર્વ વસ્ત્ર ઘરેણાં બ્રાહ્મણના બાળકોને આપી મહારાજ ચાલી નીકળ્યા. તે વખતના બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તન છે જે ''સુણી માયારાણીનાં વેણ મર્મના રે, લીધી જોગ દશા ઘનશ્યામ, બલિહારી નવલ ઘનશ્યામને

રે.'' વળી, ''બોલો બોલો રે જોગી બાલુડા'' એવાં ઘણાં પદ છે. પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા.

શ્રીહરિના ગયા પછી બે ત્રણ દિવસે માયાવતીએ દેહત્યાગ કર્યો. તેની ઉંમર ચાળીસ વરસની હતી. પણ શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ જોડાઈ હતી. માટે ''યા મતિ સા ગતિ ભવેત્'' જેવી મતિ તેવી ગતિ થઈ. તેમણે ઝાલાવાડમાં ઝાલા ગરાસિયા લખતર ભાયાતનું ઓળક ગામ છે. ત્યાં ફરી અવતાર ધારણ કર્યો. ચૌદ વર્ષની વયે ધર્મપુરમાં પરણાવ્યા હતા. સત્તરમેં વર્ષે પુત્ર થયો અને અઢારમેં વર્ષે તેમના પતિ મરણ પામ્યા.

● **કુશળકુંવરબાઈને સત્સંગનો યોગ**

સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ ચારસો સંતો તથા પાર્ષદો સાથે વડુ ગામથી ચાલ્યા તે ઓળા થઈ અડાલજ આવ્યા ને વાવ ઉપર આવ્યા તે વાવ જોઈને શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને લેખ વાંચવા આજ્ઞા કરી. સ્વામીએ લેખ વાંચીને કહ્યું : મહારાજ ! આ વાવ મોક્ષ માટે જ કરાવી છે. એવું લખ્યું છે. પછી કહ્યું જે આ વાવમાં સર્વે જળ પીઓ અને સ્નાન કરો. પછી તેનું કલ્યાણ થશે. પછી મૂળજી બ્રહ્મચારીએ વાવમાંથી પાણી લાવીને ગાળીને મહારાજને પાયું. પછી સર્વે સંતોએ જળ ગાળીને પીધું. ને શ્રીહરિ તથા સંતોએ તે વાવમાં સ્નાન કર્યું.

પછી સંતોએ પૂછ્યું મહારાજ ! એને કેવી રીતે આપણો નિશ્ચય થશે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે પરમચૈતન્યાનંદ સ્વામીને પ્રેરણા થઈ ગઈ છે તે ત્યાં જઈને સત્સંગ કરાવશે, એમ શ્રીજીમહારાજ વાવ ઉપર બોલ્યા તે સમયે જ પરમચૈતન્યાનંદ સ્વામી ગઢડે હતા તેમને ધર્મપુર જવાનો સંકલ્પ થયો ને ચાલી નીકળ્યા, તેમના ભેળા તેમના વીસ સાધુ ચાલવા તૈયાર થયા તેમને ના પાડી એકલાજ એકડમલને વેષે ગયા. તે કપડવંજમાં શિવજીની જગ્યામાં ઊતર્યા. ત્યાં બ્રાહ્મણો

આવતા તેમને પરોક્ષપણે શ્રીજીમહારાજનો મહિમા સમજાવી નિશ્ચય કરાવીને ચાલ્યા, તે ધર્મપુર કુશળકુંવરબાઈની ધર્મશાળામાં ઊતર્યા. ત્યાં એ બાઈને એવો નિયમ હતો જે, જે કોઈ ત્યાગી આવે તેને પોતાની ધર્મશાળામાં ઉતારે ને નિત્ય જમાડે અને એમનો મહિમા સમજીને અર્ધ રાત્રે સર્વના દર્શન કરીને ચરણ સ્પર્શ કરીને પાછા જાય. તે રાત્રીએ આવ્યા પણ તેમને સ્વામીએ ચરણ સ્પર્શ કરવા દીધો નહિ, ત્યારે બાઈ બોલ્યા જે, આ સર્વે મહાત્મા ચરણસ્પર્શ કરવા દે છે અને તમે કેમ ના પાડો છો ? ત્યારે સ્વામી બોલ્યા જે અમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ તે એકલા ચલાય પણ નહિ ને અષ્ઠ પ્રકારનું બ્રહ્મચર્ય પાળીએ પણ હું એકલો જુદો પડીને આવ્યો છું. તેથી મારે તમારી સાથે બોલવું પડ્યું પણ હવે સાત પ્રકારનું તો બરાબર રાખીશ, એમાં તો ફેર પડવા નહિ દઉં. પછી તે બાઈને તેમનો ગુણ આવ્યો તેથી મહિમા સમજીને તેમની વાતો સાંભળીને શ્રીજીમહારાજનો મહિમા સમજ્યાં અને શ્રીજીમહારાજને વિષે સર્વોપરીપણાનો નિશ્ચય કરીને આશ્રિત થયાં અને સ્વામીને ગુરૂ કર્યા અને રાજ્ય સોંપી દીધું. (કારભારી થયા.)

જ્યારે શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં ફરીને ગઢડે પધાર્યા ત્યારે સર્વે સંતોએ શ્રીજીમહારાજને કહ્યું કે પરમચૈતન્યાનંદ સ્વામી તો એકડમલ થઈને જતા રહ્યા છે. પછી શ્રીજીમહારાજે કહ્યું જે એ તો ધર્મપુરમાં છે અને અમારી ઈચ્છાથી કુશળકુંવરબાઈને સત્સંગ કરાવવા ગયા છે. તે ત્યાં રાજ્યમાં બંધાઈ ગયા છે તેથી તેડી લાવવા પડશે. પછી નિત્યાનંદ સ્વામીને મોકલ્યા પણ તેમના તેડ્યા આવ્યા નહિ અને બોલ્યા જે ધણી આવે તો આવું.

- **કુશળકુંવરબાઈને મહારાજનો નિશ્ચય થયો ને શ્રીહરિને ગઢપુરમાં સેવા મોકલી**

શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા. ત્યારે

કુશળકુંવરબાઈએ સારી કેરીઓ મંગાવી સાકરીઓ મુરબ્બો કરાવ્યો. કેરીના પાંચ ઊંટ ભરી મહારાજ ગઢપુરમાં જ્યાં બિરાજમાન હતા ત્યાં મોકલ્યા. સાથે કેરીનું અથાણું, મુરબ્બો અને બીજો શિરપાવ શ્રીજી માટે મોકલ્યો.

ગઢડામાં શ્રીજીમહારાજ કેરીનું અથાણું જમતા જાય, વખાણતા જાય અને બહુ રમુજ કરતા જાય ને હસતા જાય. એમ ઘણી રમુજ જોઈ દેવા ભક્તે મહારાજને કહ્યું જે, ''તમે બહુ રમુજ કરો છો તે અમને સમજાતું નથી.''

ત્યારે મહારાજે દેવા ભક્તને કહ્યું : ''તું ન સમજ્યો ?''

દેવા ભક્ત કહે : ''મને સમજાવો.''

ત્યારે મહારાજે કુશળકુંવરબાઈની પૂર્વની વાત કરી કહ્યું જે, ''અમારા તેઓ પૂર્વના ભક્ત છે. તે અમને ત્યાં તેડાવે છે. તો જવું પડશે.''

- **કુશળકુંવરબાઈને મહારાજે પ્રસાદીની ચાખડી તથા રૂમાલ મોકલ્યો**

કેરી લઈ આવનાર માણસને કાગળ લખી આપ્યો. એક જોડ ચાખડી અને એક રૂમાલ આપ્યો અને કહ્યું : ''કુશળકુંવરબાઈને આપજો.'' તે લઈ માણસ ગયો અને બાઈને પ્રસાદીની ચાખડી તથા રૂમાલ આપ્યા. તે જોઈ ઘણાં રાજી થયાં. તે ચાખડી અને રૂમાલને પૂજતાં અને વર્ષો વર્ષ મહારાજની સેવા કરતા તે શિરપાવ, શેલાં તથા પાઘડીઓ મોકલતા હતાં.

એકવાર કુશળકુંવરબાઈએ શ્રીહરિ માટે ડાંગર નખેથી ફોલીને ચોખા મોકલ્યા. તે અણીશુધ્ધ (અખંડ) ચોખા જોઈને સભામાં શ્રીહરિએ સંતો-હરિભક્તોને દેખાડ્યા ને બોલ્યા કે, ''આ શું કહેવાય ? ત્યારે સર્વે બોલ્યા : મહારાજ ! એ ચોખા છે. ત્યારે

મહારાજ કહે : આ ચોખા જેવા શુધ્ધ ચોખા થવાશે ત્યારે અક્ષરધામમાં જવાશે. આ બાઈએ અમારા માટે જાતે નખે ફોલીને મોકલ્યા છે. એક પણ દાણો ખંડિત નથી.

● **શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોકલ્યા**

પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને મોકલ્યા તે ગયા. ધર્મપુર નજીક આવ્યું. ત્યાં તો હાથીએ બેસીને તે બાગમાં હવા ખાવા જતા હતા, તે હાથી ઉપર બેઠે બેઠે મુક્તાનંદ સ્વામીને આવતા જોઈને માવતને કહ્યું જે મારા ગુરુ આવે છે તે, મને હાથી ઉપર બેઠેલો દેખશે માટે હાથીને બેસારો. પછી હાથી બેસાર્યો ને ઊતરીને સામા જઈને દંડવત્ કર્યા અને સ્વામીને મળ્યા ને સાથે સાથે ધર્મશાળામાં આવ્યા. ને રસોઈ કરીને જમાડ્યા. પછી ચરણ દાબતા હતા ત્યાં બાઈ આવ્યાં એટલે મુક્તાનંદ સ્વામી તો ઊઠીને છેટે જાતા રહ્યા. ત્યારે બાઈ બોલ્યા જે એ કોણ છે ? ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, એ મારા ગુરુ છે ને મને તેડવા આવ્યા છે. માટે મારે જવું પડશે. ત્યારે બાઈ દિલગીર થઈને બોલ્યાં જે શ્રીજીમહારાજને અહીં લાવવાનું વચન આપો તો જવા દઉં. પછી તે વાત મુક્તાનંદ સ્વામીને કહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે એને કહો જે તમે કાગળ લખજો અને અમે પ્રાર્થના કરીશું. પછી બંને સ્વામી ગઢડે આવ્યા.

જ્યારથી મહારાજે રૂમાલ તથા ચાખડી આપી તે દિવસથી કુશળકુંવરબાઈ શ્રીજીની મૂર્તિ ધર્મપુરમાં રહ્યા છતાં પ્રત્યક્ષ દેખતા હતા.

● **કુશળકુંવરબાઈએ શ્રીહરિને ધર્મપુર આવવા માટે પત્ર મોકલ્યો**

એક દિવસ રાણીએ પરમચૈતન્યાનંદ સ્વામીને બે હાથ જોડી પગે લાગીને કહેવડાવ્યું કે હવે શ્રીજીમહારાજ, બ્રહ્મચારી, સંતમંડળ,

પાર્ષદ, હરિભક્ત તથા મોટીબા, લાડુબા, મીણબા, રાજુબા સહિત અહીં પધારે તો ઠીક. એમ કહી એક પત્ર લખાવીને માણસ સાથે ગઢપુર મોકલ્યો. ત્યારે સ્વામી બોલ્યા કે ભગવાન તો સ્વતંત્ર છે, પણ પોતે ભક્તવત્સલ છે. તે આપની નિષ્કામ ભક્તિને વશ થઈને આપને ત્યાં થોડા દિવસમાં પધારશે. પછી શ્રીજીમહારાજ તેમનો સંકલ્પ જાણીને, તેમની પ્રેમભક્તિથી આકર્ષાઈ ગઢડેથી ધરમપુર જવાં નીકળ્યા. વડતાલ આવીને ફરતા ફરતા સુરત થઈને ઉધના આવીને પત્ર દ્વારા ખબર આપી કે અમુક દિવસે અમે ધરમપુર આવીશું. પછી રાણીએ પોતાની સો ગામની સર્વ પ્રજાને તેમજ શરબંધ, હાથીવાળા, પાયગાવાળા વગેરે તમામને હુકમ કર્યો કે શ્રીજીમહારાજ પધારે ત્યારે તમારે સર્વેએ હાજર રહેવું. અને તે જ રાત્રે વાંસદા ગામે પોતાની દીકરીને મંદવાડ હતો, તેને જોવા માટે મેનામાં બેસી ત્યાં ગયાં.

પછી પરમ ચૈતન્યાનંદ સ્વામીએ પત્ર લખી સવાર સાથે વાંસદા ખબર મોકલી કે કાલે સવારે શ્રીજીમહારાજ અહીં પધારશે. તે ખબર સાંભળીને રાણી ધરમપુર આવ્યા. પછી શ્રીજીમહારાજ સવારમાં પહોરમાં ધરમપુર પધાર્યા. એટલે રાણી ઘણી ધામધૂમથી સમૈયું લઈ સામાં ગયાં અને શ્રીજીમહારાજને પગે લાગ્યાં તે વખતે ચોવીસ અવતાર, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ સર્વને શ્રીજીમહારાજની સેવામાં દીઠા. તે જોઈને રાણીને આનંદનો ઊભરો આવ્યો, તેથી તેમની પૂર્વની સ્મૃતિ થઈ જે આ શ્રીજીમહારાજે વનમાંથી આવતાં અહીં શંકરના મંદિર પાસે આંબા નીચે તેજઃપુંજરૂપે દર્શન આપ્યાં હતાં, ત્યારે મેં ત્રણ પરિક્રમા ફરી દૂધની ધારાવાડી કરીને પાર્થના કરી, ત્યારે પોતાનું તેજ પોતાની મૂર્તિમાં સમાવી મને તપસ્વીરૂપે દર્શન દીધાં, જ્યારે ત્રણ દિવસ સુધી મેં ગાયનું દૂધ શ્રીજીમહારાજને પાયું હતું. એમ વિચારી પોતાના કુંવર વિજયદેવને શ્રીજીમહારાજ પાસે તેડી જઈને

પગે લગાડ્યા અને કહ્યું કે મારી સો ગામની સર્વ પ્રજા આપનાં દર્શને આવેલી છે, તો તેમને દર્શન દેવા માટે આપ સોનેરી વસ્ત્રો ધારણ કરીને સૌને દર્શન આપવા હાથી ઉપર વિરાજમાન થાઓ. એવી પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજ અતિ કૃપા કરીને સૌને દર્શન આપવા હાથી ઉપર બિરાજમાન થયા. અને રાણી પોતે જીવુબા, લાડુબા આદિક સર્વે બાઈઓને મળી તેમને રથમાં બેસાડીને તેમની સાથે ઘેર આવ્યાં અને શ્રીજીમહારાજ રહ્યાં ત્યાં સુધી દરરોજ પોતાની દેખરેખ નીચે પવિત્ર બ્રાહ્મણો પાસે ઉત્તમ પ્રકારની રસોઈ બનાવી જમાડતા હતા.

શ્રીજીમહારાજે તે ગામમાં બહુ ઐશ્વર્ય બતાવી ઘણા જીવોનો મોક્ષ કર્યો. શ્રીજીમહારાજ પાસે કેટલાક વિદ્વાનો તથા ગવૈયાઓ આવ્યા. તેમને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં અને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. એક દિવસ રાણીએ ઉત્તમ ભોજન કરાવી છત્રીસ ખાનાવાળો ચાંદીનો થાળ પૂરી, શ્રીજીમહારાજને જમાડ્યા. પછી વિનંતી કરીને કહ્યું કે, હે મહારાજ, હું આ મારું સો ગામનું રાજ્ય આપને અર્પણ કરું છું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે અમે રાજ્યને ઈચ્છતા નથી. અમને માયારાણીએ ત્રણસો ગામોનું રાજ્ય અર્પણ કર્યું તો પણ અમે ના કહી હતી, કેમ કે અમારે અસંખ્ય કોટી બ્રહ્માંડનું રાજ્ય છે. છતાં અનેક જીવોનો મોક્ષ કરવા માટે આ સર્વે અક્ષરમુક્તોએ સહિત આ ભરતખંડમાં પ્રગટ થયા છીએ. એમ કહી, તે રાણીના કુંવર વિજયદેવને શ્રીજીમહારાજે રાજગાદીએ બેસાડ્યા. પછી તે રાણીને શ્રીજીમહારાજે કહ્યું કે તમે ચાર બાઈઓને તમારી સેવામાં રાખો. તેમાં એક ભગવાનની કથા સંભળાવે અને તે થાકે ત્યારે બીજી મારા ઐશ્વર્ય સંબંધી વાતો કરે અને તે થાકે ત્યારે ત્રીજી મારી મૂર્તિનાં કીર્તન બોલે અને તે થાકે ત્યારે ચોથી ''સ્વામિનારાયણ''

નામની ધૂન કરે. અને તમે મારી મૂર્તિ નખશિખા પર્યંત અહર્નિશ ધાર્યા કરજો.

શ્રીહરિએ ધરમપુરમાં વસંત પંચમીનો બહુ મોટો ઉત્સવ કર્યો ને ખૂબ રંગે રમ્યા ને બહુ સુખ આપ્યા. તે ધરમપુરમાં પરમચૈતન્યાનંદ સ્વામી સંવત ૧૮૬૧ થી ૧૮૭૧ સુધી દશ વર્ષ રહ્યા ને રાણીને સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

શ્રીહરિએ કુશળકુંવરબાઈને કહ્યું : એક અંગ ત્રણે અવસ્થામાં યાદ આવે તેવો દંઢાવ થાય ત્યારે બીજું અંગ ધારવું. તેમ કરશો તો આ પંચભૌતિક દેહનો ત્યાગ કરીને મારા ધામમાં મારી સેવામાં રહેવાય એવાં થશો. શ્રીજીમહારાજનાં વચન માનીને રાણીએ તેવો અભ્યાસ કાયમ રાખ્યો. પછી શ્રીજીમહારાજને તથા સંતમંડળને તથા સત્સંગી બાઈઓને જેવી ધામધૂમથી પોતે પધરાવ્યાં હતાં તેવી જ ધામધૂમથી શ્રીજીમહારાજને વળાવ્યા. ત્યાર પછી પોતે અઢારમે દિવસે આ દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયાં. *(પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૩, શ્રી સ્વામિનારાયણ ભાગવત સ્કંધ-૬, અધ્યાય-૯, તથા સદ્.શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૭૪)*

- **શ્રીહરિ અડાલજમાં પધાર્યા તેની સાલવાર માહિતી**

  સંવત ૧૮૬૧ એક વાર

  સંવત ૧૮૬૨ બે વાર

  સંવત ૧૮૬૮ બે વાર

  સંવત ૧૮૭૦ બે વાર

  સંવત ૧૮૭૧ ત્રણ વાર

  સંવત ૧૮૭૬ ત્રણ વાર પધાર્યા છે.

  કુલ ૧૩ વાર શ્રીહરિ અડાલજમાં પધાર્યા છે.

## મહારાજનું માનીતું મોટેરા તથા કોટેશ્વર

શ્રીહરિ મોટેરા ગામમાં સંવત ૧૮૬૧, ૧૮૬૨, ૧૮૬૩, ૧૮૬૪, ૧૮૬૮, ૧૮૬૯, ૧૮૭૧, ૧૮૭૫, ૧૮૭૬, ૧૮૮૨ ની સાલ સુધી શ્રીહરિ પધાર્યા છે. તેમાં કોઈ સાલમાં એક, બે વાર કે વધુ વાર પધાર્યા છે. તેમાં ૧૮૮૨ ની સાલમાં તો શ્રીહરિ ધર્મકુળ પરિવાર સાથે લઈને પધાર્યા છે.

સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ વડતાલથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે જેતલપુર, પીરાણા થઈને મોટેરા ગામ આવીને રહ્યા. પાર્ષદ ભગુજી પાછળ પાછળ થોડા દૂર ચાલતા હતા. મોટેરા ભગુજી શ્રીહરિની સાથે થયા. તેઓ શ્રીહરિની મરજીને જાણતા હતા. તેમને જોઈને ઘનશ્યામ પ્રભુ શ્રીહરિ ઘણું રાજી થયા અને ત્યાં બધા સંતો પણ આવ્યા.

શ્રીહરિ મોટેરામાં રહ્યા હતા ત્યારે શ્રીનગરના નથુ ભટ્ટ અને ચોકસી વગેરે જે હરિભક્તો તે બધા ત્યાં આવ્યા. સહુએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિના દર્શન કર્યા અને ફૂલના હાર પહેરાવ્યા તેમજ જે મેવા તથા મીઠાઈ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધરાવ્યા. હરિભક્તોનો ભાવ જોઈને તે બધી વસ્તુઓ શ્રીહરિ જમ્યા અને પ્રસન્ન મુખે સંતોને અને પાર્ષદોને પ્રસાદી આપી. શ્રીહરિ મોટેરામાં એક દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલી નીકળ્યા. તે અડાલજ, ઓળા થઈને વડુ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પુર-૧૫, તરંગ-૫૧)*

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો પાર્ષદો સાથે કલોલથી ચાલ્યા તે અડાલજ આવ્યા ને વાવમાં સંતો સહિત સ્નાન કરીને ચાલ્યા તે મોટેરા ગામ આવ્યા અને ત્યાંના હરિભક્તો સન્મુખ આવ્યા. મોટેરાના હરિભક્તોમાં પુરુષોત્તમ પટેલ મુખી હતા. તે પુરુષોત્તમ મુખીને સંબંધના જેટલા જેટલા ગામો હતા, તેમાં કોઈ એક પણ સત્સંગ સિવાય ન રહ્યા. તે ગામના હરિભક્તોમાં ભુધરદાસ તો

સેવામાં અત્યંત ઉત્સાહી હતા. જ્યારથી તેમને સત્સંગ થયો ત્યારથી તેમણે જીવનમાં સત્સંગને જ મુખ્ય રાખ્યો હતો. દરેક હરિભક્તમાં સત્સંગના અપાર ગુણો રહ્યા હતા. તે બધા લખી શકતા નથી. ગામમાં બધા હરિભક્તો હતા. તેઓ શ્રીહરિની સામે આવ્યા. ફૂલના હાર પહેરાવીને સહુ પગે લાગ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રો વગડાવીને શ્રીહરિને મોટેરા ગામમાં લઈ આવ્યા. તે સમયે બધી બજાર સ્વચ્છ કરાવી હતી અને સહુને ગામ વચ્ચે ઉતારો આપ્યો. ગામની વચ્ચે સંતોનું જે મંદિર કરાવ્યું હતું ત્યાં એક લીંબડાનું ઝાડ હતું. તે સ્થળે શ્રીહરિએ ઉતારો કર્યો.

● **પુરુષોત્તમ પટેલે સહુને જમાડી, પૂજી અને સ્તુતિ કરી**

તે સમયે અમદાવાદમાં જે બધા હરિભક્તો રહેતા હતા તેમણે શ્રીહરિ મોટેરા પધાર્યા છે તેમ સાંભળ્યું. તે સહુએ અપાર ફૂલહાર, વિવિધ પ્રકારના મેવા, જાત જાતના ફળ અને અપાર મીઠાઈઓ સાથે લીધી. તે અમદાવાદથી લઈને મોટેરા સુધી દર્શન માટે આવતા હરિભક્તોની એકતાર પંક્તિ થઈ ગઈ હતી. અમદાવાદના હરિભક્તો ઘણા પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરતા હતા અને શ્રીહરિ પણ તેમના પ્રેમભાવને જોઈને હેતથી બોલાવતા હતા. ભક્તો શ્રીહરિને માટે જે જે વસ્તુ લાવતા હતા તે શ્રીહરિની આગળ મૂકતા હતા અને તેમાં પહેલા ફૂલના હાર, તોરા અને બાજુબંધ પ્રેમથી ધરાવતા હતા. જે ભક્ત બરફી લાવ્યા હોય તે બરફી અને પેંડા લાવ્યા હોય તે પેંડા શ્રીહરિનાં ચરણ કમળમાં મૂકતા હતા. જે નિપુણ હરિભક્તો જે જે મીઠાઈ લાવ્યા હોય તે શ્રીહરિની આગળ ધરીને તેમના ચરણ કમળને છાતી ઉપર લેતા અને શ્રીહરિની સાથે વાત કરતા હતા.

ભક્તો કહેતા કે 'આપ અવિનાશી અમદાવાદ આવો અને અમને ઘણા ઉલ્લાસથી દર્શન આપો. અત્યારે ભગવાને અમદાવાદમાં એવું રાજ્ય કરી દીધું છે કે માણસોને લેશમાત્ર પણ દુઃખ રહ્યું નથી.

સત્યુગમાં પણ જેવું રાજ્ય ન થયું હોય તેવું આજે રાજ્ય થયું છે. જે દિવસથી નીતિવાળુ રાજ્ય થયું છે તે દિવસથી બધા દુઃખો દૂર થઈ ગયા છે. અમદાવાદથી જે કોઈ પણ બાઈ ભાઈ હરિભક્ત કહેવાય છે તે ઘરેણાં પેરીને આવતા જતા રહે છે, છતાં તેમને કોઈ જાતનો રંચ માત્ર પણ ભય રહ્યો નથી.અમદાવાદની જે જે બજારોમાં ભયનું વાતાવરણ રહેતું હતું ત્યાં સરકારને પ્રજાને સુખી કરવાનો ભાવ રહ્યો છે એટલે આવું બધું નીતિપ્રધાન રાજ્ય થયું છે.

મહારાજ, આપે જે યજ્ઞ કર્યો તેનું આ જાણે સુખમય ફળ મળ્યું હોય તેવું અમારા સમજવામાં આવે છે. અમદાવાદના વિપ્ર નથુ ભટ્ટ ઉપર કહ્યા પ્રમાણે જ્યારે બોલ્યા ત્યારે શ્રીહરિએ મુખ આડો રૂમાલ રાખીને અમૃતમય વચનથી તેમને શાંતિની વાત કહી. લીંબડાની નીચે ગાડી ઉપર શ્રીહરિ બેઠા હતા. તે જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ત્યાંથી જમવાને માટે ઊઠ્યા. સાકર નાખીને ઘણો સારો ઉજ્જવળ શીરો બનાવ્યો હતો અને તેમાં લીલવા દ્રાક્ષ અને કાજુ નાખ્યા હતા. આટલો સરસ શીરો કર્યો હતો અને મેંદાની સારી પૂરી કરી હતી. ભજિયાં અને વડાં તળ્યાં હતાં. દૂધપાક અને બીરંજ પણ કર્યો હતો. પછી નટનાગર શ્રીહરિ તરત જ ગરમ પાણીથી નાહ્યા. મુકુંદ વર્ણીએ શ્રીહરિનાં અંગ ઉપર પ્રથમ સુગંધી તેલ ચોળ્યું. જ્યારે શ્રીહરિ સવારમાં સ્નાન કરતા હતા ત્યારે રોજ વર્ણી શ્રીહરિના અંગ ઉપર સુગંધી તેલ ચોળતા હતા. મુકુંદવર્ણીના સમાન બીજા કોઈ ભાવથી સેવા કરનારા ન હતા. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી મુકુંદવર્ણીએ શ્રીહરિની સેવા કરી હતી. વારે વારે અને રોજ રોજની આવી વાત કહેવામાં આવતી હતી.

જ્યારે શ્રીહરિએ સ્નાન કરી લીધું ત્યારે રૂમાલથી અંગને લૂછ્યું. પછી એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. પાણીથી

ધોયેલી ચાખડીઓ ચરણકમળમાં પહેરી લીધી. અને જ્યાં વર્ણીએ રસોઈ કરી હતી ત્યાં સોનાનો બાજોઠ ઢાળ્યો હતો.

શ્રીહરિ આવીને તે સોનાના બાજોઠ ઉપર બેઠા. જેટલી રસોઈ બનાવી હતી તે બધી થાળમાં ધરાવી, તેને શ્રીહરિ પ્રેમભાવથી જમ્યા. જમ્યા પછી શ્રીહરિએ મુખ ધોયું અને તે પછી સુંદર મુખવાસ લીધો. સંતોને બોલાવીને પંગત કરાવી. પછી શ્રીહરિ સંતોને પીરસવા લાગ્યા. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. પછી જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા.

તે દિવસની રસોઈ પુરુષોત્તમ પટેલની હતી એટલે તેઓએ આવીને શ્રીહરિની પૂજા કરી. પ્રથમ શ્રીહરિનાં લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું. પછી ફૂલના હાર પહેરાવ્યા અને ઘણા પ્રેમથી દુપટ્ટા ઓઢાડ્યા અને એક હજાર જેટલા રૂપિયા શ્રીહરિની આગળ ભેટ ધર્યા. તેમના જેટલા ભાઈઓ હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી અને જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે કપૂરની આરતી કરી. આરતી કરીને સંતોની પૂજા કરી. સહુને ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા.

પછી એક એક ધોતિયું સહુ સંતોને ઓઢાડ્યું. વર્ણી તથા પાર્ષદોને પણ જમાડીને તેમની પૂજા કરી. તે સમયે સહુને એક એક ધોતિયું ઓઢાડ્યું. શ્રીહરિને સર્વ જગતના આધાર સમજીને તે ભક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી, 'મહારાજ, આપની મૂર્તિમાં અમને દિનપ્રતિદિન વધારે ને વધારે ભક્તિ ભાવ વધતો જાય, પણ આપનાં મનુષ્ય ચરિત્રને દેખીને તેમાં ક્યારેય દોષ દેખાય નહિ. હે વર્ણીન્દ્ર ! આપનાં મનુષ્ય ચરિત્રોને જોઈને ભવ, બ્રહ્મા અને ઈન્દ્રને પણ મોહ થયો હતો, તો તેવો મોહ અમને ક્યારેય ન થાય તેવું અમે માગીએ છીએ.'

● **મોટેરામાં શ્રીહરિની ભક્તજનોએ ઘેર ઘેર પધરામણી કરી**

પુરુષોત્તમ પટેલ જ્યારે શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા ત્યારે શ્રીહરિએ પહેરેલા ફૂલહાર પ્રસાદીના રૂપમાં તેને દીધા. મોટેરા ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી અને જેવો પ્રેમભાવ હતો તે પ્રમાણે પૂજા કરી. મોટેરા ગામ સાબરમતી નદીને ઉત્તર કાંઠે છે, તો ઉત્તર તરફ નદીમાં પાણી હતું તેને શ્રીહરિએ દેખ્યું. પછી ધર્મકુમાર શ્રીહરિ બોલ્યા કે 'જ્યાં ઊંડા પાણીનો ધરો હોય ત્યાં જઈને આપણે સ્નાન કરીએ.' સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો જેટલા હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા અને જ્યાં મોટો ધરો હતો ત્યાં ઉમંગથી આવ્યા.

● **શ્રીહરિની અલૌકિક જળક્રિડા**

શ્રીહરિએ પ્રથમ પાણીના ધરામાં જઈને તપાસી જોયું. જેને તરતા ન આવડે તેવા મનુષ્ય બૂડી જાય તેટલું ઊંડું પાણી હતું. શ્રીહરિએ સાદ પાડી સહુને કહ્યું, 'ધરાનું પાણી ઘણું ઊંડું છે. જેને પાકું તરતા ન આવડતું હોય તેવા બધાએ ધરાને કાંઠે રહીને બૂડી ન જવાય એટલામાં જ આવીને સ્નાન કરવું અને જેને પાકું તરતા આવડતું હોય તે અમે જ્યાં નાહીએ છીએ ત્યાં આવીને નહાઓ. શ્રીહરિએ આવો બંદોબસ્ત પ્રેમથી કરીને ધરામાં પ્રસન્નમનથી નાહવા લાગ્યા. અને જેને તરતા આવડતું હતું. તેવા સંત હરિભક્તો શ્રીહરિને ફરતા ગોળ મંડળ થઈને નાહવા લાગ્યા. ભક્તોના ગોળાકારે થયેલાં મંડળની વચ્ચે સ્નાન કરતા કરતા શ્રીહરિ ખૂબ જ જળક્રીડા કરવા લાગ્યા. જળક્રીડા કરવાની જેટલી રીત કહેવાતી હોય છે તે રીતે શ્રીહરિ જળક્રીડા કરતા હતા. જ્યારે શ્રીહરિનો રાજીપો દેખ્યો ત્યારે બધા સંત કીર્તન ગાવા લાગ્યા.

શ્રીહરિએ આ રીતે ત્યાં ચાર ઘડી સુધી સ્નાન કર્યું અને સંતો તથા હરિભક્તોને સુખ આપ્યું. તે વખતે ત્યાં ત્રણ ચાર હરિભક્તો ડૂબી રહ્યા હતા તેને સંતોએ બચાવ્યા. કૃષ્ણજી નામે શેઠ, દરબાર

દાદા ખાચર અને શ્રીહરિના અનુપમ સેવક જગન્નાથ વિપ્ર (શુક મુનિ) વગેરે હરિભક્તોને ડૂબતા દેખીને શ્રીહરિ તરત જ ધરાથી બહાર નીકળ્યા અને કોરા વસ્ત્ર પહેલી લીધાં. શ્રીહરિ મોટેરા ગામમાં આવ્યા. બધી સવારી તૈયારી કરી. સંતો પણ તૈયાર થયા અને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. જ્યારે દિવસને પાછલો એક પહોર રહ્યો ત્યારે મોટેરાથી ચાલ્યા અને સીધે માર્ગે જ્યાં બાદશાહી વાડી કહેવાતી હતી તે વાડીથી પશ્ચિમ દિશા તરફ ભક્તના ચિત્તને ચોરનારા શ્રીહરિ સાબરમતી નદીને ઊતર્યા. ને અમદાવાદ પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૭૮-૭૯-૮૦)*

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે વડુ, ઝુલાસણ, પાનસર, ઓળા થઈને મોટેરા પધાર્યા. અને સંત-પાર્ષદોએ સહિત ભુધરભાઈના ઘેર નિવાસ કરતા હતા. ત્યાર પછી ભુધરભાઈના પત્નીએ બનાવેલા સુંદર બાજરીના રોટલાને જોઈ શ્રીહરિ ભગવાન પાર્ષદોને જમાડતા હતા. અને ધર્મનંદન શ્રીહરિ પણ મુકુંદવર્ણીએ બનાવેલ લાડુ આદિકનું ભોજન જમીને પુરુષોત્તમદાસ આદિ ભક્તોની સેવા અંગીકાર કરતા ત્યાંથી શ્રીનગર પધારતા હતા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૬૪)*

સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અમદાવાદથી ચાલ્યા તે ભૂતોનો રાજા દરીયાવખાન નામે મુસલમાનનો ઉધ્ધાર કર્યોને ત્યાંથી પછી મહારાજ મોટેરા ગામ પધારતા હતા. અને ત્યાંના પુરુષોત્તમદાસ આદિ ભક્તો મહાપ્રભુની સેવા કરતા હતા, તથા વાજતે ગાજતે દરેક હરિભક્તો પોતપોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરાવીને સારા સારા ભોજનો જમાડતા હતા. અને સર્વ સંતોને પણ જમાડતા હતા. એ પ્રકારે તે ભક્તોની સેવા અંગીકાર કરીને ત્યાંથી કોટેશ્વર પધારી મહાદેવજીનાં દર્શન કરી ત્યાંથી અડાલજ ગામ પધાર્યા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૬૭)*

- **શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ધર્મકુળ પરિવાર સાથે મોટેરા પધાર્યા**

શ્રીહરિ સંવત ૧૮૮૨ની સાલમાં અમદાવાદમાં શ્રી નરનારાયણના સન્મુખ વેદીકા ઉપર ગાદી તકિયા નંખાવીને વિરાજમાન થયા. સંત ને દેશ દેશના હરિભક્ત શ્રીજીમહારાજને ચારે કોર સભા ભરાઈને બેઠા તે ભક્તજન અગણિત ગુલાલને ચંપા આદિ પુષ્પના હાર તોરા શ્રીજીને પહેરાવતા હતા. પછી શ્રીજી મધ્યાહ્ન સમે પતંગ ને કેસુડાનો રંગ મંગાવીને પોતે હોળી રમવા લાગ્યા તે રંગની થાળીઓ ભરી ભરીને સર્વે સંત ને હરિભક્ત ઉપર નાંખીને રમતા થકા બહુવાર સુધી પોતાના એકાંતિક ભક્તજનને રમાડીને પછી ગુલાલની સર્વ સંત ઉપર ફાંટો ભરીને નાંખીને રંગનો કીચ મચાવીને એ પ્રકારે ઝાઝી વાર રંગ રમીને પછી વેદિકા ઉપરથી ઉતરીને મંડપમાં ગયા. ત્યાં ઉત્સવીયા ઉપર સારી પેઠે રંગ ગુલાલ નાખીને રંગ બોળ કરીને પાછા વેદિકા ઉપર વિરાજીને એમ કહ્યું જે, ''આ અમારા રંગના લાવનારા મહાનુભાવાનંદ સ્વામીને ભૂમાનંદ સ્વામી આદિ રહી ગયા.'' એમ કહીને પછી રંગની માટલી લઈને એ બન્નેને માથે ઢોળીને રંગ બોળ કર્યા. એ પ્રકારે રંગનો ભારે કીચ મચાવ્યો. તે જોવાને આવ્યા એવા જે ઈંદ્રાદિક દેવ તે પોતાના વિમાન ઉપર રહ્યા થકા આશ્ચર્ય પામીને મૂર્છિતની પેઠે સ્થિર થઈ જાતા હવા. પછી પોતે સ્નાન કરવા સારું ઘોડે અસવાર થઈને સર્વે સંત ને હરિભક્તોનો સમુહ તેણે વિંટાણા થકા રાજમાર્ગે થઈને રંગના ભરેલા ચાલ્યા એવા જે શ્રીહરિ તેમને જોઈને પોતાના નેત્રનું સફળપણું કરતા એવા જે તે શહેરના મનુષ્ય તેમને દર્શન દેતા થકા ઈડરીયે દરવાજે થઈને ગાતા ગાતા પોતે નારાયણઘાટે પધાર્યા. સર્વ સંતને હરિભક્ત સમસ્ત જળને વિષે પ્રવેશ કરીને ન્હાયા. તેણે કરીને સાબરમતીનું સર્વ જળ રંગમય થઈ ગયું ને તે સમે જળ લીલા જોવાને અર્થે બ્રહ્માદિક

દેવતાના વિમાન આકાશમાં છાઈ ગયા ને તે જળક્રીડા જોઈને અતિ આશ્ચર્યને પામીને સ્થિર થઈ ગયા. મૂર્તિમાન ગંગાજી પણ શ્રીહરિના દર્શન કરવા આવ્યા. તે સમે સાબરમતીનું જળ પણ સ્થિર થઈ ગયું ને શ્રીજીમહારાજ પણ બે ઘડી પર્યંત જળને વિષે સ્થિર થઈને ઉભા રહ્યા. પછી બહુવાર સુધી જળક્રીડા કરીને પછી પોતે બહાર નીસરીને કોરા વસ્ત્ર પહેરીને ભીના વસ્ત્ર દામોદર ભક્તને આપ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'તમે ઘડી સુધી જળમાં સ્થિર થઈને ઉભા રહ્યા તેનું શું કારણ હશે ?' પછી પોતે બોલ્યા જે, "આજ તો ગંગાજીએ અમારી બહુ સ્તુતિ કરીને પ્રાર્થના કરીને કહ્યું જે હે પ્રભો ! બહુ દિનથી તમારો ને તમારા સંતનો વિયોગ હતો તે આજ જોગ થયો છે ને સર્વ સંત સહિત આંહી ન્હાયા માટે હું પણ સદા આંહી નિવાસ કરીને રહીશ." એ પ્રકારે ગંગાજીએ અમારી પ્રાર્થના કરીને આંહી નિવાસ કર્યો. એમ મુક્તાનંદ સ્વામીને કહીને પછી પોતે તે સ્થાનકનું "નારાયણઘાટ" એવું નામ પાડીને ઘોડે અસવાર થયા ને સર્વ અસવારે વિંટાણા થકા ગામ મોટેરા પધાર્યા.

ત્યાં સર્વ ભક્તને ઘેર થાળ જમીને પાછા મંદિરમાં પધાર્યા ને નરનારાયણને સન્મુખ વેદિકા ઉપર ગાદી તકિયા નંખાવીને વિરાજ્યા ને સર્વ સંત સન્મુખ સભા કરીને બેઠા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૧૪૫-૧૪૬)*

● **મોટેરા (કોટેશ્વર)ના ઝવેર ભક્તની શ્રીહરિએ રક્ષા કરી**

મોટેરા ગામમાં આવેલું કોટેશ્વર મહાદેવનું મંદિર છે જ્યાં શ્રીહરિ પણ પધારેલા છે ને પ્રસાદીનું છે. ત્યાં શ્રીહરિના આશ્રિત ઝવેરભાઈ પટેલ બાલ્યા વસ્થાથી જ સત્સંગ કરીને અખંડ શ્રીહરિનું ભજન કરતા હતા, એવા પરમ ભક્તને જોઈ ગામના પાપીજનો કહેવા લાગ્યા કે "હે ઝવેર ! એક બાપ છે ને બીજો બાપ શા માટે કર્યો

? અને જો તારા સ્વામિનારાયણ સાચા ભગવાન હોય તો આપણા ગામના કોટેશ્વર મહાદેવના મંદિરના ઊંચા શિખર ઉપરથી પડતું મૂક્ય, ભગવાન સાચા હશે તો જીવાડશે ? એટલે નિષ્કપટી તે ભક્ત ભગવાનનું સ્મરણ કરતા શિવાલય ઉપર ચઢીને ઉંચેથી ભોંય પડ્યા તો પણ કુશળક્ષેમ સાજા તાજા રહ્યા એટલે સર્વ પાપીજનો ઝંખાવાણા થઈ ત્યાંથી ચાલ્યા ગયા અને સત્સંગીઓ સર્વે હર્ષ પામવા લાગ્યા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૫)*

● **શ્રીહરિને મળેલા મોટેરા ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી ભુદરદાસ પટેલ | પ.ભ.શ્રી ભગાભાઈ પટેલ |
| પ.ભ.શ્રી પુરુષોત્તમદાસ પટેલ | પ.ભ.શ્રી પ્રભુદાસભાઈ પટેલ |
| પ.ભ.શ્રી દલાભાઈ પટેલ | પ.ભ.શ્રી જેઠાભાઈ પટેલ |
| પ.ભ.શ્રી રઘાભાઈ પટેલ | પ.ભ.શ્રી ઝવેરભાઈ પટેલ |
| પ.ભ.શ્રી નાથજીભાઈ પટેલ | પ.ભ.શ્રી કંકુબાઈ પટેલ |
| પ.ભ.શ્રી હાંસજીભાઈ પટેલ | પ.ભ.શ્રી હરિબાઈ પટેલ |
| પ.ભ.શ્રી વેણીદાસભાઈ પટેલ | પ.ભ.શ્રી રળિયાતબાઈ પટેલ |
| પ.ભ.શ્રી રામજીભાઈ પટેલ | પ.ભ.શ્રી રતનબાઈ પટેલ |
| પ.ભ.શ્રી લખાભાઈ પટેલ | પ.ભ.શ્રી ગંગાબાઈ પટેલ |
| પ.ભ.શ્રી લખુભાઈ પટેલ | |

● **મોટેરામાં પ્રસાદીના સ્થાનો**

(૧) **લીંબડો :** આ લીંબડાના ઝાડ નીચે શ્રીહરિએ ઉતારો કર્યો હતો ને ત્યાં બિરાજમાન થયા હતા.

(૨) **કોટેશ્વર મહાદેવનું મંદિર :** આ મંદિરે શ્રીહરિ દર્શને ગયેલા છે તેથી પ્રસાદીનું છે.

(૩) **સાબરમતી નદી :** શ્રીહરિએ તેમાં સંતોએ સહિત ઘણીવાર સ્નાન કરેલું છે.

## પ્રસાદીનું ગામ ધમાસણાનો મહિમા

(૧) સંવત ૧૮૬૩ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્શદો સાથે લાંઘણજથી ચાલ્યા તે ડાંગરવા, કરજીસણ, ઓળા થઈને ધમાસણે પધાર્યા. ત્યાં ઉપાધી થઈ. તેથી ત્યાં દર્શન દઈને ત્યાંથી ચાલી નીકળ્યા તે મોટેરા થઈ અમદાવાદ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાર્તા-વિશ્રામ ૧૬)*

(૨) સંવત ૧૮૬૮ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે ઓળા થઈ ધમાસણા પધાર્યા. તે સમયે સાધુ ભાઈરામદાસજી સુથાર પુરુષોત્તમભાઈના ઘેર રસોઈ કરતા હતા. તે પડતી મૂકીને મહારાજ પાસે આવ્યા. પછી મહારાજ ગામમાં પધાર્યા. પછી એક માણસ આંખે જખમી હતો તે બોલ્યો સ્વામિનારાયણની જે. પછી શ્રીહરિ ગામમાં તો ગયા નહીં. પરંતુ ખેતરમાં વડ નીચે આવીને બેઠા. પછી થાળ આવ્યો તે જમ્યા તે સમયે પુરુષોત્તમભાઈ સુથારના નેત્રમાં આંસુ આવ્યા તે જોઈ શ્રીહરિ બોલ્યા જે કોઈ ફેરો તમારા ઘેર આવીશું. પછી ત્યાંથી ચાલ્યા તે પેથાપુર પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૧)*

(૩) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે નારદીપુરથી ચાલ્યા તે સોજા, નાદરી, વડુ, ઝુલાસણ, ઓળા થઈને ધમાસણા પધાર્યા. ત્યાં રાયજી, કાશીદાસ, આદિ પટેલ ભક્તોએ શ્રીહરિ પધાર્યા જાણી ખૂબ સ્વાગત કર્યું ને પુરમાં પધરાવ્યા. ને કૂવા પાસે વડના વૃક્ષ નીચે શ્રીહરિને ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા ને ત્યાં સર્વને દર્શન કથાવાર્તાનું ખૂબ સુખ આપ્યુ. પછી શ્રીહરિને થાળ કરાવીને જમાડ્યા. તે શ્રીહરિ જમીને વધેલી પ્રસાદી તે બોખલા કૂવામાં નાખીને તે કૂવાને પ્રસાદીનો કર્યો. ત્યાંથી શ્રીહરિ મોટેરા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉતરાર્ધ તરંગ-૬૯)*

(૪) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંત-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે ઝુલાસણ થઈને ધમાસણા ગામમાં પધાર્યા. પોતાના ગામમાં શ્રીહરિ પધારે છે તેમ જાણીને તે ગામના જેઠાભાઈ, કેશવજીભાઈ અને પુરુષોત્તમભાઈ આ ત્રણ સુથાર ભક્તો તથા ભવાની શંકર નામના બ્રાહ્મણ અને ઝવેરભાઈ નામના વાણિયા તથા મકનદાસ, કાશીભાઈ વગેરે પટેલ ભક્તો તથા કંકુબાઈ, હીરાબાઈ, રળિયાતબાઈ વગેરે બાઈ ભક્તો આ સર્વે શ્રીહરિના સામા વાજતે ગાજતે ગયા. અને તે સ્ત્રી પુરુષોએ સામા જઈ સત્કાર કરેલા તથા કુમકુમ, અક્ષત, ચંદન તથા પુષ્પહારોથી પૂજેલા શ્રીહરિ તે ધમાસણા ગામમાં પ્રવેશ્યા. ત્યારે પુરુષોત્તમ નામના સુથાર ભક્તે તે ગામમાં પ્રવેશતા શ્રીહરિ મહાપ્રભુને દંડવત્ પ્રણામ કરી પોતાના ઘરે લાવી પ્રેમથી પોતાના ઘરમાં બ્રાહ્મણ પાસે સુંદર થાળ બનાવરાવી શ્રીહરિને જમાડ્યા. શ્રીહરિના જમ્યા બાદ સંતો-પાર્ષદોને પણ અતિ આગ્રહથી ખૂબ ખૂબ જમાડી રાજી કર્યા. ત્યારબાદ તે પુરુષોત્તમ ભક્તે પ્રેમથી પૂજેલા અને સ્તુતિ કરેલા શ્રીહરિ મહાપ્રભુ તે ગામમાં એક દિવસ રહીને ત્યાંથી આદરજ ગામે પધાર્યા. *(સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૪ તથા દંઢાવ્યદેશ લીલા)*

● **શ્રીહરિ વડે ઝૂલ્યા ને આશીર્વાદ આપ્યો**

-: ચોપાઈ :-

*ગામ ધમાસણામાં ભૂધર, હિંડોળામાં ઝૂલ્યા નટવર ॥*
*કેશવ સુતાર જેનું નામ, તેને ઘેર જમ્યા ઘનશ્યામ ॥૭॥*
*જમેલો પ્રસાદ વધ્યો જેહ, ગામના કૂવામાં નાખ્યો તેહ ॥*
*પછે બોલ્યા મનોહર શ્યામ, હરિજન થશે બધું ગામ ॥૮॥*

આમ શ્રીહરિએ ધમાસણા ગામમાં આખું ગામ સત્સંગી થશે તેવો વર આપ્યો ને ત્યાં વડે હિંડોળામાં ખૂબ ઝૂલ્યા છે ને ભક્તોએ ઝૂલાવ્યા છે. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૫)*

- **શ્રીહરિને મળેલા ધમાસણાના ભક્તજનો**

પ.ભ.શ્રી મૂળજીભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ભવાનીશંકર વિપ્ર
પ.ભ.શ્રી રાયજીભાઈ પટેલ
પ.ભ.શ્રી મકનદાસ પટેલ
પ.ભ.શ્રી કાશીદાસ પટેલ
પ.ભ.શ્રી કેશવભાઈ સુથાર
પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ સુથાર
પ.ભ.શ્રી જેઠાભાઈ સુથાર
પ.ભ.શ્રી કંકુબાઈ
પ.ભ.શ્રી હીરાબાઈ
પ.ભ.શ્રી રળિયાતબાઈ
પ.ભ.શ્રી ઝવેરભાઈ વણિક

- **ધમાસણામાં પ્રસાદીના સ્થાનો**

(૧) **બોખલો કૂવો** : આ કૂવામાં શ્રીહરિ જ્યારે પધાર્યા ત્યાં વડ નીચે થાળ જમ્યા હતા ને વધેલી પ્રસાદી શ્રીહરિએ કૂવામાં નાખીને તે કૂવાને પ્રસાદીનો કર્યો છે.

(૨) **વડ** : આ વડ નીચે શ્રીહરિ બિરાજ્યા છે. થાળ જમ્યા છે અને તે વડે હિંડોળો બાંધીને ઘણીવાર ઝૂલ્યા છે.

(૩) **તળાવ** : આ તળાવમાં શ્રીહરિ સંતો સાથે ન્હાયા છે તેથી પ્રસાદીનું છે.

## કૃપાળુએ કડીમાં કૃપા કરી

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે માણસાથી ચાલ્યા તે ઉનાવા, ખોરજ, નાદ્રી, કરજીસણ, ડાંગરવા, રાજપુર, કુંડાળ થઈને કડી પધાર્યા. ત્યાં હરિભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી દેત્રોજ, રામપરા-ભંકોડા, કડુ, વણા, ભદ્રેશી થઈ મુળી પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૪)*

● **કડીમાં શ્રીહરિ મોટા સંઘ સાથે પધાર્યા**

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ ભૂજથી સિધ્ધપુરનો સમૈયો કરવા માટે સંતો-પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તોના મોટા સંઘ સાથે ભુજથી ચાલ્યા ભચાઉ, મોરબી, હળવદ, ધ્રાંગધ્રા, ગાળા, મેથાણ, રામગ્રી થઈને ચાલ્યા ચાર ઘડી દિવસ ચઢ્યો ત્યારે કડી શહેર આવ્યું. ત્યાં સ્નાન કરવા માટે શ્રીહરિએ વિચાર કર્યો. કડી શહેરથી ઉત્તર તરફ ચારે તરફ બાંધેલું એક સારું સરોવર હતું. ત્યાં ધર્મકિશોર શ્રીહરિએ ઉતારો કર્યો. ત્યાં આંબાના અપાર ઝાડ હતા. તેની બધો સંઘ ઉતર્યો. જ્યારે સહુએ ઉતારા કર્યા ત્યારે શ્રીહરિ સરોવરને કિનારે ગયા. બધા નવા વસ્ત્ર ઉતારી નાખ્યા. એક ધોતિયું પહેરી રાખ્યું. સત્વરે મસ્તક ઉપર રૂમાલ બાંધી લીધો. અરધુ ધોતિયું પહેરેલું અને અરધું ખભા ઉપર ઓઢેલું, તે રીતે પાણીનો લોટો ભરીને તળાવના પશ્ચિમ કિનારાથી દૂર સુધી શ્રીહરિ જંગલ (શૌચ કરવા) ગયા. આવીને પાણી ભરેલો બીજો લોટો લીધો. શુધ્ધ માટી લીધી. તેનાથી બંને હાથ અને ચરણ ધોયા. પછી પાણીથી કોગળા કર્યા. ક્રિયા કુશળ શ્રીહરિએ જમણા કાન ઉપર જનોઈ રાખી હતી.

દાતણ કરીને પછી સ્નાન કર્યું. બધાજ સંઘે ત્યાં સાથે જ સ્નાન કરી લીધું. શ્રીહરિએ રેશમી પીતાંબર પહેર્યું હતું. સરોવરને કિનારે બધા લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા. જરિયાની કોરવાળું જે લાલ રેશમી વસ્ત્ર હતું તે શ્રીહરિએ ઓઢી લીધું હતું. એક સુંદર આંબાની

છાયામાં બેસીને શ્રીહરિએ પૂજા કરવાનું વિચાર્યું. ત્યાં એક ચકમો (ઊનનું પાથરણું) બિછાવી દીધો. પછી તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. જેના ઉપર સોનાનો કળશ હતો, આવું છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધારેલું હતું. સોનાનાં છત્રની ઝાલર પણ સોનેરી હતી. અને તેમાં બધા, મોતી લટકતા હતા. છત્રનો દંડ પણ સોનાનો અને વિચિત્ર પ્રકારનો હતો. તેની સુંદર શોભાનું તો વર્ણન જ કરી શકાતું નથી.

શ્રીહરિ પૂર્વ મુખે પૂજા કરવા બેઠા. પૂજા આગળના ભાગમાં રાખી. પૂજા કરવાનો જે વિધિ છે તે સહુ ભક્તોને દેખાડે છે. લલાટમાં કેસરી ચંદનનું તિલક કર્યું. તેની વચ્ચે કુંકમનો લાલ ચાંદલો કર્યો. બે ભુજાઓ ઉપર એકેક તિલક કર્યું અને એક તિલક હૃદય ઉપર કર્યું. બધા જ તિલકોમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી માનસી પૂજા કરી. તે પછી બાહ્ય પૂજા કરવા લાગ્યા. ધૂપ કર્યો. દીવો પ્રગટાવ્યો. ચંદન ઘસી તૈયાર કર્યું. તુલસી પત્ર ધોયા. અને ભાવથી શ્રીહરિએ ત્રણ વાર આચમન કર્યું. બાલમુકુંદજી અને વિષ્ણુને સ્નાન કરાવ્યું. પાત્રમાં પધરાવીને પ્રથમ મલાપકર્ષ સ્નાન કરાવ્યું. પછી ચંદન અને તુલસીપત્ર ચઢાવ્યા. પછી આસન ઉપર પધરાવ્યા.

પછી અનેક પ્રકારના પુષ્પો અને નિવેદ ધરાવ્યુ. પછી ઘીની વાટ પ્રકટાવી અને પાંચવાર ઘણા હેતથી ફેરવીને આરતી કરી. પાંચ વાર પ્રદક્ષિણા કરી. દંડવત ઘણા હેતથી કર્યા. તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પાંચ કર્યા. ભક્તજનોનો ઉધ્ધાર કરવા માટે વિવિધ પ્રકારની સ્તુતિ કરી. ભગવાન વિષ્ણુનું પ્રસાદીભૂત જે નૈવેદ્ય હતું તે શ્રીહરિ પોતે જમ્યા. સંઘના બધા ભક્તોએ પહેલા પૂજા કરી અને પછી ટીમણ (નાસ્તો) કર્યું. ગામના હરિભક્તોને ખબર પડી એટલે તેઓ તરત જ આવ્યા. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા. ફૂલના હાર પહેરાવ્યા. ઘણા સુગંધી તોરા શિર ઉપર ધરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. કાન ઉપર ગુચ્છ

ધરાવ્યા અને હાથમાં પણ સુગંધ ભર્યા ગુચ્છ આપ્યા. તે સિવાય સહુ મેવા મીઠાઈ લાવ્યા હતા. તે વખતે બધી વસ્તુઓ શ્રીહરિની આગળ ધરી.

હરિભક્તોમાં વિપ્ર ઉમેદભાઈ અને ત્રિભુવનભાઈ હતા. તે ગામના ભાવસાર દેવચંદ નામે હતા, મંગલદાસ નામે સોની સત્સંગી હતા. સ્ત્રી હરિભક્તોમાં કુંવરબાઈ નામે હતા. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં મસ્તક નમાવીને પગે લાગ્યા. એક કૃષ્ણદાસ નામે હરિભક્ત હતા તેણે દૂર રહીને શ્રીહરિનાં દર્શન કર્યા. તે સમયે જે બ્રાહ્મણ હરિભક્તો હતા તેમણે શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, આપ જગત્પતિ અને જગદાધાર છો. તો અમારે ઘેર પધારો. કરોડો ઉપાય કરવામાં આવે તો પણ ગયો સમય ફરી વાર મળતો નથી. માટે આપ મનમાં હેત રાખીને અમારા ઉપર કૃપા કરો.

પછી શ્રીહરિએ તે હરિભક્તોને ઘણા પ્રેમભાવે કહ્યું, અમે ગામ ધણી દરબારના ભાવ વિના કેવળ તમારા કહેવાથી જ ગામમાં આવીએ નહિ. ત્યારે હરિભક્તોએ હરખભેર કહ્યું. અમે ગામ ધણી દરબારને કહીએ છીએ. તેમને અમે ખબર જ કરી નથી. હવે જઈને અમે તેમને કહીએ છીએ.

- **કડીમાં પુરપતિએ શ્રીહરિને ધામધૂમથી રાજદરબારમાં પધરાવીને પૂજા કરી**

હરિભક્તો ઘણા જ ઉમંગથી પુરપતિ (ગામધણી) ની પાસે ગયા અને શ્રીહરિ પધાર્યા છે અને અમારે તેમની પધરામણી કરવી છે. આપની રજા લેવા અમે આવ્યા છીએ. ત્યારે પુરપતિએ ઉત્સાહથી તેમને કહ્યું, હું જ આવું, અને શ્રીહરિને પુરમાં પધરાવું. શ્રીહરિના જેવા સત્પુરુષ જગતમાં કોઈ નથી. જેના સદ્‌ભાગ્ય ઉદય થયા હોય તેના પુરમાં જ તેવા સત્પુરુષ પધારે છે. અમે તેમને જાણીએ છીએ. આજ અમારા પુરનાં અત્યંત સદ્‌ભાગ્ય દેખાય છે. પુરપતિએ

હરિભક્તોને કહ્યું, તમે જાઓ ને અને તે શ્રીહરિને રોકો. હું બધી સવારી લઈને આવું છું. હું જ તેમને પુરમાં પધરાવીશ. શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છા ઘણા દિવસથી હતી. ભાગ્ય યોગે બહુ સારો મેળ મળી ગયો છે. પછી બે હરિભક્તો પુરપતિ પાસે રહ્યા અને બીજા બધા ઉત્સાહથી શ્રીહરિની પાસે આવ્યા.

ભક્તજનોએ શ્રીહરિને કહ્યું, પુરપતિની સવારી આવે છે. તેમને આપના ઉપર ભાવના ઘણી જ છે. પછી શ્રીહરિ બે ઘડી થંભી ગયા. તેટલી વારમાં તો તરત જ અપાર સવારી ત્યાં આવી. પુરપતિ આવીને શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. મૂર્તિનાં દર્શન કરીને તો તેમનું હૈયું આનંદથી ભરાઈ ગયું. તેણે એકલું તેજ.... તેજ..... તેજ જ દેખ્યું. હૃદયના દૂષિત ઘાટ સંકલ્પ બધા જ બંધ થઈ ગયા. શુભ વિચારો આવવા લાગ્યા અને બધા જ અશુભ વિચારો શમી ગયા. તેથી તેણે શ્રીહરિને ભગવાન જાણ્યા. પછી તે સુજ્ઞ પુરપતિ બોલ્યા. આપનો બહુ પ્રકારનો પ્રતાપ અત્યારે મારા દેખવામાં આવ્યો છે. જે બહુ મોટા મોટા દેવો કહેવાય છે તે પણ આપની આગળ હાથ જોડીને ઊભા છે. મે જ્યારે મારા હૃદયમાં જોયું ત્યારે મને આવું જણાયું છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે તો સાધુ છીએ. અને શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરાવીએ છીએ. તેમની દૃષ્ટિમાં જેવું આવે, તેવું તેઓ બીજાને દેખાડે છે. શ્રીકૃષ્ણનાં અનંત રૂપો છે, તે તેઓ જેમ ચાહે તેમ તે સ્વરૂપે વિચરતા રહે છે. અમે તો તેમનું ભજન કરીએ છીએ અને તેમની નજરમાં આવે તે અમે કરીએ છીએ. તેઓ તો પ્રત્યેક બ્રહ્માંડમાં વિચરતા હોય છે, જેનું સદ્‌ભાગ્ય હોય તેને જ તેમનાં દર્શન થાય છે. ક્યારેક તે શ્રીકૃષ્ણ અમારામાં તેમનો પ્રતાપ દેખાડે છે. જે જે અવતાર થઈ ગયા છે, એક સરખી રીતે આવતા જતા રહે છે. જ્યારે શ્રીહરિ આવું બોલ્યા ત્યારે તે સાંભળીને પુરપતિએ કહ્યું, ‘‘તમે જ સર્વનું કારણ છો’’ એમ અમને દેખાય છે.

આપની માયા તો અપાર છે. તેને દેખીને બ્રહ્મા અને ઈંદ્ર પણ ભ્રાંત થયા હતા તથા શિવજીને પણ મોહિનીરૂપ તે માયાને દેખીને હૃદયમાં ભ્રાંતિ થઈ હતી. આપ અમને પાવન કરવા માટે અમારા પુરમાં પધારો. આપના પધારવાથી અમારું જીવન અપાર સુખરૂપ થાય અને હંમેશા શાંતિ ભરપૂર રહે. પુરપતિ શણગારેલો એક મોટો હાથી લાવ્યા. તેના ઉપર ભારે સોનેરી અંબાડી મૂકેલી હતી. તે અંબાડીમાં શ્રીહરિને બેસાડ્યા અને પુરપતિ સ્વયં ચામર કરવા લાગ્યા. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. કેટલાક પુરજનો બહાર આવ્યા. શ્રીહરિની આગળ બધી સવારી ચાલી. તેની શોભા ત્રિલોકીથી કોઈ જુદી જ દેખાતી હતી.

પુરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી ઘરના છજા-છત ઉપર ઉભી હતી. મોતીના થાળ ભરી ભરીને લાવી હતી. તેનાથી શ્રીહરિને તે વધાવતી હતી. આ પ્રમાણે પુરજનોને દર્શન દેતા દેતા શ્રીહરિ રાજદબારમાં આવ્યા. ત્યાં હાથી ઉપરથી નીચે ઊતર્યા. પુરપતિએ શ્રીહરિની પોતાનાં ભવનમાં પધરામણી કરી. શ્રીહરિનો હાથ પકડીને સોનેરી હિંડોળા ઉપર બેસાડ્યા. ત્યાં પૂજા કરવા માટે સોળ પ્રકારના ઉપચારોને સોનાના થાળમાં ભરી ભરીને તે સમયે લાવ્યા. દીવો કર્યો અને ધૂપ કર્યો. ચોતરફ સુગંધ સુગંધ પૂર્ણ વાતાવરણ થઈ ગયું. પુરપતિએ કેસરયુક્ત ચંદન લીધું અને શ્રીહરિના બધા અંગો ઉપર ચરચ્યું. ફૂલના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલની પાઘ બંધાવી અને સોનાનાં થાળ ભરી ભરીને ઘણી જ ભેટ ધરી.

પુરપતિ શ્રીહરિના ચરણોમાં પડ્યા. ને પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને સુખ સંબંધી વાતો કરીને ત્યાંથી ઊઠ્યા અને આવીને હાથી ઉપર બેઠા. શ્રીહરિની સાથે જે મોટા મોટા ગામધણી દરબારો આવ્યા હતા. તેમને કડીના દરબારે પાનબીડાં આપ્યાં અને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. ત્યાં હરિભક્તોનાં જેટલા ઘર હતા ત્યાં બધે

પધરામણીએ ફર્યા. હરિભક્તોએ શ્રીહરિને કેસરી ચંદનની અર્ચા કરી અને ફૂલોના હાર પહેરાવીને પૂજા કરી. જેટલા હરિભક્તો હતા તે બધાને ઘેર કપૂરની આરતી કરી. શ્રીહરિના ચરણોને છાતીમાં લીધા અને થાળ ભરી ભરીને સાકર અર્પણ કરી. બીજે દિવસે શ્રીહરિ સર્વને દર્શન આપીને કુંડાળ પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭, તરંગ-૩૩-૩૪-૩૫)*

(૩) સંવત ૧૮૬૫ ની સાલમાં હરિ સંતો-પાર્ષદો સાથે ઉનાવાથી ચાલ્યા તે સોજા, ખોરજ, કરજીસણ, ડાંગરવા, રામપરા થઈ કડી પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ રામગ્રી, ધ્રાંગધ્રા થઈને હળવદ આવ્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૭)*

(૪) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે નારાયણઘાટથી ચાલ્યા તે મોટેરા, ઉનાવા, માણસા, વિહાર, ડાંગરવા, કુંડળ થઈ કડી પધાર્યા ત્યાં ભક્તજનોને દર્શન દઈને ત્યાંથી શ્રીહરિ રામપુર, ભંકોડા, કાલીયાણા, રામગ્રી થઈ વઢવાણ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૨)*

(૫) સંવત ૧૮૬૮ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મહેસાણાથી ચાલ્યા તે મોટપ, ઘેણોજ, અંબાસણ, ટુંડાલી, નંદાસણ, માથાસુલ, કુંડાળ થઈને કડી પધાર્યા. ને ત્રવાડી ઉમેદરામ તથા ભાવસાર દેવચંદ આદિ હરિભક્તે શ્રીજીમહારાજને અસ્વારીએ સહિત સન્મુખ જઈને ગાજતે વાજતે શહેરમાં ફેરવીને ઘેર પધરાવ્યા ને ત્રવાડી ઉમેદરામે થાળ કરીને જમાડ્યા ને ચંદન પુષ્પ તથા વસ્ત્ર અલંકારે કરીને સર્વે હરિભક્તે પૂજા કરીને બહુ સુખ લેતા હવા. પછી પોતે ત્યાં બે દિવસ રહીને ગામ રાજપર થઈ ડાંગરવા પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો-૧૮૬૮ ની લીલા)*

સંવત ૧૮૬૮ ની સાલમાં કારતક સુદ ૧૪-૧૫ ના રોજ વૌઠામાં મોટો મેળો (સામૈયો) ભરાયો હતો તેમાં શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના હરિભક્ત બહુ મોટા પ્રમાણમાં આવ્યા હતા. તેમાં કડીના હરિભક્તો પણ આવ્યા હતા ને શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૪, તરંગ-૫૧)*

(૬) સંવત ૧૮૭૩ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ સાથે મુળીથી ચાલ્યા તે લીમડી, વઢવાણ, મેમકા, લખતર, લીલાપુર, વિરામગામ, રામપુરા, દેત્રોજ થઈ કડી પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ કુંડાળ થઈ ડાંગરવા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૭૫)*

- **શ્રીહરિને મળેલા કડીના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી દયાળજીભાઈ સોની | પ.ભ.શ્રી પુરપતિ રાજા |
| પ.ભ.શ્રી મંગળદાસભાઈ | પ.ભ.શ્રી ગણેશભાઈ ગોર |
| પ.ભ.શ્રી ભાવસંગભાઈ પટેલ | પ.ભ.શ્રી ત્રિભુવનભાઈ ભાવસાર |
| પ.ભ.શ્રી ઉમેદરામભાઈ વિપ્ર | પ.ભ.શ્રી કપડા ધોનાર ખત્રી |
| પ.ભ.શ્રી બેનકુંવરબાઈ | પ.ભ.શ્રી કૃષ્ણદાસભાઈ |
| પ.ભ.શ્રી દેવચંદભાઈ ભાવસાર | |

- **કડીના તળાવમાં શતાનંદ સ્વામીએ ડૂબકી મારીને બદ્રિકાશ્રમમાં નીકળ્યા**

-: ચોપાઈ :-

*ગામ કડીના તળાવમાંહી, સંતદાસ બુડ્યા વળી ત્યાંહી ॥*
*જઈ નિકળ્યા બદ્રિકાશ્રમે, નરનારાયણના આશ્રમે ॥૨૯॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૫)*

- **કડીમાં કાયમી પાણીનું દુઃખ કરૂણાસાગર શ્રીહરિએ મટાડ્યું**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ ડુમાણા, વિરમગામથી કડી પધાર્યા ત્યારે તે ગામથી ઉત્તર બાજુ આવેલું સરોવર ત્યાં પધાર્યા હતા. તે વખતે સરોવરમાં એક ખત્રી કપડાં ધોઈ રહ્યો છે. ક્યાંક ક્યાંક ખાબોચીયામાં પાણી હતું. તળાવ ખાલી જેવું જ હતું. તે વખતે તે ખત્રીએ શ્રીહરિની તેજસ્વી મૂર્તિ જોઈ બોલ્યો કે, ''હે મહાપુરુષ! આપ જો દયા કરો તો આ તળાવમાં પાણી ભરાય.'' ત્યારે મહારાજ કહે : આ સાલ તો વરસાદ બહુ થયો છે તે તળાવ ખાલી કેમ ? ખત્રી કહે : ''આ તળાવ શાપિત છે.'' આ સરોવર મલ્હારરાવ ગાયકવાડ બંધાવતા હતા ત્યારે આ ગામમાં એક ચારણ બાળ સ્વરૂપવાન તથા યુવાન કન્યા હતી તે તેમની નજરે ચડી અને તે સ્ત્રીને બળ જબરીથી પોતાની પાસે લાવ્યા. તે કન્યાએ ઘણી જ કાકલુદી કરી, કાલાવાલા કર્યા, પણ રાજા કોઈનું માને તો બાઈનું માને ને ? આખરે બાઈએ પોતાની જીભ કચરીને દેહનો અંત આણ્યો. અને બાઈએ શાપ આપ્યો, ''હે રાજા ! આ તળાવમાં પાણી રહેશે નહિ, અને તારી કીર્તિમાં કલંક લાગશે અને તું કુટુંબ કલહમાં પડીને દુઃખી દુઃખી થઈ જઈશ.'' આમ આ તળાવ શાપિત થયું છે. માટે ''મહારાજ ! જો આપ કૃપા દૃષ્ટિ કરો તો તળાવમાં પાણી રહે.'' તરત જ કરૂણાસાગર શ્રીહરિએ સરોવર પર અમી દૃષ્ટિ કરી કે પાતાળથી પાણી ઉભરાયું ને સરોવર છલોછલ થઈ ગયું. આમ આ સરોવર શ્રીહરિ, સંતો, ભક્તોના ચરણ અંકિત અને સ્નાનથી પ્રસાદીનું થયું. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **કડીમાં પ્રસાદીના સ્થાનો**

**(૧) તળાવ :** આ તળવામાં શ્રીહરિ કૃપા કરીને પાતાળમાંથી જળ બહાર કાઢીને છલોછલ ભરી દીધું તેથી પાણીનું કાયમી દુઃખ શ્રીહરિએ દૂર કરેલું આ તળાવ રાજાએ બંધાવેલું ને તે શાપિત થયેલું તેથી ઘણા વરસ સુધી પાણીનું દુઃખ કડીના લોકોને ભોગવવું પડ્યું હતું. આ તળાવમાં શ્રીહરિ, સંતો વગેરેએ સ્નાન કરેલું છે તેની સ્મૃતિમાં ત્યાં છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યા છે. શ્રીહરિ છ વાર કડીમાં પધાર્યા છે ને તલાવમાં નાહ્યા છે.

**(૨) આંબાવાડિયું :** શ્રીહરિ જ્યારે કડી પધાર્યા ત્યારે તળાવ પાસે આ આંબાવાડિયામાં ઉતર્યા હતા તેથી તે સ્થાન પ્રસાદીનું છે.

**(૩) દરબારશ્રીનો મહેલ :** આ મહેલમાં શ્રીહરિને પુરપતિએ પધરામણી કરી છે ને પૂજા કરી છે તેથી તે પ્રસાદીનો છે.

## પુરાણું તીર્થ પાટણ

(૧) આપણા દેશમાં ચાર પાટણ પ્રસિદ્ધ છે. તેમાં એક દેવીપાટણ જે છપૈયા બાજુ આવેલું છે ત્યાં દર વર્ષે મેળો ભરાય છે. તે મેળામાં બાલ પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ ગયેલા છે. તેની નોંધ આપણા શાસ્ત્રમાં છે.

(૨) અણહિલપુર પાટણ જે પંચમહાલમાં ચાંપાનેર પાસે આવેલુંછે. તે રાજકીય રીતે પ્રસિધ્ધ છે.

(૩) પ્રભાસ પાટણ જે સોમનાથ પાસે આવેલું છે. ત્યાં લોકો શ્રાધ્ધાદિક પિતૃકર્મ કરાવવા જાય છે.

(૪) સિધ્ધપુર પાટણ જ્યાં માતૃ શ્રાધ્ધ માટેનું પ્રસિદ્ધ તીર્થધામ આવેલું છે તે ત્યાં કુમારિકા સરસ્વતી નદી તથા પુરાણા મંદિરો આવેલા છે. ત્યાંની રાણકી વાવ પણ અડાલજની વાવ જેવી જોવા લાયક છે. અને તે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહ થયા હતા. તે બીજા જન્મે શ્રીહરિની સેવામાં પડછાયાની જેમ મહારાજ માણકી ઘોડી પર બેસીને હરિભક્તોને દર્શન દેવા જતા હોય ત્યારે ભગુજી શ્રીહરિ સાથે જ હોય. તે ભગુજી થયા હતા.

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ સાથે પ્રાંતિજથી ચાલ્યા તે વિજાપુર, વિહાર, પરહણે, મહેસાણા, મોટપ થઈને શહેર પાટણ પધાર્યા. શહેરના માણસોએ સામૈયું કરીને શહેરમાં પધરાવ્યા. કટકીયાવાડમાં પુરુષોત્તમ સલાટના ઘેર ઊતર્યા. ત્યાં પાંચ-છ દિવસ રહીને ભક્તજનોને ખૂબ દર્શન-કથા વાર્તાનું સુખ આપીને ચાલ્યા તે ફરતાં ફરતાં ડાંગરવા, વડુ, ઓળા થઈ અડાલજ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૩)*

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ સાથે સિધ્ધપુરથી ચાલ્યા તે પાટણ શહેર પધારતા હતા. ત્યાં પુરુષોત્તમ ભક્તના ઘેર નિવાસ કરીને પછી મહાપ્રભુ શ્રીહરિ ભાવવશ થઈને ત્યાં જમતા હતા. બીજા દિવસે ઈચ્છારામ પટેલના ઘેર થાળ જમીને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે ગોત્રક, સાંતલપુર, આડેસર, આધોઈ, કંથકોટ, ભચાઉ થઈને ભૂજ પધાર્યા.

(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૫૦, સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૮ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત ઉત્તરાર્ધ તરંગ-૪૯ તથા શ્રી હરિલીલાસિંધુ રત્ન-૮ તરંગ-૧૩ વગેરે શાસ્ત્રોમાં પાટણનો પ્રસંગ એક જ છે તેથી શ્રીહરિ ૧૮૬૨ ની સાલમાં પાટણ પધાર્યા છે. એટલે શ્રીહરિ પાટણમાં ૧૮૬૧-૧૮૬૨ એમ બે વાર પધારીને બંને વખત ત્યાં રોકાઈને પાટણના ભક્તજનોને દર્શન, કથાવાર્તા, સેવા સમાગમનું સુખ આપીને ભક્તજનોના મનોરથ પૂર્ણ કર્યા છે. પાટણ પુરાણું તીર્થ હતું તેને શ્રીહરિએ પોતાના પદરજથી વિશેષ પાવનકારી તીર્થ બનાવીને સોનામાં સુગંધ ભરી દીધી છે. તેથી પાટણધામ આજે વિશેષ દર્શનીય બન્યું છે.

- **શ્રીહરિને મળેલા પાટણના ભક્તજનો**

  પ.ભ.શ્રી દયાળજીભાઈ ભાવસાર
  પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ ભાવસાર
  પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ સલાટ
  પ.ભ.શ્રી ઈચ્છારામભાઈ પટેલ
  પ.ભ.શ્રી બેચરભાઈ પટેલ

-: ચોપાઈ :-

*પાટન માંહી પરબ્રહ્મ પધારે, નિજ્જન મન મોદ વધારે ॥*
*ગામ ભંકોડે ગયે ભગવાના, દિને સબકું દરશન દાના ॥૧૮॥*

*(નિષ્કુળાનંદ કાવ્ય - હરિવિચરણમ્ વિશ્રામ-૫)*

## પ્રસાદીની પ્રભા તલાવડી (જમિયતપુરા)

પરમ કૃપાળુ, સર્વાવતારી, સર્વ કારણના કારણ, સર્વાધાર, સર્વના નિયંતા, સર્વોપરી પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય કેવળ દયાયે કરીને છે. અનંત કરોડો બ્રહ્માંડોના જીવ આ ભવાટવીમાં અનંત કાળથી ભટક્યા કરે છે. તેમના ઉધ્ધારને અર્થે અને પોતાના આશ્રિત જનના મનોરથ પૂર્ણ કરવા માટે જેમનું ગામે ગામ વિચરણ છે. એવા કરૂણાના સાગર મહાપ્રભુએ વિ.સં. ૧૮૭૫ ના શ્રાવણ વદ-૮ જન્માષ્ટમીનો મહોત્સવ દાદા ખાચરના દરબારમાં ગઢપુરને આંગણે ઉજવ્યો હતો. તેમાં દેશોદેશથી ભક્તજનો પધાર્યા હતા. તેમને શ્રીહરિએ ખૂબજ કથા-વાર્તા, દર્શન, સેવા, સમાગમનું સુખ આપ્યું હતું. અને તે વખતે મોટી વિશાળ સભામાં શ્રીહરિએ જાહેરાત કરેલી કે આવતો દિવાળી અન્નકૂટનો ઉત્સવ દંઢાવ્ય દેશમાં આદરજ ગામે કરવાનો છે. તો તમો સર્વે ભક્તો ત્યાં આદરજ ગામે આવજો. એટલું કહીને પછી સર્વે ભક્તજનોને વિદાય આપી.

(૧) દિવાળીનો ઉત્સવ દંઢાવ્ય દેશમાં કરવા માટે શ્રીહરિએ પ્રયાણ કર્યું. કાઠી હરિભક્તોને બોલાવ્યા તેટલા આવ્યા. સવારી ચાલતી થઈ. ખંભાળાના મોકા ખાચર તથા માણસીયા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ, ગોદડ ખાચર વગેરે આવ્યા. તે પ્રમાણે બોટાદ, નાગડકા, કોટડા, સારંગપુર, સુંદરિયાણા, ગઢપુર વગેરે ગામના કાઠી દરબાર ભક્તો અશ્વ ઉપર બેસીને શ્રીહરિ સાથે ચાલ્યા.

રસ્તામાં ગામ ઝીંઝાવદર આવ્યું. ત્યાંના અલૈયા ખાચર, કારિયાણીના વસ્તાખાચર, વેલા ખાચર, માત્રા ખાચર, વિસામણ ખાચર, કુંડળથી મામૈયા પટગીર, અમરા પટગીર, સુંદરિયાણાથી ચાલ્યા તે લીંબડી, ભલગામડા, શિયાણી, તાવી, તલસાણા, દેવળિયા, દદુકા, કલોલ, શેરથા, ડાંગરવા, કરજીસણ, વડુ, ઓળા થઈ આદરજ આવ્યાં. ત્યાં બહુ મોટો અન્નકૂટનો ઉત્સવ કર્યો ને આદરજના

ભક્તજનોને ખૂબ ખૂબ સુખ આપ્યું હતું. તે વખતે મુક્તાનંદ સ્વામી વડોદરા સભા જીતીને આવ્યા હતા તેમના સામા મહારાજ ગયા ને મુક્તમુનિને મહારાજે દંડવત્ કર્યા. મુક્તમુનિયે મહારાજને તેડી લીધા ને સામા તેમને મુક્તમુનિએ દંડવત્ કર્યા. શ્રીહરિએ મુક્તમુનિને પોતાના પલંગમાં બેસારીને આરતી ઉતારી. પછી તે ઉત્સવમાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શામળિયા ચૈતન્યાનંદ સ્વામીએ ચાર સંતોને પ્રથમવાર સદ્‌ગુરુની પદવી આપી હતી. અને તે ઉત્સવમાં ખુશાલ ભટ્ટ પણ ટોરડાથી આવ્યા હતા. ઉત્સવ પૂર્ણ કરી શ્રીહરિ આદરજથી ચાલ્યા તે સર્વે સંઘ સાથે પ્રભા (જમીયતપુરા) તલાવડીએ પધાર્યા, ને ત્યાં સભા કરી. તે શ્રીહરિ તથા સર્વે સંઘ સાથે પ્રભા તલાવડીમાં સ્નાન કર્યું. તેનું વર્ણન સદ્.શ્રી ભૂમાનંદ સ્વામીએ કર્યું છે તે નીચે મુજબ છે.

-: પૂર્વછાયો :-

*આદરજે અલબેલો આવ્યા, સંત હરિજન સંગ ॥*
*દીપોત્સવી સમૈયો કરી, ચાલ્યા કરીને ઉમંગ ॥૪॥*

-: ચોપાઈ :-

*ચાલ્યા આદરજથી ધારી ઉર, વચ્ચે આવ્યું છે જમેતપુર ॥*
*તે ગામ તણી સીમા મોઝાર, પ્રભા તળાવ છે નિરધાર ॥૫॥*
*તેમાં સ્નાન કર્યું નરવીરે, સંત સહિત શામ શરીરે ॥*
*ત્યાં છે રાયણનું એક વૃક્ષ, તેને નીચે વિરાજ્યા પ્રત્યક્ષ ॥૬॥*
*પછે તો ચાલ્યા અવિનાશ, અડાલજે ગયા સુખરાશ ॥*
*ત્યાંની વાવ્યમાં કર્યું છે સ્નાન, બહુ નામી સદા બલવાન ॥૭॥*

*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૭૬) તથા શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૨૨)*

(૨) શ્રીહરિ સંતો-પાર્ષદો, કાઠીઓ તથા સત્સંગીઓના સંઘ સાથે કરજીસણથી ચાલ્યા તે વડુ, પાનસર, ઓળા, સઈજ થઈને શેરથા આવ્યા. અને સંતો પણ આવીને ભેગા થયા. પછી શ્રીહરિ કહે હે સંતો !

કાં તો આગળ ચાલો અથવા પાછળ ચાલો. તેમ કહીને શ્રીહરિ જમિયતપુર ગામની સીમના ખેતરમાં શેઢા ઉપર આવીને સભા કરીને બેઠા. તે સંઘ કેટલે આવે છે. પછી મેં કહ્યું જે આ આવે છે. પછી મહારાજે કહ્યું કે, તને પ્રશ્ન પૂછતાં આવડે છે ? ત્યારે મેં ના કહી જે મને પ્રશ્ન પૂછતા આવડતું નથી. ત્યારે મહારાજે પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર પ્રસાદાનંદ સ્વામીએ કર્યો જે ના પાડે છે તે મન છે અને હા પાડે છે તે જીવ છે. પછી મહારાજ કહે દિશ તો ઠીક છે. પછી મહારાજ અડાલજ પધાર્યા. *(સદ્.શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

- **પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રભા તલાવડીએ શ્રી હનુમાનજીની પ્રતિષ્ઠા કરી**

આવા મહાપ્રસાદીમય તીર્થસ્થાન પ્રભા તલાવડીએ પવિત્ર તીર્થ સ્થાનનો મહિમા જાણીને પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી પ્રભા હનુમાનજીની પ્રતિષ્ઠા પોતાના સ્વહસ્તે ખૂબ ધામધૂમપૂર્વક કરીને તે પ્રસાદીમય તીર્થ ભૂમિનો મહિમા વધાર્યો છે. અને તેમાં એવું ઐશ્વર્ય-દૈવત મૂક્યું છે કે, આ મહા ચમત્કારી પ્રસાદીના પ્રભા હનુમાનજીની જે કોઈ નિષ્કામ ભાવે કે સકામભાવે માનતા-યાત્રા કે શુભ સંકલ્પ કરે છે તેના દુઃખ, દારિદ્ર વગેરે મનોરથો પરિપૂર્ણ થાય છે.

શ્રીહરિની કૃપાથી આજે સારાયે દેશ-દુનિયામાં શ્રી પ્રભા હનુમાનજી મહારાજનો પ્રભાવ અને પ્રકાશ પડી રહ્યો છે. તેનું કારણ આ પ્રસાદીની ભૂમિ અને પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજે કરેલી પ્રતિષ્ઠાને છે.

આ પરમ પવિત્ર તીર્થ સ્થાનના દર્શનાર્થે હરિભક્તો તથા પરોક્ષના ધર્મપ્રેમી ભક્તો બહુ મોટી સંખ્યામાં આવે છે. તેના અંતરમાં શાંતિ શાંતિ થયાનો અહેસાસ જરૂર થાય છે.

- **પ્રસાદીના સ્થાનો**

**(૧) પ્રભા તલાવડી** : અહીં આ તલાવડીમાં શ્રીહરિ, સંતો-ભક્તો સાથે સ્નાન કરેલું છે.

**(૨) રાયણનું ઝાડ** : આ રાયણના ઝાડ નીચે શ્રીહરિએ સભામાં બિરાજમાન થઈને ઉપદેશ આપેલો છે.

**(૩) પ્રભા હનુમાનજી** : આ હનુમાનજીની પ્રતિષ્ઠા પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કરેલી છે.

## ઉવારસદ

● **શ્રીહરિ મોટા સંઘ સાથે ઉવારસદ પધાર્યા**

સંવત ૧૮૬૨ની સાલમાં મહા વદી ૧૪ શિવરાત્રીનો મોટો સમૈયો સિધ્ધપુરમાં શ્રીહરિએ ઉજવ્યો. તેમાં સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના ભક્તજનો આવ્યા હતા. તે ઉત્સવ પૂર્ણ કરીને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે બિલીયા, ઊંઝા, વીસનગર, મેઉ, માણસા થઈ ઉવારસદ પધાર્યા. ત્યાં પોતે જમીને ત્યાં સંતોને જમાડીને ચાલ્યા તે ગામ અડાલજની વાવ ઉપર વિરાજમાન થયા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૩)*

સંવત ૧૮૬૨ ની સાલમાં બીજીવાર શ્રીહરિ શ્રીનગરથી સંતો સાથે ચાલ્યા તે મોટેરા થઈને ત્યાંથી ગામ ઉવારસદ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે આદરજ થઈ ગેરીતા પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૭ તથા ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ ૪૮-૪૯ તથા હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૪૮ તથા શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૮, તરંગ-૧૩)*

● **શ્રીહરિને મળેલા ભક્તજનો**

પ.ભ.શ્રી જેરામભાઈ પટેલ
પ.ભ.શ્રી લાલજીભાઈ પટેલ
પ.ભ.શ્રી જેઠાભાઈ પટેલ
પ.ભ.શ્રી અવિચળભાઈ પટેલ
પ.ભ.શ્રી પુરજમાલભાઈ પટેલ
પ.ભ.શ્રી હરખજીભાઈ પટેલ
પ.ભ.શ્રી પૂંજાભાઈ પટેલ

# વ્હાલાને વહાલું વડુ ગામ

## ● શ્રીહરિ વડુ ધામમાં પધાર્યા તેની સાલવાર માહિતી

સંવત ૧૮૬૧ની સાલમાં એક વાર પધાર્યા. સંવત ૧૮૬૫ ની સાલમાં એક વાર પધાર્યા. સંવત ૧૮૬૮ ની સાલમાં બે વાર પધાર્યા. સંવત ૧૮૭૦ ની સાલમાં એક વાર પધાર્યા. સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ બે વાર પધાર્યા. સંવત ૧૮૭૨ ની સાલમાં એક વાર પધાર્યા. સંવત ૧૮૭૫ ની સાલમાં એક વાર પધાર્યા. સંવત ૧૮૭૬ ની સાલમાં એક વાર પધાર્યા. આવી રીતે શ્રીહરિ વડુગામમાં સંવત ૧૮૬૧ થી ૧૮૭૬ સુધીની સાલમાં ૧૦ વાર પધાર્યા છે. તેમાં કોઈ વાર એક દિવસ, બે દિવસ તથા પાંચ દિવસ રોકાઈને ભક્તજનોને દર્શન, કથા-વાર્તા, સેવા-સમાગમનું બહુ સુખ આપેલું છે.

## ● વડુમાં શ્રીહરિએ ભક્તજનોને અગણોતરા કાળની ચેતવણી આપી

સંવત ૧૮૬૮ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે નારદીપુરથી ચાલ્યા તે નાદરી થઈ વડું પધાર્યા. શ્રીહરિ આગામી સંવત ૧૮૬૯ નો અગણોતેરો કાળ પડવાનો હોય તેથી આગમરૂપે દંઢાવ્ય દેશના તમામ ગામોમાં વિચરીને ભક્તજનોને અનાજ સંઘરવા માટે આદેશ આપે છે અને જેને ઘરે કોઠીઓ હોય તેમણે કોઠીનું ઉપરથી ઢાંકણું છાંદી દેવું અને સાણેથી દાણા કાઢવાનું કહેતા.

શ્રીહરિ વડુ આવ્યા કે તરત જ ભક્તજનો દોડતાં દોડતાં આવ્યા. તેમાં તુલસીદાસ, જેરામભાઈ, માનાભાઈ, ગોપાલભાઈ, આદિકજનો લાવેલ ભેટો શ્રીહરિને અર્પણ કરીને મનમાં રાજી થયાં. ઉંચા કંઠથી પ્રભુના ગુણની સાથે કીર્તન ગાતા હતા. મંદ ગતિથી ચાલતા મનમાં આનંદ પામતા હતા. તે ગુણ ગાતા હતા. આવીને પ્રભુના ચરણમાં ભેટ ધરીને નમન કરતા હતા અનેક પ્રકારના વાજાં વગાડતાં થકા

પુરના લોકોની સાથે પ્રભુ પુરમાં આવતા હતા. માના ભગતના ફળિયામાં આગળના ભાગમાં પ્રભુ રાજી થઈને મુકામ કરતા હતા. પાકો તૈયાર કરીને ઘી અને પુરી સાથે અનેક પ્રકારના પકવાનો સંતોને ભાવ ભરીને પ્રભુ વારંવાર પીરસતા હતા. શીરો પણ આગ્રહ કરીને પીરસતા હતા. જ્યારે સંતો જમી રહ્યા પછી શ્રીહરિ થાળ જમતા હતા. ને જમીને મુખવાસ લીધો. ને ત્યાં પ્રભુ રાત રોકાઈને બીજે દિવસે સવારે ત્યાંથી પ્રયાણ કરીને ચાલ્યા તે પાનસર ગામે આવ્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦, તરંગ-૧૨-૧૩)*

સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઓળા ગામથી ચાલ્યા તે વડુ ગામે પધાર્યા. અવતારના અવતારીને આવતા જ ગામના મનુષ્યોએ જોયા, તેથી તેઓ સામા તેડવા આવ્યા. તેઓના નામ હું કહું છું. તે સાંભળો, જેરામભાઈ, તુલસીભાઈ અને અમીચંદભાઈ તથા ગોકળદાસ, માનાભાઈ, જગવંદભાઈ, ઉમોજી, રતોજી તથા હરીબાઈ, રાજીબાઈ, હીરદાસબાઈ આદિ ભક્તજનો શ્રીહરિના સન્મુખ આવીને પગે લાગ્યા અને ભેટ અર્પણ કરીને વાજતે ગાજતે પુરમાં લાવ્યા. સારા શોભાયમાન પવિત્ર ઘરમાં શ્રીહરિને મુકામ કરાવ્યો. શ્રીહરિને માટે થાળ કરાવ્યો તથા સંતોને માટે રસોઈ કરાવીને ખૂબ જમાડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે કરજીસણ ગામ આવ્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦, તરંગ-૨૩)*

- **શ્રીહરિએ વડુગામમાં દૂધ-દહીંને ખૂબ પીરસ્યું તેથી દૂધ દહીંનો કીચડ થયો**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ આદરજનો અન્નકૂટ ઉત્સવ કરવા પધાર્યા હતા ત્યારે સાથે સંતો, પાર્ષદો, રાજાઓ તથા ગામે ગામના ભક્તજનોનો મોટો સંઘ હતો. શ્રીહરિ કરજીસણથી ચાલ્યા તે વડુ ગામ આવ્યા. ત્યાંના હરિભક્તો સામે આવ્યા. માનાભાઈ ગોહિલ નામે એક ક્ષત્રિય હરિભક્ત આવીને શ્રીહરિને પગે લાગ્યા.

તે સિવાય પુરૂષોત્તમ અને જેરામ તથા ઝવેરભાઈ નામે તેના પુત્ર પાટીદાર હતા. તેઓ પણ આવીને શ્રીહરિને પગે લાગ્યા. કાનજીભાઈ નામે બારોટ હરિભક્ત હતા. તે શ્રીહરિને પગે લાગ્યા. અને બીજા હરિભક્તોએ પણ ભાવથી શ્રીહરિનાં દર્શન કર્યા. તે સમયે સહુ ફૂલના હાર, તોરા, બાજુબંધ અને ગુચ્છ લાવ્યા હતા, તે ઘણા પ્રેમથી શ્રીહરિને ધરાવ્યા. ઢોલ અને ત્રાંસા આદિક અનુપમ વાજિંત્ર વાગી રહ્યા હતા. શ્રીહરિ અદ્‌ભૂત અશ્વ ઉપર બેઠા હતા. અંગ ઉપર બધા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા. દર્શન કરનારાનાં નેત્ર તૃપ્ત થતાં નહિ. શ્રીહરિ ગામની બહાર આવ્યા. અને ત્યાં એક સુંદર કૂવો જોઈને ઊતર્યા.

જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે બે મશાલો કરાવી. શ્રીહરિએ આરતી અને ધૂન કરાવી. પછી સભા કરીને પલંગ ઉપર બેઠા. માનાભાઈ ગોહિલે સવારમાં લાડુની રસોઈ કરાવી હતી. અને ગામમાં જેટલું દહીં તથા દૂધ મળ્યું, તે બધું જ તેમણે ભેળું કરાવ્યું. જ્યારે રાત પાછલી એક પહોર રહી ત્યારે શ્રીહરિ, સંતો અને વર્ણી વગેરે સહુ નાહ્યા. પૂજા અને તિલક વગેરે કર્યા. પછી હરિભક્ત શ્રીહરિ તથા સંતને બોલાવવા માટે આવ્યા. પછી શ્રીહરિ અને સંતો વગેરે તત્કાળ ગામમાં માનાભાઈ ગોહિલને ઘેર આવ્યા. તરત દયાળુ શ્રીહરિ થાળ જમ્યા અને સંતોની પંગત કરાવી. પાર્ષદો તથા કાઠી દરબારોની પંગત કરાવીને ઘટે તે રીતે સહુને બેસાડ્યા. શ્રીહરિએ પહેલા ઘણા પ્રેમભાવથી સંતોની પંગતમાં લાડુ પીરસ્યા. તે પછી પાર્ષદો તથા દરબારોની પંગતમાં જઈને લાડુ પીરસ્યા. ધર્મકુમાર શ્રીહરિએ પંગતમાં સહુ લાડુ જમી રહ્યા ત્યારે ભાત પીરસાવ્યો અને તેમાં પહેલાં દૂધ પીરસ્યું અને તે પછી દહીં પણ પીરસ્યું. દહીં તથા દૂધને પીરસતા રેલમછેલ મચાવી અને ફળિયામાં દૂધ દહીંથી કીચડ કરી દીધો.

- **શ્રીહરિ તથા સંતોની પૂજા માનાભાઈએ બહુ ભાવથી કરી**

માનાભાઈ ગોહિલે શ્રીહરિને તે સમયે પલંગ ઉપર બેસાડીને ઘણા જ પ્રેમથી તેમની પૂજા કરી. કેસરી ચંદન લલાટમાં ચરચ્યું અને તેમાં ઘણા ભક્તિભાવથી કુંકુમનો ચાંદલો કર્યો. પછી ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર મોહક પાઘ બંધાવી. ધૂપ, દીપ અને આરતી કરીને તેઓ શ્રીહરિનાં ચરણમાં પડ્યા. આ અવસરને અત્યંત દુર્લભ માનીને પછી માનાભાઈએ જેટલા સંતો અને વર્ણી હતા, તે બધાની પ્રેમભાવથી પૂજા કરી અને સહુને નવા વસ્ત્ર ઓઢાડ્યાં. ગામમાં જેટલા હરિભક્તો હતા, તેમણે દિલના પ્રેમભાવથી ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી અને સારી પૂજા કરી. તે પછી અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થઈને ચાલ્યા. તે બધા સંતો અને વર્ણી વગેરેને સાથે લીધા હતા. આગળ જતા ઓળા ગામ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૨૨)*

- **સંતોએ દહીંને પ્રસાદીનું જાણીને તુંબડામાં ભરી લીધું**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે વડુગામ આવ્યા. ત્યાં રહેનારા બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. આવીને સહુ શ્રીહરિનાં પગમાં પડ્યા અને તે વખતે સહુએ ખૂબ જ વિનંતી કરી.

માના ગોહિલ નામે જે ક્ષત્રિય હતા તે શ્રીહરિને ગામમાં લઈ ગયા. પછી તેઓ શ્રીહરિને ભવન લઈ ગયા. ત્યાં ભવનની આગળ વિશાળ ચોક હતો. તેમાં એક સારા પલંગ બિછાવી દીધો અને શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તે દરબાર ગોહિલ દહીંના ભરેલા ઘણા પાત્ર શ્રીહરિની આગળ લાવ્યા અને થાળ ભરીને સાકર લાવ્યા. પછી શ્રીહરિ તેમનો પ્રેમભાવ જોઈને દહીં તથા સાકર જમ્યા. શ્રીહરિની સાથે જેટલા ઘોડેસવાર દરબારો તથા પાર્ષદો હતા તેની ગોળાકાર પંગત કરાવી અને બીજા સંતો તો રસ્તે ચાલતા થયા હતા અને

શ્રીહરિની વાટ જોતા હતા, પણ વીસ પચીસ સંતો શ્રીહરિની પાસે રહ્યા હતા. તે સહુને ઉમંગથી દહીં પીરસવા લાગ્યા. દહીં પીરસ્યા પછી ખોબો ભરીને સાકર પીરસવા લાગ્યા. દહીં પીરસવાની છાકમછોળ કરી દીધી તોય ચાર-પાંચ દહીંના પાત્ર ભર્યા રહ્યા. ત્યારે સહુ સંતોએ તે દહીંને પ્રસાદીનું માનીને તુંબડામાં ભરી લીધું.

વડુ ગામમાં માના ગોહિલને આ રીતે રાજી કરીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. અને પાનસર ગામ આવ્યા. સંતોએ જે પ્રસાદીનું દહીં જે તુંબડામાં લીધું હતું તે પ્રસાદીનું દહીં આગળ ગયેલા સંતોને તે જમાડ્યું. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તંરગ-૭૪)*

- **વડુમાં શ્રીહરિએ સંતોને જમવાના કાષ્ઠના પાત્રો આપ્યા તથા જેરામભાઈનો કૂવો ખોદાવ્યો ને ત્યાં મહોલ કરાવ્યો**

-: ચોપાઈ :-

*વડુ ગામમાં પ્રથમ પેલે, સંતને પાત્ર આપ્યા છે છેલે ॥*
*જેરામદાનો કૂવો ખોદાવ્યો. સારો મોહોલ ઉપર કરાવ્યો ॥૨૪॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૪)*

- **શ્રીહરિને મળેલા વડુ ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ ચોપડા - પિતા
પ.ભ.શ્રી જયરામભાઈ ચોપડા - પુત્ર
પ.ભ.શ્રી ઝવેરભાઈ ચોપડા - પુત્ર
પ.ભ.શ્રી ગોકુળભાઈ પેટલ
પ.ભ.શ્રી તુલસીભાઈ પટેલ
પ.ભ.શ્રી રામધનભાઈ ચોપડા
પ.ભ.શ્રી હીરદાસભાઈ
પ.ભ.શ્રી શંભુદાસભાઈ
પ.ભ.શ્રી રામાભાઈ
પ.ભ.શ્રી ઉમાભાઈ
પ.ભ.શ્રી ધનાભાઈ
પ.ભ.શ્રી હરિબાઈ
પ.ભ.શ્રી રાજીબાઈ
પ.ભ.શ્રી માનાભાઈ (મોનજી) ક્ષત્રિય
પ.ભ.શ્રી ઉમોજીભાઈ ક્ષત્રિય

| | |
|---|---|
| પ.ભ.શ્રી રતુજીભાઈ ક્ષત્રિય | પ.ભ.શ્રી કાનજીભાઈ ભાટ |
| પ.ભ.શ્રી કનુજીભાઈ ક્ષત્રિય | પ.ભ.શ્રી તુલસીભાઈ ભાટ |
| પ.ભ.શ્રી ગોદડજીભાઈ ક્ષત્રિય | પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ રબારી |
| પ.ભ.શ્રી મેનજીતભાઈ | પ.ભ.શ્રી રત્નાભાઈ રબારી |
| પ.ભ.શ્રી ગોયલભાઈ | પ.ભ.શ્રી ભગવાનદાસ પટેલ |
| પ.ભ.શ્રી અમીચંદભાઈ | પ.ભ.શ્રી નાગજીભાઈ પટેલ |
| પ.ભ.શ્રી જગવંદભાઈ | |

● **વડુગામમાં પ્રસાદીના સ્થાનો**

(૧) **કૂવો :** આ કૂવો ગામથી પૂર્વમાં આવેલો છે ત્યાં શ્રીહરિ બિરાજ્યા હતા. તેથી પ્રસાદીનો છે.

(૨) **જેરામભાઈનો કૂવો :** જેરામભાઈનો કૂવો શ્રીહરિએ ગળાવ્યો છે. તેનું જળ શ્રીહરિએ પીધું છે.

(૩) **મહોલ :** તે કૂવા ઉપર મોહોલ પણ શ્રીહરિએ બંધાવ્યો છે. તેથી પ્રસાદીનો છે.

(૪) **હનુમાનજી :** અહીં શ્રીહરિ બિરાજેલા છે તેથી તે પ્રસાદીના છે. ગામથી દક્ષિણ બાજુ છે.

(૫) **વૃક્ષો :** ગામથી પૂર્વમાં આ વૃક્ષો આવેલા છે તેની ઘાટી છાયામાં શ્રીહરિ સંતોએ સહિત ઉતર્યા હતા.

(૬) **ચોરો :** ગામમાં આવેલ ચોરામાં શ્રીહરિને ગામલોકોએ પધરાવ્યા હતા ને ત્યાં ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા હતા.

(૭) **ઓટો :** અહીં શ્રીહરિએ સભા કરીને જ્ઞાનોપદેશ આપેલો છે.

**(૮) પ્રસાદીની જગ્યા** : વડુ અને કરજીસણ વચ્ચે શ્રીહરિ તથા સંતોનું મિલન થયેલું હતું તે જગ્યા પ્રસાદીની છે.

● **વડુમાં મહારાજ ઘોડા ઉપર બેઠા થકા દહીં જમ્યા**

એકવાર શ્રીહરિ કાઠી દરબારો સાથે ઘોડા ઉપર બેસીને વડુગામથી પસાર થયા. તે વખતે માનાજી દરબારે ભગવાનને રોક્યા.

"મહારાજ ! રસોઈ બનાવરાવીએ, જમીને જજો."

"ના ભગત, ઉતાવળ બહુ છે. રોકાય એવું નથી."

"તો પછી, શું અમારે તમને ભૂખ્યા જવા દેવા." માનાજી દરબાર બોલ્યા.

"ના, તો એક કામ કરો. દહીં અને સાકર લઈ આવો. અને અમને બધાને પાવ."

માનાજી તથા બીજા હરિભક્તો દહીં લાવ્યા. સાકર એટલે ખાંડ (દળેલી) લાવ્યા. શ્રીહરિએ કાઠી દરબારોને કહ્યું : આપણે ઘોડા ઉપર બેઠા બેઠા દહીં જમીએ."

અને વડુ ગામમાં મહારાજે બુફે કર્યું. ઘોડા ઉપર ભગવાન તથા કાઠી દરબારોએ તાંસળા ભરી ભરીને મીઠું દહીં (લચ્છી) આરોગી. બરાબર ધરાઈને દહીં-સાકર પીધું.

"બોલો, હવે તમે રાજી ને ?" મહારાજે કહ્યું : "હા, મહારાજ હવે પધારો." હરિભક્તો બોલ્યા

અને મહારાજ વડુ ગામથી આગળ બીજા ગામ ગયા. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

સ.ગુ. બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી સ્વામીએ વડુમાં શ્રીહનુમાનજીની પ્રતિષ્ઠા કરી છે તે બહુજ ચમત્કારી છે.

## મોટપનો મહિમા

● **મોટપ ગામના ભક્તજનોને શ્રીહરિએ સત્સંગની વૃધ્ધિ થશે એવો વર આપ્યો**

સંવત ૧૮૬૮ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મહેસાણાથી ચાલ્યા તે મોટપ ગામે પધાર્યા. ને ગામથી ઉત્તર દિશામાં સરોવરમાં સ્વચ્છ જળ હતું ત્યાં પાળ ઉપર રાયણના ઝાડ નીચે મુકામ કર્યો. ત્યારે ગામના સર્વે સત્સંગીઓ સામા આવતા હતા. તેમાં તુલસીદાસ, હાથીદાસ, માધુબાઈ તથા સુવાસનીબાઈ આદિક આવ્યાં. મહાપ્રભુએ ચરણ કમળને પાળ ઉપર લાંબા કર્યા. ભક્તજનોના ભક્તિભાવ જોઈને આનંદીત થઈને મધુરવાણી બોલ્યા કે, “ભક્તો ! તમો કોઈ ચિંતા ન કરશો સત્સંગ ખૂબ વધારે થશે. અહીં સત્સંગનો મોટો સમુદાય થશે. થોડા જ સમયમાં દેશ પરદેશમાં બધે જ સત્સંગ ફેલાઈ જશે. માટે મોટપ ગામ તો બધાથી મોટું છે. ધર્મ નિયમમાં દૃઢ હશે અને વ્યસનમાં ખૂબજ નાનું રહેશે.

વારે વારે અમો મોટપમાં પરચા દેશું અને મોટપ ગામમાં અતિ આનંદ થાય તેમ થશે. સ્વામિનારાયણ નામનો જાપ કર્યા કરવો તેનાથી શરીરના તાપો બધાજ દૂર થશે. અંત કાળે અમે તેડવા માટે આવીશું. સ્વામિનારાયણ ભગવાનનાં મુખથી અમૃતવાણીના વચનો સાંભળીને તુલસીદાસ, હાથીભાઈની માતા માધુબાઈ તથા સુવાસનીબાઈ આદિક લોકો સર્વે મનમાં ખૂબજ રાજી થયા. મહા પ્રભુ તથા સંતોને રસોઈ કરાવીને તુલસીદાસભાઈએ પોતાને ઘેર જમાડ્યા. ચંદન પુષ્પ વતે કરીને પૂજા કરીને ભારે ભારે વસ્ત્ર અલંકારે કરીને સેવા કરી. એવી રીતે હરિભક્તોની સેવા અંગીકાર કરીને શ્રીહરિ ત્યાં બે દિવસ રોકાઈને ચાલ્યા તે ધીણોજ પધાર્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦, તરંગ-૮ તથા સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૫૦-૫૧ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૮)*

- **સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ મોટપ ગામમાં પ્રસાદીના લાલજી આપ્યા**

"ગામમાં તળાવના કિનારે રાયણના ઝાડ નીચે ક્યા રાજા ઉતર્યા છે ?" રતના રબારીએ મોટપ ગામમાં તુલસીદાસ પટેલને પૂછ્યું, "અરે, એ તો સ્વામિનારાયણ ભગવાન છે. જીવોના કલ્યાણ કરવાને દર્શન દેવા ગામો ગામ વિચરે છે. તેમનો આશરો કરવાથી ભવસાગર તરી જવાય છે." તુલસીદાસે કહ્યું : તુલસીદાસે ભગવાનને બે દિવસ મોટપ ગામમાં રાખ્યા. પોતાના સગા સંબંધીઓને તથા હેતવાળા મિત્રોને આમંત્રણ આપી ભગવાનના આશ્રિત કરાવ્યા. ગામના પટેલો સત્સંગી થયા. ને ગામમાં હરિમંદિર બાંધ્યું, ને હરિભક્તો સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીને મળ્યા. કાંઈક પ્રસાદી આપવા પ્રાર્થના કરી. સ્વામીએ પોતે પૂજેલા પ્રસાદીના લાલજી મંદિરમાં પધરાવવા માટે આપ્યા. હાલ, આ લાલજી મોટપ મંદિરમાં છે.

- **પ્રસાદીના લાલજીએ ઘણા ભક્તજનોના સંકલ્પો-દુઃખો મટાડ્યા છે**

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ આપેલા લાલજી મોટપ ગામના મંદિરમાં આજે દર્શન આપી રહ્યા છે ને ભક્તજનોના મનોરથ પૂર્ણ કરે છે. કોઈએ માનેલી માનતા, કોઈની ભેંસ માંદી પડી હોય. લાલજીની બાધા રાખે ને ભેંસ સાજી થાય. કોઈને તાવ આવ્યો હોય ને લાલજી પાસે આવે ને પ્રાર્થના કરે ને તાવ ઉતારી જાય તેથી લાલજી ડૉકટર થયા છે. તેથી ગામના બહાર ગામના કોઈ પણ દુઃખી ભક્તોને આ લાલજી સુખી કરે છે. (દુઃખ મુક્ત કરે છે)

એક સમયે બાજુના ગામના એક ભાઈ આવ્યા. તેમણે લાલજીના દર્શન કર્યા. તેણે લાલજીને સોનાના માનીને આજુ બાજુ નજર કરી તો પૂજારી રસોડામાં હતા. રાતના નવેક વાગેલા તેથી

લાગ જોઈને લાલજીને ઉપાડીને તેના થેલીમાં મૂકીને ચાલતો થયો. ધીમે ધીમે લાલજીનું વજન વધવા માંડ્યું. તેણે થેલી હાથમાં હતી તે ખભે લટકાવી. ખભો પણ લાલજીના વજનથી ઉપાડી ન શક્યો તેથી લાલજીને માથે મૂક્યા. માથું પણ લાલજીને ઉપાડી ન શક્યું. તેથી તે નદીને કિનારે એક જગાએ બેઠો ને ઊંઘી ગયો. સવાર થયું તેણે જોયું તો લોકોની અવર-જવર ચાલુ થઈ ગઈ. ને લાલજીને ઉપાડવા પ્રયત્નો કર્યા પણ લાલજી ઉપડ્યા નહિ. તેથી લાલજીને ત્યાં મૂકીને ચાલતો થયો.

આ બાજુ રાત્રે જાળી બંધ કરી ભગત સૂઈ ગયા. સવારે ઉઠીને જોયું તો લાલજી ન મળે. તપાસ કરતા લાલજી નદી કિનારેથી મળી આવ્યા. પેલાના પગલા ઉપરથી ચોર પકડાણો. તેણે લાલજીને સોનાના જાણીને ચોરી કરી હતી. ને તે લાલજીનું વજન વધી જવાથી તે નદી કિનારે મૂકીને જતો રહ્યો હતો. તે આવો ચમત્કાર જોઈને ભગવાનનો આશ્રિત થયો. હાલ આ મોટપ મંદિરમાં લાલજી દર્શન આપી રહ્યા છે. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

- **શ્રીહરિને મેળલા મોટપ ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી તુલસીદાસ પટેલ | પ.ભ.શ્રી લખુભાઈ પટેલ |
| પ.ભ.શ્રી ભુધરદાસ પટેલ | પ.ભ.શ્રી ભગાભાઈ પટેલ |
| પ.ભ.શ્રી હાથીદાસ પટેલ | પ.ભ.શ્રી પ્રભુદાસ પટેલ |
| પ.ભ.શ્રી પુરુષોત્તમભાઈ પટેલ | પ.ભ.શ્રી કંકુબાઈ પટેલ |
| પ.ભ.શ્રી રઘાભાઈ પટેલ | પ.ભ.શ્રી હરિબાઈ પટેલ |
| પ.ભ.શ્રી નાથજીભાઈ પટેલ | પ.ભ.શ્રી રળિયાતબાઈ પટેલ |
| પ.ભ.શ્રી હાંસજીભાઈ પટેલ | પ.ભ.શ્રી રતનબાઈ પટેલ |
| પ.ભ.શ્રી વેણીદાસ પટેલ | પ.ભ.શ્રી સુવાસનીબાઈ પટેલ |
| પ.ભ.શ્રી રામજીભાઈ પટેલ | પ.ભ.શ્રી માધુબાઈ પટેલ |
| પ.ભ.શ્રી લખાભાઈ પટેલ | પ.ભ.શ્રી રતનાભાઈ રબારી |

● **પ્રસાદીના સ્થાનો**

(૧) **તળાવ :** આ તળાવમાં શ્રીહરિ સંતો સહિત નાહેલા છે. તેથી પ્રસાદીનું છે.

(૨) **રાયણનું ઝાડ :** આ રાયણના ઝાડ નીચે સંતોએ સહિત બિરાજમાન થયા હતા તેથી પ્રસાદીનું છે. તે જગ્યાએ છત્રી બનાવેલી છે.

(૩) **તળાવની પાળ :** આ તળાવની પાળે મુકામ કરેલો છે તેથી તે પ્રસાદીની છે.

(૪) **પ્રસાદીના લાલજી :** આ લાલજી સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ કૃપા કરીને મોટપ ગામના ભક્તોને મોટપ મંદિરમાં પધરાવવા આપેલા છે તે બહુ ચમત્કારી છે.

(૫) **તુલસીદાસભાઈનું ઘર :** અહીં શ્રીહરિનો થાળ-સંતોની રસોઈ કરાવીને તે ઘરમાં પંક્તિયો કરાવીને શ્રીહરિએ પીરસ્યું છે ને થાળ જમ્યા છે.

● **શ્રીહરિને વ્હાલુ મોટપ**

જંબુ દ્રીપ મધ્યે ધર્મારણ્યમાં અતિ, પવિત્ર અતિ વિકસીત, સુંદર, ઐતિહાસિક, પુરાણુ એવું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું લાડકુ 'મોટપ' ગામ કુમારિકા રૂપેણ નદીને કાંઠે અતિ શોભતું મહેસાણાથી ૧૦ કી.મી. ધીણોજથી ૭ કી.મી. આવેલ સુંદર ગામ નિલકંઠ મહાદેવના ચરણ સ્પર્શથી પારંભાતુ મહાકાલીની નિષ્ઠામાં, હનુમાનજી ની છત્ર છાયા હેઠળ, ધનપતિ કુબેરના શુભાશિષથી વૈભવશાળી, વિકસીત, શ્રીજીમહારાજ,(સ્વામિનારાયણ) સંતો મહંતો તથા આચાર્યોની પૂનિત ચરણરજથી અતિ પવિત્ર પ્રસાદીનું લીલા ધામ એટલે 'મોટપ'

'મોટપ' મોટાઈ નામ પ્રમાણે લક્ષણો(ગુણ) ધરાવતું અતિ પ્રાચિન નગર હતું.

સ્વામિનારાયણના પંચતીર્થીનું 'મોટપ' દેશ ધીણોજ, મહેસાણા, મોટપ, કરશનપુરા અને દેવરાસણ આમ 'મોટપ' દેશનું પવિત્ર પ્રસાદીનું સ્થાન જ્યાં શ્રીજીમહારાજ અવાર નવાર પધારતા...

આગળના સમયમાં ખેતી એ મુખ્ય વ્યવશાય હતો. ખેતી એટલે કૃષિ અને કૃષિ કરનાર કૃષિકાર એટલે ખેડૂત. કૃષિનું અંપભ્રશ થતાં કૂર્મિ થયું એટલે તે સમયે ખેતી કરનાર કૂર્મિ (કણબી) એમ ઉત્તરોત્તર ભાષાકીય ફેરફાર થયા હશે. પુરાણોની ચતુવર્ણ સમાજ વ્યવસ્થા મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર હતા. તે સમયે ક્ષત્રિયની રાષ્ટ્ર માટે રક્ષાની જવાબદારી હતી. પહેલાં પડોશી રાષ્ટ્રો વચ્ચે સીમા યુધ્ધો, લૂંટફાટ ને યુધ્ધો સામાન્ય હતા. આમ સમાજનો ક્ષત્રિય નામે મોટો વર્ગ યુધ્ધ કામગીરીમાં રોકાયેલો રહેતો. યુધ્ધ સદાકાળ ચાલે નહિ તેથી ફાજલ સમયમાં આજીવિકા માટે અન્ય વ્યવસ્યાય કરવો પડતો આમ યુધ્ધેતર રાજનીતીના સમયમાં ક્ષત્રિયોના બે વર્ગ હતા એક રાજાની સેવા દેશનું રક્ષણ શાન્તિ માટે કાર્યરત હોય અને બીજો યુધ્ધમાં લડાઈ વખતે સક્રિય હોય પણ શાન્તિ સમયે આજીવિકા માટે ખેતી કરે ને રાષ્ટ્રની યુધ્ધ હાકલ વખતે રાજાને લડાઈમાં જોડાઈ મદદ કરે.

આમ આ ક્ષત્રિયો જે ફાજલ સમયમાં ખેતી કરતા તે કૂર્મિ ક્ષત્રિય કહેવાયા જે સમગ્ર રાષ્ટ્રમાં અલગ અલગ અટક, જાતિ તરીકે ફેલાયા આમ સમાજનો મોટો વર્ગ કૂર્મિ ક્ષત્રિયો કહેવાયો. આ કૃમિ ક્ષત્રિય પંજાબના સપ્તસિંધુનો પ્રદેશ ખેતી કરતાં વિકાસ થતાં પ્રજાનું ભારણ વસ્તી વધારો થતાં અલગ અલગ ટોળકી ટોળામાં નવી ફળદ્રુપ જગ્યાઓની શોધમાં સમગ્ર ભારત વર્ષમાં અલગ અલગ રસ્તેથી નવી વસાહતો કરી.

આ પંજાબના ખરડ, કે કરાડ પ્રદેશના કૂર્મિ કડવા પટેલ તરીકે ઓળખાયા લાડાખ, લેહના ભાગનો લોકો લેઉવા તરીકે જે રામના વંશજ લવ એ કુશના પુત્રોના વારસદારની અટકો પણ હોવાનું એક અનુમાન છે. આ લોકો રાજસ્થાન, આબુરોડ થી ગુજરાતમાં આવી ઉંઝામાં વ્રજપાલ રાજાએ જે કૃમિ કડવા પાટીદાર હતા જેમણે ઉંઝા વસાવ્યું. તથા ઉમિયા માતાનું મંદિર બનાવ્યું આમ ઉંઝા કડવા પાટીદારની મુખ્ય વસાહત બની જેમાં ચાર પાટી હતી મૌલોત મુખ્ય પાટી હતી.

અડાલજ લેઉવા પાટીદાર નું મુખ્ય વસાહત હતી જેના રામજી પટેલ મુખ્ય હતા ત્યાંથી દસક્રોઈ અને અમદાવાદ આજુ બાજુ ખેડા, વડોદરા દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ફેલાયા.

આમ મોટી વસાહતો પણ અનેક વખત થતા યુધ્ધોથી વારંવાર ભાંગી પડી અને તેમાં વસતા લોકોએ વારંવાર સ્થળાંતર કરવું પડતું. ઉપરાંત સ્થાનિક રાજાઓ, સુબાઓ, બાદશાહો અને તેમણે મહેસૂલ તથા લાગત વગેરે ઉઘરાવવા માટે આપતા ત્રાસ અત્યાચારોને લીધે પણ સ્થળાંતર થતા રહ્યા પહેલાં જમીન અને મિલ્કત સ્થાનિક શાસન રાજકર્તાની માલીકીની ગણાતી સમગ્ર મિલ્કતો, જમીન પર રાજ્યનો અધિકાર ગણાતો.

આમ કૂર્મિ પટેલો ખડતલ, સશક્ત અને મહેનતું પ્રજા હતી, ક્ષત્રિયનો ધર્મ જે પ્રજાનું પાલન તે રાજ્ય સેવા સાથે પ્રજાના ભરણ-પોષણમાં પણ આગળ હતા આમ પાટીદારો શરૂઆતથી પ્રજા પાલક રહ્યા હતા. આમાં ઉંઝાના મૌલાત હેમાળા પટેલ એક વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા તેઓ રાજા સિધ્ધરાજ જયસિંહના સગા થતા. મહારાણી મિનળદેવી હેમાળા પટેલની પાલક દીકરી હતી. આમ સિધ્ધરાજ જયસિંહ તેમની સલાહ માનતા તેમનું સભામાં વર્ચસ્વ સારું હતું.

વનરાજ ચાવડાએ પણ ઉંઝા પર ચડાઈ કરી હતી જેનો પાટીદારોએ જબરજસ્ત સામનો કરેલો. ઉંઝાને વનરાજે ભાગ્યું, પછી પણ તેની સમૃધ્ધિથી આર્કષાઈ અનેક યુધ્ધો થયા. જેમાં ઘણા લોકોએ ઉંઝા છોડી બીજે સ્થળાંતર કર્યું. આમાં હેમળા પટેલના વંશજ એવા મોટાપટેલ (મોટાભા) પણ એક હતા. જેમણે ત્યાંના સ્થાનિક ઈજારેદાર સાથે અણબનાવ બનતાં તથા, બીજા ઈજારેદાર તેમજ શાસનકર્તા રાજા સાથેના સારા સબંધોને લઈ તેઓ ઉંઝા છોડી અત્રે શાસનકર્તા રાજાએ તથા ઈજારેદારે તેમને મોટપ ગામ ઈનામમાં ભેટ આપ્યું તથા અહિં મહેસુલ ઉઘરાવવાનો ઈજારો આપ્યો. આમ આ ગામનું તોરણ શ્રી મોટા પટેલે બાંધ્યુ તથા તેમને ઈજારે મળતાં તેમના નામ પરથી ગામનું નામ મોટપ પડ્યું તે સમયે ગામમાં વાણિયા, બ્રાહ્મણ, બારોટ, પટેલ, ઠાકોર, રબારી, સાંઈ, કંસારા તેમજ ઈતર કોમો હતી. જે ગામનું નામ પડતાં તે સમયે રહેનાર સર્વ મોટપા કહેવાયા જેથી હાલ પણ જે અલગ અલગ અટકો છે તે મૂળ મોટપાની જ છે. જેમકે એક ટોળકી પહેલાં મોટપ છોડી ધસાયત, વેરીયા કહેવાય, કોઈ ગાંભુ જઈ પરત આવતાં ગાંભા કહેવાય, મહેસાણાથી પરત આવનાર મહેસાણીયા, માણસાથી આવનાર માણસીયા, કોલવડાથી આવનાર કોરવડીયા તેમ અલગ અલગ અટકો થઈ.

આમ મોટપ આ વિસ્તારનું સમુધ્ધ વિકસીત જાણીતું ગામ હતું. તેનો વૈભવ હતો, મોટપ તથા ઉંઝામાંથી સ્થળાંતર કરી, વિજાપુર, સાબરમતી તથા પાટણ, સિધ્ધપુર આબુ-અંબાજી અલગ અલગ વસાહતો થઈ હશે. જે અત્યારે જાણીતી અટકો પરથી જણાય છે મોટપા પટેલ તેમજ ઠાકોર, રબારી, તેમજ અન્ય જાતિયોમાં પણ અટક હતી. સૌરાષ્ટ્રમાં પણ મોટકા છે જે આમ મોટપ જુના સમયથી તેમજ ઘણા ગામમાં મોટપાની વસાહતો છે.

મોટપમાં જુની વસાહતોના પુરાવા પુરણ ઔતિહાસિક ઉલ્લેખો જોતાં આ નગરમાં પહેલાં એક વેષ્ણવ મંદિર હતું. જેની સમૃધ્ધિ જબર જસ્ત હતી. જેમાં ચાંગડીઆ (જાલર) એટલે કે જે મંદિર અતિ સમૃધ્ધ હોય, જેની નામના ખ્યાતિ મોટી હોય, હજારો લોકો જેના દર્શનાર્થે આવતા હોય તેમાં ચાંગડીઆવાગે તેની જાહોજલાલી જબર જસ્ત હતી. યક્ષરાજમંદિરમાં રહેલી વિષ્ણુ ભગવાનની દશાવતાર વાળા કસોટી પત્થરની મૂર્તિ જે તેથી ભવ્યતાની સાક્ષી પૂરે છે. કસોટી પથ્થરમાંથી તૈયાર કરેલી આ મૂર્તિ અતિશય, પુરાણી, ભવ્ય અને અલૌકિક છે.

આ પરિસરમાં ગામથી ઉતરે તરફ સાતખંડની વાવ હતી. જેનું પાણી ઘણું જ તેજ હશે, તેવું કહેવાતું બે વ્યક્તિઓ સાથે વાવમાં ઉત્તરે પાણી પીએ તો જગડી લડી પડતા આમ પાછળથી આ વાવ પુરી દેવાઈ તેની સાક્ષીમાં હનુમાનજી પાછળ તળાવ ખોદતાં કૂવો નિકળેલાં તે પૂર્વ તરફ ખુલ્લો હતો જે હમણાં પુરાઈ ગયો છે.

આ ગામમાં જુની વસાહતોના ઘણા નમૂના (પુરાવા) મળે છે. પહેલાં ચોમાસામાં રસ્તા ધોવાતાં ઘણા મોટી ઈંટોના સળંગ પાયા, સ્વામી મંદીર આગળ, અંબાજી ચોકમાં, મહાદેવ પરિસર પહેલા યક્ષરાજના મંદિર સામે હનુમાનજીમાં જેમાં મોટી ઈંટો હતી. જેમાં એક ઈંટ ઉપર ૧॥ થી ૨ ફૂટની માનવ પગલાની છાપ હતી, ગઢ વિસ્તારમાં ખોદતાં પાયા તેમજ જુના માટી, કાચના ટુકડા, મણકા જેવા વાસણો મળી આવ્યા હતા આમ જે તેની પુરાણતાની સાક્ષી છે.

હનુમાનજી પરિસરમાં આવેલું યક્ષરાજ ધનપતિ કુબેરનું મંદિર જે ગામની સમૃધ્ધિનું યશભાગી હશે. ધનપતિ કુબેરની કૃપાથી ગામમાં તમામ લોકાં સુખી સમૃધ્ધ છે. આ યક્ષરાજ મંદિર અતિપુરાણું ઝીણીશીલ્પકામ, અલૌકીક કોતરણી, બાંધણી સૂર્યમંદિરની જેમ તેની

ઉપર હાથીની પેનલ કોણાર્કના સૂર્યમંદિરના જેવા કામસૂત્રના આસનો નૃત્ય ભંગનીઓ, અલગ અલગ મુદ્રામાં અલગ અલગ દેવી દેવતાની પ્રતિમાઓ, અલગ પૌરાણિક કથાઓનું આલેખન, વૃક્ષ-વેલીઓથી સુશોભીત જીણી શિલ્પ કોતરણી અતિ ભવ્ય ને ઐતિહાસિક ભવ્ય વારસો છે જે મંદિર પાંચ મજલા(માળ)નું હતું જેનો થોડોભાગ અત્યારે હયાત છે. આ મંદિરમાં જૈન, બુધ્ધ, વૈષ્ણવ, બળીયાદેવ તેમજ યક્ષરાજ ધનપતિ કુબેરની મૂર્તિ જે હાથી વાળી છે જૈન તેમજ વિષ્ણુની અતિ ભવ્ય અને અતિ કિમતી કસોટી પત્થરની મૂતિઓ જે અમુલ્ય અને અલભ્ય છે. આમ આ ભવ્ય યક્ષરાજ મંદિર મોટપની જાહોજલાલીનું સાક્ષી છે. જોવાલાયક પૌરાણિક જગ્યા છે.

સ્વામિનારાયણ મંદિરના નિર્માણ વખતે દરવાજો છે તે જગ્યાએ ખોદકામ કરતાં જૈન મૂર્તિઓ મળી હતી.

આ ઉપરાંત તળાવની પાળ ઉપર ખારો કૂવો આવેલો જે મોટપ ગામમાં વસાવનાર મોટા પટેલો ને ખોદાવ્યો હતો. જે કૂવા પર બે થાળા હતા જેમાં બ બે કોશ જોડતા હતા. આમ ચાર કોશ કૂવા પર ફરતા તે ગામનો દક્ષિણ તરફનો ભાગ પિતવાળો કહેવાય છે. તેની તથા કનોડાના માર્ગની સિંચાઈ થતી. આવા ચાર ઝંડિયા કૂવા હતા. જે એક તળાવની પૂર્વ દિશાએ, કાલેરી માર્ગે બાબરબાઈના ખેતર પાસેના ઝંડિયો કૂવો જેનું ખોદકામ કરતાં ઘણા પૌરાણિક, ઠીકરા, ઈંટો,કાચના ટુકડા, વાસણો મળેલા. આવો બીજો કૂવો ગોકળદાસના ઝોડમાં હતો, એક જાબુડા કનોડાના રસ્તે હતો. જેમ પાણી અખૂટ હતું. આ કૂવાઓ ૧૮૫૬ના દુકાળમાં પ્લેગથી બચવા માટે લોકો આત્મહત્યા કરતાં લાશોથી કૂવા પુરાઈ ગયા હતા.

તળાવ ઈનામદારશ્રી મહેતાએ ખોદાવ્યુ હતું.

ગામમાં ભવ્ય નિલકંઠ મહાદેવનું સ્થાન, ભવ્ય યક્ષરાજ મંદિર, મોટપા હનુમાનજી, શ્રી સ્વામિનારાયણના ભાઈઓ તથા બહેનોના

મોટા ભવ્ય હરિમંદિરો, જૈન દેરાસર, કેસરમાતાનું મંદિર, નાગદેવનું મંદિર તેવા નાના મોટા મંદિરો તથા દેરીઓ અનેક છે આમ શ્રધ્ધા પવિત્રતાના સંસ્કાર લોકોમાં પડેલા છે.

પહેલાં મોટી સમૃધ્ધ વસાહતો પર રાજા, બાદશાહ, તેમજ સુબાઓના વારંવાર હુમલા થતા આ હુમલાના ત્રાસથી તથા મહેસુલ ઉઘરાવવા ઈજારેદારોના ત્રાસથી તેમજ મિલ્કતની માલીકી રાજ્યની ગણાતી હોવાથી આ કૃમિ પટેલો કણબી ઓ વારંવાર સ્થાન ફેરફાર સ્થળાંતર કરી અન્ય અનુકુળ જગ્યાએ વસવાટ કરતાં.

આમ મોટપમાં આવેલા મોટા પટેલના વારસદારો અને બદલાયેલા ઈજારેદારોના અણબનાવ અને ઈજારો ઉઘરાવાના ત્રાસથી અલગ અલગ ટોળીઓ અનેક અલગ અલગ જગ્યાઓએ વસવાટ કરવા લાગ્યા. આમ વિજાપુર તાલુકો જે સાબરમતીના સમૃધ્ધ પાણીના વિસ્તારમાં તથા ફળદ્રુપ જમીનો હોવાથી મોટું સ્થળાંતર વિજાપુર તરફના ગામોમાં થયું. આવું મોટા પટેલના વારસદારો એટલે કે મૌલોત ઘસાયત ગામમાં સંવત ૧૪૪૮માં વસ્યા વર્ષો પછી આવા કોઈ કારણસર ત્યાંથી ઘાંટુ ગામે ગયા ત્યાં અનુકુળતા ન હોવાથી ત્યાં વિહાર ગામમાં વસવાટ કર્યો, વિહાર સમૃધ્ધ અને વિકસિત હતું. તેમજ અન્ય જુથો ગાંભુ, માણસા, મહેસાણા, કોલવડા એમ વિવિધ ગામોમાં ગયા જે અમુક સમય જતાં પોતાના માદરે વતન મોટપ પરત પાછા ફર્યા.

આમ ગામમાં વસતા પટેલોનો સૌથી મોટું જુથ જે મોટપથી ઘસાયત ત્યાંથી ઘાંટુ અને છેલ્લે વિહારથી પરત મોટપ તબક્કા પ્રમાણે અલગ અલગ જુથોમાં આવ્યું. મોટપમાં હાલ વસતા જુની ઓળના કહેવાતા મોટપા આજથી ૭૬૫ વર્ષ પહેલાં પાલાસરથી આવ્યા હોવાનો બારોટો તેમજ વહિવંચાનો ઉલ્લેખ છે આમ મોટા ભાગના

પટેલો મૂળ મોટપા જ છે. જે અલગ અલગ ટોળાઓ મોટપ છોડી ફરી મોટપમાં આવી વસવાટ કર્યો છે. હવે આપણે અત્યારના હયાત ગામ વિષે માહિતી મેળવીએ. જુદી જુદી દંતકથાઓ તથા લોકવાયકા તેમજ લેખની ઉલ્લેખો, શીલાલેખો, બારોટના વહીવંચાઓની નોંધ જોતાં તેમજ સ્વાનિનારાયણ સંપ્રદાયના ધાર્મિક ઐતિહાસિક પુસ્તકોના ઉલ્લેખ જોતાં ઘણી બધી માહિતી મળે છે.

મોટપથી સ્થાંતર કરી મોટો જથ્થો ઘસાયત ત્યાંથી ઘાટું ત્યાંથી વિહાર ગયો. જે ૧૮૪૦ આસપાસ તુલસીદાસ પટેલ કરીને અતિ શક્તિશાળી, સશક્ત, સમૃધ્ધ, આગેવાન હતા. જેમણે સ્વામિનારાયણ ભગવાન શ્રીજીમહારાજ સાથે અતિગાઢ સંબંધો હતા. તેમના અન્યોન્ય ભક્ત હતા. જેમનું વિહારમાં મોટું વર્ચસ્વ હતું તેમજ મહેનતુ, હોંશીયાર અને બુધ્ધિમાન આગેવાન હતા. હાલ વિહારમાં તુલસીદાસનો માઢ છે. મોટા પટેલ (મોટાભા) મૌલોત આગેવાન જે મોટપ વસ્યા તેમની વંશાવલી નીચે મુજબ છે.

વચ્ચેના સમયમાં ગામમાં રબારીઓનું વર્ચસ્વ હતું. જેઓ મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો ધરાવતા હતા. પણ ઈજારેદાર નાગર બ્રાહ્મણને સુબાને મહેસૂલ આપતા ન હતા. જેથી ઈજારેદાર તેમનાથી નારાજ હતા.

દંતકથા મુજબ શેલાવીના એક પટેલ આગેવાન મોટપ ગામના ઝાંપે ઝાડની નીચે બળદગાડુ છોડી આરામ કરતા હતા. ત્યારે ગાયો આવીને બળદોનો ચારો, પૂળા ખાવા લાગી પટેલે ગાયના પાલક ગોવાળને ગાયો હાંકવાનું કહ્યું તો રબારીએ જવાબ આપ્યો તમારે હાંકવી હોય તો હાંકો ગાયો તો ઘાસ ખાશે. શેલાવીના પટેલ ક્રોધે ભરાયા અને તેને કહ્યું તારુ માથુ ભાંગે તેવા તારા જ ગામના માણસોને ગામમાં વસાવી તારું અભિમાન ન ઉતરાવું તો હું પટેલ

નહી આમ વેણ ઉચ્ચારી. આમ ઈજારેદાર સાથે પટેલના સારા સંબંધો હોવાથી તેમને સારી ખેતી કરી વધુ ઉપજ અપાવે તેવા પટેલો જે મોલાત પહેલાં ''મોટા પટેલના'' વંશજ જે મોટપા હતા. તેમની વસાવા માટે આગ્રહ કર્યો ઈજારેદારને સારી આવક અને અગાઉની સારી વર્તણુંક ને લઈ તેઓ વિહારથી તુલસીદાસ પટેલને તેમજ તેમના કુટુંબીજનોને સમજાવી તેમને તેમના બાપ દાદાના ઘર તથા જરૂરી સગવડ આપવાની તેમજ મતેદાર બનાવવાની વાત કરી આવવા આગ્રહ કર્યો તેમજ શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ સારી ઉપજવાળી, જગ્યાએ રહેવા જવા માટે આશીર્વાદ આપ્યા તેમને રજા આપી આમ તુલસીદાસ તથા મુળચંદદાસ એ ગાડામાં સર સામાન, ઘરવખરી ભરી નિકળ્યાં ને તેમના બીજાભાઈ કુબેરભાઈ તથા ઝવેરભાઈ વિહારમાં રહ્યા જેમનો પરિવાર વિહારમાં છે.

આમ ગાડાં ઘરવખરી સાથે તેઓ મોટપ ગામને ગોદરે આવ્યા ત્યારે રબારીઓમાં લગ્નોત્સવ ચાલતો હતો. તેઓ ઉગમણે ઝાંપે ગોળ વહેંચતા હતા. ત્યારે આ બંને ભાઈઓએ આવ્યા તેમને ગોળ ધાણા ખાધા એટલે સારા શુકન થયા તેમણે રબારી ભાઈઓને પોતાની બાપદાદાની ઓળખાણ આપીને ગામમાં વસવાટ કરવાની ઈચ્છા બતાવી તેમની પૂર્વજોની વર્તણુંક તેમજ રહેણી કરણી સારી હોવાથી રબારી ભાઈઓ રહેવા રાજી ખુશીથી સહમતી આપી. ઈજારેદારી તેમને મોટા માઢમાં રહેવા ઘર આપ્યાં આમ ફરી ગામમાં વસવાટ કર્યો.

આ સમયે ગામમાં વાણીઆ કંસારા, સાંઈ, રબારી, ઠાકોર, રાજપૂત, ચૌધરી, પટેલ, બારોટ, અનેક કોમો હતી.

તુલસીદાસને ઈજારેદારે તેમની આવડત અને સંબંધોને લીધે ગામનું મહેસુલ ઉઘરાવવાનો ઈજારો આપ્યો જે રબારીઓ પાસે મતેદારી હતી તે તુલસીદાસના પુત્રો તથા ભગવાનદાસ તેમજ ડાકલી

અને એક જુની ઓળના એમ સાત મતેદાર બનાવ્યા તુલસીદાસને ઈજારો મળતાં હવે વહિવટ તેઓ કરતા પહેલાં રબારી ઈજારો ધરાવતા હતા ત્યારે પુછલા રબારી ગામના ચોરા આગળ ખાટલો ઢળાવી ને ગામના ન્યાયી પાસે સ્નાન કરાતા આમ ચોકમાં સ્નાન કરી ધાક બાક બેસાડતા સ્નાનનું પાણી રસ્તા ઉપર આવી કીચડ કરતું તે કીચડમાં બારોટ આગેવાનની દીકરી પાણી ભરીને આવતી હતી તેનો પગ લપસયો તે પડી ગઈ આ વખતે આજુ બાજુ ઉભેલા રબારી યુવાનોએ તે દીકરીની મશ્કરી કરી બારોટ દીકરીને રીષ ચડતાં ઘેર જઈ વિતક કથા કહી તેના પિતાશ્રી બારોટને તેમનું ઘોર અપમાન લાગ્યુ તેમણે તલવારથી તે દિકરીને ઝાટકે દીધી તેના શરીરના ટુકડા તે રબારીને ઘેર મુકી આવ્યા જે કોઈ લોકોચારે આવે તેને પ્રથમ રબારીને ત્યાં મોકલતા તે દીકરીની સાંઈવાડા ખેતરમાં અગ્નિદાહ દીધો હતો.

તુલસીદાસ ઈજારેદાર થતાં રબારીનો પહેલાંનો ટેવ મુજબ ગામના ચોરા આગળ પાટલા પર બેસી ન્યાયી સ્નાન કરાવતો તે વાત ન ગમી તેમણે સોગણોચા મિત્ર દ્વારા રબારીને ત્યાં સ્નાન કરવા તેમજ બારોટ સાથેના સબંધોને લીધે પણ ચોરે સ્નાન ન કરવા જણાવ્યું પણ રબારી ન માનતાં બીજા દિવસે પોતે માણસો સાથે સ્થળ ઉપર જઈ પાણી ઢોળી નાખ્યું રબારીએ પ્રતિકાર કર્યો પણ તુલસીદાસ આગળ તેનું કશું ચાલ્યુ નહિ તે દિવસથી રબારી તેઓ બિમાર થયા તેમને એવો અહેસાસ થયો કે તેમને સ્વામિનારાયણ ભગવાનના ભક્તોનો દ્રોહ કર્યો છે. જેથી તેમને આ તકલીફ થઈ છે તેમને પ્રશ્ચાતાપ થયો તુલસીદાસની માફી માગી તેમને તેમની બે દિકરીઓની હવે પોતે લાંબુ જીવવાના ન હોવાથી તેમના પાંચ પુત્રોની જેમ તે દીકરીની સાર સંભાળ રાખે અને કુટુંબના સભ્યોની જેમ તેમનો વ્યવહાર કરે. તુલસીદાસે રબારીને ખાત્રી આપતાં તેમણે દેહ છોડ્યો

તુલસીદાસે તેમને આપલા વચન મુજબ તેમ દીકરીઓના લગ્ન તથા તમામ પ્રસંગો સારી રીતે કરી સબંધો મજબુત કર્યા.

આજે પણ રબારી તેમજ પટેલો વચ્ચે ઘણો સરસ સુમેળ છે. તેઓ ભાઈઓની જેમ રહે છે અને રબારી પણ સારા સ્વામિનારાયણના સત્સંગી થયા છે.

તુલસીદાસ, ભગવાનદાસ તથા નાગજીદાસ જેઓ વિહારથી આવી અત્રે વસ્યા. જુની ઓળના કહેવાતા મોટપા આજથી લગભગ ૭૬૫ વર્ષે પહેલાં એટલે સવંત ૧૩૦૦ આજુ બાજુ આવ્યા હશે. એવો વહીવંચાના ઉલ્લેખ...

ધીણોજના એક ચારીને સુબાએ ઈનામમાં સવાર થી સાંજ સુધી જેટલું પગપાળા ચાલી જમીન આંતરે(પસાર) થાય તે જમીન તેની માલીકીની આથી ચારી સવારે ચારે બાજુ જમીન આંતરો મોટપ આવ્યો તે યક્ષરાજ મંદીર તથા હનુમાન મંદિરની વચ્ચેથી નિકળ્યો તળાવ સોંસરો ત્યારે ગામ લોકોએ તેનો વિરોધ કર્યો ને તેમનો સામનો કર્યો તેની સાથેની લડતમાં માકુભા નામે જુનીઓળના શહિદ થયા પણ સામનો જબરજસ્ત થતાં ચારી હારીને જતો રહ્યો. આમ ગામની જમીન બચી ગઈ ગામ માટે માકુભાઈ શહીદ થયા તેમને અભિનંદન

છપ્પનીઆ દુકાળ વખતે રૂપેણ નદીમાં પાણી આવતુ હતું તેના ઉપર કમાલપુર તથા મોટપના ગામલોકોએ મળી ચેક ડેમ બાંધ્યો નદીનું પાણી રોકાઈ ગયું.

કેટલાક ભક્તજનો હનુમાનની મૂર્તિ ગાડામાં લઈને પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા. જતાં જતાં ગાડુ ઉલડી ગયું અનેક પ્રયત્નો કરવા છતાં પાછું વળે જ નહી. કોઈ રીતે ગાડુ વળીજ સીધુ ન થયું તેમના ભગતને અનુભૂતી થઈ કે હનુમાન દાદા અહીથી આગળ જવા માગતા નથી આ જગ્યાએ રહેવા માગે છે. તેમને અહિં જગ્યા ગમી

છે આ પવિત્ર જગ્યામાં હનુમાનજીની સ્થાપના કરી. જે જુના મોટપ ગામના વતની મોટકા નામે સૌરાષ્ટ્રમાં એક ગામ છે તેની મૂર્તિ સાથે આ મૂર્તિ સામ્ય હોવાનું કહેવાય છે. જે મૂર્તિ હાજરા હજૂર ને અલૌકીક છે.

હાલ હનુમાન મંદીરને જીર્ણોધ્ધાર કરી નવું ભવ્ય મંદિર તૈયાર થઈ રહ્યું છે.

- **હનુમાનદાદાના પરચા**

મોટપા હનુમાનદાદાની પાશેરો ઘીનો દીવો ચાલતો હતો તે વખતે હનુમાનજીના પૂજારી મોતીગોર હતા. જે અત્યારે માતાજીની પલ્લી ધનાગોર કાઢે છે. તેમના દાદા જેઓ પાશેર ૧૦૦ ગામ ઘી ઘર દીઠ સવારે અને સાંજે આવે તેમાંથી દેવસ્થાનમાં દીવો થાય. આ હનુમાનદાદાના પાશેરીમાંથી મોતી ગોર ખાવા માટે ઘી કાઢી ચોરી લેતા હતા આ અંગે જોઈતાભાઈ ખુશાલદાસ પટેલને વાડામાં સુતા હતા ત્યારે તેમને ધક્કો મારી હનુમાનદાદાએ જગાડવા પ્રયત્ન કર્યો પણ આભાસ સમજી સુઈ ગયા બીજી વાર ધક્કો મારી દર્શન આપી કહ્યું કેમ ઉંઘે છે મારા દીવાનું ઘી બ્રાહ્મણ લઈ જાય છે. તેને પકડો જોઈતાભાઈએ સતત પહેરો રાખી રસ્તામાં જતા મોતીગોરના પાલામાં ઘી લઈ જતા જોઈ બૂમ પાડી તેમને સંતાડવા પ્રયત્ન કર્યો. પણ પકડાઈ ગયા ગામમાં જાહેરમાં લોકોએ શીક્ષા કરી.

સીતારામ કરીને એક યોગજી સાત્વીક પવિત્ર સમર્થ હનુમાનદાદાના પૂજારી હતા. જે બહુજ લોકપ્રિય હતા. તેઓ ગૌશાળા ચલાવતા હતા એક વખત ચોર એક ગાયના વાછરડું ચોરી કરી ગયા. સીતારામજી એ હનુમાનજી બાધા કરી કે છે તેરે ઘરમૈસે ચોરી હોતી હૈ તૂ કુછ નહી કરતા તેરે દીવા બંધ. સાંજ સુધીમાં વાછરડું બાંધેલા દોરડા ખીલા સાથે પરત આવી ગયું એવા સંત ને દાદાનો પ્રતાપ.

શ્રી નીલકંઠ મહાદેવનો પણ ચમત્કાર ઘણો જ છે. નીલકંઠ મહાદેવમાં શ્રી શીવપુરી કરીને એક સાધુ હતા. યોગી એટલે યોગ કળાના જાણકર એક વખત રૂપેણમાં પુર આવ્યુ નદી-તળાવ ગામ ચારે બાજુ પાણી પાણી ઉતરવાનું નામ લેતુ નથી. ત્યારે શીવપુરી ને લોકો એ વિનંતી કરી બાપુ કંઈક કરો શીવપુરી મહારાજ ચાખડીઓ પહેર તળાવ જે બે કાંઠે ફાટુ ફાટુ હતું તેના પાણી ઉપર ચાખડી ઓ પહેરી પાણીની સપાટી પર જમીન પર ચાલતા હોય તેમ પસાર કરી લોકો આશ્ચર્ય પામ્યા પાણી સ્થિર થઈ ધીરે ધીરે ઉતરી ગયું.

તેઓ જબર જસ્ત મસ્ત ઘોડો રાખતા જેની ઉપર બેઠા બેઠા મહાદેવના પગથિયા ચઢાવી ઘોડો અંદર લઈ જતા તેમની સમાધિ મહાદેવમાં પેસતાજ છે તેઓનો દેહાન્ત થયો સમાધિ ચણાતી હતી. તેજ સમે ગામના આગેવાન કનોડાથી આવ્યા. ત્યારે શિવપુરી સામા મળ્યાને બંને વચ્ચે વાતચીત થઈ. પૂછ્યું ગામમાં બધુ કુશળ છે. ત્યારે તેમને કહ્યું ગાંવમાં કુછ હે આગે દીખોગે તેઓ મહાદેવમાં ગયા શીવપુરીની સમાધિ ચણાતી હતી. આમ દેહાંત પછી દર્શન આપ્યા.

આ ગામના દેવાલયમાં આગળ ઘણા સાત્વિકને શિધ્ધ સંતો આવી ગયા જેના સંસ્કાર ગામમાં મહેકે છે. શ્રી શીવપુરી મહારાજ આનંદગીરી મહારાજ, સીતારામજી, શંભુભા પૂજારી, આત્મારામ ભાવસાર, કાશીરામભા જેથી દેવસ્થાનો અતિ પવિત્રને દર્શનલાયક છે.

- **શ્રીજી મોટપમાં પધાર્યા**

શ્રીજીમહારાજ સમાજમાં વ્યાપેલી અંધ શ્રધ્ધા અંધકાર, દુરાચાર, અત્યાચાર ને દૂર કરવા અક્ષરધામમાંથી દેહધરી ગીતામાં આપેલા વચન પ્રમાણે તેતે દૂર કરવા સદ્ધર્મના સ્થાપન માટે યદા યદા હી ધર્મસ્ય ગ્લાની ર્ભવતિ ભારતે, ધર્મ સંસ્થાપેના અર્થાય સંભવામિ યુગે યુગે

આમ શ્રીજીમહારાજ સર્વે અવતારના અવતારી પૃથ્વી પર દેહધરી વ્યાપેલ અંધકાર અંધશ્રધ્ધા દૂરાચાર, અત્યાચાર તેમજ રાક્ષસી શક્તિઓથી સાધુ પુરુષો, સદ્ધર્મને બચાવવા અયોધ્યા છપૈયામાં અવતાર લઈ ખૂબ વિચ્ચરણ કરી ગુજરાત, રાજસ્થાનમાં, ખાસ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાતમાં ગામે ગામ વિચરણ કરી અનેક વખત આ વિચારસરણી વાળા આશ્રિતો, સત્સંગીઓ તેમજ રાક્ષસી શક્તિઓ તે દર્શન અલૌકિક પ્રસંગે (પરચાપુરી) તેમને અન્યન્ય આશ્રિત બનાવ્યા. આમ વારંવાર તેમના સત્સંગી તથા ભક્તોને દુઃખ દૂર કર્યા અને સુખી કર્યા મોક્ષ અપાવ્યો અક્ષરધામના વાસી બનાવ્યા આ અંગે સ્વામિનારાયણ સંપ્રદાયના ધાર્મિક પ્રસંગો, શિલાલેખો, તામ્રપત્રો અનેક ઉલ્લેખ છે. તેમાં ભક્ત ચિંતામણી સત્સંગી ભુષણ, સત્સંગી જીવન, શ્રી ઘનશ્યામ લીલામૃતસાગર, અધારાનંદ સ્વામી (સિધ્ધાનંદ સ્વામીજીના ગ્રંથો, પુસ્તકો સાક્ષી પુરાવા સાથે પ્રસંગો લીલાઓને ઉલ્લેખ છે.

આમ મહેસાણા જીલ્લામાં અનેક વખત શ્રીજીમહારાજ પધાર્યા છે. દિવ્ય દર્શનનો લાભ ભક્તજનોને આપ્યો છે. પ્રથમ સંવત ૧૮૬૨માં આશરે શ્રીજીમહારાજ મોટપમાં પધાર્યા ગામને પશ્ચિમ છેડે હાલ ગુજરાતી શાળા પાછળ પિતવાડાં ખળા થતાં જ્યાં અનાજ, કઠોળ, તેલીબિયાં ખેતીની ઉપજ લેવાતી હતી. ત્યાં માધુભાઈ ચૌધરી તેમના ખળામાં બાજરી લઈ રહ્યા હતા. તેમની બાજરીની પૂમડીનો ઢગલો કર્યો હતો ત્યાંથી શ્રીજીમહારાજ માણકીએ સવાર થઈ નિકળ્યા તેમણે માધુભાઈના ખળામાં બાજરી જોઈ લીલા કરવાની ઈચ્છા થઈ તેમણે માધુભાઈ પાસેથી માણકી ઘોડી માટે ચણ (દાણા) માગ્યા માધુભાઈ એ ઢગલામાંથી સુપડુ ભરીને બાજરી શ્રીજીમહારાજને આપી આથી શ્રીજી બહુ રાજી થયા તેમને લીલા કરી જેથી બાજરી

ઢગલો આપો આપ વધવા લાગ્યો જેથી માધુભાઈએ શ્રીજીમહારાજ કોઈ અલૌકિક શક્તિ ધરવતા મોટા સંત પુરુષ કે ચમત્કારી સાધુ હોવાનો અહેસાસ થયો તેમણે શ્રીજીમહારાજ ને પૂછતાં તેમણે સ્વામિનારાયણ હોવાનું કહ્યું માધુભાઈએ તેમને ઘેર જમી ઘરમાં ચરણારવિંદ પાડવા આગ્રહ કર્યો શ્રીજીમહારાજ તેની સાથે તેમને ઘેર જવા નિકળ્યા રસ્તામાં નિલકંઠ મહાદેવ પાસે આવતાં મહાદેવના પુજારી બાવાજીએ માધુભાઈને પુછ્યું કોણ મહાપુરુષ છે.

માધુભાઈએ કહ્યું સ્વામિનારાયણ ભગવાન છે. જેથી બાવાજીએ કહ્યું જો સ્વામિનારાયણ ભગવાન હોયતો કોઈ લીલા (પરચો) બતાવે તે સમયે મહાદેવ આગળ એક શમી-ખીજડાનુ વૃક્ષ હતું જે ખીજડો ફક્ત છાલ ઉપર જ ઉભો હતો તેની નીચે ઉભો રહી ચર્ચા કરી તેમણે ખીજડાની ડાળી પકડી, માણકી ઘોડી સાથે હિંચકા ખાવા લાગ્યા આમ તેઓએ પોતાનું સામર્થ દેખાડયું બીજી દંતકથા મુજબ માધુભાઈ ચૌધરીએ શ્રીજીમહારાજને જોતાં તેમની કસોટી (પરીક્ષા) કરવાની ઈચ્છા હાથ ખેંચી તેમને પાડી દેવાની હતી. શ્રીજીમહારાજે પણ હાથ લાંબો કર્યો તેઓ અંતર્યામી હતા. તેમને માધુભાઈનો હાથ પકડી ઉંચા કર્યા અને ખીજડાની ડાળી પકડી માણકી ઘોડી, શ્રીજીમહારાજને માધુભાઈએ હિંચકા ખવડાવ્યા માધુભાઈને ખ્યાલ આવી જતાં મહારાજને છોડી દેવા વિનંતી કરી મહારાજ હવે છોડો. ત્યારે મહારાજે તેમને કહ્યું, અમે જેનો હાથ પકડીએ છીએ તેને છોડતા નથી. આમ માધુભાઈને લીલાથી વિશ્વાસ વધ્યો શ્રીજીમહારાજને ઘેર લઈ જઈ જમાડયા તેમનું ભવ્ય સ્વાગત કર્યું. શ્રીજી જે થાળી, લોટો જમ્યા હતા તે પ્રસાદીના પાત્રો આ કુટુમ્બ પાસે હતાં પાદુકાઓ હતી થાળીમાં ચરણારવિંદ પાડ્યા હતા તે ચરણારવિંદ બહેનોના મંદિરમાં દર્શનાર્થે રાખેલ છે. ચાખડીઓ, તાંસળી ગુમ થઈ છે.

આમ શ્રીજીમહારાજ સતસંગની શરૂઆત કરી આ ગામ સારુ સતસંગી ગામ થશે તેવા આશીર્વાદ આવ્યા તે પ્રમાણે સ્વામિનારાયણ સંપ્રદાયનું જાણતું માનીતુ પંચતીર્થી તેમજ મોટપ દેશ તરીકે ઓળખાય છે.

બીજી વખત શ્રીજી પધાર્યા સને.૧૮૬૮માં મહેસાણામાં કુશળીબાઈની ખીચડીના દાતણ કરી શ્રીજીમહારાજ અને સંતો રૂપેણ નદીમાં સ્નાન કરી મોટપ ગામે પધાર્યા તેઓ શ્રીજી સ્મૃતિ બાગમાં જ્યાં હાલ છત્રી છે. ત્યા સંતો પાળાઓ સાથે રાયણના ઝાડનીચે સભા કરીને બેઠાતા. ત્યારે તુલસીદાસ પટેલ હાજર હતા. ગામના રબારીએ પૂછ્યું કયા દેશના રાજા બેઠા છે. ત્યારે તુલસીદાસના પટેલે કહ્યું આ તો સ્વામિનારાયણ ભગવાન છે. જે દુઃખ કાપે છે. ને મોક્ષ આપે છે. તેઓ ભગવાન છે. સૌનું કલ્યાણ કરવા માટે અવતાર ધારી થયા છે. આ વખતે શ્રીજીમહારાજ બે દિવસ મોટપ રોકાયા હતા. તુલસીદાસ તથા બીજા સત્સંવીઓએ સગા વહાલાને બોલાવી મોટો ઉત્સવ કરી સન્માન કર્યું હતું આમ સમગ્ર વિસ્તાર ગામમાં સ્વામિનારાયણનો સત્સંગ વધ્યો હતો. જે પછી ગામ વચ્ચે મોટુ સુંદર હરિમંદિર ભાઈઓનું તથા બહેનોનું પણ હયાત છે.

મોટપ વિસ્તારમાં જંત્રમંત્ર વાળાનો ખૂબજ ત્રાસ હતો ભોળાલોકોને અંધશ્રધ્ધામાં ભરમાવતા એકવાર તુલસીદાસે વિહાર ગામે જઈને ગોપાળાનંદ સ્વામીને વાત કરી કે અમારા ગામે સત્સંગીઓનું રક્ષણ થાય એવી કૃપા કરો. ત્યારે સ્વામીએ પોતાની પૂજામાં રાખેલા માખણીયા લાલજીની મૂર્તિ તુલસીદાસને આપીને કહ્યું કે આ ઠાકોરજી તમારા સહુનું રક્ષણ કરશે. આ ઠાકોરજીની પૂજા કરજો.

હરિમંદિરમાં શ્રીજીની મૂર્તિ માખણીયા લાલજી મહારાજની મૂર્તિ જે મૂર્તિ ગોપાળાનંદ સ્વામી પૂજેલી પૂજાની મૂર્તિ હતી તેની પધરામણી સંવત ૧૯૭૯ના વૈશાખ સુધી-૫ના રોજ નવામંદિરનો ભાગમાં વહાણેચા ઠાકોર હીરાજી બાદરજી તથા પુંજાજી બાદરજીએ લાલજી(ઠાકોરજી)ની મૂર્તિ પધરાવી સત્સંગીઓએ મોટો જમણવાર ઉત્સવ કર્યો આજે પણ આ વહાણેચા ઠાકરોમાં સત્સંગ સારો છે. અને સારા સજ્જન લોકો છે. લાલજીની મૂર્તિ ચમત્કારી છે. જે મૂર્તિ ગોપાળાનંદ સ્વામીની પૂજેલ હાજરા હજુર પરચા પુરે છે. કોઈ નાના મોટા કારણ માટે બાધા રાખવા સારૂ આવે તો તેની બાધા લાલજી પુરી કરે છે. તેમજ હનુમાનજીની મૂર્તિ ભૂત પ્રેત વળગાડને ભગાડે છે. અને મુક્તિ આપે છે.

મોટપ ગામે સર્વ પ્રથમ એકસો પચાસ વર્ષપૂર્વે નાનકડા મંદિરમાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારજશ્રીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી અને માખણીયા લાલજીની મૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ તુલસીદાસ ભક્તને આપી તે પધરાવી.

સમય જતાં મંદિર જીર્ણ થતાં નૂતન મંદિર બાંધવામાં આવ્યું. અમદાવાદ મંદિરના મહાનસંત વિભૂતિ શાસ્ત્રી સ્વામી મુકુંદજીવન દાસજી સ્વામીએ મંદિરનું નિર્માણ કર્યું. અને તેમાં પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્યશ્રી વાસુદેવ પ્રસાદજી મારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરેલ ત્યાર પછી મુકુંદજીવનજદાસજી સ્વામીની શિષ્ય પરંપરાના સંતો સ્વામી ભગવત ચરણદાસજી તથા સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજી તથા શાસ્ત્રી કૃષ્ણવલ્લભદાસજી તથા શાસ્ત્રી કેશવચરણદાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિમુકુંદદાસજી તથા સ્વામી જગજીવનદાસજી તથા શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી આદિ સંતોએ મોટપના સત્સંગીને પોષણ આપ્યું

હાલમાં મહેસાણામાં હાઈવે પર નૂતન શિખરબધ્ધ મંદિર નર્માણ થતાં મહેસાણા મંદિરના સંતો પધારીને અવાર નવાર સત્સંગ કથા વાર્તા કરીને સત્સંગનુ પોષણ કરી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર વિશાળ અને સુંદર છે. શ્રીજી સ્મૃતિ બાગમાં અનેક ઉત્સવો થાય છે. શાકોત્સવ, કથા, પારાયણો તથા ધર્મકુળના કાલુપુર ગાદીના લગભગ તમામ આચાર્ય, મહંતો, સંતોના પુનિત પગલાં ગામમાં વારંવાર પડ્યા છે. મોટપ દેશ પંચતીર્થી મોટપ, ધીણોજ, મહેસાણા, કરશનપુરા, દેવરાસણ તેમા ગામો છે. શ્રીજીકૃપાથી ગામ સમૃધ્ધને સુખી છે.

એક મોટો ચમત્કાર ભમરીયો મધપૂડો જે ઘણું જ ખતરનાક હોય છે. ભમરાના ડંખથી ભલભલા ત્રાસી જાય છે. તેનાથી ડરે છે. આવા ભયંકર પીડાકારો મધપુડા બારેમાસ સ્વામિનારાયણ મંદિરમાં અતિ ભયંકર એક નહિ ૭ થી ૧૦ મધપૂડા દરવાજાની સભામંડપ ભગવાનની મૂર્તિઓના દર્શન કરવાના હોય ત્યાં બેઠા જ હોય છે તેમનો દેખાવ તેમજ સતત ઉડી રહેલા ભમરા એક જબરજસ્ત ભય ફેલાવે છે. જેથી પાંચ ફૂટ લાંબા પહોળા મધપૂડા પાર કરી અંદર જતાં ભલભલાના હાંજા ગગડી જાય તેને જોતાં દર્શન કરવાનું લોકો ટાળે. પણ કળિયુગના સ્વામિનારાયણનો ચમત્કાર તો જુઓ મોટા ભયંકર મધપૂડા જે મધપૂડા તરફ આંગળી ચીંધે તો પણ સમગ્ર માખીઓ(ભમરા) તેમને વળગી પડે અને એવા સતત ત્રાસ દાયક ડંખ મારે છે. તેનાથી બચવા માણસ ગમે તેટલા પ્રયત્ન કરે પાણીમાં પડે તો પણ છોડતું નહી. આવા ભમરા જાણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હોય તેમ મંદિરમાં આવેલા દર્શાનાર્થીઓ સેંકડો વર્ષ થયાં હશે પણ આજ દીન સુધી કોઈને ચટકો ભર્યો નથી. દરરોજ હજારો ભમરા પડી પગ પળે ચગદાઈને મરે છે. તથ કોઈને ડંખ મારતા નથી. સતત ઉડતા હોય ત્યારે દર્શનાર્થીઓ ને અથડાઈ પડે,

ઉત્સવ વખતે ધમાલ થાય, લાઈટોમાં ઉડ્યા કરે પણ આજદિન સુધી કોઈને એક પણ ભમરો કરડ્યો હોય તેવું બન્યું નથી. કાલુપુર મંદિર જે કબુતરો આવે છે પૂર્વ જન્મના મુમુક્ષુ હશે ભગવાનના સતત સાન્નિધ્યને લીધે તેનો ભગવાન મોક્ષ કરે છે. તેમ આ ભમરા મંદિરના પરિસરમાં આવી તેમને મોક્ષ મળે છે. તેના સ્વભાવથી વિરુધ્ધ જઈ ભગવાનની મર્યાદા જાળવે છે.

## પ્રસાદીનું માથાસૂલ

- **માથાસૂલમાં ભક્તજનોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી**

સંવત ૧૮૬૨ની સાલમાં શ્રીહરિ મોટા સંઘ સાથે શિવરાત્રીનો ઉત્સવ સિધ્ધપુરમાં કરવા માટે ભૂજથી ફરતા ફરતા કુંડાળ આવ્યા ત્યાંથી ચાલ્યા તે રાજપુર થઈ માથાસૂલ ગામમાં આવીને રોકાયા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ત્યાં જોઈતારામ અને મોરારજી નામે બે ભાઈ હતા. ઘણા જ શૂરવીર રવાજી નામે એક ક્ષત્રિય હરિભક્ત હતા. સત્સંગના બળવાળા તે ભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તે સિવાયના ગામના ઘણા લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. તે સહુ પ્રેમથી વાજિંત્રોને લાવ્યા હતા. તે અત્યંત સરસ રીતે વાગતા હતા. તે સહુ લોકો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા મૂર્તિનાં દર્શન કરીને આનંદ વિભોર થઈ ગયા.

માથાસૂલ ગામને નજીકમાં આવીને શ્રીહરિએ ત્યાં પોતાનો મુકામ કર્યો. ત્યાં બધા દરબારોએ તંબૂ તાણ્યા. ત્યારે ત્યાં તેની શોભા ઘણી જ સારી થઈ. તે તંબુઓની વચ્ચે શ્રીહરિનો તંબૂ તાણ્યો. જે ઘણો ઊંચે આકાશમાં દેખાતો હતો. હરિભક્તો એક સોનેરી પલંગ લાવ્યા તેને સારી રીતે તેમાં બિછાવી દીધો. શ્રીહરિ આવીને તે પલંગ

ઉપર બેઠા. શરીર ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યા હતા. શ્રીહરિ ખટ્વાંગ રાજાના હાથી ઉપર બેસીને આવ્યા હતા. ગામના બધા હરિભક્તો આવ્યા અને શ્રીહરિને માટે ઘણા જ પ્રેમથી સરસ સાકરનું સીધું ઉત્સાહથી લાવ્યા. વર્ણી રસોઈ બનાવવા લાગ્યા.

દિવસ બે ઘડી બાકી હતો. ત્યારે હરિભક્તોએ શ્રીહરિને કહ્યું, આપ અમારા ગામમાં પધારો. તત્કાળ દરબાર ઝીણાભાઈ પોતાની સુખપાલ લઈ આવ્યા. ત્યારે ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ તે સુખપાલમાં બેઠા. તે સમયે બધી જ સવારી દરબાર ઝીણાભાઈની હતી. તે તરત જ તૈયાર થઈ અને હાથી સાથે તે સ્થળે હાજર થઈ.

શ્રીહરિ માથાસૂલ ગામમાં આવ્યા. ગામના મનુષ્યો બજારે ઉભા હતા. લોકોને દર્શન કરવાનો ભાવ ઘણો જ હતો, તેનાથી બજારમાં ખૂબ જ ભીડ મચી હતી. રસ્તામાં પણ લોકો ફૂલહાર પહેરાવતા હતા. શ્રીહરિ હરિભક્તને ઘેર આવ્યા. પલંગ બિછાવેલો હતો. તેના ઉપર જગજીવન શ્રીહરિ બેઠા. હરિભક્તે અતિશય ભાવથી કેસરચંદનની ચર્ચા કરી. ફૂલના હાર પહેરાવ્યા. પછી કપૂરથી આરતી કરી. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે સારા વસ્ત્રો અને આભૂષણો પહેરાવ્યા. સાકરના ભરેલા થાળ લાવીને પ્રેમથી આગળ ધર્યા હતા. જેટલા ભાવિક જનો હતા તેમણે પણ ઘેર ઘેર શ્રીહરિને પધરાવ્યા. જેને જેવા ઉપચાર મળ્યા. તેણે તેવા રૂપમાં શ્રીહરિની પૂજા કરી.

સંધ્યા સમય થઈ ગયો ત્યારે મશાલિયે મશાલો પ્રકટાવી. જ્યારે બધા ભક્તજનો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ મુકામ ઉપર આવ્યા. શ્રીહરિ પલંગ ઉપર ઉભા રહ્યા અને 'નારાયણધૂન' કરવા લાગ્યા. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા. આપણા સંઘમાં કોઈ અજાણ્યો માણસ આવે તો તપાસ રાખવી. બાઈઓએ બાઈને પારખવી અને પુરુષોએ પુરુષને ઓળખવો. અને કોઈ અજાણ્યો હાથ

આવી જાય તો તેને દૂર કાઢી મૂકવો. મારી આટલી વાતને જરૂર માનજો. આમ કહીને શ્રીહરિ પ્રેમથી થાળ જમવા માટે ગયા. એક પીતાંબર પહેર્યું. હાથ અને ચરણ ધોયા. રૂમાલથી તેને કોરા કર્યા. પછી જઈને સોનેરી બાજોઠ ઉપર બેઠા.

વર્ણીએ થાળમાં શીરો અને પૂરી બનાવ્યા હતા. જાત જાતના શાક પણ હતા. તે બધું થાળમાં ભરીને લાવ્યા. પછી શ્રીહરિ તે જમવા લાગ્યા. પ્યારા શ્રીહરિ જમી રહ્યા ત્યારે દૂધ અને ભાત જમવા લીધા. દૂધમાં થોડી સાકર લીધી. ખૂબ સરસ રીતે જમ્યા. તે થાળની પ્રસાદી પ્રસન્ન ભાવથી અને ઘણા જ હેતથી દરબારોને આપી. કરૂણા નિધિ કૃપાળુ શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. રૂમાલથી હાથ અને મુખ લૂછ્યા. પછી મુખવાસ લીધો.

ગામના લોકોએ આપેલું એટલે હરિભક્તો દૂધ ઘણું લાવ્યા. શ્રીહરિએ જેટલા ડેરા હતા તેમાં બધે દરબારોને દૂધ અપાવ્યું. શ્રીહરિ પલંગ ઉપર બેઠા. મુખ અત્યંત પ્રસન્ન હતું. મનમાં ઉત્સાહ ઘણો હતો. પછી બધા સંતોને સંભારવા લાગ્યા. ''સંતો બધા વીસનગરમાં આવી ગયા છે.'' એવા સમાચાર શ્રીહરિને મળ્યા. બધા રાહ જોઈને રોકાયા છે કે 'હવે શ્રીહરિ ક્યારે ભેળા થાય' અત્યંત સુખધામ ઘનશ્યામ શ્રીહરિ સંતોની વાત સાંભળીને ખૂબ જ આનંદિત થઈ ગયા. શ્રીહરિએ સિધ્ધપુરનો મહિમા કહ્યો. શ્રીહરિ આટલી વાત કહીને પછી પોઢી ગયા. પ્રભાત સમયે ઊઠ્યા. શૌચ (જંગલ) જઈને દાતણ કર્યું. તત્કાળ સ્નાન કર્યું. બધો પૂજા વિધિ પણ કર્યો. પછી ભક્તવત્સલ કૃપાળુ શ્રીહરિ તત્કાળ જવા માટે તૈયાર થયા.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ચંચળ અને ચપળ હરણના જેવા તે અશ્વના સ્વરૂપ, સ્વભાવ અને ગતિ વગેરે ગુણ તો નવરંગ-મોહક હતા. બધો સંઘ અને દરબારો સહુ ચાલવા તૈયાર હતા. કોઈ પાછળ

બાકી રહ્યું નહિ. પદાતિ પાર્ષદોને પાછળ રાખ્યા અને પોતે પણ સહુની પાછળ ચાલતા થયા. ઉત્તર ગુજરાત અને ચુંવાળ (જૂનાં જમાનામાં પાટણ અને કડી વચ્ચેના ૪૪ ગામનો મુખ્યત્વે કોળીની વસ્તીવાળો પ્રદેશ) દેશનો તે સરહદી વિસ્તાર જોઈને શ્રીહરિ ચાલ્યા. ક્ષત્રિય ભક્ત રવાજી હતા તેમને અને જાલમજીને ભોમિયાના રૂપમાં સાથે લીધા. રસ્તામાં હરિભક્તોના જેટલા ગામ આવતા હતા અને હરિભક્તો જ્યાં રહેતા હતા ત્યાં ઘનશ્યામ શ્રીહરિ તેમને દર્શન આપતા સતા ગામ ઉંઝા પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પુર-૭, તરંગ-૩૭-૩૮-૩૯)*

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અંબાસણથી ચાલ્યા તે ટુંડાલી, નંદાસણ થઈને માથાસુલ ગામે પધાર્યા. ત્યાં જોઈતા આદિ હરિભક્તે સર્વે પોતાને ઘેર પધરાવ્યા ને રાત્રી રહીને મોરાર ભક્તને ઘેર થાળ જમીને ત્યાંથી ચાલ્યા તે કુંડાળ પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૫૧ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૮ તથા શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૬૩)*

- **માથાસૂલના પાર્ષદ રવાજીને શ્રીહરિએ મુક્તમુનિની રક્ષામાં રાખ્યા હતા**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ આદરજમાં અન્નકૂટ મહોત્સવમાં પધાર્યા હતા. તે વખતે મુક્તમુનિ વડોદરાની સભા જીતીને આદરજમાં આવ્યા હતા. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને તથા નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી અને શામળિયા ચૈતન્યાનંદ સ્વામી આ ચાર સંતોને સદ્‌ગુરુ પદવી પ્રથમ આપી હતી. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ઘણા હેતથી એક સુંદર બળદગાડી બેસવા માટે આપી. અને રવાજી નામે એક દરબાર ઘણા સરસ

બુધ્ધિમાન પાર્ષદ હતા. તેમને મુક્તાનંદ સ્વામી એકની રક્ષા કરવા માટે તેમની પાસે રાખ્યા. તેઓ માથાસૂલ ગામના પ્રસિધ્ધ હરિભક્ત હતા. જેટલા ક્ષત્રિયો શ્રીહરિની પાસે પાર્ષદ થઈને રહેતા હતા તે શ્રીહરિને પ્રસન્ન કરવાના ભાવવાળા હતા. તેમને બીજો કોઈ સ્વાર્થ ન હતો. તેઓ ધનને દોષરૂપ જાણીને પોતાની પાસે રાખતા નહિ. ગરાસની આવકનું જે ધન આવતું તે બધું લઈને શ્રીહરિને આપતા હતા.

શ્રીહરિને હરિભક્તો જે કાંઈ પણ ધન લઈને આવતા હતા, તેને શ્રીહરિ પણ રાખી મૂકતા નહીં. તે ધનથી તરત જ વિપ્રોને જમાડી દેતા હતા. તે સિવાય શ્રીહરિ જ્યાં સુધી ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા ત્યાં સુધી બ્રાહ્મણના બાળકોને જનોઈ અપાવતા અને કન્યાદાન અપાવતા હતા. આમ પાર્ષદ રવાજી ભક્ત માથાસૂલ ગામનું ગૌરવ હતા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮, તરંગ-૩૫)*

- **શ્રીહરિને મળેલા માથાસૂલ ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી જોઈતારામભાઈ પટેલ
પ.ભ.શ્રી મોરારભાઈ પટેલ
પ.ભ.શ્રી નારાયણભાઈ પટેલ
પ.ભ.શ્રી વસતાભાઈ પટેલ
પ.ભ.શ્રી ગલાલભાઈ પટેલ
પ.ભ.શ્રી દરબાર રવાજી પાર્ષદ
પ.ભ.શ્રી દરબાર ઝીણાભાઈ
પ.ભ.શ્રી દરબાર જાલમજી

## મોખાસણ ગામનો મહિમા

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે ખોરજ થઈને મોખાસણ ગામ પધાર્યા. ભક્ત જેઠા તથા પટેલ રામચંદ આદિ હરિજને શ્રીજીમહરાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામને પાણી ભરવાના કૂવાને સમીપે વડતળે ઉતાર્યા. પછી ત્યાં સભા કરીને સર્વ હરિજનને વાતુ કરતા હવા. પછી રાયચંદે થાળ કરાવ્યો તેને ઘેર પોતે જમવા પધાર્યા. તે જમીને સંતને પાર્ષદને જમાડીને રાયચંદ ભક્તે કેસર ચંદનને કરીને શ્રીહરિની પૂજા કરી તેને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા તે પળીયડ થઈને નારદીપુર પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ ૫૨ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯ તથા શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૬૪)*

- **શ્રીહરિને મળેલા મોખાસણના ભક્તજનો**
  - પ.ભ.શ્રી જેઠાભાઈ પટેલ
  - પ.ભ.શ્રી કુબેરભાઈ પટેલ
  - પ.ભ.શ્રી રાયચંદભાઈ પટેલ
  - પ.ભ.શ્રી હરિશરણભાઈ
  - પ.ભ.શ્રી આસકરણભાઈ ક્ષત્રિય
- **પ્રસાદીના સ્થાનો**

**(૧) વડ તથા કૂવો** : આ કૂવા પાસે શ્રીહરિ વડ નીચે સભા કરીને બિરાજ્યા હતા.

**(૨) રાયચંદભાઈનું ઘર** : અહીં સંતો સાથે જમ્યા છે તે રાયચંદભાઈએ શ્રીહરિની પૂજા કરેલી છે.

## ઝુલાસણ ગામનો મહિમા

(૧) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વડુ ગામથી ચાલ્યા તે ઝુલાસણ ગામ પધાર્યા, તે ગામના દેવકર્ણ, હીરો આદિ પટેલ ભક્તો શ્રીહરિ ભગવાનને ચોરામાં ઉતારો અપાવતા હતા. ને ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થઈ દર્શન તથા વાત ચીતનું સુખ આપતા હતા. પછી હીરાભાઈ પટેલના ઘરે પવિત્ર બ્રાહ્મણ પાસે બનાવેલી રસોઈ જમીને ત્યાંથી ચાલ્યા તે પાનસર ગામે આવ્યા. *(શ્રીહરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૬૪ તથા શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦ તરંગ-૧૬)*

(૨) સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે ઝુલાસણ પધાર્યા ને ત્યાં ભક્તજનો ને દર્શનનું સુખ આપીને ત્યાંથી ધમાસણા, ઓળા થઈ આદરજ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૪)*

**(૩) હીરાભાઈને શ્રીહરિએ અખૂટ ધાન્ય રહેશે એવો વર આપ્યો**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ આદરજ અન્નકૂટનો ઉત્સવ કરવા માટે મોટા સંઘ સાથે વડુથી ચાલ્યા તે ઓળા થઈ ઝુલાસણ ગામ પધાર્યા. અને ત્યાંના હીરાભાઈ, ઝવેરભાઈ આદિ હરિભક્તો શ્રીહરિનું સ્વાગત કરતા હતા. ત્યારબાદ હીરાભાઈ અતિ પ્રેમથી શ્રીહરિ ભગવાનને ભોજન કરાવીને તથા પુષ્પ ચંદનથી પૂજન કરીને નમન કરતા હતા. બાજરીના દાણાનું નાનું પાત્ર ભરીને મહારાજના અશ્વોને આપતા પણ દ્રૌપદીજીના અક્ષય પાત્રની માફક ખૂટ્યું નહિ. એટલે ભાવવશ ભગવાને તે હીરા ભક્તને અતિ નમ્ર તથા ગરીબ જોઈને કહ્યું કે, "તમારે ઘેર અખૂટ ધાન્ય નિરંતર રહેશે." એ પ્રકારે તે ભક્તને વરદાન આપી, ત્યાંથી શ્રીહરિ ઓળા ગામે પધાર્યા. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૭૭ તથા શ્રીહરિલીલામૃત કળશ-૭*

*વિશ્રામ ૭૪ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯ તથા શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૧ તરંગ-૨૬)*

- **શ્રીહરિને મળેલા ઝુલાસણના ભક્તજનો**

  પ.ભ.શ્રી હીરાભાઈ પટેલ
  પ.ભ.શ્રી ઝવેરભાઈ પટેલ
  પ.ભ.શ્રી દેવકરણભાઈ
  પ.ભ.શ્રી નરસંગભાઈ
  પ.ભ.શ્રી રાયસંગભાઈ
  પ.ભ.શ્રી કરણભાઈ ચૌધરી
  પ.ભ.શ્રી ગુલાબચંદ વિપ્ર
  પ.ભ.શ્રી સુખચંદ વિપ્ર
  પ.ભ.શ્રી વલ્લભરામ વિપ્ર
  પ.ભ.શ્રી જીવરામ વિપ્ર
  પ.ભ.શ્રી સતીબાઈ
  પ.ભ.શ્રી રુપાબાઈ
  પ.ભ.શ્રી રતનબાઈ
  પ.ભ.શ્રી કેશરબાઈ
  પ.ભ.શ્રી અવલબાઈ
  પ.ભ.શ્રી પુનિબાઈ
  પ.ભ.શ્રી ઝવેરબાઈ

- **પ્રસાદીના સ્થાનો**

(૧) **ચોરો** : આ ચોરામાં શ્રીહરિ ઉતર્યા હતા ને સભા કરી હતી.

(૨) **હીરાભાઈનું ઘર** : અહી શ્રીહરિ તથા સંતોને જમાડ્યા ને પૂજા કરી હતી.

## લાંઘણજ ગામનો મહિમા

શ્રીહરિ લાંઘણજમાં પધાર્યા તે સાલવાર માહિતી. સંવત ૧૮૬૧ ની સાલમાં, સંવત ૧૮૬૨ ની સાલમાં પધાર્યા. સંવત ૧૮૭૦ ની સાલમાં પધાર્યા. સંવત ૧૮૭૧ ની સાલમાં પધાર્યા. સંવત ૧૮૭૫ ની સાલમાં પધાર્યા. સંવત ૧૮૭૬ ની સાલમાં પધાર્યા.

- **રામદાસભાઈ બોલ્યા હે માનબાઈ ! નેણા ભરી ભરીને જોશો તેવી મૂર્તિ હું લાવીશ**

રામાનંદ સ્વામીના બે શિષ્યો હતા. એક સંતનું નામ રઘુનાથદાસ અને બીજા હતા રામદાસભાઈ. આ બે સંતો લાંઘણજ આવ્યા અને ભાવસાર ભક્તને ઘેર ઉતર્યા. ભાવસાર ભક્તનું નામ પણ રામદાસભાઈ હતું. એમને ઘેર સંતો આવ્યા છે જાણીને સભા થઈ. એ સભામાં ભાવસાર ભક્ત માનબાઈ બેઠેલાં એ વારે વારે રઘુનાથદાસ સ્વામીની સામે જુએ, એટલે રામદાસભાઈ ખીજાયા અને માનબાઈને કહે, અત્યારે આંખો જરા બંધ રાખો અને જોયા જેવી મૂર્તિ હું તમારા ગામમાં લાવીશ. જેના દર્શનથી ભવ તરી જવાય. એવી મૂર્તિ તમારે ગામ જરૂર પધારશે. થોડો સમય ધીરજ રાખો. આવું સભા વચ્ચે સંભળાવી દીધુ. સભામાં કોઈને કહેવું ભયાવહ હોય છે છતાં સંતો નિર્ભય હોય છે. સાધુના ઠપકામાં લાભ થતો હોય છે. શાસ્ત્રમાં લખ્યું છે કે સૂર્યની ગરમી ફાયદામાં જ હોય છે સૂર્યનો તાપ સહન કરો તો વરસાદનો લાભ મળે એટલે આ સંતે માનબાઈને કહ્યું, હું તમારા ગામમાં અખંડ જોયા જેવી મૂર્તિ લાવીશ. થોડી ધીરજ રાખો.

- **રામદાસભાઈ સ્વામી મહારાજને કહે મહારાજ તમારે લાંઘણજ આવવું જ પડશે મેં વચન આપેલું છે**

નાચિકેત (નાનાભાઈ મહેતા) ઋષિ ગોવિંદભક્તને પરમાત્મા શ્રીહરિની લાંઘણજ લીલાની કથા સંભળાવતા કહે છે. સ્વામિનારાયણ

ભગવાન ગઢપુરથી વિચરણ કરતા ભાલ ગુજરાત ઉલ્લંઘી અને દંઢાવ્યમાં કરજીસણ ગામે પધાર્યા કરજીસણનો સમૈયો પૂરો કર્યો પછી રામદાસભાઈ સ્વામીએ કહ્યું, મહારાજ ! આપણે લાંઘણજ જવાનું છે. શ્રીજીમહારાજ કહે, રહેવા દો ને, સ્વામી ! અત્યારે આપણે અમદાવાદ જવાનું છે. રામદાસભાઈ કહે મહારાજ ! આમાં મુદત નહીં ચાલે. મેં લાંઘણજના ભક્તોને વચન આપ્યું છે. તમારે ત્યાં શ્રીજીમહારાજને લઈને આવીશું. પ્રભુએ તથાસ્તુ કહ્યું. ને શ્રીજીમહારાજ, સંતો અને ભક્તો પાર્ષદો સાથે પહેલીવાર લાંઘણજ ગામ પધાયા. મહારાજનો હાથ ઝાલી કહ્યું આવો મહારાજ, પધારો. મહાપ્રભુ ગામમાં પધાર્યા એ વખતે સત્સંગ થોડો હતો. રામદાસભાઈ ભાવસાર એમના પુત્રો ગણેશભાઈ, ઝુમખરામ, નાગરદાસ અને એમના બેન સોનબાઈ અને હિંમતવાળા એક જ પટેલ હતા. માનસંગભાઈ. આ ભક્તો સામા આવેલા. માનબાઈ આદિ બહેનો પણ સામા આવ્યા હતા. રામદાસભાઈ સ્વામી મહારાજનો હાથ પકડીને ગામમાં પ્રવેશ કર્યો.મહારાજના ચરણમાં મૂકવા માટે માનબાઈ હાથમાં ફૂલ લઈને ઊભા હતા. તેને રામદાસભાઈએ કહ્યું, માનબાઈ ! દર્શન કરવા જેવી મૂર્તિ હું લઈ આવીશ તે મે કહ્યું હતું. તે આ મૂર્તિ પ્રત્યક્ષ પધાર્યા છે માટે મન ભરી ભરીને દર્શન કરી જીવન સફળ કરો. હવે આ મૂર્તિનાં દર્શન કરો. આ મૂર્તિને સામે વારે વારે જુઓ. આ મૂર્તિનું ધ્યાન કરો. તમારો મોક્ષ થઈ જશે.

શ્રીજીમહારાજ ભાવસાર ભક્ત નાગરદાસને ઘેર ઉતર્યા. એક રાત્રી રોકાયા. બીજે દિવસે મહારાજે કહ્યું કે હવે અહીંથી વિદાય થઈશું. અમે થાકી ગયા છીએ. માટે છાના રહેવું,' ગુપ્ત એકાંતમાં રહેવું છે. કોઈને મળવું નથી. અમે જ્યાં રહીએ ત્યાં બધા ભક્તો આવવા માંડે. આજુ બાજુના ગામોમાંથી આવે. બાજુમાં મેઉ ગામ છે. ત્યાંથી બધા  હરિભક્તો આવે એ સૌને દર્શન આપવા નથી,

માટે એકાંતમાં રહેવું છે. કોઈને ખબર ન પડે કે શ્રીજી મહારાજ આંહી લાંઘણજમાં છે.

● **લાંઘણજમાં પ્રભુ શેઠરૂપે પાંચ દિવસ રહ્યા**

ત્યારે ગણેશ ભાવસારે કહ્યું મહારાજ ! કોઈ જાણશે નહિ કે અમારે ઘેર સ્વામિનારાયણ ભગવાન છે એવી રીતે રાખીશું. કઈ રીતે તમે રાખશો ? મહારાજ બોલ્યા. ગણેશભાઈ કહે મહારાજ ! તમારા આ વસ્ત્રો બદલાવી નાંખશું મારી ઓસરીમાં ગાદી બિછાવી છે તેના ઉપર તમને પધરાવીશ. અને મોટા શેઠિયા પહેરતા હોય એવું લાંબી પટ્ટીનું મોટા પાનાવાળું પાન કોરી ધોતિયું આપને પહેરાવીશ. એવો જે ખેસ અને શેઠ લોકો પહેરે છે એવી પાઘ માથે ધારણ કરાવીશ. અંગરખું પણ ખૂબ લાંબુ તમને પહેરાવીશ. હે મહારાજ ! અને એવો નૌતમ વેશ ધારણ કરાવીશ તે જોતાં જ કોઈને પણ લાગે કે મોટા શેઠ આવ્યા છે.

પછી શ્રીજીમહારાજે પૂછ્યું, કોઈ તમને પૂછે કે આ શેઠ કોણ છે તો ? અહીં કેમ આવ્યા છે ? શું જવાબ આપશો ? ગણેશભાઈ કહે તો હું કહીશ અમારે ને આ શેઠને વેપાર ધંધાનો સંબંધ છે. આ તો ક્યાંય નીકળતા જ નથી, બહુ મોટા શેઠ છે, પણ કામકાજ અંગે અમારે ઘેર આવ્યા છે.

શ્રીજીમહારાજ કહે રામદાસભાઈ, શું કરીશું ? મહારાજ, રોકાઓ ત્યારે સાધુ સાથેનો સંબંધ જોડી રાખ્યો હોય તો કામ થઈ જાય. રામદાસભાઈ સ્વામીએ અનુમતી આપી એટલે ગણેશભાઈ ભાવસારનું કામ થઈ ગયું. પ્રભુએ લાંઘણજમાં રોકાવાની હા કહી.

ગણેશભાઈએ પ્રભુને વણિક શેઠના જેવા કપડા પહેરાવીને અસલ શેઠ બનાવી દીધા. શ્રીજીમહારાજ રાજી થઈને બોલ્યા વાહ ! ગણેશ તું બહું હોંશિયાર છે. અને ભક્તના પ્રેમને વશ થઈ પ્રભુ શેઠ

રૂપે પાંચ દિસ લાંઘણજમાં છાના રહ્યા ને પછી ત્યાંથી ભક્તોની રજા લઈને મેઉ ગામ પધાર્યા. *(દંઢાવ્ય દેશ દર્શન)*

● **ભક્તજનોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઉનાવાથી ચાલ્યા તે મેઉ થઈ લાંઘણજ ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ત્યાં એક રામ નામના ભાવસાર અને ઝુમખરામ નામે નાગર હરિભક્ત હતા. એકનું નામ નારાયણ હતું અને બીજાનું નામ ગણેશ હતું. સોની નાગરદાસ અને ભાઈચંદ નામે હતા. તેમજ એક સોનબાઈ નામે સ્ત્રી ભક્ત હતા. તે હરિભક્તોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરીને શ્રીહરિના સ્વરૂપ સંબંધી સુખ મેળવ્યું. વળી જેને જેવું હેત હતું તે પ્રમાણે તે હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. લાંઘણજથી શ્રીહરિ ચાલ્યા તે વિજાપુર ગામ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૫૩)*

● **લાંઘણજમાં બાવાની રીત જોઈ શ્રીહરિ ત્યાં ન ઉતર્યા**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ મોટા સંઘ સહિત આદરજનો અન્નકૂટ ઉત્સવ કરીને દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કરતા વસાઈ ગામે આવ્યા ને ત્યાંથી મેઉ ગામ થઈને લાંઘણજ ગામ આવ્યા. ત્યાં એક વડનું ઝાડ હતું ને હનુમાનજીની જગ્યા હતી ત્યાં ઊતર્યા. તે વડની પાસે જગ્યા બાંધીને એક ખાખી રહેતો હતો. શ્રીહરિ આવ્યા ત્યારે તે ગામમાં ગયો હતો. પછી શ્રીહરિ વડની છાયામાં ઊભા રહ્યા.

છડીદાર કુબેરસિંહની સોનાની છડી શ્રીહરિએ પોતાના હાથમાં લીધી અને તેનો ટેકો દઈને ઊભા રહ્યા. ડાબા હાથની બગલમાં ટેકો દઈને પૂર્વ મુખે ગોવાળની જેમ ઊભા રહ્યા હતા. તેમાં ડાબા ચરણને સીધો રાખીને ઊભા રહ્યા અને જમણા ચરણની આંટી વાળી હતી. ગાયોના ધણની જેમ સો જેટલી હરિભક્ત બાઈઓ શ્રીહરિમાં ચિત્ત લગાડીને માથા ઉપર કપડાં, વાસણના પોટલાં રાખીને ઊભી હતી.

તે સમયે દામોદરભાઈ અને કુબેરસિંહ આદિક ઘણા હરિભક્તો શ્રીહરિની પાસે બધા ઊભા હતા. એ શ્રીહરિ બોલ્યા કે ‘આ જગ્યા ઘણી સારી છે.’ જગ્યા વાળીને સ્વચ્છ કરી રાખેલી હતી. તે શ્રીહરિને ગમે તેવી હતી. એક ઘડી સુધી શ્રીહરિ જ્યારે તેમ ઊભા રહ્યા ત્યારે ગામમાં ગયેલો ખાખી ત્યાં આવ્યો. તે ખાખીની ત્રીસ વર્ષની ઉંમર હતી. ગામના મુખીએ તેને આ જગ્યા બંધાવી દીધી હતી. જ્યારે ઈચ્છા થાય ત્યારે તે મુખીને ઘેર જઈને ભોજન કરી આવતો હતો. મુખીને તે ખાખીના ઉપર ઘણો આદરભાવ હતો. તે મુખીને ઘેર રોજ આવતો જાતો હતો. મુખીએ રાખ્યો તેને ચાર પાંચ વર્ષ થયા હતા. તે ખાખીએ આવીને શ્રીહરિને જગ્યામાં ઊભેલા જોયા. અને ગર્વ ભર્યો તે તરત બોલ્યો ‘આ રેઢી જગ્યામાં આવીને તમે કેમ ઊભા છો ? ચાલો તરત ને તરત અહીંથી બહાર નીકળો.’ પછી દયાળુ શ્રીહરિ તો ત્યાંથી ચાલતા થયા.

તેટલી વારમાં તો તે લાંઘણજ ગામના જે પાટીદાર હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. કેટલાક તો ફૂલના હાર લાવ્યા હતા. હાર પહેરાવીને સહુ પગે લાગ્યા. કેટલાકે દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા કે ‘આ ખાખીને અહીંયા કોણે રાખ્યો છે ?’ ત્યારે પાટીદાર બોલ્યા કે ‘ગામના મુખીએ રાખ્યો છે. મુખી તેને બહુ માને છે. તેના પગ ધોઈને પાણી પીવે છે. મુખી ખાખીને જમાડ્યા પછી જમે છે. તેવી તેણે ટેક રાખી છે. અને પટેલની પુત્રી બાવાને જમાડે તો બાવો ખાય ને પટેલ બહુ રાજી થાય. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘મુખીના તો ધન્ય ભાગ્ય છે ! અને ત્યારે તો આવા મોટા મહાપુરુષને તેણે રાખ્યા હોય તેવું દેખાય છે.’

### ● લાંઘણજના મુખીની અવળી સમજણ

વળી કહ્યું, ‘જે મુખી હોય છે તે તો ઘણા હોશિયાર હોય છે. જે જે બાબત કરે તે બધી પોતાની મોટાઈને માટે જ કરતા હોય છે. આપણા સાધુને તે કેટલું માને છે ? જે કોઈ બીજાને બુદ્ધિ હોય

તો તેને ક્યારેય છૂપું રહેતું નથી.' ત્યારે હરિભક્તો બોલ્યા કે 'મુખી આપણા સંતોને પૂરા સાધુ માનતા નથી. કારણ કે તેઓ સ્ત્રીના સંપર્કથી ભાગે છે તેમ તે કહે છે.' જ્યાં સુધી સાધુને નારીનો ડર લાગે છે ત્યાં સુધી નારીનો મોક્ષ થતો નથી. જ્યારે તેનું શરીર સાધુની સેવા કરે ત્યારે નારીનો મોક્ષ થાય છે. જેણે સંસારનો ત્યાગ કર્યો હોય છે તે બધા અગ્નિસ્વરૂપ હોય છે. સંસારને તારવારૂપ હિત જે કરતા હોય છે, તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. સંતો તો નૌકારૂપ છે, સંતોના જેવા તો બીજા કોઈ બળવાન કહેવાય નહિ. બ્રહ્મચારી અને સંતોના ધર્મ અલગ-અલગ રહ્યા હોય છે.

સ્ત્રી અને ધનના ત્યાગના જે નિયમો છે તે બ્રહ્મચારીને માટે કહ્યા છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આવું જે બોલે છે તેનો મત શાસ્ત્રની બહારનો છે. જે કોઈ પણ મત શાસ્ત્રની બહાર હોય તેને અમે ક્યારેય માનતા નથી. અમારો જે સત્સંગ છે તે શાસ્ત્રના આધારે જ ચાલે છે. જગતને ડૂબાડી દે એવા કેટલાય શાસ્ત્રો રહ્યા છે. તેમાં રસિકપ્રિય, રસિક મંજરી તથા ભક્તમાળ વગેરે ગ્રંથો મુખ્ય છે. માણસની બુદ્ધિને વિપરીત કરી દે એવા તે અપાર શાસ્ત્રો છે, તેને અમે ક્યારેય સંભાળતા નથી. સાચું જે ધન હોય છે તે બધાને જતન કરીને સાચવવું જોઈએ અને જે ખોટું ધન હોય તેને જતન કરીને ક્યારેય રખાય નહિ.

જે સાચી વાત હોય છે તેને બુદ્ધિશાળી લોકો સાચી માને છે. અને તેને કોઈ ખોટી કહેતું નથી. શ્રીહરિ આટલી વાત કરી રહ્યા પછી બધા હરિભક્તોએ શ્રીહરિને લાંઘણજ ગામમાં પધરાવ્યા. આગળના ભાગમાં વાજિંત્ર વાગતા હતા. જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. પૂજા કરીને સહુને લાભ લીધો. હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ગામની બહાર આવ્યા.

ત્યાં ગામથી દક્ષિણ તરફ એક સુંદર જગ્યા હતી. આંબા અને આંબલીઓની ઘાટી છાયા હતી. ત્યાં આવીને શ્રીહરિ ઊતર્યા. તે વખતે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. વિપ્રો અને વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. તે શ્રીહરિ ગામમાં જઈને જમ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સૌ સંતોને ત્યાં બોલાવ્યા.

સંતોએ આવીને પંગત કરી અને નારાયણ નામની ધૂન કરવા લાગ્યા ત્યારે સાકર નાખીને બનાવેલા લાડુ લઈને શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. જ્યારે લાડુ પિરસાઈ રહ્યા. ત્યારે સંતોને જમવાની આજ્ઞા કરી. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસતા રહ્યા. સંતો જમી રહ્યા તે વખતે શ્રીહરિએ હાથ ધોયા અને ગામની બહાર આવ્યા પછી સંતો આવ્યા ત્યારે તેમની સભા કરી. પાટીદારોએ રસોઈ આપી હતી તેથી તેઓ ત્યાં પૂજા કરવા આવ્યા. ગામમાં જેટલા બાઈ ભાઈ મનુષ્યો હતા તે પણ બધા ત્યાં આવ્યા.

બાઈઓ ભેળી બાઈઓ બેઠી અને પુરુષોમાં પુરુષ બેઠા. સંતો કીર્તન ગાતા હતા. તે વખતની સભા અલૌકિક દેખાતી હતી. ભક્તોએ કેસરી ચંદન અને કુંકુમ લઈને શ્રીહરિની પૂજા કરી અને ભારે માંહેલા શાલ દુશાલા ઓઢાડ્યા. પછી તેમણે કપૂરની આરતી કરી અને સ્તુતિ કરી, રૂપિયાનો થાળ ધરીને શ્રીહરિની આગળ ધરી દીધો. સૌ મસ્તક નમાવી હાથ જોડીને પગે લાગ્યા અને એક એક પછેડી સંતોને ઓઢાડી દીધી. વર્ણી અને પાર્ષદોને પણ કેસરી ચંદન ચર્ચી ફૂલહાર પહેરાવીને પછેડીઓ ઓઢાડી.

- **બાવાના શિષ્યો શ્રીહરિ પાસે આવ્યા ને કહ્યું : તમે ભગવાન હો તો અમને પરચો બતાવો. ત્યારે શ્રીહરિ કહે અમે શું પરચો આપીયે ? તમારો બાવો પરચો આપશે**

  સાંજની સભામાં બાવાએ પોતાના શિષ્યો જે ગામલોકો તેને

ઉશ્કેરીને મોકલ્યા તે સભામાં આવીને શ્રીહરિને કહે તમે ભગવાન કહેવાઓ છો તો અમને પરચો આપો. શ્રીહરિ કહે અમે શું પરચો આપીએ. પરચો તો તમારો બાવો આપશે ! અમારા સાધુ છે તેમની પાસે ધર્મ પળાવીએ છીએ. ને અમારા સાધુ મંત્ર જંત્ર કાંઈ જાણતા નથી. ધન અને નારીથી દૂર રહે છે અને મોક્ષ માટે કેવા ગુરુ કરવા જોઈએ અને કેવા ન કરવા જોઈએ. તેના લક્ષણ શાસ્ત્રમાં લખ્યા છે. સાધુને તો શમ દમ વેગરે સાચા ગુણો હોય છે. જે ગુરુ પરચો દેખાડે તેવી વાત ક્યાંય લખી નથી. બાજીગર સાચા હોય તે બહુ પરચો દેખાડે છે પણ મોક્ષ ન કરે. માટે ધર્મવાળા હોય તે સભામાં બેસો ને બીજા જાવ બાવા પાસે.

બીજે દિવસે સવાર થયું ત્યાં તો તે રાતમાં જ બાવો મુખી પટેલની દીકરીને લઈને જતો રહ્યો. ત્યારે સૌને મનમાં થયું કે સાચો ધર્મ તો સ્વામિનારાયણનો છે. એમ સમજ્યા ને ગામના ભક્તજનોએ આવીને શ્રીહરિને તે બાવો ભાગી ગયો તે વાત જણાવી. મહારાજનું અપમાન કર્યું તેથી તે બાવાનું અંતઃકરણ બગડ્યું ને આવા દંભી બાવાને સાથ સહકાર આપવા બદલ મુખી પટેલને પસ્તાવાનો વારો આવ્યો ને જગતમાં તેની ફજેતી થઈ.

● **શ્રીહરિએ સંતોની પંક્તિમાં પીરસતી વખતે લીલા કરી**

ભગવાન સ્વામિનારાયણ મેઉ ગામથી લાંઘણજ ગામે પધારતા હતા. શ્રીવ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! લાંઘણજમાં રામચંદ્ર નામના ભાવસાર ભક્ત રહેતા હતા. શ્રીહરિ પધારે છે એવા સમાચાર સાંભળી તેઓ પરિવારે સહિત અજીત એવા શ્રીપુરુષોત્તમ નારાયણની સન્મુખ જતા હતા. બીજા પુરવાસી ભક્તો પણ સામે જતા હતા. બધા ભક્તો મહાપ્રભુને પ્રણામ કરી યથાશક્તિ ભેટ મુકતા હતા. રામચંદ્ર ભાઈના આગ્રહથી શ્રીજીમહારાજ તેમના ઘેર પધાર્યા. રામચંદ્રે મહાપ્રભુને શ્રેષ્ઠ ઉતારો આપ્યો તથા બીજા સંતો મુનિઓ

પદાતિઓ વગેરેને પણ યોગ્ય સ્થળે ઉતારો કરાવ્યો. રામચંદ્રભાઈના પુત્ર ગણેશભાઈ તથા ઝુમખરામ અને નાગરભાઈ આદિ ભક્તો તેમજ બીજા પણ તે ગામના ભક્તો શ્રીજીમહારાજની સેવામાં ખડે પગે રહેતા હતા. વિવિધ પ્રકારના ભોજન તૈયાર કરવામાં સોનાબા, માનીબા વગેરે ગામની સ્ત્રીઓ પણ સેવાઓ આપતી હતી. તે ગ્રામીણ સ્ત્રીઓ આગળ શ્રીજીમહારાજ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ધર્મ, તેનું ફળ, અધર્મ અને તેનું ફળ, તેમજ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી સરળ વાણીમાં વાર્તા કરતા હતા. ત્યાં મુકુંદ બ્રહ્મચારીએ સુંદર થાળ તૈયાર કર્યો તે પોતે જમ્યા. તે પછી મુખવાસ લઈ, જમવા માટે બેઠેલા સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. પોતાનો ખેસ આડસોડે ડાબે ખંભે નાખ્યો. એજ ખેસથી કેડ્ય બાંધી. બ્રહ્મમુનિ આદિ સંતોના પાત્રોમાં સુંદર લાડુ મૂકી રહ્યા હતા એવામાં તે પંક્તિમાં એક કુતરું આવી ચડ્યું. શ્રીહરિએ પોતાના હાથમાં રહેલો લાડુ તે કુતરાને માર્યો. આથી કુતરું બૂમો પાડતું પાડતું ત્યાંથી ભાગી ગયું. ત્યારબાદ શ્રીહરિ સર્વ સંતો વર્ણિઓને વારંવાર પીરસી તૃપ્ત કરી પોતાના ઉતારે પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૨)*

- **લાંઘણજમાં માણસાના ગંગાદાસ સુતારે કાષ્ઠના પાત્ર સંતો માટે લાવ્યા**

ત્યાં માણસા ગામના ગંગાદાસ નામે સુતાર હરિભક્ત કાષ્ઠના સારાં પચાસ જેટલા પાત્ર સંતોને માટે બનાવી લાગ્યા. તે લાવીને શ્રીહરિની આગળ મૂક્યા. તેને દેખીને શ્રીહરિ અપાર પ્રસન્ન થયા અને તેને મનોહર ચરણારવિંદ આપ્યા. તેને ફૂલના હાર આપ્યા ને જિજ્ઞાસાનંદમુનિ તે પાત્રનો ભાર ઉપાડીને લાવ્યા હતા એટલે તે બન્ને સંતને પણ હાર આપ્યા. બીજા સંતનું નામ નિષ્કામાનંદ સ્વામી હતું. તેઓ આનંદથી બોલ્યા કે ‘આ સુતાર હરિભક્તે ઘણો શ્રમ કર્યો છે.’ ત્યારે શ્રીહરિએ કહ્યું, ’હરિભક્તોની શી વાત કહેવી ? તે તો સાક્ષાત્

કલ્પવૃક્ષ છે. સંતો અને અમારા માટે હરિભક્તોને જે કાંઈ કરવું હોય તેમાં તેમના મનમાં ઘણો ઉત્સાહ રહે છે.' આપણે મનમાં જે રીતે ધારીએ છીએ તે રીતે તરત જ તે કામ કરી દે છે. આજના દિવસોમાં જગતમાં હરિભક્તોના જેવું કોઈ નથી.

આવું બોલીને રંગભીના શ્રીહરિએ સહુ પહેલા મુક્તાનંદ સ્વામીને પાત્ર આપ્યું તે પછી બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી આદિ મોટા મોટા સંતોને પાત્ર આપ્યા. પહોંચે ત્યાં સુધી સહુને એક એક પાત્ર આપ્યું. પછી શ્રીહરિએ કહ્યું કે, 'હવે જે સંતો રહ્યા છે તેમણે જ્યારે પાત્ર મળે ત્યારે તે જિંદગીભર રાખવા, તેનો ત્યાગ કરવો નહિ. અને જ્યારે તુંબડા મળે ત્યારે એક એક તુંબડું પણ રાખવું.' શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે ગામના મુખી પટેલ શ્રીહરિની પાસે આવ્યા. ચરણમાં રૂપિયો ધર્યો અને પછી પગમાં પડ્યા. હરિભક્તોએ કહ્યું કે 'આ અમારા મુખી આવ્યા છે.' ત્યારે શ્રીહરિએ તેને યોગ્ય શબ્દોથી બોલાવ્યા, સત્કાર કરીને બેસાડ્યા. પછી વાત કરીને સંત અસંતના લક્ષણો કહીને તેમને સમજાવ્યા ને તેમને સાચી વાત સમજાણી ત્યાર તે મુખી પટેલ બોલ્યા, 'તમે ચોક્કસ મનુષ્ય દેહધારી ભગવાન છો. તે સિવાય આવી વાત કોઈ કરી શકે નહિ. વાતમાં જ મેં આપને પારખી લીધા છે. જેટલા વેરાગી અને વિપ્રો છે તે બધા પેટ ભરવા માટે જ મહેનત કરે છે. આટલા દિવસ સુધી જે તે રીતે પણ તેઓ અમને ભરમાવતા રહ્યા છે. તે વેરાગી અને વિપ્રો સંતો હરિભક્તોમાં દોષ દેખાડીને નિરંતર વાતો કરતા તેથી હું જે રીતે આપનો દ્રોહ કરું તે રીતે જ તેઓ મને કહેતા. આજ હું આપની મશ્કરી કરવાનું ધારીને અહીં આવ્યો હતો. પણ અહીં આવીને મેં જ્યારે આપને જોયા ત્યારે મને આપ નિર્વિકારી દેખાયા છો. હું કાંઈ આડું અવળું બોલ્યો છતાં આપે તે બધું સહન કરતા રહ્યા. જેનામાં કાર્ય કરવાની શક્તિ હોય તે મોઢે ચાહે તેવું બોલે.

મુખી શ્રીહરિને પગે લાગીને જ્યારે ઊઠ્યા ત્યારે શ્રીહરિએ તેને ઘણા ભાવથી ફૂલનો હાર આપ્યો. શ્રીહરિ લાંઘણજથી ડાંગરવા પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ ૬૫ થી ૬૮ તથા શ્રીહરિ લીલામૃત કળશ-૭ વિશ્રામ-૭૪)*

● **અંતકાળે મારા જનને જરૂર મારે આવવું**

શ્રીહરિ પોતાના આશ્રિત જનને અંતકાળે તેડવા પધારે છે ત્યારે ક્યારેક રથ લઈને આવે છે, ક્યારેક ગરુડ ઉપર બેસીને આવે છે, ક્યારેક વિમાન લઈને આવે છે, ને ક્યારેક માણકી ઉપર બેસીને આવે છે તો ક્યારેક સંતો સાથે આવે છે. દંઢાવ્ય દેશમાં લાંઘણજ ગામમાં રાત્રીના દશ વાગતે, ઘણાક સાધુ ભેળા છે ને આગળ બે મશાલો બળે છે. એવા શ્રીજીમહારાજને ગામના ઘણાક માણસોએ ચૌટામાં તથા શેરીમાં દીઠા. ને તે ભાવસાર ઉમેદભાઈ નારાયણભાઈને ઘેર જઈને તેમની માને તેડી ગયા. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૫૬)*

● **લાંઘણજના પ્રેમી ભક્ત અમૃતબાઈ**

ગામ લાંઘણજમાં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને અમૃતબાઈ કણબી સત્સંગી હતા. તેને ઘેર મહારાજ પધાર્યા હતા. પછી અમૃતબાઈએ મહારાજને જમવાને માટે બહુ જ આગ્રહ કર્યો પણ મહારાજ કહે અમારે જમવા રોકાવું નથી. પછી શ્રીજીમહારાજ રાતે અમૃતબાઈની વાડીએ આંબા નીચે જઈને રાત રહ્યા. તેની અમૃતબાઈને ખબર પડી. ત્યારે વહેલો થાળ કરીને ચાર વાગે મહારાજ પાસે ગયાં અને છેટેથી બૂમ પાડી જે એ મારા આંબા નીચે કોણ ઉતર્યું છે ? પછી મહારાજ કહે ‘‘એ તો અમે છીએ.’’ અમૃતબાઈ કહે ‘‘અમે કોણ વળી ?’’ ત્યારે ડુંગરજી કહે એ તો મહારાજ છે. પછી અમૃતબાઈ ત્યાં ગયા તેને મહારાજે પૂછ્યું જે અમૃત અત્યારે ક્યાં

જાય છે ? અમૃત કહે મહારાજ મારા સાથીને ભાત દેવા જાઉં છું. મહારાજ કહે દેખાડ તારું ભાત કેવું છે ? પછી ટોપલો હેઠો મેલીને માંહીથી સેવ કાઢી અને દૂધ કાઢ્યું અને સાકરની તાંસળી ભરીને લાવ્યા હતા. અને ઘીનો લોટો વગેરે કાઢ્યાં. ત્યારે મહારાજ કહે કે "અમૃત તારો સાથી આવું ખાય છે ? અમૃતબાઈ કહે મારો સાથી બહુ સ્વાદીયો છે તેને સારું સારું ખાવાનું જોઈએ. મહારાજ કહે તારા સાથી તો અમે છીએ માટે લાવ અમને પીરસ. પછી મહારાજ જમવા બેઠા અને અમૃતબાઈએ મહારાજને સેવ પીરસી અને પછી ઘી પીરસ્યું અને સાકરને બદલે બાજરાના લોટની તાંસળી ભરી ગયા હતા, તેમાંથી બે દોથા લોટના નાંખ્યા તેને ચોળીને મહારાજ બે ગ્રાસ જમ્યા પછી મહારાજ કહે અમૃત દૂધ પણ ભેળું નાખ્ય. પછી મહારાજ કહે હવે રાખ્ય. ત્યારે ડુંગરજી બોલ્યા જે મહારાજ નાંખવા દ્યોને પછવાડે હું છું ને ? પછી વળી એક દોથો લોટ નાંખ્યો પછી મહારાજે થોડું જમીને થાળી ડુંગરજી ભણી હડસેલી મેલી ને કહ્યું જે ડુંગરજી લે પ્રસાદી. ડુંગરજી કહે બહુ સારું મહારાજ લાવો. પછી ડુંગરજી જમવા બેઠા તે બકારીયું ખાવા મંડ્યા અને બોલ્યા જે મહારાજ આ તો ભાવતું નથી અને કહો તો ભોંમાં ભંડારું. મહારાજ કહે નો ખા તો તારે માથે થપેડું. અમૃત બાઈ કહે આ શું ? સેવ સાકર ને દૂધ છે તેમાં ડુગંરજીભાઈ બકારીયું ખાય છે ? પછી જ્યાં જુએ ત્યાં તો તાંસળીમાં બાજરાનો લોટ ભરેલો દીઠો તે જોઈ અમૃતબાઈ બોલી જે અરર.... મહારાજ હું તો સાકરને બદલે લોટ લાવીશું. પછી મહારાજે ડુંગરજીને કહ્યું જે ખા ડુંગરજી ખા. થાળ જમતા તારે બહુ સારુ લાગ્યું હતું કેમ ? મહારાજ કહે નો ખા તો તારે માથે થપેડું. પછી ડુંગરજી જમવું પડ્યું મૂકીને પાણી પીને મહારાજ સાથે બીજે ગામ ગયા. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો વાર્તા-૩૨૩)*

● **શ્રીહરિએ લાંઘણજમાં સંતોને શીરાના દાતણ કરાવ્યા**

શ્રીજીમહારાજ લાંઘણજ પધાર્યા હતા અને સાથે બસેંહે સંત હતા. અને ગામમાં બ્રાહ્મણોની ચોરાશી હતી. તે ભેળી સંતની પણ રસોઈ કરી હતી. પછી બ્રાહ્મણોએ વિચાર્યું કે આપણે પ્રથમ જમી લેવું ને પછી સાધુ જાણે. પછી મહારાજે તેમનો સંકલ્પ જાણીને બોલ્યા જે બ્રાહ્મણ સંતને જમ્યા વગર રાખશે, માટે પહેલા સંતને જમાડી લીધા હોય તો ઠીક અને બ્રાહ્મણોએ આખી રાત બધી રસોઈ કરીને તૈયાર કરી હતી ને પછી સૂતા. પછી સંત ચાર વાગ્યે ઉઠીને નહાવા ચાલ્યા ત્યારે મહારાજ બોલ્યા જે "મહાપુરુષો ક્યારેય શીરાના દાતણ કર્યા છે ?" ત્યારે સંત કહે ના મહારાજ શીરાના દાતણ કર્યા નથી. મહારાજ કહે, "આજ તો શીરાના દાતણ કરો." પછી હરિજનના ફળિયામાં સંતની પંક્તિ કરી અને મહારાજે સંતને શીરો પીરસીને ખૂબ જમાડ્યા. પછી મહારાજ કહે મહાપુરુષો હવે દાતણ લઈને નહાવા જાઓ, અને પછી બ્રાહ્મણની ચોરાશીમાં ટૂટો આવ્યો તે ફરી રસોઈ કરીને બ્રાહ્મણ જમ્યા. એમ મહારાજે બ્રાહ્મણોનો સંકલ્પ જાણીને સંતોને જમાડી લીધા. પછી તે સૌ બ્રાહ્મણો મહારાજને પગે લાગ્યા. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો વાર્તા-૪૨૧)*

● **ઈર્ષ્યા ન કરવાના કામો કરાવે છે**

લાંઘણજ ગામમાં શ્રીહરિના આશ્રિતો ઘણા રહે છે તેમાં ભાવસાર કુટુંબમાં એક હરિભક્તને બે પત્નીઓ હતી. તેમાં પહેલા ગંગાબાઈ હતા ને બીજા લગ્ન સોનબાઈ સાથે થયેલા. શ્રીહરિ ઘણીવાર લાંઘણજ પધાર્યા છે ને ત્યાં ભક્તજનોના ઘેર થાળ પણ જમેલા છે.

એકવાર શ્રીહરિ ભાવસાર પરિવારમાં ગંગાબાઈના ઘેર રોકાયા હતા ને ગંગાબાઈ રસોઈ કરતા હતા. તે બે દિવસ ગંગાબાઈનો થાળ શ્રીહરિ જમ્યા તેથી સોનબાઈને ઘણી ઈચ્છા મહારાજને જમાડવાની પણ કરે શું ? ગંગાબાઈ તેમનું ચાલવા દેતા નહિ. તેથી અંતરમાં

રડ્યા કરે કે અરેરે... મહારાજ મારે ઘેર પધાર્યા ને હું અભાગણી તે મારા હાથની રસોઈ મહારાજને ન જમાડી શકી. અંતર્યામી પ્રભુએ સોનબાઈને પૂછ્યું કે સોનબાઈ તમને રસોઈ બનાવતા આવડતી નથી ? સોનબાઈ બોલ્યા : મહારાજ ! રસોઈ બનાવતા તો આવડે છે પણ ગંગાબાઈ મને ક્યાં બનાવવા દે છે. પછી ત્રીજે દિવસે શ્રીહરિએ ગંગાબાઈને કહ્યું કે, હવે કાલથી સોનબાઈને રસોઈ કરવા દેજો. બે દિવસ તમે રસોઈ બનાવી છે તેથી તેમને લાભ અપાવો.

ત્રીજે દિવસે સોનબાઈ પવિત્ર થઈને રસોઈ બનાવવા લાગ્યા. સોનબાઈ શહેરના હતા તેથી રસોઈ સારી બનાવી જાણતા હતા. તેથી ગંગાબાઈએ વિચાર્યું કે જો શ્રીહરિ સોનબાઈના હાથની રસોઈ જમશે તો પછી ફરી વાર મારી બનાવેલી રસોઈ જમશે નહિ. એમ વિચાર કરીને તેમણે એક યુક્તિ કરીને ઝીણી રેતી ચાળીને સોનબાઈ જરા આઘા-પાછા કામમાં હતા ત્યાં લાડુના દળમાં તે રેતી ભેળવી દીધી. ને એક વાટકો ભરીને મીઠું દાળમાં નાખ્યું. આ વાતની સોનબાઈને જરા પણ ખબર ન પડે તેવી રીતે નાખ્યું હતું.

રસોઈ તૈયાર થઈને મહારાજને થાળ જમવા માટે બોલાવ્યા ને એક બાજોઠ મહારાજને બેસવા માટે અને એક બાજોઠ ઉપર મોટો થાળ ભરીને મેલ્યો તેમાં લાડુ, ભજિયા, ચટણી, બે શાક, દાળ-ભાત-પાપડ, દહીં તથા જળનો લોટો મૂક્યો. શ્રીહરિ સોનબાઈની બનાવેલી રસોઈ લાડુ-ભજિયા વગેરે જમતા જાય અને વારે વારે રસોઈના વખાણ કરતા જાય. સોનબાઈ રસોઈ બહુ સ્વાદિષ્ટ અને સારી બનાવી છે. લાડુ પણ ખૂબ સારા થયા છે. એમ કહીને એક લાડુ વધારે જમ્યા ને દાળ પણ બહુ સારી છે એમ કહીને એક વાટકો દાળ પણ માગીને લીધી. રસોઈ જમીને શ્રીહરિ છેલ્લે દૂધ-ભાત દહીં ને સાકર જમ્યા પછી ચળું કરીને મુખ તથા હાથ ધોઈને રૂમાલથી લૂછીને પછી મુખવાસ

જમ્યા ને કહ્યું : સોનબાઈ તમે બહુ સારી રસોઈ બનાવી છે તો કાલે પણ તમે જ રસોઈ બનાવજો અમે કાલે જમીને ચાલશું.

ગંગાબાઈએ વિચાર્યું કે આજ મને તો એમ હતું કે, હમણા મહારાજ જમતા જમતા સોનબાઈને વઢશે કે લાડુમાં કાંકરી આવી તે દાળ આટલી બધી ખારી કરી છે, પરંતુ આતો ઉલટું થયું ને મહારાજે તો સોનબાઈને વખાણ્યા ને કાલે રસોઈ બનાવવાનું પણ કહ્યું અને જો કાલે રસોઈ સારી થશે તો શ્રીહરિ જ્યારે લાંઘણજ આવશે ત્યારે મને રસોઈ બનાવવાનું નહિ કહે, તેથી તેમણે મનમાં યુક્તિ કરી કે આજે તો સોનને મહારાજ વઢશે જ એમ વિચારી ચોથે દિવસે રસોઈ કરવામાં સોનબાઈ લાગી ગયા ને લાગ જોઈને ગંગાબાઈએ લાડુના દળમાં મોટી રેતી ભેળવી દીધી જેથી લાડુ જમતા તરત જ મહારાજ સોનબાઈને વઢશે. અને દાળમાં મીઠું પણ બે વાટકા ભરીને નાખ્યું. કાલે એક વાટકા દાળમાં મહારાજને ખબર ન પડી તેથી આજે વધારે નાખ્યું.

રસોઈ સંપૂર્ણ બની ગઈ એટલે શ્રીહરિને જમવા બોલાવ્યા ને બાજોઠ પર બેસાડ્યા ને બીજા બાજોઠ પર થાળ પીરસીને મૂક્યો બાજુમાં જળનો લોટો મૂક્યો. પ્રભુ ભાવના ભૂખ્યા છે. પ્રેમના ભૂખ્યા છે. સોનબાઈના નિર્દોષ પ્રેમને લઈને પ્રભુ આજે કાંકરા નાખેલા લાડુ જમે છે ને વખાણ કરે છે સોનબાઈ લાડુ બહુ સરસ બનાવ્યા છે હો ! એક લાડુ લાવો વધારે જમીએ. એમ કહીને ત્રીજો લાડુ મહારાજ જમ્યા ને દાળ ખારી હતી તો પણ દાળનો એક વાટકો માગીને લીધો ને બોલ્યા દાળ પણ બહુ સારી બની છે. મહારાજ આજ ખૂબ પેટ ભરીને જમ્યા ને ચળુ કરીને મુખવાસ લઈને જમ્યા. પછી બોલ્યા સોનબાઈ હવે અમે અત્યારે બીજા ગામે જવાનું હોવાથી જઈએ છીએ. ત્યારે ગંગાબાઈ કહે અરે મહારાજ એમ કાંઈ જવાય નહિ. તમે એક દિવસ વધુ રોકાવ ને મારી બનાવેલી રસોઈને જમીને જ

જાજો. એમ ખૂબ આગ્રહ કર્યો ત્યારે મહારાજ બોલ્યા ગંગાબાઈ આ સોનબાઈએ બનાવેલી રસોઈમાં તમારો પણ હાથ હતો જ ને. છતાં પણ ગંગાબાઈ મહારાજને રોકાવા આગ્રહ કરે છે ને રડવા લાગ્યા કે હે મહારાજ કાલનો દિવસ મારી રસોઈ જમીને પછી જ જાવ. મહારાજ બોલ્યા કે ગંગાબાઈ તમે તો મારી સામે રડો છો ને હું કોની સામે રડું બે દિવસથી રેતી-કાંકરા વાળો લાડુ ખાઈને તો મને પેટમાં દુઃખે છે અને ત્રણ વાટકા મીઠું નાખેલી ખારી દાળ ખાઈને તો મને ઝાડા થઈ ગયા છે. આ શ્રીહરિના શબ્દો સાંભળીને ગંગાબાઈ તો ઘરમાં સંતાઈ ગયા કે મહારાજને વળાવવા પણ આવી શક્યા નહિ. ઈર્ષ્યાને કારણે જેમની પાસે મોક્ષ લેવાનો છે ને જેને જમાડીને રાજીપો લેવાનો છે તેમને પણ ન ખવરાવવાનું ખવરાવ્યું ને સામો અપરાધ લીધો. *(સંત પરંપરાથી સાંભલેળ વાત)*

- **શ્રીહરિને મળેલા લાંઘણજના ભક્તજનો**

પ.ભ.શ્રી રામાભાઈ ભાવસાર - પિતા
પ.ભ.શ્રી ગણેશભાઈ ભાવસાર - પુત્ર
પ.ભ.શ્રી ઝુમખરામભાઈ વિપ્ર
પ.ભ.શ્રી નાગરદાસભાઈ સોની
પ.ભ.શ્રી ભાઈચંદભાઈ સોની
પ.ભ.શ્રી માનસિંઘભાઈ પટેલ
પ.ભ.શ્રી ગોપાળભાઈ
પ.ભ.શ્રી ભાવસંગભાઈ
પ.ભ.શ્રી કરશનભાઈ
પ.ભ.શ્રી દાનસંગભાઈ
પ.ભ.શ્રી દયાળભાઈ
પ.ભ.શ્રી મયાચંદભાઈ
પ.ભ.શ્રી હેમરાજભાઈ
પ.ભ.શ્રી રામજીભાઈ
પ.ભ.શ્રી નારાયણભાઈ
પ.ભ.શ્રી અભેરામભાઈ
પ.ભ.શ્રી ભુધરભાઈ
પ.ભ.શ્રી હરજીવનભાઈ
પ.ભ.શ્રી નિર્ભયભાઈ
પ.ભ.શ્રી સોનબાઈ ભાવસાર
પ.ભ.શ્રી ગંગાબાઈ ભાવસાર
પ.ભ.શ્રી ઝૂમાબાઈ
પ.ભ.શ્રી અમૃતબાઈ પટેલ

● **પ્રસાદીના સ્થાનો**

**(૧) તળાવ :** આ તળાવમાં શ્રીહરિ ઘણીવાર નાહેલા છે તેથી પ્રસાદીનું છે.

**(૨-૩) હનુમાનજી મંદિર તથા વડ :** અહીં શ્રીહરિ પધારેલા ને તે વખતે હનુમાનજીની જગ્યાના બાવાજીએ મહારાજને ત્યાં ઉતરવા ન દીધાં તે જગ્યા તથા તે વડ નીચે શ્રીહરિ ઊભા રહ્યા હતા.

**(૪) આંબો :** આ આંબો અમૃતબાઈ પટેલની વાડીનો છે ત્યાં શ્રીહરિ રાત રહ્યા હતા ને થાળ જમ્યા હતા.

● **સોનબાઈનું અથાણું શ્રીહરિ જમ્યા**

કરજીસણમાં નાનાભાઈને કૂવે ઓરડીમાં મહારાજ વિરાજમાન હતા. ત્યાં ગામ લાંઘણજનાં પ્રેમી ભાવસાર બાઈ સોના ચાર શેર રાયતી કેરીનું અથાણું લાવ્યા. તેને તે સમે મહારાજ બધું જ જમી ગયા. *(સદ્.શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૨૭૩)*

● **શ્રીહરિએ લાંઘણજમાં સોનાબાઈનો થાળ જમીને તેને રાજી કર્યા**

મહારાજ સંવત ૧૮૭૫ ની સાલમાં પાંચસો પરમહંસ સહિત દંઢાવ્ય દેશમાં ફરવા પધાર્યા ને ગામ લાંઘણજમાં આવ્યા. ત્યાંના હરિજન ભાવસાર નાગરદાસને તેમના બેન સોનબાઈએ પાંચસો પરમહંસ સહિત મહારાજને ખાંડના લાડુની રસોઈ આપી. ત્યારે ગંગામાં એમ બોલ્યા કે, “સોના, તારું સીધું સારું નથી, તે મહારાજને સારું અમારી પાસે સીધું છે. તેનો થાળ કરશું.” એમ કહીને તેનું સીધું ન લીધું. પછી મહારાજ રોઝે ઘોડે ચઢીને એમને ઘેર સાધુની રસોઈ થતી હતી ત્યાં પધાર્યા. અને ઘોડેથી ઊતર્યા ત્યારે સોનબાઈ મહારાજનાં ચરણોમાં માથું મેલીને રોવા લાગ્યાં.

પછી મહારાજ બોલ્યા કે, ''સોના, શા સારું રુએ છે ?'' એમ કહીને તેને માથે હાથ મેલ્યો. પછી તે સોના બોલ્યા કે, ''મહારાજ, તમે અમારે ઘેર પધાર્યા, ને સર્વે સંત મારી રસોઈ જમે ને તમે ન જમો ત્યારે મારું તે શા કામમાં આવ્યું ?'' ત્યારે મહારાજ કહે, ''આજ તો તમારી રસોઈ છે ને ?'' ત્યારે તે બોલ્યા જે, ''ગંગામાએ એમ કહ્યું જે 'તારો લોટ સારો નથી. ચોખા, દાળ સારાં નથી. તે મહારાજ માટે તારું સીધું નહીં લઈએ.

પછી મહારાજ સાધુના ચોકામાં પધાર્યા ને નિષ્કુળાનંદ સ્વામીએ કામળી પાથરી આપી તે ઉપર બિરાજમાન થયા. નિષ્કુળાનંદ સ્વામીએ પતરાવળીમાં ખાંડના બે લાડુ મૂક્યા, ને રામ પાતરમાં અડદની દાળ પીરસી તે મહારાજ જમવા માંડ્યા. તે જોઈને દામોદર ભક્ત ગંગામાને કહે, ''મહારાજ તો જમવા બેઠા છે !'' પછી ગંગામાએ દામોદર ભક્તને માથે થાળ ચઢાવીને ઉતાવળા ઉતાવળા મોકલ્યા. તેમણે આવીને ક્હયું જે, ''લ્યો મહારાજ ! થાળ જમો.''

ત્યારે મહારાજ બોલ્યા જે, ''જા, તું ને તારી ગંગામાં જમો.'' એમ કહીને ન જમ્યા. ને સોનબાઈને ઘેર બે લાડુ ને બે રામપાત્ર દાળ જમ્યા. અને એમ બોલ્યા જે, ''દાળ બહુ સારી થઈ છે.'' એમ મહારાજે સોનબાઈને રાજી કરી. પછી મહારાજે તેના ફળીયામાં સંતની પંક્તિ કરાવીને સંતને સારી પેઠે પીરસીને અતિશે જમાડ્યા પછી નિષ્કુળાનંદ સ્વામીએ ઊનું પાણી કર્યું, તે વડે સ્નાન કરીને વસ્ત્ર પહેરીને ઘોડે ચઢીને ચાલ્યા. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૨૭૩)*

- **ગળોધર ગામના સંત સ.ગુ.શ્રી યોગાનંદ સ્વામી (મોટા)**

  જન્મ ભૂમિ : ઉત્તર ગુજરાતનું ગળોધર ગામ

  જ્ઞાતિ : રાજપુત ક્ષત્રિય

  જન્મ : સંવત ૧૮૪૧ ચૈત્ર સુદ-૧

પિતાનું નામ : રણજીતસિંહ

માતાનું નામ : રૂપબા

પૂર્વ જન્મના પુણ્ય પ્રભાવથી પવિત્ર વંશમાં જન્મ લેનાર આ રાજવી મુમુક્ષુને બાલ્યાવસ્થામાં જ સદાચારમય ધર્મ સંસ્કારો મળેલા. પોતાના વતનમાં જ ગુજરાતી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરનાર આ મુમુક્ષુને દેવ દર્શન, કથા શ્રવણ, સંત સમાગમમાં પ્રથમથી જ શ્રધ્ધા હતી.

સંત સમાગમ અને મોક્ષ પ્રાપ્તિ નિમિત્તે તીર્થયાત્રા કરનાર તેમને અમદાવાદ પાસેને કણભા ગામમાં ભગવાન સ્વામિનારાયણના દર્શન થયા. વિનય, આદર અને સ્નેહથી શ્રીહરિના દર્શન કરનારા આ મુમુક્ષુને શ્રીહરિએ આદરથી બોલાવ્યા, પાસે બેસાર્યા અને તેનો પરિચય મેળવ્યો. શ્રીહરિના દર્શનથી શાંતિ પામેલ તેઓને શ્રીહરિએ બે-ચાર દિવસ રોકાવાનો આગ્રહ કર્યો. તે આગ્રહથી તેઓ શ્રીહરિના સેવા સમાગમ માટે રોકાયા. શ્રીહરિ અને સંતો તથા સત્સંગીઓના સદાચાર, નિયમો વગેરે જોઈને પ્રભાવિત થયેલ તેઓશ્રીએ ત્યાં જ રોકાઈ જવાનો નિશ્ચય કરીને શ્રીહરિને કહ્યું કે, ''મારે આપની સેવામાં જ રહેવું છે. બીજે ક્યાંય પણ જવાની ઈચ્છા નથી.'' તેમની ઈચ્છા મુજબ શ્રીહરિએ અનુમતિ આપી અને તેઓશ્રી સંતો સાથે રહ્યા. સમય જતા એક વખત શ્રીહરિ અને સંતો વહેલાલ ગામમાં આવ્યા અને જેસંગભાઈના ઘેર ઉતર્યા. તે સમયે આ મુમુક્ષુએ પોતાને સાધુ દીક્ષા આપવાની શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ તેને સાધુ દીક્ષા આપીને યોગાનંદ નામ રાખ્યું. સમય જતાં શ્રીહરિની આજ્ઞાથી તેઓશ્રીએ સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કર્યો અને ઉત્તમ કોટીના વિદ્વાન થયાં.

**સ્તુતિ પ્રાર્થનાના રચયિતા** : સ.ગુ. યોગાનંદ સ્વામીએ શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના વિષયક વિવિધ સ્તોત્રો સંસ્કૃત ભાષામાં રચીને શ્રીહરિ અને સંતોને સંભળાવ્યા. જે સાંભળીને શ્રીહરિએ તેમનું સન્માન કરેલું.

**શાસ્ત્ર રચયિતા** : ઉત્તમ કોટીના કવિ સ્વામી યોગાનંદજીએ મણિરત્ન માળાની સમાન 'પ્રશ્નોત્તર સાગર' નામનો લઘુગ્રંથ ભાષામાં રચેલ છે. તથા 'બુધરંજની' નામનું સંસ્કૃત પુસ્તક લખેલ છે. જેમાં તેમની વ્યાકરણ શાસ્ત્રની વિદ્વતા દેખાય છે. આ બન્ને ગ્રંથો સાનુવાદ પ્રકાશિત થયેલ છે.

**સદ્‌ગુરુ પદવી** : સ્વામીશ્રીની વિદ્વતા, સદ્‌ગુણો અને સત્સંગ પ્રત્યેની આત્મીયતા વગેરે આદર્શજીવન જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને સદ્‌ગુરુ પદવી આપીને સન્માનિત કરેલા. આ બાબત વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮ માં છે.

**કાઠી દરબારોમાં સત્સંગ પ્રચાર** : તે સમયમાં કાઠિયાવાડમાં કાઠી દરબારનું રાજ્ય હતું. તેમાં ખુમાણ અટકના કાઠી દરબારોના વિસ્તારમાં વિચરીને સ્વામીશ્રીએ તેઓને સત્સંગનો મહિમા સમજાવીને શ્રીહરિના આશ્રિત આદર્શ સત્સંગી કરેલા.

**તપોમય જીવન** : પૂ. સ.ગુ. શ્રી યોગાનંદ સ્વામીએ લોયામાં ઘણું રોકાયેલાને તેમને ત્યાં બહુ તપ કરેલું હતું. આજે તેમનું શિષ્ય સંત મંડળ બહુ વિસ્તારવાળું છે.

શ્રીહરિ અંતર્ધાન થયા પછી ઈષ્ટદેવના વિયોગરૂપી વિરહથી વ્યથિત સ્વામીશ્રીએ વિરહ વિષયક સ્તુતિ પાર્થના રચીને શ્રીહરિની સ્તુતિ કરી છે. શ્રીહરિના વિરહથી વ્યથિત સ્વામીશ્રી સંવત ૧૯૦૨ ના જેઠ વદ-૪ ને ગુરુવારે પંચભૌતિક દેહ તજીને ગઢપુરમાં અક્ષરવાસી થયા. *(સંત સુમન સ્રજ-૬૦)*

## દયાળુ પધાર્યા દેવડા ગામે

(૧) શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે કડા થઈને દેવડા ગામે પધાર્યા. તે ગામમાં પોતાની આશ્રિત એવી ભાટ જ્ઞાતિની કોઈ બહેને શ્રીહરિની ભક્તિ ભાવથી પૂજા કરી. તેનો સ્વીકાર કરી શ્રીહરિ લાસડી ગામે પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૨)*

- **શ્રીહરિને મળેલા દેવડાના ભક્તજન**

  પ.ભ.શ્રી હરખશા વણિક

  પ.ભ.શ્રી મોતીબા વણિક

  પ.ભ.શ્રી માતમભાઈ ભાટ

  પ.ભ.શ્રી એક ભાટ બહેન

-: ચોપાઈ :-

*ગામ દેવડામાં મહારાજ, આવ્યા હરખાનું કરવા કાજ ॥*
*ઘરાણે બેડુ મૂકી જમાડ્યા, શ્રીહરિને આનંદ પમાડ્યા ॥૧॥*
*પછી રાજી થઈ સુખસાજ, આપ્યું દ્રવ્ય સાર્યું તેનું કાજ ॥*
*હતો નિર્ધન તેહ જન, તેનો અર્થ સાર્યો ભગવાન ॥૨॥*
*બે હજાર મણ દાળ લીધી, તેની વખારો ભરાવી દીધી ॥*
*એવી રીતે તેનું કષ્ટ કાપી, ચાલ્યા છે મોક્ષનો વર આપી ॥૩॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૪)*

**(૨) ભક્ત વત્સલ ભગવાન ભક્તનું કષ્ટ કાપવા દેવડા પધાર્યા**

*"વણિક ભક્ત છે ગામ દેવડા, નિયમ નિશ્ચયને વચને બેવડા,*
*વચન પાલક છે ભક્ત હરખશા, બાઈ મોતીબા સત્સંગ સુધાશા."*

પોતાની આર્થિક સ્થિતિ નાજુક પોતાનું ગુજરાન ચલાવે પણ ઉત્સવ સમૈયામાં સેવા માટે પહોંચી જાય. સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ પોતાના આશ્રિતોને આગામી વર્ષ ૧૮૬૯ એટલે અગણોતરા કાળનું કે ભયંકર કપરો કાળ પડશે રૂપિયા દેતા અનાજ નહિ મળે

માટે ઘરેણાં-ઢોરા વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો. ને કોઠીના ઉપલા ઢાંકણાને છાંદી દેજો ને સાણેથી દાણા કાઢીને વાપરજો. એમ ગામે ગામ કાળ અંગેની વાતો કરીને ભક્તોને ચેતવ્યા હતા. એવી રીતે શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે દંઢાવ્ય દેશમાં મહેસાણા પધારેલા ત્યારે મોતીબા બાઈઓ સાથે ત્યાં ગયેલા અને થાળ જમવા આમંત્રણ આપીને ખૂબ આજીજી કરી.

હે પ્રભુ ! અમ જેવા ભક્તોનો ભાવ પૂરો કરવા અમારે ત્યાં પધારો મહારાજ. આવી પ્રાર્થના સાંભળીને મહારાજ કહે તમો ઘરે જાવ અમે કાલે જ આવીશું. બીજે દિવસે મહારાજ મહેસાણાથી નીકળી ડાભલા ચોકડી થઈને કુકરવાડા થઈ ગામ દેવડા પધારે છે. અહીં પ્રેમી ભક્ત ગામની ભાગોળે સમૈયાની તૈયારી કરીને ઉભા છે. નાની કુમારિકાઓ મોતી ભરેલા કુંભને શ્રીફળ માથે મુકી સુંદર મજાના મંગળ ગીતો ગાય છે તેવામાં માણકી ઘોડીના ડાબલાનો અવાજ સંભળાયો દૂર દૂર ધૂળની ડમરીઓ ઉડતી દેખાય છે. ત્યાં એકા એક મહારાજ આવી ગયા. મરક મરક હસતા સૌના દિલ જીતી લીધા મોતીબાએ થાળ ભરીને મોતીડે વધાવ્યા. આરતી કરી પોતાને ઘેર વાજતે ગાજતે પધરાવ્યા છે.

*“ધન્ય ! ધન્ય ! ઘડી છે આજની,*
*રૂડી ખબર આપી છે મહારાજની રે,*
*સખી મળી મંગળ ગીત ગાય છે રે,*
*અતિ આનંદ ઉભરાયો જાય છે રે... ધન્ય.”*

આમ હરખભેર મંગળગીતો ગાય છે ને મહારાજને બેસવા બાજોઠ આપે છે, હરખશા મહારાજની આરતી ઉતારે છે પછી મહારાજ બાજુમાં બેસાડીને છાની વાત કરે છે. જુઓ ભગત આપણે સીધો સાદો થાળ બનાવવાનો છે, દાળ ને રોટલા સિવાય કાંઈ જ ખોટો ખર્ચ કરવો નથી. હરખશા કહે સારુ મહારાજ એમ કહી ઘરમાં

ગયા મોતીબાને વાત કહે છે મહારાજે દાળ રોટલા બનાવવાના કહ્યા છે. મોતીબા કહે અરે મહારાજ આજ આપણે ત્યાં આવ્યા એને શાક રોટલા થોડા જમાડાય આ લ્યો સોનાની વીંટી, આને ગીરવે મુકીને દૂધપાક, માલપુવાની રસોઈનું સીધું લેતા આવો. હરખશા ઉતાવળે જઈ વીંટી મુકીને સીધુ લઈને આવ્યા મોતીબાએ તુરંત રસોઈ બનાવી થાળ તૈયાર કરી મહારાજને જમવા પધારવાનું કહ્યું. મહારાજે કહ્યું થાળમાં બહુ વાર લાગી છે તેથી રોટલા શાક નહી હોય બીજું બનાવ્યું હશે તો તમારે દંડરૂપે રૂપિયા પાંચસો પુરા અમને આપવા પડશે તો જ અમે થાળ જમીશું અમને એવું લાગે છે કે તમે પૈસે ટકે સુખી છો તો અમારી શરત પૂરી કરો.

હરખશા અંતરથી મુંઝાયા છે કે વીંટી ગીરવે મુકી ત્યારે થાળ બન્યો છે. હવે પાંચસો રૂપિયા ક્યાંથી કાઢવા. તુરત મોતીબાએ પટારો ઉઘાડી પોતાના દાગીનાનું પોટલું આપીને કહે જાઓ કુકરવાડા જઈ આ દાગીના આપી પૈસા લેતા આવો. હરખશાના હાથમાં દાગીના આવતા હરખમાં આવી ગયા. તુરત જઈ દાગીના મૂકી રૂપિયા લાવી મહારાજના ચરણમાં મૂક્યા. બેય જણા હરખાતા હરખાતા મહારાજને ભાવથી થાળ જમાડે છે, અને મહારાજ પણ ભક્તોના પ્રેમને વશ થઈ ખૂબજ જમે છે.

*"વાલો મારો પ્રેમને વશ થયા રાજી, શું કરે ત્યાં પંડિતો ને કાજી.."*

મહારાજ થાળ જમી ચળુ કરી મુખવાસ લઈ ઢોલિયે બિરાજ્યા છે અને સુંદર વાત કરી છે કે ખરેખર ભક્તો તમારા પ્રેમને વશ થયો છું. તમારી આજ્ઞા, ઉપાસના, નિષ્ઠા અને અમારામાં પ્રગટ ભાવ તમને ખૂબજ છે. ધન્યવાદ તમને તમે ત્રણ જન્મથી અમને પામવા ઈચ્છતા હતા પણ આ જન્મે અમારો યોગ થયો. આ તમારો છેલ્લો જન્મ છે. અમારામાં અપાર શ્રધ્ધા, વિશ્વાસ રાખી ભજન-સ્મરણ જે કોઈ કરશે તેનું આ લોકમાં સુખ અને પરલોકમાંય સુખી થશે.

આમ શ્રીજીમહારાજે વાત કરી જે કાં જપ હોમ, દાન, પુણ્ય થાય છે તે શ્રધ્ધાએ, વિશ્વાસે કરેલ કર્મ યોગ્ય ફળ આપે છે માટે તમે અમારા વચને વિશ્વાસ પાંચસો રૂપિયા માંગ્યા તો પણ તમે એમ પણ પૂછ્યું નહી કે તમારે શું કરવા છે ? એક પણ સંકલ્પ મનથી કર્યો નહી, ધન્ય છે તમારી સમજણને.

પછી મહારાજ કહે હરખશા અમારે હવે જવું છે તો તમે મારી સાથે વીસનગર આવો. તો પણ મોતીબાએ એક પણ સવાલ ન કર્યો કે મહારાજ ત્યાં શું કામ છે ? મોતીબાએ પંચાગ પ્રણામ કરી મહારાજને પ્રાર્થના કરી કે આ રીતે ગરીબ ભક્તના ઘરે મહારાજ આવતા રહેજો અને રજા આપી. મહારાજ અને હરખશા વીસનગર આવે છે. હરખશાને કહે તમે જે પાંચસો રૂપિયા આપેલા છે તેની અમારે તુવેરદાળ ખરીદવી છે એક વેપારી પાસેથી રૂપિયાની ચાર મણ દાળ મળે છે એવી બે હજાર મણ તુવેરદાળ ખરીદી ગોડાઉનમાં ભરાવી દીધી. મહારાજ હરખશાને કહે તમે ઘેર જાવ ને અમે હવે ગઢપુર જઈએ છીએ.

સમય જતાં ૧૮૬૯ માં ભયંકર દુષ્કાળ પડ્યો. એ વખતે હરખશાએ ગઢપુર આવીને મહારાજને કહ્યું કે નબળું વરસ છે, કપરા કાળમાં દાળ સાચવવી મુશ્કેલ છે માટે દાળ વેચી દો તો સારૂ. ને તુવેર ચાર રૂપિયે મણ થઈ છે. ને ચોરનો ભય લાગે છે. માટે કાં તુવેર મંગાવી લ્યો તો ઠીક. ત્યારે મહારાજ કહે, ‘‘અમારે જોઈતી નથી. એ તો તારા સારુ લેવરાવી હતી. માટે તું વેચીને રૂપિયા કરી લેજે.’’ પછી વેચી તે આઠ હજાર રૂપિયા આવ્યા. એમ મહારાજે કાળમાં રક્ષા કરી. *(નારી રત્ન-૧૮ તથા સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૩૮૨ તથા શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય-૫૨)*

## ગેરીતા ગામનો મહિમા

સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે ગેરીતા પધાર્યા. ને ત્યાં પરમહંસો કર્યા. અને પગમાં પગરખા પાવલાં પહેરવા નહી તેવી આજ્ઞા કરી. ''અલક્ષ લિંગો વિજલાભ તુષ્ટો'' એવી રીતે રહીને જીવનાં કલ્યાણ કરવા ફરો, અને જીવને ભગવાનનો નિશ્ચય કરાવો તેવી આજ્ઞા કરી. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૨)*

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિહારથી ચાલ્યા તે ગેરીતા ગામ આવ્યા. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા ભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને સહુને પરમ આનંદ થયો. પટેલ હરિભાઈ ઘણા પ્રેમી ભક્ત હતા. ચૌહાણ જલાજી, ભાવસાર ગણેશભાઈ અને મોતીભાઈ તથા સાંકળીબાઈ એ આદિક ઘણા જ હરિભક્તો હતા. તે સહુએ ઘણા જ ભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. સરસ રીતે શ્રીહરિની પૂજા કરી. ભાવપૂર્વક મેવા અને મીઠાઈ જમાડી. ઘણો જ અલૌકિક લાભ લીધો. ત્યાંથી શ્રીહરિ નીકળીને માણસા આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૫૪)*

- **ગેરીતામાં શ્રીહરિ પંદર દિવસ રહ્યા અને ખૂબ કેરીઓ જમ્યા.**

સંવત ૧૮૬૨ ની સાલમાં બીજીવાર શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે ગેરીતા પધાર્યા. ને હરિસિંહભાઈના ઘેર થાળ જમીને વસઈ પધાર્યા. ફરી પછી એજ વર્ષમાં શ્રીહરિ શ્રીનગરથી ચાલ્યા તે મોટેરા, ઉવારસદ, અડાલજ થઈને ત્રીજીવાર ગેરીતા પધાર્યા. ત્યાં હરિસિંહના માઢમાં ઉતર્યા ને પંદર દિવસ રહીને ખૂબ

કથા-વાર્તાનું સુખ આપ્યું. તે વખતે કેરીઓ બહુ પાકી હતી તેથી ભક્તજનો કેરીઓ ખૂબ લાવ્યા તે મહારાજ જમ્યા અને સંતોને જમાડી. ને પછી ત્યાંથી વીસનગર આવ્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તંરગ-૪૯)*

-: ચોપાઈ :-

*ગેરીતામાં ગોવિંદ ગયા છે, હરિસિંગને માઢે રહ્યા છે ॥*
*ત્યાં કેરીઓ જમ્યા છે ઘણી હરિ, સંતોને જમાડ્યા ભાવ ભરી ॥૩૫॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૩)*

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે ગેરીતા ગામે ચાલીને પધાર્યા. પુરના ભક્તો પ્રભુ પધાર્યાના સમાચાર મળતા સર્વે શ્રીહરિના સામા આવ્યા ને પગે લાગ્યા. મોતીભાઈ, હેમચંદભાઈ, જેચંદભાઈ, જલાજી, પૂંજાજી, રઘુનાથભાઈ આદિક પટેલ જ્ઞાતિના ભક્તોએ શ્રીહરિને ધૂન-કીર્તનનું ગાન કરતા પુરમાં લાવ્યા ને મોતીભાઈ ભક્તના ભવનમાં ઉતારો કરાવ્યો. શ્રીહરિ માટે થાળ તથા સંતો માટે રસોઈ બનાવરાવીને સારી રીતે જમાડ્યા. ને ગેરીતામાં ચાર દિવસ રહ્યા ને ખૂબ ભક્તજનોને દર્શન-કથાવાર્તાનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે વીસનગર આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૬ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૭)*

- **શ્રીહરિને ગેરીતા ગામ તથા ભક્તજનો બહુ વહાલા હતા**

શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! ભગવાન સ્વામિનારાયણ પોતાના કેટલાક આશ્રિતજનો સાથે એક સમયે વડનગરથી ગામ ગેરીતા પધારતા હતા. ગામના હરિભક્તો વિજયરામ, ગણેશભાઈ, મોતીરામ, હરિભાઈ, તારાચંદ, અંબારામ વગેરે ભેગા મળી શ્રીહરિનો સત્કાર કરવા સામા જતા હતા. સામૈયામાં પુરુષોની પાછળ મસ્તક

ઉપર સુવર્ણ કળશો ધારણ કરેલી, સુંદર વસ્ત્રો પરિધાન કરેલી સુરજ, સાંકળી, હુલ્લાસ વગેરે ભક્ત સ્ત્રીઓ પણ કીર્તનો ગાતી ગાતી જતી હતી. ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી યથોપચાર પૂજા કરી ભેટો અર્પણ કરી. સ્ત્રી ભક્તો કુમકુમ ચોખા અને પુષ્પોથી શ્રીહરિને વધાવતી હતી. ત્યારબાદ વાજતે ગાજતે મહાપ્રભુ ગેરીતા ગામમાં પ્રવેશ કરતા હતા -. અજન્મા એવા મહાપ્રભુ શ્રીહરિ ગેરીતા ગામમાં વારંવાર આવેલા છે. એકવાર ભક્તપ્રિય ભગવાન ગેરીતાથી વડનગર જઈને ફરી પાછા ગેરીતા આવ્યા હતા. હરિભાઈ નામના વૈશ્ય ભક્તે ભાવથી અર્પણ કરેલી કેરીઓ જમી તેમના ઘેર નિવાસ કર્યો હતો. એવી જ રીતે ફરી કોઈ સમયે મહાપ્રભુ વડનગરથી ગેરીતા પધાર્યા હતા. ત્યાં એક ધર્મશાળામાં પુરવાસી ભક્તોની મળેલ સભામાં ઊંચા આસને વિરાજમાન થયા હતા. એ વખતે સંતો પાપ પુંજનો નાશ કરનારા કીર્તનો ગાઈ રહ્યા હતા. ત્યારે કેટલાક સત્સંગીઓએ પોતાના દિવ્ય ઐશ્વર્યની વાર્તાનો પ્રસંગ કાઢ્યો. શ્રીહરિને આ ગમ્યું નહિ. ઉદાસ થઈ ગયા. ઉદાસી શ્રીહરિ કોઈ ન જાણે તેમ સભામાંથી ઉઠી બહાર નીકળી ગયા. દિવસ પણ આથમવા આવ્યો હતો. એવે વખતે ઉમાભાઈ પાર્ષદને સાથે લઈ ગામ ગવાડા જતા રહ્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૦)*

● **મહારાજે ગેરીતામાં આમ્રરસોત્સવ કર્યો**

એક સમયે ભગવાન શ્રીહરિ વિહારથી ગેરીતા પધાર્યા ત્યારે ગામના ભક્તજનોએ શ્રીહરિ અને સંતોનું વાજિંત્રો વડે સામૈયું કરી ગામમાં પધરાવ્યા શ્રીહરિના પાર્ષદ ડુંગરજી ભક્તનું આ ગામ હતું ગામના હરિભક્તો શૂરવીર હતા. ગામના લોકોએ શ્રીહરિની પૂજા કરી ટીમણ માટે સુખડીના લાડુ કરી લાવ્યા, તે લાડુ મુકુંદ વર્ણીએ ડબામાં ભરી લીધા અને આગળ પ્રયાણ કર્યું. રસ્તામાં સરોવર આવ્યું.

ત્યારે સ્નાન વિધિ કરી શ્રીહરિ અને સંતો જમ્યા અને ત્યાંથી બામણ ગામે પધાર્યા. બામણગામથી શ્રીહરિ ચાલ્યા તે ગેરીતા પધાર્યા ત્યારે સંતો, પાર્ષદો સાથે શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તરાજ હરિભાઈને ઘેર ઉતર્યા હતા. હરિભાઈના આંગણામાં મંચ ઉપર શ્રીહરિ વિરાજમાન થયા ત્યારે ગામના મનુષ્યોને ખબર પડી એટલે લોકો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેમાં ગણેશભાઈ, મુક્તચંદ્ર, ક્ષત્રિય ભક્ત જલુજી વગેરે ભક્તો હતા તે સર્વે બક્તોએ શ્રીહરિનું પ્રેમથી અને ભક્તિભાવથી ચંદન, કુમકુમ, અક્ષત વડે પૂજન અર્ચન કરી વસ્ત્ર આભૂષણો અર્પણ કર્યા. ત્યાર પછી ગણેશભાઈ વગેરે હરિભક્તોએ સારી પાકેલી કેરીઓના ટોપલા ભરીને શ્રીહરિને અર્પણ કર્યા તે કેરીઓ ભરેલા ટોપલામાંથી રસ ભરેલી અમૃત જેવી કેરીઓ શ્રીહરિ ચૂસતા અને પોતાની સાથે પધારેલ બ્રહ્મચારી, સંતો, પાર્ષદો અને ભક્તોને આગ્રહથી આપીને જમાડતા. તે પછી મુકુંદવર્ણીએ બનાવેલ સુંદર થાળ શીરો પુરી, દાળ, ભાત, શાક વગેરે શ્રીહરિ પ્રેમથી જમી સર્વે સંત, બ્રહ્મચારી, પાર્ષદો અને હરિભક્તોને જમાડી તૃપ્ત કરતા હતા. ત્યાર પછી શ્રીહરિ ત્યાંથી નીકળવાની તૈયારી કરતા હતા ત્યારે સર્વે સંતો-પાર્ષદો-ભક્તોને માર્ગમાં ભાતા માટે બબે લાડુ આપતા હતા. આમ શ્રીહરિ ગેરીતાના હરિભક્તિોને મનોરથ પૂર્ણ કરી વિહાર ગામે પધાર્યા. *(દંઢાવ્ય દેશ દર્શન)*

- **પ્રેમી ભક્તોએ પ્રેમમાં આજ્ઞા લોપી**

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિહારથી ચાલ્યા તે ગેરીતા આવતા હતા ને ગામના ભાવિક અને પ્રેમ ભક્તોને મહારાજ પધાર્યાની જાણ થતા સામૈયું લાવ્યા. તેમાં આવેલા ભક્તજનમાં ક્ષત્રિય જલાજી હરિસિંગ પટેલ, ભાવસાર મોતીભાઈ, ગણેશભાઈ વગેરે આવ્યા હતા. ને વાજિંત્રો વગાડીને ખૂબ ધામધૂમ કર્યું તે જોઈ

શ્રીહરિ બોલ્યા હે ભક્તો ! તમે આ ધામધૂમ કરો છો તે મને ગમતું નથી. માટે આ વાજિંત્ર વગડાવો સામૈયું વગેરે કંઈ પણ આડંબર કરશો નહિ. ને ભજન-કીર્તન-ધૂન કરતા કરતા ચાલો. તો હરિભક્તોએ શ્રીહરિનું વચન ન માન્યું ને પ્રેમ ભાવમાં આનંદમાં આવીને તે કાંઈ ન માન્યું ને વાજિંત્રોની રમઝટ બોલાવી પ્રભુ પધાર્યાનો આનંદ ખૂબ હતો તેથી ભાન ન રહ્યું ને આજ્ઞા લોપાઈ ગઈ. તેથી શ્રીહરિએ એક ચરિત્ર કર્યું ને રોઝા ઘોડા ઉપરથી ઉતરી ગયા. ને કાંઈ નિમિત્ત કરીને એકલા થોડે દૂર ગયા તે કોઈને ખબર ન પડી. ને પાછળથી ઉમાભાઈ પાર્ષદ જોડે ગયા. તે શ્રીહરિ ગવાડા પધાર્યા. પછી ભક્તજનોને ખબર પડી કે મહારાજ તો ગવાડાના માર્ગે ચાલ્યા જાય છે. તે ગવાડા આવ્યાને વાણિયાની દુકાનમાં રાત રહ્યા.

પછી બીજે દિવસે ગવાડાથી ચાલ્યા તે ગેરીતા પધાર્યા ને ભક્તજનોને જે સંતાપ થયો હતો કે પ્રભુનું સ્વાગત સામૈયું કર્યું ને ન આવ્યા તે દુઃખ મટાડ્યું ને ભક્તજનોને દર્શન-કથા-વાર્તા, સમાગમનું સુખ આપ્યું. ને પછી શ્રીહરિને ભક્તજનોને ચાર દિવસ રોકીને ખૂબ લાભ લીધો. પછી ત્યાંથી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે વીસનગર પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૭-૬૮)*

● **ગેરીતાનું ગૌરવ પાર્ષદ ડુંગરજી**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિહારથી ચાલ્યા તે ગેરીતા ગામ આવ્યા. ગામના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. મનમાં ખૂબ રાજી થયા અને શ્રીહરિના ચરણમાં નમી પડ્યા.

શ્રીહરિના ડુંગરજી નામે એક ક્ષત્રિય પાર્ષદ હતા અને ગેરીતા તેમનું ગામ હતું. ને ડુગંરજીએ શ્રીહરિની સાથે રહીને સેવા ખૂબ કરીને ગેરીતા ગામનું અને તેમની જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. ગામમાં

જેટલા હરિભક્તો હતા તે બધા શૂરવીર હતા. તેઓ શ્રીહરિને ગામમાં લઈને ચાલ્યા. લોકોની ઘણી ભીડ થઈ. ગામમાં જેટલા વાજિંત્રવાળા હતા તે આવીને વગાડવા લાગ્યા અને બધી રાજબજારોને તે વખતે સ્વચ્છ કરાવી દીધી હતી. ગામવાસી લોકો બધા ફૂલના હાર લઈને રાજમાર્ગ ઉપર ઊભા હતા. આવી શોભા તો ક્યારેય થઈ નહોતી. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર શુભ અને સુશોભિત સોનાનું છત્ર ધારણ કર્યું હતું. ચોપદાર મુખથી છડી (નેકી) પોકારતા હતા.

શ્રીહરિએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં અંગ ઉપર ધાર્યા હતા. પાઘ ઉપર અમૂલ્ય છોગા ધાર્યા હતા અને મુગટના જેવી શોભા થઈ હતી. પાઘની ઉપર નંગ જડિત શિરપેચ બાંધીને તેના ઉપર કલગી રાખી હતી. બંને કાનમાં નંગ જડિત કુંડળ પહેર્યા હતા અને તેના ઉપર ફૂલના ગુચ્છ મૂક્યા હતા. હાથમાં સોનાના વળિયા કડાં નંગ જડિત પહેર્યા હતા. અને તેવા જ બાજુ પહેર્યા હતા. મોતી જડિત સોનાની છડી હાથમાં લીધી હતી. છડીની ઉપર સોનેરી તારના ફૂમકાં હતાં. વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં મોતી અને નંગ વિનાના એક પણ ન હતા. બધા સોનાનાં ઘરેણાંઓથી અશ્વને શણગાર્યો હતો. તેમાં મોતી અને નંગ જે જડ્યા હતા તે ઝગમગાટ કરી રહ્યાં હતાં.

હરિભક્તોનાં જેટલા ઘર હતા ત્યાં તેમણે શ્રીહરિને પધરાવ્યા હતા. હરિભક્તોએ ઘણી ભાવનાથી શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ હરિભક્તોના મનોરથ પૂરા કર્યા. તે સિવાય જેટલા ભાવિક લોકો હતા તેમણે પણ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. સહુએ શ્રીહરિની પૂજા કરી અને પોતાના મોક્ષનું કામ સુધારી લીધું. સમય વીતી જાય છે ત્યારે ફરીવાર ક્યારેય આવતો નથી. સંતોને ટીમણ કરાવવાને માટે જેટલા હરિભક્તો હતા તે બધાએ સુખડીના લાડુ

કરાવ્યા અને વર્ણી તથા સંતોને આપ્યા. પછી સહુ ત્યાંથી ચાલતા થયા. કાઠી દરબારો અને પાર્ષદો જે હતા. તેમને પણ હરિભક્તોએ સુખડીના લાડુ આપ્યા. અને પછી પેંડાનો થાળ ભરીને તત્કાળ શ્રીહરિને માટે લઈ આવ્યા. મુકુંદવર્ણીને બોલાવીને તે સુખડીના લાડુ ડબામાં ભરી લેવડાવ્યા. પછી રસ્તામાં આગળ ચાલતા થયા અને ત્યાં આવેલા એક તળાવમાં સ્નાન કરી લીધું. તિલક અને પૂજા કરી બધા ચાલ્યા ત્યારે મધ્યાહ્નનો સમય થયો અને વનમાં કોઈ એક સુંદર વૃક્ષથી યુક્ત સ્થાન આવ્યું. સંતો, વર્ણી અને હરિભક્તથી યુક્ત શ્રીહરિ ત્યાં આવીને બેઠા. સદ્‌ગુરુઓની ગાડી તો પાછળ રહી ગઈ હતી, જ્યારે ગાડી ભેગી થઈ ત્યારે તેને આગળ કરીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને તેની પાછળ પાછળ ચાલતા રહ્યા. ગાડીની પાછળ ભગવાનની સવારી પાર્ષદોથી યુક્ત ચાલી આવતી હતી. તેની અપાર શોભા થઈ હતી. ત્યાંથી બામણગામ પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૪૩-૪૪)*

● **શ્રીહરિને મળેલા ગેરીતાના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી મોતીભાઈ | પ.ભ.શ્રી નંદરામભાઈ |
| પ.ભ.શ્રી હેમચંદભાઈ | પ.ભ.શ્રી રામચંદ્રભાઈ |
| પ.ભ.શ્રી હરિચંદભાઈ | પ.ભ.શ્રી રૂપાભાઈ |
| પ.ભ.શ્રી જેચંદભાઈ | પ.ભ.શ્રી રામચંદભાઈ |
| પ.ભ.શ્રી જલાજીભાઈ ચૌહાણ | પ.ભ.શ્રી વિજયરામભાઈ |
| પ.ભ.શ્રી પૂંજાજીભાઈ | પ.ભ.શ્રી તારાચંદભાઈ |
| પ.ભ.શ્રી રઘુનાથભાઈ | પ.ભ.શ્રી જેઠીજીભાઈ |
| પ.ભ.શ્રી હરિસિંગભાઈ પટેલ | પ.ભ.શ્રી રઘનાથભાઈ |
| પ.ભ.શ્રી આશારામભાઈ | પ.ભ.શ્રી ગણેશભાઈ ભાવસાર - પિતા |
| પ.ભ.શ્રી અંબારામભાઈ શેઠ | |

| | |
|---|---|
| પ.ભ.શ્રી જેચંદભાઈ ભાવસાર - પુત્ર | પ.ભ.શ્રી કમલાબાઈ |
| પ.ભ.શ્રી પ્રેમચંદભાઈ ભાવસાર - પુત્ર | પ.ભ.શ્રી વખતબાઈ |
| પ.ભ.શ્રી હરિભાઈ પટેલ | પ.ભ.શ્રી સુરજબાઈ |
| પ.ભ.શ્રી ડુંગરજીભાઈ પાર્ષદ | પ.ભ.શ્રી રાજબાઈ |
| પ.ભ.શ્રી માનકોરબાઈ | પ.ભ.શ્રી જમનાબાઈ |
| પ.ભ.શ્રી ઉગરીબાઈ | પ.ભ.શ્રી હુલાસબાઈ |
| | પ.ભ.શ્રી સાંકળીબાઈ |

- **પ્રસાદીના સ્થાનો**

(૧) **તળાવ :** આ તળાવમાં શ્રીહરિએ ઘણીવાર સંતોએ સહિત સ્નાન કરેલું છે.

(૨) **તળાવ કિનારે ઓટો** : અહીં તળાવને કિનારે શ્રીહરિએ ગેરીતામાં સંતોને દીક્ષા આપેલી હતી. ને શ્રીરંગદાસજી સ્વામીનું નામ બદલીને તે વખતે સદ્.શ્રી બ્રહ્માનંદ સ્વામી નામ પાડ્યું હતું.

(૩) **માટ :** શ્રીહરિસિંગ પટેલનો માઢ તેમાં અવાર-નવાર પધારતા ત્યારે તેમાં ઉતરતા ને એક વખત તેમાં પંદર દિવસ રહીને ખૂબ કેરીયો સંતોએ સહિત જમ્યા છે.

(૪) **પ્રસાદીનો પથ્થર** : આ પથ્થર સિંહાસનની ડાભી બાજુએ ચોડેલો છે.

(૫) **પ્રસાદીનું લાકડું** : આ પણ મંદિરમાં છે.

- **ગેરીતામાં લાડુદાનજીને સાધુ કર્યા**

સ્વામિનારાયણ ભગવાનના સખા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના પૂર્વાશ્રમના જીવન વૃત્તાંત વિષે આદરણીય કવિશ્રી માવદાનજી રત્નુએ બ્રહ્મસંહિતામાં લખેલા પ્રસંગો ઉપરાંત વિશેષ સવિસ્તાર માહિતી આજથી ૧૧૪ વર્ષ પહેલાં એટલે કે સંવત ૧૯૫૮ ફાગણ સુદ-પૂનમના રોજ પ્રકાશિત ''શ્રી બ્રહ્માનંદ કાવ્ય'' નામે વિશાળ ગ્રંથમાં જોવા મળેલ છે. શ્રી નરનારાયણદેવ ગાદીના તત્કાલીન આચાર્યપ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ ગાદીના આચાર્યપ્રવર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી મહારાજશ્રીની સંયુક્ત આજ્ઞાથી છપાવીને પ્રસિદ્ધકર્તા રાવ સાહેબ કરમશીદાસજી (જે.પી.) તથા મોતીલાલ ત્રિભોવનદાસ ફોઝદાર (બી.એ.એલ.એલ.બી. સોલિસિટર) ગુજરાતી પ્રેસ મુંબઈથી છાપીને પ્રસિદ્ધ કરેલ છે. તેમાં સ્વામીનું જીવન વૃત્તાંત ઉપરાંત કુલ ૨૫૨૮ કીર્તનો અને દોહા, ચોપાઈ, છંદ વિગેરે રચનાઓના વિશાળ ૮૧૮ પેઈજમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રન્થ સંપ્રદાયમાં અપ્રાપ્ય છે. પરંતુ બ્રહ્માનંદ સ્વામીના માતુશ્રીનું મોસાળ ગામ મહેસાણા જીલ્લાનું દેવરાસણા ગામથી આદરણીય દાદાશ્રી મોજદાનજી પાયદાનજી ગઢવી પાસેથી મળ્યો. તેમાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના પ્રસંગો જોયા. પછી અમને થયું કે સત્સંગમાં અપ્રાપ્ય સાહિત્ય સત્સંગીઓ સુધી પહોંચાડવા અમો સંક્ષેપમાં જણાવીએ છીએ. આ પ્રકાશનમાં સ્વામીના જીવનના પ્રસંગોની શોધખોળમાં પરિશ્રમ કરવામાં મદદ કરનારાઓના પ્રકાશકશ્રીએ સાદર આભાર વ્યક્ત કરતાં કેટલાક નામો દર્શાવ્યા છે. જેમાંના શાસ્ત્રી બ્રહ્મચારી બાળમુકુંદદાસજી વડતાલ, સદ્‌ગુરુ શ્રીહરિચરણદાસજી સ્વામી વડતાલ, મી. ઈશ્વરદાસ ઈચ્છારામ (બી.એ.), શાસ્ત્રી મુનેશ્વરાનંદજી

વડતાલ, રા. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ (ગુજરાતી પ્રેસના માલિક), રા. જેશંકરભાઈ મહાશંકરભાઈ રાવલ લખતર વિગેરેનો વિદ્યાવિલાશી તરીકે આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ચારણ હતા એવું કવિ ચરિત્રમાં લખેલું છે. પરંતુ તેમની બારોટ અટક જોતાં તેઓ ભાટ જ્ઞાતિના હોય એ વધારે સંભવિત વાત છે. પિતાનું નામ શંભુદાન ગઢવી ઓડઆશીયા કહેવાતા. માતાનું નામ લાલબાદેવી સદાચારી પતિપરાયણ હતાં. આ દંપતિને સાધુ સંત પર બહુજ ભાવ હતો, આબુ પર્વતની યાત્રાએ આવતા સંતો ખાણ ગામે અવશ્ય પધારતા. એકવાર શ્રીમદ્ ઉધ્ધવ સંપ્રદાયના સ્વામી રામાનંદજી પધાર્યા. શંભુદાનજી ગઢવીએ સ્વામીની સુંદર આદર સંભાવના કરી, ચોરામાં રાત્રે સત્સંગ સાંભળવા ગામના બધા લોકો બેસતા. એકવાર સ્વામી કૃષ્ણાવતારના ચરિત્રોનું વર્ણન કરતાં લાલુબાદેવીને ઝોકું આવતાં ઉદરસ્થ ગર્ભ બાળક બોલ્યો ''હે ગુરુદેવ ! પ્રગટ પ્રભુ જે શ્રીહરિ તેમના મહિમાની વાતો કરો.'' અન્તર્યામી સ્વામીએ મંદ હાસ્ય વેરતા જવાબ આપ્યો કે, એ મહિમા તો આપ જ વર્ણવશો.

મર્મ ભરેલો વાર્તાલાપ બીજાને તો જાણવા જ ન મળ્યો.

લાલુબાના કૂખે સંવત ૧૮૨૮ મહાસુદ-પાંચમના દિવસે બ્રહર્ષપતિના જેવો પુત્રનો જન્મ થયો. માતા-પિતાએ યથા યોગ્ય જાત સંસ્કાર કરીને તેમનું નામ લાડુદાન નામ રાખ્યું. બાળપણથી ઈશ્વર ભક્તિ તરફનો પોતાનો હૃદયનો વેગ પ્રદર્શિત કર્યો. થોડી ઉમ્મરે પહોંચ્યા પછી હાજર જવાબી, હાસ્ય રમૂજ પણું સહજ પ્રાકૃતિક દેખાવા લાગ્યા.

પંદર વર્ષની ઉંમરના થયા ત્યારે પિતાની સાથે ઉદયપુર રાણાના ઘરે લગ્નના પ્રસંગે વિશેષ આમંત્રણમાં જવાનું થયું હોવાથી

રાણાના દરબારમાં જવાની તક મળી ત્યારે લાડુદાનજી અશિક્ષિત હોવા છતાં સ્વભાવિક તીવ્ર બુદ્ધિથી રચાયેલ કાવ્યોથી રાણા ખૂબજ પ્રભાવિત થયા અને ભુજની પિંગળ પાઠશાળામાં ભણવા મોકલો તો તેનો ખર્ચ અને એક પ્રગણું (પ્રદેશ) તમને બક્ષિશ આપીશ.

રાણાની બેવડી સખાવતથી પ્રેરાઈને શંભુદાનજીએ પુત્ર લાડુદાનને ભૂજમાં પિંગળનો અભ્યાસ કરવા મોકલ્યા. કવિએ પ્રથમ અભ્યાસનો આરંભ ધમડકા ગામમાં રહેતા લાધા રજપૂતને ત્યાં કર્યો હતો અને પછી ભૂજનગરની વ્રજની પાઠશાળામાં પ્રવેશ કર્યો હતો. ત્યાં આઠ વર્ષ સુધી તેમણે પિંગળી સહિત ચૌદ વિદ્યાઓમાં પારંગત બન્યા.

અભ્યાસ સંપૂર્ણ કરી રજવાડાઓમાં ફરવા પ્રયાણ કર્યું તો જોધપુર, જયપુર, બિકાનેર આદિ રાજ્યોમાંથી તેમજ જૂનાગઢ, જામનગર આદિ કાઠિયાવાડના રજવાડાઓમાંથી ભારે આદર માન સન્માન સત્કાર તથા શિરપાવો મેળવ્યા હતા. ભાવનગર સ્ટેટના રાજા વજેસિંહજીએ પણ બહુ મુલ્ય ઈનામ આપ્યું હતું. અને ત્યાંથી પાછા ફરીને કચ્છમાં ભૂજનગરમાં રાજના દરબાર તરફથી તેમને સારો સત્કાર મળ્યો.

આ વખતે એક પ્રસંગ જીવનનો અમૂલ્ય એવો બન્યો કે; ભૂજનગરમાં ભગવાન સ્વામિનારાયણ પધાર્યા હતા અને નગરમાં દરેકના મોઢે સ્વામિનારાયણ ભગવાનના પ્રભાવી ચમત્કારોની ચર્ચા ચાલી રહી હતી તો મળવા દર્શન કરવાના બહાને કવિરાજ લાડુદાનજી સુંદરજી સુથારના ઘરે આવ્યા. શ્રી સહજાનંદ સ્વામી પોતાના આશ્રિત જનોની મધ્યમાં એક ઉંચા આસન ઉપર સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કરીને બિરાજમાન હતા. આ અતિશય આનંદમય અને પ્રફુલ્લિત મૂર્તિને લાડુદાન થોડી વાર તો એકીટસે જોઈ રહ્યા. તેથી કવિની આંખમાં

આંસુ વહેલા લાગ્યા. જે મૂર્તિ માતાના ઉદરમાં અને આજસુધી પોતાને જે પ્રત્યક્ષ દેખાતી હતી તે જ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ પ્રગટ આ મૂર્તિમાન છે એવો પોતાના હૃદયમાં દૃઢ નિશ્ચય થવાથી તેઓ અતિ આનંદમાં આવી ગયા અને ત્યાંજ પદ રચીને બોલ્યા જે "આજની ઘડી રે ધન્ય આજની ઘડી, આ પદ ગાતા ગાતા તો ગઢવીના હર્ષની અવધિ રહી નહિ. પછી ષોડશોપચાર વડે શ્રીહરિનું પૂજન કર્યું.

લાડુદાન થોડા દિવસ ભૂજનગરમાં શ્રીહરિની સાથે રહ્યા અને નિત્ય વિવિધ રચનાઓ સંભળાવતા. શ્રીહરિ કવિને ભારે ભારે બહુમૂલ્ય વસ્ત્રો આપી સન્માનિત કરતા. કવિરાજની ભૂતકાળની વાતો તાજી કરાવીને ભગવાનપણાનો નિશ્ચય દૃઢ કરાવતા થકા પ્રભુને અન્તર્યામી જાણી લીધા.

પછી લાડુદાનજી ભુજનગરથી પોતાની જન્મભૂમિ ખાણગામ પધાર્યા અને પોતાના સ્વજનો થકી પ્રેમ સહિત માન સન્માન પામ્યા. વળી કેટલોક સમય ઘરે રહ્યા બાદ દેશ દેશાન્તરમાં નાના-મોટા રાજાઓના રાજ્યોમાં ફરતા ફરતા શેત્રુંજય થઈ પાલીતાણા આવ્યા. ત્યાંના રાજાએ મૂલ્યવાન પોશાક-આભૂષણો આપી સન્માનિત કર્યા. ત્યાંથી ગઢપુર આવ્યાં. ત્યાં બિરાજમાન સ્વામિનારાયણ ભગવાનના દર્શને પધાર્યા. આ વખતે ગઢવી સાથે ઘોડા રથનો ચાકરોનો બહુ મોટો રસાલો સાથે હતો. શરીર પર સુવર્ણના ભારે ભારે વજનવાળાં ઘરેણાં પહેર્યા હતા. લીંબતરુ નીચે બિરાજમાન શ્રીહરિને ફરી બીજી વાર મળતા ભુજનગરમાં દર્શનની યાદ કરાવતાં કુશળતા પૂછી. આદર સત્કાર કર્યો. ત્યારબાદ કેટલીક વાતો કર્યા પછી કહ્યું કે, કવિરાજ ! આ સાંખ્યયોગી બહેનો છે તેમની આગળ ભગવાનની વાતો કરો. આ વચન સાંભળી ગઢવી બાઈઓની સભામાં ગયા અને

જ્ઞાન સંબંધી અનેક ઉપદેશની વાતો કરવા લાગ્યા. આ સાંભળીને સભામાં બિરાજી રહેલાં મોટીબા (લલિતા) એ ગઢવી આગળ સાંખ્યજ્ઞાનની અને પ્રગટ પુરુષોત્તમના મહિમાની વાતો એવી છટાથી કીધી કે ગઢવીને તો શાંતપણે સાંભળતાં સાંભળતાં પોતાની રજોગુણી પ્રકૃતિનું શમન થઈ ગયું. બહેનોને વંદન કરી શ્રીહરિ પાસે આવ્યા અને ઉદ્ધવજીનાં સમાન પોતાની સ્થિતિ થઈ એવું જણાવી શરીરપરથી સુવર્ણના અલંકાર પ્રભુનાં ચરણમાં મુકી દીધાં. બાઈઓ પાસેથી શિક્ષા લીધા પછી સાથે આવેલા સગાઓને કહ્યું કે આ ભેટ સોગાંદ લઈને તમો બધા ઘેર પરત જતા રહો હું હવે સદાય શ્રીહરિની સેવામાં રહીશ.

સગાઓની વિદાય બાદ શુધ્ધ સાત્વિક સાદુ સાધુ જીવન જીવતા કવિરાજ શ્રીહરિની સાથે વિચરણ કરવા લાગ્યા.

દેશદેશાન્તરમાં ફરતા ફરતા સિધ્ધપુર તરફ જતાં દંઢાવ્યપ્રદેશ ઉતર ગુજરાતમાં ગેરીતા ગામે સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિએ લાડુદાન ગઢવીનો વૈરાગ્ય પરિપક્વને પામતાં મહાદીક્ષા આપી સાધુ કરી શ્રી રંગદાસજી નામ રાખ્યું. ગેરીતા ગામ ખૂબજ ધન્ય બન્યું. જ્યાં સંપ્રદાયના બહુજ મોટા સંતને દીક્ષા આપવાનું સ્થળ પસંદગીને પામ્યું. જે સ્વામીના જીવનનો મહત્વનો ઈતિહાસ ઉત્તર ગુજરાતના ગેરીતા ગામે સુવર્ણના અક્ષરે લખાયો.

કેટલાક સમયબાદ સોરઠમાં વિચરણ કરતાં કાલવાણી પધાર્યા હતા. શ્રીરંગદાસજી સદાય મહાપ્રભુની સાથે રહેતા હતા. એ સમયે વૈરાગી વેષધારી જમાતો તરફથી સાધુઓને અતિશય માર મારવામાં આવતો હતો તેમજ તેમની પૂજા સામગ્રીને લઈને તોડી નાખતા હતા. તેથી શ્રીજીમહારાજે પોતાના સાધુઓને પરમહંસની દીક્ષા આપી જટાકૌપીનાદિકનો ત્યાગ કરાવ્યો અને નામ ફેરવીને નંદ પંક્તિ

નંદાન્ત પાંચસો સંતોને એવા નામો ધરાવ્યાં તો તે વખતે શ્રીરંગદાસજીનું નામ ફેરવીને બ્રહ્માનંદ નામ રાખ્યું.

લાડુદાનના સગાઓ ઘેર પરત ગયા બાદ ત્યાં એક કન્યા સાથે વેવિશાળ નક્કી કરીને તેમના સંબંધીઓ બોલાવવા આવ્યા. તેઓએ સ્વામીને બહુજ સમજાવ્યા છતાં પોતાના વિચારમાં અડગ રહ્યાં. જરાય ચલાયમાન ન થયા. ત્યારે સ્વામીએ ''રે સગપણ હરિવરનું સાચું.'' એ કીર્તન ગાયું. તે સાંભળીને સંબંધીઓ ઘેર પરત ગયા.

વળી કેટલાક દિવસ પછી સ્વામીના સગાઓએ વડોદરા સયાજીરાવ ગાયકવાડજીને વિનંતી કરી કે, અમારા પુત્રને પાછો અપાવો. ગાયકવાડ સાહેબ ''દામ'' નીતિ વડે પાછા લાવવા પચીસ હજારની ઉપજનું ગામ અને રાજકવિ પદ આપવાની ઓફર લાલચ લખીને મોકલી તો જવાબમાં કહ્યું કે ''ગાયોજશગોવિંદ કો પાયો ધન ભરપૂર.''

ત્યાર પછી સમયે સમયે કરેલી રચનાઓ સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધ છે. પરંતુ ઉપરોક્ત જીવન વૃત્તાંત ખૂબજ રસપ્રદ તથા અપ્રાપ્ય હોવાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. બન્ને દેશના આચાર્ય મહારાજશ્રી અને વડતાલના બ્રહ્મચારી અને સંતો-હરિભક્તોના નામ સહિત છપાયેલ ગ્રન્થ છે. તેમાં જીવન કવચ સંગ્રહિત છે. કુલ રચનાઓ ત્રણ હજાર પાંચસો જેટલી છે. તેમાં કીર્તનો, દોહા, છપ્પય, સાખીઓનો સમાવેશ થાય છે. તેનું આગામી સમયમાં પુનઃ પ્રકાશન કરવામાં આવશે.

# ગવાડા ગામનો મહિમા

## ● ગવાડામાં પ્રભુની અલૌકિક લીલા

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીજીમહારાજ સર્વે સાધુ તથા કાઠીના સ્વાર સહિત ગામ ગેરીતે પધાર્યા ત્યારે અગાઉથી હરિજનોને કહેવરાવ્યું જે "અમારી સન્મુખ તમારે સામૈયું લાવવું નહિ." તો પણ હરિજનો સામૈયું લાવ્યા. તે જોઈને મહારાજ બોલ્યા જે "અમારે આની કોર નાવા જાવું છે." એવું મિષ લઈને ઘોડેથી ઉતરીને ચાલી નીકળ્યા ને સાથે ઉમાભાઈ ચાલી નીકળ્યા. તે જોઈને હરિભક્તો ઉદાસ થઈ ગયા. ને શ્રીહરિ ગવાડા ગામ પધાર્યા. પછી સાધુ હરિજન સર્વે વાટ જોઈ જોઈને થાક્યા એટલે ગામ ગેરીતા ગયા ને મહારાજ તો ગામ ગવાડે વાણિયાને હાટે ઉતર્યાને વાણિયાને કહ્યું "અમે ભૂખ્યા છીએ તે ખાવાનું આપો." ત્યારે તે વાણિયો બોલ્યો જે "અત્યારે તો ચોવીઆર થઈ ગયા છે તે સવારે આપીશ." હું તો શ્રાવક (જૈન વણિક) છું. મહારાજ કહે તોય જે કાંઈ તૈયાર હોય તે આપો તો તમને ચોવીસ તીર્થંકર દેખાડું ને નમો અરિહંતાણાદિ મંત્ર બતાવું. તો પણ વાણિયે ના પાડી. પછી શ્રીહરિ કહે અમને જમવાનું આપ તો તને વૈકુંઠધામમાં પહોંચાડું. ત્યારે તેણે કહ્યું જે વૈકુંઠધામનો પતિ હોય તે ભીખ ન માગે. ત્યારે વળી મહારાજે કહ્યું : જ મૂઠી દાળિયા આપ તો ગોલોકમાં પહોંચાડું. તોય પણ એક પૈસાભાર અન્ન આપ્યું નહિ ને હાટ વાસીને સૂતો. તેનું ઘર અને દુકાન એક જ મકાનમાં હતું. ને મહારાજની સેવા માટે કોઈ હરિજને અર્ધો રૂપિયો ઉમાભાઈને આપ્યો હતો તેના દાળિયા વગેરે લીધું હોત તો મહારાજને અને તેને આખી રાત ભૂખે સૂઈ રહેવું ન પડત.

મહારાજે ઉમા ભક્તને જે આપણે વારા ફરતી જાગો. ત્યારે ઉમા ભક્ત જાગવા બેઠા. તે અડધી રાત થઈ ત્યારે મહારાજ જાગવા બેઠા. ત્યારે વાણિયે કમાડની તિરાડમાંથી જોયું તો મહારાજ અને ઉમાભાઈ ઘસઘસાટ ઉંઘી ગયા છે એમ જાણીને હળવેકથી કમાડ ખોલીને તલવાર, ચોફાળ, કળસીયો, તાંસળી ને ઉમાભાઈના વસ્ત્રમાંથી અડધો રૂપિયો તે લઈને કમાડબંધ કરીને સૂઈ ગયો. ને મહારાજ તો જાગતા હતા. ખાલી સૂતા છે એવું જણાવ્યું ને કાંઈ બોલ્યા નહિ. પછી ઉમાભાઈએ જાગીને કહ્યું જે "મહારાજ ! આ સામાન કોણ લઈ ગયો ?" ત્યારે મહારાજ બોલ્યા જે "નારાયણ જાણે." એમ કહીને સવારે ત્યાંથી ભૂખ્યા ને ભૂખ્યા ચાલ્યા તે મારગમાં જઈને મહારાજે કહ્યું જે એ તો વાણિયે લીધા. પણ અમે ન બોલ્યા કેમ જે અમારા ઉપયોગમાં ન આવ્યા ત્યારે લેવા દીધાં. ત્યારે ઉમાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! એ મારામાં મોટી ભૂલ આવી. ને મહારાજની માફી માગી. એ વખતે અર્ધા રૂપિયાની જણસ ઘણી આવતી હતી પણ ઉમાભાઈમાં લોભ થયો તેથી મોક્ષદાતા મહારાજને ભૂખ્યા રાખ્યા ને પોતે પણ ભૂખ્યા રહ્યા ને આજ્ઞા લોપાણી એમ ઉમાભાઈથી મોટી ભૂલ થઈ ગઈ. ત્યાંથી પાછા ચાલતા ચાલતા ગેરીતા પધાર્યા.

ગેરીતાના ભક્તજનો મહારાજની રાહ જોઈ રહ્યા હતા. સંતો પણ રાહ જોઈ થાક્યા હતા. હરિભક્તો પણ અકળાણા હતા. ત્યાં મહારાજને ઉમાભાઈને જોઈને બધાને આનંદ આનંદ થઈ ગયો.

મહારાજે સભા ભરીને ગઈ કાલે બનેલી બધી સભામાં વાત કરી. તે ઉપર બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન કર્યા છે જે "નવલ પ્રીતમ ગતી કોન લખે તેરીયા" તે સભામાં ગાયું. "હે મહારાજ ! આ તમારી કેવી લીલા ! તમારી આગળ શિવ બ્રહ્માદિક દેવો હાથ

લંબાવે. ને તેઓએ વાણિયા આગળ હાથ લંબાવ્યો અને વાણિયાએ તમને કંઈ ન આપ્યું. વધારામાં તમારી તેણે ચોરી કરી. છતાંય તમોએ તેને ક્ષમા આપી !''

શ્રીજીમહારાજની આ લીલામાં રહસ્ય હતું કે ગેરીતાના ભક્તજનોને અગાઉ કહેવરાવ્યું કે, અમારું સ્વાગત-સામૈયું ન કરશો છતાં ભક્તજનોએ પ્રેમમાં ભાન ભૂલીને મહારાજની આજ્ઞા લોપી. અને ઉમાભાઈને અરધો રૂપિયો કોઈ ભક્તે મહારાજની સેવા માટે આપેલો તે લોભમાં ન વાપર્યો તેથી આવી લીલા કરી. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૭ તથા ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૨૩ તથા શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૨૬ તથા શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **શ્રીહરિને મળેલા ગવાડા ગામના ભક્તજનો**
પ.ભ.શ્રી દેવાભાઈ સતવારા એક જ હતા.

● **પ્રસાદીના સ્થાન ગવાડામાં**

**(૧)** જ્યાં શ્રીહરિ વાણિયાની હાટમાં રાત વાસો રહ્યા હતા તે હાટ આજે પણ છે ને તેની સ્મૃતિમાં ઓટો બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે. ને આપણા મંદિરની બાજુમાં છે. ને હરિભક્તોના સંઘ દર્શને આવે છે.

## ઈરાણા ગામનો મહિમા

- **શ્રીહરિએ રાજપુરથી ઈરાણા જતા રસ્તામાં વડે ઘોડા સહિત હીંચકા ખાધા**

શ્રીહરિ રાજપુર ગામમાં વસ્તાભાઈ પટેલના ઘરે વિરાજમાન હતા ને સર્વે ભક્તજનોએ શ્રીહરિનું પૂજન કરી સારી રીતે જમાડીને પોતાનું જીવન ધન્ય માનતા હતા. ત્યાંથી શ્રીહરિ ગામ બહાર પધાર્યા. ત્યાં પોતાના ભક્તોએ વડના વૃક્ષ નીચે સ્થાપન કરેલી મનોહર શય્યા ઉપર બેઠા હતા. તે વખતે શ્રીહરિ કહે મારો ઘોડો લાવો ત્યાં સેવકો ઘોડાને લાવ્યા તે તરત જ શ્રીહરિ ઘોડે સવાર થયા પછી વડની ડાળી બન્ને હાથ વડે પકડી તે ડાળને ઘોડા સહિત ઝૂલ્યા ને ત્યાંથી ચાલ્યા તે ઈરાણા ગામે પધાર્યા. તે ગામના માધવભાઈ નામના પટેલ ભક્તે શ્રીહરિ માટે પોતાના ઘરે રસોઈનો બંદોબસ્ત કરાવ્યો. ને ગામની બહાર વડ, આંબા તથા લીંબડા નીચે બધાની વ્યવસ્થા ગોઠવી ને ત્યાં સભા કરી. સૌને કથા વાર્તા દર્શનનું સુખ આપ્યું. રસોઈ તૈયાર થઈ સર્વેને માધવજી પટેલને ઘેર જમાડ્યા.

આ બાજુ રાજપુરથી શ્રીહરિ ઈરાણા પધાર્યા ત્યારે વજાજી દરબારના માતુશ્રીને ખબર નહોતી. તેથી તેઓ ભગવાનના દર્શન કરી ન શક્યા. તેના આઘાતમાં એકદમ બીમાર પડી ગયા. વજાજીને કહ્યું "તું, અત્યારે ને અત્યારે મહારાજને લઈ આવ, નહીતર મારા પ્રાણ રહેશે નહી."

"પણ, મહારાજ કઈ બાજુ ગયા હશે, વળી મારી પાસે ઘોડો કે ગાડું કંઈ પણ નથી."

"ભગવાન તો અંતર્યામી છે. મારી અને મારા મા ની ભાવના જો બળવાન હશે તો ભગવાન મારા ઘરે અત્યારે ને અત્યારે આવશે."

અને બન્યું પણ એવું જ. વજાજી અને માજીના પ્રેમે ઈરાણામાં ભગવાનને હલાવી મૂક્યા. ભગવાન સાંજના ચાર વાગે સફાળા બેઠા થઈને સંતોને કહેવા લાગ્યા. ''હું રાજપુર જાઉં છું. તમો ધીરે ધીરે રાજપુર આવજો.''

શ્રીજીમહારાજ ઘોડા ઉપર બેસીને રાજપુરના માર્ગે ઘોડાને દોડાવી મૂક્યો. તે વજાજી દરબારના ઘરે આવીને ઉભા રહ્યા. ને ભગવાનને જોતા જ માજીની બીમારી વિદાય થઈ ગઈ.

ભગવાનનું પૂજન માજીએ કર્યું, કપાળે ચાંદલો કર્યો, ચોખા ચોડ્યા, આરતી ઉતારી. અને નમસ્કાર કર્યા. ત્યાં સંતો-હરિભક્તો ઈરાણાથી રાજપુર વજાજી દરબારના ઘેર આવી પહોંચ્યા ને સંતોએ આરતી-ધૂન-ભજન કર્યા. ભગવાન વજાજી દરબારને ત્યાં રાત રોકાયા ને બીજે દિવસે સવારમાં ચાલ્યા તે ટુંડેલ પધાર્યા. *(શ્રીહરિ દંઢાવ્ય દેશમાં)*

- **શ્રીહરિને મળેલા ઈરાણાના ભક્તજન તથા પ્રસાદીના સ્થાનો**

  પ.ભ.શ્રી માધવજીભાઈ પટેલ

  **માધવજીભાઈ પટેલનું ઘર** : તથા ભાગોળે આંબા આદિ ઝાડ પ્રસાદીના છે.

## પલિયડ

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે માણસાથી ચાલ્યા તે પલિયડ ગામ આવ્યા. ત્યાંના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. તેના નામ કહું છું. જોષી ઝુમખરામ, જેઠો ભટ્ટ અને ગંગાબાઈ વગેરે આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. શ્રીહરિને હાથ જોડીને પગે લાગ્યા. પોતાને ઘેર પધરામણી કરીને કેસર યુક્ત ચંદનથી પૂજા કરી અને અલૌકિક લાભ લીધો. ફૂલના હાર પહેરાવ્યા. વિવિધ પ્રકારનાં પકવાન જમાડ્યાં. આરતી ઉતારીને પછી સ્તુતિ તથા વંદન કર્યા.

હરિભક્તો હાથ જોડીને જેવો વર માગતા હતા. શ્રીહરિ તેમને તેવો વર આપતા. તે ગામમાં ઘનશ્યામ શ્રીહરિ એક રાત રહ્યાં. અને રસોઈ જમ્યા. સંતો દરબારો અને પાર્ષદો સહુ જમ્યા. પછી બીજે દિવસ અવિનાશી ત્યાંથી નીકળ્યા તે ખોરજ-ડાભી થઈ કરજીસણ પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૫૫)*

(૨) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મોખાસણથી ચાલ્યા તે પલિયડ પધાર્યા. જેઠા ભક્ત આદિ મહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે બાઈ ગંગાને ઘેર પધરાવ્યા ને થાળ કરીને જમાડીને સર્વે સંતને જમાડ્યા. પછી વિપ્ર ઝૂમખરામ આદિ સર્વે હરિજનની સેવા અંગિકાર કરીને ચાલ્યા તે ગામ નારદીપુર પધાર્યા. *(શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૫૨ તથા શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯ તથા શ્રીહરિ કૃષ્ણલીલામૃત અધ્યાય-૬૪)*

**(૩) શ્રીહરિ કહે આ મૃગો અંતકાળે મારા ધામને પામશે**

શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ખોરજ ગામથી ચાલ્યા તે પલીયડ ગામની સીમમાં આવી પહોંચ્યા. ત્યાં ઘણા સમયથી હરણનું ટોળું ઊભું હતું. આ હરણોના કલ્યાણ ઈચ્છતા શ્રીહરિ ટોળાની સન્મુખ

પોતાનો અશ્વ ખૂબ દોડાવતા હતા. વેગથી દોડતા ઘોડા ઉપર શ્રીહરિને જોતાં તે હરણનો સમૂહ પણ આગળ આગળ દોડવા લાગ્યો. થોડીવાર પછી ટોળાની મંદ ગતિ જોઈ કરૂણાસાગર શ્રીહરિને લાગ્યું કે મારા ભયથી અને ખૂબ દોડવાથી આ હરણો ત્રાસ પામી ગયા છે. ભૂખ તરસથી પણ પીડાય છે. અને થાકી ગયા છે. એમ વિચારીને તે ટોળાની પાછળ દોડતા બંધ થઈ ગયા. પોતે પણ બહુ દોડવાથી થાકી ગયા. પરસેવાથી વસ્ત્રો ભીંજાઈ ગયા.આવા શ્રમિત થયેલા ભગવાન મુક્તાનંદમુનિ, આનંદાનંદમુનિ, બ્રહ્મમુનિ અને નિત્યાનંદમુનિ આ ચાર સંતો જ્યાં હતા તે સ્થળે આવી ઉભા રહ્યા. સંતોને કહેવા લાગ્યા કે હે મુનિઓ ! મેં મૃગના એક સમૂહ પાછળ એટલા વેગથી ઘોડો દોડાવ્યો છે કે તે બધા મૃગો ત્રાસ પામી ગયા. મૃગનો આ સમૂદાય જીવશે ત્યાં સુધી નિત્ય મને સંભારશે. દેહ છોડશે ત્યારે મારી મૂર્તિના તેમને દર્શન થશે. મારા દર્શનથી નિષ્પાપ બનેલા તે મૃગો મુનિઓની માફક મારા ધામને પામશે. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! તે ચાર સંતો આગળ હરણોની વાત કરી અભયપ્રદાતા ભગવાન સંતોને સાથે લઈ પલીયડ ગામમાં પધાર્યા. તે ગામમાં રહેતા ઝુમખરામ બ્રાહ્મણ, જેઠાભાઈ પટેલ, ગંગા નામની બ્રાહ્મણ સ્ત્રી, તથા બીજી જ્ઞાનાદિક સ્ત્રીઓ વગેરે ઉમંગ ભેર શ્રીહરિને સત્કારી પૂજા કરતી હતી. રોકાવા માટે ભક્તોએ ઘણો આગ્રહ કર્યો પરંતુ શ્રીહરિ ત્યાં રોકાયા નહિ અને સીધા નારદીપુર પધાર્યા. (સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૮)

- **શ્રીહરિને મળેલા પલિયડ ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી જેઠાભાઈ જોષી | પ.ભ.શ્રી જીવાભાઈ પટેલ |
| પ.ભ.શ્રી જીવણલાલ વિપ્ર | પ.ભ.શ્રી વસ્તાભાઈ પટેલ |
| પ.ભ.શ્રી ગંગાબાઈ વિપ્ર | પ.ભ.શ્રી જ્ઞાનબાઈ પટેલ |
| પ.ભ.શ્રી ઝૂમખરામ વિપ્ર | પ.ભ.શ્રી ગલાલબાઈ પટેલ |
| પ.ભ.શ્રી જેઠાભાઈ પટેલ | |

## ટુંડેલ

(૧) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અંબાસણથી ચાલ્યા તે ટુંડેલ (ટુંડાલી) ગામે પધાર્યા. ગામ લોકોને ખબર પડવાથી એટલે સર્વે પ્રેમીજનો શ્રીહરિની સન્મુખ સામા આવ્યા. ત્યારે ત્રાંસા, ભેર, ઢોલ. શરણાઈ આદિક બહુજ વાજિંત્રો વગાડતા વધાઈ ગાતા હતા. પાસે આવ્યા આવીને પ્રભુને પ્રણામ કર્યા. અને પ્રભુને પુરમાં પધરાવ્યા અને અતિ આનંદનો ઉછાળો થયો તે પુરમાં સમાતો ન હતો. બાલચંદભાઈ હતા તેમણે મહાપ્રભુને રસોઈ કરાવીને જમાડ્યા. પછી શ્રીહરિએ સંતોને જમાડ્યા. પછી બાલચંદભાઈએ શ્રીહરિ તથા સંતો-ભક્તોને મુખવાસ આપ્યો. તેને શ્રીહરિએ લઈને જમ્યા. બીજા ભક્તજનો જે પુરમાં રહેતા હતા એ બધાના ભાવોને પુરા કરીને મહાપ્રભુ પોતે ત્યાંથી ચાલતા થયા. તે નંદાસણ ગામે પધાર્યા. *(શ્રીહરિલીલા સિંધુ રત્ન-૧૦ તરંગ-૯)*

- **શ્રીહરિએ બાલચંદભાઈને દીક્ષા આપી શાંન્તાનંદ નામ પાડ્યું**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે પુંજાપરા, નારદી, માથાસૂલ થઈ ટુંડાલ ગામે પધાર્યા. ટુંડાલમાં રહેતા શ્રેષ્ઠ ભક્ત બાલચંદભાઈ પટેલ શ્રીજીમહારાજને આગ્રહ કરી પોતાના ઘેર લઈ ગયા. ત્યાં શ્રીહરિ પોતે રસોઈ બનાવી જમ્યા. ત્યારબાદ સંતોને પીરસવા પંક્તિમાં પધાર્યા. શ્રીહરિ પીરસવા આવ્યા હોઈ સંતો ખૂબ આનંદ પામ્યા. મહાપ્રભુએ સંતોને આગ્રહપૂર્વક પીરસી જમાડ્યા. મહાપ્રભુના હાથથી પીરસાયેલ પ્રસાદીરૂપ લાડુઓ જમી સંતો ખૂબ જ તૃપ્ત થયા. પીરસવાનું કાર્ય પુરું કરી શ્રીહરિએ હાથ ધોવા માટે પાણી માગ્યું. ત્યારે બાલચંદ પટેલ શ્રીહરિ પ્રત્યેના પ્રેમથી ભાવનાશીલ બની ગયા. અને પાણીને બદલે ઘીથી ભરેલું પાત્ર લઈને આવ્યા. ઘીનું પાત્ર જોઈ

ભક્તવત્સલ પ્રભુ હસવા લાગ્યા. પછી તે ભક્ત ઉપર પ્રસન્ન થઈ તેને સાધુદીક્ષા આપી.શાંતાનંદ સ્વામી એવું નામ પાડ્યું. તે શાંતાનંદ મુનિને સાથે લઈ શ્રીહરિ ટુંડાલ (આ ગામના તુંડલી, તુંડાલ, તુંડાલી એવા નામો કવચિત જોવામાં આવે છે) થી નીકળી રાજપુર પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૨૫)*

● **તેજીને ટકોર બસ છે**

ટુંડેલ ગામમાં બાલચંદભાઈ નામે પટેલ હતા. પોતે સુખી હતા. ખેતી વાડી સારી ખેતરમાં મીઠા પાણીનો કૂવો તથા ઘર આંગણે ત્રણ ચાર હાથણી જેવી ભેંસો. આ બધુ હોવા છતાં બાલચંદભાઈ પૂર્વના મુક્ત હતા. તેથી તેમનો જીવ સંસારથી ઉદાસ રહેતો હતો. તેથી મહાદેવજી ભક્ત હતા ને મહાદેવજી પર ઘણીજ શ્રધ્ધા હતી. તેથી મહાદેવજીએ બાલચંદભાઈને સ્વપ્નમાં દર્શન આપીને કહેલું કે તારે ત્યાં અનંત બ્રહ્માંડનો ધણી પધારશે. તને પોતાના સાથે આવવાનું કહેશે. તું એ પળ ચૂકતો નહી. વીજના ઝબકારે મોતી પરોવી લેજે. તારો મોક્ષ એ ભગવાન કરશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજપુરથી નીકળી ટુંડેલ ગામે પધાર્યા. સાથે સંતો, કાઠી દરબારો, હરિભક્ત બાઈઓ ભાઈઓ આવેલા. પ્રભુ પધાર્યા જાણી પટેલો તથા ગામના પ્રેમી જનોએ સાથે મળીને સ્વાગત સામૈયું કર્યું. તે વખતે બાલચંદભાઈ પટેલે સ્વામિનારાયણ ભગવાન સામે નજર જોડી તો ભગવાનની મૂર્તિમાંથી તેજના ફૂવારા ઉડતા દેખાયા. ‘‘ચાલો, મહારાજ મારે ઘેર.’’ બાલચંદભાઈએ ભગવાનને આમંત્રણ આપ્યું ને આખો સંઘ બાલચંદભાઈને ઘેર ઉતર્યા.

બાલચંદભાઈએ સંતો પાસે શેર શેર ઘીના સાકર નાંખીને લાડુ બનાવરાવ્યા. દાળ-ભાત, શાક અને ઉપરથી વાટકા ભરી ભરીને ઘી પીરસ્યું. જમતા જમતા ભગવાને બાલચંદભાઈ પાસે પાણી માગ્યું.

આ ભગત તો મહારાજની મૂર્તિમાં તલ્લીન હતા. તેથી તેઓ પાણીને બદલે દૂધની તાંબડી લઈને આવ્યા ને મહારાજના હાથ ધોવરાવ્યા ધાર કરી તે મહારાજે જોઈ પાણી બદલે દૂધ લાવ્યા. તેથી મહારાજ સમજી ગયા કે, “આ જીવ માયાનો જીવ નથી. મહારાજ બોલ્યા : “બાલચંદ ભગત ! ચાલો અમારી સાથે તમો સંસારના જીવ નથી. તમો તો મુક્તાત્મા છો.” અને જેમ તેજીને ટકોર ને સમજુને એક ઈશારો કાફી, તેમ બાલચંદભાઈ તો આ શ્રીહરિના સુચનથી ભગવાનની સાથે સંસાર છોડીને ચાલી નીકળ્યા. મહારાજે તેમને સંતની દીક્ષા આપી ને શાંતાનંદ સ્વામી નામ પાડ્યું. આમ બાલચંદભાઈ પટેલે પોતાનું તો સુધાર્યું. પરંતુ ટુંડેલ ગામનું ગૌરવ સંપ્રદાયમાં વધાર્યું. *(દંઢાવ્ય દેશ લીલા પુસ્તિકામાંથી)*

● **શ્રીહરિને મળેલા ટુંડેલ ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી બાલચંદભાઈ પટેલ
પ.ભ.શ્રી ગંગારામભાઈ પટેલ
પ.ભ.શ્રી ગણેશભાઈ પટેલ
પ.ભ.શ્રી ગોપાળભાઈ પટેલ
પ.ભ.શ્રી માનાભાઈ પટેલ
પ.ભ.શ્રી વાલાભાઈ પટેલ

## ઘેંઘુસણ

● **ઘોડીએ સહિત શ્રીહરિએ વડે હીંચકા ખાધા**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મેઉ ગામથી ચાલ્યા તે ઘેંધુસણ ગામની ભાગોળે આવ્યા. મહારાજને પાણીની તરસ લાગી હતી. તેથી મહારાજે ડુંગરજી પાર્ષદને પાણી લેવા મોકલ્યા. તે ગામે પાદર કૂવે કોશ ચાલતા હતા. તે સમયે કૂવાના પાણી ઊંડા હતા તેથી દરેક મુસાફર પોતાની સાથે દોરો લોટો રાખતા

હતા. કૂવામાંથી પાણી ખેંચવા માટે કોશ ચામડાના બનાવેલા હતા. એટલે કોશનું પાણી લોકો પીતા નહીં. પણ કૂવામાંથી દોરી વડે જાતે પાણી કાઢીને પીતા હતા. ડુંગરજી પાણી લેવા કૂવે પહોંચ્યા ને દોરી વડે પાણી ભરતા હતા તે વખતે શ્રીહરિએ ત્યાં વડે એક અદ્‌ભૂત ચરિત્ર કર્યું. જે વડ નીચે ઉભા હતા તે વડની વડવાઈઓ મહારાજે જોઈ. એક વડવાઈને મજબૂત પકડી. ઘોડાને પગથી બરાબર દબાવીને ભગવાને ઘોડા સાથે હિંચકા ખાવા માંડ્યા. ધેંધુસણના માણસો આ જોઈને આશ્ચર્ય પામી ગયા. "માણસ બળવાન લાગે છે. હોંશિયાર છે. આવું ચરિત્ર જોઈને ગામ લોકોને ગુણ આવ્યો. પછી ડુંગરજી પાણી લઈને આવ્યા ને ભગવાનને પાણી પાયું ને ત્યાંથી શ્રીહરિ વસઈ (ડાભલા) આવ્યા. *(શ્રીહરિ લીલામૃત કળશ-૭, વિશ્રામ-૭૪)*

આ ધેંધુસણમાં મેઉ ગામના ભૂષણ ભાવસારે સત્સંગ કરાવ્યો છે આજે એ ગામમાં હરિમંદિર છે.

## લાસડી

- **શ્રીહરિ માટે અચલાબાઈ થાળ કરીને લાવ્યા**

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે કડા થઈને લાછડી ગામે પધાર્યા. ગામથી પૂર્વ દિશામાં મારગ ઉપર વિહારવાળા પટેલ તુલસીદાસની બહેન અચલાબાઈ થાળ કરીને લાવ્યા. તેને પોતે જમીને પ્રસાદી સર્વ ભક્તજનને આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ ડાભલા થઈ વસઈ પધાર્યા. *(સદ્.શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૯૦)*

- **અચલાબાઈને લોભ આડો આવ્યો**

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ મોટા સંઘ સાથે આદરજનો દીવાળીનો મોટો અન્નકૂટનો ઉત્સવ કરવા પધાર્યા હતા. ને ઉત્સવ પૂર્ણ કર્યા પછી શ્રીહરિનું આ છેલ્લું દંઢાવ્ય દેશનું વિચરણ હતું તે

ગામો ગામ ભક્તજનોને દર્શન દેતા ને તેમના મનોરથો પૂરા કરતા. પ્રેમભાવથી ભક્તજનોએ બનાવેલી રસોઈ જમતા ને સૌને રાજી કરતા. શ્રીજીમહારાજ ઘણીવાર વિહાર ગામે પધારેલા છે ને ભક્તોને દર્શન ખૂબ આપ્યા છે. તે ગામના તુલસીદાસ પટેલના બહેન અચલાબાઈને લાસડી ગામે પરણાવ્યા હતા. મહારાજ વિહારમાં વિરાજમાન હતા ત્યારે અચલાબાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી મહારાજ મારા ગામ લાસડી પધારજો ને મારી રસોઈ લેજો ને સંતો સહિત મારું ઘર પાવન કરવા પધારજો. મહારાજ કહે એ બાજુ વિચરશું ત્યારે તમારો મનોરથ જરૂર પૂરો કરશું. શ્રીજીમહારાજ સંઘ સહિત કોઈ ગામને પાદર પહોંચ્યા ને મહારાજે પૂછ્યું ‘‘ભાઈ, આ ક્યું ગામ આવ્યું.’’ આ ગામનું નામ લાસડી છે, મહારાજ.’’ ‘‘તો, તો આ ગામમાં આપણા એક હરિભક્ત રહે છે. નામ એમનું છે અચલાબાઈ, વિહારવાળા તુલસીદાસ પટેલના એ બહેન થાય છે.’’ મહારાજે કહ્યું ત્યાં તો અચલાબાઈ સામે આવતા દેખાયા. ને અચલાબાઈએ મહારાજને જોયા. અચલાબાઈને થયું કે આખો સંઘ મારે ત્યાં આવશે. બધાને જમાડવા પડશે, ઘોડાને ચંદી નાખવી પડશે, ને આટલો બધો હેસો મારે વેઠવો પડશે. એના કરતા હું નીચું જોઈને મહારાજ આગળથી નીકળી જાઉં મહારાજ ક્યાં મને ઓળખવાના છે. (અચલાબાઈના મનમાં લોભે સ્રામાજ્ય જમાવ્યું.) અચલાબાઈ સીમમાંથી ચારનો ભારો લઈને ગામમાં જતા હતા. તેથી તેમણે મહારાજને બોલાવ્યા નહિ.

પણ મહારાજ ઓળખી ગયા. ‘‘કેમ અચલાબાઈ, અમો જ્યારે વિહાર આવેલા ત્યારે તમોએ કહેલું કે મહારાજ બધા સંતોને તથા હરિભક્તોને લઈને મારે ઘેર આવજો. આજે અમો તમારી માંગણી પ્રમાણે આવી ગયા છીએ. અચલાબાઈ શરમાઈ ગયા. ‘‘હા, હા,

મહારાજ, ચાલો મારે ઘેર.''

''અચલાબાઈ, અમો અંતર્યામી છીએ, તમારા મનમાં શું ચાલે છે તે જાણીએ છીએ. અમારા આવવાથી તમારું અન્ન ખૂટી ન જાય, સમજ્યા ?'' મહારાજે કહ્યું. અને સાંભળો, અમારે કરજીસણ જવાની ઉતાવળ છે. એટલે વળી કોઈ વખત આવીશું. મહારાજ સંઘ સાથે કરજીસણ ગામના મારગે રવાના થયા.

અચલબાઈ પોતાને ઘેર ગયા. ઠેઠ તેમના ઘેર આવેલા ભગવાન તથા સંતો-હરિભક્તોનું તેઓ સન્માન કરી શક્યા નહિ.

મહારાજ ફરીથી એમને ઘેર ગયા નહિ. અચલાબાઈએ મહારાજને જમાડ્યા નહિ પણ જીવનભર પસ્તાવો કર્યો ને મહારાજ તો દયાળુ છે તેથી અંતકાળે અચલાબાઈને તેડવા પધાર્યા હતા. સમયને ઓળખે નહિ ને સમય ગયા પછી શું થાય. જે ટાણે થાય તે નાણે ન થાય. જીવનમાં આવેલી તક ગુમાવ્યા પછી શું ફાયદો. અનંત કરોડો બ્રહ્માંડનો ધણી સામા પગલે ગામને પાવન કરવા તો પધાર્યા પણ અચલાબાઈએ પોતાનું આંગણું પાવન ન કરી શક્યા ને લોભે તેમને અંતરાય કર્યો માટે લોભને જીતવો જરૂરી છે. *(દંઢાવ્ય દેશ લીલા)*

- **શ્રીહરિ મળેલા લાસડી ગામના ભક્તજન**

પ.ભ.શ્રી અચલાબાઈ | પ.ભ.શ્રી તુલસીદાસ પટેલ

પ.ભ.શ્રી સુંદરભાઈ પટેલ

## પાલનપુર

- **વિપ્રવેશે શ્રીહરિ અને લાડુદાનજી કચ્છમાં જતા પાલનપુર પધાર્યા**

લાડુદાનજી (બ્રહ્માનંદ સ્વામી) ને ભુજ પીંગળ શાસ્ત્ર ભણવા માટે શંભુદાનજીને સ્વપ્નમાં એંધાણી આપી હતી કે. એક કચ્છી ભૂદેવ

તમારે આંગણે આવશે તો તેમની સાથે લાડુદાનજીને કચ્છ ભુજમાં ભણવા મોકલશો.

એક દિવસ 'સ્વપ્નના સંકેત મુજબ સવારમાં કચ્છી ભૂદેવરૂપે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન ખાણ ગામની ભૂમિને પાવન કરવા પધાર્યા ને શંભુદાનજીએ તેમનું સ્વાગત-પૂજન વિધિવત રીતે કરીને ભૂદેવના આશીર્વાદ સ્વીકાર્યા.

બીજે દિવસે લાડુદાનજીના મામા અમરદાન ભાપડી ગામના અને પેશ્વા ગામના સ્વરૂપદાન તેમની બે દીકરી જોડલાની જન્મેલ ખીમબા તથા મોજબાનું સગપણ કરવા ખાણ ગામે આવવાના હતા. તેથી શંભુદાનજીએ કચ્છી ભૂદેવ (મહારાજને) કહ્યું આપના હાથે જ આ સગપણનો વિધિ રાખીએ. ત્યારે કચ્છી ભૂદેવે કહ્યું કે એ તો આપના શિવશંકર ગોર છે તેના હાથે જ યોગ્ય ગણાય તમે આ સગપણ વિધિ કરી લ્યો ત્યાં આ આબુના તીર્થોના દર્શન કરીને પાછો આવું છું.

આ બાજુ સગપણનો વિધિ શરૂ કર્યો પ્રભાતના કિરણો પ્રસરતા જ શરણાઈના ઘેરા સુર વચ્ચે રાજસ્થાનની ત્રાંબાનું ઢોલના નાદે અનેરા અવસરના વારણા લીધા ને રાજ કવિ શંભુદાનના ઘેર સોના ચાંદીના બાજોઠ ઉપર દેદિપ્યમાન દેવકુમાર લાડુદાનને બેસારી સ્વરૂપદાનજીની બે દેવ કન્યાઓ (બેલડાની જન્મેલ) ખીમબા અને મોજબાના શ્રીફળો ઝલાવી કુમકુમ અક્ષત કરતાંની સાથે જ કોયલ કંઠી ચારણ્યુંના ગળાં ગહેકયા ને ગીતોની રમઝટ બોલાણીને પછી વિધિ પૂરો થતાં જ આવેલા મહેમાનોને તથા ખાણ ગામ ધૂમાડા બંધ જમાડવામાં આવ્યું હતું.

થોડા દિવસ બાદ કચ્છી ભૂદેવરૂપે શ્રીહરિ બીજીવાર ખાણ ગામને પાવન કરવા પધાર્યા ને બીજે દિવસે શંભુદાનજી તથા લાલુબા દેવીએ લાડુદાનજીને હેતથી ચાંદલો કરીને હાથમાં શ્રીફળ આપીને

આશીર્વાદ સાથે વસમી વિદાય આપી કચ્છી વિપ્ર અને લાડુદાનજીને વળાવવા આખું ગામ આજે હલકીને આવ્યું હતું. લાડુદાનજી પણ પાછું વાળીને ખાણ ગામને તથા ઝાડવાને છેલ્લીવાર નીરખીને વિદાય લીધી. કારણ કે હવે ખાણ ગામની ભૂમિ કે ઝાડવા જોવા આવવાનું નથી.

કચ્છીવિપ્ર અને લાડુદાનજી ચાલતા ચાલતા ત્રીજે દિવસે વહેલી સવારે સ્નાન પૂજા અને શીરામણ કરી ઘોડા પલાણ્યા. જોત જોતામાં રોહા ગામ વળોટીને બનાસકાંઠાના પ્રદેશનું અવલોકન કરતા કરતા ત્રીજી રાત્રીએ પાલનપુરના સીમાડે આવેલ વાડીમાં મુકામ કર્યો. રાબેતા મુજબની દીનચર્યા કરી, વાળુ કરી આરામ કરવાની તૈયારી કરતા હતા. ત્યાં જ પોતાના ખેડૂત યજમાનના યુવાન પુત્રને સર્પદંશ થતા બેભાન થઈ ઢળી પડ્યો. રાત્રીનો પ્રથમ પ્રહર પૂર્ણ થવામાં હતો. ગામ દૂર હતું અને ખેડૂત કુટુંબનો મોભી છેલ્લા શ્વાસ ગણી રહ્યો હતો. ત્યારે સ્ત્રી, યુવા-બાળકના આક્રંદ સંભળાતા બંને વટેમાર્ગુઓ ત્યાં પહોંચતાં પરિસ્થિતિ પામી ગયા.

લાડુદાનજી કહે : "હે બ્રહ્મર્ષિ ! આપ જેવા પવિત્ર પુરુષના પદાર્પણથી પુલકિત થયેલ ખેડૂત પરિવારની આપ વહાર કરો. આપણે તેના અતિથિ સત્કારને સ્વીકાર્યો હોઈ આ સમે તેના ઉપર જો આપત્તિના ઓળા ઊતરે તો આર્ય સંસ્કૃતિ ઝાંખી પડે."

લાડુદાનજીનું કથન સાંભળી ખેડૂત પરિવાર પણ બ્રાહ્મણને પગે પડી આક્રંદપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો. આ સમે વેશધારી બ્રાહ્મણ એવા પરબ્રહ્મને દયા ઉપજી અને તેઓશ્રી લાડુદાનજી અને ખેડૂત પરિવારને કહ્યું : "બધા સર્પ કંઈ ઝેરી હોતા નથી. માત્ર સર્પના ડરથી જ કેટલાક બેભાન બની જાય છે. આમાં ગભરાવાની જરૂર નથી. મોરપીંછ હોય તો લાવો."

ભૂદેવના વચન સાંભળી ખેડૂત પરિવારે પાંચ છ મોરપીંછ લાવી આપ્યા. તેના ઠેબાનો ભાગ એક વેંત જેટલો રાખી તેના બારીક કટકા કરી તેની ચલમ ભરી છોકરાને પીવરાવવા કહ્યું. તથા મોરપીંછના બે કટકા લાડુદાનજીને આપી, તે છોકરાના બંને કાનમાં ભરાવી છોકરાને સાદ કરવાનું કહેતા જણાવ્યું "ભોળિયો નાથ ભેખે હશે તો છોકરો હમણાં ઊઠશે."

લાડુદાનજી કહે "પણ માં રાજ !"

"હવે પણ ને બણ. તમે તો દેવી પુત્તર, નાગકુળ તમારું મોસાળ, વળી તમારી શક્તિનો તમને ખ્યાલ નથી. માટે ઢીલ ન કરો અને મોરપીંછના બે ટુકડા છોકરાના કાનમાં તમારે હાથે ભરાવી છોકારનું નામ લઈ સાદ કરો." ભૂદેવે મોરીપીંછના ઠેબાના બે ટુકડા લાડુદાનજીને આપ્યા અને છોકારના બાપાને છોકરાનું નામ પૂછતાં "ભીખો" જણાવ્યું લાડુદાનજીએ નિશ્ચેતન પડેલા છોકરાના બન્ને કાનમાં મોરપીંઠના ટૂકડા ભરાવી "ભીખા.... એ ભીખા ........" એમ સાદ કરતાં જ ભીખાનો દેહ સળવળ્યો. બે ચાર ક્ષણોમાં આંખ ઊઘાડી બધા સામે જોવા લાગ્યો.

ભૂદેવ કહે : "હવે એને બેઠો કરી મોરપીંછની ચલમ પીવરાવો."

ઘરના બધા આનંદિત થતા ભીખાને બેઠો કરી ચલમમાં મોરપીંછના ટૂકડા ભરી, ઝેગવી, ભીખાને મોઢે મૂકી સટ લેવાનું કહેતાં ભીખો ચલમ પીવા માંડ્યો. થોડીવારમાં ભીખો સંપૂર્ણ સભાન થતાં તેના બાપના કહેવાથી ભૂદેવ તથા લાડુદાનજીને પગે લાગ્યો આખું ઘર આગંતુક બંને અતિથિઓના ચરણોમાં ઝૂકી પડ્યું. લાડુદાનજી પણ મનોમન ભૂદેવ અંગે વિચારી માનસિક વંદના કરી. ખેડૂત કુટુંબના દુરાગ્રહને વશ થઈ બીજા દિવસે પણ ત્યાં જ મુકામ રાખી ખેડૂતે આપેલ પાકું સીધું લઈ ભૂદેવે સ્વહસ્તે રસોઈ બનાવી પોતે, લાડુદાનજી

તથા ખેડૂત પરિવાર જમ્યા. અને આમ પ્રથમ વખત શ્રીહરિના હાથની બનાવેલી રસોઈનો પ્રસાદ લાડુદાનજીને મળતાં તેમના ઘાટ સંકલ્પો તથા જન્મ ભૂમિની યાદી અને ચિન્તાઓ શમી ગયા.

પાંચમાં દિવસના પ્રભાતે દૈનિક કાર્યોથી પરવારી યજમાન ખેડૂત કુટુંબની રજા લઈ પ્રવાસના પંથે પડ્યા. ઘોડાઓને પણ એક દિવસનો વધારે આરામ મળતા પવનવેગી છૂટ રેવાલ ચાલે ચાલતાં સાંજ ઢળતાં સુધીમાં રાધનપુરના ગામડાઓમાં પહોંચ્યા. ત્યાં વાડીમાં ઊતારો કરી, સંધ્યા-તર્પણ, ટીમણ કરી રાત્રી મુકામ કર્યો. અને છઠ્ઠા દિવસના પ્રભાતે સાબદા થઈને યાત્રીને આગળ ધપાવતાં ઝાલાવાડની ધરતી ઉપર પ્રથમ પદાર્પણ કર્યું. અને આમ પ્રવાસની છઠ્ઠી રાત્રીએ રાધનપુર અને દસાડા વચ્ચે અંતરિયાળ આવેલ એક મહાદેવની જગ્યાએ મુકામ કર્યો. મહાદેવના, પૂજારી અતીતબાવાજી રેવાગર નામના હતા. તેઓ સરળ અને ધાર્મિક વૃત્તિના પવિત્ર વ્યક્તિ હોઈ બંને અતિથિઓને બહુજ સ્નેહથી સ્વાગત કરી પોતાની જગ્યામાં રોક્યા. બીજા દિવસે પણ અતિ આગ્રહ કરીને બંને મહેમાનોને ચાલવા ન દીધા. તેમજ આજુબાજુના ભાવિકોને જાણ કરી રાત્રીના સમયે ભજનનો કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે પહેલી જ વખત કાઠિયાવાડી હલકના ભાવપૂર્ણ ભજનોથી લાડુદાનજી પ્રભાવિત થયા. લાડુદાનજીએ પણ મેવાડી ઢબના ભજનો ગાઈ સંભળાવતા શ્રોતાજનો યુવાનના કંઠથી મંત્ર મુગ્ધ બન્યા. ભૂદેવ તો વચ્ચે વચ્ચે ભલકારા આપતા લાડુદાનજીની કહેણીને બિરદાવતા હતા સવારના પ્રાતઃ કાળે ભૈરવીના ભજનો અને પછી પ્રભાતિયાં ગાઈને કાર્યક્રમ થતાં સવારના નિત્યવિધિ કરી શીરામણ કરી બંને અતિથિઓને જ્યારે વિદાય આપી ત્યારે લાડુદાનજીએ એક સુવર્ણ મૂદ્રિકા (સોનાની ગીની) રેવાગર પૂજારીને આગ્રહપૂર્વક પ્રેમથી આપી વિદાય થયા. *(સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી જીવનદર્શન લહેર છઠ્ઠી)*

- **શ્રીહરિને મળેલા પાલનપુરના ભક્તજનો**

  પ.ભ.શ્રી ઈન્દરજીભાઈ સોની

  પ.ભ.શ્રી પટેલ કુટુંબ (દીકરાને સર્પ કરડ્યો હતો તે)

  પ.ભ.શ્રી રેવાગર અતિત બાવાજી (મહાદેવની જગ્યાના મહંત

## દેવરાસણ

- **મહારાજ કહે "ભગત ! અમારે રહેવાનું ઘર બનાવો"**

મહેસાણા વિજાપુર રોડ ઉપર દેવરાસણ નામનું ગામ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમયમાં આ ગામમાં બનેસંગ દાન કરીને એક ગઢવી હરિભક્ત રહેતા હતા. ગામમાં ગઢવીઓનાં ઘણાં ઘર હતાં. ગઢવીઓ અફીણના બંધાણી. પણ બનેસંગભાઈને અફીણ ન ખપે. સત્સંગના નિયમો બરાબર પાળે નાતમાં કસુંબા ન લે. બધા એમને ભગત કહે. ખેતી વાડી કરે ગુજરાન ચલાવે. તેમનું ગામ માટીનું રહેવાનું ઘર હતું. ઈચ્છા થઈ ઈંટો ચૂનાનું પાકું મકાન બનાવવાની. ઘર આગળ ઈંટો ઉતરાવી. પછી એમને થયું "લાવને, શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૂછી આવું. આ કામમાં ભગવાનની સંમતિ લઈ આવું." ભગત તો ઉપડ્યા ગઢડા.

શ્રી સ્વામિનારાયણ ભગવાન દાદા ખાચરના દરબારમાં લીંબડાના ઝાડ નીચે સભા કરીને બેઠા છે. કથા વારતા ચાલે છે. ને ભગત સભાને તથા ભગવાનને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

"ભગત, બોલો કેમ પધારવું થયું ?" મહારાજે પૂછ્યું.

"ભગવાન, મારે રહેવા માટે ઈંટ ચૂનાનું પાકું મકાન બનાવવું છે. એને માટે આપની રજા લેવા આવ્યો છું. આપ કહો તો મકાન બનાવું નહિતર રહેવા દઉં." ભગતે કહ્યું.

"ભગત, તમારે રહેવા માટે મકાન બનાવો છો પણ અમારો વિચાર કર્યો ? અમારે રહેવા માટે ઘર બનાવો." મહારાજે કહ્યું.

બે દિવસ ગઢડા રોકાઈ ભગત ઘરે આવ્યા. પોતાને રહેવા માટે મકાન બનાવવાનું હતું. પણ ભગવાનની મરજી ભગવાનનું ઘર બનાવવાની હતી. એટલે ભગતે એ ઈંટોનું ચૂનાનું પાકું મકાન બનાવ્યું. પોતે જૂના ગાર માટીના ઘરમાં રહ્યા. એ ઘરમાં આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ચિત્રપ્રતિમા પધરાવી. ગામમાં સત્સંગ ચાલુ થયો. આજે દેવરાસણ ગામમાં ભગવાનનું મંદિર છે તે ગઢવીઓનો સત્સંગ છે. *(શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં)*

● **શ્રીહરિને મળેલા ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી બનેસંગભાઈ ગઢવી | પ.ભ.શ્રી જેતસીભાઈ ગઢવી |
| પ.ભ.શ્રી ભગાભાઈ ગઢવી | પ.ભ.શ્રી જીવાભાઈ ગઢવી |

## કાંમલી

● **કાંમલી ગામની સીમમાં શ્રીહરિને ગાયો ફરી વળીને ભરવાડને કૃષ્ણરૂપે દર્શન આપ્યા**

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ ભુજથી સિધ્ધપુરમાં શિવરાત્રીનો ઉત્સવ કરવા પધારેલા તે ત્યાંથી ફરતા ફરતા ઊંઝા પધાર્યા ને ત્યાં દર્શનનું સુખ આપીને ચાલ્યા તે ત્રણેક કોશ ગયા ત્યારે વન અને સારી ઘાસવાળી ભૂમિ આવી. શ્રીહરિ સંઘની આગળ ચાલતા હતા. ગાયોનાં ધણનાં ટોળેટોળા ત્યાં ઘાસ ચરતા હતા. જે વઢિયાર પ્રદેશ કહેવાય છે. ત્યાંના વંશની વઢિયારી (કાંકરેજી) ગાયોના તે ધણ હતા. ગાયોએ આંખોથી શ્રીહરિને દેખ્યા. તેમના દિલમાં અપાર હર્ષ થયો. અને અત્યંત આનંદ વિભોર થઈ ગઈ. ઘાસ ચરતી હતી તે ચરવાનું તત્કાળ બંધ કર્યું. દરેક ગાયોના મોઢામાં ઘાસના કોળિયા ભર્યા હતા. તે બધી ગાયો શ્રીહરિની સન્મુખ દોડી. દશ વીસ ગોવાળ આડા આવીને ગાયોને રોકવા લાગ્યા. તે ૧૦૦ ગાયો હતી. તે ગાયોએ કોઈ ગોવાળને માનો દેખ્યા જ ન હોય તેમ બધી મનમાં અત્યંત

આનંદિત થઈને શ્રીહરિની પાસે આવી. ગાયો શ્રીહરિને જોવા લાગી. પૂંછ ઊંચા લીધાં હતાં. હરખ હૈયામાં સમાતો ન હતો. બધી ગાયોએ કાન અને મુખ ઊંચા રાખેલા હતા. ગાયો હરખના હિંસોરા કરતી હતી. તે બધી ગાયોની આંખો મટકું પણ મારતી ન હતી. અને આંખોમાંથી પાણી ભરાઈ આવ્યા હતા. હરખથી તેના આંચળમાંથી દૂધના ટીપા પડવા લાગ્યાં. આઉમાં દૂધ ભરાઈ ગયું. પહેલા વેતરની ગાયનું વાછરડું આવે ત્યારે માનો તેના હૈયામાં હરખ ભરાઈ ગયો હોય તેમ દેખાતું હતું. ગાયો શ્રીહરિની મૂર્તિ સામે દેખતી હતી પણ તેમને તૃપ્તી થાતી ન હતી. શ્રીહરિ ત્યાં બે ઘડી ઊભા રહ્યા. તે દેખીને ગોવાળોને આશ્ચર્ય થયું. ગોવાળો બોલ્યા, અમારી આ ગાયો અમને છોડીને ક્યારેય અમારાથી છૂટી પડે નહિ. ગાયોને અમારા ઉપર હેત એટલું હોય છે કે તે અમને છોડીને ક્યારેય દૂર જાય જ નહિ. અને અમારી વાંભ કોઈ દિવસ ઉલંઘે નહિ. આજ અમે આશ્ચર્યરૂપે સાક્ષાત્ વાત દેખી. આ ગાયો અમારી રોકી, રોકાઈ પણ નહિ. આ ગાયોએ અમને દેખ્યા નહિ, અમારો શબ્દ પણ સાંભળ્યો નહિ. લાકડીથી તેમને રોકતા રહ્યા તો પણ ગાયો પ્રેમ કરતી શ્રીહરિ પાસે આવી.

અમે શ્રીકૃષ્ણ અવતાર સમયની જેવી વાત સાંભળી હતી. તેવી સ્થિતિ આજે અમે અમારી સાક્ષાત્ આંખોથી દેખી છે. જે ગોવાળો હતા તે બધા આવ્યા અને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બોલ્યા કે, આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ અહીંયા પધાર્યા છો. તે અમે અમારી દૃષ્ટિથી જ દેખીને નિશ્ચય કર્યો છે. ચાહે તેવા કોઈ સિધ્ધ હોય તો પણ અમારી આ ગાયો તેને દેખીને દૂર ભાગે, ક્યારેય કોઈ પણ માણસની આગળ આ ગાયો ધીરે નહિ. તેમની આગળ સ્થિર થાય નહિ. દિગંબર કે કપડા વાળા કેટલાય ખાખી ફરતા હોય છે. મહાસિધ્ધ કહેવાતા હોય છે, શરીર ઉપર વાઘનું ચામડું પહેરનારા હોય છે, તે બધાને દેખીને અમારી આ ગાયો દૂર ભાગી જાય છે. તેની પાસે

તો ક્યારેય આવે જ નહિ. અમારા સિવાય બીજા કોઈ આગળ આ ગાયો વનમાં ધીરે-સન્મુખ જોઈને ઊભી રહે, તેવું તો આશ્ચર્ય અમે આજે જ જોયું છે.

ગોવાળોનો શુધ્ધ ભાવ જોઈને શ્રીહરિએ તેમને નિયમ ધરાવ્યા. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચારનો ત્યાગ કરવા રૂપ નિયમ આપ્યાં અને 'સ્વામિનારાયણ' નામનું ભજન કરવાનું કહ્યું. શ્રીહરિ ચાલીને દૂર જતા રહ્યાં. આંખોથી દેખાતા બંધ થયા, ત્યારે ગાયો ગોવાળોની સાથે ગઈ અને ઉમંગથી ઘાસ ચરવા લાગી. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૪૨ તથા શ્રી ઘનશ્યામ લીલામૃતસાગર ઉત્તરાર્ધ તરંગ-૪૬)*

- **શ્રીહરિને મળેલા કાંમલીના ભક્તજનો**

  પંદર - વીસ ભરવાડ ભક્તો

## બિલીયા

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ કાંમલીથી ચાલ્યા તે બિલીયા ગામે આવતા રસ્તામાં સીમાડે એક ખીજડાનું વૃક્ષ હતું ત્યાં છાંયે શ્રીહરિએ વિસામો લીધો ને ત્યાંથી ચાલ્યા તે બિલીયા ગામે આવ્યા ને ત્યાં ગામથી પશ્ચિમે બ્રહ્માણી વાવ છે ત્યાં આવીને ઊભા રહ્યાં તે વખતે ત્યાં એક કામરાજભાઈ નામે કોશ ચલાવતો હતો તે કોશ બહાર આવે એટલે તે બોલે ભલે આવ્યા રામ. તે સાંભળીને શ્રીહરિ બોલ્યા રામ તો સામે આવીને ઊભા છે. પણ ઓળખે તો કામ થાય ને ગર્ભવાસનું દુઃખ જાય. તે વિના ન મટે. એમ કહીને ત્યાંથી ચાલ્યા તે સિધ્ધપુર પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૪૬)*

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં બીજીવાર શ્રીહરિ પાંચ દિવસ સિધ્ધપુરમાં રહીને બીજે દિવસે ચાલ્યા તે બિલીયા પધાર્યા ને ત્યાં

દર્શનનું સુખ આપીને ત્યાંથી ઊંઝા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૪૭ તથા સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેજઈ ૨-૩ તથા શ્રીહરિલીલાસિંધુ રત્ન-૮ તરંગ-૭)*

- **પ્રસાદીના સ્થાનો**

**(૧) ખીજડાનું વૃક્ષ :** બિલીયાને સીમાડે આવેલું છે તે ખીજડા નીચે મહારાજ બેઠા હતા.

**(૨) બ્રહ્માણી વાવ :** આ વાવ ગામથી ઉત્તરમાં છે હાલ ગામ વચ્ચે છે તે વાવે મહારાજ પધાર્યા હતાં. તેની સ્મૃતિમાં ત્યાં છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે.

**(૩) મંદિર :** ત્યાં આપણું જુનું મંદિર હતું. તે જગ્યાએ પછીથી સરસ નવું મંદિર બનાવ્યું છે ને ત્યાં ભક્તિ સ્વામીએ હનુમાનજી પધરાવ્યા છે. જે બહુ ચમત્કારિક છે.

શ્રીહરિને મળેલા કોશ હાંકતા કામરાજભાઈ હતા હાલ બિલીયામાં સત્સંગની વૃધ્ધિ ખૂબ જ થઈ છે.

## નાદરી

- **શિવજી શ્રીહરિના દર્શને આવ્યા**

(૧) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે માણસાથી ચાલ્યા તે ઉનાવા, ખોરજ થઈને નાદરી પધાર્યા. અને ત્રણ દિવસ રાત રહીને પછી બોલ્યા જે આજ તો શિવજી અમારા દર્શન કરવા આવ્યા ને બોલ્યા જે તમો તો સાક્ષાત્ અક્ષરધામના પતિ છો અને પૃથ્વી પર અધર્મનો નાશ કરીને ધર્મનું સ્થાપન કરવા તથા દુર્વાસાના શ્રાપથી મુક્ત કરવા અને અધર્મીઓનો ઉચ્છેદ કરવા અવતર્યા છો. તે પૃથ્વી પર ઘણું પાપ વધ્યું છે તે સંહાર કરવા તમારી

પાસે રજા લેવા આવ્યો છું. ત્યારે મહારાજ બોલ્યા જે અમારા સત્સંગીઓની રક્ષા કરજો. ત્યારે કાલાગ્નિ રુદ્ર બોલ્યા જે સત્સંગીને હું ઓળખું તેવા ચિહ્ન ધારણ કરાવજો. ત્યારે મહારાજ કહે સારું. પછી નમસ્કાર કરીને રુદ્ર ચાલ્યા ગયા. પછી મહારાજે આજ્ઞા કરી જે એક એક રુદ્રાક્ષનો મણકો (પારો) ગળામાં બાંધો. પછી સર્વ સત્સંગીઓએ મહારાજને રુદ્રાક્ષની માળામાંથી એક એક મણકો સર્વેને આપ્યો તે ગળે બાંધ્યો. આવતા વર્ષે અગણોતરો કાળ પડશે માટે સૌ અન્નનો સંગ્રહ કરજો. *(સદ્. પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૪, શ્રીહરિલીલામૃત કળશ-૭, વિશ્રામ-૩૧)*

(૨) સંવત ૧૮૭૯ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તોના મોટા સમુહ સાથે ગઢપુરથી આદરજનો અન્નકૂટનો ઉત્સવ કરવા પધારેલાને ઉત્સવ પૂર્ણ કરીને ત્યાંથી ચાલ્યા તે કરજીસણ, પૂંજાપરા થઈ નાદરી ગામ પધાર્યા. નાદરીમાં રતન નામના પોતાના સ્ત્રી ભક્ત રહેતા હતા. તેમણે મહાપ્રભુની સારી રીતે સેવાપૂજા કરી. મંગલમૂર્તિ મહારાજ ત્યાં એક દિવસ રહ્યા. બીજે દિવસે ત્યાંથી માથાસૂલ ગામે પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૨૫)*

## પાનસર

- **એક અડબંગી બાવાએ શ્રીહરિના ઘોડાની લગામ ઝાલી**

સ્વામિનારાયણ ભગવાન કાઠી દરબારોની સાથે નારદીપુરથી પાનસર તરફ જઈ રહ્યા છે. પાનસર ગામની ભાગોળમાં એક અડબંગી બાવાએ મહારાજના ઘોડાની લગામ ઝાલી મહારાજને રોક્યાં.

‘‘અબે, સ્વામિનારાયણ તેરેકુ કબસે ખોજતા હું અબતુ હાથમેં આ ગયા. તુને ઐસા પાખંડ ક્યોં ચલાયા હૈ. હમ બાવા લોકકી રોજી રોટી બંધ હો ગઈ હૈ.’’

ગામના લોકો વચમાં પડ્યા. બાવાને ઝાલીને દૂર લઈ ગયા. બાવો ગામલોકોના હાથમાંથી છૂટી ચીપીયો લઈને મહારાજને મારવા

દોડ્યો તેને ખબર નથી કે આ કાઠીઓ મહારાજને મારવા દેશે ખરા ? કાઠીઓએ બાવાને પકડી પાડ્યો ને દાઢીના વાળ ખેંચવા લાગ્યા. પછી મહારાજ કહે રહેવા દો. પછી કાઠીઓએ બાવાને છોડી દીધો. *(પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ પાનસર પધાર્યા હતા ને સાથે સંતો-પાર્ષદો ને કાઠી દરબારો હતા તે વખતે આ બાવાએ મહારાજના ઘોડાની લગામ પકડેલી. પછી પાનસર ગામના લોકોના મનમાં પ્રેમ ભક્તિભાવનો વધારો કર્યો. લાકડાની કળા કામ કરનાર સુથાર જ્ઞાતિના પિતાંબર ભક્ત પ્રભુની સામે ગયા ને પ્રાર્થના કરી પુરમાં લાવીને પોતાના સારા મકાનમાં ઉતારો આપ્યો. ને શ્રીહરિ માટે થાળ તથા સંતો માટે રસોઈ કરાવીને જમાડ્યા. રાતે શ્રીહરિ તથા સંતો વગેરેએ તળાવની પાળે રાત વાસો કર્યો. ત્યાંથી બીજે દિવસે પ્રભુ ઓળા પધાર્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦ તરંગ-૧૩)*

● **પ્રસાદીના સ્થાનો તથા મળેલા ભક્તજન**

પીતાંબરભાઈનું મકાન તથા તળાવની પાળે રાત્રે સૂતા હતા અને તળાવમાં સ્નાન કર્યું તેથી ત્રણ સ્થાનક પ્રસાદીના થયા.

## ખોરજ

● **ખોરજમાં શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરીને પૂજા કરી**

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ મોટા સંઘ સાથે માણસાથી ચાલ્યા તે પલિયડ થઈને ખોરજ ગામ આવ્યા. શ્રીહરિએ હરિભક્તોને દર્શન દીધા. તે ગામના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા હતા. ડાભી ગોદડજી, કેશાજી, ગોકળજી, ચેનજી, શંભુજી, વેરાગી બાલકદાસ કે જે ખૂબ ઉત્સાહથી સત્સંગી થયા હતા. તરગાળા ગોવિંદજી, શેઠ શકરાજી, વહતજી, સુંદરજી, પટેલ બેચરદાસ, લાલમિયા નામે એક હરિભક્ત હતા. જે પોતાના ધર્મમાં રહીને શ્રીહરિનું ભજન કરતા હતા. એ બધા ઘણા ઉત્તમ હરિભક્તો હતા.

તે બધા શ્રીહરિને પગે લાગ્યા. તે સહુએ વિનંતી કરીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. જેની જેવી ભાવના તે પ્રમાણે સહુએ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ ત્યાંથી નીકળીને કરજીસણ ગામ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૭ તરંગ-૫૫)*

(૨) સંવત ૧૮૬૫ નીની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વહેલાલથી ચાલ્યા તે જાખોરા, સાદરા, ઉનાવા, સોજા થઈ ખોરજ પધાર્યા. ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી કરજીસણ પધાર્યા. *(સદ્.શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૭)*

**ખોરજમાં શ્રીહરિ ઘેર ઘેર પધરામણીએ ફર્યા**

(૩) શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મેઉ ગામથી ચાલ્યા તે ખોરજ ગામના સીમાડે આવ્યા. ત્યાં આસોપાલવ અને આંબાના વૃક્ષો વચ્ચે આંબા તળાવ નામનું સરોવર છે. ત્યાં આવીને ઉભા રહ્યાં. આંબલિયા તળાવનું સ્વચ્છ અને મીઠું જળ મનુષ્યો અને પશુ પક્ષી સર્વેને ઉપયોગમાં આવતું હતું. વૃક્ષોની ઘટામાં અનેક પક્ષીઓ મધુર કલરવ કરતા હતા. આવા નિર્મળ તળાવને જોઈ દિવ્ય વિગ્રહધારી શ્રીહરિએ ન્હાવા માટે ઈચ્છા કરી. હે ભક્તજનો, આ સ્વચ્છ જળવાળા તળાવમાં આપણે સ્નાન કરીએ એમ કહી પોતે અશ્વ ઉપરથી નીચે ઉતર્યા. શૌચ વિધિ કરી દાતણ કરતા હતા. પછી પહેરેલા વસ્ત્રો સરોવર કિનારે મૂકી સ્નાન કરવા માટે સરોવરમાં પ્રવેશ્યા. સંતો-મુનિઓ વર્ણિઓ પદાતિઓ પણ શ્રીહરિની પાછળ સરોવરમાં પ્રવેશ કરતા હતા. જળક્રિડા કતા કરતા એક ઘડી પર્યંત સ્નાન કરી બહાર નીકળ્યા. કાઢેલા વસ્ત્રો ફરી પહેરી અશ્વ ઉપર સવાર થયા. ઘોડાની સુંદર ગતિ (ચાલ)ની પ્રશંસા કરતા ખોરજ ગામમાં પધાર્યા. ગામના મુનિ મંદિરમાં ગોદડ નામના ભક્તે ભક્તિવલ્લભ શ્રીહરિની પૂજા કરી. પછી પોતાના ભક્તોના ઘરોઘર ફર્યા. દરેક ઘરને પવિત્ર કરી પુરુષોની મળેલી સભામાં પધાર્યા. ઉચ્ચ આસને વિરાજમાન થયા. ક્ષત્રિયો તેમજ બીજા ગ્રામજનો આગળ ત્રણેક પહોર ભગવાન સંબંધી

વાતો કરી. તે પછી ત્યાંથી જવા તૈયાર થયા. તે વડસમા ગામ પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૩-૧૪)*

- **ખોરજમાં ફરી પધરામણીએ ફર્યા તે પવનજીભાઈને તેડવાનો વર તથા જીવીબાના ઘડાનું જળ પ્રસાદીનું કર્યું**

(૪) સંવત ૧૮૬૮ની સાલમાં ત્રીજીવાર કરજીસણ સાત દિવસ રહ્યા. આઠમે દિવસે સવારે સેવકો સાથે ખોરજ ગામે ફરી પધાર્યા. તે ગામના ગોદડજી આદિક ભક્તોએ શ્રીહરિનું ભાવથી સ્વાગત કર્યું. મહાપ્રભુ ગામથી પશ્ચિમ દિશામાં આવેલ ભાગોળ પાસે રહેતા બેચરભાઈ પટેલના આંગણે ઘોડા પરથી નીચે ઉતર્યા. આશ્રિતજનોથી વીંટાયેલ વાસુદેવ ભગવાન લીંબડા નીચે તૈયાર કરેલ મંચ ઉપર એકાદ ઘડી બેઠા. પછી પોતે સ્નાન કર્યું. થાળ જમ્યા. પોતાને સાથે રહેલા સંતો તથા ભક્તોને જમાડ્યા. પછી બહેચર પટેલના ઘેરથી નીકળી ડુંગરજી ભક્તને સાથે લઈ લક્ષ્મીચંદ નામના વણિક ભક્તને ઘેર પધાર્યા. લક્ષ્મીચંદે ભાવપૂર્વક કરેલી સેવા-પૂજા સ્વીકારી પાછા લીંબડા નીચે રહેલી સભામાં પધાર્યા. મંચ ઉપર ચારેક ઘડી સુધી પોઢી ગયા. પછી ઊઠી પાર્ષદોને સાથે લઈ ગોદડજી ભક્તને ઘેર પધાર્યા. ઘણા રાજી થયેલા ગોદડજી ભક્તે મંચ ઉપર મહાપ્રભુને બેસાડ્યા. પૂજા કરી ભેટ મૂકી. થોડીવાર ભક્તિનંદન પ્રભુ ત્યાં બેઠા. આમ ગોદડજી ભક્તને આનંદ પમાડી ઘોડે સવાર થઈ ત્યાંથી ક્ષત્રિય અમરાભાઈને ઘેર પધાર્યા. ક્ષત્રિય ભક્ત અમરાજીએ શ્રીહરિની ભાવથી પૂજા કરી. મહાપ્રભુ ત્યાંથી જલદી નીકળી ગામની વચમાં થઈ મોકજી ભક્તને ઘેર આવ્યા. મોકજી ભક્તે અને તેની માતાએ સ્વામિનારાયણ ભગવાનને કુમકુમ ચોખાથી વધાવી પૂજા કરી. શ્રીહરિકૃષ્ણ પ્રભુ ત્યાંથી નીકળી રતાજી નામના મ્લેચ્છ (યવન)ના ઘર પાસે આવ્યા. ત્યારે શ્રીહરિ યવનના શાસ્ત્રમાં ઉર્દૂ ભાષામાં લખેલ કલમાં બોલતા બોલતા ગામથી ઉત્તર દિશામાં ભાગોળે આવી ક્ષણવાર ઉભા રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા ત્યારે પાછળ આવતા

ખોરજના જનોને કહેવા લાગ્યા કે હે ભક્તજનો, તમારે ભગવાનનું ભજન કરવું. આ સાંભળી પવનજી નામના ક્ષત્રિયે કહ્યું કે હે મહારાજ ! તમે સાક્ષાત ભગવાન છો તેથી મારો અંતકાળ આવે ત્યારે હે પ્રભુ ! મારી ખબર લેજો. શ્રીહરિ કહે છે હે ક્ષત્રિય ભક્ત ! તમે તમારા દેહાંતકાળે જ્યારે મને સંભાળશો ત્યારે હું પણ અવશ્ય તમારી સંભાળ લઈશ એમ નિશ્ચય જાણજો. આ મારા વચનમાં સંશય કરવો નહિ. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજા ! પવનજીને આ પ્રમાણે વચન આપી 'જય સચ્ચિદાનંદ' એમ બોલીને અશ્વ દોડાવ્યો. ગામની ભાગોળથી ખોરજ ગામના સીમાડે પહોંચી ગયા. ત્યાં કોઈ જીવીબા નામની સ્ત્રી જળ ભરેલું પાત્ર લઈને આવી. તેની પ્રાર્થનાથી તે જળ પોતાના ચરણથી પ્રસાદીનું કરી આપ્યું. જીવીબાએ તેમાંથી થોડું પાણી પીધું. અને બાકીનું ગામના કૂવામાં નાખ્યું. હે ભૂપતિ ! ચરણોદક નાખવાથી તીર્થરૂપ બનેલો તે કૂવો અત્યારે પણ જળ પીનારા મનુષ્યોના અનેક જન્મના પાપનો નાશ કરે છે. ત્યાં શ્રીહરિ પોતાના અશ્વને ખૂબ વેગથી ફેરવતા હતા. આકાશમાં દર્શન કરતા દેવો તે જોઈ મહાપ્રભુ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. શ્રીહરિની પાછળ આવેલા ગ્રામજનો આ તાજા પડેલા પુષ્પો જોઈ ખૂબ આશ્ચર્ય પામી ગયા. ભક્તજનોને ત્યાંથી પાછા વાળી ધર્માત્મજ શ્રીહરિકૃષ્ણ પ્રભુ ત્યાંથી પલીયડ ગામ પધાર્યા. (સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૮)

(૫) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વહેલાલથી ચાલ્યા તે ઉનાવા થઈ ખોરજ પધાર્યાને ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી કરજીસણ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૦)*

● **શ્રીહરિ પાંચમીવાર ખોરજમાં મોટા સંઘ સાથે પધાર્યા**

(૬) સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ આદરજનો અન્નકૂટ ઉત્સવ કરવા પધાર્યા હતા. તે ફરતા ફરતા નારદીપુર થઈને ખોરજ ગામ આવ્યા. ત્યાં જે બાઈ ભાઈ હરિભક્ત હતા તે બધા શ્રીહરિની

સન્મુખ આવ્યા. અને ફૂલના હાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યા. ફૂલના બાજુબંધ બાહુ ઉપર બાંધી દીધા ને ઘણા પ્યારથી ફૂલના તોરા પાઘમાં લટકાવ્યા. અને ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધારણ કર્યા. અને ઘણી ભાવનાથી શ્રીહરિ આગળ શ્રીફળ ભેટ મૂક્યા. તે સહુ ભક્તોનો જન્મ સફળ થયો. બધા હરિભક્તોએ દંડવત્ પ્રણામ કરી, શ્રીહરિનાં ચરણમાં મસ્તક રાખી દીધું. પછી બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું "શ્રીહરિ આપ અમારા પુરમાં પધારો. કારણ કે આપનાં દર્શન વારંવાર અમારે માટે સુગમ નથી." તે હરિભક્તોનો અત્યંત ભક્તિભાવ જોઈને શ્રીહરિ ખોરજ ગામમાં આવ્યા. ગામમાં જેટલા વાજિંત્રવાળા હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિ ગામમાં આવ્યા. રાજબજારો બધી સ્વચ્છ કરી હતી અને ગામના બધા લોકો બજારમાં આવીને ઊભા રહ્યા હતા. સહુએ હાથમાં ફૂલના હાર લીધા હતા અને શ્રીહરિને પ્રેમથી પહેરાવીને હાથ જોડી પગે લાગતા હતા. આ રીતે શ્રીહરિને પૂજીને તેમણે પોતાનાં ભવબંધનને તોડી નાખ્યા. સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને તે વખતે શ્રીહરિને વધાવતી હતી. હરિરાય સ્વયં અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. શ્રીહરિએ હરિભક્તોનું હિત કરવાને માટે સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાંઓ પોતાના શરીર ઉપર ધારણ કર્યા હતા. તે કાંઈ મોટપ દેખાડવા માટે ન હતા.

શ્રીહરિ પધાર્યા એટલે ગામના બધા ભક્તજનોએ તેમની ઘેર ઘેર પધરામણી કરી. જેનો જેવો મનોરથ હતો તે પ્રમાણે ઘણા પ્રેમભાવથી પૂજા કરી અને ભાવિક લોકોએ પણ પૂજા કરીને ઘણો લાભ લીધો. તે ગામના બધા હરિભક્તોએ ટીમણને માટે સુખડીના લાડુ કરાવ્યા હતા. તેમાંથી વર્ણી અને સંતોને તે આપ્યા. સહુને એક એક લાડુ આપ્યો અને પછી ત્યાંથી શ્રીહરિ ચાલતા થયા તે માણસા આવ્યા. ખોરજમાં શ્રીહરિ ઘેર ઘેર ત્રણવાર પધાર્યા હતા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૩૮-૩૯-૩૦)*

- **શ્રીહરિને મળેલા ખોરજના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી બાલકદાસ કોળી | પ.ભ.શ્રી ગોદડજી ક્ષત્રિય |
| પ.ભ.શ્રી મોકાજી પટેલ | પ.ભ.શ્રી ગોકળજી ક્ષત્રિય |
| પ.ભ.શ્રી ખુશાલભાઈ પટેલ | પ.ભ.શ્રી ચેનજી ક્ષત્રિય |
| પ.ભ.શ્રી ગોવિંદભાઈ નાયક | પ.ભ.શ્રી શંભુજી ક્ષત્રિય |
| પ.ભ.શ્રી મિયાલાલ (રતાજી) | પ.ભ.શ્રી વહતજી ક્ષત્રિય |
| પ.ભ.શ્રી શેઠ શકરાજી | પ.ભ.શ્રી લક્ષ્મીચંદ વણિક |
| પ.ભ.શ્રી સુંદરજીભાઈ | પ.ભ.શ્રી અમરાભાઈ ક્ષત્રિય |
| પ.ભ.શ્રી બેચરદાસ પટેલ | પ.ભ.શ્રી પવનજીભાઈ ક્ષત્રિય |
| પ.ભ.શ્રી કેશાજી ક્ષત્રિય | પ.ભ.શ્રી જીવીબા |

- **પ્રસાદીના સ્થાન**

(૧) **મુનિ મંદિર** : જ્યાં શ્રીહરિની પૂજા થઈ હતી.

(૨) **આંબલિયા તળાવ** : શ્રીહરિએ સંતો સહિત સ્નાન કર્યું.

(૩) ઘરોઘર પધરામણી કરી.

(૪) કૂવો પ્રસાદીનો કર્યો.

(૫) **ગામનો લીંબડો** : ત્યાં સભા કરી હતી.

## કલોલ

(૧) સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ મછિયાવથી સંતો-પાર્ષદો અને રાજાઓ સાથે ચાલ્યા તે કલોલ આવ્યાં. ત્યાં ટીમણ મગાવ્યું. તેમાં જલેબી અને પેંડા લાવ્યા. પાણી આવ્યું ત્યારે બધા નાહ્યા અને પૂજા વિધિ કર્યા પછી સહુને જલેબી આપી અને શ્રીહરિ પોતે પેંડા જમ્યા. ટીમણ કરીને શ્રીહરિ ચાલ્યા તે સાંજ પડે શેરથા ગામ આવીને રાત રહ્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પુર-૧૮ તરંગ-૧૯-૨૦)*

(૨) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઓલા ગામથી પૂર્વમાં એક વડલાનું ઝાડ હતું. ત્યાં આવીને ઊતર્યા.

હરિભક્તોએ પલંગ બિછાવી દીધો હતો. શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા, સામે સંતોની સભા ત્યાં બેઠી અને બ્રહ્માનંદ સ્વામી 'લાગ્યો મારે નટવરથી નેડો, હવે મેં તો શીર નાખ્યો છેડો રે....' એ ગરબીનો પદ બોલ્યા. સભામાં આનંદ છવાઈ ગયો હતો. એ સમયે કલોલ ગામના બાવુચા નાતના ઘાસ કાપનારા એક સ્ત્રી અને પુરુષ ત્યાં આવ્યા. બન્નેના હાથમાં ઘાસ બાંધવાના બંધિયા હતા. કાજળના સમાન તે કાળા હતા અને સભાથી દૂર તે ઊભા હતા. શ્રીહરિ પશ્ચિમ મુખે બેઠા હતા.

સંતો પૂર્વમુખે અને હરિભક્તે દક્ષિણ મુખે બેઠા હતા. તે સ્ત્રી પુરુષ શ્રીહરિની સન્મુખ જોઈને ઊભા રહ્યા અને સભાને જોઈને હસવા લાગ્યા. શ્રીહરિ એક જ તે બન્નેને દેખતા હતા. તેનો અવિવેક જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. બ્રહ્મમુનિ સમજ્યા કે અમારાં પદ બોલવામાં ઘણો ઉત્સાહ થયો. તે પછી શ્રીહરિ હસતા હસતા બોલ્યા, ''આ સામે બન્ને ઘાસિયા ઊભા છે, શરીર ઉપર કપડાં પણ ફાટેલા છે. આપણે આટલા બધા બેઠા છીએ તે સહુને જોઈને તે બે હસે છે.'' આમ કહીને જે પુરજનો ઊભા હતા તેને શ્રીહરિએ તરત બેસાડી દીધાં. તે સમયે ઊભેલા તે સ્ત્રી પુરુષ સહુને દેખાયા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, ''જીવનું એવું અજ્ઞાન છે કે તે પોતપોતાને જ ઘણો ડાહ્યો માને છે.''

પછી ગામમાં રસોઈ તૈયાર થઈ એટલે જમીને બધી સવારી સાથે ચાલ્યા તે કલોલ પધાર્યા. ને ત્યાં ભક્તજનોને ખૂબ દર્શનનું સુખ આપીને ત્યાંથી અડાલજ પધાર્યા. *(શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૭૫)*

-: ચોપાઈ :-

*ગામ કલોલમાં હરિ આવ્યા, પૂર્વ ભાગોળમાં મન ભાવ્યાં ॥*
*સંજયને પાટીદાર આદિ, આવ્યા મોટા મોટા મરજાદી ॥૩॥*

*તેમણે કહ્યું છે સનમાન, એક રાત્રી રહ્યાં તેહ સ્થાન ॥*
*સંત પાળા કાઠી હરિજન, સમાધિ કરાવી છે જન ॥૪॥*
*કૂવા કાંઠે પોતે હરિ બેઠા, સર્વેજન ઉભા રહ્યા હેઠા ॥*
*તે જોઈ સુબે કરી ઉપાધિ, છોડાવી દીધી હરિએ સમાધિ ॥૫॥*
*ઘણીવાત તિયાં પોતે કરી, સુબાને ગુણ આવ્યો જરી ॥*
*તેને અષ્ટ ભુજાયે દેખાયા, એવા હરિ જગ છતરાયા ॥૬॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૫)*

● **શ્રીહરિને મળેલા કલોલ ભક્તજનો**

પ.ભ.શ્રી સંજયભાઈ તથા પાટીદાર ભક્તજનો, તથા પ.ભ.શ્રી સુબાજી આસાભાઈ ગઢવી

## શેરથા

(૧) સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કલોલથી ચાલ્યા તે શેરથા આવ્યા. ને ત્યાં રાત રોકાયા. ગામમાં ગયા પણ ત્યાં એક પણ હરિભક્ત હતા નહિ. શિવરામ ભટ્ટ સાથે હતા. તેના સંબંધી તે ગામમાં રહેતા હતા. તેને ઘેર શ્રીહરિ ઊતર્યા. ઘાસ અને જોગાણ વેચાતું લીધું અને શ્રીહરિને માટે બ્રાહ્મણો મોરૈયાનો ભાત બનાવ્યો. શ્રીહરિ દૂધ અને મોરૈયો જમ્યા. પાર્ષદો અને કાઠી દરબારોને અલગ અલગ ઘેર પાટીદારોએ જમાડ્યા. તે પ્રદેશમાં ચોરી કરનારા જત લોકોનો ડર લાગતો હતો. શ્રીહરિએ પાર્ષદોને કહ્યું, "તમારે બંદૂક ભરી જામગરી સળગાવીને રાખવી. ચાર ચાર પાર્ષદો ઊભા રહીને આખી રાત ચોકી કરો."

કાઠી દરબારોને કહ્યું, "તમે પણ વારાફરતી જાગતા રહેજો. આજ અશ્વમાંથી કોઈ અશ્વ ચોરાઈ જશે તો તે અશ્વનું પલાણ ચોકીદારનાં માથા ઉપર મૂકવામાં આવશે. અમે અગાઉથી કહીએ છીએ. હવે અમારો દોષ ગણાશે નહિ. ગામના લોકો આવીને દર્શન

કરી ગયા. પણ પછીથી કોઈ આવ્યું નહિ એટલે શ્રીહરિ પોઢી ગયા. સવાર થયું ત્યારે ઊઠીને ચાલતા થયા તે ડાંગરવા પધાર્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૨૦)*

(૨) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ ઓળા ગામથી ચાલ્યા તે સઈજ થઈને શેરથા આવ્યા અને સંતો પણ આવીને ભેગા થયા. પછી શ્રીહરિ કહે હે સંતો ! કાંતો આગળ ચાલો અથવા પાછળ ચાલો. તેમ કહીને શ્રીહરિ જમિયતપર ગામની સીમના ખેતરના શેઢા ઉપર આવીને સભા કરીને બેઠા. તે સમે હું (પ્રસાદાનંદ સ્વામી) અને માધવદાસજી બે જણ આવ્યા. પછી મહારાજે કહ્યું સંઘ કેટલા આવે છે. પછી પાછળથી સંતો ભેગા થયા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

## બામણગામ

(૧) શ્રીહરિ વિહાર ગામથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે બામણગામ પધારતા હતા. વિરાજ ભક્ત, રતાજી, નારુ, ગંગારામ વગેરે બામણ ગામના ભક્તો શ્રીહરિનું ખૂબ ભક્તિભાવથી સન્માન કરી સેવામાં ખડે પગે ઉભા રહેતા હતા. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! રતાજી આદિક ભક્તોએ બહુ આગ્રહ કરવાથી ધર્મ અને ભક્તિની પુષ્ટિ કરવા માટે ભગવાન સ્વામિનારાયણ બામણ ગામમાં એક દિવસ રહેતા હતા. બીજે દિવસે મહાપ્રભુ પ્રસિધ્ધ એવા મહેસાણા ગામે પધારતા હતા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૧-૧૨)*

(૨) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામો ગામના હરિભક્તોના મોટા સંઘ સાથે આદરજનો અન્નકૂટનો ઉત્સવ કરીને ફરતા ફરતા ગેરીતા આવ્યા ને ત્યાંથી ચાલ્યા તે બામણગામ આવ્યા. બામણગામના ક્ષત્રિય હરિભક્ત નટુજી અને બીજા કેટલાક હરિભક્ત હતા. તે શ્રીહરિની સન્મુખ

આવ્યા અને સહુએ દર્શનનું સુખ પ્રાપ્ત કર્યું. તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા તે વખતે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં અને બધી રાજબજારોને સ્વચ્છ કરીને રંગબેરંગી કરાવી હતી. ગામમાં જેટલા બાઈ ભાઈ રહેતા હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુના હાથમાં ફૂલના હાર લીધેલા હતા તે ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા. ગામમાં જેટલી સ્ત્રીઓ હતી તે મોતીના થાળ ભરી ભરીને ઘણા હેતથી શ્રીહરિને વધાવતી હતી અને વારંવાર વિનંતી કરીને કહેતી હતી કે "અમારું એવું ક્યું મોટું પુણ્ય હશે કે ઘેર બેઠા આવીને અમને આપે દર્શન દીધાં ! કોઈ સારા પુણ્ય સિવાય આપનાં દર્શન થાય નહિ. આપ દયા કરીને અમારા બધા દોષોને દૂર કરી દેજો."

- **બામણગામમાં ઘેર ઘેર પધરામણી કરી અને શ્રીહરિએ બાઈ પાસે દૂધ માગીને લીધું**

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર સોનાનું ભાતીગળ છત્ર ધારણ કર્યું હતું. અલબેલા શ્રીહરિએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં અંગ ઉપર ધારણ કર્યા. તેથી સારી રીતે નટવર છેલછબિલા શોભતા હતા. રંગબેરંગી નંગોથી જડેલા સોનાનાં ઘરેણાંઓથી અશ્વને શણગાર્યો હતો અને આગળના ભાગમાં ચોપદાર 'જય જય ........ જય જય .........' શબ્દ કરતા હતા. ચોપદારની આગળ પાર્ષદો હતા અને તેની આગળ સંતો તથા વર્ણી ચાલતા હતા. ગામના બધા હરિભક્તો આગળ ગુલાલ ઉડાડતા હતા. સહુ હરિભક્તોએ શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પછી ઘેર ઘેર પધરામણી કરી, પૂજા કરી અને સંતોની પણ પૂજા કરી. વર્ણી તથા પાર્ષદોની પણ પૂજા કરી અને પોતાના મનના મનોરથોને પૂરા કર્યા. હરિભક્ત સિવાયના બીજા ભાવિક લોકોએ પણ શ્રીહરિ, સંતો અને વર્ણીની પૂજા કરી.

ગામમાં પધરામણીએ ફરી રહ્યા પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને ત્યાં ગામ બહાર જ ઉતારો કર્યો. ગામમાં સરસ રીતે

રસોઈ કરી. શીરો, ભાત અને બાટી બનાવ્યા. શ્રીહરિ પોતે બાટી બનાવવા આવ્યા. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ પ્રથમ જમ્યા. સંતો, પાર્ષદો અને કાઠી દરબારોની યોગ્ય રીતે પંગત કરાવી અને શ્રીહરિ ઘણા ભાવથી શીરો પીરસવા આવ્યા. શ્રીહરિ સહુને જલ્દીથી પીરસવા લાગ્યા. છતાં તેમાં ક્યારેય કોઈને ભૂલતા નહિ. જ્યારે શીરો પીરસી રહ્યા ત્યારે બધા સંતો જમવા લાગ્યા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ગામમાંથી લોકો ગાળેલું દૂધ લાવ્યા.

શ્રીહરિ ચોકમાં દૂધ પીરસતા હતા. ત્યાં એક પાટીદાર બાઈને ચાર-પાંચ ભેંસો હતી. તેને તે વખતે દોવાનો સમય હતો. ત્યારે શ્રીહરિ તેની પાસે ગયા અને હેતથી તેને કહ્યું, ‘‘અમે વારે વારે તમારા ગામમાં આવતા નથી. અત્યારે સંતો આવીને તમારાં આંગણાં આગળ જમે છે. આજ અમે તમારા મહેમાન છીએ એટલે તમારી પાસે આવીને જેટલું દૂધ થતું હોય તે અમે માગીએ છીએ, તો અમને બધું દૂધ આપો. તમારે જેવા બાળકો વહાલા હોય છે તેવા અમારા આ બાળક જેવા સંતો અમને વહાલા છે. તો તમે અત્યારે જ અમને દૂધ આપો, તો અમે જઈને પીરસીએ.’ પછી તે બાઈ જ્યારે ભેંસોને દોઈ રહ્યા ત્યારે તેણે બધું દુધ આપ્યું અને શ્રીહરિએ તરત જ તેવું બધું દૂધ ગાળી લીધું. બાઈએ શ્રીહરિને કહ્યું, ‘હું જેમ દેખું તે રીતે આપ પહેલા દૂધ પીઓ. આવી મારાં મનની ભાવના છે.’ તે સમયે શ્રીહરિએ તેના કહેવા પ્રમાણે દૂધ પીધું. ભાત જ્યારે પીરસાઈ ગયો પછી શ્રીહરિએ ત્યાં દૂધ પીરસ્યું. મશાલ કરીને દૂધ પીરસવા નીકળ્યા. કોઈ પણ દૂધ વિના રહ્યા નહિ. શ્રીહરિએ દૂધ પીરસી લીધું પછી હાથ તથા ચરણ ધોયા અને ઉતારે આવ્યા તેટલામાં તો રાત એક ઘડી વીતી ગઈ હતી.

ગાડી ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. તે વખતે નારાયણ ધૂન એવી કરી કે બધું વન ગાજી ઊઠ્યું. પછી શ્રીહરિએ સંતો પાસે ગરબીનાં પદ બોલાવ્યા તે પદ

સાંભળવાને માટે ગામના લોકો બધા ત્યાં આવીને બેઠા. સંતોએ દશ બાર સારાં ગરબીના પદ ગાયાં. પછી શ્રીહરિ કહે 'હવે વાતો કરીએ, વાતો કરવાથી બધું સમજાય છે. શ્રીહરિની આવી વાત જેને હિતકારી લાગી એવા બધા નર-નારીઓએ વ્રતમાન નિયમ લઈને સત્સંગ સ્વીકાર્યો અને જેટલા પાપમય કર્મ હતા તેને છોડી દીધા. જે લોકો સત્સંગી થયા તે સંસારના મહાન દુઃખથી નિર્ભય થયા. શ્રીહરિ જ્યારે આવી વાત કરી રહ્યા ત્યારે રાત દોઢ પહોર ગઈ હતી. શ્રીહરિ પછી આવીને પલંગ ઉપર પોઢી ગયા.

જ્યારે અરૂણોદય થયો ત્યારે બધા સંતો નારાયણ ધૂન કરવા લાગ્યા અને શ્રીહરિ ઊઠ્યા. બધા સવારો તૈયાર થયા. સંતો પણ તૈયાર થયા. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ને ત્યાંથી ચાલ્યા તે વડનગર આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૪૪-૪૫ તથા ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૮૮)*

● **શ્રીહરિને મળેલા બામણગામના ભક્તજનો**

પ.ભ.શ્રી નટુજી ક્ષત્રિય
પ.ભ.શ્રી ગાંગજીભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી રતાજી ક્ષત્રિય
પ.ભ.શ્રી પાટીદાર બહેન (દૂધ આપ્યું તે)
પ.ભ.શ્રી વિરાજભાઈ ક્ષત્રિય
પ.ભ.શ્રી ગંગારામભાઈ પટેલ
પ.ભ.શ્રી નારુજીભાઈ ક્ષત્રિય

## કોલવડા

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ આદરજનો મોટો અન્નકૂટનો ઉત્સવ કરીને મોટા સંઘ સાથે ચાલ્યા તે કોલવડા પધાર્યા. તે ગામથી દક્ષિણ દિશામાં સુંદર જગ્યામાં બહુ જ મોટું વિશાળ વડનું વૃક્ષ હતું. ત્યાં શ્રીહરિએ નિવાસ કર્યો. ને શ્રીહરિના દર્શન કર્યા ને શ્રીહરિ અને સંતો-ભક્તો માટે સુંદર લાડુ તથા સુખડી બનાવીને લાવીને આપ્યું તે મહારાજ જમ્યા અને સૌ સંતોને પોતાના હાથે જમાડ્યું. પછી તે સભામાં આગળ ગરઢા ગરઢા ગામના માણસો આવીને બેઠા ને કહેવા

લાગ્યા કે મહારાજ ! કાઠીઓને કહોને કે ઘોડા વાડીમાં બાંધ્યા છે તે બહાર લાવે. પછી મહારાજે ઘોડા બહાર લાવવાની આજ્ઞા કરી. પછી મહારાજ કહે : આ ગામના બાવાના કહેવાથી અમને તમો કહેવા આવ્યા છો પણ આની આંખો એવી જણાય છે જે કોઈની બહેન દીકરી લઈને નાસી જાશે. ત્યાર પછી શ્રીહરિ કોલવડા ગામથી ચાલ્યા તે ઉનાવા ગામ આવ્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૧ તરંગ-૨૮ તથા પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૫)*

● **શ્રીહરિને મળેલા કોલવડાના ભક્ત તથા પ્રસાદીનું સ્થાન**

પ.ભ.શ્રી જીવીબાઈ　　પ.ભ.શ્રી પ્રભુદાસ પટેલ

પ.ભ.શ્રી રતનબાઈ

**વડનું વૃક્ષ** : પ્રસાદીનું ગામથી દક્ષિણ બાજુ.

## વસાઈ

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરમાં ચોરાશી કરીને ચાલ્યા તે વસાઈ પધાર્યા. ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે મેઉ ગામ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૨)*

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે ગેરીતા થઈને વસાઈ પધાર્યા. ત્યાં પૂંજાભાઈ ભાવસારને ઘેર થાળ જમ્યા ને સંતોને જમાડ્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે મેઉ ગામ આવ્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૪૯)*

(૩) સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ વડનગરથી ચાલ્યા તે કડા, ડાભલા થઈને વસઈ જાતા વચ્ચે તળાવ આવ્યું તે વચ્ચે સોંસરો રોઝો ઘોડો નાખીને બહાર નીસર્યા. પછી પોતે ઘોડેથી ઉતારીને કોરા વસ્ત્ર ધારણ કરીને પછી સવાર થઈને ચાલ્યા તે ગામ

વસાઈએ પધાર્યા ને પૂંજા ભાવસાર તથા સાંકળચંદ આદિ હરિજન સન્મુખ આવીને ગાજતે વાજતે ગરાસિયાના ચોરામાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજને અર્થે સોનીને ઘેર થાળ કર્યો તેને પોતે જમ્યા. પછી પૂંજે ભક્તે સુખડીના લાડુ લાવીને ભેટ કરી તેને મહાનુભાવાનંદ સ્વામી શ્રીજીની આજ્ઞાએ કરીને સર્વ સંતને પાળા આદિને વહેંચી આપતા હવા. પછી તે ભક્તની સર્વે સેવાને અંગિકાર કરીને ત્યાંથી ચાલ્યા તે ગામ વચ્ચે થઈને ધેંધુસણ ગામ આવ્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૯૧)*

*ચોપાઈ :*

*ગામ વસાઈમાં દયા કરી, તલાવડીમાં નાહ્યા છે હરિ ॥*
*હાલમાં તિયાં મેળો ભરાય, હરિજન ન્હાવા નિત્ય જાય ॥૧૭॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૪)*

(૪) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે વસાઈ ગામે પધાર્યા. ત્યાં મોતીલાલ નામના ભાવસાર હરિભક્ત હતા. શ્રીહરિએ તેમને પોતાનો ઘણો પ્રતાપ દેખાડ્યો હતો. તેઓ તત્કાળ દોડતા શ્રીહરિની સન્મુખ આવ્યા ને પરાણે ગામમાં લઈને ચાલ્યા. પોતાને ઘેર પધરામણી કરી અને હરખભેર શ્રીહરિની પૂજા કરી. પછી શ્રીહરિએ ત્યાં જેટલા સંતો હતા તે બધાને ઘણા પ્રેમથી બબ્બે સુખડીના લાડુ આપ્યા. તે જમ્યા પછી સંતો તરત જ ચાલતા થઈ ગયા. વસાઈ ગામના જે લોકો હતા તે શ્રીહરિના દર્શન કરવા માટે આવ્યા હતા. પછી શ્રીહરિ વસાઈથી ચાલ્યા તે મેઉ ગામ આવ્યા. *(શ્રીહરિ ચરિત્રામૃત સાગર પૂર-૧૮ તરંગ-૬૩)*

(૫) સંવત ૧૮૭૬ની સાલમાં બીજીવાર શ્રીહરિ લાસડીથી ચાલ્યા તે ડાભલા થઈ વસાઈ પધાર્યા ત્યારે વીરચંદ ભાવસારની ફળીમાં ઉતર્યા અને સુખડીના લાડુ સંતોને આપ્યા. પછી આનંદ

સ્વામી થાળ જમવા બોલાવવા આવ્યા. તે થાળ જમીને તૈયાર થયા ને મેઉ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

● **શ્રીહરિને મળેલા વસઈ ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી પૂંજાભાઈ ભાવસાર
પ.ભ.શ્રી બેચરભાઈ ભાવસાર
પ.ભ.શ્રી સાંકળચંદભાઈ (પિતા)
પ.ભ.શ્રી વીરચંદ ભાવસાર (પુત્ર)
પ.ભ.શ્રી રાયચંદભાઈ
પ.ભ.શ્રી જેચંદભાઈ
પ.ભ.શ્રી સોની ભક્ત
પ.ભ.શ્રી મોતીલાલ ભાવસાર
પ.ભ.શ્રી નરહરિભાઈ ભાવસાર
પ.ભ.શ્રી ચેલજીભાઈ ભાવસાર
પ.ભ.શ્રી સોનારા ભક્ત
પ.ભ.શ્રી દેવબાઈ
પ.ભ.શ્રી સાંકળીબાઈ
પ.ભ.શ્રી અંબાબાઈ

**તળાવ પ્રસાદીનું** : ડાભલા અને વસઈ વચ્ચે આ તળાવ આવેલું છે. જેમાં ઘોડા સાથે સોંસરા નીકળ્યા હતા.

## ચીખલે

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ દિવાળી અન્નકૂટનો ઉત્સવ આદરજમાં કરવા માટે મોટા સંઘ સાથે શિયાણીથી ચાલ્યા તે દદુકા થઈને ચીખલે ગામ પધાર્યા. ને ભક્તજનોએ શ્રીહરિ તથા સંતો માટે થાળ તથા રસોઈ બનાવીને જમાડ્યા. ત્યાં શ્રીહરિ રાત્રી રહીને બીજે દિવસે ચાલ્યા તે કલોલ પધાર્યા. *(શ્રીહરિલીલાસિંધુ રત્ન-૧૧ તરંગ-૨૫)*

## પામોલ

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે માણસાથી ચાલ્યા તે વિહાર, ગેરીતા થઈ પામોલ પધાર્યા ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી વડનગર થઈ વીસનગર પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૭૫ તથા સદ્.શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૮૮)*

- **શ્રીહરિને મળેલ પામોલના ભક્તજન**

પ.ભ.શ્રી ધનજીભાઈ વિપ્ર પ.ભ.શ્રી રામબાઈ વિપ્ર

## ગુંજે (ગુંજા)

(૧) સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે ગુંજે પધાર્યા. તે ગામના ભક્ત સોની સર્વ બાઈ-ભાઈ શ્રીજીમહારાજ સન્મુખ સર્વ પૂજાની સામગ્રી લઈને આવ્યા તેને પોતે અંગિકાર કરીને તે ભક્તને આનંદ ઉપજાવીને ચાલ્યા તે તળાવ પિંડારીયાની પાળે ગરનાળા ઉપર ઉતર્યા. પછી વીસનગરના ભક્તજનો સામા આવ્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૭૯-૮૦)*

(૨) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ગેરીતાથી ચાલ્યા તે પામોલ, બામણવા, વડનગર થઈ ગુંજે પધાર્યા ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી વડનગર પધાર્યા. *(શ્રીહરિ લીલામૃત કળશ-૭ વિશ્રામ-૭૪)*

## ઐઠોર

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે બિલીયાથી ચાલ્યા તે ઊંઝા થઈને ઐઠોર ગામ આવ્યા. ત્યાં રાત્રી રહીને ખૂબ દર્શનનું સુખ આપીને ત્યાંથી વીસનગર પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતે પેઈજ-૩)*

(૨) શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે મહેસાણાથી ચાલ્યા તે ઐઠોર નામના ગામે પધારતા હતા. આ ગામમાં દેવી આદિક સ્ત્રી ભક્તોની સેવા સ્વીકારીને શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા તે વડનગર પધાર્યા. (સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૨)

● **શ્રીહરિને મળેલા ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી જેઠાભાઈ | પ.ભ.શ્રી જસરાજભાઈ પટેલ |
| પ.ભ.શ્રી પ્રેમજીભાઈ | પ.ભ.શ્રી દેવબાઈ |
| પ.ભ.શ્રી હંસરાજભાઈ | પ.ભ.શ્રી નંદબાઈ |

## કડા

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે કડા ગામ પધાર્યા. તે ગામના વિપ્ર અમુલખ તથા મનછારામ આદિ સન્મુખ આવીને પોતાને ઘેર પધરાવ્યા ને શ્રીહરિને કેસર, ચંદન, પુષ્પ, વસ્ત્રાલંકારે કરીને પૂજતા હવા. પછી તે ભક્તોને દર્શન દઈને ચાલ્યા તે લાસડીએ પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદસ્વામીની વાતો પેઈજ-૯૦)*

● **શ્રીહરિને મળેલા કડા ગામના ભક્તજનો**

| | |
|---|---|
| પ.ભ.શ્રી અમુલખભાઈ વિપ્ર | પ.ભ.શ્રી મહિપતરામ વિપ્ર |
| પ.ભ.શ્રી મનછારામ વિપ્ર | પ.ભ.શ્રી ધીરજરામ વિપ્ર |
| પ.ભ.શ્રી મોતીરામ વિપ્ર | |

## ડાભલા

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વીસનગરથી ચાલ્યા તે કડા, લાસડી થઈ ડાભલા પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી વસાઈ જાતા તળાવ આવ્યું તે વચ્ચે સોંસરો રોઝો ઘોડો નાખીને બહાર નીસર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદસ્વામીની વાતો પેઈજ-૯૦-૯૧)*

## સઈજ

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વડુથી ચાલ્યા તે પાનસર, ઓળા થઈને સઈજ ગામ આવ્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે શેરથા થઈ જમિયતપર ગામની સીમના સેઢા ઉપર આવીને સભા કરીને બેઠા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

## કૈયોર

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ગેરીતાથી ચાલ્યા તે પામોલ, બામણવા થઈને કૈયોર ગામ આવ્યા ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી વડનગર પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩૬)*

## વડસમા

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે વિહાર થઈ વડસમા ગામ આવ્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી મહેસાણા પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૩)*

(૨) શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે સંવત ૧૮૬૮ની સાલમાં ખોરજ ગામથી ચાલ્યા તે વડસમા ગામે આવ્યા ને ત્યાં ભક્તોને દર્શન આપીને ત્યાંથી ગામ સોંસરા થઈ આગળ જતા માર્ગમાં સુંદર છાયાવાળો ખારી વડ આવ્યો. ખારીવડ નીચે વિરામ કરવા બેઠા. ને ત્યાંથી ડાંગરવા પધાર્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૧૪)*

(૩) સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે લાંઘણજથી ચાલ્યા તે વડસમા આવ્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે ડાંગરવા આવ્યા. *(શ્રીહરિલીલાસિંધુ રત્ન-૧૧ તરંગ-૪૦)*

## કટોસણા

● **સ્વામીના વચને કૂવામાં પાણી થયું**

એકવાર ગામ કટોસણમાં પરમાત્માનંદ સ્વામી રાયજી ભક્તને ભેળા લઈને કૂવે નાવા ગયા ત્યારે તે કૂવામાં જળ નહિ જોઈને સ્વામી બોલ્યા જે ''આ નિર્જળ દેશમાં જળ ન મળે એ તો મહા દુઃખ'' એમ કહીને દીશાયે ગયા ને આવ્યા ત્યાં તો કૂવો માથા લગી ભરાઈ ગયો. એમ ભગવાન પોતાના ભક્તના સંકલ્પ સિધ્ધ કરે છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૩૦)*

## આદિવાડા

ગામ આદિવાડામાં સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજીના શિષ્ય સાધુ કૃષ્ણવલ્લભદાસજી તથા ભગવતપ્રસાદદાસજીએ જઈને ત્યાં ઉપદેશ સંબંધી વાત કરીને સત્સંગ કરાવ્યો તે પછી હરિજન પટેલ બાબુભાઈ કે જે આશરે પચાસ વરસની ઉંમરના હતા તેને મંદવાડ થઈ આવ્યો ને તે ધીમે ધીમે વધી ગયો ત્યારે તેના માતા પિતાને ભાઈઓ તથા બીજા સંબંધીઓ પણ દીલગીર થઈ ગયા ને કેટલાક માણસો કહેવા લાગ્યા કે ''ગામ મોટપમાં સ્વામિનારાયણનો સત્સંગ છે તેને લીધે તમે સત્સંગ કર્યો છે પણ તમને અનુકુળ નહિ આવે'' આવા વચનો સાંભળીને પણ તેણે સત્સંગ તજ્યો નહિ તે પછી દસેક દિવસ વિત્યા કેડે રાત્રીના આઠ વાગ્યાને સમયે બાબાભાઈને પ્રથમ તો ઘણાક સાધુઓ તથા પાર્ષદો દેખાણા તે પછી માણકી ઘોડી ઉપર બેસીને મહારાજ પધાર્યા ને ઘોડીથી ઉતરીને બાબાભાઈની પાસે ગયા ને માથે હાથ મુકીને કહ્યું : ''કોઈ ફીકર કરશો નહિ સારું થશે'' એમ કહીને અદૃશ્ય થઈ ગયા તે પછી જોયું તો ત્યાં મહારાજ ઉભા હતા તે ઠેકાણે આમ તેમ ફરવાથી મહારાજના ચરણ વડે પાંચ સાત

જોડ કંકુના પગલા પડી રહેલા જોયા તે વાત સાંભળીને ઘણા માણસો દર્શને ગયેલા ને પ્રસાદી જાણીને તે કંકુ લઈ ગયેલા તો પણ ત્યાંના હરિજનોએ એક ચરણારવિંદ તો એમને એમ રાખી મૂક્યું છે. એ પ્રમાણે મહારાજે પરચો આપીને તે ભક્તને સાજા કર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૩૯)*

## જલસેણ

એકવાર ભાઈ આત્માનંદ સ્વામી આબુ પર્વતની આસપાસ ગામોમાં ફરવા ગયા ને ત્રણ ઉપવાસ થયા પણ ક્યાંઈ અન્ન મળ્યું નહિ પછી આગળ ચાલતાં એક ગામ આવ્યું. તેમાં વેરાગીનું મંદિર હતું ત્યાં ઉતરવા ગયા પણ ઉતરવા ન દીધા. પછી ગામ બહાર ઉજ્જડ જગ્યામાં ઉતર્યા તે વખતે ત્યાં શ્રીજીમહારાજ બ્રાહ્મણને વેશે ભાત ભાતના પકવાન લઈને આવ્યા ને સંતોને જમાડીને અંતર્ધાન થઈ ગયા. પછી સ્વામી ત્યાંથી ફરતા ફરતા જલસેણ ગામમાં ગયા. ને ત્યાં ચોરામાં ઉતર્યા ને ગામનાં લોકોને ઉપદેશ કરવા માંડ્યા ત્યારે તે વાત સાંભળીને માણસો બોલવા લાગ્યા કે "આવી ભગવાનની વાતો અમે કોઈ દિવસ સાંભળી નહોતી" તેથી ઘણા માણસો સાંભળવા આવવા માંડ્યા. તે જોઈને અસુરોને અંતરમાં ઝાળ થઈ તેથી સાધુઓને મારી નાખવાનો વિચાર કરી રોટલામાં ઝેર ભેળવ્યું ને તે રોટલા સાધુઓને ઝોળીમાં દીધા તે સાધુ જમ્યા કે તુરત હળાહળ ઝેર નખશિખ લાગી ચડી ગયું ને કંઠ બંધ થઈ ગયો ત્યારે તેઓ મહારાજની મૂર્તિ ધારીને સંભારવા માંડ્યા. ત્યારે મહારાજે દર્શન દઈને તે ઝેરનું બધું દુઃખ મટાડી દીધું. તે પછી અંતર્ધાન થઈ ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ વાર્તા-૩૪૦)*

## પાલાગામ - (પાંચોટ)

સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિહાર ગામથી ચાલ્યા તે વડસા, મહેસાણા થઈને પાંચોટ (પાલાગામ) પધાર્યાને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે મોટપ થઈ પાટણ આવ્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

## બિલોદરા

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે માણસાથી ચાલ્યા તે ચરાડા થઈને બિલાદરા ગામે આવ્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે વિહાર થઈને ગેરીતા પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૮૮)*

## દેત્રોજ

(૧) સંવત ૧૮૬૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે ડાંગરવા, રાજપુર, કુંડાળ, કડી થઈને ગામ દેત્રોજ પધાર્યાને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી રામપરા-ભંકોડા થઈને કડુ પધાર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૪)*

(૨) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મેથાણથી ચાલ્યા તે રામગ્રી, ડુમાણા, વીરમગામ, રામપુર થઈને દેત્રોજ ગામે પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે રૂદાતલ, વિજાપરડા થઈને ઉંઝા પધાર્યા. *(શ્રીહરિકૃષ્ણલીલામૃત અધ્યાય-૪૫)*

(૩) સંવત ૧૮૭૩ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મુળીથી ચાલ્યા તે લીમલી, વઢવાણ, લખતર, લીલાપુર, વિરમગામ, રામપરા થઈને દેત્રોજ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી કડા,

કુંડાલ થઈને ડાંગરવા ગામ આવ્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૭૫)*

દેત્રોજ ગામમાં શ્રીહરિ ત્રણવાર પધાર્યા છે. અહીં મંદિર બંગલા ઘાટનું છે. આ મંદિરમાં બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની એક મૂર્તિ કાષ્ઠની આવેલી છે. બીજી શ્રી સહજાનંદ સ્વામીની પટમૂર્તિછે. આ મંદિર પહેલા ભાવસાર સાંકળચંદ હરચંદભાઈએ બંધાવેલું અને પટ મૂર્તિઓ હતી. સિંહાસનમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા સંવત ૨૦૧૧ ના ફાગણ વદ દશમને તા. ૧૮-૩-૫૫ ને શુક્રવારના રોજ ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજે કરેલી છે. *(શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સચિત્ર ઈતિહાસ)*

## સાદરા

(૧) સંવત ૧૮૬૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વહેલાલથી ચાલ્યા તે જાખોરા થઈ સાદરા પધાર્યા તે ચોરામાં રાત રહ્યા. તે ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી બીજે દિવસ ચાલ્યા. તે ઉનાવા, સોજા, ખોરજ થઈ કરજીસણ પધાર્યા. *(સદ્.શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૭)*

(૨) સંવત ૧૮૬૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વેલાલથી ચાલ્યા તે સલકી, જાખોરા થઈ સાદરા પધાર્યા. ચોરામાં રાત રહીને ચાલ્યા. તે લાકરોડા, અનોડીયા થઈને વિજાપુર પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૨૨)*

(૩) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર, મહુડી, વાઘપુર, અનોડીયા, લાખાગઢ થઈને સાદરા પધાર્યા. ને ક્ષત્રિયોનો ચોરો છે ત્યાં ઉતર્યા ને ત્યાં છ દિવસ રોકાઈને ભક્તજનોની સેવા સ્વીકારીને દર્શન-કથા-વાર્તાનું બહુ સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે વાસણા થઈને પેથાપુર પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

- **શ્રીગુરુ સ્વામીએ સાહેબના પુત્રનો તાવ મટાડ્યો**

સાદરામાં બાલા સાહેબના પુત્રને શ્રી ગુરુચરણતાનંદ સ્વામીએ માથે હાથ મૂકીને એમ કહ્યું કે, ''હવે તાવ નહિ આવે.'' પછી ન આવ્યો ને તે મોરે અનેક ઉપાય કર્યા પણ નહોતો ગયો. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૫૧૫)*

## ચિખલોદ

સંવત ૧૮૭૫ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે તાવીથી ચાલ્યા તે દદૂકા થઈને ચિખલોદ પધાર્યા ને ત્યાં એક રાત્રી રહીને ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે કલોલ થઈ ઓળા પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૮૫)*

## લાખાગઢ

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર, મહુડી, વાઘપુર, અનોડીયા થઈને લાખાગઢ પધાર્યા ને ત્યાં દર્શન કથા-વાર્તાનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે સાદરા, વાસણા, પેથાપુર પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

## અનોડીયા

(૧) શ્રીહરિ બાકરોડા ગામથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે અનોડિયા ગામે પધાર્યા. રસોઈ કરનારા સંતો પણ આરંભેલી રસોઈ છોડી શ્રીહરિની પાછળ ગયા. અનોડિયા ગામના માલિક ક્ષત્રિય નાથુજીએ ભગવાનશ્રી પુરૂષોત્તમનારાયણનો ભાવપૂર્વક સત્કાર કર્યો. સ્વચ્છ આસન તૈયાર કરી આપી તે ઉપર શ્રીહરિને બેસાડ્યા. નાથુજીની સાથે ડાંગરવા ગામના પ્રતાપજી આદિક કેટલાક ક્ષત્રિયો પણ હતા. તેમની આગળ ચારેક ઘડી સુધી સાંભળવી ગમે તેવી ત્રિવિધ તાપને દૂર કરનારી કેટલીક ભગવાન સંબંધી વાતો કરતા હતા. પછી નાથુજીએ ભગવાન સ્વામિનારાયણને કહ્યું, હે બાપા !

તમે જમ્યા વિના અમારા ગામમાંથી જશો નહિ. ગંગાજીનું જળ માણસને શુદ્ધ કરે છે. તેમ આપ અમારા જેવા પાપી જીવને પવિત્ર કરવા માટે જ પધાર્યા છો. આપને જમવામાં કોઈ આસક્તિ નથી તે અમે જાણીએ છીએ છતાં પણ હે બાપા ! આપ જમ્યા વિના અહીંથી પધારશો નહિ. ગામ ધણી નાથુજીએ ઘણો આગ્રહ કરવા છતાં શ્રીહરિ જમવા રોકાયા નહિ. અમારે જવાની ઘણી ઉતાવળ છે એમ કહી ઊઠ્યા. નાનાભાઈ અશ્વ લાવ્યા. અશ્વ ઉપર બેસી જય સચ્ચિદાનંદ કહીને ચાલવા માંડ્યું. તે મહુડી પહોંચ્યા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૮)*

(૨) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર, મહુડી, વાઘપુર થઈને અનોડીયા પધાર્યા ત્યાં અમરાજીને દર્શન દઈને ચાલ્યા તે લાખાગઢ થઈને સાદરા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર-ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

## વાઘપુર

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર થઈને વાઘપુર પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે અનોડીયા થઈને સાદરા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

## મહુડી

(૧) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર થઈને મહુડી પધાર્યા. ત્યાં મહાદેવનું મંદિર છે તેમાં રાત્રી રહ્યા. બીજે દિવસે પ્રાતઃ કાળે ચાલ્યા તે વાઘપુર, અનોડીઆ, લાખાગઢ થઈને સાદરા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

(૨) શ્રીહરિ અનોડિયાથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે માર્ગે ચાલતાં મહુડી ગામ નજીક આવ્યું. તે વખતે શ્રીહરિએ મસ્તક ઉપર પાઘ ધારણ કરવાને બદલે દૂધ જેવી સફેદ પછેડી ઓઢી હતી. પોતાના

સેવકગણ સાથે વાતો કરતા કરતા શ્રીહરિએ પૂછ્યું, હે પાર્ષદો અત્યારે હું તમને કેવો દેખાઉ છું ? ડુંગરજીએ કહ્યું હે મહારાજ ! આપ સાચેસાચું જ જાણવા માગતા હો તો તમને દૂરથી જોતાં કોઈ એમ જ કહે કે આ કોઈ સ્ત્રી છે ! આવું સાંભળી શ્રીહરિ ફરી બોલ્યા, હે પાર્ષદો ! જીવના કલ્યાણ માટે મેં ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવ્યો છે. આ ઉદ્ધવ સંપ્રદાય શું છે તે જે લોકો જાણતા નથી તેઓ એવું કહે છે કે જીવન નામનો કોઈ એક પુરુષ થઈ ગયો છે. તેને મુકતા નામની સ્ત્રી હતી. તે આ બે જણાએ ભેગા થઈને સ્વામિનારાયણનો પંથ ચલાવ્યો છે. તેથી લોકો તેને જીવન મુક્તાનો પંથ કહે છે ! તેઓ મારા સંપ્રદાયનું કોઈ તત્વ જાણતા નથી. અને મને પણ ઓળખતા નથી. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે રાજન્ ! ભક્તિ ધર્માત્મજ શ્રીહરિ આવી રીતે વિનોદ કરતા કરતા માર્ગમાં જતા હતા. તેવામાં કોઈ ભક્તજન મહાપ્રભુ પાસે આવી કહેવા લાગ્યા. હે મહારાજ ! પાછળ આનંદ સ્વામી દોડતા દોડતા આવે છે માટે આપ ઉભા રહો. પૂર્ણપુરૂષોત્તમ શ્રીહરિ નજીકના કોઈ વૃક્ષ નીચે ઉભા રહ્યા. તેટલામાં આનંદાનંદ મુનિ તેમના મંડળે સહિત ત્યાં આવી પહોંચ્યા. જગદીશ્વર શ્રીહરિને પૃથ્વી ઉપર પડી દંડવત્ કરવા લાગ્યા. શ્રીહરિએ તપસ્વી એવા આનંદાનંદ મુનિને તથા તેમના સંતોને મળી છાતીમાં ચરણારવિંદ આપ્યાં. સર્વના કુશળ સમાચાર પૂછ્યા. પછી મહુડી તરફ આગળ ચાલ્યા.

● **દુષ્ટમતિવાળા ભીલની દુષ્ટતા**

મહૂડી ગામ વટાવીને સંતો સાથે શ્રીહરિ આગળ જતા હતા ત્યારે રસ્તાની નજીકમાં કોઈ દુષ્ટ મતિવાળા દારુ વેચનાર ભીલ પુરુષે તેની જ્ઞાતિના કેટલાક ભીલ લોકોને ભેગા કર્યા હતા. તે બધા ભીલ સમૂહની આગળ તે કહેતો હતો કે હે જ્ઞાતિ ભાઈઓ! આ સ્વામિનારાયણ આપણી પ્રવૃત્તિમાં રૂકાવટ આવે એવું કરે છે. લોકોને દારૂ ન પીવો, માંસ ભક્ષણ ન કરવું, પરસ્ત્રીનો સંગ ન કરવો, ચોરી

ન કરવી આવી જાતનો ઉપદેશ આપી આપીને આપણી આજીવિકાને નુકશાન પહોંચાડે છે. માટે તમે બધા સ્વામિનારાયણની પાછળ પડો. તેને પકડી પાડો. હે ભાઈઓ ! તમે તેના ભક્તોને પણ જ્યાં મળે ત્યાંથી લૂંટી લેજો. આ માટે હું તમને બધાને એક સો રૂપિયા આપીશ. તમે આ કામમાં સફળ થશો તો રાજદરબારમાં પણ તમારી કીર્તિ વધશે -. શ્રી વ્યાપકેશ મુનિ કહે છે - હે સદ્‌બુધ્ધિવાન ભૂપતિ ! દારુ વેચનાર તે ભીલના કહેવાથી બધો ભીલ સમૂહ અક્ષરાધિપતિ શ્રીહરિની પાછળ પડ્યો. રસ્તે જતાં ડુંગરજી, ઉમાભાઈ વગેરે પાર્ષદો તથા નાચિકેતાદિક ઘણા બ્રાહ્મણોની સમીપે પહોંચી ગયો. સ્વામિનારાયણ ભગવાનને ખબર પડતાં જ તેમણે ડુંગરજી વગેરે પાર્ષદોને આજ્ઞા કરી. હે મારા પાર્ષદો ! તમે આ ભીલોને જીતવા સમર્થ છો છતાં હું તમને કહું છું કે તમે ભીલ લોકોને તાડન આદિ કંઈ પણ કરશો નહિ. ઈષ્ટદેવની આજ્ઞાથી પાર્ષદો ભીલ સમૂહને કંઈપણ ઈજા કરતા ન હતા છતાં હે રાજન્ ! ભીલોનું ટોળું હુમલો કરવા સાવ નજીક આવ્યું ત્યારે બચાવ માટે સામનો કરવા પોતાની તલવાર કાઢવા જતાં જોધાજી નામના પાર્ષદની આંગળી છેદાઈ ગઈ. ટોળામાંના કોઈ ભીલે જોધાજીની તલવાર ખેંચી લીધી. મુકુંદ બ્રહ્મચારી અને નાચિકેતા (નાનાભાઈ) વિપ્ર ઉપર પણ તે ભીલે ખડગથી હુમલો કર્યો. આ બંને વિપ્રો પોતાની લાકડી ઉપર ખડગના પ્રહારો ઝીલતા હતા. અને હૃદયમાં શ્રીહરિનું સ્મરણ કરતા કરતા રક્ષા માટે પ્રાર્થના કરતા હતા. અંતર્યામી શ્રીહરિ તત્કાળ પોતાના શૂરવીર અને હથિયારધારી પાર્ષદો સાથે ઘોડો દોડાવી પ્રાર્થના કરતા બંને ભક્તો પાસે આવી પહોંચ્યા. ભગવાન સ્વામિનારાયણને જોતાં જ ત્રાસ પામેલા તે ભીલોના હાથમાંથી હથિયારો હેઠા પડી ગયા. અને જીવ બચાવવા માટે ત્યાંથી નાસી છૂટ્યા. મુકુંદવર્ણિ તથા નાચિકેત વિપ્ર ભક્તવત્સલ મહાપ્રભુને પગે લાગ્યા. ત્યારબાદ

સ્વામિનારાયણ ભગવાન ભક્તો સહિત ત્યાંથી વીજાપુર પધારતા હતા. *(સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૮)*

## સંઘપુર

(૧) સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે પ્રાંતિજથી ચાલ્યા તે સંઘપુર પધાર્યા ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી વિજાપુર પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૫)*

(૨) સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર પધાર્યા. ત્યાં પ્રભુદાસ પટેલના ઘેર થાળ જમીને પછી ત્યાંથી ચાલ્યા મહુડી, વાઘપુર, અનોડીયા થઈને સાદરા પધાર્યા. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

## ધીણોજ

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ઉંઝાથી ચાલ્યા તે મહેસાણા, મોટપ થઈ ધીણોજ પધાર્યા ત્યાં હરિભક્ત મુગટરામ તથા બળદેવ તથા ચનુ દવે તથા ઉમિયા શંકર તથા મયાશંકર આદિ બ્રાહ્મણોએ શ્રીહરિને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા તે બે દિવસ રહ્યા. ખૂબ દર્શન કથા વાર્તાનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા અંબાસણ થઈ ટુંડાલીએ પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - પેઈજ-૫૧ તથા શ્રીહરિલીલા સિંધુ રત્ન-૧૦ તરંગ-૮)*

● **શ્રીહરિને મળેલા ધીણોજના ભક્તજનો**

પ.ભ.શ્રી મુગટરામ વિપ્ર
પ.ભ.શ્રી મયા શંકર વિપ્ર
પ.ભ.શ્રી ચનુભાઈ દવે વિપ્ર
પ.ભ.શ્રી બળદેવભાઈ વિપ્ર
પ.ભ.શ્રી ઉમિયાશંકર વિપ્ર

## અંબાસણ

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે ધીણોજથી ચાલ્યા તે અંબાસણ ગામ આવ્યા. તે પુરના પટેલ પ્રેમી હરિભક્તો

દર્શન કરીને ધન્યતા અનુભવતા હતા. મહાપ્રભુને આવતા જાણી વાજાં વગાડીને પુરમાં પધરાવતા હતા. શ્રીહરિને સુંદર ઘરમાં ઉતારો કરાવ્યો ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ ટુંડાલી પધાર્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦ તરંગ-૮)*

## રૂદાતલ

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિરમગામથી ચાલ્યા તે રામપર, દેત્રોજ થઈને ગામ રૂદાતલ રાત રહીને ત્યાંથી વિજાપરડા પધાર્યા. ત્યાં ઠાકોર ખેંગારજી તથા ડુંગરજીને ઘેર ઉતર્યા ને ત્યાં થાળ જમીને ત્યાંથી ઉંઝા પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૨)*

## વિજાપરડા

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિરમગામથી ચાલ્યા તે રામપર, દેત્રોજ, રૂદાતલા થઈને વિજાપરડા પધાર્યા ને ત્યાં ઠાકોર ખેંગારજી તથા ડુંગરજીને ઘેર ઉતર્યા ને ત્યાં થાળ જમીને ત્યાંથી ઉંઝા પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો પેઈજ-૨)*

## ચરાડા

સંવત ૧૮૭૬ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે માણસાથી ચાલ્યા તે ચરાડા ગામ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી બિલોદરા થઈને વિહાર પધાર્યા. *(સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - પેઈજ-૮૮)*

## પુંડરિકાક્ષ

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિરામગામથી ચાલ્યા તે દેત્રોજ, રૂદાતલ થઈને પુંડરિકાક્ષ ગામ

આવ્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે વિજાપરડા, હુંડા હવય થઈ સિધ્ધપુર પધાર્યા. *(તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૬૦)*

## હુંડાહવય

સંવત ૧૮૬૨ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિરમગામથી ચાલ્યા તે દેત્રોજ, રૂદાતલ, પુંડરિકાક્ષ, વિજાપરડા તઈ હુંડાહવય આવ્યા ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી સિધ્ધપુર પધાર્યા. *(સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૬૦)*

## નંદાસણ

સંવત ૧૮૬૮ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે અંબાસણથી ચાલ્યા તે ટુંડાલી થઈને નંદાસણ ગામે આવ્યા. ત્યાં સત્સંગીજનો શ્રીહરિના આવવાના સમાચાર જાણીને સામે લેવા માટે આવ્યા. ને વાજતે ગાજતે શ્રીહરિને પુરમાં લાવ્યા અને પ્રેમથી પધરાવ્યા. ભલા ભક્ત, ભાવસિંહભાઈ, પુનિદાસભાઈ, ભગવાનભાઈ વગેરેએ શ્રીહરિ માટે થાળ તથા સંત-પાર્ષદોની રસોઈ કરાવીને જમાડ્યા. ને ત્યાં દર્શનનું ખૂબ જ સુખ આપીને ત્યાંથી માથાસૂલ થઈ કુંડાળ પધાર્યા. *(શ્રીહરિ લીલાસિંધુ રત્ન-૧૦ તરંગ-૯)*

- **નંદાસણના ભોળાનંદ સ્વામી ઉપર શ્રીહરિ પ્રસન્ન થયા**

નંદાસણગામના વતની સદ્. શ્રી ભોળાનંદ સ્વામી હાસ્યરસની વાતો કરીને શ્રીહરિને પ્રસન્ન કરતા. એક વખત શ્રીહરિ ડભાણથી બામરોલી થઈને વડતાલ આવ્યા. શ્રીહરિની સાથે આનંદાનંદ સ્વામી, ભોળાનંદ સ્વામી વગેરે સંતો અને પાર્ષદો હતા. શ્રીહરિ જોબન પગીની મેડીએ ઉતર્યા. બપોરે ભોજન કરી વિશ્રાંતિ લીધી. સાંજના સમયમાં સંત અને સત્સંગીઓની સભા થઈ. આ સભામાં પરસ્પર હાસ્યરસની વાતો થતી હતી. તે પ્રસંગે ભોળાનંદ સ્વામીએ હાસ્યરસની

આશ્ચર્યકારક વાતો કરીને શ્રીહરિ અને સભાજનોને હાસ્યરસથી તરબોળ કર્યા. સ્વામીશ્રીની વાતો સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ સોનેરી કિંમતી પાઘ ભોળાનંદ સ્વામીના મસ્તકે મૂકી. ઉપરાંતમાં શ્રીહરિએ સોનેરી કિંમતી રેંટો સ્વામીને આપ્યો. શ્રીહરિની પ્રસન્નતાના પ્રતિક સ્વરૂપ આ પ્રસાદી સ્વામીએ સહર્ષ સ્વીકારી અને પોતે આનંદિત થયા.

પછી આનંદ સ્વામી બોલ્યા જે કોઈક કોળી દેખશે તો રાતમાં ગોદડીના ગાભા પણ લઈ જશે. એટલે ભોળાનંદ સ્વામીએ પાઘ અને રેંટો મહારાજને પાછો આપ્યો. ત્યાર પછી મહારાજ ગઢપુર પધાર્યા.

- **શિયાણી ગામનું મંદિર નંદાસણના ભોળાનંદ સ્વામીએ બંધાવ્યું**

ઝાલાવાડ પ્રદેશના શિયાણી ગામના શિવરામ ભટ્ટે પોતાના ગામમાં મંદિર કરવા માટે પોતાનું મકાન શ્રીહરિને અર્પણ કર્યું અને મહારાજને વિનંતી કરી કે ''મહારાજ ! અમારા ગામમાં મંદિર બંધાવી આપે તેવી કોઈ સંતને મારી સાથે મોકલો તો અમારા ગામમાં મંદિર થઈ જાય અને અમારે દર્શન, કથા, કીર્તનની અનુકુળતા રહે. ઉપરાંતમાં સંતોને ઉતરવા-રહેવાની સગવડતા પણ થઈ શકે.'' શિવરામ ભટ્ટની વિનંતી સાંભળીને શ્રીહરિએ ભોળાનંદ સ્વામીને કહ્યું કે, ''સ્વામી ! તમે શિવરામ ભટ્ટ સાથે જાવ અને તેના ગામમાં મંદિર બંધાવી આપો.'' શ્રીહરિની આજ્ઞાથી પોતાના મંડળના સંતોને સાથે લઈને ભોળાનંદ સ્વામી શિયાણી ગયા. ત્યાંના સ્થાનિક સત્સંગીઓનો સાથ સહકાર મેળવીને સ્વામીશ્રીએ શિયાણી ગામમાં મંદિર બંધાવી મૂર્તિ પધરાવી. આ રીતે તેમણે શ્રીહરિ અને સત્સંગીઓને પ્રસન્ન કર્યા. *(સદ્. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૨૯ તથા સંત સુમન સ્રજ-૮૩)*

- **નંદાસણના ભૂલાભાઈના ભોમિયા શ્રીહરિ બન્યા**

ઉત્તર ગુજરાતમાં નંદાસણ નામનું ગામ. ત્યાં ભૂલાભાઈ

હરિભક્ત હતા. તે ભૂલાભાઈ અભણ હતા. ભોળા હતા, નિખાલસ પ્રમાણિક ભક્ત હતા.

તેમણે વિચાર કર્યો કે મારે સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા ભુજ જવું છે. ભૂલાભાઈએ ભગવાનની માહિતી મેળવી. ભૂજમાં ગંગારામ મલ્લને ત્યાં રહે છે. કંઈ તૈયારી વગર ભૂજ જવા નીકળ્યા. ભૂજ ક્યાં આવ્યું. ક્યાં થઈને જવાનું કાંઈ વિચાર કર્યો નહિ. તેમની સાથે કોઈ હતું નહિ. પાણી-ભાથું કંઈ પણ સાથે લીધું નહિ. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા શ્રી સ્વામિનારાયણ ભગવાનના સહારે ચાલવા માંડ્યું. કોઈ રસ્તામાં મળે અને પૂછે ક્યાં જવું છે ? ભૂજ જવું છે. કોઈ સાથે નથી. વિકટ રસ્તો છે. ભાતુ-પાણી કાંઈ લીધું નથી તો મુશ્કેલી બહુ પડશે. તેમ જે મળે તેમ કહે. ભૂલાભાઈ કહે શ્રીજીમહારાજ મારી સાથે છે. તેમ કહી નામ સ્મરણ કરતા ચાલ્યા જ કરે. ભૂલા ભગત ભોળા હતા. શ્રીજીમહારાજને અંતઃદૃષ્ટિથી ખબર પડી. ભગત મારા દર્શન કરવા ભૂજ આવે છે. ટાઢ, તડકો, ભૂખ-તરસ ખૂબ સહન કરવું પડશે. શ્રીજીમહારાજ ભૂદેવનું રૂપ લઈ ભૂલા ભગતની સાથે થઈ ગયા. ભૂદેવે ભૂલાભાઈને પૂછ્યું ક્યાં જવું છે ? ભૂલાભાઈ કહે ભૂજ મહારાજના દર્શન કરવા જવું છે. મહારાજ કહે : રણપ્રદેશ છે, કોઈ સાથે નથી ? કેવી રીતે જશો ? ભૂલાભાઈ કહે શ્રીજીમહારાજ મારી સાથે છે. મહારાજ મારી રક્ષા કરશે.

એમ વાતો કરતા કરતા ભૂદેવ તો ભૂલાભાઈની સાથે જ ચાલે. ભૂદેવ પોતાની સાથે ભાતું લાવેલા તે ખવડાવે, પાણી લાવેલા તે પીવા આપે, એ રીતે વાતો કરતા કરતા ચાલ્યા જાય. હવે ભૂજ નજીક આવ્યું. ભૂજમાં પ્રવેશ કર્યો. મહારાજે ગંગારામ મલ્લનું ઘર બતાવ્યું અને મહારાજ અદશ્ય થઈ ગયા. ભૂલાભાઈ ગંગારામભાઈના ઘરે

ગયા. આખો રસ્તો ભૂદેવ સાથે રહેલા અને વાતો કરેલી એટલે ભૂલાભાઈએ ભૂદેવ રૂપે થયેલા મહારાજને તુરંત ઓળખ્યા. મહારાજને પગે પડ્યા ને દંડવત્ કર્યા. એમ મહારાજે ભૂલાભાઈની રક્ષા કરી. *(શ્રી સહજાનંદ દિવ્ય પ્રસંગ ગાથા-૬)*

## પૂંજાપરા

શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે કરજીસણથી ચાલ્યા તે પૂંજાપરા ગામે ગયા. તે ગામમાં પ્રભુદાસ નામના ભક્ત રહેતા હતા. તેમણે શ્રીહરિનું ભવ્ય સન્માન કર્યું હતું. જીવીબા આદિ સ્ત્રીઓ પણ ઉત્સાહથી સેવા કરતી હતી. પૂંજાપરા ગામમાં એક રાત રહી શ્રીહરિ ત્યાંથી નાદરી ગામ પધાર્યા. (સત્સંગીભૂષણ અંશ-૪, અધ્યાય-૨૫)

## ગઢમુંડાણુ

- **ગઢમુંડાણુ (ગઢમુંડાણા)ના ગોવિંદ પટેલને શ્રીહરિ ધામમાં તેડી ગયા**

ગઢમુંડાણા ગામમાં શ્રીહરિ આશ્રિત નિશ્ચયવાળા એક જ ગોવિંદભાઈ પટેલ ભક્ત હતા. તેઓ પ્રગટ ભગવાનની ઉપાસનાવાળા પ્રેમી ભક્ત હતા. સાચી સમજણવાળા સદાય ભગવાનની સેવા ભક્તિ કર્યા કરતા હતા. સર્વોપરિ સ્વામિનારાયણ નામનો સાર સમજીને રાત દિવસ દૃઢ મનથી ઉચ્ચાર કર્યા કરતા હતા. પણ જગતના માયાનાદાસ નાસ્તિકો તે બધું ખોટું માનતા હતા. ને તેઓ હાંસી-મશ્કરી કરતા. ત્યારે ગોવિંદ ભક્ત તેમને સમજાવતા કે જો ભજન નહિ કરો તો જમપુરીમાં જઈને જમનો માર ખાવો પડશે. વગેરે વગેરે સમજાવતા. પણ દ્વેષી લોકો તો મશ્કરીમાં કહેતા કે હે ભક્ત તમે જો વિમાનમાં બેસીને ધામમાં જાવની વાત કરો છો. ને તમે વિમાનમાં બેસીને જશો

તો અમે વિમાનનો દાંડિયો પકડીને સાથે આવીશું. આવી રીતે લોકો ગોવિંદભાઈ પટેલનો ઉપહાસ કરતા હતા.

ગોવિંદભાઈ લોકોને કહેતા કે હું તો વિમાનમાં બેસીને ધામમાં જવાનો આ વાત સાચી જ કહું છું. પણ તમને તો વિમાનનો દાંડિયો હાથમાં પકડવાનો મળશે જ નહિ. તો તમે ક્યાંથી પકડવાના છો. આમ કરતા ઘણો સમય વ્યતિત થયો ત્યારે ભક્તજનને તારનારા મહાપ્રભુ સ્વામિનારાયણ પોતે દિવ્ય રથ લઈને સાથે પદાતીઓ હજારો ઘોડે સવારોની સાથે પધાર્યા આ આવેલા પ્રભુને ગોવિંદભાઈ એકલાજ દેખતા હતા. ગોવિંદભાઈએ ધર્મનંદન શ્રીહરિનું ધ્યાન ધરીને ભૌતિક દેહનું ભાન ભૂલી ગયા ને દેહથી મુક્ત થયા. ને પ્રભુની સંગાથે દિવ્ય દેહને ધારીને રથમાં બેસીને જતા હતા. તે દશ્યને ગામના સર્વે નરનારીજનો જોતા હતા. ને અનેક પ્રકારના વાજિંત્રો વાગતા હતા ને ગામના સર્વે લોકોએ ગોવિંદ ભક્તને રામ રામ કહ્યા અને પૂછ્યું કે આ મુનિજનો સાથે તમે ક્યાં જાવ છો. ત્યારે ગોવિંદ ભક્ત કહે આ ભગવાન મારા ગુરુ કહેવાય હું જેમનું ભજન કરતો તે આ સ્વામિનારાયણ પોતે છે એમની સાથે તેમના ધામમાં જાઉં છું. આમ બોલતા થકા પ્રભુના ધામમાં સિધાવ્યા. હાંસી-મશ્કરી કરનારા લોકો તો શરમાઈ ગયા ને જોતા જ રહ્યા. *(શ્રીહરિલીલાસિંધુ રત્ન-૧૪, તરંગ-૪૦)*

## વાસણા

(૧) સંવત ૧૮૭૧ ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે વિજાપુરથી ચાલ્યા તે સંઘપુર, મહુડી, વાઘપુર, અનોડિયા, લાખાગઢ, સાદરા થઈ વાસણા પધાર્યા ને ત્યાંથી પેથાપુર પધાર્યા તેનું વર્ણન સદ્. શ્રી ભૂમાનંદ સ્વામીએ કર્યું છે. તે નીચે મુજબ છે.

*ચોપાઈ :*

*ગામ વાસણે ગયા જીવન, ગંગાજી ત્રટ જ્યાં ઉપવન ॥*
*તેમાં ઉતર્યા શ્રી અવિનાશ, નિજભક્ત તણા સુખરાશ ॥૫૧॥*
*ત્યાંના ભક્ત પૂંજા ભાવસાર, લાવી દીધી મીઠાઈ તે વાર ।*
*પથ્થરની ધોળી શિલા જેહ, તે ઉપર બેસી જમ્યા તેહ ॥૫૨॥*
*પછે ત્યાંથી ચાલ્યા પરબ્રહ્મ, પેથાપુર ગયા પ્રભુ પરમ ॥*
*સાબરમતીનો કિનારો જ્યાંય, સુખડિયા નામે શિવ ત્યાંય ॥૫૩॥*
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૯)*

(૨) સંવત ૧૮૬૪ ની સાલમાં શ્રીહરિ સંતો-પાર્ષદો સાતે પેથાપુરથી ચાલ્યા તે વાસણા ગામે પધાર્યા. શ્રીહરિનું આગમન જાણીને તે ગામના સર્વે ભક્તજનો ખૂબ રાજી થયા. બેચરજી, હેમચંદ, કેવળજી આદિક હરિભક્તો હાથમાં પૂજાના પદાર્થો લઈને, વાજિંત્રો વગાડીને કીર્તનો ગાતા ગાતા શ્રીહરિની સન્મુખ ગયા. તે સર્વે ભક્તોએ શ્રીહરિનાં દર્શન કરી તેમને નમસ્કાર કરીને તેમની પૂજા કરી. પછી સાબરમતીને કિનારે આવેલી ફૂલવાડીમાં તેમને ઉતારો કરાવ્યો. પછી હેમચંદ, કેવળ, બહેચર આદિક વૈશ્ય ભક્તોએ તે પ્રભુની તથા સંત, વર્ણી અને પાર્ષદોની પ્રેમથી સેવા કરી. બ્રાહ્મણો પાસે ખૂબ ઘી, સાકર નાંખીને લાડુઓ બનાવી તેમને જમાડ્યા. પછી સુગંધી ચંદન, પુષ્પહારો અને વસ્ત્રાલંકારો વડે તેમનું પૂજન કર્યું. ભક્તિનંદન શ્રીહરિએ કથાવાર્તા કરીને હરિભક્તોને સુખ આપ્યું અને પછી સંધ્યા સમયે મુનિઓ સાથે નારાયણ ધૂન્ય કરી. શ્રીહરિ રાત્રિને સમયે ત્યાં પોઢી ગયા. બીજે દિવસે સવારે વિસનગર બાજુ પ્રયાણ કર્યું. *(સત્સંગીભૂષણ અંશ-૨, અધ્યાય-૬૨)*

- **પ્રસાદીના સ્થાનો**

**ફૂલવાડી** : જ્યાં પ્રભુ ઉતર્યા હતા.

- **શ્રીહરિને મળેલા વાસણા ગામના ભક્તજનો**

પ.ભ.શ્રી બેચરજી    પ.ભ.શ્રી કેવળજી
પ.ભ.શ્રી હેમચંદ

## શ્રી ભક્તચિંતામણીમાં જે વિશેષ ગામોમાં રહેતા ભક્તજનોના નામો

| | | |
|---|---|---|
| જલોદ | : | કોળી વાલાભાઈ |
| શોભાસણા | : | પગી લાલાભાઈ |
| આમજા | : | ચૌધરી મુલાભાઈ |
| ચાંદીસણા | : | કુબેરભાઈ પટેલ તથા ખુશાલભાઈ પટેલ |
| લાખરોડા | : | ભાવસાર કીકાભાઈ |
| રાણાસર | : | ભણશાળી લખાભાઈ તથા ધનાભાઈ |
| આગલોડ્ય | : | વણારશીભાઈ, રાયચંદભાઈ, ભાવસાર ગોવિંદભાઈ તથા લખીરામભાઈ |
| છાબલી | : | કોળી જોયતાભાઈ તથા કુળાજીભાઈ |
| શ્રીપોર | : | સોની દયારામભાઈ, ખીમાભાઈ, ગોવિંદજીભાઈ, દલુબાઈ, |
| જાગી | : | પટેલ મીઠાભાઈ તથા નાગજીબાઈ |
| ઉપેરા | : | પટેલ ખુશાલભાઈ |
| સિતાપુર (૧) | : | ચતુરીબાઈ ભાવસાર તથા ચોપદાર ભગવાનભાઈ |
| મુંજપર | : | ગોકળી હરખાભાઈ તથા સુંદરભાઈ - સિધ્ધાનંદ સ્વામી |
| ગઢમુંડાણા | : | ગોવિંદજીભાઈ પટેલ |
| દવાડા | : | કુબેરભાઈ પટેલ |
| સિતાપુર (૨) | : | હીરાભાઈ પટેલ, વેણીદાસ પટેલ તથા રૂડાભાઈ પટેલ |
| કાલરી | : | ભાવસાર મેઘાભાઈ, કેશવજીભાઈ |
| ઉદલપુર | : | લવજીભાઈ પટેલ, પ્રાગજીભાઈ પટેલ, નાથાભાઈ પટેલ તથા નાથબાઈ |

| | | |
|---|---|---|
| ખેરવા | : | જીવણભાઈ વાણંદ, હરખાભાઈ સતવારા, રાયચંદભાઈ પટેલ |
| હેબવા | : | પૂંજાભાઈ પટેલ |
| ખરોડા | : | ભાવસાર દેવચંદભાઈ |
| સેંદરડા | : | દેવકરણભાઈ પટેલ |
| જાકાસણ | : | હરિરામભાઈ વિપ્ર, રૂડાભાઈ વિપ્ર |
| કુકરવાડા | : | ગામને પાદર થઈને દેવડા પધાર્યા છે. |
| દેવીકાગામ | : | માં મહારાજ પધાર્યા છે. |
| વાસણા | : | |